

આપણા ભગવંતો
ચોવીસ તીર્થંકર
મહાપુરાણ જિનદેવનું આનંદ મંગલકાર,
વાંચીને સૌ પામજો રત્નત્રય સુખકાર.


# વીતરાગી નગરીમાં પ્રવેશ

જ્ઞાનસ્વરૂપે બધા જીવો
સાધર્મી છે
સર્વે જીવો સુખી થાઓ.




"શ્રી તીર્થંકર ભગવંતોનું આ મહાપુરાણ વાંચતાં તમારા આત્મામાં એક નવું જ વાતાવરણ રચાશે.....તમને એવી અનુભૂતિ થશે–જાણે કે હું એક વીતરાગી નગરીમાં પંચપરમેષ્ઠી ભગવંતોની સાથે જ રહું છું, ને તેમના જેવું ઉત્તમ જીવન જીવતા શીખું છું. તમારી એ ઉર્મિને પુષ્ટ કરે એવા પ્રસંગો આ પુરાણમાં વારંવાર આવ્યા જ કરશે. બસ, એકવાર દાખલ થયા....પછી તો એ વીતરાગી નગરીમાં તમને એવી મજા આવશે કે તેમાંથી બહાર નીકળવું નહીં ગમે."

# પરમાત્મ ભાવના





**આપણા તીર્થંકર ભગવંતોનું જીવન આપણને**
**આવી પરમાત્મ–ભાવના કરવાનું પ્રતિબોધે છે.**

બ્ર. હરિલાલ જૈન દ્વારા રચિત

# વીતરાગી જૈન સાહિત્ય

**જન્મ**
વીર સંવત ૨૪૫૧
પોષ સુદ પૂર્ણિમા
જેતપર (મોરબી)

**સમાધિમરણ**
૮ ડિસેમ્બર, ૧૯૮૭
માગશર વદ ૩ (૬૩ વર્ષ)
વીર સં. ૨૫૧૪
સોનગઢ



**સત્સમાગમ**
વીર સંવત ૨૪૬૯
(પૂજ્ય ગુરુદેવશ્રીનો)
રાજકોટ (૧૯મું વર્ષ)
**બ્રહ્મચર્ય પ્રતિજ્ઞા**
વીર સંવત ૨૪૭૩ (ઉંમર ૨૩ વર્ષ)
પ્રવચનમંડપ ઉદ્‌ઘાટન દિન
ફાગણ સુદ-૧
**સમ્યક્‌ત્વપ્રાપ્તિ**
વીર સંવત ૨૦૨૭
અષાઢ વદ-૭

(૧) જૈન બાળપોથી ભાગ-૧, ભાગ-૨
(૨) વીતરાગ વિજ્ઞાન (છઢાળા પ્રવચન)
(૩) સમ્યગ્દર્શન ભાગ ૧–૮
(૪) આત્મભાવના
(૫) આત્મસિદ્ધિ
(૬) આત્મવૈભવ
(૭) જૈનધર્મકી કહાનિયાં ભાગ-૧ થી ૨૧ (હિન્દી)
(૮) બે સખી
(૯) હનુમાન ચરિત્ર
(૧૦) મહારાણી ચેલણા
(૧૧) ચોવીસ તીર્થંકર મહાપુરાણ
(૧૨) અકલંક–નિકલંક
(૧૩) દર્શન પ્રતિજ્ઞા
(૧૪) સમ્યક્‌ત્વ કથા
(૧૫) ભગવતી આરાધના
(૧૬) ભક્તામર સ્તોત્રના પ્રવચન (ગુજરાતી
(૧૭) લઘુતત્ત્વસ્ફોટ (ગુજરાતી)
(૧૮) આત્મસંબોધન (યોગસારના પ્રવચન)
(૧૯) અષ્ટ પ્રવચન (તરણતારણ-સ્વામીના મમલપાહુડ વિ.ના) (હિન્દી)
(૨૦) સુવર્ણસંદેશ
(૨૧) આત્મધર્મ (લગભગ ૩૨ વર્ષ સુધીના)
(૨૨) અપૂર્વ અવસરના પ્રવચનો
(૨૩) આરાધના
(૨૪) અધ્યાત્મસંદેશ
(૨૫) પૂજ્ય ગુરુદેવશ્રીનું જીવનચરિત્ર
(૨૬) કોયડા (૧૦૦)
(૨૭) જ્ઞાનચક્ષુ
(૨૮) વૈરાગ્યવાણી
(૨૯) શ્રાવકની ધર્મસાધના
(૩૦) ભાવ પરિવર્તન કથા
(૩૧) ચેતન-કાયા સંવાદ
(૩૨) રત્નત્રય ભાવના (પાહુડ દોહા)
(૩૩) સાધક શતકમાળા
(૩૪) આત્મહિતની પ્રેરણા
(૩૫) પંચકલ્યાણક મહોત્સવ
(૩૬) વીતરાગવિજ્ઞાન પ્રશ્નોત્તર
(૩૭) અહિંસા પરમોધર્મ
(૩૮) દશ ધર્મના પ્રવચનો
(૩૯) પંચ પરમાગમોની પ્રસાદી
(૪૦) રત્નસંગ્રહ ભાગ-૧-૨
(૪૧) મંગલ તીર્થયાત્રા
(૪૨) અભિનંદન ગ્રંથ
(૪૩) કાનજીસ્વામીના વચનામૃત ભાગ-૧-૨
(૪૪) પંચકલ્યાણક પ્રવચન
(૪૫) પરમાત્મપ્રકાશ (ગુજરાતી)
(૪૬) જ્ઞાનચક્ષુ
(૪૭) શ્રાવકધર્મપ્રકાશ
(૪૮) મૂળમાં ભૂલ
(૪૯) પ્રવચનસાગરના મોતી
(૫૦) મુક્તિકા માર્ગ તથા અમૃત ઝરણા
(૫૧) બુધજનરચિત છઢાળા
(૫૨) હું એક જ્ઞાયકભાવ છું
(૫૩) ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા
(૫૪) મૃત્યુ મહોત્સવ (શૂરવીર સાધક
(૫૫) વસ્તુવિજ્ઞાનસાર
(૫૬) એક હતો વાંદરો
(૫૭) એક હતું દેડકું
(૫૮) સચિત્ર જૈન લેખનમાળા
(૫૯) વૈરાગ્ય અનુપ્રેક્ષા
(૬૦) જ્ઞાનસ્વભાવ અને જ્ઞેયસ્વભાવ
(૬૧) નાઈરોબી પ્રતિષ્ઠા નિમિત્તે
૧–ધન્ય તે પ્રસંગ,
૨–વીતરાગ વિજ્ઞાન,
૩–તીર્થંકર પ્રભુના પંચકલ્યાણક
(૬૨) પરમાગમ મહોત્સવ પત્રિકા

શ્રીમતી ધુડીબાઈ ખેમરાજ ગિડિયા ગ્રંથમાલા, પુષ્પ-૧૮



શ્રી ચોવીસ તીર્થંકર ભગવંતોનું

# મહાપુરાણ


: લેખક :

બ્ર. હરિલાલ જૈન

: પ્રકાશક :

શ્રી કહાનસ્મૃતિ પ્રકાશન
સંત સાન્નિધ્ય,
સોનગઢ-૩૬૪૨૫૦

અખિલ ભારતીય
જૈન યુવા ફેડરેશન
મહાવીર ચોક, ખેરાગઢ-૪૯૧૮૮૧




ગુજરાતી આવૃત્તિ :
એકથી નવ આવૃત્તિ
કુલ પ્રત : ૧૭૦૦૦
દસમી આવૃત્તિ પ્રત : ૨૦૦૦
વિ.સં. ૨૦૭૨, ઈ.સ. ૨૦૧૬
કહાન સંવત : ૩૫

હિન્દી આવૃત્તિ :
એકથી દસ આવૃત્તિ
કુલ પ્રત : ૨૮,૮૦૦

હિન્દી + ગુજરાતી
કુલ પ્રત ૪૫,૮૦૦

**પ્રાપ્તિસ્થાન**

**૧. અખિલ ભારતીય જૈન યુવા ફેડરેશન**
ખેમરાજ પ્રેમચંદ જૈન,
કહાન નિકેતન
**ખૈરાગઢ-૪૯૧૮૮૧**

**૨. પૂજ્ય કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
કહાનનગર, લામરોડ
**દેવલાલી-૪૨૨૪૦૧**
જિ. નાશિક (મહારાષ્ટ્ર)

**૩. બ્ર. તારાબેન, મૈનાબેન જૈન (ખૈરાગઢવાળા)**
કહાન રશ્મિ, જૈન મંદિર પાસે
**સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**

● **પડતર કિંમત : ૧૨૫/–**
● **વેચાણ કિંમત ૩૦/–**

મુદ્રક :
**સ્મૃતિ ઓફસેટ**
સોનગઢ-૩૬૪૨૫૦
મો. નં. 09824944401

ટાઈપ સેટિંગ :
**અરિહંત કોમ્પ્યુટર ગ્રાફિક્સ,**
સોનગઢ-૩૬૪૨૫૦
મો. નં. 09662535387

# અનુક્રમણિકા


- ગ્રંથમાળાના સંસ્થાપકનો પરિચય ........ 4
- સંસ્થાપકકી નિજી ડાયરીમેંસે ........ 5
- કહાનસ્મૃતિ–પ્રકાશન : પ્રારંભિક પરિચય ........ 6
- લેખકની જીવન-ઝરમરમ ........ 12
- તીર્થંકર ભગવંતોને નમસ્કાર ........ 16

| ક્રમ | ભગવાન | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ભગવાન ઋષભદેવ | ૩ |
| ૨. | ભગવાન અજિતનાથ | ૭૮ |
| ૩. | ભગવાન સંભવનાથ | ૮૪ |
| ૪. | ભગવાન અભિનંદન | ૯૦ |
| ૫. | ભગવાન સુમતિનાથ | ૯૫ |
| ૬. | ભગવાન પદ્મપ્રભ | ૧૦૦ |
| ૭. | ભગવાન સુપાર્શ્વનાથ | ૧૦૬ |
| ૮. | ભગવાન ચન્દ્રપ્રભ | ૧૧૨ |
| ૯. | ભગવાન સુવિધિનાથ | ૧૫૪ |
| ૧૦. | ભગવાન શીતલનાથ | ૧૬૧ |
| ૧૧. | ભગવાન શ્રેયાંસનાથ | ૧૬૬ |
| ૧૨. | ભગવાન વાસુપૂજ્ય | ૧૭૪ |
| ૧૩. | ભગવાન વિમલનાથ | ૧૮૪ |
| ૧૪. | ભગવાન અનંતનાથ | ૧૯૬ |
| ૧૫. | ભગવાન ધર્મનાથ | ૨૦૨ |
| ૧૬. | ભગવાન શાંતિનાથ | ૨૨૨ |
| ૧૭. | ભગવાન કુંથુનાથ | ૨૮૪ |
| ૧૮. | ભગવાન અરહનાથ | ૨૮૮ |
| ૧૯. | ભગવાન મલ્લિનાથ | ૨૯૨ |
| ૨૦. | ભગવાન મુનિસુવ્રત | ૩૧૪ |
| ૨૧. | ભગવાન નમિનાથ | ૩૧૯ |
| ૨૨. | ભગવાન નેમિનાથ | ૩૨૫ |
| ૨૩. | ભગવાન પાર્શ્વનાથ | ૩૭૩ |
| ૨૪. | ભગવાન મહાવીર | ૪૧૦ |


✻ ✻ ✻

## ગ્રંથમાળાના સંસ્થાપકનો પરિચય



**શ્રી ખેમરાજ ગિડિયા**

**જન્મ : ઈ.સ. ૧૯૧૮, દેહ પરિવર્તન ૪-૪-૨૦૦૩**



**શ્રીમતી ધુડીબાઈ ગિડિયા**

**જન્મ : ઈ.સ. ૧૯૨૨, દેહ પરિવર્તન ૨૪-૧૧-૨૦૧૨**

જેમના અંતરના આશીર્વાદ અને વિશેષ સહયોગથી આ ગ્રંથમાલાની સ્થાપના થઈ તથા તેમના માધ્યમથી નિયમિતરૂપે ધાર્મિક સત્ સાહિત્ય પ્રકાશિત કરવાનું સંપ્રાપ્ત થયું છે એવી આ ગ્રંથમાલાના સ્થાપક શ્રી ખેમરાજ ગિડિયાનો પરિચય આપવામાં અમે અત્યંત પ્રસન્નતાનો અનુભવ કરીએ છીએ.

**જન્મ :** ઈ.સ. ૧૯૧૮ ચાંદરખ (જોધપુર) **પિતાશ્રી :** શ્રી હંસરાજજી **માતુશ્રી :** શ્રીમતી મહેંદીબાઈ

**શિક્ષા—વ્યવસાય :** ફક્ત પ્રાયમેરી સુધીનો જ અભ્યાસ કરી ૧૨ વર્ષની અત્યંત નાની વયે ધંધાદિમાં પ્રવૃત્ત થયા.

**સત્ સમાગમ :** આ.પ.પૂ. સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૩૧ વર્ષની ભરયુવાનીમાં થયો.

**બ્રહ્મચર્ય—પ્રતિજ્ઞા :** પૂજ્ય ગુરુદેવશ્રીના સત્ સમાગમથી માત્ર ૩ વર્ષમાં (૩૪ વર્ષની ઉંમરે ઈ.સ. ૧૯૫૩માં) સોનગઢમાં પ્રતિજ્ઞા લીધી.

**પરિવાર :** જેમની બંને સુપુત્રી (બાલ બ્રહ્મચારી) માત્ર ૧૮ વર્ષ તથા ૨૦ વર્ષની યુવાનવયે શ્રી તારાબેન તથા મૈનાબેને પણ પૂજ્ય સદ્ગુરુદેવ પાસેથી બ્રહ્મચર્ય-પ્રતિજ્ઞા લઈ સોનગઢ સ્થાયી થયા.

**વિશેષમાં :** ભાવનગર પંચકલ્યાણક પ્રતિષ્ઠામાં ભગવાનના માતા-પિતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેમજ ઈ.સ. ૧૯૫૯માં ખૈરાગઢમાં જિનમંદિરનું નિર્માણ તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીનાં મંગલ હસ્તે પ્રતિષ્ઠામાં વિશેષ સહયોગ આપ્યો. સન ૧૯૮૮માં ૭૦ આત્માર્થીઓને લઈ દક્ષિણમાં તીર્થયાત્રાનો સંઘ કાઢવાનો અનેરો લ્હાવો પ્રાપ્ત થયો તે સિવાય અનેક સામાજિક કાર્યો કર્યા છે અને સંપૂર્ણ નિવૃત્તિ લઈ વધુમાં વધુ સમય સોનગઢ મુકામ કરી આત્મ-સાધનામાં જ સમય વ્યતીત કર્યો હતો.

**સુપુત્ર :**શ્રી દુલીચંદજી, પન્નાલાલજી, મોતીલાલજી તથા પ્રેમચંદજી

**પુત્રવધૂ :** કંચનબહેન, કંચનબહેન, શોભાબહેન તથા ચંદ્રકલાબહેન.

પૌત્ર-પૌત્રધૂઓ તથા પૌત્રીઓ.

## સ્વ. ખેમરાજજી ગિડિયા, ખૈરાગઢવાલોં કી નિજી ડાયરી સે

૧. સંયોગોં કા વિયોગ તો હર સમય હોતા હી રહતા હૈ, ઈસલિયે દુઃખી ભી નહીં હોના, ચિંતા ભી નહીં કરના તથા શાંત ભાવ મેં સદા રહના ચાહિયે.

૨. પર પદાર્થ મેં સુખ હૈ, ઐસા જાનકર પર પદાર્થકો ઈકટ્ઠા કરને મેં લગા રહતા હૈ પરંતુ પર પદાર્થ ઈસકા હોતા નહીં હૈ, હુવા નહીં હૈ, હોગા ભી નહીં. ઈસીલિયે યહ જીવ હર સમય દુઃખી રહતા હૈ.

૩. પાંચો ઈન્દ્રિયોં કે વિષય-ભોગોં મેં સુખ માનતા હૈ પરંતુ ઉસમેં સુખ હૈ નહીં તો સુખ કૈસે મિલે કિન્તુ દુઃખ હી મિલતા રહતા હૈ. સુખ તો આત્મા મેં હૈ પરંતુ આત્મા કી તરફ દેખતા હી નહીં હૈ ઈસલિયે દુઃખી રહતા હૈ.

૪. દોલત (ધન) દો લાત મારકર ચલી જાયેગી, ઉસસે ક્યા મોહ કરના ? વહ મોહ કરને લાયક નહીં હૈ.

૫. જિન્દગી છોટી હૈ ઔર જંજાલ બહુત બડા હૈ, જંજાલ કો કમ કરોગે તો સુખ મિલેગા.

૬. પાપ ભાવ મેં જાના નહીં ઔર શુભભાવ મેં ભી અટકના નહીં. શુદ્ધ ભાવ મેં આગે બઢતે જાના હૈ.

૭. દેવ-ગુરુ-શાસ્ત્ર કા આશ્રય લેને સે પુણ્ય કા બંધ હોગા ઔર અપને આત્મા કા આશ્રય લેને સે ધર્મ હોગા ઔર મોક્ષ ભી હોગા.

૮. શરીર મેરી બાત માનતા હી નહીં, તો મૈં શરીર કે પીછે ક્યોં પડા રહૂં, શરીર અપના કામ કરતા હૈ, આત્મા અપના કામ કરતા હૈ, દોનોં જુદે જુદે હૈં. મૈં શરીર કે રોગ દેખકર ક્યોં દુઃખી હોઊં ? અપને કો તો હર સમય સુખી રહના ચાહિયે.

૯. યહ જીવ અકેલા હી આયા હૈ ઔર અકેલા હી ચલા જાયેગા. યહ જીવ અકેલા હી સુખ-દુઃખ કો ભોગતા હૈ, કોઈ ભી સાથીદાર નહીં હૈ. ઈસલિયે કિસકે સાથ મોહ કરના રહા ઔર કિસકે સાથ મોહ કરના નહીં રહા. ઈસલિયે જો કુછ ભી હો રહા હૈ, ઉસકો હોને દો. અપન તો જ્ઞાતા-દૃષ્ટા બને રહો તભી હમકો સુખ-શાંતિ મિલેગી.

૧૦. મુઝે સબ કુછ આતા હૈ, ઐસા ગર્વ નહીં કરના. હંમેશા આગે બઢતે રહને કી કોશિશ કરતે રહના ચાહિયે. કહાં તો કેવલજ્ઞાન ઔર કહાં મેરા મતિ-શ્રુતજ્ઞાન. મૈં અભી બહુત કમજોર હૂં ઈસલિયે અપને જ્ઞાન કા કભી ગર્વ નહીં કરના ચાહિયે.

# શ્રી કહાનસ્મૃતિ–પ્રકાશન : પ્રારંભિક પરિચય

વીર સં. ૨૦૫૭ કારતક વદ સાતમ : જ્યારે પૂજ્ય શ્રી કાનજીસ્વામીના જીવનની અંતિમક્ષણે બ્ર. શ્રી હરિભાઈ તેમની પાસે જ તેમનો હાથ ઝાલીને બેઠા હતા, ને જીવનમાં અનેક પ્રકારે આત્મલાભ આપી-આપીને ગુરુદેવે કેવા મહાન ઉપકારો કર્યા છે તેનું ચિંતન કરતા હતા, એ સ્થિતિમાં ગુરુકહાનનો ચિરવિયોગ થયો....પણ એ વિયોગ સ્વીકારવા હૃદય તૈયાર થતું ન હતું. કેમકે તેમના હૃદયમાં તો ગુરુ શાશ્વત બિરાજતા હતા. તેથી તત્ક્ષણ ત્યાં બેઠાબેઠા જ તેમણે સંકલ્પ કર્યો કે જીવનની શક્તિ અને મૂડીનો ઉપયોગ ગુરુદેવની સ્મૃતિ માટે જ કરવો, અને તે માટે ગુરુદેવ પાસેથી ૩૮ વર્ષ સુધી મળેલ તત્ત્વજ્ઞાનનો મહાન ભંડાર, ધર્મચર્ચાઓ, સૂક્ષ્મ ન્યાયો, જાતિસ્મરણ સંબંધી વિદેહક્ષેત્રની મીઠી મીઠી વાતો, વિચિત્ર પ્રસંગો અને તેના ફોટાઓ, તેમ જ સ્વાનુભવસહિત વિપુલ જિનવાણીના અભ્યાસમાંથી કરેલું મહત્વપૂર્ણ દોહન, વગેરે અચિંત્ય સાહિત્યનો જે ભંડાર તેમની પાસે છે તેનું પ્રકાશન કરવાનું નક્કી કર્યું. તેની સાથે-સાથે અચિંત્ય બાળકોને કે પ્રાથમિક જિજ્ઞાસુઓને પણ ઉપયોગી થાય તેવું સરલ સાહિત્ય પણ પુરાણોમાંથી શોધીને પ્રકાશન કરવાનું વિચાર્યું.

ગુરુદેવના ઉપકારોની સ્મૃતિ–અર્થે સાહિત્યપ્રકાશનની આ યોજના સાંભળતાં જ શ્રી જગદીશભાઈ લોદરીઆ (બ્ર. ઇંદિરાબેનના ભાઈ) એ પણ પ્રસન્નતાપૂર્વક સહકાર આપવાનું સ્વીકાર્યું. ખૈરાગઢના પ્રેમચંદજી જૈન (બ્ર. તારાબેન–મૈનાબેનનાં ભાઈ)એ પણ આ યોજનામાં ભક્તિપૂર્વક સહકાર આપ્યો, તેમજ મુંબઈ–કાંદીવલીથી સુરેશચંદ્ર જે. મહેતા (બ્ર. હરિભાઈના ભત્રીજા)એ પણ હોંશપૂર્વક આ યોજનામાં સાથ આપ્યો. આમ પ્રારંભિક ઉત્સાહ ભરેલા સહકારથી 'શ્રી કહાનસ્મૃતિ પ્રકાશન'નો પ્રારંભ થયો અને એક પછી એક સુંદર પુસ્તકોનું પ્રકાશન થવા લાગ્યું.–જેમાં ચોવીસ તીર્થંકર ભગવંતોનું આ મહાપુરાણ એક અતિ મહત્ત્વપૂર્ણ પ્રકાશન છે.

ગુરુદેવની સ્મૃતિની આ યોજના, અને તેમાં થતાં પ્રકાશનો જિજ્ઞાસુ–સાધર્મીઓને ખૂબ ગમ્યા ને સૌએ ભક્તિપૂર્વક તન-મન-ધનથી તેમાં સહકાર આપ્યો. સોનગઢ–સાહિત્યપ્રકાશનવિભાગના અધ્યક્ષ મુ. વિદ્વાનભાઈશ્રી ખીમચંદભાઈ જે. શેઠ, તેમજ મુંબઈ–મુમુક્ષુમંડળના પ્રમુખશ્રી ચીમનલાલ હિંમતલાલ શાહે પણ ઉલ્લાસભાવથી સર્વપ્રકારે સહકાર વડે પ્રોત્સાહન આપ્યું. આ રીતે, જિનવાણીપ્રચારની અમારી યોજના સાધર્મીઓના સુંદર સહકારથી ખૂબ સફળ થઈ, ને પ્રકાશિત સાહિત્ય જેમ બને તેમ ઓછી કિંમતે આપી શક્યા. માત્ર સસ્તુ–સાહિત્ય નહિ પણ 'સસ્તુ અને ઉંચું સાહિત્ય' એ આ યોજનાની વિશેષતા રહી. હજી એક એકથી ચડે એવું અતિસુંદર વિપુલ સાહિત્યપ્રકાશન માટે અમારી પાસે તૈયાર છે. જિજ્ઞાસુઓના સહકારથી જેમ બને તેમ જલ્દી તેનું પ્રકાશન કરીશું.

* આ સમગ્ર પુસ્તકનું આલેખન શ્રી તીર્થંકર ભગવંતો પ્રત્યે અતિ ભક્તિપૂર્વક, વીતરાગતાની ભાવનાથી, ભગવાન સર્વજ્ઞદેવને, પરમગુરુઓને અને જિનવાણીમાતાને હૃદયમાં બિરાજમાન રાખીને, તેમના ઉપદેશ અનુસાર જ કર્યું છે, સ્વાનુભૂતિની તેમાં સાક્ષી છે, છતાં ક્ષયોપશમ–દોષથી ક્યાંય ભૂલચૂક થઈ હોય તો, માતા જિનવાણી મને ક્ષમા કરીને મારા ઉપર પ્રસન્ન થાઓ ને મને પૂર્ણ બોધિનું ઉત્તમ વરદાન આપો.

✻ આ મહાપુરાણ તૈયાર કરવામાં પ્રત્યક્ષ જ્ઞાનીજનોનો ઉપદેશ, જિનસેન અને ગુણભદ્રસ્વામીનું મહાપુરાણ (આદિપુરાણ–ઉત્તરપુરાણ) વગેરે ભિન્નભિન્ન ૮૦ જેટલા પુરાણો તેમ જ ષટ્ખંડાગમ–ધવલા–જયધવલા–સમયસાર વગેરે ૬૦ જેટલા વિવિધ શાસ્ત્રોનું અવલંબન લીધું છે. ભિન્નભિન્ન પુરાણમાં ભિન્નભિન્ન શૈલી આવતી હોય ત્યાં, તેમાં જે વધુ શ્રેષ્ઠ પદ્ધતિ લાગી તે અપનાવેલ છે. શૃંગારિક–અલંકાર–વર્ણનોને બદલે આધ્યાત્મિક ચર્ચાઓને ધાર્મિક અલંકારોનો ઉપયોગ કર્યો છે.

✻ આ પુરાણ ગુજરાતી ભાષામાં હોવાથી, તેમાં આવતી કલ્યાણકતિથિઓ ગુજરાતી પદ્ધતિ મુજબ લખેલ છે. (શાસ્ત્રીયપદ્ધતિ અથવા મારવાડી પદ્ધતિ 'સુદ પક્ષમાં તો ગુજરાતી મુજબ હોય છે,' વદીપક્ષમાં મારવાડી–શાસ્ત્રીયપદ્ધતિ એક મહિનો આગળ હોય છે, જેમકે ગુજરાતી 'આસો વદ અમાસ'ને શાસ્ત્રીય પદ્ધતિમાં (તે જ દિવસને) 'કારતક વદ અમાસ' કહેવાય. પણ કારતક સુદ એકમને તો બંનેમાં સરખી જ કહેવાય. શાસ્ત્રપદ્ધતિમાં મહિનાનો પ્રારંભ વદ એકમથી થાય છે, ને પૂર્ણિમાએ પૂર્ણતા થાય છે.)

✻ કેવળજ્ઞાન થયા પહેલા પણ તે જીવને માટે 'ભગવાન જન્મ્યા, ભગવાને દીક્ષી લીધી'–એમ કહી શકાય છે, એક તો તે જીવમાં આરાધકભાવ તથા તીર્થંકરપ્રકૃતિની સત્તાને લીધે ભગવાનપણું–મહિમાવંતપણું વર્તે છે, તથા દ્રવ્યનિક્ષેપે તે જીવ 'ભગવાન' છે–ભગવાનપણાની ક્રિયા તે જીવમાં શરૂ થઈ ચૂકી છે.

માટે, યોગ્ય વિવક્ષાથી શાસ્ત્રાનુસાર સમજવું જોઈએ. ગૃહસ્થદશામાં તીર્થંકરના આત્માને માટે 'ભગવાન' એવું સંબોધન કરવાનો નિષેધ કરવો તે ઉચિત નથી.

✻ પુરાણોનું પ્રયોજન જીવોની મૂંઝવણ મટાડીને તેને મોક્ષમાર્ગમાં ઉત્સાહિત કરવાનું છે. જુદા જુદા પુરાણોમાં સૂક્ષ્મ વિગતોમાં ક્યાંય મતભેદ હોય તો તે મુખ્ય ન કરતાં તેના મૂળ પ્રયોજન ઉપર લક્ષ રાખવું. જેમકે (૧) નેમપ્રભુ શૌરીપુરમાં જન્મ્યા કે દ્વારિકામાં? (૨) સુવિધિનાથ વગેરે તીર્થંકરોના અવતાર પહેલાં કેટલોક સમય ધર્મવિચ્છેદ કહ્યો અને વળી તે જ સમયમાં મુનિવરોનું આગમન બતાવ્યું, (૩) કોઈ કોઈ તીર્થંકરોના જન્મ વગેરેની તિથિમાં જુદી જુદી વિગત આવે છે....આવા પ્રકારના વર્ણનોમાં જ્ઞાન-વૈરાગ્યની પુષ્ટિ થાય તે શૈલિથી પ્રસંગોનું સંકલન કર્યું છે. મૂળ પ્રયોજન બધા પ્રસંગોમાં સરખું હોવાથી આવી વિગતોના મતભેદ ક્યાંય નડતા નથી.

## મહાપુરુષોનું પુરાણ શૂરવીરતા જગાડે છે

પુરાણકાર આચાર્યો કહે છે : આત્મા પરમ પરાક્રમપૂર્વક ઘોર ઉપસર્ગોને પણ જીતીને મોક્ષને સાધનારા તીર્થંકરાદિ મહા શૂરવીર પુરુષોના જીવનચરિત્રનું શ્રવણ કરતાં, નબળા જીવોને પણ મોક્ષને સાધવાની શૂરવીરતા જાગી ઊઠે છે. માટે હે ભવ્યજનો ! તમે તીર્થંકરાદિના આ પુરાણને ઉત્સાહથી વાંચો–સાંભળો. વીતરાગ પુરુષોનું પુરાણ એ માત્ર કથા નથી, તેમાં ચારે અનુયોગ ભરેલા છે ને મોક્ષમાર્ગ બતાવ્યો છે.

શ્રી જિનદેવની વાણીમાં ચારે અનુયોગ આવ્યા છે ને તેમાં વીતરાગતાનું જ પ્રયોજન છે.

કથાનુયોગ એ માત્ર કથા નથી, તેમાં સૂક્ષ્મ દ્રવ્યાનુયોગ અને સ્વાનુભૂતિની ચર્ચાઓ ઠેરઠેર ભરેલી છે, તેમાં વીતરાગ પુરુષોના ઉત્તમ આચરણરૂપ ચરણાનુયોગ પણ બતાવ્યો છે, તેમાં ગુણસ્થાન–માર્ગણાસ્થાનરૂપ કરણાનુયોગ પણ સમાયેલો છે ને સમ્યક્ત્વાદિની તથા ચારિત્રની પ્રાપ્તિની વારંવાર પ્રેરણા આપી છે, તેથી તેનો અભ્યાસ સર્વે જીવોને લાભકારી છે.

* * *

હે જીવ ! જીવનમાં અટપટા અનેક પ્રસંગોમાં કે વાતોમાં જ્યારે તને મૂંઝવણ થાય ત્યારે 'શું કરવું?'

ત્યારે, શ્રી તીર્થંકર ભગવંતોના જીવનને યાદ કરજે, ને તેમને જીવનના સાથીદાર બનાવજે. તે અરિહંત અને સિદ્ધભગવંતોએ મોક્ષ માટે શું કર્યું ? તેમણે આત્મામાં શું રાખ્યું ને શું છોડ્યું ! તેનો વિચાર કરીને, તું પણ તે જ પ્રમાણે કરજે. એટલે તારી ક્યાંય ભૂલ નહિ પડે, મૂંઝવણ મટી જશે, તારું ચિત્ત શાંત થશે ને તને સુગમતાથી મોક્ષની સાધના થશે. તને બહુમાન આવશે કે–વાહ, ધન્ય તે મહાત્માઓનું જ્ઞાનમય વીતરાગી જીવન !

* ભગવાન મહાવીર વગેરે તીર્થંકરો મહાન વિજેતા હતા. આ એક અજબ–આશ્ચર્યકારી વાત છે કે, અત્યારે કેટલાક બીજા દેશો પાસે ધનવૈભવ ને બાહ્ય સુવિધાઓ ખૂબ હોવા છતાં તે દેશો પણ આપણી સામે મીટ માંડીને બેઠા છે, કેમ કે આધ્યાત્મિક ક્ષેત્રમાં તેમને ગરીબી અનુભવાય છે. ભારતે દુનિયાને હંમેશાં અધ્યાત્મવિજ્ઞાન દીધું છે. મહાવિજેતા મહાવીરે આપણને એમ ઉપદેશ્યું છે કે એકબીજા અંદરોઅંદર લડો નહીં, લડવું જ હોય તો અંદર પોતાના દોષોની સામે લડો, પોતાના અંતરને ઢંઢોળો. સુખ-સમૃદ્ધિ ને શાંતિ પોતામાંથી મળશે, બીજેથી નહીં. આવી અંતર્મુખતા એ જ ભારતીય જૈન–સંસ્કૃતિની મહાન દેન છે. તેનું આપણને મહાન ગૌરવ છે.

* અહા, જે તીર્થંકરોનું ભવ્ય જીવન મુમુક્ષુના આત્મપ્રદેશોમાં સર્વત્ર આત્મસાધનાના રણકાર જગાડે છે એવા તીર્થંકર ભગવંતોનું સ્વરૂપ આપણને પૂજ્ય શ્રી કહાનગુરુએ ઓળખાવીને મહાન ઉપકાર કર્યો છે. 'જિન' અને 'નિજ' બંનેની પ્રાપ્તિ કરાવીને તેઓશ્રીએ આપણા માટે તો આ કાળને પણ 'ધર્મયુગ' જ બનાવી દીધો છે. ધર્મના ગૌરવપૂર્વક આપણે કહી શકીએ તેમ છીએ કે અમે પણ એક તીર્થંકરના પૂર્વભવમાં તેમની સાથે રહેતા હતા ને મોક્ષને સાધતા હતા. તીર્થ અને તીર્થંકર બંનેની પ્રાપ્તિનો કેવો સુંદર–સુયોગ !

* હે સીમંધર ભગવાન, મહાવીર ભગવાન, કુંદકુંદસ્વામી આદિ પંચ પરમેષ્ઠી ભગવંતો ! આપનો પરમ ઉપકાર છે, આપનું મંગલ જીવન અમારે માટે આદર્શ છે ને આપનું વીતરાગી શાસન કલ્યાણકારી છે. મહાન ઉપકાર છે–મંગલકારી ગુરુ કહાનનો–કે જેમણે તીર્થંકર ભગવંતોના પરમ મહિમાની ઓળખાણ કરાવી તથા તે ભગવંતોએ ઉપદેશેલા મોક્ષમાર્ગની આરાધના કરવાની રીત બતાવી, ને જેમની મંગલ છાયામાં આ મહાપુરાણની રચનાનો પ્રારંભ થયો.

વળી ઉપકાર છે મારા તે ધર્મમાતાનો.....કે જેમણે પરમ વત્સલતાથી મને આત્મિક ઉત્સાહ આપ્યો ને ધર્મનું અમૃત પીવડાવીને તૃપ્ત કર્યો. સર્વે સાધર્મીજનો, સ્વજન મુમુક્ષુ ભાઈ–બેનો પણ



ધન્યવાદ સાથે આભારની લાગણી વ્યક્ત કરું છું કે જેમણે તન-મન-ધનથી ભક્તિપૂર્વક આ મહાપુરાણનું મહાકાર્ય પાર પાડવામાં ને જિનવાણીપ્રચારમાં મને સાથ આપ્યો.

'હે માતા ! તારી થોડીક સેવાનો પણ મહાન વીતરાગી બદલો તું તો મને સદાય આપતી જ રહી છો. મારી પાસે જૈનધર્મનો જે કાંઈ વૈભવ છે તે બધો તેં જ આપેલો છે. બસ, "તું મારી માતા....ને હું તારો પુત્ર !" હે મા, એથી વિશેષ તારો ઉપકાર શું માનું !'

**જિનવાણીકો જિસને અપની સચ્ચી માત બનાઈ,**
**ફિર નહીં કરની પડતી ઉસકો દૂજી માતા કોઈ.**

* પરમ ઉપકારી પૂજ્ય શ્રી કહાનગુરુદેવની સ્મૃતિમાં 'શ્રી કહાનસ્મૃતિ-પ્રકાશન' દ્વારા આપણા ભગવંતોનું આ મહાપુરાણ જૈન જગતના સાધર્મીઓના હાથમાં મૂકતાં અમને અત્યંત પ્રસન્નતા થાય છે.

જેમણે આ ભવ્ય પુસ્તકનું લેખન–સંપાદન કર્યું છે. તે મુ. ભાઈશ્રી બ્ર. હરિભાઈથી જૈન સમાજ સુપરિચિત છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અંતસમય સુધીના અંતેવાસી હતા, વર્ષો સુધી હિંદી–ગુજરાતી 'આત્મધર્મ'નું તેમણે સંપાદન કર્યું, તેમ જ જૈનધર્મને લગતા ૧૨૫ થી વધુ સુંદર પુસ્તકોનું લેખન–સંકલન તેમણે કર્યું છે. તેનું સાહિત્ય સમસ્ત જૈન સમાજ ખૂબ પ્રેમથી વાંચે છે. સોલાપુરના વિદ્વાન શ્રી કુલભૂષણજી લોખંડેના શબ્દોમાં કહીએ તો–"પંડિત બ્ર. હરિલાલજી એક ગહન વિચારક એવું અધ્યાત્મસંબંધી વિષયોંકે સિદ્ધહસ્ત લેખક હૈં."

આપણા ૨૪ તીર્થંકર ભગવંતોનું આ ગુજરાતી મહાપુરાણ તેમની એક ભવ્ય રચના છે, વર્તમાનમાં પ્રાપ્ત લગભગ બધા જૈનપુરાણોનો સૂક્ષ્મ અભ્યાસ કરીને, ઘણા વર્ષોની મહેનતે તેમણે આ મહાપુરાણનું સંકલન કર્યું છે. તેઓ કહે છે : જૈનધર્મના કથાનુયોગ સંબંધી મારા જીવનનું એક મહાન કાર્ય આ પુરાણ દ્વારા પુરું થાય છે. હજારો–લાખો જીવો આ પુસ્તક દ્વારા આપણા તીર્થંકર ભગવંતોનો મહિમા જાણશે અને તેમના જીવનમાંથી આત્મસાધનાની ઉત્તમ પ્રેરણાઓ મેળવશે. આ પુરાણની રચનાનો પ્રારંભ પૂજ્ય શ્રી કહાન-ગુરુની વિદ્યમાનતામાં થયો હતો, આજે તેની પૂર્ણતા પ્રસંગે લાગણીભીના ગુરુસ્મરણોથી હૈયું ઊભરાય છે.

અહો, તીર્થંકર ભગવંતો ! આપના ઉત્તમ જીવનનો જેમ જેમ ઊંડાણથી અભ્યાસ કરીએ છીએ તેમ તેમ, આશ્ચર્યકારી આત્મસાધનાથી ભરેલા આપના જીવનની અદ્‌ભુતતા અમને આનંદ પમાડે છે. હે દેવ ! અમને પણ આપના જેવા એક ભાવિ–તીર્થંકરનું જીવન નજરે જોવાનું, ને તેમની સાથે રહીને આત્મસાધના કરવાનું મહદ્ સદ્‌ભાગ્ય સાંપડ્યું છે, તેથી આપના જીવન પ્રત્યે અમને વિશેષ પ્રમોદ ને

બહુમાન જાગે છે. ખરેખર, તીર્થંકર સાથે રહેનારા જીવોનું ભવિષ્ય પણ તીર્થંકર ભગવાન જેવું મહાન ઉન્નતિગામી હોય છે,–એ વાત અનુભવગમ્ય થાય છે.

(૧) ભગવાન મહાવીરના મોક્ષગમન પછી થયેલા ૩ કેવળી, પાંચ શ્રુતકેવળી તેમજ શ્રુતધર આચાર્યો વગેરેની આજસુધીની પરંપરા, તેમજ તે દરેક મહાપુરુષોના જીવનપરિચય પણ આ મહાપુરાણમાં આપવાની અમારી ભાવના હતી, તેમ જ.

(૨) ભગવાન મહાવીરના 'ઈષ્ટ–ઉપદેશ' સંબંધી એક ખાસ મહા–પ્રકરણ આપવાનું પણ આયોજન હતું.–જેની રૂપરેખાનું મહત્વપૂર્ણ માર્ગદર્શન ગુરુકહાને પોતે આપ્યું હતું.

(૩) વર્તમાન ઉપલબ્ધ સમસ્ત શ્રુતજ્ઞાન–જૈનસાહિત્યનો પરિચય તથા તેમાં વર્ણવેલા વિષયોની માહિતી આપવાની પણ ભાવના હતી.

(૪) આ મહાપુરાણમાં લખીને તૈયાર કરેલા બીજા અનેક પ્રકરણો, વિશાળ તત્ત્વચર્ચાઓ વગેરે પણ મુલવતી રાખવા પડ્યા છે.

આ રીતે, પુસ્તકનું કદ વધી જવાને કારણે અને અમારી અલ્પશક્તિને કારણે ઉપરોક્ત વસ્તુઓ આ પુસ્તકમાં અમે આપી શક્યા નથી. હવે પછી તે બધું સાહિત્ય જો પ્રસિદ્ધ થાય તો જૈન સમાજને ઘણું ઉપયોગી થશે. બાકી તો, પ્રભુ મહાવીરના શાસનની ધર્મપેઢી–પરંપરા ૨૧૦૦૦ વર્ષ સુધી ચાલ્યા જ કરવાની છે. એટલે અનેક ધર્માત્માઓ થતા રહેશે ને ભરતક્ષેત્રના ભવ્યજીવો વીરમાર્ગમાં પોતાનું કલ્યાણ સાધશે.

આ પુસ્તકમાં ચિત્રો વગેરે શણગાર પણ અમારી ભાવના અનુસાર બધું અમે નથી આપી શક્યા. કામચલાઉ થોડુંક જ આપી શક્યા છીએ. છતાં તે પણ પાઠકોને વાંચનમાં રસ વધારીને ધાર્મિક ઉત્સાહ જગાડશે.

* આ મહાન પુસ્તકમાં, તેમ જ અત્યારસુધીના અમારા પ્રકાશનોમાં, ભક્તિપૂર્વક જિનવાણીના પ્રચાર માટે જેમણે તનથી-મનથી-ધનથી-જ્ઞાનથી જે જે સહકાર આપેલ છે તે સૌ સાધર્મીઓ પ્રત્યે ધન્યવાદપૂર્વક અમે તેમના આભારી છીએ. ભારત ઉપરાંત પરદેશમાં વસતાં સાધર્મી–જિજ્ઞાસુઓએ પણ જ્ઞાનપ્રભાવનાના આ કાર્યમાં પોતાનો ઉત્સાહ બતાવ્યો છે.

* મહાપુરાણની આ દસમી આવૃત્તિ પહેલી આવૃત્તિ પ્રથમ આવૃત્તિ અનુસાર જ લેવામાં આવી છે. આ આવૃત્તિના પ્રકાશનમાં અત્યંત ચોકસાઈ અને ચીવટપૂર્વક પ્રૂફરીડિંગ કોઈપણ જાતની આકાંક્ષા રાખ્યા વગર માત્ર ધર્મપ્રભાવનાની ભાવનાથી કરી આપેલ છે તે સર્વેનો શ્રી કહાનસ્મૃતિ પ્રકાશન હૃદયપૂર્વક આભાર માને છે. તેમજ સમયસર અને સુંદર પ્રિન્ટીંગ કરવા બદલ સ્મૃતિ ઓફસેટના નિલયભાઈ જૈનનો પણ આભાર માનીએ છીએ. આ ઉપરાંત જેઓએ પ્રત્યક્ષ-પરોક્ષ રીતે મદદ કરી હોય તેમના પણ આભારી છીએ.

જૈનસમાજમાં સર્વત્ર વીતરાગતાનું આનંદમય વાતાવરણ પ્રસરે અને આપણા સર્વમાન્ય તીર્થંકર ભગવંતોની વિશાળ છત્રછાયામાં આપણે સૌ પરસ્પર વાત્સલ્યપૂર્વક આત્મહિતના માર્ગમાં આગેકદમ કરીને જૈનશાસનને એટલે કે આપણા જીવનને શોભાવીએ.....એવી હાર્દિક ભાવના સાથે–

**ત્રિકાળવર્તી તીર્થંકર ભગવંતોને નમસ્કાર હો.**

* * *

## ✻ पणमामि वड्ढमाणं धम्मतीत्थस्स कत्तारं ✻



અહો સર્વજ્ઞ મહાવીરદેવ ! શ્રી કહાનગુરુના પ્રતાપે મને આપનું શાસન મળ્યું, આપના શાસનમાં મને ધર્મની પ્રાપ્તિ થઈ અને અનંત નિજવૈભવ મળ્યો. તેથી આપના આ મંગલ જીવનચરિત્રનું સમ્યક્ આલેખન કરતાં હું મહાન આનંદની ઉર્મિઓથી આપના ચરણોમાં નમી-નમીને પરમ ઉપકારની પ્રસિદ્ધિ કરું છું.

—હરિ.

# પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના અંતેવાસી ભક્ત બ્ર. હરિલાલ જૈનનું જીવન–ઝરમર

ભારતવર્ષના સમસ્ત મુમુક્ષુમંડળ અધ્યાત્મપ્રેમી બ્ર. હરિભાઈને સારી રીતે ઓળખતા હતા. બ્ર. હરિભાઈનો જન્મ વીર સંવત ૨૪૫૧, (વિ.સં. ૧૯૮૦)ના પોષ સુદ પૂનમના દિવસે જેતપર (મોરબી–સૌરાષ્ટ્ર)માં થયો હતો. તેમના પિતાનું નામ અમૃતલાલ કાશીદાસ મહેતા હતું. તેઓ શ્રીમદ્ રાજચંદ્રજીના શાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા અને વાંચનકાર પણ હતા, તેમની માતાજીનું નામ અચરતબેન હતું. તેઓ નાનપણથી જ નિશાળમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે હતા. તેઓ સ્વભાવના અત્યંત શાંત, સરલ, મિલનસાર અને ગંભીર હતા. તેમનામાં જૈનધર્મના સંસ્કાર નાનપણથી જ હતા.

વિ.સં. ૧૯૯૯માં જ્યારે પૂજ્ય ગુરુદેવ રાજકોટમાં બિરાજમાન હતા ત્યારે તેઓ તેમના ભાઈજી (પિતાજીના મોટાભાઈ) સાથે ગુરુદેવના દર્શન કરવા રાજકોટ આવ્યા. તે દિવસે અષાડ સુદ ૨નો હતો. ખરેખર આ દિવસ તેમના જીવનનો અવ્યક્તરૂપે મંગલમય દિવસ હતો. પોતાને કલ્પના પણ ન હતી કે હવે આખું જીવન આ સંતના ચરણમાં જ રહેવાનું મહાભાગ્ય પ્રાપ્ત થશે.

તે વખતે રાજકોટમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સમયસારની છઠ્ઠી ગાથા ઉપર પ્રવચન ચાલી રહ્યું હતું. અને ત્યારે દિવસ પણ છઠ્ઠો હતો, તે દિવસે હરિભાઈએ પોતાની ડાયરીમાં સૌથી પ્રથમ એમ લખ્યું કે **''આત્મા દ્રવ્યદૃષ્ટિથી જે છે તે જ છે.''**

રાજકોટમાં ચાર દિવસ રહીને મોરબી જવા માટે સ્ટેશન પહોંચ્યા તો ત્યાં ખબર પડી કે ગાડી ઉપડી ગઈ છે. જેનું હિત જ થવાનું છે તેને સંતોના ચરણોથી કુદરત પણ દૂર કેમ કરે !! આ હતી તેમના જીવનના–પરિવર્તનની મંગલ ઘડી....કે સ્ટેશનથી પણ પાછા ગુરુદેવના ચરણોમાં આવી ગયા.

રાજકોટથી પૂજ્ય ગુરુદેવ સોનગઢ પધાર્યા, ત્યારે હરિભાઈ પણ સોનગઢ આવી ગયા. તેમને લખવાની તથા અક્ષર પણ ઘણા જ સુંદર હોવાથી ગુરુદેવના પહેલાંના લખેલા પ્રવચનોની પ્રેસકોપી તૈયાર કરવા માટે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી તેમને પસંદ કર્યા. સૌ પ્રથમ શ્રી સમયસારજીના પ્રવચન લખવાનું કાર્ય તેમને પ્રાપ્ત થયું.

આ દિવસોમાં પૂજ્ય ગુરુદેવના દરરોજના પ્રવચનો લખવાનું કાર્ય પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેન શાંતાબેન કરતા હતા.

એક દિવસ પૂજ્ય બહેનશ્રી તથા પૂજ્ય બેને હરિભાઈને આદેશરૂપ સૂચના આપી કે– હરિભાઈ, તમે ગુરુદેવશ્રીના પ્રવચનો લખતા શીખી જાવ. આ પ્રકારે પૂજ્ય બંને બેનો દ્વારા થયેલા આદેશથી હરિભાઈના ઉત્સાહમાં વૃદ્ધિ થઈ જેમ સોનામાં સુગંધ ભળે તેમ. અને પ્રવચન લખવાની શરૂઆત કરી.

તેઓને પૂજ્ય બેનશ્રી તથા પૂ. બેનનો ઘણો જ લાભ મળતો હતો. સૂક્ષ્મમાં સૂક્ષ્મ અનુભૂતિની ચર્ચા તેઓ કરતા હતા. દરેક પ્રસંગે હરિભાઈ ઉપર ધર્મમાતાઓની કૃપાદૃષ્ટિ રહેતી હતી.

પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક પ્રવચનો લખીને જે સરળભાષામાં સુંદર પ્રકારથી અને સુગમશૈલીથી મહાન કાર્ય તેમણે કર્યું છે તે સદાને માટે યાદગાર રહેશે.

વિ.સં. ૨૦૦૦માં માગશર સુદ ૨ના દિવસે માનનીય શ્રી રામજીભાઈ માણેકચંદ દોશી (શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના પ્રમુખ) દ્વારા 'આત્મધર્મ' (ગુજરાતી)નો પ્રથમ અંક પ્રકાશિત થયો, તેના હરિભાઈ ૩૨ વર્ષ સંપાદક હતા. આત્મધર્મ દ્વારા પૂજ્ય ગુરુદેવનો અધ્યાત્મસંદેશ—આખા દેશમાં ઘર—ઘર ફેલાયો અને દેશને ખૂણે—ખૂણેથી અનેક જિજ્ઞાસુઓ સોનગઢ પ્રત્યે આકર્ષિત થયા. ઈન્દોર નિવાસી સર શેઠ હુકમચંદજી, તથા કલકત્તાના શ્રી સોગાનીજી જેવા અનેક મહાનુભાવો 'આત્મધર્મ' વાંચીને જ સોનગઢ તરફ આકર્ષિત થયા હતા. શ્રી શેઠ હુકમચંદજીને તો એવો પ્રમોદ આવી ગયો કે 'આત્મધર્મ'ના પચ્ચીસ વર્ષનું લવાજમ એક સાથે મોકલી દીધું અને 'આત્મધર્મ'ના હિન્દી પ્રકાશન માટે રૂ. ૧૦૦૧/— આપ્યા, ત્યારપછી આત્મધર્મનું હિન્દી પ્રકાશન થયું.

થોડા સમય પછી એકવાર પૂજ્ય ગુરુદેવે હરિભાઈને કહ્યું—જુઓ હરિભાઈ, વ્યાખ્યાનમાં તો અનેક પ્રકારની વાત આવે છે, પરંતુ છપાવવા માટે તમને સંશોધન કરવાની છૂટ છે. તેથી તેમણે જે સંશોધન કર્યું હોય તેને ગુરુદેવ વાંચી જતા અને પ્રશંસા કરતા કે—**''હું જે ભાવ કહું છું તે બરાબર ઝીલીને લખે છે. હિન્દુસ્તાનમાં દીવો લઈને ગોતવા જશો તો પણ આવા લખનાર નહિ મળે.''**

સંવત ૨૦૦૩ના ફાગણ સુદ ૧ના દિવસે બે ભાઈઓ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવાના હતા એટલે પૂજ્ય ગુરુદેવે હરિભાઈને પ્રેરણા આપી અને કહ્યું કે—હરિભાઈ, આ સંસાર તો લક્કડના લાડુ જેવો છે. ખાશે તે પસ્તાશે. આવી પૂજ્ય ગુરુદેવની પ્રેરણા મળવાથી હરિભાઈને પણ ફાગણ સુદ ૧ના દિવસે જીવનપર્યંત બ્રહ્મચર્ય રહેવાની પ્રતિજ્ઞા લેવાનો નિર્ણય પૂજ્ય ગુરુદેવ સમક્ષ પ્રગટ કર્યો, ત્યારે પૂ. ગુરુદેવે પ્રસન્નતાપૂર્વક માહ વદ ૧૪ના દિવસે કહ્યું—**'હરિભાઈ ! તમારો તો મોક્ષ થવાનો છે'**— આવા મોક્ષના આશીર્વાદ આપ્યા.

'આત્મધર્મ' ઉપરાંત જૈનધર્મ સંબંધી ૧૫૦થી વધુ સચિત્ર પુસ્તકોનું સરલ, સુબોધ અને સાદી ભાષામાં તેઓએ લેખન—સંકલન કર્યું છે. તેમનું સાહિત્ય સમસ્ત જૈનસમાજમાં બાળ, યુવાન તથા વૃદ્ધો ઘણા આજે પણ વાંચે છે. 'જૈનબાળપોથી' (સચિત્ર) અનેક ભાષાઓમાં પ્રગટ થઈ છે, તેની બે લાખ પ્રત છપાઈ ગઈ છે અને વર્તમાનમાં પણ છપાય છે. તેનાથી બાળકોમાં જૈનધર્મના સંસ્કાર પડે છે. આ બાળપોથીના ઉપલક્ષમાં શ્રી અખિલ ભારત દિ. જૈન મુમુક્ષુ મંડળના પ્રમુખ તરફથી (દિલ્હીમાં) તેમને સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો એ બીજા ત્રણ સુવર્ણચંદ્રક અધ્યાત્મસાહિત્ય દ્વારા પ્રાપ્ત થયા હતા.

આ પ્રાપ્ત થવામાં ઉપકારભૂત તો પૂજ્ય ગુરુદેવ જ છે કે જેમણે મુમુક્ષુના આત્મપ્રદેશોમાં સર્વત્ર આત્મસાધનાનો ઝણકાર જાગૃત કર્યો છે. 'જિન અને નિજ'ની પ્રાપ્તિ કરાવીને તેઓએ અમારા માટે તો આ કાળને પણ 'ધર્મયુગ' જ બનાવી દીધો છે. આવા ગુરુના 'न हि कृतमुपकारं साधवो विस्मरन्ति' ઉપકારને સજ્જનો ભૂલતા નથી. આ પ્રમાણે ગુરુની છત્રછાયામાં જીવન વીતાવ્યું. પૂજ્ય ગુરુદેવ જ્યાં-જ્યાં વિહાર કરતા ત્યાં-ત્યાં સાથે ને સાથે જ જતા. અને દરેક યાત્રામાં સાથે જ રહેતા. પૂજ્ય ગુરુદેવ

દ્વારા કરાયેલી તીર્થયાત્રાનું **વર્ણન કરતું 'મંગલતીર્થયાત્રા' પુસ્તક સારા સમાજમાં પ્રસિદ્ધ છે.

પૂજ્ય ગુરુદેવનું સ્વાસ્થ્ય છેલ્લા ત્રણ વરસથી નાજુક થઈ ગયું હોવાને કારણે હરિભાઈ પૂજ્ય ગુરુદેવ પાસે દરરોજ બે કલાક સ્વાધ્યાય કરતા હતા. ગુરુદેવ સાથે તેમનો સ્વભાવ એવો મળી ગયો હતો કે ગુરુદેવ કહેતા કે હરિભાઈ તમે આ ગાથા બોલો, અને હરિભાઈ પણ પૂજ્ય ગુરુદેવને અતિપ્રિય લાગે તેવા ભજનો અને ગાથાઓ ગોતી-ગોતીને ગુરુદેવને સંભળાવતા ત્યારે ગુરુદેવ ખૂબ જ પ્રસન્ન થતા. જ્યારે ગુરુદેવને બહુ દર્દ થતું ત્યારે તો પૂજ્ય ગુરુદેવને જે સમયસારની મનગમતી ગાથા જ તેઓ ગાતા અને સાથે સાથે ગુરુદેવ પણ દોહરાવતા અને દર્દને ભૂલી જઈને સ્વાધ્યાયમાં લીન થઈ જતા.

આવો જ એક પ્રસંગ પૂજ્ય ગુરુદેવના અંતિમ દિવસોમાં મુંબઈમાં ઇસ્પિતાલમાં બન્યો.

સૌથી પહેલાં તો ગુરુદેવે જ્યારે ઇસ્પિતાલમાં હરિભાઈને જોયા કે તરત જ બોલ્યા તમે આવી ગયા !! ત્યારે હરિભાઈએ કહ્યું—હા સાહેબ, જીવનભર આપની શરણમાં રહ્યો અને આવા કટોકટીના સમયે આપનાથી દૂર કેમ રહી શકું ? આ પ્રકારે તેમના રોમરોમમાં પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અપૂર્વ ભક્તિ હતી. અને તે જ દિવસે ગુરુદેવને ભયંકર દર્દ શરૂ થયું. ત્યારે ત્યાં હરિભાઈ હાજર હતા. તેમણે ગુરુદેવની સ્થિતિ જોઈને તરત જ સમયસારની ગાથાઓ 'છેદાવ વા ભેદાવ' 'હું એક જ્ઞાયકભાવ છું' એવી કેટલીક ગાથાઓ સંભળાવી કે જેનાથી ગુરુદેવ દર્દને ભૂલી ગયા અને એકદમ પ્રસન્નચિત્તથી સાથે-સાથે બોલવા લાગ્યા ! આ દૃશ્ય જોઈને એક મુમુક્ષુભાઈએ તેમને ધન્યવાદ આપ્યા પછી તો તેઓ અંતિમ સમય સુધી ગુરુદેવની પાસે જ રહ્યા....અને પૂજ્ય ગુરુદેવે જ્યારે અંતિમ શ્વાસ લીધો ત્યારે હરિભાઈના હાથમાં જ પૂજ્ય ગુરુદેવનો હાથ હતો.

પૂજ્ય ગુરુદેવનો વિરહ થવાથી તેમની સ્મૃતિમાં પોતાના જીવનની શક્તિ અને સંપત્તિનો ઉપયોગ કરવાનો તેમણે સંકલ્પ કર્યો કે ૩૮ વર્ષ સુધી ગુરુદેવ દ્વારા જે પ્રાપ્ત થયો છે તત્ત્વજ્ઞાનનો મહાનભંડાર, ધર્મચર્ચાઓ તથા સૂક્ષ્મન્યાયોનું પ્રકાશન કરીશ. આવા નિર્ણયને અનુસાર પૂજ્ય ગુરુદેવની પ્રથમ સમાધિ દિવસે તેમણે ૧૦૦ વચનામૃતોનું સંકલન કરીને 'હું જ્ઞાયકભાવ છું' (ગુજરાતી) પુસ્તક સૌ પ્રથમ પ્રકાશિત કર્યું. ત્યાર પછી દરેક વર્ષે એક-એક પુસ્તક પ્રકાશિત થતું હતું. તેમાં મહાન શાસ્ત્ર શ્રી ભગવતી આરાધના, આત્મસંબોધન (યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચન), ભક્તામરસ્તોત્ર તથા ચોવીસ તીર્થંકરોનું જીવનચરિત્ર—મહાપુરાણ જો કે ઘણા જ પરિશ્રમપૂર્વક તૈયાર કર્યું હતું....એને રાજકોટ શહેરમાં પૂજ્ય ગુરુદેવની જન્મજયંતીના અવસરે તેનું વિમોચન થયું. એકીસાથે ચોવીસ તીર્થંકરોનું જીવનચરિત્ર આખા દેશમાં અને જૈનસમાજના ત્રણેય સંપ્રદાયોમાં પ્રથમ વખત જ પ્રકાશિત થવાથી જેઓના હાથમાં આ પુસ્તક આવ્યું કે તરત જ સ્વ. બાબુભાઈ મહેતા ફતેપુરવાળા શ્રી ડૉ. હરિભાઈ પાલનપુરવાળા, શ્રી નેમિચંદજી પાટની જયપુરવાળા આદિના ધન્યવાદપૂર્ણ પત્રો શ્રી હરિભાઈ ઉપર આવ્યા હતા.

હરિભાઈએ ધવલ—જયધવલની સ્વાધ્યાય બે વખત, શ્રી સમયસારજી શાસ્ત્રની સ્વાધ્યાય તો ૧૦૦ વખત અને કષાયપાહુડના ૧૫ ભાગની સ્વાધ્યાય તો તેમના છેલ્લા દિવસે સાંજે ૪ વાગે પૂર્ણ

થઈ. હજી કષાયપાહુડનો ૧૬મો ભાગ પ્રકાશિત થયો ન હોવાથી તેઓ ઉત્સાહથી કહેતા કે અરે, હું સ્વર્ગમાં જઈને ત્યાંથી ગણધરદેવ પાસે જઈને અંતર્મુહૂર્તમાં બાર અંગનું શ્રવણ કરી લઈશ. આવું તેમનું જિનવાણીમય જીવન હતું.

પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દી નજીક આવતી હોવાથી તેમની સો પુસ્તક કરવાની તીવ્ર ભાવના હતી. એક-બે પુસ્તકોનું તો સંકલન પણ કર્યું હતું. એવામાં મુંબઈથી સંઘ શ્રવણબેલગોલા બાહુબલીજીની યાત્રા માટે જતો હતો, જેમાં પૂજ્ય બેન શાંતાબેન પણ જતા હોવાથી એટલે તેમને પણ ભગવાન બાહુબલીજીના દર્શન કરવાની ભાવના થઈ અને યાત્રા કરવા ગયા. ત્રણવાર પગે ચાલીને યાત્રા કરી અને અત્યંત ભક્તિપૂર્વક ભગવાનના અભિષેક અને પૂજન કર્યા અને છેલ્લે આનંદપૂર્વક પોન્નુરહીલની યાત્રા કરી. તે જ દિવસે પૂજ્ય ગુરુદેવનો સમાધિ-દિવસ હતો. યાત્રા કરીને મોરબી થઈને તેઓ સોનગઢ આવ્યા.

માગશર વદ ૩ના રાતના ૯-૪૫ કલાકે જ્યારે તેમના હૃદયમાં દર્દ થયું ત્યારે પોતે મુમુક્ષુભાઈઓને બોલાવીને કહ્યું કે ૧૫ મિનિટમાં આ દેહ છૂટી જશે. બધાને આશ્ચર્ય થયું જેનો દેહ છૂટતો હોય તે વ્યક્તિ શું આવું બોલી શકે !! ત્યારે કોઈએ કહ્યું કે ડૉક્ટરને બોલાવીએ છીએ, તમે દવા લઈ લો. હરિભાઈ બોલ્યા કે મારે તો બધી રીતે પ્રત્યાખ્યાન છે....અને હવે ડૉક્ટરને બોલાવવાની જરૂર નથી....મારો અંતિમ સમય છે...તમે બધા ધર્મનું બોલો....એટલે ત્યાં રહેલા મુમુક્ષુઓએ ભાઈ-બહેનોએ સમયસાર, યોગસાર આદિની સારી સારી ગાથાઓ બોલવા લાગ્યા તો સાથે-સાથે હરિભાઈ પણ દર્દ ભૂલીને બોલવા લાગ્યા. અને હું જ્ઞાયક છું....જ્ઞાયક છું....એવી ધૂન લગાવી દીધી. અને જ્યારે અંતિમક્ષણ નજીક આવી ત્યારે બંને હાથ જોડીને બોલ્યા—

પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર.....અરિહંતા શરણં પવ્વજ્જામિ, સિદ્ધા શરણં પવ્વજ્જામિ, સાહૂ શરણં પવ્વજ્જામિ, કેવલિ પણ્ણત્તો ધમ્મં શરણં પવ્વજ્જામિ....તથા હું મારા આત્માનું શરણ લઉં છું....અને સાચેસાચ મુમુક્ષુઓની હાજરીમાં ૧૦ વાગે જ શૂરવીરતાપૂર્વક, આરાધનાપૂર્વક, જાગૃતિપૂર્વક અને જ્ઞાયકદેવની ધૂન લગાવતાં-લગાવતાં માત્ર ૬૩ વર્ષની ઉંમરમાં આ નશ્વરદેહને સમાધિપૂર્વક છોડીને સ્વર્ગમાં સીધાવ્યા.

આ પ્રકારે જેમણે પૂજ્ય ગુરુદેવના શરણમાં જીવન વીતાવ્યું અને તેઓએ સમાધિ પણ પૂજ્ય ગુરુદેવની તપોભૂમિમાં ધારણ કરી. શ્રી હરિભાઈ આજે અમારી વચ્ચે નથી પણ તેમની જે ભાવના ૧૦૦૦૦ ચોવીસ તીર્થંકર ભગવંત પ્રકાશિત કરવાની ભાવના હતી તે આજે હિન્દી અને ગુજરાતી મળીને ૪૫૮૦૦ પુસ્તક પ્રકાશિત કરીને તેમની ભાવના પૂર્ણ કરી રહ્યા છીએ. અને અમે બધા ભાવના ભાવીએ છીએ કે પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યમાં નિરંતર રહીને તેમણે જીવન ઉજ્જવલ બનાવ્યું હતું અને તે શીઘ્ર ગુરુદેવે આપેલા આશીર્વાદથી તે પદને અલ્પકાળમાં પ્રાપ્ત કરે.

—શ્રી કહાનસ્મૃતિ પ્રકાશન

* * *

ॐ

# શ્રી તીર્થંકર ભગવંતોને નમસ્કાર

ઋષભાદિ જે સર્વજ્ઞ–જિન તીર્થંકરો ચોવીસ છે,
અહો, જીવન અદ્‌ભુત એમનું આનંદ–મંગલકાર છે,
દર્શાવું આ પુરાણમાં આરાધના જિનવર તણી,
ભવિ જીવ સુણજો ભાવથી અભિલાષ જો મુક્તિ તણી.

આ મહાપુરાણમાં આપણા તીર્થંકર ભગવંતોના આત્મસાધનામય મંગલ જીવનનું આલેખન મેં શ્રી તીર્થંકર ભગવંતોને મારા હૃદયમાં બિરાજમાન કરીને ભક્તિપૂર્વક કર્યું છે. તે મારા સમસ્ત સાધર્મી ભાઈ-બહેનોને જ્ઞાન-વૈરાગ્યની પુષ્ટિ કરીને મોક્ષમાર્ગનું પ્રેરક બનો.

આ મહાપુરાણની પ્રસ્તાવનામાં મારે વિશેષ કહેવાનું નથી, કેમકે જે કાંઈ કહેવાનું છે તે બધુંય, શ્રી તીર્થંકર ભગવંતો પોતે જ પોતાના મંગલ જીવન દ્વારા આપણને બતાવશે, તેમણે પહેલા અજ્ઞાનદશામાં કેવા સંસાર દુઃખો ભોગવ્યાં, પછી કોઈ ધન્યપળે ક્યારે અને કેવી રીતે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી, પછી આત્મસાધનામાં આગળ વધતાં કેવા વૈરાગ્યપ્રસંગથી તેમણે મુનિદીક્ષા લીધી, ને પછી પૂર્ણ ચારિત્રના પાલનપૂર્વક કેવળજ્ઞાન પ્રગટ કરીને કેવા પરમાત્મા થયા, તથા કેવો મોક્ષમાર્ગ દેખાડ્યો, તે બધુંય તે ભગવંતો પોતાના આત્મજીવન દ્વારા આપણને સમજાવશે. માટે તે ભગવંતો પ્રત્યે ભક્તિપૂર્વક સૌ આ પુરાણનો અભ્યાસ કરજો. આ પુરાણ દ્વારા જૈનોના ઘરેઘરમાં તીર્થંકર ભગવંતોનો અને જૈનધર્મનો મહિમા ગુંજી ઊઠશે.

જૈનસમાજના મારા સમસ્ત ભાઈ–બહેનો તીર્થંકર ભગવંતોના ભવ્ય જીવનથી પરિચિત થાય ને તેમના જીવનમાંથી ઉત્તમ પ્રેરણા મેળવે....એવી ઘણા વખતથી મારી ભાવના હતી, તે આજે આ પુસ્તક દ્વારા પૂર્ણ થાય છે, આ પ્રસંગે તીર્થંકર ભગવંતો તથા શ્રીગુરુઓના અતિશય મહિમાથી મારું અંતર ઊભરાઈ રહ્યું છે....ને મારો આત્મા અભેદ હૃદયથી તેમને નમસ્કાર કરી રહ્યો છે.

ધન્ય તેમનું જીવન.....ધન્ય મોક્ષમાર્ગ સાધવામાં તેમની શૂરવીરતા.

તીર્થંકર ચોવીસ છે આનંદ મંગલકાર,
પુરાણ તેનું પવિત્ર આ, આતમને હિતકાર,
સ્વીકારજો સૌ સ્નેહથી, કરજો ધર્મપ્રચાર,
કલ્યાણ–મંગળ પામશો, શ્રી ગુરુનો ઉપકાર.

* * *




# આપણા ભગવંતો
# ચોવીસ તીર્થંકર

સાધર્મી બંધુઓ,

મહાભાગ્યથી શ્રી ગુરુ પ્રતાપે

આપણને ૨૪ તીર્થંકર ભગવંતોનું શાસન મળ્યું છે. આપણા ભારતદેશનું એ મહાન ગૌરવ છે કે, ચોવીસે તીર્થંકરોનો અવતાર આપણી ભારતભૂમિમાં જ થયો છે. તે તીર્થંકરભગવંતોના આત્માએ, પૂર્વ ભવોમાં જૈનધર્મના સંસ્કાર ક્યારે મેળવ્યા, અને પછી આત્મજ્ઞાન કરીને સમ્યગ્દર્શનપૂર્વક આત્મસાધનામાં આગળ વધતાં-વધતાં પરમાત્મા કઈ રીતે થયા ! તે બધુંય આપણને તેમના જીવનમાંથી શીખવા મળે છે. માટે આપણે ખૂબ જ ભાવપૂર્વક તીર્થંકરભગવંતોના જીવનનો અભ્યાસ કરવો જોઈએ.

૨૪ તીર્થંકરોમાં સૌથી પહેલા ભગવાન ઋષભદેવ છે; અસંખ્ય વર્ષો પહેલાં જૈનધર્મનો ઉપદેશ આપીને તેમણે આ ભરતક્ષેત્રમાં મોક્ષના દરવાજા ખોલ્યા. તે ભગવાન ઋષભદેવ દશભવ પહેલાં જૈનધર્મના સંસ્કાર પામ્યા ત્યારથી શરૂ કરીને, તેઓ પરમાત્મા થયા-ત્યાંસુધીના દશ ભવનું તેમનું સુંદર ચરિત્ર અહીં કહીએ છીએ, તે આનંદથી વાંચજો ને તેમાંથી ધર્મની પ્રેરણા મેળવજો.




# આપણા ભગવંતો...ચોવીસ તીર્થંકર

અહો, ઋષભાદિ મહાવીર ચોવીસ તીર્થંકર ભગવંતો! અમને આજે મહાન આનંદ થાય છે કે આપનું મંગળ જીવન અમારા હાથમાં આવ્યું છે. આ પુરાણ દ્વારા જાણે આપ જ અમારી સન્મુખ સાક્ષાત્ પધાર્યા છો. આરાધનાથી શોભતું આપનું મંગળ જીવન અમનેય આત્માની આરાધનામાં પ્રેરે છે. આપનું વીતરાગી જીવન ખરેખર મહાન ઊંચું છે. જૈનધર્મના સંસ્કારથી શરૂ કરીને ઠેઠ પરમાત્મપદ સુધીના આપના જીવનના અવનવા પ્રસંગો વાંચતાં, અમારા અંતરમાં પણ એવા પરમાત્મપદની સાધનાના ભાવો જાગી ઊઠે છે.

પ્રભો! રાગ વગરની શુદ્ધચેતનાથી શોભતા આપના શુદ્ધાત્મદર્પણમાં મારા શુદ્ધાત્માને દેખીને, તેના ચિંતનપૂર્વક, હું આપના આ જીવનચરિત્રની સ્વાધ્યાયનો પ્રારંભ કરું છું. તેના દ્વારા મને પણ આપના જેવું શુદ્ધાત્મજીવન પ્રાપ્ત હો.




## પૂર્વભવ(૧)

# મહાબલ રાજાનો ભવ અને જૈનધર્મના સંસ્કાર

ભગવાન શ્રી આદિનાથ તીર્થંકરને નમસ્કાર કરીને તેમના દશ અવતારનું પવિત્ર જીવનચરિત્ર શરૂ થાય છે. અનાદિ સ્વયંસિદ્ધ એવા આ લોકની વચ્ચે મધ્યલોક છે; અસંખ્યાત દ્વીપ–સમુદ્રોથી શોભાયમાન આ મધ્યલોકમાં વચ્ચે જંબૂદ્વીપ છે, અને જંબૂદ્વીપની વચમાં મેરુ પર્વત શોભે છે.

મેરુપર્વતની પૂર્વે અને પશ્ચિમે 'વિદેહદેશ' છે; ત્યાંથી મુનિવરો કર્મરૂપી મેલનો નાશ કરીને હંમેશા વિદેહ (–દેહરહિત–સિદ્ધ) થયા કરે છે તેથી તેનું 'વિદેહ' નામ સાર્થક છે. આ વિદેહદેશોમાં તીર્થંકરદેવ સદાય વિદ્યમાન હોય છે, તેથી ત્યાં જૈનધર્મ સદાય વર્તે છે.

આવા પશ્ચિમ–વિદેહની એક અલકાપુરી નામની નગરીમાં અતિબલ નામના વિદ્યાધર રાજા હતા. એક દિવસ વૈરાગ્ય થતાં, પોતાના પુત્ર મહાબલને રાજ્ય સોંપીને તેમણે જિનદીક્ષા ધારણ કરી.


**આ 'મહાબલ' તે જ આપણા ચરિત્રનાયક ઋષભદેવનો જીવ.**

રાજા મહાબલને ચાર મંત્રીઓ હતા—મહામતિ, સંભિન્નમતિ, શતમતિ અને સ્વયંબુદ્ધ. તેમાંથી સ્વયંબુદ્ધમંત્રી શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ હતા, ને બાકીના ત્રણે મંત્રીઓ મિથ્યાદૃષ્ટિ હતા.

એક દિવસે મહાબલ રાજાના જન્મદિવસનો ઉત્સવ થઈ રહ્યો હતો. તે વખતે સભામંડપમાં રાજાને અતિશય પ્રસન્ન દેખીને મહાબુદ્ધિમાન સ્વયંબુદ્ધમંત્રીએ તેને જૈનધર્મનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે 'હે રાજન્! આ રાજલક્ષ્મી વગેરે વૈભવ તો કેવળ પૂર્વપુણ્યનું ફળ છે; આ ભવ અને પરભવમાં આત્માના હિતને અર્થે તમે જૈનધર્મનું સેવન કરો.'

સ્વયંબુદ્ધમંત્રીની એ વાત સાંભળીને બીજા ત્રણ મિથ્યાદૃષ્ટિ મંત્રીઓમાંથી એકે કહ્યું કે પરલોક વગેરે કાંઈ છે જ નહિ; બીજાએ કહ્યું કે આત્મા સ્વતંત્ર તત્ત્વ જ નથી, એ તો સંયોગી ક્ષણિક વસ્તુ છે; અને ત્રીજાએ કહ્યું કે આખું જગત્ શૂન્યરૂપ છે, આત્મા વગેરે કાંઈ છે જ નહીં.

પરંતુ સ્વયંબુદ્ધમંત્રીએ અનેક યુક્તિ અને દૃષ્ટાંતો દ્વારા આત્માનું અસ્તિત્વ, પરલોકનું અસ્તિત્વ, આત્માના ભલા-બૂરા ભાવોનું ફળ વગેરે સિદ્ધ કરી દીધું; અને એ રીતે જૈનધર્મનો અતિશય મહિમા પ્રસિદ્ધ કર્યો.



સ્વયંબુદ્ધના યુક્તિપૂર્ણ વચનોથી સમસ્ત સભાસદોને એ વિશ્વાસ થઈ ગયો કે આ જૈનધર્મ જ વાસ્તવિક છે. આથી સભાજનોએ તેમજ મહાબલ રાજાએ પણ પ્રસન્ન થઈને સ્વયંબુદ્ધમંત્રીની પ્રશંસા કરી.

એકવાર તે સ્વયંબુદ્ધ મંત્રી મેરુપર્વતની યાત્રા કરવા ગયો; ત્યાં શાશ્વત જિનમંદિરો દેખીને તેને ઘણો આનંદ થયો, અને તેમાં બિરાજમાન રત્નમય જિનબિંબોને નમસ્કાર કરીને પૂજા કરી; પછી થોડીવાર ત્યાં બેસીને આત્મગુણોનું ચિંતન કરતો હતો. એવામાં ત્યાં બે મુનિવરો આવ્યા. તેઓ યુગન્ધર તીર્થંકરના સમવસરણમાંથી આવ્યા હતા. મંત્રીએ અતિશય ભક્તિથી પ્રણામ કરીને પૂછ્યું: ''હે ભગવાન! આપ અવધિજ્ઞાનરૂપી નેત્રવડે જગતને જાણનારા છો તેથી હું મારા મનની વાત આપને પૂછું છું. હે સ્વામી! મારા રાજા મહાબલ ભવ્ય છે કે અભવ્ય? જિનેન્દ્રદેવે કહેલા સત્યમાર્ગનું સમ્યક્ શ્રદ્ધાન તે કરશે કે નહીં? એ વાત કૃપા કરીને કહો.''

મંત્રીએ આ પ્રમાણે પૂછયું ત્યારે આદિત્યગતિ નામના અવધિજ્ઞાની મુનિરાજે કહ્યું : ''હે ભવ્ય! તારો રાજા ભવ્ય જ છે અને તે જૈનધર્મની શ્રદ્ધા કરશે; એટલું જ નહિ, દસમા ભવે તે તીર્થંકરપદ પામશે; આ જંબુદ્વીપના ભરતક્ષેત્રની હવેની ચોવીસીમાં તે ઋષભદેવ નામના પહેલા તીર્થંકર થશે.''

વળી હે મંત્રી! તેના પૂર્વભવની વાત પણ સાંભળોઃ ''આ રાજા મહાબલે પૂર્વભવમાં ભોગોની ઈચ્છાની સાથે સાથે ધર્મનાં બીજ રોપ્યાં હતા. પૂર્વભવમાં તે વિદેહક્ષેત્રમાં જયવર્મા નામનો રાજપુત્ર હતો; શ્રીવર્મા તેનો નાનો ભાઈ હતો; તે શ્રીવર્મા લોકોમાં અતિશય પ્રિય હતો, તેથી રાજાએ તેને રાજ્ય સોપ્યું ને જયવર્મા મોટો હોવા છતાં તેની ઉપેક્ષા કરી. આથી જયવર્મા એકદમ વિરક્ત થયો, ને પોતાના ભાગ્યની નિંદા કરતો થકો સ્વયંપ્રભગુરુ પાસે દીક્ષા લઈને તપ કરવા લાગ્યો. એક વાર વિદ્યાધરની વિભૂતિ દેખીને તેણે એવું નિદાન કર્યું કે મને પણ આવતા ભવમાં વિદ્યાધરોનો આવો મહાન વૈભવ પ્રાપ્ત હો. તે આવો વિચાર કરતો હતો એવામાં એક ભયંકર સર્પ તેને કરડ્યો, ને ભોગની ઈચ્છાપૂર્વક મરીને તે આ મહાબલ વિદ્યાધર થયો છે. પૂર્વના સંસ્કારને લીધે તે હજી સુધી ભોગોમાં આસક્ત રહ્યો છે. પરંતુ હે મંત્રી! હવે તારો ઉપદેશ સાંભળીને તુરત જ તે ભોગોથી વિરક્ત થશે.''

''વળી હે મંત્રી! સાંભળ! આજે જ તારા રાજાએ બે સ્વપ્નો જોયાં છે; પહેલાં સ્વપ્નમાં તેણે એમ જોયું છે કે ત્રણ દુષ્ટ મંત્રીઓએ બળાત્કારપૂર્વક તેને ભારે કીચડમાં ફસાવી દીધો છે. પણ તું તેને કીચડમાંથી બહાર કાઢે છે ને સિંહાસન ઉપર બેસાડીને તેનો અભિષેક કરે છે. તથા બીજા સ્વપ્નમાં તે રાજાએ અગ્નિની તીવ્ર જ્યોતને ક્ષણે-ક્ષણે ક્ષીણ થતી દેખી છે. આ બંને સ્વપ્નો દેખીને તે રાજા તારી પ્રતિક્ષા કરી રહ્યો છે. પોતે કાંઈ પૂછ્યા પહેલાં જ તારા મુખેથી બન્ને સ્વપ્નો અને તેનું ફળ સાંભળીને


તે રાજાને વિસ્મય થશે, અને તે નિઃસંદેહપણે તારાં વચનોનો સ્વીકાર કરીને જૈનધર્મમાં અતિશય પ્રેમ કરશે. તેણે જે પહેલું સ્વપ્ન દેખ્યું છે તે તેના આગામી ભવની સ્વર્ગની વિભૂતિનું સૂચક છે; અને બીજું સ્વપ્ન એમ સૂચવે છે કે હવે તેનું આયુષ્ય એક મહિનાનું જ બાકી રહ્યું છે. માટે હે ભદ્ર! તેના કલ્યાણ માટે તું શીઘ્ર પ્રયત્ન કર."—આ પ્રમાણે કહી, સ્વયંબુદ્ધમંત્રીને આશીર્વાદ દઈને તે બંને મુનિવરો આકાશમાર્ગે વિહાર કરી ગયા.

મુનિવરોના વચન સાંભળીને સ્વયંબુદ્ધમંત્રી તત્કાળ મહાબલરાજા પાસે આવ્યો; રાજા સ્વપ્નોની જ ચિંતામાં હતો, ત્યાં મંત્રીએ તેને તેનાં બન્ને સ્વપ્ન તેમ જ તેનાં ફળની વાત કહી સંભળાવી અને જિનધર્મના સેવનનો ઉપદેશ આપ્યો કે, હે રાજન્! જિનેન્દ્રદેવનો કહેલો ધર્મ જ સમસ્ત દુઃખોની પરંપરાનો છેદનાર છે, માટે તેમાં જ તમારી બુદ્ધિ જોડો ને તેનું પાલન કરો; કેમકે હવે તમારું આયુષ્ય માત્ર એક માસ જ બાકી છે.

સ્વયંબુદ્ધમંત્રીની વાત સાંભળીને રાજાને આશ્ચર્ય થયું, અને પોતાનું એક જ માસનું આયુષ્ય જાણીને તે બુદ્ધિવાન રાજાએ ધર્મભાવનામાં પોતાનું ચિત્ત લગાવ્યું. રાજ્ય છોડીને તે સિદ્ધકૂટ-ચૈત્યાલયમાં પહોંચ્યો અને ત્યાં સિદ્ધ પ્રતિમાઓનું પૂજન કરીને સંન્યાસ ધારણ કર્યો; સ્વયંબુદ્ધમંત્રીને નિર્યાપક-આચાર્ય બનાવીને પ્રાયોપગમન સંન્યાસ ધારણ કર્યો, ને સુખપૂર્વક પ્રાણ છોડીને બીજા ઈશાનસ્વર્ગમાં, શ્રીપ્રભવિમાનમાં લલિતાંગ નામનો દેવ થયો.

## (૨)

## અવતાર બીજો : લલિતાંગ દેવ



ઋષભદેવનો જીવ, મહાબલરાજાનો ભવ પૂરો કરીને ઈશાન સ્વર્ગમાં લલિતાંગદેવપણે ઊપજ્યો. દેવલોકની વિભૂતિ દેખીને તે આશ્ચર્યચકિત થઈ ગયો કે આ શું છે! હું કોણ છું! ને આ બધા કોણ છે કે જેઓ મને નસ્કાર કરે છે! ક્ષણભર તે વિચારમાં પડી ગયો કે હું અહીં ક્યાં આવ્યો છું? ક્યાંથી આવ્યો? આવું ચિંતન કરતાં તત્ક્ષણે તેને અવધિજ્ઞાન પ્રગટ્યું. તે અવધિજ્ઞાન વડે પોતાનો પૂર્વ ભવ તેમ જ સ્વયંબુદ્ધમંત્રી વગેરેનો પ્રસંગ તેણે જાણી લીધો.

સ્વર્ગમાં લલિતાંગદેવનું આયુષ્ય જ્યારે થોડાક પલ્ય બાકી રહ્યું ત્યારે તેને "સ્વયંપ્રભા" નામની એક દેવી પ્રાપ્ત થઈ; તે તેને અતિશય પ્રિય હતી. તે દેવ સ્વયંપ્રભાદેવી સાથે કોઈવાર મેરુ પર્વતના નંદનવનમાં, કોઈવાર વિજયાર્દ્ધ પર્વત ઉપર, કોઈવાર રુચકગિરિ—કુંડલગિરિ પર્વતો ઉપર, કોઈવાર માનુષોત્તર પર્વત ઉપર, તો કોઈવાર નંદીશ્વરના રત્નમય જિનબિંબોના દર્શન કરવા જતો હતો.—એ પ્રમાણે સ્વર્ગમાં તેણે ઘણો કાળ વ્યતીત કર્યો.

એકવાર અચાનક તે લલિતાંગદેવના આભૂષણો નિસ્તેજ થઈ ગયા, માળા કરમાઈ ગઈ, તેના વિમાનના કલ્પવૃક્ષો કંપવા લાગ્યા. આ ચિહ્નોથી પોતાનું મરણ નીકટ જાણીને તે દેવ ભયભીત થઈને શોક કરવા લાગ્યો; કેમ કે હજી તેને સમ્યગ્દર્શન થયું ન હતું. ત્યારે સ્વર્ગના બીજા દેવોએ ધૈર્ય બંધાવતાં

કહ્યું કે હે દેવ! પુણ્યફળથી પ્રાપ્ત થયેલા સ્વર્ગના અભ્યુદયમાંથી જીવનું પતન થવાનું નિશ્ચિત જ છે, માટે શોક ન કરો ને ધર્મમાં મન જોડો; જીવને ધર્મ જ પરમ શરણ છે. દેવોના એમ કહેવાથી લલિતાંગદેવે ધૈર્ય ધારણ કર્યું ને ધર્મમાં ચિત્ત લગાડ્યું; પંદર દિવસ સુધી તેણે સ્વર્ગના જિનપ્રતિમાઓનું પૂજન કર્યું ને અંતસમયે સાવધાન ચિત્તે નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં તે અદૃશ્ય થઈ ગયો, તેનો દેહ વિલય થઈ ગયો.

**(હવે વજ્રજંઘ અને શ્રીમતીના ભવનું સુંદર વર્ણન આવશે.)**

**(૩)**

# વજ્રજંઘરાજા અને શ્રીમતી રાણી

## (મુનિવરોને આહારદાનનો આનંદકારી પ્રસંગ)

આ જંબુદ્વીપના પૂર્વ–વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી દેશ છે; તેની ઉત્પલખેટક નગરીમાં વજ્રબાહુ નામનો રાજા હતો. ઋષભદેવનો જીવ, સ્વર્ગમાંથી લલિતાંગદેવનો ભવ પૂરો કરીને આ વજ્રબાહુરાજાને ત્યાં અવતર્યો; તેનું નામ ‘વજ્રજંઘકુમાર.’

લલિતાંગદેવની જે સ્વયંપ્રભા નામની દેવી હતી, તે પણ સ્વર્ગનું આયુષ્ય પૂરું થતાં વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીના રાજા વજ્રદંતચક્રવર્તીની પુત્રી તરીકે જન્મી; એનું નામ ‘શ્રીમતી.’

એકવાર તે શ્રીમતીના દાદા શ્રી યશોધરમુનિરાજને કેવળજ્ઞાન થયું; તે કેવળજ્ઞાનની પૂજા કરવા માટે દેવોનાં વિમાનો ત્યાંથી પસાર થતા હતા; તે દેવવિમાનોને જોતાં જ શ્રીમતીને પોતાના પૂર્વભવનું સ્મરણ થઈ આવ્યું અને વારંવાર લલિતાંગદેવનું સ્મરણ કરતી થકી તે મૂર્છિત થઈ ગઈ. પંડિતા નામની ચતુર ધાવમાતાએ તેને સચેત કરીને મૂર્છાનું કારણ પૂછ્યું. શ્રીમતીએ તેને પૂર્વભવનો બધો વૃત્તાંત કહ્યો; અને પોતાના પૂર્વભવ સંબંધી એક ચિત્રપટ બનાવીને તેને આપતાં કહ્યું કે હે સખી! આ ચિત્રના ગૂઢ વિષયોને પણ જે ઓળખી કાઢે તેને તું મારા પૂર્વભવના પતિ (લલિતાંગ દેવનો જીવ) સમજજે. ધાવમાતા એ ચિત્ર લઈને વિદાય થઈ અને જિનમંદિરની ચિત્રશાળામાં તે પ્રદર્શિત કર્યું.

હવે આ દરમિયાન શ્રીમતીના પિતા વજ્રદન્તરાજાને બે વધામણી એક સાથે પ્રાપ્ત થઈ : એક તો તેમના પિતા યશોધરમુનિરાજને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તે; અને બીજી આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું તે; ધર્મપ્રેમી વિવેકી મહારાજાએ કેવળજ્ઞાનની પૂજા કરવાનો નિર્ણય કર્યો. જગત્‌ગુરુ યશોધર ભગવાનની મહાપૂજા કરીને, વજ્રદન્તરાજાએ તેમના ચરણોમાં પ્રણામ કર્યા કે તરત જ તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. તે યોગ્ય જ છે, કેમકે વિશુદ્ધ પરિણામોથી કરવામાં આવેલી ભક્તિ ફળીભૂત કેમ ન થાય? અને તે શું–શું ફળ ન આપે? તે અવધિજ્ઞાનથી રાજાએ જાણી લીધું કે પૂર્વભવે હું અચ્યુત સ્વર્ગનો ઈન્દ્ર હતો, અને આ મારી શ્રીમતી પુત્રી લલિતાંગદેવની દેવી હતી.

નગરમાં આવીને તે ચક્રવર્તીએ પોતાની શોકમગ્ન પુત્રી–શ્રીમતીને કહ્યું : હે પુત્રી! તું શોક ન

કર, સાંભળ! હું અવધિજ્ઞાન દ્વારા તારા પતિનો બધો વૃત્તાંત કહું છું : પૂર્વભવનો તારો પતિ (લલિતાંગદેવ) પણ આ વિદેહક્ષેત્રમાં જ અવતર્યો છે ને તે મારો ભાણેજ થાય છે, તથા થોડા જ વખતમાં તે તારો પતિ થશે. વળી સાંભળ! પૂર્વભવે હું જ્યારે અચ્યુતેન્દ્ર હતો ત્યારે બે ઈન્દ્રો મારી પાસે આવેલા, ત્યારે તમે બન્ને (લલિતાંગ અને સ્વયંપ્રભા) પણ તેમની સાથે જ હતા; તે ઈન્દ્રોએ મને યુગંધરસ્વામીનું ચરિત્ર પૂછ્યું કે : "હે દેવ! અમે બંનેએ યુગંધર તીર્થંકરના તીર્થમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, તેથી તેમનું પુરું ચરિત્ર જાણવાની અમને ઈચ્છા છે માટે તે કહો." તે વખતે મેં યુગંધર તીર્થંકરના પૂર્વભવોનું ચરિત્ર કહ્યું હતું; તે સાંભળીને અનેક જીવો સમ્યગ્દર્શન પામ્યા હતા, તથા તમને બંનેને પણ અતિશય ધર્મપ્રેમ જાગ્યો હતો. વળી ત્યાં આપણે બધા દેવો સ્વયંભૂરમણ તથા નંદીશ્વર–સુમેરુ વગેરેના દર્શન કરવા જતા હતા. એ બધું પણ તને યાદ હશે!

શ્રીમતીએ કહ્યું : હા પિતાજી; એ બધું મારા હૃદયમાં પ્રત્યક્ષની જેમ જ પ્રતિભાસીત થઈ રહ્યું છે.

વજ્રદંતરાજાએ કહ્યું : હે પુત્રી! તે લલિતાંગદેવ વજ્રજંઘ નામનો રાજકુમાર થયો છે, આજથી ત્રીજા દિવસે તને તેનો સમાગમ થશે, અને તે જ તારો પતિ થશે.

શ્રીમતીને એક તરફથી રાજાએ ઉપરોક્ત સમાચાર આપ્યા, અને બીજી તરફથી તેની પંડિતા સખી પણ ચિત્રપટ સમ્બન્ધી સમાચાર લઈને આવી પહોંચી. તેણે કહ્યું : હે સખી, તારું આ ચિત્રપટ જોતાં જ વજ્રજંઘકુમારને બધું પરિચિત લાગ્યું....પૂર્વભવના સ્મરણથી ક્ષણભર તે વિચારમાં પડી ગયા.....તેની આંખમાંથી આંસુ ઝરવા લાગ્યા.....અને મૂર્છિત થઈ ગયા. ત્યારબાદ અનેક ઉપાયોથી સચેત થતાં તેણે બધી વિગત કહી, તથા પોતાનું બનાવેલું એક ચિત્રપટ પણ આપ્યું.–આમ કહીને પંડિતાએ વજ્રજંઘે આપેલું પૂર્વભવનું ચિત્રપટ શ્રીમતીને આપ્યું; જેમ ભવ્ય જીવો અધ્યાત્મશાસ્ત્રને જોતાં જ પ્રમુદિત થાય તેમ, શ્રીમતી તે ચિત્રપટ જોઈને પ્રમુદિત થઈ.

એવામાં રાજા વજ્રબાહુ પોતાના પુત્ર વજ્રજંઘ સહિત ત્યાં આવી પહોંચ્યા, ત્યારે ચક્રવર્તીએ પોતાના બનેવી વજ્રબાહુને સન્માનપૂર્વક કહ્યું કે આજે આપ પુત્રસહિત મારે ઘેર પધાર્યા તેથી મારું મન અતિશય પ્રસન્ન થયું છે; મારા ઘરમાં જે કોઈ વસ્તુ આપને ઉત્તમ લાગતી હોય તેનો સ્વીકાર કરો.

ત્યારે વજ્રબાહુએ કહ્યું : 'હે ચક્રેશ! આપના પ્રસાદથી મારે ત્યાં બધું જ છે; છતાં આપનો પ્રેમભર્યો આગ્રહ છે તો એટલું માગું છું કે આપની શ્રીમતી–પુત્રી મારા પુત્ર–વજ્રજંઘને આપો. ચક્રવર્તીએ પ્રસન્નતાપૂર્વક એ વાતનો સ્વીકાર કરતાં કહ્યું–એ બંનેને પૂર્વભવથી સ્નેહ ચાલ્યો આવે છે, તેથી તેનો વિવાહ સંબંધ યોગ્ય જ છે.

આ રીતે ઉત્સવપૂર્વક વજ્રજંઘ અને શ્રીમતીના વિવાહ થયા; ત્યાર બાદ પોતાનો ધાર્મિક ઉત્સાહ પ્રગટ કરવા માટે વજ્રજંઘકુમાર શ્રીમતી સહિત મહાપવિત્ર જિનમંદિરે ગયો, અને ત્યાં બિરાજમાન સુવર્ણમય પ્રતિમાઓનો અભિષેક કરીને અષ્ટદ્રવ્યથી પૂજન કર્યું, તથા મુનિવરોનાં દર્શન કર્યાં. અને પછી પુંડરીકિણી નગરીમાં પાછા આવીને નિવાસ કર્યો. ત્યાં ઘણા કાળ સુધી ચક્રવર્તીના ભવનમાં રહ્યા બાદ વિદાય લઈને વજ્રજંઘકુમાર શ્રીમતી સહિત પોતાના ઉત્પલખેટકનગરમાં આવ્યો. ક્રમક્રમથી તેને ૯૮ પુત્રો થયા.

એક દિવસ વજ્રજંઘના પિતાને સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં, પોતાના પુત્ર વજ્રજંઘનો રાજ્યાભિષેક કરીને પોતે જિનદીક્ષા અંગીકાર કરી; તે વખતે શ્રીમતીના ૯૮ પુત્રોએ પણ દાદાની સાથે જ દીક્ષા લીધી.



આ તરફ પુંડરીકિણીનગરીમાં શ્રીમતીના પિતા વજ્રદન્ત ચક્રવર્તી પણ કમળમાં મૃત ભ્રમરને દેખીને સંસારથી વિરક્ત થયા; અને અમિતતેજ વગેરે પુત્રને રાજ્ય સોંપવા માંડ્યું, પરંતુ તે પુત્રો પણ વૈરાગ્ય પામ્યા હોવાથી કોઈએ રાજ્યનો સ્વીકાર ન કર્યો; આથી છેવટે પુંડરીક નામના નાની ઉંમરના પૌત્રને રાજ્યભાર સોંપીને, વજ્રદન્ત ચક્રવર્તીએ સાઠ હજાર રાણીઓ, વીસહજાર રાજાઓ તથા એક હજાર પુત્રો સહિત દીક્ષા ધારણ કરી.

અહીં રાજમાતા લક્ષ્મીમતીને ચિંતા થઈ કે પુંડરિક તો હજી નાનો બાળક છે, તે આવડા મોટા રાજ્યનો ભાર શી રીતે સંભાળી શકશે?—તેથી તેણે ઉત્પલખેટકનગર સંદેશો મોકલીને રાજા વજ્રજંઘને સહાય માટે તેડાવ્યા. સંદેશ મળતાં જ રાજા વજ્રજંઘ પુંડરીકિણીનગરી જવા માટે તૈયાર થયો. (૧) મતિવર મંત્રી, (૨) આનંદ પુરોહિત, (૩) ધનમિત્ર સેઠ અને (૪) અકંપન સેનાપતિ—એ ચારેએ પણ વજ્રજંઘરાજાની સાથે જ પ્રસ્થાન કર્યું. રાણી શ્રીમતી પણ સાથે જ હતી.

ચાલતાં ચાલતાં રાજા વજ્રજંઘ એક સુન્દર સરોવરના કિનારે આવ્યા ને ત્યાં પડાવ નાખ્યો. ભવિષ્યમાં જેઓ તીર્થંકર થવાના છે એવા વજ્રજંઘનો મુકામ થવાથી આખું વન પણ જાણે કે પ્રફુલ્લિત થયું હોય તેમ શોભી ઊઠ્યું. સ્નાનાદિના બાદ સૌ ભોજનની તૈયારી કરતા હતા.

એવામાં એક આનંદકારી ઘટના બની....શું બન્યું ? તે હવે વાંચો.

## વજ્રજંઘ અને શ્રીમતી દ્વારા મુનિવરોને આહારદાન



રાજા વજ્રજંઘ અને શ્રીમતી જ્યાં ભોજન માટે તૈયારી કરતા હતા એવામાં એકાએક દમધર

અને સાગરસેન નામના બે ગગન વિહારી મુનિવરો ત્યાં પધાર્યા. અહા ! મુનિવરો આંગણે પધાર્યા એટલે તો સાક્ષાત્ મોક્ષમાર્ગ જ આવ્યો. આકાશમાંથી ઊતરી રહેલા મુનિવરોને દેખતાં જ રાજા–મંત્રી વગેરેને મહાન આશ્ચર્ય થયું, અરે ! વનના સિંહ–વાંદરો–ભૂંડ અને નોળિયો જેવા પશુઓ પણ મુનિરાજને દેખીને અત્યંત પ્રસન્ન થયા.

તે મુનિવરોને વનમાં જ આહાર લેવાની પ્રતિજ્ઞા હતી. તેઓ અતિશય તેજસ્વી હતા તથા પવિત્રતાથી એવા સુશોભિત હતા કે જાણે સ્વર્ગ અને મોક્ષ જ અહીં આવ્યા હોય ! તે બંને મુનિવરો તંબુની સમીપ આવતાં જ, અતિશય પ્રસન્નતાથી ભક્તિપૂર્વક રાજા–રાણીએ તેમને નિમંત્રણ કર્યું : હે સ્વામી ! પધારો... પધારો...પધારો !



વજ્રજંઘ–શ્રીમતી

મુનિરાજ ત્યાં સ્થિર થતાં જ વજ્રજંઘ અને શ્રીમતીએ ભક્તિપૂર્વક તેમની પ્રદક્ષિણા કરી; નમસ્કાર કરીને સન્માન કર્યું, અને યોગ્ય વિધિપૂર્વક ભોજનશાળામાં પ્રવેશ કરાવીને તેમને ઉચ્ચ આસને બેસાડ્યા, તેમના ચરણોનું પ્રક્ષાલન કર્યું, પૂજા કરી, નમસ્કાર કર્યા; પછી મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક દાતાના સાત ગુણો (શ્રદ્ધા, સંતોષ, ભક્તિ વગેરે) સહિત વિશુદ્ધ પરિણામથી તે ઉત્તમ મુનિવરોને વિધિપૂર્વક આહારદાન દીધું. (હજી એને ખબર નથી કે જેને પોતે આહારદાન આપ્યું તે પોતાના પુત્રો જ હતા.) મુનિરાજને આહારદાનનો એ ભવ્ય આનંદકારી પ્રસંગ હતો.

તે ઉત્તમ આહારદાનના પ્રભાવથી તરત જ ત્યાં આશ્ચર્યકારી પાંચ વસ્તુ પ્રગટ થઈ–(૧) આકાશમાંથી રત્નવૃષ્ટિ થવા લાગી; (૨) પુષ્પવર્ષા થવા લાગી; (૩) સુગંધ વરસવા લાગી; (૪) દુદુંભિ વાજાં વાગવા માંડ્યાં; અને (૫) આકાશમાં દેવો "અહો દાનં...મહા દાનં" એવા શબ્દપૂર્વક જયજયકાર કરવા લાગ્યા.

આહારદાન બાદ બંને મુનિવરોને વંદન ને પૂજન કરીને વજ્રજંઘે જ્યારે તેમને વળાવ્યા ત્યારે અંતઃપુરની દાસીએ કહ્યું : રાજન્ ! આ બંને મુનિવરો તમારા સૌથી નાના પુત્રો જ છે. એ સાંભળતાં જ વજ્રજંઘ અને શ્રીમતી અતિશય પ્રેમપૂર્વક તે મુનિવરોની નીકટ ગયા અને તેમની પાસેથી ધર્મનું શ્રવણ કર્યું. ત્યારબાદ વજ્રજંઘે પોતાના તથા શ્રીમતીના પૂર્વભવ પૂછ્યા. મુનિવરોએ તે બંનેના પૂર્વભવ (લલિતાંગદેવ તથા સ્વયંપ્રભાદેવી)નું વર્ણન કર્યું.

ત્યારબાદ વજ્રજંઘે ફરીને પૂછ્યું–હે નાથ ! આ મતિવર મંત્રી, આનંદ પુરોહિત, ધનમિત્ર શેઠ અને અકંપન સેનાપતિ–એ ચારેય જીવો મને ભાઈની જેમ અતિશય વહાલા છે, માટે કૃપા કરીને આપ તેમનો પણ પૂર્વભવ કહો.


મુનિરાજે કહ્યું : હે રાજન્ ! આ મતિવર મંત્રીનો જીવ પૂર્વ ભવમાં સિંહ હતો; એકવાર વનમાં પ્રીતિવર્ધન રાજાએ મુનિને આહારદાન દીધું તે દેખીને સિંહને જાતિસ્મરણ થઈ ગયું, તેથી તે અતિશય શાંત થઈ ગયો ને આહારાદિનો ત્યાગ કરીને તે સિંહ એક શીલા ઉપર બેસી ગયો. મુનિરાજે

અવધિજ્ઞાનવડે તે જાણીને પ્રીતિવર્ધન રાજાને કહ્યું : હે રાજન્! આ સિંહ શ્રાવકનાં વ્રત ધારણ કરીને સંન્યાસ કરી રહ્યો છે, તમારે તેની સેવા કરવી યોગ્ય છે; ભવિષ્યમાં તે ભરતક્ષેત્રના પહેલા તીર્થંકર ઋષભદેવનો પુત્ર થશે, અને ચક્રવર્તી થઈને તે જ ભવે મોક્ષ જશે. મુનિરાજની એ વાત સાંભળીને રાજાએ તે સિંહને પ્રેમથી જોયો, અને તેના કાનમાં નમસ્કાર મંત્ર સંભળાવ્યો. અઢાર દિવસના સંથારા બાદ દેહ છોડીને તે સિંહ બીજા સ્વર્ગનો દેવ થયો અને ત્યાંથી ચ્યવીને આ મતિવર–મંત્રી થયો છે.

વળી તે સિંહ ઉપરાંત પ્રીતિવર્ધનરાજાના સેનાપતિ, મંત્રી અને પુરોહિત–એ ત્રણેએ પણ આહારદાનમાં અનુમોદન આપેલું, તેથી તેઓ ભોગભૂમિનો અવતાર કરીને પછી બીજા સ્વર્ગના દેવ થયા. તમારી (–વજ્રજંઘની) લલિતાંગ દેવની પર્યાયમાં એ ત્રણે તમારા જ પરિવારના દેવો હતા અને તેઓ જ અહીં તમારા પુરોહિત, શેઠ અને સેનાપતિ થયા છે. ભવિષ્યમાં તમે તીર્થંકર થશો ત્યારે તેઓ પણ તમારા પુત્ર થઈને મોક્ષ પામશે. તેમાંથી અકંપન સેનાપતિ તો બાહુબલી થશે; આનંદ પુરોહિત તથા ધનમિત્ર શેઠ એ બંને વૃષભસેન તથા અનંતવિજય નામના પુત્રો થઈને તમારા જ ગણધર થશે.

—આ પ્રમાણે તે મુનિવરોએ વજ્રજંઘને તેના મંત્રી–પુરોહિત–શેઠ અને સેનાપતિના પૂર્વભવોનો સંબંધ કહ્યો અને મુનિરાજના શ્રીમુખથી પોતાનું આવું મહાન ભવિષ્ય સાંભળીને તે સૌને ઘણો હર્ષ થયો. જ્યારે એ બે મુનિવરો આ બધો વૃત્તાંત કહી રહ્યા હતા ત્યારે નોળિયો, સિંહ, વાંદરો અને ભૂંડ એ ચાર જીવો ત્યાં સમીપમાં બેઠા હતા અને શાંતિથી મુનિરાજ તરફ ટગટગ નીહાળી રહ્યા હતા, તે જોઈને આશ્ચર્યથી વજ્રજંઘે પૂછ્યું : હે સ્વામી! આ નોળિયો, સિંહ, વાંદરો અને ભૂંડ એ ચારે જીવો અહીં મનુષ્યોની વચ્ચે પણ નિર્ભયપણે આપના મુખકમળ તરફ નજર માંડીને કેમ બેઠા છે?

તેના ઉત્તરમાં શ્રી મુનિરાજે કહ્યું : સાંભળ, હે રાજન્! આ સિંહ વગેરે ચારે જીવો આહારદાન




દેખીને પરમ હર્ષ પામ્યા છે. તેઓ પણ ભવિષ્યમાં તારા પુત્રો થઈને મોક્ષ પામશે.

* આ સિંહ પૂર્વભવે હસ્તિનાપુરમાં એક વેપારીનો પુત્ર હતો પણ તીવ્ર ક્રોધને લીધે તે મરીને સિંહ થયો છે;
* આ ભૂંડ પૂર્વભવે એક રાજપુત્ર હતો, પણ તીવ્ર માનને લીધે તે મરીને ભૂંડ થયો છે;
* આ વાંદરો પૂર્વભવે એક વણિકપુત્ર હતો, પણ તીવ્ર માયાને લીધે વાંદરો થયો છે;
* અને આ નોળિયો પૂર્વભવે એક કંદોઇ હતો, પણ તીવ્ર લોભને લીધે મરીને નોળિયો થયો છે. કષાયોના ફળમાં આવી હલકી ગતિ પ્રાપ્ત થઈ, માટે તે કષાયો છોડવા જેવા છે.

અત્યારે આ સિંહ વગેરે ચારે જીવો આહારદાન દેખીને અતિશય હર્ષિત થયા છે અને તે ચારેયને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ થયું છે તેથી તેઓ સંસારથી એકદમ વિરક્ત થઈ ગયા છે, અને નિર્ભયપણે ધર્મશ્રવણ કરવાની ઈચ્છાથી અહીં બેઠા છે. તમે બંનેએ આહારદાનના ફળમાં ભોગભૂમિનું આયુષ્ય બાંધ્યું છે, અને આ સિંહ વગેરે ચારે જીવોએ પણ આહારદાનનું અનુમોદન કરીને તમારી સાથે જ ભોગભૂમિનું આયુષ્ય બાંધ્યું છે. હે રાજન્ ! અહીંથી હવે આઠમા ભવે જ્યારે તમે ઋષભદેવ તીર્થંકર થઈને મોક્ષ પામશો ત્યારે આ બધા જીવો પણ તે જ ભવમાં મોક્ષ પામશે,–જેનાં નામ ચિત્રમાં લખેલ છે. મોક્ષ સુધીના સાતે ભવમાં આ બધા જીવો તમારી સાથે ને સાથે જ રહેશે. આ શ્રીમતીનો જીવ પણ તમારા તીર્થમાં દાન તીર્થની પ્રવૃત્તિ ચલાવનાર શ્રેયાંસરાજા થશે અને તે જ ભવે મોક્ષ પામશે.

આકાશગામી ચારણઋદ્ધિધારી મુનિવરોનાં આ વચનો સાંભળીને રાજા વજ્રજંઘનું શરીર હર્ષથી રોમાંચિત થઈ ગયું, તેમજ રાણી શ્રીમતી, મતિવરમંત્રી અને સિંહ વગેરેને પણ ઘણો જ હર્ષ થયો. તેઓએ મુનિરાજના ચરણોમાં ફરી ફરીને નમસ્કાર કર્યા. ત્યારબાદ, આકાશ જ જેમનાં વસ્ત્ર છે એવા નિસ્પૃહ મુનિવરો તો આકાશમાર્ગે અન્યત્ર વિહાર કરી ગયા.

(અહીં જિજ્ઞાસુઓએ આગળ જતાં આ કથાનો સંબંધ સમજવા માટે એક વાત લક્ષમાં રાખવા જેવી છે : વજ્રજંઘની સાથે વિધિપૂર્વક મુનિવરોને આહારદાન કરતાં શ્રીમતીને ઘણી જ પ્રસન્નતા થઈ, અને આ આહારદાન–પ્રસંગના એવા દ્રઢસંસ્કાર તેના આત્મામાં પડી ગયા કે, હવેના આઠમા ભવે વજ્રજંઘ જ્યારે ઋષભદેવ તીર્થંકર થશે અને મુનિદશામાં એક વર્ષની તપશ્ચર્યા કરશે, ત્યારે શ્રીમતીનો જીવ કે જે શ્રેયાંસકુમાર તરીકે જન્મ્યો હશે, તેને ઋષભદેવ ભગવાનને જોતાં જ સાત ભવ પહેલાંના (એટલે અસંખ્ય વર્ષ પહેલાંના) આ આહારદાન–પ્રસંગનું સ્મરણ થઈ આવશે, ને તે ઉપરથી આહારદાનની વિધિ જાણીને તે વિધિપૂર્વક ઋષભદેવ મુનિરાજને પહેલવહેલું આહારદાન કરીને દાનતીર્થના પ્રવર્તક થશે.)

મુનિવરો વિહાર કરી જતાં રાજા વજ્રજંઘ વગેરે પોતાના તંબુમાં પાછા આવ્યા, અને એ મુનિવરોના ગુણોનું ધ્યાન કરતાં આખો દિવસ એ સરોવરના કિનારે વીતાવ્યો. ત્યારબાદ અનુક્રમે પ્રસ્થાન કરતાં કરતાં તેઓ પુંડરીકિણી નગરી આવી પહોંચ્યા; ને ત્યાં થોડો વખત રહીને પોતાના ભાણેજ પુંડરીકનું રાજ્ય સુવ્યવસ્થિત કરીને, ઉત્પલખેટક નગરીમાં પાછા ફર્યા.

વજ્રજંઘ અને શ્રીમતીનો ઘણો કાળ વિવિધ ભોગવિલાસમાં વીતી ગયો. આયુષ્ય પૂરું થવા આવ્યું તેનો પણ તેમને ખ્યાલ ન રહ્યો. એકવાર શયનાગારમાં તેઓ સૂતા હતા; અનેક પ્રકારનો સુગંધી ધૂપ ત્યાં સળગી રહ્યો હતો; એકાએક બંધ શયનાગારમાં ધૂમાડાથી તેઓ ગૂંગળાઈ ગયા અને થોડીવારમાં મૂર્છિત થઈને મૃત્યુ પામ્યા. અહીં શાસ્ત્રકાર કહે છે કે અરે ! જે ધૂપ તેમના ભોગોપભોગનું સાધન હતું તેનાથી જ તેમનું મૃત્યુ થયું; ઉત્તમ ભોગવૈભવને પામેલા વજ્જજંઘ અને શ્રીમતી પણ આવી શોચનીયદશાને પામ્યા. હે ભવ્યજીવો ! ભોગોમાં આસક્તિથી જીવની આવી દશા થાય છે, તો પછી દુઃખકારી એવા એ ભોગોથી શું પ્રયોજન છે ? તેને છોડીને જિનેન્દ્રદેવના વીતરાગ–ધર્મમાં જ પ્રીતિ કરો.

(વજ્રજંઘ અને શ્રીમતી મરીને ક્યાં ઊપજ્યા–તે હવે કહે છે.)

(૪)

# ઋષભદેવનો ભોગભૂમિનો ભવ

## તેમાં સમ્યક્ત્વની પ્રાપ્તિનો અદ્‌ભુત આનંદકારી પ્રસંગ

પ્રિય પાઠક! હવે આપણી કથા એક બહુ જ સુંદર રળિયામણા ક્ષેત્રમાં જાય છે...કે જે ક્ષેત્ર ઋષભદેવ ભગવાનના સમ્યક્ત્વની જન્મભૂમિ છે. ઋષભદેવનો જીવ વજ્રજંઘનો અવતાર પૂરો કરીને જ્યાં અવતરે છે ને સમ્યગ્દર્શન પામે છે તે ક્ષેત્રનો થોડોક પરિચય કરી લઈએ :–

આ જંબુદ્વીપની વચ્ચે મેરુપર્વત છે, તેની ઉત્તર તરફ ઉત્તરકુરુ નામની ભોગભૂમિ છે; તે ભોગભૂમિ પોતાની અતિશય શોભા દ્વારા જાણે કે સ્વર્ગની શોભાની મશ્કરી કરે છે. ત્યાં ભોજન, વસ્ત્ર, આભૂષણ, દીપક, વાજિંત્ર વગેરે દેનારાં કલ્પવૃક્ષો છે, તે રત્નમય કલ્પવૃક્ષો પોતાની પ્રભાવડે ચારે બાજુ પ્રકાશ ફેલાવી રહ્યાં છે. આ વૃક્ષો અનાદિનિધન છે, અને ઉપરોક્ત ફળ દેવાનો તેમનો સ્વભાવ જ છે. જેમ આજ કાલના સામાન્ય વૃક્ષો સમય પર અનેકવિધ ફળ આપે છે તેમ તે કલ્પવૃક્ષો પણ દાનના ફળમાં જીવોને અનેક પ્રકારે ફળ આપે છે. ત્યાંની ભૂમિ રત્નોની બનેલી છે. પૂર્વભવે દાન દેનારા જીવો જ અહીં ઉત્પન્ન થાય છે. અહીંના જીવો ચક્રવર્તી કરતાં પણ વધારે સુખી છે.

આપણા કથાનાયક વજ્રજંઘ અને શ્રીમતી એ બંને મરણ પામીને પાત્રદાનના પ્રભાવથી આવી પુણ્યભૂમિમાં અવતર્યા; વજ્રજંઘની સાથે જેમણે આહારદાનનું અનુમોદન કર્યું હતું એવા નોળિયો, સિંહ, વાંદરો અને ભૂંડ–એ ચારે જીવો પણ આહારદાનની અનુમોદનાના પ્રભાવથી દિવ્ય મનુષ્યશરીર પામીને અહીં જ ઉપજ્યા અને ભદ્રપરિણામી આર્ય થયા. મતિવર મંત્રી, આનંદ પુરોહિત, ધનમિત્ર શેઠ તથા અકંપન સેનાપતિ એ ચારેય જીવો વજ્રજંઘ–શ્રીમતીના મૃત્યુથી વૈરાગ્ય પામીને સાધુ થયા અને રત્નત્રયની આરાધના કરીને દેવલોકમાં પહેલી ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયા.

ભગવાન ઋષભદેવના દશભવોની આ કથા ચાલે છે. પ્રથમ તે જીવ મહાબલ રાજા હતો; પછી લલિતાંગ દેવ થયો; ત્યાંથી વજ્રજંઘ રાજાના ભવમાં શ્રીમતી સહિત આહારદાન દીધું ને અન્ય ચાર તિર્યંચ જીવોએ તેની અનુમોદના કરી. આહારદાનના પ્રતાપે એ છએ જીવો ભોગ ભૂમિમાં અવતર્યા; અહીં સુધી આપણી કથા પહોંચી છે. હવે આ ભોગભૂમિમાં જે અત્યન્ત આનંદકારી બનાવ બન્યો તેનું રોમાંચકારી વર્ણન વાંચશો.

ઋષભદેવ ભગવાનના જીવને તેમજ સાથેના પાંચે જીવોને, ભોગભૂમિમાં સમ્યક્ત્વપ્રાપ્તિનો આ મંગલ પ્રસંગ સોનગઢના જિનમંદિરમાં કોતરવામાં આવ્યો છે; તે મુમુક્ષુઓને સમ્યક્ત્વની પ્રેરણા જગાડે છે. લેખકને પુરાણોમાં આ પ્રસંગ સૌથી પ્રિય છે, અને સમ્યક્ત્વની આરાધનામાં પ્રેરક બન્યો છે.


ભોગભૂમિમાં આર્ય–દંપતી તરીકે ઉપજેલા વજ્રજંઘ અને શ્રીમતી એકવાર કલ્પવૃક્ષની શોભા નીહાળતા બેઠા હતા; એવામાં આકાશમાં પસાર થઈ રહેલા સૂર્યપ્રભદેવનું વિમાન દેખીને તે બંનેને જાતિસ્મરણ થઈ ગયું. જાતિસ્મરણ વડે પૂર્વભવો જાણીને તેઓ વૈરાગ્યપૂર્વક સંસારનું સ્વરૂપ વિચારતા હતા; ત્યાં તો વજ્રજંઘના જીવે આકાશમાં બે મુનિઓને દેખ્યા; અને તે ઋદ્ધિધારી મુનિવરો પણ તેના

ઉપર અનુગ્રહ કરીને આકાશમાર્ગથી નીચે ઊતર્યા. તેમને સન્મુખ આવતા દેખીને તુરત જ વજ્રજંઘનો જીવ ઊભો થઈને વિનયથી તેમનો સત્કાર કરવા લાગ્યો. સાચું જ છે,–પૂર્વ જન્મના સંસ્કાર જીવોને હિતકાર્યમાં પ્રેરિત કરે છે. બંને મુનિવરોની સમક્ષ પોતાની સ્ત્રી સહિત ઊભેલો વજ્રજંઘનો જીવ એવો શોભતો હતો, કે સૂર્ય અને પ્રતિસૂર્યની સમક્ષ જેવું કમલિની સહિત પ્રભાત શોભે. વજ્રજંઘના જીવે ભક્તિપૂર્વક બંને મુનિવરોના ચરણમાં અર્ઘ્ય ચડાવીને તેમને નમસ્કાર કર્યા; તે વખતે તેના નયનોમાંથી હર્ષના આંસુ નીકળી-નીકળીને મુનિરાજના ચરણ ઉપર પડવા લાગ્યા, જાણે કે નયનો વડે તે મુનિરાજના ચરણોનું પ્રક્ષાલન જ કરતો હોય! સ્ત્રી સહિત પ્રણામ કરતા આર્ય વજ્રજંઘને આશીર્વાદ દઈને તે બંને મુનિવરો યોગ્યસ્થાન પર યથાક્રમે બેઠા.

મુનિવરોના દર્શનથી અત્યંત હર્ષસહિત જેનું ચિત્ત ખીલી ઊઠ્યું છે એવા તે વજ્રજંઘ આર્યે વિનયથી પૂછ્યું : હે પ્રભો! આપ અમારા પરમ હિતસ્વી છો; આપને જોતાં જ મારા હૃદયમાં સૌહાર્દભાવ ઉમટી રહ્યો છે, મારું ચિત્ત અતિશય પ્રસન્ન થઈ રહ્યું છે મને એમ લાગે છે કે જાણે આપ મારા પૂર્વપરિચિત બંધુ હો! પ્રભો! આ બધાનું શું કારણ છે તે અનુગ્રહ કરીને મને કહો.

શ્રી મુનિરાજે વજ્રજંઘની જિજ્ઞાસા પૂરી કરતાં કહ્યું : હે આર્ય! તું મને એ સ્વયંબુદ્ધ મંત્રીનો જીવ જાણ કે જેના વડે તું મહાબલના ભવમાં પવિત્ર જૈનધર્મનો પ્રતિબોધ પામ્યો હતો. તે ભવમાં તારા મરણ બાદ મેં જિનદીક્ષા ધારણ કરી હતી અને સંન્યાસપૂર્વક શરીર છોડીને સૌધર્મ સ્વર્ગનો દેવ થયો હતો; ત્યારબાદ આ પૃથ્વીલોકમાં વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીમાં પ્રીતિકર નામનો રાજપુત્ર થયો છું અને આ (બીજા મુનિ) પ્રીતિદેવ મારા નાનાભાઈ છે. અમે બંનેએ સ્વયંપ્રભ જિનેન્દ્રની સમીપ દીક્ષા લઈને પવિત્ર તપોબળથી અવધિજ્ઞાન તથા આકાશગામિની ચારણઋદ્ધિ પ્રાપ્ત કરી છે. હે આર્ય! અમે બંનેએ અવધિજ્ઞાનરૂપી નેત્રથી જાણ્યું કે તમે અહીં ભોગભૂમિમાં ઉત્પન્ન થયા છો; પૂર્વ ભવે આપ અમારા પરમ મિત્ર હતા તેથી આપને પ્રતિબોધવા માટે અમે અહીં આવ્યા છીએ.

શ્રી મુનિરાજ પરમ કરુણાથી કહે છે–હે ભવ્ય! તું પવિત્ર સમ્યગ્દર્શન વગર કેવળ પાત્રદાનની વિશેષતાથી જ અહીં ઉત્પન્ન થયો છે-એ વાત નિશ્ચય સમજ. તે મહાબલના ભવમાં તું મારી પાસેથી તત્ત્વજ્ઞાન પામ્યો હતો, પરંતુ તે વખતે ભોગોની આકાંક્ષાને વશ તું દર્શનશુદ્ધિ પામી શક્યો ન હતો. હવે



અમે બંને, સર્વશ્રેષ્ઠ તથા સ્વર્ગ–મોક્ષના સુખનું મુખ્ય સાધન એવું સમ્યગ્દર્શન દેવાની ઈચ્છાથી અહીં આવ્યા છીએ...માટે હે આર્ય! આજે જ તું સમ્યગ્દર્શન ગ્રહણ કર! અહા, મુનિરાજના શ્રીમુખેથી પરમ અનુગ્રહભર્યા આ વચનો સાંભળતા વજ્રજંઘનો આત્મા કેવો પ્રસન્ન થયો હશે!

પ્રીતિકર મુનિરાજ પરમ અનુગ્રહપૂર્વક વજ્રજંઘના આત્માને સમ્યગ્દર્શન અંગીકાર કરાવતાં કહે છે કે હે આર્ય! તું હમણાં જ સમ્યગ્દર્શનને ગ્રહણ કર....તારે માટે આ સમ્યક્ત્વના લાભનો કાળ છે. ''तद्‌गृहाणाद्य सम्यकत्वं तल्लाभे काल एष ते।'

દેશનાલબ્ધિ વગેરે બહિરંગકારણ અને કરણલબ્ધિરૂપ અંતરંગ કારણવડે ભવ્યજીવ દર્શનવિશુદ્ધિ પામે છે. સર્વજ્ઞે કહેલાં જીવાદિ સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે. નિઃશંકતા, વાત્સલ્ય વગેરે આઠ અંગરૂપી કિરણોથી સમ્યગ્દર્શનરૂપી રત્ન બહુ જ શોભે છે. હે ભવ્ય!

(૧) તું આ શ્રેષ્ઠ જૈનમાર્ગને જાણીને, માર્ગસંબંધી શંકાને છોડ.
(૨) ભોગોની આકાંક્ષા દૂર કર; ધર્મના ફળમાં ભોગોની ચાહના ન કર.
(૩) વસ્તુધર્મ પ્રત્યેની ગ્લાની છોડ. દેહની મલિનતા દેખીને ધર્મપ્રત્યે અણગમો ન કર.
(૪) અમૂઢદૃષ્ટિ (વિવેકદૃષ્ટિ) પ્રગટ કર; સત્ય તત્ત્વને પરીક્ષાથી ઓળખ.
(૫) ધર્માત્માસંબંધી દોષનાં સ્થાન છૂપાવીને સત્યધર્મની વૃદ્ધિ કર.
(૬) માર્ગથી વિચલિત થતા આત્માને ઉપદેશાદિ વડે ધર્મમાં સ્થિર કર.
(૭) રત્નત્રયધર્મમાં અને ધર્માત્માઓમાં અતિશય પ્રીતિરૂપ વાત્સલ્ય કર.
(૮) જ્ઞાનની ઉત્કૃષ્ટ ભાવના વડે જૈનશાસનની પ્રભાવના કર.

આ પ્રમાણે આઠે અંગોથી સુશોભિત એવા વિશુદ્ધ સમ્યક્ત્વને તું ધારણ કર. હે આર્ય! આ સમ્યગ્દર્શનને જ તું ધર્મનું સર્વસ્વ સમજ. સર્વ સુખનું કારણ સમ્યગ્દર્શન છે. આ સંસારમાં તે જ પુરુષ શ્રેષ્ઠ છે...તે જ કૃતાર્થ છે...અને તે જ મુમુક્ષુ છે...કે જેના હૃદયમાં નિર્દોષ સમ્યગ્દર્શન પ્રકાશે છે. હે ભવ્ય! તું આ સમ્યગ્દર્શનને જ સિદ્ધિપ્રસાદનું પ્રથમ સોપાન જાણ, મોક્ષમહલનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન જ છે; તે દુર્ગતિને રોકનાર છે, તે જ ધર્મના ઝાડનું મૂળિયું છે, તે જ સ્વર્ગ અને મોક્ષનો દરવાજો છે, અને તે જ સારભૂત રત્ન છે. હે ભવ્ય! આવા સમ્યગ્દર્શનને તું તારા આત્મામાં ધારણ કર... આજે જ ધારણ કર....અમે તને સમ્યક્ત્વ પમાડવા માટે જ અહીં આવ્યા છીએ. તેનો અત્યારે અવસર છે.

અહો, આ સમ્યગ્દર્શન સંબંધમાં અધિક શું કહેવું? એની તો એટલી જ પ્રશંસા બસ છે કે જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં અનંત કાળના સંસારનો પણ અંત આવી જાય છે, ને તે મોક્ષસુખને પામે છે. માટે હે આર્ય! લોકમૂઢતા, ગુરુમૂઢતા અને દેવમૂઢતાનો પરિત્યાગ કરીને તું સમ્યગ્દર્શનની ઉજ્જ્વલતાને ધારણ કર. સમ્યગ્દર્શનરૂપી તલવાર દ્વારા સંસારની વેલને તું છેદી નાખ. તું નિકટ ભવ્ય છો અને ભવિષ્યકાળમાં તીર્થંકર થનાર છો. હે ભવ્ય! અરહંતદેવના વચનાનુસાર મેં આ સમ્યગ્દર્શનની દેશના કરી છે, તે શ્રેયની પ્રાપ્તિ માટે તારે અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય છે. એ પ્રમાણે આર્ય–વજ્રજંઘને પ્રતિબોધ્યા બાદ તે મુનિરાજ આર્યા–શ્રીમતીને સંબોધીને આ પ્રમાણે કહેવા લાગ્યા :

હે અંબા! હે માતા! તું પણ સંસારસમુદ્રથી પાર થવા માટે નૌકા સમાન એવા એ સમ્યગ્દર્શનને અતિ શીઘ્રપણે ગ્રહણ કર. આ સ્ત્રીપર્યાયમાં પણ તું વિલંબ વગર સમ્યગ્દર્શનને ધારણ કર. સમ્યગ્દર્શન થયા પછી જીવને સ્ત્રીપર્યાયમાં અવતાર થતો નથી, તેમજ નીચેની છ નરકોમાં, વૈમાનિકથી હલકા

દેવોમાં, કે બીજી કોઈ નીચ પર્યાયોમાં તે ઉત્પન્ન થતો નથી. હે માતા! હવે તું નિર્દોષ સમ્યગ્દર્શનની આરાધના કર, અને તેની આરાધનાવડે આ સ્ત્રીપર્યાયનો છેદ કરીને ક્રમેક્રમે મોક્ષ સુધીના પરમ સ્થાનોને પ્રાપ્ત કર. તમે બંને છ ઉત્તમ ભવોને ધારણ કરીને ધ્યાનરૂપી અગ્નિદ્વારા સમસ્ત કર્મોને ભસ્મ કરીને પરમ સિદ્ધપદ પામશો.

—આ પ્રમાણે પ્રીતિંકર આચાર્યના વચનોને પ્રમાણ કરીને આર્ય વજ્રજંઘે પોતાની સ્ત્રીની સાથે સાથે પ્રસન્નચિત્ત થઈને સમ્યગ્દર્શન ધારણ કર્યું. તેણે અંતર્મુખ થઈને પોતાના પરમાત્મ તત્ત્વને દેખ્યું; રાગથી પાર શાંતરસમય જ્ઞાનધારાનું વેદન થયું; ક્ષણભર તેનો ઉપયોગ સર્વે વિકલ્પોથી રહિત થઈને આત્મામાં જ થંભી ગયો. પરમાનંદમય આત્માનુભૂતિ થઈ. આ રીતે તે વજ્રજંઘનો જીવ પોતાની પ્રિયાની સાથે સમ્યગ્દર્શન પામીને અતિશય સંતુષ્ટ થયો; બરાબર છે,—અપૂર્વ વસ્તુનો લાભ પ્રાણીઓને મહાન સંતોષ ઉપજાવે જ છે. તે વજ્રજંઘનો જીવ જૈનસિદ્ધાંતરુપી સૂત્રમાં પરોવેલી મનોહર સમ્યગ્દર્શનરૂપી માળા પામીને મોક્ષરૂપી રાજસંપદાના યુવરાજપદ પર સ્થાપિત થયો; તેમજ વિશુદ્ધ પુરુષપર્યાય પામીને મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતી થકી સતી આર્યા પણ સમ્યક્ત્વની પ્રાપ્તિથી અત્યંત સંતુષ્ટ થઈ. પહેલાં કદી પણ જેની પ્રાપ્તિ થઈ ન હતી એવા સમ્યગ્દર્શનરૂપી રસાયણને આસ્વાદીને (ચૈતન્યના અતીન્દ્રિય આનંદને અનુભવીને) તે બંને દંપતી કર્મ નષ્ટ કરનારા એવા જૈનધર્મમાં અતિશય દ્રઢતા પામ્યા.


આ રીતે ઋષભદેવનો આત્મા પૂર્વે સાતમા ભવે ભોગભૂમિમાં સમ્યક્ત્વ પામ્યો...ભવિષ્યમાં ભરતક્ષેત્રના આદિ તીર્થંકર થઈને જેઓ ધર્મતીર્થની આદિ કરનાર છે એવા આદિનાથ પ્રભુના આત્મામાં ધર્મની આદિ થઈ. તે ધર્મની શરૂઆત કરનાર ધર્માત્માને નમસ્કાર હો.

વજ્રજંઘ અને શ્રીમતીની સાથે સાથે, પૂર્વે કહેલા સિંહ, વાંદરો, નોળિયો અને ભૂંડ એ ચાર જીવો—કે જેઓ આહારદાનનું અનુમોદન કરીને તેમની સાથે જ ભોગભૂમિમાં ઉપજ્યા હતા તેઓ પણ, ગુરુદેવ પ્રીતિંકર મુનિરાજના ચરણકમળનો આશ્રય લઈને સમ્યગ્દર્શનરૂપી અમૃતને પામ્યા. આનંદસૂચક ચિહ્નો દ્વારા જેમણે પોતાના મનોરથની સિદ્ધિ પ્રગટ કરી છે એવા તે બંને દંપતીને તે 'બંને મુનિવરો' ઘણીવાર સુધી ધર્મપ્રેમથી વારંવાર દેખતા હતા,—કૃપાદ્રષ્ટિ કરતા હતા. અને તે વજ્રજંઘનો જીવ પૂર્વભવના પ્રેમને લીધે આંખો ફાડી ફાડીને શ્રી પ્રીતિંકર મુનિરાજની મુદ્રા તરફ દેખી રહ્યો હતો તથા તેમના ક્ષણભરના સ્પર્શથી ઘણો જ પ્રસન્ન થઈ રહ્યો હતો.

આ પ્રમાણે તે બંને મુનિભગવંતોએ પરમ અનુગ્રહપૂર્વક વજ્રજંઘ વગેરે જીવોને પ્રતિબોધીને અપૂર્વ સમ્યગ્દર્શન પમાડ્યું. ત્યારબાદ તે બંને મુનિવરો પોતાના યોગ્યદેશમાં જવા માટે તૈયાર થયા, ત્યારે વજ્રજંઘના જીવે તેમને પ્રણામ કર્યા અને પરમ ભક્તિપૂર્વક કેટલેક દૂર સુધી તેમની પાછળ પાછળ ગમન કર્યું...જતાં જતાં બંને મુનિવરોએ તેને આશીર્વાદ દઈને કહ્યું કે હે આર્ય! ધર્મની વૃદ્ધિ હો...તું આ સમ્યગ્દર્શનરૂપી સત્યધર્મનું સદાય અખંડ પાલન કરજે.—આટલું કહીને તે બંને ગગનગામી મુનિવરો તરત જ આકાશમાર્ગે અંતર્હિત થઈ ગયા.

આર્ય—વજ્રજંઘ તે મુનિવરોને જતા જોઈને ક્ષણભર તો બહુ જ ઉત્કંઠિત થઈ રહ્યો. તેનું મન આર્દ્ર થઈ ગયું અને તે વિચાર કરવા લાગ્યો કે—અહા! કેવું આશ્ચર્ય છે કે સાધુપુરુષોનો ક્ષણભરનો પણ

સમાગમ હૃદયના સંતાપને દૂર કરે છે, પરમ આનંદને વધારે છે અને મનની વૃત્તિને સંતુષ્ટ કરે છે. તે સાધુ પુરુષોએ મોક્ષમાર્ગના સાધનમાં જ સદા પોતાની બુદ્ધિ જોડી છે; લોકોને પ્રસન્ન કરવાનું કંઈ પ્રયોજન તેમને રહ્યું નથી. મહાપુરુષોનો આ સ્વભાવ જ છે કે માત્ર અનુગ્રહબુદ્ધિથી ભવ્યજીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે.. અહા! મારા ધન્યભાગ્ય કે મુનિભગવંતો મારા ઉપર અનુગ્રહ કરીને અહીં પધાર્યા ને મને સમ્યક્ત્વ આપ્યું. ક્યાં એ અત્યંત નિસ્પૃહ સાધુઓ! ને ક્યાં અમે? ક્યાં તો એમનું વિદેહધામ! ને ક્યાં અમારી આ ભોગભૂમિ! એ નિસ્પૃહ મુનવરો અહીં પધારીને મારા ઉપર મહાન ઉપકાર કર્યો.



જેમ આ ચારણઋદ્ધિધારક મુનિવરોએ દૂરથી આવીને અમને ધર્મ પમાડીને અમારા ઉપર મહાન ઉપકાર કર્યો તેમ મહાપુરુષો ધર્મ પમાડીને બીજાનો ઉપકાર કરવામાં સદા પ્રીતિ રાખે છે. તપથી જેમનું શરીર કૃશ થઈ ગયું છે એવા એ બંને તેજસ્વી મુનિભગવંતો અત્યારે પણ મારી નજર સામે જ તરવરે છે, જાણે કે હજી પણ તેઓ મારી સામે જ ઊભા છે...હું તેમના ચરણકમલમાં પ્રણામ કરું છું ને તે બંને મુનિવરો તેમનો કોમળ હાથ મારા મસ્તક ઉપર મૂકીને મને સ્નેહભીનો કરી રહ્યા છે! અહા! એ મુનિવરોએ મને—ધર્મના પ્યાસા જીવને સમ્યગ્દર્શનરૂપી અમૃત પીવડાવ્યું છે. તેથી મારું મન સંતાપરહિત અત્યંત પ્રસન્ન થઈ રહ્યું છે...

ભગવાન ઋષભદેવનો જીવ આર્ય વજ્રજંઘ તે પ્રીતિંકર મુનિરાજના મહાન ઉપકારનું ફરી-ફરીને ચિંતન કરે છે : અહા, એ પ્રીતિંકર નામના મોટા મુનિરાજ ખરેખર 'પ્રીતિંકર' જ છે, તેથી જ દૂરદૂરથી અહીં આવીને અને સમ્યગ્દર્શનનો ઉપદેશ દઈને તેમણે અમારા ઉપર અપાર પ્રીતિ દર્શાવી છે. તેઓ, મહાબલના ભવમાં પણ મારા સ્વયંબુદ્ધ નામના ગુરુ હતા અને આજે આ ભવમાં પણ મને સમ્યગ્દર્શન આપીને તેઓ મારા વિશેષ ગુરુ થયા છે. સંસારમાં આવા ગુરુઓની સંગતિ ન હોય તો ગુણોની પ્રાપ્તિ પણ ન થઈ શકે, અને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ વગર જીવના જન્મની સફળતા પણ ન થાય. ધન્ય છે જગતમાં આવા ગુરુઓને કે જેમની સંગતિથી ભવ્યજીવોને સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ થાય છે. જેમ જહાજ વગર સમુદ્ર તરી નથી શકાતો તેમ ગુરુના ઉપદેશ વગર સંસારસમુદ્ર તરી શકાતો નથી. આ સંસારમાં ભાઈ અને ગુરુ એ બે પદાર્થ મનુષ્યોને પ્રીતિનું કારણ છે, પરંતુ તેમાં ભાઈ તો ફક્ત આ લોકમાં જ પ્રીતિ ઉપજાવે છે અને ગુરુ તો આ લોક તેમ જ પરલોક બંનેમાં પ્રીતિ ઉપજાવે છે. જ્યારે ગુરુના ઉપદેશથી જ અમને આ પ્રકારની સમ્યગ્દર્શનાદિની વિશુદ્ધિ પ્રાપ્ત થઈ છે ત્યારે અમારી ભાવના છે કે જન્માંતરોમાં પણ ગુરુદેવના ચરણોમાં અમારી ભક્તિ બની રહે.—આ પ્રમાણે ગુરુના ઉપકારનું ચિંતન કરતાં કરતાં વજ્રજંઘની સમ્યક્ત્વભાવના અત્યંત દૃઢ થઈ ગઈ. આ જ ભાવના આગળ જતાં તેને કલ્પલતાસમાન સમસ્ત ઈષ્ટફળ દેનારી થશે. વજ્રજંઘની માફક શ્રીમતીના જીવે પણ સમ્યક્ત્વ-ભાવના

દૃઢ કરી. એ પતિ-પત્ની બંનેનો સ્વભાવ એક સરખો હતો; પ્રીતિંકર મુનિરાજના ઉપદેશથી સમ્યક્ત્વ પામીને તે બંનેએ ભોગભૂમિમાં બાકીનું આયુષ્ય સુખપૂર્વક પૂરું કર્યું અને આયુષ્ય પૂર્ણ થતાં પ્રાણ છોડીને તેઓ બંને ઈશાન સ્વર્ગમાં ઉત્પન્ન થયા.

(૫)

## બીજા સ્વર્ગમાં શ્રીધરદેવ

ભોગભૂમિનું આયુષ્ય પૂર્ણ થતાં આપણા ચરિત્રનાયક ઋષભદેવનો જીવ (તે આર્ય) ઈશાનસ્વર્ગના શ્રીપ્રભ–વિમાનમાં શ્રીધર નામનો દેવ થયા; અને આર્યા–શ્રીમતી (ભાવિ શ્રેયાંસકુમાર)નો જીવ પણ સમ્યગ્દર્શનના પ્રભાવથી સ્ત્રીપર્યાયનો છેદ કરીને તે જ ઈશાનસ્વર્ગના સ્વયંપ્રભ–વિમાનમાં સ્વયંપ્રભ નામના દેવ થયા. સિંહ, નોળિયો, વાંદરો અને ભૂંડ એ ચારેના જીવો પણ ભોગભૂમિનું આયુષ્ય પૂર્ણ કરીને તે ઈશાનસ્વર્ગમાં જ મહાન ઋદ્ધિના ધારક દેવો થયા; તેમનાં નામ–ચિત્રાંગદ, મણિકુંડલ, મનોહર અને મનોરથ. (આ ચારે જીવો હવેનાં ભવોમાં પણ ઋષભદેવની સાથે જ રહેશે ને તેમના પુત્રો થઈને મોક્ષ પામશે. વાનરનો જીવ તેમનો ગણધર થશે.) મહાન ઋદ્ધિધારક શ્રીધરદેવ પોતાના વિમાનમાં જિનપૂજા, તીર્થંકરોના કલ્યાણક વગેરે અનેક ઉત્સવ કરતો હતો, અને પ્રસન્નચિત્તે સમ્યગ્દર્શન સહિત ધર્મસાધના કરતો હતો.

એક દિવસ અવધિજ્ઞાનથી તે શ્રીધર દેવે જાણ્યું કે અમારા ગુરુ શ્રી પ્રીતિંકર મુનિરાજ હાલ વિદેહક્ષેત્રમાં બિરાજમાન છે અને તેમને કેવળજ્ઞાન પ્રગટ થયું છે. અહો, ભોગભૂમિમાં આવીને અમને સમ્યક્ત્વ પમાડનાર આ પ્રીતિંકર મુનિરાજ અમારા મહાન ઉપકારી છે. તેઓ આજ કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ થયા, અરિહંત થયા; ધન્ય એમનો અવતાર! અમે પણ આત્માની સાધના પૂર્ણ કરીને ક્યારે કેવળજ્ઞાન પામીએ!! આમ અત્યંત ભક્તિપૂર્વક શ્રીધરદેવે પ્રીતિંકર કેવળીને નમસ્કાર કર્યા અને સ્વર્ગની દૈવી સામગ્રી લઈને તેમની પૂજા કરી, તથા તેમની દિવ્યવાણીમાં ધર્મનું સ્વરૂપ સાંભળ્યું અને પછી નીચે પ્રમાણે મનની વાત પૂછી :–

હે પ્રભો! મહાબલ રાજાના મારા ભવમાં મારે ચાર મંત્રીઓ હતા, તેમાં એક આપ (સ્વયંબુદ્ધ મંત્રી) સમ્યગ્દૃષ્ટિ હતા ને આપે મને જૈન ધર્મનો બોધ આપ્યો હતો; બીજા ત્રણ મંત્રીઓ મિથ્યાદૃષ્ટિ હતા, તેઓ અત્યારે ક્યાં છે?

સર્વજ્ઞદેવે કહ્યું—હે ભવ્ય! જ્યારે મહાબલનું શરીર છોડીને તું સ્વર્ગમાં ચાલ્યો ગયો ત્યારે મેં (સ્વયંબુદ્ધમંત્રીએ) તો વૈરાગ્યથી રત્નત્રય પ્રગટ કરીને જિનદીક્ષા ધારણ કરી લીધી; પરંતુ બીજા ત્રણે દુર્મતિ મંત્રીઓ કુમરણથી મરીને દુર્ગતિને પામ્યા. તે ત્રણમાંથી મહામતિ અને સંભિન્નમતિ–એ બંને તો અત્યંત હીન એવી નિગોદ દશાને પામ્યા છે, તે અતિશય ગાઢ અજ્ઞાન અંધકારથી ઘેરાયેલા છે, ને અતિશય તપ્ત ઊકળતા પાણીમાં ઊઠતા ખદબદાટની માફક અનેકવાર જન્મ–મરણ કર્યા કરે છે. અને ત્રીજો શતમતિ–મંત્રી પોતાના મિથ્યાત્વને કારણે અત્યારે નરકગતિમાં છે ને ત્યાં મહા દુઃખો ભોગવી રહ્યો છે.

## નરકગતિનાં ઘોર દુઃખોનું વર્ણન

નરકનાં ઘોર દુઃખોનું વર્ણન કરતાં શ્રી પ્રીતિંકર પ્રભુ કહે છે કે—હે ભવ્ય! તારા શતબુદ્ધિ મંત્રીનો જીવ ધર્મની તીવ્ર વિરાધનાને લીધે બીજી નરકમાં અત્યંત ભયંકર દુઃખ ભોગવી રહ્યો છે. તેણે સ્વયં કરેલા અનર્થનું આ ફળ છે. આ નિર્વિવાદપણે પ્રસિદ્ધ છે કે ધર્મથી સુખ મળે છે ને અધર્મથી દુઃખ મળે છે. માટે બુદ્ધિમાન જીવો અનર્થોને છોડીને ધર્મમાં તત્પર થાય છે. પ્રાણીદયા, સત્ય, ક્ષમા, નિર્લોભતા, તૃષ્ણારહિતપણું, તથા જ્ઞાન—વૈરાગ્ય તે ધર્મ છે; તેનાથી વિપરીત અધર્મ છે. પાપકર્મનું ફળ બહુ કડવું છે. નરકમાં પડેલો જીવ ત્યાં એક ક્ષણભર પણ દુઃખથી છૂટકારો પામતો નથી, એને એક પળ પણ શાંતિ મળતી નથી.

જે જીવ હિંસા—જૂઠું—ચોરી—પરસ્ત્રીરમણ અને પરિગ્રહ વગેરે પાપકાર્યોમાં તત્પર છે, જે દારૂ પીએ છે, જે મિથ્યામાર્ગને સેવે છે, જે ક્રૂર છે. રૌદ્રધ્યાનમાં તત્પર છે, પ્રાણીઓ પ્રત્યે નિર્દય છે, અતિ આરંભ—પરિગ્રહ રાખે છે, ધર્મપ્રત્યે દ્વેષ રાખે છે, અધર્મમાં પ્રેમ કરે છે, દેવ-ગુરુની નિંદા કરે છે, ધર્મસેવન કરનારા જીવો પ્રત્યે વગર કારણે ક્રોધ કરે છે, જે અતિશય પાપી છે ને મધ—માંસ ઈંડા ખાવામાં તત્પર છે—એવા જીવો તીવ્ર પાપના ભારથી નરકમાં પડે છે. નરક સાત છે : પહેલી રત્નપ્રભા, પછી શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને સાતમી મહાતમઃપ્રભા. એ સાત નરકભૂમિ નીચે નીચે છે. અસંજ્ઞીપંચેન્દ્રિય જીવ પહેલી નરક સુધી જાય છે; સરકનારા જીવો (ઘો વગેરે) બીજી પૃથ્વી સુધી, પક્ષી ત્રીજી સુધી, સર્પ ચોથી સુધી, સિંહ પાંચમી સુધી, સ્ત્રી છઠ્ઠી સુધી ને તીવ્ર પાપી મનુષ્ય તથા મચ્છ સાતમી નરક સુધી જાય છે. તે નરકમાં પાપી જીવો મધપૂડાની જેમ ઉપર લટકતા ખરાબ સ્થાનમાં ઊંધા મુખે ઊપજે છે;—પાપી જીવોનું ઊર્ધ્વમુખ ક્યાંથી હોય? પાપના ઉદયથી તે જીવ અંતર્મુહૂર્તમાં દુર્ગંધિત, ઘૃણિત, દેખવું ન ગમે તેવું અને બેડોળ આકારનું શરીર રચે છે. અને પછી, જેમ ઝાડ ઉપરથી પાન નીચે તૂટી પડે તેમ તે નારકી જીવ અત્યંત કર્કશ અને ધગધગતી નરકભૂમિ ઉપર ઊંધા મુખે પટકાય છે. પડતાંવેંત તેનું શરીર છિન્નભિન્ન થઈ જાય છે,—ક્યાં હાથ, ક્યાં પગ, ક્યાં મોઢું, એમ બધુ વેરવિખેર થઈ જાય છે, એટલે મહા પીડાથી દુઃખિત થઈને તે જીવ રાડોરાડ પાડે છે. ત્યાંની ભૂમિની અપાર ગરમીથી તપ્તાયમાન થયેલો તે જીવ વ્યાકુળતાથી પડતાં જ ધગધગતાં તાવડામાં પડેલાં તેલની જેમ ઊછળે છે, અને પાછો નીચે પડે છે, પડતાં વેંત જ અતિશય ક્રોધી બીજા નારકી જીવો તેને ખૂબ મારે છે ને તેના શરીરના કટકે કટકા કરી નાંખે છે. તે નારકીનું શરીર હથિયારોના પ્રહારથી છિન્નભિન્ન વેરવિખેર થઈને ક્ષણભરમાં પાછું સંધાઈ જાય છે.

શતમુખ મંત્રીનો જીવ ધર્મની નિંદાને લીધે નારકીનાં જે દુઃખો ભોગવી રહ્યો છે—તે નારકીનાં દુઃખોનું વર્ણન કરતાં શ્રી પ્રીતિકર ભગવાન કહે છે કે—તે નારકીઓ પૂર્વવેરને યાદ કરી કરીને પરસ્પર લડે છે; ત્રીજી નરક સુધી અસુરકુમાર જાતિના ક્રૂર દેવો તે નારકીઓને પૂર્વવેરનું સ્મરણ કરાવીને અંદરો અંદર લડાવી મારે છે. કેટલાક નારકીઓને ઉકળતા તાંબાનો રસ પીવડાવે છે, કેટલાક નારકીના કટકા કરીને તેને ઘાણીમાં તલની માફક પીલી નાખે છે ને કેટલાકને તાવડામાં ઉકાળીને તેનો રસ કરી નાખે છે; પૂર્વે જે જીવો માંસભક્ષી હતા તેમના શરીરમાંથી કટકા કાપી કાપીને તેમને બળજબરીથી ખવડાવે છે, તથા સાણસીવડે તેનું મોઢું ફાડીને બળજબરીથી તેને લોઢાના ધગધગતા ગોળા ખવડાવે છે. પૂર્વે જે

પરસ્ત્રીમાં રત હતા તે નારકીને ધગધગતી લાલચોળ લોઢાની પૂતળી સાથે આલિંગન કરાવે છે, જેનો સ્પર્શ થતાં જ તે સળગી ઊઠે છે, તેની આંખ ફાટી જાય છે, ને મૂર્છિત થઈને તે જમીન ઉપર ઢળી પડે છે, તરત બીજા નારકીઓ લોઢાના ચાબુકથી તેને મારે છે. અરે, આવી ઘોરાતિઘોર પીડા અધર્મના સેવનથી જીવ નરકમાં ભોગવે છે.

ત્યાં કાંટાવાળા ધગધગતા લોઢાના ઝાડ (સેમરવૃક્ષ) ઉપર નારકીને જબરજસ્તીથી ચડાવે છે; પછી તેને ઉપરથી નીચે, ને નીચેથી ઉપર ઢસેડે છે, તેથી તેનું આખું શરીર છોલાઈ જાય છે; ગંધાતા રસથી ભરેલી નદીમાં કોઈ નારકીને ફેંકે છે, તેમાં તેનું શરીર ઓગળી જાય છે. કોઈ નારકીને અગ્નિશૈયા ઉપર સુવડાવે છે. ત્યાંની ગરમીથી દુઃખી થયેલો નારકી જ્યાં અસિપત્રના વનમાં આશરો લેવા જાય છે ત્યાં તો અગ્નિ વરસાવતો ઊનો વાયરો આવે છે ને તલવારની તીખી ધાર જેવા પાંદડા તેના ઉપર પડે છે, તે તેના શરીરને ચીરી નાંખે છે. તે બિચારો દીન નારકી દુઃખી થઈને ચીચીયારી કરે છે.—પણ ત્યાં એનો પોકાર કોણ સાંભળે?

તે નારકીને બીજા નારકી લોઢાના સળીયા સાથે બાંધીને અગ્નિમાં સેકી નાંખે છે; પહાડ ઉપરથી ઊંધે માથે પછાડે છે; ધારદાર કરવતવડે તેના શરીરને ચીરે છે; શરીરમાં ભાલા ભોંકે છે, સૂયાની અણીમાં પરોવીને તેને ચક્કર ચક્કર ફેરવે છે; મગદળ વડે તેને એવો પીટે છે કે તેની આંખો બહાર નીકળી જાય છે. પૂર્વે જેણે અભિમાન સેવેલું એવા તે નારકી જીવને ધગધગતા લોઢાના આસન ઉપર પરાણે બેસાડે છે, ને કાંટાની પથારી ઉપર સૂવડાવે છે.

આ પ્રકારે નરકની અત્યંત અસહ્ય ને ભયંકર વેદના પામીને ભયભીત થયેલા તે નારકીના મનમાં એમ થાય છે કે અરેરે! મારા પૂર્વભવના પાપ જ મને આ પ્રકારનું દુઃખ આપી રહ્યા છે. અહીંની વેદના એટલી તીવ્ર છે કે કોઈથી સહન ન થાય; આયુષ્ય પુરું થયા વગર આ પ્રાણ પણ છૂટતા નથી; અને દુઃખ દેતા આ નારકીઓને કોઈ રોકી પણ શકતું નથી. અરે, આવી પરિસ્થિતિમાં અમે ક્યાં જઈએ? શું કરીએ? ક્યાં ઊભા રહીએ? ક્યાં બેસીએ? ક્યાં વિસામો લઈએ? અમે શરણની આશાએ જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં ત્યાં ઊલટું વધુ ને વધુ દુઃખ પામીએ છીએ. અરે, અહીંના અપાર દુઃખથી અમે ક્યારે છૂટશું? ક્યારે આનો પાર આવશે? અમારું આયુષ્ય પણ સાગર જેવડું મોટું છે. આ પ્રકારના વારંવાર ચિંતનથી તે નારકીને અત્યંત માનસિક સંતાપવડે મરણ જેવું દુઃખ થયા કરે છે. આ વિષયમાં અધિક કહેવાથી શું લાભ છે? ટૂંકમાં એટલું જ બસ છે કે જગતમાં જેટલા ભયંકર દુઃખો છે તે બધાય દુઃખોને દુષ્કર્મોએ નરકમાં એકઠા કરી દીધા છે. આંખના એક ટમકારમાત્ર પણ સુખ તે નારકીને નથી; રાતદિન તેને દુઃખ-દુઃખ ને દુઃખ જ ભોગવવું પડે છે. તેને સુખની પ્રાપ્તિ તો દૂર રહી પણ તેનું સ્મરણ થવું યે બહુ મુશ્કેલ છે. આમ પૂર્વના પાપકર્મોથી તે જીવો અતિશય દુઃખી છે.

આ પ્રમાણે નરકના દુઃખનું વર્ણન કરીને પ્રીતિકર સ્વામી શ્રીધરદેવને કહે છે કે હે ભવ્ય! જે જીવો નરકના આવા દુઃખોથી બચવા ચાહતા હોય તે બુદ્ધિમાનોએ જિનેન્દ્રપ્રણીત ધર્મની ઉપાસના કરવી જોઈએ. આ જૈનધર્મ જ દુઃખોથી રક્ષા કરે છે ને મહાન સુખ આપે છે અને આ ધર્મ જ કર્મોના ક્ષયથી ઉત્પન્ન થતા મોક્ષસુખને આપે છે. ઈન્દ્ર, ચક્રવર્તી તથા ગણધરપદ આ જૈનધર્મના પ્રસાદથી જ પ્રાપ્ત થાય છે, અને તીર્થંકરપદ તથા સર્વોત્કૃષ્ટ સિદ્ધપદ પણ આ ધર્મથી જ પમાય છે. આ જૈનધર્મ જ જીવોને

બંધુ મિત્ર અને ગુરુ છે. હે શ્રીધરદેવ! તું ભાવિ તીર્થંકર છો; અને નરકમાં શતમંત્રિનો જીવ તારા ઉપદેશથી ધર્મ પામશે.

શ્રી પ્રીતિકર–કેવળીના શ્રી મુખેથી જૈનધર્મનો આવો મહિમા સાંભળીને પવિત્ર બુદ્ધિધારક શ્રીધરદેવ અતિશય ધર્મપ્રેમને પામ્યો ને પ્રસન્ન બુદ્ધિથી તેણે કહ્યું–હે પ્રભો! આપ મહા ઉપકારી છો. મહાબલના ભવમાં આપે જ જૈનધર્મનો ઉપદેશ આપીને મારું હિત કર્યું, પછી ભોગભૂમિમાં મુનિપણે પધારીને પરમ કરુણાપૂર્વક આપે જ મને સમ્યગ્દર્શન આપ્યું ને અત્યારે પણ અરિહંતપણે આપે મને ધર્મનો ઉપદેશ આપીને મહા ઉપકાર કર્યો છે. અહો, પ્રભો આપના જેવા ગુરુઓનો સંગ જીવોને પરમ હિતકર છે.


શ્રીધર દેવ

આમ ભક્તિથી ફરી ફરીને પ્રીતિકર કેવળીના દર્શન કર્યા બાદ, પૂર્વભવના સ્નેહને લીધે શતબુદ્ધિના જીવને પ્રતિબોધવા માટે તે શ્રીધર દેવ બીજી નરકમાં તેની પાસે ગયો અને કરુણાપૂર્વક કહેવા લાગ્યો–હે શતબુદ્ધિ! શું તું રાજા મહાબલને જાણે છે? હું જ એ મહાબલનો જીવ છું ને અત્યારે તને પ્રતિબોધવા માટે સ્વર્ગલોકમાંથી અહીં આવ્યો છું. શતબુદ્ધિના ભવમાં તેં પ્રબળ મિથ્યાત્વ સેવ્યું હતું. દેખ, એ મિથ્યાત્વનું આ ઘોર દુઃખદાયીફળ અત્યારે તારી સામે જ છે. આવા ઘોર દુઃખોથી બચવા માટે હે ભવ્ય! તું મિથ્યાત્વને છોડ ને સમ્યગ્દર્શનને અંગીકાર કર. તારા અંતરમાં ચૈતન્યમય આત્મતત્ત્વને દેખ.

એ પ્રમાણે શ્રીધરદેવના ઉપદેશથી તે શતબુદ્ધિના જીવે અંતર્મુખ દૃષ્ટિ વડે શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કર્યું અને મિથ્યાત્વરૂપી મેલના નાશથી ઉત્તમશુદ્ધિ પ્રગટ કરી. 'અહો, નરકમાં આવીને પણ આપે મને ધર્મ પમાડ્યો, આપે મહા કૃપા કરી'–એમ ફરી ફરીને તેણે શ્રીધરદેવનો ઉપકાર માન્યો. ત્યારબાદ નરકનું આયુષ્ય પૂર્ણ થતાં શતબુદ્ધિનો તે જીવ ભયંકર નરકમાંથી નીકળીને પૂર્વ–પુષ્કરદ્વીપના પૂર્વ વિદેહમાં મંગલાવતી દેશની રત્નસંચયનગરીમાં મહીધર ચક્રવર્તીનો જયસેન નામનો પુત્ર થયો.

એકવાર તેના વિવાહનો ઉત્સવ થતો હતો; તે વખતે શ્રીધરદેવે આવીને તેને સમજાવ્યો ને નરકનાં ભયંકર દુઃખોનું સ્મરણ કરાવ્યું; તેથી સંસારથી વિરક્ત થઈને તેણે યમધર મુનિરાજની સમીપ દીક્ષા ધારણ કરી; નરકમાં ભોગવેલા ઘોર દુઃખો યાદ આવતાં વિષયોથી અત્યંત વિરક્ત થઈને તે કઠિન તપશ્ચર્યા કરવા લાગ્યો, અને આયુ પૂર્ણ થતાં સમાધિમરણપૂર્વક દેહ છોડીને તે બ્રહ્મ–સ્વર્ગનો ઈન્દ્ર થયો.

જુઓ, ક્યાં તો નારકી ને ક્યાં ઈન્દ્રપદ! જીવ પોતાના પરિણામ–અનુસાર વિચિત્ર ફળ પામે છે. હિંસાદિ અધર્મ–કાર્યોથી જીવ નરકાદિ નીચ ગતિને પામે છે, ને અહિંસાદિ ધર્મ કાર્યોથી તે સ્વર્ગાદિ ઉચ્ચ ગતિને પામે છે. માટે ઉચ્ચપદના અભિલાષી જીવોએ સદા ધર્મની આરાધનામાં તત્પર રહેવું જોઈએ.

બ્રહ્મસ્વર્ગમાં ઊપજેલા તે બ્રહ્મેન્દ્રે (શતબુદ્ધિના જીવે) અવધિજ્ઞાનવડે શ્રીધરદેવના મહાન ઉપકારને જાણ્યો, ને તેમના જ પ્રતાપથી નરકદુઃખોથી છૂટીને આ ઈન્દ્રપદ પ્રાપ્ત થયું છે–એમ સમજીને

પાંચમા બ્રહ્મસ્વર્ગમાંથી બીજા સ્વર્ગે આવીને પોતાના કલ્યાણકારી મિત્ર શ્રીધરદેવનું ભક્તિપૂર્વક બહુમાન કર્યું.

(આપણા ચરિત્રનાયકને હવે પાંચ ભવ બાકી રહ્યા છે. હવે આ શ્રીધરદેવનું આયુષ્ય પૂર્ણ થતાં પછીના ભવમાં તે વિદેહક્ષેત્રમાં ઊપજશે ને મુનિ થશે; પછી સ્વર્ગમાં જશે; પછી વિદેહક્ષેત્રની પુંડરગીરીનગરીમાં તીર્થંકરના પુત્ર તરીકે અવતરશે ને ત્યાં ચક્રવર્તી થઈ દીક્ષા લઈ તીર્થંકરપ્રકૃતિ બાંધશે; ત્યાંથી સર્વાર્થસિદ્ધિમાં જશે ને પછી છેલ્લો ઋષભાવતાર થશે. શ્રી જિનસેન આચાર્યરચિત મહાપુરાણના આધારે આ પ્રસંગોનું આનંદકારી વર્ણન આપ વાંચી રહ્યા છો.)

(૬)

## ઋષભદેવ સુવિધિરાજા (શ્રાવકધર્મનું પાલન)

શ્રીધરદેવનું ઈશાન-સ્વર્ગનું આયુષ્ય પૂર્ણ કરીને આપણા ચરિત્રનાયક જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં મહાવત્સ દેશની સુસીમાનગરીમાં અવતર્યા. સુવિધિકુમાર એમનું નામ. તેમના પિતા સુદૃષ્ટિ રાજા, અને માતા સુન્દરનંદા. અનેક કળાના ભંડાર તે સુવિધિકુમાર બાલ્યઅવસ્થામાં જ બધાને આનંદિત કરતા હતા, અને તેને સમીચીન ધર્મના સંસ્કાર પ્રગટયા હતા, તે આત્મજ્ઞાનીનું ચિત્ત સદાય આત્મ-કથામાં જ અનુરક્ત રહેતું. સુશોભિત મુકુટથી અલંકૃત એવા ઉન્નત મસ્તકથી માંડીને સ્વાભાવિક લાલાશવાળા ચરણકમળ સુધીની સર્વાંગ સુંદરતાને ધારણ કરનાર તે રાજકુમાર ઉત્તમ સામુદ્રિક લક્ષણો વડે બધાના મનનું હરણ કરતા હતા. યુવાનીમા ઉદ્રેક કરનારા કામ-ક્રોધાદિ શત્રુઓને તે જિતેન્દ્રિય રાજકુમારે યૌવનની શરૂઆતમાં જ જીતી લીધા હતા, તેથી યુવાન હોવા છતાં પણ તે વૃદ્ધસમાન ગંભીર દેખાતા હતા. ખરું જ છે, ધર્મના આરાધક જીવને માટે કામ-ક્રોધાદિ શત્રુઓને જીતવા એ કાર્ય સહજ છે.

અભયઘોષ ચક્રવર્તીની પુત્રી મનોરમા સાથે તે સુવિધિકુમારના વિવાહ થયા; ઈશાન સ્વર્ગમાંથી સ્વયંપ્રભ નામનો દેવ (શ્રીમતીનો જીવ, કે જે ભવિષ્યમાં શ્રેયાંસકુમાર થવાનો છે તે) અહીં સુવિધિકુમારનો કેશવ નામનો પુત્ર થયો. વજ્રજંઘની પર્યાયમાં જે તેની સ્ત્રી હતી તે જ અહીં તેનો પુત્ર થયો. અરે, શું કહેવું? સંસારની સ્થિતિ જ એવી છે! તે પુત્ર ઉપર સુવિધિ રાજાને ઘણો જ પ્રેમ હતો. જીવોને પુત્ર ઉપર સહજ પ્રેમ હોય છે તો પછી પૂર્વ ભવની પ્રિયસ્ત્રીનો જ જીવ જ્યાં પુત્રપણે અવતર્યો ત્યાં તેના ઉપરના પ્રેમનું તો શું કહેવું?

સિંહ, નોળિયો, વાંદરો અને ભૂંડ—એ ચારેના જીવ ભોગભૂમિમાં સાથે ઊપજીને સમ્યક્ત્વ પામ્યા હતા ને પછી ઈશાન સ્વર્ગમાં પણ સાથે જ હતા, તેઓ ત્યાંથી ચવીને આ વત્સકાવતી દેશમાં જ સુવિધિકુમારની સમાન વિભૂતિના ધારક રાજપુત્રો થયા. વરદત્ત, વરસેન, ચિત્રાંગદ અને પ્રશાંતદમન નામના તે ચારે રાજપુત્રોએ ઘણા કાળ સુધી રાજવૈભવ ભોગવ્યો. રાજવૈભવની વચ્ચે પણ ચૈતન્યવૈભવને તેઓ ભૂલ્યા ન હતા; આત્માનું ભાન તેમને સદાય વર્તતું હતું. એકવાર ચક્રવર્તીની સાથે તે ચારેય રાજપુત્રો વિમલવાહન—જિનેન્દ્રદેવની વન્દના કરવા માટે ગયા; ત્યાં બધાયે ભક્તિપૂર્વક વંદના

કરીને પ્રભુનો દિવ્ય ઉપદેશ સાંભળ્યો. અહા, એ દિવ્યધ્વનિની શી વાત! શી એની ગંભીરતા! એ સાંભળતાં બધાય ચૈતન્યરસમાં મશગુલ બન્યા અને સંસારથી વિરક્ત થઈને જિનદીક્ષા ધારણ કરી. ચક્રવર્તીની સાથે બીજા અઢાર હજાર રાજાઓ તથા પાંચ હજાર પુત્રોએ પણ દીક્ષા લીધી. એ બધાય મુનિવરો સંવેગ અને નિર્વેદરૂપ પરિણામ વડે મોક્ષના માર્ગને સાધતા હતા, રત્નત્રયધર્મમાં અને તેના ફળમાં ઉત્કૃષ્ટ પ્રીતિ કરીને ઉત્સાહપૂર્વક તેની આરાધના કરવી તે સંવેગ છે અને શરીર ભોગ તથા સંસાર પ્રત્યે અતિશય વિરક્ત પરિણામ તે નિર્વેદ છે. આવા સંવેગ-નિર્વેદપૂર્વક તે મુનિવરો મોક્ષમાર્ગને સાધવા લાગ્યા.

આપણા ચરિત્રનાયક ભગવાન આદિનાથ કે જે સુવિધિરાજા થયા છે–તેના પૂર્વભવના સાથીદારો તો આ રીતે મુનિ થયા; પણ રાજા સુવિધિ કેશવ પુત્રના સ્નેહને લીધે મુનિપણું–લઈ ન શક્યા; તેથી મુનિપણાની ભાવના રાખીને તેઓ શ્રાવકના ઉત્કૃષ્ટ ધર્મોનું પાલન કરવા લાગ્યા.

**સુવિધિરાજા શ્રાવક**




શ્રી જિનેન્દ્રભગવાને ગૃહસ્થધર્મમાં સમ્યક્ત્વ ઉપરાન્ત અગિયાર સ્થાનો (અગિયાર પ્રતિમા) કહેલ છેઃ (૧) દર્શનપ્રતિમા, (૨) વ્રતપ્રતિમા, (૩) સામાયિક, (૪) પ્રૌષધ, (૫) સચિત્તત્યાગ, (૬) દિવસે મૈથુનત્યાગ, અથવા રાત્રિભોજનત્યાગ, (૭) બ્રહ્મચર્ય, (૮) આરંભત્યાગ, (૯) પરિગ્રહત્યાગ, (૧૦) અનુમતિત્યાગ અને (૧૧) ઉદ્દિષ્ટત્યાગ.

સુવિધિરાજા શ્રાવકધર્મના આ અગિયાર સ્થાનોનું ક્રમક્રમથી પાલન કરતા હતા. અહિંસા વગેરે પાંચ અણુવ્રતોનું તેઓ પાલન કરતા હતા. આચાર્ય મહારાજ કહે છે કે જો આ પાંચ અણુવ્રત, તે દરેક વ્રતોની પાંચ-પાંચ ભાવનાઓ સાથે અને સમ્યગ્દર્શનની વિશુદ્ધિથી સંયુક્ત ધારણ કરવામાં આવે તો તેનાથી ગૃહસ્થને મોટા મોટા ફળની પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થોને માટે બાર વ્રતનું પાલન તે સ્વર્ગરૂપી રાજમહેલની સીડી છે, અને તે નરકાદિ દુર્ગતિને દૂર કરનાર છે. સમ્યગ્દર્શન વડે વ્રતોની શુદ્ધતાને પામેલા તે રાજર્ષિ–સુવિધિ દીર્ઘકાળ સુધી શ્રાવકપણે રહીને શ્રેષ્ઠ મોક્ષમાર્ગની આરાધના કરતા હતા. જીવનના અંત સમયે તેમણે સર્વ પરિગ્રહ છોડીને દિગંબર મુનિદીક્ષા ધારણ કરી, વિધિપૂર્વક ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગની આરાધના કરીને સમાધિમરણપૂર્વક શરીર છોડ્યું ને અચ્યુતસ્વર્ગમાં ઈન્દ્રપણે ઊપજ્યા. તથા તેનો પુત્ર કેશવ પણ નિર્ગ્રંથ મુનિ થઈ સમાધિમરણ કરીને તે અચ્યુતસ્વર્ગમાં પ્રતીન્દ્રપણે ઊપજ્યો. વરદત્ત આદિ ચારે રાજપુત્રો (સિંહ વગેરેના ચારે જીવો) પણ પોતપોતાના પુણ્યોદયથી તે અચ્યુતસ્વર્ગમાં જ ઈન્દ્રસમાન ઋદ્ધિધારક દેવ થયા.–ખરું જ છે, પૂર્વભવના સંસ્કારોથી જીવો એક જગ્યાએ એકઠાં થઈ જાય છે.

અચ્યુતેન્દ્ર



(૭)

## ઋષભદેવ : સોળમા અચ્યુત સ્વર્ગમાં

અચ્યુત સ્વર્ગના ઈન્દ્રપણે ઊપજેલા આપણા કથાનાયક દિવ્યવૈભવ સહિત હતા; દિવ્યપ્રભાવાળું એમનું શરીર સ્વભાવથી જ સુંદર હતું. વિષ કે શસ્ત્ર વગેરેથી તેને બાધા પહોંચી શકતી ન હતી, મસ્તક ઉપર ધારણ કરેલા કલ્પવૃક્ષના મનોહર પુષ્પોથી તે એવા લાગતા હતા—જાણે કે પૂર્વભવના તપશ્ચરણના મહાન ફળને માથે ઉપાડીને બધાને દેખાડતા હોય! સાથે જ ઊપજેલા આભૂષણોવડે તેનું શરીર એવું શોભતું હતું—જાણે કે તેના પ્રત્યેક અંગ ઉપર દયારૂપી વેલડીનાં ફળ ઝૂલતા હોય. કલ્પવૃક્ષની જેમ તે ઈન્દ્ર શોભતા હતા; તે ઈન્દ્રને ઉપભોગમાં આવનારા દેવવિમાનોની સંખ્યા ભગવાને ૧૫૯ કહી છે. ઉત્તમ જાતિના ૩૩ દેવો સ્નેહભરી બુદ્ધિથી તેને પુત્રસમાન ગણતા હતા. તેના પરિવારમાં દશ હજાર બીજા સામાનિક દેવો હતા, તેમનો વૈભવ જો કે ઈન્દ્રની સમાન હતો, પરંતુ ઈન્દ્રની માફક તેમની આજ્ઞા ચાલતી ન હતી. તેના અંગરક્ષક જેવા ૪૦,૦૦૦ દેવો હતા. સ્વર્ગમાં જોકે કોઈ પ્રકારનો ભય નથી હોતો પરંતુ તે અંગરક્ષક દેવો ઈન્દ્રની વિભૂતિના સૂચક છે. ઈન્દ્રને ત્રણ પ્રકારની પરિષદ (—સભા) હોય છે. તે અચ્યુતસ્વર્ગની સીમાની રક્ષા કરનારા ચાર દિશામાં ચાર લોકપાલ હતા અને દરેક લોકપાલને ૩૨ દેવીઓ હતી. અચ્યુતેન્દ્રને આઠ મહાદેવીઓ હતી, તે ઉપરાંત બીજી ૬૩ વલ્લભિકા દેવીઓ હતી, અને એકેક મહાદેવીને અઢીસો-અઢીસો બીજી દેવીઓનો પરિવાર હતો. એ રીતે તે અચ્યુતેન્દ્રને કુલ બે હજાર ને એકોતેર દેવીઓ હતી. તેનું ચિત્ત એ દેવીઓના સ્મરણ માત્રથી જ સંતુષ્ટ થઈ જતું હતું. આ ઈન્દ્રની દરેક દેવીમાં એવી વિક્રિયાશક્તિ હતી કે તે સુંદર સ્ત્રીનાં દશ લાખ ચોવીસ હજાર રૂપ બનાવી શકતી હતી. તથા તે ઈન્દ્રને હાથી, રથ, ઘોડા વગેરે સાત પ્રકારની સેના હતી—જે દેવોની જ વિક્રિયા દ્વારા બનેલી હતી. અચ્યુતેન્દ્ર બાવીસ હજાર વર્ષમાં એકવાર અમૃતનો આહાર કરતા હતા; તથા અગિયાર મહિને એકવાર શ્વાસ લેતા હતા. તેનું અતિ સુંદર શરીર ત્રણ હાથ ઊંચું હતું. શાસ્ત્રકાર કહે છે કે ભગવાન આદિનાથનો જીવ અચ્યુતેન્દ્રની પર્યાયમાં ધર્મના પ્રતાપે આવી ઉત્તમ વિભૂતિને પામ્યો હતો, માટે ભવ્ય જીવોએ જિનેન્દ્રદેવના કહેલા ધર્મમાં પોતાની બુદ્ધિ લગાવવી જોઈએ, ને ભક્તિપૂર્વક તેનું આરાધન કરવું જોઈએ. તે જીવને આવી બાહ્ય વિભૂતિને પામવા છતાં અંતરમાં તેનાથી ભિન્ન ચૈતન્યનું ભાન હતું. અંતરના ચૈતન્યવૈભવ પાસે આ બધા ઈન્દ્ર વૈભવને તે તૂચ્છ સમજતા હતા. આ વૈભવની વચ્ચે રહીને પણ ચૈતન્યવૈભવની મહત્તાને એક ક્ષણ પણ તે ભૂલતા ન હતા. આત્મજ્ઞાનની અખંડ ધારા ટકાવીને સ્વર્ગના દિવ્ય ભોગોનો અનુભવ કરતા; કોઈ વાર દેવે વિક્રિયાવડે હાથીનું રૂપ ધારણ કર્યું હોય—તે હાથી ઉપર ચડીને ગમન કરતા; ક્યારેક જિનેન્દ્ર ભગવાનની મહાન પૂજા કરતા; ક્યારેક મધ્યલોકમાં આવીને તીર્થંકરદેવની વંદના કરતા. એમ આનંદપૂર્વક સ્વર્ગલોકનો દીર્ઘ કાળ પસાર કરતા હતા.

એમ કરતાં કરતાં દેવલોકમાં તેના આયુષ્યના છ મહિના જ બાકી રહ્યા અને અચ્યુતસ્વર્ગ છોડીને મધ્યલોકમાં આવવાની તૈયારી થઈ; ત્યારે તેના શરીર ઉપરની કલ્પવૃક્ષનાં ફૂલોની માળા કરમાવા લાગી. આના પહેલાં ક્યારેય તે માળા કરમાઇ ન હતી. પુષ્પમાળા કરમાઈ જવાથી તેને ખ્યાલ આવી ગયો કે હવે અલ્પકાળમાં હું આ અચ્યુત સ્વર્ગમાંથી ચ્યુત થઈશ;—તોપણ તે ઇન્દ્ર જરાપણ દુઃખી ન થયા, કેમ કે મહાપુરુષો ધૈર્યવાન હોય છે. પવિત્ર બુદ્ધિવાળા તે અચ્યુતેન્દ્રે ભગવાન અર્હંતદેવની પૂજાનો પ્રારંભ કર્યો; પંચપરમેષ્ઠીપદમાં પોતાનું ચિત્ત લગાવ્યું; અને દેવલોકમાં ભોગવતાં બાકી વધેલા પુણ્યને સાથે લઈને આપણા આ ચરિત્રનાયક સ્વર્ગમાંથી ચ્યવીને આ મનુષ્યલોકમાં અવતર્યા.

અહીં આચાર્યદેવ કહે છે કે—સ્વર્ગના ઇન્દ્રાદિ દેવો જો કે સદા સુખસમ્પન્ન, મહા ધૈર્યવાન અને મોટી મોટી ઋદ્ધિના ધારક હોય છે, તથા અસંખ્ય વર્ષનું તેમનું આયુષ્ય હોય છે, છતાં અંતે તો તેઓ સ્વર્ગેથી ચ્યુત થઈ જાય છે; માટે સંસારની અને સંયોગની આવી ક્ષણભંગુરતા જાણીને સંપૂર્ણ સુખથી ભરેલું અને પુનરાગમન રહિત એવું અવિનાશી મોક્ષપદ—તેમાં જ મુમુક્ષુએ પોતાની બુદ્ધિ જોડવાયોગ્ય છે.

(૮)

# ઋષભદેવ : વિદેહમાં તીર્થંકરના પુત્ર, વજ્રનાભિચક્રવર્તી

## (મુનિધર્મનું પાલન અને તીર્થંકરપ્રકૃતિ)

ભગવાન ઋષભદેવનો આત્મા અચ્યુતસ્વર્ગથી ચ્યુત થઈને, અત્યંત શોભાયમાન એવા જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી દેશની પુંડરીકિણી નગરીમાં અવતર્યો, વજ્રનાભી એનું નામ; રાજા વજ્રસેન-તીર્થંકર તેના પિતા, અને શ્રીકાન્તારાણી તેમની માતા. પૂર્વભવના સંબંધી સિંહ-વાંદરો-નોળિયો ને ભૂંડ તે જીવો પણ અહીં તે વજ્રનાભીના ભાઈ તરીકે અવતર્યા,—તેમનાં નામ વિજય, વૈજયન્ત, જયન્ત અને અપરાજિત. આ ઉપરાંત પૂર્વે વજ્રજંઘના ભવમાં આહારદાન વખતે જેઓ સાથે હતા તે મતિવર મંત્રી વગેરે ચારે જીવો પણ (જેઓ ગ્રૈવેયકમાં હતા તેઓ, ત્યાંથી ચ્યુત થઈને) અહીં વજ્રનાભીના ભાઈ તરીકે અવતર્યા; તેમાં મતિવર મંત્રીનો જીવ સુબાહુ થયો; આનંદ પુરોહિતનો જીવ મહાબાહુ થયો; અકંપન સેનાપતિનો જીવ પીઠકુમાર થયો; અને ધનમિત્ર શેઠનો જીવ મહાપીઠ થયો.—આમ પૂર્વભવના સંસ્કારને લીધે બધા જીવો એક ઠેકાણે ભેગા થઈ ગયા. શ્રીમતીનો જીવ—કે જે અચ્યુતેન્દ્ર સ્વર્ગમાં પ્રતીન્દ્ર થયો હતો તે ત્યાંથી ચ્યુત થઈને આ જ નગરીમાં કુબેરદત્ત વણિકને ત્યાં અનંતમતિનો પુત્ર ધનદેવ થયો.

**આપણા કથાનાયક આ ભવમાં વિદેહમાં વજ્રસેન તીર્થંકરના પુત્ર તથા ચક્રવર્તી છે, અને પોતાના પિતાજીના પાદમૂળમાં સોળ કારણભાવનાવડે તીર્થંકરપ્રકૃતિ બાંધીને, એક ભવ પછી પોતે ભરતક્ષેત્રના આદ્ય તીર્થંકર થવાના છે.** એવા આ પવિત્ર આત્મા વજ્રનાભી યુવાન થતાં એકદમ શોભી ઊઠ્યા. એ વજ્રનાભીની નાભિ વચ્ચે વજ્રનું એક સ્પષ્ટ ચિહ્ન શોભતું હતું—જે એમ પ્રસિદ્ધ કરી રહ્યું હતું કે આ જીવ ચક્રવર્તી થશે. તેણે શાસ્ત્રનો સુંદર અભ્યાસ કર્યો હોવાથી યૌવનજન્ય મદ ન હતો. અનેક

પ્રકારની રાજવિદ્યામાં પણ તે પારંગત હતા; લક્ષ્મી અને સરસ્વતી બંનેનો તેની પાસે સુમેળ હતો ને તેની કીર્તિ દશે દિશામાં ફેલાઈ ગઈ હતી. પોતાના ગુણવડે તે બધા લોકોને વશીભૂત કરી લેતા હતા. ખરું જ છે–ગુણો વડે વશ કોણ ન થાય?

યોગ્ય સમયે મહારાજા વજ્રસેન તીર્થંકરે, વજ્રનાભી પુત્રનું રાજતિલક કરીને ''તું મહાન ચક્રવર્તી હો'' એવા આશીર્વાદ આપ્યા ને પોતે સંસારથી વિરક્ત થયા. લૌકાન્તિક દેવોએ સ્તુતિપૂર્વક તેમનાં વૈરાગ્યની અનુમોદના કરી. ભગવાન વજ્રસેનની સાથે સાથે એક હજાર રાજાઓએ પણ દીક્ષા લીધી.

એક તરફ તો રાજા-વજ્રનાભિ મહાન રાજ્યનું પાલન કરવા લાગ્યા, બીજી તરફ મુનિરાજ વજ્રસેન તપોલક્ષ્મીનું પાલન કરવા લાગ્યા. થોડા સમયમાં વજ્રનાભિ રાજાના શસ્ત્રભંડારમાં ઝળહળતું ચક્રરત્ન પ્રગટ્યું, તો અહીં તેના પિતા વજ્રસેન મુનિરાજના જ્ઞાનભંડારમાં શુક્લધ્યાનરૂપી અત્યંત તેજસ્વી ધ્યાનચક્ર પ્રગટ્યું. પુત્ર તો ચક્રવર્તી રાજા થયો, ને પિતા કેવળજ્ઞાન પ્રગટ કરીને ધર્મચક્રી થયા. પિતા તો તીર્થંકર થઈને ધર્મોપદેશ વડે જીવોનું હિત કરવા લાગ્યા, ને ભાવિ તીર્થંકર એવો પુત્ર ચક્રવર્તી થઈને પ્રજાનું પાલન કરવા લાગ્યો. રાજા વજ્રનાભિએ ચક્રરત્ન વડે આખી પૃથ્વીને જીતી લીધી હતી, તો ભગવાન વજ્રસેને ધ્યાનચક્ર વડે કર્મો ઉપર વિજય મેળવીને ત્રણ લોકને જીતી લીધા હતા. આ રીતે વિજય કરવામાં શ્રેષ્ઠ એ બંને પિતા-પુત્ર જાણે એકબીજાની સ્પર્ધા કરતા હોય, એવા લાગતા હતા. પણ એકનો વિજય અત્યંત અલ્પ, છખંડ સુધી જ મર્યાદિત હતો, બીજાનો વિજય આખા લોકને ઉલ્લંઘીને અલોકમાં પણ પહોંચી ગયો–એવો સૌથી મહાન હતો.

આપણા ચરિત્રનાયક આદિનાથનો જીવ તો આ રીતે ચક્રવર્તી થયો, ને સાત ભવનો સાથીદાર (સ્વયંપ્રભા દેવી અથવા કેશવનો જીવ) ધનદેવ તે ચક્રવર્તીના ૧૪ રત્નોમાંથી ગૃહપતિ નામનો તેજસ્વી રત્ન થયો. આ રીતે મહાન અભ્યુદય સહિત બુદ્ધિમાન વજ્રનાભિ ચક્રવર્તીએ દીર્ઘકાળ સુધી રાજ્ય ભોગવ્યું.

**વજ્રનાભી ચક્રી મુનિ**



એકવાર તે પોતાના પિતા વજ્રસેન–તીર્થંકરના સમવસરણમાં ગયા અને પરમ ભક્તિથી એ જિનનાથના દર્શન-વંદન કરીને દિવ્ય-ધ્વનિનું શ્રવણ કર્યું. ભગવાનના શ્રીમુખેથી અત્યંત દુર્લભ એવા રત્નત્રયધર્મનું સ્વરૂપ સાંભળીને તેને પણ રત્નત્રયની ભાવના જાગી. ''જે બુદ્ધિમાન જીવ અમૃત સમાન એવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેનું સેવન કરે છે તે અચિંત્ય અને અવિનાશી એવા મોક્ષપદને પામે છે,'' એમ હૃદયમાં વિચારીને તે ચક્રવર્તીએ સમસ્ત સામ્રાજ્યને તરણાં સમાન જાણીને છોડી દીધું ને રત્નત્રયધર્મમાં તથા તપમાં પોતાની બુદ્ધિ લગાવી. પુત્રને રાજ્ય સોંપીને તેણે ૧૬,૦૦૦ મુગટબંધી રાજાઓ, એક હજાર પુત્રો, પૂર્વભવના સ્નેહી એવા આઠ ભાઈઓ તથા ધનદેવની સાથે, મોક્ષપ્રાપ્તિના ઉદ્દેશથી, પિતા વજ્રસેન–તીર્થંકરની સમીપ, ભવ્ય જીવોને પરમ આદરણીય એવી જિનદીક્ષા ધારણ કરી.

મહારાજા વજ્રનાભિએ મુનિ થઈને અહિંસા વગેરે પાંચ મહાવ્રતો ધારણ કર્યાં. ઈર્યા, ભાષા, એષણા, આદાન-નિક્ષેપણ તથા પ્રતિષ્ઠાપન—એ પાંચ સમિતિ તથા મનગુપ્તિ, વચનગુપ્તિ ને કાયગુપ્તિ એ ત્રણ ગુપ્તિ—આ આઠને 'અષ્ટ પ્રવચનમાતા' કહેવાય છે, તેનું પાલન દરેક મુનિને જરૂર હોય—એમ ઈન્દ્રસભાના રક્ષક (—સમવસરણના નાયક) એવા ગણધરદેવે કહ્યું છે. વજ્રનાભિ મુનિરાજે આવી સમિતિ-ગુપ્તિનું પાલન કર્યું; તે ઉત્કૃષ્ટ તપસ્વી, ધીર, વીર, પાપરહિત, ધર્મનું ચિંતન કરતા થકા વિચરવા લાગ્યા. એકવાર મુનિરાજે પોતાના પિતા વજ્રસેન તીર્થંકરના ચરણસમીપમાં દર્શનવિશુદ્ધિ આદિ ૧૬ ભાવનાઓનું ચિંતવન કર્યું :—

૧. આઠ મૂળગુણસહિત શુદ્ધ સમ્યગ્દર્શનરૂપ દર્શનશુદ્ધિ ધારણ કરી.

૨. જ્ઞાન-દર્શન-ચારિત્રનો વિનય ધારણ કર્યો.

૩. શીલ અને વ્રતોને નિરતિચાર કર્યા.

૪. ઉપયોગને વારંવાર જ્ઞાનમાં જોડ્યો.

૫. સંસારથી ભયભીત ને મોક્ષમાર્ગમાં ઉત્સાહિત થયા.

૬. પોતાની શક્તિ છૂપાવ્યા વગર સામર્થ્ય—અનુસાર તપશ્ચરણ કર્યું.

૭. જ્ઞાન તથા સંયમના સાધનરૂપ ત્યાગમાં ચિત્ત લગાવ્યું.

૮. સાધુઓને વ્રત—શીલ આદિમાં વિઘ્ન આવતાં તે દૂર કરવામાં વારંવાર સાવધાન રહેતા હતા; કેમકે ઉત્તમ પુરુષોની સર્વ ચેષ્ટા પોતાની સમાધિ માટે અથવા બીજા ધર્માત્માઓનાં વિઘ્નો દૂર કરવા માટે હોય છે.

૯. વ્રતી પુરુષોને પોતાથી અભિન્ન જાણીને તેમને રોગાદિ થતાં તેની વૈયાવૃત્ય (સેવા) કરતા હતા; આ વૈયાવૃત્ય તે તપનું મુખ્ય અંગ છે.

૧૦. પૂજ્ય અરિહંત ભગવાનમાં તેમને નિશ્ચલ ભક્તિ હતી.

૧૧. વિનયપૂર્વક આચાર્યોની ભક્તિ કરતા હતા.

૧૨. વિશેષ જ્ઞાનવંત મુનિઓની સેવા કરતા હતા.

૧૩. જિનવાણીરૂપ પ્રવચન તેમજ મુનિસંઘ પ્રત્યે પણ તેને ઉત્કૃષ્ટ ભક્તિ હતી; કેમકે તેમના પ્રત્યે તીવ્ર ભક્તિ વગર રાગાદિને જીતી શકાતા નથી.

૧૪. તે 'અવશ' હોવા છતાં 'વશી' હતા, (એટલે કે અન્યને વશ ન હોવારૂપ'અવશ' હોવા છતાં, ઈન્દ્રિયોને વશ કરનારા હોવાથી 'વશી' હતા.) દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાપૂર્વક (યોગ્ય રીતે) સામાયિક, વંદના, સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય તથા કાયોત્સર્ગ એ છ આવશ્યકોનું પૂર્ણ રીતે પાલન કરતા હતા.

૧૫. તપ-જ્ઞાન વગેરે કિરણો દ્વારા ભવ્ય જીવરૂપી કમળને વિકસીત કરનાર એવા સૂર્યસમાન તે મુનિરાજ જૈનમાર્ગને સદા પ્રકાશિત અને પ્રભાવિત કરતા હતા.

૧૬. જિનમાર્ગ પર ચાલનારા શિષ્યોને ધર્મમાં સ્થિર કરનાર, તથા ધર્મમાં પ્રેમ રાખનાર એવા તે વજ્રનાભિ મુનિરાજ બધા ધર્માત્મા જીવો ઉપર અતિશય પ્રેમ—વાત્સલ્ય રાખતા હતા.

—આ પ્રમાણે મહા ધીર-વીર એ વજ્રનાભિ મુનિરાજે તીર્થંકરત્વની પ્રાપ્તિના કારણરૂપ આ ૧૬ ભાવનાઓનું ઘણા કાળ સુધી ચિંતન કર્યું; અને ઉત્તમ પ્રકારે એ ભાવનાઓના ચિંતન વડે તે શ્રેષ્ઠ મુનિરાજે ત્રણલોકમાં આનંદમય ક્ષોભ ઉત્પન્ન કરનારી તીર્થંકર નામની મહા પુણ્યપ્રકૃતિ બાંધી એવા તે ભાવિ તીર્થંકરને નમસ્કાર હો.

તીર્થંકરપ્રકૃતિ બાંધવાની સાથે સાથે તે મુનિરાજ જ્ઞાનની અનેક પ્રકારની ઋદ્ધિ પણ પામ્યા હતા, ને તે ઋદ્ધિવડે તેમણે પોતાના પરભવોને જાણી લીધા હતા. બીજી પણ અનેક મહાન ઋદ્ધિઓ તેમને પ્રગટી હતી. પરંતુ ઉત્તમ બુદ્ધિમાન તે મુનિરાજને તો ગૌરવપૂર્ણ એવા એક સિદ્ધપદની જ વાંછા હતી. લૌકિક ઋદ્ધિઓની તેમને જરાપણ વાંછા ન હોવા છતાં અણિમા—મહિમા વગેરે અનેક ઋદ્ધિઓ તેમને પ્રગટી હતી. વગર ઈચ્છાએ જગતનું હિત કરનારી એવી અનેકવિધ ઔષધિઋદ્ધિ પણ તેમને પ્રગટી હતી,—ખરું જ છે, કલ્પવૃક્ષ ઉપર લાગેલાં ફળ કોનો ઉપકાર ન કરે ? તે મુનિરાજને જો કે ઘી-દૂધ વગેરે રસોનો ત્યાગ હતો તોપણ ઘી—દૂધને ઝરાવનારી અનેકવિધ રસઋદ્ધિ તેમને પ્રગટી હતી;—એ યોગ્ય જ છે, ઈષ્ટ પદાર્થોનો ત્યાગ કરવાથી તેના કરતાં ય અધિક મહાન ફળની પ્રાપ્તિ થાય છે. બલઋદ્ધિના પ્રભાવથી ગમે તેવા કઠણ ગરમી-ઠંડીના પરિષહોને પણ તે સહી લેતા હતા. તેમને એવી અક્ષીણમહાનસઋદ્ધિ પ્રગટી હતી કે, જે દિવસે જે ઘરમાં તેમણે ભોજન કર્યું હોય તે દિવસે તે ઘરમાં ભોજન અક્ષય થઈ જતું, એટલે ચક્રવર્તીના સૈન્યને ભોજન કરાવવા છતાં પણ તે ભોજન ખૂટતું નહિ. એમાં શું આશ્ચર્ય છે !—મુનિઓનું મહાન તપ તો અક્ષય એવા મોક્ષફળને પણ આપે છે.

આ પ્રમાણે, વિશુદ્ધભાવનાઓને ધારણ કરનાર તે વજ્રનાભિમુનિરાજ પોતાના વિશુદ્ધ-પરિણામોથી ઉત્તરોત્તર વિશુદ્ધ થતાં થતાં ઉપશમશ્રેણી પર આરૂઢ થયા. અધઃકરણ પછી તેઓ આઠમા ગુણસ્થાને અપૂર્વકરણ કરીને નવમા અનિવૃત્તિકરણ-ગુણસ્થાનને પામ્યા; ત્યાર પછી જ્યાં અત્યંત સૂક્ષ્મ રાગ બાકી રહ્યો છે એવા સૂક્ષ્મસાંપરાય નામના દશમા ગુણસ્થાને આવ્યા, અને પછી ઉપશાન્તમોહ નામના વીતરાગી ગુણસ્થાને આવ્યા. અહીં અગિયારમા ગુણસ્થાને મોહકર્મ સમ્પૂર્ણ ઉપશાન્ત થયું હતું અને અતિશય વિશુદ્ધ એવું ઔપશમિકચારિત્ર પ્રગટ થયું હતું. અંતર્મુહૂર્ત પછી તે મુનિરાજ ફરીને સ્વસ્થાનરૂપ સાતમા અપ્રમતગુણસ્થાને આવ્યા; એનું ખાસ કારણ એ છે કે અગિયારમા ગુણસ્થાને આત્માની સ્વાભાવિક સ્થિતિ અંતર્મુહૂર્ત કરતાં વધુ હોતી જ નથી.

એ વજ્રનાભિ મુનિરાજે આયુષ્યના અંતભાગમાં શ્રીપ્રભપર્વત ઉપર પ્રાયોપવેશન (અર્થાત્ પ્રાયોપગમન સંન્યાસ) ધારણ કરીને શરીર અને આહારનું મમત્વ છોડી દીધું હતું. આ સંન્યાસમાં તપસ્વી સાધુ રત્નત્રયરૂપી શય્યા પર ઉપવેશ—કરે છે તેથી તેને 'પ્રાયોપવેશન' કહે છે; આ સંન્યાસ વડે રત્નત્રયની ઉત્કૃષ્ટ શુદ્ધતા થાય છે તથા કર્મરૂપી શત્રુનો ઘણો નાશ થાય છે; આ સંન્યાસના ધારક મુનિરાજ નગર-ગામ વગેરે સંસારી પ્રાણીઓને રહેવાના સ્થાનથી દૂર એકાંતમાં વસે છે. આવો પ્રાયોપગમન—સંન્યાસ ધારણ કરનાર તે વજ્રનાભિ મુનિરાજ પોતે પોતાના શરીરનો કોઈ ઉપચાર કરતા ન હતા, તેમજ બીજા પાસે પણ કાંઈ ઉપચાર—સેવા કરાવવાની ઈચ્છા રાખતા ન હતા. જેમ શત્રુના

મૃતકક્લેવરને જોઈને કોઈ મનુષ્ય નિરાકુળ નિશ્ચિંત થઈ જાય, તેમ તેમણે આ શરીરને મૃતક્લેવરવત્ જાણીને તેનું મમત્વ છોડી દીધું હતું ને અત્યંત નિરાકુળ થઈ ગયા હતા.

જોકે તેમનું શરીર ઘણું જ દુબળું થઈ ગયું હતું તોપણ સ્વાભાવિક ધૈર્યના અવલંબનવડે ઘણા દિવસો સુધી નિશ્ચલ ચિત્તે બેસી રહ્યા. માર્ગથી ચ્યુત ન થવાય તથા કર્મોની અતિશય નિર્જરા થાય તે હેતુથી તેઓ ક્ષુધા–તૃષા વગેરે બાવીસ પરીષહોને સહતા હતા. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, શૌચ, સત્ય, સંયમ, તપ, ત્યાગ આકિંચન્ય અને બ્રહ્મચર્ય–એ દસ ધર્મોનું તે મહા વિદ્વાન મુનિરાજ પાલન કરતા હતા; તે ધર્મો ગણધરોને પણ અત્યંત ઈષ્ટ છે. તેઓ બાર વૈરાગ્ય–અનુપ્રેક્ષાઓનું નિરંતર ચિન્તન કરતા હતા. પવિત્ર ભાવનાઓને ધારણ કરનારા તે વજ્રનાભિ મુનિરાજ અતિશય વિશુદ્ધિને પામ્યા, અને ઉપશમ શ્રેણીમાં બીજીવાર આરૂઢ થયા. પૃથકત્વ–વિતર્ક નામના શુકલધ્યાનને પૂર્ણ કરીને તેઓ ઉત્કૃષ્ટ સમાધિરૂપ વીતરાગભાવને પામ્યા; અને ઉપશાન્તમોહ નામના ૧૧મા ગુણસ્થાને પ્રાણ છોડીને સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર પદને પામ્યા.

(શ્રી જિનેન્દ્ર ભગવાનનું ધર્મચક્ર આજેય ચાલી રહ્યું છે. આપણા મહાભાગ્યે આપણે તીર્થંકર ભગવંતોના માર્ગમાં આવ્યા છીએ. આપણા તે ભગવંતોનું જીવનચરિત્ર જાણીને આપણે પણ તેમના માર્ગે ચાલશું.)

(૯)

# ઋષભદેવ : સર્વાર્થસિદ્ધિ–દેવલોકમાં

## (વિષયો વગરના સુખની સિદ્ધિ)

(૧-મહાબલ રાજા; ૨-લલિતાંગ દેવ; ૩-વજ્રજંઘ રાજા; ૪-ભોગભૂમિમાં સમ્યક્ત્વ પ્રાપ્તિ; ૫-શ્રીધર દેવ; ૬-સુવિધિ રાજા; ૭-અચ્યુતેન્દ્ર; ૮-વજ્રનાભિ ચક્રવર્તી; એ આઠભવ પછી અત્યારે આપણા ચરિત્રનાયક ઋષભદેવ સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્રપણે બિરાજી રહ્યા છે.)

લોકના અગ્રભાગરૂપ જે સિદ્ધોનું ધામ તેનાથી એ સર્વાર્થસિદ્ધિ વિમાન માત્ર બાર યોજન નીચે છે. ત્યાં ૩૩ સાગરોપમના અસંખ્યાતા વર્ષો સુધી ઈન્દ્રિ વિષયો વગરનું જે સુખ તેમણે ભોગવ્યું તેનું હવે વર્ણન કરીને, તેના ઉદાહરણથી આત્માના અતીન્દ્રિય સુખનું સ્વરૂપ સમજાવશે, ને બાહ્યવિષયો સુખનાં કારણ નથી એમ બતાવશે.

સર્વાર્થસિદ્ધિ–વિમાનમાં ઊપજીને આપણા ચરિત્રનાયક ક્ષણમાત્રમાં યૌવન દશાને પામ્યા. તેમનું શરીર એવું સુંદર હતુ કે જાણે અમૃતનું બનેલું હોય ! તે અહમિન્દ્ર સર્વાર્થસિદ્ધિમાં જિનેન્દ્રદેવની અકૃત્રિમ પ્રતિમાઓનું પૂજન કરતા હતા અને પોતાના ક્ષેત્રમાં જ વિહાર કરતા હતા. પુણ્યાત્મા જીવોમાં સૌથી પ્રધાન એવા તે અહમિન્દ્ર તે સર્વાર્થસિદ્ધિ–વિમાનમાં જ સ્થિત રહીને સમસ્ત લોકમાં રહેલી

જિનપ્રતિમાઓની પૂજા કરતા હતા; તે પુણ્યાત્મા અહમિન્દ્રે પોતાના વચનની પ્રવૃત્તિ જિનદેવની પૂજા-સ્તુતિ કરવામાં તથા ધર્મચર્ચામાં લગાવી હતી, મન ભગવાનના ગુણોનું તથા આત્માનું ચિંતવન કરવામાં જોડ્યું હતું, અને શરીર ભગવાનને નમસ્કાર કરવામાં લગાવ્યું હતું. પોતાના જેવી જ ઋદ્ધિને ધારણ કરનાર અને આત્મજ્ઞાની એવા બીજા અહમિન્દ્રોની સાથે ઘણા આદરપૂર્વક તે ધર્મગોષ્ઠી કરતા હતા. (સર્વાર્થસિદ્ધિના તે અહમિન્દ્રો કેવી અદ્ભુત ધર્મચર્ચા કરતા હતા, તેનો સ્વાદ ચાખવા માટે શાંતિનાથ પ્રભુના જીવન ચરિત્રમાં તેમજ મલ્લિનાથ ભગવાનના પૂર્વભવમાં ચાખશો.)

**સર્વાર્થસિદ્ધિમાં**



શુકલલેશ્યાના પ્રભાવથી પોતાના જ વૈભવમાં સંતુષ્ટ રહેનારા તે અહમિન્દ્રને પોતાના નિરુપદ્રવ સુખમય-સ્થાનમાં જેવી ઉત્તમ પ્રીતિ હોય છે તેવી બીજે ક્યાંય થતી નથી, તેથી પરક્ષેત્રમાં જવાની ઈચ્છા જ તેમને થતી નથી. તે અહમિન્દ્ર દેવોમાં મોટા–નાનાપણું નથી, એકબીજા પ્રત્યે ઈર્ષા નથી, દ્વેષ નથી, બીજાની નિંદા ને પોતાની પ્રશંસા નથી. તેઓ સુખી ને હર્ષસહિત વર્તતા થકા સદા કિલ્લોલ કરે છે....ને આત્મસાધના કરે છે.

આવા સર્વાર્થસિદ્ધિ–વિમાનમાં ઉપજેલા આપણા ચરિત્રનાયક અહમિન્દ્ર પોતાના આત્માથી ઉત્પન્ન થયેલા સ્વાધીન પરમ આનંદને ભોગવતા હતા. ૩૩ સાગર તેનું આયુષ્ય હતું; એક હાથ ઊંચું ને હંસ જેવું સફેદ અત્યંત સુંદર તેનું શરીર હતું. તે શરીરના શુદ્ધ અને તેજસ્વી કિરણોનો પ્રકાશ દશે દિશામાં ફેલાતો હતો. આ રીતે ઈન્દ્રાદિ દેવોનેય અગોચર ને પરમ આનંદદાયક એવા શ્રેષ્ઠ સર્વાર્થસિદ્ધિપદને તે પામ્યા.

સર્વાર્થસિદ્ધિમાં તે અહમિન્દ્ર તેત્રીસ હજાર વર્ષે માનસિક દિવ્ય આહાર ગ્રહણ કરતા હતા; સાડાસોળ મહિને એકવાર શ્વાસોશ્વાસ લેતા હતા. પોતાના અવધિજ્ઞાનરૂપી દીપકવડે તે ત્રસનાડીમાં રહેલા જાણવાયોગ્ય મૂર્તિક દ્રવ્યોને તેમની પર્યાયોસહિત પ્રકાશિત કરતા હતા. તે અહમિન્દ્રને પોતાના અવધિજ્ઞાનના ક્ષેત્ર જેટલી વિક્રિયા કરવાનું સામર્થ્ય હતું. પરંતુ રાગરહિત હોવાને કારણે તેઓ કદી પોતાના વિમાનથી બહાર જતા ન હતા. જાણે જગતનું બધું સૌન્દર્ય એક જગાએ એકઠું થયું હોય–એવી સુંદર તેમની મુદ્રા હતી. જિનેન્દ્રદેવે જે એકાંત અને શાંતરૂપ સુખનું નિરૂપણ કર્યું છે તે બધું સુખ જાણે કે આ અહમિન્દ્ર પાસે ભેગું થયુ હતું.

વજ્રનાભિના આઠે ભાઈઓ (વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત, બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ) તેમજ શ્રીમતીનો જીવ ધનદેવ,–એ નવે જીવો પણ પુણ્યપ્રભાવથી વજ્રનાભિની સાથે જ સર્વાર્થ સિદ્ધિમાં અહમિન્દ્ર થયા. તે અહમિન્દ્રો મોક્ષસુખ જેવા સુખનો અનુભવ કરતા થકા, વિષયભોગો વગર (પ્રવીચાર રહિત) જ દીર્ઘકાળ સુધી પ્રસન્ન રહેતા હતા. તેમનું પુણ્યજનિત સુખ પણ વિષય-ભોગોના સુખથી અનંતગણું હતું.

પ્રશ્ન : સંસારમાં જીવોને સ્ત્રી-પુત્ર વગેરે વિષય-ભોગોથી સુખની પ્રાપ્તિ થાય છે, તો તેના અભાવમાં સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોને સુખ કઈ રીતે છે?

ઉત્તર : સુખ બાહ્યવિષયોમાં નથી; ભગવાન જિનેન્દ્રદેવે આકુળતા રહિત વૃત્તિને સુખ કહ્યું છે; તેથી, જેમનું ચિત્ત અનેક પ્રકારના વિષયોની આકુળતાથી વ્યાકુળ છે એવા, સરાગી જીવોને તે સુખ ક્યાંથી હોય? સુખ તો આત્મામાં છે, વિષયોમાં નહિ; આત્મા પોતાના અનાકુળભાવથી પોતે જ્યાં સુખરૂપ થયો, ત્યાં બાહ્યવિષયો વગર જ તેને સુખ છે. કેમકે વિષયો ભોગવ્યા પહેલાં, ભોગવતા વખતે, તેમજ ભોગવ્યા પછી પણ દાહજનક (આકુળતારૂપ) છે. વિદ્વાન પુરુષો તે જ સુખને ચાહે છે કે જેમાં મન વિષયોથી નિવૃત્ત થઈ જાય છે—ચિત્ત સંતુષ્ટ થાય છે; બાહ્યવિષયોમાં સુખ શોધનારને આકુળતા કદી મટતી નથી ને સુખ કદી મળતું નથી. તેઓ દુઃખી જ છે.

*"વિષયો વિષે રતિ જેમને, દુઃખ છે સ્વાભાવિક તેમને."*

વિષયોના અનુભવથી પ્રાણીઓને જે સુખ લાગે છે તે પરાધીન છે, બાધાઓથી સહિત છે, વ્યવધાન (અંતરાય)વાળું છે. અને કર્મબંધનું કારણ છે, તેથી દુઃખ જ છે. સર્વાર્થસિદ્ધિના દેવોએ આત્માના અતીન્દ્રિય સુખને ચાખ્યું છે અને વિષયોની ચાહના તેમના મનમાંથી નીકળી ગઈ છે તેથી બાહ્ય વિષયો વિના જ તેઓ ખરેખર સુખી છે. જગતમાં પ્રિય સ્ત્રીના સંસર્ગથી જ જીવોને જો સુખ થતું હોય તો તો ગંધારા કૂતરા-કાગડા-હરણ ને ભૂંડ વગેરે તિર્યંચો પણ સુખી હોવા જોઈએ. જો એવા જીવોને પણ સુખી કહેશો તો સંસારમાં દુઃખી કોને કહેશો? મૂર્ખા જીવો જ વિષયસેવનમાં સુખની કલ્પના કરે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે કર્મોના ક્ષયથી કે ઉપશમથી જે આત્માનો સ્વાભાવિક આહ્લાદ ઉત્પન્ન થાય છે તે જ સુખ છે. તે સુખ અન્ય વસ્તુઓના આશ્રયે કદી ઉત્પન્ન થતું નથી.

જેમ વનમાં વિચરનારો હાથી સ્પર્શના મોહથી દુઃખી થાય છે, સરોવરમાં કેલિ કરનારું માછલું માંસના રસના મોહથી દુઃખી થાય છે, ગુંજારવ કરનારો ભમરો ફૂલની સુગંધના મોહથી દુઃખી થાય છે, રંગીન પતંગિયુ દીપકના પ્રકાશના રૂપમાં મોહિત થઈને ભસ્મ થાય છે, અને જંગલમાં ચરનારા હરણિયાં શિકારીના મધુર ગીતના શબ્દોમાં મોહિત થઈને મરે છે. આ પ્રમાણે એકેક ઈન્દ્રિયના વિષયનું સેવન પણ જ્યાં દુઃખથી ભરેલું છે ત્યાં પાંચેય ઈન્દ્રિયના વિષયોનું શું કહેવું?

જેમ નદીના પ્રવાહમાં તણાયેલો પદાર્થ કોઈ ઊંડા ખાડામાં પડીને ભમરી ખાય છે તેમ ઈન્દ્રિય-વિષયોના પ્રવાહમાં તણાયેલો જીવ નરકરૂપી દુઃખના દરિયામાં ગોથા ખાય છે. માટે વિષયોની પ્રીતિ છોડી દેવી જોઈએ, ને આત્માધીન અતીન્દ્રિયસુખની શ્રદ્ધા કરીને ઉત્સાહપૂર્વક તેનો પ્રેમ કરવો જોઈએ—

**અત્યંત આત્મોત્પન્ન, વિષયાતીત, અનુપ, અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગ–પ્રસિદ્ધને.**
**સૂણી 'ઘાતિકર્મ વિહીનનું સુખ સૌ સુખે ઉત્કૃષ્ટ છે',**
**શ્રદ્ધે ન તેહ અભવ્ય છે, ને ભવ્ય તે સંમત કરે.**

અહો, સિદ્ધ ભગવંતોનું આત્મિક સુખ વિષયોથી રહિત છે, અમાપ છે, અનંત છે, કેવળ આત્માથી જ થયેલું છે અને અનુપમ છે. સ્વર્ગના તેમજ મનુષ્યોના ત્રણકાળના ઈન્દ્રિયસુખોને એકઠા

કરવામાં આવે તો પણ, સિદ્ધ પ્રભુના એક ક્ષણનાય સુખની બરાબરી તે કરી શકતા નથી. એ સિદ્ધ ભગવંતોનું સુખ પોતાના આત્માથી જ ઉત્પન્ન છે, બાધા વગરનું છે, કર્મોના ક્ષયથી થયેલું છે, પરમ આહ્‌લાદરૂપ છે, ઉપમા વગરનું છે, અને સૌથી શ્રેષ્ઠ છે. સર્વ પરિગ્રહથી રહિત, શાંત અને ઉત્કંઠાથી રહિત એવા સિદ્ધભગવંતો પૂર્ણ સુખી છે, એટલે સુખ તે આત્માનો સ્વભાવ છે; બીજા કોઈની અપેક્ષા વગર એકલો આત્મા પોતે સ્વભાવથી જ સુખરૂપે પરિણમે છે.

આપણા ચરિત્રનાયક ભગવાન ઋષભદેવના જીવ વજ્રનાભિ ચક્રવર્તીને, સ્વર્ગથી પણ ઉપર એવા સર્વાર્થસિદ્ધિમાં સુકૃતનાં ફળથી જે વિષયરહિત ઉદાર સુખ પ્રાપ્ત થયું, તે એવું લાગતું હતું કે જાણે મોક્ષનું સુખ જ તેની સન્મુખ આવ્યું હોય! આ સંસારમાં જીવને જે સુખ કે દુઃખ થાય છે તે પોતાના કરેલા પુણ્ય કે પાપરૂપ કર્મબંધને અનુસાર થાય છે. પુણ્યનું ઉત્કૃષ્ટ ફળ સર્વાર્થસિદ્ધિમાં હોય છે, ને પાપનું ઉત્કૃષ્ટ ફળ સાતમી નરકના નારકીને હોય છે. શાંત પરિણામ, ઇન્દ્રિયદમન, સંયમ વગેરે વડે પુણ્યાત્મા જીવ ઉત્કૃષ્ટ પુણ્યફળને પામે છે ને શમ દમ-યમથી રહિત મિથ્યાદૃષ્ટિ પાપી જીવ પાપનાં ફળને પામે છે.

આ અધિકારના અંતમાં શ્રી જિનસેનસ્વામી કહે છે કે ઘણા જ નીકટકાળમાં જેમને તીર્થંકરપદરૂપી જિનેન્દ્રલક્ષ્મી પ્રાપ્ત થવાની છે, એવા આ વજ્રનાભિએ જેવી રીતે વિશુદ્ધિપૂર્વક આળસ રહિત થઈને શ્રી જિનેન્દ્રદેવની કલ્યાણકારી આજ્ઞાનું આરાધન કર્યું અને મહાન સુખ પામ્યા, તેવી રીતે જેઓ અનુપમ સુખના અભિલાષી હોય અને દુઃખના ભારથી છૂટવા ચાહતા હોય તે બુદ્ધિમાન જીવોએ પણ આળસ રહિત થઈને શ્રી જિનેન્દ્રદેવની આજ્ઞાનું (દર્શનવિશુદ્ધિ વગેરેનું) પાલન કરવું જોઈએ.

બંધુઓ, આપણા ચરિત્રનાયક ભગવાન ઋષભદેવ સર્વાર્થસિદ્ધિમાં અતિશય સુખપણે બિરાજી રહ્યા છે, અખંડ સમ્યક્ત્વ વડે આત્માની આરાધના કરી રહ્યા છે. અહીંથી હવે છેલ્લા અવતારમાં તેઓ અયોધ્યાનગરીમાં ભરતક્ષેત્રના પ્રથમ તીર્થંકર તરીકે અવતરશે. તેઓ અવતરે ત્યાર પહેલાં ચાલો, આપણે તે નગરીમાં પહોંચી જઈએ; ને ત્યાં કેવી અદ્‌ભુત શોભા છે તે જોઈએ; ભગવાનના જન્મ પહેલાં ત્યાં શું–શું બની રહ્યું છે ને કેવો આનંદ છવાઈ રહ્યો છે તે જોઈને અયોધ્યાના નગરજનો સાથે આપણે પણ આનંદમાં ભાગ લઈએ.


## (૧૦)

## અયોધ્યામાં ઋષભ–અવતાર

આ ભરતક્ષેત્રમાં ત્રીજા આરાના પાછલા ભાગમાં, જ્યારે ભોગભૂમિ મટીને કર્મભૂમિની વ્યવસ્થા થવા માંડી ત્યારે, જીવનનિર્વાહની યોગ્ય વિધિ બતાવીને પ્રજાનું પાલન કરનારા એક પછી એક ૧૪ કુલકરો થયા. આ બધા એકબીજાના પુત્રો જ હતા ને પૂર્વે વિદેહક્ષેત્રમાં મનુષ્યઆયુ બાંધ્યા પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામીને અહીં ભોગભૂમિમાં અવતર્યા હતા. તેમને પૂર્વભવનું જાતિસ્મરણ હતું. તેમાં છેલ્લા કુલકર નાભિરાજા થયા. તેમને મરુદેવી નામની રાણી હતી, તે રૂપ-ગુણમાં ઇન્દ્રાણી સમાન હતી,

જગતની ઉત્તમ અને મંગલ સ્ત્રીઓમાં શ્રેષ્ઠ હતી, ગુણરત્નોની ખાણ હતી, પવિત્ર સરસ્વતી દેવી હતી, અને વગર ભણ્યે પંડિતા હતી. ઈન્દ્રદ્વારા પ્રેરિત ઉત્તમ દેવોએ મહાન વિભૂતિ સહિત તે મરુદેવીનો વિવાહોત્સવ કર્યો હતો. નાભિરાજા અને મરુદેવી ઈન્દ્ર-ઈન્દ્રાણી સમાન શોભતા હતા. સંસારમાં તેઓ સૌથી અધિક પુણ્યવાન હતા, કેમકે સ્વયંભૂ ભગવાન ઋષભદેવ જેમના પુત્ર થશે તેમના સમાન બીજું કોણ હોઈ શકે ?

આવા મરુદેવી અને નાભિરાજા જે ભૂમિમાં રહેતા હતા તે ભૂમિમાં જ્યારે કલ્પવૃક્ષોનો અભાવ થયો ત્યારે તેમના પુણ્યપ્રતાપે ઈન્દ્રે ત્યાં એક સુંદર નગરીની રચનાકરી. દેવોએ રચેલી એ નગરીની અદ્‌ભુત શોભાની શી વાત ! એ નગરીનું નામ અયોધ્યા. કોઈ શત્રુ તેની સામે યુદ્ધ કરી શકતા નહિ તેથી તે ખરેખર 'अयोध्या' હતી.–(अरिभिः यौद्धं न शक्या–અયોધ્યા) તે નગરીના બીજાં નામો સાકેતપુરી, સુકોશલા તથા વિનિતા હતાં. તે અયોધ્યાનગરીની વચ્ચે દેવોએ 'સર્વતોભદ્ર' નામનો સુંદર રાજમહેલ બનાવ્યો; ને ઉત્તમ મુહૂર્તે તે નગરીનું વાસ્તુ કરીને તેમાં નાભિરાજા-મરુદેવી વગેરેને આનંદપૂર્વક વસાવ્યા. 'આ બંનેને ત્યાં તીર્થંકર ઋષભદેવ પુત્ર કરીકે અવતરશે' એમ વિચારીને ઈન્દ્રે તેમનો રાજ્યાભિષેક કરીને સન્માન કર્યું.



(અયોધ્યાપુરીમાં અનંત તીર્થંકરો જન્મ્યા; તેમાં આ ચોવીસીમાં પાંચ તીર્થંકરો અયોધ્યામાં જન્મ્યા :– શ્રી ઋષભદેવ, અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ અને અનંતનાથ; તેમને નમસ્કાર હો.)


## ઋષભદેવ—ગર્ભકલ્યાણક

હવે છ મહિના પછી ભગવાન ઋષભદેવ સર્વાર્થસિદ્ધિમાંથી ચ્યવીને આ અયોધ્યાપુરીમાં અવતરશે, એમ જાણીને દેવોએ ઘણા આદરપૂર્વક આકાશમાંથી રત્નવર્ષા શરૂ કરી. જાણે કે ઋષભદેવના આગમન પહેલાં જ તેમની સમ્પદા આવી ગઈ હોય—એવી સુશોભિત કરોડો રત્નોની તથા સુવર્ણની વૃષ્ટિ રોજરોજ થતી હતી. તીર્થંકરોનો એવો જ કોઈ આશ્ચર્યકારી મહાન પ્રભાવ છે. પંદર મહિના સુધી એ રત્નવૃષ્ટિ ચાલુ રહી. એ ગર્ભાવતરણ ઉત્સવ વખતે આખા લોકમાં હર્ષકારી ક્ષોભ ફેલાઈ ગયો હતો. માતા મરૂદેવી રજસ્વલા થયા વગર પુત્રવતી થઈ હતી.

એક મંગલદિવસે રાત્રિના પાછલા પહોરમાં મરૂદેવીમાતાએ તીર્થંકરદેવના જન્મને સૂચિત કરનારા તથા ઉત્તમ ફળ દેનારા ૧૬ મંગલ સ્વપ્નો દેખ્યા, તથા સુવર્ણસમાન એક ઉત્તમ વૃષભ (બળદ) પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો.

પ્રભાત થયું; રાજમહેલમાં મંગલ વાજાં વાગવા માંડ્યાં, ને સેવિકાઓ મંગલ ગીત ગાવા લાગી કે—'હે માતા! જાગો; આપનો જાગવાનો સમય થયો છે. પંચપરમેષ્ઠીના ધ્યાનનો આ સમય છે; પંચરમેષ્ઠીના ધ્યાન વડે તમારું પ્રભાત સદા મંગલમય હો, તમે સેંકડો કલ્યાણને પ્રાપ્ત હો, અને જેમ પૂર્વ દિશા ઝગઝગતા સૂર્યને જન્મ આપે છે તેમ તમે જગતના પ્રકાશક એવા ત્રિલોકદીપક તીર્થંકર-પુત્રને ઉત્પન્ન કરો.'

આવા મંગલપૂર્વક મરૂદેવીમાતા જાગ્યા; ઉત્તમ શુભ સ્વપ્નો દેખવાથી તેમને અતિશય આનંદ થઈ રહ્યો હતો, અને આખુંય જગત અતિશય પ્રમોદ ભરેલું લાગતું હતું. ત્યારબાદ રાજમહેલમાં જઈને



નાભિ—મહારાજાને પોતાના મંગલ સ્વપ્નોની વાત કરી—હે દેવ! મેં આજે રાત્રે પાછલા પહોરે આશ્ચર્યકારી ફળ દેનારા ૧૬ સ્વપ્નો જોયા છે, તેનું ફળ શું છે? તે આપના શ્રીમુખથી સાંભળવાની મારી ઈચ્છા છે.

ત્યારે નાભિરાય—મહારાજાએ અવધિજ્ઞાન વડે તે સ્વપ્નોનું ઉત્તમ ફળ જાણ્યું અને કહેવા લાગ્યા કે હે દેવી, સાંભળો! આ ભરતક્ષેત્રના પ્રથમ તીર્થંકર ઋષભદેવનો આત્મા સ્વર્ગમાંથી તમારી કુંખે અવતર્યો છે, તેથી તમે 'રત્નકુંખધારિણી' બન્યા છો. તમે જોયેલા મંગલ સ્વપ્નો એમ સૂચવે છે કે આપણો પુત્ર મહાન ગુણસંપન્ન થશે. તે આ પ્રમાણે—

## ૧૬ સ્વપ્નનું ફળ

(૧) ગજ દેખનેસે દેવી તેરે પુત્ર ઉત્તમ હોયગા,
(૨) વર વૃષભ કા હૈ ફલ યહી વહ જગત્ગુરુ ભી હોયગા.
(૩) વહ સિંહદર્શનસે અપૂરવ શક્તિ ધારી હોયગા,
(૪) પુષ્પ ઉત્તમ માલસે વહ તીર્થકર્તા હોયગા.
(૫) કમલાન્હવનકા ફલ યહી સુરગિરિન્હવન સુરપતિ કરેં,
(૬) અર પૂર્ણશશિકે દેખનેસે જગતજન સબ સુખ ભરેં.
(૭) વર સૂર્યસે વહ હો પ્રતાપી, (૮) કુંભ—યુગલ સે નિધિપતિ,
(૯) સર દેખનેસે સુભગ લક્ષણધાર હોવે જિનપતિ.
(૧૦) યુગમીન ખેલત દેખનેસે હે પ્રિયે ચિત્ત ધર સુનો,
હોવે મહા આનંદમય વહ પુત્ર અનુપમ ગુણ ઘનો.
(૧૧) સાગર નીરખતે જગતકા ગુરુ સર્વજ્ઞાની હોયગા,
(૧૨) વર સિંહ—આસન દેખનેસે રાજ્યસ્વામી હોયગા.
(૧૩) અરુ સુરવિમાન સુફલ યહી વહ સ્વર્ગસે ચય હોયગા,
(૧૪) નાગેન્દ્રભવન વિલાસસે વહ અવધિજ્ઞાની હોયગા.
(૧૫) બહુ રત્નરાશિ દિખાવસે વહ ગુણ ખજાના હોયગા,
(૧૬) વર ધૂમરહિત જુ અગ્નિસે વહ કર્મધ્વંશક હોયગા.
વર વૃષભ મુખ પ્રવેશફલ શ્રી વૃષભ તુજ ઉર અવતરે,
હે દેવી! તું પુણ્યાતમા આનંદમંગલ નિત ભરે.

નાભિરાજાના શ્રીમુખથી આવું સ્વપ્નફળ સાંભળીને મરૂદેવીને ઘણો હર્ષ થયો. આ રીતે, આ ચોવીસીના ત્રીજા આરામાં (સુખમ-દુઃખમકાળમાં) જ્યારે ચોર્યાશીલાખ પૂર્વ ત્રણ વર્ષ આઠ માસ ને એક પક્ષ બાકી હતા ત્યારે, જેઠ વદ બીજના શુભ દિવસે, ઉત્તરાષાઢ નક્ષત્રમાં, વજ્રનાભિ—અહમિન્દ્રનું દેવલોકનું આયુષ્ય પૂર્ણ થતાં, સર્વાર્થસિદ્ધિ વિમાનમાંથી ચ્યવીને ઋષભતીર્થંકર મરૂદેવીમાતાના ગર્ભમાં અવતર્યા.

ભગવાનનું ગર્ભાવતરણ થતાં જ ઈન્દ્રલોકમાં ઘંટનાદ વગેરે અનેક મંગલ ચિહ્નો પ્રગટ્યા; તે ઉપરથી ભગવાનના ગર્ભકલ્યાણકનો પ્રસંગ જાણીને ઈન્દ્રાદિ દેવો ત્યાં આવ્યા, ને અયોધ્યાનગરીને પ્રદક્ષિણા દઈને, ભગવાનના માતા-પિતાને નમસ્કાર કર્યા. ક્યાંક વાજાં વાગતા હતા, ક્યાંક ગીત ગવાતા હતા, ક્યાંક નૃત્ય થતાં હતા; એમ મંગલ ઉત્સવ થયો. દિગ્કુમારી દેવીઓ અનેક પ્રકારે મરુદેવીમાતાની સેવા કરતી હતી, તથા વિવિધ ગોષ્ઠીવડે તેમને પ્રસન્ન રાખતી હતી. અને કહેતી હતી કે હે માતા!

ગર્ભસ્થ પુત્રદ્વારા આપે જગતનો સંતાપ નષ્ટ કર્યો છે તેથી આપ જગતને પાવન કરનારા જગતમાતા છો. હે માતા! આપનો તે પુત્ર જયવંત રહે કે જે જગતવિજેતા છે, સર્વજ્ઞ છે, તીર્થંકર છે, સજ્જનોનો આધાર છે ને કૃતકૃત્ય છે. હે કલ્યાણી માતા! આપનો તે પુત્ર સેંકડો કલ્યાણ દર્શાવીને, પુનરાગમન રહિત એવા મોક્ષસ્થાનને પ્રાપ્ત કરશે.

તે દેવીઓ અનેક પ્રકારે આનંદ-પ્રમોદ સહિત મરુદેવીમાતા સાથે પ્રશ્ન-ચર્ચા પણ કરતી હતી. મરુદેવી માતા સહજ બુદ્ધિથી એવા સુંદર ઉત્તર આપતા—જાણે કે તેમના ઉદરમાં રહેલા તીર્થંકર જ બોલતા હોય! કેવા સુંદર હતા તે પ્રશ્ન—ઉત્તર! તે આપણે વાંચીએ—

દેવી—હે માતા! જગતમાં ઉત્તમ રત્ન કયું છે?

માતા—સમ્યગ્દર્શન—રત્ન જગતમાં શ્રેષ્ઠ છે.

દેવી—જગતમાં કોનો અવતાર સફળ છે?

માતા—જે આત્માને સાધે તેનો અવતાર સફળ છે.

દેવી—હે માતા! જગતમાં કઈ સ્ત્રી ઉત્તમ છે?

માતા—તીર્થંકર જેવા પુત્રને જે જન્મ આપે તે; અને જે સમ્યગ્દર્શન પામીને સ્ત્રી પર્યાયનો છેદ કરે તે.

દેવી—હે માતા! જગતમાં બહેરો કોણ છે?

માતા—જિનવચનને જે નથી સાંભળતો તે.

દેવી—હે માતા! જલદી કરવા જેવું કાર્ય કયું?

માતા—મોહનો ત્યાગ ને મોક્ષની સાધના.

દેવી—હે માતા! કોને જીતવાથી ત્રણ જગત વશ થાય?

માતા—મોહને જીતવાથી ત્રણ જગત વશ થાય.

દેવી—જગતમાં કોની ઉપાસના કરવી?

માતા—પંચપરમેષ્ઠી ભગવાનની, અને તેમના જેવા પોતાના શુદ્ધાત્માની.

(તત્ત્વચર્ચામાં મરુદેવીમાતાજીના આનંદકારી જવાબ સાંભળીને દેવીઓને બહુ પ્રસન્નતા થાય છે; તેથી ફરી ફરીને નવા નવા પ્રશ્નને પૂછે છે—)

દેવી—દેવેન્દ્ર જેને પૂજે એવો ઉત્તમ પુરુષ કોણ?

માતા—'મારો પુત્ર'—અર્થાત્ તીર્થંકર ભગવાન.

દેવી—સંસારમાં જીવો કેમ દુઃખ પામે છે?

માતા—સુખથી ભરેલ આત્માનો અનુભવ કરતા નથી તેથી.

દેવી—હે માતા! 'પુરુષ' નામ ક્યારે સફળ થાય?

માતા—મોક્ષનો પુરુષાર્થ કરે ત્યારે.

દેવી—હે માતા! શેના વગરનો નર પશુસમાન છે?

માતા—ભેદજ્ઞાનરૂપ વિદ્યા વગરનો નર પશુસમાન છે.

દેવી—હે માતા! જગતમાં કયું કાર્ય ઉત્તમ છે?

માતા—આત્મધ્યાન તે જગતમાં ઉત્તમ કાર્ય છે.

દેવી—હે માતા! આપના ઉદરમાં કોણ બિરાજે છે?

માતા—જગત્‌ગુરુ ભગવાન વૃષભદેવ!

જ્ઞાનમય અને ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ એવા તીર્થંકરપુત્રને હું મારા ઉદરમાં ધારણ કરી રહી છું–એમ જાણીને તે માતા આનંદિત અને સંતુષ્ટ રહેતા હતા. જેમ રત્નોથી ભરેલી ભૂમિ અતિશય શોભે તેમ જેમના ગર્ભમાં તીર્થંકર જેવા રત્ન ભર્યા છે એવા તે માતા અતિશય શોભતા હતા; તેમને કોઈ પ્રકારનું કષ્ટ થતું ન હતું. ભગવાનનો કોઈ એવો પ્રભાવ હતો કે ગર્ભવૃદ્ધિ થવા છતાં માતાના શરીરમાં કોઈ વિકૃતિ થઈ ન હતી. જેમ સ્ફટિકમણિના ઘરમાં વચ્ચે દીવો શોભે, તેમ મરૂદેવી માતાના નિર્મળ ગર્ભગૃહમાં મતિ–શ્રુતિ–અવધિ એ ત્રણ જ્ઞાનરૂપી દીપકથી વિશુદ્ધ ભગવાન શોભતા હતા. ઈન્દ્રાણી પણ ગુપ્તરૂપે મરૂદેવી માતાની સેવા કરતી હતી ને, જગતના લોકો પણ તેને નમસ્કાર કરતા હતા. ઝાઝું શું કહેવું? ત્રણલોકમાં તે પ્રશંસનીય હતી; અને જગતના નાથ એવા ઋષભ તીર્થંકરની જનની હોવાથી તે આખા લોકની જનની હતી...ને જગતને આનંદ દેનારી હતી.

'માતા! દર્શન તારા રે જગતને આનંદ દેનારા...'

આ રીતે પ્રગટપણે અનેક મંગલને ધારણ કરનાર તથા દેવીઓ વડે પૂજ્ય એવા મરુદેવીમાતા પરમ સુખકારી તથા ત્રણ લોકમાં આશ્ચર્યકારી એવા ભગવાન ઋષભદેવરૂપી તેજસ્વી પુત્રને ધારણ કરતા હતા.

**(આ રીતે ઋષભદેવપ્રભુના ગર્ભકલ્યાણકનું વર્ણન પૂરું થયું.)**

## અયોધ્યાનગરીમાં ઋષભદેવ જન્મકલ્યાણક

સવા નવ મહિના બાદ, ફાગણ વદ નોમના સુપ્રભાતે, પૂર્વ દિશામાં જેમ સૂર્ય ઊગે તેમ મરૂદેવી માતાએ ભગવાન ઋષભદેવને જન્મ આપ્યો.




ત્રણ જ્ઞાનથી સુશોભિત ભગવાન જનમ્યા કે તરત ત્રણ લોકમાં આનંદ છવાઈ ગયો....પૃથ્વી આનંદથી ધણધણી ઊઠી ને સમુદ્ર આનંદતરંગથી ઊછળી રહ્યો; આકાશ નિર્મળ થયું, દશે દિશાઓ પ્રકાશિત બની; પ્રજાજનો હર્ષિત બન્યા ને

દેવોને પણ આશ્ચર્ય થયું. કલ્પવૃક્ષોમાંથી ફૂલ વરસવા લાગ્યા, સુગંધિત વાયુ વહેવા લાગ્યો...ઈન્દ્રના ઈન્દ્રાસન પણ કંપી ઊઠ્યા! સ્વર્ગના વાજાં ઘંટ અને શંખ એની મેળે વાગવા માડ્યાં. ભગવાન ઋષભદેવના અવતારથી સર્વત્ર આનંદ–આનંદ છવાઈ ગયો.




સિંહાસન કમ્પાયમાન થવાથી ઈન્દ્રે અવધિજ્ઞાન વડે જાણી લીધું કે અયોધ્યાનગરીમાં ભવ્ય જીવોને વિકસિત કરનાર તીર્થંકરદેવનો અવતાર થઈ ચૂક્યો છે; તરત સિંહાસન ઉપરથી નીચે ઊતરીને ઈન્દ્રે એ તીર્થંકરને નમસ્કાર કર્યા અને તેમનો જન્મોત્સવ ઊજવવા માટે ઐરાવત હાથી ઉપર બેસીને ઠાઠમાઠથી અયોધ્યાપુરી આવ્યા. માતાજીના મહેલમાં જઈને ઈન્દ્રાણીએ અત્યંત પ્રેમથી ઋષભકુમારના તથા જિનમાતા મરૂદેવીનાં દર્શન કર્યા અને પ્રદક્ષિણા દઈને સ્તુતિ કરવા લાગીઃ હે માતા! આપ મંગલરૂપ છો, પુણ્યવાન છો, મહાન દેવી છો, અને ત્રણ લોકનું કલ્યાણ કરનારા છો.



પછી ઈન્દ્રજાળ વડે માતાને ઊંઘાડી દીધા, અને વિક્રિયા વડે બીજું દૈવી બાળક તેની પાસે રાખીને જિનકુમારને તેડી લીધા. અહો, ચૂડામણિ રત્નસમાન એ જગતગુરુ- જિનબાલકને પોતાના બે હાથમાં તેડતાં તે ઈન્દ્રાણીને પરમ આનંદ થયો; ઉત્કૃષ્ટ પ્રીતિપૂર્વક તે વારંવાર બાળકનું મુખ દેખતી હતી. વારંવાર તેના શરીરનો સ્પર્શ કરતી હતી, ને વારંવાર તેને સૂંઘતી હતી. અત્યંત દુર્લભ એવા ભગવાનના સ્પર્શને પામવાથી જાણે કે ત્રણ લોકનો વૈભવ મળી ગયો હોય–એમ તે પ્રસન્નતા અનુભવતી હતી. આમ આનંદપૂર્વક ભગવાનને લઈને ઈન્દ્રાણી જતી હતી ત્યારે ત્રણલોકમાં મંગળ કરનારા એવા તે જિનભગવાનની આગળ-આગળ દિગ્કુમારી દેવીઓ અષ્ટમંગળ સહિત ચાલતી હતી. ઐરાવત હાથી પાસે આવીને ઈન્દ્રાણીએ તે જિનબાલક ઈન્દ્રના હાથમાં આપ્યા, ને ઈન્દ્ર અતિશય હર્ષપૂર્વક પુલકિત નયને તેમનું સુંદર રૂપ દેખવા લાગ્યો, તથા સ્તુતિ કરવા લાગ્યો કે હે દેવ! આપ કેવળજ્ઞાનસૂર્યને ઉત્પન્ન કરનારા ઉદયાચલ છો; અજ્ઞાન અંધકારમાં ડૂબેલું આ જગત આપના દ્વારા જ્ઞાનપ્રકાશ

પામશે. આપ ગુરુઓના પણ ગુરુ છો; ગુણોના સમુદ્ર છો, તેથી આપને નમસ્કાર હો. ભગવાન! આપ ત્રણ જગતને જાણનારા છો તેથી આપની પાસેથી જ્ઞાનપ્રાપ્તિની ઈચ્છાથી અમે આપના ચરણકમળને ઘણા આદરપૂર્વક અમારા મસ્તક ઉપર ધારણ કરીએ છીએ. આમ સ્તુતિ કરીને પછી ઐરાવત હાથી ઉપર પ્રભુની સવારી લઈને દેવો જયજયકારપૂર્વક મેરૂપર્વત તરફ ચાલ્યા. ત્યારે દેવોનાં સાડા બાર કરોડ મંગલ વાજાં વાગતા હતા ને કરોડો અપ્સરા દેવીઓ ભક્તિથી નૃત્ય કરતી હતી.

ઐરાવત હાથી ઉપર બેઠેલા સૌધર્મ ઈન્દ્રે ભગવાનને ગોદમાં લીધા હતા, ઈશાન ઈન્દ્રે ભક્તિથી છત્ર ધર્યું હતું ને સનત્કુમાર તથા માહેન્દ્ર એ બે ઈન્દ્રો ભક્તિથી ચામર ઢાળતા હતા. ઈન્દ્રોની આવી ભક્તિ, અને આવી જિનવિભૂતિ દેખીને ઘણા મિથ્યાદ્રષ્ટિ દેવો પણ સમ્યક્ જૈનમાર્ગના શ્રદ્ધાળુ બન્યા હતા.



આ પ્રમાણે ભગવાનના જન્માભિષેકની સવારી સૂર્ય–ચંદ્રથી પણ ઘણે ઊંચે ૯૯૦૦૦ યોજન ઊંચા મેરુપર્વત પર આવી પહોંચી. જંબૂદ્વીપના મુકુટસમાન આ મેરુપર્વત સોનાનો છે, ને તીર્થંકર ભગવાનના અભિષેકને લીધે પવિત્ર તીર્થરૂપ છે, તેથી સૂર્ય–ચંદ્ર વગેરે જ્યોતિષી દેવોના વિમાનો સદા તેની પ્રદક્ષિણા કરે છે. ઋદ્ધિધારક મુનિવરો ત્યાં જઈને ધ્યાન ધરે છે. તેના ઉપર પહેલાં ભદ્રશાલવન છે, પછી નંદનવન છે, પછી સોમવન છે, ને પછી પાંડુકવન છે. ચારેય વનમાં ચારે દિશામાં મણિરત્નોથી શોભિત એકેક જિનમંદિર છે; પાંડુકવનમાં ચારે દિશામાં સ્ફટિકમણિની પાંડુકશિલા છે, તેના ઉપર તીર્થંકરોનો જન્માભિષેક થાય છે, તેથી તે શિલા અત્યંત પવિત્ર ને સિદ્ધશિલા જેવી શોભાયમાન છે. દેવો સદા તેની પૂજા કરે છે. તેના ઉપર શ્રેષ્ઠ સિંહાસન છે. સુમેરુપર્વતની પ્રદક્ષિણા કરીને ઈન્દ્રે હર્ષપૂર્વક બાળતીર્થંકરને પાંડુક શિલા પર બિરાજમાન કર્યા; ત્યારે જાણે કે જિનેન્દ્રદેવની માતા હોય એમ તે પાંડુક શિલા શોભી ઊઠી. જિનેન્દ્ર ભગવાનના જન્મકલ્યાણકનો વૈભવ દેખવા માટે ચારે બાજુ દેવો બેસી ગયા. જાણે કે બધા દેવો સ્વર્ગ ખાલી કરીને આ મેરૂપર્વત ઉપર આવી ગયા હોય એમ મેરુપર્વત સ્વર્ગસમાન શોભતો હતો. ત્યાં ઈન્દ્રોએ એવો દિવ્યમંડપ રચ્યો હતો કે જેમાં ત્રણ લોકના બધા જીવો બેસે તોપણ સંકડાશ ન પડે. ચારે બાજુ દેવોનાં દુન્દુભી વાજાં વાગતા હતા.

આવા આનંદકારી વાતાવરણ વચ્ચે ઈન્દ્રોએ સોનાનાં મોટામોટા કળશવડે, ઋષભતીર્થંકરનો જન્માભિષેક શરૂ કર્યો. ક્ષીરસમુદ્રમાંથી કળશ ભરી ભરીને દેવો એકબીજાના હાથમાં આપતા હતા, તે એક સાથે ઘણા કળશ લેવા માટે ઈન્દ્રે વિક્રિયાબળથી પોતાના એક હજાર હાથ બનાવી દીધા હતા. હજારહજાર હાથવાળા સૌધર્મઈન્દ્રે જયજયકારપૂર્વક જ્યારે જિનેન્દ્રભગવાનના મસ્તક ઉપર પહેલી જલધારા છોડી ત્યારે બીજા કરોડો દેવો પણ આનંદિત થઈને જયજયકારપૂર્વક મોટો કોલાહલ કરવા

લાગ્યા. અહા, એ જિન–અભિષેકના મહિમાની શી વાત! જોકે ગંગા અને સિંધુ નદીના મોટા ધોધ જેવી જલધારા મસ્તક પર પડતી હતી તોપણ તે બાલ–તીર્થંકર મેરુ જેવા સ્થિર હતા ને પોતાના અદ્‌ભુત મહાત્મ્યવડે લીલા માત્રમાં તે જલધારા ઝીલતા હતા. ભગવાન તો સ્વયં પવિત્ર જ હતા, ને પોતાના પાવન અંગના સ્પર્શ વડે તેમણે તે પાણીને પણ પવિત્ર કરી દીધું હતું; તથા તે પાણીએ સમસ્ત દિશામાં ફેલાઈને આખા જગતને પવિત્ર કરી દીધું હતું. તે પાણીનાં રજકણો ઊંચે ઊડવાથી, તેના સ્પર્શ વડે પ્રસન્ન થઈને આકાશ પણ જાણે હસતું હોય તેવું શોભતું હતું. એ વખતે મેરુની શોભા દેવોને પણ એવી અભૂતપૂર્વ લાગતી હતી–જાણે કે પૂર્વે કદી જોઈ ન હોય! કલકલ કરતો અભિષેકજળનો પ્રવાહ અમૃત સમાન શોભતો હતો ને ભગવાનનો યશ ગાતો હોય એવો લાગતો હતો. ભગવાનના જન્માભિષેકથી આખી પૃથ્વી સંતુષ્ઠ થઈ ગઈ હતી, આખા દેશમાં કોઈ ઉપદ્રવ ન હતો, સમસ્ત પ્રજા કલ્યાણરૂપ હતી. અહા, એ તીર્થંકરના અભિષેકે જગતના પ્રાણીઓનું કોઈ કલ્યાણ બાકી રાખ્યું ન હતું. અનેક ચારણઋદ્ધિધારી મુનિવરો આદરપૂર્વક એકાગ્રચિત્તે એ જિનેન્દ્ર જન્મોત્સવ નીહાળતા હતા; વિદ્યાધરો આશ્ચર્યથી જોતા હતા. દેવો આનંદિત થઈને જન્મકલ્યાણક સંબંધી અનેક નાટક કરતા હતા...દુદુંભી વાજાં વાગતા હતા; સુગંધી ગંધોદકને દેવો ભક્તિથી મસ્તકે ચઢાવતા હતા... ને સર્વત્ર જિનમહિમાની ચર્ચા ચાલતી હતી.

અભિષેક બાદ ઈન્દ્રોએ જિનભગવાનનું પૂજન કર્યું; ને જન્માભિષેકની વિધિસમાપ્ત કરી. ભગવાન મેરુપર્વત ઉપર ચૂડામણિરત્ન સમાન શોભતા હતા. ઈન્દ્ર તો જેમનો અભિષેક કરનાર હતો, મેરુપર્વત જેવું ઊંચું સ્થાન જેમના સ્નાનનું આસન હતું, ઈંદ્રાણી જ્યાં આનંદથી નાચતી હતી, દેવો જ્યાં દાસ હતા, અને ક્ષીરસમુદ્ર જેમના સ્નાન માટેના પાણીનો હાંડો હતો,–આવા અતિશય પ્રશંસનીય પવિત્ર આત્મા ભગવાન ઋષભદેવ સમસ્ત જગતને પવિત્ર કરો...સદા જયવંત હો.

**(આ રીતે ઋષભદેવતીર્થંકરના જન્માભિષેકનું વર્ણન પૂરું થયું.)**

અભિષેક પછી ઈન્દ્રાણીએ ભગવાનના શરીરને ઉત્તમ વસ્ત્રદ્વારા લૂછ્યું ને અત્યંત હર્ષપૂર્વક સ્વર્ગમાંથી લાવેલા વસ્ત્રાભૂષણો જગત્‌ગુરુ ભગવાન ઋષભકુમારને પહેરાવ્યા, અને ઘણા આદર પૂર્વક ભગવાનના લલાટ પર તિલક કર્યું. પરંતુ જગતના તિલકસ્વરૂપ એવા ભગવાનની શોભા શું તે તિલક વડે હતી?–નહીં! ઊલ્ટું તે તિલક ભગવાનને લીધે શોભતું હતું. જગતના મુગટસ્વરૂપ એવા ભગવાનને મુગટ વગેરે અનેક દૈવી આભૂષણો ઈન્દ્રાણીએ પહેરાવ્યાં. ભગવાનના કાન વગર વિંધ્યે જ છિદ્રવાળા હતાં, તેમાં ઈન્દ્રાણીએ ઉત્તમ મણિમય કુંડલ પહેરાવ્યાં.


એ પ્રમાણે વસ્ત્રાલંકારથી શોભિત ભગવાનના અદ્‌ભુત રૂપને દેખીને સ્વયં ઈન્દ્રાણીને પણ મહાન આશ્ચર્ય થયું. ઈન્દ્ર પણ આશ્ચર્યથી ભગવાનનું રૂપ જોવા લાગ્યો, પરંતુ બે આંખોવડે તેને સન્તોષ ન થયો તેથી એક હજાર આંખો બનાવીને તે ભગવાનનું રૂપ જોવા લાગ્યો. અને પછી તે ઈન્દ્રાદિ દેવો તીર્થંકર ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા : હે દેવ! અમને પરમ આનંદ દેવા માટે આપનો અવતાર છે. આપનાં વચનકિરણોવડે અમારા અંતરનો અજ્ઞાનઅંધકાર નષ્ટ થાય છે. પ્રભો! આપ દેવોમાં આદિ દેવ છો, આપ ત્રણ જગતના આદિ ગુરુ છો, આપ આદિ વિધાતા (મોક્ષની વિધિના સમજાવનાર) છો, અને આપ ધર્મના આદિનાયક છો. આપ જ જગતના પિતા છો. પ્રભો, આપ તો પવિત્ર જ છો, પરંતુ પાપથી

મલિન એવું આ જગત આપના જન્માભિષેક વડે પવિત્ર થયું છે, તેમજ આ મેરુપર્વત ને ક્ષીરસમુદ્ર પણ પાવન થયા છે. હે નાથ! પરબ્રહ્મ—પરમાત્મા નજરે ન દેખાય એમ કોઈ કહે છે તે જૂઠ છે, કેમ કે પરમ જ્યોતિસ્વરૂપ પરમાત્મા એવા આપ આજ અમને પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થઈ રહ્યા છો.


હે ભગવાન! આપનો આત્મા પવિત્ર છે તેથી આપને નમસ્કાર હો.
આપનાં ગુણો સર્વત્ર પ્રસિદ્ધ છે તેથી આપને નમસ્કારહો.
આપ જન્મ—મરણનો નાશ કરનારા છો તેથી આપને નમસ્કાર હો.
આપ ત્રણ જગતના પરમેશ્વર છો તેથી આપને નમસ્કાર હો.

પ્રભો, આપ પૃથ્વી જેવા ક્ષમાવંત છો; જલસમાન સૌને આહ્લાદિત કરનારા છે, વાયુ જેવા નિષ્પરિગ્રહી છો; અગ્નિની જેમ આપનું ધ્યાન—તેજ સદા પ્રદીપ્ત છે, તથા આકાશની જેમ આપ સદા નિર્વિકારી છો. (મેરુ ઉપર ઈન્દ્ર, ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી રહ્યો છે—)

"હે પ્રભો!—પૂર્વે દશમા ભવે મહાબલ રાજાની પર્યાયમાં આપે આત્મામાં જૈનધર્મના સંસ્કારનાં બીજ રોપ્યા; પછી તેનું સીંચન કરતાં-કરતાં ચોથા ભવે ભોગભૂમિમાં આપ સમ્યગ્દર્શન પામ્યા, ને પછી તેમાં વૃદ્ધિગત થતાં થતાં દશમાભવે આપ પરમાત્મા બન્યા; તે દશ અવતારનું સ્મરણ કરતાં આત્મસાધનાના ભાવો જાગે છે. (એ દશે અવતારનાં નામોને વર્તમાનમાં લાગુ કરીને ઈન્દ્ર સ્તુતિ કરે છે—)



૧. મહાન બળના ધારક હોવાથી આપ 'महाबल' છો.
૨. લલિત-અંગના ધારક હોવાથી આપ 'ललितांग' છો.
૩. ધર્મતીર્થ પ્રવર્તાવવામાં આપ મજબૂત 'वज्रजंघ' છો.
૪. આપ સુવિશુદ્ધ-પૂજ્ય હોવાથી 'आर्य' છો.
૫. દિવ્ય શ્રી અર્થાત્ શોભાના ધારક આપ 'श्रीधर' છો.
૬. ઉત્તમ ભાગ્યવાળા હોવાથી આપ 'सुविधि' છો.
૭. અવિનાશી પદના સ્વામી હોવાથી આપ 'अच्युतेन्द्र' છો.
૮. વજ્ર જેવી નાભિના ધારક આપ 'वज्रनाभि' છો.
૯. સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી આપ 'सर्वार्थसिद्ध' છો.
૧૦. દશ અવતારમાં અંતિમ અવતાર પ્રાપ્ત આપ 'ऋषभदेव' છો.



આ પ્રમાણે ભગવાનની સ્તુતિ કરતાં કરતાં તેમનાં દશ અવતાર પણ બતાવી દીધા. સ્તુતિ કરીને પછી ભગવાનને ઐરાવત હાથી ઉપર બિરાજમાન કરીને ઈન્દ્રો આનંદપૂર્વક અયોધ્યા આવ્યા.

## અયોધ્યામેં ઉત્સવ કિનો.... ઘર ઘર મંગલાચારજી....

ભગવાનની સવારી લઈને ઈન્દ્ર અયોધ્યા આવ્યો અને બાલપ્રભુને નાભિરાજાના મહેલમાં સિંહાસન પર બિરાજમાન કર્યા તે પ્રિયદર્શન ભગવાનને દેખીને નાભિરાજાનું શરીર હર્ષથી રોમાંચિત થયું; ને માયામયી નિદ્રા દૂર થતાં માતા મરૂદેવી પણ હર્ષપૂર્વક ભગવાનને દેખવા લાગ્યા. ત્યાર બાદ માતા-પિતાએ પ્રસન્નચિત્તથી ઈન્દ્ર-ઈન્દ્રાણી સામે જોયું; ઈન્દ્ર-ઈન્દ્રાણીએ મહામૂલ્ય આભૂષણો અર્પણ કરીને માતાપિતાનું સન્માન કર્યું. તથા સ્તુતિ કરી કે આપ મહાન ધન્ય છો, લોકમાં સૌથી શ્રેષ્ઠ પુત્ર આપને ત્યાં અવતર્યો છે. આપ જગતના ગુરુના પણ ગુરુ (માતા-પિતા) છો, આપ અનેક કલ્યાણને પ્રાપ્ત કરનારા છો. આપનો મહેલ આજે જિનાલય સમાન પૂજ્ય છે, કેમકે તેમાં સાક્ષાત જિન બિરાજે છે.

સ્તુતિ કર્યા બાદ ઈન્દ્રે મેરુ ઉપર કરેલા જન્માભિષેક—ઉત્સવનું ઉત્તમ વર્ણન કર્યું; તે સાંભળીને માતા-પિતાને પરમ હર્ષ ને આશ્ચર્ય થયું, તેમણે નગરજનોની સાથે મહાન વિભૂતિ સહિત અયોધ્યાપુરીમાં ફરીને ભગવાનનો જન્મોત્સવ કર્યો. તે વખતે અયોધ્યાનગરી સ્વર્ગપુરી સમાન શોભતી હતી, આખા જગતને આનંદિત કરનારો ઉત્સવ અયોધ્યાપુરીમાં થયો. નગરજનોનો આનંદ દેખીને ઈન્દ્રે પણ આનંદ નામના નાટક વડે પોતાનો આનંદ પ્રગટ કર્યો, ને અદ્‌ભુત તાંડવનૃત્ય કર્યું. નાટકદ્વારા ભગવાનના મહાબલ વગેરે દશ ભવ તથા ગર્ભકલ્યાણક અને જન્મકલ્યાણકનાં દૃશ્યો દેખાડ્યા; એ વખતે ગંભીર શબ્દોથી એક સાથે કરોડો વાજાં વાગતાં હતા....ને ઈન્દ્ર હજાર હાથ તથા હજાર નેત્ર બનાવીને આનંદનૃત્ય કરતો હતો, તેની આંગળી ઉપર દેવીઓ નાચતી હતી. ઈન્દ્રનું આશ્ચર્યકારી નૃત્ય જોઈને મહારાજા અને મહાદેવી ચકિત થયા. ઈન્દ્રોએ જગતમાં શ્રેષ્ઠ એવા ભગવાનનું **'વૃષભદેવ'** નામ રાખ્યું. વૃષ એટલે ઉત્તમધર્મ, તેના વડે (ભાતિ) શોભાયમાન હોવાથી તીર્થંકર ભગવાનને ઈન્દ્રે 'વૃષભસ્વામી' કહ્યા; અથવા ભગવાનને 'પુરુદેવ' નામથી પણ સંબોધ્યા. પછી અનેક દેવકુમારોને તથા દેવીઓને ભગવાનની સેવામાં રાખીને ઈન્દ્રો પોતપોતાના સ્વર્ગમાં ગયા. પ્રભુના ચરણમાં 'વૃષભ' લંછન હતું.

## ભગવાન ઋષભકુમારની બાલચેષ્ટા

ભગવાન ઋષભદેવની બાલચેષ્ટાઓ આશ્ચર્યકારી હતી; તેઓ મંદ મંદ હાસ્ય વડે માતા-પિતાના હર્ષને વધારતા હતા. ચંદ્રમા સમાન વૃદ્ધિગત તેમની ઉજ્જ્વળ બાલ્યાવસ્થા જગતને આનંદ દેનારી હતી. ક્રમે ક્રમે ભગવાનને વાણી પ્રગટી અને ધીમે ધીમે પા-પા પગલી ભરવા લાગ્યા....ને સૌનો આનંદ વધારવા લાગ્યા. નાનકડા ભગવાન દેવબાલકોની સાથે રત્નોની ધૂળમાં રમતા હતા, ને માતા-પિતાને તથા પ્રજાજનોને આહ્લાદ પમાડતા હતા.

ધીમે ધીમે બાલ્યાવસ્થા વીતી ને ભગવાન કુમાર થયા. મહાપ્રતાપી ભગવાનનું શરીર કુમારઅવસ્થામાં ઘણી જ શોભાથી ખીલી ઊઠ્યું ને ગુણોમાં પણ વૃદ્ધિ થવા લાગી. તે વખતે તેમનું મનોહર શરીર, મધુરી બોલી, મીઠી નજર અને મલકતા મુખની વાતચીત—એ બધુંય સંસારની પ્રીતિને ભૂલાવી દેતું હતું ને ભગવાન પ્રત્યે પરમ પ્રીતિ ઉપજાવતું હતું.

મતિ—શ્રુત—અવધિ એ ત્રણ જ્ઞાન સહિત ભગવાન અવતર્યા હતા. પૂર્વભવના સંસ્કારને લીધે કોઈના શીખવ્યા વગર જ તેઓ બધી વિદ્યા જાણતા હતા. ક્ષાયિકસમ્યગ્દર્શન વડે તેમનું ચિત્ત નિર્મલ હતું, ને તેમને સ્વભાવથી જ શાસ્ત્રજ્ઞાન હતું; તે શાસ્ત્રજ્ઞાનને લીધે તેમના પરિણામ બહુ જ શાન્ત રહેતા હતા, ને તેમની ચેષ્ટાઓ જગતનું હિત કરનારી હતી. જેમ જેમ તેમનું શરીર અને ગુણો વધતા જતા હતા તેમ તેમ લોકોનો હર્ષ પણ વધતો જતો હતો. એ રીતે જગતના આનંદને વધારતા વધારતા તે ભગવાન વૃદ્ધિને પામતા હતા. પૂર્વસંસ્કારથી પ્રાપ્ત અનેક પ્રકારની વિદ્યાઓ (લિપિવિદ્યા, ગણિતવિદ્યા વગેરે) તથા કળાઓ (સંગીત—ચિત્રકળા વગેરે) તેઓ બીજાને શીખવતા હતા. ક્યારેક મોર, પોપટ, હંસ કૂકડો કે હાથીના બચ્ચાનું રૂપ ધારણ કરનારા દેવકુમારોની સાથે આનંદથી ક્રિડા કરતા હતા; ક્યારેક દેવીઓએ પૂરેલી રત્નોની રંગોળીને આનંદથી દેખતા હતા; ક્યારેક પોતાના દર્શન માટે આવેલા પ્રજાજનો સાથે મધુર હાસ્ય સહિત સંભાષણ કરીને તેમને આનંદિત કરતા હતા; એ પ્રમાણે ઋષભકુંવર સુખપૂર્વક રહેતા હતા, ને દરરોજ ઈન્દ્ર દ્વારા મોકલાવેલા શ્રેષ્ઠ વસ્ત્રાભૂષણ વગેરે ભોગોનો ઉપભોગ કરતા હતા.

## ઋષભકુમારના વિવાહ અને ભરત વગેરે ૧૦૧ પુત્રો

ઋષભકુમાર યુવાન થયા, તેમનું રૂપ અતિશય શોભી ઊઠ્યું; તેમનું લોહી દૂધ જેવું સફેદ હતું; તેમના શરીરમાં મેલ કે પરસેવો ન હતો; વિષ કે શસ્ત્રથી તે અભેદ્ય હતું, પરમઔદારિક હતું ને મોક્ષનું કારણ હતું. ભગવાનના શરીર પર સ્વસ્તિક, કમળ, સમુદ્ર, હાથી, સિંહ, સૂર્ય, ચંદ્ર, રત્નદ્વીપ, વૃષભ, જંબુદ્વીપ, આઠ પ્રાતિહાર્ય, આઠ મંગલદ્રવ્ય વગેરે ૧૦૦૮ સુલક્ષણો શોભતા હતા. રાગ-દ્વેષરહિત ભગવાનના ચિત્તમાં ચંચળ લક્ષ્મી પ્રત્યે બહુ થોડો જ પ્રેમ હતો.

ભગવાનની યુવાવસ્થા દેખીને નાભિરાજા એક દિવસ વિચારવા લાગ્યા કે—આ ઋષભદેવના ચિત્તને હરણ કરે એવી સુંદર સ્ત્રી ક્યાંથી હોય? અને કદાચિત એવી સુંદર સ્ત્રી મળે તોપણ તેમને વિષયરાગ અત્યન્ત મંદ હોવાથી તેમના વિવાહ કરવાનું ઘણું મુશ્કેલ છે. વળી બીજી વાત એ છે કે, ધર્મતીર્થની પ્રવૃત્તિ કરવા માટે તેમનો મહાન ઉદ્યમ છે એટલે તેઓ જરૂર સંસારબંધન તોડીને મસ્ત

હાથીની જેમ વનમાં જશે ને દીક્ષા ધારણ કરશે. તોપણ, તેમનો દીક્ષાકાળ આવ્યા પહેલાં તેમને માટે યોગ્ય સ્ત્રીનો વિચાર કરવો જોઈએ.

—આમ વિચારી, ભગવાન પાસે જઈને નાભિરાજા કહેવા લાગ્યા—હે દેવ! આપ તો જગતના અધિપતિ અને સ્વયંભૂ છો; આપની ઉત્પત્તિમાં અમે માતા-પિતા છીએ એ તો કેવળ લોકવ્યવહાર છે. મારી અભ્યર્થના છે કે આપ સંસારસૃષ્ટિમાં પણ આપનું ચિત્ત લગાવો, ને કોઈ શ્રેષ્ઠ કન્યા સાથે વિવાહ માટે સંમતિ આપો. જો આપ મને કોઈ પણ પ્રકારે ગુરુ (મોટા) માનતા હો તો મારા આ વચનનું ઉલ્લંઘન કરવું ન જોઈએ.

—આમ કહીને નાભિરાજા ચૂપ રહ્યા, ત્યારે ભગવાને સહેજ હસતાં હસતાં 'ૐ' કહીને તે વાતનો સ્વીકાર કર્યો. નાભિરાજાએ અત્યંત હર્ષપૂર્વક ઇન્દ્રની સલાહ લઈને કચ્છ અને મહાકચ્છ રાજાની બે બહેનો યશસ્વતી અને સુનંદા સાથે ઋષભકુમારના વિવાહનો ઉત્સવ કર્યો. દેવોએ પણ પ્રસન્નતાથી તે ઉત્સવમાં ભાગ લીધો. પુત્રવધુઓને દેખીને નાભિરાજા અને મરૂદેવી એકદમ પ્રસન્ન થયા. ભગવાન ઋષભકુમારમાં કામદેવ જો કે અતિશય ભગ્ન થઈ ગયો હતો છતાં ગુપ્તરૂપે તે પોતાનો સંચાર કરતો હતો. તેથી બંને રાણીઓ સાથે ભોગોપભોગમાં ઘણો કાળ વીત્યો.

એક રાત્રે યશસ્વતી મહાદેવીએ સ્વપ્નમાં કોળિયો થઈ ગયેલી પૃથ્વી, મેરૂપર્વત, સૂર્ય, ચંદ્ર, હંસયુક્ત સરોવર તથા તરંગવાળો સમુદ્ર દેખ્યો. ભગવાને અવધિજ્ઞાનરૂપી દિવ્યચક્ષુવડે તે ઉત્તમ સ્વપ્નોનું ફળ જાણીને કહ્યું—હે દેવી! તને મહા પ્રતાપી ચક્રવર્તી—પુત્ર થશે; અને તરંગવાળો સમુદ્ર એમ સૂચવે છે કે તે પુત્ર ચરમશરીરી થઈને સંસારસમુદ્રને પાર કરશે. તથા ઈક્ષ્વાકુવંશને આનંદ દેનારા તારા એકસો પુત્રોમાં તે સૌથી મોટો હશે. પતિના મુખથી સ્વપ્નનું ઉત્તમ ફળ જાણીને યશસ્વતી દેવીને ઘણો હર્ષ થયો.

પૂર્વે જે અતિગૃદ્ધ—રાજા હતો, પછી સિંહ થઈને સંથારો કરી સ્વર્ગે ગયો, પછી ઋષભદેવની વજ્રજંઘ—પર્યાય વખતે તેમનો મતિવર નામનો મંત્રી થયો—જે આહારદાન વખતે સાથે હતો, પછી દેવ થયો, પછી સુબાહુ થયો, પછી સર્વાર્થ સિદ્ધિમાં ગયો, તે જીવ ત્યાંથી ચ્યુત થઈને યશસ્વતીદેવીની કૂંખે ઋષભદેવના પુત્ર તરીકે અવતર્યો; ભરતચક્રવર્તી જેવા તે વીર પુત્રને ધારણ કરનારી માતા ચકચકતી તલવારરૂપી દર્પણમાં પોતાના મુખની કાન્તિ જોતી હતી, ને રત્નોથી ભરેલી ભૂમિસમાન શોભતી હતી. જે દિવસે ભગવાન ઋષભદેવ જન્મ્યા હતા, બરાબર તે જ દિવસે (ફાગણ વદ નોમના ઉત્તમ દિવસે) યશસ્વતીદેવીએ ભરત ચક્રવર્તીને જન્મ આપ્યો. જન્મતાંવેંત તેણે બે હાથ વડે પૃથ્વીને આલિંગન કર્યું, તેથી નિમિત્તજ્ઞાનીઓએ કહ્યું કે તે સમસ્ત પૃથ્વીનો અધિપતિ ચક્રવર્તી થશે. આવા પુત્રજન્મથી તેના દાદા—નાભિરાય તથા દાદીમા—મરૂદેવી પરમહર્ષ પામ્યા; સૌભાગ્યવતી સ્ત્રીઓ દેવી યશસ્વતીને શુભઆશીષ દેવા લાગી કે 'તું આવા સો પુત્રની માતા હો.' એ વખતે કરોડો દાંડીવડે આનંદના મોટામોટા નગારા મેઘની જેમ ગાજતા હતા, અનેક વાજાં વાગતા હતા. આકાશમાં દેવ—દેવીઓનાં 'જય હો....જય હો, ચિરંજીવ રહો' એવા શબ્દો ગૂંજતા હતા. રાજમહેલમાં રત્નોની રંગાવલી અને સુવર્ણના કળશ શોભતા હતા. આખી અયોધ્યાનગરીમાં ઉત્સવ થતો હતો. ઋષભદેવે ઘણું દાન દીધું હતું; ને ભરતક્ષેત્રના અધિપતિ થનાર તે પુત્રને 'ભરત' એવા નામથી બોલાવ્યો હતો. ઈતિહાસકારો કહે છે કે

હિમવન્ પર્વતથી માંડીને સમુદ્ર સુધીનું ચક્રવર્તીનું ક્ષેત્ર તે 'ભરત'ના નામ ઉપરથી 'ભારતવર્ષ' કહેવાયું. વિધિના જાણનાર મહારાજ ઋષભદેવે પોતે તે પુત્રને અબોટિયું તથા મુંડન વગેરે સંસ્કારો કર્યા હતા. તે ભરતની ચેષ્ટાઓ તેના પિતા ઋષભદેવ જેવી જ હતી. તેની હથેળી, ચક્ર વગેરે શુભ ચિહ્નોથી શોભતી હતી. તેના પગમાં પણ ચક્ર, છત્ર, તલવાર વગેરે ૧૪ રત્નોનાં ચિહ્ન હતાં, જાણે કે અત્યારથી એ ૧૪ રત્નો તેની સેવા કરતાં હોય! તે ચરમશરીરી હતો. ચક્રવર્તીના ક્ષેત્રમાં (છ ખંડમાં) રહેનારા બધા મનુષ્યો અને દેવોનું જેટલું બળ થાય તેના કરતા અનેકગણું વધારે બળ તે ચક્રવર્તીની ભૂજાઓમાં હતું. તેનો આકાર અને સ્વભાવ બંને સુંદર હતા. તે એક દિવ્ય મનુષ્ય હતો ને તેની ચેષ્ટાઓ અદ્‌ભુત હતી. વિશિષ્ટ પુણ્યને લીધે તેને આવી લોકોત્તર સંપદા મળી હતી. જેમને અરિહંતપદની લક્ષ્મી પ્રાપ્ત થવાની છે એવા ભગવાન ઋષભદેવ, ભરતના આનંદકારી મુખને દેખતા હતા; ને જ્યારે મધુર વચન સહિત પ્રણામ કરીને તે બેઠો થાય ત્યારે વારંવાર આલિંગન કરીને તેને પોતાની ગોદમાં બેસાડતા હતા.

પૂર્વભવના બીજા સાથીદારો પણ સર્વાર્થસિદ્ધિમાંથી ભગવાન ઋષભદેવના પુત્ર તરીકે યશસ્વતીની કૂંખે અવતર્યા.

ભગવાનની વજ્રજંઘપર્યાયમાં જે અકંપન સેનાપતિ હતો (ને વજ્રનાભિ પર્યાયમાં પીઠ નામનો ભાઈ હતો) તે વૃષભસેન નામનો પુત્ર થયો.

જે ધનમિત્ર શેઠ (મહાપીઠ નામનો ભાઈ) હતો તે અનંતવિજય નામનો પુત્ર થયો.

સિંહનો જીવ (વિજય નામનો ભાઈ) હતો તે અનંતવીર્ય નામનો પુત્ર થયો.

ભૂંડનો જીવ (વૈજયન્ત નામનો ભાઈ) હતો તે અચ્યુત નામનો પુત્ર થયો.

વાંદરાનો જીવ (જયન્ત નામનો ભાઈ) હતો તે વીર નામનો પુત્ર થયો.

નોળિયાનો જીવ (અપરાજિત નામનો ભાઈ) હતો તે વરવીર નામનો પુત્ર થયો.

તે ઉપરાંત બ્રાહ્મી નામની એક પુત્રી થઈ.

આનંદપુરોહિતનો જીવ, જે પૂર્વ ભવમાં મહાબાહુ નામનો ભાઈ હતો, તે સર્વાર્થસિદ્ધિમાંથી ચ્યવીને સુનંદારાણીને કૂંખે બાહુબલી નામનો પુત્ર થયો; તથા વજ્રજંઘપર્યાય વખતે જે અનુંધરી નામની બહેન હતી તે અહીં સુંદરી નામની પુત્રી થઈ.

એ પ્રમાણે ભગવાન ઋષભદેવને કુલ ૧૦૧ પુત્રો થયા. તે બધાય મહાન પ્રતાપી અને ચરમશરીરી હતા. ભગવાન ઋષભદેવ પ્રથમ તીર્થંકર હતા, તો તેમના પ્રતાપી પુત્રોમાં ભરત પ્રથમ ચક્રવર્તી, બાહુબલી પ્રથમ કામદેવ અને વૃષભસેન પ્રથમ ગણધર હતા. અહા! કેવો મહાન પરિવાર!

આવા ઉત્તમ પુત્ર-પુત્રીઓના પરિવારથી શોભતા મહારાજ ઋષભદેવ એકવાર સિંહાસન પર બિરાજતા હતા; ત્યાં બ્રાહ્મી અને સુન્દરી બંને પુત્રીઓએ આવીને વિનયપૂર્વક પિતાજીને પ્રણામ કર્યા. ત્યારે ભગવાને તેમને ગોદમાં બેસાડીને મસ્તક પર હાથ ફેરવ્યો. અને તે પુત્રીઓ સાથે વિનોદ કર્યો, તથા તેમના શીલ અને વિનયની પ્રશંસા કરી. પછી કહ્યું કે—તમારું બંનેનું આવું સુંદર શરીર અને અનુપમ શીલ, તેને જો વિદ્યાવડે વિભૂષિત કરવામાં આવે તો તમારો જન્મ સફળ થઈ જાય. આ લોકમાં

વિદ્યાવાન મનુષ્ય પંડિતો વડે સન્માન પામે છે; વિદ્યા જ સાચો ભાઈ અને વિદ્યા જ સાચો મિત્ર છે, વિદ્યા જ સદાય સાથે રહેનારું ધન છે; સાચી વિદ્યા વડે સર્વ મનોરથ સિદ્ધ થાય છે. માટે હે પુત્રીઓ! તમે વિદ્યાને ગ્રહણ કરો.

—એમ કહીને ભગવાને તે બંને પુત્રીઓને વારંવાર આશીર્વાદ આપ્યા, અને પોતાના ચિત્તમાં સ્થિત શ્રુતદેવતાનું સ્મરણ કરીને બંને હાથવડે अ आ વગેરે અક્ષર માળા તથા ૧ ૨ ૩ વગેરે અંકો શીખવ્યા. ભગવાનના મુખથી નીકળેલી અને 'સિદ્ધમાતૃકા' જેનું નામ છે, તથા 'सिद्धं नमः' એવું અત્યંત પ્રસિદ્ધ જેનું મંગલાચરણ છે—એવી શુદ્ધ અક્ષરાવલી, તેમજ ગણિત વ્યાકરણ, કાવ્ય વગેરે સમસ્ત વિદ્યાઓ બ્રાહ્મી તથા સુંદરીએ ધારણ કરી. પિતા જ જેના ગુરુ છે એવી તે બંને પુત્રીઓ વિદ્યાવડે સરસ્વતી સમાન શોભવા લાગી. ભગવાને ભરત-બાહુબલી વગેરે સર્વે પુત્રોને પણ ચિત્રકળા, નાટ્યકળા વગેરે અનેક પ્રકારની વિદ્યાઓ ભણાવી, અને સાથે સાથે અધ્યાત્મવિદ્યાના પણ ઉત્તમ સંસ્કારો આપ્યા.

## પ્રજાજનોને માર્ગદર્શન; અને રાજ્યાભિષેક

ભગવાન ઋષભદેવનું આયુ ચોરાસીલાખ પૂર્વનું હતું; તેમાંથી કુમારકાળના વીશ લાખ પૂર્વ પૂરા થયા તે વખતે કાળના પ્રભાવથી (—ત્રીજો આરો પૂરો થઈને ચોથો આરો નજીક આવતો હતો તેથી) કલ્પવૃક્ષો સુકાવા માંડ્યા, તેમની ફળ દેવાની શક્તિ ઘટી ગઈ; વગર વાવ્યે જે અનાજ ઊગતા તે પણ દુર્લભ થઈ ગયા ને પ્રજામાં રોગ વગેરે થવા લાગ્યા; તેથી ભયભીત થઈને જીવવાની આશાથી પ્રજાજનો નાભિરાજા પાસે આવ્યા; અને નાભિરાજાએ તેમને ઋષભદેવ પાસે મોકલ્યા.

સનાતન—ભગવાનના શરણે આવીને પ્રજાજનો કહેવા લાગ્યા કે હે દેવ! પિતાસમાન અમારું પાલન કરનારાં કલ્પવૃક્ષો હવે નષ્ટ થઈ ગયાં, ભૂખ-તરસ ને ઠંડી-ગરમીના અનેક ઉપદ્રવ થવા લાગ્યા; તો આ ઉપદ્રવથી અમારી રક્ષા થાય ને અમારી આજીવિકા ચાલે એવો ઉપદેશ આપો, ને અમારા પર પ્રસન્ન થાઓ.

પ્રજાનાં દીનવચનો સાંભળીને ભગવાનના હૃદયમાં દયા જાગી, તેમણે ભયભીત પ્રજાને આશ્વાસન આપ્યું ને મનમાં વિચારવા લાગ્યા કે, કલ્પવૃક્ષો નષ્ટ થતાં અહીં હવે ભોગભૂમિનો કાળ પૂરો થઈને કર્મભૂમિ શરૂ થઈ છે. તેથી અસિ—મસિ—કૃષિ (અર્થાત્ રક્ષણ—વેપાર—ખેતી—લેખન) વગેરે કાર્યોની તથા જાુદા જાુદા ગામ-ઘર વગેરેની જેવી રચના પૂર્વ અને પશ્ચિમ વિદેહક્ષેત્રમાં વર્તે છે તેવી અહીં પ્રવર્તાવવી યોગ્ય છે,—જેથી લોકોનું રક્ષણ અને આજીવિકા સુખપૂર્વક થાય.

એમ વિચારીને ભગવાને ઈન્દ્રને યાદ કર્યા કે તરત જ ઈન્દ્ર અને દેવો આવી પહોંચ્યા, અને ભગવાનની આજ્ઞા મુજબ ઉત્તમ મુહૂર્તમાં સૌથી પહેલા માંગલિક કાર્ય કરીને અયોધ્યાપુરીની વચમાં મોટા જિનમંદિરની રચના કરી, તથા ચારે દિશામાં પણ એકેક જિનમંદિરની રચના કરી. પછી સુકૌશલ, અવંતી, વત્સ, પંચાલ, માલવ, રમ્યક્, કુરુ, કાશી, કલિંગ, અંગ, બંગ, કાશ્મીર, કચ્છ, સુરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, વિદર્ભ, કુરુજાંગલ, કોંકણ, વનવાસ, આંધ્ર, કર્ણાટ, કૌશલ, કેરલ, શૂરસેન, વિદેહ, સિન્ધુ, ગાંધાર, કમ્બોજ, કેકય વગેરે અનેક દેશોની તથા ગામ-નગરની રચના કરી. વિજયાર્ધપર્વતથી માંડીને દક્ષિણ છેડામાં લવણસમુદ્ર સુધીના તે દેશોમાં પ્રજાજનોને વસાવીને રાજ્યવ્યવસ્થા કરી. ઈન્દ્રે પુર-

નગરની રચના કરી તેથી 'પુરંદર' એવું તેનું નામ સાર્થક થયું.

મહારાજા ઋષભદેવે પ્રજાજનોને શસ્ત્ર-લેખની-વિદ્યા-વેપાર-ખેતી અને શિલ્પ એ છ કાર્યો દ્વારા આજીવિકાનો ઉપદેશ આપ્યો, કેમકે તેઓ હજી સરાગી હતા, વીતરાગ ન હતા.આ રીતે ભગવાને છ—કર્મના ઉપદેશ વડે કર્મયુગનો પ્રારંભ કર્યો તેથી તેઓ 'કૃતયુગ' અથવા 'યુગકર્તા' કહેવાયા, ને તેઓ જ સૃષ્ટિના બ્રહ્મા કહેવાયા. એ સિવાય બીજાું કોઈ બ્રહ્મા કે સૃષ્ટિકર્તા નથી. આ બધી રચના અષાડ વદ એકમના દિવસે થઈ. આ રચના વડે પ્રજાનું પાલન કર્યું તેથી ભગવાન 'પ્રજાપતિ' કહેવાયા. પ્રજા સુખથી રહેવા લાગી.

થોડા વખત પછી ઈન્દ્ર વગેરે દેવોએ આવીને ભગવાનને સમ્રાટપદે સ્થાપ્યા ને મોટો રાજ્યાભિષેક કર્યો; તે વખતે અસંખ્ય યોજન દૂર સ્વયંભૂરમણ સમુદ્રનું પણ જળ સોનાના દિવ્યકળશોમાં ભરી ભરીને દેવો લાવ્યા હતા, ને તેના વડે જગતગુરુ ભગવાન ઋષભદેવનો અભિષેક કર્યો હતો. અભિષેક પછી સ્વર્ગલોકથી લાવેલા વસ્ત્રાભૂષણ પહેરાવ્યા, અને નાભિરાજાએ પોતાના મસ્તક પરનો રાજમુગટ ઉતારીને ભગવાનના મસ્તકે પહેરાવ્યો; તે વખતે ઈન્દ્રે 'આનંદ' નામના નાટકવડે પોતાનો આનંદ વ્યક્ત કર્યો.

ભગવાન ઋષભ—રાજાએ પ્રજાનું સારી રીતે પાલન કર્યું ને દરેક વર્ગ પોતપોતાને યોગ્ય કાર્યો દ્વારા આજીવિકા કરે એવા નિયમ બાંધ્યા, તથા પ્રજાના યોગ તથા ક્ષેમની (એટલે કે નવીન વસ્તુની પ્રાપ્તિ તથા મળેલી વસ્તુનું રક્ષણ—તેની) વ્યવસ્થા કરી; ને 'હા, મા! તથા ધિક' એવા દંડની વ્યવસ્થા કરી. તથા હરિ (હરિવંશ), અકંપન (નાથવંશ), કાશ્યપ (ઉગ્રવંશ) અને સોમપ્રભ (કુરુવંશ)—એ ચાર ક્ષત્રિયોને માંડલિક બનાવ્યા, તેમની નીચે બીજા ચાર હજાર રાજાઓ હતા. ભગવાને પોતાના પુત્રોને પણ યથાયોગ્ય મહેલ સવારી વગેરે સંપત્તિ આપી. તે વખતે ભગવાને લોકોને શેરડીના રસનો (ઈક્ષુ—રસનો) ઉપયોગ કરવાનું બતાવ્યું તેથી તેઓ ઈક્ષ્વાકુ કહેવાયા.

ભગવાન ઋષભદેવનો રાજ્યકાળ ૬૩ લાખ પૂર્વનો હતો; પુત્ર—પૌત્રોની સાથે એટલો લાંબો કાળ જોતજોતામાં વીતી ગયો. ઈન્દ્ર તેમને માટે સ્વર્ગમાંથી પુણ્યસામગ્રી મોકલતો હતો.—આ સંસારમાં પુણ્યથી શું પ્રાપ્ત નથી થતું? દાન, સંયમ, ક્ષમા, સન્તોષ વગેરે શુભચેષ્ટા વડે પુણ્યની પ્રાપ્તિ થાય છે. સંસારમાં તીર્થંકરપદ સુધીના ઉત્તમ પદની પ્રાપ્તિ પુણ્ય વડે જ થાય છે. હે પંડિતજનો! શ્રેષ્ઠ સુખની પ્રાપ્તિ અર્થે તમે ધર્મનું સેવન કરો. વાસ્તવિક સુખની પ્રાપ્તિ થવી તે ધર્મનું જ ફળ છે. હે સુબુદ્ધિમાન! તમે સુખ ચાહતા હો તો શ્રેષ્ઠ મુનિઓને ભક્તિથી દાન દો, તીર્થંકરોને નમસ્કાર કરીને તેમની પૂજા કરો, શીલ—વ્રતોનું પાલન કરો અને પર્વના દિવસોમાં ઉપવાસાદિ કરો; શાસ્ત્રસ્વાધ્યાય કરો....સાધર્મીનું સન્માન કરો.

આ રીતે, પૂર્વના આરાધક પુણ્યના પ્રતાપે, ઉત્તમ દેવ-દેવેન્દ્રો પણ જેમની આજ્ઞા શિરોધાર્ય કરતા હતા, પણ જેમના ઉપર કોઈની આજ્ઞા ચાલતી ન હતી, એવા તે મહાત્મા ઋષભદેવે અયોધ્યાના રાજસિંહાસન ઉપર આરૂઢ થઈને સમુદ્રપર્યન્ત સમસ્ત પૃથ્વીનું રાજ્ય કર્યું.

## મહારાજા ઋષભદેવને વૈરાગ્ય અને દીક્ષા

**(અયોધ્યાનગરી....ને ફાગણ વદ નોમ....)**

આજે ભગવાન ઋષભદેવનો જન્મદિવસ આનંદથી ઊજવાઈ રહ્યો છે. એ ઉત્સવમાં ભાગ લેવા ઈન્દ્ર પણ અપ્સરાઓને લઈને આવી પહોંચ્યો ને ભગવાનને પ્રસન્ન કરવા માટે નૃત્ય પ્રારંભ કર્યું. અપ્સરાઓનું અદ્‌ભુત નૃત્ય ભગવાન નીહાળી રહ્યા હતા.

એ વખતે ઈન્દ્રને વિચાર આવ્યો કે ભગવાન ઋષભદેવ તીર્થંકર થવા અવતર્યા છે ને ધર્મચક્રનું પ્રવર્તન કરનારા છે. તેમને આ રાજવૈભવમાં ૮૩ લાખ પૂર્વ તો વીતી ગયા; હવે આ રાજ્ય અને ભોગોમાંથી ભગવાન કયા પ્રકારે વિરક્ત થાય! આમ વિચારીને તેણે નીલાંજના નામની એક એવી દેવીને નૃત્યમાં ગોઠવી કે જેનું આયુષ્ય થોડી ક્ષણોમાં જ પૂરું થવાનું હતું.




તે નીલાંજના દેવી હાવ–ભાવસહિત ફૂદરડી ફરતી નૃત્ય કરી રહી હતી, નૃત્ય કરતાં કરતાં જ તેનું આયુષ્ય પૂરું થતાં ક્ષણભરમાં તે અદૃશ્ય થઈ ગઈ. વીજળીના ઝબકારાની માફક તે દેવી અદૃશ્ય થતાં, રંગમાં ભંગ ન થાય તે માટે તરત જ ઈન્દ્રે એના જેવી જ બીજી દેવીને નૃત્યમાં ગોઠવી દીધી.– પરંતુ દિવ્ય જ્ઞાનવંત ભગવાન તે જાણી ગયા, ને સંસારની આવી અધ્રુવતાને તત્ક્ષણ જ ભવ–તન–ભોગથી અત્યંત વિરક્ત થઈને વૈરાગ્યની બાર ભાવનાઓ ચિન્તવવા લાગ્યા.

અરે, આ મનોહર દેવીનું શરીર પળવારમાં નજર સામે જ નષ્ટ થઈ ગયું. આવું જે માયા–નાટક ઈન્દ્રે કર્યું તે ખરેખર તો મને પ્રતિબોધ પમાડવા માટે જ તે બુદ્ધિમાને યુક્તિ કરી છે. આ નીલાંજનાદેવીના દિવ્ય શરીરની જેમ જગતના બધા સંયોગો ક્ષણભંગુર છે, એનાથી હવે મારે શું પ્રયોજન છે ? ભોગોપભોગ તો ભારરૂપ છે. આવા અસાર સંસારથી અને ક્ષણિક રાજભોગોથી હવે બસ

થાઓ. આ રાજભોગને ખાતર મારો અવતાર નથી, પરંતુ આત્માની પૂર્ણતાને સાધીને તીર્થંકર થવા મારો અવતાર છે....મોક્ષ ને સાધવા માટે આ અવતાર છે.

આ પ્રમાણે વૈરાગ્ય ચિંતનપૂર્વક ભગવાન આ અસાર સંસારથી વિરક્ત થયા, ને શીઘ્ર મુક્તિને સાધવા માટે ઉદ્યમી થયા. એ વખતે ભગવાનને એવી વિશુદ્ધિ પ્રગટી–જાણે કે મુક્તિની સખી જ આવી પહોંચી. મોક્ષમાં જ જેમનું ચિત્ત લાગેલું છે એવા તે ભગવાનને આખું જગત શૂન્ય જેવું અસાર લાગતું હતું. ભગવાનના અંતઃકરણની સમસ્ત ચેષ્ટાઓ ઉપરથી ઇન્દ્રે અવધિજ્ઞાન વડે જાણી લીધું કે ભગવાન હવે સંસારથી વિરક્ત થઈ ગયા ને દીક્ષા માટે તત્પર થયા છે.

તરત જ બ્રહ્મસ્વર્ગમાંથી લૌકાંતિક દેવો ભગવાનના તપકલ્યાણકની પૂજા કરવા ઊતર્યા ને સ્તુતિપૂર્વક વૈરાગ્યનું અનુમોદન કર્યું. આઠ પ્રકારના તે લોકાન્તિકદેવો પૂર્વભવમાં સંપૂર્ણ શ્રુતજ્ઞાનના અભ્યાસી (શ્રુતકેવળી) હોય છે, ઘણા શાન્ત ને સર્વ દેવોમાં ઉત્તમ હોય છે, તથા એકાવતારી હોય છે, લોકનો અંત પામ્યા હોવાથી અથવા બ્રહ્મલોકના અંતમાં રહેતા હોવાથી તેઓ લોકાન્તિક કહેવાય છે. મુક્તિસરોવરના કિનારે રહેલા તે દેવો સ્વર્ગના હંસ જેવા છે. તેમણે આવીને કલ્પવૃક્ષનાં ફૂલોવડે ભગવાનના ચરણોમાં પુષ્પાંજલી ચડાવી ને સ્તુતિ કરી કે હે ભગવાન! મોહશત્રુને જીતવા માટે આપ ઉદ્યમી થયા છો, તે એમ સૂચવે છે કે ભવ્યજીવો પ્રત્યે ભાઈપણાનું કાર્ય કરવાનો આપે વિચાર કર્યો છે અર્થાત્ ભાઈની જેમ ભવ્ય જીવોની સહાયતા કરવાનો આપે વિચાર કર્યો છે. હે જ્યોતિસ્વરૂપ દેવ! અમે આપને સમસ્ત ઉત્તમ કાર્યોના કારણ સમજીએ છીએ. પ્રભો, કેવળજ્ઞાનના પ્રકાશવડે આપ અજ્ઞાનમાં ડૂબેલા સંસારનો ઉદ્ધાર કરશો. આપે દેખાડેલા ધર્મતીર્થને પામીને ભવ્યજીવો આ દુસ્તર સંસારસમુદ્રને રમતમાત્રમાં તરી જશે. આપની વાણી ભવ્યજીવોના મનને પ્રફુલ્લિત કરશે. પ્રભો! આપ ધર્મતીર્થના નાયક છો. મોહરૂપી કીચડમાં ફસાયેલા આ જગતને ધર્મરૂપી હાથનો સહારો દઈને આપ શીઘ્ર ઉદ્ધાર કરશો. પ્રભો! આપ સ્વયંભૂ છો, મોક્ષનો માર્ગ આપે સ્વયં જાણી લીધો છે ને અમને બધાને પણ આપ તે મુક્તિમાર્ગનો ઉપદેશ દેશો. પ્રભો! અમે તો આપને પ્રેરણા કરનારા કોણ? આ તો માત્ર અમારો શિષ્ટાચાર છે. ભવ્ય–ચાતકો મેઘની માફક આપના ધર્મામૃતની રાહ જુએ છે. પ્રભો! અત્યારનો આપનો કાળ ધર્મરૂપી અમૃતને ઉત્પન્ન કરવા માટે યોગ્ય છે, માટે હે વિધાતા! ધર્મની વૃષ્ટિ કરો. પ્રભો! અનેકવાર ભોગવાઈ ચૂકેલા ભોગોને હવે આપ છોડો. ફરીફરીને ગમે તેટલી વાર ભોગવવા છતાં એ ભોગોના સ્વાદમાં કાંઈ નવીનતા આવી જતી નથી; માટે તે ભોગને છોડીને મોક્ષને માટે ઊઠો ને ઉદ્યમ વડે મોહશત્રુને જીતો.

એ પ્રમાણે બ્રહ્મર્ષિ–દેવો વડે જેમની સ્તુતિ કરવામાં આવી તે ભગવાન ઋષભદેવે દીક્ષા ધારણ કરવામાં પોતાની બુદ્ધિ દ્રઢ કરી. કૃતાર્થ થયેલા લોકાન્તિકદેવો હંસોની જેમ આકાશમાર્ગને પ્રકાશિત કરતા કરતા પોતાના સ્વર્ગમાં ચાલ્યા ગયા. તે જ વખતે આસન ડોલવાથી ઇન્દ્ર વગેરે દેવોએ ભગવાનના તપકલ્યાણકનો અવસર જાણ્યો ને સૌ તે ઉત્સવ કરવા અયોધ્યાનગરીમાં આવી પહોંચ્યા. ક્ષીરસમુદ્રના જળથી ભગવાનનો મહાઅભિષેક કર્યો. ભગવાન ઋષભદેવે ભારતવર્ષના સામ્રાજ્ય પર ભરતનો અભિષેક કર્યો ને બાહુબલીને યુવરાજપદ આપ્યું.

એક તરફ ભગવાનનો દીક્ષામહોત્સવ ને બીજી તરફ ભરતના રાજ્યાભિષેકનો ઉત્સવ,—એક સાથે આવા બે મહાન ઉત્સવોથી પૃથ્વીલોક અને સ્વર્ગલોક બંને હર્ષ વિભોર બન્યા હતા. એકકોર તો ભગવાન કમ્મર કસીને રાજપાટ ત્યાગી તપસામ્રાજ્ય માટે કટિબદ્ધ થયા હતા ને બીજી તરફ રાજકુમારોને પૃથ્વીનું રાજ્ય સોંપાતું હતું. દિગ્કુમારીદેવીઓ મંગળદ્રવ્યો લઈને ઊભી હતી....ચારેકોર પડઘમ વગેરે મંગલ વાજાંના ઘમકાર થઈ રહ્યા હતા. આ રીતે કરોડો દેવો ને કરોડો મનુષ્યો એક સાથે બે ઉત્સવ ઉજવી રહ્યા હતા. અયોધ્યાનગરીમાં ચારેકોર આનંદ-આનંદ ફેલાઈ ગયો હતો. બે પુત્રોને રાજ્યભાર સોંપીને, તથા બાકીનાં ૯૯ પુત્રોને પણ રાજ્યનો અમુક ભાગ આપીને, દીક્ષા માટે ભગવાન એકદમ નીરાકુળ થઈ ગયા હતા; સંસાર સંબંધી કોઈ ચિંતા તેમને રહી ન હતી.

માતા-પિતા વગેરે પરિવારની વિદાય લઈને, ઈન્દ્રે શણગારેલી સુદર્શન નામની સુંદર પાલખી પર ભગવાન જ્યારે આરૂઢ થયા, ત્યારે અત્યંત આદરપૂર્વક ઈન્દ્રે તેમને પોતાના હાથનો સહારો આપ્યો હતો. ભગવાન ઋષભદેવ, પહેલાં તો પરમ વિશુદ્ધતા પર આરૂઢ થયા હતા ને પછી પાલખી પર આરૂઢ થયા હતા, તેથી તે સમયે ભગવાન એવા લાગતા હતા—જાણે કે ગુણસ્થાનોની શ્રેણી ચડવાનો જ અભ્યાસ કરતા હોય. (હરિવંશપુરાણમાં એમ આવે છે કે શરૂઆતમાં ૩૨ પગલાં ભગવાન પોતે પૈદલ ચાલ્યા ને પછી ઈન્દ્રની વિનંતિથી પાલખીમાં આરૂઢ થયા.) ભક્તિપૂર્વક ભગવાનની પાલખી લઈને પ્રથમ તો ભૂમિગોચરી રાજાઓ સાત પગલાં ચાલ્યા, પછી વિદ્યાધર રાજાઓ આકાશમાર્ગે સાત પગલાં ચાલ્યા, ને ત્યારબાદ ઈન્દ્રો અત્યંત હર્ષપૂર્વક ખભે પાલખી લઈને આકાશમાં ચાલ્યા. અહા, ભગવાનના મહિમાની શી વાત ! કે એ પ્રસંગે દેવોના અધિપતિ ઈન્દ્રે પોતે પણ ભગવાનની પાલખી ખભે લીધી હતી. ભગવાન પાલખીમાં આરૂઢ થયા તે વખતે કરોડો દુદુંભી વાજાં વાગતા હતા. અદ્‌ભુત વૈરાગ્ય-વૈભવથી શોભતા ભગવાન ઋષભદેવ આખા જગતને આનંદિત કરતા થકા અયોધ્યાનગરીની બહાર નીકળ્યા...તે વખતે વૈરાગ્ય ભરેલા તેમનાં નેત્રોની ચેષ્ટા અત્યંત પ્રશાંત હતી; અસંગ—વૈરાગ્યદશાને શોભે એવી તેમના અંગ-ઉપાંગની ચેષ્ટા હતી.

ભગવાન આ શું કરી રહ્યા છે ને દીક્ષા એટલે શું ? તેના અજાણ પ્રજાજનો ભગવાનને પ્રાર્થના કરતા હતા કે—હે દેવ ! આપ આપનું કાર્ય પૂર્ણ કરી વેલાવેલા અમને દર્શન દેવા પધારજો. પ્રભો, આપ મહા ઉપકારી છો, હવે અમને છોડીને બીજા કોનો ઉપકાર કરવા આપ જઈ રહ્યા છો ?

નગરજનો એકબીજા સાથે વાત કરતા હતા કે આ દેવો ભગવાનને પાલખીમાં ક્યાંય દૂર લઈ જાય છે, પરંતુ શા માટે લઈ જાય છે તે આપણે જાણતા નથી; કદાચ ભગવાનની એવી જ કોઈ ક્રીડા હોય ! અથવા, પહેલા તેમનો જન્મોત્સવ કરવા માટે ઈન્દ્રો તેમને મેરુ ઉપર લઈ ગયા હતા ને પાછા લાવ્યા હતા,—એવો જ કોઈ પ્રસંગ ફરીને આપણા મહાભાગ્યથી બનતો હોય !—તો તે કોઈ દુઃખની વાત નથી. અહા, ભગવાનના પુણ્ય કોઈ મહાન, વચનાતીત છે. આવા આશ્ચર્યકારી દૃશ્યો અમે કદી જોયા નથી. ભગવાન જ્યારથી આ પૃથ્વી ઉપર અવતર્યા છે ત્યારથી અવારનવાર દેવોનું આગમન થયા જ કરે છે.

ભગવાન હવે રાજવૈભવથી અત્યંત વિરક્ત થઈને, મસ્ત હાથીની માફક સ્વતંત્રતાનું સુખ પ્રાપ્ત કરવા માટે વનમાં પ્રવેશ કરી રહ્યા છે. ભગવાનની આ યાત્રા તેમને સુખ દેનારી છે. તેઓ વનમાં રહેશે તે પણ સુખ તેમને સ્વાધીન છે. ભગવાનનો જય હો....ભગવાન વિજય પામો....ને ફરી વહેલા પધારીને

અમારી રક્ષા કરો. આ રીતે દીક્ષાપ્રસંગના જાણકાર તેમજ અજાણ, બધા લોકો ભગવાનની સ્તુતિ કરતા હતા. તથા મહાત્મા ભરત જેને જે જોઈએ તે વસ્તુનું દાન દેતા હતા. યશસ્વતી, સુનંદા વગેરે સ્ત્રીઓ તથા મંત્રીગણ ભગવાનની પાછળ પાછળ જતા હતા ને તેમની આંખમાંથી આંસુ વહેતા હતા. મહારાજ નાભિરાજ તથા માતાજી મરુદેવી પણ સેંકડો રાજાઓ સાથે ભગવાનના તપકલ્યાણકનો ઉત્સવ જોવા માટે પાછળ-પાછળ જઈ રહ્યા હતા. સમ્રાટ ભરત અને બાહુબલી વગેરે કુમારો પણ ભગવાનની પાછળ જઈ રહ્યા હતા. ભગવાનની પાલખી આકાશમાં એટલે ઊંચે હતી કે જ્યાંથી લોકો તેમને બરાબર જોઈ શકે.

અયોધ્યાથી થોડે દૂર સિદ્ધાર્થ નામના વનમાં આવીને એક પવિત્ર શિલા ઉપર પ્રભુ બિરાજ્યા. ચન્દ્રકાન્તમણિની એ શિલા એવી શોભતી હતી—જાણે કે સિદ્ધશિલા જ દીક્ષાકલ્યાણક જોવા માટે નીચે ઊતરી હોય ! એના પર આશ્ચર્યકારી મંડપ રત્નોની રંગોળી હતી. એ શિલા જોતાં, જન્માભિષેક વખતની પાંડુકશિલા યાદ આવતી હતી. ભગવાન જગતના બંધુ હોવા છતાં સ્નેહબંધનથી રહિત હતા. દીક્ષા પહેલાં ભગવાને દેવ-મનુષ્યોની સભાને યોગ્ય ઉપદેશ વડે અને પ્રશાંત દૃષ્ટિ વડે પ્રસન્ન કરી.

કોલાહલ દૂર થયો ને એકદમ શાંતિ પ્રસરી ગઈ, ત્યારે ગંભીર મંગલનાદ વચ્ચે ભગવાને અંતરંગ અને બહિરંગ પરિગ્રહ છોડી દીધો. આત્માની, દેવોની અને સિદ્ધોની સાક્ષીપૂર્વક સમસ્ત પરિગ્રહ છોડીને ભગવાન મુનિ થયા; પૂર્વ દિશાસન્મુખ પદ્માસન લગાવી, સિદ્ધપરમેષ્ઠીને નમસ્કાર કરીને પંચમુષ્ઠિથી કેશલોચ કર્યો. દિગંબરરૂપધારક ભગવાન જિનદીક્ષા લઈને સમસ્ત પાપોથી વિરક્ત થયા ને સમભાવરૂપ ચારિત્ર (સામાયિક) ધારણ કર્યું. જે તિથિએ જન્મ્યા તે જ તિથિએ, ફાગણ વદ નવમીની સાંજે ભગવાને મુનિદશા ધારણ કરી.

**ભરતક્ષેત્રના આદ્યમુનિરાજ એવા શ્રી ઋષભમુનિરાજને નમસ્કાર હો.**

ભગવાનના પવિત્ર કેશને રત્નપટારીમાં ભરીને ઈન્દ્રે વિચાર્યું કે 'આ કેશ ધન્ય છે—જે ભગવાનના મસ્તકના સ્પર્શથી પવિત્ર થયા છે, અને એ ક્ષીરસમુદ્ર પણ ધન્ય છે કે જેને આ કેશની ભેટ મળશે'—એમ વિચારી, સ્વભાવથી જ પવિત્ર એવા ક્ષીરસમુદ્રમાં અત્યંત આદરપૂર્વક તે કેશનું ક્ષેપણ કર્યું. મલિન ગણાતા એવા વાળ પણ ભગવાનના આશ્રયે પૂજ્ય બન્યા, તો પછી મહાપુરુષોનો આશ્રય પામીને મલિનજીવો પણ પવિત્ર થઈને પૂજ્ય બની જાય —એમાં શું આશ્ચર્ય છે !

ભગવાનની સાથે બીજા ચાર હજાર રાજાઓએ પણ દિગંબરદશા ધારણ કરી; જોકે ભગવાનના અંતરંગ અભિપ્રાયને તેઓ જાણતા ન હતા પણ, 'અમારા સ્વામીને જે ગમ્યું તે અમને પણ ગમ્યું'—એમ સ્વામિભક્તિથી પ્રેરાઈને તેઓ દ્રવ્યલિંગી સાધુ થયા. સ્વામીને અનુસરવું એ જ સેવકોનું કામ છે—એમ વિચારીને, તે રાજાઓએ મૂઢતાસહિત માત્ર દ્રવ્યઅપેક્ષાએ નિર્ગ્રન્થપણું ધારણ કર્યું હતું, ભાવઅપેક્ષાએ નહીં. એમ કરીને મોટામોટા વંશમાં ઉત્પન્ન થયેલા તે રાજાઓએ ભગવાન પ્રત્યે પોતાની ઉત્કૃષ્ટ ભક્તિ પ્રગટ કરી હતી. જેમને સંયમ પ્રગટ્યો નથી એવા તે ચાર હજાર દ્રવ્યલિંગી મુનિઓના ઘેરા વચ્ચે ભાવલિંગી ભગવાન, નાનકડા ઝાડવાના ઝુંડ વચ્ચે વિશાળ કલ્પવૃક્ષની માફક શોભતા હતા. ભગવાન પ્રત્યેની ભક્તિને લીધે તે દ્રવ્યલિંગી સાધુઓ પણ અંતે કલ્યાણ પામશે.

એ વખતે તપના અતિશયથી ઋષભ મુનિરાજનું અનુપમ રૂપ એવું શોભતું હતું કે હજાર-હજાર

નેત્રથી તે રૂપને નીરખવા છતાં ઈન્દ્રને તૃપ્તિ થતી ન હતી. દેવોએ અત્યંત ભક્તિપૂર્વક ભગવાનની પૂજા–સ્તુતિ કરી : હે પ્રભો! અમે અલ્પજ્ઞ, આપના અગણિત ગુણોની સ્તુતિ કઈ રીતે કરી શકીએ? આપની સ્તુતિના બહાને અમે તો અમારા આત્માની ઉન્નતિ કરીએ છીએ. પ્રભો! જિનવાણી સમાન અને ગંગાનદી સમાન પવિત્ર આપની આ પારમેશ્વરી જિનદીક્ષા ત્રણ જગતનું હિત કરનારી છે ને સમ્યક્ત્વભાવની દેનારી છે, તે અમને સદા પવિત્ર કરો. આપની આ દીક્ષા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નોથી અલંકૃત છે. પ્રભો! ભવ-તન-ભોગરૂપ સંસારને સ્વપ્નસમાન જાણીને આપે છોડ્યો છે ને અવિનાશી મોક્ષમાર્ગમાં ગમન કર્યું છે. પ્રભો! આપનામાં રાગ ન હોવા છતાં મોક્ષમાં આપ આસક્ત થયા–એ આશ્ચર્યની વાત છે! વળી હે પ્રભો! હેય અને ઉપાદેય વસ્તુઓને જાણીને આપે છોડવા જેવી વસ્તુઓને છોડી દીધી ને ઉપાદેય વસ્તુઓના ગ્રહણ માટે ઉદ્યમી થયા,–અને છતાંય આપ સમદર્શી કહેવાઓ છો–એ પણ આશ્ચર્યની વાત છે! આપ પરાધીન સુખ છોડીને સ્વાધીન સુખ પ્રાપ્ત કરવા માંગો છો, તથા અલ્પ વિભૂતિ છોડીને ભારે મહાન વિભૂતિ પ્રાપ્ત કરવા ચાહો છો,–તો પછી આપ વિરક્ત અને ત્યાગી કઈ રીતે થયા! હે ભગવાન! આપ નિર્ગ્રંથ હોવા છતાં કુશલ પુરુષો આપને જ સુખી કહે છે. જ્ઞાનદીપક લઈને આપ મોક્ષમાર્ગે જઈ રહ્યા છો. આપના ધ્યાનરૂપી મહાન અગ્નિમાં આઠે કર્મો ભસ્મીભૂત થઈ રહ્યા છે; આઠ કર્મના વનને છેદી નાંખવા માટે આપે રત્નત્રયરૂપી કુહાડો ઊઠાવ્યો છે. પ્રભો! બીજે ક્યાંય ન હોય એવી અદ્ભુત આપની આ જ્ઞાન–વૈરાગ્યરૂપી સમ્પત્તિ જ આપને મોક્ષ પ્રાપ્ત કરાવવા માટે સમર્થ સાધન છે તથા આપના શરણે આવેલા ભક્તજીવોના સંસારને પણ તે નષ્ટ કરે છે.–આવી ઉત્કૃષ્ટ જ્ઞાનસમ્પત્તિને ધારણ કરનાર હે વીતરાગ! આપને નમસ્કાર હો.



મહારાજા ભરતે પણ પોતાના અનેક નાના બંધુઓ તથા પુત્રો સહિત, ભક્તિના ભારથી અતિશય નમ્ર થઈને પોતાના પિતાની અનેક પ્રકારે સ્તુતિ તથા પૂજા કરી. આત્મધ્યાનમાં લીન અને મોક્ષપ્રાપ્તિરૂપ કાર્યને સાધવામાં તત્પર, મોહવિજેતા ભગવાન ઋષભ મુનિરાજનાં ચરણોની અત્યંત ભાવપૂર્વક ભરતે પૂજા કરી. **એ પ્રમાણે જેણે ભગવાનની પૂજા કરી છે તથા જેનાં ઘૂંટણ પૃથ્વીપર પડેલા છે (અર્થાત્ જે ઘૂંટણભર થઈને વંદન કરે છે), અને જેનાં નેત્રોમાં હર્ષના આંસુ છે એવા તે ભરતે પોતાના મુગટના ઉત્કૃષ્ટમણિના કિરણો વડે ભગવાનના ચરણોનું પ્રક્ષાલન કરતાં, ઉત્કૃષ્ટ ભક્તિપૂર્વક નમીને પોતાનું મસ્તક ભગવાનના ચરણોમાં ઝુકાવ્યું ને એવી મુનિદશાની ભાવના ભાવીને મહાન ગુરુભક્તિ પ્રગટ કરી.**

એ પ્રમાણે ભગવાનનો દીક્ષાકલ્યાણક ઊજવીને સૌ અયોધ્યા તરફ વિદાય થયા.

દીક્ષા બાદ ઋષભમુનિરાજ આત્મધ્યાનમાં લીન થયા....તરત તેમને શુદ્ધોપયોગમાં સાતમું ગુણસ્થાન પ્રગટ્યું, તેમજ તેની સાથે મનઃપર્યયજ્ઞાન તથા અનેક લબ્ધિઓ પ્રગટ થઈ. તેમનો આત્મા સાક્ષાત મોક્ષમાર્ગરૂપ પરિણમ્યો.

## ભગવાનની તપસ્યા

ભગવાન ઋષભમુનિરાજ શરીરનું મમત્વ છોડી, મોક્ષને સાધવા માટે, છ મહિનાના ઉપવાસની પ્રતિજ્ઞા કરીને મૌનપૂર્વક સ્થિર થયા. તેઓ ધ્યાનની સિદ્ધિ માટે પ્રશમગુણની ઉત્કૃષ્ટ મૂર્તિ જેવા શોભતા હતા. તપના મહિમાને લીધે કોઈ અદૃશ્ય છત્રવડે તેમના ઉપર છાંયો થઈ ગયો હતો. ચાર જ્ઞાનવડે ભગવાને પરલોક સંબંધી ગતિ-આગતિને સંપૂર્ણ જાણી લીધી હતી.

ભગવાન તો મુનિ થઈને અડગપણે આત્મધ્યાનમાં સ્થિર થયા; પણ બીજા રાજાઓનું ધૈર્ય તો બે–ત્રણ માસમાં જ તૂટવા માંડ્યું. ભગવાનના માર્ગ પર ચાલવા અસમર્થ એવા તે કલ્પિત મુનિઓ વિચાર કરવા લાગ્યા કે, અરે! હવે અમારાથી ભૂખ-પ્યાસ સહન થતા નથી; ભગવાન તો કોણ જાણે ક્યા ઉદ્દેશથી આ પ્રમાણે ઊભા છે? ભગવાન પોતાની રક્ષાનો વિચાર કર્યા વગર આવા ભયંકર વનમાં ઊભા છે તો 'પોતાની રક્ષા પ્રયત્નપૂર્વક કરવી જોઈએ' એવી નીતિને શું ભગવાન નહીં જાણતા હોય? ભગવાન તો પ્રાણોથી વિરક્ત થઈને આવી તપચેષ્ટા કરી રહ્યા છે; પણ અમે તો ખેદખિન્ન થઈ ગયા છીએ. તેથી ભગવાન ધ્યાન પૂરું કરે ત્યાં સુધી અમે આ વનમાં ફળ ને કંદ-મૂળ ખાઈને જીવન ટકાવીશું. આમ તેઓ દીન થઈ ગયા; શું કરવું તે તેમને સૂઝ્યું નહિ. 'ભગવાન અમને જરૂર કંઈક કહેશે' એવી આશાથી તેઓ ભગવાનને ઘેરીને ઊભા; ભગવાન તરફ દૃષ્ટિ કરતાં તેમને થોડુંક ધૈર્ય થતું. કેટલાકને તો માતા-પિતા-સ્ત્રી-રાજપાટ વગેરેનું સ્મરણ થતાં ઘરે જવાની ઈચ્છાથી વારંવાર ભગવાનના ચરણોમાં નમસ્કાર કરતા હતા. પણ તેમને બીક લાગતી હતી કે જો અત્યારે ભગવાનનો સાથ છોડીને ઘરે જઈશું તો ભગવાન જ્યારે આ કાર્ય પૂરાં કરીને ફરી રાજ્ય સંભાળશે ત્યારે અમને અપમાન કરીને કાઢી મૂકશે; અથવા તો ભરત મહારાજા અમને કષ્ટ દેશે.–માટે અહીં જ રહીને સહન કરવું. હવે તો આજકાલમાં જ ભગવાનનો યોગ સિદ્ધ થશે એટલે કષ્ટ સહન કરનારા અમને ઘણી ધન-સંપદા આપીને સંતુષ્ટ કરશે. નિર્બળ થયેલા તે મુનિઓ જમીન પર પડ્યા પડ્યા પણ ભગવાનના ચરણનું સ્મરણ કરતા હતા. કેટલાક લોકો ભગવાનને પૂછીને, અને કેટલાક પૂછયા વગર માત્ર પ્રદક્ષિણા દઈને, પ્રાણરક્ષા માટે વનમાં અન્યત્ર ચાલ્યા ગયા હતા, ને વ્રત છોડીને જેમ તેમ વર્તવા લાગ્યા હતા. એકલા ઋષભ-મુનિરાજ પોતાની આત્મસાધનામાં લીન હતા.


અરે, ખેદ છે કે સામાન્ય મનુષ્યો જેને સ્પર્શી ન શકે એવા ભગવાનના માર્ગ પર ચાલવા માટે અસમર્થ થઈને તે બધાય ખોટા ઋષિઓ મુનિમાર્ગથી ભ્રષ્ટ થઈ ગયા. શું મોટા હાથીના ભારને તેનું બચ્ચું કદી ઉપાડી શકે? ભૂખ–તરસથી થાકેલા તે નગ્ન–રાજાઓ પોતાની મેળે વનનાં ફળ તોડીને ખાવા લાગ્યા ને તળાવનું પાણી પીવા લાગ્યા. દિગંબર મુનિવેષમાં આવી અયોગ્ય પ્રવૃત્તિ જોઈને વનદેવતાએ તેમને મનાઈ કરી અને કહ્યું કે આવા વેષમાં રહીને આવું ન કરો. અરે મૂર્ખાઓ! આવું દિગંબર રૂપ તો તીર્થંકરાદિ મહાપુરુષો મોક્ષને સાધવા માટે ધારણ કરે છે; તેમાં તમે આવી કાયર પ્રવૃત્તિ ન કરો. દિગંબર વેષમાં રહીને ફળ ન તોડો ને તળાવનું અપ્રાસુક પાણી ન પીઓ. દિગંબર સાધુઓના બાહ્ય આચાર પણ ઉત્તમ પ્રકારનાં હોય છે.

વનદેવતાના આવા વચનો સાંભળીને તે રાજાઓ ડરી ગયા ને નગ્નવેષ છોડીને, વલ્કલ વગેરે અનેક પ્રકારનાં કુવેષ ધારણ કરીને સ્વછંદપૂર્વક વર્તવા લાગ્યા. ભરતના ભયને લીધે તેઓ નગરમાં ન

ગયા ને વનમાં ઝૂંપડી બાંધીને રહેવા લાગ્યા. તેમના દ્વારા અનેક પાખંડમત પ્રવર્ત્યા. આમ છતાં તેઓ પાણી અને ફળના ઉપહારવડે ભગવાનના ચરણો પૂજતા હતા; કેમકે સ્વયંભૂ ભગવાન ઋષભદેવ સિવાય બીજા કોઈ દેવતા તેમને ન હતા.

ભગવાનનો પૌત્ર મરીચીકુમાર પણ બાવો થઈ ગયો હતો અને મિથ્યા ઉપદેશ આપીને તેણે ખોટો પંથ ચલાવ્યો હતો. જ્યારે તે દ્રવ્યલિંગી મુનિઓ ભ્રષ્ટ થઈને ઉપરની પ્રવૃત્તિ કરતા હતા ત્યારે પણ ભગવાન ઋષભદેવ તો અડોલપણે આત્મધ્યાનમાં જ ઊભા હતા. ત્રણ ગુપ્તિ તેમની રક્ષક હતી, સંયમ તેમનું બખ્તર હતું ને સમ્યગ્દર્શન વગેરે ગુણો તેમના સૈનિકો હતા. બાર પ્રકારના તપમાંથી ધ્યાનમાં તેઓ વિશેષ તત્પર રહેતા હતા. પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ઈન્દ્રિયનિરોધ, છ આવશ્યક, કેશલોચ, ભૂમિશયન, અદંતધોવન, નગ્નતા, અસ્નાન, ઊભા ઊભા ભોજન અને દિવસમાં એકવાર ભોજન—આવા ૨૮ મૂળ ગુણ ભગવાનના પાયદળ સમાન હતા. જો કે છ મહિનાથી ભગવાન જરાપણ ખાતા ન હતા, તોપણ તેમના શરીરમાં રંચમાત્ર થાક ન હતો, તે એવું ને એવું દેદીપ્યમાન હતું; તેમનો એવો જ કોઈ દિવ્ય અતિશય હતો. તેમના વાળ જટાસમાન થઈ ગયા હતા(તીર્થંકરને કેશ, નખની વૃદ્ધિ ન હોય) ને હવામાં ઊડતા ત્યારે એવા લાગતા કે જાણે ધ્યાનઅગ્નિ વડે તપાવેલા જીવરૂપી સોનામાંથી કાળાશ બહાર ઊડતી હોય.

ભગવાનના તપતેજના પ્રભાવથી તે તપોવનમાં દિવસે તેમ જ રાતે સૂર્યોદય જેવો ઉત્તમ પ્રકાશ રહેતો હતો. સિંહ ને હરણ શાંતિથી સાથે રહેતા હતા. અહા! આ કેવું આશ્ચર્ય છે કે, કાંટામાં ફસાયેલ પોતાના પૂંછડાને છોડાવવા ચમરી ગાય મહેનત કરી રહી છે અને વાઘ પોતાના નખ વડે દયાપૂર્વક તેને મદદ કરી રહ્યો છે; ગાયના નાનાં વાછરડાં સિંહણને પોતાની માતા સમજીને તેનું દૂધ ધાવી રહ્યા છે; અને સિંહનું બચ્ચું ગાયને પોતાની માતા સમજીને તેનું દૂધ ધાવી રહ્યું છે; સર્પ અને નોળિયો ભેગા બેઠા છે; વનના હાથી પોતાની સૂંઢમાં ખીલેલા કમળ લાવીને પ્રભુના ચરણો પાસે ચડાવે છે! ભગવાનના આશ્ચર્યકારક તપ વડે ઈન્દ્રાસન પણ કંપી ઊઠ્યું હતું.



ભગવાન આવા તપમાં લીન હતા તે દરમિયાન કચ્છ-મહાકચ્છ રાજાના (એટલે કે ભરતના મામાના) પુત્રો નમિ અને વિનમિ રાજકુમારો આવીને ભગવાનની સેવા કરવા લાગ્યા ને પ્રાર્થના કરવા લાગ્યા કે હે ભગવાન! આપે બધાને રાજ્ય વહેંચી આપ્યું પણ અમને તો કાંઈ ન આપ્યું; અમને ભૂલી

ગયા; માટે અમને કાંઈક ભોગસામગ્રી આપો. અમારા ઉપર પ્રસન્ન થાઓ....આમ વારંવાર ભગવાનના પગ પકડીને પ્રાર્થના કરવા લાગ્યા ને તેમના ધ્યાનમાં વિઘ્ન કરવા લાગ્યા.

ત્યારે પોતાનું આસન કંપાયમાન થવાથી અવધિજ્ઞાન વડે ધરણેન્દ્રે તે વાત જાણી ને તરત ભગવાન પાસે આવીને પ્રથમ ભક્તિપૂર્વક પૂજા કરી. પછી વેશ બદલાવીને નમિ–વિનમિકુમારોને સમજાવ્યા કે અરે કુમારો! આ ભગવાન તો ભોગથી અત્યંત નિસ્પૃહ છે, ને તમે તેમની પાસેથી ભોગોની યાચના કેમ કરી રહ્યા છો? તમારે ભોગસામગ્રી જોઈએ તો રાજા ભરત પાસે જઈને માંગોને? ભગવાન તો બધું છોડીને મોક્ષનો ઉદ્યમ કરી રહ્યા છે, તે તમને ભોગસામગ્રી ક્યાંથી દેશે?–માટે તમે ભરત પાસે જાઓ.

એ સાંભળીને બંને કુમારો કહે છે કે હે મહાનુભાવ! આપ અહીંથી ચુપચાપ ચાલ્યા જાઓ; અમારા કાર્યમાં તમારી સલાહની જરૂર નથી. જો કે આપ શાન્ત–સૌમ્ય–તેજસ્વી ને બુદ્ધિમાન છો, આપ કોઈ ભદ્રપરિણામી મહાપુરુષ લાગો છો, છતાં અમારા કાર્યમાં કેમ વચ્ચે આવો છો–તે અમે જાણતા નથી. અમે તો ભગવાનને જ પ્રસન્ન કરવા માંગીએ છીએ. ભગવાન ભલે વનમાં રહ્યા, તેથી શું તેમની પ્રભુતા મટી ગઈ? ભગવાનને છોડીને ભરત પાસે જવાનું આપ કહો છો તે ઠીક નથી. મહાસમુદ્રને છોડીને ખાબોચિયા પાસે કોણ જાય? ભરતમાં અને ભગવાન ઋષભદેવમાં મોટું અંતર છે તે શું તમે નથી જાણતા?

ભગવાન ઋષભદેવ પ્રત્યે અત્યંત ભક્તિ ભરેલાં તેમનાં આવા વચનો સાંભળીને ધરણેન્દ્ર પ્રસન્ન થયો ને પ્રગટ થઈને કહેવા લાગ્યો કે હે કુમારો! હું ધરણેન્દ્ર છું ને ભગવાનનો સેવક છું. ભગવાને મને આજ્ઞા કરી છે કે 'આ નમિ–વિનમિ કુમારો મહાન ભક્ત છે; જ્યારે તેઓ રાજવૈભવ માંગવા આવે ત્યારે તેમને તેમની ઈચ્છા પ્રમાણે રાજસામગ્રી આપજો.'–માટે હે કુમારો! ચાલો, હું ભગવાને બતાવેલી રાજસંપદા તમને આપું.

ધરણેન્દ્રની એ વાત સાંભળીને બંને કુમારો પ્રસન્ન થયા; તેમને લાગ્યું કે ખરેખર પ્રભુ અમારા પર પ્રસન્ન થયા છે. ભગવાનને નમસ્કાર કરીને તેઓ ધરણેન્દ્ર સાથે ચાલ્યા. ધરણેન્દ્ર તેમને પોતાના વિમાનમાં બેસાડીને વિજયાર્દ્ધપર્વત પર લઈ ગયા. આ વિજયાર્દ્ધપર્વત ભરતક્ષેત્રની વચ્ચે આવેલો છે ને તેના પૂર્વ–પશ્ચિમ છેડા લવણસમુદ્રને સ્પર્શે છે. આ શાશ્વતપર્વતની શોભા અદ્‌ભુત છે; હિમવન પર્વતના પદ્મસરોવરમાંથી નીકળેલી ગંગા અને સિન્ધુ નદી આ પર્વતની ગુફામાં થઈને વહે છે. પર્વત ઉપર નવ શિખરો જિનમંદિરોથી શોભી રહ્યા છે. અહીં રોગ કે દુષ્કાળ વગેરે બાધા હોતી નથી. આ મહા–ભારતક્ષેત્રમાં મનુષ્યોની સ્થિતિ ચોથા કાળ જેવી હોય છે; (આર્યખંડની માફક છ પ્રકારે કાળપરિવર્તન અહીં થતું નથી.) જઘન્યઆયુ ૧૦૦ વર્ષનું હોય છે. અહીંના વિદ્યાધર મનુષ્યોને મહાવિદ્યાઓ વડે ઈચ્છિત ફળ મળે છે. અનાજ વાવ્યા વગર ઊગે છે; નદીઓની રેતી રત્નમય છે. ઉત્તર–શ્રેણીમાં ૬૦ નગર છે ને દક્ષિણ–શ્રેણીમાં ૫૦ નગર છે. વિદ્યુત્‌પ્રભ, શ્રીહર્મ્ય, શત્રુંજય, ગગનનન્દન, અશોકા, અલકા, કુંદનગર; ગંધર્વપુર, ગિરિશિખર, મહેન્દ્રપુર વગેરે ઉત્તર–શ્રેણીની ૬૦ નગરીઓ છે; તથા પુંડરિક, શ્રીપ્રભ, શ્રીધર, રથનૂપુર–ચક્રવાલ, સંજયન્તી, વિજયા, ક્ષેમંકર, સૂર્યાભ વગેરે દક્ષિણશ્રેણીની ૫૦ નગરીઓ છે; તેમાં રથનૂપુર રાજધાની છે. દરેક નગરીમાં એક હજાર મોટા ચોક ને બારહજાર

ગલી છે, રત્નોના તોરણથી શોભતા એક હજાર દરવાજા છે. દરેક નગરીના પેટામાં એકેક કરોડ ગામ છે. ત્યાં રહેનારા વિદ્યાધર–મનુષ્યો દેવ જેવા સુખી છે. ચારણઋદ્ધિધારી મુનિઓ પણ અહીં વિચરે છે.

આવા વિજયાર્દ્ધપર્વતને દેખીને નમિ અને વિનમિ બંને રાજકુમારો ખુશી થયા. રથનૂપુર–ચક્રવાલ નગરીમાં પ્રવેશ કરીને ધરણેન્દ્રે તે બંનેનો રાજ્યાભિષેક કર્યો; નમિને દક્ષિણશ્રેણીનું અને વિનમિને ઉત્તર શ્રેણીનું રાજ્ય સોંપ્યું; તથા ત્યાંના વિદ્યાધરોને ભલામણ કરી કે ભગવાન ઋષભદેવે આ બંનેને અહીં મોકલ્યા છે, તે તમારા સ્વામી છે માટે તેમની આજ્ઞા માનવી. પછી બંને રાજકુમારોને વિદ્યા આપીને ધરણેન્દ્ર પોતાના સ્થાને ચાલ્યો ગયો.

જો કે આ બંને કુમારો જન્મથી વિદ્યાધર ન હતા પણ પુણ્યયોગે વિદ્યાધરોના દેશમાં જઈને તેમણે અનેક વિદ્યાઓ સિદ્ધ કરી; તથા વિદ્યાધરો તેમની સેવા કરવા લાગ્યા. યથાર્થમાં તો મનુષ્યનું પુણ્ય જ તેને સુખ–સામગ્રી મેળવી આપે છે. જગતગુરુ ભગવાન ઋષભદેવના ચરણો સેવવાથી બંને કુમારો વિદ્યાધરોનું સુખ પામ્યા....માટે જે ભવ્ય જીવો! મોક્ષરૂપી અવિનાશી સુખને તથા જિનગુણોને પ્રાપ્ત કરવા ચાહતા હોય તેઓ આદિગુરુ ભગવાન ઋષભદેવના ચરણોમાં મસ્તક ઝુકાવીને નમસ્કાર કરો તથા ભક્તિપૂર્વક તેમની પૂજા કરો.

## ઋષભમુનિને વર્ષીતપ બાદ હસ્તિનાપુરીમાં પ્રથમ પારણું

અચિન્ત્ય મહિમાવંત ભગવાન ઋષભદેવને છ માસનો ધ્યાનયોગ પૂર્ણ થયો, ત્યારે તેમણે વિચાર્યું કે, મોટા મોટા વંશમાં ઉત્પન્ન થયેલા આ નવદીક્ષિત સાધુઓને મુનિમાર્ગના આહારાદિવિધિનું જ્ઞાન ન હોવાથી ક્ષુધાવડે તેઓ માર્ગભ્રષ્ટ થઈ ગયા. તેથી, મોક્ષમાર્ગ શું છે, સુખપૂર્વક મોક્ષની સિદ્ધિ કેમ થાય, ને સંયમની સ્થિતિ માટે નિર્દોષ આહાર લેવાની વિધિ શું છે–તે પ્રસિદ્ધ કરવાની જરૂર છે.–આમ વિચારી નિર્દોષ આહારની પ્રવૃત્તિ અર્થે ભગવાન વિહાર કરવા લાગ્યા.

ભગવાન જ્યાં-જ્યાં પધારતા ત્યાંના લોકો પ્રસન્નતાથી આશ્ચર્યચકિત થઈને પ્રણામ કરતા હતા; ને પૂછતા હતા કે હે દેવ! કહો, શું આજ્ઞા છે?–જે કામ માટે આપ પધાર્યા હો તેની અમને આજ્ઞા ફરમાવો. કેટલાક લોકો હાથી, રથ, વસ્ત્રાભૂષણ, રત્નો તથા ખાવાપીવાની સામગ્રી ભગવાનને અર્પણ કરવા માટે લાવતા હતા, તો કોઈ પોતાની યુવાન કન્યા ભગવાનને પરણાવવા તૈયાર થયા! અરેરે કેવું ભોળપણ? ને કેવી મૂર્ખતા! ભગવાન ચુપચાપ ચાલ્યા જતા હતા. ભગવાન કેમ પધાર્યા છે ને શું કરવું–તે નહિ સમજવાથી લોકો દિગ્મૂઢ બની ગયા હતા. કેટલાક લોકો આંસુભીની આંખે ભગવાનના પગને વળગી પડતા હતા.–આ પ્રમાણે અનેક નગરમાં વિહાર કરતાં કરતાં બીજા છ મહિનાથી વધુ સમય વીતી ગયો.


એક દિવસે ભગવાન કુરુદેશના હસ્તિનાપુર નગરમાં આવી પહોંચ્યા. તે વખતે ત્યાંના રાજા સોમપ્રભ હતા, ને તેમના નાના ભાઈ શ્રેયાંસકુમાર હતા. પૂર્વે આઠમા ભવમાં આહારદાન વખતે જે 'શ્રીમતી' હતી, તે જ આ શ્રેયાંસકુમાર છે. ભગવાન જે દિવસે હસ્તિનાપુરની નજીક પધારવાના હતા તે દિવસે પરોઢિયે; શ્રેયાંસકુમારે પૂર્વસંસ્કારના બળે, મંગલ આગાહીસૂચક સાત ઉત્તમ સ્વપ્નો દેખ્યા–

ઊંચો સુમેરુપર્વત, સુશોભિત કલ્પવૃક્ષ, કેશરી સિંહ, બળદ, સૂર્ય, ચન્દ્ર, રત્નોથી ભરેલો સમુદ્ર અને અષ્ટમંગલ સહિત દેવો. પોતાના આંગણે ભગવાનનું આગમન એ જેનું મુખ્ય ફળ છે—એવા આ સાત મંગળ સ્વપ્ન દેખીને શ્રેયાંસકુમારનું ચિત્ત ઘણું પ્રસન્ન થયું.

પ્રાતઃકાળ થતાં બંને ભાઈઓ તે સ્વપ્નની અને ભગવાન ઋષભદેવની કથા કરતા બેઠા હતા; એવામાં યોગીરાજ ભગવાન ઋષભદેવે હસ્તિનાપુરીમાં પ્રવેશ કર્યો. ભગવાનના આગમનથી આનંદિત થઈને ચારે કોરથી નગરજનોનાં ટોળેટોળાં દર્શન કરવા ઊમટ્યા. ભોળા લોકો કહેતા હતા કે ભગવાન ફરીને આપણી સંભાળ કરવા પધાર્યા; 'ઋષભદેવ જગતના પિતામહ છે' એમ કાને સાંભળ્યું હતું, તે જગતપિતાને આજે આંખવડે નજરે દેખ્યા. ભગવાનના આગમનની વાત સાંભળીને નગરજનો ભોજનાદિ કાર્યો પડતા મુકીને જલ્દી જલ્દી દર્શન કરવા માટે ચાલ્યા. જ્યારે આખી નગરીમાં આવો હર્ષમય કોલાહલ થઈ રહ્યો હતો ત્યારે પણ ભગવાન તો પોતાના સંવેગ અને વૈરાગ્યની સિદ્ધિ માટે વૈરાગ્યભાવનાઓનું ચિંતન કરતા કરતા પોતાની આત્મમસ્તીમાં મસ્ત ચાલ્યા આવતા હતા. આચાર્યદેવ કહે છે કે અહો, આવી રાગ-દ્વેષરહિત સમતાવૃત્તિને ધારણ કરવી તે જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.

ભગવાન ઋષભમુનિરાજ રાજમહેલની સન્મુખ પધારી રહ્યા હતા, તુરત જ 'સિદ્ધાર્થ' નામના દ્વારપાળે રાજા સોમપ્રભ અને શ્રેયાંસકુમારને વધામણી આપી કે ભગવાન ઋષભદેવ આપણા આંગણામાં પધારી રહ્યા છે....

સાંભળતાવેંત બંને ભાઈઓ મંત્રી વગેરે સહિત ઊઠ્યા, અને અત્યંત પ્રસન્નતાપૂર્વક રાજમહેલના આંગણા સુધી બહાર આવ્યા; ને દૂરથી જ અત્યંત ભક્તિપૂર્વક ભગવાનના ચરણોમાં નમસ્કાર કર્યા. ભગવાન પધારતાં જ સન્માનપૂર્વક પાદપ્રક્ષાલન કરીને અર્ઘવડે પૂજન કર્યું, ને પ્રદક્ષિણા દીધી. અહા, આંગણામાં આવા નિધાન દેખીને તેમને અતિ સંતોષ થયો; ભગવાનના દર્શનથી બંનેના રોમાંચ ઉલ્લસિત થયા. હર્ષ અને ભક્તિથી નમ્રીભૂત તે બંને ભાઈઓ ઈન્દ્ર જેવા શોભતા હતા. જેમ નિષધ અને નિલપર્વતોની વચ્ચે ઉન્નત મેરુપર્વત શોભે તેમ બંને તરફ શ્રેયાંસ અને સોમપ્રભની વચ્ચે ભગવાન ઋષભદેવ શોભતા હતા.



ભગવાનનું રૂપ દેખતાં જ શ્રેયાંસકુમારને જાતિસ્મરણ થયું; અને પૂર્વ ભવના સંસ્કારને લીધે તેને ભગવાનને આહારદાન દેવાની બુદ્ધિ પ્રગટી. પૂર્વના વજ્રજંઘ અને શ્રીમતીના ભવનો બધો વૃત્તાંત તેને યાદ આવી ગયો અને તે ભવમાં સરોવરના કિનારે બે મુનિવરોને આહારદાન દીધેલું તેનું પણ તેને સ્મરણ થયું. સવારનો આ સમય મુનિઓને આહારદાન દેવા માટે ઉત્તમ સમય છે—એમ નિશ્ચય કરીને તે પવિત્ર બુદ્ધિવાળા શ્રેયાંસકુમારે, ઋષભમુનિરાજને શેરડીના રસ વડે આહારદાન કર્યું.

આ રીતે ઋષભમુનિરાજને પહેલવહેલું આહારદાન કરીને તેમણે આ ચોવીસીમાં દાનતીર્થની શરૂઆત કરી. તેમણે નવ પ્રકારની ભક્તિ અને શ્રદ્ધા વગેરે સાત ગુણો સહિત દાન દીધું હતું. મોક્ષના

સાધક ધર્માત્માના ગુણો પ્રત્યે આદરપૂર્વક, શ્રદ્ધાસહિત જે દાતા ઉત્તમ દાન દે છે તે મોક્ષપ્રાપ્તિ માટે તત્પર થાય છે. અતિશય ઈષ્ટ તથા સર્વોત્તમ પાત્ર એવા ભગવાનને શ્રેયાંસકુમારે પૂર્વભવના સંસ્કારથી પ્રેરિત થઈને નવધા ભક્તિથી પ્રાસુક આહારનું દાન દીધું હતુ. ભગવાન ઋષભમુનિરાજ ઊભા ઊભા પોતાના હાથમાં (કરપાત્રમાં) જ ભોજન કરતા હતા. મોક્ષમાર્ગને સાધનારા ભગવાનના બે હાથની અંજલિમાં શ્રેયાંસકુમાર વગેરેએ શેરડીના પ્રાસુક રસનું (ઇક્ષુરસનું) દાન દીધું. એ દિવસ હતો—વૈશાખ સુદ ત્રીજ. (અક્ષયત્રીજ)

એ વખતે આકાશમાંથી દેવો રત્નવૃષ્ટિ કરવા લાગ્યા, પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા; દેવોનાં વાજાં ગંભીર નાદથી ગાજવા લાગ્યા, સુગંધી વાયુ વહેવા લાગ્યો ને દેવો હર્ષિત થઈને "ધન્ય દાન....ધન્ય પાત્ર....ને ધન્ય દાતા" એવી આકાશવાણી કરવા લાગ્યા. અહા, દાનની અનુમોદના કરવાથી પણ ઘણા લોકો મહાપુણ્યને પામ્યા.

અહીં કોઈ આશંકા કરે કે માત્ર અનુમોદના કરવાથી પુણ્યની પ્રાપ્તિ કઈ રીતે થાય? તેનું સમાધાન એ છે કે પુણ્ય અને પાપનું બંધન થવામાં એકલા જીવના પરિણામ જ કારણ છે, બાહ્યકારણોને તો જિનેન્દ્રદેવે ફક્ત 'કારણનું કારણ' (એટલે કે નિમિત્ત) કહ્યું છે. જ્યારે પુણ્યના સાધન તરીકે જીવોના શુભ પરિણામ જ પ્રધાનકારણ છે ત્યારે શુભકાર્યની અનુમોદના કરનારા જીવોને પણ તે શુભ ફળની પ્રાપ્તિ જરૂર થાય છે.

રત્નત્રયવંત ભગવાન પોતાના આંગણે પધારવાથી અને તેમને આહારદાન કરવાથી બંને ભાઈઓ પરમ હર્ષથી પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. એ રીતે મુનિઓના આહારની વિધિ પ્રસિદ્ધ કરીને, અને બંને ભાઈઓને હર્ષિત કરીને ભગવાન પુનઃ વન તરફ ચાલ્યા ગયા. કેટલેક દૂર સુધી બંને ભાઈઓ ભક્તિભીનાં ચિત્તે ભગવાનની પાછળ ગયા, ને પછી રોકાતા રોકાતા પાછા ફર્યા; ક્ષણે ક્ષણે પોતાનું મુખ પાછું વાળીને તેઓ બંને, નિરપેક્ષપણે વનમાં જઈ રહેલા ભગવાનને ફરી-ફરીને દેખતા હતા. દૂર દૂર જઈ રહેલા ભગવાન તરફ લાગેલી પોતાની નજરને તથા ચિત્તવૃત્તિને તેઓ પાછી ખેંચી શક્યા નહીં. તેઓ વારંવાર ભગવાનની કથા તથા તેમના ગુણની સ્તુતિ કરતા હતા; ને પૃથ્વીપર પડેલા ભગવાનના ચરણ-ચિહ્નને (પગલાને) વારંવાર પ્રેમથી નિહાળીને નમસ્કાર કરતા હતા. નગરજનો આ બે ભાઈને દેખીને કહેતા કે રાજા સોમપ્રભ મહાભાગ્યવાન છે કે આવો ઉત્તમ ભાઈ મળ્યો છે. રત્નવૃષ્ટિથી ચારેકોર વેરવિખેર પડેલા રત્નોને નગરજનો એકઠા કરતા હતા. રત્નોરૂપી પાષાણના ઢગલાંથી છવાઈ ગયેલા રાજ—આંગણને મુશ્કેલીથી ઓળંગીને બંને ભાઈઓ રાજમહેલમાં આવ્યા.

ભગવાન ઋષભદેવને પારણું કરાવવાથી શ્રેયાંસકુમારનો યશ સમસ્ત જગતમાં પ્રસરી ગયો. મુનિને દાન દેવાની વિધિ સૌથી પહેલાં શ્રેયાંસકુમારે જાણી હતી, ને ત્યારથી દાનમાર્ગ શરૂ થયો. દાનની આવી વિધિ જાણીને રાજા ભરત વગેરેને મહાન આશ્ચર્ય થયું; આશ્ચર્યથી તેઓ વિચારવા લાગ્યા કે મૌન ધારણ કરનારા ભગવાનનો અભિપ્રાય તેણે કેવી રીતે જાણી લીધો? દેવોએ પણ આશ્ચર્ય પામીને શ્રેયાંસકુમારનું સન્માન કર્યું. મહારાજા ભરતે પોતે અયોધ્યાથી હસ્તિનાપુર આવીને શ્રેયાંસકુમારનો આદર કર્યો ને અતિશય હર્ષ વ્યક્ત કરતાં પૂછ્યું કે હે મહાદાનપતિ! કહો તો ખરા કે ભગવાનના મનની આ વાત તમે કેવી રીતે જાણી? આ ભરતક્ષેત્રમાં પહેલાં કદી નહિ દેખેલી એવી આ દાનની વિધિને તમે

ન બતાવી હોત તો કોણ જાણી શકત? હે કુરુરાજ! આજ તમે અમારા માટે ભગવાનસમાન પૂજ્ય બન્યા છો. તમે દાન-તીર્થના પ્રવર્તક છો, મહા પુણ્યવાન છો, આ દાનની બધી વાતો અમને કહો.

શ્રેયાંસકુમાર કહે છે : હે રાજન્! આ બધું મેં ભગવાન સાથે પૂર્વભવના સ્મરણથી જાણ્યું છે. જેમ રોગ દૂર કરનારી ઉત્તમ ઔષધિ પામીને રોગી મનુષ્ય પ્રસન્ન થાય, ને તરસ્યો માનવી પાણીથી ભરેલું સોરોવર દેખીને પ્રસન્ન થાય, તેમ ભગવાનના ઉત્કૃષ્ટ રૂપને દેખીને હું અતિશય પ્રસન્ન થયો ને મને જાતિસ્મરણ થયું, એટલે મેં ભગવાનનો અભિપ્રાય જાણી લીધો. પૂર્વે આઠમા ભવમાં જ્યારે ભગવાન વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીમાં વજ્રજંઘરાજા હતા ત્યારે હું તેમની શ્રીમતી નામની રાણી હતી, અને ત્યારે ભગવાનની સાથે મેં બે ચારણમુનિઓને ભાવભક્તિથી આહારદાન દીધું હતું; તેના સંસ્કાર યાદ આવતાં આજે પણ મેં એ જ વિધિથી ભગવાનને આહારદાન દીધું. વિશુદ્ધતા સહિત મુનિવરોને દાન દેવાનો પ્રસંગ મહાન ભાગ્યથી પ્રાપ્ત થાય છે.

દાનનું સ્વરૂપ સમજાવતાં શ્રેયાંસકુમાર ભરતરાજાને કહે છે કે—સ્વ-પરના ઉપકારને માટે મન-વચન-કાયાની શુદ્ધિપૂર્વક, પોતાની વસ્તુ, યોગ્ય પાત્રને સન્માનપૂર્વક દેવી તેને દાન કહે છે. શ્રદ્ધા વગેરે ગુણોસહિત પુરુષ તે દાતા છે; આહાર, ઔષધ, શાસ્ત્ર તથા અભય એ ચાર વસ્તુઓ દેય (દાનમાં દેવાયોગ્ય) છે. રાગાદિ દોષોથી દૂર ને સમ્યક્ત્વાદિ ગુણસહિત પુરુષ તે પાત્ર છે. તેમાં જે મિથ્યાદૃષ્ટિ છે પણ વ્રત–શીલસહિત છે તે જઘન્યપાત્ર છે; અવ્રતી સમ્યગ્દૃષ્ટિ મધ્યમ પાત્ર છે; અને વ્રત–શીલસહિત સમ્યગ્દૃષ્ટિ તે ઉત્તમ પાત્ર છે. વ્રત–શીલથી રહિત એવા મિથ્યાદૃષ્ટિ તે પાત્ર નથી પણ અપાત્ર છે. મોક્ષના સાધક એવા ઉત્તમ ગુણવાન મુનિરાજને દેવામાં આવેલું આહારદાન અપુનર્ભવનું (મોક્ષનું) કારણ થાય છે. અહીં જે દિવ્ય (પંચાશ્ચર્ય રત્નવૃષ્ટિ વગેરે) થયા તે દાનના જ મહિમાને પ્રગટ કરે છે. હવે ભગવાન ઋષભદેવના તીર્થમાં મુનિ વગેરે પાત્ર સર્વત્ર ફેલાઈ જશે—ઠેર ઠેર મુનિઓ વિચરશે; માટે હે રાજર્ષિભરત! દાનની વિધિ જાણીને આપણે સૌએ ભક્તિપૂર્વક ઉત્તમ દાન દેવું જોઈએ.

આ રીતે દાનનો ઉપદેશ આપીને શ્રેયાંસકુમારે દાનતીર્થનું પ્રવર્તન કર્યું. શ્રેયાંસના શ્રેયકારી વચનો સાંભળીને ભરતરાજાને ઘણી પ્રીતિ થઈ, ને અત્યંત પ્રસન્નતાપૂર્વક રાજા સોમપ્રભનું તથા શ્રેયાંસકુમારનું સન્માન કર્યું. પછી પરમ ગુરુ—ઋષભદેવના ગુણોનું ચિંતન કરતા કરતા તે અયોધ્યાપુરી ગયા.

## ભગવાન ઋષભમુનિરાજનું નિરતિચાર ઉત્કૃષ્ટ ચારિત્ર

આહાર ગ્રહણ કર્યા બાદ ભગવાન વનમાં પધાર્યા ને નિજગુણચિન્તનમાં આરૂઢ થયા. ભગવાનને હેય અને ઉપાદેય તત્ત્વોનું બરાબર જ્ઞાન હતું, ગુણ–દોષની ભિન્નતાને તેઓ જાણતા હતા, એટલે દોષોને સર્વથા છોડીને માત્ર ગુણોમાં જ તેઓ આસક્ત રહેતા હતા, પાપયોગોથી તેઓ પૂર્ણ વિરક્ત હતા; અહિંસાદિ વ્રતોનું નિરતિચાર પાલન કરતા હતા; બ્રહ્મચર્યમાં તેઓ એકતાન હતા. તેમને ધૈર્ય, ક્ષમા, ધ્યાનમાં નિરંતર તત્પરતા હતી અને પરિષહ આવે તોપણ માર્ગથી અચ્યુતપણું હતું. ભગવાન જિનકલ્પી હતા. જે સાધુ એકલા રહે અને આત્મચિન્તનમાં મશગુલ રહે, ઉપદેશાદિ પ્રવૃત્તિ

ન કરે તેને જિનકલ્પી કહેવાય છે; અને જે સાધુ સંઘની સાથે રહે, ઉપદેશ આપે, દીક્ષા આપે તેમને સ્થવિરકલ્પી કહેવાય છે. તીર્થંકરભગવંતો જિનકલ્પી હોય છે. ભગવાન સામાયિક—ચારિત્રમાં વર્તતા હતા; તેમને ચારિત્રમાં કોઈ દોષ લાગતા ન હોવાથી પ્રતિક્રમણની કે છેદોપસ્થાપનની જરૂર ન હતી. જો કે ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારથી જ ત્રણ જ્ઞાન સહિત હતા, ચોથું જ્ઞાન દીક્ષા વખતે પ્રગટ્યું હતું ને સિદ્ધપદ તેમને આ ભવમાં જરૂર પ્રગટવાનું હતું, તોપણ જ્ઞાનલોચનવંત તે ભગવાને એકહજાર વર્ષ સુધી ઉત્કૃષ્ટ તપ કર્યું હતું ને કર્મોની અસંખ્યાત નિર્જરા કરી હતી. સદા જાગૃત રહેનારા તે યોગીરાજ કદી સૂતા ન હતા. ભગવાનનું નિરતિચાર ચારિત્ર સ્વયમેવ પ્રાયશ્ચિતરૂપ હતું, અર્થાત્ તેમાં ઉત્કૃષ્ટ ચિત્તવિશુદ્ધિ હતી અને કોઈ અતિચાર લાગતા જ ન હોવાથી બીજા પ્રાયશ્ચિત્તની જરૂર જ રહી ન હતી—જેમ સૂર્ય પોતે પ્રકાશસ્વરૂપ છે, તેમાં અંધકાર છે જ નહિ, પછી તેને પોતામાંથી અંધકાર દૂર કરવાનું ક્યાં રહ્યું? તે પરમેષ્ઠીભગવાને દીક્ષા વખતે સિદ્ધોને સંસ્કારરૂપ વિનય કર્યો હતો, તથા જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્ય એ ગુણોનો વિનય કર્યો હતો, એ સિવાય બહારમાં તેમને વિનય કરવા યોગ્ય કોઈ ન હતું; જે પોતે જ પ્રધાનપુરુષ હોવાથી બધાને નમ્રીભૂત કરનારા હતા તેઓ ભલા કોનો વિનય કરે? વળી રત્નત્રયરૂપ માર્ગમાં વ્યાપાર એ જ તેમનું 'વૈયાવૃત્ય' હતું, એ રત્નત્રય સિવાય બીજા કોની વૈયાવૃત્તી કરે? (દીન—દુ:ખી જીવોની સેવારૂપ વૈયાવૃત્તિ તો શુભ કષાયના તીવ્ર ઉદયમાં જ સંભવે છે; ભગવાનને તો શુભકષાયપણ એવો અતિશય મંદ થઈ ગયો હતો કે તેમની પ્રવૃત્તિ બાહ્યવ્યાપારથી હટીને રત્નત્રયમાર્ગમાં જ રહેતી હતી.)

આ જગતમાં જે કાંઈ ધર્મસૃષ્ટિ (ધર્મની રચના) છે તે બધી, સનાતન ભગવાન ઋષભદેવે સ્વયં ધારણ કરીને યુગની આદિમાં પ્રસિદ્ધ કરી હતી; એ રીતે ભગવાન ધર્મસૃષ્ટિના સર્જનહાર હતા. જોકે શાસ્ત્રો તેમને આધીન હતા અર્થાત્ બાર અંગના તેઓ સ્વામી હતા તોપણ જ્ઞાનની વૃદ્ધિ અર્થે ભગવાન હંમેશાં સ્વાધ્યાય કરતા હતા, અને તેથી જ આજે પણ સંયમીજનો સ્વાધ્યાય કરે છે. બાર તપમાં સ્વાધ્યાય સમાન તપ બીજો છે નહિ ને થશે નહિ; વિનયપૂર્વક સ્વાધ્યાયમાં તલ્લીન થયેલા બુદ્ધિમાન મુનિને મનના સંકલ્પ-વિકલ્પો દૂર થઈ જવાથી ચિત્તની એકાગ્રતા થાય છે, એટલે સ્વાધ્યાય વડે મુનિને સુગમતાથી ધ્યાનની સિદ્ધિ થાય છે. ને ઈન્દ્રિયો વશીભૂત થઈ જાય છે. તે ભગવાન, આત્માને શરીરથી ભિન્ન દેખતા હતા, ત્રણ ગુપ્તિનું પાલન કરતા હતા ને શરીરથી નિસ્પૃહ થઈ, તેનું મમત્વ છોડીને આત્માને ધ્યાવતા હતા. ધ્યાનરૂપી ઉત્તમ સંપદાના સ્વામી ભગવાન ધ્યાનાભાસરૂપ તપવડે જ કૃતકૃત્ય થઈ ગયા હતા; કેમકે ધ્યાન જ ઉત્તમ તપ છે, બીજા બધા તપ તો તેના પરિકર છે. ધ્યાનની સિદ્ધિને માટે અનુકૂળ એવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું જ ભગવાન સેવન કરતા હતા. અધ્યાત્મતત્ત્વને જાણનારા ભગવાન અધ્યાત્મની શુદ્ધિને માટે ગિરિગૂફા વગેરેમાં ધ્યાન કરતા હતા.

## ક્ષપકશ્રેણી અને કેવળજ્ઞાન-ઉત્પત્તિ

મૌની ધ્યાની નિર્માન અને અતિશય બુદ્ધિમાન એવા તે ભગવાન ઋષભ મુનિરાજે એક હજાર વર્ષ સુધી અનેક દેશોમાં વિહાર કર્યો; પછી એક દિવસે પુરિમતાલ નગરના શકટ નામના ઉદ્યાનમાં પધાર્યા. (જ્યાં હાલ પ્રયાગ—તીર્થ કહેવાય છે.) શુદ્ધ બુદ્ધિવાળા તે ભગવાન ધ્યાનની સિદ્ધિને માટે ત્યાં એક વડવૃક્ષ નીચે મોટી શીલા પર બિરાજ્યા; અને પૂર્વમુખે પદ્માસને બેસીને, લેશ્યાની ઉત્કૃષ્ટ શુદ્ધિપૂર્વક

ચિત્તને એકાગ્ર કરીને ધ્યાન લગાવ્યું.

ભગવાને સૌથી શ્રેષ્ઠ એવા પરમપદમાં પોતાનું ચિત્ત જોડ્યું, અને સિદ્ધના આઠ ગુણોનું ચિન્તન કર્યું. સમ્યક્ત્વ, અનંત દર્શન, જ્ઞાન, અદ્‌ભુત વીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહનત્વ અવ્યાબાધત્વ અને અગુરુલઘુત્વ;–સિદ્ધપદના અભિલાષીએ સિદ્ધપ્રભુના આ આઠ ગુણોનું ધ્યાન કરવું જોઈએ, તથા શુદ્ધ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ—એ ચારની અપેક્ષાએ પણ તેમના જેવા પોતાના સ્વરૂપનું ચિંતન કરવું જોઈએ. એ રીતે બારગુણયુક્ત, મુક્ત, સૂક્ષ્મ, નિરંજન, રાગાદિથી રહિત, વ્યક્ત, નિત્ય અને શુદ્ધ એવું સિદ્ધસ્વરૂપ મુમુક્ષુ યોગીઓએ ધ્યાન કરવા યોગ્ય છે. ધ્યાનના પરિવાર જેવી ૧૨ અનુપ્રેક્ષાઓ પણ ભગવાને ચિંતવી. ધર્મધ્યાનમાં તત્પર એવા એ વિરાગી ભગવાનને જ્ઞાનાદિની શક્તિને લીધે જરા પણ પ્રમાદ રહ્યો ન હતો. તે અપ્રમત્ત ભગવાનને જ્ઞાનાદિ પરિણામોમાં વિશુદ્ધિ પ્રગટી; અશુભલેશ્યા રંચમાત્ર ન રહી, શુક્લલેશ્યા પ્રગટી. તે વખતે દેદીપ્યમાન ભગવાનને મોહનો નાશ કરવા માટે ધ્યાનની એવી શક્તિ સ્ફૂરાયમાન થઈ–જાણે કે મોટી વીજળી ઝબકી ! ભયરહિત ભગવાને સંકલ્પ–વિકલ્પ દૂર કરીને, મોહશત્રુની સેનાનો નાશ કરવા માટે પોતાના વિશુદ્ધ પરિણામની સમસ્ત સેનાને સુસજ્જ કરી. મોહશત્રુને જીતવા માટે તત્પર થયેલા ભગવાને સંયમરૂપી બખ્તર બનાવ્યું, ઉત્તમ ધ્યાનરૂપ વિજય-અસ્ત્ર ધારણ કર્યું, જ્ઞાનને મંત્રી બનાવ્યું, અને વિશુદ્ધ પરિણામને સેનાપતિ પદ આપ્યું, દુર્ભેદ્ય અને ધ્રુવયોદ્ધા એવા અનંત ગુણોને સૈનિક બનાવ્યા; અને રાગાદિ પ્રતિપક્ષીને હન્તવ્ય એવા શત્રુપક્ષમાં રાખ્યા.

એ પ્રમાણે સૈન્ય તૈયાર કરીને જગત્‌ગુરુ ભગવાન જેવા વિજય માટે ઉદ્યમી થયા કે તરત જ કર્મસૈન્ય ખળભળી ઊઠ્યું, તેની સ્થિતિ તૂટવા માંડી ને રસ-શક્તિ નાશ થવા લાગી; પ્રકૃતિ એકબીજામાં સંક્રમણ થઈને વેરવિખેર થવા લાગી, કર્મસૈન્ય સમયે સમયે અસંખ્યાતગણું નિર્જીર્ણ થવા લાગ્યું. જેમ વિજયાભિલાષી રાજા શત્રુસૈન્યમાં ખળભળાટ મચાવીને પછી તેને મૂળથી ઉખેડી નાંખે, તેમ આ યોગીરાજે પોતાના યોગબળથી પહેલાં તો કર્મપ્રકૃતિરૂપ મોહસૈન્યમાં ખળભળાટ મચાવી દીધો ને પછી તેને જડમૂળથી ઉખેડી નાંખવાનો ઉદ્યમ શરૂ કર્યો.

ઉત્કૃષ્ટ વિશુદ્ધિને ભાવતા થકા અપ્રમત્ત થઈને ભગવાને મોક્ષમહેલની સીડી સમાન ક્ષપકશ્રેણી પર આરોહણ કર્યું. સાતમા ગુણસ્થાને અધઃકરણ કરીને, અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાને આવ્યા ને પછી અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાને ચડ્યા. ત્યાં પૃથકત્વવિતર્ક નામના શુક્લધ્યાનરૂપી ચક્રને ધારણ કરીને તેના પ્રભાવથી અત્યંત શુદ્ધિ પ્રાપ્ત કરીને, નિર્ભયપણે મોહરાજાના સમસ્ત બળને તોડી પાડ્યું ને તેની બધી સેનાને પછાડી દીધી. પહેલા જ ધડાકે તેમણે મોહના અંગરક્ષક જેવા કષાયો તથા નવ નોકષાયોરૂપી યોદ્ધાને હણી નાંખ્યા; પછી બાકી રહેલામાં મહાનાયક એવા સંજ્વલન ક્રોધને માર્યો, પછી માનને માર્યું; પછી માયાને તેમ જ બાદરલોભને પણ નષ્ટ કર્યો.

એ પ્રમાણે મોહશત્રુને જીતીને, મહાધ્યાનરૂપી રંગભૂમિમાં, સત્ય ચરિત્રધ્વજ ફરકાવતા ને તીક્ષ્ણ જ્ઞાનશસ્ત્રને ધારણ કરતા, વૈરાગ્યનું બખ્તર પહેરીને તે મહાન વીર વિજેતા, જ્યાંથી પાછું ન હઠવું પડે એવી અનિવૃત્તિ નામની વિજયભૂમિમાં આવ્યા. અહીં યોગીરાજ ભગવાન ઋષભદેવે નરક-તિર્યંચગતિ સંબંધી ૧૩ તથા દર્શનાવરણની ૩ એ સોળ પ્રકૃત્તિને એક ઝાટકે ઉડાડી દીધી. પછી ૮ કષાય પ્રકૃતિઓને, નવ નોકષાયને તથા સંજ્વલન ક્રોધ-માન-માયાને—એમ કુલ ૨૦ પ્રકૃતિને પણ

મૂળમાંથી ઉખેડી નાંખી; તથા અશ્વકર્ણકરણ કૃષ્ટિકરણ, વગેરે વિધિ દ્વારા કર્મોનું જોર તોડીને ભગવાન દશમા ગુણસ્થાને આવ્યા. આ સૂક્ષ્મ-સાંપરાય ગુણસ્થાને રહેલા અતિસૂક્ષ્મ લોભને પણ જીતીને મોહ ઉપર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરી લીધો. એ નિર્મોહી વિજેતા ભગવાન ઋષભદેવ રંગભૂમિમાંથી મોહશત્રુનો નાશ થવાથી તેજસ્વીપણે અતિશય શોભતા હતા; જેમ મલ્લકુસ્તીના મેદાનમાં પ્રતિસ્પર્ધી મલ્લ ભાગી જવાથી વિજેતા મલ્લ એકલો શોભે, તેમ મોહ રહિત ભગવાન એકત્વભાવનામાં શોભતા હતા.

ત્યારપછી, અવિનાશી ગુણોનો સંગ્રહ કરનારા ભગવાન ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાને આવ્યા. ત્યાં મોહકર્મનો મૂળમાંથી નાશ કરીને ભગવાન 'સ્નાતક' થયા. પછી જ્ઞાનદર્શન અને વીર્ય વિઘ્ન કરનારી ઉદ્ધત્તપ્રકૃત્તિઓને એકત્વવિતર્ક નામના બીજા શુકલધ્યાનવડે નષ્ટ કરી.

—આ રીતે અતિશય દુ:ખકર એવા ચારે ઘાતીકર્મોને ધ્યાનાગ્નિમાં ભસ્મ કરીને ભગવાન ઋષભમુનિરાજ કેવળજ્ઞાની અને વિશ્વદર્શી થયા. અહો ! ભગવાન સર્વજ્ઞ થયા ! અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, શુદ્ધસમ્યક્ત્વ, દાન, લાભ, ભોગ ઉપભોગ ને વીર્ય—એવી નવક્ષાયિકલબ્ધિરૂપ કિરણોવડે પ્રકાશમાન, ઋષભજિનેન્દ્રરૂપી સૂર્ય માહ વદ અગિયારશે જગતને પ્રકાશતો અને ભવ્યજીવોરૂપી કમળને વિકસાવતો ઉદય પામ્યો. અહા ! ત્રણલોકને આનંદકારી એવા સર્વજ્ઞતારૂપી સૂર્યના પ્રકાશથી ભગવાનનો આત્મા શોભી ઊઠ્યો.

**કેવળજ્ઞાનપ્રાપ્ત ભગવાન ઋષભજિનેન્દ્રને નમસ્કાર હો.**

* * *

## કેવળજ્ઞાનનો ઉત્સવ અને સમવસરણની રચના



આપણા ચરિત્રનાયક ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાન થયું; તેઓ સર્વજ્ઞ થયા; અરિહંત થયા, તીર્થંકર થયા. જે વખતે પ્રભુને કેવળજ્ઞાન થયું તે જ વખતે ભરતરાજાના શસ્ત્રભંડારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું, અને તે જ વખતે તેને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થઈ. એક સાથે ત્રણે વધામણી ભરતને પહોંચી. ત્યારે, ચક્રવર્તીનું રાજ અને પુત્ર એ બંને કરતાં પણ ધર્મને મહાન સમજનારા મહારાજા ભરત સૌથી પહેલાં ઋષભદેવ પ્રભુના કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા તૈયાર થયા, ને અતિશય આનંદપૂર્વક ધામધૂમથી કેવળીપ્રભુનું પૂજન કરવા સમવસરણ તરફ ચાલ્યા. એને અપાર આનંદ છે;—તો આપણને ય ક્યાં

ઓછો આનંદ છે?—એની સવારી ભગવાન પાસે પહોંચે ત્યાર પહેલાં આપણે સમવસરણમાં પહોંચી જઈએ ને ત્યાં કેવી અદ્‌ભુત શોભા છે તે જોઈએ.

ભગવાનને કેવળજ્ઞાન થતાં ફરી પાછું ઈન્દ્રાસન ડોલી ઊઠ્યું; આખા જગતનો સંતાપ નષ્ટ થયો ને શાંતિ છવાઈ ગઈ; હર્ષથી ત્રણલોકમાં ક્ષોભ થયો; સ્વર્ગના વાજિંત્રો જાણે કે ભગવાનના દર્શનનું સુખ લેવા માટે દેવોને નિમંત્રણ આપતા હોય તેમ સ્વયમેવ વાગી ઊઠ્યા. ઈન્દ્રે અવધિજ્ઞાનવડે ભગવાનને કેવળજ્ઞાન થવાનું જાણતાં જ અત્યંત આનંદિત થઈને નમસ્કાર કર્યા; અને ભગવાનના કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા આવી પહોંચ્યા. દેવરૂપી કારીગરોએ અત્યંત ભક્તિપૂર્વક બનાવેલા ઉત્તમ સમવસરણની દિવ્ય શોભા દેખતાં જ ઈન્દ્રને પણ આશ્ચર્ય થયું. અહો! જાણે ત્રણલોકનું મંગલ દર્પણ હોય!—એવા સમવસરણનું વર્ણન સાંભળતાય ભવ્યજીવોનું મન પ્રસન્ન થાય છે, તો એનાં સાક્ષાત્ દર્શનની શી વાત! રત્નોની રજથી બનેલો ધૂલિશાલકોટ સોનાનાં સ્થંભ ને મણિરત્નોનાં તોરણોથી શોભતો હતો. અંદર ચાર રસ્તા વચ્ચે સોનાના અત્યંત ઊંચા ને અદ્‌ભુત ચાર માનસ્તંભ હતા, એને દૂરથી દેખતાં જ મિથ્યાદષ્ટિ જીવોનું માન થંભી જતું હતું. ભગવાનના અનંત ચતુષ્ટયના ચિહ્‌ન જેવા ચાર માનસ્તંભમાં જિનેન્દ્રભગવાનની સુવર્ણપ્રતિમાઓ હતી. માનસ્તંભ ઈન્દ્રે રચેલ હોવાથી તેને ઈન્દ્રધ્વજ પણ કહે છે. તેની બાજુમાં પવિત્ર વાવડી હતી ને થોડે દૂર સમવસરણને ફરતી પાણીની પરિખા હતી, પછી લતાવન હતું; લતાવનમાં ઈન્દ્રોના વિશ્રામ માટે ચન્દ્રકાન્તમણિની બેઠકો હતી.

ત્યાર પછી અંદર જતાં સોનાનો પહેલો કોટ હતો, તેના ચાર દરવાજા ૧૦૮ મંગળદ્રવ્યોથી શોભતા હતા; ને તેની બાજુમાં નવનિધિ હતી,—જાણે કે ભગવાને એ નિધિનો તિરસ્કાર (—ત્યાગ) કરી દીધો તેથી તે દરવાજાની બહાર ઊભીઊભી સેવા કરતી હોય! પછી નાટ્યશાળા તથા ધૂપઘટને ઓળંગીને આગળ જતાં સુંદર વન આવતું હતું;—જાણે કે ઝાડનાં પુષ્પો વડે એ વન પ્રભુજીને પૂજી રહ્યું હોય! એવું સુશોભિત હતું. એ વનમાં વૃક્ષ એટલા બધા પ્રકાશવાળાં હતાં. કે ત્યાં દિવસ—રાતનો ભેદ પડતો ન હતો. અશોક વનની વચ્ચે અશોક નામનું એક મોટુ 'ચૈત્યવૃક્ષ' હતું,—જે અષ્ટમંગળથી તથા જિનપ્રતિમાથી શોભતું હતું.—એ જોતાં ઈન્દ્રને પણ એમ થતું કે અહો! જેમના સમવસરણના વૈભવનું આવું અદ્‌ભુત માહાત્મ્ય, તે ભગવાન ઋષભદેવના અનુપમ કેવળજ્ઞાન—વૈભવની તો શી વાત! સુંદર વનવેદિકા પછી સુવર્ણના થાંભલા ઉપર ૪૩૨૦ ધ્વજાઓની હાર ફરકતી હતી, જે ભગવાનના મોહકર્મ ઉપરના વિજયને પ્રસિદ્ધ કરતી હતી. (આ ધ્વજસ્તંભ, માનસ્તંભ, ચૈત્યવૃક્ષ વગેરેની ઊંચાઈ તીર્થંકરોના શરીરની ઊંચાઈથી બારગણી હોય છે. એટલે અહીં તે ૬૦૦૦ ફૂટ હિમાલયથી ડબલ સમજવી.)

ધજાઓની ભૂમિકા પછી બીજો ચાંદીનો ગઢ હતો, જે ચાર દરવાજાથી અત્યંત શોભતો હતો. તેની અંદર દેદીપ્યમાન કલ્પવૃક્ષોનું ઉત્તમ વન હતું; ને તેની મધ્યમાં સિદ્ધપ્રભુની પ્રતિમા સહિત સિદ્ધાર્થવૃક્ષ શોભતું હતું. ઊંચાઊંચા નવ સ્તૂપ—મંદિરો સિદ્ધ અને અર્હંત પ્રતિમાઓ વડે બહુ આનંદકારી લાગતા હતા.

એનાથી થોડે દૂર ત્રીજો સ્ફટિકમણિનો વિશુદ્ધ કોટ એમ સૂચવતો હતો કે આ જિતેન્દ્ર ભગવાનની સમીપમાં ભવ્ય જીવનાં પરિણામ સ્ફટિક જેવા વિશુદ્ધ થઈ જાયછે. સ્ફટિકના ગઢને ચારબાજુ પદ્મરાગમણિના દરવાજા હતા. પછી ચાર રસ્તાની વચ્ચેના ભાગમાં સ્ફટિકની ચાર—ચાર દિવાલો હતી, —જે બારસભાનો વિભાગ કરતી હતી.

અદ્‌ભુત વૈભવવાળી એ દિવાલો ઉપર રત્નના થાંભલા વડે રચાયેલો આકાશસ્ફટિકમણિનો બનેલો ઘણો વિશાળ ને અતિશય શોભાયુક્ત 'શ્રી મંડપ' હતો. એ શ્રીમંડપ તો શ્રીમંડપ જ હતો....ભગવાને એ મંડપ વચ્ચે ત્રણ લોકની શ્રી (—શોભા)ને ધારણ કરી હતી. ત્રણ લોકના સમસ્ત જીવોને સ્થાન દઈ શકે એવા સામર્થ્યવાળા શ્રીમંડપનો વૈભવ અદ્‌ભુત હતો. ભગવાનના ચરણની શીતલતાના પ્રતાપે એ મંડપની પુષ્પમાળા કદી કરમાતી ન હતી. અહો, જિનેન્દ્રભગવાનનું આ કોઈ અદ્‌ભુત માહાત્મ્ય હતું. કે માત્ર એક યોજનના શ્રીમંડપમાં સમસ્ત સુર-અસુર, તિર્યંચ ને મનુષ્યો એકબીજાને બાધા કર્યા વગર સુખપૂર્વક બેસી શકતા હતા.

ત્યાર પછી પ્રભુની પહેલી પીઠિકા વૈડુર્યરત્નની હતી—જેના ઉપર અષ્ટમંગલ તથા ધર્મચક્ર શોભતા હતા; બીજી પીઠ સોનાની હતી, તેના ઉપર સિદ્ધોના ગુણ જેવી આઠ મહા ધજાઓ શોભતી હતી; ને ત્રીજી પીઠિકા વિવિધ રત્નોની બનેલી હતી. આવી ત્રણ પીઠિકા ઉપર બિરાજમાન જિનેન્દ્ર ભગવાન એવા શોભતા હતા—કે જેવા ત્રણલોકના શિખર ઉપર બિરાજમાન સિદ્ધપ્રભુ શોભે છે.

પ્રભુના સવમસરણની આવી દિવ્ય વિભૂતિ જયવંત હો કે જેની શોભા દેખીને ઈન્દ્ર પણ અતિશય પ્રસન્ન થયો, ને દેવો પણ આશ્ચર્યથી દેખવા લાગ્યા કે અહો! જિનેન્દ્ર ભગવાનનો આ કોઈ અદ્‌ભુત પ્રભાવ છે.

## સિંહાસનાદિ આઠ—પ્રાતિહાર્ય

ત્રણ પીઠિકા ઉપર કુબેરે ગંધકૂટિ રચી હતી. અતિશય દેદીપ્યમાન એ ગંધકૂટિના રત્નજડિત શિખર પર કરોડો વિજયપતાકા ફરકતી હતી. ૬૦૦ ધનુષ (૧૮૦૦ મીટર) લાંબી—પહોળી ગંધકૂટિ ઉપર સોનાનું 'સિંહાસન' હતું. તીર્થંકર ભગવાન ઋષભદેવ એને શોભાવતા હતા; પોતાના કોઈ નિરાલંબી માહાત્મ્યથી ભગવાન એ સિંહાસનથી ચાર આંગળ ઊંચે અદ્ધર બિરાજતા હતા, તેઓ સિંહાસનને અડ્યા ન હતા. અહો! નિરાલંબી તત્ત્વ!!

સમવસરણમાં દેવો દ્વારા 'પુષ્પવૃષ્ટિ' થતી હતી. ભગવાનની નીકટ એક 'અશોકવૃક્ષ' હતું, જેમાં મરકતમણિના પાંદડા અને વિવિધરત્નોનાં પુષ્પો હતા. એક યોજનનું એ અશોકવૃક્ષ શોકને નષ્ટ કરતું હતું ને ખીલેલાં પુષ્પો વડે પ્રભુને પૂજતું હતું. ઉપર રત્નજડિત ત્રણ સફેદ 'છત્રો' શોભતા હતા—જે ત્રણલોકને આનંદકારી હતા. ચારે બાજુ દેવો ચોસઠ 'ચામર' ઢાળતા હતા. અતિશય ગંભીર ને મધુર 'દેવદુન્દુભી' વાજાં વાગતા હતાં. જિનેન્દ્ર ભગવાનના શરીરમાંથી ઉત્પન્ન થતી દિવ્ય પ્રભા અર્થાત્ 'ભા—મંડલ'ના તેજ વડે આખી સમવસરણભૂમિ શોભતી હતી. ભગવાનની આશ્ચર્યકારી પ્રભા કરોડો દેવોનાં તેમજ સૂર્યનાં તેજને ઢાંકી દેતી હતી, ને ભગવાનનો મહાન પ્રભાવ પ્રગટ કરતી હતી. અહા, અમૃતના સમુદ્ર જેવી, અને જગતનું મંગલ કરનારા દર્પણ જેવી, ભગવાનના શરીરની તે મંગલ પ્રભામાં મનુષ્યો ને દેવો પ્રસન્નતાપૂર્વક પોતાના સાતસાત ભવો દેખતા હતા. ભગવાનના સર્વાંગેથી 'મહાદિવ્યધ્વનિ' છૂટતો હતો; મધુરી મેઘગર્જના જેવો અને અતિશયવાળો એ દિવ્ય-ધ્વનિ ભગવાનના માહાત્મ્યથી સર્વભાષારૂપ થઈને ભવ્યજીવોના અજ્ઞાન-અંધકારને નષ્ટ કરતો હતો ને તત્ત્વનો બોધ કરાવતો હતો. સર્વજ્ઞ ભગવાનનો એ દિવ્યધ્વનિ એક હોવા છતાં શ્રોતાજનોની પાત્રતા અનુસાર અનેક પ્રકારની

વાણીરૂપ થઈ જતો હતો.—અહા, એ જિનવાણીની મધુરતાની શી વાત!

આ રીતે સિંહાસન, પુષ્પવૃષ્ટિ, અશોકવૃક્ષ, છત્ર, ચામર, દેવદુંદુભી, ભામંડળ ને દિવ્યધ્વનિ એવા આઠ પ્રાતિહાર્યયુક્ત સમવસરણ, અનંત ચતુષ્ટયના નાથ સર્વજ્ઞદેવ વડે શોભી રહ્યું હતું.

## ઇન્દ્રનું આગમન ને ભગવાનની સ્તુતિ

સાતિશય પુણ્યના બગીચા જેવી એ સમવસરણની શોભા દેખીને ઈન્દ્રાદિ દેવો અતિ પ્રસન્ન થયા ને ભક્તિપૂર્વક એ ભગવાનને સેવવા માટે સમવસરણને ત્રણ પ્રદક્ષિણા દઈને સભામંડપમાં દાખલ થયા. ભગવાનનું શ્રીમુખ ચારે બાજુથી દેખાતું હતું અર્થાત્ તેઓ ચતુર્મુખ હતા. ભગવાનને અન્નપાણીનો આહાર ન હતો, વસ્ત્ર—આભૂષણ પણ ન હતાં, ઈન્દ્રિયજન્ય જ્ઞાન પણ ન હતું, જ્ઞાનાવરણાદિક કર્મોના નાશથી તેઓ સર્વજ્ઞ હતા; તેઓ મોક્ષસૃષ્ટિના સર્જનહાર અને પાપસૃષ્ટિના સંહારક હતા. આવા ભગવાનને દેખતાં જ અતિશય ભક્તિથી નમ્રીભૂત એવા ઈન્દ્રે ઘૂંટણભર થઈને પ્રણામ કર્યા, તેના નેત્રો અને મુખ હર્ષથી પ્રફુલ્લિત બન્યાં. નમસ્કાર કરી રહેલા ઈન્દ્ર-ઈન્દ્રાણીના મસ્તક પર પોતાના નખના કિરણો વડે ભગવાન જાણે કે આશીર્વાદ વરસાવતા હતા. અષ્ટવિધ ઉત્કૃષ્ટ પૂજનસામગ્રી વડે ઈન્દ્રોએ શ્રદ્ધાપૂર્વક ભગવાનની પૂજા કરી; ઈન્દ્રાણીએ પ્રભુચરણ સમીપે રંગબેરંગી રત્નોના મંડલ પૂર્યા.—પરંતુ કૃતકૃત્ય એવા ભગવાનને એ બધાથી શું પ્રયોજન હતું? એ તો વીતરાગ હતા, તેઓ કોઈના ઉપર ન પ્રસન્ન થતા, કે ન દ્વેષ કરતા; અને છતાંય ભક્તોને ઈષ્ટફળ પ્રાપ્ત થઈ જતું હતું—એ એક આશ્ચર્યકારી વાત છે! (ભગવાનમાં પરનું અકર્તૃત્વ, સાક્ષીપણું અને વીતરાગતા હોવા છતાં ભક્તો પોતાના ઉત્તમભાવનું ઈષ્ટફળ પામતા હતા—એવી સ્વતંત્રતા એ એક આશ્ચર્યકારી વાત છે,—કે જે જૈન ધર્મમાં જ સંભવે.)

ત્યારબાદ ઈન્દ્ર અત્યંત ભક્તિથી સ્તુતિ કરવા લાગ્યા; હે જિનનાથ! આપ ગુણરત્નોના ખજાના છો, આપના પ્રત્યેની ભક્તિ ઈષ્ટફળ દેનારી છે. અમે જડબુદ્ધિ હોવા છતાં આપના ગુણોની ભક્તિ અમને વાચાલિત કરે છે. પ્રભો! આપનું અત્યંત નિર્વિકાર શરીર જ આપના શાન્તિસુખને પ્રગટ દેખાડી રહ્યું છે. વસ્ત્રરહિત હોવા છતાં આપનું શરીર સર્વોત્કૃષ્ટ સુંદરતાને ધારણ કરી રહ્યું છે. પ્રભો! આપના કલ્યાણકોમાં દેવો પણ દાસ થઈને આપની સેવા કરે છે. મોક્ષમાર્ગરૂપી સૃષ્ટિના આપ વિધાતા છો; આપ જ જગતમાં મિત્ર છો, આપ જ ગુરુ છો, આપ જ જગતના પિતામહ છો; આપનું ધ્યાન કરનાર જીવો અમર એવા મોક્ષપદને પામે છે. પ્રભો! દિવ્યધ્વનિ વડે આપ જગતને મોક્ષના અનંતસુખનો માર્ગ દેખાડનારા છો. આપે બતાવેલા મોક્ષમાર્ગમાં ચાલનારા જીવો પરમ આનંદને પામે છે. પ્રભો! જગતના સમસ્ત પદાર્થો જેમાં ભરેલા છે એવી આપની દિવ્યવાણી વિદ્વાનોને તરત જ તત્ત્વજ્ઞાન કરાવે છે, ને સ્યાદ્વાદરૂપી નીતિવડે તે અંધ-મતનું અજ્ઞાન દૂર કરે છે. આપની વાણી એ પવિત્ર તીર્થ છે, ને આપે કહેલું ધર્મરૂપી તીર્થ ભવ્ય જીવોને સંસારથી પાર થવાનો માર્ગ છે; પ્રભો! સર્વ પદાર્થોને જાણનારા આપ સર્વજ્ઞ છો; મોહના વિજેતા છો; ધર્મતીર્થના કર્તા તીર્થંકર છો; મુનિઓ આપને જ પુરાણપુરુષ માને છે. કેવળજ્ઞાનરૂપી નિર્મળ નેત્ર આપને પ્રગટ્યું છે. હે પ્રભો! આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ ને અમારી પવિત્ર સ્તુતિનો સ્વીકાર કરો.—આ પ્રમાણે ભક્તિપૂર્વક સેંકડો સ્તુતિ કરીને ઈન્દ્રોએ પ્રભુચરણોમાં મસ્તક

# આપણા ભગવંતો ✻ ચોવીસ તીર્થંકર



હે ધર્મપિતા જિનેશ્વર દેવ ! જેવા સમ્યક્ ભાવે આપનો પુત્ર ભરત આપને વંદન કરે છે....હું પણ તેવા જ ભાવે આપને વંદન કરું છું. ભરતની જેમ હું પણ આપનો જ નંદન છું.

મોક્ષમાર્ગનો પથિક હું આવ્યો તુજ દરબાર,
તુજસમ આતમ-ભાવના, એ જ પૂજનનો સાર.

નમાવ્યું, ને ભગવાનના શ્રીમુખ તરફ ટગટગ જોતા સભામંડપમાં બેઠા. શાસ્ત્રકાર કહે છે કે અહો! જિનેન્દ્ર ભગવાનના બાહ્ય વૈભવરૂપ આ દિવ્ય સમવસરણની ને માનસ્તંભ વગેરેની પણ હું પ્રસન્નતાપૂર્વક સ્તુતિ કરું છું, વંદના કરું છું. તથા તેમના અંતરંગ વૈભવનું સ્મરણ કરું છું.–ચિંતન કરું છું.

સ્વયંભૂ ભગવાન ઋષભદેવની ધર્મસભામાં અનુક્રમે બાર કોઠામાં (૧) પ્રથમ ગણધરાદિ મુનિવરો (૨) કલ્પવાસીનીદેવીઓ (૩) આર્યિકા તથા શ્રાવિકાઓ (૪) જ્યોતિષી દેવીઓ (૫) વ્યંતર દેવીઓ (૬) ભવનવાસી દેવીઓ (૭) ભવનવાસી દેવ (૮) વ્યન્તર દેવ (૯) જ્યોતિષી દેવ (૧૦) કલ્પવાસી દેવ (૧૧) મનુષ્યો તથા (૧૨) તિર્યંચોની સભા હોય છે. સમવસરણના દિવ્ય વૈભવ વચ્ચે પણ નિર્લેપપણે બિરાજમાન, ધર્મચક્રના અધિપતિ એવા શ્રી જિનેન્દ્ર ભગવાનના આત્મવૈભવનું જે ભવ્યજીવ ભક્તિપૂર્વક સ્તવન તથા ચિંતન કરે છે તે સમસ્ત ગુણોથી ભરપૂર એવી સમ્યક્ત્વાદિ જિનવિભૂતિને પામે છે.

## સમવસરણમાં ભરતચક્રવર્તીનું આગમન, વંદન–પૂજન–સ્તુતિ

આ તરફ ભગવાન ઋષભદેવના કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા ભરત મહારાજાની સવારી ઠાઠ-માઠસહિત પુરિમતાલનગરીમાં સમવસરણ સમીપ આવી પહોંચી. બધા કાર્યમાં સૌથી પહેલું ધર્મનું કાર્ય કરવું જોઈએ–એમ સમજનારા ભરતે, ચક્રરત્ન તથા પુત્રજન્મના ઉત્સવ પહેલાં ભગવાનના કેવળજ્ઞાનની પૂજા કરવાનો નિશ્ચય કર્યો હતો. બાહુબલી વગેરે નાના ભાઈઓ, તેમજ પુત્ર પરિવાર સહિત ધર્મદરબારમાં આવીને ભરતરાજે અતિ ભક્તિપૂર્વક ભગવાન જિનેન્દ્રદેવના દર્શન–વંદન કર્યા અને પછી મહા આનંદપૂર્વક તેમની પૂજા કરી. આપણે પણ તેમની સાથે જ સમ્યક્ભાવથી જિન પૂજા કરીએ :–

**(જિનદરબારમાં મંગલ પ્રવેશ)**



નમું જિનેશ્વર દેવ હું પરમ સુખી ભગવાન,
આરાધી તુજ પંથને પામું પદ નિર્વાણ.

હે ધર્મપિતા સર્વજ્ઞ જિનેશ્વર ચેતનમૂરતિ આપ જ છો.
મુજ ચેતનનું રૂપ જોવાને દર્પણસમ પ્રભુ આપ જ છો.
સમ્યક્ દરશન–જ્ઞાન–ચરણથી આપે અનુપમ સુખ પિયા,
મોક્ષતણો એ માર્ગ બતાવી ભવ્ય જીવોને ન્યાલ કિયા.

મોક્ષમાર્ગનો પથિક હું આવ્યો તુજ દરબાર,
તુજસમ આતમ–ભાવના, એ જ પૂજનનો સાર.

(૧. સ્વાનુભૂતિનાં જળથી જિનપૂજા)

ચેતનમય છે સુખ–સરોવર શ્રદ્ધા–પુષ્પે શોભે છે,
આનંદ–મોતી ચરતો હંસો કેલિ કરતો મ્હાલે છે.
સ્વાનુભૂતિના કળશ કનકમય ભરી ભરી પ્રભુ-નવરાવે છે,
એવા ધરમી નિર્મળ જળથી મોહ – મેલને ધૂએ છે.
ઊંડું સરવર આત્મનું આનંદે છલકાય,
શાંતિરસના પાનથી જન્મ–મરણ દૂર જાય.

**(૨. શમરસ–ચંદનથી જિનપૂજા)**

પ્રભો મગ્ન ચેતનાસાગરમાં શાંતિ–જલથી ન્હાઈ રહ્યા,
મોહ મેલને દૂર કરીને ભવાતાપથી રહિત થયા.
પ્રભો, તપ્ત હું મોહતાપથી, સમ્યક્‌રસમાં સ્નાન કરું,
પાવન થઈને તુજ મારગમાં શમરસ–જળથી પૂજ કરું.
ચેતનરસને ઘોળીને ચારિત–સુગંધ મિલાય;
ભાવે પ્રભુને પૂજતાં શીતળ શાંતિ પમાય.

**(૩. અક્ષાતીત ભાવે જિનપૂજા)**

પ્રભો! અગોચર અક્ષ થકી પણ અક્ષતથી તુમ પૂજ કરું,
અક્ષાતીત કરી જ્ઞાન અમારું અક્ષયપદને પ્રાપ્ત કરું.
સત્કાર કરું તુજ પરમ સુખનો અંતરમુખ મુજ જ્ઞાન વડે,
પૂજું પ્રભુજી પરમભાવથી મુજ સુખના આસ્વાદ વડે.
અક્ષત સુખનો સ્વાદ જે અક્ષ થકી છે પાર,
એવા અક્ષય સુખ વડે તૃપ્ત–તૃપ્ત ભગવાન.

**(૪. શ્રદ્ધા–સુમન વડે જિનપૂજા)**

પૂજું અતીન્દ્રિય દેવ અહો! આ મુજ શ્રદ્ધાનાં સુમન વડે,
નિષ્કામ થઈ બસ, એક જ કામ, હું સાધી લહું મુજ આતમને.
અનંતગુણનાં ફૂલ સુગંધી વિકસી રહ્યા છે આતમમાં,
કરમાશે નહીં કદી હવે હું આવ્યો છું તુજ મારગમાં.
સુંદર પુષ્પ શ્રદ્ધાનનાં ખીલ્યાં આત્મ-ઉદ્યાન,
નિજગુણ–પુષ્પે પૂજવા આવ્યો છું ભગવાન.

**(૫. ચેતનરસના સ્વાદથી જિનપૂજા)**

નૈવેદ નથી કંઈ ખાતા પ્રભુ! હું નૈવેદ તુજને શેનો ધરું?
ચેતનરસનો નૈવેદ સાચો તુજ પાસેથી પ્રાપ્ત કરું.

અહો જિનેશ્વર ચેતનરસ આ આનંદથી હું સ્વાદ લહું,
સાદિ-અનંતનો સ્વાદ જ સાચો સિદ્ધાલયમાં આવી રહું.
જગનો એઠો સ્વાદ રે! ચાખ્યો વાર અનંત,
વીતરાગ નિજ સ્વાદ લઈ, હવે કરું ભવ—અંત.

**(૬. જ્ઞાન—દીપકથી જિનપૂજા)**

લાખો દીવડા ભલે જગે પણ દૂર નહીં અજ્ઞાન કરે,
તે અજ્ઞાનને એક જ ક્ષણમાં જ્ઞાનકિરણ આ નષ્ટ કરે.
અહો, જ્ઞાનતણો આ મહિમા! મોહ પ્રવેશ નહિ કરી શકે,
એવા જ્ઞાન દીપકથી જિનવર! સાધક તારી પૂજ કરે.
સ્વાનુભૂતિનો દીવડો પ્રકાશે આત્મસ્વરૂપ;
રાગ—પવન લાગે નહિ, કેવળ જ્યોતિ અનૂપ.

**(૭. ધ્યાનાગ્નિ વડે જિનપૂજા)**

દ્વેષ ગયા ને રાગ ગયા વળી અષ્ટ કર્મ પણ દૂર થયા,
અગ્નિ પ્રગટી ધ્યાન તણી ત્યાં ખુશબોથી ગુણ ખીલી રહ્યા.
અહો, આત્મશુદ્ધિ અદ્‌ભુત છે સુખ-સુવાસમાં મ્હાલી રહ્યા,
નિર્ધૂમ અગ્નિ ચમકે જ્ઞાયક ગુણ સર્વે જ્યાં શોભી રહ્યાં.
શાંતિ—સુગંધનો પૂંજ હું જ્ઞાન—આનંદનું ધામ,
સિદ્ધસમ નિજને ધ્યાવતો પહોંચું પ્રભુને ધામ.

**(૮. મોક્ષસુખના સ્વાદ વડે જિનપૂજા)**

સમ્યક્ વૃક્ષના અમૃત ફળ છે મોક્ષ તણા સુખ ચાખી રહ્યા,
અદ્‌ભુત સ્વાદ છે ચેતનરસનો, રાગદ્વેષ સૌ ભાગી ગયા.
કરું ભાવના મોક્ષ—શ્રીફળની બીજડા વાવી જ્ઞાનતણા,
સીંચી ચારિત ઉત્તમ જળથી સ્વાદ હું ચાખું મોક્ષતણા.
બીજ અને છું વૃક્ષ હું, ફળ હું, હું ખાનાર,
પૂજ્ય-પૂજક જ્યાં એક છે ફળપૂજાનો સાર.

**(સમ્યક્‌ભાવે સાચી જિનસેવા)**

અજ્ઞાનતામાં પ્રભુજી તમને સત્યરૂપે નવ પૂજી શક્યો;
પૂજન બહાને રાગ કરીને વીતરાગતા હું ચૂક્યો...
હવે પ્રભુ મેં જ્ઞાનરૂપ થઈ જાણી લીધું છે તારું રૂપ,
તેથી સમ્યક્ ભાવ જગાડી સેવી રહ્યો છું સત્યસ્વરૂપ.
સત્ય સ્વરૂપની સેવના, એ જ પ્રભુની સેવ;
જિનસેવા વ્યવહારથી નિશ્ચય આતમસેવ.

સાચા જિન-ઉપાસક એવા સમ્યગ્દૃષ્ટિ ભરતને સમ્યક્ ભાવથી જિનપૂજા કરતાં રોમાંચકારી ચૈતન્ય–ઉર્મિઓ જાગતી હતી. પૂજનબાદ ઘૂંટણીએ પડીને નમસ્કારપૂર્વક ભરતરાજાએ ધર્મચક્રવર્તી એવા તીર્થંકર પ્રભુની સ્તુતિ કરી : હે પ્રભો! આપ ધર્મના નાયક છો, આપ મોક્ષમાર્ગના નેતા છો, આત્મસ્વરૂપને જાણનારાઓના આપ ધ્યેય છો; ઈન્દ્રિયો વિદ્યમાન હોવા છતાં આપ અતીન્દ્રિય છો; વિષય–કષાય રહિત સંપૂર્ણ આત્મિકસુખ આપને પ્રગટ્યું છે. પ્રભો! આપ તો અનંતગુણસંપન્ન છો, અમે અલ્પબુદ્ધિ જીવો આપના પવિત્ર ગુણોનું સ્તવન કઈ રીતે કરી શકીએ? આપનાં ગુણોની સ્તુતિ તો દૂર રહી, આપનું નામ પણ અમને પવિત્ર કરે છે. હે પ્રભો! આપને જ ઈષ્ટદેવ માનીને અમે આપની જ ઉપાસના કરીએ છીએ, ને આપે દેખાડેલા મોક્ષમાર્ગને ઉપાસીને મોક્ષ પ્રાપ્ત કરવા ચાહીએ છીએ.

એ પ્રમાણે વંદન-પૂજન-સ્તવન કરીને, દેવો પણ જેને આશ્ચર્યથી જોઈ રહ્યાં છે એવા તે ભરત ચક્રવર્તી શ્રીમંડપમાં જઈને મનુષ્યોની સભામાં અગ્રસ્થાને બેઠા. આખી સભા તત્ત્વનું સ્વરૂપ જાણવાની ઈચ્છાથી ભગવાનની દિવ્ય વાણી સાંભળવા માટે હસ્તાંજલિ જોડીને શાંત થઈ ગઈ. ત્યારે મહારાજા ભરતે વિનયપૂર્વક ભગવાનને પ્રાર્થના કરી : હે ભગવાન! તત્ત્વો કેટલા છે? તેમાં શુદ્ધ આત્મતત્ત્વ કેવું છે? મોક્ષનો માર્ગ શું છે? ને તે માર્ગનું ફળ શું છે? તે અમે આપની પાસેથી સાંભળવા ચાહીએ છીએ...તો કૃપા કરીને ધર્મની વર્ષા કરો.



## ભગવાનના દિવ્ય ઉપદેશવડે ભરતક્ષેત્રમાં ધર્મયુગનો પ્રારંભ

ભરતરાજે પ્રાર્થના કરતા તીર્થંકર ભગવાન ઋષભદેવે અત્યંત ગંભીર દિવ્ય વાણી દ્વારા તત્ત્વોનું વિવેચન કર્યું. દિવ્યવાણી છૂટતી વખતે પણ ભગવાનના મુખમાં કોઈ ફેરફાર (હોઠનું હલનચલન વગેરે) થતો ન હતો.—શું પદાર્થોને પ્રકાશીત કરતી વખતે દર્પણમાં વિકાર થાય છે?—નહિ. પ્રયત્ન વિના, ઈચ્છા વિના સર્વાંગેથી એ વીતરાગવાણીનો ધોધ વહેતો હતો. જેમ પર્વતની કોઈ ઊંડી ગૂફામાંથી અવાજ

આવતો હોય એમ પ્રભુની દિવ્યવાણી અતિ ગંભીર હતી. અહો, તીર્થંકરાદિ મહાપુરુષોનું યોગબળ ને એમની પ્રભુતા કોઈ અચિન્ત્ય હોય છે !

સમવસરણ વચ્ચે દિવ્યધ્વનિમાં ભગવાને જીવાદિ છ દ્રવ્યોનું યથાર્થ સ્વરૂપ કહ્યું. જગતમાં જીવ ને અજીવ એમ બે પ્રકારનાં દ્રવ્યો છે; જીવો પણ સંસારી ને મુક્ત એમ બે પ્રકારનાં છે. જેમાં ચેતના એટલે કે જાણવા–દેખવાની શક્તિ છે તે જીવ છે; તે અનાદિ-અનંત છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવતા સહિત છે, ઉપયોગસ્વરૂપ છે, શુભ-અશુભ કે શુદ્ધ ભાવરૂપ સ્વકર્મનો કર્તા છે, તેના ફળનો ભોક્તા છે, તે લોકના પ્રદેશ પ્રમાણ અસંખ્યપ્રદેશી અરૂપી છે ને શરીરના આકારે રહેલો છે, અનંત ગુણસંપન્ન છે, લોકાગ્ર સુધી ઊર્ધ્વગમનસ્વભાવી છે, સંસારદશામાં સંકોચ–વિસ્તારરૂપ પરિણમે છે; દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મરહિત તેનું શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે તે મોક્ષદશામાં પ્રગટે છે, ને ધર્મીજીવો તેને પોતામાં સ્વાનુભવથી જાણે છે. જીવનું સંશોધન કરવા માટે ગતિ વગેરે ૧૪ માર્ગણાઓ પણ ભગવાને વિસ્તારથી બતાવી; જીવની પર્યાયના ૧૪ ગુણસ્થાનો બતાવ્યા; ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔદયિક અને પારિણામિક–એ પાંચ ભાવો જીવનાં નિજતત્ત્વ છે, તેમનું સ્વરૂપ ઓળખાવ્યું. જીવનું લક્ષણ ઉપયોગ છે. એવા ઉપયોગલક્ષણરૂપ જીવને ઓળખીને તેનું યથાર્થ શ્રદ્ધાન કરવું જોઈએ. 'જીવ' ઉપરાંત પ્રાણી, જંતુ, ક્ષેત્રજ્ઞ, પુરુષ, પુમાન, આત્મા, અંતરાત્મા, જ્ઞ અને જ્ઞાની એ પણ જીવનાં જ નામો છે. દ્રવ્યથી તે નિત્ય છે. ને પર્યાયથી તે ઉત્પત્તિ-વિનાશસહિત અનિત્ય છે. આત્મા સત્ વસ્તુ છે, તે સર્વથા અભાવરૂપ નથી, તેમજ સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય પણ નથી; તે સર્વથા અકર્તા કે અભોક્તા પણ નથી, તેને સંસાર છે ને તે સંસારથી છૂટીને મોક્ષ પણ પામે છે. તે મોક્ષનો ઉપાય રત્નત્રય છે કે જે રાગ વગરનાં છે. કુમાર્ગ છોડીને આવા જીવતત્ત્વનો ને મોક્ષના ઉપાયનો નિશ્ચય કરવો જોઈએ; ને પછી અણુવ્રતરૂપ શ્રાવકપણું કે મહાવ્રતરૂપ મુનિપણું અંગીકાર કરવું જોઈએ;–એમ શ્રાવકધર્મ તથા મુનિધર્મ ભગવાને ઉપદેશ્યો.

વળી ભગવાનની દિવ્યદેશનામાં એમ આવ્યું કે–જીવની નરક તિર્યંચ મનુષ્ય ને દેવ એ ચારે ગતિ તે સંસારઅવસ્થા છે; અને રત્નત્રયદ્વારા સમસ્ત કર્મોનો અત્યંત ક્ષય થતાં જે અનંત સુખસ્વરૂપ સિદ્ધગતિ પ્રગટે છે તે મોક્ષદશા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા રત્નત્રયરૂપ સાધનવડે તેની પ્રાપ્તિ થાય છે. આવા જીવાદિ તત્ત્વોનું તથા સાચા દેવ–શાસ્ત્ર–ગુરુનું અત્યંત પ્રસન્નતાપૂર્વક શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે; આ સમ્યગ્દર્શન મોક્ષપ્રાપ્તિનું પહેલું સાધન છે. જીવાદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રકાશીત કરનારું ને અજ્ઞાન-અંધકારનો નાશ કરનારું જે જ્ઞાન છે તે સમ્યગ્જ્ઞાન છે. ઈષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં સમતાભાવ ધારણ કરીને નિજસ્વરૂપમાં ચરવું–એવા માધ્યસ્થલક્ષણરૂપ સમ્યક્ચારિત્ર છે. આ સમ્યક્ચારિત્ર યથાર્થપણે તૃષ્ણારહિત, મોક્ષાર્થી, વસ્ત્રરહિત અને અહિંસક એવા મુનિને જ હોય છે. આ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયની પૂર્ણતા તે મોક્ષનું કારણ છે; તેમાંથી એક્કેય ઓછું હોય તો તે પોતાના કાર્યને (મોક્ષને) સાધી શકતું નથી. સમ્યગ્દર્શન હોય તો જ જ્ઞાન ને ચારિત્ર સફળ છે. સમ્યગ્દર્શન રહિત બાહ્ય ચારિત્ર કંઈપણ કાર્યકારી નથી,–પરંતુ તે તો અંધપુરુષની દોડ સમાન છે. એ જ રીતે ચારિત્ર વગર એકલા દર્શન–જ્ઞાનવડે પણ મોક્ષ સધાતો નથી. આ રીતે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ ભગવાને બતાવ્યો.

જૈનધર્મમાં આપ્ત આગમ અને પદાર્થોનું જે સ્વરૂપ કહ્યું છે તેનાથી વધારે કે ઓછું ત્રણકાળમાં હોતું નથી.—આવી શ્રદ્ધાની દઢતા વડે સમ્યગ્દર્શનમાં વિશુદ્ધતા થાય છે. જેઓ અનંત જ્ઞાનાદિ ગુણોસહિત સર્વજ્ઞ છે, જેમણે મોહાદિ કર્મકલંક ધોઈ નાખ્યા છે, જેઓ નિર્મળતાના ભંડાર છે ને નિર્મળ જેમનો આશય છે, સૌના હિતોપદેષ્ટા છે—એવા વીતરાગ જિનદેવ તે 'આપ્ત' છે, તે જ ઈષ્ટદેવ છે. એવા આપ્તપુરુષની વાણી—કે જે શુદ્ધાત્મસ્વરૂપના પુરુષાર્થને ઉપદેશનારી છે ને નયપ્રમાણોથી ગંભીર છે તે 'આગમ' છે, તેમાં કહેલાં અનેકાન્તસ્વરૂપ જીવાદિ પદાર્થો તે તત્ત્વો છે. આવા આપ્ત—આગમ—તત્ત્વોને બરાબર ઓળખવા જોઈએ. જીવ—અજીવ આદિ પદાર્થો પોતપોતાના ગુણ—પર્યાયરૂપે પરિણમન કરે છે; સમસ્ત પદાર્થોમાં પરિણમન સ્વયમેવ થાય છે, અને કાળદ્રવ્ય તેમાં સહકારીકારણ છે.—આવા પદાર્થસ્વરૂપને જે જાણે છે તે પરમ બ્રહ્મપદને પામે છે.

આ રીતે ભરતક્ષેત્રના આદ્યતીર્થંકર ભગવાન ઋષભદેવે દિવ્યધ્વનિદ્વારા જીવાદિ છ દ્રવ્યોનું, મોક્ષ વગેરે પુરુષાર્થનું, મુનિધર્મ તથા શ્રાવકધર્મનું, મોક્ષ અને તેના માર્ગરૂપ રત્નત્રયનું, બંધ અને બંધના કારણોનું, સંસારી અને મુક્તજીવનું, ત્રણલોકની રચનાનું, સ્વર્ગ—નરક ને દ્વીપ-સમુદ્ર વગેરેનું, તીર્થંકરો—ચક્રવર્તીઓ વગેરેના ચરિત્રનું, તીર્થંકરોના કલ્યાણકોનું, ગુણસ્થાન-માર્ગણાસ્થાનનું, ગતિ-આગતિનું તથા મુનિઓની ઋદ્ધિ વગેરેનું નિરૂપણ કર્યું. સર્વને જાણનારા ને સર્વનું કલ્યાણ કરનારા ભગવાન ઋષભદેવે ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણેકાળસંબંધી સમસ્ત દ્રવ્યોનું સંપૂર્ણ સ્વરૂપ બતાવ્યું.

અહા, આ ભરતક્ષેત્રમાં અસંખ્યાતા વર્ષો બાદ તીર્થંકર ભગવાનની દિવ્યવાણી પહેલવહેલી પુરિમતાલનગરીમાં છૂટી...એ દિવ્યધ્વનિની શી વાત!! ને એ અમૃતધોધને ઝીલનારા શ્રોતાઓના આનંદની શી વાત!! ભગવાને કહેલું તત્ત્વસ્વરૂપ સાંભળીને ભરતરાજ અને બારે સભાના જીવો પરમ આનંદને પામ્યા. દિવ્યધ્વનિદ્વારા ધર્મરૂપી અમૃતનું પાન કરીને બધા જીવો પરમ હર્ષથી સંતુષ્ઠ થયા. પરમ આનંદિત થઈને ભક્તિનિર્ભર એવા ભરતરાજા ભગવાન સમીપે ક્ષાયિક સમ્યક્ત્વ, અવધિજ્ઞાન તેમ જ અણુવ્રતોની પરમવિશુદ્ધિને પામ્યા.

## ચાર તીર્થરૂપ ચતુર્વિધસંઘની સ્થાપના

એ જ વખતે ભરતના નાના ભાઈ **વૃષભસેન**—કે જે આ પુરિમતાલ નગરીના રાજવી હતા, તથા પ્રાજ્ઞ, શૂરવીર, પવિત્ર, ધીર—ગંભીર ને અતિશય બુદ્ધિમાન હતા, તેમણે ભગવાનના પ્રથમ ઉપદેશથી સંબોધિત થઈને ભગવાનના ચરણોમાં મુનિદીક્ષા ધારણ કરી; તેઓ ભગવાનના પ્રથમ ગણધર થયા; **ભગવાનના જે પુત્ર હતા તે જ તેમના ધર્મપુત્ર (ગણધર) થયા;** ને સાત ઋદ્ધિ તથા ચાર જ્ઞાન વડે શોભી ઊઠ્યાં; આ ઉપરાંત આહારદાન દેનારા રાજા સોમપ્રભ, શ્રેયાંસકુમાર તથા અન્ય રાજાઓ પણ દીક્ષા લઈને ભગવાનના ગણધર થયા. ભગવાનની પુત્રી અને ભરતની નાની બેન **બ્રાહ્મીદેવી** પણ ભગવાન સમીપ દીક્ષિત થઈને આર્યિકાઓના સંઘના ગણિની બન્યા; દેવોએ પણ તેની પૂજા કરી. ભગવાનની બીજી પુત્રી ને બાહુબલીની સહોદરી **સુંદરીદેવી**એ પણ પ્રભુચરણોમાં વૈરાગ્યપૂર્વક દીક્ષા લીધી; બીજા પણ કેટલાય રાજાઓ, રાજકુમારો ને રાજપુત્રીએ સંસારથી ભયભીત થઈને દીક્ષા ધારણ કરી. શ્રુતકીર્તિ નામના અતિશય બુદ્ધિમાન પુરુષે શ્રાવકવ્રત ગ્રહણ કર્યા, ને લાખો દેશવ્રતી શ્રાવકોમાં

તે શ્રેષ્ઠ થયા; એ જ રીતે પવિત્ર અંતઃકરણવાળી સતી પ્રિયવ્રતાએ શ્રાવિકાનાં વ્રત ધારણ કર્યા ને લાખો શ્રાવિકાઓમાં તે શ્રેષ્ઠ થઈ. આ રીતે ભગવાન ઋષભદેવના શાસનમાં આ ભરતક્ષેત્રમાં મુનિ–અર્જિકા–શ્રાવક ને શ્રાવિકારૂપ ચતુર્વિધસંઘની સ્થાપના થઈ.

## મોક્ષના દરવાજા ખુલ્યા

ભગવાનની સાથે દીક્ષા લેનારા જે ૪૦૦૦ રાજાઓ ભ્રષ્ટ થઈ ગયા હતા તેમાંથી એક મરીચિ સિવાયના બીજા બધા તપસ્વી-રાજાઓ ભગવાન ઋષભદેવના ઉપદેશથી તત્ત્વનું યથાર્થ સ્વરૂપ સમજીને ફરીથી દીક્ષિત થયા ને ભાવલિંગી મુનિ થયા. બીજા અનેક ઉત્તમ રાજાઓએ પણ દીક્ષા લીધી; તેમાં ભગવાનના પુત્ર **અનંતવીર્ય** (ભરતના ભાઈ) પણ ભગવાન પાસે દીક્ષા લઈને અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટાવી આ અવસર્પિણી યુગમાં (ત્રીજા આરામાં) સૌથી પહેલા મોક્ષ પામ્યા. દેવોએ પણ તેમની પૂજા કરી. આ રીતે પ્રથમ તીર્થંકર ભગવાનનો દિવ્યધ્વનિ શરૂ થતાં ભરતક્ષેત્રમાં મોક્ષના દરવાજા ખુલ્યા.

## સૌધર્મ-ઇન્દ્રદ્વારા ભગવાનની સ્તુતિ

મહારાજા ભરત પરમભક્તિપૂર્વક ભગવાન ઋષભદેવના કેવળજ્ઞાનનો ઉત્સવ કરીને, તેમજ દિવ્યવાણીનું શ્રવણ કરીને, ચક્રરત્નનો તથા પુત્રજન્મનો ઉત્સવ કરવા માટે અયોધ્યા તરફ પાછા ફર્યા. ભરત–રાજર્ષિ વિદાય થયા ને દિવ્યધ્વનિ બંધ થઈ ત્યારે, ધર્મસભામાં બિરાજમાન ભગવાન ઋષભદેવને દેખીને હર્ષથી જેનાં હજાર નેત્રો વિકસીત થયાં છે અને મન પ્રસન્ન થઈ રહ્યું છે એવાં સૌધર્મ–ઈન્દ્રે સ્થિરચિત્તે ભગવાનની સ્તુતિ શરૂ કરી : હે પ્રભો ! મારી બુદ્ધિની મંદતા હોવા છતાં માત્ર ભક્તિથી પ્રેરાઈને હું ગુણરત્નોની ખાણ એવા આપની સ્તુતિ કરું છું; આપની સ્તુતિ વડે ઉત્તમ ફળ સ્વયં પ્રાપ્ત થાય છે. પવિત્ર ગુણોનું કીર્તન કરવું તે સ્તુતિ છે, પ્રસન્નબુદ્ધિવાળો ભવ્યજીવ સ્તુતિ કરનાર (સ્તોતા) છે, સર્વગુણ સંપન્ન એવા આપ સર્વજ્ઞદેવ સ્તુત્ય છો, અને મોક્ષસુખની પ્રાપ્તિ તે સ્તુતિનું ફળ છે. હે ભગવાન ! આ રીતે આપની સ્તુતિ કરનાર એવા મને આપ આપની પ્રસન્ન દ્રષ્ટિવડે પવિત્ર કરો. પ્રભો ! આપની ભક્તિ મને આનંદિત કરી રહી છે તેથી હું સંસારથી ઉદાસીન થઈને આપની સ્તુતિમાં લીન થયો છું. હે દેવ ! રાગ-દ્વેષરહિત એવા આપ વસ્ત્રાભૂષણ વગર જ સર્વોત્કૃષ્ટપણે શોભી રહ્યા છો; તેથી સિદ્ધ થાય છે કે શોભા બાહ્ય શણગારથી નથી પણ વીતરાગભાવથી જ છે. આપે ક્રોધ કર્યા વગર જ મોહ-શત્રુને હણી નાંખ્યો; આપની પ્રભુત્વશક્તિ મહાન આશ્ચર્યકારી છે. પ્રભો ! આપની વીતરાગદ્રષ્ટિ અમને પવિત્ર કરી રહી છે. જેમાંથી દિવ્યવાણીરૂપી અમૃત ઝરે છે ને ભવ્યજીવોને જીવન આપે છે એવું આપનું શ્રીમુખ, જાણે કે ધર્મનો ખજાનો હોય એવું શોભી રહ્યું છે; અને આ પણ એક આશ્ચર્યની વાત છે કે આપની વાણીમાં એક સાથે અનેક પ્રકારની ભાષાઓ ઉત્પન્ન થાય છે; આપના તીર્થંકરત્વનો જ એ કોઈ અચિંત્ય મહિમા છે. આપના આત્માની તો શી વાત, આપના દેહ અને વાણી પણ એવા અસાધારણ છે કે જગતને આનંદિત કરે છે. પ્રભો ! આપનું આ સમવસરણરૂપી વિમાન પૃથ્વીને નહિ સ્પર્શતું થકું સદા આકાશમાં જ વિદ્યમાન રહે છે; આપની સમીપ ૧૦૦ યોજનમાં ક્યાંય દુષ્કાળ કે રોગ વગેરે ઉપદ્રવ હોતો નથી; સિંહ–વાઘ જેવા હિંસક પ્રાણીઓ પણ આપનો ધર્મોપદેશ સાંભળીને અહિંસક બની જાય છે; પ્રભો ! ઘાતીકર્મોને નષ્ટ કર્યા હોવાથી અસાતા વેદનીય આપને ફળ

આપી શકતું નથી. તેથી નથી તો આપને ક્ષુધા, કે નથી આહાર. આપ તો અનંત અતીન્દ્રિય સુખના ભોક્તા છો. પ્રભો! આપને દેખતાં દેવોને એટલો આનંદ થાય છે કે એમનાં નેત્રો પલકાર પણ મારતા નથી. પ્રભો! આપ આપના આત્મામાંથી આત્મા વડે જ સ્વયંભૂ સર્વજ્ઞપણે પ્રગટ થયા છો ને આપનો મહિમા અચિંત્ય છે, તેથી આપને નમસ્કાર હો.

હજી ભગવાનની સ્તુતિ કરતાં સૌધર્મ ઈન્દ્ર કહે છે કે હે નાથ! આપના ગુણો અનંત છે; એ અનંત ગુણોનું સ્તવન તો હું મારી હજાર જીભ વડે પણ કરી શકું તેમ નથી, પરંતુ આપનાં ૧૦૦૮ લક્ષણો અતિશય પ્રસિદ્ધ છે, તેથી હું એક હજાર આઠ મંગલ નામો દ્વારા આપની સ્તુતિ કરું છું.—આમ કહીને ઈન્દ્રે 'श्रीमान' થી શરૂ કરીને 'धर्मसाम्राज्यनायक' સુધીનાં ૧૦૦૮ નામોથી ભગવાનનું સ્તવન કર્યું.

૧. હે પ્રભો! જગતના અદ્વિતીય—પ્રકાશક હોવાથી આપ એક છો.
૨. એકસાથે જ્ઞાન—દર્શનરૂપ બે ઉપયોગના ધારક હોવાથી આપ બે રૂપ છો.
૩. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એવા ત્રિવિધ મોક્ષમાર્ગમય હોવાથી ત્રિરૂપ છો.
૪. આત્મામાં ઉત્પન્ન એવાં અનંત ચતુષ્ટયસ્વરૂપ હોવાથી આપ ચારરૂપ છો.
૫. પંચપરમેષ્ઠીસ્વરૂપ હોવાથી તથા પંચકલ્યાણકના નાયક હોવાથી પાંચરૂપ છો.
૬. હે દેવ! જીવાદિ છ દ્રવ્યોના પ્રત્યક્ષ જ્ઞાતા હોવાથી આપ છ રૂપ છો.
૭. નૈગમાદિ સાત નયોના સંગ્રહરૂપ હોવાથી આપ સાતરૂપ છો.
૮. સમ્યક્ત્વાદિ આઠ અલૌકિક ગુણસ્વરૂપ હોવાથી આપ આઠરૂપ છો.
૯. પ્રભો! કેવળજ્ઞાનાદિ નવ ક્ષાયિકલબ્ધિ સહિત હોવાથી આપ નવરૂપ છો.
૧૦. મહાબલ આદિ દસ અવતાર વડે આપનો નિર્ધાર થતો હોવાથી દશરૂપ છો.

**એવા હે ઋષભજિનેશ્વર! આ ભવદુઃખોથી મારી રક્ષા કરો.**

એ પ્રમાણે સ્તુતિ કર્યા બાદ ઈન્દ્રે ભગવાનને તીર્થ વિહાર માટે પ્રાર્થના કરી : હે પ્રભો! ભવ્યજીવોને ધર્મરૂપી અમૃતનું સીંચન કરવા માટે આપ શરણરૂપ થાઓ. મોહની સેનાને નષ્ટ કરીને કેવળજ્ઞાન પામ્યા પછી હવે મોક્ષમાર્ગનો ઉપદેશ દેવાનો સમય પાકી ગયો છે, ને આપના શ્રીવિહાર માટે આ ધર્મચક્ર પણ તૈયાર છે. માટે હે જિનેશ્વર! મંગલવિહાર વડે આ ભરતભૂમિને પાવન કરો ને મોક્ષમાર્ગના ઉપદેશ વડે ધર્મતીર્થનું પ્રવર્તન કરો.

ત્યારે, તીર્થંકર નામની પુણ્યપ્રકૃતિ જેને સારથિ છે એવા શ્રી ભગવાનનો વિહાર થયો; ભગવાનને કંઈ ઈચ્છા ન હતી પણ ભવ્ય જીવોના મહાભાગ્યે એમનો સહજ વિહાર થયો. ઈન્દ્રાદિ દેવોએ ભગવાનના વિહારનો મોટો મહોત્સવ કર્યો આકાશગામી ભગવાનની આસપાસ કરોડો દેવો જયજયકાર કરતા આકાશમાં ચાલવા લાગ્યા. ભગવાન જ્યાં જ્યાં પધાર્યા ત્યાં સર્વત્ર આનંદ ફેલાઈ ગયો; આકાશ અને પૃથ્વી પણ પ્રસન્ન થઈને દૈવી વાતાવરણ દ્વારા ભગવાનના આગમનની સૂચના દેતા

હતા, હજાર આરાવાળું તેજસ્વી ધર્મચક્ર સૌથી આગળ ચાલતું હતું. અષ્ટમંગળ, ધર્મધ્વજ અને દેવોનાં વાજાં પણ સાથે હતા. લોકો કહે છે કે આકાશમાં ફૂલ નથી હોતાં, પણ આશ્ચર્ય છે કે ગગનવિહારી ભગવાનના ચરણોની નીચે આકાશમાં ફૂલ ૨૨૫ સુવર્ણકમળ રચાઈ જતા હતા; એ રીતે આકાશરૂપી સરોવર પણ કમળોથી ખીલી જતું હતું. એક લાખ પૂર્વ સુધી ગુજરાત–સૌરાષ્ટ્ર સહિત ભરતભૂમિમાં મંગલવિહાર કરીને ભગવાન ઋષભદેવે ધર્મામૃતની વર્ષા કરી અને ભવ્યજીવોને તૃપ્ત કર્યા; પછી કૈલાસપર્વત ઉપર પધાર્યા....ને ત્યાં સ્થિર થયા.

## કૈલાસધામમાં બિરાજમાન ઋષભદેવ તીર્થંકરને નમસ્કાર હો.

(પ્રિય પાઠક! આપણા કથાનાયક મહાત્માએ મહાબલ રાજાના ભવથી માંડીને ભગવાન ઋષભદેવ સુધીના દશ ભવમાં જે ધર્મસાધના કરી અને તીર્થંકર થઈને ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું તેનું જે સુંદર વર્ણન ભગવત્ જિનસેનસ્વામિરચિત મહાપુરાણના ૨૫ પ્રકરણ સુધીમાં છે, તે આપે ટૂંકમાં અહીં સુધીમાં વાંચ્યું; ત્યાર પછી ૨૬મા પ્રકરણથી ૪૭ પ્રકરણ સુધી ભરત ચક્રવર્તીના દિગ્વિજય વગેરેનું, તેમ જ બાહુબલી, જયકુમાર વગેરે મહાપુરુષોનાં જીવનનું વર્ણન છે, અને પછી ઉત્તરપુરાણમાં (ગુણભદ્રસ્વામિરચિત પ્રકરણ ૪૮ થી ૭૬માં) બાકીનાં ૨૩ તીર્થંકર ભગવંતો, ચક્રવર્તીઓ, બળદેવ–વાસુદેવ, હનુમાનજી વગેરે મહાપુરુષોની જીવનકથા છે. આપણે આ પુસ્તકમાં એ બધું લેવા જઈએ તો પુસ્તક ઘણું મોટું થઈ જાય.–એટલે, ભગવાન ઋષભદેવના શાસનકાળમાં થયેલા બીજા ભરતાદિ મહાપુરુષોના જીવનનું વિસ્તૃત વર્ણન તો તે–તે પુરુષોનાં જીવન ચરિત્રમાં કરીશું, અહીં તો તેમના મંગલ સ્મરણ–અર્થે ટૂંકો ઉલ્લેખ જ કરીશું; પછી છેલ્લે કૈલાસધામ ઉપર પહોંચીને ભગવાન ઋષભદેવનો મોક્ષકલ્યાણક જોઈશું. અને ત્યારબાદ, અનેક પુરાણોના આધારે લખાયેલ બીજા ત્રેવીસ તીર્થંકર ભગવંતોના ઉત્તમ જીવનનું રસાસ્વાદન કરીશું.)

## ભરતચક્રવર્તી અને બાહુબલી

ભગવાન ઋષભદેવના મોટા પુત્ર ને અનેક ભવ સુધી સાથે રહેનાર ભરત, પુરિમતાલનગરીમાં ભગવાન ઋષભદેવના સમવસરણમાં વંદના કરીને અયોધ્યા આવ્યા; ત્યાં પુત્રજન્મનો તથા ચક્રરત્નની ઉત્પત્તિનો ઉત્સવ કર્યો, ને પછી છ ખંડનો દિગ્વિજય કરવા નીકળ્યા. જ્યારે સૌરાષ્ટ્ર દેશમાંથી પસાર થયા. ત્યારે વચ્ચે ગિરનારનો મનોહર પ્રદેશ આવ્યો : 'અહીં ભવિષ્યમાં નેમિનાથ તીર્થંકર થશે'–એમ



સ્મરણ કરીને ભરતચક્રવર્તીએ ઊંચા ગીરનાર પર્વતની પ્રદક્ષિણા કરી. છખંડનો દિગ્વિજય કરીને પાછા ફરતાં કૈલાસપર્વત ઉપર ભગવાન ઋષભદેવના ફરી દર્શન કર્યા. ભરતે ભગવાનના દર્શન કરીને દિગ્વિજયની શરૂઆત કરેલી, તે આજે ૬૦૦૦૦ વર્ષ બાદ દિગ્વિજયની પૂર્ણતા પ્રસંગે તેને ફરીને ઋષભદેવપ્રભુના દર્શન થયા. તેની સાથે ૧૨૦૦ પુત્રો હતા, તેઓએ તો પોતાના આદિનાથદાદાને પહેલી જ વાર દેખ્યા, ને દેખીને પરમ આશ્ચર્ય પામ્યા! તેઓ પોતાની માતાની પાસે જઈને અત્યંત હર્ષપૂર્વક સમવસરણનું વર્ણન કરવા લાગ્યા. અહા, સાક્ષાત્ પરમાત્મા (અને વળી તે પોતાના દાદા)—તેમનાં દર્શનથી તે રાજકુમારોને જે આત્મતૃપ્તિ અને પ્રસન્નતા થઈ, તેની શી વાત!

કૈલાસની યાત્રા કરીને અયોધ્યાની નજીક આવતાં ભરતનું ચક્ર અટકી ગયું, કેમકે ૯૯ ભાઈઓ હજી અણનમ હતા; તેઓએ ભગવાન આદિનાથ સિવાય બીજાને ન નમવાનો નિરધાર કર્યો હતો. ભરતરાજાના દૂતદ્વારા સંદેશો સાંભળીને ૯૮ ભાઈઓ તો સંસારથી વિરક્ત થઈ ગયા ને 'દીક્ષા એ જ રક્ષા છે' એમ સમજીને ભગવાન આદિનાથ પ્રભુના શરણે જઈને મુનિ થયા, ને પછી કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા.





બાકી રહ્યા એક બાહુબલી! એમણે ન તો દીક્ષા લીધી કે ન ભરતને નમન કર્યું. અંતે ભરત-બાહુબલી વચ્ચે ત્રિવિધ યુદ્ધ થયું, તેમાં ભરત હાર્યા; બાહુબલી ઉપર ચક્ર છોડ્યું પણ ચરમશરીરી-ભાઈ ઉપર તેની કાંઈ અસર ન થઈ. એ જ વખતે વિજેતા બાહુબલી સંસારથી વૈરાગ્ય પામીને દીક્ષિત થયા ને એક વર્ષ સુધી પ્રતિમાયોગ ધારણ કરીને ધ્યાનમાં લયલીનપણે અદ્ભુત—આશ્ચર્યકારી તપ કર્યું. આ ભવના ભાઈ, ને પૂર્વભવના પણ ભાઈ—એવા ભરતચક્રી તેમનું પૂજન કરવા આવ્યા, તે જ વખતે નિઃશલ્ય થઈને તેઓ કેવળજ્ઞાન પામ્યા, ને ભરતે રત્નોના અર્ઘ વડે અતિભક્તિથી ફરીને બાહુબલી—કેવળીની મોટી પૂજા કરી. કેવળજ્ઞાનપ્રાપ્ત બાહુબલી—જિનદેવે અનેક દેશમાં વિહાર કરી દિવ્યધ્વનિ વડે સર્વે જીવોને સંતુષ્ઠ કર્યા ને પછી કૈલાસપર્વત ઉપર આવી પહોંચ્યા.

ભરતચક્રવર્તીએ એકવાર ૧૬ સ્વપ્નો દેખ્યા ને તેનું ફળ જાણવા ભગવાનના સમવસરણમાં ગયા. એ ૧૬ સ્વપ્નો આગામી પંચમકાળના સૂચક હતા.

## જયકુમાર

ભગવાનને પ્રથમ આહારદાન દેનાર હસ્તિનાપુરના રાજા સોમપ્રભ અને શ્રેયાંસકુમાર; શ્રેયાંસકુમાર તો ભગવાનના ૯ ભવના સાથીદાર, ને છેવટે ગણધર થયા; સોમપ્રભરાજાના પુત્ર જયકુમાર, સોમપ્રભ રાજાએ દીક્ષા લીધા પછી જયકુમાર હસ્તિનાપુરના રાજા થયા, તેમજ ભરત ચક્રવર્તીના તેઓ સેનાપતિ પણ હતા. સુલોચનાદેવી સાથે તેનાં લગ્ન થયા; બંનેને જાતિસ્મરણ થતાં અનેક ભવોના સંબંધનું જ્ઞાન થયું હતું. ઈન્દ્રે તે બંનેના ઉત્તમ શીલની પ્રશંસા કરી, તેથી દેવીએ આવીને તેમના શીલની પરીક્ષા કરી. એક દિવસ ભગવાનનો ઉપદેશ સાંભળી જયકુમારે દીક્ષા લીધી, તેની સાથે તેમના નાના ભાઈઓ જયંત, વિજય, સંજયંત, તેમજ ચક્રવર્તીના રવિકીર્તિ વગેરે અનેક પુત્રોએ પણ દીક્ષા લીધી. જયકુમાર ઋષભદેવપ્રભુના ૭૧મા ગણધર થયા ને મોક્ષ પામ્યા; સતી સુલોચનાએ પણ દીક્ષા લીધી ને એકાવતારી થઈ.

(હવે આપણે ભગવાનના સમવસરણમાં જઈને ત્યાંના ધર્મવૈભવને નીહાળીએ :)

## ભગવાન ઋષભદેવનો ધર્મ વૈભવ

મોક્ષમાર્ગના નાયક ને ધર્મતીર્થના પ્રવર્તક ભગવાન ઋષભદેવ, સમવસરણમાં ૮૪ ગણધરોની વચ્ચે શોભી રહ્યા છે. તેમના સમવસરણમાં વીસ હજાર કેવળજ્ઞાનીઓ ગગનમાં બિરાજે છે; ૪૭૫૦ શ્રુતકેવળીઓ છે; ૪૧૫૦ શિક્ષક મુનિવરો છે; ૯૦૦૦ અવધિજ્ઞાની મુનિવરો છે; ૨૦૬૦૦ વિક્રિયાઋદ્ધિધારક મુનિવરો છે; ૧૨૭૫૦ મનઃપર્યયજ્ઞાની મુનિવરો છે. એ રીતે કુલ ૮૪૦૮૪ (ચોરાશી હજાર ને ચોરાશી) મુનિવરોનો સંઘ બિરાજે છે,—તેમને નમસ્કાર હો. બ્રાહ્મી વગેરે ત્રણ લાખ પચાસ હજાર અર્જિકામાતાઓ ભગવાનના ગુણોની ઉપાસના કરી રહ્યાં છે; દૃઢવ્રતાદિ ત્રણ લાખ શ્રાવકો ને સુવ્રતાદિ પાંચ લાખ શ્રાવિકાઓ ભગવાને કહેલા મોક્ષમાર્ગમાં ચાલી રહ્યા છે, અને તિર્યંચોનો પણ કોઈ પાર નથી. આવી ઉત્તમ ધર્મસભામાં દિવ્યધ્વનિના ધોધ છૂટી રહ્યા છે ને કેટલાય જીવો સમ્યક્ત્વાદિ ધર્મ પામીને આત્મકલ્યાણ કરી રહ્યા છે. જૈનધર્મની ધારા ધમધોકાર ચાલી રહી છે.

એ રીતે સજ્જનોને ઉત્તમ મોક્ષફળની પ્રાપ્તિ કરાવવા માટે ભગવાન એક લાખ પૂર્વ (—તેમાં એક હજાર વર્ષ ને ૧૪ દિવસ ઓછા) સુધી આ ભરતભૂમિમાં તીર્થંકરપણે વિચર્યા. જ્યારે તેમને મોક્ષ જવામાં ૧૪ દિવસ બાકી રહ્યા ત્યારે પોષ સુદ પૂર્ણિમાના દિવસે કૈલાસપર્વત ઉપર યોગનિરોધ શરૂ થયો, દિવ્યધ્વનિ બંધ થઈ ગઈ.

બરાબર એજ દિવસે અયોધ્યાનગરીમાં મહારાજા ભરતે સ્વપ્ન જોયું કે મેરૂપર્વત ઊંચો થઈને ઠેઠ સિદ્ધક્ષેત્ર સુધી પહોંચી રહ્યો છે; યુવરાજ અર્કકીર્તિએ એવું સ્વપ્ન જોયું કે મહાઔષધનું વૃક્ષ મનુષ્યોનાં જન્મ રોગને મટાડીને સ્વર્ગમાં જાય છે; ગૃહપતિએ જોયું કે કલ્પવૃક્ષ ઈચ્છિત ફળ આપીને સ્વર્ગમાં જઈ રહ્યું છે; પ્રધાનમંત્રીએ જોયું કે એક રત્નદ્વીપ લોકોને રત્નસમૂહ આપીને આકાશમાં જવા તૈયાર થયેલ છે;

એ જ રીતે સેનાપતિ વગેરેએ પણ ભગવાન ઋષભદેવના મોક્ષગમનસૂચક સ્વપ્નો દેખ્યા ને એજ સવારે 'આનંદ' નામનો દૂત સમાચાર લાવ્યો કે ભગવાન મોક્ષ જવાની તૈયારી કરી રહ્યા છે.

(તુરત જ સમસ્ત પરિવાર સહિત ભરતચક્રવર્તી ભગવાનના સમવસરણમાં આવી પહોંચ્યા, ને ૧૪ દિવસ સુધી મહામહ નામની મોટી પૂજા કરી.)

## ભગવાનનું મોક્ષગમન

પોષ વદ ૧૪ (શાસ્ત્રીય માહ વદ ૧૪)ના રોજ સૂર્યોદય વખતે ભગવાન ઋષભદેવ પૂર્વમુખે અનેક મુનિઓ સહિત પર્યંકાસને બિરાજમાન થયા; સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ નામના ત્રીજા શુક્લધ્યાનવડે ત્રણે યોગનો નિરોધ કરીને અયોગી થયા; અંતિમ ગુણસ્થાને પાંચ લઘુસ્વરના ઉચ્ચારણ જેટલા સમયમાં ચોથા વ્યુપરતક્રિયાનિવર્તિ નામના શુક્લધ્યાનવડે ચાર અઘાતીકર્મોનો અત્યંત અભાવ કરી, કૈલાસગિરિથી અશરીરી સિદ્ધપદને પામ્યા ને અષ્ટમહાગુણસહિત ઊર્ધ્વગમન કરી તનુવાતવલયમાં લોકાગ્રે બિરાજમાન થયા. આત્મસુખમાં તલ્લીનપણે અત્યારે પણ તેઓ ત્યાં બિરાજી રહ્યા છે.

**તે સિદ્ધપ્રભુને નમસ્કાર હો.**

**ઇન્દ્રોએ તેમજ ભરતચક્રવર્તી વગેરેએ પ્રભુના મોક્ષકલ્યાણકનો મહોત્સવ કર્યો.—**

કૈલાસગિરિ પર ઋષભદેવ, થયા સિદ્ધભગવાન
સાધી પ્રભુના પંથને નમન કરો ગુણવાન.

(આપણા ૨૪ તીર્થંકર ભગવંતોના મહાપુરાણમાં પ્રથમ–તીર્થંકર ભગવાન ઋષભદેવનું દશ પૂર્વભવોસહિત મંગલજીવનચરિત્ર અહીં પૂરું થયું.)

* * *

ભગવાન ઋષભદેવનું મહાન જીવનચરિત્ર તમે વાંચ્યું. તમને ખરેખર આનંદ થયો! જિનભક્તિ અને મોક્ષને સાધવાની મંગલ ઉર્મિઓ તમારા અંતરમાં જાગી!....હા; અને હવે એવા જ બીજા ૨૩ ભગવંતોનું અતિ ભવ્ય જીવનચરિત્ર તમે વાંચશો....અને સાથે સાથે ઉત્તમ પ્રસંગોના ચિત્રો પણ દેખીને તમને મજા આવશે.

આ રીતે એક સાથે આપણા ચોવીસે તીર્થંકર ભગવંતોનું આ મહાપુરાણ વાંચીને આપ વાહ....વાહ! પોકારી ઊઠશો. તે ભગવંતોના દિવ્ય ગુણો તમારા ચિત્તમાં વસી જશે, ને જૈનધર્મના મૂળ રહસ્યો તમારા જાણવામાં આવી જશે.

### भगवान महावीरका सन्देश

- आत्मा सदा उपयोग स्वरूप है।
- ज्ञान ही आत्माका जीवन है।
- प्रत्येक आत्मा स्वतंत्र अपनेमें पूर्ण है।
- तुम अपनी प्रभुताको पहिचानो।
- परसे भिन्नता जानकर स्वसन्मुख बनो।
- वीर होकर आत्मशक्तिको सम्भालो।
- जीवके अशुद्ध भावसे संसार है।
- जीवके शुद्ध भावसे मुक्ति होती है।
- शुद्धता आत्माके आश्रयसे होती है।
- सम्यक्‌दर्शन-ज्ञान-चारित्र मोक्षमार्ग है।

–ब्र. हरिलाल जैन

## ભગવાન ઋષભદેવ વગેરે દશ જીવોનાં પૂર્વભવોનું દિગ્દર્શન

| | ૧ ઋષભદેવ | ૨ શ્રેયાંસ | ૩ ભરત | ૪ બાહુબલી | ૫ વૃષભસેન | ૬ અનંતવિજય | ૭ મહાસેન | ૮ શ્રીષેણ | ૯ ગુણસેન | ૧૦ જયસેન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ● | જયવર્મા | ધનશ્રી | અતિગૃદ્ધરાજા અને નરક | પ્રીતિવર્ધનના સેનાપતિ | પ્રીતિરાજાના મંત્રી | પ્રીતિરાજાના પુરોહિત | – | – | – | – |
| ૧ | મહાબલ | નિર્નામિકા | શાર્દૂલસિંહ | ભોગભૂમિ | ભોગભૂમિ | ભોગભૂમિ | – | – | – | – |
| ૨ | લલિતાંગ દેવ | સ્વયંપ્રભા | દિવાકરદેવ | પ્રભાકરદેવ | કનકપ્રભદેવ | પ્રભંજનદેવ | ક્રોધી-વૈશ્ય | માની-રાજા | માયાવી વણિક | લોભી કંદોઈ |
| ૩ | વજ્રજંઘ રાજા | શ્રીમતી રાણી | મતિવર મંત્રી | સેનાપતિ | પુરોહિત | નગરશેઠ | સિંહ | ભૂંડ | વાનર | નોળિયો |
| ૪ | ભોગભૂમિ આર્ય | ભોગભૂમિ આર્યા | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | ભોગભૂમિ | ભોગભૂમિ | ભોગભૂમિ | ભોગભૂમિ |
| ૫ | શ્રીધરદેવ | સ્વયંપ્રભ દેવ | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | ચિત્રાંગદ દેવ | મણિકુંડલ દેવ | મનોહર દેવ | મનોરથ દેવ |
| ૬ | સુવિધિરાજા | કેશવ પુત્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | વરદત્ત રાજા | વરસેન રાજા | ચિત્રાંગદ રાજા | શાંતદમન રાજા |
| ૭ | અચ્યુતેન્દ્ર | અચ્યુતેન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અહમિન્દ્ર | અચ્યુતદેવ | અચ્યુત દેવ | અચ્યુત દેવ | અચ્યુત દેવ |
| ૮ | વજ્રનાભિ ચક્રી | ધનદત્ત | સુબાહુ (ભાઈ) | મહાબાહુ (ભાઈ) | પીઠ (ભાઈ) | મહાપીઠ (ભાઈ) | જય (ભાઈ) | વિજય (ભાઈ) | જયંત (ભાઈ) | અપરાજિત (ભાઈ) |
| (નવમા ભવમાં આ દશેય જીવો સર્વાર્થસિદ્ધિમાં દેવ હતા) | | | | | | | | | | |
| ૧૦ | ઋષભદેવ તીર્થંકર | શ્રેયાંસ ગણધર | ભરત ચક્રવર્તી | બાહુબલી | વૃષભસેન(પુત્ર) ગણધર | અનંતવિજય ગણધર | મહાસેન (પુત્ર) | શ્રીષેણ (પુત્ર) | ગુણસેન(પુત્ર) ગણધર | જયસેન (પુત્ર) |
| (આ દશેય જીવો તે ભવમાં મોક્ષ પામ્યા) | | | | | | | | | | |
| આ દશેય જીવો પૂર્વભવમાં એક સાથે મુનિરાજ પાસે ધર્મોપદેશ સાંભળી રહ્યા છે તેના ભાવવાહી દર્શન માટે જુઓ પાનું. ૮ અને ૧૦ | | | | | | | | | | |

**(૨)**

જન્મ
અયોધ્યા




મોક્ષ
સમ્મેદશિખર

જેમણે પોતાના અનંતચતુષ્ટય—ચક્રવડે રાગ—દ્વેષ—મોહરૂપ સમસ્ત શત્રુઓને
જીતી લીધા છે, પણ પોતે ક્રોધાદિ કોઈ શત્રુવડે જીતાતા નથી એવા
ભગવાન **અજિતનાથ** તીર્થંકરને નમસ્કાર હો.

તીર્થંકર ભગવંતોનું આત્મસાધનામય જીવનચરિત્ર સાંભળતાં મુમુક્ષુજીવને આત્મસાધનાનો ઉત્સાહ જાગે છે ને સંસાર—ભોગો પ્રત્યે વૈરાગ્ય થાય છે. એ રીતે પુરાણ પુરુષોની કથા મંગલરૂપ છે. આ બીજા તીર્થંકર **અજિતનાથ**નું જીવનચરિત્ર છે; તેમાં પ્રથમ તેમના પૂર્વભવની વાત સાંભળો :—

આ જંબુદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં સીતાનદીના કિનારે પુંડરીકિણી નગરીમાં અત્યારે સીમંધર તીર્થંકર બિરાજી રહ્યા છે. એ જ નદીના બીજા કિનારે સુસીમાનગરી નામની સુંદર નગરી છે. પૂર્વકાળમાં ત્યાં વિમલવાહનરાજા રાજ્ય કરતા હતા. તે રાજા મહાન પ્રભાવશાળી અને ગુણવાન ધર્માત્મા હતા. તેઓ જૈનધર્મના મહાન ઉપાસક હતા. આ વિમલાહન તે જ આપણા **અજિતનાથ** તીર્થંકરનો જીવ છે.

રાજા વિમલવાહન જાણતા હતા કે સંસારમાં જીવોને ધર્મની સાધનાપૂર્વક સત્ પુણ્ય બંધાય છે, પુણ્ય વડે અર્થપ્રાપ્તિ થાય છે ને અર્થવડે ભોગસામગ્રી મળે છે. આ રીતે અર્થ અને ભોગોનું મૂળકારણ પુણ્ય છે.—આમ સમજીને તેઓ ધર્મની સાધનાપૂર્વક શુભભાવમાં વર્તતા હતા, લક્ષ્મીમાં કે ભોગોમાં આસક્ત થતા ન હતા. તેઓ જાણતા હતા કે ભોગાસક્તિમાં સુખ નથી, સુખ તો વીતરાગ—ધર્મવડે જ થાય છે. તેઓ ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતા હતા. તેમના રાજ્યમાં માંસ—મદિરાનું સેવન વગેરે પાપ પ્રવૃત્તિઓ ન હતી. 'યથા રાજા તથા પ્રજા' એ ન્યાયે પ્રજાજનો પણ સદાચારી હતા, જૈનધર્મનું પાલન કરતા હતા ને સર્વે વાતે સુખી હતા; એક ભાવિતીર્થંકર તેમના રાજા હતા, પછી તેઓ સુખી કેમ ન હોય!

ભાવિતીર્થંકર અને આત્મજ્ઞાની એવા તે મહારાજા વિમલવાહનને એકવાર શ્રુતકેવળી મુનિરાજનાં દર્શન થયા; તેમના ઉપદેશથી વૈરાગ્ય જાગતાં વિચાર આવ્યો : અરે, આ અસાર સંસારમાં હું ક્યાં સુધી રહીશ! આ રાજભોગોમાં આત્માનું સુખ ક્યાં છે? મારું ચૈતન્યસુખ જેનો અપૂર્વ સ્વાદ મેં ચાખ્યો છે—તેને હું પૂરેપૂરું ક્યારે પ્રાપ્ત કરીશ! તેની પ્રાપ્તિ માટે મારે આ અવ્રતના કષાયો છોડીને

પૂર્ણ રત્નત્રય પ્રગટ કરવા યોગ્ય છે.આ શરીરમાં રહેવાનું તો આયુકર્મને આધીન છે. આયુ ક્ષણે ક્ષણે ઘટી જ રહ્યું છે : આયુની સમાપ્તિ પહેલાં આ રાજમોહ છોડીને મારે આત્મસાધના કરી લેવી યોગ્ય છે.—એમ વિચારી, વૈરાગ્ય ભાવનાપૂર્વક તે મહારાજા જિનદીક્ષા લઈને રત્નત્રયધારક મુનિ થયા, ચારમાંથી ત્રણ પ્રકારના કષાયોને દૂર કર્યા અને વારંવાર આત્મધ્યાનમાં ઉપયોગ જોડીને શુદ્ધોપયોગવડે ઉત્સાહપૂર્વક મોક્ષમાર્ગમાં પ્રવર્તવા લાગ્યા. જો કે તેઓ સ્વાધીન હતા, વિષયોથી વિરક્ત હતા, તોપણ મોક્ષલક્ષ્મીની શોભામાં આસક્ત થઈને તેને આધીન થઈ ગયા. મોક્ષલક્ષ્મીમાં ચિત્તને જોડીને તેઓ તીવ્ર તપસ્યા વડે વિશુદ્ધપરિણામી થતા ગયા ને કર્મબંધનને તોડવા લાગ્યા; તેમણે ચૈતન્યભાવના વડે ૧૨ અંગનું જ્ઞાન પ્રગટ કર્યું; અને ક્ષાયિક સમ્યક્ત્વ સહિત દર્શનવિશુદ્ધિ આદિ ૧૬ ઉત્તમ ભાવનાઓ વડે તીર્થંકર—નામકર્મ બાંધ્યું. તેમની આત્મસાધના એવી ઉગ્ર હતી કે હવે વચ્ચે માત્ર એક જ ભવ કરીને બીજા ભવે તો પરમાત્મા થવાનું નક્કી થઈ ગયું. તે ઇન્દ્રિયવિજયી વિમલવાહનમુનિરાજે ઉત્તમ આરાધના સહિત સમાધિમરણ કર્યું અને, દેવલોકમાં સૌથી ઉપરના પાંચ અનુત્તર વિમાનો—કે જે સિદ્ધપુરીની એકદમ નજીકમાં છે—તેમાં વિજય નામના વિમાનમાં ઉપજ્યા.

તે દેવલોકમાં ૩૩ સાગરનું તેમનું આયુ હતું, તેમનું શરીર પણ શુકલલેશ્યાવાળું હતું ને આત્મા પણ શુક્લલેશ્યાવાળો હતો, એટલે દ્રવ્યથી ને ભાવથી બંને પ્રકારે તેઓ ઉજ્જ્વળ હતા. તેમનું શરીર અતિ સુંદર હતું, તેઓ ૧૬।। મહિને એકવાર શ્વાસ લેતા હતા, અને ૩૩૦૦૦ વર્ષે એકવાર માત્ર માનસિક અમૃતનો આહાર લેતા હતા; દેવોને બહારના ભોજન પાણીરૂપ કોઈ ખોરાક લેવો પડતો નથી. લોકનાડી(અસંખ્યાત યોજનની ત્રસનાડી) તેમાં રહેલા સમસ્ત રૂપીપદાર્થોને અવધિજ્ઞાન વડે તેઓ જાણી શકતા હતા, પણ વારંવાર ઉપયોગને જ્યાં ત્યાં ભમાવતા ન હતા, એટલે વારંવાર અવધિજ્ઞાનનો પ્રયોગ કરતા ન હતા....આત્મિક ભાવનામાં જ વિશેષપણે રહેતા હતા, ને પોતાના જેવા બીજા દેવો સાથે ધર્મચર્ચા કરતા હતા. તે વિજયવિમાનમાં વસનારા બધાય દેવો આત્મજ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ હતા; તથા પૂર્વભવમાં મુનિ થઈ શુદ્ધચારિત્રનું પાલન કરીને આવ્યા હતા, તેથી તેમને ઘણી વીતરાગતા હતી. તે દેવવિમાનમાં કોઈ પણ દેવ અજ્ઞાની કે મિથ્યાદૃષ્ટિ ન હતા; બધાય મોક્ષગામી હતા. મોટામોટા મેરુપર્વતોને પણ રમતવાતમાં ઉખેડીને બીજે મૂકી દે એવી અદ્‌ભુત શક્તિ તેમનામાં હતી—જો કે તેઓ કદી એવું કરતા ન હતા. પાંચ ઇન્દ્રિય સંબંધી વિષયભોગોનું જે સુખ છે, તેના કરતાં અનંતગુણું સુખ પુણ્યપ્રભાવે તેઓ વિષયભોગો વગર જ ભોગવતા હતા; અને તેમને ચૈતન્યના અનુભવનું જે અતીન્દ્રિયસુખ હતું—તેની તો વાત જ શી! એ તો સિદ્ધની જાતનું હતું.

**અજિતનાથ** તીર્થંકરનો જીવ આવા સુખપૂર્વક અસંખ્ય વર્ષો સુધી તે વિજયવિમાનમાં રહ્યો....ત્યાં પણ તે જીવ આરાધના સહિત હતો ને નિરંતર તેને તીર્થંકરપ્રકૃતિ બંધાતી હતી. તે મહાભાગ્યવાન જીવને દેવલોકમાં જ્યારે છ માસ આયુ બાકી રહ્યું ને મનુષ્યલોકમાં અવતરવાની તૈયારી થઈ....ત્યારે શું બન્યું! તે હવે વાંચશો.

(ઇતિ અજિતનાથ તીર્થંકર—પૂર્વભવ વર્ણન)

**અયોધ્યા નગરી** : જેનું બીજું નામ વિનિતાનગરી અને ત્રીજું નામ સાકેતપુરીઃ આ તે જ પવિત્ર નગરી છે કે જ્યાં ૫૦ લાખ-કરોડ સાગરોપમ પૂર્વે ભગવાન ઋષભદેવ—પ્રથમ તીર્થંકરરૂપે અવતર્યા હતા; પછી તે પ્રભુના ઈક્ષ્વાકુવંશમાં જ મહારાજા જિતશત્રુ થયા; તેમની મહારાણી—વિજયસેના;—તેમની કૂંખમાં (વૈશાખ વદ અમાસે) બીજા તીર્થંકર **અજિતનાથનું** આગમન થયું. તે પ્રસંગે રાજમહેલના આંગણામાં પંદર માસ સુધી કરોડો રત્નોની વર્ષા થઈ. વિજયારાણીએ હાથી વગેરે મંગલ સ્વપ્નો દેખ્યા. અને મહારાજાને તેની વાત કરી. આત્મજ્ઞાની મહારાજા જિતશત્રુને અવધિજ્ઞાન હતું, તે અવધિજ્ઞાન વડે જાણીને તેમણે કહ્યું કે હે દેવી! આ સર્વોત્તમ સ્વપ્નોનું મંગળ ફળ એ છે કે સર્વોત્તમ એવા તીર્થંકરનો આત્મા તારા ઉદરમાં આવ્યો છે. તે પુત્ર મતિ-શ્રુત-અવધિ ત્રણ જ્ઞાન સાથે લાવ્યો છે. આ વાત જાણતાં જ મહારાણીને તેમ જ સમસ્ત નગરજનોને અપાર હર્ષ થયો. દેવલોકના દેવ-દેવેન્દ્રે પણ હર્ષિત થઈને અયોધ્યા આવ્યા ને પ્રભુના માતા-પિતાને દૈવી વસ્ત્ર-આભૂષણોની ભેટ આપીને સન્માન કર્યું.

માહ સુદ દશમના શુભ દિને મહારાણી વિજયામાતાની કૂંખે ભરતક્ષેત્રના બીજા તીર્થંકરનો અવતાર થયો. ઈન્દ્રે તેમનો જન્માભિષેક કરીને, **'અજિતનાથ'** એવા નામ વડે તેમની સ્તુતિ કરી. તેમનું આયુષ્ય ૭૨ લાખપૂર્વ હતું ને ૪૦૦ ધનુષ ઊંચું શરીર હતું (૧ ધનુષ એટલે ૩ મીટર); લગભગ ૭૧ લાખપૂર્વ સુધી તેમણે રાજભોગ કર્યો....પરંતુ એ રાજ-ભોગોમાં સુખ ક્યાં હતું! તેઓ જાણતા જ હતા કે આ ઈન્દ્રિયવિષયો મને કદી સુખી કરવાના નથી....અંતે તો એને છોડીને મોક્ષપદને સાધીશ ત્યારે જ મને પૂર્ણ સુખ થશે.



વૈરાગ્યવંત મહારાજા **અજિતનાથ**, એકવાર રાજમહેલની અગાશીમાં બેઠા હતા ને ખીલેલી ચાંદનીમાં કુદરતની શોભા નિહાળતા હતા. એવામાં આકાશમાં ખરરર....કરતો એક તેજસ્વી તારો ખર્યો....તે દેખીને તેઓ સંસારની ક્ષણભંગુરતા વિચારવા લાગ્યા : અરે, આ સંસારના ભોગ-સંયોગો ને પુણ્ય એ બધા અસ્થિર છે! એમ ચિંતવતાં તેમનું ચિત્ત સંસાર—ભોગોથી વિરક્ત થયું. અહા, જેને નીકટમાં જ—જલ્દી મોક્ષ થવાનો છે તે ભવ્યાત્માને, સંસાર છોડવાનું કોઈ ને કોઈ નિમિત્ત બની જ જાય છે. ભગવાન અજિતનાથ—મહારાજાનું ચિત્ત સંસારથી વિરક્ત થતાં જ સારસ્વત વગેરે આઠ જાતિના દેવઋષિઓ (બ્રહ્મર્ષિ દેવો અર્થાત્ બ્રહ્મલોકવાસી લૌકાંતિક દેવો) પ્રભુ પાસે અયોધ્યાપુરીમાં આવ્યા ને

વંદન કરી કહેવા લાગ્યા—હે દેવ! સંસાર છોડીને ચારિત્રદશા અંગીકાર કરવાના આપના વિચારો ઘણા ઉત્તમ છે. આપના વૈરાગ્યની અમે અનુમોદના કરીએ છીએ.—આ પ્રમાણે તે દેવોએ સ્વયંબુદ્ધ ભગવાન **અજિતનાથ**ના વૈરાગ્યની મહાન પ્રશંસા કરી.

વૈરાગી પ્રભુએ, પૂર્વે ભોગવેલા રાજ્યભોગોને એઠની જેમ છોડી દીધા, રાગને આગ જેવો સમજીને તેને પણ દૂર કર્યો ને પોતાની મેળે દીક્ષા ધારણ કરીને રત્નત્રયરૂપ મોક્ષરથમાં આરૂઢ થયા. માહ સુદ ૧૦ના દિવસે દેવોએ પ્રભુના દીક્ષા કલ્યાણકનો મહોત્સવ કર્યો. દીક્ષાવનમાં ગમન માટે દેવો સુપ્રભા નામની પાલખી લઈને આવ્યા; જો કે તે 'સુપ્રભા'ની પ્રભા દિવ્ય હતી પરંતુ પ્રભુ અજિતનાથ તેમાં આરૂઢ થતાં જ, તેમની અચિંત્ય જ્ઞાનપ્રભા પાસે તે દિવ્ય પ્રભાવાળી સુપ્રભા પણ અપ્રભા બની ગઈ....ચૈતન્યપ્રભા પાસે તે જડની પ્રભા ઝાંખી પડી ગઈ; ત્યારે પાલખી લાવનારા દેવો પણ શરમથી ઝંખવાઈ ગયા કે અરે! પ્રભુની વીતરાગી શોભા પાસે અમારા દેવલોકના દિવ્યવૈભવો પણ નિષ્પ્રભ થઈ જાય છે. પ્રભુની સાથે એક હજાર રાજાઓએ દીક્ષા લીધી. સ્વયં પરમગુરુ—પરમાત્મા થવા અવતરેલા એ મહાત્માને બીજા કોઈ ગુરુની જરૂર ન હતી. સિદ્ધોને વંદન કરીને પ્રભુ સ્વયં દીક્ષિત થયા ને દિગંબર સાધુ થઈને શુદ્ધોપયોગમાં એકાગ્ર થયા. તે જ વખતે તેમને સાતમું ગુણસ્થાન તેમજ મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું. ત્રણજ્ઞાન તો પૂર્વભવમાંથી જ સાથે લાવ્યા હતા, ને ચારિત્રદશામાં ચોથું જ્ઞાન પ્રગટ થયું. સાથે અનેક મહાન લબ્ધિઓ પણ પ્રગટી; પણ ચૈતન્યની ઋદ્ધિમાં મગ્ન પ્રભુને બહારની ઋદ્ધિનું કોઈ લક્ષ ન હતું. બીજા દિવસે **અજિત**—મુનિરાજે વનમાંથી વિહાર કરીને સાકેતપુરી—અયોધ્યામાં પ્રવેશ કર્યો. પ્રભુના પ્રવેશથી નગર જનોમાં આનંદ છવાઈ ગયો, ને ધર્માત્મા-દાની પુરુષોને તો આવા સુપાત્રના યોગથી મહા ભાગ્ય ખીલ્યા. તીર્થંકર—મુનિરાજને પહેલ વહેલું આહારદાન બ્રહ્મા નામના ધર્માત્મા મહિપાલે આપ્યું....તેના સાતિશય પુણ્યયોગે તત્ક્ષણ દેવોએ રત્નવૃષ્ટિ વગેરે પાંચ આશ્ચર્ય પ્રગટ કર્યાં.

મુનિદશામાં રહીને પ્રભુએ બારવર્ષ સુધી આત્મસાધના કરી, શુદ્ધોપયોગ વડે વારંવાર આત્મધ્યાન કર્યું; અને પોષ સુદ ૧૧ની સાંજે તેઓ કેવળજ્ઞાન પ્રગટ કરીને સર્વજ્ઞ—અરિહંત—પરમાત્મા બન્યા. તે જ વખતે તીર્થંકર પ્રકૃતિના ઉદયનો પ્રારંભ થયો. ઈન્દ્રોએ સમવસરણની રચના કરી અને દિવ્યધ્વનિ વડે બીજા તીર્થંકરનું ધર્મશાસન સ્થપાયું....ધર્મચક્રનું પ્રવર્તન થયું. ભગવાન **અજિતનાથ** તીર્થંકરના ધર્મ દરબારમાં સિંહસેનાદિ ૯૦ ગણધરો હતા. જેઓ ચાર જ્ઞાનધારક અને શ્રુતકેવળી હતા. તે ઉપરાંત વીસહજાર તો કેવળજ્ઞાની—અરિહંત ભગવંતો સમવસરણમાં પ્રભુની સાથે આકાશમાં બિરાજતા હતા; ૧ લાખ મુનિ ને ૩૨૦૦૦૦ આર્યિકાઓ હતા. ૩ લાખ ધર્માત્મા શ્રાવકો ને પાંચ લાખ શ્રાવિકાઓ હતા. સિંહ-હાથી વગેરે લાખો તિર્યંચો પણ પ્રભુની વાણી સાંભળીને આત્મજ્ઞાન પામ્યા હતા. ને અસંખ્ય દેવો પ્રભુની સેવા કરતા હતા. ધર્મસભામાં ભગવાન બંધ—મોક્ષનું સ્વરૂપ સમજાવતા હતા. મિથ્યાત્વાદિ મોહભાવો જીવને બંધનાં કારણ છે એટલે દુઃખરૂપ છે, ને સમ્યકત્વાદિ શુદ્ધ—વીતરાગભાવો જીવને સુખરૂપ ને મોક્ષનાં કારણ છે. એ પ્રમાણે ભગવાનના ઉપદેશથી બંધ—મોક્ષ સંબંધી બધા ભાવોનું સ્પષ્ટ સ્વરૂપ સમજીને ઘણા ભવ્ય જીવોએ ભેદજ્ઞાન કર્યું, ને બંધરૂપ ભાવોને છોડીને, મોક્ષના કારણરૂપ ભાવો પ્રગટ કર્યા. ચારેકોર વીતરાગધર્મની જાહોજહાલી પ્રસરી ગઈ. જો કે તીર્થંકરપ્રકૃતિના મહત્ પુણ્યયોગે સમવસરણ—લક્ષ્મીની શોભા અદ્ભુત—આશ્ચર્યકારી હતી, પરંતુ

મોક્ષલક્ષ્મીની પાસે તે પણ શરમાઈને ઝાંખી પડી જતી હતી. ખરું જ છે–ચૈતન્યલક્ષ્મી પાસે જડલક્ષ્મીની શોભા તે કેટલીક ટકે?

અનાદિકાળથી કેવળજ્ઞાનાદિ નિજગુણોનો ઘાત કરનારા મોહાદિ શત્રુઓનો પ્રભુ **અજિતનાથે** નાશ કર્યો હતો ને નિજગુણનો વૈભવ પ્રાપ્ત કરી લીધો હતો. જો કે તીર્થંકરપ્રકૃતિ વગેરે અઘાતીકર્મો હજી વિદ્યમાન હતા, પરંતુ તેઓ અજિતપ્રભુને જીતી શકતા ન હતા અપિતુ પ્રભુને આધીન વર્તતા હતા....વીતરાગી પ્રભુ **અજિતનાથ** ખરેખર અજોડ વિજેતા હતા, તેઓ કોઈ પાપો વડે ન જીતાયા, કે કોઈ મિથ્યાવાદી વડે ન જીતાયા; અરે! પ્રભુની તો શી વાત!–ભક્તજનો પણ તે **અજિત** પ્રભુના અવલંબન માત્રથી પાપોને અને મિથ્યાત્વને જીતી લેવા માંડ્યા. પ્રભુએ લાખો કરોડો વર્ષો સુધી ભરતભૂમિમાં વિહાર કરીને દિવ્યધ્વનિનું અમૃત વરસાવ્યું ને સર્વત્ર ધર્મનો સુકાળ વર્તાવ્યો. એક માસ આયુ બાકી રહ્યું ત્યારે પ્રભુ સમ્મેદાચલ પર પધાર્યા....દિવ્યધ્વનિરૂપ વચનયોગ બંધ થયો ને પ્રભુએ અઘાતીકર્મોની પણ વિશેષ નિર્જરા કરવા માંડી.

હવે પ્રભુને આયુકર્મ તો માત્ર અંતર્મુહૂર્ત જ બાકી રહ્યું, પણ બીજા ત્રણ કર્મોની સ્થિતિ વધારે હતી; એટલે તે કર્મોની સ્થિતિને તોડીને આયુ જેટલી જ કરી નાંખવા માટે, ઈચ્છા વગર પણ પ્રભુના આત્મપ્રદેશો વિસ્તાર પામીને સર્વ લોકમાં ફેલાયા; અને આંખના પલકારાથીયે ઘણા ઓછા સમયમાં, વધારાના કર્મોને આત્મામાંથી ખેરવી નાંખ્યા. પછી જરાક જ વારમાં સિદ્ધવર ટૂંક ઉપર ત્રીજા અને ચોથા શુક્લધ્યાન દ્વારા ચૈત્ર સુદ પાંચમે સર્વે કર્મોના ક્ષયપૂર્વક સંપૂર્ણ આત્મશુદ્ધિ પ્રગટ કરીને પ્રભુ સિદ્ધાલયમાં સીધાવ્યા. તેમને નમસ્કાર હો.

અજિતનાથ જિનરાજકી સિદ્ધવરકૂટ હૈ જેહ;
મન-વચ-તન કર પૂજહું શિખરસમ્મેદ યજેહ.

પહેલાં પૂર્વભવે જેઓ વિદેહક્ષેત્રમાં વિમલવાહન રાજા હતા. પછી મુનિ થઈને વિજયવિમાનમાં અહમિન્દ્ર થયા અને પછી ભરતક્ષેત્રમાં બીજા તીર્થંકર તરીકે અવતરીને મોક્ષ પામ્યા, તે ભગવાન અજિતનાથનું જીવનચરિત્ર અહીં પૂર્ણ થયું.

## બીજા ચક્રવર્તી : સગર મહારાજ

ભરતક્ષેત્રમાં પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવ થયા; તેમના પુત્ર ભરત પહેલા ચક્રવર્તી થયા. ત્યાર બાદ બીજા તીર્થંકર અજિતનાથ થયા ને તેમના તીર્થમાં 'સગર' નામના બીજા ચક્રવર્તી થયા. તેમની કથા "જૈનધર્મની વાર્તાઓ"ના ત્રીજા ભાગમાં છાપેલ છે; સંક્ષેપમાં તે આ પ્રમાણે છે—

તે સગર ચક્રવર્તી પૂર્વભવે વિદેહસેત્રમાં જયસેન રાજા હતા. તેણે અને તેના મિત્રે દીક્ષા લીધી ને સ્વર્ગમાં ગયા. ત્યાં પણ બંને દેવો મિત્ર હતા ને તેમણે એવી પ્રતિજ્ઞા કરેલી કે જે પહેલાં મનુષ્ય થાય તેને બીજો દેવ પ્રતિબોધ પમાડે.

હવે, પહેલાં તે જયસેનનો જીવ સ્વર્ગમાંથી અવતરીને અયોધ્યામાં સગરચક્રવર્તી થયો. તેને ૬૦૦૦૦ (સાઠહજાર) સુંદર પુત્રો હતા ને તેમના ઉપર ઘણો સ્નેહ હતો.

એકવાર તેના પુત્રો કૈલાસગિરિ ગયેલા; ત્યારે તેને પ્રતિબોધ પમાડવા તેના મિત્ર–દેવે એક યુક્તિ કરી. કૈલાસ ગયેલા બધા પુત્રો સર્પ કરડવાથી મૃત્યુ પામ્યા છે–એવો દેખાવ તેણે કર્યો. પછી રાજા સગર પાસે બ્રાહ્મણનું રૂપ લઈને આવ્યો ને પોતાના મરેલા પુત્રને સજીવન કરવાની માગણી કરી.

ત્યારે ચક્રવર્તીએ કહ્યું : હે ભાઈ ! જેનું આયુ પૂરું થયું તેને કોઈ રીતે જીવાડી શકાતા નથી; માટે તમે વૈરાગ્ય લાવી આત્મહિત કરો.

બ્રાહ્મણે કહ્યું—ભલે મહારાજ ! આપની વાત સત્ય છે. હવે હું આપને એક ગંભીર સમાચાર કહું છું તે સાંભળીને તમે પણ વૈરાગ્ય લાવી આત્મહિત સાધવા તત્પર થજો.–એમ કહીને ૬૦ હજાર પુત્રોના મરણના સમાચાર કહ્યા.

એ સાંભળતાં જ પ્રથમ તો સગરચક્રવર્તી મૂર્છિત થઈ ગયા. સચેત થતાં જ એકદમ તેનો આત્મા જાગી ઊઠ્યો ને વૈરાગ્યભાવનાથી તેણે દીક્ષા લીધી.

મિત્રને પ્રતિબોધવાનું કામ પૂરું થતાં તે દેવ અસલી સ્વરૂપે પ્રગટ થયો ને નમસ્કાર કરીને કહ્યું : હે મહારાજ ! આપના પુત્રો ખરેખર મર્યા નથી. માત્ર આપને વૈરાગ્ય પમાડવા મેં આવી યુક્તિ કરી હતી. એમ કહીને તે પુત્રોને સચેત કર્યા.

આ વાત જાણીને તે બધાય રાજપુત્રો પણ વૈરાગ્ય પામ્યા ને જિનદીક્ષા લીધી.



અંતે, સગર ચક્રવર્તી અને તેમના ૬૦ હજાર પુત્રો કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા..તેમને નમસ્કાર હો.

'મિત્ર હો તો આવા હો....કે....જે ધર્મની પ્રેરણા આપે.'

(સંસ્કૃત મહાપુરાણ સર્ગ ૪૮ ઉપરથી)

પોતામાં સુંદરતા દેખાય છે

આત્મામાંથી રાગ-ક્રોધાદિને બાદ કરતાં બાકી કાંઈ 'શૂન્ય' નથી રહેતું, પરંતુ જ્ઞાન-સુખ-વીતરાગતા–પ્રભુતા સ્વયંકર્તા વગેરે અનંત ચૈતન્યભાવોથી ભરેલો આત્મા વિદ્યમાન રહે છે જેને દેખીને મહાન શાંતિ આનંદનું વેદન થાય છે.

જ્ઞાન અને શાંતિ તે મહાન ચીજ છે કેમકે અનંત ગુણપરિવાર તેની સાથે છે.

રાગ-ક્રોધાદિ અત્યંત તૂચ્છ છે કેમકે કોઈપણ ગુણ પરિવાર તેની સાથે નથી.

**(3)**

જન્મ
શ્રાવસ્તી નગરી




મોક્ષ
સમ્મેદશિખર

**જેઓ ભવ-વગરના હોવા છતાં 'સં-ભવ' છે એવા**
**ત્રીજા તીર્થંકરદેવની સેવા અમને રત્નત્રય પ્રદાન કરો.**

આપણા ચરિત્રનાયક ત્રીજા તીર્થંકર **સંભવનાથ**, તેઓ પણ પૂર્વભવમાં ભગવાન અજિતનાથની જેમ વિદેહક્ષેત્રમાં ક્ષેમપુરી નામની સુંદર નગરીના રાજા હતા, ને તેમનું નામ પણ વિમલવાહન હતું.

તે મહારાજા વિમલવાહન એક જ ભવ પછી મોક્ષ પામવાના છે....જેમને અત્યંત નીકટમાં મોક્ષની પ્રાપ્તિ થવાની હોય તે ભવ્ય જીવ વિષય–કષાયોમાં આસક્ત કેમ રહે? રાજા વિમલવાહનને એકવાર સંસારથી વૈરાગ્ય થતાં તેઓ વિચારવા લાગ્યા—

* અરે, સંસારના પ્રાણીઓ મૃત્યુના મુખની વચ્ચે રહીને પણ જીવવાની આશા રાખે છે! અનંતકાળથી જન્મ ને મરણ કરી રહ્યા છે છતાં મોહને લીધે તેમાંથી છૂટવાનો ઉપાય કરતા નથી.

* આયુ તો અસંખ્ય સમયનું જ છે, છતાં જીવ તેને શરણ માને છે....આશ્ચર્યની વાત તો એ છે કે તે આયુ પણ દરેક ક્ષણે ઓછું થઈને તેને મૃત્યુ તરફ ધકેલી રહ્યું છે.

* કષાયોની આકુળતાથી તપ્ત થયેલો તે જીવ, તરણાંની છાયા જેવા વિષયભોગોના આશ્રયે શાંતિ લેવા મથે છે....જેમ તીખા તડકામાં ઊભેલો કોઈ મૂર્ખ મનુષ્ય, આકાશમાં ઊડતા પંખીની છાયાનો આશ્રય લેવા મથે....તેમ મૂર્ખ જીવો વિષયભોગોના શરણે શાંતિ લેવા મથે છે.... તે જીવને શરણ ક્યાંથી થાય? ભોગવૃત્તિનો ત્યાગ કરીને પોતાના અતીન્દ્રિય ચૈતન્યતત્ત્વનું શરણ લેવું–તે જ શાંતિનો ઉપાય છે. એ જ અનંતસુખનું ધામ છે ને સંતો દિનરાત તેને જ ધ્યાવીને પરમપદને સાધે છે.

—આવા વૈરાગ્યચિંતનપૂર્વક, વિમલવાહન–મહારાજા સંસાર છોડીને મુનિદીક્ષા લેવા તૈયાર થયા.

બરાબર તે જ વખતે ભગવાન સ્વયંપ્રભ–તીર્થંકરનું તે નગરીમાં આગમન થયું. અત્યંત હર્ષપૂર્વક રાજા વિમલવાહન તે પ્રભુ પાસે ગયા ને દીક્ષા લઈને તેમના શિષ્ય બન્યા. એક ભાવિતીર્થંકર વર્તમાન–તીર્થંકરના શિષ્ય બન્યા....શ્રી તીર્થંકરના ચરણસમીપમાં જ રહીને તેમણે બાર અંગનું જ્ઞાન

પ્રગટ કર્યું ને ક્ષાયિકસમ્યક્ત્વ સહિત દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ઉત્તમ ભાવના ભાવી. તેથી ત્રણ લોકમાં હર્ષમય ક્ષોભ ઉત્પન્ન કરનારી એવી તીર્થંકર–પ્રકૃતિ તેમને બંધાણી. પરંતુ મુનિરાજ વિમલવાહન તો તે કર્મચેતનાથી અલિપ્ત એવી જ્ઞાનચેતનામાં જ તત્પર હતા; જ્ઞાનચેતના વડે આત્મતત્ત્વના આનંદનો ભોગવટો કરતા હતા ને કર્મને તથા રાગને પોતાની અનુભૂતિથી બહાર રાખતા હતા. આ રીતે શુદ્ધ આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને તેઓ, દેવલોકમાં બધા સ્વર્ગોથી ઉપર પ્રથમ ગ્રૈવેયકમાં, દર્શનસહિત સુદર્શન વિમાનમાં ઊપજ્યા. પુણ્યપ્રતાપે તેમને અનેક આશ્ચર્યકારી મહાનઋદ્ધિઓ હતી; પરંતુ પોતાના આત્માની અનંતચૈતન્યઋદ્ધિ પાસે એ પુણ્યઋદ્ધિને તેઓ તુચ્છ સમજતા હતા, તેથી તેમાં ક્યાંય તેમનું ચિત્ત લોભાતું ન હતું....ને ચૈતન્યની આરાધનાને તેઓ ક્ષણમાત્ર પણ ભૂલતા ન હતા.

એ રીતે આરાધનાપૂર્વક અસંખ્ય વર્ષો (૨૩ સાગરોપમ) તેમણે દેવલોકમાં વીતાવ્યા. દેવલોકનું તેમનું સુખ દેવીઓ વગરનું હતું....તેના દ્વારા તેઓ જગતને પ્રસિદ્ધ કરતા હતા કે અરે જીવો ! વિષયોમાં સુખ નથી, વિષયો વગરનું સુખ એ જ મહાન સુખ છે; એ જ સત્ય સુખ છે. દેવલોકમાં ૧૬ સ્વર્ગથી ઉપરના દેવોને ઇન્દ્રાણી વગેરે દેવીઓનો યોગ નથી હોતો, છતાં તેઓ વધારે સુખી છે; વિષયોથી પાર ચૈતન્યસુખને રાજા વિમલવાહન જાણતા હતા....દેવલોકમાં ગ્રૈવેયકથી માંડીને સાતમી નરક સુધીનાં અસંખ્યયોજન ક્ષેત્રમાં આવ-જા કરી શકે એવી તેમની વિક્રિયા શક્તિ હતી, પણ આકુળતા ન હોવાથી તેઓ ગમનાગમન કરતા ન હતા; તેમનું અવધિજ્ઞાન પણ એટલું વિશાળ હતું પણ તેઓ તેનો પ્રયોગ ભાગ્યે જ કરતા. તેમની લેશ્યા શુક્લ હતી–પરિણામ ઉજ્જ્વળ હતા. દેવલોકના બીજા અહમિન્દ્રો પણ તેમને દેખીને પ્રસન્ન થતાં કે અહા એક ભાવિતીર્થંકર અહીં બિરાજી રહ્યા છે–કે જેઓ અહીંથી સીધા તીર્થંકરપણે અવતરશે. આવા અનેક તીર્થંકરો એકસાથે ત્યાં બિરાજતા હતા....કેમ કે દેવલોકમાં એવા અસંખ્ય નીકટ-ભવ્યજીવો છે કે જેઓ ત્યાંથી નીકળીને સીધા તીર્થંકરપણે અવતરશે.

એ રીતે આપણા ચરિત્રનાયક **સંભવનાથ**–તીર્થંકરના જીવે દેવલોકમાં દિવ્ય પુણ્યોદય વચ્ચે અસંખ્ય વર્ષો વીતાવ્યા....જ્યારે ત્યાંના આયુષ્યના માત્ર છ માસ બાકી રહ્યા ત્યારે..

## સંભવનાથ : ગર્ભ–જન્મ કલ્યાણક

ભરતક્ષેત્રની શ્રાવસ્તી નગરીના રાજમહેલમાં એકાએક દિવ્યરત્નોની વર્ષા થવા લાગી....લોકોમાં આશ્ચર્ય અને આનંદ ફેલાયા. તે નગરીના મહારાજા દૃઢરાજ, અને તેમની મહારાણી સુષેણા. છ માસ બાદ, સ્વર્ગનું આયુ પૂર્ણ થતાં, તે અહમિન્દ્રનો જીવ સુષેણાદેવીની પવિત્ર કૂંખમાં અવતર્યો. તે વખતે મહારાણીએ સોળ ઉત્તમ સ્વપ્નો દેખ્યા....ને ઐરાવત હાથીને મુખમાં પ્રવેશતો જોયો. ઇન્દ્રોએ આવીને ત્રીજા તીર્થંકરના માતા–પિતાનું સન્માન કર્યું, પ્રશંસા કરી ને દેવલોકની દિવ્ય વસ્તુઓ ભેટ આપી. છપ્પન કુમારિકા દેવીઓ આવીને માતાની સેવા કરવા લાગી. આનંદપૂર્વક સવાનવ માસ વીત્યા.

કારતક સુદ પૂનમે તીર્થંકર **સંભવનાથ**નો જન્મ થયો ને ત્રણલોક હર્ષથી ખળભળી ઊઠ્યા, નરકના જીવોને ય ક્ષણભર સાતા થઈ....ને તેથી આશ્ચર્ય પામીને કેટલાય જીવો તીર્થંકર મહિમાના ચિંતનવડે સમ્યગ્દર્શન પામ્યા. દેવલોક આખોય વાજીંત્રોના આનંદમય કોલાહલથી ગાજી ઊઠ્યો ને દેવો

ભરતક્ષેત્રમાં ત્રીજા તીર્થંકરનો જન્મોત્સવ કરવા હર્ષભેર શ્રાવસ્તી નગરીમાં આવ્યા. મેરુ ઉપર જન્માભિષેક બાદ ઈન્દ્રે સ્તુતિ કરતાં કહ્યું : હે **સંભવનાથ**! આપને હજી તીર્થંકર નામકર્મનો ઉદય તો આવ્યો નથી, ત્યાર પહેલાં પણ આપના જન્મથી જીવોને આટલું સુખ મળી રહ્યું છે, તો પછી કેવળજ્ઞાન પામીને જ્યારે આપ તીર્થંકર થશો ને જગતને મોક્ષમાર્ગ બતાવશો,—તે વખતે જીવોને જે મહાન સુખ થશે—તેની શી વાત!! અહા, જેમ કેવળજ્ઞાન થયા પહેલાં સમ્યક્ત્વનું સુખ પણ અચિંત્ય હોય છે તેમ ભાવ—તીર્થંકર થયા પહેલાં 'બાળ—તીર્થંકર' તરીકે પણ આપ જગતને અચિંત્ય સુખના કારણ છો. પ્રભો! આપના ગુણોરૂપ આમ્રવૃક્ષથી આકર્ષાઈને અમે દેવલોકના દેવો પણ આપની સેવા કરવા અહીં આવ્યા છીએ. આખો દેવલોક તમારા ચરણે નમ્રીભૂત થઈને જગતને પ્રસિદ્ધ કરી રહ્યો છે કે આપ દેવોનાય દેવ છો, ને દેવ—સુખ કરતાં મોક્ષસુખ મહાન છે. પ્રભો, જેમ સ્યાદ્વાદના દિવ્ય પ્રતાપ પાસે એકાંતરૂપ મિથ્યામતો ટકી શકતા નથી, તેમ આપના દિવ્ય પ્રતાપ પાસે દેવોનાં તેજ પણ ઝાંખા પડી જાય છે! જેમ ચંદન પોતાની સાથે સુગંધ લઈને ઉત્પન્ન થાય છે, તેમ આપ ત્રણ જ્ઞાન સહિત અવતર્યા છો. હે દેવ! આપ કારણ વગર જ જીવોનું હિત કરનારા છો. જગતના જીવોને માટે આપ મોટા ખજાના સમાન સુખકારી છો. આપનો જન્મ ત્રણલોકના જીવોને સુખનું કારણ છે.

—આ પ્રમાણે ભક્તિપૂર્વક સ્તુતિ કરીને, ઈન્દ્રે પ્રભુ સન્મુખ આનંદ—નાટક કરીને પોતાનો પરમ હર્ષ જાહેર કર્યો. એ રીતે જન્મોત્સવ ઉજવીને દેવો પાછા દેવલોકમાં ગયા....પણ કેટલાક દેવો પાછા ન ગયા....પ્રભુ પાસે તેમને એટલું બધું ગમી ગયું કે સ્વર્ગને ભૂલીને તેઓ અહીં જ રહી ગયા, ને પ્રભુ જેવડા બાળકનું રૂપ ધારણ કરીને તેમની સાથે જ રમવા લાગ્યા. અહા, તીર્થંકરની સાથે હળવું—મળવું—રમવું—બોલવું કોને ન ગમે!! અને, સ્વર્ગના દેવો પણ જેમની સાથે રમવા આવે તેમના મહાપુણ્યની શી વાત!! અરે, પુણ્ય તો તે દેવો પાસેય હતા પણ પ્રભુના સંગે સમ્યક્ત્વ લેવા તેઓ પ્રભુસેવામાં રહ્યા હતા.

બીજા અજિતનાથ તીર્થંકરના મોક્ષગમન બાદ, જ્યારે તેમની તીર્થપરંપરામાં ૩૦ લાખ કરોડ સાગર વીત્યા ત્યારે ત્રીજા **સંભવનાથ તીર્થંકર** થયા. (આ અંતરમાં તેમના આયુના ૬૦ લાખપૂર્વ પણ ભેગા સમજી લેવા.) તેમનું ચરણચિહ્ન અશ્વ (ઘોડો) હતું.

શ્રી બાલતીર્થંકર ધીમે ધીમે મોટા થવા લાગ્યા. મનુષ્યલોકમાં રહેવા છતાં તેમને દેવજનિત સુખ—વૈભવો પ્રાપ્ત થતા, પરંતુ તેમનું ચૈતન્યજનિત સુખ કાંઈ દેવલોકમાંથી નહોતું આવતું.—એ તો પોતામાં સ્વયમેવ હતું, બીજા કોઈની અપેક્ષા તેમાં ન હતી.

## સંભવનાથ—વૈરાગ્ય અને દીક્ષા

એ રીતે મહારાજ **સંભવનાથ**ને રાજ—ભોગમાં આત્મજ્ઞાન સહિત ૪૪ લાખ પૂર્વ વીત્યા. એક દિવસ માગશર સુદ પૂનમે તેઓ રાજમહેલમાં શાંતિથી બેઠા હતા ને કુદરતી શોભાનું અવલોકન કરતા—કરતા આત્મમહિમાનું ચિન્તન કરતા હતા કે આ વિશ્વની શોભાને જોનારો જ્ઞાતા—હું, મારી ચૈતન્ય શોભા અદ્‌ભુતથી પણ અદ્‌ભુત છે....

—એવામાં એકાએક આકાશમાં અદ્‌ભુત સુશોભિત મેઘરચના થઈ. જાણે કોઈ સુંદર દેવનગરી બની હોય! અને જોતજોતામાં બીજી જ ક્ષણે તે નગરીનું દૃશ્ય વીંખાઈ ગયું, મેઘરચના વિલીન

થઈ ગઈ. તે દેખતાં જ મહારાજા **સંભવનાથને** વૈરાગ્યભાવના જાગૃત થઈ....આ સંસારના ભવ–તન–ભોગને પણ વાદળાં જેવા જ ક્ષણભંગુર જાણીને તેનાથી તેમનું ચિત્ત વિરક્ત થયું. ભવ વગરના **સંભવનાથ** વૈરાગ્યપૂર્વક સંસારનું સ્વરૂપ ચિંતવવા લાગ્યા–

* અરે, આ જગતમાં બીજો કોઈ યમરાજ નથી, આ શરીરમાં રહેલ આયુ તે જ યમરાજ છે; શરીરની અંદર રહીને ક્ષણેક્ષણે શરીરને નષ્ટ કરી રહ્યું છે ને જીવને દેહપીંજરમાં પૂરી રાખ્યો છે. છતાં મૂર્ખ જીવો શરીરને પોતાનું ઘર સમજીને તેમાં વાસ કરી રહ્યા છે.

* અરે, મોહી જીવ જેને સરસ સમજીને મિત્રની જેમ જેનું સેવન કરે છે; તે ઇન્દ્રિયવિષયો તો નીરસ અને જીવને ભવદુઃખ દેનારાં શત્રુ છે.

* આયુ હોય, ઇન્દ્રિયો હોય, ને ઇષ્ટ પદાર્થો હોય, ત્યાં પણ જો આત્મા વિદ્યમાન હોય તો જ સુખની કલ્પના થાય છે. ઇન્દ્રિયાદિ તે બધા પદાર્થો હોવા છતાં જો આત્મા વિદ્યમાન ન હોય તો તેમાં સુખની કલ્પના પણ થતી નથી. ત્યારે આત્માનું સુખ તો સદા વિદ્યમાન છે,–એને જાણીને જીવો તેનું સેવન કેમ નથી કરતા? જો તેને જાણીને તેનું સેવન કરે તો, ઇન્દ્રિયવિષયો વગર પણ સહજ–આત્મિક સુખ તેને અનુભવમાં આવે.–એ જ સાચું સુખ છે. બાકી લક્ષ્મી–શરીર વગેરેના સંબંધથી માનેલું સુખ એ સાચું સુખ નથી, એ તો કલ્પના માત્ર છે અને તે કલ્પના પણ ક્ષણભંગુર છે, કાયમ રહેતી નથી.

* જે જીવ આત્માને સમ્યગ્જ્ઞાન વડે ધ્યાવે છે–ચૈતન્યલક્ષ્મીને જાણે છે, અને બહારની ક્ષણભંગુર લક્ષ્મીનો મોહ છોડે છે તે જ મોક્ષસુખ પામે છે.

—આ પ્રમાણે સારભૂત તત્ત્વોના ચિંતનપૂર્વક મહારાજા **સંભવનાથ** રાજભોગોથી વિરક્ત થયા ને પુત્રને રાજ્ય સોંપીને જિનદીક્ષા લેવા ઉદ્યત થયા....

એ જ વખતે લૌકાંતિક દેવોએ આવીને તેમની સ્તુતિ કરી અને વૈરાગ્યની અનુમોદના કરી. અહા, દેવલોકના ઋષિસમાન મહાન દેવો જેમના વૈરાગ્યની પ્રશંસા કરવા મધ્યલોકમાં આવે, તે તીર્થંકરોના પરમ વૈરાગ્યમય દીક્ષાપ્રસંગની શી વાત!! એમના વૈરાગ્યને દેખીને શ્રાવસ્તી નગરીના બીજા હજારો જીવો પણ ચૈતન્યસુખની પ્રતીતિ કરીને વિષયોથી વિરક્ત થયા ને પ્રભુ સાથે વનગમન કરવા તૈયાર થયા.


ઇન્દ્રો પ્રભુના દીક્ષાકલ્યાણકનો ઉત્સવ કરવા આવ્યા. 'સિદ્ધાર્થ' નામની દેવપાલખીમાં બેસીને, સિદ્ધપદરૂપ અર્થની સિદ્ધિ માટે પ્રભુએ વનગમન કર્યું. એક હજાર રાજાઓ સહિત પ્રભુએ માગશર સુદ પૂર્ણિમાએ જિનદીક્ષા ધારણ કરી. તે જ ક્ષણે ધ્યાનમાં શુદ્ધોપયોગ વડે સાતમું ગુણસ્થાન ને ચોથું જ્ઞાન પ્રગટ થયું. દીક્ષા બાદ એ સંભવ–મુનિરાજને પ્રથમ આહારદાન સુરેન્દ્રદત્ત નામના ધર્માત્મા શ્રાવકે કર્યું....ભગવાન તીર્થંકરને મુનિદશામાં પ્રથમ આહારદાન દેનારા ભવ્યાત્મા અવશ્ય મોક્ષગામી હોય છે;–એવા ઉત્તમ સુપાત્ર અને ઉત્તમ દાતાનો સુયોગ દેખીને દેવોએ પણ રત્નવૃષ્ટિ વગેરે દ્વારા પોતાનો આનંદ વ્યક્ત કર્યો. આકાશમાં ચારેકોર 'अहो दानं....अहो दानं' એવા દૈવીનાદ સહિત દેવદુંદુભી વાગવા માંડ્યા.

## ભગવાન સંભવનાથ : કેવળજ્ઞાન

શુદ્ધરત્નત્રયના ધારક ભગવાન સંભવનાથ, ચૌદ વર્ષ સુધી મુનિદશામાં મૌનપણે રહ્યા. આત્મસાધનામાં પૂર્ણ લીનતા એ જ તેમનું લક્ષ્ય હતું; એ રીતે વિહાર કરતા કરતા તેઓ શ્રાવસ્તી નગરીમાં પોતાના દીક્ષાવનમાં આવ્યા; અને સર્વ શક્તિને અંતર્મુખ યોગમાં રોકીને, શુક્લધ્યાનવડે 'આસો વદ ચોથ'ના રોજ કેવળજ્ઞાન પ્રગટ કર્યું; પાપરૂપ–ઘાતીકર્મો સર્વથા નષ્ટ થયા, અનંત ચૈતન્યવીર્ય અને સ્વયંભૂ પરમ આનંદરૂપ પૂર્ણસુખ પ્રગટ્યું. લોકાલોકના સમસ્ત પદાર્થોને એક સાથે જાણવા છતાં તેમના અચિંત્ય જ્ઞાનમાં કોઈ થાક કે ખેદ ન હતો. દેહમાં આંખ હોવા છતાં પ્રભુ તે આંખથી નહોતા દેખતા, તેઓ તો કેવળજ્ઞાનરૂપ અનંત ચૈતન્યચક્ષુ વડે બધું એક સાથે દેખતા હતા....એ જ તેમનું ઈન્દ્રિય અતીતપણું હતું....અને એવા મહા અતીન્દ્રિયજ્ઞાન સાથેનું તેમનું સુખ પણ એવું જ અતીન્દ્રિય હતું. મુનિવરો પણ એ અતીન્દ્રિયજ્ઞાન–સુખની ભાવના કરતા હતા ને તેને અભિનંદતા હતા–

**પ્રક્ષીણ ઘાતીકર્મ અનહદ વીર્ય અધિક પ્રકાશ ને**
**ઇન્દ્રિય–અતીત થયેલ આત્મા જ્ઞાન–સૌખ્યે પરિણમે.**

અહો, જિનદેવના એ જ્ઞાનનો તથા એ સુખનો કોઈ અચિંત્ય મહિમા છે! 'अहो हि णाणस्स माहप्पं' સર્વોત્કૃષ્ટ મહિમાનું એ સ્થાન છે....મુનિવરોનો એ મનોરથ છે....



અહા! જેનો આદરપૂર્વક સ્વીકાર કરતાં પણ સમ્યગ્દર્શન થઈને ભવનો અંત આવી જાય છે– એવું કેવળજ્ઞાન પ્રભુને પ્રગટ્યું, ત્યાં તો તેમના તીર્થંકરત્વના મહાનપ્રભાવથી ત્રણલોકમાં અજવાળાં થયા....જગતને ખબર પડી કે ત્રણલોક–પ્રકાશક ચૈતન્યસૂર્યનો ઉદય થયો છે....! ઈન્દ્રોએ આવીને પ્રભુના કેવળજ્ઞાનની પૂજા કરી....પ્રભુ અરિહંત થયા....પરમાત્મા થયા. અને સાથે સાથે દિવ્યધ્વનિદ્વારા રત્નત્રયતીર્થનું પ્રવર્તન કરીને ભરતક્ષેત્રના ત્રીજા તીર્થંકર થયા. તે ધર્મરાજાના સમવસરણરૂપ ધર્મદરબારમાં ચારુષેણાદિ ૧૦૫ ગણધર દેવો અચિંત્ય આત્મવિભૂતિ સહિત શોભતા હતા. ઉપરના

ગગનમાં નિરાલંબી- પણે પ્રભુની સમકક્ષે એક સાથે પંદર હજાર (૧૫૦૦૦) તો સર્વજ્ઞ ભગવંતો અર્હંતપદે બિરાજતા હતા. બે લાખ મુનિવરો ને ત્રણ લાખ આર્યિકાઓ હતા. અદ્‌ભુત હતો એ ધર્મમેળો....ને ધન્ય હતા એને જોનારા! ત્યાં લાખોની સંખ્યામાં સમ્યગ્દૃષ્ટિ શ્રાવક–શ્રાવિકાઓ હતા. દેવોનો તો પાર ન હતો; તિર્યંચોનાં પણ ટોળેટોળાં ત્યાં આવીને ધર્મશ્રવણ કરતા હતા. સમ્યક્ત્વ પામતા હતા ને વ્રત પણ ધારણ કરતા હતા.

એ રીતે ધર્મરૂપી અમૃતની વૃષ્ટિ કરતાં કરતાં સંભવનાથ તીર્થંકર ભરતક્ષેત્રના આર્ય દેશોમાં કરોડો અબજો વર્ષો સુધી વિચર્યા....જ્યારે મોક્ષ પામવાને એક માસ બાકી રહ્યો ત્યારે એક હજાર મુનિઓ સહિત સમ્મેદાચલ પર પધાર્યા ને પ્રતિમાયોગ ધારણ કરીને સ્થિર થયા....વિહાર અને વાણી બંધ થયા. અને ચૈત્ર સુદ છઠ્ઠની સાંજે સંપૂર્ણ યોગનિરોધ કરીને, ધવલટૂંક ઉપરથી ચાર ગતિથી રહિત ને પંચમ જ્ઞાનસહિત પંચમગતિને પામ્યા....સિદ્ધપદ પામ્યા. આઠ કર્મ રહિત, આઠ મહાગુણ સહિત અષ્ટભૂમિમાં (સિદ્ધશિલા પર) શાશ્વતપણે બિરાજમાન થયા....

**સંભવનાથ જિનરાજકી ધવલકૂટ વર જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

—આ રીતે પૂજનપૂર્વક ઇન્દ્રોએ પ્રભુના મોક્ષનો ઉત્સવ કરીને મોક્ષપદનું સર્વોત્કૃષ્ટપણું જગતમાં પ્રસિદ્ધ કર્યું. તે મોક્ષપદપ્રાપ્ત ભગવંત સંભવજિનને નમસ્કાર હો.

જેઓ પૂર્વભવમાં વિદેહક્ષેત્રમાં વિમલવાહન રાજા હતા, પછી અહમિન્દ્ર થયા અને તે પદને પણ છોડીને ભરતક્ષેત્રમાં ત્રીજા તીર્થંકર થયા....ને છેવટે તીર્થંકરપદ પણ છોડીને સિદ્ધ-પરમાત્મા થયા....એવા ભગવાન સંભવનાથનું મંગલ ચરિત્ર અહીં પૂર્ણ થયું....તે ભવ્યજીવોને ભવથી છોડાવીને મોક્ષપદની પ્રાપ્તિ કરાવો.

## સિદ્ધાન્ત અને પ્રયોગ.....એટલે....દ્રવ્યાનુયોગ અને કથાનુયોગ

ભગવાન તીર્થંકરદેવની વાણીમાં કહેલ દ્રવ્યાનુયોગ હો કે કથાનુયોગ, કોઈ પણ અનુયોગ હો, તેમાં જીવના હિત માટે વીતરાગતાનો જ ઉપદેશ છે. બધાયમાં એક જ તાત્પર્ય છે કે જીવનું કલ્યાણ થાય.

દ્રવ્યાનુયોગમાં જે વાત સિદ્ધાંતરૂપે બતાવી છે તે જ વાત કથાનુયોગમાં પ્રયોગરૂપે દેખાડી છે : જેમકે, ''ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરનાર જીવ સમ્યગ્દૃષ્ટિ છે : ''भूयत्थमूस्सदो खलु समाईट्ठी हवई जीवो।' એમ સમ્યગ્દર્શનનું સ્વરૂપ દ્રવ્યાનુયોગમાં બતાવ્યું, જ્યારે કથાનુયોગમાં, એ રીતે ભૂતાર્થસ્વભાવનો આશ્રય કરીને ક્યા ક્યા જીવો કેવી રીતે સમ્યગ્દર્શન પામ્યા–તે વાત, ભગવાન મહાવીરનો સિંહનો ભવ, ભગવવાન ઋષભદેવનો જુગલિયાનો ભવ, ભગવાન પારસનાથનો હાથીનો ભવ વગેરેના વર્ણન દ્વારા પ્રયોગરૂપે સમજાવી છે; અને તે ભવ્યજીવને સમ્યક્ત્વની પ્રેરણા આપે છે. આ રીતે સમસ્ત જિનવાણી ભવ્યજીવને ઇષ્ટ–ઉપદેશ આપનારી છે.

## (૪)

જન્મ
અયોધ્યા
નગરી




મોક્ષ
સમ્મેદ
શિખર

*** જે પરમાત્માનો સત્ય ઉપદેશ ભવ્યજીવોને આનંદકારી છે, તે ચોથા તીર્થંકર ***
*** શ્રી અભિનંદનદેવને અભિનંદીને હું તેમનું મંગલ જીવનચરિત્ર કહું છું. ***

પહેલાંના ત્રણે તીર્થંકરોની જેમ ભગવાન અભિનંદનસ્વામી પણ પૂર્વભવમાં, વિદેહક્ષેત્રમાં રત્નસંચયપુર નગરના મહારાજા હતા. તેમનું નામ મહાબલ.

રાજા–મહાબલ પુણ્યવાન તથા ન્યાયવાન ધર્માત્મા હતા. સંસારના અનેકવિધ ભોગો ને રાજ્યલક્ષ્મી વચ્ચે ઘણો કાળ વીતી ગયો, ત્યારે તે નીકટ ભવ્ય મહાત્માને એક દિવસે સહજપણે વૈરાગ્ય જાગ્યો....તેમનું ચિત્ત ભોગોપભોગોથી વિરક્ત થયું, હવે આ સંસારભોગોથી બસ થાઓ....હવે હું મુનિ થઈને મોક્ષનું સાધન કરીશ.–આવી ભાવનાથી વનમાં જઈને વિમલવાહન ભગવાન પાસે તેમણે સંયમદશા ધારણ કરી. મુનિ થઈને તેમણે ૧૨ અંગનું જ્ઞાન કર્યું. તેમજ દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ઉત્તમ ભાવનાઓ ભાવી; તેના પ્રતાપે પંચકલ્યાણકરૂપ ફળ દેનારી તીર્થંકરપ્રકૃતિ બંધાઈ. તીર્થંકરપ્રકૃતિ જાણે કે શીઘ્ર કેવળજ્ઞાન–પ્રાપ્તિ અને મોક્ષગમનનો સન્દેશ દેવા આવી હોય કે બસ, હવે આ મહાત્મા એક ભવ પછી તીર્થંકર–પરમાત્મા થશે ને મોક્ષમાં જશે.

મુનિરાજ–મહાબલ, ઉત્તમ આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને વિજય નામના અનુત્તર વિમાનમાં ૩૩ સાગરના આયુવાળા અહમિન્દ્ર થયા. ત્યાં તેમને દેવીઓનો સંપર્ક ન હતો, છતાં તેઓ દિવ્ય સુખનો અનુભવ કરતા હતા.–એ ઉપરથી સાબિત થાય છે કે બાહ્યવિષયો વગર જીવને ઉત્તમ સુખ હોય છે, કેમકે સુખ જીવનો પોતાનો સહજ સ્વભાવ છે....તે સુખના વેદનમાં બાહ્ય પદાર્થોની અપેક્ષા હોતી નથી. તે અહમિન્દ્ર વૈરાગ્યસમ્પત્તિ સહિત હતા, તેમનું ચિત્ત શાંત હતું અને તેઓ આત્મગુણોનું ચિન્તન, સર્વજ્ઞપદનું ધ્યાન તથા તેના અદ્‌ભુત મહિમાની ચર્ચા કરતા હતા. કોઈ પાપપ્રવૃત્તિ તેમને ન હતી. દેવલોકમાં બીજા ઘણા અહમિન્દ્રો હતા, તે બધાય પૂર્વભવમાં મુનિદશામાં શુદ્ધરત્નત્રયનો સ્વાદ ચાખીને આવ્યા હતા, તેથી અહીં પણ તેમનું જીવન નિર્દોષ આરાધનાસહિત હતું. અને તે અહમિન્દ્ર અહીંથી સીધા તીર્થંકરના અવતારમાં અવતરવાના હતા.

## અભિનંદન—અવતાર

અસંખ્ય વર્ષ વીત્યા બાદ તે અહમિન્દ્રે અયોધ્યાનગરીમાં, મહારાજા સ્વયંવરને ત્યાં મહારાણી સિદ્ધાર્થાની કૂંખે તીર્થંકર તરીકે અવતાર લીધો. વૈશાખ સુદ છટ્ઠે તેમનો ગર્ભકલ્યાણક થયો ને માહ સુદ ૧૨ના જન્મકલ્યાણક થયો. અયોધ્યાનગરીએ આ ત્રીજીવાર તીર્થંકરના જન્મોત્સવને નીહાળ્યો. અયોધ્યાનગરીના અદ્‌ભુત વૈભવની શી વાત! તીર્થંકરના અવતારને લીધે તે તીર્થંકરની જનેતા જેવું ગૌરવ અનુભવતી હતી....ધન્ય અયોધ્યા....તું તો તીર્થંકરોને જન્મ દેનારી શાશ્વત નગરી! પ્રભુની સાથે તું પણ પૂજ્ય છો.

ઈન્દ્રોએ આવીને અયોધ્યા નગરીમાં અભિનંદન—તીર્થંકરના જન્મનો મોટો ઉત્સવ કર્યો. અસંખ્ય દેવોનો રાજા ઈન્દ્ર....મહા ગંભીર, બાળતીર્થંકર ભગવાનને જોતાં તેની ભક્તિ ચરમ સીમાએ પહોંચી ગઈ....તેનાથી રહેવાયું નહિ, એકહજાર હાથ બનાવીને તે પ્રભુસન્મુખ નાચવા લાગ્યો....તેની સાથે શચી—ઈન્દ્રાણી તેમજ બીજા લાખો દેવો પણ આનંદથી નાચી ઊઠ્યા....નાનકડા બાલતીર્થંકર પ્રત્યે પણ ઈન્દ્રની આવી અદ્‌ભુત ભક્તિ દેખીને, અપાર જિનેન્દ્ર મહિમાના ચિંતનથી ઘણાય જીવો તે જ વખતે સમ્યક્ત્વાદિ ધર્મ પામ્યા. ખરેખર અચિંત્ય હતો પ્રભુના કલ્યાણકનો એ મંગલ ઉત્સવ!! તે ઉત્સવ, માત્ર દેવ કે મનુષ્યોને જ નહીં તિર્યંચ અને નરકમાં પણ ઘણા જીવોને કલ્યાણનું કારણ બન્યો. અહો, તીર્થંકરોનો આશ્ચર્યકારી પ્રભાવ!!

સંભવનાથ તીર્થંકરના મોક્ષગમન પછી ૧૦,૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ (દશલાખ—કરોડ) સાગરોપમ બાદ અભિનંદન—તીર્થંકર થયા. જન્મથી જ તેઓ સમ્યગ્દષ્ટિ અને ત્રણજ્ઞાન સહિત હતા. ૫૦ લાખ પૂર્વ તેમનું આયુ હતું. ૩૫૦ ધનુષ (૩૫૦૦ ફૂટ, લગભગ ૧૧૦૦ મીટર) ઊંચું તેમનું શરીર હતું. 'વાંદરો' તેમનું ચરણ ચિહ્ન હતું. તેઓ વૈભવમાં તેમજ ગુણોમાં વૃદ્ધિગત થવા લાગ્યા. જ્યારે તેમના આયુનો ચોથો ભાગ—સાડાબાર લાખ પૂર્વ વીત્યા ત્યારે મહારાજા સ્વયંવરે અયોધ્યાનું રાજસિંહાસન તેમને સોંપીને જિનદીક્ષા લીધી.

મહારાજા અભિનંદનની શોભા એવી લોકોત્તર હતી કે, ચન્દ્ર તેમની કાન્તિ લેવા ઈચ્છતો હતો, સૂર્ય તેમના તેજને ઈચ્છતો હતો, ઈન્દ્ર તેમના વૈભવને ઈચ્છતો હતો ને મુક્તિ તેમની સાથે રહેવા ચાહતી હતી. વિશુદ્ધ પરિણામ દ્વારા શુભ અનુભાગ બંધની અનંતગુણી વૃદ્ધિ થવાથી બધા પુણ્યપરમાણુઓ તેમને ફળ દેવા માટે જાણે કે એકબીજાની સ્પર્ધા કરતા હતા. અહા, જન્મતાંવેંત, ઈન્દ્ર પણ સ્વર્ગેથી આવીને જેમના ચરણોની પૂજા કરે તે મહાત્માના પુણ્યની શી વાત! રાજ્યલક્ષ્મીની તો શી વાત, મોક્ષલક્ષ્મી પણ સિદ્ધાલયમાં તેમનું સ્વાગત કરવા ઉત્સુક બની હતી. અહા, જેમની પાસે ક્ષાયિક સમ્યગ્દર્શન અને તીર્થંકર પ્રકૃતિ જેવી સમ્પત્તિ હોય તે મહાત્મા ત્રણલોક પર વિજય પ્રાપ્ત કરે—એમાં શું આશ્ચર્ય છે!! કુમાર અવસ્થા, રાજઅવસ્થા કે સંયમદશા બધી અવસ્થામાં તેઓ એક સરખા ધીર—ગંભીર ને શૂરવીર હતા. તેમનું જીવન અત્યંત પ્રશાંત હતું. તેમના રાજ્યમાં જો કે મહાન સેના હતી, પણ તે માત્ર શોભા માટે જ હતી, કેમકે કોઈ દુશ્મન જ ન હોવાથી લડાઈનો પ્રસંગ જ આવતો ન હતો. શાસ્ત્રો તો તેમની જીભમાં જ વસતા હતા, તેમની વાણી એ જ જિનવાણી હતી. તેઓ ગર્ભમાં આવતાં જ ઈન્દ્રનું આસન કંપી ઊઠ્યું....ને દેવો તેમની સેવા કરવા આવ્યા તે એમ સૂચવે છે કે પૂર્વભવમાંથી

રત્નત્રયનો ઘણો ભાગ તેઓ પોતાની સાથે જ લાવ્યા હતા. મોહશત્રુનો સર્વથા નાશ કરવા માટે તેમનું ચિત્ત સદા ઉત્સાહિત હતું.

એ રીતે સંસારના એક શ્રેષ્ઠ રાજા તરીકે અયોધ્યાનગરીમાં મહારાજા અભિનંદનસ્વામીએ લગભગ ૩૭ લાખ પૂર્વ સુધી ઉત્તમ રીતે રાજ્ય કર્યું. તેમના રાજ્યમાં સર્વે પ્રજાજનો સંતુષ્ટ હતા ને સુખપૂર્વક ધર્મસાધનામાં તત્પર હતા.

એકવાર મહાસુદ બારસે અભિનંદન મહારાજાનો જન્મ દિવસ હતો; મહારાજા રાજમહેલમાં ઊભા ઊભા કુદરતની શોભા જોતા હતા ને આત્માની સુંદરતા વિચારતા હતા. એવામાં એકાએક આકાશમાં રંગબેરંગી વાદળાંની અદ્‌ભુત રચના થઈ....અહા, આ તે કોઈ ગંધર્વ દેવોની નગરી છે કે ઈન્દ્રનગરી!! આકાશમાં એ આશ્ચર્યકારી સુંદર નગરીની શોભા દેખતાં જ ભગવાનને પૂર્વના અહમિન્દ્રભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું : અરે, આનાથી પણ મહાન દિવ્ય વિભૂતિ પૂર્વભવમાં હું ભોગવી ચૂક્યો છું....હજી પ્રભુ આમ વિચારે છે ત્યાં તો આકાશની એ અદ્‌ભુત નગરી અદૃશ્ય થઈ ગઈ....વાદળાં વીંખાઈ જતાં એ નગરીની રચના પણ વીંખાઈ ગઈ....અરે, ક્યાં ગઈ એ અદ્‌ભુત નગરી! ક્ષણ પહેલાંનું એ દિવ્યનગરીનું દૃશ્ય પળવારમાં ક્યાં ખોવાઈ ગયું! આવી ક્ષણભંગુરતા દેખતાં જ ભગવાનનું ચિત્ત સંસારથી વિરક્ત થયું....ક્ષણભંગુર રાજ–ભોગોમાંથી તેમની આસક્તિ ઊડી ગઈ. તેઓ સંસારની અસ્થિરતાનું સ્વરૂપ ચિંતવવા લાગ્યા : આ દેહને અનુકૂળ સમસ્ત ઈષ્ટવિષયો મને પ્રાપ્ત છે પણ તે બધા ક્ષણભંગુર છે; મનુષ્યજીવન આયુષ્યને આધીન છે. મરણ થતાં આ બધા સંયોગ છૂટી જશે. આયુ હોય ત્યાં જ મરણ છે, આયુ નથી ત્યાં મરણ પણ નથી. આત્મા આયુ વગર શાશ્વત જીવનારો છે, ને આત્મામાંથી આવતું સુખ જ તે સાચું સુખ છે. આકાશમાં રચાતી ઈન્દ્રનગરી જેવી આ ભોગસંપદાઓ અસ્થિર છે. જેમ વાદળાંની બનેલી સુંદર નગરી કંઈ રહેવા માટે કામ ન આવે, તેમ સુંદર દેખાતા આ પચરંગી–વિષયો જીવને સુખ માટે કાંઈ કામના નથી. સુખ તો વીતરાગતામાં જ છે. રાજભોગમાં મારું ઘણું આયુષ્ય વીતી ગયું. તેને છોડીને હવે હું મુનિદીક્ષા લઈશ ને કેવળજ્ઞાન ને સાધીશ.

—આમ પ્રભુએ વૈરાગ્યથી દીક્ષાનો નિશ્ચય કર્યો કે તરત લૌકાંતિકદેવો તેમજ ઈન્દ્રાદિ દેવો ત્યાં



આવ્યા ને તીર્થંકર પ્રભુના દીક્ષાકલ્યાણકનો ભવ્ય મહોત્સવ કર્યો. 'હસ્તચિત્રા' નામની દેવપાલખીમાં બેસી પોતાની જન્મતિથિ–મહાસુદ બારસે–પ્રભુ વનમાં સંચર્યા ને સ્વયં દીક્ષા ધારણ કરીને દિગંબર–મુનિ થયા. સ્વયંબુદ્ધ હોવાથી પોતે જ પોતાના ગુરુ હતા. મુનિ થતાંવેંત શુદ્ધોપયોગથી આત્મધ્યાનમાં એકાગ્ર થયા : અહા, જાણે સિદ્ધપ્રભુ જ બેઠા હોય! એવી અદ્‌ભુત શાંતિ હતી. ત્યાં એક સસલું આવ્યું ને પ્રભુચરણમાં શાંતિથી બેસી ગયું. એક સિંહ આવ્યો તે પણ પ્રભુચરણમાં શાંતિથી બેસી ગયો. સસલાને

સિંહનો કોઈ ભય ન લાગ્યો, કે ન સિંહને સસલાની હિંસાનો ભાવ આવ્યો. સિંહ અને સસલું બંને અભિનંદન–મુનિરાજની–શાંત મુદ્રા જોવામાં મુગ્ધ બન્યા હતા ને તેમની સમીપતાથી તેમનામાં પણ શાંતભાવો જાગતા હતા. ધન્ય તીર્થંકર–યોગીરાજનો આશ્ચર્યકારી પ્રભાવ!

મહારાજ અભિનંદન સાથે બીજા એક હજાર રાજાઓએ દીક્ષા લીધી. તીર્થંકર સહિત હજારો મુનિને એકસાથે દેખીને અયોધ્યાનગરી ધન્ય બની! ત્યારે ધર્મયુગ પ્રવર્તી રહ્યો હતો. કેટલાય અરિહંત ભગવંતો આ ભરતભૂમિમાં વિચરતા હતા. મુનિરાજ અભિનંદન સ્વામીને પ્રથમ આહારદાન અયોધ્યા નગરીના ઈન્દ્રદત્ત–શ્રાવકે આપ્યું ને પરમ મુનિભક્તિથી તેણે પોતાના ભવબંધનને છેદી નાંખ્યા.

## કેવળજ્ઞાન અને ધર્મોપદેશ

ભગવાન મૌનપણે મુનિદશામાં ૧૮ વર્ષ સુધી વિચર્યા; પછી અયોધ્યાના જે વનમાં દીક્ષા લીધી હતી તે જ દીક્ષાવનમાં પધાર્યા ને ધ્યાનારૂઢ થયા. પોષસુદ ૧૪ની સંધ્યા સમયે પ્રભુને કેવળજ્ઞાન પ્રગટ્યું. ચોથા તીર્થંકરના ચોથા કલ્યાણકનો ભવ્ય ઉત્સવ કરવા ચતુર્વિધ દેવો આવી પહોંચ્યા. સમવસરણની દિવ્ય રચના થઈ, બારસભામાં લાખો જીવો પ્રભુની વાણી સાંભળવા ઉત્સુક બન્યા....ને દિવ્યધ્વનિ સાંભળતાં જ ધર્મપ્રાપ્તિ વડે કૃતકૃત્ય બન્યા.

ભગવાને ધર્મોપદેશમાં એમ કહ્યું કે હે જીવો! સુખ આત્માનો સ્વભાવ છે; જેમ જ્ઞાન આત્માનો સ્વભાવ છે તેમ સુખ પણ આત્માનો સ્વભાવ છે; જેમ જ્ઞાન બહારથી નથી આવતું તેમ સુખ પણ બહારથી નથી આવતું. અને જેમ ક્રોધાદિ–કષાય આત્માનો સ્વભાવ નથી, તેમાં શાંતિ નથી, તેમ દુઃખ પણ આત્માનો સ્વભાવ નથી. કષાયો કે ઈન્દ્રિવિષયો કદી આત્માને સુખ આપી શકતા નથી, તે તો જીવને સંસારમાં રખડાવીને દુઃખી કરે છે. માટે, ઈન્દ્રિયો અને કષાયોથી ભિન્ન જ્ઞાન–આનંદમય આત્માના વૈભવને જાણો....અમારા જેવો જ પરમાત્મવૈભવ તમારામાં ભર્યો છે, તેમાં અંતર્મુખ થાઓ ને તેના અનુભવ વડે પરમાત્મપણું પ્રગટ કરો.

પરમાત્મપણું બતાવનારી આવી પરમાત્મવાણી સાંભળીને તત્ક્ષણ અનેક જીવોએ અંતર્મુખ થઈને પોતાનો પરમાત્મવૈભવ પોતામાં જ દેખી લીધો; કોઈ સમ્યગ્દષ્ટિ થયા, કોઈ શ્રાવક થયા, કોઈ મુનિ થયા, કોઈ ગણધર થયા ને અનેક જીવો કેવળજ્ઞાન પણ પામ્યા. અપાર ધર્મ-વૈભવથી સમવસરણ શોભી ઊઠ્યું.

અભિનંદન તીર્થંકરના ધર્મદરબારમાં વજ્રનાભી વગેરે ૧૦૩ ગણધરદેવો બિરાજતા હતા. લાખો મુનિ–અર્જિકાઓ હતા; અહા, એકસાથે ૧૬૦૦૦ (સોળહજાર) તો કેવળી ભગવંતો ત્યાં આકાશમાં બિરાજતા હતા. જાણે મોક્ષપુરી જ અહીં ઊતરી આવી હતી! અનેરો હતો એ મોક્ષદરબાર!–ત્યાં સંસારનો પ્રવેશ ન હતો, ત્યાં તો મોક્ષની સાધનાનો જ મહોત્સવ હતો....ને મુમુક્ષુઓના ટોળેટોળાં આવીને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરતા હતા. ચતુર્વિધ સંઘ મોક્ષપુરીમાં જઈ રહ્યો હતો.

તે મોક્ષપુરીના સંઘના અગ્રેસર ભગવાન અભિનંદનસ્વામીએ, ધર્મની વર્ષા કરતા-કરતા લાખો-કરોડો વર્ષો સુધી, ઈચ્છા વગર પણ ભરતક્ષેત્રમાં વિહાર કર્યો. તેમને ભલે વિહારની ઈચ્છા ન હોય પણ

ભવ્યજીવોના પરમ ભાગ્યોદયે અરિહંતપ્રભુના શ્રીવિહારનો અને દિવ્યધ્વનિરૂપ ઉપદેશનો મહાન લાભ જગતને પ્રાપ્ત થાય છે. ભરતક્ષેત્રના ભવ્યજીવોને ધર્મ પમાડીને અભિનંદન–પરમાત્મા સમ્મેદાચલ પર પધાર્યા. એક માસ સુધી ત્યાં સ્થિર રહ્યા, વાણીનો યોગ બંધ થયો; અને અંતે શુક્લધ્યાનદ્વારા સર્વ પ્રકારે યોગનિરોધ કરીને, ચૌદમા ગુણસ્થાને બાકીનાં અઘાતી કર્મોનો પણ ક્ષય કરીને 'આનંદ ટૂંક' ઉપરથી વૈશાખ સુદ છઠ્ઠના પ્રાતઃકાળે પ્રભુ સિદ્ધાલયમાં સીધાવ્યા....

**અભિનંદન જિનરાજકી આનંદ કૂટ હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

પ્રભુની મોક્ષપ્રાપ્તિથી આનંદિત થઈને ઈન્દ્રાદિ દેવોએ તેમજ મનુષ્યોએ મોક્ષકલ્યાણકનો ઉત્સવ કર્યો....સિદ્ધ ભગવંતોની પરમ ભક્તિપૂર્વક તેમણે એમ પ્રસિદ્ધ કર્યું કે અમને પણ આવું મોક્ષપદ ઈષ્ટ છે. ધર્માત્માઓના હૃદયમાં સિદ્ધપદનો મહિમા કોતરાઈ ગયો છે : અહો એ સિદ્ધપદ કે જેમાં શરીર અને ઈન્દ્રિયો વગર જ મહાન સુખ છે, તે ઈન્દ્રિયગમ્ય નથી; આત્માના અતીન્દ્રિય સ્વસંવેદનપૂર્વક જ એ સિદ્ધપદ પ્રતીતમાં આવે છે, અને એ રીતે પ્રતીત કરીને ધર્મીજીવો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે તે સિદ્ધપદને સાધે છે.

તે ભગવાન અભિનંદન પરમાત્માને નમસ્કાર હો, કે જેઓ સિદ્ધાલયમાં બિરાજે છે, તેમ જ અમારા જેવા સાધક જીવોના અંતરમાં પણ બિરાજે છે.


જેઓ પહેલાં વિદેહક્ષેત્રમાં રત્નસંચયપુર નગરના મહારાજા–મહાબલ હતા, પછી રત્નત્રયના સંચયપૂર્વક મુનિ થઈને અહમિન્દ્ર થયા, ને પછી ઋષભદેવના વંશમાં અયોધ્યાનગરીમાં અભિનંદન–તીર્થંકર તરીકે અવતાર લઈને, ત્રણલોક વડે અભિનંદનીય એવા સર્વજ્ઞ પરમાત્મા થયા, તે ભગવંત અભિનંદનસ્વામીનું આનંદકારી જીવનચરિત્ર અહીં સમાપ્ત થયું....તે ભવ્યજીવોને આનંદદાયક હો.

---

'હે તીર્થંકર ભગવંતો! અમે આપની આટલી બધી સ્તુતિ–ભક્તિ ને આદર–બહુમાન કરીએ છીએ, તો શું આપ અમને કાંઈ નહીં આપો ?'

હે ભવ્ય! અમારી પાસેથી કાંઈ લેવાની આશા રાખીને દીન રહેવું એના કરતાં, તું પોતે અમારા જેવો જ થઈ જા ને! અમારા જેટલી જ આત્મ–વિભૂતિ તારી પાસે છે–એમ અમે કહીએ છીએ, તેનો સ્વીકાર કરીને અમારા પરિવારનો થા....ને અમારા જેવો બની જા.

'વાહ પ્રભો! હું તમારા પરિવારનો! તીર્થંકરોના પરિવારમાં આવીને હું ધન્ય બન્યો. પારસમણિ તો લોઢાને માત્ર સોનું બનાવે છે. પારસ નથી બનાવતો; ત્યારે હે દેવ! આપે તો મને આપસમાન પરમાત્મા બનાવ્યો.'



હે શ્રી ગુરુ-કહાન ! આપનો ઉપકાર પણ તીર્થંકર જેવો જ છે. આપે મને નિજનિધાન બતાવ્યા, અને જીવનભર છેલ્લા શ્વાસ સુધી પોતાના ચરણોમાં રાખીને મારું કલ્યાણ કર્યું; એટલું જ નહિ, એક તીર્થંકરના પૂર્વજીવનમાં તેમની સાથે જ રહીને આત્મસાધના કરવાનો સોનેરી અવસર આપના પ્રતાપે મને મળ્યો, અને આપના ચરણ-સાન્નિધ્યના પ્રતાપે જ મને આ તીર્થંકરોનું મહાપુરાણ લખવાની શક્તિ મળી છે; મારા આત્માના અસંખ્ય પ્રદેશની વીણા આપના ઉપકારના મધુર સંગીતથી સદાય ગુંજી રહી છે.

—હરિ.

**(૫)**




હવે ભગવાન સુમતિનાથનું જીવનચરિત્ર સમ્યક્ મતિપૂર્વક સાંભળો. જેઓ ભગવાન સુમતિનાથના અનેકાંતમય સમ્યક્–મતને જ સાચો મત સમજે છે તે ભવ્ય જીવો સુમતિ પામીને મોક્ષને પ્રાપ્ત કરે છે. એવા ભગવાન સુમતિનાથનું મંગલ જીવનચરિત્ર હવે કહીએ છીએ.

આ જંબુદ્વીપ પછી બીજો ધાતકીખંડ દ્વીપ છે; તેમાં બે મેરુપર્વત છે : એક પૂર્વમાં ને એક પશ્ચિમમાં; તે મેરુની બંને તરફ વિદેહક્ષેત્ર છે. તેમાંથી પૂર્વ મેરુના પૂર્વ વિદેહમાં, સીતાનદીના કિનારે પુષ્કલાવતી દેશ અને પુંડરીકિણી નગરી છે. આ જંબુદ્વીપમાં જેવી સીમંધરસ્વામીની પુંડરીકિણી નગરી અદ્ભુત શોભે છે તેવી જ અદ્ભુત તે પુંડરીકિણી નગરી ધાતકીખંડમાં શોભે છે. ભરતક્ષેત્રના અનેક તીર્થંકર જેમ પૂર્વભવે જંબુદ્વીપના વિદેહક્ષેત્રથી આવ્યા છે તેમ ધાતકીખંડના વિદેહથી પણ આવ્યા છે. જેમ જંબુદ્વીપની પુંડરીકિણી નગરીમાં સીમંધર મહારાજા રાજ્ય કરતા હતા, તેમ ધાતકીખંડની પુંડરીકિણી નગરીમાં મહારાજા રતિષેણ રાજ્ય કરતા હતા. આ મહારાજા રતિષેણ તે જ આપણા સુમતિનાથ તીર્થંકરનો જીવ.

મહારાજા રતિષેણ ન્યાયવાન, સદાચારી અને ધર્માત્મા હતા, અર્હંતદેવના પરમ ભક્ત હતા ને આત્મતત્ત્વને જાણનારા હતા. પ્રજા પણ સદાચારી હોવાથી ક્લેશ રહિત હતી, અને સુખપૂર્વક જૈનધર્મની ઉપાસના કરતી હતી. તેમના રાજ્યમાં કોઈને ફાંસી–પ્રાણદંડ વગેરેની સજા કરવી પડતી ન હતી, કેમકે દંડ કરવો પડે એવા પાપકાર્યમાં કોઈ વર્તતું ન હતું. ભગવાન અર્હંતદેવને જ તેઓ દેવ માનતા હતા, તેથી સમસ્તદેશમાં અરિહંત પરમાત્મા સિવાય બીજા કોઈના મંદિરો ન હતા; અનેકાન્તમય એક જૈનમાર્ગ જ ત્યાં ચાલતો હતો. ત્યાંના પુણ્યવાન જીવો ધનનું ઉત્પાદન કરવું, રક્ષણ કરવું, વૃદ્ધિ કરવી ને યોગ્યમાર્ગે વાપરવું–તેના ઉપાય સારી રીતે જાણતા હતા, તેથી અયોગ્ય માર્ગે (ચોરી વગેરેથી) કોઈ ધન ઉપાર્જન કરતા ન હતા. દારૂ–માંસ કે પાપના વ્યસનો કોઈને ન હતા....વ્યસન હતું તો શાસ્ત્રસ્વાધ્યાયનું ને ધર્માત્માના સત્સંગનું જ વ્યસન હતું, એના વગર તેઓ રહી શકતા નહીં. અનેક કેવળીભગવંતો તેમજ લાખો વીતરાગી મુનિવરો તે દેશમાં વિચરતા હતા ને ધર્મોપદેશવડે જીવોનું કલ્યાણ કરતા હતા. આત્મજ્ઞાની રાજા રતિષેણ વીતરાગી દેવ–ગુરુની સેવામાં સદા તત્પર હતા, ને શાસ્ત્રના અભ્યાસી હતા;

યોગ્ય સંયમપૂર્વક વૈરાગ્યમય જીવન જીવતા હતા. શ્રાવક—મુનિઓને આદર–ભક્તિપૂર્વક આહારાદિ દાન દેતા હતા. એ રીતે ધર્માત્મા–શ્રાવકને શોભે એવું ઉત્તમ તેમનું જીવન હતું....એકભવ પછી તો જેઓ તીર્થંકર થઈને મોક્ષ જવાના છે–તેમના ઉત્તમ જીવનની શી વાત !!

—એવા મહારાજા રતિષેણે ઘણા વર્ષો સુધી પુંડરીકિણી નગરીમાં રાજ્ય કર્યું; એક દિવસ તેમની નગરીમાં અર્હત્‌નંદન–જિનેન્દ્રનું આગમન થયું. પરમભક્તિથી રાજા રતિષેણે વંદન-પૂજન કરીને તેમનો ધર્મોપદેશ સાંભળ્યો અને તેમનું ચિત્ત સંસારથી વિરક્ત થયું. મોક્ષમાર્ગમાં વેગપૂર્વક ચાલવા માટે તેઓ વિચારવા લાગ્યા : અરે, અનેક દુર્જન્મ અને દુર્મરણરૂપી સર્પોથી ભરેલા આ સંસારમાં રહીને જીવ સુખ કેમ પામી શકે ? ઈન્દ્રિયવિષયોરૂપ અર્થ કે કામભોગથી સુખ નથી મળતું. એનાથી તો સંસાર–દુઃખની વૃદ્ધિ થાય છે. ગૃહસ્થધર્મમાં જો કે પુણ્ય છે, પરંતુ તે પણ અનેક પ્રકારના આરંભ–સમારંભરૂપ પાપથી ભરેલો છે, તેથી તેમાં પણ જીવને ઉત્તમ સુખ નથી મળતું; પાપરહિત એવો માત્ર મુનિધર્મ જ આ જીવને ઉત્તમ સુખ આપનાર છે. તેથી હવે મારે મુનિધર્મની જ ઉપાસના કરવી યોગ્ય છે.

—આમ ઉત્તમ ફળ દેનારા વૈરાગ્ય ચિંતનપૂર્વક ધર્માત્મા રતિષેણ રાજાએ રાજપાટ વગેરે સમસ્ત પરિગ્રહનો ભાર ઊતારીને અર્હત્‌નંદન–જિનેન્દ્રના ચરણોમાં દીક્ષા અંગીકાર કરી. દેહની પણ મમતા છોડીને તેમણે પોતાનો ઉપયોગ આત્મધ્યાનમાં એકાગ્ર કર્યો; તેમને ૧૨ અંગનું જ્ઞાન પ્રગટ્યું; અને ક્ષાયિક સમ્યક્ત્વસહિત દર્શનવિશુદ્ધિ આદિ ૧૬ ઉત્તમ ભાવનાઓ વડે તેમણે તીર્થંકર પ્રકૃતિ બાંધી. કાંઈ તેમને તે કર્મ બાંધવાની ઈચ્છા ન હતી, પણ રાગના યોગે તે કર્મબંધન થયું. તીર્થંકર થનાર મહાત્માને એવો યોગ સહજ બની જાય છે. સમ્યક્ત્વ સહિત ઉત્તમ ચારિત્રનું તેઓ નિર્દોષ પાલન કરતા હતા. તેમનામાં રહેલા શુદ્ધરત્નત્રય ઉપરાંત વિનયસંપન્નતા, સિદ્ધભક્તિ, વારંવાર આત્મસન્મુખ ઉપયોગ,–વગેરે મહાન પવિત્ર ગુણો વડે આકર્ષાઈને મોક્ષલક્ષ્મી પણ તેમની પાસે આવવા આતુર બની હતી....અને તેઓ પણ મોક્ષલક્ષ્મીને પામવા આતુર હતા. આથી અખંડ આરાધનાપૂર્વક સમાધિમરણ વડે એક ભવને ઓછો કરીને તેઓ વૈજયંત–વિમાનમાં અહમિન્દ્ર થયા : જો કે ત્યાં તે અહમિન્દ્રને દિવ્ય સુખો હતા, છતાં પ્રભુનું ચિત્ત તો મોક્ષસુખમાં જ લાગેલું હતું, તેથી અહમિન્દ્ર–પર્યાયના અસંખ્યાત વર્ષોને ઝડપથી પૂર્ણ કરીને, તેઓ પોતાની આત્મસાધના પૂર્ણ કરવા માટે અંતિમ મનુષ્યપર્યાયમાં આવવા તૈયાર થયા.

તેમના મનુષ્ય અવતારની તૈયારી થતાં, પુણ્યો પણ તેમની પહેલાં મનુષ્યકલોકમાં પહોંચી ગયા. પ્રભુ અમને છોડીને જતા રહેશે તો !–એવા ભયથી, તે પુણ્યકર્મો રત્નવૃષ્ટિ વગેરે સ્વરૂપે પ્રભુની પહેલાં જ મનુષ્યલોકમાં આવતા રહ્યા....અહા, પ્રભુની સાથે રહેવાનું જડને પણ ગમે છે. તો ચેતનવંતા જીવોની શી વાત !!

## અયોધ્યામાં સુમતિનાથ–અવતાર

તે કાળે અયોધ્યાનગરીમાં, ભગવાન ઋષભદેવના વંશમાં મેઘરથ મહારાજા રાજ્ય કરતા હતા તેમની મહારાણીનુ નામ મંગલાવતી. તેમના આંગણે છ મહિનાથી દરરોજ દિવ્ય રત્નોની વૃષ્ટિ થતી હતી. મહાન આનંદની સૂચક એ રત્નવૃષ્ટિ દેખીને લોકો આશ્ચર્ય પામતા. છ માસ બાદ શ્રાવણ સુદ

બીજે મહાદેવી મંગલાએ ૧૬ ઉત્તમ મંગલ સ્વપ્નો દેખ્યા....એ જ વખતે દેવલોકમાંથી તીર્થંકર સુમતિનાથનો જીવ તેમના ઉદરમાં અવતર્યો. ત્રિકાળ મંગળ એવા તીર્થંકર આત્માના સ્પર્શે માતા મંગલા ખરેખર મંગલ બન્યા, તેમનું મોક્ષગામીપણું નિશ્ચિત થઈ ગયું, તેઓ ધન્ય બન્યા. ઇન્દ્રાણીએ પણ તેમની સ્તુતિ કરીને સન્માન કર્યું.–

**'માતા દરશન તારા રે, જગતને આનંદ દેનારા.'**

ચૈત્ર સુદ અગિયારસે અયોધ્યાપુરીમાં તીર્થંકરનો અવતાર થયો. માત્ર અયોધ્યા નહિ–ત્રણલોક આનંદથી ખળભળી ઊઠ્યા. ઇન્દ્રોએ આવીને પ્રભુનો જન્મકલ્યાણક ઉત્સવ ઊજવ્યો. ઇન્દ્રે તો કેટલાય તીર્થંકરોના જન્મોત્સવ ઊજવ્યા હતા છતાં દરેક વખતે તેને નવીનતા લાગતી ને ભક્તિના અદ્‌ભુત ભાવો ઉલ્લસતા. એ રીતે એવા અદ્‌ભુત ઉલ્લાસથી ઇન્દ્રે ભગવાન સુમતિનાથ તીર્થંકરનો જન્મોત્સવ ઊજવ્યો કે જેને દેખીને જિનેન્દ્રના અચિંત્ય મહિમાવડે અનેક જીવો સમ્યગ્દર્શન પામ્યા.

ચોથા તીર્થંકર બાદ ૯ લાખ-કરોડ સાગરોપમના અંતરે પાંચમા–સુમતિનાથ તીર્થંકર થયા. ૪૦ લાખ પૂર્વ તેમનું આયુષ્ય હતું. ચકવો (પંખી) તેમનું ચિહ્‌ન હતું. બાલ્યકાળમાં તેમને માટે બધી સામગ્રી દેવલોકમાંથી આવતી હતી. ઇન્દ્ર દ્વારા અભિષેક થતાં ત્રણલોકમાં તેમનું શ્રેષ્ઠપણું પ્રસિદ્ધ થયું હતું. સુમતિકુમાર પાંચ-છ વર્ષના થયા છતાં એકડો–બગડો શીખવા તેમને કોઈના શિષ્ય થવું પડયું ન હતું, ત્રણ જ્ઞાનના ધારક તેઓ પોતે ત્રણ જગતના ગુરુ હતા; એ સ્વયંબુદ્ધ મહાત્માને માટે બીજા કોઈ ગુરુ ન હતા. (તીર્થંકરો બાલપણમાં પણ કોઈ બીજા શિક્ષકો પાસે શિક્ષણ લેતા નથી, સ્વયંબુદ્ધ છે.) એમની પ્રસન્ન મુદ્રા ને પ્રશાંત દૃષ્ટિ જ દર્શકોને એવી સંતુષ્ટ કરી દેતી હતી કે તેમની પાસે આવેલા યાચકો બીજું કાંઈ માંગવાનું ભૂલી જતા હતા....જેમ સમવસરણમાં જઈને રત્નત્રયમાં મુગ્ધ થયેલો જીવ, સંસારની કોઈ વસ્તુની આકાંક્ષા કરતો નથી, તેમ પ્રભુ–સન્મુખ આવેલા જીવો પ્રભુની શાંતમુદ્રા જોતાં સંસારને ભૂલી જતા હતા. ભગવાનને સમસ્ત ઈષ્ટ વિષયો પ્રાપ્ત હતા,–બહારમાં પુણ્યજનિત બધા ઈષ્ટવિષયો હતા, ને અંતરમાં પરમ ઈષ્ટ એવો નિજપરમાત્મ–વૈભવ પ્રાપ્ત હતો. 'અહા, અમારી અંદર એક તીર્થંકરના આત્મા બિરાજે છે' એવા અદ્‌ભુત ગૌરવથી તેમના સર્વાંગ શોભી રહ્યા હતા. અને, ત્રણલોકને પ્રકાશનારો દિવ્યધ્વનિ જે મુખમાંથી નીકળવાનો છે તે મુખની શોભાની શી વાત! સ્વર્ગમાંથી સારભૂત ઉત્તમ વસ્તુઓ ઇન્દ્ર તે બાળતીર્થંકરને પહોંચાડતો હતો : અરે, સંસારમાં ઉત્તમ ગણાતી આ વસ્તુઓની, પ્રભુના મહિમા પાસે શી કિંમત છે !! એનું સ્થાન તો પ્રભુના ચરણોમાં જ છે !– એમ સમજી ઇન્દ્ર તે ઉત્તમ વસ્તુઓ બાળતીર્થંકરના ચરણોમાં ધરી દેતો હતો. એમની જીભમાં સરસ્વતી વસતી હતી. એ નાનકડા પ્રભુના મુખથી નીકળતી વાણી સાંભળીને સૌ મુગ્ધ બનતા, કેમકે તેમાં પરમાત્માના નાદનો રણકાર હતો. મોક્ષલક્ષ્મી અને પુણ્યલક્ષ્મી એ બંને મહાવિભૂતિ એક સાથે તે સુમતિ કુમારમાં વસતી હતી. જગતમાં જેટલા સુંદર પરમાણુઓ હતા તે બધાયને રહેવા માટે જગતમાં બીજું કોઈ ઉત્તમ સ્થાન ન મળ્યું તેથી તે પરમાણુઓ શ્રેષ્ઠ એવા પ્રભુના શરીરમાં આવીને રહ્યા હતા, ને ઉત્તમ ગુણો તેમના આત્મામાં આવીને રહ્યા હતા. 'ત્રણ લોક અમારી સેવા કરે છે' એવા ગૌરવથી પ્રભુનાં ચરણો અત્યંત ચકચકાટ કરતા શોભી રહ્યા હતા. તેમના ઉત્તમ હાથની દશ આંગળીઓ પોતાની શોભાવડે જાણે ઉત્તમ ક્ષમાદિ દશધર્મોને જ પ્રગટ કરી રહી હતી. પ્રભુની શોભાનું કેટલું વર્ણન કરીએ !

બાલપણમાં જ તેમના રૂપ–ગુણ અદ્‌ભુત હતા; તો પછી યૌવનદશાના રૂપની શી વાત!! તેમના જીવનમાં કદી હિંસા, જૂઠું, ચોરી વગેરે પાપો ન હતા....પછી તેમને આર્ત્ત કે રૌદ્ર કોઈ અશુભધ્યાન તો ક્યાંથી હોય? તેમનું જીવન પ્રશસ્ત આત્મભાવોથી ભરેલું હતું. હા, તેમના રૂપથી મુગ્ધ બનીને યૌવનદશાની સાથે કામદેવ પણ ચોરની જેમ તેમના અંતરમાં ઘૂસી ગયો હતો, તેને લીધે સુમતિનાથ–રાજકુમાર અનેક રાણીઓ સાથે ભોગવિલાસ કરતા હતા. તેમને કદી અનિષ્ટ સંયોગ કે ઈષ્ટવિયોગ થતો ન હતો; કદી વેદના કે ચિંતા થતી ન હતી; લૌકિક કે આત્મિક બધા સુખોની તેમને પ્રાપ્તિ હતી. એ રીતે મહારાજા સુમતિનાથે આયુનો ઘણો ભાગ સુખપૂર્વક રાજભોગમાં વ્યતીત કર્યો.

એકવાર, ચૈત્ર સુદ ૧૧ના દિવસે, મહારાજા સુમતિનાથના જન્મોત્સવનો દિવસ હતો; ચારેકોર હર્ષ છવાયો હતો; અદ્‌ભુત શોભા–શણગારથી સુસજ્જિત અયોધ્યાપુરીની અદ્‌ભુત શોભાને પ્રભુ જોતા હતા; એ વખતે વિચારદશામાં જ્ઞાન સ્થિર થતાં પ્રભુને પોતાના પૂર્વભવનું જ્ઞાન થયું. જાતિસ્મરણમાં તેમણે જોયું કે અરે, પૂર્વભવે હું અનુત્તર–વિમાનમાં દેવ હતો, ત્યાંનો વૈભવ તો આના કરતાંય અદ્‌ભુત ને આશ્ચર્યકારી હતો; એનો પણ અંતે વિયોગ થયો, તો આ ક્ષણભંગુર વૈભવની શી વાત!!–એ રીતે જાતિસ્મરણ થતાં પ્રભુનું ચિત્ત સંસારથી એકદમ વિરક્ત થયું....જો કે તેમનો આત્મા સંસારથી વિરક્ત તો હતો જ, પણ હવે શીઘ્ર ચારિત્રદશા પ્રગટ કરીને સંપૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાન લેવા માટે તેઓ ઉદ્યમી બન્યા. જેઓ બુદ્ધિ વગરના હોય તેઓ ભલે અહિતકારી વિષયોમાં ડૂબ્યા રહે, પણ હું તો ત્રણ જ્ઞાનનો ધારક ને આ ભવમાં જ મોક્ષગામી,–તે અહિતકારી વિષયોમાં કેમ લીન રહું! આજે જ તેને છોડીને હું જિનદીક્ષા ધારણ કરીશ ને આત્મામાં ઠરીશ....

**'પ્રાપ્તિ કરું હું સામ્યની, જેનાથી શિવ પ્રાપ્તિ બને.'**

—આ રીતે, મનમાં પ્રભુ ચારિત્રદશા અંગીકાર કરવાનો નિશ્ચય કરીને બાર વૈરાગ્યભાવના ભાવતા હતા, ત્યાં તો લૌકાંતિકદેવોએ આવીને તેમની સ્તુતિ કરી : અહો દેવ! મોક્ષસુંદરી આપની રાહ જોઈ રહી છે, તે આપને મળવા ઉત્સુક છે તેથી આ જિનદીક્ષારૂપ દૂતીને આપની પાસે મોકલી છે પ્રભો! આપનું ચિંતનવૈરાગ્ય ઉત્તમ છે....પ્રશંસનીય છે. આ પ્રમાણે પ્રભુના વૈરાગ્યની અનુમોદના કરીને તે દેવો ગયા, કે તરત જ ઈન્દ્રાદિદેવો પ્રભુનો દીક્ષાકલ્યાણક ઉત્સવ કરવા આવ્યા, ને 'અભયા' નામની દેવપાલખીમાં બિરાજમાન કરીને પ્રભુને દીક્ષા વનમાં લઈ ગયા. ત્યાં એકહજાર રાજાઓ સહિત પ્રભુએ સ્વયં મુનિદશા ધારણ કરી; એ જ વખતે સિદ્ધોને વંદન કરીને આત્મધ્યાનમાં સ્થિર થતાં શુદ્ધોપયોગ, મનઃપર્યયજ્ઞાન તેમજ આકાશગામિત્વ વગેરે અનેક મહાઋદ્ધિઓ પ્રગટ થઈ. મુનિરાજ સુમતિનાથનો સંયમ એવો ઉત્કૃષ્ટ હતો કે તેમને કોઈ અતિચાર લાગતા ન હતા, તેથી પ્રાયશ્ચિત્તની પણ આવશ્યકતા રહેતી ન હતી....તેમને ધ્યાન–તપની પ્રધાનતા હતી. તેમને સર્વે પાપો શાંત થઈ ગયા હતા ને તેઓ મૌનપણે આત્મસાધના કરતા હતા. મુનિદશામાં તેમને સૌથી પ્રથમ આહારદાન સૌમનસ નગરીના પદ્મરાજાએ કર્યું; તે વખતે દેવોએ પણ રત્નવૃષ્ટિ દ્વારા પોતાનો હર્ષ વ્યક્ત કરીને તેનું સન્માન કર્યું.

મુનિરાજ સુમતિનાથે વીસ વર્ષ સુધી આત્મધ્યાનનો પ્રયોગ કર્યો. અંતે, પોતે અયોધ્યાના જે વનમાં અને જે દિવસે દીક્ષા લીધી હતી તે જ વનમાં અને તે જ દિવસે (ચૈત્ર સુદ ૧૧ના રોજ) ધ્યાનમાં અપ્રતિહત શુદ્ધોપયોગ વડે કેવળજ્ઞાન પ્રગટ કર્યું....જે તેમના અવતારનો દિવસ હતો, ને જે દીક્ષાનો

દિવસ હતો તે જ દિવસે કેવળજ્ઞાનનો અવતાર થયો, પ્રભુ છદ્મસ્થ મટીને સર્વજ્ઞ બન્યા. અંતરાત્મામાંથી પરમાત્મા બન્યા, સાધુ પરમેષ્ઠીમાંથી અરિહંત પરમેષ્ઠી થયા. એ જ વખતે તીર્થંકરપ્રકૃતિના ઉદયથી દિવ્ય સમવસરણ રચાયું, ને દેવ–દેવેન્દ્રોએ તેમના કેવળજ્ઞાનની–અર્હત્પદની પૂજા કરી. તેમની ધર્મસભામાં અમર આદિ ૧૧૬ ગણધરો બિરાજતા હતા. બધા તીર્થંકરોમાં તેમની ગણધર–સંખ્યા સૌથી વધુ હતી. વળી તેમના જેવા જ કેવળજ્ઞાનધારક તેર હજાર (૧૩૦૦૦) અરિહંતભગવંતો એકસાથે સમવસરણમાં બિરાજતા થકા તેની અદ્‌ભુત શોભા વધારી રહ્યા હતા. અવધિજ્ઞાની–મનઃપર્યયજ્ઞાની, બારઅંગધારી તેમ જ ઋદ્ધિધારી મુનિવરો કુલ ૩ લાખ ને વીસ હજાર હતા. તથા ત્રણ લાખ ત્રીસ હજાર આર્યિકાઓ તેમ જ ત્રણલાખ શ્રાવક ને પાંચલાખ શ્રાવિકાઓ સંયમપૂર્વક ધર્મસાધના કરતા હતા. આવા મહાન ધર્મવૈભવ સહિત એ પંચમ તીર્થંકર ભગવાને ભરતક્ષેત્રમાં દેશોદેશ મંગલ વિહાર કર્યો ને જીવોમાં સુમતિનું સીંચન કરીને ‘સુમતિ-નાથ’ બન્યા....પોતે તો પહેલેથી ‘સુમતિનાથ’ હતા જ, દિવ્યધ્વનિ વડે સમ્યક્‌મતિ પમાડીને અનેક સુમતિવંત–જીવોના પણ નાથ બન્યા. ભરતક્ષેત્રના ભવ્યજીવોએ તેમની સેવાથી સુ-મતિ પ્રાપ્ત કરીને ભવનો અંત કર્યો. સર્વ ભાષા જેમાં સમાયેલી છે એવા દિવ્યધ્વનિવડે ભવ્યજીવોના અંતરમાં તેમણે ધર્મના જે બીજ વાવ્યા તે તત્કાળ વૃદ્ધિગત થઈને રત્નત્રયરૂપી મહાન ફળ દેવા લાગ્યા.. લાખો–કરોડો વર્ષો સુધી ભગવાન સુમતિનાથે અનેકાંતમય સુમતિનો ઉપદેશ આપીને ઘણા જીવોનું કલ્યાણ કર્યું....ઘણાય જીવો સમ્યગ્જ્ઞાનરૂપ સુમતિને પામીને મોક્ષમાર્ગમાં લાગ્યા.

જ્યારે એક માસ આયુ બાકી રહ્યું ત્યારે પ્રભુની વાણી તેમજ વિહાર બંધ થઈ ગયા. સમ્મેદશિખરની અવિચલ ટૂંક પર આવીને તેઓ સ્થિર થયા....ને ચૈત્ર સુદ ૧૧ના રોજ યોગનિરોધ કરીને પ્રભુ નિર્વાણપદને પામ્યા. પ્રભુના જન્મ, દીક્ષા, જ્ઞાન ને મોક્ષ એ ચારેય કલ્યાણક એક જ તિથિએ થયા. ઈન્દ્રોએ પ્રભુના મોક્ષનો મંગલ ઉત્સવ કર્યો.

**સુમતિનાથ જિનરાજકી અવિચલ કૂટ હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

પૂર્વભવમાં જેઓ વિદેહની પુંડરીકિણી નગરીના રાજા રતિષેણ હતા, પછી મુનિ થઈને અહમિન્દ્ર થયા, અને અંતમાં અનંત લક્ષ્મીના ધારક તીર્થંકર થઈને મોક્ષ પામ્યા તે ભગવાન સુમતિનાથને જે ઓળખશે. તે ભવ્યજીવ સમ્યક્‌મતિને પ્રાપ્ત કરીને મોક્ષને સાધશે.

**(ઇતિ પંચમ તીર્થંકર સુમતિનાથ ચરિત્ર સમાપ્ત)**

નિશ્ચયથી આટલું જ મુમુક્ષુનું કાર્ય છે કે
**આત્માના શુદ્ધસ્વરૂપનો અનુભવ**
એક ક્ષણમાત્ર પણ છોડવા જેવો નથી.
એમાંજ શાંતિ છે, એ જ સર્વ શાસ્ત્રનો સાર છે.

**(૬)**




✻ ✻ ✻ ✻ ✻ ✻

**પદ્મમાં રહેનારી લક્ષ્મી તો ચંચળ અને નાશવંત છે,**
**જ્યારે પદ્મ–ચિહ્નવાળા ભગવાન પદ્મપ્રભ જિનના આશ્રયે**
**રહેનારી કૈવલ્યલક્ષ્મી તો સ્થિર–શાશ્વત છે; એવી શાશ્વતલક્ષ્મીને**
**પામવા હે ભવ્યજીવો! તમે ભગવાન પદ્મપ્રભદેવનો આશ્રય કરો.**

✻ ✻ ✻ ✻ ✻ ✻

ધાતકીખંડના પૂર્વ વિદેહમાં સીતાનદીના દક્ષિણકિનારે વત્સ દેશમાં સુંદર સુસીમા નગરી છે; ત્યાં તીર્થંકરપ્રભુ સદા વિચરે છે, ને અનેક તીર્થંકરોને તે ઉત્પન્ન કરનારી છે. આપણા ચરિત્રનાયક ભગવાન પદ્મપ્રભ–તીર્થંકર પણ પૂર્વભવમાં તે સુસીમાનગરીના મહારાજા હતા. અપરાજિત તેમનું નામ; ખરેખર તેઓ અ-પરાજિત હતા કેમકે તેઓ ન તો બહારમાં કોઈ શત્રુવડે પરાજિત થતા કે ન અંતરમાં મોહ વડે પરાજિત થતા. મહાન આત્મપરાક્રમવડે મોહશત્રુને પણ તેઓ જીતી રહ્યા હતા. તે રાજા એવા સદાચારી ને સત્યનિષ્ઠ હતા કે તેમના પ્રતાપે, વરસાદ પણ ખેડૂતોની ઈચ્છા પ્રમાણે વરસતો હતો; માંગ્યા મેહ વરસતાં કદી દુષ્કાળ પડતો ન હતો; વર્ષની શરૂઆતમાં, મધ્યમાં ને અંતમાં ત્રણે મોસમના પાક બરાબર પાકતા હતા. દાનમાં તેમની ઉદારતાને કારણે, પ્રજામાં કોઈ દરિદ્ર મનુષ્ય જડતો ન હતો, બધાય વૈભવ-સંપન્ન હતા. વૈભવસંપન્ન હોવા છતાં રાજા કે પ્રજા કોઈ કુમાર્ગમાં ચાલતા ન હતા, કે કોઈને ખોટા વ્યસનો ન હતા. વૈભવની વૃદ્ધિ સાથે તેમને સદાચારની વૃદ્ધિ પણ થતી હતી. અનેક ભવોના ઉપાર્જેલા પુણ્યકર્મોના ફળને તેઓ ભોગવી રહ્યા હતા, છતાં તેમને એકલી કર્મફળચેતના ન હતી, સાથે કર્મવગરની જ્ઞાનચેતના પણ હતી–કે જે મોક્ષને સાધી રહી હતી, ને કર્મથી અલિપ્ત રહેતી હતી. તે જ્ઞાનચેતના અનંત ચૈતન્ય વૈભવને જ પોતાનો સાચો વૈભવ સમજતી હતી ને તેમાંથી પ્રાપ્ત થતા અતીન્દ્રિય આનંદને ભોગવતી હતી. જ્ઞાનચેતનાવંત તે મહારાજા અપરાજિત સદાય વિચારતા હતા કે, ઈન્દ્રિયસુખો તો શરીર વડે ભોગવાય છે ને શરીર તો ક્ષણભંગુર છે. શરીરના વિયોગે ઈન્દ્રિયવિષયોનો પણ વિયોગ થઈ જાય છે.–તો એવા ઈન્દ્રિય સુખોના ભરોસે શું રહેવું ?એ પ્રમાણે તેમનું ચિત્ત વિષયોથી સદા વિરક્ત રહેતું હતું, ને અતીન્દ્રિય આત્મસાધનામાં તત્પર રહેતું હતું.

મહારાજા અપરાજિત એકવાર વિશેષ વૈરાગ્યચિંતન કરતા હતા, બરાબર તે જ વખતે તેમની નગરીમાં પિહિતાસ્રવ જિનરાજનું આગમન થયું. જેમણે આસ્રવોને સર્વથા પીલી નાખ્યા છે—એવા તે ભગવાન જિનેન્દ્રના ચરણકમળમાં જઈને અપરાજિત—મહારાજાએ સકલ સંસારનો સંગ છોડ્યો ને મુનિદીક્ષા અંગીકાર કરી...મુનિ થઈને તેઓ રત્નત્રયસહિત તીવ્ર આત્મસાધના કરવા લાગ્યા, તેમને દ્વાદશાંગનું જ્ઞાન પ્રગટ્યું, એટલું જ નહિ, દર્શનવિશુદ્ધિ વગેરે ભાવના વડે તીર્થંકરપ્રકૃતિ પણ બંધાણી...નિશ્ચિત થઈ ગયું કે હવે એક ભવ પછી તેઓ તીર્થંકર થશે ને મોક્ષ પામશે.

મુનિરાજ—અપરાજિત ચતુર્વિધ આરાધનાપૂર્વક સલ્લેખના કરીને, ઉત્તમ ગ્રૈવેયકમાં પ્રીતિંકર વિમાનમાં અહમિન્દ્ર તરીકે ઉપજયા. તે વિમાનની રમણિયતા અદ્ભુત તો હતી જ, તેમાં વળી એક ભાવિ તીર્થંકરનું આગમન થતાં તેની શોભા ઓર વધી ગઈ. તે વિમાનમાં બધાય મોક્ષગામી જીવો જ વસતા હતા, કોઈ એક ભવે મોક્ષ જનારા હતા તો કોઈ વધુમાં વધુ બે મનુષ્યભવ કરીને મોક્ષ જનારા હતા; ને તેમાંય ઘણાય એકાવતારી જીવો તો ભાવિતીર્થંકર હતા..જેઓ અહીંથી સીધા તીર્થંકરપણે અવતરવાના હતા. આવી સુંદર ધર્મમય દેવનગરીમાં આપણા ચરિત્રનાયક પદ્મપ્રભ—તીર્થંકરના આત્મા અસંખ્યવર્ષો સુધી રહ્યા; એકત્રીસ સાગર તેમનું આયુષ્ય હતું. તેઓ ૪૬૫ દિવસે એકવાર શ્વાસ લેતા હતા, આહાર તો કાંઈ કરતા જ ન હતા, કેમકે તીવ્ર પુણ્યોદયને લીધે તેમને ભૂખ કે તરસની કોઈ વેદના જ ન હતી; માત્ર માનસિક અમૃતના આહારથી જ તેઓ તૃપ્ત થઈ જતાં. તેમના અવધિજ્ઞાનનો ને વિક્રિયાનો વિસ્તાર સાતમી નરક સુધી હતો. આવા દિવ્ય દેવલોકમાં જયારે છ માસ આયુ બાકી રહ્યું ને મધ્યલોકમાં તીર્થંકરપણે અવતરવાની તૈયારી થઈ ત્યારે, તેઓ જ્યાં અવતરવાના હતા તે નગરીમાં રત્નોની વૃષ્ટિ થવા લાગી...કઈ હતી તે ધન્ય નગરી !! ચાલો, તે જોવા જઈએ...

## કૌશામ્બી નગરીમાં તીર્થંકર અવતાર

છે આપણા ભરતક્ષેત્રની કૌશામ્બી નગરી, જ્યાં મહાવીર—મુનિરાજ પધાર્યા હતા ને રાજકુમારી ચંદનાએ તેમને આહારદાન દીધું હતું. તે કૌશામ્બી નગરીમાં અસંખ્ય વર્ષો પહેલાં, ઈક્ષ્વાકુવંશી ધરણ—મહારાજા રાજ્ય કરતા હતા, તેની મહારાણી સુસીમાદેવી; તેઓ રૂપ—ગુણમાં તો મહાન હતા, તે ઉપરાંત એક તીર્થંકરની માતા થવાનું મહાન સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું. ભગવાન પદ્મપ્રભનો જીવ અહમિન્દ્ર—પર્યાય છોડીને પોષવદ છટ્ઠે તેમના ઉદરમાં અવતર્યો...રત્નકૂંખ ધારિણી માતાએ તેમના ગર્ભાગમનસૂચક ૧૬ મંગલ સ્વપ્નો જોયા...એકસાથે આવા ૧૬ મંગલ સ્વપ્નો માત્ર તીર્થંકરની માતા જ જીુએ છે. ત્યારબાદ સવાનવ માસ બાદ કારતક સુદ તેરસના શુભદિને માતા સુસીમાદેવીએ જગપૂજ્ય તીર્થંકરને પુત્ર તરીકે અવતાર આપ્યો ને પોતે જગપૂજ્ય માતા બન્યા. ઈન્દ્ર—ઈન્દ્રાણીએ ઠાઠમાઠ સહિત આવીને પ્રભુના જન્મનો મોટો ઉત્સવ કર્યો, તેમની સન્મુખ આનંદથી નૃત્ય કર્યું. અને સાથે સાથે પ્રભુના માતા—પિતાનું પણ સન્માન કર્યું....તથા બાલતીર્થંકરને 'પદ્મપ્રભ' નામથી સંબોધીને સ્તુતિ કરી. પાંચમા સુમતિનાથ તીર્થંકરના મોક્ષગમન બાદ નેવું હજાર-કરોડ સાગરોપમના અંતરે છઠ્ઠા પદ્મપ્રભ તીર્થંકર થયા. (આ અંતર દરેક ઠેકાણે બંને તીર્થંકરના મોક્ષગમન વચ્ચેનું સમજવું.) તેમનું આયુ ૩૦ લાખ પૂર્વ હતું. તેમનું ચરણ ચિહ્ન 'કમળ' હતું.




પુત્રજન્મ તો કૌશામ્બીના રાજમહેલમાં થયો પરંતુ તેનો હર્ષ ત્રણલોકમાં છવાયો. બાલતીર્થંકરની સેવામાં રહેલી દિગ્કુમારી દેવીઓ, પ્રભુ સાથે ચર્ચા–વિનોદ પણ કરતી, અને બાલપ્રભુના મધુર વચનમાં નીકળતાં તત્ત્વજ્ઞાન વડે આત્મજ્ઞાન પણ પ્રાપ્ત કરી લેતી. માતા–સુસીમા તો બાલક–પદ્મકુમારની ચેષ્ટા દેખીદેખીને અનેરી તૃપ્તિ અનુભવતા. અહા, એક નાનકડા તીર્થંકર જેના ખોળામાં આળોટતા હોય–તેમના પરમ હર્ષ અને તૃપ્તિની શી વાત! માતા કહેતી : બેટા, તું ભલે જગતનો નાથ, પણ મારો તો લાડીલો પુત્ર! તારા માથે હાથ મૂકીને તને આશીર્વાદ દેવાનો મારો હક્ક છે! બેટા! તું નાનો છે પણ તારી ચેષ્ટા સ્વાનુભૂતિથી ભરેલી મહા ગંભીર છે! દેવીઓ કહેતી–અહો માતા! તમે તો મોક્ષગામી–તીર્થંકરની માતા...તમે પણ જરૂર મોક્ષગામી છો–આમ બાલક પદ્મપ્રભ સૌને આનંદ પમાડતા વૃદ્ધિગત થઈ રહ્યા હતા. ‘પ્રભુ! દરશન તારા રે...જગતનું મંગલ કરનારા.’

કુમાર પદ્મપ્રભ યુવાન થયા...કામદેવ કરતાંય તેમનું રૂપ સુંદર હતું, તેથી કામદેવ પોતાનું શરીર છોડીને તેમના શરીરમાં આવીને રહ્યો. સંસારમાં તો સામાન્યપણે સ્ત્રી હોય તે પુરુષનું રૂપ જોવા ઇચ્છે, ને પુરુષ હોય તે સ્ત્રીનું રૂપ જોવા ઇચ્છે, પરંતુ કુમાર પદ્મપ્રભનું રૂપ એવું અદ્‌ભુત હતું કે સ્ત્રીઓ તેમજ પુરુષો સૌ તેને જોવા ઇચ્છતા...ને દેખીને તૃપ્તિ અનુભવતા. જેમને સંસારમાં ક્યાંય સંતોષ ન મળ્યો હોય એવા જીવો પણ બાલતીર્થંકરના દર્શનથી પરમ સંતોષ અનુભવતા. સંસારના બધા પુણ્યો તે પ્રભુને પ્રાપ્ત હતા. તેઓ યુવરાજ થતાં, ઇચ્છા વગર જ વંશપરંપરાથી તેમને કૌશામ્બીનું મહાન રાજ્ય પ્રાપ્ત થયું. સાડાસાત લાખપૂર્વની વયે કુમાર પદ્મપ્રભનો રાજ્યાભિષેક થયો ત્યારે સમસ્ત પ્રજાજનોને એવો હર્ષ થયો–કે જાણે પોતાને જ રાજ્ય મળ્યું હોય! તેમના રાજ્યમાં ધન તેમજ ધર્મ બંનેની વૃદ્ધિ થતી હતી. કોઈ નવો દાતા નગરીમાં આવીને પૂછે કે ક્યા મનુષ્યે શેની ઇચ્છા છે? તો બધા લોકો જવાબ દેતા કે અહીં કોઈને, કોઈપણ પદાર્થની ઇચ્છા નથી. હા, ઇચ્છા એક જ છે–મોક્ષને સાધવાની!–પણ તે મોક્ષ કાંઈ દાનમાં થોડો જ મળે! એ તો ‘સ્વયંભૂ’ અંદર–આત્મામાંથી જ પ્રગટે છે...બીજા પાસે તે માગવાનો નથી હોતો!

મહારાજા પદ્મપ્રભના રાજ્યમાં પ્રજામાં એકદમ જાગૃતિ આવી ગઈ. ગૃહસ્થમાં રહેલા તે ‘તીર્થંકર,–દ્રવ્યના’ દર્શનથી પણ ભવ્યજીવોમાં અનેરી ધર્મજાગૃતિ આવતી હતી; કૌશામ્બી નગરી એક તીર્થરૂપ હતી, કેમકે સાક્ષાત્ તીર્થરૂપ આત્મા ત્યાં બિરાજતો હતો; રોજ રોજ દેશ–પરદેશથી કેટલાય મુમુક્ષુજીવો ત્યાં એ જીવંત–તીર્થના દરશન કરવા આવતા...ને પ્રભુદર્શન કરીને મહાન તીર્થયાત્રાનો આનંદ પામતા.

## ભગવાન પદ્મપ્રભ વૈરાગ્ય અને દીક્ષા

એ પ્રમાણે સુખ–ભોગપૂર્વક રાજ્ય કરતાં ઘણો કાળ વીત્યો; જ્યારે એક લાખ પૂર્વ જેટલું આયુ બાકી રહ્યું ત્યારે એક વૈરાગ્ય–પ્રેરક બનાવ બન્યો :–



પદ્મપ્રભ–મહારાજા એક વાર રાજમહેલમાં બેઠા હતા...રાજમહેલના આંગણામાં એક ભવ્ય–ઊંચો ને અતિસુંદર હાથી હતો...હજારો હાથીમાં તે પટ્ટહસ્તી હતો, મહારાજા તેના પર સવારી કરતા, ને તેમને તે ખૂબ પ્રિય હતો...એકાએક તે હાથીને કંઈક થઈ ગયું...તેનું શરીર શિથિલ થઈ ગયું, તેણે ખાવા–પીવાનું છોડી દીધું...આંખ બંધ કરીને પડ્યો રહ્યો ને તેનાં પ્રાણ ઊડી ગયા. અચાનક હાથીનું મૃત્યુ થતાં મહારાજા વિસ્મય પામ્યા, જીવનની ક્ષણભંગુરતા દેખીને તેઓ વૈરાગ્યચિંતનમાં ઊતરી ગયા; અવધિજ્ઞાનથી તેમણે હાથીના પૂર્વભવ જાણ્યા, તેમ જ પોતાના પૂર્વભવોનું જાતિસ્મરણ જ્ઞાન થયું. તરત જ તેમનું ચિત્ત સંસારથી વિરક્ત થયું. મહાપુરુષોને કોઈ નાનો પ્રસંગ પણ મહા વૈરાગ્યનું નિમિત્ત બની જાય છે. મહારાજા પદ્મપ્રભ તત્ત્વજ્ઞાની તો હતા જ, સુખમય આત્માનું સ્વરૂપ, તેમજ દુઃખમય સંસારનું સ્વરૂપ તેઓ જાણતા હતા, તેથી–

**અશુચીપણું વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન પ્રભુ કરે.**

ભેદજ્ઞાની પ્રભુ સંસારથી વિરક્ત થઈને વિચારવા લાગ્યા : અરે, આ સંસારમાં ઈન્દ્રિયવિષયરૂપ એવો કોઈ પદાર્થ નથી કે જેને મેં પૂર્વે દેખ્યો ન હોય...જેને હું સ્પર્શ્યો ન હોઉં...જેને સૂંઘ્યો ન હોય, જે સાંભળ્યો ન હોય ને જે ખાધો ન હોય! બધા ઈન્દ્રિયવિષયોને જીવ અનંતવાર પૂર્વે ભોગવી ચૂક્યો છે...એટલે ભોગવેલા–એઠા પદાર્થોને જ તે ફરીફરી ભોગવી રહ્યો છે...અરેરે, ઈચ્છાના દરિયામાં પડેલા આ જીવનો ઉદ્ધાર કેમ થાય?–જ્યારે રત્નત્રય નૌકામાં બેસીને તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે અને તેના ઉપયોગમાં વિશ્વના સમસ્ત પદાર્થોનું એકસાથે ગ્રહણ થાય–ત્યારે જ તેની ઈચ્છાઓ શાંત થાય...ને ત્યારે જ તે, દુષિત ઈન્દ્રિય–વિષયોથી છૂટીને પૂર્ણ વીતરાગસુખને પામે. માટે મારે હવે શીઘ્ર કેવળજ્ઞાન ઉદ્યમ કર્તવ્ય છે.

વૈરાગી પ્રભુ વિચારે છે—આ શરીર તો રોગ અને મરણનું ઘર છે; જીવ નજરે દેખે છે કે રોગરૂપી સર્પ વડે ઇષ્ટજનો મરણ પામે છે. છતાં તે અવિનાશી આત્મા, વિનાશિક શરીરમાં કેમ મોહ કરી રહ્યો છે! તે એક આશ્ચર્ય છે. શું આજસુધી કોઈ જીવે શરીરની સાથે સદાય સહવાસ કર્યો છે?—નહીં. તો પછી શરીરનો મોહ તોડીને અશરીરી સિદ્ધપદમાં શાશ્વત વાસ કરવો તે જ કર્તવ્ય છે.

જે હિંસાદિ પાપોમાં ધર્મ માને છે, ને પાપના હેતુરૂપ એવા ઇન્દ્રિયવિષયોમાં જે સુખ માને છે,—એવા વિપરીતદર્શી મૂર્ખ જીવોને જ આ સંસાર રુચિકર લાગે છે; સુદૃષ્ટિવંત બુદ્ધિમાન જીવો તો તેને અસાર જાણીને ચૈતન્યસુખને જ સાધે છે. જે કાર્યથી (જે શુદ્ધ ભાવોથી) પાપ અને પુણ્ય બંને પ્રકારના કર્મ—લપેડાનો નાશ થાય તેને જ ધર્માત્મા જીવો સદાય ઉપાસે છે.

—આ રીતે ભવરૂપ સંસાર, શરીર અને વિષયભોગો (ભવ—તન—ભોગ) એ ત્રણેને અનિત્ય અશરણ—સારહીન ચિંતવીને પ્રભુ તેનાથી સર્વથા વિરક્ત થયા ને જિનદીક્ષા માટે તત્પર થયા. એ જ વખતે લૌકાંતિકદેવોએ આવીને સ્તુતિપૂર્વક પ્રભુના વૈરાગ્યનું અનુમોદન કર્યું.—

**ભવ—ભોગ—તન વૈરાગ્ય ધાર નિહાર શિવ તપ તપત હૈ,**
**તિહું જગતનાથ અરાધ સાધુ સુ પૂજનીક ગુણ જપત હૈ.**

ઇન્દ્રાદિ દેવો પણ પ્રભુના દીક્ષા—કલ્યાણકનો ઉત્સવ કરવા આવી પહોંચ્યા.સંસારથી નિવૃત્ત થયેલા પ્રભુ 'નિવૃત્તિ' નામની દેવપાલખીમાં સવાર થઈને 'મનોહર' દીક્ષાવનમાં સીધાવ્યા. જે તિથિએ જન્મ થયો હતો, દીક્ષા પણ તે જ તિથિએ (કારતક સુદ તેરસે) લીધી. દીક્ષા લઈને તરત પ્રભુ આત્મધ્યાનમાં લીન થયા.

**'પરિવર્જું છું હું મમત્વ, નિર્મમભાવમાં સ્થિત હું રહું;**
**અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું.'**

પ્રભુનો વૈરાગ્ય દેખીને ભવ્યજીવો મુગ્ધ બન્યા ને ઘણાય જીવોએ પ્રભુની સાથે મહાવ્રત કે અણુવ્રત ધારણ કર્યા. વનના તિર્યંચો પણ પ્રભુની શાંત—વીતરાગ મુદ્રા નીરખીને મુગ્ધ બન્યા; સિંહ અને સસલાં, સર્પ અને મોર બધા પ્રાણીઓ શાંતિથી એકચિત્તે પ્રભુ શરણમાં બેસીને આત્મહિત કરવા લાગ્યા.

મુનિઓમાં શ્રેષ્ઠ એવા પદ્મપ્રભ સ્વામીને તરત જ મનઃપર્યયજ્ઞાન તેમજ અનેક લબ્ધિઓ પ્રગટી; શુદ્ધ રત્નત્રયધારી તે તીર્થંકર—મુનિરાજને પહેલું આહારદાન વર્ધમાન નગરીના સોમદત્ત રાજાએ દીધું ને તે ઉત્તમદાનના પ્રભાવે પંચાશ્ચર્યરૂપ મહાન સન્માન પ્રાપ્ત કર્યું. ભગવાનને મુનિદશામાં જો કે શુભ આસ્રવરૂપ પુણ્યસંચય થતો હતો; પરંતુ ઉત્તમ ગુપ્તિ—સમિતિ—ક્ષમાદિ ધર્મ—વૈરાગ્યચિંતન—પરિષહજય તથા આત્મધ્યાન વગેરે તપ—તેના વડે તેમને ઘણા વિશેષ કર્મોની નિર્જરા થતી હતી,—કર્મોની જાવક ઘણી વધુ હતી ને આવક અત્યંત અલ્પ હતી.... તેથી તેઓ અતિ ઝડપથી મોક્ષને સાધી રહ્યા હતા.

આવી ઉગ્ર આત્મસાધના સહિત તેઓ મુનિદશામાં છદ્મસ્થપણે માત્ર છ મહિના રહ્યા; છ માસ પછી ક્ષપકશ્રેણી વડે ચારે ઘાતીકર્મોનો સર્વથા ક્ષય કરીને, ચૈત્ર સુદ પૂર્ણિમાને દિવસે પ્રભુ પૂર્ણ જ્ઞાન

પ્રગટાવીને સર્વજ્ઞ પરમાત્મા થયા....અરિહંત થયા, તીર્થંકર થયા. ઈન્દ્રોએ અને નરેન્દ્રોએ પ્રભુના કેવળજ્ઞાનની પૂજા કરી. પ્રભુના સમવસરણમાં ચામરસેન આદિ ૧૧૦ (એકસોદસ) ગણધરો હતા; એક સાથે બાર હજાર સર્વજ્ઞ–પરમાત્માનો મંગળ મેળો ત્યાં હતો. લાખો મુનિ–અર્જિકાઓ તેમજ લાખો શ્રાવક–શ્રાવિકાઓ ત્યાં મોક્ષને સાધી રહ્યા હતા. અરે, લાખોની સંખ્યામાં તિર્યંચ જીવો પણ ત્યાં ધર્મસાધના વડે જીવનને ધન્ય બનાવીને મોક્ષમાર્ગમાં ચાલી રહ્યા હતા. એ રીતે તીર્થંકર પદ્મપ્રભ ભગવાને ધર્મોપદેશ વડે ઘણાય ભવ્યજીવોને મોક્ષમાર્ગમાં લગાવ્યા. કરોડો–અબજો વર્ષો સુધી ભરતક્ષેત્રમાં મંગલ વિહાર કરીને સર્વત્ર ધર્મચક્ર–પ્રવર્તન કર્યું. અંતે સમ્મેદ શિખરની મોહન ટૂંક પર પધારીને, મોહ વગરના તે ભગવાન માહ વદ ચોથના રોજ સર્વ કર્મોથી મુક્ત થઈને સિદ્ધપદને પામ્યા ને તત્ક્ષણે જ લોકાગ્રે બિરાજ્યા.


**નિર્વાણ છે તે સિદ્ધ છે, ને સિદ્ધ તે નિર્વાણ છે;**
**સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા, લોકઅગ્રે જાય છે.**

**પદ્મપ્રભ જિનરાજકી મોહનકૂટ હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખરસમ્મેદ યજેહ.**

પ્રભુના મોક્ષકલ્યાણક દ્વારા ઈન્દ્રોએ પણ તે સિદ્ધપદનું બહુમાન કર્યું...અને આવું પરમપદ અમનેય પ્રાપ્ત હો–એવી ભાવના ભાવી. જિનમાર્ગની ઉપાસના એ જ પરમપદની પ્રાપ્તિનો ઉપાય છે–એમ સમજીને હે ભવ્યજીવો ! તમે પરમભક્તિપૂર્વક જિનમાર્ગની ઉપાસના કરો.

**(છઠ્ઠા પદ્મપ્રભ–તીર્થંકરનું મંગલ જીવનચરિત્ર અહીં પૂર્ણ થયું.)**

**(છઠ્ઠા અને સાતમા તીર્થંકરો વચ્ચે કોઈ શલાકાપુરુષ થયા નથી.)**



મારી મમ્મી મને રોજ
સરસ વાર્તા સંભળાવે છે.
ભગવાનની વાર્તા
સાંભળવાની
મને મજા આવે છે,
ને મને ય ભગવાન જેવા
થવાનું મન થાય છે.

**(૭)**

જન્મ
**વારાણસી**
**નગરી**




મોક્ષ
**સમ્મેદ**
**શિખર**

હવે ભગવાન સુપાર્શ્વનાથનું મંગલચરિત્ર શરૂ થાય છે. તેમાં મંગલરૂપ સ્તુતિ કરતાં આચાર્ય સમન્તભદ્રસ્વામી કહે છે કે–'પદાર્થ એકાંત સત્ છે, અથવા અસત્ છે–એવા કોઈ એકાંતરૂપે જીવાદિ તત્ત્વોનો નિર્ણય જેમણે નથી કર્યો, પરંતુ જેઓ સર્વે તત્ત્વોના સ્વરૂપના જ્ઞાતા છે, એટલે કે એક સાથે સત્ તેમજ અસત્ એવા બંને સ્વરૂપથી અનેકાંતમય સમસ્ત તત્ત્વોને જાણ્યા છે,–એવા ભગવાન સુપાર્શ્વનાથ અમારા પરમ ગુરુ છે.' જીવાદિ દરેક તત્ત્વ પોતાના ગુણ-પર્યાયરૂપ નિજધર્મોથી પરિપૂર્ણ સત્રૂપ છે ને બીજા પદાર્થોથી તે ભિન્ન હોવાથી પરધર્મરૂપે નથી–અસત્ છે; આમ સમસ્ત પદાર્થો અસ્તિ-નાસ્તિ, દ્રવ્ય-પર્યાય ઈત્યાદિ અનેકાન્ત-સ્વરૂપ છે,–એવા જિનોપદેશને સ્વીકારનાર જીવ જિનમાર્ગનો ઉપાસક થઈને નિજપદને પામે છે...અર્થાત્ જિનપદને પામે છે.

આ રીતે જગપ્રસિદ્ધ અનેકાન્ત તત્ત્વોનો ઉપદેશ કરનાર ભગવાન સુપાર્શ્વનાથ પૂર્વભવમાં, ધાતકીખંડ-દ્વીપમાં ક્ષેમપુરી નગરીના રાજા નંદિષેણ હતા. તે નગરી અને રાજા બંને મહાન હતા ને જૈનધર્મથી શોભતા હતા. ધર્મપ્રતાપે દૈવ તેમને સદા અનુકૂળ હતું. રાજા નંદિષેણના શરીરની રક્ષા કાંઈ વૈદજનો નહોતા કરતા, અને તેમના રાજ્યની રક્ષા કાંઈ સૈન્ય નહોતું કરતું, તેમના શરીર અને રાજ્ય બંનેની રક્ષા તો તેમનો પુણ્યોદય જ કરતો હતો, વૈદો અને સૈન્ય તો માત્ર તેમની શોભા માટે જ હતા. જેણે પોતાના આત્માને જાણ્યો છે ને શત્રુઓને જીત્યા છે એવા તે નંદિષેણ–મહારાજાને, માત્ર આ લોકના જ વિજયની ઈચ્છા ન હતી, પરલોકને પણ તેઓ જીતવા ચાહતા હતા, તેથી તેઓ ધર્મ–ઉપાસનામાં સદાય તત્પર રહેતા. ધર્મની ઉપાસના ભૂલીને તેઓ કદી રાજવૈભવમાં મોહિત થતા ન હતા, રાજવૈભવનો ઉપભોગ પણ તેઓ ધર્મની રક્ષાપૂર્વક જ કરતા હતા...તેથી તેમનું અંતર સંસારથી વિરક્ત રહ્યા કરતું. તેમણે દર્શનમોહરૂપી મહાશત્રુનો તો નાશ કર્યો હતો પણ હજી ચારિત્રમોહને જીતવાનો બાકી હતો...તેની ચિંતાને લીધે રાજભોગમાં તેમનું ચિત્ત લાગતું ન હતું. તેઓ જાણતા હતા કે સમ્યક્ત્વવડે હું મોક્ષમાર્ગને તો પામ્યો છું, પરંતુ હજી ચારિત્રમોહ મને ધન–સ્ત્રી વગેરેમાં આસક્તિથી અનેક પાપક્રીડા કરાવે છે. અરે, આવી મોહદશાને ધિક્કાર હો. મારે આ મોહથી છૂટીને મોક્ષ પામવા માટે રત્નત્રયધર્મની આરાધના કર્તવ્ય છે.

—એ પ્રમાણે વૈરાગ્યના વિચારપૂર્વક મહારાજા નંદિષેણ રાજભોગોથી અત્યંત વિરક્ત થયા, ને અર્હતનંદન—જિનેશ્વરના શિષ્ય બન્યા. જ્ઞાન-ધ્યાનમાં તત્પર તે યોગીરાજને ૧૨ અંગનું જ્ઞાન પ્રગટ્યું. તેમજ દર્શનવિશુદ્ધિ વગેરે ઉત્તમ ભાવનાઓ વડે, ઈચ્છા વગર પણ તેમને તીર્થંકર પ્રકૃતિ બંધાવા લાગી. તેમના જીવનમાં ધર્મની મહાન ક્રાંતિ થઈ...વીતરાગતાનો વિકાસ થયો.

અનેક વર્ષો સુધી મુનિરાજ નંદિષેણે શુદ્ધચારિત્રનું પાલન કર્યું. પણ કષાયનો જરાક કણિયો બાકી રહી ગયો તેથી, આયુના અંતે તેમને મધ્યમ ગ્રૈવેયકમાં અહમિન્દ્રનો ભવ થયો. ત્યાં અસંખ્ય વર્ષો સુધી તેઓ અનેક પુણ્યોદય વચ્ચે રહ્યા—છતાં ભેદજ્ઞાનના બળે આત્માને તે પુણ્યોદયથી વિભક્ત રાખ્યો. બીજા અહમિન્દ્રો સાથે તેઓ ધર્મચર્ચા કરતા ને મહાન આનંદ પામતા. અમૃતના સ્વાદ કરતાંય ધર્મચર્ચામાં તેમને વધારે રસ આવતો, એટલે ધર્મરસ તો રોજ પીતા; પણ અમૃતરસને તો સત્તાવીસ હજાર વર્ષે ફક્ત એક જ વાર યાદ કરતા હતા. કહેવત છે કે ‘સુખમાં સમય ક્યાં વીતી જાય છે તે ખબર પડતી નથી’—તે અનુસાર અહમિન્દ્ર પર્યાયમાં દિવ્યસુખ વચ્ચે અસંખ્ય વર્ષોનો દીર્ઘકાળ ક્યારે વીતી ગયો! તેની ખબરે ન પડી. જ્યારે માત્ર છ માસ આયુ બાકી રહ્યું ત્યારે ખ્યાલ આવ્યો કે હવે અહીંથી મનુષ્યલોકમાં તીર્થંકર તરીકે મારો અવતાર થશે. પ્રભુનો અવતાર ક્યાં થાય છે! તે આપણે જોઈએ.

## વારાણસી (કાશી) નગરીમાં તીર્થંકર—અવતાર

આ વાત, આજકાલની કે હજારો-લાખો વર્ષ પહેલાંની નહિ, પણ અસંખ્યાતવર્ષો પહેલાંની છે. ત્યારે કાશી દેશમાં ગંગાનદીના કિનારે અતિરમણીય વારાણસી (બનારસી) નગરી હતી. એ વારાણસી નગરીમાં સુપ્રતિષ્ઠ—મહારાજા રાજ્ય કરતા હતા. તેમની મહારાણી પૃથિવીસેણાના મહાન રૂપ-ગુણ-સૌભાગ્યનો મહિમા કઈ રીતે કરવો!—એટલું જ કહેવું બસ થશે કે તેઓ એક જગપૂજ્ય તીર્થંકરની જનેતા છે. ભાદરવા સુદ છઠ્ઠે તેમણે સુખનિદ્રામાં ૧૬ મંગલ સ્વપ્નો જોયા, ને એક સફેદ હાથીને મુખમાં પ્રવેશ કરતો જોયો...કેટલું વિશાળ સ્વપ્ન! એ જ વખતે અહમિન્દ્રનો જીવ સુપાર્શ્વ તીર્થંકરનો અવતાર લઈને તેમના ઉદરમાં આવ્યો. કોઈ મહાન અપૂર્વ હર્ષથી તેઓ રોમાંચિત થયા. તીર્થંકર આત્માના સમાગમે કોઈ અનેરું સુખ તેઓ અનુભવી રહ્યા. તેમના આત્મભાવો ઉજ્વળ બન્યા ને મિથ્યાત્વાદિ દૂર થયા. અહા, જ્યાં તીર્થંકરનો વાસ હોય ત્યાં મિથ્યાત્વકેમ રહી શકે? ત્યાં તો સમ્યક્ત્વાદિ અચિંત્ય આત્મવિભૂતિ પ્રગટે. એવું જ મંગલ ફળ માતા પૃથિવીસેણાને થયું. ગર્ભાવસ્થા હોવા છતાં તેમને કોઈ પ્રકારનું કષ્ટ કે કદરૂપતા ન થઈ. તેમના આંગણે રોજ કરોડો રત્નોની વૃષ્ટિ થતી; ઈન્દ્ર—ઈન્દ્રાણીએ પણ દૈવી વસ્ત્રોની ભેટ આપીને તેમનું સન્માન કર્યું. ભવનવાસીદેવીઓ વારાણસીમાં રહીને માતાજીની સેવા કરતી હતી, અનેકવિધિ ચર્ચા—વિનોદ વડે તેમને પ્રમોદ કરાવતી હતી, ને તેમના ગર્ભસ્થપુત્રનો અપાર મહિમા કરતી હતી. ગર્ભસ્થ બાળકને ગર્ભાવસ્થા—જનિત કોઈ અસાતા ન હતી, તીર્થંકરત્વ અને જ્ઞાનચેતનાના પ્રતાપે તેમણે ગર્ભાવસ્થાના સવાનવ માસ પણ સુખપૂર્વક વ્યતીત કર્યા.

ત્યારબાદ જેઠ સુદ ૧૨ના સુપ્રભાતે ત્રણલોક હર્ષથી ખળભળી ઊઠે એવી મંગલ વધાઈ આવી : વારાણસીમાં પૃથિવી માતાએ સાતમા તીર્થંકરને જન્મ આપ્યો. છઠ્ઠા પદ્મપ્રભ તીર્થંકરના મોક્ષગમન બાદ ૯ હજાર—કરોડ સાગરોપમના અંતરે સાતમા સુપાર્શ્વ—તીર્થંકર થયા. ઈન્દ્રોએ કાશી—વારાણસી નગરીમાં

આવીને પ્રભુના જન્મનો ભવ્ય મહોત્સવ કર્યો. સુપાર્શ્વકુમારનું આયુષ્ય વીસ લાખ પૂર્વ હતું. દેહની ઊંચાઈ ૨૦૦ ધનુષ (બે હજાર ફૂટ) હતી. તેમનું ચિહ્ન 'સ્વસ્તિક' હતું.

એ બાળતીર્થંકરની ચેષ્ટાઓ અદ્‌ભુત હતી...પરિવાર અને પ્રજાજનો તેમને દેખીને અનેરી તૃપ્તિ અનુભવતા. તેમનો સંગ એવો આહ્‌લાદક હતો કે, દેવલોકના કેટલાક દેવો તેમની પાસે આવતા ને નાના કુમારનું રૂપ ધારણ કરીને, તેમની સાથે રમત–ગમ્મત વડે તેમને આનંદ પમાડતા ને પોતે પણ આનંદ પામતા. બલિહારી છે તે સત્પુરુષના સત્સંગની! ઈન્દ્ર પણ અવાર-નવાર પ્રભુ પાસે આવીને દેવલોકના ઉત્તમ સંગીત તથા નૃત્ય–નાટકનું પ્રદર્શન કરતો, ને એ બહાને પ્રભુની ભક્તિ–સ્તુતિ કરીને પોતાના પુણ્યમાં વૃદ્ધિ કરતો. સ્વર્ગના ઉત્તમોત્તમ પદાર્થો તે બાળતીર્થંકરની સેવામાં મૂકી જતો, પણ અરે! સ્વયંસુખી ભગવાનને તે ઈન્દ્રભોગોની ક્યાં જરૂર હતી? શ્રેષ્ઠ પુણ્યોદયને લીધે દેવલોકના ઉત્તમ પદાર્થો તેમની પાસે આવતા, પણ ભગવાન તો પુણ્યથીયે પાર આત્માને સાધનારા હતા; તે આત્મ–સાધના પાસે શ્રેષ્ઠ પુણ્યો પણ બિચારા તુચ્છતાને (હેયપણાને) પામતા હતા. અને, જાણે કે તીર્થંકરોનાય શુભકર્મનું વિષપણું બતાવવા માટે, તેની સાથે જરાક અશુભ કર્મનો અનુભાગ પણ ભેગો રહેતો હતો.

વારાણસીમાં મહારાજ–સુપ્રતિષ્ઠનો રાજમહેલ ગંગાનદીના કિનારે જ હતો. ત્યાંની શોભા અતિ સુંદર હતી, અને બાળતીર્થંકરની સમીપતાને લીધે એ ગંગાનો પ્રવાહ પણ પવિત્ર બની જતો હતો. રાજકુમાર સુપાર્શ્વનાથ અનેકવિધ બાલક્રીડા કરતા...કોઈ કોઈવાર વિશાળ ગંગાનદીમાં જળવિહાર




કરતા. એકવાર જ્યારે તે રાજકુમાર ગંગાનદીમાં નૌકાવિહાર કરી રહ્યા હતા ત્યારે એક અદ્‌ભુત પ્રસંગ બન્યો : એક મોટો મગરમચ્છ ઝડપથી તે નૌકાની પાછળ–પાછળ આવી રહ્યો હતો...નૌકા સુધી પહોંચવા તે ઊછળતો હતો..લોકોએ તેને જોયો...અને ભયભીત થયા કે આ મગરમચ્છ પ્રભુની નૌકાને ઉપદ્રવ કરશે કે શું! પ્રભુએ પણ તે મગરમચ્છને જોયો, છતાં તેઓ તો નિર્ભયપણે બેસીને વિહારનો વિનોદ કરતા હતા...જાણે કે મગરમચ્છના અંતરના રહસ્યને જાણી લીધું હોય! થોડીવારમાં નૌકાની નજીક પહોંચીને તે મગરે એક જોરદાર ડૂબકી મારી...ને બીજી જ ક્ષણે નૌકાથી એકદમ આગળ નીકળીને તે નૌકાની સામે આવવા લાગ્યો...સૌ આશ્ચર્યથી જોઈ રહ્યા. ત્યાં તો તે મગરમચ્છે માથું ઊંચું કરીને પોતાના આગલા બે પગ પાણીની બહાર કાઢ્યા ને જાણે બે હાથ જોડતો હોય તેમ પ્રભુ સન્મુખ જોઈને ભાવથી નમસ્કાર કરવા લાગ્યો...તેની ચેષ્ટા શાંત અને ભક્તિ ભરેલી હતી. તેણે નૌકાને કોઈ ઉપદ્રવ ન કર્યો. એ તો તીર્થંકર પ્રભુના દર્શન કરવા માટે નૌકાની પાછળ દોડતો

હતો : પ્રભુની અપાર તેજસ્વી, શાંત, સુંદર મુદ્રા જોઈને તેને થયું.—અહા, આ ગંગાનદીની વચ્ચે આવા તીર્થંકરપ્રભુના દર્શનનું મહાભાગ્ય મને ક્યાંથી! નદીમાં પ્રભુદર્શનનો આવો સુયોગ ક્યારે બને! આમ અત્યંત ઉલ્લાસ પામીને, પ્રભુસન્મુખ આવીને તે દર્શન કરતો હતો. મગર જેવા તિર્યંચ ઉપર પણ પ્રભુનો આવો પ્રભાવ દેખીને બધા મનુષ્યો પ્રસન્ન થયા. પ્રભુએ પણ મીઠી નજરે તે મગરમચ્છ સામે જોયું; ત્યાં તો તેના હર્ષનો પાર ન રહ્યો. અને મગરમચ્છને બદલે ત્યાં એક દેવ દેખાયો. તે ખરેખર કાંઈ મગરમચ્છ ન હતો એક દેવ પ્રભુ સાથે જળક્રીડા કરવા અને ભક્તિ કરવા મગરમચ્છનું રૂપ લઈને આવ્યો હતો. તેણે જ આ બધી લીલા કરી હતી. તે વખતે ગંગાનદીમાં તે મગરમચ્છની સાથે બીજા હજારો જળચરપ્રાણીઓ પણ પ્રભુદર્શન માટે નૌકાની આસપાસ એકઠા થયા હતા...જાણે ગંગાનદી વચ્ચે સમવસરણમાં તિર્યંચોની સભા ભરાણી હોય! એમ બધા આનંદમય કિલ્લોલ કરતા હતા...ને પ્રભુના દર્શનથી કોઈ અદ્‌ભુત તૃપ્તિ અનુભવતા હતા. અહો દેવ! તિર્યંચ—પ્રાણીઓ પણ આપના દર્શનથી આવો આનંદ પામે તો પછી અમારા જેવા મનુષ્યો આપના દર્શનથી અતીન્દ્રિય આનંદને પામી જાય—તેમાં શું આશ્ચર્ય છે !!

રાજકુમાર સુપાર્શ્વ જ્યારે આઠવર્ષના થયા ત્યારે તેમણે દેશસંયમ ધારણ કર્યો...જો કે તેમનું જીવન પાપ વગરનું સંયમરૂપ જ હતું, છતાં આઠ વર્ષે અપ્રત્યાખ્યાનરૂપ ચાર કષાયોનો નાશ કરીને તેમણે પંચમગુણસ્થાન પ્રગટ કર્યું. બધાય તીર્થંકરો આઠ વર્ષની વયે દેશસંયમી થઈ જાય છે. માત્ર પ્રત્યાખ્યાન તથા સંજ્વલનરૂપ કષાયો રહ્યા તે પણ ઘણા મંદરૂપ હતા. એ બાલતીર્થંકરને પુણ્યજનિત ભોગોપભોગની સામગ્રી તો અપાર હતી, પણ તેમને કષાય ઘણો અલ્પ હતો, આઠ કષાયો તો હતા જ નહિ ને બાકીનાં આઠ પણ અત્યંત મંદ હતા; તેથી અમર્યાદ ભોગસામગ્રી વચ્ચે રહીને પણ તેઓ પોતાના આત્માને સંયમિત રાખતા હતા; તેમની બાહ્યવૃત્તિઓ બહુ મર્યાદિત હતી ને પરિણામવિશુદ્ધિવડે તેમને કર્મોની નિર્જરા થયા કરતી હતી. તેમને કદી થાક-ખેદ-શોક-પરસેવો કે મલ-મૂત્રાદિ અશુચિ ન હતી; આત્માની માફક તેમનો દેહપણ સ્વભાવથી પવિત્ર હતો. તેમની સમીપતામાં સદાય પ્રસન્નતા છવાઈ રહેતી; તેમનાં મધુર વચનો સૌને પ્રિય લાગતા હતા. તેમનું શરીરબળ જો કે અતુલ્ય હતું પણ તેનો પ્રયોગ તેઓ ક્યારેય કરતા ન હતા. તેમને કોઈ પ્રકારનો ભય ન હતો. હા, પહેલાં તેઓ જન્મ-મરણથી ભયભીત હતા પણ હવે તો જન્મ-મરણનોય નાશ કરીને તેઓ નિર્ભય બન્યા હતા. તેમને પહેલેથી જ આત્મજ્ઞાન સહિત અતીન્દ્રિયજ્ઞાન તો હતું જ, સાથે લૌકિક વિદ્યાઓમાં પણ તેઓ સ્વયં એવા પારંગત હતા કે તે વિદ્યા ભણવા માટે કોઈ ગુરુ પાસે જવાની જરૂર જ ન હતી... તેઓ પોતે જ જગતના ગુરુ હતા, અને સ્વયં—સંબુદ્ધ હતા. મોક્ષવિદ્યા તેમના હૃદયમાં જ વસતી હતી; તેઓ બોલે ત્યારે તેમના મુખમાંથી મોક્ષમાર્ગનાં ફૂલડાં ખરતા હતા.

રાજકુમાર સુપાર્શ્વનાથ ધીમે ધીમે યુવાન અવસ્થા પામ્યા. જ્યારે તેઓ પાંચલાખપૂર્વના થયા ત્યારે, કાશીદેશના રાજસિંહાસને તેમનો રાજ્યાભિષેક થયો, ઈન્દ્રે પણ તે ઉત્સવમાં ભાગ લીધો. પ્રભુને કાંઈ સામ્રાજ્યનો વૈભવ ભેગો કરવાની જરૂર ન હતી. એમના પુણ્ય જ તેમને બધો સુયોગ કરી દેતા, પણ તેઓ તો ઉદારતાપૂર્વક દાનાદિમાં તેનો ત્યાગ કરતા. તેમનું રાજ્ય કલ્યાણ રાજ્ય હતું. એ પ્રમાણે સુખપૂર્વક રાજ્ય કરતા ૧૯ લાખ પૂર્વ વીતી ગયા.



એકવાર સુપાર્શ્વ મહારાજાનો જન્મદિવસ હતો ને તેઓ હાથી પર બેસીને વનવિહાર કરવા ગયેલા...ત્યારે તેમણે એક ઝાડ જોયું,–જે થોડા વખત પહેલાં હર્યુંભર્યું લીલુંછમ હતું, ને પાનખર ઋતુ આવતાં બધાં પાંદડાં ખરી જવાથી, જાણે કોઈ સાધુએ કેશલોચ કર્યો હોય–તેવું ઉદાસ બની ગયું હતું. આવું ઋતુ–પરિવર્તન અને ઝાડની આવી દશા દેખીને મહારાજા સુપાર્શ્વનાથ સમસ્ત પદાર્થોની ક્ષણભંગુરતા ચિંતવવા લાગ્યા કે અરે, ઋતુની જેમ આ સંસારમાં કોઈ સંયોગ સ્થિર નથી; ઝાડની જેમ આ રાજભોગો ને શરીર પણ વિનશ્વર–ક્ષણભંગુર છે; જીવનમાં પુણ્યથી હર્યા-ભર્યા લાગતા વિષયોરૂપી વૃક્ષ, પુણ્યરૂપી પાંદડાં ખરી જતાં ક્ષણમાં સૂકાઈ જાય છે. અરે, મારા આયુનો દીર્ઘકાળ આમાં વીતી ગયો...હવે મારી આત્મસાધના પૂરી કરીને પરમાત્મપદ પામવા મારે રત્નત્રયરૂપ બોધિ પ્રાપ્ત કરવાનો સમય આવી ગયો છે. આજે જ હું આ રાજભોગો છોડીને, મુનિદશા ધારણ કરીશ ને શુદ્ધોપયોગવડે ચિદાનંદસ્વરૂપમાં લીન થઈશ.

આ પ્રમાણે પ્રભુના અંતરમાં વૈરાગ્યનો સમુદ્ર ઉલ્લસ્યો...તેનાં મોજાં ઠેઠ લૌકાંતિક સ્વર્ગ સુધી પહોંચ્યા, ને વૈરાગ્યમાં ભીંજાયેલા તે દેવો પણ તરત વારાણસી નગરીમાં આવીને પ્રભુના વૈરાગ્યનું અનુમોદન કરવા લાગ્યા : ધન્ય આપનો વૈરાગ્ય! દીક્ષા માટેનો આપનો નિશ્ચય અતિ ઉત્તમ છે. એ જ વખતે ઈન્દ્રો પણ દીક્ષાકલ્યાણક માટે સ્વર્ગમાંથી 'મનોગતિ' નામની દિવ્ય પાલખી લઈને આવી પહોંચ્યા, પ્રભુ તેમાં બિરાજમાન થયા. પહેલાં મનુષ્યો ને પછી દેવો તે મનોગતિ–પાલખી લઈને દીક્ષાવન તરફ ચાલ્યા, પણ પ્રભુની મનોગતિ તો અત્યંત ઝડપથી મોક્ષ સુધી પહોંચી ગઈ હતી...તેઓ વૈરાગ્ય–અનુપ્રેક્ષાપૂર્વક મોક્ષસુખનું ચિંતન કરી રહ્યા હતા.

દીક્ષાવનમાં આવ્યા બાદ, પ્રભુએ વસ્ત્ર–આભૂષણાદિ સર્વ પરિગ્રહ છોડ્યો ને 'સિદ્ધેભ્યો નમઃ' એવો મંગલોચ્ચાર કરીને સુપાર્શ્વમુનિરાજ શુદ્ધાત્મધ્યાનમાં લીન થયા. તત્ક્ષણ શુદ્ધોપયોગના પરમ આનંદની પ્રથમ અનુભૂતિ સહિત સાતમું ગુણસ્થાન તથા મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું. મુનિદશામાં તેમને પ્રથમ આહારદાન સોમખેટનગરમાં મહેન્દ્રદત્ત રાજાએ કર્યું. અહા, તીર્થંકરમુનિના હાથમાં પોતાના હાથે આહારદાન દેતાં તેના હર્ષાનંદનો પાર ન રહ્યો, તેણે માત્ર દીધું જ નહીં, સાથેસાથે પ્રભુ પાસેથી પોતેય મોક્ષનું દાન લીધું.

સુપાર્શ્વપ્રભુ નવ વર્ષ સુધી સાધુદશામાં આત્મસાધનાપૂર્વક વિચર્યા. તલવાર વગેરે કોઈ પણ જાતના હિંસક હથિયાર વગર, કે મોઢેથી એક પણ શબ્દ બોલ્યા વગર, નવ વર્ષ સુધી મોહશત્રુ સામે તેઓ લડ્યા...ને અંતે શાંત આત્મસાધનામાં વારંવાર શુદ્ધોપયોગના પ્રહારોવડે તેમણે મોહને સર્વથા નષ્ટ

કર્યો ને પોતાની અનંતચતુષ્ટય–સંપદાને પ્રાપ્ત કરી લીધી. એ રીતે તેઓ મહાન વિજેતા, અરિહંત સર્વજ્ઞપરમાત્મા થયા. વારાણસીના જે વનમાં તેમણે દીક્ષા લીધી હતી તે દીક્ષાવનમાં જ માહ વદ છઠ્ઠના દિવસે તેઓ સર્વજ્ઞપદ પામ્યા...ને નવ વર્ષનું મૌન તોડીને દિવ્યધ્વનિવડે ધર્મતીર્થના પ્રવર્તક તીર્થંકર બન્યા. તેમના ધર્મદરબારમાં ૧૧૦૦૦ કેવળી ભગવંતો તેમના સહગામી હતા, બલદેવ વગેરે ૯૫ ગણધરો હતા. લાખો મુનિ–આર્યિકા શ્રાવક–શ્રાવિકાઓનો ચતુર્વિધ સંઘ ત્યાં આનંદપૂર્વક મોક્ષસાધના કરી રહ્યો હતો. એ રીતે ચતુર્વિધ સંઘના નાયક તીર્થંકર સુપાર્શ્વપ્રભુ ભરતક્ષેત્રમાં ધર્માંમૃતની વર્ષા કરતા કરતા કરોડો અબજો વર્ષો સુધી અર્હત્પણે વિચર્યા. જ્યારે એક માસ આયુ બાકી રહ્યું ત્યારે તેઓ સમ્મેદશિખર–શાશ્વત મોક્ષધામની પ્રભાસટૂંક પર પધાર્યા ને માહવદ સાતમે યોગનિરોધ કરીને શાશ્વત નિર્વાણપુરીમાં જઈને અનંત સિદ્ધભગવંતોની સાથે બિરાજ્યા. તેમને નમસ્કાર હો. ઈન્દ્રે મોક્ષનો મહોત્સવ ઊજવ્યો ને 'અહો, આ પ્રભુના નિર્વાણનું ક્ષેત્ર છે' એમ કહીને સમ્મેદશિખર–નિર્વાણધામનું પણ સન્માન કર્યું.

**સુપાર્શ્વનાથ જિનરાજકી પ્રભાસ કૂટ હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

આજે પણ અનેક ભવ્યજીવો તે નિર્વાણધામમાં જઈને મોક્ષની ભાવના ભાવે છે.

પૂર્વભવમાં જેઓ ક્ષેમપુરી નગરીમાં નંદિષેણ નામના રાજા હતા; પછી મુનિ થઈ, ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયા; ત્યાંથી કાશીદેશની બનારસી નગરીમાં અવતરી ભવનો અંત કરી, સુપાર્શ્વનાથ તીર્થંકર થયા ને મોક્ષ પધાર્યા, તે સાતમા ભગવંતનું મંગલચરિત્ર અહીં પૂર્ણ થયું.

(કાશી–વારાણસી (બનારસ)માં ગંગા નદીના ભદૈનીઘાટ પર જિનમંદિરમાં સુપાર્શ્વપ્રભુના ચરણચિહ્ન છે. ત્યાં પ્રભુનું જન્મ–સ્થાન મનાય છે. ત્યાર બાદ અસંખ્ય વર્ષે પાર્શ્વનાથ ભગવાન (તેવીસમા તીર્થંકર) પણ આ જ નગરીમાં થયા, તેમનું જન્મસ્થાન પણ આજે એક મંદિરમાં મનાય છે. પાર્શ્વનાથ પ્રભુએ આ જ નગરીમાં કમઠ તાપસના અવિવેકી (હિંસાયુક્ત) પંચાગ્નિ તપને અસાર બતાવીને લાકડાં વચ્ચે સળગતા સર્પ–યુગલને ધર્મ સંભળાવ્યો હતો. તેમ જ આ જ નગરીમાં પ્રભુનો ધર્મોપદેશ સાંભળીને તેમના માતા–પિતાએ જૈનદીક્ષા લીધી હતી. આઠમા અને અગિયારમા તીર્થંકરો–ચંદ્રપ્રભ અને શ્રેયાંસનાથ પણ આ જ કાશીરાજ્યની ચંદ્રપુરી અને શ્રેયપુરી (સિંહપુરી-સારનાથ) નગરીમાં અવતર્યા હતા; કુલ ચાર તીર્થંકરોના ગર્ભ–જન્મ–તપકલ્યાણકોથી પાવન એ કાશીતીર્થની યાત્રા આજે પણ લાખો જૈનયાત્રિકો દર વર્ષે કરે છે.

સમન્તભદ્રસ્વામીએ શિવપીંડી સામે જિનબિંબનું ધ્યાન કરીને અદ્ભુત સ્તુતિ કરતાં, શિવપીંડ ફાટીને ચંદ્રપ્રભુના પ્રતિમા પ્રગટેલા, તે ઘટના પણ આ નગરીમાં બન્યાનું કેટલાક ઈતિહાસકારો માને છે. (કેટલાક તે ઘટના ભુવનેશ્વરમાં થવાનું માને છે.) કાશીમાં 'ફટે મહાદેવકા મંદિર' આજ પણ વિદ્યમાન છે, તે અત્યાર સુધી 'સમન્તભદ્રેશ્વર–મંદિર' કહેવાતું હતું. આજકાલ વારાણસી જઈએ ત્યારે 'કાશીના ઠગ'થી સાવધાન રહેવું જરૂરી છે.)

## (૮)

જન્મ
**ચંદ્રપુરી**




મોક્ષ
**સમ્મેદ**
**શિખર**

❀ **આનંદરસથી ભરેલી જ્ઞાનગંગાને વહેવડાવનારા અને જગતને શાંતિ** ❀
❀ **દેનારા અદ્વિતીય ચંદ્ર, ભગવાન ચંદ્રપ્રભ જિનને નમસ્કાર હો.** ❀

ભગવાન ચંદ્રપ્રભ પૂર્વે શ્રીવર્માના ભવમાં સમ્યક્ત્વ પામ્યા ત્યારથી શરૂ કરીને, કેવળજ્ઞાન પામી તીર્થંકર થયા ત્યાં સુધીના સાત ભવોનું આ મંગલ પુરાણ છે.

ચંદ્રપ્રભુનો જીવ બીજા–પૂર્વભવે 'પદ્મનાભ' નામનો રાજા હતો, ત્યારે શ્રીધર મુનિરાજ પાસે ધર્મશ્રવણ કરીને પોતાના આગલા–પાછલા ભવો પૂછે છે. મુનિરાજ તેને પૂર્વના ચાર ભવો, વર્તમાન પદ્મનાભનો ભવ ને ભવિષ્યના બે ભવ–એમ કુલ સાત ભવની વાત કરે છે; ટૂંકમાં તે સાત ભવ આ પ્રમાણે—

૧. શ્રી વર્મા રાજા : સમ્યક્ત્વની પ્રાપ્તિ. (પૂર્વ ભવ છઠ્ઠો)
૨. પ્રથમ સ્વર્ગમાં દેવ........ (પૂર્વભવ પાંચમો)
૩. અજિતસેન ચક્રવર્તી; મુનિદીક્ષા......... (પૂર્વભવ ચોથો)
૪. સોળમા સ્વર્ગમાં અચ્યુત–ઇન્દ્ર......... (પૂર્વભવ ત્રીજો)
૫. રાજા પદ્મનાભ; દીક્ષા; તીર્થંકરપ્રકૃતિ. (પૂર્વભવ બીજો)
૬. વૈજયન્ત–વિમાનમાં અહમિન્દ્ર........ (પૂર્વભવ પહેલો)
૭. ચંદ્રપુરી(કાશી)માં ચંદ્રપ્રભ–તીર્થંકરનો અવતાર અને મોક્ષ.

**હવે તેની મંગલ કથા આપ વાંચશો.**

## ભગવાન ચંદ્રપ્રભ : પૂર્વભવ : મહારાજા પદ્મનાભ

ધાતકી ખંડના વિદેહક્ષેત્રમાં રત્નસંચયપુર નામનું નગર છે. સમ્યગ્દર્શનાદિ ઉત્તમ રત્નોથી વિભૂષિત એવા સજ્જન પુરુષો વડે તે નગરીની અદ્‌ભુત શોભા છે. ત્યાં સદાચારી શ્રાવકો ઉત્તમ જૈનધર્મનું પાલન કરીને સ્વર્ગમાં કે મોક્ષમાં જ જતા હતા. 'અરે, સ્વર્ગમાં તો શું છે! તે તો અહીં જેવું જ છે' તેમ વિચારીને ત્યાંના સમ્યગ્દષ્ટિ જીવો મોક્ષને માટે જ ધર્મસાધન કરતા હતા, સ્વર્ગની ઈચ્છાથી નહિ.

તે રત્નસંચયપુરીના રાજા કનકપ્રભ, અને રાણી સુવર્ણમાલા; તેને પદ્મનાભ નામનો પુત્ર છે. આ પદ્મનાભ તે જ આપણા ચરિત્રનાયક શ્રી ચંદ્રપ્રભનો જીવ છે. (પદ્મનાભ તે તેનો બીજો પૂર્વભવ છે.)

એકવાર રાજા કનકપ્રભ રાજમહેલની અગાશીમાં બેઠા બેઠા નગરીનું અવલોકન કરતા હતા. એવામાં તેમણે જોયું કે, એક બુઢ્ઢો બળદ ઊંડા કાદવમાં ખૂંચી ગયો છે, ને તરફડીને મરે છે. તે દેખીને તે રાજાને વૈરાગ્ય જાગ્યો અને વિચારવા લાગ્યા કે અરે! હજી પણ હું આ સંસારના મોહ–કીચડમાં ખૂંચી રહ્યો છું. મેં જિનાગમ જાણ્યા છે, ઉત્તમ સાધુઓની સંગતિ કરી છે ને સંસારને અસાર જાણ્યો છે; તો હવે હું આ ઈન્દ્રિયસુખોમાં ક્યાં સુધી આસક્ત રહીશ? આમ વિચાર કરતાં તે ધર્માત્મા કનકરાજા સંસારસુખોથી અત્યંત વૈરાગ્ય પામ્યા ને તેમનું ચિત્ત મુનિમાર્ગમાં પ્રવેશ્યું, જાણે કે મુક્તિના દૂતે આવીને ગુપ્તપણે તેમના કાનમાં મુનિ થવાનું કહ્યું હોય! તરત તેમણે પોતાના પુત્ર પદ્મનાભને રાજ્ય સોંપીને, શ્રીધર મુનિરાજની સમીપે મુનિદીક્ષા ગ્રહણ કરી.

હવે તે રત્નસંચયપુરીનું રાજ્ય આપણા ચરિત્રનાયક ધર્માત્મા પદ્મનાભે સંભાળ્યું. એક દિવસની વાત છે : રાજા પદ્મનાભ રાજસભામાં બેઠા છે; ત્યાં માળીએ આવીને હર્ષપૂર્વક વધામણી આપી કે– હે સ્વામી! મનોહર બાગમાં શ્રીધરમુનિરાજ પધાર્યા છે; તેમની મુદ્રા અત્યંત શાંત ને તેજસ્વી છે; તેમના આગમનથી આખું વન પ્રફુલ્લ થઈને હસી રહ્યું હોય તેમ ખીલી ઊઠ્યું છે. હરણ ને સિંહ, વાઘ ને હાથી, સર્પ ને મોર જેવા પશુપંખીઓ પણ વેરભાવ છોડીને શાંતિથી મુનિરાજની ચરણછાયામાં હળીમળીને મિત્રતાથી બેઠા છે...

—આ રીતે શ્રીધરમુનિરાજની પધરામણીના સમાચાર સાંભળતાં વેંત, રાજા પદ્મનાભના હૃદયમાં હરખનો સમુદ્ર ઊછળ્યો; ખુશી થઈને તેણે પોતાનો રત્નહાર માળીને ઈનામમાં આપ્યો. 'અહા, જેમના દર્શન માટે મારે પોતે જવાનું હતું તે ભગવાન પોતે મારા આંગણે પધાર્યા' એમ કહીને તરત જ તે મુનિરાજના સાક્ષાત્ દર્શન–વંદન કરવા ચાલ્યા.

રાજા પદ્મનાભ, મુનિરાજ સમીપ આવી જયજયકાર–પૂર્વક વંદન કરીને બેઠા. મુનિરાજના દર્શનથી તેને ઘણી પ્રસન્નતા થઈ. મુનિરાજે તેને ધર્મના આશીર્વાદ આપ્યા.

રાજાએ વિનયપૂર્વક તત્ત્વના ઉપદેશ માટે પ્રાર્થના કરી : હે સ્વામી! આજકાલ અનેક લોકો નાસ્તિક બની રહ્યા છે, જીવના અસ્તિત્વને તેઓ જાણતા નથી, માટે આપશ્રી યુક્તિપૂર્વક જીવના અસ્તિત્વની સિદ્ધિ કરીને સમજાવો...જેથી જીવોનું કલ્યાણ થાય; કેમકે જીવનું અસ્તિત્વ સિદ્ધ હોય તો જ ધર્મ અને મોક્ષની સિદ્ધિ થાય.

શ્રી મુનિરાજે કહ્યું : હે બુદ્ધિમાન રાજન્! તેં સુંદર પ્રશ્ન પૂછ્યો. સાંભળ! હું જીવની સત્તા સિદ્ધ કરીને બતાવું છું.—

* 'જીવ નથી' એ વાત પ્રત્યક્ષાદિ પ્રમાણોથી ખંડિત છે.
* 'જીવ દેખાતો નથી માટે નથી' એમ કહેવું તે તો મૂર્ખતા છે. 'આ મકાન વગેરે બધાને હું દેખું છું'— એમ કોણ કહે છે?—દેખનારો જે વિદ્યમાન છે તે જ એમ કહે છે કે 'હું દેખું છું.'—માટે જીવ વિદ્યમાન છે.
* ગમે તેવા અંધારામાં પણ જીવ કહે છે કે 'હું અહીં વિદ્યમાન છું.'—એમ પોતે સ્વસંવેદનથી પોતાના અસ્તિત્વને પ્રસિદ્ધ કરે છે, તે જ જીવ છે. 'હું છું' એવું વેદન જીવમાં થાય છે, શરીરમાં નહીં.
* શરીરના હાથ—પગ વગેરે અવયવ કપાઈ જાય છતાં જ્ઞાન કપાઈ જતું નથી, ઓછું થઈ જતું નથી; તેથી સિદ્ધ થાય છે કે ચેતનસત્તા દેહથી જુદી છે,—જેના આધારે જ્ઞાન રહેલું છે. જ્ઞાન જો શરીરના આધારે હોત તો શરીર કપાઈ જતાં જ્ઞાન પણ કપાઈ જાત.
* જગતમાં જેટલા પ્રાણીઓ છે તે (માણસ, હાથી, સિંહ, કીડી વગેરે) બધાયમાં 'જીવ'નું હોવાપણું સ્વસંવેદન—પ્રત્યક્ષ વડે સિદ્ધ છે, કેમકે 'હું સુખી છું, હું દુઃખી છું' એવું સુખ—દુઃખનું વેદન (જ્ઞાન) દરેક જંતુને થાય છે. જીવ વગર સુખ—દુઃખનું વેદન કોણ કરે? સ્વને તેમજ પરને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે, ને એવો જે જ્ઞાનસ્વભાવ છે તે જ જીવસત્તા છે.

આ પ્રમાણે મુનિરાજે જ્ઞાનલક્ષણ દ્વારા જીવના અસ્તિત્વને સિદ્ધ કરીને કહ્યું : હે રાજા! જીવના આવા અસ્તિત્વને જે જાણે છે તે સ્વર્ગ—નરકાદિ પરભવને સ્વીકારે છે, એટલે તે પાપથી ડરે છે ને ધર્મને સેવે છે.

દેહથી ભિન્ન જીવની સિદ્ધિ કરતાં મુનિરાજ કહે છે—અચેતન શરીરથી જીવ જુદો છે; શરીર તો એવું ને એવું હોય છતાં જીવમાં વિકાર (દુઃખ, ક્રોધ વગેરે) થતાં જોવામાં આવે છે; તેમજ શરીરમાં રોગાદિ વિકાર થવા છતાં કે તે સળગવા છતાં, જીવના ચિત્તમાં શાંતિ રહી શકે છે; આ રીતે જીવ અને શરીરનાં કાર્યો (ધર્મો) ભિન્ન-ભિન્ન છે. વળી હે રાજન્! શરીરની ચેષ્ટાઓ તો આંખથી દેખાય છે, પણ આત્માના ભાવો આંખથી દેખાતા નથી;—એ રીતે બંનેના ધર્મો (મૂર્તપણું ને અમૂર્તપણું) જુદા છે.

—આ રીતે શ્રીધરમુનિરાજે સ્વસંવેદન—પ્રત્યક્ષથી તેમ જ અનુમાન વડે ચેતનસ્વરૂપ જીવનું અનાદિઅનંત અસ્તિત્વ સિદ્ધ કરીને સમજાવ્યું; દરેક જીવ પોતે એવો અનુભવ કરે છે કે પાપ-પુણ્ય દુઃખ-સુખ વગેરે રૂપે પોતાના ભાવો સદાય પલટાયા કરે છે, અને આ બદલતી અવસ્થા દ્વારા તે ધર્મને અને મોક્ષને સાધી શકે છે. આ રીતે નિત્ય-અનિત્ય (ગુણ-પર્યાય) સ્વરૂપ જીવતત્ત્વમાં જ બંધ-મોક્ષ વગેરેની સિદ્ધિ થાય છે. જીવ સર્વથા અકર્તા કે અપરિણામી નથી. વિચારવા જેવી વાત છે કે—જીવ જો ભલા-બૂરા કાર્યોને (શુભ-અશુભ ભાવોને) ન કરે તો તેને પુણ્ય-પાપ કેમ થાય? ને સ્વર્ગ-નરક પણ કેમ થાય? તથા જો પુણ્ય-પાપનું બંધન ન હોય તો તેનાથી છૂટવારૂપ મોક્ષ કે મોક્ષનો ઉપાય (ધર્મ) પણ તે શા માટે કરે? જીવ દયાદિ શુભકાર્યો વડે પુણ્યબંધ કરે છે ને હિંસાદિ અશુભ કાર્યવડે પાપનો બંધ કરે છે; વીતરાગભાવરૂપ ધર્મ વડે તે બંધને છેદીને મોક્ષને કરે છે. આ રીતે જીવ પોતાના ભાવનો કર્તા થાય છે ને તેના ફળનો (દુઃખ—સુખનો) પોતે જ ભોક્તા થાય છે.

જીવને બંધન કે મુક્તિ જો કોઈ બીજો કરે, તો તેનું ફળ પણ આત્મા કેમ ભોગવે? જીવ પોતે જ પોતાના બંધ–મોક્ષને કરે છે ને પોતે જ તેના ફળને ભોગવે છે; જ્યારે રત્નત્રયરૂપ શુદ્ધ ભાવને કરે છે ત્યારે તે રાગાદિ વિભાવનો અકર્તા થાય છે,–પણ સર્વથા અકર્તા નથી. આવું સ્વતંત્ર સ્વયંસિદ્ધ જીવતત્ત્વ છે ને તે પોતાના અંતરંગ સ્વસંવેદનથી અનુભવગોચર થાય છે.

શ્રી મુનિરાજના ઉપદેશથી રાજા પદ્મનાભને તેમજ સભાજનોને અત્યંત પ્રસન્નતા થઈ; ઘણા જીવો જીવતત્ત્વને અનુભવગોચર કરીને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પામ્યા.

ત્યારબાદ સર્વજ્ઞતાની સિદ્ધિ કરતાં મુનિરાજે કહ્યું કે–સર્વજ્ઞતારૂપ મોક્ષપદ છે. આત્માનો જ્ઞાનસ્વભાવ છે, અને તે જ્ઞાનની પરાકાષ્ટા તે સર્વજ્ઞતા છે. તે સર્વજ્ઞતાની સિદ્ધિ અંતરના આત્મઅનુભવ-પૂર્વકના યુક્તિ-અનુમાન વગેરેથી થાય છે.

* જે 'ઇન્દ્રિય–પ્રત્યક્ષ' છે તે, અતીન્દ્રિય પદાર્થની સિદ્ધિમાં ન તો સાધક થઈ શકે છે, કે ન બાધક.
* સર્વજ્ઞતા અતીન્દ્રિય છે; એટલે ઇન્દ્રિયજ્ઞાન તેના સદ્ભાવને કે અભાવને સિદ્ધ કરી શકતું નથી. જે જ્ઞાનનો જે વિષય હોય તે જ તેમાં વિધિ કે નિષેધ કરી શકે; જેનો જે વિષય ન હોય તે તેમાં વિધિ કે નિષેધ કરી શકે નહીં.
* જગતમાં એવું કોઈ પ્રમાણ નથી કે સર્વજ્ઞતાના અસ્તિત્વને જે બાધા પહોંચાડી શકે.
* કોઈ કહે : પુરુષપણું સર્વજ્ઞતાનું બાધક છે! તો તે બરાબર નથી; પુરુષપણું હોવા છતાં કોઈમાં જ્ઞાનના અતિશયરૂપ સર્વજ્ઞતા હોઈ શકે છે. (જેમકે અરિહંત દેવ)
* 'સર્વજ્ઞ છે' એવા વાક્યના બોધ વડે ઉત્પન્ન થયેલી બુદ્ધિ તે પ્રમાણ છે, અને તે બુદ્ધિ સર્વજ્ઞના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. સર્વજ્ઞના સ્વીકારથી આત્માના જ્ઞાનસ્વભાવનો સ્વીકાર થાય છે ને રાગાદિ વિભાવોથી ભેદજ્ઞાન થાય છે, એટલે આત્મા નિજસ્વભાવની સન્મુખતા વડે સર્વજ્ઞપદનો સાધક થાય છે. આ વાત પ્રસિદ્ધ છે કે—

**જે જાણતો જિનરાજને ચેતનમયી શુદ્ધ ભાવથી,**
**તે જાણતો નિજાત્મને, સમ્યક્ત્વ લ્યે આનંદથી.**

શ્રી મુનિરાજે આમ સર્વજ્ઞતાની સિદ્ધિપૂર્વક ગંભીર ઉપદેશ આપ્યો ને મોક્ષમાર્ગની રીત સમજાવી.

શ્રીધર મુનિરાજના શ્રીમુખથી આવી અદ્ભુત ધર્મચર્ચા સાંભળીને, ચંદ્રપ્રભ–તીર્થંકરના જીવ પદ્મનાભ રાજાએ ભક્તિથી કહ્યું–પ્રભો! આપે જૈનસિદ્ધાંતના જે ગંભીર તત્ત્વો જીવ, મોક્ષ, સર્વજ્ઞતા વગેરે સમજાવ્યા તો બરાબર તેમ જ છે; એ જ પ્રમાણે અમારા શ્રદ્ધા-જ્ઞાનમાં બેસે છે ને એ જ હિતનો માર્ગ છે. આટલું કહ્યા પછી તે રાજા પદ્મનાભે વિનયથી પૂછ્યું : હે પ્રભો! આપ દિવ્યજ્ઞાનના ધારક છો; મારા આગલા-પાછલા ભવો જાણવાની મને ઉત્કંઠા છે, તો કૃપા કરીને કહો.

શ્રી મુનિરાજે દિવ્યજ્ઞાન વડે જાણીને કહ્યું–હે ભવ્ય, સાંભળ! હવે એક ભવ પછી તારો આત્મા ભરતક્ષેત્રમાં આઠમા તીર્થંકર ચંદ્રપ્રભ થશે. તારા પૂર્વના ભવો પણ હું કહું છું....

મુનિરાજના શ્રીમુખથી આ વાત સાંભળતાં વેંત સભાજનોમાં પરમ હર્ષ છવાઈ ગયો કે અહા, એક તીર્થંકરનો આત્મા અહીં આપણી વચ્ચે બિરાજી રહ્યો છે...ને એ તીર્થંકરના પૂર્વભવોની વાત મુનિરાજ આપણને સંભળાવી રહ્યા છે.–આમ મહાન હર્ષથી સભાજનો સાવધાનીપૂર્વક સાંભળવા તૈયાર થયા અને શ્રી મુનિરાજે પદ્મનાભરાજાના અર્થાત્ ચંદ્રપ્રભ તીર્થંકરના પૂર્વભવોની મંગલ કથા કહેવાનું શરૂ કર્યું...તમે પણ આનંદથી સાંભળો.

❀

## ( ૧ )

## શ્રી ચન્દ્રપ્રભ તીર્થંકરનો પૂર્વભવ (છઠ્ઠો)

## શ્રીવર્મા રાજા : સમ્યક્ત્વ-પ્રાપ્તિ

મુનિરાજ કહે છે : હે રાજા પદ્મનાભ! પ્રથમ તો આ ભવમાં જ એક હાથીના નિમિત્તે તમે મુનિ થશો, ને દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ઉત્તમ ભાવનાઓ વડે તીર્થંકર પ્રકૃતિ–નામકર્મ બાંધશો. ભરત-ક્ષેત્રની આ ચોવીસીમાં અત્યાર સુધી ઋષભાદિ સાત તીર્થંકરો થઈ ચૂક્યા છે; અત્યારે ત્યાં કોઈ તીર્થંકર વિચરતા નથી. એક ભવ પછી તમે ત્યાં આઠમા તીર્થંકર તરીકે અવતરશો ને ધર્મચક્રનું પ્રવર્તન કરશો.

**અહા, એક તીર્થંકરનો જીવ પોતાના ભૂત–ભવિષ્યના વર્ણનની કથા મુનિરાજ પાસે સાંભળી રહ્યો છે :**

હે રાજન્! આ પહેલાં પાંચમા ભવે તમે, પુષ્કરાર્દ્ધદ્વીપના વિદેહક્ષેત્રમાં શ્રીષેણરાજાના પુત્ર શ્રીવર્મા હતા. તે રાજા શ્રીષેણ, શ્રીપુર નામના નગરમાં રાજ્ય કરતા હતા. તેની રાણીનું નામ શ્રીકાન્તા. તમારા જન્મ પહેલાં યૌવનમાં પુત્ર ન હોવાથી તે રાણી ચિંતામાં રહેતી હતી. તેને ઉદાસ દેખીને રાજા તેને સમજાવતા કે હે દેવી! "જે વસ્તુ ભાગ્યને આધીન છે તેને માટે શોચ કરવો ઉચિત નથી; માટે તમે શોચ છોડો ને ધર્મમાં તમારું ચિત્ત લગાવો. જીવે પૂર્વ ભવમાં જે ભલા કે બૂરા કર્મો બાંધ્યા હોય તે અનુસાર ફળ આવે છે; તેમાં હર્ષ-શોક કરવો તે વૃથા દુઃખનું કારણ છે. અને હે દેવી! ભાગ્ય અનુકૂળ થતાં પુત્રપ્રાપ્તિ પણ જરૂર થશે.'

આ પ્રસંગ પછી એક દિવસ શ્રીષેણ રાજા ફળફૂલથી ખીલેલા બગીચામાં ક્રીડા કરવા માટે ગયેલા; ત્યાં મહાન ભાગ્યોદયે આકાશમાંથી એક ઋદ્ધિધારી મુનિરાજ અચાનક ત્યાં ઊતર્યા. તે અનંત–મુનિરાજ અવધિજ્ઞાની હતા. તેમને દેખતાં જ રાજાના હર્ષનો પાર ન રહ્યો. રાજાએ તેમને વંદન કરીને ભક્તિપૂર્વક કહ્યું–અહો, મારા કોઈ મહાન પુણ્યોદયથી આપના દર્શન થયા. પ્રભો! આપની રત્નત્રય–વિભૂતિ સમસ્ત મંગળનું કારણ છે. હે સ્વામી! જૈનધર્મના પ્રતાપે સ્વ-પરનું ભેદજ્ઞાન હું જાણું છું. આ રાજભોગોમાં ક્યાંય સુખ નથી એમ મેં જાણ્યું છે; છતાં મારું મન સંસારથી વિરક્ત કેમ થતું નથી?

શ્રી મુનિરાજ તેના મનની વાત સમજી ગયા....ને કહ્યું : હે રાજન્! તમારું મન પુત્ર પ્રાપ્તિની ચિંતાથી ઘેરાયેલું છે. હવે થોડા કાળમાં જ તમારે ત્યાં એક ભાવી–તીર્થંકરનો જીવ પુત્ર તરીકે અવતરશે; ત્યાર પછી તેને રાજ્યભાર સોંપીને તમે જિનદીક્ષા લેશો ને અષ્ટકર્મોને નષ્ટ કરીને સિદ્ધપદને પામશો.

તમારી રાણી શ્રીકાન્તાએ પૂર્વજન્મમાં એક ગર્ભવતી સ્ત્રીની પીડા તથા કદરૂપતા દેખીને, એવું નિદાન કરેલું કે મને યૌવન–અવસ્થામાં ગર્ભધારણ ન હો. તે અશુભનિદાનને કારણે તેનું નવયૌવન પુત્ર વગર જ વીત્યું. હવે તેના અશુભ કર્મનો અંત આવ્યો છે, થોડા જ સમયમાં તે પુત્રવતી થશે....ભાવિ ચંદ્રપ્રભ–તીર્થંકરનો જીવ તેની ગોદમાં અવતરશે ને તેને આનંદિત કરશે.

મુનિરાજના વચન સાંભળી રાજાનું ચિત્ત ઘણું પ્રસન્ન થયું; ધર્મોપદેશથી પ્રભાવિત થઈને તેણે પાંચ અણુવ્રત અંગીકાર કર્યા. ઘરે આવીને રાણીને તે મુનિરાજની વાત કરતાં તે પણ ઘણી સંતુષ્ટ થઈ, ને ઉલ્લાસપૂર્વક ધર્મસાધના કરવા લાગી. અહા, જેના ઉદરમાં ભાવિ–તીર્થંકરનો જીવ બિરાજે તેના મહાભાગ્યની શી વાત!

યોગ્યકાળે મહાદેવી શ્રીકાન્તાએ એક અદ્‌ભુત તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો...જે સાતમા ભવે ભરતક્ષેત્રમાં તીર્થંકર થનાર છે, તેના જન્મથી આનંદ-મંગલ થવા લાગ્યા. રાજાએ જેને જે જોઈએ તે દાન દીધું. જિનેન્દ્રપૂજન વગેરે સર્વત્ર મંગળ વિધિપૂર્વક તે પુત્રનું '**શ્રીવર્મા**' એવું શુભ નામ રાખ્યું. (આ શ્રીવર્મા તે જ ભાવિ ચંદ્રપ્રભ-તીર્થંકર)

❁

## ચંદ્રપ્રભુને શ્રીવર્માના ભવમાં સમ્યક્‌ત્વ-પ્રાપ્તિ

એકવાર તે શ્રીપુરનગરીમાં પદ્મજિનરાજનું આગમન થયું. રાજા શ્રીષેણ, પુત્ર શ્રીવર્મા સહિત તેમનો ધર્મોપદેશ સાંભળવા ગયા. અદ્‌ભુત–આશ્ચર્યકારી–આનંદમય આત્મતત્ત્વનું સ્વરૂપ સાંભળીને તેઓ મુગ્ધ બન્યા. આપણા ચરિત્રનાયક ચંદ્રપ્રભુનો જીવ (યુવરાજ શ્રીવર્મા) તો એ જિનોપદેશ ઝીલીને તરત અંતર્મુખ થયો; તેની જ્ઞાનચેતના જાગી ઉઠી ને મિથ્યાત્વરૂપ મહાઅંધકાર નષ્ટ થઈ ગયો; ચૈતન્યની સ્વાનુભૂતિથી અપૂર્વ સમ્યક્‌ત્વ પામીને તે ચતુર્થ ગુણસ્થાને આરૂઢ થયો....અંતરાત્મા થઈને મોક્ષમહેલનું પહેલું પગથિયું ચડ્યો; તેણે પરમાત્માને પોતામાં જ દેખી લીધા. આ રીતે અપૂર્વ નિધાન પામીને તેનું જીવન પલટી ગયું. સમ્યક્‌ત્વના સહયોગથી જે વિશિષ્ટ પુણ્યકર્મોનો સંચય થાય છે તે સ્વયમેવ ઈચ્છિત પદાર્થોનો સમાગમ કરતો રહે છે; તેથી ધર્માત્મા શ્રીવર્મા પણ બહારમાં ઈચ્છિત સુખોને પામતા હતા, અંતરનું સત્ય અતીન્દ્રિય સુખ તેમને સમ્યક્‌ત્વ–પરિણતિ આપતી હતી.

અહો, જિનચરણોમાં સમ્યક્‌ત્વના પ્રતાપે આત્માની અપૂર્વ આરાધના શરૂ થઈ તે હવે વૃદ્ધિગત થતી થતી સાતમા ભવે પૂર્ણ પરમાત્મપદ પમાડશે. ચૈતન્યસુખ ચાખ્યું હોવાથી તે રાજકુમાર–શ્રીવર્માનું ચિત્ત રાજ–સુખોમાં ઉદાસીન રહેતું. ધન્ય હતું એમનું આત્મજીવન!

મહારાજા શ્રીષેણનું ચિત્ત પણ, કેવળી પ્રભુનો ઉપદેશ સાંભળ્યા પછી સંસાર–ભોગોથી ઉદાસીન અને ભવથી ભયભીત રહેતું હતું...એક દિવસ આકાશમાંથી તારો ખરતો દેખીને તે મહારાજા શ્રીષેણ સંસાર–ભોગોથી વિરક્ત થયા ને વૈરાગ્યપૂર્વક ચિંતવવા લાગ્યા : 'અરે, આ અસ્થિર સંસાર–પરિવાર કે રાજલક્ષ્મીમાં મોહ શો! એક મોક્ષલક્ષ્મી ને બીજી આ જડલક્ષ્મી–તે બેમાંથી, મૂર્ખ લોકો મોક્ષલક્ષ્મીની સાધના છોડીને જડલક્ષ્મીનો મોહ કરે છે. અરે, એની બુદ્ધિની બલિહારી છે, કે ચૈતન્યનું અમૃતપાન છોડીને તે વિષયોનું વિષ પીવા જાય છે. સાચી લક્ષ્મી તો મોક્ષલક્ષ્મી જ છે. વિષયો રહિત

નિર્ગ્રંથ વીતરાગદશામાં જ પરમસુખ છે.'

આમ ચિંતવી તેણે રાજકુમાર—શ્રીવર્માને બોલાવ્યો અને વિરક્ત ભાવથી કહ્યું : હે વત્સ! જ્યાં સુધી ઘાસની ઝૂંપડી જેવા આ શરીરને વૃદ્ધાવસ્થારૂપી વાયરો વીંખી ન નાંખે, ધર્મશ્રવણ માટે કાનની શક્તિ તથા આંખની શક્તિ મંદ ન પડી જાય, ને સ્મરણશક્તિ નષ્ટ ન થઈ જાય, ત્યાર પહેલા હું નિર્ગ્રંથ-દીક્ષા લઈને મારા આત્માને આ ભવચક્રથી છોડાવવા ચાહું છું. અત્યાર સુધી તો, સંસારનું સ્વરૂપ જાણવા છતાં હું પરિવારના મોહમાં ફસાઈ રહ્યો; હવે શીઘ્ર આત્માનું કલ્યાણ સાધી લેવા મેં નિશ્ચય કર્યો છે. હે પુત્ર! મારા આ ધર્મકાર્યમાં તું અનુમોદના કરજે. હવે આ રાજ્યભાર તું સંભાળજે. સદા પ્રશાંત ભાવથી રહેજે; ધર્માત્મા સજ્જન—વિદ્વાનોનો આદર કરજે. પ્રજાજનોને પુત્રવત સમજીને, તેમને કંઈ પણ કષ્ટ હોય તો તે તુરત જ દૂર કરજે. ધર્મની રક્ષાપૂર્વક રાજ્ય કરજે.

—એ પ્રમાણે હિતશિક્ષાપૂર્વક શ્રીવર્માનો રાજ્યાભિષેક કરીને, શ્રીષેણ મહારાજાએ મુનિદીક્ષા અંગીકાર કરી. શુદ્ધભાવથી રત્નત્રયની સાધના કરીને અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને સર્વકર્મનો ક્ષય કરીને મોક્ષ પામ્યા.

* * *

આ બાજુ શ્રીપુરનગરીમાં રાજા શ્રીવર્મા (કે જે ચંદ્રપ્રભ તીર્થંકરનો જીવ છે તે) આત્મસાધનાને ભૂલ્યા વગર, ન્યાય—નીતિપૂર્વક કુશળતાથી રાજ્ય કરવા લાગ્યા. જે ત્રીજા ભવે ચક્રવર્તી થવાના છે, પાંચમા ભવે તીર્થંકરપ્રકૃતિ બાંધવાના છે ને સાતમા ભવે તીર્થંકર થવાના છે—એવા તે શ્રીવર્મા—રાજા જ્યારે દિગ્વિજય માટે નીકળ્યા ત્યારે ઘણા રાજાઓ તો ભયભીત થઈને શરણે આવ્યા; કેટલાક રાજાઓ યુદ્ધની હિંસાથી ડરીને સંસારથી વિરક્ત થયા ને રાજપાટ છોડીને જિનેશ્વર ભગવાનના શરણમાં ચાલ્યા ગયા. આ પ્રમાણે વિજય કરતા—કરતા રાજા શ્રીવર્મા સમુદ્રકિનારે પહોંચ્યા ત્યારે, તેના પુણ્યપ્રભાવથી સમુદ્રના તરંગોની સાથે ચકચકતા મોતી—રત્નો પણ તણાઈને કિનારે આવવા લાગ્યા...જાણે કે સમુદ્ર પણ તેની આધીનતા સ્વીકારીને, મોતી—રત્નોની ભેટ ધરીને એ ભાવિ—તીર્થંકરનું સન્માન કરતો હોય!

દિગ્વિજય કરીને તે રાજા શ્રીવર્મા પુનઃ નગરીમાં આવ્યા અને સુખવિલાસપૂર્વક રાજ્ય કરવા લાગ્યા. એક મોક્ષ—પુરુષાર્થ સિવાયના ધર્મ-અર્થ ને કામ એ ત્રણે પુરુષાર્થ તેને સિદ્ધ થયા હતા, ને ચોથા મોક્ષપુરુષાર્થ માટેનો તેનો ઉદ્યમ ચાલુ જ હતો.

એકવાર શરદઋતુના ક્ષણભંગુર વાદળા દેખીને, સંસારની ક્ષણભંગુરતા ચિંતવીને તે રાજા સંસારથી વિરક્ત થયા. અને શ્રીપ્રભ મુનિરાજ પાસે જિનદીક્ષા અંગીકાર કરી; રત્નત્રયની આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને તે રાજા—શ્રીવર્મા સૌધર્મસ્વર્ગમાં શ્રીધર નામના દેવ થયા.

* * *

અહા, ચૈતન્યની શાંતિ આત્મામાં સમાય છે,
તે
જગતની બીજી કોઈ વસ્તુ સાથે સંબંધ રાખતી નથી.

## શ્રી ચન્દ્રપ્રભ તીર્થંકરનો પૂર્વભવ : ચોથો
## ધાતકીખંડમાં અજિતસેન–ચક્રવર્તી

શ્રી મુનિરાજ કહે છે : હે રાજા પદ્મનાભ ! પહેલાં જે શ્રીવર્મા રાજા હતા, અત્યારે જે પદ્મનાભ છે અને એક ભવ પછી જે ચંદ્રપ્રભ–તીર્થંકર થનાર છે એવો તારો આત્મા, પાંચમા–પૂર્વભવે સૌધર્મ સ્વર્ગમાં હતો; ત્યાંથી ચવીને ચોથા–પૂર્વ ભવે, ધાતકીખંડની કૌશલનગરીમાં રાજકુમાર–અજિતસેન તરીકે અવતર્યો. તેમના પિતાનું નામ મહારાજા અજિતંજય અને માતા અજિતસેના. ગુણવાન તેજસ્વી પુત્રને દેખીને ખૂબ પ્રસન્ન થયા. અહા, ભાવિ–તીર્થંકરને પોતાના ઘરમાં દેખીને કોણ ખુશી ન થાય !!

આપણા ચરિત્રનાયક રાજકુમાર અજિતસેન એકવાર રાજસભામાં બેઠા હતા... આનંદમય ચર્ચા ચાલી રહી હતી; એવામાં તેનો પૂર્વભવનો વેરી કોઈ દુષ્ટ દેવ ત્યાં આવ્યો ને સભાજનોને મૂર્છિત કરીને તે રાજકુમારને ઉપાડી ગયો.

મૂર્છા દૂર થતાં રાજાએ ગભરાટપૂર્વક સભામાં નજર કરી, ત્યાં રાજકુમારને ન દેખતાં તેને ચિત્તભ્રમ થઈ ગયો કે અરે આ શું ! સભામાંથી રાજકુમાર ક્યાં ગૂમ થઈ ગયો ? મહારાણી પણ પુત્રના વિયોગથી હાય–હાય કરતી એકદમ રોવા લાગી. પુત્રના વિયોગથી બંનેનો સંસાર નીરસ થઈ ગયો. અરે, ફરીને નેત્રોથી પુત્રને ક્યારે દેખશું ! એવી ચિંતામાં ક્ષણભર તો બંને મૂર્છિત થઈ ગયા.

થોડીવારે મૂર્છા દૂર થતાં રાજાએ જ્યાં આંખ ખોલીને ઊંચે જોયું...ત્યાં તો...અહાહા! એના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે જોયું કે આકાશમાંથી એક મહા તપસ્વી ઋદ્ધિધારી મુનિરાજ પોતાની તરફ પધારી રહ્યા છે... પૂનમના ચાંદ જેવા એ મુનિરાજને દેખતાં જ રાજાના બધા દુઃખ ભૂલાઈ ગયા. મુનિરાજ જેમ જેમ નજીક આવતા ગયા તેમતેમ રાજાના અંતરમાં હર્ષનો સાગર ઊછળવા લાગ્યો.... ખરું જ છે–મુમુક્ષુ આત્મા, ધર્માત્માનો સંગ થતાં દુનિયાના દુઃખોને ભૂલી જાય છે. તે રાજાને પોતાના પ્રાણપ્રિય પુત્રના વિયોગથી એટલો શોક ન થયો,–કે જેટલો મુનિરાજના પધારવાથી સન્તોષ થયો. ખરેખર, આવો સન્તોષ પોતાના જીવનમાં તેને પહેલી જ વાર થયો.

શ્રી મુનિરાજે રાજાને મંગલ આશીર્વાદ આપ્યા ને કહ્યું–'હે ભવ્ય ! તું ચરમશરીરી છો.' અહા, એમના વાત્સલ્યની શી વાત ! એ વાત્સલ્યઝરતા આશીર્વાદ ઝીલીને રાજાનું હૃદયકમળ આનંદથી ખીલી ઉઠ્યું. અહા ! મુનિના શ્રીમુખથી પોતાના મોક્ષની વાત સાંભળીને કોને આનંદ ન થાય !!

રાજાએ આનંદિત થઈને કહ્યું : પ્રભો ! મને કલ્પના પણ ન હતી કે અત્યારે કોઈ મુનિભગવંતના દર્શન થશે. જ્યારે હું પુત્રવિયોગરૂપ દુઃખસમુદ્રમાં ડૂબી રહ્યો હતો ને મારું મન મૂઢ બની રહ્યું હતું તે વખતે ખરે ટાણે આપ પધારતાં, આપનાં દર્શન પામીને મને નવું જીવન મળ્યું છે, દુઃખના દરિયામાંથી આપે મને બહાર કાઢ્યો છે; આપ મારા પરમ હિતસ્વી બંધુ છો.

શ્રી મુનિરાજે કહ્યું–હે ભવ્ય ! હું અહીં આકાશમાર્ગે જતો હતો, ત્યાં પુત્રવિયોગથી તને દુઃખી જોઈને તારા ગુણોના અનુરાગથી હું અહીં આવ્યો છું. હે રાજન ! તમે તત્ત્વજ્ઞાની છો, સ્વ-પરના ભેદજ્ઞાની છો, અને સંસારનું સ્વરૂપ જાણનાર છો. તમને આ અસાર–સંસારની સ્થિતિ બતાવવી તે તો

ઈન્દ્ર પાસે સ્વર્ગનું વર્ણન કરવા જેવું છે. વળી તમે આ ભવમાં મોક્ષગામી ચરમશરીરી છો; તેથી તમને અધિક શું કહેવું? તમે ચિત્તમાંથી ઈષ્ટ-વિયોગનો વિષાદ છોડો. હે રાજન્! આ પ્રસંગે કાયરતા છોડીને ધૈર્યને ધારણ કરો... ને વીરપુરુષને શોભે તેમ ધર્મમાં સાવધાન થાવ.

વળી હે રાજન્! (મુનિ કહે છે—) અવધિજ્ઞાનથી જાણીને હું કહું છું કે તારો પુત્ર કુશળ છે. તેનું કાંઈ જ અમંગળ થવાનું નથી. તે ભાવિ-તીર્થંકર છે ને થોડા જ દિવસોમાં અનેક સમૃદ્ધિ સહિત આવીને તે તમને મળશે.

—આમ કહી આશીર્વાદ આપીને મુનિરાજ તો આકાશમાર્ગે વિહાર કરી ગયા. મુનિરાજના વચનથી રાજાનુ ચિત્ત સંતુષ્ટ થયું અને ધર્મધ્યાનમાં તે વિશેષપણે ઉદ્યમી થયો.

* * *

બીજી બાજુ, જે દુષ્ટ દેવ અજિતસેન—રાજકુમારને હરીને લઈ ગયો હતો, તેણે તે રાજકુમારને મગરમચ્છથી ભરેલા એક સરોવરમાં ફેંક્યો. પરંતુ પુણ્યપ્રતાપે રાજકુમાર કિનારે આવ્યો. ચારે તરફ ઘોર જંગલ હતું. સિંહ—વાઘ ને હાથીથી ભરેલા તે વનમાં ચાલતાં ચાલતાં તે એક સુંદર પહાડ ઉપર આવ્યો. ત્યાં હિરણ્ય નામનો એક દેવ રહેતો હતો, તે તેની શૂરવીરતા દેખીને પ્રસન્ન થયો ને કહ્યું—હે પુણ્યાત્મા! હું તમારો સેવક છું એટલે તમને મારી પાસે કંઈ માંગવાનું તો કેમ કહું? પણ તમે જ્યારે યાદ કરશો ત્યારે હું તમારી સેવામાં હાજર થઈશ... કેમકે પૂર્વજન્મમાં તમે મારા ઉપકારી છો.

‘કઈ રીતે?’ એમ રાજકુમારે પૂછતાં તે દેવે કહ્યું : પૂર્વે હું સૂર્ય નામનો ખેડૂત હતો ત્યારે, ચંદ્ર નામના ખેડૂતે મારું ધન ચોરી લીધું હતું; તમે મને તે ધન પાછું અપાવ્યું હતું ને ચંદ્રને ફાંસીની સજા કરી હતી. તે ચંદ્ર મરીને ભવમાં ભમતો-ભમતો ચંડરુચિ નામનો અસુર દેવ થયો છે, ને તે જ પૂર્વભવના વેરથી તમારું અપહરણ કરીને તમને અહીં લાવ્યો છે. હું સૂર્ય નામનો ખેડૂત હતો તે અત્યારે હિરણ્યદેવ થયો છું ને મારા ઉપર તમારા ઉપકારનો બદલો વાળવા આવ્યો છું.—આમ કહી, રાજકુમારને જંગલની બહાર મૂકીને તે દેવ અદૃશ્ય થઈ ગયો.

રાજકુમારે આશ્ચર્યપૂર્વક એક નગરીમાં પ્રવેશ કર્યો; એનું નામ વિપુલનગરી. ત્યાંના નગરજનો ધન-ધાન્યથી સુખી હતા, પરંતુ દુશ્મન રાજાના ભયથી બધાય અત્યંત ભયભીત હતા. અજિતસેન રાજકુમારે તે રાજાને હરાવીને તે ભય દૂર કર્યો, ને ત્યાંની રાજકુમારી સાથે લગ્ન કર્યા. ત્યારબાદ તે પોતાની કૌશલનગરીમાં આવ્યો. પ્રતાપી પુત્રના પુનરાગમનથી માતા-પિતાને અપાર હર્ષ થયો ને ભવ્ય સ્વાગત કરીને ભાવિ-તીર્થરાજ એવા તે રાજકુમારનો રાજ્યાભિષેક કર્યો. તેના મહા પુણ્યપ્રતાપે થોડા સમયમાં તેના રાજભંડારમાં સુદર્શન-ચક્ર તેમ જ તલવાર વગેરે સાત અજીવ—રત્નો ઉત્પન્ન થયાં; તેમજ સેનાપતિ વગેરે સાત જીવ—રત્નો તેને પ્રાપ્ત થયા;—આમ ૧૪ રત્નધારી ચક્રવર્તીપદ તેને પ્રાપ્ત થયું. અને ધર્મની આરાધનાના પ્રતાપે હવે ત્રણ ભવ પછી તેઓ ધર્મ-ચક્રવર્તી થશે.

૧૪ રત્નો ઉપરાંત તેને નવ નિધાન પણ પ્રાપ્ત થયા હતા—જે તેને ઈચ્છિત સામગ્રી આપતા હતા. આ પ્રમાણે નવ નિધાન ને ૧૪ રત્નો પામવા છતાં તે ધર્માત્મા પોતાના ચૈતન્યનિધાનમાંથી મળેલા સમ્યક્ત્વાદિ રત્નોની પાસે તે બાહ્યવૈભવને તુચ્છ સમજતા હતા. તે ચક્રવર્તી અજિતસેન બંધુજનો સહિત

દરરોજ ધામધૂમથી અરિહંતદેવની પૂજા કરતા હતા, અને ધાતકીદ્વીપના ભરતક્ષેત્રનું છ ખંડનું રાજ્ય પણ સંભાળતા હતા.—આશ્ચર્યકારી હતી એમની પરિણતિ!

એકવાર તે અજિતસેન—ચક્રવર્તીની રાજધાની કૌશલ (અયોધ્યા) નગરીમાં, ધર્મચક્રી સ્વયંપ્રભ—તીર્થંકર પધાર્યા. 'પ્રભુજી પધાર્યા છે' એ સાંભળતાં જ ચક્રવર્તીને મહાન હર્ષોલ્લાસ થયો...અને તરત જ ધામધૂમથી પ્રભુદર્શન માટે ચાલ્યા. સાક્ષાત્ તીર્થંકરના દર્શનથી ભાવિ તીર્થંકરને કેવો આનંદ થયો!—જેવો આનંદ સ્વાનુભૂતિમાં પરમાત્માને દેખતાં ધર્માત્માને થાય તેવો. જો કે બે તીર્થંકરોનું મિલન નથી થતું છતાં એક 'ભાવ—તીર્થંકર'ને બીજા 'ભાવિતીર્થંકર' (એક વર્તમાન ભાવનિક્ષેપરૂપ ને બીજા દ્રવ્યનિક્ષેપરૂપ) એમ બે તીર્થંકરોનું મિલન થયું. દ્રવ્યતીર્થંકરે ભાવતીર્થંકરને વંદન કર્યા.

અહો, એ તીર્થસ્વરૂપ સર્વજ્ઞ પરમાત્માની, ગણધરો અને ઈન્દ્રો પણ આરાધના કરતા હતા; અને મનુષ્યના ઈન્દ્ર એવા આ ચક્રવર્તી પણ પ્રભુની આરાધના કરતા હતા. તે દેખીને લોકો બરાબર સમજી જતા કે ઈન્દ્રપદ કે ચક્રવર્તીપદના વૈભવ કરતાંય આત્માના આ સર્વજ્ઞપદનો વૈભવ મહાન છે. એ આત્મવૈભવની પાસે સંસારના બધા વૈભવો તુચ્છ છે.

આપણા ચરિત્રનાયક ચક્રવર્તી અજિતસેન, તથા તેમના પિતા અજિતંજય—મહારાજા સ્વયંપ્રભ તીર્થંકરના ધર્મદરબારમાં પ્રભુદર્શન કરીને જિનવાણી સાંભળવા બેઠા. ત્રણકાળ ત્રણલોકના સમસ્ત પદાર્થો જેમના જ્ઞાનમાં સ્પષ્ટ ઝળકી રહ્યા છે એવા તે પરમાત્માની વાણીમાં તત્ત્વોનું અદ્ભુત સ્વરૂપ આવ્યું; અને સર્વ તત્ત્વોમાં શ્રેષ્ઠ શુદ્ધાત્માની અનુભૂતિ જ જીવને મોક્ષનું કારણ છે—એમ પ્રભુએ ઉપદેશ્યું.

ત્યારબાદ રાજા અજિતંજયે હાથ જોડીને પૂછ્યું : હે દેવ! આ સંસારમાં જીવ શુભ-અશુભ કર્મોથી કેમ બંધાય છે? ને તેનાથી છૂટકારો કેમ થાય?

ભગવાને આશ્ચર્યકારી દિવ્યધ્વનિ વડે તેનો ઉત્તર કહ્યો; પરંતુ ખૂબી એ હતી કે, ભગવાન બોલતા હોવા છતાં તેમનું મુખ ખૂલતું ન હતું કે હોઠ હાલતા ન હતા; આખાય શરીરમાંથી કોઈ અદ્ભુત રણકાર ઊઠતો હતો. તેમાં ભગવાને કહ્યું—

હે ભવ્ય! જીવનો સ્વભાવ ઉપયોગમય છે; તે ઉપયોગમાં ક્રોધ નથી, ક્રોધ કરવાનો તેનો સ્વભાવ નથી; છતાં જીવ જે ક્રોધાદિ કષાય ભાવો કરે છે તેને લીધે તે પુણ્ય-પાપરૂપ કર્મોથી બંધાય છે; પછી તે કષાય અશુભ હોય તો પણ કર્મો બંધાય છે ને શુભ હોય તો પણ કર્મો બંધાય છે. તે કર્મો વડે સંસારભ્રમણમાં જીવ દુઃખી થાય છે. અને જ્યારે જૈનધર્મ પામીને, તે ઉપયોગ અને ક્રોધનું ભેદજ્ઞાન કરે છે ત્યારે, ક્રોધથી જુદા એવા શુદ્ધ-ઉપયોગને જ તે કરે છે; તે શુદ્ધ ઉપયોગ વડે નવા કર્મો બંધાતા નથી ને જૂના બંધાયેલા કર્મો પણ છૂટી જાય છે, એટલે જીવ મોક્ષસુખ પામે છે. આ રીતે કષાયો વડે જીવ બંધાય છે ને વીતરાગી—શુદ્ધોપયોગ વડે તે મોક્ષ પામે છે.—

**જીવ રક્ત બાંધે કર્મ ને વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે;**
**આ જિન તણો ઉપદેશ, તેથી ન રાચ તું કર્મો વિષે.**

કષાય અને ઉપયોગની ભિન્નતાના ભેદજ્ઞાન વડે જીવને આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. ભેદજ્ઞાન થયા પછી પણ જ્યાં સુધી જીવ પુત્ર-પરિવારાદિના મોહમાં ફસાઈને અવ્રતીપણે રહે છે ત્યાં સુધી તે સર્વ કર્મોથી છૂટીને મોક્ષ નથી પામતો. માટે સંસાર-દુઃખથી ડરનારા મોક્ષાર્થી જીવે

રત્નત્રય–ધર્મની પૂર્ણ આરાધના કર્તવ્ય છે. ચારિત્ર વગરનું સમ્યગ્દર્શન, કે સમ્યગ્દર્શન વગરનું ચારિત્ર, તે મોક્ષને સાધી શકતું નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન-ચારિત્ર-ત્રણેની સંપૂર્ણતા જ મોક્ષને સાધે છે; માટે તે મુમુક્ષુનું કર્તવ્ય છે.

આ રીતે શ્રી જિનેન્દ્રદેવની વાણીમાં બંધનું તથા મોક્ષનું સ્વરૂપ સાંભળીને, તે રાજા અજિતંજયનું ચિત્ત સંસારથી વિરક્ત થયું; રાજપાટ છોડીને તેણે સાક્ષાત મોક્ષમાર્ગરૂપ શ્રામણ્યને અંગીકાર કર્યું ને શુદ્ધોપયોગમાં લીન થયા.

આપણા ચરિત્રનાયક ચક્રવર્તીને સમ્યગ્દર્શન તો પહેલેથી હતું; તેના પરિણામોમાં વિશુદ્ધિ થઈ, તેનો જ્ઞાનબગીચો ખીલી ઊઠ્યો, પરંતુ ચક્રવર્તીપદ છોડીને તે મુનિ ન થઈ શક્યા. મુનિપદની ભાવનાપૂર્વક, જિનદેવને વંદન કરીને, તેમજ હમણાં મુનિ થયેલા પોતાના પિતાજીના ચરણોની પૂજા કરીને તે ચક્રવર્તીએ પોતાની કૌશલનગરીમાં પુનઃ પ્રવેશ કર્યો; અને રાજ્ય સંભાળ્યું. દેશના બધા રાજા–મહારાજાઓ તેની આજ્ઞા સ્વીકારતા હતા; માત્ર રાજાઓ જ નહિ પણ છ ખંડમાં રહેનારા વ્યંતરદેવોને પણ તેણે વશ કરી લીધા હતા. જો કે હજારો દેવો તેની સેવા કરતા હતા પણ તે પોતે તો અંતરમાં 'દાસ ભગવંત કે, ઉદાસ રહે જગતસોં' એવું જીવન જીવતા હતા. ૧૪ રત્નો નહીં, એને તો ૧૪મું ગુણસ્થાન જોઈતું હતું; નવનિધાનમાં એનું ચિત્ત ન હતું, એને તો નવ ક્ષાયિકલબ્ધિ જોઈતી હતી.

(આપણે વાંચી રહ્યા છીએ–ચંદ્રપ્રભ તીર્થંકરની કથા : અને તેમાં તેમના પૂર્વના ચોથા ભવનું આ વર્ણન ચાલી રહ્યું છે,–જેમાં તેઓ અજિતસેન નામના ચક્રવર્તી છે.)

ભાવિ ભગવાન એવા તે અજિતસેન–ચક્રવર્તી, છ ખંડનો દિગ્વિજય કરવા છતાં અંતરમાં પોતાના અખંડ ચૈતન્યતત્ત્વને ભૂલ્યા ન હતા. છ ખંડની પ્રજાના હૃદયમાં વસ્યા હોવા છતાં એના હૃદયમાં તો પંચપરમેષ્ઠીનો જ વાસ હતો...બહારમાં પંચેન્દ્રિય–વિષયોની પૂર્ણતા હોવા છતાં એમાં એનું ચિત્ત સંતુષ્ટ ન હતું, એનું ચિત્ત તો પંચ–પરમપદની પૂર્ણતાને સાધવામાં જ ચોંટેલું હતું. ગૃહ-સ્થ હોવા છતાં એમની ચેતના તો ચૈતન્યસ્થ હતી, એટલે ગૃહી છતાં તેઓ મોક્ષમાર્ગી હતા. હવે માત્ર ત્રણ ભવ પછી તો તેઓ તીર્થંકર થઈને સિદ્ધાલયમાં પહોંચી જવાના છે.

તે આત્મસાધક ધર્માત્માને ચક્રવર્તીપદનુંય અભિમાન ન હતું; દેવ-ગુરુ પ્રત્યે પરમ વિનય–બહુમાન તેના ચિત્તમાં સદાય જાગૃત હતા. ભોજન સમયે રસ્તા પર આવી રોજ મુનિવરોને યાદ કરતા. એકવાર અરિન્દમમુનિરાજ પધારતાં, તેણે ભક્તિપૂર્વક આહારદાન દીધું... અને દેવોએ ત્યાં રત્નવૃષ્ટિ વગેરે પંચ આશ્ચર્ય પ્રગટ કર્યા.

## રાજસભામાં ચક્રવર્તીની વૈરાગ્ય ભાવના

એક દિવસ ચક્રવર્તી–અજિતસેન રાજસભામાં બેઠા છે; હજારો રાજાઓ મુગટ નમાવીને તેમનું અભિવાદન કરી રહ્યા છે; નગરજનો પણ તેમના દર્શનથી પ્રસન્ન થઈ રહ્યા છે. છતાં આ રાજ્યથી પાર કોઈ અમૂલ્ય નિધાનમાં જ મહારાજાની દૃષ્ટિ લાગેલી છે...તેમના મનમાં ઊંડે ઊંડે વૈરાગ્યનું ચિંતન ચાલી રહ્યું છે, કે ક્યારે આ ઉપાધિથી છૂટીને નિરુપાધિ–ચૈતન્યધ્યાનમાં સ્થિર રહું ! ક્યારે વનવાસી મુનિ થઈને વીતરાગ ભાવમાં વિચરું !!

સભાભવન વ્યવસ્થિત ચાલી રહ્યું હતું; એવામાં રાજાની દૃષ્ટિ રાજસભાના આંગણામાં એક ભવ્ય હાથી ઉપર પડી. તે મોટા બહાદુર હાથીને, વીર પુરુષો અનેક પ્રકારે ત્રાસ આપીને યુદ્ધની તાલીમ આપી રહ્યા હતા; ચારેકોર શસ્ત્ર–પ્રહારની પ્રતિકૂળતા વચ્ચે કઈ રીતે બહાદુરીથી લડવું તે શીખવતા હતા. તે દેખીને રાજાને થયું કે–અરે, આ દુઃખમય સંસારમાં ચારે કોરની પ્રતિકૂળતા વચ્ચે પણ શૂરવીરપણે આત્મસાધનામાં કઈ રીતે વિજય મેળવવો–એની તાલીમ પરમ ગુરુઓ ભવ્ય મુમુક્ષુને આપે છે...ને તેમાં મુમુક્ષુને આનંદ છે. આ યુદ્ધની તાલીમમાં તો હાથીને ત્રાસ છે. હાથીનો એ ત્રાસ દેખીને રાજાનું ચિત્ત સંસારથી ઉદાસ થયું. એવામાં તે હાથીએ એક માણસને સૂંઢમાં પકડ્યો ને પછાડી પછાડીને તેના ચૂરા કરી નાંખ્યા...બસ, જીવનની આવી ક્ષણભંગુરતા દેખીને, અને હાથીનો ત્રાસ દેખીને મહારાજા અજિતસેનનું ચિત્ત વિરક્ત થયું ને વૈરાગ્યથી તે ચિંતન કરવા લાગ્યા કે–

અરે, આ સંસાર ઘોર દુઃખોથી ભરેલા ઊંડા કૂવા જેવો છે; તેમાં આ મનુષ્યજીવન વીજળીના ઝબકારા જેવું અસ્થિર છે. આ શરીર–ધન–યૌવન–પરિવાર કે રાજ્ય કોઈ જીવની સાથે રહેવાનાં નથી. તે જીવનાં છે જ નહિ, છતાં તેમાં મોહ કરી-કરીને જીવ સંસારમાં ફસાઈ રહે છે. 'આજે આ કામ કરીશ, કાલે આ કરીશ, પછી આ કરીશ...' એમ પારકી ચિંતામાં ને ચિંતામાં એ પોતાના મૃત્યુને ભૂલી જાય છે કે હું આજ મરીશ કે કાલ મરીશ !–

**કરિષ્યામિ કરિષ્યામિ કરિષ્યામિ ઇતિ ચિન્તયા!**
**મરિષ્યામિ મરિષ્યામિ મરિષ્યામિ ઇતિ વિસ્મૃતમ્!!**

'કરીશ...કરીશ...કરીશ...' એવી ચિંતામાં લીન થયેલો મૂઢ જીવ 'મરીશ...મરીશ.... મરીશ...' એ વાત તો ભૂલી જ ગયો !–જાણે મરણ તો કદી આવવાનું જ ન હોય–એમ નિશ્ચિંતપણે મૂર્ખ જીવ બાહ્ય વિષયોમાં રોકાઈ રહ્યો છે ને મનુષ્યજીવન ગુમાવી રહ્યો છે.

વૈરાગી–ચક્રવર્તી ચિંતવે છે : અરેરે, સત્પુરુષોએ જેનો નિષેધ કર્યો છે એવા પાપોથી મૂઢ જીવ ડરતો નથી, નરકાદિ દુર્ગતિનાં ઘોર દુઃખોનો તેને ભય નથી ને ઇન્દ્રિય-વિષયોમાં તથા ક્રોધાદિ કષાયોમાં તે ફસાઈ રહ્યો છે. સંસારમાં બંધુ–બાંધવ સૌ ધનના સાથી છે, ધર્મમાં સાથ આપનારા ધર્માત્મા તો કોઈ વિરલ છે.

અરે, આ છ ખંડના પરિગ્રહમાં સુખ ક્યાં છે ? એ તો બધું કર્મનું ફળ છે. ક્રોધાદિ કષાયોથી સળગતા આ સંસાર–દાવાનળમાં જીવ બળી રહ્યો છે; તેને શાંત–વીતરાગી જ્ઞાનજળનું સીંચન કરવાથી જ શાંતિ થશે.

આમ નિજસ્વભાવના વીતરાગી ચિંતન વડે ચક્રવર્તી કહે છે : હે સભાજનો ! મારું ચિત્ત હવે આ સંસારથી વિરક્ત થયું છે. સંસારમાં એવા કોઈ ઇન્દ્રિયવિષયો બાકી નથી રહ્યા કે જેને આ જીવ ભોગવી ચૂક્યો ન હોય ! પણ એ વિષયોથી કદી જીવને તૃપ્તિ થતી નથી. વીતરાગ ભાવ વડે જ જીવને સાચું અતીન્દ્રિય સુખ-શાંતિ ને તૃપ્તિ થાય છે. એ સુખ માટે વીતરાગી સન્તો સાદ પાડીને મને મોક્ષમાં બોલાવી રહ્યા છે. જિનમાર્ગના પ્રતાપે મેં મારા ચૈતન્યસુખને જાણ્યું છે ને વિષયભોગોથી મારું ચિત્ત હવે પાછું વળ્યું છે. મારી વૃત્તિ હવે અંદર વળે છે. સંસાર-લતાને છેદવા માટે હવે હું શુદ્ધોપયોગ-તલવાર

ધારણ કરું છું. ચક્રવર્તીની ચંદ્રહાસ-તલવાર બહારના દુશ્મનોને ભલે જીતી શકે પણ અંતરના ક્રોધશત્રુને તે ક્યાં જીતી શકે છે? સમભાવરૂપ વીતરાગ-તલવાર વડે હવે હું ક્રોધશત્રુને જીતીશ ને મારા મોક્ષસામ્રાજ્યને પ્રાપ્ત કરીશ. ઘણી જ કઠીનતાથી મળેલ આ મનુષ્યજન્મ, તેમાં જે આત્મહિત નથી સાધતા તે મૂર્ખજીવો ફરીને સંસાર દરિયામાં ડુબે છે. પુણ્યના ફળરૂપ આ સંસારના સુખોની પ્રશંસા મૂર્ખ લોકો જ કરે છે; ખરેખર તો તે ઝેર મળેલા મિષ્ટાન્ન જેવા છે. જેમ હું અહીં દુશ્મનોને જીતીને ચક્રવર્તી થયો તેમ હવે મુનિદશામાં હું સમસ્ત પરભાવોરૂપી દુશ્મનોને પરાસ્ત કરીને ધર્મચક્રવર્તી થઈશ ને અખંડ મોક્ષસામ્રાજ્યને પ્રાપ્ત કરીને સદાય આત્માના શુદ્ધ સ્વરૂપમાં જ રહીશ.

વાહ! ચક્રવર્તીની આ ભાવના સભાજનો મુગ્ધપણે સાંભળી રહ્યા છે ને વૈરાગ્યરસમાં ઝૂલી રહ્યા છે...જાણે મહાન ધર્મસભા ચાલી રહી છે. વૈરાગ્યપરાયણ ભાવિતીર્થંકર મહાત્મા અજિતસેન કહે છે : આ પુત્રપરિવાર ને છ ખંડના વૈભવો કરતાંય વન-જંગલમાં ચારિત્રવૈભવથી મને વધુ સુખ થશે. હું હેયઉપાદેયનો જાણનાર, જન્મ—મરણથી ડરનાર, મુક્તજીવોની રત્નત્રયસંપત્તિને હૃદયથી ચાહનાર,—તે પણ જો વિષયોમાં આસક્ત રહેશે ને ઈન્દ્રિયવિષયોની સેનાને જીતીને મોક્ષને નહીં સાધે, તો—તો પછી મુક્તિકન્યા કુંવારી જ રહી જશે! (જો મુમુક્ષુ જીવો મુક્તિસુંદરીને નહીં વરે ને વિષયભોગોમાં જ આસક્ત રહેશે, તો પછી મુક્તિને વરશે કોણ?) બસ, આજે જ હું આ રાજલક્ષ્મીનો મોહ છોડીને, મોક્ષસુંદરીને વરવા તપોવનમાં જઈશ ને મારા આત્માને મોક્ષની સાધનામાં જોડીશ. બુદ્ધિમાન પુરુષો પોતાના હિતના અવસરમાં આળસ નથી કરતા.

હજી રાજસભામાં ચક્રવર્તી પોતાના વૈરાગ્ય-વિચારો પ્રસિદ્ધ કરે છે...ત્યાં તો...? શું બન્યું તે હવેના પ્રકરણમાં વાંચો.

* * *

## શ્રી મુનિરાજનું આગમન અને ચક્રવર્તીની દીક્ષા

આપણા ચરિત્રનાયક ભગવાન ચંદ્રપ્રભુનો જીવ પૂર્વના ચોથા ભવમાં અજિતસેન—ચક્રવર્તી છે; તે વૈરાગ્ય પામીને તપોવનમાં જવાનો પોતાનો નિશ્ચય રાજસભામાં પ્રસિદ્ધ કરે છે, ત્યાં તો...! શું બન્યું? તે હવે વાંચો.

વનનો માળી હર્ષપૂર્વક રાજસભામાં આવીને કહેવા લાગ્યો : હે મહારાજ! ગુણપ્રભ નામના મહા ગુણવાન આચાર્ય સંઘસહિત આપણી નગરીના ઉદ્યાનમાં પધાર્યા છે; તેમના આગમનથી બાગબગીચા ફળફૂલ ખીલી ઊઠ્યા છે ને ચારેકોર અદ્‌ભુત ચમત્કાર ફેલાઈ રહ્યો છે.

વાહ! રાજાને જે જોઈતું હતું તે જ સામે મળ્યું. આ ખુશખબર સાંભળીને તેના હર્ષનો પાર ન રહ્યો... અહા, જાણે તે મુનિભગવંતો મને મોક્ષમાં તેડવા માટે જ પધાર્યા હોય!—આમ પ્રસન્નતા પામીને પોતાનો રત્નહાર માળીને ઈનામ આપ્યો, ને આચાર્ય મહારાજની સન્મુખ પરોક્ષ નમસ્કાર કર્યા : અહો પ્રભો! આજે આપના મંગલ આગમનથી હું કૃતકૃત્ય થઈ ગયો; જેને ચિંતવતો હતો તે પરમેષ્ઠીપદ સામેથી મારા આંગણે આવ્યું...મને ચિંતામણિ મળ્યો.—આમ અત્યંત પ્રમોદપૂર્વક તે ચક્રવર્તી રાજા નગરજનો સહિત મુનિરાજના દર્શન માટે તપોવન તરફ ચાલ્યો.

વાહ, મહાત્માના સદ્‌ભાગ્ય તો જુઓ! પહેલાં ચક્રવર્તીપદમાં ચિંતિત સામગ્રી મળતી, હવે મોક્ષના સાધન માટે ચિંતિત સામગ્રી સ્વયમેવ આવી મળે છે. ખરેખર, મોક્ષના સાધકને આખુંય વિશ્વ અનુકૂળ જ પરિણમી રહ્યું છે. મોક્ષના સાધકને જગતમાં કોઈ પ્રતિકૂળતા છે જ નહીં.

**મહારાજા અજિતસેન તપોવનમાં પહોંચ્યા..નજર કરી ને મુગ્ધ બન્યા—અહાહા! જ્યાં જુઓ ત્યાં મુનિ...મુનિ....મુનિ....! કોઈ ધ્યાનમાં લીન છે...કોઈ સ્વાધ્યાયમાં મગ્ન છે...કોઈ ધર્મચર્ચા કરીને ભવ્યજીવોને અપૂર્વ ચૈતન્યતત્ત્વ બતાવી રહ્યા છે. ચારેકોર...બસ, રત્નત્રયમય મોક્ષમાર્ગનું વાતાવરણ છવાઈ ગયું છે. કષાયોનું કે વિષયોનું તો નામનિશાન ત્યાં નથી. અહા, આ તો પંચપરમેષ્ઠીની વીતરાગી નગરી વસી ગઈ છે... ને હું હવે સંસારનગરીમાંથી છૂટીને આ વીતરાગનગરીમાં પંચપરમેષ્ઠી ભગવંતો સાથે રહેવા આવી ગયો છું. અહા, કેવી અપૂર્વ શાંતિ છે આ નગરીમાં! આમ રાજાને અપૂર્વ આહ્‌લાદ થયો.**




એક બાજુ આચાર્ય શ્રી ગુણપ્રભસ્વામી ધ્યાનમાં સ્થિર હતા. અહા, કેવી શાંત મુદ્રા! મોક્ષમાર્ગમાં કેવી શાંતિ હોય, તે તેમની મુદ્રા દેખાડતી હતી; વચન વગર પણ તેમની મુદ્રા વચનાતીત શાંતિની પ્રતીત કરાવતી હતી. રાજા તો તેમની સન્મુખ બેસીને ચૈતન્યના અપાર મહિમા પૂર્વક મુનિજીવનની ભાવના કરવા લાગ્યો કે ‘બસ! હું પણ હવે હમણાં જ આવો મુનિ થઈશ ને મુનિવરોની સાથે રહીને આત્મસાધના કરીશ.’

મુનિવરોનો આશ્રમ પરમ શાંત છે. ચારેકોર વીતરાગતા છવાઈ રહી છે. ઝાડ પણ પ્રસન્નતાથી ખીલી રહ્યા છે. પશુ—પંખી શાંત થઈને મુનિચરણોમાં બેસી ગયાં છે...ને ઉત્સુકતાથી મુનિ સામે જોઈ રહ્યા છે. જીવ—જંતુનો કોઈ ઉપદ્રવ નથી. ગાયનું બચ્ચું સિંહણને ધાવે છે ને સિંહણનું બચ્ચું ગાયને માતા સમજીને ધાવે છે; કોઈને કોઈનો ભય નથી; સર્પ ને નોળિયો, વાઘ ને સસલાં—સૌ વેરભાવ છોડીને સાથે

જ બેઠા છે. શાંત–શીતળ વનમાં અદ્‌ભુત શોભા ખીલી ઉઠી છે. જાણે સમવસરણ જ હોય...એમ જીવોમાં સર્વત્ર રત્નત્રય ધર્મનો વિસ્તાર થઈ રહ્યો છે. સૌ જિનમાર્ગમાં તત્પર છે...મોક્ષને સાધવામાં મશગુલ છે. સંસાર તો કોણ જાણે ક્યાં દૂર દૂર ચાલ્યો ગયો છે!

કેટલીક વારે નિર્મોહી આચાર્યમહારાજનું ધ્યાન સમાપ્ત થયું; તેમણે આંખ ખોલી...રાજાએ વંદના કરી. મુનિરાજે પ્રસન્નદષ્ટિથી ધર્મવૃદ્ધિના આશીર્વાદ આપ્યા. ત્યારબાદ રાજાએ સ્તુતિ કરતાં કહ્યું–

હે પ્રભો જે બુદ્ધિમાન પુરુષ આપના સ્વરૂપનું ક્ષણભર ચિંતન કરે છે તેને પણ પરિણામ વિશુદ્ધ થઈ જાય છે, તો પછી આપના સાક્ષાત દર્શનની તો શી વાત! જેમ ચૈતન્ય પરમતત્ત્વનું સ્મરણ પણ મોહને તોડીને શાંતિ આપે છે, તો તે ચૈતન્યના સાક્ષાત અનુભવના આનંદની તો શી વાત! પ્રભો, આજ આપના દર્શનથી હું કૃત્યકૃત્ય થયો. હું મુનિદશાની ભાવના ભાવતો હતો ત્યાં જ મને આપની સાક્ષાત પ્રાપ્તિ થઈ. અહા, સાક્ષાત રત્નત્રય મને મળ્યા! મિથ્યાત્વ અંધકારમાં ડૂબેલું આ જગત આપના જ્ઞાનકિરણો વડે જ સમ્યક્ માર્ગને પામે છે. અધોગતિમાં આથડતા જીવોને આપ જ શરણ છો ને મોક્ષમહેલમાં પહોંચવા માટે આપ જ સોપાન-માર્ગ છો. અરે, એવો કયો અભાગી જીવ હોય કે જે આપને પામીને પણ ધર્મને અંગીકાર ન કરે?

આ રીતે હર્ષોલ્લાસથી મુનિરાજની સ્તુતિ કરતાં ચક્રવર્તી કહે છે–પ્રભો, આપના માર્ગને અંગીકાર કરતાં જ ભવભવનાં પાપો ક્ષણભરમાં દૂર થઈ જાય છે. બીજા કુમાર્ગોનું ઘણાકાળ સુધી સેવન કરીને પણ જીવો જે મુક્તિને દેખી નથી શકતા, તે મુક્તિ આપના દર્શનથી ક્ષણભરમાં નીકટ આવે છે ને જીવને આશ્ચર્ય પમાડે છે. મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિમાં દુશ્મન એવા ક્રોધ–માન–માયા–લોભને આપે જીતી લીધા છે, તેથી આપ જિન છો.–આમ વિનયપૂર્વક સ્તુતિ કરીને તે વૈરાગી રાજા મુનિરાજ સમીપ ધર્મશ્રવણ કરવા બેઠા.

તપોવનમાં ગુણપ્રભ–મુનિરાજ અને ચક્રવર્તી–અજિતસેન એ બે ભવ્યાત્માઓના મિલનથી ધર્મનું ગંભીર વાતાવરણ છવાઈ રહ્યું હતું. હજારો સભાજનો તે બંનેની ધર્મચર્ચા સાંભળવા આતૂર બન્યા હતા. શ્રી મુનિરાજે કહ્યું : દેખો જગતમાં રાજપદ તે ઘણાને મદનું કારણ છે...પરંતુ આશ્ચર્ય છે કે, આ ભવ્યાત્મા પાસે ચક્રવર્તીનો રાજવૈભવ હોવા છતાં તેને રાજ્યનો મદ નથી ને ધર્મપ્રત્યેની તેની નમ્રતા પ્રશંસનીય છે. વળી શુદ્ધ સમ્યકત્વાદિ ગુણોથી તે શોભે છે. તેને છ ખંડ સાધવાની એટલી ચિન્તા ન હતી કે જેટલી ચિન્તા મોક્ષને સાધવાની છે. એને સંસારસુખની ચાહ નથી, એને તો મોક્ષસુખની જ ચાહ છે,–એટલું જ નહિ, આ મહાત્મા એક ભાવિ–તીર્થંકર છે ને ચોથા ભવે તે ચન્દ્રપ્રભ–તીર્થંકર થશે.

મુનિરાજની અદ્‌ભુત વાત સાંભળીને સૌને અત્યંત પ્રસન્નતા થઈ; બધાય આશ્ચર્યથી તે ભાવિ–તીર્થંકરના દર્શન કરવા લાગ્યા. ત્યારે અત્યંત નમ્રતાથી તે અજિતસેન ચક્રવર્તીએ કહ્યું : હે સ્વામી! આપની મહાન કૃપા પામીને હું ધન્ય બન્યો. પ્રભો! મુનિ થવાના મારા મનોરથ છે. આપ પ્રસન્ન થઈને મારા મનોરથ પૂરા કરો..ને મને જિનદીક્ષા આપો. આ ભરતખંડનું નાનું રાજ્ય છોડીને હવે ત્રણલોકના જ્ઞાનથી ભરેલું સર્વજ્ઞતાનું સામ્રાજ્ય પ્રાપ્ત કરવા માટે રત્નત્રયથી શોભતા શુદ્ધોપયોગરૂપ ધર્મચક્રને હું ધારણ કરીશ.


અજિતસેન—ચક્રવર્તીના ઉત્તમ વૈરાગ્યભાવો જાણીને શ્રી આચાર્યમહારાજે તેને જિનદીક્ષા આપી. ચક્રવર્તીપદ છોડીને તેણે દિગંબરદશા ધારણ કરી ને આત્મધ્યાન વડે શુદ્ધોપયોગી થઈને આત્માને રત્નત્રયરૂપ પરિણમાવ્યો. ધન્ય તે મુનિરાજ ! લોકો આશ્ચર્યથી તેમને નીહાળી રહ્યા. છ ખંડના પરિગ્રહને ક્ષણમાં છોડીને અપરિગ્રહી થયેલા તે મુનિરાજના ચરણોમાં દેવો પણ નમસ્કાર કરવા લાગ્યા. જે હજારો દેવો પહેલાં ચક્રવર્તીરાજા તરીકે તેમની સેવા કરતા, તે દેવો હવે તેમને પરમેષ્ઠી તરીકે પૂજવા લાગ્યા.

જિનમુનિ થઈને તે મહાત્માએ ઉગ્ર આત્મસાધના કરવા માંડી. ધ્યાનચક્રનો મોહ ઉપર પ્રહાર કરીને પહેલે જ ધડાકે બાકી રહેલા ૧૨માંથી ૮ કષાયોને તો નષ્ટ કર્યા, ને છેલ્લા ચાર કષાયોને પણ મરણતુલ્ય કરી નાંખ્યા. તેઓ સહજ તપ કરતા, સ્વાધ્યાયમાં રત રહેતા, ઉપસર્ગોને ધૈર્યથી સહન કરતા, પરીષહમાં પણ આત્મસાધનાથી ચ્યૂત થયા વગર મોક્ષમાર્ગમાં નિશ્ચલ રહેતા; તેમને મરણાદિ સંબંધી કોઈ ભય ન હતો. ઘોર ગરમી હો, ઠંડી હો કે વરસાદ હો, ક્ષુધા હો કે તૃષા,—તેમનો શુદ્ધોપયોગ એક સરખો જ રહેતો હતો. તેમનું ચિત્ત સ્વકાર્યમાં જ લાગ્યું રહેતું. અનિત્ય—અશરણાદિ બાર વૈરાગ્યભાવનાઓના ચિંતનમાં તેમનું ચિત્ત સદા તત્પર રહેતું. એ રીતે, છ ખંડ છોડીને અખંડ ચૈતન્યની સાધનાપૂર્વક સમાધિમરણ કરીને તે (ચંદ્રપ્રભ તીર્થંકરના આત્મા, અજિતસેન—ચક્રવર્તીની પર્યાય છોડીને) અચ્યુત સ્વર્ગમાં ઈન્દ્રપણે 'શાંતકાર' વિમાનમાં ઊપજ્યા. વાહ, એ શાંતમૂર્તિ—જીવ અપૂર્વ આત્મશાંતિ સહિત જે વિમાનમાં ઊપજ્યા તેનું નામ પણ શાંત—કાર હતું. કુદરતનો કેવો સુમેળ ! દેવલોકના દિવ્ય-વૈભવોમાં મૂર્છા વગર તે મહાત્માએ પોતાની આત્મસાધનાને અસંખ્ય વર્ષો સુધી અખંડ રાખી. ત્યારપછી તેઓ આરાધના સહિત ક્યાં અવતર્યા ? તે હવે સાંભળો.

* * *

## ( ૫ )

## ચંદ્રપ્રભ—તીર્થંકરનો પૂર્વભવ (બીજો) : પદ્મનાભ રાજા



શ્રીધર મુનિરાજ પદ્મનાભરાજાને તેમના પૂર્વભવોની આ કથા સંભળાવતાં કહે છે કે હે ભવ્ય ! તે અચ્યુત સ્વર્ગમાંથી ચ્યુત થઈને પછી તમે અહીં રત્નસંચયપુરમાં આ પદ્મનાભ તરીકે ઊપજ્યા છો; હવે આ ભવમાં તીર્થંકર પ્રકૃતિ બાંધીને એક ભવ પછી તમે ભરતક્ષેત્રમાં ચંદ્રપ્રભ તીર્થંકર થશો.

વિશેષમાં મુનિરાજે કહ્યું—હે રાજન્ ! આજથી દશમા દિવસે તમારી નગરીમાં એક મોટો ઉન્મત્ત હાથી આવીને ઉપદ્રવ કરશે, તે ઉપદ્રવ તમારા નિમિત્તે શાંત થશે, ને તે પ્રસંગ ઉપરથી તમને આ બધી વાતોનો વિશ્વાસ દૃઢ થશે.

અહા, મુનિરાજના શ્રીમુખથી પોતાના પૂર્વભવોની આત્મસાધનાની આવી સરસ વાત સાંભળીને, તથા હવે એક જ ભવ પછી તીર્થંકર થઈને મોક્ષ જવાની મધુરી વાત સાંભળીને, તે

પદ્મનાભરાજાનું ચિત્ત હર્ષથી રોમાંચિત થયું, હજારો શ્રોતાજનોમાં આનંદ-ઉલ્લાસનું વાતાવરણ છવાઈ ગયું ને સર્વત્ર હર્ષમય ઉત્સવ થવા લાગ્યો. પદ્મનાભ રાજાએ મુનિરાજ સમીપે શ્રાવકના વ્રતો અંગીકાર કર્યા; ને ભક્તિપૂર્વક પુનઃપુનઃ પ્રણામ કરીને તે પોતાની રાજધાનીમાં આવ્યો. પોતાની આત્મસાધનામાં કઈ રીતે આગળ વધે છે તે આપણે જોઈશું.

તે ધર્માત્મા અને પુણ્યવંત રાજા પદ્મનાભ, કોઈના શીખવ્યા વગર જ પંચપરમેષ્ઠી પ્રત્યે સ્વાભાવિક વિનયવાન હતા; તેનું જ્ઞાન ઇન્દ્રિયોને જીતીને માત્ર અતીન્દ્રિયઆત્મા સાથે જ પ્રેમ કરતું હતું; આત્મા કરતાં બીજા કોઈ વિષયો તેને વહાલા ન હતા. વ્રતપૂર્વક તે વિદ્યાભ્યાસ કરતા હતા ને અધ્યાત્મવિદ્યા સહિત સર્વ વિદ્યામાં તે અત્યંત કુશળ હતા. જિનેન્દ્ર-ઉપાસનાની સાથે જ તે અનેકાન્તરૂપ જિન-વિદ્યાને પણ સમ્યક્‌પણે ઉપાસતા હતા; મુનિજનોને ભક્તિપૂર્વક આહારદાન દેતા હતા ને તેમનો સત્સંગ કરતા હતા; વિદ્વાનોનું સન્માન કરતા હતા; અવારનવાર તેઓ આત્મધ્યાન કરતા હતા ને નિરંતર પરમાત્મત્ત્વની ભાવનામાં રહેતા હતા.

હમણાં જ શ્રીધર મુનિરાજના શ્રીમુખથી પોતાના સાત ભવોની ઉત્તમ કથા સાંભળીને રાજા પદ્મનાભને ઘણી જ પ્રસન્નતા હતી...અહા! પોતાના મોક્ષની વાત સાંભળીને કોને ખુશી ન થાય! રાજા પદ્મનાભ આનંદપૂર્વક ધર્મસાધનામય જીવન વીતાવે છે; મુનિરાજે કહેલી વાતો ફરીફરી યાદ કરે છે. ચક્રવર્તીપદ કે ઇન્દ્રપદની વિભૂતિપણ આ જીવ પૂર્વ ભવમાં પામી ચૂક્યો છે, ત્યાં આ રાજ્ય—ભોગોની શી વાત!—એમ વૈરાગ્યપરિણામ કરે છે.

એ વાતને નવ દિવસ વીત્યા; દશમા દિવસે નગરીમાં એકાએક ભયંકર કોલાહલ થવા લાગ્યો. નગરજનો ભયથી આમતેમ દોડાદોડી કરવા લાગ્યા ને 'બચાવો...બચાવો' એમ બૂમ પાડવા લાગ્યા; હાથી ને ઘોડા પણ ભયથી ચીસો પાડતા ભાગવા લાગ્યા. 'શું થયું...શું થયું!' એમ ચારેકોર પોકાર થવા લાગ્યો.

ત્યાં તો રાજાએ જોયું કે એક ઘણો મોટો ને અતિ સુંદર હાથી નગર તરફ આવી રહ્યો છે; તે ગાંડો થઈને જે હડફેટમાં આવે તેને સૂંઢમાં પકડીને ઊંચે ફેંકે છે ને પગ નીચે કચરી નાંખે છે. લોકો તેનાથી ભયભીત થઈને આ કોલાહલ કરી રહ્યા છે. તે હાથીને દેખીને રાજાને મુનિરાજની વાત યાદ આવી; તેમના કહેવા પ્રમાણે જ બન્યું. મનમાં મુનિરાજને વંદન કર્યા; ને ક્ષણભરમાં હાથીને તાબે કરવા તે કટિબદ્ધ થયા. તેણે યુક્તિપૂર્વક હાથીને વશ કર્યો. હાથી પણ જાણે પુણ્યવંત રાજાને પારખી ગયો હોય તેમ શાંત થઈને તેની આજ્ઞામાં રહ્યો. તેના ઉપર બેસીને રાજા પદ્મનાભ નગરીમાં આવ્યા, ત્યારે નગરજનોએ વિજયનો ઉત્સવ કરીને તેનું ભવ્ય સ્વાગત કર્યું. હાથી પણ જાણે નગરજનોની ક્ષમા માંગતો હોય તેમ સૂંઢ ઊંચી કરી કરીને સૌને વંદન કરતો હતો. તે હાથીનું નામ 'વનકેલિ' હતું. રાજાને પુણ્યયોગે આવા ભવ્ય હાથીની પ્રાપ્તિ થઈ, અને હવે તે હાથી જ તેને મહા વૈરાગ્યનું નિમિત્ત થશે.

મહારાજા પદ્મનાભ એકવાર રાજસભામાં બેઠા હતા; એવામાં પૃથ્વીપાલ રાજા તરફથી એક રાજદૂત આવ્યો ને નમસ્કાર કરીને કહેવા લાગ્યો—હે મહારાજ! અમારો પ્રિય ગજરાજ વનકેલિ—હાથી તમારા રાજ્યની હદમાં આવ્યો; તેને તમે પકડી લીધો ને તમારી સવારી માટે રાખી લીધો. અમને એમ

હતું કે અમારો તે હાથી માનસહિત તમે અમને પાછો આપશો. તેને બદલે તમે તે હાથીને પોતાનો જ સમજીને રાખી લીધો છે. આ કાર્ય વડે તમે અમારા રાજાનું અપમાન કર્યું છે; માટે તમે તે હાથી પાછો આપી જાઓ.

—આ પ્રમાણે ગર્ભિત ધમકી સહિત તે દૂતે કહ્યું. ત્યારે રાજા પદ્મનાભ તે પૃથ્વીપાલ રાજાનો યુદ્ધ માટેનો લલકાર સમજી ગયો, પણ તે ધીર—ગંભીર રાજાનું ચિત્ત જરા પણ વ્યાકુળ ન થયું. દૂતને જવાબ દેવા માટે તેણે યુવરાજ તરફ આંખથી ઈશારો કર્યો.

કુશળ યુવરાજ સુવર્ણનાભ પિતાના ભાવને સમજી ગયો; તેણે દૂતને સંબોધીને કહ્યું—હે દૂત ! આવા વચન તું જ કહી શકે કેમકે તું દૂત છો,—બીજાએ તારા મોઢામાં મૂકેલા શબ્દો જ તું બોલી શકે છે. સાંભળ, તારા રાજા ગમે તેવા શક્તિશાળી હોય પણ તેનું અભિમાન તેનો જ નાશ કરશે. શું તારા રાજા પાસે બીજા હાથી નથી કે આ હાથીની ભીખ માંગવા તને મોકલ્યો છે ? જ્યારે આ હાથી ગાંડો થઈને અમારા પ્રજાજનોનો કચ્ચરઘાણ કરી નાખતો હતો ત્યારે તારો રાજા ક્યાં ગયો હતો ? એ વખતે અમારા મહારાજાએ મહાન પરાક્રમ વડે તેને જીતીને વશ કર્યો છે. અમારા પુણ્યયોગે જ તે હાથી અમારી નગરીમાં આવી ચડ્યો. તો પુણ્યયોગે અમને પ્રાપ્ત થયેલી ચીજ છીનવી લેવાનો તમને શું અધિકાર છે ?—આ પ્રમાણે ધમકાવીને દૂતને પાછો કાઢ્યો. આ રીતે હાથી પાછો ન આપ્યો તેથી બંને રાજાઓ વચ્ચે યુદ્ધની તૈયારી થઈ. યુદ્ધ માટે પ્રસ્થાન વખતે પણ ધર્માત્મા પદ્મનાભ પોતાની આત્મસાધનાને ભૂલ્યા ન હતા. રોજ સવારમાં રાગ—દ્વેષ વગરના ચિદાનંદ તત્ત્વને સમભાવથી અંતરમાં ધ્યાવતા હતા. પંચપરમેષ્ઠી ભગવંતોને પોતાના અંતરમાં બિરાજમાન કરીને તેમના વીતરાગી સ્વરૂપનું ચિંતન ને બહુમાન કરતા હતા. રસ્તામાં વન—પર્વતમાં કોઈ વાર મુનિરાજના દર્શન પ્રાપ્ત થતા ત્યારે તેને પરમ હર્ષ થતો ને ભક્તિપૂર્વક આહારદાન દેતા. કંઈક માનકષાયને લીધે યુદ્ધ માટે જતા હતા... છતાં કષાય વગરની આત્મશાંતિ પણ ભેગી હતી જ. ખરેખર, એ મહાત્માનું જીવન અટપટું હતું. રાત્રે સૈન્યના વીરપુરુષો સાથે માત્ર યુદ્ધની નહિ,—ધર્મની ચર્ચા પણ કરતા હતા. તેમની ચેષ્ટા સૈન્યને પણ મુગ્ધ કરતી. સંધ્યા સમયે જ્યારે સામાયિક—યોગમાં બેઠા હોય ત્યારે આશ્ચર્ય થતું કે અરે, આ તે રાજવી છે કે યોગી ? ક્યારેક સૈન્યના પડાવમાં આંટો મારીને અને લોકો સાથે હળીમળીને તે રાજા સૈન્યને પણ ખુશ કરતો હતો; એટલું જ નહિ, તેને દેખીને સેનાના હાથી—ઘોડા વગેરે પણ આનંદિત થઈને હર્ષનાદ કરતા હતા.

એ રીતે વનની પ્રાકૃતિક શોભા જોતા જોતા સેનાનું ગમન થઈ રહ્યું હતું. એકવાર એક મનોહર પર્વત પાસે પડાવ નાંખ્યો. એ સુંદર પર્વત પરથી અનેક મુનિવરો નિર્વાણ પામ્યા હતા. આવું શાંત—નિર્વાણધામમાં દેખીને રાજાને પ્રસન્નતા થઈ અને થોડા દિવસ શાંતિપૂર્વક અહીં રહેવાનો વિચાર કર્યો. તે દરમિયાન પૃથ્વીપાલ રાજાના ગુપ્તચરોએ રાજાને બાતમી પહોંચાડી કે રાજા પદ્મનાભ યુદ્ધ માટે તૈયાર થઈને આવી રહ્યા છે, તેમની સાથે મોટી સેના છે.

એ સાંભળતાં જ રાજા પૃથ્વીપાલ ક્રોધિત થયો ને તરત સૈન્ય લઈને યુદ્ધ માટે પદ્મનાભની સામે આવ્યો. જેમ જિનેન્દ્રપ્રભુની દિવ્યધ્વનિના નાદથી મુમુક્ષુની વીરતા જાગી ઊઠે, તેમ રણભેરીના નાદથી યોદ્ધાની વીરતા જાગી ઊઠી; ઘોડા હણહણવા લાગ્યા ને હાથીઓ પૃથ્વી પર સૂંઢ પછાડીને ચીંઘાડવા લાગ્યા. આત્મસાધનાના અવસરે વીર મુમુક્ષુ હર્ષથી રોમાંચિત થાય તેમ યુદ્ધનો પ્રસંગ દેખીને વીર

યોદ્ધાઓ શૌર્યથી રોમાંચિત થતાં હતા. યુદ્ધ તો માત્ર એક હાથી માટે હતું!—હાથી તો માત્ર નિમિત્ત હતો, ખરેખર તો બંને રાજાઓના માનકષાયનું યુદ્ધ હતું. એ જ વખતે રાજા પદ્મનાભની જ્ઞાનચેતના તે કષાયથી અલિપ્ત રહેતી હતી...ને મોક્ષને સાધી જ રહી હતી. એ જ ધર્માત્માની વિશેષતા છે કે, કોઈ પણ પ્રસંગમાં તેની જ્ઞાનચેતના મોક્ષને સાધવાનું કામ છોડતી નથી, ને સંસાર વધવા દેતી નથી. (પાઠક! તને યાદ હશે જ કે આ રાજા પદ્મનાભ તે જ આપણા ચંદ્રપ્રભ તીર્થંકરના આત્મા છે.)

બંને રાજાઓની સેના યુદ્ધ માટે સામસામી આવી ગઈ. જેમ મુમુક્ષુ મોક્ષને માટે શરીરનો ને સંસારનો મોહ છોડી દે છે તેમ યુદ્ધતત્પર તે યોદ્ધાઓએ શરીરનો ને સ્ત્રીનો મોહ છોડી દીધો. કેટલાક યોદ્ધાઓએ બખ્તર—કવચ પહેર્યાં, તો કેટલાક યોદ્ધાઓએ એમ સમજીને તે ન પહેર્યાં કે પુણ્યરૂપી કવચ જ અમારી રક્ષા કરશે, પછી બીજા કવચની શી જરૂર!

રાજા પદ્મનાભના સેવકોએ 'વનકેલિ'ને રત્નાભૂષણોથી ખૂબ જ શણગાર્યો હતો. સૌની નજર ત્યાં જ મંડાણી હતી—કે જેના માટે આ યુદ્ધ થઈ રહ્યું હતું. ગજરાજ વનકેલિ પણ જાણે પોતાના સન્માનથી પ્રસન્ન થઈ રહ્યો હતો, ને તેમાં વળી રાજા પદ્મનાભ (—એક ભાવિ તીર્થંકર) તેના પર આરૂઢ થયા હતા, પછી તેની શોભાનું શું કહેવું? તે હાથી, પહેલાં તો રણમેદાનમાં પોતાના પૂર્વપરિચિત રાજા પૃથ્વીપાલને તેમ જ બીજા હાથીઓને જોઈને, અર્જુનની જેમ ચમક્યો. પણ રાજા પદ્મનાભે પ્રેમપૂર્વક તેનું મસ્તક થાબડીને તેને શાંત કર્યો, એટલે તે તેની આજ્ઞામાં વર્તવા લાગ્યો.

બંને સેનાનો ભેટો થયો; યુદ્ધનો પ્રારંભ થયો. પૃથ્વીપાલ રાજા જો કે શૂરવીર હતો—બુદ્ધિમાન હતો, પણ અત્યારે ક્રોધે તેની ચેતના પર કબજો કરી લીધો હતો, તેને યુદ્ધ સિવાય બીજું કાંઈ સૂઝતું ન હતું. યુદ્ધમાં કોઈ મર્યા, કોઈ ઘાયલ થયા; ઘોર સંગ્રામ ચાલ્યો.—પણ વિશેષતા એ હતી કે ઘાયલ થઈને પડેલા દુશ્મનયોદ્ધા પર કોઈ પુનઃ પ્રહાર કરતા ન હતા; એટલું જ નહિ, કોઈવાર તો મૃત્યુશય્યા પર પડેલા યોદ્ધાને, તેને મારનાર યોદ્ધો જ ધર્મ (નમસ્કાર મંત્ર) સંભળાવતો હતો કે પાણી પાતો હતો. આ રીતે બંને યોદ્ધાઓ વેરભાવના સંસ્કારને ભૂલી જતા હતા.

એકાએક પૃથ્વીપાલના સેનાપતિ ચંદ્રશેખરે, પદ્મનાભના સેનાપતિ ભીમરથને માથામાં બાણ મારીને મૂર્છિત કરી દીધો. જ્યાંસુધી તે મૂર્છિત રહ્યો ત્યાંસુધી સામા સેનાપતિએ યુદ્ધ બંધ રાખ્યું. થોડીવાર પછી તેની મૂર્છા દૂર થઈ અને, જેમ બેભાન મુમુક્ષુવીરની ચેતના સદ્‌ગુરુના વચનથી જાગી ઊઠે ને મોક્ષનું પરાક્રમ કરીને તે મોહને જીતી લ્યે, તેમ ભીમરથની ચેતના જાગી ઊઠી ને ઘોર પરાક્રમ વડે તેણે સામા સેનાપતિ ચંદ્રશેખરને બાણથી વીંધી નાંખ્યો; તેનું મરણ થયું.

પૃથ્વીપાલના સેનાપતિનું મરણ થતાં તેની સેનામાં હાહાકાર થઈ ગયો; તરત તેનો યુવરાજ લડવા આવ્યો, પણ સામેથી વીર યુવરાજ સુવર્ણનાભે યુક્તિથી તેને જીવતો જ પકડી લીધો.

સેનાપતિ ચંદ્રશેખર મરાયો ને રાજકુમાર જીવતો પકડાઈ ગયો, તેથી અત્યંત ગુસ્સે થઈને રાજા પૃથ્વીપાલ પોતે યુદ્ધ કરવા તૈયાર થયો. તેણે પોતાનો હાથી સીધો પદ્મનાભ રાજા ઉપર ચલાવ્યો ને ભયાનક શસ્ત્રપ્રહાર કર્યો. રાજા પદ્મનાભ તો તૈયાર જ હતો, અત્યંત સાવધાનીથી તેણે પૃથ્વીપાલના શસ્ત્રનો ઘા ચૂકાવી દીધો, ને પોતાના વનકેલિને પૃથ્વીપાલના હાથી સાથે ભટકાવીને પૃથ્વીપાલ ઉપર

એવો શસ્ત્રપ્રહાર કર્યો કે પૃથ્વીપાલનું મસ્તક પૃથ્વી પર રઝળવા લાગ્યું.

બસ, રાજા પૃથ્વીપાલ મરાયો તેથી તેની સેના હતાશ થઈને ભાગવા માંડી. રાજા પદ્મનાભે તરત યુદ્ધ બંધ કરવાની આજ્ઞા કરી ને સૌને અભયવચન આપ્યું. થોડીવાર સર્વત્ર શાંતિ ને સ્તબ્ધતા છવાઈ ગઈ. એવામાં રાજા પૃથ્વીપાલનું માથું ભાલામાં પરોવીને પદ્મનાભ પાસે લાવ્યો...એ કરુણ દશ્ય જોતાં જ રાજા પદ્મનાભનું ચિત્ત એકદમ સંસારથી વિરક્ત થયું.... તે વિચારવા લાગ્યો—

અરે, એક હાથીને માટે આટલી હિંસા! થોડાક માન ખાતર આ રાજાએ પ્રાણ ગુમાવ્યા. આવા કષાયોવાળું ગૃહસ્થજીવન મને શોભતું નથી. પરમ શાંત—અકષાય મુનિજીવન જ શ્રેષ્ઠ છે.



રણભૂમિમાં રાજા પદ્મપ્રભનો વૈરાગ્ય અને મુનિરાજનું આગમન

અરે, પૂર્વભવે હું ચક્રવર્તી હતો ત્યારે મેં ૮૪ લાખ ઉત્તમ હાથીને ક્ષણમાં છોડીને દીક્ષા લીધી હતી, ને અત્યારે આ એક હાથીના મોહમાં હું કેમ ફસાયો? મોક્ષના સાધકને આ મોહબંધન શોભતું નથી. આવી ભાવનાથી પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાભાવ ધારણ કરીને, તેણે પૃથ્વીપાલના પુત્ર ધર્મપાલને (—કે જે યુદ્ધમાં જીવતો પકડાયો હતો તેને) મુક્ત કર્યો અને પ્રેમથી તેના માથે હાથ ફેરવીને કહ્યું : બેટા, તારા પિતાનું રાજ્યપદ તું સંભાળ. તું મારા યુવરાજ—સુવર્ણનાભનો મિત્ર થઈને રહેજે ને ધર્મનું પાલન કરજે..—આમ વૈરભાવ છોડી પ્રેમપૂર્વક તેને તેનું રાજ્ય પાછું સોંપ્યું; યુવરાજ સુવર્ણનાભનો રાજ્યાભિષેક કર્યો; અને પોતે મુનિદીક્ષા માટે તત્પર થયા : અરે!—

**જીવને પ્રેમ જેવું કોઈ બંધન નથી; વિષયો જેવું કોઈ વિષ નથી;**
**ક્રોધ જેવો કોઈ શત્રુ નથી; ને જન્મ જેવું કોઈ દુઃખ નથી.**

—માટે એ ચારેયનો નાશ કરીને હું મોક્ષના પરમ સુખને સાધીશ. કેમકે—

**વીતરાગતા જેવો કોઈ મોક્ષમાર્ગ નથી; જ્ઞાન જેવું કોઈ અમૃત નથી;**
**શાંતિ જેવો કોઈ મિત્ર નથી; ને મોક્ષ જેવું કોઈ સુખ નથી.**

## આકાશમાંથી મુનિરાજનું આગમન

હજી રાજા આવી વૈરાગ્યભાવનામાં તત્પર છે.. ત્યાં તો કુદરતના ઉત્તમ યોગે આકાશમાંથી શ્રીધરમુનિરાજ ઊતર્યા. અહા ! ઉપાદાન–નિમિત્તનો સુમેળ બન્યો. ગુરુ જાણે શિષ્યને તેડવા આવ્યા. આ તે જ શ્રીધર મુનિરાજ છે કે, થોડા વખત પહેલાં જેમની પાસેથી પદ્મનાભરાજાએ પૂર્વભવોની તેમજ ભવિષ્યમાં તીર્થંકર થવાની કથા સાંભળી હતી. અત્યારે ખરે ટાણે એ જ ગુરુનાં પુનઃ દર્શન થતાં રાજા ધન્ય બન્યો. પરમભક્તિથી હર્ષપૂર્વક તેમના ચરણોમાં વંદન કર્યા, અને તેમની પાસે જિનદીક્ષા અંગીકાર કરીને મુનિ બન્યા. મુનિ થઈને ધ્યાનમાં બેસતાં જ શુદ્ધોપયોગ સહિત સાતમું ગુણસ્થાન પ્રગટ્યું, રત્નત્રય પ્રગટ્યા. રાજપદમાં જેવું સુખ ન હતું તેવું સુખ મુનિપદમાં પ્રગટ્યું, એટલું જ નહિ...તેમને બાર અંગનું જ્ઞાન પણ તે જ સમયે અંતરમાં ખીલી ઊઠ્યું... આ ભવમાં શ્રુતકેવળી બન્યા ને ત્રીજા ભવમાં કેવળી પરમાત્મા બનશે. હવે બીજી બાજુ વનકેલિ હાથીની વાત સાંભળો.

## વનકેલિ–હાથીનો વૈરાગ્ય

પૂર્વના સ્વામી રાજા–પૃથ્વીપાલનું મૃત્યુ થયું અને હાલના સ્વામી રાજા–પદ્મનાભે જિનદીક્ષા લીધી,–એ બંને દૃશ્યો નજરે દેખીને બુદ્ધિમાન હાથી પણ એકદમ વૈરાગ્ય પામ્યો, તેનું ચિત્ત બધેથી એકદમ ઉદાસ થઈ ગયું. મુનિરાજના દર્શનથી ને ધર્મોપદેશથી તેની ચેતના પણ જાગી ઊઠી...હું પશુ નહિ, આ ક્રોધાદિ પણ હું નહિ, હું તો આ મુનિભગવંત જેવો શાંત સ્વરૂપ આત્મા છું–એમ તેણે વેદન કર્યું ને તે પણ સમ્યગ્દર્શનથી અલંકૃત થઈને પોતાના સ્વામી (–ભાવી ચંદ્રપ્રભતીર્થંકર)ના પગલે મુક્તિમાર્ગે ચાલવા લાગ્યો. અહા, ભાવિતીર્થંકરની સેવાનો યોગ જેને બન્યો તેનું કલ્યાણ થાય જ ને !

શ્રી મુનિરાજ–પદ્મનાભ જ્યાં–જ્યાં વિહાર કરતા, હાથી પણ આજ્ઞાકારી શિષ્યની જેમ ત્યાં જતો; મુનિરાજ ધ્યાન ધરતા ત્યારે હાથી પણ તેમની નજીકમાં ગુપચુપ બેસીને આત્મચિંતન કરતો. મુનિરાજની સમીપમાં જ રહીને અદ્‌ભુત વૈરાગ્યજીવન જીવતો. મુનિરાજના દર્શન કરવા આવનારા શ્રાવકો આ વૈરાગી હાથીને જોઈને આશ્ચર્યથી મુગ્ધ બનતા ને ધર્મનો અપાર મહિમા તેમના અંતરમાં જાગતો...કે અહા, આ હાથી પણ મુનિરાજના ઉપદેશથી જૈનધર્મ પામીને આવું સુંદર વૈરાગી જીવન જીવે છે, તે આપણે માટે પણ અનુકરણીય છે.–આમ અનેક જીવો હાથીને દેખીને વૈરાગ્ય પામતા. હાથી જ્યારે સૂંઢ નમાવીને મુનિરાજને નમસ્કાર કરતો ને મુનિરાજની દૃષ્ટિ તેના ઉપર પડતી, કે મુનિ હાથ ઊંચો કરીને તેને આશીર્વાદ આપતા... ત્યારે તે હાથી પોતાની ધન્યતા અનુભવતો હતો. (દૃશ્ય માટે જુઓ પાનું : ૩૬૮)

## દર્શનવિશુદ્ધિ આદિ ૧૬ ભાવના અને તીર્થંકરપ્રકૃતિ

મુનિરાજ શ્રી પદ્મનાભને સમ્યગ્દર્શન સહિત ૧૬ ઉત્તમ ભાવના હતી.–

(૧) સમ્યગ્દર્શનસહિત આઠ મૂળગુણના નિરતિચાર પાલનરૂપ દર્શનવિશુદ્ધિ હતી;
(૨) દેવ-ગુરુ-ધર્મ-જિનાગમ પ્રત્યે આદરરૂપ વિનયસમ્પન્નતા હતી;
(૩) શીલવ્રતોનું નિરતિચાર પાલન કરતા હતા;

(૪) નિરંતર નિયમપૂર્વક જ્ઞાનાભ્યાસમાં ઉપયોગ લગાવતા હતા, તેમાં પ્રમાદ કરતા ન હતા;

(૫) તેઓ સંસારદુઃખોથી ભયભીત રહેતા ને મોક્ષ સાધવા પ્રત્યે ઉત્સાહિત રહેતા;

(૬–૭) ત્યાગ અને તપમાં પોતાની શક્તિ લગાવતા હતા;

(૮–૯) સાધુજનોને આરાધનામાં વિઘ્ન ન થાય તે રીતે તેમની સેવા તથા વૈયાવૃત્ય કરતા હતા;

(૧૦–૧૧–૧૨–૧૩) અરિહંત પ્રત્યે, આચાર્ય પ્રત્યે બહુશ્રુતધારી સાધુઓ પ્રત્યે તેમ જ રત્નત્રયવંત સાધર્મીજનો તથા જિનપ્રવચન પ્રત્યે પરમ આદરરૂપ ભક્તિ હતી;

(૧૪) સામાયિક આદિ આવશ્યક–ક્રિયાઓ તેઓ બરાબર સાવધાનપણે નિયમિત કરતા, તેમાં આળસ કરતા ન હતા;

(૧૫) વિશેષ જ્ઞાન–તપ વડે તેઓ રત્નત્રયમાર્ગની પ્રભાવના કરતા હતા, ઉપદેશ વડે જિનધર્મનો વિસ્તાર કરતા હતા; અને

(૧૬) સાધર્મીજનો પ્રત્યે વાત્સલ્યભાવ રાખતા હતા.

—આ રીતે મોક્ષસુખની ભાવનાપૂર્વક આવી ૧૬ ભાવનાના વિશુદ્ધપરિણામ તેમને સહજપણે વર્તતા હતા, ને તેથી તે આસન્નભવ્ય મહાત્માની સેવા કરવા માટે તીર્થંકરપ્રકૃતિરૂપ શ્રેષ્ઠ નામકર્મ આવતું હતું; જો કે એમને તો આત્મવિકાસમાં તે તીર્થંકરપ્રકૃતિની કાંઈ જરૂર ન હતી....પણ તે શ્રેષ્ઠ પ્રકૃતિને બિચારીને રહેવા માટે આવા ભવ્ય–મહાત્માના શરણ સિવાય બીજું કોઈ સ્થાન ક્યાં હતું? તે ભગવંત નિષ્પાપ હતા, ધીર હતા, ગંભીર હતા, રત્નત્રયના ધારક અને ચાર આરાધનામાં તત્પર હતા; ભવસમુદ્રનો હવે તેમને કિનારો આવી ગયો હતો; તેઓ વારંવાર નિર્વિકલ્પ ધ્યાનમાં લીન થતાં હતા. વર્ષો સુધી અખંડ આરાધના કરીને આયુનો અંત સમય નજીક આવતાં તેમણે સલ્લેખના ધારણ કરી ને આત્મચિંતનમાં ઉપયોગ જોડીને દેહત્યાગ કર્યો. ભાવિ ચંદ્રપ્રભ એવા તે પદ્મનાભ મુનિરાજ, ૧૬ સ્વર્ગ ૯ ગ્રૈવેયક અને નવ અનુદિશ વિમાનોથી પણ ઉપર, અને મોક્ષનગરીની એકદમ નજીક એવા પાંચ અનુત્તર વિમાનમાંથી વૈજયન્ત–વિમાનમાં ઊપજ્યા.

## (૬) ચંદ્રપ્રભ ભગવાન : વૈજયન્ત વિમાનમાં

આપણા ચરિત્રનાયક ચન્દ્રપ્રભુને વૈજયન્ત વિમાનમાં તેત્રીસ સાગરનું આયુ હતું; દેવલોકનો આ અંતિમ ભવ હતો; હવે માત્ર એક મનુષ્યભવ બાકી હતો. વૈજયંત વિમાનમાં અહમિન્દ્રપણે તેઓ નિર્દોષ જીવન જીવતા હતા ને આત્મસાધના કરતા હતા. તેમને ગમનશક્તિ તો ઘણી હતી પણ વ્યાકુળતા ન હતી તેથી સ્વસ્થાન છોડીને તેઓ જ્યાં ત્યાં ઘૂમતા ન હતા. ચિત્તમાં અપાર જિનેન્દ્રભક્તિ હોવા છતાં તીર્થંકરોના પંચકલ્યાણકમાં પણ તેઓ મનુષ્યલોકમાં આવતા ન હતા. તેમના અવધિજ્ઞાનમાં જાણવાની શક્તિ તો ઘણી હતી પણ વારંવાર જ્યાં ત્યાં ઉપયોગ ભમાવતા ન હતા...કોઈવાર તીર્થંકરપ્રભુને દેખી લેતા હતા. અમૃત પોતાના કંઠમાં જ ભર્યું હોવા છતાં, હજારો વર્ષો સુધી તે અમૃતપાનની પણ ઈચ્છા તેમને થતી ન હતી. અહા, ચૈતન્યરસમય વીતરાગી અમૃતથી તેમનું જીવન એવું તૃપ્ત હતું કે દેવલોકનું દિવ્યઅમૃત પણ તેમને લલચાવી નહોતું શકતું. તેમના દેવવિમાનમાં કરોડો દેવો રહેતા, પણ તેમાં કોઈ મોટા–નાના ન હતા; બધા જ સરખા, પોતે જ પોતાના ઈન્દ્ર (અહમિન્દ્ર) હતા; બધાય સમ્યગ્દૃષ્ટિ, આત્મજ્ઞાની ને સ્વાનુભૂતિવંત હતા, અને ભેગા મળીને તેની જ ચર્ચા કરતા હતા. આ રીતે આપણા

ચરિત્રનાયક આત્મિક શાંતિની પ્રધાનતા સહિત તે દેવલોકમાં, સિદ્ધ ભગવંતોની પાડોશમાં અસંખ્ય વર્ષો સુધી રહ્યા.

પછી, આ ભવચક્રના અંતિમ ભવમાં, તે મહાત્મા ક્યાં અવતર્યા ને કેવી રીતે સુંદર આત્મસાધના પૂર્ણ કરીને, સર્વજ્ઞ પરમાત્મા (ચંદ્રપ્રભતીર્થંકર) થયા—તે હવે આપણે જોઈશું.

**(ઇતિ શ્રી ચંદ્રપ્રભ—ચરિત્રમાં, પૂર્વભવમાં પદ્મનાભ રાજા, વૈરાગ્યપૂર્વક મુનિદીક્ષા, સોળ ભાવના, તીર્થંકરપ્રકૃતિ અને દેવલોકગમન—તેનું વર્ણન પૂરું થયું.)**

* * *

## ચંદ્રપુરીમાં ચંદ્રપ્રભ—તીર્થંકરનો અવતાર

**જેમ ચંદ્ર–કિરણોના સંસર્ગથી ચંદ્રકાન્તમણિમાંથી અમૃત ઝરે છે તેમ હે ચંદ્રસ્વામી! આપનાં વચન–કિરણોના સંસર્ગથી અમારા જેવા ભવ્યાત્માઓના અંતરમાં વીતરાગી ધર્મરૂપી અમૃત ઝરે છે...શાંત–રસનો સમુદ્ર આપના દર્શનથી ઉલ્લસે છે. અહા, દૂરથી પણ આપ અમને આવી શાંતિ આપો છો તો હે પ્રભો ! આપ સ્વયં કેવા શાંતિમય છો !—ને અમારા અંતરમાં આવીને વસતાં અમને જે શાંતિ થાય છે—અહો ! તે તો વચનથી અગોચર અને કલ્પનાથી પાર છે. આવા હે ચંદ્રપ્રભુ ! આપની આ મંગલ જીવનકથાનું આલેખન કરતા અમારું ચિત્ત પરમ હર્ષિત થાય છે.**

* * *


## આ છે કાશીદેશની ચંદ્રપુરી નગરી

ઈક્ષુવંશના મહાસેન નામના મહાપ્રતાપી રાજા ત્યાં રાજ્ય કરે છે. તેઓ ઉદાર અને ગંભીર છે, પરાક્રમી અને ક્ષમાવંત છે, વિદ્વત્તા સાથે વિનયવંત છે ને ધની સાથે દાની પણ છે. તેમના ગુણો કેટલા કહેવા ? ટૂંકમાં એટલું જ બસ થશે કે તેઓ, ભવ્યજીવોને મોક્ષમાર્ગ દેખાડીને ભવથી પાર કરનારા એવા જગતગુરુ અષ્ટમ તીર્થંકરના પિતા થવાના છે અને તેમની મહારાણી લક્ષ્મણાદેવી જગમાતા તરીકે પૂજાવાની છે; અહા, જેના ઉદરમાં મહાપવિત્ર તીર્થંકરનો મંગલ આત્મા અવતરવાનો છે તેના ગુણોનું શું કહેવું?

## ચંદ્રપ્રભ—ગર્ભકલ્યાણક

આપણા ચરિત્રનાયક જે પહેલાં પદ્મનાભ રાજા હતા ને હવે ચંદ્રપ્રભ તીર્થંકર થશે, તેને વૈજયન્ત—વિમાનમાં અસંખ્ય વર્ષો વીતી ગયા; પછી જ્યારે તેનું છ માસ આયુ બાકી રહ્યું ત્યારે, ચંદ્રપુરીનગરીમાં દરરોજ કરોડો રત્નોની વૃષ્ટિ થવા લાગી; તેમજ ઈન્દ્રે દિગ્કુમારી દેવીઓને લક્ષ્મણામાતાની સેવા માટે મોકલી. તેમણે માતાનો દેહ અશુચી વગરનો શુદ્ધ કરી દીધો.—અહા ! જ્યાં તીર્થંકર જેવા પવિત્રાત્મા સવા નવ માસ સુધી રહેવાના છે તે સ્થાન અપવિત્ર કેમ હોય !

દેવીઓનું આગમન, રત્નોની વૃષ્ટિ વગેરે આશ્ચર્યકારી બનાવો સાથે છ માસ વીતી ગયા, ત્યારે એકવાર (ફાગણ વદ પાંચમે) મહારાણી લક્ષ્મણાદેવી સુખનિદ્રામાં સૂતા હતા ત્યારે રાતના પાછલા



પહોરમાં તીર્થંકરના આગમનસૂચક ૧૬ સ્વપ્નો તેમણે જોયા : (૧) ઐરાવત હાથી (૨) વૃષભ-બળદ (૩) સિંહ (૪) લક્ષ્મી (૫) બે મંગળમાળા (૬) ચંદ્ર (૭) સૂર્ય (૮) મીનયુગલ (૯) બે મંગળ કળશ (૧૦) સરોવર (૧૧) સમુદ્ર (૧૨) સિંહાસન (૧૩) દેવવિમાન (૧૪) નાગેન્દ્રભવન (૧૫) રત્નરાશિ અને (૧૬) નિર્ધૂમ અગ્નિ. અહા, તીર્થંકરનો આત્મા પોતાના ઉદરમાં પ્રવેશ્યો તે વખતે જોયેલા આ ૧૬ દિવ્યસ્વપ્નોથી મહારાણીને મહાન હર્ષપૂર્વક રોમાંચ થયો.

સવારમાં મહારાજાને મંગલ સ્વપ્નોની વાત કરી, અને તેનું ફળ પૂછતાં મહારાજાએ કહ્યું : હે દેવી! તારા ઉદરમાં અષ્ટમ્ તીર્થંકરનું આગમન થયું છે તેની સૂચનારૂપ આ મંગલ સ્વપ્નો છે. દેવી! તમે મહાકલ્યાણકારિણી છો... આપણા પરમ ભાગ્ય છે કે જગતપૂજ્ય આત્મા આપણે ત્યાં અવતરશે. અહા, મોક્ષગામી આત્મા આપણો પુત્ર થશે તો આપણે પણ અવશ્ય મોક્ષગામી જ છીએ. આમ તેઓ ખૂબ જ હર્ષાનંદ કરવા લાગ્યા.

આ પ્રસંગે ઇન્દ્રે આવીને તીર્થંકરના માતા-પિતા તરીકે તેમનું સન્માન કર્યું, સ્તુતિ કરી. આપણી નગરીમાં તીર્થંકરપ્રભુનો અવતાર થશે—એમ જાણીને આખી ચંદ્રપુરીના પ્રજાજનો ખૂબ જ આનંદોત્સવ કરવા લાગ્યા. સર્વત્ર તીર્થંકરના મહિમાની ચર્ચા ચાલવા લાગી : 'અરે, હજી તો જે ગર્ભમાં છે, જેનું મુખ પણ આપણે નથી જોયું, છતાં આપણને આવો આનંદ આપે છે, —તો પછી તેનું મુખ જોતાં આપણને જે આનંદ થશે—તેનું તો શું કહેવું!! 'વાહ રે વાહ! એક નાનકડા તીર્થંકરને આપણી નગરીમાં હરતા—ફરતા બોલતા આપણે નજરે જોઈશું...ધન્ય થશે! આપણું જીવન!'

આકાશમાંથી કરોડો રત્નોની વર્ષા રોજ ચાલુ જ હતી...પણ લોકો હવે તે રત્નોથી ધરાઈ ગયા હતા...હવે તો તીર્થંકર પાસેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનાં રત્નો લેવા તેઓ આતુર હતા, તેથી રત્નવૃષ્ટિનું તેમને આશ્ચર્ય થતું ન હતું.

વૈજયન્ત વિમાનમાંથી પ્રભુ અહીં પધારતાં તે વિમાનની શોભા ઘટી ગઈ ને આ ચંદ્રપુરીની શોભા વધી ગઈ. પુદ્ગલના પિંડમાં ક્યાં શોભા છે!—એ શોભા તો ચિદાનંદ પ્રભુના સાન્નિધ્યને લીધે જ છે. આ વિશ્વની શોભા ચૈતન્ય તત્ત્વને લીધે જ છે. વિશ્વમાં જે કાંઈ શોભા કે સુંદરતા છે તે જિનધર્મની આરાધનાને લીધે જ છે. જિનધર્મ વગરનું શું સ્વર્ગનું દેવપદ પણ શોભે છે? ના રે ના, એ તો મડદા જેવું કે નરક જેવું છે.


સામાન્યપણે સ્ત્રીઅવતાર તો નિંદ્ય ગણાય, છતાં લક્ષ્મણાદેવી, તીર્થંકરના આત્માના સ્પર્શથી સ્ત્રીઅવતારમાં પણ શોભી ઊઠ્યા ને જગતમાં પૂજ્ય બન્યા, ઇન્દ્રે પણ તેમનું સન્માન કર્યું. વાહ, 'દ્રવ્ય—

તીર્થંકર'નો આવો પ્રતાપ! તો કેવળજ્ઞાન પામીને સાક્ષાત ભાવતીર્થંકર થશે ત્યારના મહિમાની તો શી વાત!!—આવા મહિમાના ચિંતન વડે આત્માના અગાધ સ્વરૂપને લક્ષગત કરીને અનેક જીવો સમ્યક્ત્વ પામવા માંડ્યા. આ રીતે પ્રભુ ચંદ્રપ્રભુનો ગર્ભકલ્યાણક પ્રસંગ ઘણાય જીવોને કલ્યાણનું કારણ થયો, ને સર્વત્ર આનંદ—મંગલનું વાતાવરણ ફેલાઈ ગયું.

✻ ✻ ✻

## ચંદ્રપ્રભ—જન્મકલ્યાણક

ચંદ્રપુરીમાં આનંદપૂર્વક બીજા નવ માસ વીતી ગયા. માગશર વદ અગિયારશ આવી....બધાય ઉત્તમ ગ્રહોનો સર્વોત્કૃષ્ટ સુયોગ હતો. હજી તો મધરાત વીતી હતી, અંધારી રાત હતી છતાં ચંદ્રપુરીનગરી એકાએક કોઈ દિવ્ય પ્રકાશથી ઝળહળી ઊઠી. સૌ આશ્ચર્ય પામ્યા : અરે, આ શું છે! અંધારી રાતે આ દિવ્ય પ્રકાશ શેનો! ત્યાં તો દેવોનું આગમન થવા માંડ્યું ને ખબર પડી કે અહા! આ ભરતક્ષેત્રના આઠમા તીર્થંકર અહીં ચંદ્રપુરીમાં લક્ષ્મણાદેવીની કૂંખે અવતર્યા છે...પ્રભુનો જન્મ-કલ્યાણક



થયો છે તેના આ અજવાળાં છે. પ્રભુના પ્રતાપે જગતનો મિથ્યાત્વઅંધકાર પણ દૂર થશે.—આ પ્રમાણે પ્રજાજનોમાં આનંદનો કોલાહલ ફેલાઈ ગયો.

બીજી બાજુ—સ્વર્ગમાં, દેવોના દરબારમાં રત્નમય મંગલઘંટ એની મેળે વાગવા માંડ્યા, શંખનાદ અને સિંહનાદ થવા માંડયા, તેમ જ દેવોના દુદુંભી વાજાં વાગવા માંડ્યા; એ રીતે સમસ્ત દેવલોકમાં પ્રભુજન્મની આનંદ વધાઈ પહોંચી ગઈ. દેવોનાં આસન ધ્રૂજી ઊઠ્યા. અરે, તીર્થંકર—વિભૂતિ પાસે ઈન્દ્રવિભૂતિ કંપી ઊઠી. કેમ કે, તીર્થંકર ભગવાન જગતને જે ચૈતન્ય-વિભૂતિ દેખાડશે તેની પાસે હવે જગતના જીવો અમને (ઈન્દ્રપદની વિભૂતિનેય) તુચ્છ ગણશે,—એવી ચિંતાથી તે ઈન્દ્રાસન પણ ધ્રૂજી ઊઠ્યું. ત્યારે ઈન્દ્રે અવધિજ્ઞાનથી જાણ્યું : અહા! આ તો અમારાથી વિશેષ મહિમાવંત એવા ત્રિલોકપૂજ્ય તીર્થંકરનો ભરતક્ષેત્રમાં અવતાર! ચાલો....તેમનો જન્મોત્સવ કરવા મધ્યલોકમાં જઈએ.

એ રીતે ઈન્દ્રની આજ્ઞાથી સ્વર્ગપુરીના દેવો ચંદ્રપુરીમાં ઉત્સવ મનાવવા ધામધૂમથી દોડ્યા. એટલા બધા દેવોથી આકાશ છવાઈ ગયું કે સૂર્ય—ચંદ્ર પણ દેખાતા બંધ થઈ ગયા...કદાચ ચંદ્રપ્રભુના આત્મતેજથી ઝંખવાઈને તે સૂર્ય—ચંદ્ર છૂપાઈ ગયા હશે. દેવોના મુગટના ઝગઝગાટથી ત્યાં દિવસ—રાતનો કોઈ ભેદ ન રહ્યો. અસંખ્ય દ્વીપ—સમુદ્રરૂપ આ મધ્યલોક ઉપર બધે સૌધર્મ—ઈશાન સ્વર્ગ છે; સૌધર્મ સ્વર્ગમાં લાખલાખ વિમાનોની ૩૨ શ્રેણી છે, તેમાં દક્ષિણ દિશાની છેલ્લી શ્રેણીના ૧૮મા

કલ્પવિમાનમાં સૌધર્મઈન્દ્રનું રહેઠાણ છે; તે જો કે અહીંથી અસંખ્ય યોજન દૂર છે પરંતુ ઉલ્લાસને લીધે ઈન્દ્ર એટલી બધી ઝડપથી આવ્યો કે એક ક્ષણમાં અસંખ્ય યોજનનું અંતર કાપીને ચંદ્રપુરીમાં આવી પહોંચ્યો.

ઈન્દ્રની દિવ્યસેનામાં એક દેવે, દેવને બદલે તિર્યંચનું (ઐરાવત હાથીનું) રૂપ ધારણ કર્યું, છતાં તેને ખેદ ન થયો પણ ઉલ્લાસ થયો કે : 'અહા, મારા ઉપર બાલ–તીર્થંકર પ્રભુની સવારી થશે...એ મોક્ષગામી મહાત્માના નીકટ સ્પર્શથી હું ધન્ય બનીશ ને હું પણ જરૂર મોક્ષગામી થઈશ...અહા, તીર્થંકરની સેવાનું આવું ભાગ્ય આ દેવપર્યાયમાં મને ક્યાંથી?' પહેલાં તો મહાન ગૌરવથી તે દેવે એક લાખયોજન મોટા હાથીનું રૂપ બનાવ્યું....પણ પછી જેમ જેમ ચંદ્રપુરીની નજીક આવ્યો તેમ તેમ ભગવાનની ભવ્યતા પાસે તેને પોતાની તુચ્છતા સમજાણી એટલે તે પોતાનું રૂપ નાનું–નાનું કરતો ગયો ને ચંદ્રપુરી ઉપરના આકાશમાં આવીને થંભી ગયો. તેના ઉપરથી ઈન્દ્ર નીચે ઊતર્યો ને ઈન્દ્રાણીને માતા પાસે જિન-બાલક (દ્રવ્ય-તીર્થંકર)ને તેડી લાવવા મોકલી.

તે ઈન્દ્રાણીએ અંદર જઈને જ્યાં પ્રભુનું ભવ્ય રૂપ દેખ્યું ત્યાં તો તે આશ્ચર્યચકિત થઈ ગઈ. જો કે દેવલોકમાં ઈન્દ્રના દિવ્યરૂપને તે રોજ જોતી હતી છતાં તીર્થંકરના રૂપ પાસે તો તેને તે પણ ઝાંખું લાગ્યું.—ખરું જ છે, ચૈતન્યના અતીન્દ્રિય સુખની પાસે તો ઈન્દ્રિયસુખો ઝાંખા જ લાગે ને! હવે તે ઈન્દ્રાણી વિચારમાં પડી ગઈ કે આ બાળકને હું અહીંથી લઈ જઈશ તો માતા–લક્ષ્મણા પુત્રને ન દેખવાથી વ્યાકુળ બની જશે, એટલે તે બુદ્ધિમતી ઈન્દ્રાણીએ પોતાની ઉત્તમ વિક્રિયાથી એવા જ બીજા બાળકનું રૂપ બનાવીને માતાજીની ગોદમાં મૂક્યો ને જિન–બાળકને તેડીને ઈન્દ્ર પાસે ચાલી.

અહા, એ નાનકડા તીર્થંકરને ગોદમાં લેતાં જ ઈન્દ્રાણીનો આત્મા તો જાણે મોક્ષસુખનો આહ્‌લાદ થયો તેમ આનંદથી ઝણઝણી ઊઠ્યો...ચૈતન્યસુખની તેને પ્રતીત થઈ ગઈ ને એક ભવમાં મોક્ષ પામવાનો તેને પરવાનો મળી ગયો. હજી તો તેની માતા તીર્થંકરને તેડશે ત્યાર પહેલાં તો પ્રભુને તેડવાનું મહા સૌભાગ્ય ઈન્દ્રાણીને મળ્યું.—ધન્ય!

અદ્‌ભુત આનંદથી પ્રભુને અવલોકતી ને ખેલાવતી તે ઈન્દ્રાણીએ, ઈન્દ્રના હાથમાં પ્રભુને સોંપ્યા...અને ઈન્દ્ર તો પ્રભુને તેડીને આનંદથી નાચી ઊઠ્યો...પ્રભુનું દિવ્ય—આશ્ચર્યકારી રૂપ જોવા માટે પોતાના એક હજાર નેત્રોની તાકાત તેણે એક સાથે કામે લગાડી...પ્રભુનું રૂપ જોઈને એ તૃપ્ત-તૃપ્ત થયો. તેણે વિચાર્યું—અંદર અતીન્દ્રિય જ્ઞાનચક્ષુથી દેખાતું ચૈતન્યરૂપ સૌથી મહાન છે, ને બહારમાં હજાર નેત્રોથી દેખાતું આ જિન–રૂપ સૌથી શ્રેષ્ઠ છે. ઈન્દ્ર પોતે તો તે બંને રૂપને નીહાળનારો છે. તેણે ભક્તિ–દ્વારા પ્રસિદ્ધ કર્યું કે જગતમાં જિનપદ શ્રેષ્ઠ છે ઈન્દ્રપદ નહિ.

ઈન્દ્ર જિનપ્રભુને ખોળામાં લઈને ઐરાવત હાથી પર બેઠા. કરોડો દેવ–દેવીઓ આનંદથી નાચી ઊઠ્યા. આકાશમાર્ગે પ્રભુની સવારી મેરુ તરફ ચાલી. પ્રભુના જન્મોત્સવના આનંદની ધૂનમાં, પચાશ હજાર યોજન (ત્રીસ કરોડ કિલોમીટર) દૂર અને ૬૦ કરોડ કિ.મિ. ઊંચા મેરુ પર ક્યારે આવી પહોંચ્યા....તેની ખબરે ન પડી....ક્ષણમાં મેરુ પર પહોંચી ગયા. અનેક આકાશગામી મુનિવરો તેમ જ વિદ્યાધરો મેરુવંદના અર્થે આવેલા, તે સૌ પ્રભુના જન્મકલ્યાણકને જોવા ત્યાં રોકાઈ ગયા. અદ્‌ભુત

જિનમહિમા દેખીને....ચૈતન્યમહિમાના ચિંતનથી અનેક દેવો તેમ જ વિદ્યાધરો સમ્યક્ત્વને પામ્યા.—'ધન્ય અવતાર !'

હવે પ્રભુનો જન્માભિષેક કરવા દેવો ઉત્સુક બન્યા. તે માટે મેરુથી માંડીને કરોડો યોજન દૂર એવો ક્ષીરોદક નામના પંચમ–સમુદ્ર સુધી દેવોની હારમાળા ગોઠવાઈ ગઈ....ને ૧૦૦૮ સુવર્ણરત્નોના ઘડા ભરી–ભરીને એકબીજાને હાથોહાથ આપવા માંડ્યા. ઈન્દ્રે પોતાના ૧૦૦૮ હાથ બનાવીને તે ૧૦૦૮ કળશોથી એકસાથે બાલક–તીર્થંકરનો જન્માભિષેક કર્યો. ચારેકોર દૈવી-વાજાં વાગવા માંડ્યા. અભિષેક પછી ઈન્દ્રાણીએ પ્રભુને દેવલોકના દિવ્ય વસ્ત્રાલંકારોથી શણગાર્યા, સાથેસાથે પોતાના આત્માને દિવ્ય પુણ્યથી અલંકૃત કર્યો.અહીં કટાક્ષયુક્ત અલંકારથી પુરાણકાર કવિ કહે છે કે અરે, ઈન્દ્રાણીની જડતા તો જુઓ–કે વસ્ત્રવગરના નિર્ગ્રંથ–દિગંબર બાલતીર્થંકરને તેણે સગ્રંથ કર્યા. અહા, તીર્થંકરનો મહિમા તો જુઓ ! દેવો જેના સ્નાન માટે પાણી ભરે છે, ઈન્દ્ર જેને નવડાવે છે ને તે માટે અઢી કરોડ યોજન ૧૫૦ અબજ (૧૫૦,૦૦૦૦૦૦૦૦૦ કિ. મીટર) દૂરથી ક્ષીરસમુદ્રનું જળ ભરી લાવે છે, ક્ષીરસમુદ્ર જેની તાંબાકુંડી છે, પાંડુકશિલા જેનો પાટલો છે, સ્નાન માટેનો દૈવીરત્નકળશ તો આશ્ચર્ય ઉપજાવે એવડો મોટો (આઠ યોજનનો) છે. સ્નાન પછી સ્વર્ગનાં આભૂષણો વડે ઈન્દ્રાણી જેને શણગાર સજે છે; આવા અલૌકિક જેનાં પુણ્ય, તેની અંદરની આત્મસાધનાની શી વાત !!

આનંદમય જન્માભિષેક બાદ ઈન્દ્રે મેરુ ઉપર તાંડવનૃત્ય કર્યું અને તે બાલતીર્થંકરને 'ચંદ્રપ્રભ' એવું સંબોધન કરીને સ્તુતિ કરી :—


'ચંદ્રની પ્રભા જેવા શોભાયમાન હે દેવ! આપ આ ભરતક્ષેત્રના આઠમા તીર્થંકર છો....ભવ્યજીવોના અંતરમાં સુખના સમુદ્રને ઉછાળવામાં આપ ચંદ્રરૂપ છો...આપના રત્નત્રયધર્મનો આશ્રય કરીને અનેક જીવો ભવસમુદ્રને તરી જશે. ભવસાગરની વચ્ચે ડૂબતા જીવોને માટે આપ જહાજ સમાન છો. પ્રભો, આપનાં દર્શન અને આપના માર્ગનું સેવન જીવોને વિષય-કષાયના પાપોથી છોડાવે છે ને વૈરાગ્યમય સુખમાં જોડે છે. પ્રભો ! આપની સેવાથી, જીવોને ઈચ્છ્યા વગર પણ સુખ મળે છે. જેના હૃદયમાં આપ બિરાજો છો તે ભવ્યાત્માને મોક્ષસાધનામાં કોઈ વિઘ્ન આવતું નથી; જગતની સંપદા સામેથી ચાલી આવીને તેની સેવા કરે છે. અહા, દેવો અને મનુષ્યોની તો શી વાત ! પરંતુ પશુઓ પણ આપની સેવાથી પોતાનું કલ્યાણ કરશે. જેને આપના પ્રત્યે ભક્તિ નથી તેનું જીવન પશુ કરતાંય તુચ્છ છે.'

ઈન્દ્ર સ્તુતિ કરે છે : 'હે ચંદ્રપ્રભ દેવ ! આપને હવે ભવનો અભાવ થઈ ગયો...આપ જન્મરહિત થઈ ગયા; હવે આપ મોક્ષને જ ધારણ કરશો, ભવને ધારણ નહિ કરો. સ્વાનુભૂતિગમ્ય આપનો મહિમા ખરેખર અદ્ભુત ને અચિંત્ય છે.' આ પ્રમાણે સહસ્રજીભે સ્તુતિ કરતાં–કરતાં થાકીને છેવટે ઈન્દ્ર કહે છે–અરે, આપના સંપૂર્ણ ગુણોની સ્તુતિ કરનાર હું કોણ ? આપના સંપૂર્ણ ગુણોની સ્તુતિ તો દૂર રહો, જે ભવ્ય આપના પ્રત્યે શ્રદ્ધાથી માત્ર 'નમઃ' એવા બે અક્ષર કહે છે તેનાં પણ બધા પાપો નષ્ટ થઈ જાય છે ને આપના જેવા ગુણો તેને પ્રાપ્ત થાય છે. (–વન્દે તદ્‌ગુણ–લબ્ધયે....) આમ વિચારીને ઈન્દ્રે પ્રભુ ચરણોમાં અતિ ભક્તિપૂર્વક સાષ્ટાંગ નમસ્કાર કર્યા....અને પછી પ્રભુની સવારી લઈને પુનઃ ચંદ્રપુરીમાં આવ્યા.

અહા, ચંદ્રપુરીના હર્ષોત્સવની શી વાત! જ્યાં સામાન્ય દેવવિમાન આવતાં પણ લોકો આશ્ચર્ય પામી જાય, ત્યારે અહીં તો દેવલોકની વિભૂતિ લઈને ઈન્દ્ર પોતે ચંદ્રપુરીમાં આવ્યો અને તે ઉપરાંત બાલ–જિનેન્દ્રનું આગમન થયું...પછી તો આનંદ–આશ્ચર્યની શી વાત!! વળી બીજું એક આશ્ચર્ય એ બન્યું કે પંદર-પંદર મહિનાથી ચંદ્રપુરીમાં જે કરોડો રત્નોની દરરોજ વૃષ્ટિ થતી હતી તે રત્નવૃષ્ટિ આજથી બંધ થઈ ગઈ. 'ભગવાન નહોતા અવતર્યા ત્યાં સુધી તો રત્નવૃષ્ટિ થઈ ને ભગવાનનો અવતાર થતાં જ તે બંધ કેમ થઈ ગઈ ?'—હા...બરાબર છે !–કેમ કે ભગવાન તીર્થંકર જગતને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનાં રત્નો આપશે તેની પાસે હવે આ જડ-રત્નોની શી ગણતરી? મોક્ષનાં રત્નો છોડીને આ જડ–રત્નોને કોણ લેશે? આ તીર્થંકર–રત્નના સાક્ષાત દર્શન પછી જડ રત્નોની સામે હવે કોણ જોશે? બસ, એટલે જ તે રત્નોની વૃષ્ટિ શરમાઈને બંધ પડી ગઈ.

ઈન્દ્રે ભગવાનના માતા–પિતાનું સન્માન કર્યું; તેમની સમક્ષ મહાન આનંદ સહિત નાટક કર્યું...તાંડવ નૃત્ય કર્યું. એ રીતે ચંદ્રપુરીમાં ચંદ્રપ્રભજિનનો જન્મોત્સવ ઉજ્વીને તે પાછો સ્વર્ગપુરીમાં ચાલ્યો ગયો. કહે છે કે ઈન્દ્રે જાતી વખતે બાલતીર્થંકરના અંગૂઠામાં અમૃત મૂક્યું, તે ભગવાન ચૂસતા–અરે ભાઈ! તીર્થંકરના પોતાના સર્વ–આત્મપ્રદેશોમાં ચૈતન્યનું અમૃત ભર્યું હતું...તેને તેઓ ચૂસતા હતા....તે ચૈતન્ય અમૃતની મીઠાસ પાસે દેવલોકના જડ-અમૃતની શી ગણતરી? એટલે ઈન્દ્ર બિચારો શરમાઈને તે અમૃત પ્રભુચરણોમાં છોડી ગયો હશે!

બાલતીર્થંકર–ચંદ્રપ્રભ, શુક્લપક્ષના ચંદ્રની જેમ રોજરોજ વૃદ્ધિગત થવા લાગ્યા. સુપાર્શ્વનાથ તીર્થંકરના મોક્ષગમન પછી ૯૦૦ કરોડ સાગરોપમ વીત્યા બાદ ભગવાન ચંદ્રપ્રભ–તીર્થંકર થયા. દશલાખપૂર્વ તેમનું આયુષ્ય હતું. ૧૫૦ ધનુષ (=૧૫૦૦ ફૂટ, ૪૫૦ મીટર) ઊંચો તેમનો દેહ હતો. ચંદ્રલક્ષણથી ચિહ્નિત ચંદ્રપ્રભુનો તે દેહ ચંદ્ર કરતાંય વધારે કાંતિમાન તથા વધારે સૌમ્ય હતો, અને



તેમની અંદરની ભાવલેશ્યા તો એનાથીયે વધુ ઉજ્જ્વળ હતી. એ અમૃતભોજી મહાત્માના શરીરમાંથી જાણે અમૃત ઝરતું હતું. દેવીઓ તેમને આનંદથી રમાડતી, ઝૂલાવતી, મંગલ ગીત ગાતી ને તેમની સાથે મધુર વાર્તાલાપ દ્વારા તેમના અમૃત જેવા વચનો સાંભળીને ધન્ય બનતી.

**ઝૂલો રે ઝૂલો પ્રભુજી ઝૂલો રે ઝૂલો....**

**નાનકડા હે જિનરાજા, જ્ઞાનઝૂલે ઝૂલો....પ્રભુ ઝૂલો રે ઝૂલો.**

**માતા ઝૂલાવે, દેવી ઝૂલાવે, હાથી પણ ઝૂલાવે....કુંવર ઝૂલો રે ઝૂલો.**

**કેવળજ્ઞાને કૂદકો મારી સમકિત ઝૂલે ઝૂલાવો....પ્રભુજી ઝૂલો રે ઝૂલો.**
**આકાશે જેમ ચંદ્ર ઝૂલે પ્રભુ ચૈતન્યઝૂલે ઝૂલો....પ્રભુ ઝૂલો રે ઝૂલો...**

અહા, તીર્થંકરની સાથે રહીને તેમની સેવા કરવાનું સૌભાગ્ય મળતાં પોતાની દેવીપર્યાયને પણ તેઓ ધન્ય માનતી. આ પ્રકારનું ભાગ્ય શું સ્વર્ગની બધી દેવીઓને મળે છે?—નહીં; મહા ભાગ્યવતી કુમારિકા મોક્ષગામિની દેવીઓને જ તે લાભ મળે છે. સ્ત્રીપર્યાયને નિંદ્ય ગણવામાં આવી છે પણ તે વાત દેવીઓને, ઈન્દ્રાણીને કે લક્ષ્મણામાતાને લાગુ પડતી ન હતી. માતા—લક્ષ્મણાદેવી તો તીર્થંકરની માતા બનીને જગતના સર્વશ્રેષ્ઠ નારી બન્યા હતા, ને તેમની પર્યાય ધન્ય છે—એમ ઈન્દ્રોએ પણ સ્વીકાર્યું હતું.

ચંદ્રકુમાર સૌને આનંદ પમાડતા ઉછરી રહ્યા હતા. જેમ કિંમતી રત્ન, ઝવેરીઓની વચ્ચે હાથોહાથ એક હાથમાંથી બીજા હાથમાં ફરતું રહે...ને ઝવેરીઓ તેને દેખીને આનંદિત થાય, તેમ આ તીર્થંકર—રત્નને હાથોહાથ તેડીને રાજપરિવારના સભ્યો આનંદિત થતા હતા. એ બાલ-ચંદ્રની સાથે દેવ-બાળકો (—બાળકનું રૂપ ધારણ કરેલા દેવો) આનંદકારી રમત-ગમત કરતા; કયારેક નાનકડા હાથીનું રૂપ ધારણ કરીને સૂંઢની ઝૂલે બાલતીર્થંકરને ઝુલાવતા; ક્યારેક ભગવાન પોતે, દેવોએ ભેટ આપેલા દિવ્ય વાજિંત્ર વગાડતા અને મંગલ ચૈતન્યગીત ગાતા, ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ બની જતા : 'અહો રૂપં! અહો ધ્વનિ!' શું તેમનું અદ્‌ભુત રૂપ ને શી તેમની મધુર વાણી!!—જાણે કે તીર્થંકર થયા પહેલાં જ લોકોને તેમની દિવ્યધ્વનિનો સ્વાદ મળવા લાગ્યો. અહા, તીર્થંકરની સાથે રહીને તેમને હસતાં—ખેલતાં—બોલતાં નજરે જોવા એ કાંઈ સાધારણ વાત છે! સાતમા તીર્થંકરના મોક્ષગમન પછી અસંખ્યાત વર્ષો બાદ ભરતક્ષેત્રના જીવોને આ આઠમા તીર્થંકરના દર્શનનું મહાભાગ્ય મળ્યું. માત્ર ચન્દ્રપુરીના જ નહિ, દેશોદેશના પણ હજારો ભવ્ય જીવો રોજ રોજ તેમના દર્શન કરવા રાજમહેલના આંગણે ઊભરાતા. પ્રસન્નચિત્ત રાજકુમાર કોઈ વાર રાજમહેલના ઝરૂખામાં ઊભા રહીને તેમને દર્શન દેતા; તો કોઈ વાર મહેલની બહાર આવી લોકો સાથે પ્રસન્નતાથી વાત પણ કરતા. અહા, નાનકડા પરમાત્માના દર્શન પામીને ભારતના લોકો કૃતાર્થ બનતા. તે તીર્થંકર—રાજકુમાર કોઈવાર હાથી ઉપર બેસીને નગરીમાં ફરવા નીકળતા ત્યારે નગરજનો તેમને દેખીને અવર્ણનીય આનંદ પામતા. અહા, હાલતા-ચાલતા ભગવાન...તે ભગવાનના સાક્ષાત્ દર્શનથી જે આનંદ થાય તેની શી વાત!! બચપણમાં તેઓ ક્યારેક 'જલક્રીડા' તો કરતા પણ 'જડક્રિયા' કદી નહોતા કરતા. ગંગાનદી રાજહેલને સ્પર્શીને જ વહેતી હતી, ક્યારેક નાનકડા ચંદ્રકુમાર એ ગંગાનદીમાં નૌકા વિહાર કરતા. પ્રભુચરણના સ્પર્શે ગંગાનદી પાવન બનતી; અને ઘણું કરીને ત્યારથી જ લોકો એ ગંગાજળનો મહિમા કરવા લાગ્યા. એ લાડીલા રાજકુમાર કોઈક વાર મહેલમાં ગુપચૂપ સંતાઈ જતા, માતા—લક્ષ્મણા તેમને શોધવા ગોતાગોત કરતા, 'બેટા ચંદ્ર...ઓ ચંદ્ર!' એમ કહીને સાદ પાડતા; એમ તેમને પરેશાન કરીને પછી એકાએક 'મા...મા...' એમ બોલતા કુમાર બહાર આવી તેમને વળગી પડતા. એ રીતે બાળલીલાવડે માતાને આનંદ પમાડતા. મા તેને ઊઠાવીને અતિ વાત્સલ્યથી ચૂમી લેતી ને તેના માથે હાથ ફેરવીને અપાર વહાલ વરસાવતી.

## ચંદ્રપ્રભુનું પંચમગુણસ્થાન—આરોહણ તથા રાજ્યાભિષેક

બાલયોગ્ય કિલ્લોલ કરતાં કરતાં ને સૌને આનંદ પમાડતા-પમાડતા, તે પ્રભુ જ્યારે આઠ વર્ષના

થયા ત્યારે સહજવૃત્તિથી સ્વયમેવ દેશવ્રત ધારણ કરીને પંચમગુણસ્થાને પહોંચ્યા. પહેલાં ચાર કષાયોનો તો અભાવ કર્યો જ હતો, હવે બીજા ચાર કષાયોનો નાશ કરીને આત્મસાધનામાં આગળ વધ્યા. હજી આઠ વર્ષના થયા ત્યાં તો આઠ કષાયોને તોડી નાંખ્યા. તેમનું જીવન પાપ વગરનું પવિત્ર તો હતું જ, તેમાંય દેશવ્રત ધારણ કરતાં તેમની વિશુદ્ધિ ઘણી વધી ગઈ.

ગુણોમાં વૃદ્ધિગત થતા થતા તે બાલપ્રભુ હવે યુવાન થયા, અને રાજસભાના કાર્યમાં પણ ભાગ લેવા લાગ્યા. મહારાજાએ તેમના વિવાહ પણ કર્યા; જો કે તેમને કોઈ ઇન્દ્રિયવિષયોની આશા ન હતી, તેમ જ પ્રજા પાસેથી કર લેવાની પણ જરૂર ન હતી; તેમનું ચિત્ત તો મોક્ષલક્ષ્મીમાં જ લાગેલું હતું.

રાજકુમાર ચંદ્રપ્રભના આયુનો ચોથો ભાગ એટલે અઢી લાખ પૂર્વ જ્યારે વીત્યા ત્યારે મહારાજાએ ધામધૂમપૂર્વક તેમનો રાજ્યાભિષેક કર્યો. પ્રજાજનો ખુશ થયા; ખરેખર પ્રજાના હૃદય-સિંહાસને તેઓ બિરાજતા હતા. અરે, જન્મથી જ ઇન્દ્ર જેના સેવકપણે વર્તે છે એવા તે ભગવાન માત્ર ચંદ્રપુરી કે કાશીદેશના જ નહિ, ત્રણ લોકના અધિપતિ હતા. તેઓ રાજ્યશાસનની સાથે સાથે ધર્મશાસન પણ કરતા હતા.

✻ ✻ ✻

## હવે ચાલો....ચંદ્રપ્રભ-મહારાજાના રાજદરબારમાં


અહા, મહારાજા ચંદ્રપ્રભનો રાજદરબાર કેવો ભવ્ય છે! તેની શોભા અદ્ભુત છે; પણ તે રાજસભામાં રાજકાર્યની ચર્ચા બહુ ઓછી થાય છે, કેમકે પ્રજાજનો સર્વ વાતે સુખી છે. ક્યાંય યુદ્ધ—દુષ્કાળ—રોગચાળો કે લૂંટફાટ વગેરે કોઈ દુઃખ કે ભય નથી, તેથી પ્રજાને કાંઈ ફરિયાદ કરવાનું રહ્યું નથી. રાજ્ય સુવ્યવસ્થિત ચાલે છે; તેથી તે સંબંધી વિશેષ ચર્ચાની રાજસભામાં જરૂર જ પડતી નથી. એટલે રાજસભામાં પણ વિશેષ સમય ધર્મની ચર્ચા થાય છે; સૌ જિનધર્મનો મહિમા ગાય છે, અને તેમાંય ક્યારેક—ક્યારેક મહારાજા ચંદ્રપ્રભ પોતે ચૈતન્યતત્ત્વની સુંદરતાનું અદ્ભુત વર્ણન કરે છે ત્યારે તો, એ તીર્થંકરના શ્રીમુખથી ચૈતન્યમહિમા સાંભળીને સભાજનો મુગ્ધ બની જાય છે. ચાલો, આપણે પણ તેમના એક મધુર ગીતનો નમૂનો ચાખીએ.—

**આતમા આતમા આતમા રે....અહો અદ્ભુત ચિદાનંદ આતમા....**
**જેને દેખતાં તું થઈશ પરમાતમા રે....અહો અદ્ભુત ચિદાનંદ આતમા....**
**તારામાં શાંત થા, ધર્માત્મા જીવ થા; સ્વરૂપ બહાર તું ભમ મા રે....અહો૦**
**સમ્યક્ દષ્ટિ થા, ભ્રમ મટાડી, આનંદસ્વરૂપે તું લીન થા રે....અહો૦**
**આનંદનો દરિયો જ્ઞાન સ્વરૂપી, ઊછળે....એમાં તું મગ્ન થા રે....અહો૦**
**આવી ગયો છે....અવસર રૂડો, શાંત સ્વરૂપે તું સ્થિર થા રે....અહો૦**
**આતમરામ આ સુંદર મજાનો, દેખો...દેખો....નિજ અંતરે રે....અહો૦**

જાણે મધુર ચૈતન્યબંસરી વાગતી હોય તેમ પ્રભુ આત્મગીત ગાતા. પ્રભુના શ્રીમુખે ચૈતન્યમહિમા સાંભળતાં-સાંભળતાં કેટલાક જીવો ઊંડા ઊતરીને આત્મઅનુભવ પણ કરી લેતા...જાણે

કે અત્યારથી જ પ્રભુએ ધર્મતીર્થનું પ્રવર્તન શરૂ કરી દીધું હોય! આ રીતે તેમના પ્રતાપે રાજસભા પણ ધર્મસભા જેવી શોભી ઊઠતી. ચંદ્રપુરીમાં સાચે સાચું ધર્મરાજ્ય હતું. ખરેખર ભાગ્યશાળી હતા ત્યાંના નગરજનો, કે જેમને તીર્થંકરના દર્શન થતાં ને તેમની સાથે વાત કરવાનું તથા ધર્મશ્રવણનું મહાભાગ્ય પણ મળતું.

## મહારાજા ચંદ્રપ્રભ—વૈરાગ્ય



એ રીતે સુખપૂર્વક રાજ્ય કરતાં-કરતાં બીજા પાંચ-લાખ પૂર્વ વીતી ગયા. ૧૦ લાખમાંથી કુલ સાડાસાત લાખ પૂર્વનું આયુષ્ય વીત્યું. ત્યારે એક દિવસ ચંદ્રપ્રભ મહારાજાનો રાજદરબાર ભરાયો હતો; આજે પ્રભુની જન્મતિથિ (માગશર વદ ૧૧) હતી, તેથી આનંદોત્સવ થઈ રહ્યો હતો...એવામાં અચાનક એક આશ્ચર્યકારી બનાવ બન્યો. શું બન્યું? તે સાંભળો—

એક અત્યંત વૃદ્ધ ભયભીત પુરુષ લાકડીનો ટેકો લઈ, રાજસભામાં આવ્યો, ને મહારાજ ચંદ્રપ્રભને નમસ્કાર કરી ધ્રૂજતો-ધ્રૂજતો દુઃખપૂર્વક કહેવા લાગ્યો : હે મહારાજ! આપ દેવોથી પણ પૂજ્ય છો, આપનું હૃદય દયાળુ છે, આપ શરણાગત—વત્સલ છો; પ્રજાનાં દુઃખ દૂર કરનારા છો. હે દેવ! હું બહુ દીન—ભયભીત છું; આપ મારી રક્ષા કરો. મને બચાવો!

મહારાજાએ દયાભરી નજરે પૂછ્યું—ભાઈ! તને શું દુઃખ છે? શેનો ભય છે?

વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું : હે સ્વામી! એક નિમિત્તજ્ઞાનીએ મને કહ્યું છે કે આજ રાત્રે જ તારું મૃત્યુ થઈ જશે. તેથી મૃત્યુથી હું ભયભીત છું, કોઈ વિષયોમાં મને ચેન નથી; માટે આપ મને મૃત્યુથી બચાવો. અરેરે, શું આપના દેખતાં યમરાજ મને મારી નાંખશે? હે સ્વામી! જો તમે મને મૃત્યુથી ન બચાવી શકો તો પછી આપ 'મૃત્યુંજય' કેમ કહેવાશો?

બ્રાહ્મણની આ વાતનો એક મંત્રીએ જવાબ દેવા માંડ્યો : હે ભાઈ! તું ધીરજ રાખ. આયુષ પૂરું થતાં મૃત્યુ બધાય પ્રાણીઓને આવે જ છે. તે મૃત્યુથી કોઈ ઈન્દ્ર—નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ બચાવી શકતા નથી. ભગવાન ચંદ્રપ્રભ—મહારાજાએ આત્મસાધના વડે મોક્ષને સાધીને મૃત્યુને જીત્યું છે તેથી તેઓ 'મૃત્યુંજય' છે,—નહીં કે બીજા જીવોને મૃત્યુથી બચાવી લેવા માટે. હા, એટલું ખરું કે ભગવાને બતાવેલા મોક્ષમાર્ગને જે ઉપાસે તે મૃત્યુને જીતી શકે ને અમર પદને પામી શકે. ભગવાન જગતને માર્ગ દેખાડનારા છે પણ જગતના કર્તા-હર્તા નથી.

હજી તો મંત્રી જવાબ આપે છે, ત્યાં તો એકાએક બ્રાહ્મણ રૂપધારી તે પુરુષ ત્યાંથી અંતર્ધાન થઈ ગયો....સભાજનો એકદમ આશ્ચર્ય પામી ગયા. પણ મહારાજ ચંદ્રપ્રભ તો અત્યંત ગંભીર થઈને કોઈ ઊંડા વિચારમાં ઊતરી ગયા હતા.

સભાજનોએ પૂછ્યું—મહારાજ! આ બધું શું છે? એકાએક આ શી આશ્ચર્યકારી ઘટના બની રહી છે? આપ આવા ગંભીર વિચારમાં કેમ ઊતરી ગયા છો?

ત્યારે અવધિજ્ઞાનથી બધી વિગત જાણનારા મહારાજા ચંદ્રપ્રભ ધીર–ગંભીર સ્વરે બોલ્યા– સાંભળો, હે સભાજનો ! સભામાં જે વૃદ્ધ બ્રાહ્મણ આવ્યો હતો તે કોઈ મનુષ્ય ન હતો, પણ સ્વર્ગમાંથી એક દેવ, મને વૈરાગ્ય જગાડવા માટે તેવું રૂપ ધારણ કરીને આવ્યો હતો ને જીવનની ક્ષણભંગુરતા બતાવવા તેણે આ યુક્તિ કરી હતી. તેનું કામ પુરું થતાં તે ચાલ્યો ગયો. ખરું જ છે–સંસારી પ્રાણીઓનું જીવન અનિત્ય છે. અરે, દેવલોકના દેવો ભલે અસંખ્ય વર્ષનું આયુ ધરાવે છતાં તે પણ અંતે તો વિનશ્વર છે; આયુ પૂરું થતાં તે દેવને કે ઈન્દ્રને પણ કોઈ બચાવી નથી શકતું. માટે આ જીવનમાં આત્માની સાધના પૂર્ણ કરીને, આ ભવચક્રના જન્મ-મરણનો અંત કરી લેવાનો છે. તેના ઊંડાં વિચારમાં હું હતો. કેમ કે મારો આ અવતાર પૂર્ણ પરમાત્મપદને સાધવા માટે છે; આ સંસારમાં રહેવા માટે મારો અવતાર નથી. ઘણાં વર્ષો મેં રાજપદમાં વીતાવ્યા; ઈન્દ્રની આજ્ઞાથી ધર્મરુચિ નામનો તે દેવ, બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને મને રાજ્ય-ભોગોથી વિરક્ત કરવા માટે આવ્યો હતો; મને વૈરાગ્ય જગાડીને તે ચાલ્યો ગયો. અત્યાર સુધી મને જે શુભાશુભ કર્મોએ સંસારભ્રમણ કરાવ્યું તે બધા કર્મોને છેદીને હવે હું મોક્ષરૂપ પરમ પદને સાધીશ....તે માટે હું આજે જ જિનદીક્ષા અંગીકાર કરીશ.

સભાજનો તો પ્રભુની આ વાત સાંભળતાં એકદમ ચકિત થઈ ગયા. અરે, આ શી વાત !! બસ, પ્રભુનું ચિત્ત ક્ષણમાં સંસારથી વિરક્ત થઈ ગયું; હવે તેમને કોઈ રોકી શકે નહિ. એ વન-કેશરીને હવે ગૃહવાસના પીંજરે પૂરી શકાય નહિ. ઘણા પ્રજાજનો તો પ્રભુની પરમ શાંત વૈરાગ્યમુદ્રા દેખીને પ્રસન્ન થયા ને પોતે પણ વૈરાગ્ય પામીને પ્રભુ સાથે જ જિનદીક્ષા લેવાની ભાવના કરવા લાગ્યા. આખી રાજસભા ક્ષણ માત્રમાં વૈરાગ્યસભામાં ફેરવાઈ ગઈ. પ્રભુના જન્મોત્સવનો દિવસ એ જ વૈરાગ્યમય જિનદીક્ષાનો દિવસ બની ગયો.

✽ ✽ ✽



શ્રી ચંદ્રપ્રભુના વૈરાગ્યનો પ્રસંગ ઉત્તરપુરાણમાં બીજી રીતે આવે છે; તે આ પ્રમાણે—

મહારાજા ચંદ્રપ્રભુ એક દિવસે દર્પણમાં પોતાનું મુખ જોતા હતા...બરાબર એ દિવસે પ્રભુનો જન્મ દિવસ હતો. પ્રભુને દર્પણના પ્રતિબિંબમાં વિશેષતા દેખાણી....જાણે કે એક સાથે બે પ્રતિબિંબ દેખાતા હોય ! આશ્ચર્યથી વિચારતાં તેમને જાતિસ્મરણ થયું. પોતાના પૂર્વભવો દેખાયા. ચક્રવર્તીનો ભવ, મુનિદશા તેમજ દેવલોકનો દિવ્ય ભવ પણ તેમણે દેખ્યો. તેઓ ચિંતવવા લાગ્યા : અરે, ચક્રવર્તીના કે દેવલોકના દિવ્ય ભોગો પણ ક્ષણભંગુર નશ્વર છે, ત્યાં બીજા ભોગોની શી વાત ! અરે, એવા સુખને તે સુખ કેમ કહેવાય કે જે આત્મામાંથી ઉત્પન્ન ન થયું હોય ને પરાધીન હોય ? એવી લક્ષ્મીને તે લક્ષ્મી કોણ કહે કે જેનો મોહ કેવળજ્ઞાન–લક્ષ્મીને રોકે ? એવા બંધુજનો શું કામના કે જેમનો વિયોગ થઈ જાય ! આત્મામાંથી ઉત્પન્ન થયેલું સહજ સુખ તે જ સાચું સુખ છે; કેવળજ્ઞાન–સંપદા તે જ આત્માની સાચી લક્ષ્મી છે; અને સમ્યક્ત્વાદિ અનંત ગુણ પરિવાર તે જ આત્મનો સાચો પરિવાર છે. અરેરે ! એવું સંસારજીવન શું કામનું કે આયુનો અંત થતાં જેનો અંત થઈ

જાય! જે આયુને આધીન નથી એવું અનંત સિદ્ધજીવન એ જ આત્માનું સાચું જીવન છે. ભવ–ભવમાં દેહાદિ સંયોગો કેવા બદલતા રહે છે!–છતાં હું તો તે જ છું;–ચૈતન્યસ્વરૂપ મારો આત્મા જ મારે માટે ધ્રુવરૂપ છે, બાકી બધા સંયોગો મારે માટે અધ્રુવ છે.—

**મારો સુશાશ્વત એક દર્શન–જ્ઞાન લક્ષણ જીવ છે;**
**બાકી બધા સંયોગ–લક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.**

અને, પુણ્યફળનો ઉપભોગ પણ અધ્રુવ છે, તે જીવને ખિન્ન અને વ્યાકુળ કરે છે; વીતરાગી-કેવળજ્ઞાનમાં જ ખેદ અને થાક વગરના ધ્રુવ–સુખનો ભોગવટો છે. તેને પ્રાપ્ત કરવા હું આજે જ ચારિત્ર અંગીકાર કરીને મોક્ષને સાધીશ.—ભગવાન ચંદ્રપ્રભ આમ વિચારે છે ત્યાં તો મોક્ષની દૂતી એવી દીક્ષા, પ્રભુને મોક્ષમાં તેડવા માટે આવી પહોંચી. પ્રભુ મોક્ષસુંદરીને વરવા માટે દીક્ષા લેવા તૈયાર થયા. તે જ વખતે અવધિજ્ઞાનથી તે વાત જાણીને લૌકાંતિક દેવો ત્યાં આવ્યા. બ્રહ્મલોક નામના પાંચમા સ્વર્ગમાં ૮ પ્રકારના લાખો લૌકાંતિક દેવો રહે છે; તે દેવર્ષિઓ ઉપશાંતપરિણામી, બાર અંગધારી, વૈરાગી, બ્રહ્મચારી ને એકાવતારી છે. તેઓ માત્ર તીર્થંકરદેવના દીક્ષાકલ્યાણક સિવાય બીજા કોઈ પ્રસંગે મધ્યલોકમાં આવતા નથી. ચંદ્રપ્રભુની દીક્ષાના પ્રસંગે તે લૌકાંતિક દેવો ચંદ્રપુરીમાં આવ્યા ને પ્રભુને વંદન કરી, સ્તુતિ દ્વારા વૈરાગ્યની અનુમોદના કરવા લાગ્યા :–

**સુખ–દુખમાં જીવ એકલો, જન્મે–મરે જીવ એકલો;**
**છે ભવભ્રમણમાં એકલો ને મોક્ષમાં પણ એકલો.**

અહો જિનેન્દ્ર પ્રભો! આત્માના એકત્વને જાણીને આપ જે વૈરાગ્યભાવના ભાવી રહ્યા છો તે પ્રશંસનીય છે. ચારિત્રદશા માટેનો આપનો નિશ્ચય અતિ સુંદર અને મંગળકારી છે; આપનું ચારિત્ર જગતના જીવોને પણ કલ્યાણકારી છે. અમે પણ એ જ ચારિત્રદશાની ભાવના ભાવીએ છીએ. પ્રભો! આપ મુનિ થઈ શુદ્ધોપયોગ વડે અલ્પકાળમાં જ કેવળજ્ઞાન પામશો ને દિવ્યધ્વનિ વડે ભરતક્ષેત્રના ભવ્યજીવોને માટે મોક્ષમાર્ગનું પ્રવર્તન કરશો.—ધન્ય આપનો અવતાર!

—આ પ્રમાણે વૈરાગ્યની અનુમોદના કરીને તે લૌકાંતિક દેવો ચાલ્યા ગયા. એજ વખતે દીક્ષા માટેની દૈવી પાલખી લઈને ઈન્દ્રાદિ દેવો ત્યાં આવી પહોંચ્યા. જન્મોત્સવ કરતાં આ વખતના ઉત્સવની ધામધૂમ જુદી જાતની હતી. શાંતરસમય આ ઉત્સવ દેખીને અનેક રાજાઓ તેમ જ પ્રજાજનો વૈરાગ્ય પામ્યા ને પ્રભુના પગલે પગલે વનમાં જવા તૈયાર થયા.



પ્રભુ વનગમન માટે જ્યારે પાલખીમાં આરૂઢ થયા તે વખતે ઈન્દ્રે પ્રભુને સ્વહસ્તનું અવલંબન આપ્યું....અરે નહિ, પ્રભુના હાથમાં પોતાનો હાથ આપીને ઈન્દ્રે પોતે ભવથી તરવા માટે પ્રભુનું અવલંબન લીધું. 'અહા, પ્રભો! તમારી સેવાનું આવું ભાગ્ય અમને ક્યાંથી? ભવચક્રમાંથી મોક્ષપુરીમાં જવા માટેની આ તમારી છેલ્લી વાહન–સવારી છે; આ વાહન દ્વારા આપને અમારા શિરે લેતાં

અમારું જીવન ધન્ય બન્યું.'—આવી ભાવના ભાવતાં ભાવતાં પહેલાં રાજાઓ પાલખી ઉપાડીને ચાલ્યા ને પછી દેવોએ તે પાલખી લઈને આકાશમાર્ગે ગમન કર્યું. પ્રભુ ચૈતન્યસાધનાના વિમલ કાર્ય માટે વનમાં જવા જે પાલખીમાં આરૂઢ થયા તે પાલખી 'વિમલા' કહેવાણી. પ્રભુ તે પાલખીમાં બેઠાબેઠા વૈરાગ્યભાવના ભાવતા હતા.

## ચંદ્રપ્રભુએ ભાવેલી ૧૨ વૈરાગ્ય ભાવના

(રાગ—હરિગીત જેવો)


**જે જ્ઞાન–દર્શન માહરા તે ધ્રુવ મારું રૂપ છે;**
**એકત્વ છું ને શુદ્ધ છું બસ, એ જ મારું રૂપ છે.**

**ચેતનમયી મુજ આત્મમાં રક્ષિત થઈ રહેનાર હું;**
**નથી શરણ જોતું કોઈનું બસ, શરણ આતમરામનું.**

**એકત્વ જાણી આત્મનું બસ! લીન હું મુજ આત્મમાં;**
**અન્યત્વ સૌ પરભાવથી, સંયોગનું તો નામ ક્યાં?**

**આ દેહ ને વળી રાગ તે સૌ ચેતનાથી અન્ય છે;**
**એમાં નથી કંઈ સુખ મારું, ચિન્તવું મુજ આત્મને.**

**ભવચક્રમાં ભમવા છતાં પરમાતમા મુજ પાસમાં;**
**હું ધ્યાવતો નિજ આત્મને બસ, જઈ રહ્યો છું મોક્ષમાં.**



**શુચિરૂપ મારો આતમા, હું મલિનને સ્પર્શું નહીં;**
**ભાવો અશુચિ રાગના તે આત્મમાં લાવું નહીં.**

(હરખ હવે તું હિન્દુસ્તાન—એ રાગ)

**જ્ઞાનતણી નૌકામાં બેઠો, આસ્રવ સર્વે દૂર થયા;**
**ભવથી છૂટી મોક્ષે ચાલ્યો, દુઃખડા મારા દૂર થયા.**

**સંવર છે મુજ પરમમિત્ર ને હું જ સ્વયં બસ સંવર છું;**
**સમ્યક્‌રૂપી ઢાલ ધરીને, આસ્રવને અટકાવું છું.**

**રત્નત્રયમાં વૃદ્ધિ કરતાં, કર્મો ઝર–ઝર તૂટી પડે;**
**પરીષહોને સહતો આતમ મુક્તિપુરીમાં આવી રહે.**

**લોકભ્રમણ હવે નથી–નથી, બસ ! લોકશિખરમાં જાવું છે;**
**સાદિ–અનંત બસ સુખ જ વેદી, સિદ્ધપુરીમાં વસવું છે.**

**મુજ આતમનો ધર્મ જ ચેતન, દર્શન–ચારિત–જ્ઞાન છે;**
**ક્ષમા ધરમ છે મુજ આતમનો, રાગ રહિત વીતરાગ છે.**

**ભલે બોધિ છે દુર્લભ પણ તે પ્રાપ્ત થતી જિનમારગમાં,**
**ધન્ય બન્યો હું બોધિ પામી આનંદ જાગ્યો આતમમાં.**

**નથી સુંદર કંઈ જગમાં બીજું, બોધિ મારી સુંદર છે,**
**જે બોધિના પરમ બોધથી મુક્તિ મારી અંદર છે.**

(ઇતિ તીર્થંકર વૈરાગ્યચિંતન)

**(મુમુક્ષુઓ આ ભાવના મોઢે કરો, જીવનમાં સદાય કામ આવશે.)**

—આવી વૈરાગ્યભાવના ભાવતાં-ભાવતાં પ્રભુ ‘સકલઋતુ’ નામના વનમાં પધાર્યા. સકલઋતુ-વન જેમ સર્વઋતુમાં સર્વપ્રકારનાં ફૂલ–ફળ સહિત ખીલેલું પ્રસન્ન હતું તેમ ભગવાનના અંતરના વનમાં પણ સર્વઋતુમાં સુંદરપણે ખીલેલાં રત્નત્રય–પુષ્પોથી ચૈતન્યબાગ શોભી રહ્યો હતો...અહા, ચૈતન્યની અદ્‌ભુત શોભાને લીધે આખું જગત શોભી ઊઠે છે !

દીક્ષાવનમાં હજારો–લાખો દેવો ને મનુષ્યો, અરે વનનાં પશુઓ પણ, પ્રભુની વૈરાગ્ય પ્રવૃત્તિને અત્યંત આશ્ચર્યપૂર્વક નીહાળી રહ્યા હતા....આટલા બધા ઈન્દ્રિયવિષયોને તેમજ ઉત્તમ રાજ–ભોગોને પણ છોડીને આ મહાત્મા કોઈ દિવ્ય સાધના કરી રહ્યા છે, તો તે સાધનામાં ઈન્દ્રિયવિષયોથી પાર કોઈ અચિંત્ય–અતીન્દ્રિય પરમ સુખ પ્રાપ્ત થતું હશે !–એમ અનેક જીવોને આત્માના અતીન્દ્રિય સુખની પ્રતીત થઈ જતી હતી ને તેમનું ચિત્ત વિષયોથી વિરક્ત થતું હતું. પ્રભુએ સમસ્ત રાજવૈભવ સહિત વસ્ત્રાદિ સર્વ પરિગ્રહનો ત્યાગ કર્યો અને ‘ૐ નમઃ સિદ્ધેભ્યઃ’ એમ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરી, સ્વયં મુનિદીક્ષા અંગીકાર કરી. તેમની સાથે બીજા એક હજાર મુમુક્ષુજીવો પણ જિનદીક્ષા લઈને મુનિ થયા. મુનિરાજ ચંદ્રપ્રભને ધ્યાનરૂપ શુદ્ધોપયોગમાં તરત જ સાતમું ગુણસ્થાન, મનઃપર્યયજ્ઞાન તેમજ અનેક લબ્ધિઓ–એ બધું એક સાથે પ્રગટ્યું. મુનિપણું તો પૂર્વભવોમાં પણ તેમણે અભ્યાસેલું હતું જ, તે ઉપરાંત વિશેષ શુદ્ધિપૂર્વક પ્રભુ કેવળજ્ઞાન સાધવા તત્પર બન્યા.

## ધન્ય ચંદ્રપ્રભુ–મુનિભગવંત....તેમને નમસ્કાર હો!

મુનિદશામાં બે ઉપવાસ બાદ પ્રભુને પહેલું પારણું કરાવવાનો (–આહારદાનનો) મહાન લાભ નલિનપુરના સોમદત્ત રાજાને પ્રાપ્ત થયો; ત્યારે રત્નવૃષ્ટિ વગેરે પંચ–આશ્ચર્ય વડે દેવોએ પણ તે દાનનો

મહિમા કર્યો. ધ્યાનના બળે પ્રભુએ ઉત્તમ ક્ષમાદિ ધર્મોની આરાધના પ્રાપ્ત કરી અને ક્રોધાદિ કષાયોને મરણતુલ્ય કરી નાંખ્યા. પછી શુક્લ ધ્યાન વડે સાદ પાડીને પ્રભુએ કેવળજ્ઞાનને બોલાવ્યું; એટલે તે કેવળજ્ઞાન, નવલબ્ધિને તથા તીર્થંકરપદને સાથે લઈને, એકદમ ઝડપથી નજીક આવી રહ્યું હતું. એમનું વૈરાગ્ય–કવચ એવું મજબુત હતું કે કોઈ ઉપસર્ગ કે પરીષહ એમની આત્મસાધનાને અસર કરી શકતા ન હતા.

મુનિદશામાંય પ્રભુનો પ્રભાવ અચિંત્ય હતો. અનેક મુનિઓ તેમના શરણે આવતા, અને બોલ્યા વગર પ્રભુના દર્શનમાત્રથી પણ તેઓને સૂક્ષ્મ તત્ત્વોનું સમાધાન થઈ જતું. પ્રભુને પોતામાં તો કોઈ શંકા ન હતી ને તેમની નીકટ આવનાર જીવના અંતરમાં પણ તત્ત્વની કોઈ શંકા રહેતી ન હતી. અરે, એમના શરીરને સ્પર્શીને જે હવા આવતી....તેના વડે પણ રોગીના સર્વ રોગો મટી જતા હતા;– એવી અનેક લબ્ધિઓ હોવા છતાં પ્રભુને તેનું લક્ષ ન હતું, તેમનું ચિત્ત તો કૈવલ્ય–લબ્ધિને સાધવામાં જ લાગ્યું હતું.

સાધક–મુનિદશામાં ચંદ્રપ્રભુ લગભગ ત્રણ માસ રહ્યા....પછી ફાગણ વદ સાતમે તેઓ કેવળજ્ઞાન માટે કટિબદ્ધ થયા....ક્ષપકશ્રેણી ચડવા તૈયાર થયા. ક્ષાયિક સમ્યક્ત્વ તો તેઓ પહેલેથી જ પામી ચૂક્યા હતા; હવે ચૈતન્યના પરમાનંદને તન્મયપણે ધ્યાવતાં–ધ્યાવતાં, મુનિરાજ શ્રી ચંદ્રપ્રભુ મોક્ષની શ્રેણી ચઢવા માંડ્યા. ચારિત્ર–મોહનો ક્ષય કરવા માટે શુક્લધ્યાનચક્રને ધારણ કર્યું ને શુદ્ધતાના ‘અપૂર્વ પરિણામ’ વડે આઠમે ગુણસ્થાને આવ્યા. કર્મોનું બંધન ઝડપથી તૂટવા માંડ્યું; તરત તેઓ નવમા ગુણસ્થાને પહોંચ્યા. અહા, હવે એમની વૈરાગ્યપરિણતિ એટલી બધી વધી ગઈ કે, અત્યાર સુધી (અસંખ્ય વર્ષોથી સતતપણે) તીર્થંકરપ્રકૃતિનું જે કર્મ બંધાતું હતું તે પણ હવે બંધ થઈ ગયું. જેની પરિણતિ અતિ ઝડપથી મુક્તિ તરફ જઈ રહી હોય તે મુમુક્ષુને તો તીર્થંકર પ્રકૃતિનું પણ બંધન કેમ પાલવે? અહીં ક્રોધ–માન ને માયારૂપ કષાયોનો તો તેમણે સર્વથા અભાવ કર્યો ને પછી દશમા ગુણસ્થાને સૂક્ષ્મ લોભને છોડીને સર્વ કષાયરહિત અકષાય–વીતરાગ થયા. તે જ ક્ષણે, વચ્ચે ૧૧મા ગુણસ્થાનને સ્પર્શ્યા વગર, સીધા ક્ષીણમોહરૂપ ૧૨મા ગુણસ્થાને આવ્યા અને અતિ ઝડપથી (આંખના પલકાર માત્રમાં) બાકીનાં ઘાતી કર્મોને તોડી ૧૩મા ગુણસ્થાને પહોંચીને સર્વજ્ઞ–પરમાત્મા થયા. અહાહા! ધન્ય હતી એ ક્ષણ! કૃતકૃત્ય હતું એ પરમાત્મપદ! જ્યાં—સર્વે ભાવો અત્યંત શુદ્ધ અને પૂર્ણ જ્ઞાતા–દૃષ્ટારૂપ વર્તતા હતા, અને સાથે અતીન્દ્રિય સુખ પણ પૂર્ણતારૂપ પરાકાષ્ટાને પામ્યું હતું; તેઓ ‘સ્વયંભૂ’ ભગવાન હતા કેમકે સર્વજ્ઞતા માટે તેમણે પોતાના આત્મસ્વભાવ સિવાય કોઈ બીજાનું આલંબન લીધું ન હતું. મહાન સંતો પણ એ દશાની અનુમોદના કરે છે કે—

**અત્યંત આત્મોત્પન્ન વિષયાતીત અનુપ અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગ–પ્રસિદ્ધને.**
**સર્વજ્ઞલબ્ધસ્વભાવ ને ત્રિજગેન્દ્ર પૂજિત એ રીતે,**
**સ્વયમેવ જીવ થયો થકો તેને ‘સ્વયંભૂ’ જિન કહે.**
**પ્રક્ષીણ ઘાતીકર્મ અનહદ વીર્ય અધિક પ્રકાશ ને**
**ઇન્દ્રિય–અતીત થયેલ આત્મા જ્ઞાન–સૌખ્યે પરિણમે.**

અહો, એ જ્ઞાન અને એ સુખના મહિમાની શી વાત!–જેની ઓળખાણ અને પ્રતીત કરતાં મુમુક્ષુજીવને પોતામાં પણ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય સુખનો સ્વાદ આવી જાય છે એટલે સમ્યગ્દર્શન થઈ જાય છે.

ચંદ્રપ્રભ ભગવાન સર્વજ્ઞ થયા. સર્વજ્ઞ થતાં જ તેમનો મહાન આનંદસમુદ્ર જાણે કે આખા લોકમાં ઉલ્લસ્યો હોય, તેમ ક્ષણભરને માટે ત્રણે લોકના સમસ્ત જીવોમાં બેઘડી સાતાનું વાતાવરણ છવાઈ ગયું......નરકના જીવો એ સાતાના વેદનથી આશ્ચર્યચકિત થઈ ગયા ને જિનેન્દ્રમહિમાનુ ચિંતન કરતાં કરતાં, સુખસ્વભાવી આત્માની પ્રતીત કરીને કેટલાય જીવો સમ્યગ્દર્શન પામી ગયા....એ જ રીતે દેવોમાં, મનુષ્યોમાં ને તિર્યંચોમાં પણ અનેક જીવો ધર્મ પામ્યા....આઠમા તીર્થંકરના ધર્મચક્રનું પ્રવર્તન થવા માંડ્યું.

કેવળજ્ઞાની–તીર્થંકર પ્રભુના મહિમા પાસે જાણે નમ્રીભૂત થઈ જતું હોય તેમ ઈન્દ્રનું આસન ડોલી ઊઠ્યું....તે વખતે–ઈન્દ્રે તીર્થંકરપ્રભુના કેવળજ્ઞાન–કલ્યાણકનો પ્રસંગ જાણીને, તરત ઈન્દ્રાસન ઉપરથી નીચે ઊતરીને, અદ્‌ભુત મહિમાથી આનંદપૂર્વક તે સર્વજ્ઞદેવને નમસ્કાર કર્યા....અને દેવોના સમૂહસહિત ચંદ્રપ્રભુના કેવળજ્ઞાનની પૂજા કરવા આવ્યો.

પ્રભુએ ચંદ્રપુરીના જે વનમાં મુનિદીક્ષા લીધેલી તે જ વનમાં (ફાગણ વદ સાતમના દિવસે) કેવળજ્ઞાન પામ્યા. ઈન્દ્રની આજ્ઞાથી કુબેરે અદ્‌ભુત શોભાવાળા સમવસરણની રચના કરી; જાણે દેવલોકની બધી શોભાને અહીં પ્રભુની સેવામાં ઉતારી. અને તીર્થંકર પ્રભુના સુયોગથી તો તે સમવસરણ–ધર્મદરબારની શોભા એવી વધી ગઈ કે તે જોઈને ઈન્દ્રનેય આશ્ચર્ય થયું–કે આવી અદ્‌ભુત સુંદરતા રચવાની અમારી શક્તિ નથી; આ અદ્‌ભુત રચના તો તીર્થંકર પ્રભુના પુણ્યપ્રતાપે જ થઈ છે. અહા, ઈન્દ્ર પણ જેને દેખીને આશ્ચર્ય પામે તે સમવસરણની ને તે ભગવાનની શોભા કેવી હશે!!–જેનો મહિમા વિચારતાં મુમુક્ષુને ચૈતન્યનો મહિમા લક્ષમાં આવે ને સમ્યગ્દર્શન થઈ જાય–એવી!

વાહ રે વાહ......સમવસરણ એટલે તો રત્નત્રય–ધર્મની પેઢી, જ્યાં 'આત્મગવેષી મુમુક્ષુને' મનગમતાં ચૈતન્ય–રત્નો મળે છે. ચંદ્રપ્રભુની એ ધર્મનગરી સાડાઆઠ યોજન વિસ્તારમાં ફેલાયેલી હતી. વચ્ચે સમવસરણને સ્પર્શ્યા વિના જ વીતરાગપ્રભુ ચૈતન્યના સુંદર પિંડલારૂપે બિરાજતા હતા. ઉપર રત્નત્રય જેવા સુશોભિત 'ત્રણ છત્ર' એમ પ્રસિદ્ધ કરતા હતા કે ભગવાને રત્નત્રય વડે આ પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે....માટે હે ભવ્ય જીવો! તમે પણ તે રત્નત્રયનું સેવન કરો.

'અશોકવૃક્ષ' પ્રસન્નતાપૂર્વક એમ બોલી રહ્યું હતું કે–ભગવાન સર્વજ્ઞની સમીપતા પામીને હું 'અશોક' બની ગયું. હે ભવ્ય જીવો! તમે પણ ભગવાનના સાન્નિધ્યમાં આવો, પ્રભુનું સાન્નિધ્ય પામીને તમે પણ અ-શોક (શોક વગરના, આનંદરૂપ) બની જશો.

અને 'દુદુંભીવાજાં' દિવ્યનાદ વડે એવી ઘોષણા કરતા હતા કે–આ જિન ભગવાને મોહ શત્રુને જીતીને કૈવલ્ય–સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે....તમે પણ મોહવિજેતા થવા માટે આ પ્રભુના માર્ગે આવો.

દેવ–મનુષ્ય–તિર્યંચોનાં ટોળેટોળાં ચંદ્રપ્રભુના દર્શન માટે ઉમટ્યા. જો કે સમવસરણની શોભા કોઈ અદ્‌ભુત હતી—છતાં મુમુક્ષુજીવોનું ચિત્ત તેમાં ન લાગ્યું, કેમકે તેમનું ચિત્ત તો ભગવાન

ચંદ્રપ્રભુના દર્શનમાં જ ચોંટેલું હતું ને તેમની દિવ્ય વાણી સાંભળવા આતુર હતું.

પ્રથમ ઈન્દ્રે હાથ જોડીને સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કરી : અહો દેવ! આજે આપ પરમાત્મપદને પામ્યા, ચાર ઘાતીકર્મોને હણીને આપ 'અરિહંતા' બન્યા. ઉત્કૃષ્ટ જ્ઞાન–દર્શન–સુખ–વીર્યરૂપ અનંત ચતુષ્ટયને આત્મામાંથી પ્રગટ કર્યા. તે ચૈતન્ય–ચતુષ્ટય વડે આપ નિરંતર પ્રકાશમાન છો. હે દેવ! મેં આપનું 'ચંદ્રપ્રભ' નામ વગર વિચાર્યે રાખી દીધું છે, કેમકે ચંદ્ર તો માત્ર રાત્રે જ પ્રકાશે છે, ત્યારે આપ તો ચૈતન્ય–પ્રકાશવડે દિન–રાત નિરંતર પ્રકાશમાન છો, તેથી આપનું નામ 'સૂર્ય–ચંદ્રપ્રભ' રાખવું જોઈએ, એકલું 'ચંદ્રપ્રભ' નહીં. પ્રભો! આપ આ ભરતક્ષેત્રના અષ્ટમ તીર્થંકર છો. આપના દિવ્યધ્વનિ વડે ધર્મનું અમૃત પીવા અમે સૌ સભાજનો આતુર છીએ. માટે હે જિનેશ્વર પ્રભો! આપના દિવ્ય ઉપદેશ વડે અમને કૃતાર્થ કરો.

## તીર્થંકર પ્રભુની ધર્મદેશના

ઈન્દ્રે પ્રાર્થના કરી...ત્યાં તો, ચંદ્રમાંથી શીતળ–અમૃત ઝરે તેમ ચંદ્રતીર્થંકરના સર્વાંગેથી અત્યંત મધુર દિવ્યવાણી છૂટી....વીતરાગી અમૃત ઝરવા લાગ્યું....આખી સભા આનંદમય વાતાવરણમાં સ્તબ્ધ હતી ને પ્રભુની સામે જ જોઈને દિવ્યધ્વનિ સાંભળવામાં મુગ્ધ બની હતી. ચારે દિશામાંથી પ્રભુના સાક્ષાત દર્શન થઈ શકતા હતા; ચારે બાજુ બેઠેલા સભાજનોને એમ લાગતું હતું કે ભગવાન અમારી જ સન્મુખ બિરાજમાન છે...અમારી ભાષામાં અમને જ ઉપદેશ આપી રહ્યા છે. ભગવાને ઉપદેશમાં જીવાદિતત્ત્વોનું સ્વરૂપ બતાવ્યું, તેમાં શુદ્ધ ચૈતન્યનો અપાર નિજવૈભવ દેખાડીને તેનો અનુભવ કરવાનું કહ્યું.

૧. 'સત્' જગતમાં જીવ ને અજીવ એમ બે પ્રકારનાં તત્ત્વો છે.

૨. તે દરેક પોતપોતાના ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ સહિત છે.

૩. તેમાં જે ચેતનસ્વરૂપ છે તે જીવ છે.

૪. જીવો અનંતાનંત છે; તેમાં અનંત જીવો મુક્ત છે, ને તેનાથી અનંતાગુણા જીવો સંસારી છે.

૫. દરેક જીવ પોતાના શુદ્ધ કે અશુદ્ધ ભાવનો કર્તા-ભોક્તા છે.


૬. સંસારી જીવ મિથ્યાત્વ અને કષાયભાવોને લીધે દુઃખી છે ને નરક-તિર્યંચ-મનુષ્ય તથા દેવ એવી ચારગતિમાં જન્મમરણ કરે છે.

૭. તેમાંથી જે જીવ જૈનમાર્ગ પામીને, શરીર અને કષાયથી ભિન્ન પોતાના આત્મસ્વરૂપને ઓળખે છે તે સમ્યકત્વાદિ ભાવો વડે મોક્ષનો સાધક થાય છે....ભેદજ્ઞાન વડે અંતરાત્મા થઈને તે જીવ સંસારથી છૂટવા માંડ્યો ને મોક્ષને સાધવા લાગ્યો.

૮. મોક્ષની સાધના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ વડે થાય છે. રાગ ભાવ મોક્ષનો સાધક નથી પણ બાધક છે.

૯. બંધ અને મોક્ષનાં કારણો સંક્ષેપમાં આ પ્રમાણે છે—

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્ય–પ્રાપ્ત મુકાય છે;**
**એ જિનતણો ઉપદેશ, તેથી ન રાચ તું કર્મો વિષે.**



**તેથી ન કરવો રાગ જરીયે, ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.**

૧૦. હે ભવ્ય જીવો! તમે ચૈતન્ય–મહિમાને જાણો ને વીતરાગભાવને સેવો. વીતરાગતા તે જ સુખ છે, વીતરાગતા તે જ જૈનમાર્ગનો સાર છે, ને વીતરાગતા તે જ મોક્ષમાર્ગ છે.

શ્રી ચંદ્રપ્રભુ તીર્થંકરના ધર્મદબારમાં સુંદર વીતરાગમાર્ગનો ઉપદેશ સાંભળીને, તત્ક્ષણ ત્યાં જ અનેક જીવો સંસાર છોડીને મુનિ થયા; અનેક જીવો ધ્યાનમાં સમ્યગ્દર્શન પામ્યા; અનેક જીવો ભેદજ્ઞાન ઉપરાંત અવધિ–મનઃપર્યયજ્ઞાન તથા બાર અંગનું જ્ઞાન ખીલી ઊઠ્યું. અદ્‌ભુત હતો એ ધર્મનો મેળો! અહા, જે મેળામાં મોક્ષને સાધનારા લાખો–કરોડો ધર્મી જીવો ઉપરાંત દશ હજાર તો કેવળજ્ઞાની–અરિહંત પરમાત્માઓ આકાશમાં બિરાજતા હતા તેની શોભાની શી વાત!! શ્રી ચંદ્રપ્રભદેવ આઠમા તીર્થંકર હતા; તેમના સમવસરણમાં શ્રીદત્તાદિ ૯૩ ગણધરો હતા; ૨૦૦૦ પૂર્વધારી–શ્રુતકેવળી હતા; ૮૦૦૦ અવધિજ્ઞાની હતા, ૮૦૦૦ મનઃપર્યયજ્ઞાની હતા; વિક્રિયાલબ્ધિ વગેરે અનેક ઋદ્ધિધારક હજારો—લાખો મુનિવરો હતા. ત્રણ લાખ એંસી હજાર આર્યિકાઓ હતા; ત્રણ લાખ ધર્માત્મા શ્રાવકો ને પાંચ લાખ શ્રાવિકાઓ હતાં.—આ ઉપરાંત સમ્યગ્દષ્ટિ દેવો અને તિર્યંચો તો જુદા....આવા મહાન ચતુર્વિધ સંઘની વચ્ચે શાસનનાયક તીર્થંકરપ્રભુ બિરાજમાન હતા. ચંદ્રપ્રભુના શાસનમાં આવો મહાન ચતુર્વિધસંઘ મોક્ષમાર્ગમાં આનંદપૂર્વક સિદ્ધયાત્રા કરી રહ્યો હતો. એક સાથે આટલો મહાન ધર્મવૈભવ દેખતાં જીવોનું ચિત્ત સહેજે ધર્મમાં લાગી જતું હતું. સભામાં સર્વત્ર હર્ષ-આનંદ હતો, વેરવિરોધ કે ખેદનું ક્યાંય નામ–નિશાન ન હતું.

આવી ગૌરવપૂર્ણ ધર્મસભાની વચ્ચે તીર્થંકર ચંદ્રપ્રભુ દરરોજ ચાર વખત છ–છ ઘડી સુધી (એટલે દરરોજ લગભગ દશ કલાક) પરમ હિતકારી ધર્મોપદેશ દેતા હતા. તીર્થંકરપ્રકૃતિની નિર્જરા માટે અને દેશોદેશના ભવ્યજીવોના ભાગ્યોદયે કરોડો-અબજો વર્ષો સુધી ભરતક્ષેત્રમાં ભગવાનનો શ્રીવિહાર થયો. અને, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ સત્તત્ત્વ તેમજ અનંત ધર્મસ્વરૂપ અનેકાન્ત–તત્ત્વ પ્રભુએ ઉપદેશ્યું. જે નિત્ય ટકીને પરિણમતો હોય એવો જીવ જ કર્મોને છેદીને (–સંસારભાવોથી છૂટીને) મોક્ષને સાધી શકે છે. જીવ જો પર્યાયરૂપ પરિણમે નહિ તો તે મોક્ષને સાધી શકે નહિ; (સંસારી–દુઃખી જ રહ્યા કરે) અને જો જીવ નિત્ય ન રહે તોપણ તે મોક્ષ-સુખને પામી શકે નહિ; (–તેનો અભાવ થઈ જાય.) માટે 'નિત્ય–પરિણામી' એવા અનેકાન્તરૂપ સ્વભાવ માનવાથી જ મોક્ષની સિદ્ધિ છે. આવા અનેકાન્તરૂપ જિનશાસન પામીને અનેક જીવોએ એકાંતરૂપ મિથ્યામત છોડ્યો, તેઓ અનેકાન્તી–સમ્યગ્દષ્ટિ–જૈન બન્યા, ને નિજધર્મના વૈભવને જાણીને, જ્ઞાયકભાવના સુખના વેદન વડે મોક્ષસુખનો સ્વાદ લેવા લાગ્યા. પ્રભુના ઉપદેશથી ભરતક્ષેત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ–આનંદમાર્ગ, વિદેહક્ષેત્રની જેમ જ ધમધોકાર ચાલવા લાગ્યો. જ્ઞાન અને રાગાદિ કષાયોની ભિન્નતા ભવ્યજીવો બરાબર સમજવા લાગ્યા.

'જ્ઞાન'ને આત્મા સાથે એકતા છે; તે જ્ઞાન, કષાયોથી તેમજ કર્મોથી વિરુદ્ધ સ્વભાવવાળું છે, તેથી જ્ઞાનરસના વેદન વડે કષાયોનો ને કર્મોનો ક્ષય થઈ જાય છે.

જીવના સમ્યગ્જ્ઞાનાદિ ભાવો જેમજેમ વધે છે તેમતેમ કષાયો શાંત થતા જાય છે ને સર્વથા કષાય વગર પણ જ્ઞાનમય જીવન વિદ્યમાન રહે છે; પરંતુ જ્ઞાન વગર જીવ કદી વિદ્યમાન રહેતો નથી.–આ રીતે જ્ઞાન તે જીવનું સ્વરૂપ છે ને કષાય તે જીવનું સ્વરૂપ નથી.

કષાયમાં શાંતિ નથી, જ્ઞાનમાં શાંતિ છે; કષાયમાં તો થાક છે, જ્ઞાનમાં થાક નથી. સિદ્ધભગવંતો કેવળજ્ઞાનરૂપે અનંતકાળ સુધી પરિણમવા છતાં અને લોકાલોકને જાણતા હોવા છતાં તેમને કદી થાક લાગતો નથી, ઊલ્ટું પરમ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય છે;–જ્યારે ક્રોધાદિ કષાયમાં તો જીવ ક્ષણભરમાં થાકી જાય છે ને તેમાં દુઃખનો અનુભવ થાય છે.

–આવા સ્પષ્ટ ભેદજ્ઞાન વડે કષાયથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્માનો અનુભવ કરવો તે મુક્તિનો ઉપાય છે, તે જિનશાસનનું ફરમાન છે. જે અનંતા જીવો સિદ્ધથયા છે તેઓ બધા આવા ભેદજ્ઞાન વડે જ સિદ્ધ થયા છે. ભેદજ્ઞાન વગર બીજું ગમે તેટલું કરે તોપણ કોઈ જીવ સિદ્ધિને પામી શકે નહિ,–સમ્યકત્વ પણ પામી શકે નહિ.—આ પ્રકારે ભેદજ્ઞાનનો ઉપદેશ પ્રભુના શ્રીમુખેથી સાંભળીને અનેક જીવો મોક્ષમાર્ગમાં લાગ્યા....ગામેગામ ને ઘરેઘર ભેદજ્ઞાનની ચર્ચા ચાલવા લાગી.

ભગવાન ચંદ્રપ્રભ–તીર્થંકરનો વિહાર અદ્ભુત હતો...આકાશમાં જ તેમનું ગમન હતું; તેમનાં ચરણોની નીચે દૈવી કમળો રચાતા; પગલાં ભર્યા વગર જ તેમનું ગમન હતું ને હોઠ હાલ્યા વગર જ તેમની દિવ્ય વાણી સર્વાંગેથી છૂટતી હતી. પ્રભુની દિવ્ય વાણીનો મધુર રણકાર ૩૨-૩૨ ગાઉ (એક સો જેટલા કિલોમીટર)ના ઘેરાવામાં સ્પષ્ટ સંભળાતો હતો. ધર્મચક્ર અને દેવદુંદુભીના નાદ ચારેકોરથી ભવ્યજીવોને મોક્ષસુખ લેવા માટે બોલાવતા હતા કે હે જીવો! આવો....રે....આવો! તમારે સંસાર–

દુઃખોથી છૂટીને મોક્ષસુખ પામવું હોય તો અહીં આવો....આ પ્રભુનાં દર્શન કરો ને તેમની વાણી સાંભળીને આત્માના આનંદમય નિજવૈભવને પોતામાં નીહાળો. બીજા કાર્યોને એકકોર મૂકી, પ્રમાદ છોડીને શીઘ્ર અહીં આવો ને આ પ્રભુચરણને સેવો. દેખો, આ પ્રભુએ રત્નત્રય વડે આત્મતત્ત્વની અદ્‌ભુત સંપદાને સિદ્ધ કરી છે....અને જગતને પણ તે આત્મસંપદા દેખાડી રહ્યા છે. જે ભવ્યજીવ પ્રભુને ઓળખીને ભક્તિપૂર્વક પોતાના ચિત્તમાં ધારણ કરે છે તે પણ આત્મસિદ્ધિને પામીને પ્રભુના જેવો જ થઈ જાય છે. ભવદુઃખોથી ભરેલું આ ભવવન પણ પ્રભુના માર્ગમાં ચાલનારને તો નંદનવન બની જાય છે. પ્રભુ તો સર્વેને જાણનારા છે પણ સર્વે જીવો પ્રભુને નથી જાણતા, કોઈક વીરલા જ સ્વાનુભવવડે પ્રભુના અતીન્દ્રિય સ્વરૂપને ઓળખે છે. પ્રભુ અરિહંતપદે કરોડો–અબજો વર્ષો સુધી દેહના સંયોગમાં રહ્યા છતાં તેમને કદી ખોરાક ખાવો પડતો નથી કે પાણી પીવું પડતું નથી. રોગ થતો નથી, ઝાડો–પેશાબ તો પ્રભુને જન્મથી જ કદી ન હતો. જગતના ઉત્તમ પરમાણુઓ સ્વયમેવ પ્રભુશરીરમાં પ્રવેશીને તેનું પોષણ કરતા હતા....એ રીતે પૂર્વનાં પુણ્યકર્મો આવી–આવીને પ્રભુની સેવા કરતા હતા. પ્રભુને શુભકર્મો છૂટવા માટે એટલા બધા ઉદયમાં આવતા હતા કે તેમના સંગે, કોઈ અશુભ કર્મ હોય તે પણ શુભરૂપ થઈ જતું હતું, અને બધાય કર્મો તેમને નિર્જરી જ જતા હતા....તેમની બધી ક્રિયાઓ કર્મના ક્ષયનું જ કારણ હતી.

શ્રી પ્રભુના વિહારકાળે સર્વત્ર સુકાળ હતો; ક્યાંય દુષ્કાળ કે રોગાદિ ન હતા; બધાય જીવોમાં વેર–વિરોધ શાંત થઈ જતા. હિંસક પશુઓ પણ શાંત અને અહિંસક થઈને એકબીજાના મિત્રપણે વર્તતા હતા. ગાયનું બચ્ચું સિંહણને પોતાની માતાની જેમ ધાવતું હતું, અને ગાય સિંહના બચ્ચાને વાછરડાની જેમ ચાટતી હતી; કોઈને ભય ન હતો, ક્યાંય ક્રૂરતા ન હતી. અહા! તીર્થંકરનો પરમ શાંત આત્મા જ્યાં વિચરતો હોય ત્યાં અશાંતિ કેવી? પ્રભુની સમીપ આવતાં ઘણા ક્રોધી જીવોને પોતાને આશ્ચર્ય થતું કે અરે, આવી શાંતિ અમારામાં ક્યાંથી આવી! પછી તેઓ ઊંડા વિચારથી અંતર્મુખ થઈને ક્રોધથી ભિન્ન પોતાના શાંતસ્વભાવને દેખી લેતાં....ને તે શાંતિના અનુભવથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને સાધી લેતાં. અહા! 'ચંદ્ર'નો ઉદય થતાં મોક્ષમાર્ગનો સમુદ્ર ઉલ્લસ્યો ને સમ્યકત્વાદિ રત્નો બહાર આવ્યા.

ઘણા ઘણા કરોડો–અબજો વર્ષો સુધી (–અઢી લાખ પૂર્વ એટલે ૧૭૬૪૦૦૦૦, ૦૦૦૦૦૦૦, ૦૦૦૦૦ આટલા વર્ષોસુધી) ધર્મચક્રપ્રવર્તન વડે દેશોદેશના કરોડો–અબજો જીવોનું કલ્યાણ કરીને, ભગવાન ચંદ્રપ્રભ તીર્થંકર સમ્મેદાચલ પહાડ પર પધાર્યા. ત્યાં એક માસ પ્રતિમાયોગમાં સ્થિર રહ્યા, વિહાર બંધ થઈ ગયો, વાણી પણ બંધ થઈ ગઈ.....પછી 'ફાગણ સુદ સાતમ'ના દિવસે તે અરિહંતપ્રભુ યોગનો નિરોધ કરીને અયોગી દશાને પામ્યા, તેરમાથી ચૌદમા ગુણસ્થાને (મોક્ષમહેલના અંતિમ પગથિયે) આવ્યા....ને પછી તરત જ સિદ્ધપદ પામીને મુક્તિમહેલમાં પ્રવેશ કર્યો. ઈન્દ્રાદિક દેવોએ તેમના મોક્ષકલ્યાણકનો મહોત્સવ કર્યો. આ રીતે, આત્મસાધનાવડે આઠ કર્મોનો અભાવ કરીને, આઠમા તીર્થંકર આઠ ગુણો સહિત અષ્ટમી પૃથ્વીપર સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે. (બરાબર ચંદ્રપ્રભુના મોક્ષદિવસે, તેમની આ મોક્ષટૂંકની યાત્રા, સં. ૨૦૧૩માં પૂ. શ્રી કહાનગુરુએ હજારો યાત્રિકોના સંઘસહિત અતિ ઉલ્લાસ–ભક્તિપૂર્વક કરી હતી. તેનું આનંદકારી વર્ણન 'મંગલ તીર્થયાત્રા' પુસ્તકમાં વાંચો; તેમજ સોનગઢમાં તેની ફિલ્મમાં પણ જુઓ.)

**ચંદ્રપ્રભુ જિનરાજકી લલિત ટૂંક હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખરસમ્મેદ યજેહ.**

આપણે જ્યારે સમ્મેદશિખર–તીર્થની યાત્રા કરીએ છીએ ત્યારે, દૂર–દૂરની લલિત ટૂંક પર જઈને ચંદ્ર–ચરણને સ્પર્શતાં સંસારનો થાક ઊતરી જાય છે. બરાબર એ ટૂંકની ઉપર સિદ્ધાલયમાં અત્યારે પણ બિરાજી રહેલા એ સિદ્ધપ્રભુ, ધ્યાન વડે આપણા અંતરમાં પધારીને કોઈ અપૂર્વ શાંતિનું વેદન આપે છે ને આપણનેય તે સિદ્ધલોકમાં તેડી જાય છે.

**સિદ્ધપદની સાધનાસહિત તે સિદ્ધભગવંતોને નમસ્કાર હો.**

(શ્રીગુણનંદી આચાર્યની શિષ્યપરંપરામાં વીરનંદી સ્વામીએ ચંદ્રપ્રભચરિત્ર રચ્યું છે,, તેમ જ વીરસેન તથા જિનસેન સ્વામીના શિષ્ય ગુણભદ્રસ્વામીએ ઉત્તર–પુરાણમાં ચંદ્રપ્રભચરિત્ર રચ્યું છે; તે પુરાણોને અનુસરીને આ ચંદ્રપ્રભ ચરિત્ર લખ્યું છે. તેમાં શારીરિક અલંકારો વગેરે શૃંગારરસનું વર્ણન છોડીને, શાંતરસમય આધ્યાત્મિક અલંકારો સહિત આત્માર્થ–પોષક રચના કરી છે. તે ભવ્યજીવોને તીર્થંકર પરમાત્મા પ્રત્યે ભક્તિ જગાડો, ને તેમણે દેખાડેલા આત્મમહિમા વડે સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની પ્રાપ્તિ કરાવો. શ્રી વીર નિર્વાણ સં. ૨૫૦૮ ભાદ્ર વદ ચોથે સોનગઢ પરમાગમ–મંદિરમાં આત્મસાધક બ્ર. હરિલાલ જૈને, પરમોપકારી ગુરુ–કહાનની મંગલસ્મૃતિપૂર્વક આ રચના લખીને પૂર્ણ કરી. 'જૈનં જયતુ શાસનં.')

૧. પ્રથમ જેઓ શ્રીવર્મા રાજા હતા ને સમ્યકત્વ પામ્યા;
૨. પછી પ્રથમ સ્વર્ગમાં દેવ થયા;
૩. પછી અજિતસેન ચક્રવર્તી થયા, ને છ ખંડનું રાજ્ય છોડીને મુનિ થયા;
૪. પછી અચ્યુત સ્વર્ગમાં ઈન્દ્ર થયા;
૫. પછી રાજા–પદ્મનાભ થયા ને મુનિ થઈને દર્શન–વિશુદ્ધિ આદિ ૧૬ ભાવનાપૂર્વક તીર્થંકર નામકર્મ બાંધ્યું;
૬. પછી વૈજયન્ત વિમાનમાં અહમિન્દ્ર થયા; અને
૭. અંતિમ ભવમાં ચંદ્રપુરીમાં ચંદ્રપ્રભ–તીર્થંકર થઈને ભવ્યજીવોને મોક્ષમાર્ગ બતાવ્યોને અંતે ભવનો અંત કરીને, સમ્મેદશિખરથી સિદ્ધાલયમાં સીધાવીને ત્યાં સિદ્ધપણે બિરાજી રહ્યા છે,– તે ભગવંત ચંદ્રપ્રભદેવને મારા નમસ્કાર હો.

**(ઇતિ શ્રી ચંદ્રપ્રભ–ચરિત્ર સમાપ્ત.)**

* * *

( ૯ )




**જેઓ સ્વયં રત્નત્રયરૂપ સમ્યક્‌વિધિ સહિત મોક્ષમાર્ગમાં ચાલનારા હોવાથી પોતે 'સુવિધિ' છે તેમ જ અન્ય જીવોને પણ મોક્ષપંથના સુ–વિધિમાં જોડનારા છે, એવા તીર્થંકર સુવિધિનાથનું મંગલ જીવનચરિત્ર હવે સાંભળો ને હે ભવ્ય જીવો ! તમે પણ સુવિધિપૂર્વક મોક્ષમાર્ગમાં આવો.**

## સુવિધિનાથ–પૂર્વભવ : વિદેહક્ષેત્રમાં મહાપદ્મ રાજા

જેમ આપણા આ જંબુદ્વીપના પૂર્વ વિદેહમાં સીતાનદીના ઉત્તર કિનારે પુષ્કલાવતી દેશ અને પુંડરીકિણી નગરી છે ને ત્યાં સીમંધર મહારાજા રાજ્ય કરતા હતા,–જેઓ તીર્થંકરપણે અત્યારે વિચરી રહ્યા છે; તેમ ત્રીજા પુષ્કરદ્વીપના પૂર્વમેરુના પૂર્વ વિદેહમાં પણ સીતાનદીના ઉત્તર કિનારે પુષ્કલાવતી દેશ અને પુંડરીકિણી નગરી છે, અને આપણા ચરિત્રનાયક ભગવાન સુવિધિનાથ પૂર્વભવમાં ત્યાંના રાજા હતા–તેમનું નામ મહાપદ્મ.

જેમ ગોપાલ પોતાની ગાયનું પાલન કરે તેમ મહારાજા મહાપદ્મ પોતાની પ્રજાનું વાત્સલ્યપૂર્વક પાલન કરતા હતા. તેના પાલન વડે પૃથ્વી પણ પ્રસન્ન થઈને શ્રેષ્ઠ રત્નો તેમ જ અનાજ વગેરે ઉત્પન્ન કરતી હતી. રાજા અને પ્રજા સૌ જૈનધર્મનું પાલન કરતા હતા, અને ઉત્તમ શાસ્ત્રોના અભ્યાસ વડે તત્ત્વજ્ઞાનથી શોભતા હતા. મુનિજનોના સત્સંગને લીધે તેમનું જીવન સદાચારી હતું; શ્રાવકો ઉત્તમ વ્રતોનું પાલન કરતા હતા; રાત્રિભોજન વગેરે મહાદોષ કોઈ કરતું ન હતું. તે એક આદર્શનગરી હતી, ને ત્યાંના રાજા–પ્રજાનો સંબંધ પણ આદર્શરૂપ હતો. તેમની વચ્ચે કદી પણ કલેશ થતો ન હતો; તેમ જ પ્રજાજનો રાજા વડે ભય નહોતા પામતા; તેઓ એકબીજાના સહકારથી રાજ્યની શોભામાં વૃદ્ધિ કરતા હતા ને સાથે સાથે સમ્યકત્વાદિ આત્મગુણો વડે ધર્મની વૃદ્ધિ કરતા હતા.

એ રીતે મહાપદ્મ રાજાનું જીવન ધર્મમય હતું; રાજમાં રહેવા છતાં સમ્યક્‌ત્વ સહિત મોક્ષમાર્ગમાં તેઓ ગમન કરતા હતા; સાથે તેમનો પુણ્યયોગ પણ મહાન હતો. એકવાર તેઓ રાજસભામાં બેઠા હતા, ત્યાં વનપાળે આવીને ઉત્તમ સમાચાર આપ્યા : કે હે સ્વામી ! આપણા મનોહર ઉદ્યાનમાં સર્વજીવોનું હિત કરનારા, સર્વભૂતહિત–જિનરાજ પધાર્યા છે, સાથે ચતુર્વિધ સંઘ છે; તેમના

આગમનથી ઉદ્યાન અદ્‌ભુત શોભાથી ખીલી ઊઠ્યું છે, પશુ–પંખીઓમાં પણ પ્રસન્નતા છવાઈ ગઈ છે.

પ્રભુ પધાર્યાની એ વધામણી સાંભળતાં જ રાજાને અતિ પ્રસન્નતા થઈ, ધામધૂમપૂર્વક તે જિન–વંદના કરવા ચાલ્યા. અહા, જિનેશ્વરદેવને નજરે નીહાળતાં તેના ચિત્તમાં અપાર હર્ષ સહિત ઉપશમરસ ઉલ્લસવા લાગ્યો. પ્રભુને વંદન કરીને ઉપદેશ સાંભળવા બેઠા. આત્મા પોતે અજ્ઞાનથી પોતાને ભવદુઃખ કરે છે ને આત્મજ્ઞાનવડે આત્મા પોતે જ પોતાને મોક્ષસુખ કરે છે. ભવદુઃખ અને મોક્ષસુખ, તથા તેનાં કારણો,–એ બધાનું વર્ણન સાંભળતાં રાજાનું ચિત્ત ભવદુઃખથી ઉદાસ થયું ને મોક્ષસુખને સાધવા ઉત્સાહિત બન્યું. વૈરાગ્યપૂર્વક તે રાજા–મહાપદ્મ વિચરવા લાગ્યા–અનાદિ મિથ્યાભાવોથી દુષિત આત્મા પોતે, પોતામાં જ, પોતાના જ મિથ્યાત્વાદિભાવવડે પોતાને પાગલની જેમ ભવવનમાં દુઃખી કરે છે; ને જાણે ભૂત વળગ્યું હોય તેમ અવિચારીપણે ચેષ્ટા કરે છે; વિષય–કષાયરૂપ અહિતકારી કાર્યોને તે હિતકારી માની લ્યે છે, ને મોક્ષના ઉપાયથી ભ્રષ્ટ થઈ જાય છે. આવા સંસારથી ભયભીત થયેલો એવો હું હવે તેનાથી છૂટવા મોક્ષનો ઉપાય કરીશ.

–એ પ્રમાણે વિચારી, પુંડરીકિણી નગરીનું રાજ્ય પોતાના પુત્રને સોંપી, મહારાજા મહાપદ્મે સર્વજીવ હિતકારી–જિનરાજના ચરણોમાં મુનિદીક્ષા લીધી. મુનિ થઈને આત્મધ્યાન કરવા લાગ્યા; તેમને ૧૨ અંગનું જ્ઞાન થયું, અને દર્શનવિશુદ્ધિ વગેરે ભાવના વડે મહા પુણ્યરૂપ તીર્થંકરપ્રકૃતિ બંધાવા લાગી. અંતમાં સમાધિમરણ કરી પ્રાણતસ્વર્ગમાં અહમિન્દ્ર થયા. ત્યાં દિવ્ય ઐશ્વર્ય વચ્ચે ૨૦ સાગરોપમ રહ્યા. અસંખ્યવર્ષો સુધી દેવલોકના દિવ્ય વૈભવના સુખ ભોગવવા છતાં તે મહાત્મા તે ઇન્દ્રિયસુખો વડે તૃપ્ત ન થયા, તેથી છેવટે તે અસાર સુખોને છોડીને અતીન્દ્રિય મોક્ષસુખને સાધવા માટે મનુષ્યલોકમાં આવવા તેઓ તત્પર થયા. દેવલોકમાં તેમનું આયુ છ માસ બાકી રહ્યું ને ભરતક્ષેત્રમાં તીર્થંકરપણે અવતરવાની તૈયારી થઈ.


## કિષ્કિન્ધા નગરીમાં નવમા તીર્થંકરનો અવતાર

તે વખતે આ ભરતક્ષેત્રમાં, કાકન્દી નગરી (કિષ્કન્ધાપુરી)માં સુગ્રીવ-મહારાજા રાજ્ય કરતા હતા; તેમની મહારાણીનું નામ જયરામા.–તેના ઉદરમાં તીર્થંકરનો જીવ આવવાનો છે–એમ જાણીને દેવોએ તેમના આંગણામાં રત્નવૃષ્ટિ કરવા માંડી. માહ વદ નોમની પાછલી રાત્રે બળદ–હાથી–પુષ્પમાળા–લક્ષ્મી વગેરે મંગળ સ્વપ્નો સહિત અહમિન્દ્રના જીવે દેવલોક છોડીને માતા જયરામાના ઉદરમાં પ્રવેશ કર્યો; એ જ વખતે ઇન્દ્ર-ઇન્દ્રાણીએ કાકન્દીનગરીમાં આવીને પ્રભુના માતા-પિતાનું સન્માન કર્યું. મહારાજા સુગ્રીવ પોતે પણ અવધિજ્ઞાની હતા, તેમણે અવધિજ્ઞાનથી સ્વપ્નફળ જાણીને કહ્યું–હે દેવી! જગતપૂજ્ય આત્મા તારા ઉદરમાં આવ્યો છે. તું મહાકલ્યાણરૂપ છો. આપણો તે પુત્ર સર્વજ્ઞ–તીર્થંકર થઈને જગતનું કલ્યાણ કરશે ને આપણે પણ નિયમથી મોક્ષગામી છીએ. મહારાજાના મુખથી આવું ઉત્તમ ફળ સાંભળીને જયદેવીના હર્ષનો પાર ન રહ્યો. અત્યારે જ જાણે મોક્ષસુખ મળ્યું હોય! એવી તૃપ્તિ તે અનુભવવા લાગી. દેવલોકની દેવીઓ તેમની સેવા કરતી હતી. માગશર સુદ એકમે તે મહાદેવીએ અતિ તેજસ્વી અવધિજ્ઞાની પુત્રને જન્મ આપ્યો. અવધિજ્ઞાની પિતાને ત્યાં અવધિજ્ઞાની પુત્રનો અવતાર થયો. નવમા તીર્થંકરનો અવતાર થતાં આખી પૃથ્વી હર્ષથી ખીલી ઊઠી.

દેવલોકના દિવ્ય વાજિંત્રો એની મેળે વાગવા લાગ્યા ને પ્રભુજન્મની વધાઈ દેવા લાગ્યા. તે સાંભળતાં જ આખો દેવલોક હર્ષપૂર્વક પ્રભુના જન્મકલ્યાણકનો ઉત્સવ કરવા કાકન્દી નગરીમાં આવી પહોંચ્યો. કાકન્દીનગરી દેવોની અમરપુરી કરતાંય વધારે શોભી ઊઠી. પાંચમા સમુદ્રના દૂધ જેવા ઊજવળ–પવિત્ર જળવડે ઈન્દ્રે જિનેન્દ્રનો અભિષેક કર્યો. સમસ્ત પર્વતોમાં શ્રેષ્ઠ-ઈન્દ્ર સમાન મેરૂપર્વત ઈન્દ્રદ્વારા જિનેન્દ્રના અભિષેકને લીધે જગપૂજ્ય તીર્થ બન્યો. અહા, તીર્થંકરના સ્પર્શે પથરા પણ જગતપૂજ્ય બને તો ચેતનવંતા ભવ્યજીવો પ્રભુના સ્પર્શે પરમાત્મા કેમ ન બને? જન્માભિષેક વખતે ભગવાનનું અતિ સુંદર રૂપ જોવામાં મુગ્ધ થયેલો હરિ એકહજાર નેત્રોવડો તે રૂપ જોવા લાગ્યો ને આનંદથી મેરૂપર તાંડવનૃત્ય કર્યું. એ બાલ–તીર્થંકરને 'પુષ્પદંત' એવા મંગળ નામથી સંબોધીને સ્તુતિ કરી; તેમજ મોક્ષમાર્ગની સમ્યક્ વિધિના પ્રવર્તક હોવાથી 'સુવિધિનાથ' એવું બીજું નામ આપ્યું. (સુવિહિં ચ પુષ્પદંતં' –લોગસ્સસૂત્રમાં આ એક જ તીર્થંકરના બે નામોનો ઉલ્લેખ કરીને સ્તુતિ કરી છે.)

આઠમા ચંદ્રપ્રભ તીર્થંકરના મોક્ષગમન બાદ નેવું કરોડ સાગરોપમના અંતરે નવમા સુવિધિનાથ –પુષ્પદંત તીર્થંકર થયા. તેમનું આયુ બે લાખ પૂર્વ (એટલે ૧૪૧૧૨૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦૦,૦૦૦ આટલા વર્ષો) હતું; તેમનું લંછન મગર મચ્છ હતું.

એ બાલતીર્થંકરની કુમાર અવસ્થા પણ અનેરી હતી. જો કે દેવોનેય દુર્લભ એવી ભોગસામગ્રી તેમને પ્રાપ્ત હતી, પણ તેમની જ્ઞાનચેતના અંતરમાંથી કોઈ બીજી જ જાતના પરમાત્મસુખને ભોગવતી હતી. સ્વર્ગના દેવો બાલકનું રૂપ ધારણ કરીને તેમની સાથે રમવા આવતા...ને ભવનવાસી કુમારિકા દેવીઓ અનેક પ્રકારે બાળતીર્થંકરને રમાડતી...તેડતી...પારણે ઝૂલાવતી ને હાલરડા ગાતી–



**ઉપશમરસમાં ઝૂલી રહ્યા પ્રભુ પુષ્પદંત ભગવંત રે...પારણે ઝૂલો પ્રભુજી...**
**સમકિતરસનો સ્વાદ લેનારા સુવિધિ નાથ ભગવંત રે.... હીંચકે હીંચો પ્રભુજી...**
**મુક્તિનો મારગ દેખાડી પ્રભુજી જગમંગલ કરનારા રે...પારણે ઝૂલો પ્રભુજી...**
**જયરામાને અતિશય વ્હાલા, ભવનો અંત કરનારા રે...હીંચકે હીંચો પ્રભુજી...**

કોઈ વાર તે નાનકડી દેવીઓ હાથ ફેલાવીને કુતૂહલથી પ્રભુને બોલાવતી : 'આઈએ... કુંવરજી! ઈધર આઈએ! ત્યારે નાનકડા બાલકુંવર પણ મલકતા મુખે પોતાના બંને કોમળ હાથ લંબાવીને તે દેવીની હથેળીમાં મૂકતા. અહા, જાણે પ્રભુએ પોતાના હાથમાં મોક્ષ જ આપ્યો!–એમ બાલતીર્થંકરના મંગળ સ્પર્શથી દેવીઓ ધન્યતા અનુભવતી...ને બે દેવીઓ તેમનો એકેક હાથ પકડીને આનંદપૂર્વક ખૂબ ઝૂલાવતી...

આવા દશ્યો દેખીને માતા–જયરામા પણ અતિશય તૃપ્તિ અનુભવતા હતા. સર્વત્ર આનંદ કિલ્લોલ ફેલાવતા ફેલાવતા પુષ્પદંતકુમારે બાલપણું છોડીને યૌવનદશામાં પ્રવેશ કર્યો. કામદેવ તેમની સેવામાં હાજર થયો...અનેક સુંદર રાજકન્યાઓ સાથે તેમના વિવાહ થયા. રાજકન્યાઓ સહિત તેમનું સુખ દેખીને વિદ્વાનોને પ્રશ્ન ઊઠતો કે, મહારાજા સુવિધિનાથ વડે તે સ્ત્રીઓને જે સુખ મળતું તેને મહાન કહેવું?–કે તે સ્ત્રીઓવડે મહારાજાને જે સુખ મળતું તેને મહાન કહેવું? મહારાજ પુષ્પદંત તો પુણ્યવાન હતા જ, પરંતુ તે સ્ત્રીઓ પણ મહા પુણ્યવાન હતી, કેમકે મોક્ષસુખ જેમને અત્યંત સમીપ છે–એવા તે સુવિધિ–મહારાજાને પણ તે રાણીઓ પ્રસન્ન કરીને પોતાની સાથે ક્રીડા કરાવતી હતી. ભગવાન સુવિધિનાથ તો, અસંખ્ય વર્ષોના દિવ્ય સ્વર્ગસુખોના ભોગવટાથી પણ અસંતુષ્ટ રહીને છેવટે મોક્ષસુખને સાધવા માટે આ મનુષ્યલોકમાં આવ્યા હતા, તેથી પુણ્યજનિત ઉત્તમ ભોગ્ય પદાર્થોમાં પણ તેમને કોઈ આશ્ચર્ય નહોતું લાગતું..તે તો અનંતવાર ભોગવેલી એઠ જેવા લાગતા હતા. હા, વગર પ્રયત્ને મળેલી ભોગોપભોગની તે મહાન સામગ્રી મૂર્ખ–નાસ્તિક લોકોને સ્પષ્ટ દેખાડતી હતી કે–દેખો, પૂર્વભવમાં જીવે કરેલાં પુણ્યકર્મોનું આ ફળ છે; કારણઅનુસાર કાર્ય થાય છે; જો પૂર્વભવમાં જીવ ન હોય ને પુણ્ય–પાપનાં ફળ ન હોય તો આ પુણ્યફળ ક્યાંથી આવ્યું? ને આમને જ કેમ આવ્યું?–બીજાને કેમ ન આવ્યું? માટે સમજો કે જીવનું અસ્તિત્વ છે, પૂર્વભવ પુણ્ય–પાપ છે ને તેનું ફળ પણ છે,–આ પ્રમાણે સમજી, પ્રભુના પુણ્યફળને દેખીને, ઘણા નાસ્તિકજીવો પણ (જેઓ પહેલાં આત્માને કે પરલોકને માનતા ન હતા અને પરલોકના ભય વગર પાપમાં સ્વચ્છંદે પ્રવર્તતા હતા તેઓ પણ) આસ્તિક બની ગયા ને પાપથી ડરીને ધર્મસાધના કરવા લાગ્યા.

મહારાજા પુષ્પદંતને રાજ–ભોગની વચ્ચે અલિપ્ત જ્ઞાનચેતના સહિત દીર્ઘકાળ વીત્યો. તેમને પુણ્યજનિત રાજભોગ મહાન હતો...તો...આત્મજનિત આનંદનો ભોગ તેનાથી પણ મહાન હતો..તેથી પુણ્યભોગોમાં તેમને રસ ન હતો; એકવાર માગશર સુદ એકમે, રાજમહેલની છત પર તેઓ આત્મચિંતન કરી રહ્યા હતા... એવામાં—



—એવામાં એકાએક આકાશમાં ઉલ્કાપાત–થયો–જોરદાર કડાકા સાથે વીજળી પડી....વીજળીનો ઝબકાર જોતાં જ તેમને વૈરાગ્ય જાગી ઊઠ્યો : ‘અરે, આ માત્ર વીજળી નથી, આ

તો મારા ચારિત્રમોહરૂપ અંધકારને દૂર કરનારો મહાન દીવો છે.'પ્રભુની ચેતના ઝબકી ઊઠી....અહા, ઊર્ધ્વગામી–ઉજ્જ્વળ આત્માઓને એક નાનકડો એવો પ્રસંગ પણ કેવા મહાન કાર્યનું નિમિત્ત બની જાય છે !! પ્રભુ તો સ્વયંબુદ્ધ છે; માત્ર એક વીજળીનો ક્ષણભંગુર ઝબકારો જોતાં તેઓ મહાન સામ્રાજ્ય–રાજભોગ-રાણીઓ સર્વેને છોડીને સાધુ થવા તૈયાર થયા. દીક્ષા લેવાના નિશ્ચયપૂર્વક તેઓ વૈરાગ્યભાવના ભાવવા લાગ્યા :

અરે, અનંતવાર અહમિન્દ્રપદના દિવ્ય વૈભવને પામીને પણ જીવ સંતુષ્ટ ન થયો તો આ મનુષ્યલોકના વૈભવમાં તૃપ્તિ કેવી ? ચૈતન્યમાંથી આવેલા સુખ સિવાય જીવને બીજે ક્યાંય તૃપ્તિ થતી નથી. બાહ્ય સુખોનો સંયોગ તો વીજળીના ઝબકારા જેવો ક્ષણભંગુર છે; ચૈતન્યનું સ્વાભાવિક સુખ તે જ સંયોગ વગરનું સાચું અને શાશ્વત સુખ છે. આ સંસારના વિષયો તો ઈન્દ્રજાળ જેવા છેતરામણા છે...તેમાં જીવ અસત્ પદાર્થને સત્ માની બેસે છે. આ સંસારમાં કોઈ વસ્તુનો સંયોગ નથી તો સ્થિર, કે નથી સુખ દેનારો. તેમાં મારું કોઈ નથી, મારો આત્મા પોતે જ મારો છે.–

**ના મારાં તન–રૂપ–કાંતિ–યુવતી, ના પુત્ર કે ભ્રાત ના;**
**ના મારાં ભૃત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;**
**ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના;**
**રે ! રે ! જીવ વિચાર એમ જ સદા, અન્યત્વદા ભાવના.**

–જગત મારાથી જુદું છે ને હું જગતથી જુદો છું–બસ, આ બે શબ્દોથી થતું ભેદજ્ઞાન તે જ સત્ય છે. આશ્ચર્ય છે કે દેહથી ભિન્ન આત્માનું આવું ભેદજ્ઞાન હોવા છતાં અત્યાર સુધી હું દેહમાં મોહ્યો ને ક્રોધાદિથી ભરેલા સંસારમાં રહ્યો. દુઃખ દેનારા પરભાવોથી ભરેલા આ સંસારસમુદ્રમાંથી બહાર નીકળીને હવે હું સિદ્ધપદને સાધીશ.

આ પ્રમાણે ભગવાન પુષ્પદંત પ્રભુએ દીક્ષાનો નિશ્ચય કરતાં જ લૌકાંતિકદેવોએ આવીને સ્તુતિપૂર્વક પ્રભુના વૈરાગ્યની પ્રશંસા કરી; ને ઈન્દ્રોએ આવીને પ્રભુની દીક્ષાનો ભવ્ય મહોત્સવ કર્યો. દીક્ષા એ કાંઈ ખેદનો પ્રસંગ નથી, એ તો મોક્ષની સાધનાનો મંગલ મહોત્સવ છે.... આનંદનો અવસર છે. 'સૂર્યપ્રભા' નામની દેવપાલખીમાં પ્રભુ આરૂઢ થયા ને રાજાઓ તેમજ ઈન્દ્રોએ તે પાલખી ઉપાડીને દીક્ષાવન તરફ ગમન કર્યું. અહા, ઈન્દ્ર સ્વયં જેમની પાલખી ખભે ઊઠાવે–તેમના દિવ્ય પ્રતાપની શી વાત !! અને તેમના વૈરાગ્યની શી વાત !! અપૂર્વ વૈરાગ્યનું એ દૃશ્ય લોકો તો આશ્ચર્ય મુગ્ધ બનીને જોઈ રહ્યા...પ્રભુની સાથે ઘણાય ભવ્યજીવોનું ચિત્ત સંસારથી વિરક્ત થઈ ગયું. માગસર સુદ એકમની સાંજે એક હજાર રાજાઓ સહિત ભગવાન સુવિધિનાથ દીક્ષા લઈને દિગંબર મુનિ થયા....આત્મધ્યાનમાં શુદ્ધોપયોગ વડે પરમ વીતરાગી સુખ અનુભવવા લાગ્યા; તે જ વખતે મનઃપર્યયજ્ઞાન પણ પ્રગટ્યું...પરંતુ પ્રભુનો ઉપયોગ મનઃપર્યયજ્ઞાનમાં લાગેલો ન હતો, તેમનો ઉપયોગ તો શુદ્ધાત્માની અનુભૂતિમાં જ લાગેલો હતો. અનેક મહાન ઋદ્ધિઓ તેમને પ્રગટી, પરંતુ અનંત ચૈતન્યઋદ્ધિના અવલોકનમાં મગ્ન પ્રભુને એ બાહ્યઋદ્ધિઓનો કોઈ ઉપયોગ ન હતો.

પુષ્પદંત મુનિરાજે પહેલું પારણું શૈલપુરી નગરીના પુષ્પમિત્ર રાજાને ત્યાં કર્યું ને ત્યાં રત્નવૃષ્ટિ વગેરે પાંચ આશ્ચર્યકારી પ્રસંગો બન્યા, દેવોએ જયજયકાર કર્યો. સુવિધિ-મુનિરાજે મોક્ષમાર્ગની

સમ્યક્‌વિધિ- પૂર્વક ચારવર્ષ સુધી મૌનપણે વિહાર કર્યો; પુનઃ કાકન્દી નગરીના દીક્ષાવનમાં પધાર્યા ને અપ્રતિહતભાવથી આત્મધ્યાનમાં એકાગ્ર થયા; ૪૭ ઘાતીકર્મોની મોટી સેનાને તેમણે એકલાએ એક માત્ર શુદ્ધપયોગના શસ્ત્ર વડે જ હણી નાંખી, ને પોતાના અનંત ચતુષ્ટયરૂપ સામ્રાજ્યને પ્રાપ્ત કરીને પરમાત્મા બન્યા...વીતરાગ–સર્વજ્ઞ–શુદ્ધ–બુદ્ધ–જિન–અરિહંત તીર્થંકર થયા.

દેવોએ આવીને અચિંત્ય શોભાવાળા સમવસરણની રચના કરી; પણ આશ્ચર્ય એ હતું કે આવી અચિંત્ય શોભાવાળું સમવસરણ, છતાં પ્રભુ તેમાં બિરાજતા ન હતા, પ્રભુ તો તેને છોડીને તેનાથી ચાર આંગળ ઊંચે, આકાશમાં કોઈના અવલંબન વગર બિરાજતા હતા. પ્રભુનો આત્મા તો રાગાદિથી અલિપ્ત, ને શરીર પણ સમવસરણાદિથી અલિપ્ત! કેવી આશ્ચર્યકારી પરમાત્મદશા!

**‘ઊંચે ચતુરાંગલ જિન રાજે, ઇન્દ્રો નરેન્દ્રો મુનિરાજ ધ્યાવે;**
**જેવું નીરાલંબન આત્મદ્રવ્ય, તેવો નીરાલંબન જિન–દેહ.’**

એ સમવસરણમાં, મુખ ખોલ્યા વિના જ પ્રભુની દિવ્યવાણી છૂટી. તે દિવ્યવાણીમાં સર્વે તત્ત્વોનું સ્વરૂપ સમજતાં ભવ્યજીવો આનંદથી નાચી ઊઠ્યા, ને પ્રભુચરણોમાં લાખો જીવોએ રત્નત્રય અંગીકાર કર્યા. એ ધર્મદરબારમાં સાત હજાર કેવળજ્ઞાની–ભગવંતો અને દોઢ હજાર (૧૫૦૦) શ્રુતકેવળીઓ હતા. સાતઋદ્ધિના ધારક વિદર્ભઆદિ ૮૮ ગણધરો હતા. આઠહજાર અવધિજ્ઞાની ને સાડાસાત હજાર મનઃપર્યયજ્ઞાની મુનિવરો હતા. કુલ બે લાખ મુનિ ને ચાર લાખ આર્જિકા, બે લાખ શ્રાવકો ને પાંચલાખ શ્રાવિકાઓ–એવા મહાન સંઘની વચ્ચે નવમા તીર્થંકર શોભતા હતા. તે ઉપરાંત અસંખ્યદેવો ને તિર્યંચો પણ પ્રભુની દેશના સાંભળીને ધર્મ પામ્યા.

ઈન્દ્રે પરમ ભક્તિપૂર્વક એ સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કરતાં કહ્યું : હે દેવ! આપ સ્વયં અતીન્દ્રિય થયા છો, ને અન્યજીવો પણ અતીન્દ્રિય જ્ઞાનવડે જ આપને ઓળખી શકે છે. ઈન્દ્રિયો વડે આપ નથી ઓળખાતા. પ્રભો, આપનો ઉપદેશ ને આપનું જીવન અતીન્દ્રિય આત્માને દેખાડનારું છે. જે પ્રાણી પોતાના મનમાં આપના વીતરાગ ધર્મને વસાવે છે, વચનમાં આપના અનેકાન્ત–વચનને વસાવે છે, તથા શરીરની પ્રવૃત્તિમાં આપની પ્રવૃત્તિને વસાવે છે,–એ રીતે મન-વચન-કાયાની પ્રવૃતિને આપના માર્ગમાં જ પ્રવર્તાવે છે, તે પ્રાણી આપના જેવો જ થઈને પરમ આનંદને પામે છે.

હે પરમાત્મા! ‘મનમાં’ આપનું સ્મરણ કરતાં જો કે થોડાક વિકલ્પનો કલેશ તો થાય છે, પણ ‘જ્ઞાનમાં’ આપના ચિંતનનું ફળ ત્રણલોકમાં ઘણું મહાન છે,–તો પછી પોતાનું હિત ચાહનારા જીવો આપનું ચિંતન કેમ ન કરે! મૂર્ખ જીવો જ આવા મહાન ફળને ન ઈચ્છે!

સર્વજ્ઞ–તીર્થંકરપણે પુષ્પદંત ભગવાને લાખો કરોડો વર્ષ સુધી ભરતભૂમિમાં વિહાર કર્યો... એ ધર્મકાળ હતો, ભરતક્ષેત્રના ભવ્ય જીવોને માટે મોક્ષનો રાજમાર્ગ ખુલ્લો હતો, ને રત્નત્રય વડે ભવ્ય જીવોના ટોળેટોળા આનંદપૂર્વક તે માર્ગે ચાલીને મોક્ષપુરીમાં જઈ રહ્યા હતા.

અંતે, પ્રભુને પણ મોક્ષમાં જવાની તૈયારી થઈ. તેઓ અનંત તીર્થંકરોની મોક્ષભૂમિ સમ્મેદશિખર પર પધાર્યા; ત્યાં સુપ્રભ નામની ટૂંક ઉપર ત્રીજા–ચોથા શુક્લધ્યાનવડે યોગનિરોધ કરીને, આસો સુદ આઠમના રોજ સ્વાભાવિક ઊર્ધ્વગમન કરીને સિદ્ધાલયમાં પધાર્યા. આજે પણ પ્રભુ ત્યાં બિરાજે છે...તેમને નમસ્કાર હો.

**પુષ્પદંત જિનરાજકી સુપ્રભટૂંક હૈ જેહ,**
**મન વચ તન કર પૂજહું, શિખર સમ્મેદ યજેહ.**

જેમણે પોતે ‘સુ–વિધિ’ (સમ્યક્‌વિધિ) પૂર્વક મોક્ષમાર્ગમાં ચાલીને બીજા જીવોને માટે તે માર્ગ સરલ અને શુદ્ધ કરી દીધો; ઉપશાંત ભાવવાળા ભક્તોને માટે જેમણે સ્વર્ગ–મોક્ષની ‘સુવિધિ’ બતાવી; ‘પુષ્પ’ કરતાંય વધુ સુશોભિત જેમની ‘દંત’ પંક્તિ હતી–એવા પુષ્પદંત–સુવિધિનાથ, રત્નત્રયના આનંદપુષ્પો વડે અને મોક્ષમાર્ગની વિધિવડે અમારા આત્માને અલકૃંત કરો. હે પ્રભો! સંસારના ઘોર રણની વચ્ચે મહાન ઘટાદાર વૃક્ષ જેવા આપનો આશ્રય લઈને અમે અમારા ભવતાપને શાંત કરીએ છીએ.

[ પહેલાં જેઓ પુષ્પકરદ્વીપના વિદેહક્ષેત્રમાં મહાપદ્મ રાજા હતા, પછી ચૌદમા સ્વર્ગમાં ઈન્દ્ર થયા, ને તે ઈન્દ્રવૈભવને પણ છોડી, ભરતક્ષેત્રની કાકન્દીપુરીમાં તીર્થંકરપણે અવતરીને મોક્ષ પામ્યા. તે ભગવાન સુવિધિનાથ (પુષ્પદંત સ્વામી)નું મંગલ ચરિત્ર અહીં પૂર્ણ થયું.]

* * *

(આ ભરતક્ષેત્રમાં ભગવાન ઋષભદેવથી માંડીને ચંદ્રપ્રભ સુધીના આઠ તીર્થંકરોનું શાસન અખંડપણે ચાલ્યું. પછી ભગવાન સુવિધિનાથ તીર્થંકરના શાસન વખતે ચોથાકાળના મધ્ય સમયરૂપ ધર્મકાળ હોવા છતાં, શીતલનાથ તીર્થંકરની પૂર્વે ૧/૪ પૂર્વ સુધી (એટલે કે ૧૭૬૪૦૦૦ એક કરોડ = ૧૭૬૪૦૦૦,૦૦૦૦૦૦૦ આટલા વર્ષો સુધી) જૈનધર્મના વક્તા-શ્રોતા કે ધર્માત્મા ભરતક્ષેત્રમાં ન હતા, એટલે કે ધર્મનો વિચ્છેદ થઈ ગયો હતો. પ્રભુ શીતલનાથના અવતારથી પુનઃ ધર્મની ધારા ચાલુ થઈ. (ધર્મનો આ વિચ્છેદ વિજયાર્દ્ધપર્વતની શ્રેણીમાં લાગુ નથી પડતો.)

આ રીતે ભગવાન સુવિધિનાથથી ધર્મનાથ સુધીના તીર્થંકરોના વારામાં કુલ સાત વખત ભરતક્ષેત્રમાં ધર્મનો વિચ્છેદ થયો. પ્રભુ શાંતિનાથ પછી મહાવીર ભગવાન સુધી ધર્મની ધારા અખંડપણે ચાલી, તે ઠેઠ પંચમકાળના અંત સુધી રહેશે. જે ધર્મ ચોથાકાળમાં પણ કરોડો વર્ષો વિચ્છેદ થયો, તે ધર્મ આપણને આ પંચમકાળમાં અખંડ ધારાપ્રવાહે અવિચ્છિન્નરૂપે મળી રહ્યો છે; આપણે માટે અત્યારે પણ ધર્મકાળ છે.)

* * *

## ચૈતન્ય–પરિણતિ

**‘‘એ જ્ઞાનને સહજ પણે વિકસવા દેજો!’’** ચૈતન્ય પરિણતિને મૂંઝાવા દેશો નહિ, એને સંકોચશો નહિ...એના પ્યારા પવિત્ર સ્વભાવને ભેટવા માટે પરિણતિને ઉલ્લસિત કરજો. કોઈપણ જ્ઞેયને જાણતાં તેને અટકાવશો નહિ, પણ છૂટથી જાણવા દેજો....છૂટી મૂકશો એટલે તે સર્વ જગતને પહોંચી વળશે...પણ જો એને જ્ઞેયોને જાણતાં જરાય અટકાવશો તો તે વિકારથી દબાઈ જશે.

જે પરિણતિને ચૈતન્યપ્રભુ જેવા સાથીદાર છે તેને કોનો ભય છે એ હવે કોઈપણ જ્ઞેયના ફાંસલામાં ફસાવાની નથી.

* * *

**(૧૦)**




નવમા તીર્થંકરના તીર્થના અંત ભાગમાં લાખો કરોડો વર્ષો સુધી ભરતક્ષેત્રમાં ધર્મનો જે વિચ્છેદ હતો તે જેમના અવતારથી દૂર થયો ને પુનઃ ધર્મચક્ર ચાલુ થયું—એવા ભગવાન શીતલનાથની સ્તુતિ કરતાં આચાર્ય સમન્તભદ્ર મહારાજ કહે છે : 'હે શીતલ જિનેશ! આ સંસારથી સંતપ્ત જીવોને જે પરમ શીતળતા આપનાં દર્શન અને વાણી આપે છે, તેવી શીતળતા ચંદન કે ચન્દ્રમા, ગંગાજળ કે મણિનો હાર પણ આપી શકતા નથી. તેથી હું આપનો આશ્રય કરું છું.' જેવી રીતે ભર ઉનાળાના તાપમાં સુંદર વૃક્ષની શીતળ છાયામાં આવનાર જીવો શીતળતાને પામે છે, તેમ ઉત્તમ વૃક્ષ—ચિહ્નવાળા ભગવાન શીતલજિનના ધર્મવૃક્ષનો જે આશ્રય કરે છે તે સમ્યકત્વાદિ પરમ શીતળતાને પામે છે...ને સંસારના આતાપથી મુક્ત થાય છે.—એવા ભગવાન શીતલનાથનું પવિત્ર જીવનચરિત્ર હે ભવ્ય જીવો!! તમે ભક્તિથી સાંભળો.

## (ભગવાન શીતલનાથ : પૂર્વભવ : સુસીમાનગરીમાં પદ્મગુલ્મારાજા)

પુષ્પકરદ્વીપના પૂર્વભાગમાં મંદારગિરિ નામનો મેરૂપર્વત છે; તેની પૂર્વ દિશામાં વિદેહક્ષેત્રમાં સીતાનદીના કિનારે વત્સદેશ અને સુસીમા નગરી છે, આપણા ચરિત્રનાયક—પ્રભુ શીતલનાથ પૂર્વભવમાં તે સુસીમા નગરીમાં પદ્મગુલ્મ નામના રાજા હતા. રાજવૈભવની વચ્ચે પણ તેઓ આત્મજ્ઞાની અને વૈરાગી હતા; અચિંત્ય આત્મવૈભવને જાણતા હોવાથી તેઓ રાજવૈભવથી અલિપ્ત રહી શકતા હતા; ચૈતન્યસુખ પાસે બીજા કોઈ ઇન્દ્રિયસુખોને તેઓ સુખ ગણતા ન હતા, પણ દુઃખ જ સમજતા હતા; છતાં હજી રાગને લીધે રાજમાં રહ્યા હોવાથી ભોગ—વિષયોમાં પણ કિંચિત્ પ્રવૃત્તિ થતી હતી. આમ દ્વિવિધ—પરિણતિમાં એક સાથે વર્તતા હોવા છતાં, ભેદજ્ઞાનશક્તિને લીધે તેમનો આત્મા મોક્ષપુરી તરફ જ ગમન કરી રહ્યો હતો, ને હવે મોક્ષપુરી પહોંચવામાં તેમને વચ્ચે એક જ ભવ બાકી હતો...

રાજા પદ્મગુલ્મ એકવાર પૂરબહારમાં ખીલેલી વસંતઋતુમાં વસંતોત્સવ ઉજવવા રાણીઓ સહિત ઉદ્યાનમાં ગયા; ત્યાં બે મહિના સુધી અનેકવિધ ક્રીડાઓ કરી; વસંતઋતુ ક્યારે વીતી ગઈ ને આતાપકારી ગ્રીષ્મઋતુ ક્યારે આવી ગઈ —તેનો પણ તેને ખ્યાલ ન રહ્યો. પછી જ્યાં વસંતઋતુની ક્ષણભંગુરતા જોઈ...ત્યાં તેમનું ચિત્ત સંસારભોગોથી વિરક્ત થયું કે અરે, આ ભોગસામગ્રી પણ

વસંતઋતુની માફક જ ક્ષણભંગુર છે....કોઈ સંયોગો જીવની સાથે ધ્રુવપણે રહેતા નથી. આવા અધ્રુવ સંયોગોમાં આસક્ત રહેવું મને શોભતું નથી. –આમ સંસારથી વિરક્ત થતાં, આનંદ નામના મુનિરાજ પાસે જિનદીક્ષા અંગીકાર કરી. રત્નત્રય સહિત તપ-આરાધના કરતાં–કરતાં તેમને ૧૧ અંગ ૧૪ પૂર્વનું જ્ઞાન થયું. સમ્યક્ત્વની વિશુદ્ધતા સહિત ૧૬ ઉત્તમ ભાવના વડે તેમને તીર્થંકરપ્રકૃતિ બંધાવા લાગી. એક તરફ નિરંતર તીર્થંકરપ્રકૃતિનું કર્મ બંધાતું હતું, તો બીજી તરફ રત્નત્રયની શુદ્ધિવડે તેઓ પ્રતિક્ષણ મોક્ષને પણ સાધી રહ્યા હતા; આવી દ્વિવિધ ધારામાં મોક્ષધારા પ્રબળ થતી જતી હતી ને બંધધારા ક્ષીણ થતી જતી હતી...એ રીતે મુનિરાજ પદ્મગુલ્મ આરાધક ભાવસહિત આયુ પૂર્ણ કરીને પંદરમા આરણ–સ્વર્ગમાં ઇન્દ્રપણે ઊપજ્યા.

તે મહાત્મા–ભાવિતીર્થંકરે સ્વર્ગના વૈભવની વચ્ચે પણ મોક્ષની સાધના ચાલુ રાખી, ને અસંખ્યાત વર્ષો એક ક્ષણની માફક વીતાવ્યા...દેવલોકમાં તેમને અનેક કલ્પવૃક્ષો પ્રાપ્ત હતા, પણ તેનાં ફળ ખાવાની લાલસા તેમને ન હતી; બાવીસ હજાર વર્ષે માત્ર એકવાર 'અમૃત'નું સ્મરણ કરીને માનસિક આહારથી જ તેઓ તૃપ્ત થઈ જતા હતા. તેમની વાસનાઓ એવી શાંત થઈ ગઈ હતી કે પ્રાપ્ત થયેલા ઉત્તમ વિષયોને ભોગવવાની વૃત્તિ પણ તેમને થતી ન હતી...તેમને તો બાહ્યવિષયો વગરનો, ચૈતન્યનો આનંદ જ વધુ ને વધુ ભોગવવાની લાલસા હતી. તેથી તેવા પૂર્ણ આનંદને પ્રાપ્ત કરવા માટે તેઓ સ્વર્ગ છોડીને મનુષ્યમાં આવવા તૈયાર થયા. –કેમકે સ્વર્ગમાં તો તેવા પૂર્ણ આનંદની પ્રાપ્તિ થઈ શક્તી નથી. જ્યારે સ્વર્ગના આયુમાં તેમને છ માસ બાકી રહ્યા ને મનુષ્યલોકમાં તીર્થંકરપણે અવતરવાની તૈયારી થઈ, ત્યારે મધ્યલોકમાં શું તૈયારી થવા લાગી તે આપણે જોઈએ.

## ભદ્રિલાપુરીમાં શીતલનાથ અવતાર


આ વાત આજકાલની નહિ, અસંખ્યાત વર્ષો પહેલાંની છે; ત્યારે ભરતક્ષેત્રમાં ભદ્રપુર (ભદ્રિલાપુરી) નામની સુંદર નગરી હતી. ત્યાં દઢરથ મહારાજા અને સુનંદા મહારાણી; તેમના રાજમહેલમાં છ માસથી રત્નવર્ષા થવા લાગી. જાણે તીર્થંકરની સેવા કરવા માટે સ્વર્ગેથી લક્ષ્મી પોતે અગાઉથી આવી પહોંચી. છ માસ બાદ, ફાગણ વદ ૮ ના રોજ રાતના પાછલા ભાગમાં સુનંદાદેવીએ અતિ મંગલસૂચક ૧૬ સ્વપ્નો જોયા. અને તે જ વખતે સ્વર્ગને છોડીને તે ઇન્દ્રનો જીવ (શીતલનાથ પ્રભુનો મંગલ આત્મા) તેમના ઉદરમાં અવતર્યો. ભરતક્ષેત્રને માટે આ એક આશ્ચર્યકારી મંગલ ઘટના હતી...જે અસંખ્ય વર્ષ બાદ બની રહી હતી. ધન્ય બન્યા એ માતા–પિતા, ને ધન્ય બની એ ભદ્રિલાનગરી!

સ્વર્ગેથી તે હોનહાર તીર્થંકર અને આત્મજ્ઞાની મહાત્મા (શીતલનાથ)નું ભરતક્ષેત્રમાં અવતરણ થતાં જ, કરોડો વર્ષોથી ધર્મનો જે વિરહ હતો તેનો અંત આવ્યો...ધર્મની ધારા પુનઃ ચાલુ થઈ. તે આત્મા હજી તીર્થંકર તો હવે થશે, ત્યાર પહેલાં જ તેમની હાજરીમાત્રથી ભરતક્ષેત્રનું ધર્મતીર્થ જીવંત બની ગયું...ધન્ય ધર્માત્માનો પ્રભાવ! દેવોએ પણ તે પ્રસંગે ભદ્રિલાપુરીમાં આવીને મંગલ ઉત્સવ મનાવ્યો ને ગર્ભસ્થ–તીર્થંકર સહિત માતા-પિતાનું પણ સન્માન કરતાં ઇન્દ્રાણીએ કહ્યું–"અહો માતા! વિશ્વનું સર્વોત્તમ મોતી તમારા ઉદરમાં બિરાજે છે...જે મોક્ષમાર્ગને પ્રકાશિત કરીને જીવોનું કલ્યાણ કરશે! ધન્ય રત્ન-કૂંખધારિણી માતા! જગતમાં તમે પણ વંદ્ય છો!"

'સુખપૂર્વક નવમાસ વીત્યા....ગર્ભાવસ્થામાં એ તીર્થંકર આત્માને કે તેમના માતાને કોઈ દુઃખ કે પીડા ન હતી. અહા, સ્વર્ગના દેવો જેની સુવિધા સાચવતા હોય ને સેવા કરતા હોય, તેના પુણ્યોદયની શી વાત !! ગર્ભાવાસ વખતેય જાણે સુંદર રત્નમહેલમાં બિરાજતા હોય ! એવી સાતાપૂર્વક, આત્મજ્ઞાન–સમ્યગ્દર્શન ને અવધિજ્ઞાન સહિત ગર્ભકાળ વ્યતીત કર્યો. અને પોષ વદ ૧૨ના રોજ સુનંદામાતાની કૂંખે બાલતીર્થંકરનો જન્મ થયો...તે વખતે બધા નક્ષત્રો ઉત્તમ સુયોગમાં વર્તતા હતા....ક્ષણભર માટે આખું જગત જાણે સુખી હતું. આવો ઉત્તમ યોગ ભરતક્ષેત્રમાં ૨૪ તીર્થંકરોના જન્મપ્રસંગે ચોવીસવાર જ આવે છે...અહા ! કુદરતનું પરિણમન મોક્ષસાધક–મહાત્માને આધીન છે.

ભરતક્ષેત્રમાં દશમા તીર્થંકરનો જન્મ થતાં જ ઈન્દ્રોનું આસન ડોલી ઊઠ્યું....ને આનંદપૂર્વક પ્રભુજન્મનો ઉત્સવ કરવા દેવો ભદ્રિલાપુરીમાં આવી પહોંચ્યા...ધામધૂમપૂર્વક બાલ તીર્થંકરને મેરૂ ઉપર લઈ જઈને વિશ્વકલ્યાણકારી જન્માભિષેક કર્યો. પ્રભુના અવતારથી જગતના જીવોને શીતળતા મળી, તેથી ઈન્દ્રે 'શીતલનાથ' એવા સંબોધનપૂર્વક પ્રભુની સ્તુતિ કરી : હે શીતલનાથ ! કલ્પવૃક્ષ પણ જીવોને જે શીતળતા નથી આપી શકતું એવી વીતરાગી શાંતિરૂપ શીતળતા આપ જગતના જીવોને આપો છો; તેથી તે કલ્પવૃક્ષ પણ આપની શીતળતાનો આશ્રય લેવા આપની ચરણછાયામાં (ચિહ્ન તરીકે) વસ્યું છે.

ભગવાન શીતલનાથનું આયુ ૧ લાખ પૂર્વ હતું, દેહની ઊંચાઈ નેવું ધનુષ (૨૭૦ મીટર) હતી. ૨૫ હજાર પૂર્વની વયે તેમનો રાજ્યાભિષેક થયો. હોનહાર તીર્થંકરના રાજ્યમાં પ્રજામાં સર્વપ્રકારે સુખ અને ધર્મની વૃદ્ધિ હતી. ૫૦ હજાર પૂર્વ સુધી તેમણે રાજ્યભોગ કર્યો. હવે આ સંસારમાં રહેવાનો કાળ તેમને માત્ર ૨૫ હજાર પૂર્વ જ બાકી હતો...ભવના અંતની તૈયારી હતી ત્યારે વૈરાગ્યપ્રેરક એક ઘટના બની.



મહારાજા શીતલનાથ એકવાર સવારમાં વનવિહાર કરવા માટે ગયા હતા, ચારેકોર ફળ-ફૂલથી ખીલેલું સુંદર પ્રસન્નકારી વાતાવરણ હતું, રંગબેરંગી પુષ્પો ઉપર છવાયેલા ઝાકળનાં બિંદુઓ સાચા મોતીની જેમ ચમકી રહ્યા હતા. તેની અદ્‌ભુત શોભા જોતા જોતા શીતલમહારાજા પ્રસન્નતાથી વનવિહાર કરી રહ્યા હતા. થોડા વખત બાદ પાછા ફરતાં તેમણે જોયું કે ક્ષણભરમાં બધા ઝાકળ બિંદુઓ

નષ્ટ થઈ ગયા છે, પ્રભાતની ખીલેલી શોભા પણ હવે દેખાતી નથી. તે જોતાં મહારાજા—શીતલનાથને વૈરાગ્ય જાગ્યો : અરે, આ મનુષ્યજીવન ને આ રાજ-રાણીના સંયોગો—એ બધા તો ઝાકળનાં બિંદુ જેવા ક્ષણભંગુર છે, એની શોભા ને એના સંયોગો ક્ષણભરમાં છૂટી જાય છે. સંસારમાં બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટી રહ્યા છે; જીવના વિભાવો પણ ક્ષણે ક્ષણે પલટી જાય છે, એ પરપદાર્થના કે પરભાવોના ભરોસે રહેવા જેવું નથી. સ્થિર અને અવિયોગી પોતાનો અસંયોગી આત્મા છે. કર્મ ભલે પુણ્યરૂપ હો કે પાપરૂપ હો, તેના વડે જીવને સુખ કેમ મળે?—પુણ્યના ફળરૂપ વિષયોમાં જો સુખ હોત તો, મને તો પુણ્યની પરાકાષ્ટારૂપ ઉત્કૃષ્ટ સામગ્રી પ્રાપ્ત છે.—છતાં મારું ચિત્ત સંતુષ્ટ કેમ નથી? માટે વિષય—સામગ્રીનું સુખ તે ખરેખર સુખ છે જ નહિ, એમાં જગત સુખ માને છે તે મિથ્યા છે; વિષયો પ્રત્યે ઉદાસીનતા ને નિજ—ચૈતન્યસ્વરૂપમાં રતિ તે જ સાચું સુખ છે. પણ જ્યાં મોહ હોય ત્યાં વિષયો પ્રત્યે ઉદાસીનતા કે ચૈતન્યમાં લીનતા ક્યાંથી થાય? માટે હું મોહને સર્વથા નષ્ટ કરીશ ને શુદ્ધાત્માના ધ્યાન વડે કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મા થઈશ.

શીતલમહારાજા આવું વૈરાગ્યચિંતન કરતા હતા, એ જ વખતે પરિણામવિશુદ્ધિથી તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું કે પૂર્વભવમાં પદ્મગુલ્મ રાજા હતો, ત્યારે પણ ઋતુનું પરિવર્તન દેખીને મારું ચિત્ત સંસારથી વિરક્ત થયું હતું; ને અત્યારે પણ ઝાકળબિંદુની ક્ષણભંગુરતા દેખીને મારું ચિત્ત સંસારથી વિરક્ત થયું છે. આ રીતે પ્રભુની દીક્ષાનો અવસર જાણીને બ્રહ્મલોકમાંથી લૌકાંતિકદેવો ત્યાં આવ્યા ને પ્રભુની સ્તુતિ કરીને તેમના વૈરાગ્યની પ્રશંસા કરી; તે જ વખતે ઈન્દ્રો 'શુક્રપ્રભા' નામની પાલખી લઈને આવી પહોંચ્યા. તેમાં આરૂઢ થઈને વૈરાગીપ્રભુ, સંસાર છોડીને મોક્ષને સાધવા વનમાં સંચર્યા; પોષવદ બારસે (પોતાની જન્મતિથિના દિવસે જ) શીતલપ્રભુએ સ્વયં દીક્ષા ધારણ કરી. એક હજાર રાજાઓએ તેમની સાથે દીક્ષા લીધી. બહારમાં વસ્ત્રાદિ સમસ્ત પરિગ્રહ છોડીને, અને અંદરના ૧૨ કષાયોમાંથી ૮ કષાયોને પણ છોડીને, 'શુદ્ધ' થયેલા એ મહાત્મા આત્મધ્યાનમાં એકાગ્ર થયા. અહા, ધન્ય એ 'શુદ્ધ' પદ! જેનો મહિમા કરતાં મહાત્મા કુંદકુદ તેને નમન કરે છે કે—

**રે 'શુદ્ધ'ને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન—દર્શન 'શુદ્ધ'ને,**
**છે 'શુદ્ધ'ને નિર્વાણ, 'શુદ્ધ' જ સિદ્ધ, પ્રણમું તેહને.**

પ્રભુ શીતલ આવા 'શુદ્ધ' શ્રમણ થયા ને સિદ્ધ જેવા શોભી ઊઠ્યા...તેઓ 'શીતલ' તો હતા જ, ચૈતન્યના શાંત—રસમાં લીનતા વડે મુનિ થઈને તેઓ પરમ શીતળ બન્યા; કષાયોની કલુષતાને ધ્યાન વડે ધોઈ નાંખી. ત્રણ રત્ન—ચારજ્ઞાન—પંચમહાવ્રત ને છ આવશ્યકના ધારક એ મુનિરાજ બે ઉપવાસ બાદ ત્રીજે દિવસે અરિષ્ટ નગરીમાં પધાર્યા, ત્યારે ત્યાંના રાજા પુનર્વસુએ નવધાભક્તિથી અત્યંત હર્ષપૂર્વક ખીરના આહારદાન વડે તેમને પારણું કરાવ્યું. તીર્થંકરને મુનિદશામાં પ્રથમ આહારદાન દેનાર તે રાજાના મહાભાગ્યની દેવોએ પણ પ્રશંસા કરી, અહો દાનં....મહાદાનં.....એમ કહીને આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરીને દિવ્યવાજાં વગાડ્યાં....

પ્રભુ શીતલનાથે મુનિદશામાં ત્રણવર્ષ રહીને આત્મધ્યાન વડે પરમાત્મસાધના કરી ને અંતે માગશર વદ ૧૪ની સાંજે કેવળજ્ઞાન પ્રગટ કરીને પોતે સ્વયં પરમાત્મા બન્યા. પ્રભુને પરમાત્મપદ પ્રાપ્તિનો મોટો ઉત્સવ દેવોએ તેમ જ મનુષ્યોએ કર્યો. અરે, તિર્યંચો પણ એ પરમાત્માને દેખીને

આનંદિત થયા. નરક ગતિના જીવો જો કે અહીં આવી ન શક્યા પણ પ્રભુના તીર્થંકરત્વના પ્રભાવે નરકમાં પણ તે જીવોને બે ઘડી સાતાનો અનુભવ થયો, ને તેથી આશ્ચર્ય પામીને તીર્થંકરના મહિમાપૂર્વક કેટલાય જીવો સમ્યગ્દર્શન પામ્યા. શીતલપ્રભુના પ્રતાપે નરકમાં પણ તેમને સમ્યક્ત્વની અપૂર્વ શીતળતા મળી. ધન્ય તીર્થંકરોની દિવ્યતા! ધન્ય તેમના કલ્યાણક!

દેવોએ ધર્મસભારૂપે અદ્‌ભુત સમવસરણની રચના કરી...ને ઈન્દ્ર પોતે આવીને પ્રભુની પૂજા કરીને ધર્મોપદેશ સાંભળવા બેઠો. પ્રભુ શીતલનાથના એ ધર્મદરબારમાં 'અનગાર' વગેરે ૮૧ ગણધરો હતા—જેઓ આશ્ચર્યકારી સાત ઋદ્ધિના ધારક હતા. તે સાત ઋદ્ધિ આ પ્રમાણે છે—૧. બુદ્ધિ ૨. તપ ૩. વિક્રિયા ૪. રસ ૫. બળ ૬. ઔષધિ અને ૭. અક્ષીણ—આવા ઋદ્ધિસંપન્ન ૮૧ ગણધરો ઉપરાંત ૧૪૦૦ પૂર્વધારી શ્રુતકેવળી મુનિવરો હતા; ૬૯૦૦૦ ઉપાધ્યાય—મુનિઓ હતા; ૭૨૦૦ અવધિજ્ઞાની હતા, ૧૨૦૦૦ વિક્રિયાલબ્ધિ ધારક મુનિવરો હતા, ૭૫૦૦ મનઃપર્યયજ્ઞાનીઓ હતા; બધા થઈને એક લાખ મુનિવરો મોક્ષને સાધી રહ્યા હતા. જેમાં સાત હજાર તો, પ્રભુના જેવા જ કેવળજ્ઞાનધારક અરિહંતો હતા..તેઓ પણ સમવસરણના શ્રીમંડપમાં ૫૦૦૦ ધનુષ ઊંચે પ્રભુના સમકક્ષ ગગનમાં વિરાજતા હતા. અહા, એકસાથે હજારો કેવળી ભગવંતો ને લાખો મુનિ ભગવંતોથી ઊભરાતું મોક્ષના મેળાનું એ મંગલ દ્રશ્ય મુમુક્ષુના ચિત્તમાં મોક્ષ સાધવાની ઊર્મિઓ જગાડતું હતું. ત્યાં ત્રણ લાખ જેટલા આર્યિકાઓ ને પાંચ લાખ જેટલા શ્રાવક—શ્રાવિકાઓ પણ પ્રભુનો ઉપદેશ સાંભળીને આનંદથી મોક્ષમાર્ગમાં ચાલતા હતા. દેવોની તો શી વાત! કેટલાય તિર્યંચો પણ પ્રભુના દર્શન કરીને તથા ધર્મોપદેશ સાંભળીને આત્મજ્ઞાન પામતા ને અંતરાત્મા થઈને પરમાત્મપદની સાધના કરતા હતા. (મોક્ષના મેળાના દ્રશ્ય માટે જુઓ પાનું—)

એ રીતે કરોડોવર્ષો સુધી અબજો જીવોને ધર્મોપદેશ વડે મિથ્યાત્વ છોડાવતા થકા ને સમ્યકત્વાદિ રત્નો પમાડતા થકા, તીર્થંકર શીતલનાથ સમ્મેદશિખર પધાર્યા. હવે તેમને મોક્ષપુરીમાં પધારવાને એક મહિનો જ બાકી હતો. તેથી તેમણે શિખરજીની વિદ્યુતવર ટૂંક પર સ્થિરયોગ ધારણ કર્યો. વિહાર અને વાણી બંધ થયા. પછી અંતિમ શુક્લધ્યાનપૂર્વક અનુક્રમે સંપૂર્ણ યોગનિરોધ કરી, આત્મપ્રદેશોની સંપૂર્ણ સ્થિરતા વડે અશેષપણે કર્મોનો ક્ષય કરી, અને સર્વગુણસંપન્ન થઈ પ્રભુ સિદ્ધાલયમાં સીધાવ્યા. આસો સુદ અષ્ટમીએ દેવોએ દશમા તીર્થંકર પ્રભુના મોક્ષગમનનો મંગળ મહોત્સવ ઊજવ્યો. તે પ્રસંગે પણ અશરીરી સિદ્ધોનું અને તેમના અતીન્દ્રિય સુખનું ચિંતન કરીને, કેટલાય જીવોએ સમ્યગ્દર્શન વડે પોતામાં તેવું સિદ્ધસુખ ચાખ્યું ને તેઓ પણ સિદ્ધપુરીના પથિક બન્યા...

**શીતલનાથ જિનરાજકી વિદ્યુતવર ટૂંક જેહ,**
**મન—વચ—તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

આ રીતે, ભવ્યજીવોને પરમ શીતળદાયક પ્રભુ શીતલનાથ તીર્થંકરના પંચકલ્યાણક પૂરા થયા...તે ભવ્યજીવોને મંગળરૂપ હો.

**(ઇતિશ્રી શીતલનાથ પુરાણ સમાપ્ત)**

* * *

## (૧૧)




* શ્રેયને માટે ભવ્યજીવોએ આશ્રય લેવા યોગ્ય એવા ભગવાન *
* શ્રેયાંસ–તીર્થંકરનું મંગલચરિત્ર સર્વે જીવોને શ્રેયરૂપ હો. *

### * શ્રેયાંસનાથ–પૂર્વભવ : નલિનપ્રભરાજા *

ત્રીજા પુષ્પકરદ્વીપના પૂર્વ વિદેહમાં ક્ષેમપુર નગર છે. મહારાજા નલિનપ્રભ ત્યાં રાજ્ય કરતા હતા. તે જૈનધર્મના પ્રેમી તેમ જ આત્મસ્વરૂપના જાણનારા હતા; સંસારમાં રહીને પણ મોક્ષના સાધક હતા; ધર્મ–અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થની સાથે મોક્ષનો પુરુષાર્થ તેમને ચાલુ હતો. રાજવૈભવની વચ્ચે પણ તેમની કોઈ પ્રવૃત્તિ ધર્મથી વિરુદ્ધ ન હતી. એક આદર્શ શ્રાવક જેવું તેમનું ઉજ્જવળ જીવન હતું.

તેમના રાજઉદ્યાનમાં હજારો આંબાના ઝાડથી શોભતું એક રમણીય ઉપવન હતું. એકવાર અનંત-જિનેન્દ્રનું ત્યાં આગમન થયું. મોરલા નાચી ઊઠ્યા, કોયલો ટહૂકી ઊઠી, આંબાના ઝાડ હજારો કેરીથી ઝૂકી પડ્યા–જાણે હાથમાં ફળ લઈને પ્રભુને પૂજી રહ્યા હોય! વનપાળે આવીને રાજાને વધામણી આપી : હે મહારાજ! આપણી નગરીના ઉદ્યાનમાં ભગવાન અનંતજિન પધાર્યા છે.

સર્વોત્કૃષ્ટ વધામણી સાંભળતાં જ રાજાના હર્ષનો પાર ન રહ્યો..તપોવનમાં જઈને પ્રભુના દર્શન કરતાં ને ઉપદેશ સાંભળતાં તેનો આત્મા પ્રસન્નતાથી ખીલી ઊઠ્યો : આત્મજ્ઞાન તો તેને હતું જ, તે ઉપરાંત મહાન વૈરાગ્ય જાગ્યો, તેથી જિનચરણોમાં દીક્ષા લઈ મુનિ થયા. તેમને ૧૧ અંગનું જ્ઞાન ખીલ્યું; અને રત્નત્રયની શુદ્ધિ ઉપરાંત, ૧૬ પ્રકારની વિશુદ્ધ ભાવનાઓ વડે ઈચ્છા વગર તીર્થંકર પ્રકૃતિનું આગમન થયું,–જાણે કે કેવળજ્ઞાનની દૂતિ તેના આગમનના સમાચાર લઈને આવી પહોંચી. તે નલિન મુનિરાજ વિશુદ્ધ ચારિત્રનું પાલન કરીને, આયુ પૂર્ણ થતાં સમાધિમરણ કરીને ૧૬માં સ્વર્ગમાં ઈન્દ્ર થયા. તેમનું ૨૨ સાગરનું આયુષ્ય હતું. અનેક દિવ્ય દેવીઓ તેમ જ દેવલોકનો આશ્ચર્યકારી વૈભવ, તેની વચ્ચે અસંખ્યાત વર્ષો સુધી તેઓ રહ્યા તો પણ સમ્યક્ત્વના પ્રતાપે ચૈતન્યના મહિમાને તેઓ કદી ક્ષણમાત્ર ભૂલ્યા ન હતા. રાગ હતો પણ તેમની ચેતના રાગથી વિરક્ત હતી. સ્વર્ગલોકના ઉત્તમસુખોને પણ ચૈતન્યના વીતરાગીસુખ પાસે તો તેઓ દુઃખ જ સમજતા હતા. 'ધન્ય વીતરાગ–મુનિદશા ને ધન્ય પરમાત્મદશા!–તે અમે ક્યારે પામીએ!' એવી મોક્ષભાવના, સ્વર્ગમાં બેઠાબેઠા પણ

તે ભાવીતીર્થંકર ભાવતા હતા; અંતે, સ્વર્ગના દિવ્યસુખોથી સંતુષ્ટ ન થતાં મોક્ષને સાધવા માટે તે મહાત્મા સ્વર્ગપુરી છોડીને મનુષ્યલોકમાં આવ્યા.

## સિંહપુરી (કાશી)માં શ્રેયાંસનાથ–અવતાર

ભરતક્ષેત્રમાં કાશીદેશ અત્યંત રમણીય છે; ત્યાં અનેક મહાપુરુષો થયા. અત્યાર સુધીમાં સાતમા અને આઠમા (સુપાર્શ્વનાથ તથા ચંદ્રપ્રભ) ભગવંતોના કલ્યાણકોથી જે દેશ પાવન થયો. તે કાશી દેશમાં (હાલ બનારસથી દશ કિ. મિ. દૂર) સિંહપુરી નામની સુંદર નગરી હતી. (હાલ તેને 'સારનાથ' કહેવાય છે અને ત્યાં શ્રેયાંસનાથ ભગવાનનું સુંદર જિનાલય છે.) ત્યાં ઈક્ષ્વાકુવંશી રાજા વિષ્ણુ રાજ્ય કરતા હતા; તેમની મહારાણીનું નામ સુનંદા. સોળ મંગળ સ્વપ્નપૂર્વક શ્રેયાંસ–તીર્થંકરનો જીવ તે સુનંદા માતાના ઉદરમાં આવ્યો....(વૈશાખ વદ છઠ્ઠ) ત્યારબાદ સવા નવ માસ વીતતાં મહા વદ ૧૧ના મંગલદિને ભરતક્ષેત્રના અગિયારમા તીર્થંકરનો અવતાર થયો. ત્રણ જ્ઞાનધારક અને ત્રણલોકના નાથ એવા તીર્થંકરનો અવતાર થતાં ત્રણલોકના જીવો હર્ષિત થયા. બધી ઋતુઓ એકસાથે ખીલી ઊઠી અને જીવોનાં મન પણ હર્ષથી ખીલી ઊઠ્યા. પાપી જીવો પણ ધર્માત્મા બની ગયા. ઈન્દ્રોએ આનંદપૂર્વક પ્રભુનો જન્મોત્સવ ઊજવ્યો. પ્રભુના ભવ્ય જન્મોત્સવનો મહિમા દેખતાં ઘણા જીવોએ આશ્ચર્યકારી ચૈતન્યતત્ત્વના મહિમાનું ચિંતન કરીને સમ્યગ્દર્શન વડે પોતાનું શ્રેય કર્યું. અહા! શ્રેયાંસનાથ તીર્થંકરનો અવતાર થતાં જ જીવોના શ્રેયની શરૂઆત થઈ ગઈ. તેમના પહેલાં ભરતક્ષેત્રમાં ઘણા વર્ષો સુધી ધર્મનો જે વિચ્છેદ હતો તે તેમનો અવતાર થતાં દૂર થયો ને જૈનધર્મની ધારા ફરી ચાલુ થઈ. દેવ–દેવેન્દ્રોએ આવીને દિવ્યઠાઠથી તીર્થંકર પ્રભુનો જે જન્મોત્સવ કર્યો તે જગતના ઉત્કૃષ્ટ મંગલ મહોત્સવમાં એક હતો... ઘણા જીવોને તે શ્રેયનું કારણ બન્યો. ઈન્દ્ર તેમનું 'શ્રેયાંસનાથ' નામ આપે ત્યાર પહેલાં જ પ્રભુએ તો જીવોનું શ્રેય કરવાનું શરૂ કરી દીધું. તેમના ચરણમાં 'ગેંડા'નું ચિહ્ન હતું : જેમ ગેંડાનું શરીર શસ્ત્રોથી ભેદાતું નથી તેમ શ્રેયાંસનાથ પ્રભુનું અભેદ્ય–અનેકાન્ત શાસન પણ કોઈ એકાન્તવાદી કુચક્રથી ભેદાતું ન હતું. ઈન્દ્રે પ્રભુનો જન્માભિષેક કર્યા બાદ સ્તુતિ કરતાં કહ્યું–હે દેવ! આપ આ અવતારમાં જ સર્વજ્ઞ પરમાત્મા થશો ને રત્નત્રયરૂપ શ્રેયમાર્ગનો ઉપદેશ આપીને કેટલાય જીવોનું શ્રેય કરશો. જીવોના હિતરૂપ શ્રેયમાર્ગના આપ રક્ષક અને પોષક છો. તેથી ખરેખર આપ 'શ્રેયાંસનાથ' છો.

કુમાર શ્રેયાંસનાથ એ માત્ર સિંહપુરના જ નહિ પણ સમસ્ત કાશીદેશના ગૌરવરૂપ હતા, ને તેમને લીધે કાશીદેશનું ગૌરવ આખી દુનિયામાં પ્રસિદ્ધ હતું. કાશીદેશની જનતાએ સુપાર્શ્વનાથ અને ચંદ્રપ્રભ પછી આ ત્રીજા બાલતીર્થંકરને પોતાની નગરીમાં ખેલતા ને બોલતા જોયા. તેમને દેખતાં જ પ્રજાજનોના હૈયા બોલી ઊઠતા કે–અહા, જ્યાં આવા મહાત્મા પ્રભુ બિરાજે છે તે દેશને ધન્ય છે. અમારા નેત્ર સફળ છે કે અમને આવા ભગવાનના દર્શન થાય છે, અમારું જીવન ધન્ય છે કે આવા પ્રભુની સાથે અમે જીવીએ છીએ!–'વાહ, પ્રજાજનો! તમને ધન્ય છે!'

હજારો પ્રજાજનો દરરોજ સુપ્રભાતમાં શ્રેયકુમારના દર્શન કરવા આવતા....ને પરમાત્માના દર્શન જેવો જ આનંદ પામતા; કેમકે શ્રેયપ્રભુ એક મંગલઆત્મા હતા....તેમનું દ્રવ્ય એ પરમાત્મ–દ્રવ્ય હતું. અર્થાત્ તેઓ પોતે દ્રવ્ય–પરમાત્મા હતા. તેમની સાથે બે શબ્દ બોલતાંય પરમ આનંદ થતો. એકવાર એક ઉત્તમ નાગરીકે પ્રભુને પૂછ્યું : હે દેવ! આ ચોવીસીમાં આ કાશીદેશમાં સુપાર્શ્વનાથ અને

ચંદ્રપ્રભુ એ બે તીર્થંકરો બાદ આપ ત્રીજા તીર્થંકર અવતર્યા છો....શું હજી ભવિષ્યમાં પણ આ કાશીદેશમાં કોઈ તીર્થંકરનો અવતાર થશે!! એ પ્રશ્ન સાંભળીને પ્રભુ જરાક મલકાયા ને કહ્યું–હે સુભાગી પ્રજાજનો! હજી એક ચોથા તીર્થંકર પણ કાશીદેશને પાવન કરશે. આ ચોવીસીના તેવીસમા પારસનાથ–તીર્થંકર પણ આ કાશીદેશની વારાણસી નગરીમાં અવતરશે; તેઓ કુમારઅવસ્થામાં સર્પયુગલને ધર્મોપદેશ સંભળાવીને તેમનો ઉદ્ધાર કરશે....

અહા, નાનકડા શ્રેયકુમારના શ્રીમુખથી આવી મજાની વાત સાંભળીને પ્રજાજનો અત્યંત હર્ષથી ઉલ્લસિત થયા ને "શ્રેયાંસ તીર્થંકરનો જય હો....પારસનાથ તીર્થંકરનો જય હો" એવા આનંદકારી જયકારથી આખી નગરી ગાજી ઊઠી! એ ગગનભેદી જયનાદ સાંભળીને મહારાણી સુનંદા દેવીએ મહેલના ઝરૂખામાં આવીને નીચે જોયું તો પોતાનો લાડીલો પુત્ર શ્રેયકુમાર, પ્રજાજનો સાથે વાત કરીને તેમને આનંદિત કરી રહ્યો છે! તે દશ્ય જોઈને માતાજી પ્રસન્ન થયા....ને તે જ વખતે માતાજીને ઝરૂખામાં દેખતાં જ, લોકોએ ફરીથી આનંદપૂર્વક 'સુનંદા માતાકી જય' એવા જયજયકારથી આકાશને ભરી દીધું.

કિશોરઅવસ્થામાં એ બાલતીર્થંકરનો વિનોદ પણ પુણ્યાનુબંધી શુભ હતો. આનંદ–કિલ્લોલપૂર્વક વૃદ્ધિગત થતા–થતા રાજકુમાર શ્રેયાંસનાથ યુવાન થયા. પિતાએ તેમના લગ્ન કર્યા અને સિંહપુરીના રાજસિંહાસને તેમનો રાજ્યાભિષેક કર્યો. પુણ્યકર્મો ઉત્તમ ભોગ સામગ્રી વડે તેમની સેવા કરતા હતા. જો કે તે ધર્માત્મા રાજકુમાર તો ચૈતન્યસુખની ઉત્તમતા પાસે તે ઉત્તમ ભોગોને પણ તૂચ્છ જ સમજતા હતા. માત્ર બાહ્ય સમૃદ્ધિમાં જ નહિ અપિતુ અંતરના શ્રેયમાર્ગમાં પણ તેઓ વૃદ્ધિગત હતા. પુણ્યપ્રતાપે સર્વે ઉત્તમ અર્થોની પ્રાપ્તિ તેમને સ્વયમેવ થતી હતી, એટલે તેમને અર્થપ્રાપ્તિ માટે તો કોઈ પુરુષાર્થ કરવાનો ન હતો, માત્ર મોક્ષ માટે જ પુરુષાર્થ કરવાનો હતો,–જે તેઓ રાજ્યની વચ્ચે પણ ગુપ્તપણે કર્યા જ કરતા હતા. એ રીતે મહારાજા શ્રેયાંસનાથે, પોતાના ગુપ્ત–જ્ઞાનનિધિની સુરક્ષાપૂર્વક, ૪૨ લાખ વર્ષો સુધી સુખપૂર્વક રાજ્ય કર્યું. ૮૪ લાખ વર્ષના તેમના આયુમાંથી ૩ ભાગ એટલે કે ૬૩ લાખ વર્ષો વીતી ગયા.

મહારાજા શ્રેયાંસનાથ એકવાર વનક્રીડા માટે ઉદ્યાનમાં ગયા....માહ માસ હતો, વસંતૠતુ નજીક આવી હતી. ઝાડનાં પાન ખરી ગયા....પુષ્પ–પત્ર વગરનાં વૃક્ષોની શોભા હણાઈ ગઈ....જાણે વૃક્ષો પોતાનો શણગાર અને વૈભવ છોડીને વિરક્ત બની ગયા!! એવું ૠતુ-પરિવર્તન જોઈને મહારાજા શ્રેયાંનાથનું ચિત્ત પણ એકાએક સંસારથી વિરક્ત થયું. તેઓ વિચારવા લાગ્યા–આ પુણ્યવૈભવ પણ ક્ષણભંગુર છે. પાનખર ૠતુમાં આ વૃક્ષોની જેમ આ સંયોગો પણ છૂટી જશે. સંયોગથી પાર એવા મારા અસંયોગી સિદ્ધપદને હું જ્યાંસુધી ન સાધું ત્યાં સુધી આ સંસારમાં ક્યાંય સ્થિરતા નથી. આજે જ આવા અસ્થિર સંસારને છોડીને હું મુનિ થઈશ ને મારા સિદ્ધપદને સાધીશ. પાંદડાં જેવા આ પુણ્યના ભરોસે હું બેસી નહિ રહું! ધ્રુવપદ તો મારું સિદ્ધપદ છે, તેને સાધીને સાદિઅનંતકાળ તેમાં બેસીશ! આમ મહારાજાની વૈરાગ્યધારા વધતી જ ચાલી; એમની ચેતના સાતમા ગુણસ્થાને ચડવા તત્પર બની અને 'શ્રેયસ્કર' નામના પુત્રને રાજ્ય સોંપીને બાર વૈરાગ્ય–અનુપ્રેક્ષાપૂર્વક જિનદીક્ષા માટે તેઓ ઉદ્યમી થયા....

એ જ વખતે બ્રહ્મલોકમાંથી વૈરાગી લૌકાંતિક દેવો ત્યાં આવ્યા. જાણે વૈરાગ્યના શણગાર પહેર્યા હોય એમ સફેદ દિવ્ય વસ્ત્રોથી તે દેવો સુસજ્જ હતા. આવીને તેમણે વૈરાગી–મહારાજાને વંદન કર્યા અને વૈરાગ્યવર્ધક સ્તુતિ કરતાં કહ્યું : અહો દેવ! આપનું નામ ''શ્રેયાંસનાથ'' છે ને આપ પોતે શ્રેયરૂપ છો...વળી હમણાં રત્નત્રયરૂપ ઉત્તમ શ્રેયમાર્ગે સંચરી રહ્યા છો. આવી આપની વીતરાગતા દેખીને અમે પ્રસન્નતાપૂર્વક તેનું અનુમોદન કરવા બ્રહ્મલોકમાંથી અહીં આવ્યા છીએ. [ અહા, આ પણ એક આશ્ચર્યની વાત છે ને!–કે તીર્થંકરોના સમવસરણમાં પણ કદી નહિ આવનારા આ વૈરાગી દેવો, માત્ર પ્રભુના વૈરાગ્યપ્રસંગે જ તેમના વૈરાગ્યની અનુમોદના કરવા મનુષ્યલોકમાં ગૃહસ્થતીર્થંકર પાસે આવે છે.]



ખરેખર તીર્થંકરોનો વૈરાગ્ય એ જગતનું કલ્યાણ કરનારો મહાન મંગલ પ્રસંગ છે. આ પ્રસંગને અનુરૂપ 'વિમલપ્રભા' નામની પાલખી લઈને દેવો સહિત ઈન્દ્રો ત્યાં આવી પહોંચ્યા....અને સ્વાનુભૂતિ સહિત ત્રણજ્ઞાનની વિમલપ્રભાથી શોભતા ભગવાન શ્રેયાંસનાથ તે પાલખીમાં બેઠા ત્યારે તેનું 'વિમલપ્રભા' નામ સાર્થક થયું. પાલખીમાં આરૂઢ થતી વખતે, સ્વયં ઈન્દ્ર મહારાજાએ પોતાના હાથનો ટેકો આપીને પ્રભુનું સન્માન કર્યું; એ રીતે પોતાનું પણ બહુમાન વધાર્યું. પ્રભુને કાંઈ ઈન્દ્રના ટેકાની જરૂર ન હતી પણ એ તો પ્રભુનો મહિમા પ્રસિદ્ધ કરવાની એક વિધિ હતી–કે જે દેખીને, વૈભવી–ઈન્દ્ર કરતાંય આ વૈરાગી–તીર્થંકરના કોઈ અપાર મહિમાનો જગતને ખ્યાલ આવી જતો! વાહ, ઈન્દ્ર પણ હાથ પ્રસારીને જેમની સેવા કરવા તત્પર થાય તે ભગવંતના ગુણના મહિમાની શી વાત!!

એ કલ્યાણકારી દિવસ હતો માહ વદ ૧૧. મનોહર ઉદ્યાનમાં પહોંચીને, મહારાજા શ્રેયાંસનાથે વસ્ત્ર–હાર–મુગટાદિ સમસ્ત રાજવૈભવનો ત્યાગ કર્યો; સ્ફટિક જેવી ઉજ્જવળ શિલાપર બેસીને 'ૐ નમઃ સિદ્ધેભ્યઃ' એવા ઉચ્ચારપૂર્વક ભગવંત સિદ્ધોને નમસ્કાર કરીને, સ્વયંગુરુ એવા તે પ્રભુએ દઢ હાથ વડે કોમળ કેશનો લોચ કર્યો. એ જ વખતે એક હજાર રાજાઓ પણ પ્રભુનું અનુકરણ કરીને સર્વસંગત્યાગી દિગંબર મુનિ થયા. તે એક હજાર મુનિઓની મધ્યમાં સૂર્ય જેવા તેજસ્વી એવા તે મુનિરાજ ભગવાન શ્રેયાંસનાથ એકત્વભાવનામાં ઝૂલતા–ઝૂલતા આત્મચિંતનમાં એકાગ્ર થયા અને તે જ ક્ષણે અનંતગુણગંભીર ચિદાનંદતત્ત્વમાં લીન થઈને શુદ્ધોપયોગરૂપે પરિણમ્યા, સાક્ષાત્ શ્રમણ થયા, સર્વત્ર સમભાવી થયા. અહા, એ પરમ વીતરાગી મુનિરાજની અચિંત્ય શાંતમુદ્રા દેખીને, તે વખતે ઈન્દ્રો–દેવો–મનુષ્યો ને તિર્યંચો પણ ચિત્તમાં કોઈ અનેરી શાંતિ અનુભવવા લાગ્યા. સિંહ અને સસલું પ્રભુચરણમાં એક સાથે ભેગા



થયા છતાં કોઈને ક્રૂરતા કે ભય થતો ન હતો, બંને અત્યંત શાંતિથી પ્રભુની સામે જોઈ રહ્યા હતા....ને મનમાં વિચારતા હતા કે ‘વાહ, આ મહાત્મા કેવું સુંદર ધ્યાન ધરી રહ્યા છે!! તે વખતે હજારો પ્રજાજનોએ પણ વૈરાગ્યભાવનાપૂર્વક શ્રાવકવ્રત અંગીકાર કર્યા ને કેટલાય જીવો અપૂર્વ સમ્યગ્દર્શન પામ્યા. ધન્ય હતો એ તીર્થંકરનો દીક્ષાકલ્યાણક–મહોત્સવ!!

દીક્ષા લઈને આત્મધ્યાનમાં બિરાજમાન તે શ્રેયાંસમુનિરાજને શુદ્ધોપયોગની સાથે જ સાતમું ગુણસ્થાન, ચોથું દિવ્યજ્ઞાન તથા સાત મહાન ઋદ્ધિઓ પ્રગટી; સંજ્વલન સિવાયના બધા કષાયો દૂર થયા; વીતરાગી રત્નત્રયના તેજથી તેમનો આત્મા શોભી ઊઠ્યો. બે દિવસના ઉપવાસ બાદ તે મુનિરાજ સિદ્ધાર્થનગરમાં પધાર્યા....ત્યાં નંદરાજાએ ભક્તિથી વિધિપૂર્વક પ્રથમ પારણું કરાવ્યું. તેના આ મહાન પુણ્યયોગથી ત્યાં દેવોએ દુદુંભીવાજાં વગાડ્યા ને રત્નવૃષ્ટિ કરી; આ રીતે મોક્ષમાર્ગી મુનિવરોને આહારદાનનો કોઈ અલૌકિક મહિમા જગતમાં પ્રસિદ્ધ થયો.

મહામુનિ શ્રેયાંસનાથે લગભગ બે વર્ષ સુધી મૌનપણે વિહાર કર્યો. ત્યારબાદ જન્મનગરી સિંહપુરીમાં પુનઃ પધાર્યા; જે મનોહર ઉદ્યાનમાં દીક્ષા લીધેલી તે જ ઉદ્યાનમાં એક વૃક્ષ નીચે બે દિવસના ઉપવાસપૂર્વક બિરાજમાન થયા ને આત્મ-ધ્યાનની ઉગ્ર શ્રેણી ઉપાડી. શુદ્ધોપયોગની તલવારને શુક્લધ્યાનવડે સુસજ્જ કરીને ભયંકર મોહશત્રુ ઉપર પ્રહાર કરવા માંડ્યો; મોહશત્રુ ધ્રૂજી ઊઠ્યો, તેની સેનાનો ક્ષય થવા લાગ્યો. બહારથી પરમ શાંત દેખાતા એ શ્રેયમુનિરાજ, અંદરમાં તો મોહશત્રુ સામે કોઈ કલ્પનાતીત શૂરવીરતાથી યુદ્ધ કરી રહ્યા હતા ને ધ્યાનચક્ર વડે તેનો નાશ કરી રહ્યા હતા. માત્ર થોડી જ ક્ષણના તે યુદ્ધમાં પ્રભુએ મોહને સર્વથા મારી નાંખ્યો. અનાદિથી જે મોહ જીતાયો ન હતો તેને સંપૂર્ણપણે જીતીને પ્રભુ પૂરેપૂરા જિન થયા, વીતરાગ થયા ને બીજી જ ક્ષણે પોતાના કેવળજ્ઞાન–નિધાન પ્રાપ્ત કરીને સર્વજ્ઞ પરમાત્મા થયા....એ મંગલદિવસ ને મંગલઘડી હતી પોષ વદ અમાસની સાંજ! અમાસ હોવા છતાં પ્રભુની પાસે કાંઈ અંધારું ન હતું, ત્યાં તો અમાસની રાત્રે પણ કોઈ દૈવી પ્રકાશનાં તેજ પથરાયા હતા.

અગિયારમા તીર્થંકર શ્રેયાંસપ્રભુને કેવળજ્ઞાન થતાં તે ચોથા કલ્યાણકનો ઉત્સવ કરવા કાશીદેશની સિંહપુરી નગરીમાં ફરીને ચોથી વાર સ્વર્ગેથી ઈન્દ્રો આવી પહોંચ્યા. એક જ નગરીમાં પ્રભુના ચાર કલ્યાણક! ધન્ય તે નગરી!! બે ઘડીમાં તો સમવસરણ રચાયું. તેની શોભા એવી અદ્ભુત હતી કે, શું આ રચના ઈન્દ્રોએ કરી? કે તીર્થંકરના સાતિશય પુણ્યથી થઈ?–તે નક્કી થઈ શકતું ન હતું. તીર્થંકરપ્રભુના એ ધર્મદરબારમાં ભવ્યજીવોનાં ટોળેટોળાં આવ્યા. માત્ર દેવો નહિ, મનુષ્યો તેમ જ સિંહ ને સસલાં, વાઘ ને વાંદરા, હાથી ને સર્પ વગેરે પ્રાણીઓ આવ્યા ને શાંતિથી ધર્મોપદેશ સાંભળવા લાગ્યા. તેઓ માત્ર સાંભળીને ન અટક્યા પણ તેમાં કહેલા પોતાના ચૈતન્યતત્ત્વની સુંદરતાને પોતામાં દેખી લીધી ને આત્મજ્ઞાન કરીને મોક્ષના માર્ગમાં ચાલવા લાગ્યા; પોતાની અંદર રહેલા ‘પરમાત્મા’ના તેમણે દર્શન કર્યા.

શ્રેયાંસનાથ તીર્થંકરના દિવ્ય ધર્મદરબારમાં કુંથુરાજ વગેરે ૭૭ ધર્મ–દીવાન (ગણધરો) હતા; તે બધાય બાર અંગના ધારક શ્રુતકેવળી હતા ને મહાન લબ્ધિઓના ધારક હતા. કરોડો શ્લોક માત્ર બે ઘડીમાં શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલી શકે–એવી તેમની વચનશક્તિ હતી; હજારો માણસો એકસાથે બોલીને

કોલાહલ કરતા હોય તોપણ તે બધામાંથી દરેક માણસની જાુદી જાુદી વાત સ્પષ્ટપણે એકસાથે સાંભળી શકે એવી તેમની શ્રવણશક્તિ હતી; તે પ્રભુના સમવસરણમાં મુનિવરોની સભાના શ્રીમંડપની ઉપર (પાંચ હજાર ધનુષ ઊંચે નિરાલંબી આકાશમાં) સાડા છ હજાર કેવળજ્ઞાની ભગવંતો, પ્રભુ જેવા જ અર્હંતપદે બિરાજતા હતા; અહા, ઊંચે નજર કરતાં જ જ્યાં એકસાથે ૬૫૦૧ પરમાત્માઓના સાક્ષાત્ દર્શન થાય! તે ધર્મદરબારની શોભાની શી વાત!! વળી ત્યાં તેરસો (૧૩૦૦)શ્રુતકેવળી ભગવંતો હતા,–તે બધાયનું સમ્યક્ત્વ અપ્રતિહત હતું,–તેમ જ તેમાંથી ઘણા તો ક્ષાયિકસમ્યગ્દષ્ટિ ને ચરમશરીરી હતા; છ હજાર અવધિજ્ઞાની હતા; છ હજાર મનઃપર્યયજ્ઞાની હતા; ૧૧ હજાર મુનિવરો વિક્રિયાૠદ્ધિના ધારક હતા. ૪૮ હજાર ને બસો ઉપાધ્યાય–શિક્ષકો હતા; પાંચ હજાર મુનિઓ વાદવિદ્યામાં કુશળ હતા–જેઓ અનેકાન્તવિદ્યા વડે એકાંતવાદના કોઈ પણ કુતર્કને તોડી શકતા હતા ને જિનધર્મની સત્યતા પ્રસિદ્ધ કરતા હતા, એ પ્રમાણે એ તીર્થંકર પ્રભુના પરિવારમાં કુલ ૮૪૦૦૦ મુનિવરો શોભતા હતા. તેઓ બધાય શુદ્ધ રત્નત્રયસહિત હતા. એકલાખ વીસ હજાર આર્યિકાઓ પંચમગુણસ્થાને ઉત્તમ આત્મસાધના કરતા હતા. વળી સમ્યક્ત્વસહિત દેશવ્રતના ધારક ધર્માત્મા-શ્રાવકો બે લાખ ને શ્રાવિકાઓ ચાર લાખ હતા. દેવ-દેવીઓની સંખ્યાનો તો કોઈ પાર ન હતો. ધર્મપ્રેમી તિર્યંચો પણ હજારો–લાખોની સંખ્યામાં ત્યાં એકઠા થયા હતા ને પ્રભુની ધર્મદેશના સાંભળવામાં મશગુલ બન્યા હતા. દિવ્યધ્વનિદ્વારા શ્રેયમાર્ગનો એટલે કે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપતાં શ્રેયાંસનાથ–તીર્થંકરે એમ કહ્યું કે હે ભવ્ય જીવો! જેવો ચેતનસ્વભાવ અમારા આત્માનો છે તેવો જ ચેતનસ્વભાવ તમારા આત્માનો છે; સુખના નિધાન તેમાં જ ભર્યા છે. સુખની અનુભૂતિ માટે પોતે–પોતાના આત્મામાં જ જાુઓ.

'અહા, અમે આત્મા જ પોતે પરમાત્મા છીએ' એમ પ્રભુ કહે છે–એમ સાંભળતાં જ ભવ્યજીવો અપૂર્વ આશ્ચર્યથી ચમકી ઊઠતા ને બીજી જ ક્ષણે પોતાની અંદર નજર કરીને પોતાના પરમાત્મસ્વરૂપને દેખી લેતા. કોઈ સમ્યગ્દર્શન પામતા, તો કોઈ એક સાથે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે પામી જતા. એ રીતે શ્રેયમાર્ગમાં લાગી જતા.

શ્રેયાંસપ્રભુએ ભરતક્ષેત્રના અનેક દેશોમાં એકવીસલાખ વર્ષો સુધી વિહાર કર્યો; ધર્મ દેશના વડે ઘણાય જીવોને શ્રેયમાર્ગની પ્રાપ્તિ કરાવી ને પોતાના તીર્થંકરપ્રકૃતિ વગેરે કર્મોની નિર્જરા કરી. અંતમાં એકમાસ આયુ બાકી રહેતા પ્રભુ સમ્મેદશિખર પર 'સંકૂલ ટૂંક' ઉપર પધારીને ત્યાં સ્થિર થયા. વિહાર અને વાણીનો ઉદય બંધ થયો..યોગો પણ ઘટવા માંડ્યા...શ્રાવણ સુદ પૂર્ણિમાને દિવસે અંતિમ બે શુક્લધ્યાનો વડે શેષ કર્મોનો પણ ક્ષય કર્યો. પ્રથમ શુક્લધ્યાનવડે મનયોગ, વચનયોગ, તેમજ સ્થૂળકાયયોગનો પણ નિરોધ કરીને ૭૨ કર્મ પ્રકૃતિઓનો ક્ષય કર્યો. પછી સમુદ્ઘાતની એક અલૌકિક–અચિંત્ય વિધિવડે ચારે અઘાતિકર્મોની સ્થિતિ એકસરખી કરી નાંખી ને છેવટે ચૌદમા ગુણસ્થાનના અંતભાગમાં અંતિમ શુક્લધ્યાન વડે બાકીની ૧૩ કર્મપ્રકૃતિઓનો પણ સંપૂર્ણ ક્ષય કરીને દ્રવ્યકર્મ–ભાવકર્મ–નોકર્મથી રહિત થયેલા તે પ્રભુ, પોતાના કેવળજ્ઞાનાદિ અનંત ચૈતન્યવૈભવને સાથે લઈને મુક્તિપુરીમાં પધાર્યા. દેવોએ તેમના મોક્ષનો મહોત્સવ કર્યો. આજે પણ પ્રભુ મુક્તિપુરીમાં સિદ્ધસ્વરૂપે બિરાજી રહ્યા છે; તેમને નમસ્કાર હો.

**શ્રેયાંસનાથ જિનરાજકી સંકૂલકૂટ હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખરસમ્મેદ યજેહ.**

પૂર્વભવમાં જેઓ વિદેહક્ષેત્રમાં નલિનપ્રભ રાજા હતા, ત્યાંથી સોળમા સ્વર્ગમાં અહમિન્દ્ર થયા, પછી અગિયારમા તીર્થંકર તરીકે સિંહપુરીમાં અવતરીને અનેક જીવોનું શ્રેય કર્યું ને છેવટે સમ્મેદશિખરથી સિદ્ધાલયમાં સીધાવ્યા...તે શ્રી શ્રેયાંસનાથ તીર્થંકરનું મંગલ પુરાણ અહીં પૂરું થયું.

* * *

## ચૈતન્યવૈભવ અને પુણ્યવૈભવ

ભગવાન આદિનાથ તો ત્રીજા યુગના અંતભાગમાં અવતર્યા ને મોક્ષ પણ ત્રીજા યુગમાં જ પામ્યા. ત્યારપછી બાકીનાં ૨૩ તીર્થંકરો ચોથા યુગમાં થયા. ચોથા યુગના પ્રારંભથી શ્રેયાંસભગવાન સુધી હજી તો ૧૦ તીર્થંકરો થયા, તેટલામાં તો જીવોનું આયુ, શરીરપ્રમાણ, વગેરે વૈભવ કેટલી ઝડપથી ઘટવા માંડ્યા!–તે પરિવર્તન જુઓ :–ભગવાન ઋષભદેવનું આયુ ૮૪ લાખ પૂર્વનું (એટલે કે ૮૪ લાખ ૮૪ લાખ " ૮૪લાખ = ૫૯૨૭૦૪૦૦૦,૦૦૦,૦૦૦૦ આટલા વર્ષનું) હતું, જ્યારે ૧૧મા શ્રેયાંસનાથ તીર્થંકરનું આયુ માત્ર ૮૪ લાખ વર્ષોનું જ હતું. કેટલો મોટો ગુણાકાર બાદ થઈ ગયો! પહેલા તીર્થંકરનું દેહપ્રમાણ ૫૦૦ ધનુષ હતું જ્યારે ૧૧મા તીર્થંકરનું દેહપ્રમાણ માત્ર ૮૦ ધનુષ હતું. એમ બીજા પણ અનેક બાહ્ય પ્રકારોમાં અનુક્રમે હાનિ થતી ગઈ, પરંતુ, ભગવંતોના રત્નત્રયમાર્ગમાં કે કેવળજ્ઞાનાદિ આત્મવૈભવમાં કોઈ હાનિ ન થઈ, બધાય ભગવંતોનો વીતરાગી–આત્મવૈભવ તો એકસરખો જ હતો. એ જ બતાવે છે કે, આત્મવૈભવ એ જ જીવનો સાચો વૈભવ છે. દેહવૈભવ કે આયુ એ જીવનો વૈભવ નથી. માટે હે ભવ્ય જીવો! તમેય તીર્થંકરોના બાહ્યવૈભવમાં મોહિત ન થશો, તેમના સર્વજ્ઞતા–વીતરાગતા વગેરે ગુણવૈભવદ્વારા તેમની મહાનતાને ઓળખજો; તો તમનેય તેવા ગુણોની પ્રાપ્તિ થશે. ચૈતન્યવૈભવની પાસે પુણ્યવૈભવ સેવકપણે હો તો ભલે હો, તેનો આપણે તીરસ્કાર ન કરીએ–પરંતુ તેમાં મોહાઈને સંતુષ્ટ પણ ન થઈ જઈએ ને ચૈતન્યવૈભવને ભૂલી ન જઈએ; એટલે કે તે પુણ્યવૈભવને આપણા ચૈતન્યવૈભવથી બાહ્ય જાણીને. તેમાં મૂર્છાયા વગર, પોતાના ચૈતન્યવૈભવમાં જ મશગુલ રહીએ, ને આખરે તે બાહ્યવૈભવને છોડીને સિદ્ધ–પરમાત્મપદમાં સ્થિર રહીએ! તે આપણું ઈષ્ટ–ધ્યેય ને સાધ્ય છે;–એમ તીર્થંકર ભગવંતોનું જીવન આપણને સમજાવે છે.

## ભગવાન શ્રેયાંસનાથ તીર્થંકરના મોક્ષગમન પછી–

પ્રથમ બળદેવ–વાસુદેવ–પ્રતિવાસુદેવ (વિજય, ત્રિપૃષ્ઠ અને અશ્વગ્રીવ) થયા. દરેક ચોવીસીમાં ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ બળદેવ, ૯ વાસુદેવ, તથા ૯ પ્રતિવાસુદેવ થાય છે; આ કુલ ૬૩ મહાપુરુષોને ૬૩ શલાકા પુરુષ કહેવાય છે. તેઓ બધાય જો કે મોક્ષગામી તો હોય છે, પણ તેમાંથી ૨૪ તીર્થંકરો નિયમથી તે જ ભવમાં મોક્ષ પામે છે, ૧૨ ચક્રવર્તીઓમાંથી ઘણા તે જ ભવે મોક્ષ પામે છે; કોઈ સ્વર્ગમાં જાય છે તો કોઈ નરકમાં પણ જાય છે. બળદેવો કાં તો તે જ ભવે મોક્ષ પામે છે; અથવા સ્વર્ગે જાય છે, નરકમાં નથી જતા; નવ વાસુદેવ તથા પ્રતિવાસુદેવ (પૂર્વે કરેલા ભોગનિદાનને કારણે) નરકમાં જાય છે ને પછી અલ્પભવે મોક્ષને પામે છે. મહાપુરાણમાં આવા ૬૩ શલાકા પુરુષોના

જીવનચરિત્રનું તેમજ તેમના પૂર્વભવોનું વર્ણન છે. તેમાંથી અત્યાર સુધીમાં ૧૧ તીર્થંકરોનું થયું. પહેલા બે ચક્રવર્તી (ભરત અને સગર)નું પણ ટૂંકમાં વર્ણન થયું. અત્યાર સુધીમાં હજી એક્કેય બળદેવ–વાસુદેવ કે પ્રતિવાસુદેવ થયા ન હતા. (એ ત્રણેય સાથે જ થાય છે.) ૧૧ મા શ્રેયાંસનાથ તીર્થંકરના મોક્ષગમન પછી તેમના તીર્થમાં કેટલાય વર્ષો બાદ, આ ચોવીસીના પહેલા બળદેવ–વાસુદેવ તથા પ્રતિવાસુદેવ થયા. વાસુદેવ એ ત્રણ ખંડના સ્વામી અર્ધચક્રવર્તી હોય છે. પહેલા વાસુદેવનું નામ 'ત્રિપૃષ્ઠ';–તે જ અંતિમ તીર્થંકર મહાવીરનો જીવ, અને એ જ ભગવાન ઋષભદેવનો પૌત્ર મરીચિ. આ રીતે ઋષભદેવ, તેમનો પુત્ર ભરત અને પૌત્ર મારીચિ–એજ જીવો અનુક્રમે આ ચોવીસીના પહેલા તીર્થંકર, પહેલા ચક્રવર્તી ને પહેલા અર્ધચક્રી (તથા અંતિમ તીર્થંકર) થયા. તે ત્રિપૃષ્ઠ–વાસુદેવ વગેરેનું ચરિત્ર આ પુસ્તકમાં મહાવીર ભગવાનના પૂર્વભવોમાં તેમજ શાંતિનાથ પ્રભુના પૂર્વભવના વર્ણનમાં વાંચશો.

(ભગવાન શ્રેયાંસનાથ–તીર્થંકરના મોક્ષગમન પછી ૫૪ સાગરોપમ સુધી તેમનું શાસન ચાલ્યું; પરંતુ અંતિમ પલ્યના ત્રીજા ભાગ જેટલા કાળ સુધી ધર્મપરંપરાનો વિચ્છેદ થઈ ગયો. આ ત્રીજી વખત ધર્મ વિચ્છેદ થયો. આ વિચ્છેદ વિજયાર્દ્ધ–શ્રેણીઓમાં લાગુ પડતો નથી.)

* * *

## સિદ્ધભગવાનનું સ્વરૂપ જ્ઞાનમાં લઈને તેવા પોતાના આત્માને દેખ

સિદ્ધભગવાન મહાન છે, અતીન્દ્રિય છે, પૂર્ણ છે, સર્વ વિકાર વગરના, મહા આનંદમય છે. આવા મહાન સિદ્ધભગવાનને જ્ઞાનમાં લેનારું જ્ઞાન પણ મહાન છે–અતીન્દ્રિય છે. રાગ વગરનું છે.

સિદ્ધભગવાન કાંઈ એવા નાના નથી કે તારા વિકલ્પમાં સમાઈ જાય, કે રાગમાં આવીને બેસે, કે ઈન્દ્રિયજ્ઞાનના વિષય બની જાય! એ તો બધાથી પાર અતીન્દ્રિય સ્વસંવેદનજ્ઞાનમાં જ સમાય છે. અને ખૂબી એ છે કે સ્વસંવેદનજ્ઞાન અતીન્દ્રિય થઈને જ્યારે આવા સિદ્ધ ભગવાનને પોતામાં સમાવે છે ત્યારે તે સિદ્ધભગવાન જેવો પોતાનો આત્મા જ તેને સંવેદનમાં આવે છે.....ત્યારે જ સિદ્ધનું ખરૂં સ્વરૂપ સમજાય છે.

*

## (૧૨)




આ તીર્થંકર–ચોવીસીના પાંચ બાલબ્રહ્મચારી તીર્થંકરોમાં જેઓ સૌથી પ્રથમ હતા, જેમના પાંચે કલ્યાણક અંગદેશના ચંપાપુરી રાજ્યમાં થયા, અને સર્વજ્ઞ થઈને જેમણે સમસ્ત વિશ્વનું જ્ઞાન–સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું, એવા હે ભગવાન વાસુપૂજ્યદેવ ! હું મારા અલ્પ છતાં સમ્યક્ મતિશ્રુતજ્ઞાન વડે આપના મહાન સર્વજ્ઞપદની પૂજા કરું છું. આપની સ્તુતિ કરતાં સમન્તભદ્રસ્વામી કહે છે–

'મયાપિ પૂજ્યોલ્પધિયા મુનીન્દ્ર : દિપાર્ચિષા કિં તપનો ન પૂજ્ય:'

હે દેવ ! લોકમાં અલ્પ પ્રકાશી દીપક વડે મહાપ્રકાશી સૂર્યની પૂજા શું નથી થતી ?–થાય જ છે, કેમ કે પ્રકાશસ્વરૂપે બંને એક જાતના છે; તો મારું જ્ઞાન અલ્પપ્રકાશી હોવા છતાં, તે આપના અતીન્દ્રિય મહાપ્રકાશી કેવળજ્ઞાનની જાતનું જ છે તેથી, તે જ્ઞાન વડે હું આપની પૂજા કરું છું.

## ભગવાન વાસુપૂજ્ય : પૂર્વભવ : રત્નપુરીના પદ્મોત્તર રાજા

ચંપાપુરીના મહારાજા વસુના પુત્ર, અને વાસવ (ઈન્દ્ર) વડે પૂજિત, એવા હે વાસુપૂજ્ય સ્વામી ! તીર્થંકર પહેલાંના ભવમાં આપ પુષ્કરદ્વીપમાં રત્નપુરી નગરીના મહારાજા હતા; ત્યારે આપનું નામ પદ્મોત્તર હતું. આપની રત્નપુરી નગરીમાં સમ્યક્ત્વાદિ રત્નના ધારક ધર્માત્માજીવો વસતા હતા; આપ પ્રજાને માટે કલ્પવૃક્ષ સમાન હતા, શાસ્ત્રના જ્ઞાતા હતા, અને જૈનધર્મની ઉપાસના વડે આત્મતત્ત્વને જાણીને મોક્ષના માર્ગમાં ચાલતા હતા. આપની નગરીમાં ધર્મનું સામ્રાજ્ય હતું. આપની બુદ્ધિ નીતિમાર્ગમાં, અને આપનું ધન દાનમાં લાગેલું હતું. આપની ભક્તિ જિન ભગવાનમાં જ હતી, અને આપનો પ્રચંડ પ્રતાપ શત્રુ રાજાઓ પ્રત્યે જ હતો, ધર્માત્મા ગુણીજનો પ્રત્યે તો આપ શાંત અને નમ્ર હતા. આપના આવા સુંદર ગુણોથી આકર્ષાઈને લક્ષ્મી પણ આપની પાસે જ રહેતી હતી.

જો કે આત્મઅનુભૂતિને લીધે આપનું જીવન શાંત અને સંતુષ્ટ રહેતું, છતાં પણ મોક્ષની પૂર્ણ સાધના માટે સંયમદશાની ભાવના આપના ચિત્તમાં સદાય રહેતી હતી.અને ઉપાદાન અનુસાર નિમિત્ત હોય છે–એ ન્યાયે, આપને પણ એકવાર એવા ઉત્તમ નિમિત્તનો સુયોગ બન્યો : આપની રત્નપુરીના

મનોહર ઉદ્યાનમાં 'યુગંધર' જિનરાજ પધાર્યા. પરમભક્તિપૂર્વક જિનરાજના દર્શન કરતાં આપનું ચિત્ત અતિ પ્રસન્ન થયું. પ્રભુની વાણીમાં આપે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ સાંભળ્યો : એમાં રત્નત્રયવંત સાધુની વીતરાગતાનું સ્વરૂપ સાંભળતાં આપ વૈરાગ્યમાં ઝૂલવા લાગ્યા ને દેહાદિ સંયોગની અનિત્યતા–અશરણતા વગેરેનું ચિંતન કરવા લાગ્યા. "આ સંસારભ્રમણના દુઃખથી હવે બસ થાઓ, અમારા ચૈતન્યના એકત્વમાં જે પરમ સુખ છે તેને જ હવે સાધશું. અરે, આવા અસ્થિર, ક્ષણભંગુર અને આકુળતાના જ નિમિત્ત એવા ઈન્દ્રિયવિષયોનો પ્રેમ શું કરવો ? એ કદી તૃપ્તિ આપવાના નથી; તૃપ્તિ તો અંતર્મુખ ઉપયોગ વડે ચૈતન્યની શાંતિમાં જ છે."–આવા વૈરાગ્યપૂર્વક, હે વાસુપૂજ્યદેવ ! પૂર્વભવમાં યુગંધરસ્વામીના ચરણોમાં આપે જિનદીક્ષા લીધી; પદ્મોત્તર મહારાજા મટીને આપ મોક્ષસાધક મહાત્મા બન્યા, રત્નત્રયધારી સાધુ બન્યા. બીજા અનેક રાજાઓએ પણ રાજપાટ છોડીને મોક્ષમાર્ગમાં આપનું અનુસરણ કર્યું. પ્રભો ! રત્નત્રયથી આકર્ષાઈને આપના મોક્ષની કાળલબ્ધિ એકદમ નજીક આવી ગઈ.

દીક્ષા લઈને આપ આત્મધ્યાનમાં લયલીન રહેવા લાગ્યા. આપનું જ્ઞાન પણ ખીલવા માંડ્યું ને કેવળજ્ઞાનને ભેટવા માટે દોડવા લાગ્યું. આપના પરિણામોની વિશુદ્ધતા પણ વૃદ્ધિગત થવા લાગી. દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ભાવનાની ઉત્તમ સમ્પત્તિ વડે તીર્થંકરપ્રકૃતિ પણ આપે ખરીદી લીધી અહા, જગતના જેટલા ઉત્તમ પદાર્થો હતા તે બધાયને આપના ગુણો સાથે રહેવાનું મન થયું, તો પછી અમે તો આપની સાથે જ કેમ ન રહીએ !!

હે વાસુપૂજ્યસ્વામી ! પછી તો આપે રત્નત્રયની અખંડ આરાધનાસહિત સમાધિમરણ કર્યું અને આપ પદ્મોત્તર મુનિની પર્યાય છોડીને મહાશુક્રસ્વર્ગમાં ઈન્દ્ર થયા.હે દેવ ! પછી જ્યારે તીર્થંકર તરીકે આપના ગર્ભકલ્યાણકનો ઉત્સવ થયો અને ઈન્દ્રો આપના માતા-પિતાનું સન્માન કરવા આવ્યા ત્યારે તે ઈન્દ્રોમાં શું આપ (મહાશુક્ર-ઈન્દ્ર) પણ ભેગા હતા !!

ઈન્દ્રપર્યાયમાં આપ ૧૬ સાગર સુધી રહ્યા; આપને પદ્મલેશ્યા હતી; ૧૬ હજાર વર્ષે માત્ર માનસિક અમૃતનો આહાર લેતા હતા. ચૈતન્યનું અમૃત સદાય અનુભવાતું હોવાથી પૌદગલિક અમૃતની અભિલાષા શાંત થઈ ગઈ હતી; એટલું જ નહિ, અનેક દેવાંગનાઓની સાથે રહેવા છતાં પણ તેમની સાથે શારીરિક કામભોગ આપને કદી ન હતો, માત્ર પરસ્પર મધુરશબ્દોથી જ આપની વાસનાઓ શાંત થઈ જતી.–આ ઉપરથી સિદ્ધ થતું હતું કે જેનું ચિત્ત સ્વયં તૃપ્ત છે તેને બાહ્ય વિષયો–ભોગો નિરર્થક છે. વિષયભોગો તરફનો ધસારો તો આકુળતાથી દુઃખી જીવો જ કરે છે. ત્યાં આંખ વગર ચોથી નરક સુધીનું જ્ઞાન કરી શકો એવી તાકાતવાળું સમ્યક્ અવધિજ્ઞાન આપને વર્તતું હતું એટલે ત્યાં બેઠાબેઠા પણ મધ્યલોકના તીર્થંકરોને આપ દેખી શકતા હતા. ત્યાં આપને કોઈ રોગ-શોક ન હતા; આપનું આત્મિકજીવન પણ સુખી હતું ને બાહ્યજીવન પણ સુખી હતું. શાસ્ત્રો કહે છે કે ચારે ગતિમાં દુઃખ જ છે, એ વાત સાચી–પણ અજ્ઞાનીઓને માટે; આત્મજ્ઞાનીને તો સર્વત્ર સુખ છે; કેમ કે સુખનો ભંડાર પોતામાં છે તે તેણે જાણી લીધો છે. પ્રભો ! ત્યાં આપે અસંખ્ય તીર્થંકરોના પંચકલ્યાણક મહોત્સવો ઉજવ્યા. ને સ્વર્ગમાં ધર્મચર્ચા વડે કેટલાય દેવોને સમ્યગ્દર્શન પમાડ્યું. હે પ્રભો ! આ રીતે આત્મસાધના સહિત આપે મહાશુક્રપર્યાયમાં અસંખ્ય વર્ષો વીતાવ્યા. જ્યારે તે દેવપર્યાયમાં છ માસનું જ આયુષ્ય બાકી રહ્યું ત્યારે,

જાણે કે મોક્ષસુંદરી પોતાના સ્વયંવર માટે આપને બોલાવી રહી હોય, એમ આપ મધ્યલોકમાં આવવા તૈયાર થયા. દેવગતિના ભવો પૂરા કરીને, બાકી રહેલા અંતિમ મનુષ્યભવનો પણ અભાવ કરીને પરમાત્મા થવા માટે આપ ઉત્સુક થયા. ભવના અભાવ માટેનો એ અંતિમ ભવ ચંપાપુરી નગરીમાં હતો.

## ( વાસુપૂજ્ય ભગવાનના પંચકલ્યાણક )

પ્રભો! મહાશુક્રના ઈન્દ્રવિમાનમાં બેઠાબેઠા આપ જોઈ રહ્યા છો : આ છે ચંપાપુરીનગરી. તેની શોભા અદ્‌ભુત તો હતી જ, તેમાં વળી ભરતક્ષેત્રના બારમા તીર્થંકરરૂપે આપનો અવતાર થવાનો હોવાથી તેની શોભામાં દિવ્યતા આવી ગઈ. સ્વયં કુબેર તે નગરીને શણગારવા લાગ્યો, એટલું જ નહિ...ત્યાં રોજરોજ કરોડો રત્નોનો વરસાદ થવા લાગ્યો. એ ચંપાનગરી અંગદેશની રાજધાની હતી અને ત્યાંના મહાભાગ્યવાન મહારાજા હતા વસુપૂજ્ય. તેઓ ઈક્ષ્વાકુવંશી હતા. તેમના મહારાણીનું નામ જયાવતી! જેઠ વદ છઠ્ઠના ઉત્તમદિને જ્યારે તે જયાવતી મહારાણીએ ૧૬ મંગલ સ્વપ્નો જોયા, અને આપ સ્વર્ગલોક છોડીને માતા જયાવતીના ઉદરમાં અવતર્યા, ત્યારે ઈન્દ્રોએ આવીને વસુમહારાજા તથા જયાવતી દેવીનું તીર્થંકરના માતાપિતા તરીકે સન્માન કર્યું. હે દેવ! આપના માતા રત્નકૂંખધારિણી બન્યા; એટલું જ નહિ, આખી ચંપાનગરી રત્નવંતી બની ગઈ. આપના અવતારથી બાહ્ય દરિદ્રતા તો દૂર થઈ, ને જે ધાર્મિક દરિદ્રતા ભરતક્ષેત્રમાં થઈ ગઈ હતી તે પણ દૂર થઈ; કેમકે આપના અવતાર પહેલાં શ્રેયાંસપ્રભુના શાસનના અંતભાગમાં કરોડો-અબજો વર્ષો સુધી ભરતક્ષેત્રમાં જૈનધર્મનો જે વિચ્છેદ હતો તે દૂર થયો ને પુનઃ ધર્મશાસન શરૂ થઈ ગયું.

હે દેવ! માહ વદ ચૌદસના રોજ ચંપાપુરીમાં આપનો જન્મ થયો. આપના જન્મના હર્ષોલ્લાસથી દેવલોક પણ ધ્રુજી ઊઠ્યો ને ઈન્દ્રાસન પણ ડોલી ઊઠ્યા. ઈન્દ્રોએ આવીને આપના જન્મનો મહાન ઉત્સવ કર્યો. ધન્ય બની ચંપાનગરી ને ધન્ય બન્યો ભારતદેશ! વાસુ એવો જે ઈન્દ્ર, તેના વડે આપ પૂજાયા તેથી આપ ખરેખર 'વાસુપૂજ્ય' હતા, ને ઈન્દ્રે આપનું નામ પણ 'વાસુપૂજ્ય' રાખ્યું. આપનું ચરણચિહ્ન 'પાડો' હતું. આપનું આયુષ્ય ૭૨ લાખ વર્ષ હતું, ને દેહની ઊંચાઈ ૭૦૦ફૂટ (૭૦ધનુષ) હતી. જન્માભિષેક પછી સ્વયં ઈન્દ્રાણીએ, દેવલોકના આભૂષણોથી આપને શણગાર્યા; અરે, આપનો દેહ સ્વયમેવ સર્વોત્કૃષ્ટ સુંદરતાને વરેલો જ હતો, એને શોભા માટે આભૂષણની જરૂર ક્યાં હતી? પરંતુ, ઈન્દ્રલોકમાં ઉત્પન્ન થયેલા ઉત્તમ આભૂષણો બીજે ક્યાં રાખવા? તેને યોગ્ય કોઈ ઉત્તમ સ્થાન ન મળવાથી, અંતે ઈન્દ્રાણીએ તે આપને પહેરાવીને સંતોષ માન્યો. આપની શોભા કાંઈ તે આભૂષણ વડે ન હતી, ઊલ્ટું આપના સ્પર્શને લીધે તે આભૂષણો પણ શોભી ઊઠ્યા! માતા–પિતાના હર્ષનો તો પાર ન હતો. આપના જેવા તીર્થંકર જેની ગોદમાં બિરાજતા હોય ને આંગણામાં ખેલતા હોય, તેમના પરમ ભાગ્યની શી વાત! સમસ્ત રાજ્યમાં ગુણ–વૈભવોની વૃદ્ધિ થવા લાગી. જેમ 'સમા' નામનો ઈચ્છિત વરસાદ થતાં ઉત્તમ ધાન્યના ઢગલા પાકે તેમ આપનો અવતાર થતાં ધર્મવૃદ્ધિ થવા લાગી હતી; પ્રજાજનો સદ્‌ગુણોનું પાલન કરતા હતા.

હે દેવ! ધીમે ધીમે બાલ્યકાળ વીતાવીને આપે યૌવનદશામાં પ્રવેશ કર્યો. આપનું અદ્‌ભુત રૂપ સૌને મુગ્ધ કરતું હતું અને તેનાથી આકર્ષાઈને કામદેવ પણ આપના દેહમાં આવવા ઈચ્છતો હતો, પરંતુ આપના હૃદયમાં રહેલા વૈરાગ્યાદિ સદ્‌ગુણોએ તે દુષ્ટ કામદેવને આપના અંતરમાં પ્રવેશવા ન દીધો;

તેથી આપ કામવાસનાથી દૂર બાલબ્રહ્મચારી જ રહ્યા. જો કે આપના માતાપિતાને પુત્રવધુનું સુખ જોવાની ઘણી જ ઉત્કંઠા હતી, પરંતુ આપે તેમને નિરાશ કર્યા; નિરાશ કરવા છતાં, આપે એકલાએ જ દિવ્ય રૂપ–ગુણો વડે માતાપિતાને એવી તૃપ્તિ આપી કે તેમને કાંઈ દુઃખ ન થયું. વિષયભોગો વગર જ સુખ અને આનંદ હોય છે–તે આપે આપના જીવન વડે જગતને બતાવી આપ્યું. ચંપાનગરીના યુવરાજ તરીકે ૧૮ લાખ વરસ સુધી આપ રહ્યા; છતાં ચૈતન્યવૈભવથી રંગાયેલું આપનું ચિત્ત રાજવૈભવથી રંગાયું ન હતું, તેનાથી અલિપ્ત જ રહેતું હતું. આપના શ્રીમુખથી અનેક પ્રકારની ધર્મચર્ચા વડે તેમજ આપની દિવ્યમુદ્રાના દર્શન વડે માતા–પિતા તેમજ પ્રજાજનોમાં સર્વત્ર આપે આનંદ ફેલાવ્યો.

ત્યારબાદ એકવાર માહવદ ૧૪ આવી. તે આપના જન્મનો મંગલ દિવસ હતો. પ્રજાજનોએ આપનો જન્મોત્સવ ખૂબ ધામધૂમથી ઊજવ્યો. દેવલોકમાંથી પૂર્વપરિચિત અનેક દેવમિત્રો પણ જન્મોત્સવમાં આવ્યા. તે વખતે ચંપાનગરીનો શણગાર ખરેખર અદ્ભુત હતો. લોકો નૃત્યગાન વડે પોતાનો હર્ષોલ્લાસ વ્યક્ત કરી રહ્યા હતા. આપ આ બધો ઠાઠ–માઠ જોઈ રહ્યા હતા, પણ આપનું ચિત્ત ઊંડે–ઊંડે ક્યાંક ઊતરી રહ્યું હતું. એવામાં, આ શોભા જોતાં–જોતાં અચાનક પૂર્વભવે ઈન્દ્રલોકમાં જોયેલી અદ્ભુત શોભા આપને યાદ આવી ગઈ; જાતિસ્મરણજ્ઞાનમાં આપનો પૂર્વનો ઈન્દ્રભવ તેમ જ ત્યારપહેલાંનો પદ્મોત્તર–રાજાનો ભવ આપને સાક્ષાત્ જેવો જ દેખાયો. તરત જ આપનું ચિત્ત સંસારથી વિરક્ત થયું : "અરે, ક્યાં ગયા દેવલોકનાં એ દિવ્ય વૈભવો! ને ક્યાં ગયા એ દિવ્ય શરીરો!! એ ક્ષણભંગુર વિષયોમાં ને શરીરમાં આસક્તિ શી? નિર્બુદ્ધિ જીવો મફતના વિષયોમાં આસક્ત થઈને સંસારમાં ભ્રમણ કરે છે. શરીર ભલે ગમે તેવું સુંદર હો, નીરોગી હો, શોભાવાળું હો, અસંખ્ય વર્ષના આયુવાળું હો, તોપણ એ ચૈતન્યથી તો જુદું જ છે. તેનો વિયોગ થવાનો જ છે, પછી તેમાં આસક્ત થઈને પોતે જ પોતાના આત્માને બંધન શા માટે કરવું? હું શરીર અને સંયોગોના મોહબંધનને તોડીને મારા આત્માને આ ભવભ્રમણથી મુક્ત કરીશ...મારી ચેતના હવે જાગી ઊઠી છે, તેથી આજે જ સંસાર છોડીને મોક્ષની સાધના માટે હું મુનિદશા અંગીકાર કરીશ...."

અહો દેવ! આવા ઉત્તમ વૈરાગ્ય–વિચારો વડે આપે તો જન્મદિવસને દીક્ષાનો દિવસ બનાવી દીધો, હર્ષના પ્રસંગને પરમ વૈરાગ્યનો પ્રસંગ બનાવી દીધો; તત્કાળ જિનદીક્ષા લેવાનો અફર નિર્ણય આપે કર્યો. લોકો આશ્ચર્યમાં પડી ગયા : અરે, એકાએક આ શું મહા પરિવર્તન થયું? માતા–પિતા તો વિસ્મય પામી ગયા. આપની વૈરાગ્યપરિણતિને તેઓ જાણતા જ હતા ને આપ તીર્થંકર થવા અવતર્યા છો એમ પણ તેઓ પહેલેથી જાણતા જ હતા; તેથી મુનિમાર્ગે જતાં આપને રોકવાની કોઈ ચેષ્ટા તેઓએ ન કરી. અમારો પુત્ર, હવે પરમાત્મા થવા માટે મોક્ષના માર્ગમાં આગળ વધી રહ્યો છે–એમ સમજી અનુમોદના સહિત તેઓ મૌન રહ્યા; તેમણે ન ખેદ કર્યો...ન હર્ષ!

હે વાસુપૂજ્ય દેવ! આપ તો ચૈતન્યરસમાં તરબોળ બનીને બાર વૈરાગ્ય–અનુપ્રેક્ષાઓ ચિંતવી રહ્યા હતા; તે જ વખતે બ્રહ્મલોકમાંથી લૌકાંતિકદેવો ચંપાપુરીમાં આવ્યા ને આપના વૈરાગ્યની પ્રશંસા કરીને સ્તુતિ કરી. તે જ વખતે સ્વર્ગના દેવો 'રત્નમાલા' નામની પાલખી લઈને દીક્ષાકલ્યાણક ઊજવવા આવી પેહોંચ્યા ને દીક્ષાપ્રસંગનો અભિષેક–શણગાર વગેરે મંગલ વિધિ કર્યો. આપ 'રત્નમાલા' પાલખીમાં આરૂઢ થઈને "રત્નત્રય"ની માળા પહેરવા માટે વનમાં ચાલ્યા. મનોહર–વનમાં જઈને આપે

સર્વ સંગનો પરિત્યાગ કર્યો; મુગટ છોડ્યો ને હાર છોડ્યા, વસ્ત્ર પણ છોડ્યા ને શિરના કેશને પણ સ્વહસ્તે ઊખેડી નાંખ્યા; એ વખતે દિગંબર દશામાં આપની વીતરાગતા કોઈ અનેરા સ્વરૂપે ખીલી ઊઠી. આપની નિર્વિકાર શાંતમુદ્રા જોઈને હજારો લાખો જીવોને નિર્વિકાર ચૈતન્યસુખની પ્રતીત થઈ ગઈ. આપ તો 'ૐ સિદ્ધેભ્યઃ નમઃ' એવા ઉચ્ચારણપૂર્વક આત્મધ્યાનમાં લીન થયા; શુદ્ધોપયોગથી નિજ પરમતત્ત્વની અનુભૂતિમાં એકાગ્ર થયા. તે જ વખતે પ્રત્યાખ્યાન કષાયો દૂર થઈ ગયા; આપને સાતમું ગુણસ્થાન તથા મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું, અનેક લબ્ધિઓ પણ પ્રગટી. સેંકડો રાજાઓએ તેમજ બીજા કેટલાય મુમુક્ષુજીવોએ પણ આપની સાથે જ સંસાર છોડીને સંયમદશા અંગીકાર કરી; અને ધર્મનો મહાન ઉદ્યોત થયો. બે ઉપવાસ બાદ ફાગણ સુદ એકમે આપ નગરીમાં પધાર્યા ને 'સુંદર' નામના રાજાએ, આપને પ્રથમ આહારદાન કરીને પોતાના આત્મામાં 'તદ્‌ભવમોક્ષગામી'ની મુદ્રા લગાડી દીધી. ત્યારે દેવોએ પણ આશ્ચર્યકારી મંગલવાજાં-પુષ્પવૃષ્ટિ વગેરે દ્વારા પોતાનો હર્ષ પ્રગટ કર્યો.

હે વાસુપૂજ્યદેવ! આત્મધ્યાન સહિત મુનિદશામાં વિહરતા થકા આપ આત્મશુદ્ધિમાં ખૂબ વૃદ્ધિ કરી રહ્યા હતા. તેથી પૂરું એક વર્ષ પણ આપ છદ્મસ્થ દશામાં ન રહ્યા; માહ વદ ચૌદશે આપ મુનિ થયા ને 'શ્રાવણ વદ બીજે' તો આપ કેવળજ્ઞાન પ્રગટ કરીને સર્વજ્ઞ પરમાત્મા થયા. ચંપાપુરીના જે મનોહર વનમાં આપે દીક્ષા લીધેલી તે દીક્ષાવનમાં જ આપે કેવળજ્ઞાન પ્રગટાવ્યું. જે વનમાં ચોથું જ્ઞાન પ્રગટેલું તે જ વનમાં પાંચમું જ્ઞાન પ્રગટ્યું. જે વનમાં છઠ્ઠું—સાતમું ગુણસ્થાન પ્રગટેલું તે જ વનમાં ૮—૯—૧૦—૧૨ ને ૧૩ મું ગુણસ્થાન આપને પ્રગટ્યું. ધન્ય બની ચંપાનગરી—જ્યાં આપના પાંચેય કલ્યાણકો ઊજવાયા. વાહ પ્રભો! આપ સર્વજ્ઞ થયા તે જોઈને અમારા જેવા સાધકોનું ચિત્ત અતીન્દ્રિય આનંદ પ્રત્યે ઉલ્લસી જાય છે. હે સર્વજ્ઞ પરમાત્મા! ઈન્દ્ર પોતાના વૈભવો સહિત આપની પૂજા કરવા આવી પહોંચ્યો. ઈન્દ્રે કુબેરને આજ્ઞા કરી કે હે કુબેર! ઈન્દ્રલોકના ઊંચામાં ઊંચા વૈભવનો ઉપયોગ કરીને, તીર્થંકરપ્રભુની ધર્મસભાની રચના કરો. તે અનુસાર આપના દિવ્ય સમવસરણની એવી અદ્‌ભુત રચના થઈ કે તે જોઈને ઈન્દ્ર પણ આશ્ચર્યચક્તિ થઈ ગયો....અરે આવી અલૌકિક રચના કરવાનું ગજું અમારું નહિ, આ તો તીર્થંકરના અચિંત્ય પુણ્યનો જ પ્રતાપ! અહો દેવ! ઉદયભાવજનિત સમવસરણની આવી અદ્‌ભુતતા, તો ક્ષાયિકભાવ જનિત આપના કેવળજ્ઞાનના અચિંત્ય મહિમાનું તો શું કહેવું!!

એ અદ્‌ભુત સમવસરણની વચ્ચે, તેનાથીયે અદ્‌ભુત શોભાવાળા આપ બિરાજતા હતા. દેવો—મનુષ્યો ને તિર્યંચો આપની ધર્મસભામાં આવી પહોંચ્યા. આપના દર્શન કરીને જીવો વીતરાગતાની પ્રેરણા મેળવતા હતા ને ક્રૂર જીવો પણ હિંસકભાવ છોડીને શાંત થઈ જતા હતા. હે તીર્થંકર વાસુપૂજ્ય! ફરીને આપ વાસુ—પૂજ્ય(ઈન્દ્ર વડે પૂજિત) બન્યા...ને સહજ દિવ્ય ધ્વનિદ્વારા આપે જગતના ભવ્યજીવોને મોક્ષમાર્ગ દેખાડ્યો. પહેલાં બાલબ્રહ્મચારી રહીને લાખો વર્ષ આપે ચંપાપુરીનું રાજ્ય કર્યું, હવે સર્વજ્ઞ થઈને આખા જગતમાં ધર્મનું સામ્રાજ્ય ૫૪ લાખ વર્ષ સુધી પ્રવર્તાવ્યું ને કેટલાય જીવોને મોક્ષના માર્ગમાં લગાવ્યા. અહો, આપે જીવોને મોક્ષમાર્ગનું જે સુખ આપ્યું તેના મહિમાની શી વાત! હે દેવ! આપની ધર્મસભામાં 'ધર્મવીર' વગેરે ૬૬ ગણધરો આપને વંદન કરતા હતા; ૧૨૦૦૦ પૂર્વધારી—શ્રુતકેવળી હતા; ૩૯૨૦૦ શિક્ષક-ઉપાધ્યાય હતા; દશ હજાર વિક્રિયાઋદ્ધિધારી તથા ૪૨૦૦ વાદી હતા. ૫૪૦૦ અવધિજ્ઞાની ને છ હજાર મનઃપર્યયજ્ઞાની મુનિવરો હતા. વળી ૬૦૦૦ કેવળજ્ઞાની—અરિહંત

પરમાત્માઓ પણ ગગનમંડળમાં આપની સાથે જ ધર્મસભાને શોભાવી રહ્યા હતા. અહા, એકસાથે હજારો અરિહંત દેવોના સમૂહ સહિત આપ તીર્થંકરપણે કેવા અદ્ભુત શોભતા હતા! આપના શ્રીમંડપમાં કુલ ૭૨ હજાર મુનિવરો હતા, ને એક લાખ છ હજાર આર્યિકાઓ હતા. આપનો આ વૈભવ ઓળખીને ઘણાય જીવોનું માન તેમ જ મિથ્યાત્વ મટી જતું હતું ને તેઓ સમ્યગ્દર્શન પામતા હતા. આવા ધર્મ પામેલા બે લાખ શ્રાવકો ને ચાર લાખ શ્રાવિકાઓ સમવસરણમાં આપની ઉપાસના કરી રહ્યા હતા; દેવોનો તો પાર ન હતો ને સિંહ–સર્પ–સસલાં–હરણ વગેરે તિર્યંચોની સંખ્યા પણ ઘણી મોટી હતી.

હે તીર્થંકર વાસુપૂજ્યદેવ! આવા મહાન ધર્મ વૈભવ સહિત આપે ૫૪ લાખ વરસો સુધી ભરતક્ષેત્રમાં વિહાર કર્યો ને ધર્મોપદેશ વડે લાખો–કરોડો જીવોને મોક્ષના માર્ગમાં દાખલ કર્યા. આપના ચતુર્વિધ સંઘથી મોક્ષની સડક ધમધોકાર ચાલતી હતી. એ રીતે દેશોદેશ વિહાર કરીને ધર્મચક્રનું પ્રવર્તન કરતાં કરતાં જ્યારે એક હજાર વર્ષનું આયું શેષ રહ્યું ત્યારે આપ પુનઃ ચંપાપુરી રાજ્યમાં પધાર્યા ને અંતિમ માસમાં રજતમાલા નદીના કિનારે મંદારાચલના મનોહર ઉદ્યાનમાં સ્થિર થયા....આપનો વિહાર અને વાણી બંધ થયા....અને ભાદરવા સુદ ૧૪ (અનંતચતુર્દશી)ના સંધ્યા સમયે સંપૂર્ણ યોગનિરોધ કરીને ૯૪ મુનિવરો સહિત આપ લોકાગ્રે સિદ્ધાલયમાં સીધાવ્યા.

**વાસુપૂજ્ય જિન સિદ્ધ ભયે ચંપાપુરકે દેશ,**
**મંદારગિરિ પર પૂજહું બાલબ્રહ્મ જિનેશ.**

પ્રભો! આપને મોક્ષની પરમદશા પ્રાપ્ત થઈ; વિજયના અભિલાષી સામાન્યરાજા સંધિ વિગ્રહ વગેરે છ ગુણો વડે પણ વિજય મેળવી લ્યે છે, તો પછી જેમણે ૮૪ લાખ શીલગુણો પૂર્ણ કર્યા છે એવા આપને સિદ્ધિ (મુક્તિ) કેમ ન મળે! પ્રભો, પરમ મોક્ષપદ પામીને આપ સિદ્ધાલયમાં બિરાજો છો, છતાં હે સિદ્ધ પ્રભો! અમારા જેવા સાધકહૃદયમાં પણ આપ બિરાજી રહ્યા છો. દેવોએ આપનો નિર્વાણમહોત્સવ ઊજવ્યો આપનું પંચમ કલ્યાણક ઊજવવા ઈન્દ્રાદિદેવો આ ચંપાપુરી રાજ્યમાં પાંચમી વખત આવ્યા. આપના પાંચેય કલ્યાણકોથી 'ચંપા' ધન્ય ધન્ય બની...ને અમે સાધકો પણ આપની ઉપાસનાથી ધન્ય બન્યા.

પ્રભો! આપે સ્વ-પર તત્ત્વોની ભિન્નતા બતાવી, અને દરેક તત્ત્વને સત્-અસત્રૂપ તેમજ ઉત્પાદ-વ્યય ધ્રૌવ્યરૂપ બતાવ્યા. તે–અનુસાર આપ પણ ભવ–પર્યાયોથી અસત્ (વ્યયરૂપ) હોવા છતાં મોક્ષપર્યાયોથી સત્રૂપ છો; ધ્રુવ પણ આપ છો ને ઉત્પાદ-વ્યય પણ આપ જ છો. હે બ્રહ્મચારી દેવ! આવું અનેકાન્ત–તત્ત્વ બતાવીને આપે અમને મિથ્યામાર્ગોથી છોડાવીને મોક્ષના માર્ગમાં દાખલ કર્યા.— પછી અમે આપને કેમ ન પૂજીએ? ધર્માત્માઓ વડે આપ પૂજ્ય છો. પહેલાં આપ પદ્મોત્તર રાજા હતા ત્યારે પણ યુગંધર જિનરાજના ઉપદેશ વડે વિરક્ત થઈને આપે રાજ્ય છોડ્યું ને રત્નત્રયમાં ઉપયુક્ત થયા; પછી મહાશુક્રસ્વર્ગની દિવ્ય વિભૂતિમાં પણ આપ ન મૂર્છાયા; અંતે આ ચંપાપુરીનું સામ્રાજ્ય છોડી, અને સમસ્ત સંસારને પણ છોડી આપે અક્ષય મોક્ષસામ્રાજ્યને પ્રાપ્ત કર્યું. 'વાસવ' વડે પૂજિત એવા હે વાસુપૂજ્ય! આપ માત્ર વાસવ વડે નહિ. 'હરિ' વડે પણ પૂજ્ય છો....આપના ચરણોમાં 'હરિ' વંદન કરે છે.

**(ઇતિ શ્રી વાસુપૂજ્ય–તીર્થંકરનું મંગલ પુરાણ પૂર્ણ થયું.)**

* * *

## ચંપાપુરી (મંદારગિરિ) પરિચય

* ચંપાપુરી અંગદેશની મુખ્ય નગરી; વાસુપૂજ્ય તીર્થંકરના પાંચે કલ્યાણક અહીં થયા. નિર્વાણપ્રાપ્તિ ચંપાપુરીના ઉદ્યાનમાં (ભાગલપુરથી ૩૦ માઈલ દૂર) મંદારગિરિ પર્વત ઉપરથી થઈ. 'વોંસી' રેલ્વેસ્ટેશનથી બે માઈલ દૂર મંદારગિરિ સિદ્ધક્ષેત્ર છે. આ શુદ્ધ દિગંબર જૈનતીર્થ છે. મંદારગિરિપર્વત અખંડ એક પત્થરનો, બહુ જ રળિયામણો છે. પર્વતની સમીપમાં 'પાપહારિણી' નામનું મનોહર સરોવર છે.
* ઉપસર્ગ વિજેતા અને મોક્ષગામી મહાત્મા સુદર્શન પણ આ ચંપાનગરીમાં જ થયા.
* મિથિલા નગરીના રાજા પદ્મરથ દૃઢ સમ્યક્ત્વી હતા; તેણે ચંપાપુરીમાં બિરાજમાન વાસુપૂજ્ય તીર્થંકરનો મહિમા સાંભળ્યો ને તત્કાળ દર્શન કરવા ચાલ્યા. રસ્તામાં અનેકવિધ પ્રતિકૂળતા વડે દેવે તેની ભક્તિની પરીક્ષા કરી, પણ રાજા પદ્મ ડગ્યા નહિ...ને અંતે ચંપાપુર વાસુપૂજ્યપ્રભુના ચરણમાં પહોંચ્યા; ત્યાં પ્રભુના દર્શન કરી તથા ઉપદેશ સાંભળી, સંસારથી વિરક્ત થઈ પ્રભુચરણોમાં મુનિદીક્ષા લીધી ને પ્રભુના ગણધર થઈને મોક્ષ પામ્યા.
* ચંપાનગરીમાં રાજકુમારી રોહિણી; તે હસ્તિનાપુરીના રાજપુત્ર અશોક સાથે પરણેલી; તેઓ બંને વાસુપૂજ્ય પ્રભુના દર્શન કરવા ચંપાપુર આવેલા; ત્યાં અશોક મહારાજ તો ભગવાનનો ઉપદેશ સાંભળી મુનિ થયા ને પ્રભુના ગણધર બન્યા. રોહિણી પણ આર્યિકા થઈને અચ્યુત સ્વર્ગમાં દેવપણે ઊપજી.
* ચંપાપુરીમાં ધર્મઘોષમુનિને એકમાસના ઉપવાસ હતા; પારણા પ્રસંગે ઉપસર્ગ આવ્યો; તે ઉપસર્ગ જીતી કેવળજ્ઞાન પામી ત્યાંથી જ મોક્ષ પામ્યા.
* પાંચ પાંડવોનો મોટોભાઈ કર્ણ, તે ચંપાપુરીનો રાજા હતો.
* જેના શીલ પ્રતાપે ઘડામાંના નાગનો હાર બની ગયો—તે સતી સોમા;
* નિઃકાંક્ષ ગુણમાં પ્રસિદ્ધ સતી અનંતમતી;
* કોઢિમાંથી વૈરાગી બનેલ રાજા શ્રીપાલ.
* —તે બધા પણ આ ચંપાનગરીના જ રત્નો હતા,—જેમના ગુણોની સુગંધથી આજે ય ચંપાનગરી ગૌરવ અનુભવે છે.
* ભગવાન મહાવીર ચંપાનગરીમાં પધાર્યા હતા.
* સોનગઢના સંત કાનજીસ્વામીએ હજારો મુમુક્ષુ ભક્તો સહિત ચંપાપુરી—મંદારગિરિની યાત્રા કરી હતી, તથા વાસુપૂજ્ય-જિનબિંબનો અભિષેક કર્યો હતો.

**(ઇતિ શ્રી ચંપાપુરી—તીર્થમહિમા)**

* * *

## વાસુપૂજ્ય ભગવાનના સમયમાં થયેલા
## બીજા વાસુદેવ–દ્વિપૃષ્ઠ, બળદેવ–અચલ, પ્રતિવાસુદેવ–તારક

૧૧મા શ્રેયાંસનાથ તીર્થંકરના મોક્ષગમન પછી તેમના શાસનમાં પહેલા વાસુદેવ–બળદેવ થયા; ત્યાર બાદ વાસુપૂજ્ય તીર્થંકરના સમયમાં બીજા વાસુદેવ વગેરે થયા; તેમની કથા ભવ્ય જીવોને જીવના પરિણામની વિચિત્રતા બતાવીને સંસારથી વૈરાગ્ય જગાડે છે.

બીજા વાસુદેવનું નામ દ્વિપૃષ્ઠ : પૂર્વભવમાં તે ભરતક્ષેત્રના કનકપુરનો રાજા સુષેણ હતો. તેના રાજદરબારમાં ગુણમંજરી નામની એક અતિસુંદર નર્તકી હતી. વિંધ્યશક્તિ નામનો રાજા તે નર્તકી પર મોહિત થયો અને યુદ્ધમાં સુષેણને હરાવીને તે નર્તકીને ઉપાડી ગયો. અરેરે, પુણ્ય ખૂટી જતાં પ્રિયવસ્તુ પણ ક્ષણમાં છૂટી જાય છે.

જેમ હાથીના દંતશૂળ તૂટી જતાં તેની શોભા હણાઈ જાય તેમ માનભંગ થયેલ રાજા સુષેણનું દિલ તૂટી ગયું; રાજમાં ક્યાંય તેને ચેન ન પડ્યું. અંતે, એકવાર સુવ્રત–જિનેન્દ્રનો ધર્મોપદેશ સાંભળતાં તેનું ચિત્ત સંસારથી વિરક્ત થયું ને તેણે દીક્ષા લીધી. પરંતુ એકવાર શત્રુને દેખીને તેને ક્રોધ આવ્યો ને સ્વધર્મને ભૂલીને મિથ્યાત્વશલ્યપૂર્વક તેણે ફળમાં ભોગોની ઈચ્છા કરી, તેમ જ 'પરભવમાં હું મારા શત્રુને મારું' એવો પાપ–સંકલ્પ કર્યો. મરીને સંયમ–તપને લીધે તે પ્રાણત નામના ૧૪મા સ્વર્ગમાં દેવ થયો.

જે સુવ્રત–જિનેન્દ્રના ઉપદેશથી તે સુષેણરાજાએ દીક્ષા લીધેલી, તે જ સુવ્રત–જિનેન્દ્રના ધર્મોપદેશથી વાયુરથ નામના રાજાએ પણ જિનદીક્ષા લીધી હતી. અને સમાધિમરણ કરીને તે પણ પ્રાણતસ્વર્ગમાં જ ઉપજ્યો બંને જીવો અસંખ્યાતવર્ષો સુધી પ્રાણતસ્વર્ગમાં રહ્યા.

ત્યાંથી આયુષ્યપૂર્ણ થતાં તે બંને જીવો, ભરતક્ષેત્રમાં જ્યારે ભગવાન વાસુપૂજ્ય–તીર્થંકર વિચરતા હતા ત્યારે, દ્વારાવતી નગરીમાં બ્રહ્મરાજાના પુત્રો દ્વિપૃષ્ઠ વાસુદેવ અને અચલ બળદેવ થયા. બંનેનું મિલન ગંગા–જમના જેવું હતું. જેમ એક ગુરુ વડે દેવામાં આવતી વિદ્યાનું સેવન શિષ્યજનો ભાગ પાડ્યા વગર કરે છે તેમ તે બંને ભાઈઓ, ભાગલા પાડ્યા વગર જ રાજ્યનો ઉપભોગ કરતા હતા; પરંતુ તેમનામાં વિશેષતા એ હતી કે, અચલ બળભદ્ર તો આત્મજ્ઞાનના સંસ્કાર સહિત હોવાથી વિષયભોગોમાં ક્યાંય સુખ માન્યા વગર મોક્ષને સાધતા હતા; ત્યારે દ્વિપૃષ્ઠ વાસુદેવ તો પાપના નિદાન વડે આત્મજ્ઞાનથી ભ્રષ્ટ થયેલો હોવાથી વિષયભોગોમાં જ લવલીન રહેતો હતો ને નરકગતિનાં પાપ બાંધતો હતો. દેખો, બંને ભાઈઓ સાથે રહીને એકસરખા ભોગોપભોગ ભોગવતા હોવા છતાં પરિણામમાં કેટલો ફેર !! એક તો મોક્ષની સાધના કરી રહ્યો છે ને બીજો નરક તરફ જઈ રહ્યો છે !!–આ જાણીને ભવ્યજીવનું ચિત્ત વિષયભોગોથી ભયભીત થઈને મોક્ષસાધનામાં લાગે છે.

હવે દ્વિપૃષ્ઠ વાસુદેવનો પૂર્વભવનો શત્રુ વિંધ્યરાજાનો જીવ પણ ભવમાં ભમતો ભમતો, કોઈ કારણે વૈરાગ્ય પામ્યો ને ધર્મ અંગીકાર કરીને પાછો ભોગોની આકાંક્ષા વડે ધર્મથી ભ્રષ્ટ થયો; તે ભરતક્ષેત્રમાં 'તારક' નામનો અર્ધચક્રી થયો; તેને દૈવી સુદર્શનચક્ર પ્રાપ્ત થયું હતું ને ત્રણ ખંડના હજારો રાજાઓને તેણે દાસ બનાવી દીધા હતા; પરંતુ હજી દ્વિપૃષ્ઠ જીતાયો ન હતો. તેથી તે વાસુદેવ–બળદેવને પણ તાબે કરવાની ઈચ્છાથી તેણે દૂત સાથે દ્વારાવતી કહેવડાવ્યું કે–અમારી આજ્ઞા સ્વીકારીને તમારી

પાસે ગંધહસ્તી નામનો મોટો હાથી છે તે મને શીઘ્ર મોકલી આપો, નહિ તો યુદ્ધ માટે તૈયાર રહો!

તે દૂતની વાત સાંભળતાં જ પૂર્વભવના વેરના સંસ્કારથી દ્વિપૃષ્ઠનો ક્રોધ ભભૂકી ઊઠ્યો, અને તે બંને મૂર્ખ વચ્ચે મોટું યુદ્ધ થયું; તેમાં રાજા તારકે સુદર્શનચક્ર દ્વિપૃષ્ઠ ઉપર ફેંક્યું. પરંતુ દ્વિપૃષ્ઠના પૂર્વપુણ્યને લીધે તે ચક્રે તેનો ઘાત ન કર્યો, ઉલ્ટું શાંત થઈને તેના તાબે થઈ ગયું. ઉશ્કેરાયેલા દ્વિપૃષ્ઠે ભયંકર ક્રોધવડે તે જ ચક્રવડે તારક–પ્રતિવાસુદેવનો શિરચ્છેદ કર્યો અને ત્રણ ખંડનું રાજ્ય પ્રાપ્ત કર્યું. તારકનો જીવ મરીને સાતમી નરકે ગયો.

આ રીતે દ્વિપૃષ્ઠ તથા અચલ બંને ભાઈઓ આ ભરતક્ષેત્રમાં બીજા વાસુદેવ–બળદેવ થયા. તેમણે ત્રણખંડનો દિગ્વિજય કર્યો; પાછા ફરતાં વચ્ચે ચંપાપુરી નગરી આવી; ત્યાં વાસુપૂજ્ય તીર્થંકર બિરાજમાન હતા, તેમના દર્શન કરતાં બંનેને ઘણો હર્ષ થયો. ત્યાંથી દ્વારાવતી આવીને બંને ભાઈઓએ ઘણાં વર્ષો સુધી ત્રણખંડનું રાજ્ય ભોગવ્યું. અંતે દ્વિપૃષ્ઠનો જીવ તીવ્ર ભોગલાલસાપૂર્વક રૌદ્રધ્યાનથી મરીને સાતમી નરકે ગયો. ભાઈના વિયોગથી અચલબળભદ્રને ઘણો જ શોક થયો. અંતે દ્વારાવતીમાં વાસુપૂજ્ય ભગવાનનું આગમન થતાં તેમના ધર્મોપદેશથી તેનું ચિત્ત શાંત થયું ને સંસારથી વિરક્ત થઈને તેણે જિનદીક્ષા લીધી; આત્મસાધના વડે કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને ગજપંથા–સિદ્ધક્ષેત્રથી તેઓ મોક્ષ પામ્યા.

અરે, જુઓ તો ખરા વિચિત્રતા! બે ભાઈઓએ પુણ્ય વડે ત્રણખંડની વિભૂતિ એક સાથે ભોગવી, પણ એક તો ઊર્ધ્વપરિણામ વડે તે પુણ્યવિભૂતિને છોડીને મોક્ષમાં ગયા ને બીજો અધોપરિણામ વડે તે પુણ્યવિભૂતિને છોડીને સાતમી નરકે ગયો! માટે, પોતાનું હિત ચાહનારા બુદ્ધિમાન જીવોએ વિષયોની વાસના અને પાપભાવો છોડીને મોક્ષસુખને માટે ધર્મનું સેવન કરવું જોઈએ. તીર્થંકરનો યોગ પામવા છતાં પણ હૃદયમાં વિષયભોગોનું શલ્ય ન છૂટ્યું તો તે ત્રણખંડનો સ્વામી પણ ભયંકર દુર્ગતિને પામ્યો....માટે હે જીવ! તું જાગજે, ધર્મનો સુઅવસર પામીને વિષયોમાં અટકીશ નહિ; આત્માનું વીતરાગી સુખ વિષયો વગરનું છે તેનો વિશ્વાસ કરીને તેને સાધજે.

**(ઇતિ શ્રી વાસુપૂજ્ય–તીર્થંકરના સમયમાં થયેલા બીજા વાસુદેવ–દ્વિપૃષ્ઠ, બળદેવ–અચલ, તથા પ્રતિવાસુદેવ–તારકની કથા અહીં પૂરી થઈ.)**

* * *

અહો પરમોપકારી ગુરુ કહાન! ચોવીસ તીર્થંકર ભગવંતોનું આ મહાપુરાણ લખતાં પાને–પાને આપ યાદ આવો છો. આપે મને જૈનધર્મ આપ્યો તેથી જ આવા તીર્થંકર ભગવંતો મને મળ્યા; અને આપે ઉત્તમ બોધ આપ્યો તેથી જ તીર્થંકરભગવંતોના જીવનનું રહસ્ય જાણી શકાયું. આપના પ્રતાપે જ આ બધું થયું છે, એટલે આ તીર્થંકરોનું મહાપુરાણ પણ આપના જ દ્વારા લખાય છે એમ હું માનું છું. તીર્થંકરોનો માર્ગ આપીને આપે પરમ ઉપકાર કર્યો છે. અને, આપ પણ ભાવિ-તીર્થંકરોની હારમાળામાં જ બિરાજો છો ને!

ત્રિકાળવર્તી તીર્થંકર ભગવંતોને નમસ્કાર




હે વિમલ–વાહન દેવ! આપનું નામ સાર્થક છે : કેમકે 'વિમલ' વાહન ઉપર સવાર થઈને આપે મોક્ષપુરીમાં ગમન કર્યું. કેવું છે આપનું વિમલ–વાહન!

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એ બે જેના દંતશૂળ છે; અનંત પવિત્રગુણો જેનું શરીર છે, ચાર આરાધના એ જેના ચાર પગ છે, શુદ્ધોપયોગરૂપ ધર્મ–એ જેની વિશાળ સૂંઢ છે, એવા મહાન નિર્દોષ–વિમલહાથીને વાહન બનાવીને, અને 'જ્ઞાયકભાવ'ને ધ્યેયરૂપે રાખીને, આપે રત્નત્રયરૂપ સન્માર્ગમાં ગમન કર્યું ને પાપ–શત્રુઓને જીતીને મોક્ષપુરીમાં પ્રવેશ કર્યો...તેથી આપ ખરેખર 'વિમલ...વાહન' છો. [ પહેલાં આપ ધાતુકી–દ્વીપમાં પદ્મસેન રાજા હતા ને પછી મુનિ થઈને આઠમા સ્વર્ગના ઈન્દ્ર થયા, તે ઈન્દ્રપદને પણ છોડીને આપ વિમલતીર્થંકર થયા ને હાલ સિદ્ધપદમાં બિરાજી રહ્યા છો.] પરમ ઈષ્ટ એવા હે પ્રભો! આ મહાપુરાણ દ્વારા આપને અભિવંદીએ છીએ.....

* * *

(૧૩)




* શુદ્ધ સમ્યક્ત્વાદિ વિમલ રત્નત્રયદ્વારા વિમલ એવા મોક્ષપદને *
* પામેલા હે વિમલ જિન! વિમલભાવે આપના સ્વરૂપનું ચિંતન કરતાં *
* અમારા રત્નત્રય પણ વિમલ થાય છે; તેથી ઈષ્ટરૂપ હે વિમલદેવ! આપને *
* વિમલભાવે નમસ્કાર કરીને આપનું વિમલ ચરિત્ર કહું છું. *

### (વિમલનાથ–પૂર્વ ભવ : વિદેહમાં રાજા પદ્મસેન)

મધ્યલોકમાં મનુષ્યક્ષેત્ર અને મોક્ષ પામવાની ભૂમિ અઢીદ્વીપ છે : એક જંબુદ્વીપ; એક ધાતકીખંડદ્વીપ; અને અડધો પુષ્કરદ્વીપ. તેમાંથી બીજા દ્વીપના પશ્ચિમભાગમાં વિદેહક્ષેત્રની સીતોદા નદીના કિનારે 'રમ્યક' નામનો સુંદર દેશ છે. આપણા ચરિત્રનાયક ભગવાન વિમલનાથ, પૂર્વભવમાં રમ્યક નગરીના રાજા હતા,–પદ્મસેન એનું નામ. તે સુંદર નગરીમાં એક દિવસ સર્વગુપ્ત નામના કેવળી ભગવાન પધાર્યા. રાજ્યનું ઉદ્યાન એકદમ ફળફૂલથી ખીલી ઊઠ્યું, ચારે તરફ શીતળતા ને શાંતિ છવાઈ ગઈ. રાજા પદ્મસેન ભક્તિપૂર્વક કેવળીપ્રભુની વંદના કરવા ગયા; તેમનો ધર્મોપદેશ સાંભળ્યો. સંસારનાં દુઃખો સાંભળીને તેનું ચિત્ત ભવથી ભયભીત થયું ને હવે આ ભવચક્રનો અંત ક્યારે આવે! એમ તે ચિંતવતા હતા. એવામાં ભગવાનની વાણીમાં એમ આવ્યું કે–'આ પદ્મસેન રાજા નીકટભવ્ય છે, અને હવે આ સંસારમાં તેને માત્ર બે ભવ બાકી છે. એક ભવ પછી તે તીર્થંકર થશે ને તે જ ભવે મોક્ષ જશે.'

સર્વજ્ઞ પરમાત્માના શ્રીમુખથી પોતાના ભવિષ્યની આવી મહાન મંગળ વાત સાંભળતાં જ રાજા પદ્મસેનના આનંદનો પાર ન રહ્યો. અહા, પોતાના મોક્ષની વાત સાંભળતાં ભવ્યને જે પ્રસન્નતા થાય–તેની શી વાત!! બે ભવ પછી મોક્ષ...અને તે પણ તીર્થંકર થઈને; પછી તે મહાત્માને હર્ષ કેમ ન થાય!! 'અહા, જાણે અત્યારે જ હું તીર્થંકર હોઉં–' એવો મહાન ઉત્સવ તેણે ઊજવ્યો. લાખો પ્રજાજનોએ પણ પોતાના મહારાજાને ભાવિ–તીર્થંકરરૂપે દેખીને અપાર હર્ષથી તે ઉત્સવમાં ભાગ લીધો. અહા, અમે એક ભાવિ–તીર્થંકરની સાથે રહીએ છીએ એવા ઉત્તમ ભાવ વડે 'દ્રવ્યતીર્થંકરરૂપે' તેમના દર્શન કરતાં ઘણાય જીવોની ધર્મભાવના પુષ્ટ થઈ. ખરેખર રમ્યક્નગરીના પ્રજાજનોનું એ એક ગૌરવ



હતું કે એક જ ભવ પછી તીર્થંકર થનારા મહાત્માની છત્રછાયામાં તેઓ વસતા હતા. (–અને, ગુજરાતીમાં આ પવિત્રપુરાણ લખનાર હરિને પણ એવું જ મહાન પુણ્ય ગૌરવ પ્રાપ્ત થયું છે કે, ત્રણ જ ભવ પછી તીર્થંકર–ગણધરો થનારા મહાત્માઓના સહવાસમાં રહીને આત્મસાધના સહિત આ પુરાણ લખાય છે.)

ભવચક્રથી અતિ ભયભીત અને મોક્ષને માટે પરમ ઉત્સુક એવા તે રાજા પદ્મસેને સર્વગુપ્ત કેવળીની સમીપમાં જિનદીક્ષા લીધી, ૧૨ અંગનું જ્ઞાન કર્યું તથા દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ભાવના ભાવી; તેમને તીર્થંકરપ્રકૃતિ સહિત ઉત્તમ પુણ્યકર્મોનો સંચય થયો. જો કે જીવને કર્મોનો સંચય થાય તે સારું નથી, પરંતુ આરાધકભાવસહિત વર્તતા તે જીવને જે પુણ્યકર્મનો સંચય થયો તે એવો હતો કે જે ઉદયકાળે આત્મસાધનામાં વિઘ્નરૂપ ન થાય; અને વળી તીર્થંકરપ્રકૃતિનો ઉદય તો નિયમથી કેવળજ્ઞાન સાથે અવિનાભાવી છે, એટલે તીર્થંકરપ્રકૃતિનું આગમન તો કેવળજ્ઞાનની દૂતી સમાન છે...તે આવીને કહે છે કે હવે શીઘ્ર કેવળજ્ઞાન મહારાજા પધારી રહ્યા છે !!

આ રીતે, જેમણે કેવળજ્ઞાનને નજીક બોલાવી લીધું છે એવા તે પદ્મમુનિરાજ, ચાર આરાધના સહિત સમાધિમરણ કરીને સહસ્રાર નામના દેવલોકમાં ઈન્દ્ર થયા; દેવલોકની વિભૂતિઓ જોતાં 'અરે, આ બધું શું છે' એમ આશ્ચર્ય થયું અને અવધિજ્ઞાનથી તેણે જાણ્યું કે પૂર્વે મેં ધર્મની ઉપાસના કરી તેની સાથેના પુણ્યનું આ ફળ છે.–આમ જાણવાથી તેમનું ચિત્ત ધર્મમાં તત્પર થયું ને ભક્તિપૂર્વક જિનપૂજા વગેરે કરવા લાગ્યા. જો કે તેમને અનેક દેવાંગનાઓ હતી પણ કામવાસના એટલી મંદ હતી કે તે દેવાંગનાઓને માત્ર દેખીને તેમનું ચિત્ત શાંત થઈ જતું હતું; અને દેવાંગનાઓનું ચિત્ત પણ તેમનું અદ્ભુત રૂપ દેખીને તૃપ્ત થઈ જતું હતું. આ રીતે કામભોગ ન હોવા છતાં નીચેના દેવો કરતાં તેઓ વધુ સુખી હતા;–તે સિદ્ધ કરે છે કે જીવને ઇન્દ્રિય–વિષયોથી સુખ નથી પણ તે વિષયોની નિવૃત્તિથી સુખ છે. સુખરૂપે જીવ પોતે પોતાના ભાવથી જ પરિણમે છે, કેમકે સુખ તે જીવનો જ સ્વભાવ છે. દેહમાં કાંઈ સુખ નથી, ને દેહ કાંઈ સુખરૂપ થતો નથી.

–આવું ભેદજ્ઞાન તે મહાત્માને દેવપર્યાયમાં પણ નિરંતર વર્તતું હતું; તેથી દેવલોકના દિવ્યવૈભવો વચ્ચે પણ તેમની ચેતના અલિપ્ત રહીને મોક્ષ તરફ ગમન કરી રહી હતી. આ રીતે દેવલોકમાં અસંખ્ય વર્ષ વીત્યા બાદ, જ્યારે તેમનું આયુ છ માસ જ બાકી રહ્યું, ત્યારે ભરતક્ષેત્રમાં ૧૩ મા તીર્થંકરના અવતારની પૂર્વતૈયારી થવા લાગી.

✻ ✻ ✻

## ભગવાન વિમલનાથ : પંચકલ્યાણક

આ છે ભરતક્ષેત્રની કમ્પિલાનગરી! 'કૃતવર્મા' તે નગરીના મહારાજા, તેઓ ભગવાન ઋષભદેવના વંશજ છે, તેમની મહારાણીનું નામ જયશ્યામા. –તે જ તેરમા તીર્થંકરના માતા–પિતા. વૈશાખ વદ ૧૦ થી છ માસ પહેલાં કુબેરે રત્નવૃષ્ટિ શરૂ કરીને તે નગરીનું અને માતા–પિતાનું સન્માન કર્યું. નગરજનો તો આશ્ચર્યચકિત થઈ ગયા કે અરે, આપણી નગરીમાં રોજરોજ આ રત્નવૃષ્ટિ શેની! જરૂર કંઈક અદ્‌ભુત બનાવ બની રહ્યો છે. લાખો–કરોડો વર્ષોથી મિથ્યાજ્ઞાનમાં બળી રહેલી ભરતક્ષેત્રની જનતાને નિર્મળ જ્ઞાનની વૃષ્ટિ વડે શાંતિ પમાડનારા પ્રભુના આગમનની હવે તૈયારી થઈ રહી છે; અધર્મમાં ડૂબેલી જનતાનો ઉદ્ધાર કરવા એક મહાત્મા, તીર્થંકર પરમાત્મા તરીકે અવતરી રહ્યા છે. ૨૪ અવતારમાંથી આ તેરમા તીર્થંકરનો અવતાર છે.

છ માસ બાદ વૈશાખ વદ દશમે, તે રાજા પદ્મનો જીવ દેવલોકમાંથી ઈન્દ્રપર્યાય છોડીને, તીર્થંકર થવા માટેની મનુષ્યપર્યાયમાં અવતર્યો. તે જ વખતે મહારાણી જયશ્યામાએ અતિ ઉત્તમ હાથી–બળદ–સિંહ–લક્ષ્મીદેવી–માળા–ચંદ્ર–સૂર્ય–મીન–કુંભ–સરોવર–સમુદ્ર–સિંહાસન–દેવવિમાન, નાગ-ભવન–રત્નરાશિ તથા નિર્ધૂમ અગ્નિ–એ ૧૬ મંગલ સ્વપ્નો દેખ્યા...દેવોએ આવીને પ્રભુના ગર્ભકલ્યાણકનો ઉત્સવ ઊજવ્યો, ને માતા-પિતાની સ્તુતિ કરતાં કહ્યું : 'અહો! આપના આંગણે તેરમા તીર્થંકરનું આગમન થયું છે. હે માતા! આપના ઉદરમાં એક તીર્થંકરનો આત્મા બિરાજે છે તેથી આપ જગતમાતા છો. હે પિતા! આપ જગતપૂજ્ય છો. આપ પણ નિયમથી મોક્ષગામી છો.' અહા, તીર્થંકર જેને ત્યાં અવતાર લ્યે, તેની ઈન્દ્રો પણ સ્તુતિ કરે એમાં શું આશ્ચર્ય!! ગર્ભવૃદ્ધિ થવા છતાં મહાદેવી જયશ્યામાને ન તો ઉદરવૃદ્ધિ થઈ કે ન રૂપમાં કોઈ હાનિ થઈ, ઊલટું તેમની શોભામાં વૃદ્ધિ થતી ગઈ.

આ રીતે કંપિલાનગરીમાં, હોનહાર તીર્થંકરનું ગર્ભાગમન જાણીને, માતા–પિતા અને પ્રજાજનો તે તીર્થંકરનું દિવ્યમુખ જોવા અધીર બન્યા...નવ માસ સુધી સર્વત્ર તેમના જ મહિમાની ચર્ચા થતી હતી, કે અહા, આપણી નગરીમાં તીર્થંકર અવતરશે તે કેવા અદ્‌ભુત હશે! તેમને દેખીને આપણે ધન્ય બનશું. આપણા જીવનમાં એક તીર્થંકરને નજરે જોવાનું પરમ સૌભાગ્ય આપણને મળશે.

તીર્થંકર–આત્માના સંસર્ગથી માતા જયશ્યામા અતિ પ્રસન્ન રહેતા હતા; તેમના અંતરમાં કોઈ અચિંત્ય પરિવર્તન થઈ રહ્યું હતું; તેમની જ્ઞાનકળા એકદમ ખીલવા લાગી હતી, પરિણામ વધુ ને વધુ ઊજ્જ્વળ થતા હતા, મિથ્યાભાવો દૂર થઈને સમ્યક્–વિમલ ભાવો જાગતા હતા, ભવનવાસી ૫૬ દિગ્કુમારી દેવીઓ તે માતાની સેવા કરતી હતી; માત્ર માતાની નહિ, દિવ્ય વિક્રિયાવડે ગર્ભસ્થ તીર્થંકરની પણ તે સેવા કરતી હતી...જગતના લોકો તો તે તીર્થંકરને હજી નવ માસ પછી દેખશે, પરંતુ તે કુમારીદેવીઓને તો અત્યારથી માતાના પેટમાં રહેલા તીર્થંકરની સેવા કરવાનું સૌભાગ્ય મળતું હતું...તેથી તેમની સ્ત્રીપર્યાય પણ ધન્ય થઈ, ને સ્ત્રીવેદ છેદીને ભવિષ્યમાં મોક્ષ પામવાનું નક્કી થઈ ગયું. વાહ દેખો! તીર્થંકરના સાન્નિધ્યનો અચિંત્ય પ્રતાપ!!

તે દેવીઓ કોઈવાર તાત્ત્વિક પ્રશ્નોત્તર વડે માતાજી સાથે વિનોદ કરતી :–

* એક દેવી પૂછ્યું–હે માતા! સેવા કોની કરવી?

– માતા કહે–મારા પુત્રની, એટલે કે તીર્થંકરની.



✻ હે માતા! ગ્રહણ કોનું કરવું?

– જિનદેવના વચનનું.

✻ હે માતા! સૌથી પહેલાં કયું કામ કરવું?

– આત્માનું જ્ઞાન....આત્માનું કલ્યાણ....રત્નત્રયની ઉપાસના.

✻ હે માતા! કોનો નાશ કરવો?

– ભવભ્રમણના કારણ એવા મિથ્યાત્વનો ને કષાયોનો.

✻ હે માતા! પવિત્ર કોણ છે?

– જેના હૃદયમાં અરિહંતદેવ અને શુદ્ધાત્મા વસે છે તે.

✻ હે માતા! મલિન કોણ છે?

– કષાયો વડે જેનું ચિત્ત મેલું છે તે.

✻ હે માતા! ગરીબ કોણ છે?

– પોતાના પરમાત્મવૈભવને જે નથી જાણતો ને બીજા પાસે સુખની ભીખ માંગે છે, તે જીવ ગરીબ છે.

✻ હે માતા! ધનવાન–સંતોષી કોણ છે?

– જેની પાસે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આત્મવૈભવ છે તે.

✻ હે માતા! વિષ જેવું શું છે?

– વિષયભોગો વિષ જેવા છે.

✻ હે માતા! અમૃત જેવું શું છે?

– વીતરાગતા તે અમૃત છે.

✻ હે માતા! તમારું ચિત્ત સદા પ્રસન્ન કેમ રહે છે?

– કેમ કે મારા હૃદયમાં તીર્થંકર પ્રભુ બિરાજે છે તેથી.

–આમ અવનવા ૧૦૦૮ પ્રશ્નો વડે દેવીઓ માતાને આનંદ પમાડતી હતી, ને માતા પણ અદ્ભુત ઉત્તર આપીને તે દેવીઓને હર્ષિત કરતી હતી. આવા પ્રશ્નોત્તર વડે તેઓ તીર્થંકરમહિમાને પ્રસિદ્ધ કરતા હતા તથા તત્ત્વજ્ઞાનનું ઘોલન કરતા હતા.

માહ સુદ ચોથના દિવસે મહારાણી જયશ્યામાએ, ત્રિલોકપૂજ્ય અને ત્રણજ્ઞાનધારી એવા તીર્થંકરને જન્મ દીધો. પ્રભુના દેહની દિવ્યતાથી પૃથ્વી ચમકી ઊઠી...સર્વત્ર અજવાળાં થયા.... ત્રણલોકમાં આનંદકારી ચમત્કાર સર્જાઈ ગયો..દેવો પણ હર્ષથી ડોલી ઊઠ્યા ને કમ્પિલાનગરીમાં આવીને તીર્થંકરજન્મનો કોઈ કલ્પનાતીત ઉત્સવ ઊજવ્યો...બાલતીર્થંકરપ્રભુને બિરાજમાન કરવા માટે એક દેવે પોતે ઐરાવત હાથીનું અદ્‌ભુત રૂપ ધારણ કર્યું, જેની ૧૦૦ સૂંઢમાં સરોવર વચ્ચે કમળ ખીલ્યા હતા, ને તેની દરેક પાંદડી પર દેવીઓ નૃત્ય કરતી હતી. આશ્ચર્યકારી હતું એ દૈવી દૃશ્ય !! આવા ઐરાવત હાથી ઉપર પ્રભુને બિરાજમાન કરીને મેરૂ ઉપર લઈ ગયા; ત્યાં ઈન્દ્રોએ હજાર હાથે પ્રભુનો જન્માભિષેક કર્યો. તે આનંદપ્રસંગે ઈન્દ્ર-ઈન્દ્રાણી પણ એક બીજાના હાથ પકડીને નાચી ઊઠ્યા. ઈન્દ્રે એ તેરમા તીર્થંકરને 'વિમલવાહન' નામ આપ્યું... બાળતીર્થંકરના દેહમાં અનેક મંગલ ચિહ્નો હતા, ચરણોમાં સુવર (ભૂંડ)નું શુભ ચિહ્ન હતું. જન્માભિષેક પછી સ્તુતિ કરતાં ઈન્દ્રે કહ્યું : હે દેવ ! આપના મહિમાની શી વાત ! આ આકાશનો કાગળ બનાવું, મેરુ પર્વતને કલમ બનાવું, ને સ્વયંભૂરમણ સમુદ્રને શાહી બનાવું, તોપણ આપના ગુણમહિમાનું આલેખન થઈ શકે તેમ નથી. સ્વાનુભવજ્ઞાનવડે જ આપનો અગાધ મહિમા જાણી શકાય છે. હે દેવ ! આપના અવતાર પૂર્વે, ભગવાન વાસુપૂજ્યના શાસનના અંતભાગમાં લગભગ એક પલ્ય સુધી ભરતક્ષેત્રમાં ધર્મનો જે વિચ્છેદ હતો તે આપનો જન્મ થતાં જ દૂર થયો, ને પરમ કલ્યાણકારી જૈનધર્મનો સૂર્ય પુનઃ ૧૬ કળાએ ઝગમગી ઊઠ્યો. પોતાની નગરીમાં તીર્થંકરના જન્મનો આવો મહોત્સવ દેખીને કંપિલાનગરીના પ્રજાજનોના હર્ષાનંદનો કોઈ પાર ન હતો. અદ્‌ભુત તીર્થંકરપ્રભુનો મહિમા દેખીને કેટલાય જીવો તો ચૈતન્યમહિમાના ચિંતન વડે તે જ દિવસે સમ્યગ્દર્શન પામી ગયા.

ભગવાન વિમલનાથનું આયુષ્ય ૬૦ લાખ વર્ષ હતું. બાલ્યકાળમાં પણ તેમની કળાઓ અદ્‌ભુત હતી; દેવો પણ બાળક જેવા બનીને તેમની સાથે રમવા આવતા. રમત વખતેય તે મહાત્મા અનુભૂતિ–સમ્પન્ન હતા. સમ્યક્ત્વનો શણગાર તો પૂર્વજન્મથી જ સાથે લાવ્યા હતા. અદ્‌ભુત હતું એ અંતરાત્માનું જીવન ! ખરેખર તે હાલતાચાલતા નાનકડા પરમાત્મા જ હતા. તેમને કોઈ પાસે વિદ્યા ભણવા માટે જવું ન પડ્યું, પોતે જ સ્વયંબુદ્ધ જગત્‌ગુરુ હતા.

યુવાનવયમાં અનેક રાજકુમારીઓના તેમની સાથે લગ્ન થયા; અને પંદર લાખ વર્ષે કમ્પિલાનગરીમાં વિમલકુમારનો રાજ્યાભિષેક થયો...આમ તો જન્મ વખતે જ લોકમાં શ્રેષ્ઠ એવા મેરુ ઉપર તેમને સ્નાન કરાવીને ઈન્દ્રે ત્રણલોકના રાજ્ય પર તેમનો અભિષેક કર્યો હતો. અહા, તે જ ભવમાં ત્રિલોકપતિ તીર્થંકર થનારા મહાત્મા જે નગરીના મહારાજા હોય તે નગરીના લોકોના સુખ–સૌભાગ્યની શી વાત !! વધતા જતા વિશુદ્ધપરિણામથી થોડા જ વખતમાં જેમને અનંત મોક્ષસુખ મળવાનું છે, તેમને રાજસુખની શી ગણતરી !! અનેકવાર ઈન્દ્ર પણ તેમની સાથે ગોષ્ઠી કરવા આવતા ને તીર્થંકરના સંપર્કથી ઈન્દ્રપુરી કરતાંય વધારે આનંદ પામતા. એ રીતે રાજ્યઅવસ્થામાં ૩૦ લાખ વર્ષ વીત્યા.

મહાસુદ ૪ : કમ્પિલા નગરીના મહારાજા વિમલનાથ આજે પોતાના જન્મદિવસે સવારમાં વનક્રીડા માટે ગયા હતા. એક તળાવ કિનારે અતિશય રમ્ય શાંત વાતાવરણ હતું; રંગીન પ્રભાત ખીલવાની તૈયારી હતી...જાણે કે બાલપ્રભુના દર્શનથી રંગબેરંગી શણગાર સજીને આકાશ પોતાની



પ્રસન્નતા વ્યક્ત કરી રહ્યું હતું. અને તળાવમાં ખીલેલા પુષ્પોની પાંખડી પર, સ્ફટિકનાં મોતી જેવા ઝાકળબિંદુઓ સપ્તરંગી ચમકથી ઝગઝગી રહ્યા હતા, જાણે કે પ્રભુના દર્શન પામીને તે ફૂલો ખૂબ હસી રહ્યા હોય ને પ્રભુના જન્મદિવસની ખુશાલી મનાવતા હોય! એ દૃશ્ય વિમલ-મહારાજાના ચિત્તમાં પ્રસન્નતા ઉપજાવી રહ્યું હતું...આકાશમાં સૂર્યોદય થઈ રહ્યો હતો. થોડીવારમાં રંગબેરંગી ઉષાને બદલે આકાશે લાલરંગ ધારણ કર્યો...અને થોડી જ વાર પછી મહારાજાએ ફરી તળાવમાં જોયું તો ત્યાં સાચા મોતી જેવા તે રંગબેરંગી ઝાકળ બિંદુઓ ઓગળીને વિલીન થઈ ગયા હતા...ને તે ફૂલોની શોભા અદૃશ્ય થઈ ગઈ હતી. અરે, આવી ક્ષણભંગુરતા જોતાં જ વિમલ મહારાજાનું ચિત્ત, જાણે વીજળીનો આંચકો લાગે તેમ વૈરાગ્યથી ઝણઝણી ઊઠ્યું; એ જ વખતે એમને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન પણ થયું.

સંસારનું અસારસ્વરૂપ તેઓ વિચારવા લાગ્યા : અરે, આ પુણ્યના ઠાઠ પણ ઝાકળના બિંદુ જેવા ક્ષણભંગુર છે. જેમ ઝાકળના બિંદુ ઉપર મહેલ બાંધી શકાતા નથી તેમ પુણ્ય વૈભવવડે કાંઈ આત્માની શાંતિ સાધી શકાતી નથી. મારે તો આ ભવમાં પરમાત્મા થઈને મોક્ષ જવાનું છે. ૪૫ લાખ વર્ષો તો આ રાજપાટમાં વીતી ગયા, હવે આવા મોહમાં રહેવું મને શોભતું નથી. જો કે મને ત્રણ જ્ઞાન છે, પણ તે તો મર્યાદિત જાણનારા છે, એવા અધૂરા જ્ઞાનથી ભવનો અંત કેમ આવે! વળી સમ્યક્ત્વ હોવા છતાં હજી ચારિત્ર ઘણું કમ છે, મારે હજી પ્રત્યાખ્યાનાવરણ કષાયો તથા સંજ્વલન કષાયોને જીતવાના છે; ને ચારિત્રની વીતરાગદશા પ્રગટ કરવાની છે. હજી મને પ્રમાદ અને પરિગ્રહો પણ છે, પુણ્યકર્મોના ભોગવટાથી કર્મોનો આસ્રવ પણ થાય છે; નિર્જરા હજી અલ્પ છે. જ્યાં સુધી કષાયોનો ને પુણ્યકર્મનો પણ અંત નહિ કરું ત્યાં સુધી મને મોક્ષસુખ નહીં મળે. તેથી મોક્ષને માટે મારે શીઘ્ર ઉદ્યમી થવું જોઈએ.

તીર્થંકર મહારાજ—વિમલનાથ વૈરાગ્યથી દીક્ષાભાવના ભાવી રહ્યા છે : આ સંસારમાં દરેક જીવ પોતપોતાના ભાવોનું જ ફળ ભોગવે છે. રાગદ્વેષ વડે જીવ સંસારમાં દુઃખ પામે છે ને વીતરાગતા વડે મોક્ષસુખને પામે છે. ગમે તેવા ઈન્દ્રિય—વિષયો હોય તોપણ તેના સેવનમાં સુખ તો મળતું નથી, માત્ર પાપ બંધાય છે. મારા આ ઈક્ષુવંશમાં મારા પૂર્વે કેટલાય રાજા—મહારાજા—ચક્રવર્તી થઈ ગયા, ક્યાં ગયું તેમનું રાજ્ય? મારા તે પૂર્વજો તો તે રાજ્ય-સંપદાનો ત્યાગ કરીને મોક્ષમાં ચાલ્યા ગયા. હું પણ તેમનું મારગે જઈશ. ભગવાન ઋષભદેવે જે માર્ગપરંપરા શરૂ કરી છે તે જ પરંપરાને હું અનુસરીશ.

આજે હું આ ભવ–તન–ભોગોનો મોહ છોડીને વીતરાગી રત્નત્રયને ધારણ કરીશ ને આત્મધ્યાન વડે કેવળજ્ઞાન પ્રગટ કરીશ. આજે મારા જન્મદિવસે હવે પુનઃ જન્મનો અભાવ કરવા માટે હું મુનિ થઈશ ને મોક્ષને સાધીશ.

આ રીતે મહારાજા વિમલનાથે દીક્ષાનો નિશ્ચય કર્યો કે તરત પાંચમા બ્રહ્મસ્વર્ગેથી સારસ્વત વગેરે ૪૦૭૮૨૦ લૌકાંતિક દેવો કમ્પિલાનગરીમાં આવ્યા ને વિનયપૂર્વક શાંતરસતરબોળ વચનોથી પ્રભુના વૈરાગ્યની અનુમોદના કરવા લાગ્યા : "હે દેવ! આપના વિચાર શ્રેષ્ઠ છે....દીક્ષા માટેની આપની વૈરાગ્યભાવના જગતને માટે પણ કલ્યાણકારી છે. જેમ ચંદનવૃક્ષના સહવાસથી બીજા વૃક્ષો પણ સુગંધી બની જાય છે તેમ હે પરમ વીતરાગી દેવ! આપના સહવાસથી બીજા જીવો પણ મોક્ષમાર્ગને પામી જશે. પ્રભો! લાખો વર્ષોથી ભરતના જીવો મુક્તિમાર્ગને માટે ઝંખી રહ્યા છે, આપની દીક્ષા વડે તેમની ઝંખના શીઘ્ર પૂર્ણ થશે." આમ કહીને દેવપંડિત એવા તે લૌકાંતિક દેવો બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા....એ જ વખતે ઈન્દ્રાદિ દેવો 'દેવદત્તા' નામની પાલખી લઈને દીક્ષા–કલ્યાણક માટે આવી પહોંચ્યા. પ્રભુ સર્વત્ર સમભાવ ધારણ કરીને પાલખીમાં આરૂઢ થવા ચાલ્યા, તે વખતે ઈન્દ્ર મહારાજે હાથ વડે પ્રભુને ટેકો આપ્યો. પ્રભુને તો ટેકાની ક્યાં જરૂર હતી!–પણ તે બહાને તેણે પ્રભુનો સ્પર્શ કરી લીધો ને પોતાની ભક્તિ વ્યક્ત કરી. ભક્તિના બહાને તેણે પ્રભુના હાથમાં પોતાનો હાથ સોંપી દીધો ને પ્રભુના સીધા સ્પર્શ વડે પોતાનું એકાવતારીપણું પાકું કરી લીધું. આવું સૌભાગ્ય તો ઈન્દ્ર જેવાને જ મળે છે....હા, તેની ઈન્દ્રાણીને જન્માભિષેક વખતે પ્રભુને ગોદીમાં તેડવાનું સૌભાગ્ય મળ્યું હતું ને તેથી પ્રભુના સ્પર્શે ન્યાલ થઈને તે મોક્ષની અધિકારી બની ગઈ હતી! પારસના સ્પર્શે લોઢાને તો માત્ર 'સુવર્ણતા' થાય છે ત્યારે પરમાત્માના સ્પર્શે તો આત્માને પરમાત્મપણું થઈ જાય છે!



સહેતુક નામના દીક્ષાવનમાં જઈને મહારાજા વિમલનાથે અંતર-બાહ્ય સમસ્ત પરિગ્રહો છોડ્યા....દૈવી વસ્ત્રાભૂષણ ધારણ કરનારા તે મહાત્મા વસ્ત્રાભૂષણ વગર સર્વથા અપરિગ્રહી દિગંબરદશામાં શોભી ઊઠ્યા. દૈવી વસ્ત્ર વગર જ તેઓ વધુ શોભતા હતા. દેવો, મનુષ્યો તેમજ તિર્યંચો પણ ભગવાનનું આ વીતરાગી રૂપ જોઈને મુગ્ધ બન્યા....તેમને પણ પરિગ્રહો નીરસ લાગ્યા. કેટલાય ભવ્યમુમુક્ષુઓ તે જ વખતે પરિગ્રહ છોડીને પ્રભુની સાથે જ દીક્ષા લેવા તૈયાર થયા; બીજા કેટલાયે શ્રાવક વ્રત લીધાં ને ઘણા જીવોએ આત્માના સુખની શ્રદ્ધા વડે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. ઘણો જ મંગળકારી હતો–પ્રભુના વૈરાગ્યનો એ પ્રસંગ!

વિમલ પ્રભુએ 'ૐ સિદ્ધેભ્યઃ નમઃ' એવા ઉચ્ચાર સહિત સિદ્ધોને નમસ્કાર કર્યા ને પોતાના સિદ્ધસ્વરૂપમાં ચિત્તને જોડ્યું; તરત શુદ્ધાત્મધ્યાનરૂપ શુદ્ધ ઉપયોગ થયો, તે જ વખતે મનઃપર્યય જ્ઞાન પણ પ્રગટ્યું. પ્રભુનો આત્મા રત્નત્રયરૂપ થઈને મોક્ષમાર્ગમાં વિહરવા લાગ્યો. દીક્ષા પછી કેવળજ્ઞાન થતાં સુધી તેમણે મૌન ધારણ કર્યું.

દીક્ષા પછી બે દિવસ બાદ વિમલ મુનિરાજ નંદનનગરમાં પધાર્યા, ત્યારે જયરાજાએ તેમને

ભક્તિપૂર્વક પારણું કરાવ્યું. અહા, તીર્થંકર–મુનિના હાથમાં આહાર દેતી વખતે તેના ચિત્તમાં પરમાત્મપદની પ્રાપ્તિ જેવો મહાન હર્ષ થયો, અને તીર્થંકર સાથેના આવા નિકટ સંબંધને લીધે તે ભવ્યાત્મા તે જ ભવે મોક્ષગામી થયા. (ત્રણ વરસ બાદ જ્યારે પ્રભુ વિમલનાથને કેવળજ્ઞાન થયું ત્યારે તે જયરાજાએ પ્રભુચરણોમાં દીક્ષા લીધી ને કર્મોનો ક્ષય કરીને મોક્ષપદની પ્રાપ્તિ કરી.)

ભગવાન વિમલનાથે મુનિદશામાં ત્રણ વર્ષ વિહાર કર્યો. મુનિદશામાં જો કે તેઓ મૌન હતા તોપણ તેમની પરમશાંત ધ્યાનમુદ્રાના દર્શનથી કેટલાય જીવો ધર્મનું સ્વરૂપ સમજી જતા હતા; કષાય વગરની શાંતિ કેવી હોય....! તે પ્રભુની મુદ્રામાં જીવંત દેખાતી હતી ને વિભાવોથી ચૈતન્યભાવોનું ભેદજ્ઞાન થઈ જતું હતું. એ રીતે ત્રણ વર્ષ મુનિદશામાં છદ્મસ્થપણે વિહાર કરીને, બરાબર દીક્ષાના દિવસે તેઓ પુનઃ કમ્પિલાનગરીના દીક્ષાવનમાં આવ્યા ને ત્યાં બે દિવસનો ધ્યાનયોગ ધારણ કર્યો. ભગવાનનું માત્ર નામ જ 'વિમલ' ન હતું, તેમના ભાવો પણ વિમલ હતા; શુદ્ધોપયોગની ધારા વડે તેમનો મોહ-મલ ધોવાઈ ગયો હતો. એ રીતે પરિણામની વિશુદ્ધ શ્રેણી વડે મોહનો સર્વથા નાશ કરીને પ્રભુએ માહસુદ છઠ્ઠના દિવસે કેવળજ્ઞાન પ્રગટ કર્યું; તેઓ સર્વજ્ઞ–પરમાત્મા–અરિહંત થયા; તે જ વખતે તીર્થંકરપ્રકૃતિનો ઉદય શરૂ થયો. ઈન્દ્રો ભક્તિથી દોડી આવ્યા ને કેવળજ્ઞાની પ્રભુની પૂજા કરી. દિવ્ય સમવસરણની રચના થઈ. પ્રભુના ઉપદેશથી ઘણા જીવો ધર્મ પામ્યા ને ભરતક્ષેત્ર ફરીને વિદેહક્ષેત્ર જેવું ધર્મક્ષેત્ર બની ગયું. પ્રભુ વિમલનાથ તીર્થંકરે ગુજરાત–સૌરાષ્ટ્ર અંગ–બંગ વગેરે ઘણા દેશોમાં વિહાર કર્યો.

વિમલનાથ તીર્થંકરની ધર્મસભામાં મેરુ–મન્દર વગેરે ૫૫ ગણધરો હતા; ઉપર નીરાલંબી આકાશમાં (પાંચ હજાર ધનુષ ઊંચે, તીર્થંકરની સમકક્ષાએ) પંચાવનસો(૫૫૦૦) કેવળી ભગવંતો બિરાજતા હતા. તે ઉપરાંત ૧૧૦૦ શ્રુતકેવળી, ૩૬૫૩૦ શિક્ષકમુનિઓ, ૪૮૦૦ અવધિજ્ઞાની–મુનિઓ, ૫૫૦૦ મનઃપર્યયજ્ઞાની, ૯૦૦૦ વિક્રિયાઋદ્ધિધારી, ૩૬૦૦ વાદવિદ્યામાં કુશળ મુનિવરો હતા; એક લાખ ત્રણહજાર આર્યિકા, બે લાખ શ્રાવકો ને ચાર લાખ શ્રાવિકાઓ હતા. દેવ–દેવીઓનો પાર ન હતો; સિંહ–વાઘ–હાથી–હરણ વગેરે તિર્યંચોના ટોળાં પણ ધર્મ સાંભળવા આવતા ને આત્મજ્ઞાન પામતા. વિમલનાથ ભગવાન તીર્થંકરપણે ૧૫ લાખ વર્ષ સુધી ભરતભૂમિમાં વિચર્યા ને ધર્મચક્રનું પ્રવર્તન કર્યું.

## મથુરાના રાજકુમારો : મેરુ ને મંદર ગણધરો

એકવાર પ્રભુ વિમલનાથ ઉત્તર–મથુરાનગરીમાં પધાર્યા; ત્યારે રાજા–અનંતવીર્ય ત્યાં રાજ્ય કરતા હતા; તેમને મેરુ અને મંદર નામના બે ઉત્તમ પુત્રો હતા; બંને રાજકુમારો ચરમશરીરી, મહા બુદ્ધિવાન, ધર્મના રસિક અને એકબીજા ઉપર ખૂબ જ સ્નેહ રાખતા હતા. મથુરાપુરીમાં ભગવાન વિમલનાથના દર્શનથી બંને ભાઈઓને પરમ હર્ષ થયો; ખરેખર તેમને કોઈ અચિંત્ય નિધાન મળ્યા, જાણે કે ભગવાન તેમને મોક્ષમાં તેડી જવા માટે જ આવ્યા હોય! તેઓ વારંવાર ભગવાનના સમવસરણમાં જઈને ઉપદેશ સાંભળતા ને આત્મધ્યાન કરતા. પ્રભુની વાણીમાં શ્રાવકધર્મ તેમ જ મુનિધર્મનો ઉપદેશ સાંભળીને બંને ભાઈઓએ પોતાના પરિણામ ખૂબ વિશુદ્ધ કર્યા.–'મેરુ અને મંદર, તમે બંને ભાઈઓ આ ભવમાં જ મોક્ષગામી છો' એમ ભગવાનની વાણીમાં સાંભળતાં તે બંનેના

આનંદનો પાર ન રહ્યો; અહા, પોતાના મોક્ષની વાર્તા કરતાં વિશેષ આનંદ મુમુક્ષુને બીજી કઈ વાતમાં હોય! પ્રભુની વાણી સાંભળતાં તે બંને રાજકુમારોને પોતાના અનેક પૂર્વભવોનું પણ જ્ઞાન થયું. પછી વૈરાગ્ય પામી, વિમલનાથ પ્રભુની સમીપમાં જ જિનદીક્ષા લઈને, મેરૂ અને મંદર તે બંને મુનિવરો પ્રભુના ગણધર બન્યા.

મેરુ ગણધરનો જીવ પૂર્વભવમાં લાંતવ સ્વર્ગમાં આદિત્યાભ નામનો મોટો દેવ હતો. ત્યાર પહેલાં તે વિદેહક્ષેત્રમાં વીતભય નામનો બલભદ્ર હતો. ત્યારે તેનો ભાઈ વિભીષણ (મંદર ગણધરનો જીવ) વાસુદેવ હતો ને બીજી નરકે ગયો હતો. તેને આદિત્યાભદેવે (મેરુ ગણધરના જીવે) નરકમાં જઈને પ્રતિબોધ્યો હતો. એ જ બંને બલદેવ–વાસુદેવ ભાઈઓ, અંતિમ અવતારમાં મેરુ અને મંદર નામના ભાઈઓ થયા, ને વિમલનાથ તીર્થંકરના ગણધરો થઈને મોક્ષ પામ્યા.

ભગવાન વિમલનાથ જ્યારે સૌરાષ્ટ્રમાં પધાર્યા ત્યારે દ્વારામતી નગરીમાં ત્રણખંડના અધિપતિ ધર્મ–બલભદ્ર તથા સ્વયંભૂ–નારાયણે તેમની વંદના કરી હતી. (તેમની કથા હવે વાંચશો.)

એ રીતે લાખો વર્ષો સુધી કરોડો જીવોને પ્રતિબોધીને ભગવાન વિમલનાથને જ્યારે એકમાસ સંસાર અવશેષ રહ્યો ત્યારે તેઓ સમ્મેદશિખરની સુવીર ટૂંક ઉપર પધાર્યા....તેમનો વિહાર અને વાણી બંધ થયા.–જેઠ વદ આઠમના પ્રાતઃકાળે અતિ શીઘ્ર (એક સેકન્ડનોય અસંખ્યાતમા ભાગમાં) સમુદ્ઘાત કરીને તે તીર્થંકર સર્વજ્ઞ પ્રભુ એક સમયને માટે સર્વલોકવ્યાપી થયા ને ત્રણ અઘાતિકર્મોની સ્થિતિ, આયુસ્થિતિ કરતાં જેટલી વધુ હતી તેટલી ખેરવી નાંખી. બીજી જ ક્ષણે ત્રીજા શુક્લધ્યાનવડે યોગની સૂક્ષ્મ ક્રિયાઓનો પણ અભાવ કરીને અયોગી થયા ને તત્કાલ ચોથા શુક્લધ્યાન વડે સર્વકર્મનો સર્વથા ક્ષય કરીને 'સ્વાસ્થ્ય' (અર્થાત્ સ્વરૂપમાં અવસ્થિત) રૂપ સિદ્ધપદને પામ્યા.

'હે વિમલદેવ! આપના વિમલ ચૈતન્યભાવો અતીન્દ્રિય છે, તેને ઓળખીને આપની ઉપાસના સમ્યગ્દષ્ટિ જીવો જ કરી શકે છે. ઈન્દ્રિયમાં લુબ્ધજીવો અતીન્દ્રિય જ્ઞાનમય એવા આપને ક્યાંથી ઓળખી શકે?'–આ પ્રમાણે દેવ–દેવેન્દ્રોએ તેમ જ રાજા–મહારાજાઓએ સિદ્ધપ્રભુના ગુણોની સ્તુતિ કરીને મોક્ષકલ્યાણકનો ઉત્સવ કર્યો; ને સમ્મેદશિખરને સિદ્ધભૂમિ સમજીને ભક્તિપૂર્વક વંદના કરીઃ

**વિમલનાથ જિનરાજકા કૂટ સુવીર હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

આજે અસંખ્ય વર્ષો બાદ પણ આપની તે નિર્વાણ ભૂમિ પર જઈને અમારા જેવા સાધક જીવો સિદ્ધપદનું સ્મરણ અને ભાવના કરે છે. હે વિમલદેવ! વીતરાગતાથી શોભતું આપનું વિમલ જીવન એમ બતાવે છે કે, જેમ પાપ–કષાય વડે મલિન થયેલો જીવ સંસારમાં ભમે છે તેમ પુણ્યરાગ વડે મલિન થયેલો જીવ પણ સંસારમાં ભમે છે; માટે પાપ કે પુણ્ય બંને વિકલ્પોથી રહિત આત્મગુણોને એવા વિશુદ્ધ બનાવવા જોઈએ કે જેથી ઉપયોગ 'શુદ્ધ' થઈને સિદ્ધપદને પામે. આપે બતાવેલા જિનમાર્ગનો આ જ સિદ્ધાંત છે કે–


**રે 'શુદ્ધ'ને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાનદર્શન 'શુદ્ધ'ને**
**છે 'શુદ્ધ'ને નિર્વાણ, 'શુદ્ધ' જ સિદ્ધ; પ્રણમું તેહને.**

**જ્યમ લોહનું ત્યમ કનકનું જંજીર જકડે પુરુષને,**
**તેવી રીતે શુભ કે અશુભ કૃત કર્મ બાંધે જીવને.**

**જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્ય–પ્રાપ્ત મુકાય છે;**
**–એ જિનતણો ઉપદેશ, તેથી ન રાચ તું કર્મો વિષે.**

શુદ્ધોપયોગી જીવ તે જ શ્રમણ છે, તે જ મોક્ષ અને મોક્ષનો માર્ગ છે–એમ બતાવનારા હે વિમલ જિન! અમે પણ અમારા જ્ઞાનને વિમલ કરીને આપના જ વિમલ–માર્ગે આવી રહ્યા છીએ.

**ચાર આરાધના જેના પગ છે ને શુદ્ધોપયોગ જેની સૂંઢ છે**
**એવા 'વિમલ' ગજરાજરૂપી શ્રેષ્ઠ 'વાહન' પર આરૂઢ**
**થઈને જેઓ મોક્ષપુરીમાં પહોંચ્યા એવા ભગવાન**
**'વિમલ–વાહન'નું પવિત્ર પુરાણ અહીં પૂરું થયું.**




* * *

## ત્રીજા વાસુદેવ–સ્વયંભૂ; બળદેવ–ધર્મરાજ અને પ્રતિવાસુદેવ-મધુરાજા

આ ભરતભૂમિમાં ભગવાન વિમલનાથ તીર્થંકર ધર્મ–ચક્ર સહિત જ્યારે વિચરતા હતા તે વખતે સૌરાષ્ટ્રની દ્વારાવતી નગરીમાં સ્વયંભૂ નામના વાસુદેવ તથા ધર્મ નામના બળદેવ રાજ્ય કરતા હતા. તેઓ ત્રણ ખંડના સ્વામી, અર્ધચક્રવર્તી હતા. ૧૬ હજાર રાજાઓ તેમની સેવા કરતા હતા, અને ૪૮ કરોડ ગામ તેમના તાબામાં હતા. બંને ભાઈઓ જૈનધર્મમાં તત્પર હતા અને તેમને પરસ્પર અજોડ સ્નેહ હતો. તેમાં ધર્મ–બળભદ્રનું ચિત્ત વિશેષપણે આત્મસાધનામાં રહેતું, અને સ્વયંભૂ–વાસુદેવનું ચિત્ત પૂર્વભવના નિદાનના મિથ્યાસંસ્કારને લીધે વિષય-પરિગ્રહોમાં લીન રહેતું.

ભગવાન વિમલનાથ એકવાર સૌરાષ્ટ્રમાં દ્વારાવતી નગરીમાં પધાર્યા; પૃથ્વીમાં સર્વત્ર આનંદ ફેલાયો. વન–ઉપવન ફળ–ફૂલથી ખીલી ઊઠ્યા. બીજાની તો શી વાત! પશુ–પંખીઓ પણ પ્રભુદર્શનથી આનંદ–કિલ્લોલ કરવા લાગ્યા. માળીએ આવીને મહારાજા સ્વયંભૂ તથા ધર્મરાજને પ્રભુના આગમનની

મંગલ વધામણી આપી; તેઓ ખૂબ પ્રસન્ન થયા, માળીને રત્નહાર વગેરે ઈનામ આપ્યું ને નગરજનો સહિત ધામધૂમથી પ્રભુના દર્શન માટે ચાલ્યા. અહા, જે નગરીમાં સાક્ષાત્ તીર્થંકર પ્રભુની પધરામણી થાય તેના પુણ્યોદયની ને હર્ષની શી વાત !!

દૂરથી સમવસરણની અચિંત્ય શોભા જોઈને બળદેવ-વાસુદેવ પણ આશ્ચર્ય પામ્યા; પ્રભુના આ દિવ્ય બાહ્ય વૈભવ પાસે ત્રણ ખંડનો વૈભવ પણ તેમને સાવ તૂચ્છ લાગ્યો. ને તે દિવ્ય વૈભવથી પણ અલિપ્ત એવા પરમાત્મ–વૈભવવંત વિમલનાથ ભગવાનના દર્શન–પૂજન–સ્તવન કરીને તેમનો ધર્મોપદેશ સાંભળ્યો. સંસારના બાહ્ય પદાર્થોથી આત્માની ભિન્નતા, રાગદ્વેષ–મોહાદિ વિભાવોની અસારતા અને ચૈતન્યવૈભવની અચિંત્ય મહત્તા ભગવાને બતાવી. આત્મા નિત્ય રહીને પોતાના કરેલા ભાવોનું ફળ ભોગવે છે; વિષયોમાં ને કષાયોમાં લીન જીવો નરકાદિમાં દુઃખ ભોગવે છે, ને આત્મસાધનામાં લીન જીવો મોક્ષસુખને ભોગવે છે. માટે હે જીવો ! તમે વિષયોમાં સુખની બુદ્ધિ છોડો ને આત્માના અતીન્દ્રિય સુખ–સ્વભાવની શ્રદ્ધા કરો, તેમાં લીનતા કરો.' ભગવાનના શ્રીમુખથી આવો ધર્મોપદેશ સાંભળીને સર્વે જીવો આનંદિત થયા; ઘણા જીવો સંસારથી વિરક્ત થયા, ઘણા જીવો આત્મજ્ઞાન પામ્યા. તે વખતે બળદેવ–વાસુદેવ બંનેને પોતાના પૂર્વભવ જાણવાની ઉત્કંઠા થઈ : 'હે પ્રભો ! પૂર્વે અમે ક્યા પુણ્ય કર્યા કે જેથી આ ત્રણ ખંડની વિભૂતિને પામ્યા ?' પ્રભુની વાણીમાં તેમના પૂર્વભવ આ પ્રમાણે આવ્યા : –

## (ધર્મરાજ–બળદેવનો પૂર્વભવ)

હે ધર્મરાજ ! પૂર્વભવમાં તમે વિદેહક્ષેત્રમાં મિત્રનંદી નામના રાજા હતા. એકવાર તમારી નગરીમાં કેવળી ભગવાનનું આગમન થતાં અત્યંત હર્ષપૂર્વક તેમના દર્શન કર્યા ને તેમના ઉપદેશથી વૈરાગ્ય પામીને જિનદીક્ષા લીધી. મુનિ થઈને તમે ઉત્તમ આરાધના કરી, અને સમાધિપૂર્વક દેહ છોડીને સર્વાર્થ સિદ્ધિમાં ઊપજ્યા. ત્યાંથી ચ્યવીને આ દ્વારાવતી નગરીના ભદ્રરાજાની સુભદ્રા રાણીની કૂંખે ધર્મનામના બલભદ્ર તરીકે અવતર્યા છો, અને ચરમશરીરી છો.

## (સ્વયંભૂ–વાસુદેવનો પૂર્વભવ)

તે જીવ પૂર્વભવમાં ભરતક્ષેત્રની શ્રાવસ્તી નગરીમાં સુકેતુ નામનો રાજા હતો. અનેક સદ્ગુણ હોવા છતાં તેનામાં જુગારનું દુર્વ્યસન હતું. માંસભક્ષણાદિ સાત મહાન દુર્ગુણોમાં જુગારનું વ્યસન તે પણ મહાન દુર્ગુણ છે; સત્ય વગેરે બીજા ગુણોનો પણ તે નાશ કરી નાંખે છે; જુગારી જુગારમાં જીતે કે હારે, પરંતુ જુગાર રમવા બેસતાવેંત તે પોતાના ઉત્તમ આચરણને તથા ધર્મને તો ગુમાવી જ બેસે છે. એકવાર શત્રુરાજા સાથે જુગાર રમતાં તે રાજા સુકેતુ પોતાની સમસ્ત રાજસંપદા હારી બેઠો; આથી આર્ત્તધ્યાનથી તે દુઃખી થવા લાગ્યો, તથા શત્રુરાજા પ્રત્યે વેરબુદ્ધિ રાખવા લાગ્યો, ને વનમાં જઈને ભટકવા લાગ્યો. દુઃખી રાજા સુકેતુ અત્યારે પાપમાં ને વૈભવની વાસનામાં ડૂબેલો હોવા છતાં, તે જીવ ભવ્ય હતો, ભવિષ્યમાં મોક્ષગામી, શ્લાકાપુરુષ હતો; તેથી એકવાર તેના સુભાગ્યે વનમાં તેને સુદર્શન નામના મુનિરાજના દર્શન થયા; તેમની પાસેથી રત્નત્રયધર્મનો ઉપદેશ સાંભળીને તેણે રત્નત્રયધર્મ અંગીકાર કર્યો.

એકવાર તે સુકેતુ મુનિ વનમાં બેઠા હતા; એવામાં તેની સંપત્તિને જીતી લેનારો શત્રુરાજા વૈભવસહિત ત્યાંથી નીકળ્યો, તેને દેખીને મૂર્ખતાપૂર્વક તેણે નિદાન કર્યું કે મારા ધર્મના ફળમાં હું ભવિષ્યમાં મહાન વૈભવ પામું ને મારા આ દુશ્મનનો નાશ કરીને તેની વિભૂતિ છીનવી લઉં! (અરેરે, રત્નત્રયના નિધાન વેચીને તેના ફળમાં મૂર્ખ જીવે ભોગવાસનાની ચાહના કરી;) તે સુકેતુનો જીવ મોક્ષમાર્ગી હતો, પણ ધર્મના ફળમાં વિષયોની અભિલાષા કરવાથી તે ધર્મથી ભ્રષ્ટ થઈ ગયો અને તેણે નરકનાં બીજડા વાવ્યા! માટે હે જીવો! ધર્મના ફળમાં વિષયસુખોની આકાંક્ષા કદી ન કરશો. વિષયોની અભિલાષા વડે ધર્મને ગુમાવીને મિથ્યાદૃષ્ટિ થઈ ગયેલો તે સુકેતુ રાજાનો જીવ, ત્યાંથી મરીને, બાકી બચેલા થોડાક પુણ્યના પ્રતાપે સ્વર્ગમાં દેવ થયો; ને ત્યાંથી ચવીને આ દ્વારાવતી નગરીમાં સ્વયંભૂ–વાસુદેવ ઊપજ્યો છે.

પૂર્વે જે શત્રુરાજાએ તેની રાજસંપત્તિ જુગારમાં પડાવી લીધી હતી તે રાજા પણ પાછળથી કોઈ કારણે વૈરાગ્ય પામી રત્નત્રય ધારણ કરીને મુનિ થયો; પરંતુ તેણે પણ મૂર્ખતાથી ધર્મના ફળમાં ભોગપ્રાપ્તિનું નિદાન કર્યું એટલે તે પણ ધર્મથી ભ્રષ્ટ થઈ, થોડાક પુણ્યને લીધે સ્વર્ગમાં ગયો, ને ત્યાંથી ચવીને અત્યારે રત્નપુરીનો રાજા મધુ થયો છે; તે મધુરાજાને ચક્રની પ્રાપ્તિ છે ને અત્યારે તે ત્રણખંડનો રાજા છે. તે 'પ્રતિવાસુદેવ' છે.

—આ પ્રમાણે વિમલપ્રભુની વાણીમાં પોતાના પૂર્વભવો સાંભળીને તે ધર્મ અને સ્વયંભૂ બંને ભાઈઓ (બળદેવ-વાસુદેવ) પુનઃ પોતાના મહેલમાં આવ્યા. એકવાર કેટલાક રાજસેવકો મધુરાજા માટે ઉત્તમ રત્નોની ભેટ લઈને જતા હતા, ત્યારે પૂર્વભવના વેરસંસ્કારને લીધે સ્વયંભૂરાજાએ તે રત્નો છીનવી લીધા. તેના ભાઈ ધર્મબળભદ્રે તેને આવો અન્યાય ન કરવા સમજાવ્યો, પણ પરિગ્રહની તીવ્ર લાલસાના રૌદ્રપરિણામને લીધે તેણે ધર્મની વાત ન માની.

જ્યારે પ્રતિનારાયણ મધુરાજાએ જાણ્યું કે પોતાના કિંમતી રત્નો સ્વયંભૂરાજાએ પડાવી લીધા છે, ત્યારે ચક્રસહિત સેના લઈને તેણે સ્વયંભૂ સાથે મહાન યુદ્ધ કર્યું. તેણે સ્વયંભૂને મારવા માટે પોતાનું દૈવી સુદર્શન–ચક્ર ફેંક્યું, પરંતુ પૂર્વપુણ્યનો પ્રતાપ ખલાસ થઈ ગયો હોવાથી તેનું ચક્ર નિષ્ફળ ગયું ને સ્વયંભૂના હાથમાં આવ્યું. સ્વયંભૂએ ભયંકર ક્રોધપૂર્વક તે ચક્ર વડે તેનો જ શિરચ્છેદ કર્યો; ઘોર રૌદ્ર પરિણામ સહિત મરીને તે તમતમ નામની સાતમી નરકમાં જઈ પડ્યો! કેટલાક કાળ બાદ, સ્વયંભૂ વાસુદેવ પણ વિષયવાસનાના રૌદ્રભાવથી મર્યો, ને જાણે કે હજી પણ પોતાના વેરીને મારવા તેની પાછળ જતો હોય તેમ તે પણ સાતમી નરકમાં જઈ પડ્યો. બંને જીવો ત્યાંથી નીકળીને અમુક ભવે પુનઃ ધર્મ પામીને મોક્ષ પામશે.

વાસુદેવનું મૃત્યુ થતાં ધર્મ–બળદેવને પ્રથમ તો ઘણો જ શોક થયો, પણ પછી વિમલનાથ ભગવાનના સમવસરણમાં જઈ ધર્મોપદેશ સાંભળતાં તેમનું ચિત્ત શાંત થયું ને સંસારથી વિરક્ત થઈ જિનદીક્ષા અંગીકાર કરી; ઉત્તમ ધ્યાન વડે કેવળજ્ઞાન પ્રગટ કરીને ગજપંથા ક્ષેત્રથી સિદ્ધિને પામ્યા.

(આ રીતે ભગવાન વિમલનાથના સમયમાં થયેલા ત્રીજા ધર્મ–બળદેવ, સ્વયંભૂ–વાસુદેવ અને મધુ–પ્રતિવાસુદેવની કથા પૂરી થઈ; આ કથા જીવને ધર્મના ફળમાં ઉત્સાહિત કરીને વિષયભોગો પ્રત્યે વૈરાગ્ય જગાડે છે.) * * *

**(૧૪)**




❀ **જ્ઞાન–આનંદમય ચૈતન્યતત્ત્વનો અનંત વૈભવ બતાવનાર** ❀
❀ ❀
❀ **અનંતનાથ તીર્થંકરને નમસ્કાર કરીને તેમનું મંગલ જીવન કહું છું.** ❀

હે અનંતનાથ! આપ કેવળજ્ઞાનાદિ અનંતગુણોની ખાણ છો; અનંત ગુણ–પર્યાયરૂપે આપનું જે શુદ્ધ અસ્તિત્વ છે તે જ આપનું સમ્યક્ સ્વરૂપ છે. હે દેવ! આપના આવા અનંતભાવરૂપ અસ્તિત્વને ઓળખતાં જ અમને અમારામાં અનંત ગુણપર્યાયોથી ભરપૂર ચેતનવૈભવ દેખાય છે, અનંતગુણનો સમ્યક્ સ્વાદ અનુભવાય છે ને મિથ્યાત્વાદિ અનંત દોષો દૂર થઈ જાય છે.

હે ભગવાન! 'આપ આવા છો ને આપ તેવા છો' એવા મારા અલ્પતિના થોડાક પ્રલાપ વડે શું આપના અનંતગુણનો પૂરો મહિમા પ્રગટ થઈ શકે છે? –તોપણ, જેમ અમૃતનો સમુદ્ર આખો ન પી શકાય છતાં તેના થોડાક અમૃતપાનથી પણ તૃષા છીપીને શું તૃપ્તિ નથી થતી? તેમ હે અનંત ગુણસાગર! આપના થોડાક ગુણોના ચિંતવનથી પણ અમારું હૃદય તૃપ્ત થાય છે.

જે અનંત ગુણસમ્પન્ન ભગવાન અનંતનાથ આપણા હૃદયમા બિરાજમાન થતાં જ સર્વે વિભાવો ચૈતન્યથી બહાર રહી જાય છે; અનંતભવોનો અંત થઈને, અનંત એવી સિદ્ધદશા શરૂ થઈ જાય છે; એવા પ્રભુ અનંતનાથનું મંગલ જીવન, હે ભવ્ય જીવો! તમે આદરપૂર્વક સાંભળો.

## ભગવાન અનંતનાથ : પૂર્વભવ : રાજાપદ્મરથ

અનંત ભવચક્રનો અંત કરનારા તે ભગવાન અનંતનાથ, પૂર્વે ત્રીજા ભવે ધાતકીખંડમાં અરિષ્ટનગરીના રાજા પદ્મરથ હતા. તે નગરી રત્નમાલાઓથી શોભતી હતી, તો તેના રાજા પણ સમ્યક્ત્વાદિ રત્નો વડે શોભતા હતા. પુણ્યોદયથી બહારમાં સર્વ સુખસામગ્રી તેમને પ્રાપ્ત હતી, પરંતુ ચૈતન્યસુખના વેદનમાં તેમને તે કોઈ સામગ્રીની જરૂર પડતી ન હતી. રાજવૈભવની વચ્ચે રહેતા હોવા છતાં તેમનું ચિત્ત પાપોથી અલિપ્ત રહેતું અને સદા પંચપરમેષ્ઠીની ભક્તિમાં લાગેલું હતું. તેમના મહાન ભાગ્યે મુનિવરોનું તેમ જ કેવળી ભગવંતોનું અવારનવાર તેમની નગરીમાં આગમન થતું હતું.

એક દિવસે ભગવાન સ્વયંપ્રભ–જિનેન્દ્ર તેમની નગરીમાં પધાર્યા; ચારેકોર આનંદમગલ છવાઈ ગયો. ભાવિ તીર્થંકર એવા તે રાજા પદ્મરથ મહાન સવારીપૂર્વક અતિ ધામધૂમથી ભગવાનના દર્શન કરવા આવ્યા. ખૂબ જ ભક્તિપૂર્વક કેવળી પ્રભુના દર્શન કર્યા. પ્રભુનું રૂપ નીહાળતાં તેનું ચિત્ત પરમ શાંત થયું એટલું જ નહિ, જ્ઞાનની નિર્મળતા થતાં તેને પોતાના કુલ ૭ ભવ જાણવામાં આવ્યા, તેમાં જો કે તેને ભવિષ્યના તો બે જ ભવ બાકી હતા, તેથી તે બે ભવ જાણ્યા ને ભૂતકાળના ચાર ભવોને જાણી લીધા; એમ વર્તમાન સહિત કુલ ૭ ભવોનું તેને જ્ઞાન થયું અને તેમાંય પોતાનો અંતિમભવ તીર્થંકરનો છે–એમ જાણીને તેનું ચિત્ત હર્ષથી રોમાંચિત થયું. અહા, પોતાના મોક્ષનું જ્ઞાન થાય એના જેવી આનંદની વાત બીજી કઈ ?

ભાવિ તીર્થંકર એવા તે રાજા પદ્મરથે ભગવાનની સભામાં બેસીને ધર્મોપદેશ સાંભળ્યો; તે સાંભળતાં જ વૈરાગ્યપૂર્વક તે ચિંતન કરવા લાગ્યા કે : આ જીવને શરીર સાથેનો સંબંધ કાંઈ નિત્ય રહેનારો નથી, અનંત શરીરો સાથે સંબંધ થયો પણ એક્કેય શરીર કાયમ ન રહ્યું, બધા છૂટા પડી ગયા; કેમકે જીવ અને શરીર છૂટા જ છે. એ જ રીતે પાંચ ઈન્દ્રિય અને તેના વિષયોનો સંબંધ પણ કાંઈ કાયમ રહેતો નથી, ક્ષણભંગુર છે, બેમાંથી એક છૂટી જાય છે–કાં તો ઈન્દ્રિયો છૂટી જાય છે, કાં તો વિષયોનો સંયોગ છૂટી જાય છે. આ રીતે જીવ, શરીર–ઈન્દ્રિયો તેમ જ વિષયોથી જુદો છે. (વૈરાગી રાજા વિચારે છે–) અન્યમતના મોહી જીવો ભલે તેમાં મોહ કરે, પણ મેં તો અરિહંત ભગવાનના મતનું શરણ લઈને જડ–ચેતનનું ભેદજ્ઞાન કર્યું છે, તેથી હું તે બાહ્ય વિષયોમાં ક્યાંય મોહિત નહીં થાઉં; અરિહંતદેવે મારો અનંત ચૈતન્યવૈભવ મને દેખાડ્યો છે....તેને જ હું સાધીશ.

આ પ્રમાણે રાજા પદ્મરથનું ચિત્ત સંસારથી વિરક્ત થયું. જેમ ઘણા કાળથી પોતાના જુના સ્થાનમાં રહેતું સસલું, વનમાં આગ લાગતાં તેનાથી બચવા માટે પોતાના જુના સ્થાનને છોડીને દૂર ભાગે છે; જુના સ્થાનની મમતા નથી કરતું. તેમ ઘણા દીર્ઘકાળથી સંસારમાં રહેવા છતાં, કષાયોની આગથી ભયભીત થયેલા ભવ્યાત્મા પદ્મરથ, સંસાર–રાજપાટ છોડીને મોક્ષને સાધવા તત્પર થયા. તેણે સ્વયંપ્રભ કેવળીભગવાનના ચરણમાં જિનદીક્ષા લીધી. અગિયાર અંગનું જ્ઞાન પ્રગટ કર્યું ને દર્શનવિશુદ્ધિ વગેરે ઉત્તમ ભાવનાઓ ભાવીને તીર્થંકરનામકર્મ બાંધ્યું. ચાર પ્રકારની ઉત્તમ આરાધનાપૂર્વક પ્રાણ છોડીને અચ્યુતસ્વર્ગના ઈન્દ્ર થયા. અસંખ્ય વર્ષ સમ્યક્ત્વ સહિત ત્યાં રહ્યા. ત્યારબાદ મનુષ્યલોકમાં અવતરવાને છ મહિનાની વાર હતી ત્યાં તો મનુષ્યલોકમાં તેમના પુણ્યપ્રતાપે દિવ્ય પરિવર્તન થવા માંડ્યું.

## અયોધ્યાનગરીમાં અનંતનાથનો અવતાર

ભરતક્ષેત્રની અયોધ્યાનગરીમાં અત્યાર સુધીમાં ચાર તીર્થંકરો (ઋષભદેવ, અજિતનાથ, અભિનંદન, સુમતિનાથ) અવતરી ચૂક્યા છે; હવે પાંચમા તીર્થંકર અવતરવાની તૈયારી છે, એટલે કુબેરે જુની અયોધ્યાનગરીની નવરચના કરીને ફરી અત્યંત સુંદર બનાવી દીધી. તે વખતે અયોધ્યાની રાજગાદી પર મહારાજા સિંહસેન અને મહારાણી જયશ્યામા હતા. એકાએક નગરીમાં પરિવર્તન થવા લાગ્યું; રાજમહેલના આંગણે રોજ કરોડો રત્નોની વૃષ્ટિ થવા લાગી. પ્રજાજનોનાં મન પ્રફુલ્લિત બન્યા. મહાદેવી જયશ્યામાને ધર્મના ઉત્તમ વિચારો આવવા લાગ્યા અને આસો વદ ૧ ની પૂર્વની પાછલી રાતે સિંહ–હાથી–રત્નોનો ઢગલો વગેરે ૧૬ ઉત્તમ સ્વપ્નો તેમણે એક સાથે જોયા. તે સ્વપ્નો તીર્થંકરના

જીવનું આગમન સૂચવતા હતા. આ સ્વપ્નનું ફળ જાણીને માતા–પિતાના હર્ષનો પાર ન રહ્યો. સ્વર્ગેથી ઈન્દ્રોએ આવીને માતા–પિતાનું તેમજ ગર્ભસ્થ તીર્થંકરના જીવનું સન્માન કર્યું ને ગર્ભ–કલ્યાણકનો ઉત્સવ ઉજવ્યો.

—વૈશાખ વદ બારસે તીર્થંકર ભગવાન અનંતજિનનો અયોધ્યામાં અવતાર થયો. ૧૩મા વિમલનાથ તીર્થંકર પછી ૯ સાગરોપમના અસંખ્યાત વર્ષો બાદ ૧૪મા તીર્થંકરનો અવતાર થયો તેમના અવતાર પૂર્વે લાખો કરોડો વર્ષો સુધી ભરતક્ષેત્રમાં જૈનધર્મનો વિચ્છેદ થઈ ગયો હતો; તેમનો અવતાર થતાં જ તે વિચ્છેદ દૂર થયો અને જૈનશાસનનું ધર્મચક્ર પુનઃ શરૂ થયું. તીર્થંકરોનો અવતાર ધર્મની વૃદ્ધિ માટે જ છે.

—મેરૂ ઉપર મહાન ઉત્સવથી ઈન્દ્રોએ ચૌદમા તીર્થંકરનો જન્માભિષેક કર્યો. ભરતક્ષેત્રમાં અસંખ્યાત વર્ષો બાદ ભગવાનના જન્મકલ્યાણકનો આ પ્રસંગ બન્યો. જન્માભિષેક કર્યા બાદ, ‘અનંતજિન’ એવું સંબોધન કરીને ઈન્દ્રે એ બાલતીર્થંકરની સ્તુતિ કરી, એટલું જ નહિ–પ્રભુના દર્શનથી તેને એવો મહાન આનંદ થયો કે તેણે તાંડવનૃત્ય કર્યું;–જગતના બધા નૃત્યોમાં ઈન્દ્ર–ઈન્દ્રાણીનું આ તાંડવનૃત્ય સૌથી શ્રેષ્ઠ છે–જેમાં ઈન્દ્ર પોતે હજાર હાથ વડે હાવભાવથી ભક્તિ કરીને નાચે છે.

ભગવાન અનંતનાથનું આયુ ૩૦ લાખ વર્ષ હતું. તેમના ચરણમાં શાહૂડી અર્થાત્ શેળાનું ચિહ્ન હતું. બાલ્યકાળ તેમનો અદ્‌ભુત હતો.—શરીર બાલ છતાં તેમનો આત્મા તો સમ્યક્ત્વાદિ અનંતગુણો વડે પ્રૌઢ હતો. સાત લાખ પચાસ હજાર વર્ષ સુધી તેઓ યુવરાજપણે રહ્યા, સર્વોત્કૃષ્ટ પુણ્યસામગ્રી તેમની સેવામાં હાજર હતી. પણ ભગવાન તો પોતાના ચિદાનંદ–પરમાત્માનું જ સેવન કરતા હતા; પરમાત્મા થવા માટે જ આ અવતાર છે–એવું લક્ષ તેમને નિરંતર વર્તતુ હતું.

પછી મહારાજા સિંહસેને યુવરાજ અનંતનાથનો રાજ્યાભિષેક કર્યો....અયોધ્યાના રાજસિંહાસને અનંતનાથે ૧૫લાખ વર્ષ સુધી ઉત્તમ રાજ્ય કર્યું. અયોધ્યા તો આખા ભરતક્ષેત્રની રાજધાની, ત્યાંથી અનેક તીર્થંકરો–ચક્રવર્તીઓ ભારતનું રાજ્ય કરતા આવ્યા છે....એટલું જ નહિ, તે રાજ્યને છોડીને ત્રણલોકના રાજ્યને સાધી સાધીને અયોધ્યાપુરીના અસંખ્યાત રાજવીઓ આ ચોવીસીમાં મોક્ષને પામ્યા છે. એવા જ મોક્ષગામી, અને તે ઉપરાંત તીર્થંકર એવા ભગવાન અનંતનાથના રાજ્યમાં પ્રજાજનો ધર્મ અને ધન બંનેમાં વૃદ્ધિગત હતા. એવામાં અકસ્માત એક બનાવ બન્યો.

**વૈશાખ વદ ૧૨** : અયોધ્યાના મહારાજ અનંતજિનનો આજે જન્મદિવસ હતો. આજે તેમની ઉંમર ૨૨ લાખ ૫૦ હજાર વર્ષની થઈ હતી. એક તો અયોધ્યાપુરીના મહારાજા અને વળી તીર્થંકર, એટલે તેમનો જન્મોત્સવ ઉજવવા દેશોદેશના હજારો રાજાઓ સુંદર ભેટ લઈને આવ્યા હતા. આગલા દિવસથી જ અદ્‌ભુત શણગારથી આખી નગરી શોભતી હતી. મહારાજા અનંતજિન રાજમહેલ પર ચડીને તે દિવ્ય શોભા જોતા હતા....

—એવામાં આકાશમાં મોટો કડાકો થયો અને તેજના દિવ્ય લીસોટા સાથે એક મોટો તારો આકાશમાંથી ખર્યો, ઉલ્કાપાત થયો. એ ઉલ્કાપાત જોતાં જ મહારાજા અનંતનાથના ચિત્તમાં પણ વૈરાગ્યના મહાન ઝબકાર સાથે ચેતના જાગી ઊઠી : તેમને પૂર્વભવનું જાતિસ્મરણ થયું અને વૈરાગ્યથી



તેઓ ચિંતવવા લાગ્યા : અરે, જેમ આ ઉલ્કા ક્ષણભંગુર છે, તેમ રાગાદિ સમસ્ત વિભાવો તેમ જ આ રાજસંપદાના સંયોગો પણ ક્ષણભંગુર છે; જીવ સાથે કોઈ સ્થિર રહેનારાં નથી, માત્ર પોતાનું સિદ્ધપદ જ સ્થિર છે, તેથી તે જ સાધવા યોગ્ય છે. મારે આ જીવનમાં જ મોક્ષની સાધના પૂરી કરવાની છે. માટે હવે તેમાં પ્રમાદ ઉચિત નથી; હું શીઘ્ર જ આ સંસાર છોડીને મુનિ થઈશ ને મોક્ષને સાધીશ.

ભગવાનના દીક્ષા માટેના નિર્ણયથી ચારેકોર ખળભળાટ ફેલાઈ ગયો; દેવો પણ ખળભળી ઊઠ્યા ને દીક્ષામહોત્સવ કરવા આવી પહોંચ્યા. જન્મનો ઉત્સવ મોક્ષના મહોત્સવમાં પલટાઈ ગયો. દેવોમાં ગુરુસમાન બ્રહ્મર્ષિ એવા લૌકાંતિક દેવોએ પ્રભુની સ્તુતિ કરીને અચિંત્ય વૈરાગ્યનું અનુમોદન કર્યું. એ જ વખતે ઈન્દ્રો ‘સાગરદત્તા’ નામની પાલખી લઈને આવી પહોંચ્યા. સાગર જેવા ગંભીર પ્રભુએ સાગરદત્તા પાલખીમાં બેસીને તપોવનમાં ગમન કર્યું. જન્મોત્સવ માટે આવેલા એક હજાર રાજાઓ પણ પ્રભુની સાથે જ તપોવનમાં ચાલ્યા ને પ્રભુની સાથે દીક્ષા લીધી. અહા, એક તીર્થંકરની સાથે હજારો રાજાઓ દીક્ષા લઈને આત્મધ્યાન કરતા હશે ત્યારે, ધ્યાનસ્થ હજારો જૈન મુનિઓના સમૂહનું એ દૃશ્ય કેવું અદ્‌ભુત, અજોડ શાંત અને વૈરાગ્યપ્રેરક હશે! એ દૃશ્ય જોઈને વનના ક્રૂર પશુઓ પણ શાંત થઈ જતા હતા.




—એ રીતે ભગવાન અનંતનાથ પોતાના જન્મના દિવસે જ દીક્ષા લઈને આત્મધ્યાનમાં લીન થયા. તરત તેમને અનેક લબ્ધિ સહિત મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું; તેમાં પણ શુદ્ધ પરિણામોની લબ્ધિએ તો નજીકમાં જ કેવળજ્ઞાનાદિ નવક્ષાયિકભાવોની મહાલબ્ધિના આગમનનું સૂચન કર્યું. બે દિવસના ઉપવાસ બાદ મુનિરાજ અનંતનાથ સાકેતપુરીમાં પધાર્યા, ત્યારે વિશાખ રાજાએ ભક્તિપૂર્વક એ તીર્થંકરમુનિરાજને પ્રથમ પારણું કરાવ્યું. તે જ વખતે, પારણું કરાવનારને મોક્ષવૈભવની પ્રાપ્તિનાં સૂચક દૈવી વાજાં વાગ્યા ને આકાશમાંથી રત્નવૃષ્ટિ થઈ.

મુનિદશામાં વિચરતા–વિચરતા પ્રભુ અનંતનાથ બે વર્ષ બાદ પુનઃ અયોધ્યા પધાર્યા ને જે તપોવનમાં પોતે દીક્ષા લીધી હતી તે જ તપોવનમાં ફાગણ વદ અમાસના રોજ શુક્લધ્યાનવડે કેવળજ્ઞાન પ્રગટ કર્યું; ચૌદમા તીર્થંકર તેરમા ગુણસ્થાને પરમાત્મપદે બિરાજ્યા. દેવેન્દ્રોએ પંચમજ્ઞાન પામેલા પ્રભુના ચોથા કલ્યાણકનો ઉત્સવ કર્યો; ને સમવસરણની રચના કરી. સહજપણે અનંતભાવોથી ભરેલી અનંતનાથ પ્રભુની વાણી છૂટી. 'જય' વગેરે ૫૦ ગણધરો એકસાથે અનંતનાથ તીર્થંકરની એ દિવ્યવાણી ઝીલતા હતા; તે ઉપરાંત કેટલાય મુનિવરો સમવસરણસભામાં જ આત્મલીન થઈને કેવળજ્ઞાન પામતા ને જમીનનો સ્પર્શ છોડીને નીરાલંબી આકાશમાં પાંચ હજાર ધનુષ ઊંચે સ્થિર થતા હતા. એવા પાંચહજાર કેવળી–અરિહંત ભગવંતો તે સમવસરણમાં બિરાજમાન હતા.

અહા, એક તીર્થંકર અને પાંચ હજાર બીજા કેવળી ભગવંતો,–હજારો અરિહંતોના મેળાનું એ દૃશ્ય કેવું અદ્ભુત હશે !! એક ક્ષેત્રે બે તીર્થંકરો ભેગા ન થાય પરંતુ કેવળીભગવંતો–અરિહંતો તો સમવસરણમાં એક સાથે હજારો હોય ! વાહ, જાણે કેવળજ્ઞાન ઊગવાનું ખેતર ! ત્યાં પાંચ હજાર કેવળી ઉપરાંત પાંચ હજાર મનઃપર્યયજ્ઞાની, ચાર હજારથી વધુ અવધિજ્ઞાની મુનિવરો, એક હજાર બાર અંગધારી શ્રુતકેવળી, ત્રણ હજારથી વધુ વાદવિદ્યામાં કુશળ મનિવરો, ૪૦ હજાર જેટલા ઉપાધ્યાય–શિક્ષકો ને આઠ હજાર વિક્રિયાઋદ્ધિધારી મુનિવરો હતા.–કુલ ૬૬ હજાર મુનિવરો, એક લાખ આઠ હજાર અર્જિકાઓ, બે લાખ શ્રાવકો ને ચાર લાખ શ્રાવિકાઓનો ભવ્ય ચતુર્વિધસંઘ પ્રભુની સાથે મોક્ષમાર્ગમાં ચાલી રહ્યો હતો. તે ઉપરાંત તિર્યંચોનો રાજા સિંહ-હાથી-સર્પ-વાંદરા-મોર વગેરે લાખો પ્રાણીઓ પણ પ્રભુના દર્શનથી મુગ્ધ બનતા ને દિવ્યવાણીના શ્રવણથી આત્મજ્ઞાન પણ પામતા. તેરમા ગુણસ્થાને બિરાજમાન ચૌદમા તીર્થંકર પ્રભુ અનંતનાથ, દિવ્યધ્વનિ વડે આત્માનો અનંત ચૈતન્યવૈભવ બતાવતા હતા. તે અદ્ભુત અચિંત્ય વૈભવ પાસે દેવો પોતાના દેવલોકના વૈભવને પણ તુચ્છ સમજીને આત્મવૈભવની ઉપાસના કરતા હતા. એ રીતે સમવસરણમાં આવીને કેટલાય મિથ્યાદૃષ્ટિ જીવો પણ સમ્યગ્દૃષ્ટિ બની જતા હતા.

ભગવાન અનંતનાથે લાખો વર્ષ સુધી ધર્મોપદેશ આપીને ધર્મચક્ર ચલાવ્યું. પ્રભુ દિવ્યધ્વનિમાં કહેતા–હે જીવો ! આત્મામાં એક જ ધર્મ નથી પણ એકસાથે અનંતધર્મો રહેલા છે. એક જ વખતે સત્‌પણું ને અસત્‌પણું, એકપણું ને અનેકપણું, નિત્યપણું ને અનિત્યપણું, જ્ઞાન ને આનંદ, કર્તાપણું ને અકર્તાપણું–એવા અનંતધર્મો કોઈજાતના વિરોધ વગર વસ્તુમાં રહેલાં છે ને એ જ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુમાં તેના બધા શુદ્ધધર્મો એકસરખા, તન્મયપણે રહેલા છે, તેમાં કોઈ ગૌણ નથી. વક્તા પોતાના અભિપ્રાય અનુસાર તેમાં કોઈને મુખ્ય કરીને કહે છે, ત્યારે બીજા ધર્મો પણ ગૌણપણે તેના સ્વીકારમાં છે, તેનો નિષેધ નથી. દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ, ને ઉત્પાદ-વ્યય-ધ્રુવસ્વરૂપ સ્વાધીન છે, તેના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં બીજા કોઈની દખલગીરી નથી. પોતાના સ્વાધીન સ્વરૂપને સમજનાર જીવ, પોતાના અનંતધર્મ સ્વભાવોથી જ પરિતૃપ્ત રહે છે ને સમ્યક્ત્વથી માંડીને મોક્ષ સુધીના સુખને પોતામાં જ અનુભવે છે.

ધર્મોપદેશમાં આવી સત્ વસ્તુની પ્રરુપણા કરતાં કરતાં અનંતનાથ ભગવાને સાત લાખ પચાસ હજાર વર્ષો સુધી વિહાર કર્યો ને કરોડો જીવોને મોક્ષમાર્ગમાં લગાડ્યા....અંતે જ્યારે એકમાસ આયુ બાકી રહ્યુ ત્યારે સમ્મેદશિખરની સ્વયંભૂ ટૂંક પર આવીને તેઓ સ્થિર થયા; વિહાર અને વાણી બંધ થયા. અને જે દિવસે કેવળજ્ઞાન પ્રગટ્યું હતું તે જ તિથિએ (ફાગણવદ અમાસે) સંપૂર્ણ યોગનિરોધ

કરીને, પ્રભુ અનંતનાથ તીર્થંકર અનંતધર્મોની શુદ્ધિને પ્રાપ્ત કરીને મોક્ષપદને પામ્યા. ઈન્દ્રોએ મોક્ષ-કલ્યાણકનો મહોત્સવ કરીને પૂજા કરી—

**અનંતનાથ જિનરાજકા કૂટ સ્વયંભૂ જેહ;**
**મન–વચ–તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

અનેકાન્તસ્વરૂપ આત્માના અનંતધર્મોને પ્રકાશીને પોતાના અનંતધર્મોની શુદ્ધિ સહિત જેઓ સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છે એવા 'સમયસાર'રૂપ શુદ્ધાત્માને સ્વાનુભૂતિસહિત નમસ્કાર હો. પ્રત્યેક આત્મામાં પોતાના અનંતધર્મો છે, તે પરથી ભિન્ન છે; એવા એકત્વ–વિભક્ત આત્મસ્વરૂપને દેખાડનારી, અને અશુદ્ધભાવોથી છોડાવીને શુદ્ધભાવો પ્રગટ કરાવનારી, ભગવાન અનંતનાથની અનેકાન્તવાણી સદા પ્રકાશમાન હો. હે દેવ! અનેકાન્તસહિત આપના સમ્યક્ નયોના કિરણોએ જગતના જીવોને મિથ્યાત્વ–અંધકારથી છોડાવ્યા છે ને સમ્યક્ત્વનો અપૂર્વ પ્રકાશ આપ્યો છે. અનંત નયાત્મક સ્વાનુભવ–પ્રમાણ વડે અનંત ભવચક્રથી છોડાવનાર ને અનંત ચૈતન્યનિધાન પમાડનાર અનંતનાથ જિનને નમસ્કાર હો.

**(ઇતિ શ્રી ચોવીસ તીર્થંકરોના મહાપુરાણમાં અનંતજિન–તીર્થંકરની મંગલકથા પૂરી થઈ.)**

* * *

(ભરતક્ષેત્રમાં ભગવાન અનંતનાથનું ધર્મશાસન ચાર સાગરોપમ (અસંખ્યાત વર્ષો)સુધી ચાલ્યું ને તેમાં અસંખ્ય જીવો મોક્ષ પામ્યા. પછી અંતભાગમાં અર્ધા પલ્યોપમ સુધી ધર્મનો વિચ્છેદ રહ્યો. ભરતક્ષેત્રમાં આ છઠ્ઠી વખત ધર્મ વિચ્છેદ થયો.)

## અનંતચતુર્દશી (ભાદરવા સુદ ચૌદશ)

દશલક્ષણ પર્વનો અંતિમ દિવસ ભાદરવા સુદ ૧૪ 'અનંતચતુર્દશી' તરીકે પ્રસિદ્ધ છે. ભગવાન અનંતનાથ સાથે તેનો સંબંધ જોડીને કેટલાક કથાકાર એક કથા કહે છે, તે આ પ્રમાણે : સોમશર્મા નામના એક મનુષ્યે પૂર્વભવમાં કોઈ પ્રકારે ધર્મની નિંદા કરીને મહાપાપ બાંધેલું; તે પાપના ઉદયથી અત્યંત ગરીબ અને કોઢિયો હતો, જ્યાં જાય ત્યાં તેનો તીરસ્કાર થતો હતો. આથી તે ખૂબ કંટાળી ગયો હતો. એવામાં ભાદરવા સુદ ૧૪ના દિવસે તેણે ભગવાન અનંતનાથનું સમવસરણ જોયું, તેમનો અચિંત્ય વૈભવ દેખ્યો, ને ત્યાં જનારા બધા જીવોમાં અત્યંત પ્રસન્નતા દેખી. આથી તે પણ પ્રભુના સમવસરણમાં પહોંચી ગયો. દાખલ થતાંવેંત તેનો રોગ દૂર થઈ ગયો, દરિદ્રતા મટી ગઈ ને પ્રભુ અનંતનાથના દર્શનથી તથા ઉપદેશથી તેને ધર્મની શ્રદ્ધા થઈ; વ્રતના આચરણપૂર્વક તે જીવ મરીને દેવલોકમાં મહા વિભૂતિવાળો દેવ થયો. (આથી તે દિવસને 'અનંતચતુર્દશી' ગણીને, જિનેન્દ્રપૂજા–અભિષેક–ઉપવાસ વગેરે વિધિપૂર્વક ૧૪વર્ષ સુધી 'અનંતચતુર્દશી વ્રત' કરવાનું લોકોમાં પ્રચલિત બન્યું છે.) ત્યારબાદ સોમશર્માનો તે જીવ, દેવલોકમાંથી અસંખ્ય વર્ષે નીકળીને ભરતક્ષેત્રમાં વિજયનગરનો રાજકુમાર 'અરિંજય' થયો. તેણે રાજગૃહી જઈને વિપુલાચલ પર બિરાજમાન ભગવાન મહાવીર તીર્થંકરનો ધર્મોપદેશ સાંભળ્યો; પોતાની પૂર્વભવની આરાધના તેને યાદ આવી, અને પછી સંયમ ધારણ કરી, કર્મક્ષય કરીને તે અનંત મોક્ષસુખ પામ્યો. (ઇતિ અનંત ચતુર્દશી–વ્રતકથા.)

## (૧૫)




હે ભગવાન ધર્મનાથ! આપ વીતરાગી ઉત્તમક્ષમાદિ દશધર્મોના ધારક છો, તેમ જ તે ધર્મોનો ઉપદેશ આપીને અનેક જીવોના તારક છો; તેથી તે ધર્મોની ઉપાસનાપૂર્વક અમે આપને નમસ્કાર કરીએ છીએ ને રત્નત્રયાદિ ઉત્તમ ધર્મોથી શોભતા આપના મંગલ જીવનનું આલેખન કરીએ છીએ.

## ભગવાન ધર્મનાથ પૂર્વભવ–વર્ણન

–ભરતક્ષેત્રના ભગવાન ધર્મનાથ, જેઓ પંદરમા તીર્થંકર હતા અને જેમનું ચિહ્ન વજ્ર હતું, તેઓ પૂર્વભવમાં દશરથ નામના રાજા હતા, ધાતકીખંડના વિદેહક્ષેત્રમાં સુસીમા નગરીનું રાજ્ય કરતા હતા, ને ધર્મપ્રધાન સુખોને ભોગવતા હતા; પુણ્યના ઠાઠ વચ્ચે પણ તેમનું ચિત્ત જૈનધર્મની ઉપાસનામાં લાગેલું હતું. એકવાર ચૈત્રપૂર્ણિમાની રાત્રે તેઓ પૂર્ણચંદ્રની શોભા નીરખી રહ્યા હતા....કેટલો સુંદર ચાંદો!! એવામાં ઝળહળતા સફેદ ચંદ્રની શોભા કાળા ધાબાથી ઢંકાવા લાગી. અરે, ક્યાં ગઈ એ શોભા! તેને બદલે આ કાળા ધાબાં શેનાં દેખાય છે?–એ ચંદ્રગ્રહણ હતું. તે જોતાં જ રાજા દશરથને વૈરાગ્યભાવના જાગી : અરે, આવો સુંદર ચંદ્ર પણ ક્ષણમાં રાહુથી ઘેરાઈને પોતાની શોભા ગુમાવી દે છે; તો પુણ્યોદયથી થયેલા આ બધા રાજવૈભવો પણ ક્યાં સ્થિર છે? જેમ મોટા સમુદ્રની વચ્ચે ચાલતા વહાણમાં બેઠેલા પંખીને તે વહાણ સિવાય બીજું કોઈ શરણ નથી, તે ઊડી–ઊડીને અંતે વહાણમાં જ આવવાનું છે; તેમ સંસારસમુદ્રમાં જીવને પોતાના આત્મા સિવાય બીજું કોઈ શરણ નથી, બધા સંયોગો છૂટા પડી જનારા અધ્રુવ છે; શાંતિ માટે તેણે અંતે પોતાના ચૈતન્ય–વહાણનું જ શરણ લેવાનું છે. આ જીવ પરિવારના નિમિત્તે જે પાપ કરે છે તેનું ફળ તો તે પોતે એકલો જ ભોગવે છે. પાપ કરીને પરિવારના નિમિત્તે ધન ભેગું કરવું તે તો, પોતાના શરીર ઉપર ગોળ ચોપડીને મંકોડાને સોંપી દેવા જેવું છે.–જેમાં પોતાને દુઃખ જ ભોગવવું પડે છે આવા સંસારથી ને ધન–પરિવારના મોહથી હવે બસ થાઓ! તૃષા છીપાવવા માટે મૃગતૃષ્ણા પાછળ મૂર્ખ હરણાં જ દોડે છે, બુદ્ધિમાન નહીં; તેમ મૃગતૃષ્ણા જેવા વિષયોમાંથી સુખ લેવા માટે મૂર્ખ–મિથ્યાદૃષ્ટિ જીવો જ દોડે છે બુદ્ધિમાન નહીં; મુમુક્ષુ–ધર્માત્માઓ તો તેને છોડીને પોતાના ચૈતન્યસુખને સાધે છે. હું પણ કાલ સવારમાં જ મુનિ થઈશ ને

સ્વાનુભવથી દેખેલા મારા પૂર્ણ ચૈતન્યસુખને સાધીશ.—આમ તે વૈરાગી દશરથ મહારાજાએ નિશ્ચય કર્યો : જાણે કે મોક્ષપુરીમાં જવા માટે ધર્મના દશ—રથ તૈયાર કર્યા.

બીજે દિવસે સવારમાં તે મહારાજા દશરથે રાજસભામાં મંત્રીઓની વચ્ચે જિનદીક્ષા માટે પોતાનો નિશ્ચય જાહેર કર્યો. ઘણા જીવોએ મહારાજાના વૈરાગ્યની પ્રશંસા કરી. પરંતુ વિચિત્રમતિ નામનો એક મંત્રી—કે જે નાસ્તિક જેવો હતો, આત્માને કે મોક્ષને જાણતો ન હતો, તેણે કહ્યું : હે મહારાજ! પાંચ ઇન્દ્રિયોના બધા સુખ તમારી પાસે વિદ્યમાન છે, આ પ્રત્યક્ષ સુખોને છોડીને, નહીં દેખેલા એવા પરોક્ષ (અતીન્દ્રિય) સુખને, મેળવવાનો વ્યર્થ ઉદ્યમ શા માટે કરો છો! દેહથી ભિન્ન આત્મા કોણે જોયો છે? પરલોક અને મોક્ષસુખ કોણે દીઠાં છે? વળી અહીં તમારે ક્યા સુખની ખામી છે કે તેને છોડીને બીજા સુખ માટે વનમાં જાઓ છો? માટે આપ તેને માટે નકામી મહેનત ન કરો, આ રાજસુખ મળ્યું છે તેને જ ભોગવો!

નાસ્તિકમંત્રીના વિચિત્ર વચનોની ભાવિતીર્થંકર મહારાજાના મન પર કોઈ અસર ન થઈ; તેમણે ગંભીર શાંતિ અને વૈરાગ્યની દૃઢતાપૂર્વક મંત્રીને ઉત્તર આપ્યો : સાંભળો હે મંત્રી! રાજવહીવટમાં તમારી બુદ્ધિ જેવી ચાલે છે તેવી આત્મતત્ત્વના નિર્ણયમાં તમારી બુદ્ધિ નથી ચાલતી. શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રત્યક્ષજ્ઞાનપૂર્વક આત્માનું સ્વરૂપ સિદ્ધ કર્યું છે, ને જૈનધર્મના પ્રતાપે મને પણ મારા સ્વાનુભવ વડે દેહથી ભિન્ન આત્માની સિદ્ધિ થઈ છે તેમ જ વિષયો વગરના મોક્ષસુખનો સ્વાદ ચાખીને તેની પ્રતીતિ થઈ છે. જેવું સુખ આત્મામાં છે તેવું સુખ વિષયોમાં ક્યાંય નથી. કોઈપણ વિષયસુખો આત્માને કદી તૃપ્તિ આપી શકતા નથી પણ આકુળતા જ ઉપજાવે છે, એટલે તે ખરેખર સુખ નથી પણ દુઃખ જ છે.—આમ કહીને પછી મહારાજા દશરથે દેહથી ભિન્ન આત્માની સિદ્ધિ કરી :—

## દેહથી જુદા આત્માની સિદ્ધિ

* જીવને પોતાને અંદરમાં જે સુખ—દુઃખની લાગણીઓ કે વિચારો થાય છે, તે લાગણી તથા વિચારોને જીવ પોતે અંદરમાં પોતાના વેદનથી સ્પષ્ટ જાણે છે કે 'મને આવા વિચાર થયા', તે જ વખતે બીજો જીવ પાસે બેઠો હોય ને આ શરીરને દેખતો હોય, છતાં આ જીવના વિચારોને તે ઇન્દ્રિયો વડે જાણી શકતો નથી કેમકે વિચારોની ઉત્પત્તિ શરીરમાં નથી થતી પણ શરીરથી જુદા જીવમાં થાય છે. જીવ અરૂપી છે, તેથી તેના વિચારો ને લાગણીઓ પણ અરૂપી છે; તે આંખ વગેરે ઇન્દ્રિયોથી દેખાતા ન હોવા છતાં, ઇન્દ્રિયવગરના સ્વસંવેદનરૂપ જ્ઞાનથી જાણી શકાય છે. આ રીતે સ્વસંવેદન કરનારું જે તત્ત્વ છે તે જ જીવ છે. શરીરની ચેષ્ટાઓ ઇન્દ્રિયો વડે દેખાય છે કેમકે તે મૂર્ત છે; ત્યાં જ રહેલા જીવના વિચારો ઇન્દ્રિયો વડે નથી દેખાતા કેમ કે તે અમૂર્ત છે; આ રીતે અરૂપી અને જ્ઞાનમય એવા જીવનું અસ્તિત્વ દરેકને પોતાના સ્વસંવેદનથી સિદ્ધ થઈ શકે છે. 'હું છું' એવું પોતાની અસ્તિનું જે વેદન છે તે જ જીવ છે. 'હું નથી' એમ કોઈ રીતે પોતાની નાસ્તિ સિદ્ધ થઈ શકે નહિ.

* વળી, એક માણસને અમુક જ્ઞાન છે; તેના હાથ—પગ કપાઈ જતાં કાંઈ તેનું જ્ઞાન તેટલું કપાઈ જતું નથી, એટલું ને એટલું રહે છે. કેમ કે જ્ઞાન શરીરમાં નહોતું પણ શરીરથી જુદા એવા જીવમાં જ હતું. તે જ્ઞાનમય જીવ, જો શરીરથી જુદો ન હોત તો, શરીર કપાતાં તેટલું જ્ઞાન પણ કપાઈ

જાત !–પણ એમ બનતું નથી. આ રીતે જ્ઞાન તે જીવનું લક્ષણ છે, શરીરનું નહિ. શરીર સંયોગી વસ્તુ હોવાથી તેના બે કટકા થઈ શકે છે; જીવ અસંયોગી હોવાથી તેના બે કટકા કોઈ રીતે થઈ શકતા નથી.

✽ વળી ઘણીવાર દેખાય છે કે, કોઈ જીવને શરીરમાં રોગાદિ પ્રતિકૂળતા હોવા છતાં, કે શરીર આગમાં બળતું હોવા છતાં, તે શાંતિ રાખે છે ને ધર્મધ્યાન કરે છે; તેમ જ કોઈ જીવને બહારમાં શરીર સુંદર–તંદુરસ્ત હોવા છતાં અંદરમાં તે જીવ કોઈ ભયંકર ચિંતામાં બળી રહ્યો હોય છે.–આ રીતે બંને તત્ત્વોની ક્રિયા જુદી જુદી થાય છે.–આમ ત્યારે જ બની શકે કે જો જીવ અને શરીર, બંને પદાર્થો તદ્દન જુદા હોય.

–આ રીતે જીવનું અસ્તિત્વ અને શરીરથી તેની ભિન્નતા મહારાજાએ સમજાવી, તે સાંભળીને સભાજનો તેમજ મંત્રી પણ ખુશી થયા.

✽ મંત્રીએ પૂછ્યું : હે મહારાજ ! આપે સ્વસંવેદનથી જીવની સિદ્ધિ કરી, તેમ જ શરીર અને જીવનું ભિન્નપણું યુક્તિથી બતાવ્યું, તે તો સમજાય છે; પરંતુ આ બાહ્યવિષયો વગર આત્મામાં સુખ કઈ રીતે હોય ?–તે સમજાવો.

મહારાજાએ કહ્યું : સાંભળો; **વિષયો વગર જ આત્મામાં સુખ હોય છે તેની સિદ્ધિ :–**

અનાદિથી અત્યારસુધી જીવ બાહ્યવિષયોમાં મોહીને તેનાથી સુખી થવા મથે છે, બધા વિષયોને તે ભોગવી ચૂક્યો–પણ હજી સુધી તે સુખી ન થયો, કોઈ વિષયોમાંથી તેને સુખ કે તૃપ્તિ મળી નહિ, કેમ કે તેમાં સુખ છે જ નહીં. તેની પાછળ દોડવામાં માત્ર દુઃખ અને આકુળતા જ છે. જ્યારે કોઈ ધર્માત્મા પાસેથી જાણીને મુમુક્ષુ જીવ પોતાના આત્મસ્વરૂપનો શાંતિથી વિચાર કરે છે : તે વખતે પાંચ ઈન્દ્રિયના કોઈ પણ વિષયોને તે ભોગવતો નથી કે મનમાં તેને ચિંતવતો પણ નથી, આત્મવિચાર જ કરે છે કે ‘દેહથી ભિન્ન મારું આત્મતત્ત્વ છે, તેને સાધીને હું મોક્ષ પામીશ....’–આવા વિચાર વખતે પાંચે ઈન્દ્રિયોના બાહ્યવિષયો છૂટી ગયા હોવા છતાં તે જીવ કાંઈ દુઃખી નથી થતો, પરંતુ અંદરમાં તેને કોઈ પ્રકારની શાંતિનું–સુખનું વેદન થાય છે. તે આત્મામાં વધારે ઊંડો ઊતરીને તન્મય થાય તો તેને એકદમ અતીન્દ્રિય સુખનું વેદન થાય;–તે જ મોક્ષસુખનો સ્વાદ છે. આ રીતે, વિષયો વગર એકલા આત્મામાંથી મોક્ષસુખનો અનુભવ થાય છે. આત્મામાંથી થયેલું આવું સુખ તે કાયમ ટકનારું પરમાર્થ સુખ છે. સ્વસંવેદનથી આવા સુખની પ્રતીત મને થઈ છે, ને તેની પૂર્ણ સાધના માટે સર્વ પરિગ્રહ છોડીને હું આજે વનમાં જઉં છું. જેને મોક્ષસુખ સાધવાની અભિલાષા હોય, તેઓ પણ મારી સાથે ચાલો !

–વૈરાગી મહારાજાની આવી સરસ વાત સાંભળીને બધા સભાજનો પ્રસન્ન થયા; અને જ્યારે ભાવિતીર્થંકર એવા તે દશરથ રાજાએ જિનદીક્ષા માટે વનગમન કર્યું ત્યારે હજારો પ્રજાજનોએ પણ તેમની સાથે વનગમન કર્યું. વનમાં શ્રી વિમલવાહન ભગવાન પાસે સૌએ જિનદીક્ષા લીધી. પછી દશરથ–મુનિરાજે રત્નત્રયના પાલન સહિત ઉત્તમ તપ કર્યું; ઉત્તમ ક્ષમાદિ દશધર્મની આરાધનાપૂર્વક દર્શનવિશુદ્ધિ, પંચપરમેષ્ઠીની ભક્તિ વગેરે ગુણોનું પણ પાલન કર્યું ને તીર્થંકરપ્રકૃતિ બાંધી. અંતમાં સમાધિમરણ કરીને સર્વાર્થ સિદ્ધિમાં દેવ થયા.

તે મહાત્મા આત્મજ્ઞાની હતા, મુનિદશાની વીતરાગી શાંતિ તેમણે અનુભવી હતી; તેથી સર્વાર્થ

સિદ્ધિના દેવવિમાનમાં અસંખ્ય વર્ષ રહેવા છતાં તેમની ચિત્તવૃત્તિ શાંત હતી....દેવીઓ વગર જ તેઓ મહાન સુખી હતા. વિષયોની વાસના કે બાહ્ય વિષયો વગર જ આત્મા પોતે ઉત્કૃષ્ટ સુખરૂપે પરિણમી શકે છે—એ વાત તેમને તો 'અનુભવસિદ્ધ' હતી, ને તે સુખ બીજાને 'અનુમાનસિદ્ધ' કરાવવા માટે તેઓ 'સાધન' થતા હતા. પોતાના જેવા સર્વાર્થ સિદ્ધ દેવો સાથે સદાય તેઓ આત્મતત્ત્વના અદ્‌ભુત મહિમાની ચર્ચા અને તેનું ચિંતન કરતા હતા. આત્મિક સુખથી જ તેઓ સુખી હતા. શુક્લલેશ્યાવાળું અત્યંત શાંત તેમનું જીવન હતું. ઘણા અસંખ્યાત વર્ષો સુધી આત્માની આરાધના સહિત તેઓ સર્વાર્થ સિદ્ધિમાં—સિદ્ધાલયની પાડોશમાં રહ્યા.

ભાવિ તીર્થંકર એવા તે મહાત્માને સર્વાર્થ સિદ્ધિમાં જ્યારે છ માસ આયુ બાકી રહ્યું ત્યારે, ભરતક્ષેત્રની રત્નપુરી નગરીમાં એક સુંદર ઘટના બની....તેની કથા હવે સાંભળો.

## રત્નપુરીમાં ધર્મનાથ—તીર્થંકરનો અવતાર

આ ભરતક્ષેત્રમાં અયોધ્યાની પાસે 'રત્નપુરી' નામની સુંદર નગરી છે. અસંખ્ય વર્ષો પહેલાં ત્યાંના મહારાજા ભાનુસેન (જેનું બીજું નામ મહાસેન) અને મહારાણી સુપ્રભા (જેનું બીજું નામ સુવ્રતા) હતા. તે ભાનુ અને સુપ્રભા સંપૂર્ણ રાજવૈભવસહિત અને ગુણસંપન્ન હોવા છતાં એક વાતે દુઃખી હતા....હજી સુધી તેમને પુત્રપ્રાપ્તિ થઈ ન હતી. પુત્ર વગરના રાજભોગો તેમને નીરસ લાગતા હતા. જેમ સમ્યક્ત્વ વગરના જ્ઞાનવૈભવથી કે તપસામગ્રીથી મુમુક્ષુજીવનું ચિત્ત સંતુષ્ટ થતું નથી, તેમ માતૃહૃદયા મહાદેવીનું ચિત્ત મહાન રાજભોગની વચ્ચે પણ અતૃપ્ત રહેતું, તેને ક્યાંય ચેન પડતું ન હતું. ભવથી ભયભીત મુમુક્ષુ જેમ સમ્યગ્દર્શનને ઝંખે તેમ તે મહારાણી પુત્રપ્રાપ્તિને માટે ઝંખતી હતી. દિવસે—દિવસે તેની ઝૂરણા વધતી ગઈ, અને તેને ઉદાસ દેખીને ભાનુમહારાજા પણ ચિંતિત રહેવા લાગ્યા. જેમ સમ્યક્ત્વને ઝંખતા સાચા મુમુક્ષુને તેની પ્રાપ્તિ જરૂર થાય છે, તેમ તે મહાપુણ્યવંત મહારાજા અને મહારાણીને પણ પુત્રપ્રાપ્તિ સંબંધમાં એક અદ્‌ભુત આનંદકારી પ્રસંગ બન્યો....

—એક વખત (કારતક સુદ તેરસે) તેઓ રાજસભામાં બેઠા હતા. એવામાં એકાએક વનપાળ ઉત્સાહપૂર્વક ત્યાં આવ્યો; ને મહારાજાના ચરણે સુંદર આમ્રફળ ભેટ ધર્યા. પાકેલા સુંદર આમ્રફળો દેખીને સભાજનો આશ્ચર્ય પામ્યા (કેમ કે તે વખતે હજી આંબા પાકવાની મોસમ ન હતી.) ત્યાં તો હર્ષપૂર્વક માળીએ વધામણી આપી : હે મહારાજ! આજે આપણા ઉપવનમાં મેં અદ્‌ભુત—આશ્ચર્યકારી દૃશ્યો જોયા : (જુઓ સામે પાને ચિત્ર)

એક સિંહનું બચ્ચું અને ગાયનું બચ્ચુ સાથે રમતા હતા. સિંહ અને ગાય એક સાથે તળાવડીમાં પાણી પીતા હતા; સિંહનું બચ્ચું ગાયને પોતાની માતા સમજીને ધાવતું હતું ને ગાયનું વાછરડું નિર્ભયપણે સિંહણને ધાવતું હતું; સિંહણ તે વાછરડા ઉપર, ને ગાય તે સિંહના બચ્ચાં ઉપર હેત વરસાવતી હતી. હજી મારું આશ્ચર્ય પૂરું થાય ત્યાં તો મેં જોયું કે વાઘ ને સસલું બંને એક સાથે બેઠા છે, આ કારતક મહિનામાં પણ આંબાના વૃક્ષો એકાએક પાકી કેરીથી લૂમઝૂમ થઈ રહ્યા છે; ખરેખર, અકાળે આંબા પાક્યા છે. આ બધી આશ્ચર્યકારી ઘટના દેખીને હું તો ચકિત થઈ ગયો. આસપાસ તપાસ કરતાં મેં જોયું કે આકાશમાર્ગે એક દિગંબર સાધુ ઉપવનમાં પધાર્યા છે ને શુદ્ધ જગ્યામાં બેસીને આત્માનું ધ્યાન કરી

રહ્યા છે. તેમની શાંતમુદ્રા અદ્‌ભુત છે. તેમનાં દર્શન અલૌકિક શાંતિ આપે છે.–મોર અને સર્પ, વાઘ અને વાંદરા, હાથી અને સિંહ એક સાથે તે મુનિરાજની સમીપ બેસીને શાંતિ અનુભવી રહ્યા છે. કોઈ કોઈની હિંસા કરતું નથી કે કોઈને કોઈનો ભય નથી. હે મહારાજ! આવા ઋદ્ધિધારક મહા મુનિરાજનું આપણી નગરીમાં આગમન થયું છે, તેની વધાઈ દેવા હું આવ્યો છું.

નોંધ :–અહીં ધર્મનાથ સ્વામીના અવતાર પહેલાં પંદરમાસ અગાઉ રત્નપુરીમાં ઋદ્ધિધારી મુનિરાજના આગમનના સુંદર પ્રસંગનું જે વર્ણન આપ વાંચી રહ્યા છો, તે ધર્મનાથ પ્રભુના એક પુરાણ ઉપરથી લખેલું છે.–જો કે આ પ્રસંગનો ઉલ્લેખ ઉત્તરપુરાણમાં નથી, કેમકે તેમાં તો ધર્મનાથપ્રભુના અવતાર પહેલાં કેટલાક કાળ સુધી ભરતક્ષેત્રમાં જૈનધર્મનો વિચ્છેદ કહ્યો છે. આમ છતાં મુનિસમાગમનો આ પ્રસંગ ધાર્મિક–રોમાંચથી ભરેલો હોવાથી અહીં લીધો છે. કથા–સાહિત્યમાં આવા પ્રકારની કેટલીક છૂટછાટ લેવામાં આવે છે.

મુનિરાજના આગમનની વધાઈ સાંભળતાં જ રત્નપુરીના મહારાજા ભાનુ આનંદથી ચકિત થઈ ગયા : અહા, મારી નગરીમાં આવા ભગવંતનું આગમન!–એમ ધર્મનો હર્ષોલ્લાસ ઊછળતાં, પુત્રવિરહની ચિંતા પણ ભૂલાઈ ગઈ; અને મહારાણી સુપ્રભાને સાથે લઈને ખૂબ ભક્તિપૂર્વક ભાનુરાજા તે મુનિરાજના દર્શન કરવા તપોવનમાં ચાલ્યા....લાખો પ્રજાજનો પણ તેમની સાથે ગયા....




ઉપવનની નજીક આવતાં જ ત્યાંની શોભા જોઈને તેઓ મુગ્ધ બન્યા. એક સાથે બધી ઋતુનાં ખીલેલાં રંગબેરંગી પુષ્પો અને ફળોની સુંદરતા દેખીને મહારાણીને એવો રોમાંચ થયો–જાણે કે હવે પોતાના જીવનબાગમાં પણ સુંદર પુત્રરૂપી પુષ્પ ખીલી ઊઠશે! આગળ વધતાં ધ્યાનસ્થ 'પ્રચેતસ' મુનિરાજને દેખ્યા....અહા, કેવી તૃપ્તિ! જેમના ચરણની શીતલ છાયામાં હરણ અને વાઘ એકસાથે બેઠા છે ને શાંતિથી મુનિરાજની મુદ્રા નીહાળી રહ્યા છે....નોળિયો અને સર્પ એકબીજાને અડીને શાંતિથી બેઠા છે,–નથી કોઈને ભય, કે નથી વેરભાવ! વનનાં બધાય વૃક્ષો ઉત્તમ ફળ ફૂલથી ઝૂકી રહ્યા છે.–જાણે મુનિરાજને વંદન કરીને ફળવડે પૂજા કરી રહ્યા હોય! મુનિરાજ તો પોતાના પરમાત્મતત્ત્વને દેખવામાં

મશગુલ છે; જાણે સિદ્ધલોકમાંથી અહીં આવીને સિદ્ધભગવાન જ બેઠા હોય—એવો આનંદ તેઓ અનુભવી રહ્યા છે. અહા, આવા સંત–સાધુનો સાક્ષાત્ યોગ મુમુક્ષુને ઇન્દ્રપદ કરતાંય વિશેષ હર્ષ દેનાર છે.

રત્નપુરીના રાજા–રાણીના હર્ષનો પાર નથી. થોડીવાર તો મુગ્ધ બનીને તેઓ મુનિરાજને નીરખી જ રહ્યા....જાણે કે મોક્ષનું અમૃત પીતા હોય!—એમ સમસ્ત સંસાર–દુઃખને ભૂલી ગયા. મુનિરાજનો ધ્યાનયોગ પૂરો થતાં ચક્ષુ ખોલ્યા; એ ચક્ષુમાંથી ધર્મનું અમી ઝરતું હતું. રાજા–રાણીએ નમસ્કાર કર્યા ને મુનિરાજે તેમને ધર્મના આશીર્વાદ આપ્યા. રાણી સુપ્રભાનું હૃદય આજે કોઈ કલ્પનાતીત પ્રસન્નતા અનુભવતું હતું, જીવનમાં ધર્મનો એક નવો જ ઝણઝણાટ તેના આત્મામાં થતો હતો.

ભાનુરાજાએ વિનયપૂર્વક હાથ જોડીને મુનિરાજની સ્તુતિ કરી : હે પ્રભો! આજે અચાનક આપનાં દર્શન થતાં અમને મહાન કલ્યાણની પ્રાપ્તિ થઈ, અમારાં પાપ ધોવાઈ ગયા; આકાશમાર્ગે આપ અહીં પધાર્યા તે અમારા કોઈ મહાભાગ્યની નિશાની છે. આપના દર્શનથી થતો પરમ હર્ષ અમારા અંતરમાં સમાતો નથી; અને આપના શ્રીમુખથી ધર્મની વાર્તા સાંભળવાની ઉત્કંઠા જાગે છે.

મુનિરાજે કહ્યું : હે ભવ્ય! તમે બંને જીવો મોક્ષગામી છો. સંસારમાં ગમે તેવા પુણ્યસંયોગ પણ જીવને તૃપ્તિ આપી શકતા નથી; જીવને તૃપ્તિ આપે એવો સ્વભાવ આત્મામાં જ છે; નિજ સ્વભાવમાં સુખનો જે ભંડાર છે તેને દેખતાં જ અપૂર્વ સુખવેદનથી તૃપ્તિ થાય છે; તે સુખને માટે બહારની કોઈ સામગ્રીની અપેક્ષા હોતી નથી. આ સિવાય રાજવૈભવ વગેરે ગમે તેટલા હોવા છતાં માનસિક ચિંતાઓથી જીવ દુઃખી થાય છે. જુઓ, તમને જ અનુભવ છે કે બહારની પુણ્ય સામગ્રી ઘણી હોવાં છતાં માનસિક ચિંતાથી તમે દુઃખી છો!!

મુનિરાજ જાણે કે તે પોતાના મનની વાત સમજી ગયા હોય! એમ રાજાને લાગ્યું, તેથી તેણે પોતાનું હૃદય ખોલીને કહ્યું : હે સ્વામી! આપની વાત સત્ય છે; બધી રાજસંપત્તિ હોવા છતાં પુત્ર વગર અમે બહુ દુઃખી છીએ; પુત્રની ચિંતા આડે ધર્મસાધનામાં પણ અમારું ચિત્ત બરાબર લાગતું નથી, તો હે સ્વામી! પુત્ર માટેની અમારી ચિંતા ક્યારે દૂર થશે?

શ્રી મુનિરાજે કહ્યું : હે રાજન્! હે સુપ્રભા માતા! સાંભળો! તમે કોઈ સામાન્ય મનુષ્યો નથી, તમારા મહાન પુણ્યનો ઉદય આજથી જ શરૂ થાય છે. તમારી પુત્ર–ઇચ્છા શીઘ્ર પૂરી થશે,—એટલું જ નહિ, તમારો હોનહાર પુત્ર ત્રણલોકને આનંદિત કરશે. આજથી બરાબર છ માસ બાદ મહારાણીના ઉદરમાં એક ભવ્ય જીવ આવશે અને તે ભરતક્ષેત્રમાં પંદરમાં તીર્થંકર થઈને જગતનું કલ્યાણ કરશે. જગતના ગુરુ એવા તે તીર્થંકરના માતા–પિતા તરીકે તમે પણ જગપૂજ્ય બનશો....

—વાહ! પોતાને ત્યાં પુત્ર થશે અને વળી તે તીર્થંકર થશે—એ વાત મુનિરાજના શ્રીમુખથી સાંભળીને બંનેનાં હર્ષનો પાર ન રહ્યો. પંદરમાસ પછી પોતાની રત્નપુરીમાં તીર્થંકરનો અવતાર થશે—એ જાણીને સમસ્ત પ્રજાજનો પણ આનંદિત થઈ ગયા ને સર્વત્ર મહાન ધર્મોત્સવનું વાતાવરણ છવાઈ ગયું. પુત્ર વિના દુઃખી મહારાણીને એક સાથે બે ઉત્તમ પુત્રો મળ્યા : એક તો સિદ્ધસુખનો દાતા એવો સમ્યક્ત્વ–પુત્ર તેના આત્મામાં પ્રગટ્યો, અને બીજો, ત્રિલોકપૂજ્ય તીર્થંકર જેવો પુત્ર પોતાને તુરતમાં પ્રાપ્ત થશે! અહા, એમના હર્ષની શી વાત!! ને એ હર્ષ કરતાંય તેને જે રાગ વગરના અતીન્દ્રિય

આનંદનું વેદન થયું તેની શી વાત!! તેને પ્રતીત થઈ ગઈ કે સંસારમાં પુત્રસુખ કરતાંય (ભલે તે પુત્ર તીર્થંકર થનાર હોય તોપણ) સમ્યક્ત્વનું સુખ મહાન છે અને તે જ સાચું સુખ છે. આવા અતીન્દ્રિય સુખના વિશ્વાસપૂર્વક તે ક્ષણે જ તેને સમ્યક્ત્વ થયું. સ્ત્રી પર્યાયમાં અવતરી ત્યારે તો તે મિથ્યાદૃષ્ટિ હતી પણ તીર્થંકરની માતા થવાની વિશિષ્ટ પાત્રતા થતાં આજે તે સમ્યક્ત્વ પામીને પવિત્ર થઈ. તીર્થંકર જેવું ધર્મરત્ન જે પાત્રમાં રહે તે તો સમ્યક્ત્વથી પવિત્ર થયેલું જ હોય ને!! તેનો આત્મા અને શરીર બંને પવિત્ર હતા, અશુચિ વગરના હતા.

આ રીતે, સમ્યગ્દૃષ્ટિ–માતા અને તેના ઉદરમાં સમ્યગ્દૃષ્ટિ–પુત્રનું આગમન–એ વાત જાણીને ધર્માત્મા–ભાનુરાજને મહાન પ્રસન્નતા થઈ; સાથે સાથે તેને એક જિજ્ઞાસા જાગી એટલે મુનિરાજને પૂછ્યું : હે સ્વામી! અમારે ત્યાં પુત્ર તરીકે અવતરનાર તીર્થંકરનો તે જીવ અત્યારે ક્યાં બિરાજે છે? ને પૂર્વભવમાં તેણે એવી કઈ સાધના કરી કે તે તીર્થંકર થશે? તે આપના દિવ્યજ્ઞાનથી જાણીને કૃપા કરી અમને બતાવો.

શ્રી મુનિરાજ આમ તો અવધિજ્ઞાનનો ઉપયોગ જ્યાં ત્યાં નથી કરતા; પણ વિશિષ્ટ પ્રયોજન સમજીને એક તીર્થંકર–આત્માના પૂર્વ ભવ જાણવા માટે તેમણે ક્ષણભર અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો, ને પ્રસન્નતાથી કહ્યું : સાંભળો હે રાજન્! તે હોનહાર તીર્થંકર અત્યારે 'સર્વાર્થ સિદ્ધિ' દેવલોકમાં બિરાજે છે ને હવે ત્યાં છ માસનું જ આયુષ્ય બાકી છે. છ માસ પૂરા થતાં ત્યાંથી ચ્યવીને તે રત્નપુરીમાં તમારે ત્યાં અવતરશે. તમે તુરતમાં જ અનેક આશ્ચર્યકારી શુભ ચિહ્નો જોશો.

રાજા–રાણી તથા લાખો પ્રજાજનો ઘણા જ હર્ષપૂર્વક મુનિરાજના શ્રીમુખથી ધર્મનાથ તીર્થંકરની આનંદકારી વાર્તા સાંભળી રહ્યા છે : મુનિરાજે કહ્યું : હે રાજન! ત્યાર પહેલાંના ભવમાં તે આત્મા વિદેહક્ષેત્રની સુસીમાનગરીના દશરથ નામે રાજા હતા; એક દિવસ ચૈત્રપૂર્ણિમાએ ચંદ્રનું ગ્રહણ દેખીને તેઓ સંસારથી વિરક્ત થયા, અને દીક્ષા લઈ દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ઉત્તમ ભાવનાપૂર્વક તીર્થંકર નામકર્મરૂપ સર્વોત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિ બાંધી. તે જીવ તમારા પુત્ર તરીકે અવતરીને ભતરક્ષેત્રના પંદરમા તીર્થંકર થશે ને જૈનધર્મનો મહાન ઉદ્યોત કરશે.

આ રીતે પ્રચેતસ–મુનિરાજના શ્રીમુખથી, પોતાની નગરીમાં અવતરનારા ધર્મનાથ તીર્થંકરના ત્રણ ભવની વાત સાંભળીને રત્નપુરીના પ્રજાજનોમાં સર્વત્ર આનંદ-આનંદ ફેલાઈ ગયો. રાજા-રાણી મુનિરાજના ધર્મોપદેશથી અને પુત્રપ્રાપ્તિના સમાચારથી તૃપ્ત થઈને નગરીમાં પાછા આવ્યા. સમસ્ત રત્નપુરીમાં આનંદ–કિલ્લોલ થઈ ગયો, ને જાણે આજે જ તીર્થંકરનો અવતાર થઈ ગયો હોય એમ સૌ મહાનઉત્સવ ઊજવવા લાગ્યા.–એ દિવસ હતો કારતક સુદ ૧૩.


મહારાજા ભાનુ અને મહારાણી સુપ્રભા હાથી પર બેસીને હજી તો રાજમહેલના દરવાજામાં પ્રવેશે છે ત્યાં તો તેમણે આશ્ચર્યકારી ઘટના દેખી : આકાશમાંથી દિવ્ય રૂપધારી દેવીઓ ઉતરી રહી છે ને ચારેકોર રત્નોનો વરસાદ વરસી રહ્યો છે. રત્નપુરીની આખી શોભા જ બદલાઈ ગઈ છે. કદી નહિ જોયેલા દૃશ્યો નજરે પડતાં બધાના હર્ષનો પાર નથી. તે દેવીએ રાજમહેલમાં આવીને રાજા-રાણીને વંદન કરીને કહ્યું : અહો દેવ! અહો માતા! આપ જગતના માતા–પિતા છો. છ માસ પછી આપને ત્યાં

તીર્થંકરનું આગમન થવાનું હોવાથી ઈન્દ્રમહારાજે અમને આપની સેવા કરવા માટે મોકલી છે. અમે દિગ્કુમારી દેવીઓ છીએ ને તીર્થંકરના માતાની તેમજ બાલતીર્થંકરની સેવા કરવાનો મહાન લાભ અમને મળે છે,–જેના પ્રતાપે અમે પણ મોક્ષગામી છીએ. રત્નપુરીમાં આજથી શરૂ થતી આ રત્નવૃષ્ટિ પણ આપને ત્યાં તીર્થંકરના અવતારની સૂચના કરે છે ને આ રીતે પંદર મહિના સુધી રત્નવૃષ્ટિ થયા કરશે.

ભાનુમહારાજા ને સુપ્રભા મહાદેવી આ બધી વાત સાંભળીને અને આ દશ્યો દેખીને પરમ તૃપ્ત થયા. એક તો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ, અને વળી તીર્થંકરના કલ્યાણકની પ્રાપ્તિનો અવસર! સોનામાં સુંગંધ! એનાથી ઉત્તમ બીજું શુ?

* * *

## ભગવાન ધર્મનાથ : પંચકલ્યાણક




ઉપરની ઘટનાને છ માસ વીત્યા....એવામાં વૈશાખ સુદ તેરસની રાતે એક ઉત્તમ ઘટના બની. મહાદેવી સુપ્રભા મીઠી નિદ્રામાં સૂતા હતા, ત્યાં એકાએક તેમણે દિવ્ય હાથી–સિંહ–બળદ–લક્ષ્મી–પુષ્પમાળા–મંગલ ઘટ–કિલ્લોલ કરતી માછલી–ચંદ્ર–સૂર્ય–સરોવર–સમુદ્ર–દેવવિમાન–નાગભવન–સિંહાસન–રત્નરાશી અને શુદ્ધ અગ્નિ–એવા સોળ મંગલ સ્વપ્નો જોયા; તેઓ આનંદવિભોર બન્યા. અંતમાં પોતાના મુખમાં એક હાથી પ્રવેશ કરતો હોય!–એવું તેમણે જોયું; બરાબર તે જ ક્ષણે સર્વાર્થ સિદ્ધિમાંથી આયુ પૂર્ણ કરીને તીર્થંકરના જીવે તેમના ઉદરમાં પ્રવેશ કર્યો. દેવલોકના વૈભવથી અસંતુષ્ટ તે ધર્માત્મા મોક્ષને સાધવા મનુષ્યલોકમાં આવ્યા. 'ધર્મ'નો અવતાર થયો. તે વખતે પંદરમા તીર્થંકરના ગર્ભકલ્યાણકનો ઉત્સવ કરવા દેવ–દેવેન્દ્રો આવી પહોંચ્યા. ઉત્તમ વસ્ત્રાલંકારોની ભેટ વડે માતા–પિતાનું સન્માન કરીને, તેમને 'જગતમાતા', ને જગતપિતા' કહીને બહુમાન કર્યું. રત્નપુરીની શોભા દિવસે દિવસે વધવા લાગી, પ્રજાજનોમાં ધર્મભાવના જાગૃત થઈ; માતા–સુપ્રભાના વિચારોમાં ઉચ્ચ પરિવર્તન થયું, તેને એવો દોહ્યલો થયો કે રાજ્યમાં બંધનમાં રહેલા કે પીંજરે પૂરાયેલા, સર્વે મનુષ્યોને તેમજ પશુપંખીઓને બંધનથી મુક્ત કરવામાં આવે! તેના ઉદરમાં મુક્ત થનાર જીવ ઊછરી રહ્યો હતો તેથી તેને દોહ્યલો પણ તેવો જ ઉત્પન્ન થયો કે સર્વે જીવોને મુક્તિ મળો! ભગવાન ધર્મનાથ પણ અવતરીને જીવોને મુક્તિનો ઉપાય બતાવીને બંધનથી છોડાવવાના છે.

આશ્ચર્ય છે કે નવમાસ ગર્ભમાં રહેવા છતાં તે બાલતીર્થંકરનું શરીર અશુચિમય–મેલું થયું ન હતું. ત્રણજ્ઞાનધારક તે મહાત્માનું શરીર ગર્ભમાં પણ પવિત્ર હતું. દેવીઓ ગર્ભમાં પણ તેમની સેવા કરતી હતી. તે પુત્રને ગર્ભાવસ્થાના કોઈ દુઃખો સહન કરવા પડતા ન હતા, એટલું જ નહિ તેમની

માતાને પણ કોઈ જ તકલીફ થતી ન હતી. દેવીઓ ચર્ચા–વિનોદ–નાટક–સંગીત વગેરે દ્વારા સર્વ પ્રકારે તેમને પ્રસન્ન રાખતી હતી. રોજરોજ આકાશમાંથી કરોડો રત્નો વરસતા હતા.

માહસુદ તેરસે..એકાએક ૧૪ બ્રહ્માંડ આનંદથી ખળભળી ઊઠ્યા....સ્વર્ગના વાજિંત્રો એની મેળે વાગવા માંડ્યા. માતા સુપ્રભાએ ધર્મપુત્રને અવતાર આપીને ત્રણલોકને પ્રકાશિત કરી દીધા. હજી રત્નપુરીના રાજા–પ્રજાને તેની વધામણી મળે તે પહેલાં તો તીર્થંકરના અવતારનો પ્રભાવ સ્વર્ગલોકમાં તેમજ નરકમાં પણ પહોંચી ગયો. નરકમાં કદી ન જોયેલી શાંતિ દેખીને નારકીના જીવો પણ બેઘડી મુગ્ધ બન્યા....ને તીર્થંકરના અવતારનો પ્રભાવ જાણી કેટલાય જીવો સમ્યગ્દર્શન પામી ગયા. સિંહ–સસલાં–હાથી–વાંદરા વગેરે તિર્યંચોના ટોળાં આશ્ચર્યચકિત બનીને રાજમહેલ તરફ આવવા લાગ્યા. દેવલોકના દેવેન્દ્રો તીર્થંકરનો જન્મ થવાનું જાણતાં જ સિંહાસનથી ઊતરીને નમી પડ્યા અને ભક્તિથી બાલતીર્થંકરના દર્શન માટે રત્નપુરીમાં આવી પહોંચ્યા.



પછી તે બાલ-પ્રભુને એકસો સૂંઢવાળા ઐરાવત હાથી ઉપર બિરાજમાન કરીને વિદેહક્ષેત્રની વચ્ચે મેરૂપર્વત ઉપર લઈ ગયા : 'અહા! બધાય તીર્થંકરોને હું મારા શિર પર ધારણ કરું છું–' એવા મહાન ગૌરવપૂર્વક તે મેરુપર્વત પોતાનું મુખ (૬૪ કરોડકિલોમીટર) એક લાખ જોજન ઊંચું કરીને ઠેઠ સૌધર્મસ્વર્ગ સુધી પહોંચી ગયો. આવા ઉન્નત મેરુપર્વત ઉપર તેનાથીયે મહાન એવા તીર્થંકરનો જન્માભિષેક કરીને ઇન્દ્રે આનંદકારી તાંડવ નૃત્ય કર્યું, અને પછી સ્તુતિ કરીને પ્રભુનું નામ પાડ્યું 'ધર્મકુમાર.' તેમના ચરણમાં વજ્રનું ચિહ્ન હતું. તે વજ્ર માત્ર તેમના ચરણોમાં જ હતું,–હૃદયમાં ન હતું, હૃદય તો ફૂલ જેવું કોમળ હતું. પ્રભુના જન્માભિષેક વખતે મેરુ પર્વતની એવી અદ્‌ભુત શોભા થઈ હતી કે જે દેખીને દેવો શંકામાં પડી જતા હતા કે–પહેલાં અમે જે મેરુપર્વત જોયો હતો તે જ આ છે? કે કોઈ બીજો નવીન મેરુ પ્રગટ્યો છે! ખરેખર, તીર્થંકરના સાન્નિધ્યનો પ્રભાવ કોઈ આશ્ચર્યકારી છે. ઇન્દ્ર, પ્રભુને સંબોધીને કહે છે હે દેવ! સ્વર્ગના દેવ એ કાંઈ ઇષ્ટદેવ નથી. આપ જ ઇષ્ટ દેવ છો. આપ મનુષ્ય છો–એમ સમજીને જો સ્વર્ગનો કોઈ દેવ આપનો અનાદર કરે તો તે અદ્વિતીય–મૂર્ખ છે; તેના જેવો મૂર્ખ કોણ? હે ધર્મપ્રભો! આપના ધર્મનો સ્વીકાર કરતાં જ સ્વર્ગ તો હાથવેંતમાં આવી જાય છે; અને આપના ધર્મ પર જે આરોહણ કરે છે તે તો ભવાટવીને પાર કરીને મોક્ષપુરીમાં પહોંચી જાય છે. અહો પ્રભો! જેણે આપનાં વચનોનું આસ્વાદન કર્યું તેને અમૃતનું શું કામ છે? જેણે આપની પ્રાર્થના કરી તેને હવે કલ્પવૃક્ષ પાસે શું માંગવાનું છે? જેણે હૃદયમાં આપનું ચિંતન કર્યું–તેને હવે ચિંતામણિ પાસે શું ચિંતવવાનું છે? જેણે આપનું કહેલું અનેકાન્તમય તત્ત્વજ્ઞાન પ્રગટ કર્યું તેને હવે અજ્ઞાન–અંધકાર દૂર કરવા માટે સૂર્યચંદ્રની શી જરૂર છે? અને હે દેવ! આપે કહેલી સ્વાનુભૂતિનું સુખ જેણે

પ્રાપ્ત કર્યું તેને હવે સુખ માટે વિષયોનું શું કામ છે? પ્રભો, આપ જ અમને ધર્મના દાતાર અને ધર્મના રક્ષક છો. તેથી આપ ખરેખર ધર્મનાથ છો. આમ 'ધર્મનાથ' તરીકે સંબોધન કરીને ઇન્દ્રે બાલતીર્થંકરની સ્તુતિ કરી.

—આ રીતે આનંદથી મેરુ ઉપર અભિષેક અને સ્તુતિ કરીને પછી, જિનપ્રભુની સવારી લઈને ઇન્દ્ર પાછો રત્નપુરીમાં આવ્યો; ત્યાં માતા–પિતા અને પ્રજાજનો સમક્ષ ફરીથી બાલતીર્થંકરના જન્મનો ભવ્ય મહોત્સવ કર્યો ને આનંદકારી અદ્‌ભુત નાટક બતાવ્યું. સાથે સાથે તાંડવનૃત્ય પણ કર્યું. અહા, ઇન્દ્ર–ઇન્દ્રાણી પોતે આવીને જે નગરીમાં હર્ષથી નાચે, તે નગરીના મહાભાગ્યની શી વાત!!

—ધર્મનાથનો અવતાર થતાં રત્નપુરીના આનંદનો કોઈ પાર નથી; ઇન્દ્રપુરી કરતાંય આજે તે વધારે ગૌરવ અનુભવે છે. ઇન્દ્રપુરીના ઇન્દ્રો પણ જેમના ચરણે ઝૂકી રહ્યા છે એવા તીર્થંકરનો અવતાર આજે અમારા આંગણે થયો છે, ને એ બાલ–તીર્થંકર અમારી નગરીમાં લાખો વર્ષ રહેશે, લાખો વર્ષ સુધી અમે તેમની સાથે રહીને એ બાલ–તીર્થંકરને હાલતા–ચાલતા–બોલતા નજરે જોઈશું. —એમ રત્નપુરીના પ્રજાજનોના હર્ષનો પાર ન હતો. ત્યારે એ અવધિજ્ઞાની ને આત્મજ્ઞાની બાલતીર્થંકરની જ્ઞાનચેતના તો હર્ષથી પાર ને પુણ્યોથીયે અલિપ્ત વર્તતી હતી. ધન્ય હતી એ ધર્મકુમારની ધર્મચેતના! તેમનો અવતાર થતાં જ દેશના બધા લોકોના રોગ મટીને નીરોગ થઈ ગયા, એટલું જ નહિ, હવે તેઓ તીર્થંકર થઈને ભવ્યજીવોના ભવરોગને પણ દૂર કરશે. અહા, તીર્થંકરનો અવતાર જગતમાં કોને સુખનું નિમિત્ત નથી થતો! ખરેખર તીર્થંકરનો જન્મ ત્રિલોક આનંદકારી છે. તે વખતે બધા જીવો વેરભાવ છોડીને એકબીજાના મિત્ર થઈ ગયા હતા. તીર્થંકરરૂપી ધર્મરત્નના સમાગમથી આ નગરીનું 'રત્નપુરી' નામ ખરેખર સાર્થક થયું હતું. તેમના પ્રતાપે નગરીમાં ચારેકોર રત્નો પથરાયેલા પડ્યા હતા, છતાં બધાય લોકોનું ચિત્ત એ જડરત્નોમાં નહિ પરંતુ ચેતનવંતા 'ધર્મરત્ન'માં જ લાગેલું હતું. ઇન્દ્ર તો એકસાથે હજાર–હજાર આંખવડે પ્રભુને નીરખતો હતો, ને આનંદથી નાચી ઊઠતો હતો. બાલતીર્થંકર ધર્મનાથને દેખી–દેખીને બધાય જીવો કોઈ પરમ તૃપ્તિ અનુભવતા હતા.

કવિઓ, 'ભગવાનનું મુખ ચંદ્ર જેવું છે'—એમ ત્યાંસુધી જ કહેતા કે જ્યાં સુધી તેમણે ભગવાનના શ્રીમુખની શોભા નજરે જોઈ નહોતી. પ્રભુનું દિવ્ય મુખ સાક્ષાત્ જોયા પછી તો તેને ચંદ્રની ઉપમા આપતાં સંકોચ થતો હતો. જેમ દિવ્ય દેવલોકના વૈભવો ત્યાં સુધી જ સુખકારી કે આશ્ચર્યકારી લાગે છે—જ્યાં સુધી ચૈતન્યના અતીન્દ્રિય સુખનો સાક્ષાત્કાર નથી થયો. ચૈતન્યસુખ ચાખ્યા પછી તો તે વિષયસુખો, ચૈતન્યસુખ જેવા નહિ પણ તેનાથી વિપરીત ભાસે છે.


—પ્રભુનું મુખ કાંઈ ચંદ્ર જેવું તેજસ્વી ન હતું તેનાથી પણ વધુ તેજસ્વી હતું. તેમની આંખ કાંઈ હરણ જેવી ન હતી, તેનાથીયે વધુ એવી સુંદર હતી—જાણે કે તેમાં શાંતરસનું સરોવર ભર્યું હોય! તેમનું નાક કાંઈ પોપટની ચાંચ જેવું વાંકુ ન હતું—તેનાથી અતિ સુંદર હતું; તેમના હાથ કાંઈ હાથીની સૂંઢ જેવા ન હતા, તેનાથી તો ક્યાંય વધુ બળવાન હતા. તેમનો કંઠ કાંઈ કોયલ જેવો ન હતો, તેનાથીયે અતિમધુર હતો..મોરલા પણ તેમનો અવાજ સાંભળીને નાચી ઊઠતા! આ રીતે ભગવાનના બાહ્યશરીર–અવયવોને પણ બીજાની ઉપમા લાગુ પડી ન હતી, તો તેમના અંતરંગ અનુપમ આત્મિક ગુણોનું તો શું કહેવું?



ધર્મકુમાર ધીરે ધીરે મોટા થવા લાગ્યા. નાનકડા પુત્રને સુપ્રભામાતા જ્યારે ગોદમાં લેતા ત્યારે તેમના સ્પર્શસુખની તૃપ્તિથી ક્ષણભર તેમની આંખો મીંચાઈ જતી! અને ક્યારેક તો એ બાલતીર્થંકરના સ્પર્શસુખની સાથે અંતરમાં ચૈતન્યસ્પર્શનું અતીન્દ્રિય સુખ પણ ચાખી લેતા; નાનકડો ધર્મકુમાર પણ આનંદિત થઈને માતાના હાથને ચુંબન કરી લેતો ને હસી હસીને તેને અનુપમ સુખ આપતો. માતા પણ બચી ભરી ભરીને પુત્ર પર વાત્સલ્યનો ધોધ વરસાવતી. આ બાલતીર્થંકર, માત્ર માતાની આંખોના જ નહિ, સમસ્ત નગર જનોના પણ ધ્રુવ–તારક હતા. નગરજનોની મીટ તેમના ઉપર જ મંડાયેલી હતી. જેમ સમુદ્રની વચ્ચે ધ્રુવ તારો માર્ગદર્શક બને છે તેમ સંસારસમુદ્રની વચ્ચે એ બાલતીર્થંકરનું જીવન ધ્રુવતારાની જેમ મોક્ષનો માર્ગ દેખાડતું હતું. રોજ પ્રભાતમાં તેઓ રાજમહેલના ઝરુખામાં આવતા ને હજારો લાખો પ્રજાજનો તેમના દર્શન કરીને પોતાના જીવનમાં ધર્મની પ્રેરણા મેળવતા. એ દ્રવ્યતીર્થંકરના દર્શન પણ મંગળકારી હતા....કેમકે તે આત્મા ત્રિકાળ મંગળ હતો :

**બેટા, જન્મ તુમારો રે....જગતનું મંગલ કરનારો.**

ધર્મકુમારને પૂર્વભવથી જ આત્મજ્ઞાન હતું, અવધિજ્ઞાન હતું, તેમની બુદ્ધિ સર્વ વિષયોમાં પારંગત હતી; હવે તેમને કઈ વિદ્યા ભણવાની બાકી હતી કે જે બીજા ગુરુ તેને ભણાવે? હા, એક કૈવલ્યવિદ્યા અધૂરી હતી, પણ તેને માટે તો પોતે જ પોતાના ગુરુ સ્વયંબુદ્ધ હતા. જગતગુરુ થવા તેમનો અવતાર હતો, આ ભવમાં તેમને કોઈનું શિષ્યત્વ કરવું પડે તેમ ન હતું.



—ધર્મકુમાર પોતાની વયના બાળકો સાથે જ્યારે ખેલ કરતા ને રમત રમતા ત્યારે તેમની આનંદમય બાલક્રીડાઓ દેખીને મોરલાઓ પણ કળા કરીને નાચી ઊઠતા, હરણીયાં ને સસલાં પણ નિર્ભયપણે નજીક આવીને નાચકૂદ કરવા લાગતા. હાથીનું બચ્ચું એ બાલકુંવરને સૂંઢમાં પરાણે ઝાલીને પોતાના મસ્તક પર સવારી કરાવતું ને સૂંઢપર બેસાડીને હીંચોળતું. એ દેખીને વાંદરાઓ ઝાડ ઉપર ચિચિયારી કરી કરીને આનંદથી કૂદાકૂદ કરતા. નાનકડી દેવીઓ હાથ પકડી તેમને ખૂબ ઝૂલાવતી, એ બહાને બાલપ્રભુનો સ્પર્શ પામીને કોઈ અનેરો રોમાંચ અનુભવતી.

ધીમે ધીમે ધર્મકુમારે યુવાનીમાં પ્રવેશ કર્યો. ચોર જેવો કામ પણ તેમના હૃદયમાં થોડોક ઘૂસી ગયો; જો કે તેમની ચેતના જાગૃત હતી, એટલે તે કામ—ચોર તેમના સમ્યક્ત્વાદિ ગુણોને લૂંટી શકે તેમ ન હતો; તોપણ તેણે પોતાનું થોડુંક કામ તો કર્યું. એકવાર વિદર્ભ દેશના રાજા તરફથી દૂત આવ્યો અને તેમની પુત્રીના લગ્ન રાજકુમાર ધર્મનાથ સાથે કરવાનું નિમંત્રણ લાવ્યો. ભાનુ—મહારાજાએ સંમતિ આપી અને વરરાજા ધર્મકુમાર લગ્ન માટે જાન જોડીને ધામધૂમથી ચાલ્યા. તેમનો વૈભવ અદ્‌ભુત હતો. કેટલાક દેવમિત્રો પણ સાથે રહીને તેમની સેવા કરતા. વિદર્ભ તરફ જતાં વચ્ચે ગંગાનદી આવી, પણ સેવક—દેવોએ ક્ષણમાં એવો દૈવી પુલ રચી દીધો કે કોઈ પણ જાતની તકલીફ વગર ધર્મકુમારનો હાથી અને સમસ્ત સેના ગંગાને સામે કાંઠે પહોંચી ગઈ. ત્યારબાદ આગળ જતાં રમણીય વિંધ્યાચલપર્વત અને સુંદરી—નર્મદા નદી આવી; ત્યાંના અધિપતિએ વરરાજા ધર્મકુમારને પ્રાર્થના કરી કે અહીં વિશ્રામ કરીને અમને પાવન કરો. તીર્થંકર થયા પછી તો પ્રભુ વિહાર કરશે, પણ ત્યાર પહેલાં ધર્મરાજકુમાર પૃથ્વીપર વિહાર કરતાં કરતાં અમારી નગરીમાં પધાર્યા ને સાક્ષાત્ દર્શન દઈને અમને પાવન કર્યા,—એમ સર્વત્ર અતિ પ્રસન્નતાથી હર્ષઘેલા થઈને પ્રજાજનો તેમનો સત્કાર કરતા હતા. તેમના વૈભવની દિવ્ય શોભા જોઈને લોકો ચકિત થતા. સાધારણ લોકોને માટે એ એક આશ્ચર્યની વાત હતી કે અરે! મુક્તિસુંદરીને વરવા માટે અવતરેલા આ ધર્મરાજા એક રાજકન્યાને પરણવા જઈ રહ્યા છે!! પરંતુ તે ભગવાનના હૃદયને તેઓ ક્યાં જાણતા હતા? એટલે રાજકુમાર ધર્મનાથ જ્યારે લગ્ન માટે જવા તૈયાર થયા, ત્યારે ઈર્ષાથી કોઈએ મુક્તિસુંદરીને વાત કરી કે તારા પતિ તો બીજી સ્ત્રીને પરણવા જાય છે! ત્યારે મુક્તિસુંદરીને જરાય આઘાત ન થયો, તેણે નિઃશંકપણે જવાબ આપ્યો : હે સખી! હું મારા સ્વામીના હૃદયને ઓળખું છું....મેં તો પહેલેથી નક્કી કરી લીધું છે કે હું આ પરમાત્માને જ પરણીશ; ને તેમણે પણ પૂર્વે ત્રીજા ભવથી મને પરણવાનું વચન આપ્યું છે,....તીર્થંકરપ્રકૃતિ તેની સાક્ષી છે. અત્યારે તેઓ પુણ્યયોગે ભલે બીજી સ્ત્રીને પરણવા જતા, તેમના હૃદયમાં તો મારું એકનું જ સ્થાન છે, બીજા કોઈનું સ્થાન તેમના હૃદયમાં નથી. અને હજી તેઓ મોટા 'પરમાત્મા' નથી થયા, આ તો તેમની બાલરમત છે. તેઓ જ્યારે મોટા 'પરમાત્મા' થશે ત્યારે મારા સિવાય બીજા કોઈની સાથે પરિણતિ નહીં કરે.—આમ મુક્તિસુંદરીએ ભગવાનના અંતરંગ જીવનની અદ્‌ભુત વાત સમજાવી, અને એ રીતે ઉદયભાવો તથા ધર્મભાવોનું ભિન્નપણું પણ બતાવ્યું. ખરેખર લગ્ન વખતે પણ મહારાજા ધર્મનાથ પોતાની મુક્તિસાધક—ચેતનાને ભૂલ્યા ન હતા, તે તો તેમના હૃદયમાં તન્મયપણે રહેલી જ હતી. સાધકની લીલાઓ અલૌકિક હોય છે, તેમાં એક સાથે બબ્બે ભાવો ક્રીડા કરતા હોય છે; તે બે ભાવોની ભિન્નતાને કોઈક વિરલા જ ઓળખી શકે છે.

અનુક્રમે વિદર્ભદેશમાં પહોંચ્યા. ત્યાંના મહારાજાએ અતિભવ્ય સ્વાગત કર્યુંઃ અહા, એક હોનહાર તીર્થંકર મારા આંગણે પધાર્યા! અને આવા ઉત્કૃષ્ટ પુણ્યાત્માના સમાગમથી રાજકુમારી શૃંગારવતીએ પોતાનું પરમ સૌભાગ્ય માન્યું. લગ્ન કરીને થોડા દિવસ ત્યાં રહ્યા. એવામાં રત્નપુરીથી ભાનુમહારાજાએ તેમને તેડવા ખાસ દૂત મોકલ્યો. આથી દૈવી—વિમાનમાં બેસીને યુવરાજ ધર્મકુમાર તેમની રાણી સહિત રત્નપુરી પહોંચી ગયા. માતા—પિતાએ પરમ હર્ષપૂર્વક આશીર્વાદ આપ્યા. યોગ્ય સમયે ધર્મનાથની રાણીએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો : તેનું નામ : 'સુધર્મકુમાર.'

મહારાજ ધર્મકુમારનું આયુ ૧૦ લાખ વર્ષનું હતું; બે લાખ પચાસ હજાર વર્ષની વયે રત્નપુરીના રાજસિંહાસન પર તેમનો રાજ્યાભિષેક થયો. પાંચ લાખ વર્ષ સુધી ધર્મની પ્રધાનતા સહિત ઉત્તમ રાજ્ય ચલાવ્યું. બધા રાજાઓ તેમનું સન્માન કરીને ઉત્તમ ભેટ આપતા હતા; તેમને ક્યાંય યુદ્ધ કરવું ન પડ્યું, શાંતિપૂર્વક રાજ્ય કર્યું. તેમની છત્રછાયામાં પ્રજાજનો સર્વ વાતે સુખી હતા. તે પ્રજા પ્રશંસનીય છે કે જે પોતાના ચિત્તમાં હંમેશા જિનેન્દ્રનું ચિંતન કરે છે; ત્યારે અહીં તો સ્વયં જિનેન્દ્ર પોતે પ્રજાના હિતનું સદા ચિંતન કરતા હતા...તો તે રત્નપુરીની પ્રજાના પુણ્યની શી વાત!! તેમના દેશમાં ક્યાંય દુષ્કાળ ન હતો, લૂંટફાટ ન હતી કે રોગચાળો ન હતો. જેમના જન્મ પહેલા આકાશમાંથી રત્નોની વર્ષા થઈ, તો તેમના રાજ્ય સમયે ઉત્તમ જલવૃષ્ટિ વૃષ્ટિ થાય તેમાં શું આશ્ચર્ય! આથી પ્રજાજનો સુખપૂર્વક સદાય અવનવા મંગલ ઉત્સવ કરતા હતા. રાજ્યની સંપત્તિ માટે પ્રજા ઉપર કરનું કોઈ દબાણ કરવું પડતું ન હતું. પ્રજાજનો સામેથી ઉત્તમ વસ્તુઓ લાવીને રાજભંડાર છલકાવી દેતા હતા; તેમજ રાજભંડાર પણ પ્રજાજનો માટે ખુલ્લા હતા. પ્રભુ ધર્મનાથનું રાજ્ય તે ખરેખર ધર્મરાજ્ય હતું. તેમના રાજ્યમાં માત્ર રત્નપુરીમાં નહિ, આખાય ભરતક્ષેત્રમાં જૈનધર્મને પુનર્જીવન મળ્યું હતું, અને જૈનધર્મની જાહોજલાલી દિવસે દિવસે વધતી જતી હતી.



—ધર્મકુમારને રાજભોગ અવસ્થામાં આયુના કુલ ૭ લાખ પચાસ હજાર વર્ષો વીતી ગયા.... ત્યારે એકવાર માહ સુદ તેરસે તેમના જન્મદિવસનો ભવ્ય મહોત્સવ ઉજવવાની તૈયારી ચાલતી હતી...દેવોએ આવીને રત્નપુરીને અદ્‌ભુત પ્રકાશથી શણગારી હતી. રાત્રે મહારાજા ધર્મનાથ રત્નપુરીની અદ્‌ભુત શોભા નીહાળતાં—નીહાળતાં પોતાના જીવનનો વિચાર કરી રહ્યા હતા... એવામાં અચાનક ખર...ખર...ખર...અવાજ કરતો મોટો ચમત્કાર થયો...શું થયું! ઉલ્કાપાત થયો...મોટો તારો ખર્યો. તરત મહારાજાના ચિત્તમાં પણ વૈરાગ્યની વીજળી ઝબૂકી, ચેતનાનો દિવ્ય ચમત્કાર થયો. તેમનો આત્મા પોકારી ઊઠ્યો : અરે, મારા શુદ્ધ આત્માને જાણીને પણ હજી તેને આ સંસારની જેલમાં પૂરાયેલો કેમ જોઈ શકાય? સંસારજેલમાંથી હું મારા આત્માને શીઘ્ર જ છોડાવીશ. મારો આત્મા હવે આ ભવમાં ભ્રમણ કરી કરીને અત્યંત થાકી ગયો છે, હવે એક પણ ભવમાં ભમવાનું સહન થાય તેમ નથી. હવે તો બસ, આ ભવચક્રનો અંત કરીને, મોક્ષપુરીમાં જઈને સદાકાળ સિદ્ધસુખમાં રહેવાનું છે. તે સિદ્ધપદની સાધના પૂર્ણ કરવા માટે હું હવે મુનિ થઈશ. જો કે તીર્થંકરપ્રકૃતિ હોવાથી આ જ ભવમાં મોક્ષ

નિશ્ચિત છે, પરંતુ તેથી શું? શુદ્ધોપયોગી થઈને સ્વરૂપમાં લીન થઈશ ત્યારે કેવળજ્ઞાન થશે, કાંઈ તીર્થંકરપ્રકૃતિ મને કેવળજ્ઞાન નહીં આપે. ઊલટું, કષાય છે ત્યાં સુધી (આઠમા ગુણસ્થાન સુધી જ) તે બંધાશે, ને મને કેવળજ્ઞાન થતાં તો તે તીર્થંકરપ્રકૃતિ છૂટીને મારા આત્મામાંથી ભાગવા માંડશે. તેને ને મારે શું? મારું કેવળજ્ઞાન તો મારો ક્ષાયિકસ્વભાવ છે. ને તીર્થંકરપ્રકૃતિ તો વિભાવકૃત છે; તે જડ, હું ચેતન! અમારે અત્યંત ભિન્નતા છે : જુઓ તો ખરા, ભેદજ્ઞાની પ્રભુનું વીતરાગી ચિન્તન!!—આવું વૈરાગ્યચિંતન કરતાં કરતાં પ્રભુને જાતિસ્મરણ જ્ઞાન થયું : પૂર્વભવમાં આકાશમાં ચંદ્રગ્રહણ દેખીને વૈરાગ્ય થયો હતો, ને આ ભવમાં આકાશમાંથી તારો ખરતો દેખીને વૈરાગ્ય થયો.

—આ રીતે જન્મ દિવસના ઉત્સવ વખતે જ વૈરાગ્ય પામી પ્રભુ ધર્મનાથ જિનદીક્ષા લેવા તૈયાર થયા; રાજમહેલમાંથી તપોવનમાં જવા, ને રાગીમાંથી વીતરાગી થવા તત્પર થયા; પ્રભુએ જિનદીક્ષા લેવાનો નિશ્ચય કર્યો કે તરત પંચમસ્વર્ગેથી લૌકાંતિકદેવોએ આવીને સ્તુતિ કરતાં કહ્યું : અહો દેવ! આપ સાક્ષાત્ ધર્મ છો; આપ દીક્ષા માટે જે વૈરાગ્યચિંતન કરી રહ્યા છો.—માત્ર તે આપને જ નહિ પણ જગતના ભવ્યજીવોને માટેય કલ્યાણનું કારણ છે. અહા, વૈરાગ્યમય દીક્ષાનો આ અવસર ધન્ય છે; આપની જિનદીક્ષા એ મોહશત્રુના સર્વનાશ માટેની અમોઘ તલવાર છે. આપની આ દીક્ષા આપને તેમજ જગતને અમૂલ્ય રત્નત્રય—નિધાન આપશે. અમે પણ આ ધન્ય અવસરને માટે ભાવના ભાવીએ છીએ ને આપનું અનુમોદન કરીએ છીએ. આમ સ્તુતિ કરીને તે દેવો બ્રહ્મસ્વર્ગે પાછા ગયા. તે જ વખતે ઈન્દ્ર મહારાજ, ધર્મનાથ પ્રભુનો દીક્ષાકલ્યાણક ઊજવવા નાગદત્તા નામની દિવ્ય પાલખી લઈને આવી પહોંચ્યા. જન્મકલ્યાણકની જેમ દીક્ષા વખતેય ઈન્દ્રે પ્રભુનો અભિષેક કર્યો, પણ તાંડવનૃત્ય ન કર્યું, કેમ કે પ્રભુના વૈરાગ્યસમુદ્રમાં તેનું ચિત્ત પણ વૈરાગ્યથી ભીંજાઈ ગયું હતું. જો કે દેવોએ દિવ્ય વાજાં વગાડ્યાં, પણ તેમાંથી હર્ષના ઘોંઘાટને બદલે શાંતિના પ્રશાંત સૂર નીકળતા હતા. પ્રભુએ સર્વ જીવો પ્રત્યે પ્રશાંતરસઝરતી અમીદૃષ્ટિથી જોયું, સર્વત્ર રાગદ્વેષને શમાવીને સમભાવ ધારણ કર્યો; પ્રભુની પરમ શાંત દૃષ્ટિને લોકો સ્તબ્ધ બનીને જોઈ રહ્યા. શું બોલવું—તે કોઈને કાંઈ સૂઝ્યું નહિ. "હવે અમને છોડીને ભગવાન પોતાના જીવનનું એક અતિ ઉત્તમ કાર્ય કરી રહ્યા છે, ને થોડા વખતમાં જ તેઓ પરમાત્મા થઈને રત્નપુરીમાં પધારશે!" એવી કોઈ મહાન ભાવનાપૂર્વક સર્વે લોકો, હવે શું થાય છે તે કુતૂહલથી નીહાળી રહ્યા હતા. જિનદીક્ષાનો આ પ્રસંગ તેમને માટે તદ્દન નવીન હતો; વૈરાગ્યના અવનવા દૃશ્યો દેખીને તેમને આશ્ચર્ય તેમજ આનંદ પણ થતો હતો : અહા, આવા મહાન વૈભાવશાળી મહારાજા આ બધુંય છોડીને તપોવનમાં આત્માને સાધવા માટે જાય છે! ધન્ય છે એમની શૂરવીરતાને! ધન્ય છે એમના વૈરાગ્યને!!



આ તરફ સંસારની અનિત્યતા વગેરે બાર વૈરાગ્ય ભાવનાના ચિંતનમાં તત્પર મહારાજ ધર્મનાથ વનગમન કરવા માટે પાલખીમાં બિરાજમાન થયા...તે વખતે ઈંદ્રે પોતે હાથ લંબાવી પ્રભુને સહારો આપવાની વ્યર્થ ચેષ્ટા કરી; તોપણ તેને પોતાને માટે તો તે સફળ થઈ : અહા, તે બહાને ત્રણલોકના નાથે તેનો હાથ ઝાલ્યો...જાણે કે પ્રભુને હાથ

સોંપીને તે કહેતો હતો કે ‘હે દેવ ! હું લાચાર છું કે દેવપર્યાયમાં છું—તેથી તમારી સાથે દીક્ષા લઈ શક્તો નથી, તોપણ મારો હાથ તમને સોંપીને, આ દેવપર્યાય પૂરી થતાંવેંત તમારા માર્ગે મોક્ષમાં આવી રહ્યો છું.’

પાલખીમાં આરૂઢ થઈને પ્રભુ રત્નપુરીના મનોહર વનમાં આવ્યા. માથેથી મુગટ ઊતાર્યો ને ગળેથી હાર કાઢ્યો, વસ્ત્રો પણ છોડ્યા ને મસ્તક ઉપરના કેશનું પણ લૂંચન કર્યું. સિદ્ધોને વંદન કરીને પ્રભુ આત્મધ્યાનમાં એકાગ્ર થયા ને શુદ્ધોપયોગવડે રત્નત્રય પ્રગટ કરીને મુનિ બન્યા. બીજા કેટલાય રાજાઓ તેમજ પ્રજાજનોએ પણ વૈરાગ્ય પામીને પ્રભુ સાથે દીક્ષા લીધી; કેટલાય ધર્માત્મા મનુષ્યો તેમજ તિર્યંચોએ પણ તે વખતે શ્રાવકનાં દેશવ્રત ધારણ કર્યા; અને કેટલાય જીવો આ દશ્ય વડે વિષયોથી ને રાગથી ભિન્ન આત્માના શાંત સ્વરૂપની ઓળખાણ કરીને સમ્યગ્દષ્ટિ બન્યા. ચારેકોર ધર્મનો પ્રભાવ ફેલાઈ ગયો; રત્નપુરી જાણે ધર્મપુરી બની ગઈ !

મહારાજ ધર્મનાથે રત્નહાર છોડીને રત્નત્રય અંગીકાર કર્યા; હવે તેઓ બહારમાં વસ્ત્રાલંકાર રહિત હોવા છતાં, તેણે સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રના બનેલા સુંદર રત્નહાર વડે અંદરમાં પોતાના આત્માને શણગાર્યો કે મોક્ષસુંદરી પણ તેમના પર મોહિત થઈને તેમને વરવા ઉત્સુક થઈ.

કેશલોચ વખતે પ્રભુએ માત્ર કાળા વાળને નહિ, પણ અંદરના કાળા કર્મોને પણ મૂળમાંથી ઊખેડીને દૂર કર્યા. અરે, આ વાળ પહેલાં પ્રભુના મસ્તક પર શોભતા હતા,—એમ વિચારીને આદરપૂર્વક ઈન્દ્રે તે વાળને રત્નમણિની પેટીમાં લીધા ને પછી લાખો યોજન દૂર પવિત્ર ક્ષીરસમુદ્રમાં તેનું ક્ષેપણ કર્યું.

ભગવાન જાણે આજે જ જન્મ્યા હોય—એમ નિર્વસ્ત્ર અને નિર્વિકાર હતા... છતાં વીતરાગતાથી અદ્ભુત શોભતા હતા. ભવ્યજીવોએ જોયું કે જીવની સાચી શોભા બાહ્યઅલંકારો વડે નહિ પણ સમ્યક્ત્વાદિ વીતરાગ ભાવ વડે જ છે.

મુનિરાજ ધર્મનાથ જ્યારે ધ્યાનયોગમાં સ્થિર હોય ત્યારે જોનારને એમ લાગતું કે આ તે કોઈ ભગવાનનું ચિત્ર છે કે શું ? તેમનું ચરિત્ર એવું ઉત્તમ હતું કે, શંકર—મહાદેવસહિત આખા સંસારને જીતનારો કામદેવ બિચારો તેમની સામે નજર પણ કરી શકતો ન હતો. શંકરને તો ક્રોધથી ખુલેલું ત્રીજું નેત્ર હતું, તેની પાસે પણ તે ભસ્મ થઈ ગયો, તો પછી જિનમુનિરાજને તો વીતરાગતાથી ખીલેલાં ચાર નેત્ર હતા, તેની સામે તે કામ બિચારો કેમ ટકી શકે ?

અરે, તે શાંત મુનિરાજ પાસે એકેન્દ્રિય એવા વાયુ કે વનસ્પતિ પણ અનુકૂળ પ્રવર્તન કરતા હતા, પ્રતિકૂળ થતા ન હતા, ને પ્રભુની સમીપતામાં પ્રસન્નતાથી ખીલી ઊઠતાં; તો પછી સિંહ કે સર્પ જેવા પંચેન્દ્રિય જીવો પોતાનો દુષ્ટ ભાવ છોડીને, પ્રભુ પાસે શાંત અને પ્રસન્ન થઈને અનુકૂળ વર્તે—એમાં શું આશ્ચર્ય ! તે ધર્મમુનિરાજ જો કે બોલતા ન હતા તોપણ સૌને મોક્ષમાર્ગ સમજાવતા હતા, સ્વયં પ્રયોગથી સાક્ષાત્ મોક્ષમાર્ગ દેખાડતાં હતા; તેઓ પોતે જ મોક્ષમાર્ગ હતા.

ભગવાનનું ચરિત્ર આશ્ચર્યકારી હતું : જો કે તેઓ સમભાવી હતા, છતાં ચિર-પરિચિત રાગ પ્રત્યે તો અનાદરબુદ્ધિ રાખતા હતા ને નવીન પરિચિત એવી મુક્તિપ્રત્યે પક્ષપાત રાખતા હતા, કેમકે હજી પૂર્ણ વીતરાગ નહોતા થયા. તેમનું ચિત્ત સ્ફટિક જેવું નહિ પણ તેના કરતાંય નિર્મળ હતું, કેમકે સ્ફટિક પત્થર તો બાહ્યવિષયોના સંસર્ગવડે વિકૃત થઈ જતો હતો, પરંતુ આ ધર્મમુનિરાજનું ચિત્ત કોઈ

પણ બાહ્ય વિષયો વડે વિકૃત થતું ન હતું, પોતાના સ્વરૂપમાં જ સ્થિર અને શુદ્ધ રહેતું હતું.

એ રીતે મુનિરાજ ધર્મનાથ ઉપવાસપૂર્વક બે દિવસ આત્મધ્યાનમાં રહ્યા. ત્રીજા દિવસે પારણા માટે પાટલીપુત્ર નગરીમાં પધાર્યા, ત્યાં ઉત્તમ દાતા એવા મહાભાગી ધન્યસેન રાજાએ તે ઉત્તમ સુપાત્રને આહારદાન કર્યું. ઉત્તમ દાનના પ્રસંગથી દેવોએ પણ આનંદિત થઈને ત્યાં પુષ્પવૃષ્ટિ–મંગલવાજાં વગેરે પાંચઆશ્ચર્ય પ્રગટ કર્યા અને 'અહો દાનં–મહા દાનં' એવી આકાશવાણી વડે દાનની પ્રશંસા કરી. ધર્મ મુનિરાજ મૌન જ રહેતા હતા; મૌન હોવા છતાં તેમનું શ્રુતજ્ઞાન તો અંદરમાં કેવળજ્ઞાનને સાદ પાડી–પાડીને બોલાવી રહ્યું હતું...ને તે શ્રુતજ્ઞાનના અતીન્દ્રિય નાદને સાંભળીને કેવળજ્ઞાન એકદમ ઝડપથી તેમની પાસે આવી રહ્યું હતું.

એ પ્રમાણે સ્વાનુભવથી ચૈતન્યની મસ્તીમાં ઝૂલતાં ઝૂલતાં, લગભગ એક વર્ષના વિહાર બાદ પ્રભુ ધર્મમુનિરાજ રત્નપુરીમાં તે જ દીક્ષાવનમાં પુનઃ પધાર્યા ને ધ્યાનયોગમાં સ્થિર થયા; તેમના શુદ્ધોપયોગની ધારા એકદમ વૃદ્ધિગત થવા લાગી. તેમણે અપૂર્વ શુક્લધ્યાન વડે ક્ષપકશ્રેણીમાં પ્રવેશ કર્યો ને અત્યંત ઝડપથી ચોથા કલ્યાણકના હેતુભૂત એવું પંચમજ્ઞાન પ્રગટ કરીને તીર્થંકર પરમાત્મા થયા. 'પોષ સુદ પૂર્ણિમા'એ ઈન્દ્રોએ પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકનો ભવ્ય મહોત્સવ ઊજવ્યો. પ્રભુના કેવળજ્ઞાનથી પ્રભાવિત થઈને જડ–આકાશ પણ પ્રસન્નતાથી વાજાં વગાડવા લાગ્યું ને સર્વત્ર નિર્મલ થઈ ગયું, તો પછી ચેતનવંતા જીવોનું ચિત્ત પ્રસન્ન અને નિર્મલ થઈ જાય તેમાં શું આશ્ચર્ય!!

રત્નપુરીના ભાગ્યવાન જીવોએ પોતાની નગરીમાં તીર્થંકર પ્રભુના ચાર કલ્યાણક નજરે જોયા. તેમાંય જન્મકલ્યાણક કરતાંય કેવળજ્ઞાન-કલ્યાણકની વિશેષતા હતી, કેમકે જન્મકલ્યાણક વખતે મેરુ ઉપર રત્નપુરીના પ્રજાજનો જઈ શક્યા ન હતા, ત્યારે આ કેવળકલ્યાણક વખતે તો ધર્મનાથ ભગવાનની ધર્મસભામાં દેવોની સાથે મનુષ્યો તેમજ તિર્યંચો પણ આવ્યા ને પ્રભુની વાણી સાંભળીને ધર્મ પામ્યા. પહેલાં મુનિદશા વખતે મૌનવ્રત હતું, હવે કેવળજ્ઞાન થતાં ભગવાને તે મૌનનો ભંગ કર્યો; તેમની દિવ્યવાણી છૂટવા લાગી. જો કે વાણી નીકળવા છતાં ભગવાન તો મૌન જ હતા કેમકે એક તો તેમને વચનસંબંધી કોઈ વિકલ્પ ન હતો, અને બીજું તેમને સર્વાંગેથી ધ્વનિ ઊઠતો હતો એટલે મોઢું ખોલતા ન હતા; આ રીતે એકસાથે ૭૦૦ ભાષા બોલવા છતાં પ્રભુ મૌન હતા...ખરેખર, આ એક આશ્ચર્યની વાત છે. આવો આશ્ચર્યકારી અતિશય હે ભગવાન તીર્થંકરદેવ! આપના સિવાય બીજા કોઈને હોતો નથી. એક સમયમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ વસ્તુસ્વભાવનું પ્રકાશક આપનું કેવળજ્ઞાન સર્વ જીવોને આનંદકારી છે. એક જ પ્રદેશમાં ને એક જ સમયમાં એક સાથે વસ્તુનું ઉત્પાદ–વ્યય–ધ્રુવપણું–તેને જાણવાની તાકાત હે સર્વજ્ઞદેવ! આપના જ જ્ઞાનમાં છે. તેથી આપે ઉપદેશેલો અનેકાંતમય વસ્તુધર્મ તે જ સત્ય છે. પ્રભુની વીતરાગ વાણી સાંભળીને ઘણાય દેવો–મનુષ્યો તેમ જ તિર્યંચો આત્મજ્ઞાન પામ્યા; તેમાંય વ્રત–મહાવ્રત લેવા માટે તો દેવો કરતાંય મનુષ્યો વિશેષ અધિકારી હતા. તે અધિકારની વિશેષતાથી અરિષ્ટસેન વગેરે ભવ્યાત્માઓ, પ્રભુ પાસે જ પંચમહાવ્રત અંગીકાર કરીને તેમના ગણધર બન્યા ને તત્કાળ તેમને ૧૨ અંગરૂપ શ્રુતકેવળીપણું તેમજ મનઃપર્યયજ્ઞાન અને આકાશગામિત્વ વગેરે અનેક લબ્ધિઓ પ્રગટી. એવા ૪૩ ગણધરો પ્રભુની સભાને શોભાવતા હતા. તે સમવસરણમાં તીર્થંકર પ્રભુની સમકક્ષ બીજા સાડાચાર હજાર અરિહંત–કેવળીભગવંતો ત્યાં શ્રીમંડપની ઉપર આકાશમાં

બિરાજતા હતા...અદ્‌ભુત હતું એ દ્રશ્ય!–એ પરમાત્મસમૂહને જોતાં જ આત્મા શાંતરસમાં ઠરી જતો હતો. તે ઉપરાંત અવધિજ્ઞાની–મનઃપર્યયજ્ઞાની–વાદી–વિક્રિયાલબ્ધિધારી–બારઅંગધારી અને ઉપાધ્યાય, એવી વિશેષતાવાળા હજારો મુનિવરો સહિત કુલ ૬૪૦૦૦ મુનિવરો, ૬૨૪૦૦ અર્જિકાઓ; બે લાખ શ્રાવકો ને ચાર લાખ શ્રાવિકાઓના ધર્મસંઘથી પ્રભુની ધર્મસભા અતિશય શોભતી હતી. અહા, એ તો પ્રભુની નગરીમાં મોક્ષગામી જીવોનો મોટો મેળો હતો.

–આ રીતે ધર્મતીર્થંકરની સમીપતાથી ચેતનવંતા ભવ્યજીવો તો ધર્મ પામીને આનંદથી ખીલી ઊઠ્યા હતા; તેમજ આકાશ અને પૃથ્વી, હવા અને વૃક્ષો–એ બધાય પણ હર્ષથી રોમાંચિત થઈ ગયા. આકાશમાં વાજાં વાગવા માંડ્યા ને ફૂલ વરસવા લાગ્યા, હવા સુગંધી બની ગઈ; ઝાડ કલ્પવૃક્ષ બનીને ઈચ્છિત પદાર્થ દેવા લાગ્યા, અરે, ત્યાંની વાવડીનું પાણી પણ એવું સ્વચ્છ ને ઊજ્જ્વળ બની ગયું કે તેમાં માત્ર પોતાનું મોઢું નહિ પણ પૂર્વભવ પણ દેખાવા લાગ્યા. પ્રભુ પાસેનું પાણી પણ આવું પવિત્ર થયું તો પ્રાણીઓનું જ્ઞાન કેવું પવિત્ર થયું હશે!! ત્યાં પૂર્વ–પશ્ચિમ કે ઉત્તર–દક્ષિણ ચારે દિશામાં બેઠેલા જીવોને એમ જ લાગતું હતું. કે અમે પ્રભુની જ સન્મુખ છીએ. ભગવાનનું મુખ ચારે દિશાએથી એક સરખું જ દેખાતું હતું. ચારે દિશામાં પ્રભુનું મુખ હોવા છતાં તેમનો ઉપયોગ કાંઈ ચારે દિશામાં ફરતો ન હતો, તેમનો ઉપયોગ તો પોતાના સ્વરૂપમાં જ લીન હતો. સ્વમાં લીન રહીને જ તેઓ સમસ્ત સ્વ-પરને જાણતા હતા. આવું કેવળજ્ઞાન તે પ્રભુનો સર્વોત્કૃષ્ટ અતિશય હતો. તે ઉપરાંત બીજા પણ અનેક અતિશયો હતા.

ક્ષુધા-તૃષા ન હતા એટલે આહાર-પાણીનું ગ્રહણ પણ ન હતું. લાખો વર્ષ સુધી આહાર–પાણી વગર તેમનું શરીર પુણ્યાતિશયને લીધે એવું ને એવું તેજસ્વી રહ્યું હતું. આત્મામાંથી જ પ્રગટતા પૂર્ણ આનંદના ખોરાકથી, અને પરમ શાંતિના પાનથી તે પરમાત્મા સંપૂર્ણ તૃપ્ત હતા. તેમને મોહ–રોગ સંપૂર્ણ દૂર થયો હતો તેથી બીજા રોગને પણ કોઈ અવકાશ ન હતો. તેમને બાકી રહેલા ચાર કર્મો તે તો કહેવા માત્ર જ હતા–કાંઈ તે કર્મોનો ઉદય તેમને બંધનું કારણ થતો ન હતો. અપિતુ ભવ્યજીવોને માટે ધર્મપ્રભાવનામાં જ તે હેતુ થતો હતો. ભગવાનને અનંત ચેતનચક્ષુ એકસાથે ખૂલી ગયા, ત્યાં આ બિચારી બે જડ આંખો તો હતાશાથી એવી સ્તબ્ધ થઈ ગઈ કે મટકુંય મારવાની શક્તિ તે ગુમાવી બેઠી. પ્રભુને તો પાપો દૂર થયા, પરંતુ તેમના પ્રભાવે બીજા જીવોનાં પાપો પણ એવા દૂર ભાગ્યા કે તેમની આસપાસ ૨૦૦ યોજનમાં એટલે કે (અઢી હજાર કિલોમીટરમાં) રહેતા કોઈ જીવને રોગ, હિંસા, ચોરી, દુષ્કાળ વગેરે કોઈ ઉપસર્ગ થતો ન હતો; સિંહ ને સસલું, નોળિયો ને સર્પ એકબીજાના મિત્ર થઈને શાંતિપૂર્વક સાથે રહેતા હતા. રોગીના રોગ દૂર થઈ જતા હતા; ત્યાં કોઈ અપંગ કે દરિદ્ર રહેતું ન હતું...એકલા બહારના નહિ, અંદરના ચૈતન્યવૈભવને પણ ઘણા જીવો પામતા હતા.

અહો, પ્રભુનો મહિમા કેટલો કહીએ! એ પરમાત્માનો પૂરો મહિમા જાણવા માટે તો તેમના જેવા જ થવું પડે, કેમકે તે જ્ઞાનગોચર છે, વચનગોચર નથી. અહા, ઈન્દ્ર જેની સેવા કરવા આવે અને ઈન્દ્રલોકની સામગ્રી લાવીને ભક્તિથી જેમની પૂજા કરે તે પરમાત્માના મહિમાની શા વાત!! આ ઉપરથી એમ સાબિત થતું હતું કે : જે જીવ ઈન્દ્રપદની વિભૂતિનોય અનાદર કરી શકે તે જ પોતાના ચિત્તમાં જિનદેવની ઉપાસના કરી શકે. ઈન્દ્રવૈભવનીયે અભિલાષા છોડીને જિનપદની ભાવનામાં જે પોતાનું ચિત્ત જોડે છે તે જ મોહને જીતીને મોક્ષને પામે છે. અહા, એક ક્ષણભર પણ પ્રભુનું દર્શન ભવ્ય

જીવને માટે મનોહર મંગળ મહોત્સવ છે; પ્રભુની સર્વજ્ઞતા દેખતાં જ પરમાત્મભાવના જાગી ઊઠે છે, એટલે મિથ્યાત્વપાપો દૂર ભાગે છે ને અપૂર્વ સમ્યક્ત્વ થાય છે; સર્વ પ્રકારે મંગલ થાય છે. પ્રભુના સમવસરણમાં જો કે દશવિધ કલ્પવૃક્ષ છે—જે ઇચ્છિત પદાર્થ આપે છે પરંતુ તે કાંઇ ધર્મ નથી આપતા. ધર્મરૂપ રત્નત્રય દેનારા કલ્પવૃક્ષ તો ધર્મ જિનેન્દ્ર છે. એ ચેતન કલ્પવૃક્ષને છોડીને અચેતન—પદાર્થ દેનારા કલ્પવૃક્ષ પાસે ભીક્ષા માંગવા કોઈ મુમુક્ષુ રોકાતા ન હતા. 'અરે મોક્ષફળ દેનારા મહાન કલ્પવૃક્ષ-જિનદેવ અહીં સાક્ષાત્ બિરાજે છે ને હું અહીં મારી શાખા ફેલાવીને તેમની સામે ઊભું છું!' એમ તે કલ્પવૃક્ષને લજ્જા પણ નહોતી આવતી...ખરું જ છે—અચેતનને શરમ શી? અથવા એમ માનો કે, અમૃતપાન—અમૃતફળ વગેરે દ્વારા જિનદેવના ભક્તોનું સ્વાગત કરવા માટે, દેવો જ તે કલ્પવૃક્ષનું રૂપ લઈને ત્યાં ઊભા હતા, ને એ રીતે જિનદેવનું દાસાનુદાસપણું પ્રસિદ્ધ કરતા હતા.

દેવોનાં દુદુંભી વાજાં અતિ મધુર અવાજે જગતસમક્ષ જિનેન્દ્રમહિમા પ્રસિદ્ધ કરતા હતા કે અરે જીવો, દેખો....દેખો! ક્યાં સમવસરણની આ દિવ્ય—આશ્ચર્યકારી વિભૂતિ! અને ક્યાં આ જિનપરમાત્માની નિસ્પૃહતા!!જગતમાં ક્યાં છે આવું જ્ઞાન ને ક્યાં છે આવી વીતરાગતા! તમે વીતરાગી શાંતિનો માર્ગ જાણવા ચાહતા હો તો અહીં આવો ને આ સર્વજ્ઞવીતરાગ પરમાત્માને સેવો! અને પછી, સમવસરણમાં આવીને મુમુક્ષુ જીવો જ્યાં એ ધર્મનાથ જિનેશ્વરની પરમ શાંત મુદ્રા દેખતાં ત્યાં મુગ્ધ બનતા; તથા દિવ્યવાણીમાં સાંભળતાં કે—અહો જીવો! આત્માના પરમાત્મપણાનો આવો (અમારા જેવો જ) વૈભવ તમારામાં છે...તમે તેને દેખો...એ સાંભળતાં જ મુમુક્ષુ જીવોની દૃષ્ટિ અંતર્મુખ થઈ જતી, ને પોતાના પરમ નિધાનને દેખીને તેઓ કલ્પનાતીત તૃપ્તિ—શાંતિ ને આનંદ અનુભવતા. પછી તે જીવો ઉલ્લાસથી કહેતા : અહો! ધર્મ જિનેશ્વર! અમને તમારા શાસનનો રંગ લાગ્યો છે, તેમાં હવે કદી ભંગ પડવા નહિ દઇએ.... પ્રભો! આપે બતાવેલા ધર્મ સિવાય બીજા કોઈ ધર્મને મારા મન—મંદિરમાં સ્થાન નહિ આપીએ. આપના માર્ગને સ્વાનુભવથી ગ્રહણ કર્યો, હવે અમારે ભવભ્રમણ હોઈ શકે નહિ; અમારે હવે મોક્ષની સાધના શરૂ થઈ ગઈ.... ને અમે તમારા કૂળના થયા; તમારી જેમ અલ્પકાળમાં અમે પણ પરમાત્મા થશું ને મોક્ષમાં જશું.

પરમાત્મપણાનો વૈભવ દેખાડનારી એ દિવ્યધ્વનિ ખરેખર અદ્ભુત આશ્ચર્યકારી હતી. અને પ્રભુની પાસે એક અચંબો તો જુઓ! તેમનું સમવસરણ જમીનથી ૨૦૦૦૦ (વીસ હજાર) પગથિયા ઊંચું, અને તે સમવસરણની અંદર મોટા માનસ્તંભ—મંદિરો—વાવડી-કલ્પવૃક્ષ—પર્વતોની રચના, તથા બારસભામાં લાખો—કરોડો દેવો—મનુષ્યો—તિર્યંચો બેસે, છતાં તે સમવસરણને નીચે જમીનનો આધાર નથી, કે થાંભલા વગેરે બીજા કોઈનો ટેકો નથી; આખુંય સમવસરણ જમીનને અડ્યા વગરનું નીરાલંબી છે અને એ સમવસરણની અંદર અદ્ભુત દૈવી ગંધકૂટી છે, પરંતુ ભગવાન તીર્થંકર તો તેને પણ અડ્યા વગર નીરાલંબીપણે બિરાજે છે. અદ્ભુત....ખરેખર અદ્ભુત!! સ્વયંભૂ સર્વજ્ઞ થયેલા આત્માએ પોતાના જ્ઞાન-સુખ-માટે રાગનું કે ઇન્દ્રિયનું આલંબન છોડી દીધું ને નીરાલંબી થઈ ગયા, ત્યાં તેનો દેહ પણ નીરાલંબી થઈને આકાશમાં રહ્યો! વાહ રે પ્રભો! પરાલંબન વગરનો તમારો સ્વાશ્રિત માર્ગ!! તે ખરેખર પરમ પ્રશંસનીય છે.

આ રીતે, નીરાલંબી સમવસરણમાં બિરાજમાન તે નીરાલંબી ધર્મનાથ ભગવાને, જેમાં

શુભરાગનુંય આલંબન નથી એવા પરમ નીરાલંબી રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો : હે જીવો ! તમારા આત્માનો મોક્ષમાર્ગ તમારા આત્માના જ આશ્રયે છે; માટે આત્મામાંથી જ મોક્ષમાર્ગ પ્રગટ કરો. પરદ્રવ્યનું આલંબન કરવા ન જાઓ, ઉપયોગને પરદ્રવ્યોમાં ન ભમાવો. ઉપયોગને પોતાના આત્મસ્વરૂપમાં જ એકાગ્ર કરીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમો.

**ચારિત્ર–દર્શન–જ્ઞાનમાં તું જોડ રે નિજ આત્મને;**
**ચારિત્ર–દર્શન–જ્ઞાનને બસ ! મોક્ષમાર્ગ જિનો કહે.**
**–તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા–અનુભવ તેહને;**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.**

જિનોપદેશ ઝીલીને ઘણાય જીવો સ્વાશ્રયે રત્નત્રયધર્મરૂપે પરિણમ્યા ને પોતાના આત્માને મોક્ષમાર્ગમાં જોડ્યો. આ રીતે લાખો વર્ષ સુધી ભગવાન ધર્મનાથે ધર્મચક્રપ્રવર્તન કર્યું. તેઓ ધર્મસામ્રાજ્યના નાયક હતા. તેઓ પૃથ્વી પર પગ મૂકતા ન હતા, ગગનમાં જ (૫૦૦૦૦ ફૂટ ઊંચે) વિહાર કરતા હતા. સમવસરણમાં એટલે ઊંચે પહોંચવા માટે દેવનિર્મિત વીસહજાર પગથિયાં હતા, અને ભવ્ય જીવો અંતર્મુહૂર્તમાં જ થાક વગર તે ચડી જતા હતા.–અરે, પ્રભુના ધ્યાનવડે મોક્ષ પણ બે ઘડીમાં સાધી શકાય છે તો વીસહજાર પગથિયાંની શી ગણતરી !! ભગવાનના સમવસરણમાં દાખલ થતાં જ 'માનસ્તંભ'ની દિવ્યતા દેખીને, એ આશ્ચર્યકારી જિનવૈભવ પાસે ભવ્યજીવોનું હૃદય નમ્રીભૂત થઈ જતું હતું ને અંતરમાં જિનમહિમા જાગીને તેને જિનદેવની તથા જૈનધર્મની પ્રતીત થઈ જતી હતી. ભગવાને દિવ્યધ્વનિમાં જે મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો તે મોક્ષમાર્ગરૂપ ધર્મની મુખ્ય ઉપાસના નિર્ગ્રંથ મુનિવરોને હોય છે, ને તેના એક ભાગની ઉપાસના શ્રાવક-ગૃહસ્થને હોય છે. તે મુનિધર્મ કે શ્રાવકધર્મ બંનેમાં સમ્યગ્દર્શન તો મૂળભૂત હોય જ છે. જીવ–અજીવાદિ નવ તત્ત્વોના સ્વરૂપનું જ્ઞાન અને તેમાં શુદ્ધદ્રવ્ય-પર્યાયરૂપ જીવતત્ત્વની અનુભૂતિરૂપ શ્રદ્ધાન, તે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે.

ભગવાન ધર્મનાથે, સમ્યગ્દર્શન જેનું મૂળ છે એવા ચારિત્રધર્મનો ઉપદેશ આપ્યો. સમ્યગ્દર્શનની પાત્રતાવાળા જીવને તેની ભૂમિકારૂપે દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા હોય છે તેમ જ માંસ–ઈંડા–મધ–મદિરા વગેરે મહાપાપકારી અભક્ષનો ત્યાગ હોય છે. જેમાં માંસભક્ષણ-મદિરાપાન કે વેશ્યાસેવન–બળાત્કાર–ચોરી–ખૂન વગેરે મહાપાપનાં દૃશ્યો દ્વારા તે પાપની પુષ્ટિ અથવા અનુમોદના થતી હોય એવા દૃશ્યો (ફિલ્મ–સિનેમા–ટી.વી.) મુમુક્ષુ ધર્મીજીવ જુએ નહિ; ત્રસહિંસાના કારણરૂપ રાત્રિભોજન કરે નહિ, અણગળ પાણી પીએ નહિ. ધર્મીશ્રાવકનાં પરિણામ સંસારથી ને વિષય–ભોગોથી વિરક્ત હોય છે, પરિણામની શુદ્ધિપૂર્વક તે 'સામાયિક'–ભાવના વડે વીતરાગતાનો અભ્યાસ કરે છે; તેના વડે ઊંડા સંસારસમુદ્રને માત્ર ઘૂંટણભર પાણી જેટલો કરી નાંખે છે. પછી મોક્ષમાર્ગને પૂર્ણ કરવા તે ઘરપરિવાર ધન–વસ્ત્રાદિ સમસ્ત પરિગ્રહોને તેમજ કષાયોને છોડીને શુદ્ધોપયોગપૂર્વક મુનિ થાય છે; રત્નત્રયવંત મુનિદશા તો ત્રિલોકપૂજ્ય પરમેષ્ઠીપદ છે. આ શુદ્ધોપયોગીમુનિમાં ને સિદ્ધભગવંતમાં શું કાંઈ ફેર છે ?–નહીં, બંને પરમાત્મસુખમાં જ લીન છે.

–તીર્થંકર ધર્મનાથપ્રભુનો ધર્મોપદેશ સાંભળીને કેટલાય જીવો તત્કાળ સંસારથી વિરક્ત થઈને મુનિ થયા, કેટલાય જીવો સમ્યક્ત્વસહિત વ્રત ધારણ કરીને શ્રાવક થયા; અરે, સિંહ, સસલાં, બળદ,



વાંદરા, સર્પ, હાથી વગેરે કેટલાય તિર્યંચજીવો પણ આત્મજ્ઞાન સહિત વ્રત ધારણ કરીને શ્રાવક થયા ઇન્દ્રાદિદેવો જે દશા (પંચમ ગુણસ્થાન) પ્રગટ કરી ન શક્યા તે દશા એ તિર્યંચ જીવોએ પ્રગટ કરી. પ્રભુએ ભારતમાં વિહાર કર્યો. ગુજરાતમાં ને સૌરાષ્ટ્રમાં, બિહારમાં ને બંગલામાં, હિમાલય પ્રદેશમાં ને નેપાલમાં, શ્રીલંકામાં ને બ્રહ્મદેશમાં, નર્મદાકિનારે વિંધ્યપ્રદેશમાં ને રાજસ્થાનમાં, મહારાષ્ટ્રમાં ને કર્ણાટકમાં—સર્વત્ર ધર્મ વિહાર કરતાં એ ગગનવિહારી પ્રભુને કોઈ નદી કે પર્વતો વચ્ચે નડતા ન હતા. તેમના વિહાર વખતે આગળ—આગળ એક હજાર દિવ્ય આરાથી ચમકતું દૈવી ધર્મચક્ર ચાલતું હતું; જે કુચક્રને જીતીને એમ પ્રસિદ્ધ કરતું હતું કે જગતમાં ધર્મના રાજા આ ધર્મનાથ તીર્થંકર જ છે, તેમની ધર્મઆજ્ઞાને કોઈ લોપી શકે નહિ. મોક્ષને અર્થે મુમુક્ષુજીવો આ ધર્મપ્રભુના શાસનને સેવો ને નિર્ભયપણે મોક્ષને સાધો.

કેવળજ્ઞાન પામ્યા પછી ભગવાન ધર્મનાથ અઢી લાખ વર્ષો સુધી તીર્થંકરપણે વિચર્યા. અંતે શાશ્વત મોક્ષભૂમિ એવા સમ્મેદાચલ પધાર્યા ને એક માસ સુધી ત્યાં સ્થિર રહ્યા. જો કે પ્રભુનો ઉપયોગ તો સ્થિર હતો જ, હવે તેમના યોગો પણ કંપન છોડીને સ્થિર થવા લાગ્યા. ચૈત્ર સુદ ચોથ આવી; પ્રભુને હવે માત્ર બે ઘડી સંસારબાકી રહ્યો હતો...બસ! મોક્ષની તૈયારી થઈ. પ્રભુનું આયુ તો એક મુહૂર્તનું જ બાકી હતું, પણ બીજા ત્રણ અઘાતિ કર્મો લાંબી સ્થિતિના હતા, તેથી પ્રભુએ આત્મપ્રદેશોના લોકવ્યાપી વિસ્તાર વડે તે કર્મોની સ્થિતિને તોડી નાંખીને બરાબર આયુ જેટલી જ કરી નાંખી. ક્ષણમાત્રમાં આયુસહિત ચારે અઘાતિકર્મોએ પોતાનું કર્મપણું છોડી દીધું ને નિષ્કર્મદશાને પામ્યા. એ જ વખતે પ્રભુ ધર્મનાથનો આત્મા, 'ધર્મનાથ કે તીર્થંકર' એવા નામને પણ છોડીને, સર્વ વિભાવ રહિત પરમ શુદ્ધ સિદ્ધપદરૂપે પરિણમ્યો; તે સિદ્ધપ્રભુ અનંતસિદ્ધો સદાકાળ જ્યાં બિરાજે છે એવી પરમ આનંદમય સિદ્ધભૂમિમાં જઈને બિરાજમાન થયા. તે સિદ્ધ ભગવંતને નમસ્કાર હો.

**ધર્મનાથ જિનરાજકા કૂટ સુદત્તવર જેહ;**
**મન–વચ–તન કર પૂજહૂં શિખર સમ્મેદ યજેહ.**

પ્રભુ ધર્મનાથ મોક્ષ પામતાં ઇન્દ્રાદિ દેવોએ તેમ જ સુધર્મ વગેરે રાજા-મહારાજાઓએ તે મુક્ત આત્માની સ્તુતિ કરીને મોક્ષનો મહોત્સવ ઉજવ્યો.

**શ્રમણો–જિનો–તીર્થંકરો એ રીત સેવી માર્ગને,**
**સિદ્ધિ વર્યા, નમુ તેમને; નિર્વાણના તે માર્ગને.**

**અહો...જયવંત વર્તો વીતરાગભાવરૂપ તે મોક્ષમાર્ગ...કે જેના પ્રસાદથી ભવ્ય જીવો સિદ્ધિને પામ્યા... પામે છે...ને પામશે. નમસ્કાર હો તે ભગવંત ધર્મ જિનેશ્વરને...કે જેમણે ઉત્તમક્ષમાદિ દશધર્મના વીતરાગી–રથને મોક્ષમાર્ગમાં ચલાવીને ભવ્ય જીવોને શાશ્વત આનંદપુરીમાં પહોંચાડ્યા.**

**(ઇતિ શ્રી ધર્મ જિનેશ્વર પંદરમા તીર્થંકરનું મંગલ પુરાણ પૂર્ણ થયું.)**

(૧૬)

ચક્રવર્તી–ત્રિપુટી
શાંતિનાથ
કુંથુનાથ
અરનાથ

(જન્મ)
હસ્તિનાપુર



ચક્રવર્તી–ત્રિપુટી
શાંતિનાથ
કુંથુનાથ
અરનાથ

(મોક્ષ)
સમ્મેદશિખર

# ભગવાન શાંતિનાથ

* **ધ્રુવ–અચલ ને અનુપમ ગતિ પામેલ શાંતિનાથને,** *
* **કરું યાદ મારા આત્મમાં સમ્યક્ત્વભાવ જગાડીને;** *
* **છે સુખ સાચું આત્મનું, ચાખી અહો મુજ આત્મમાં,** *
* **એ સિદ્ધસુખને સાધતો આવી રહ્યો તુજ પાસમાં.** *

હે પ્રભો શાંતિનાથ! અત્યારે તો આપશ્રી સાધ્યરૂપ સિદ્ધ થઈને સિદ્ધાલયમાં બિરાજી રહ્યા છો; ત્યાર પહેલાં જ્યારે આપ સંસારમાં હતા ત્યારે આપના અંતિમ બાર ભવોનો વિચાર કરતાં આપની આત્મસાધના નજર સામે તરવરે છે; સંસારની સર્વોત્કૃષ્ટ પદવીઓ ઈન્દ્રપદ, ચક્રવર્તીપદ ને તીર્થંકરપદની અચિંત્ય વિભૂતિને પામવા છતાં આપ તેમાં ક્યાંય લોભાયા નહિ; માત્ર ચૈતન્યના અતીન્દ્રિય વૈભવને જ આપે ઈષ્ટ ગણ્યો, ને કોઈપણ બાહ્યવૈભવથી સંતુષ્ટ થયા વગર અંતરના આત્મવૈભવને સાધવામાં જ આગળ વધતા ગયા. આપનું જીવનચરિત્ર વાંચતાં–વિચારતાં અમારા આત્મામાંયે આત્મસાધનાનો રંગ ચડી જાય છે...ને સંસારની વિભૂતિમાંથી મન ઊઠી જાય છે. આ રીતે આપનું આદર્શ જીવન અમને આત્મસાધનાનો રાહ બતાવે છે.

અહો શાંતિનાથ દેવ! આવા સુંદર આદર્શરૂપે આપને ધ્યાનમાં લેતાં પણ અમારા ચિત્તમાં કેવી શાંતિ થાય છે! આવી આત્મસ્પર્શી શાંતિ સંસારના કોઈ વિષયોમાં ક્યાંય કદી થઈ ન હતી. દેવ! આપ 'શાંતિના નાથ' છો... આપના ધર્મશાસનમાં અમને જે શાંતિ મળી છે તેના આપ રક્ષક છો, ને તેમાં વૃદ્ધિ કરીને પૂર્ણ શાંતિ પમાડનારા છો; તેથી ખરેખર આપ અમારા શાંતિ–નાથ છો. આપનું નામ પણ શાંતિ છે; આપ સ્વયં શાંત ભાવરૂપ છો; ને આપનું સ્મરણ અમારામાં પણ શાંતિ જગાડનારું છે; તેથી આપને નમસ્કાર કરીએ છીએ.

અહા, ત્રિલોકને પ્રતિબિંબિત કરનારું આપનું કેવળજ્ઞાનદર્પણ મહાન ઉજ્જ્વળ ને આશ્ચર્યકારી છે, તેમાં અમારા મોક્ષનું સુંદર પ્રતિબિંબ દેખાઈ રહ્યું છે; એ જ્ઞાન અને જ્ઞેય બંને મહા મંગળરૂપ છે. હે પ્રભો! આવા અપૂર્વ મંગલ-વિધાનપૂર્વક, હવે આપના અંતિમ બારભવોના વર્ણનદ્વારા આપની આત્મસાધનાનો મહિમા કરીએ છીએ ને એવી ઉત્તમ આત્મસાધના માટે અમારા આત્માને પણ ઉલ્લસિત કરીને આપના માર્ગે આવીએ છીએ.

**(ઇતિ શ્રી મંગલાચરણ)**

* * *

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ ૧૨ મો

## શ્રીષેણરાજા (ભાવિ તીર્થંકર) અને અનિંદિતા રાણી (ભાવિ ગણધર)

હે ભવ્યજીવો! તમારા અંતરમાં ભગવંત પંચપરમેષ્ઠીને બિરાજમાન કરીને શાંત ભાવપૂર્વક, ભગવાન શાંતિનાથની આ મંગલ કથા સાંભળો : ભગવાન શાંતિનાથ પૂર્વે ૧૨ મા ભવે જંબુદ્વીપના રત્નસંચયપુર નગરમાં શ્રીષેણ નામના રાજા હતા તેને સિંહનંદિતા તથા અનિંદિતા બે રાણીઓ હતી. (અનિંદિતાનો જીવ બારમા ભવે શાંતિનાથ પ્રભુનો ભાઈ–ચક્રાયુધ ગણધર થશે.) તે બંને રાણીઓને ઈન્દ્ર તથા ઉપેન્દ્ર નામના રાજકુમારો હતા.

તે નગરમાં સાત્યકી બ્રાહ્મણને સત્યભામા નામની પુત્રી હતી. તેના લગ્ન કપિલ બ્રાહ્મણ સાથે થયા (જે ખરેખર બ્રાહ્મણ નહિ પણ શૂદ્ર–દાસીપુત્ર હતો.) સત્યભામાએ જાણ્યું કે તેનો પતિ કોઈ કૂળવાન બ્રાહ્મણ નથી પણ હલકા સંસ્કારનો છે. આથી તે શીલવાન સ્ત્રીએ તે કપિલનો ત્યાગ કર્યો ને શ્રીષેણરાજાનું શરણ લઈને તેની રાણી સાથે રહેવા લાગી. આથી દુષ્ટ કપિલને શ્રીષેણ પ્રત્યે ક્રોધ થયો, અને સત્યભામા ઉપર મોહ રહી ગયો.

એકવાર રાજા શ્રીષેણના મહાભાગ્યે બે મુનિવરો તેના ઘરે પધાર્યા; શ્રીષેણે ભક્તિપૂર્વક તેમને આહારદાન કરીને ભોગભૂમિનું આયુ બાંધ્યું. ત્યારે બંને રાણીઓએ તેમજ સત્યભામાએ પણ તે મુનિરાજનો આદરસત્કાર કરીને આહારદાનની અનુમોદના કરી, અને તે ત્રણેયે પણ ભોગભૂમિનું પુણ્ય બાંધ્યું.

એકવાર તે રાજા શ્રીષેણના બંને પુત્રો એક દાસી ઉપર મોહિત થઈને અંદરોઅંદર લડાઈ કરવા લાગ્યા; આથી રાજા શ્રીષેણ દુઃખી થયા. અને, ભોગમાં આસક્ત આ પુત્રો મારી આજ્ઞા પણ માનશે

નહિ—એમ માનભંગથી દુઃખી થઈને તેણે (વિષફળ સૂંઘીને) પ્રાણ છોડ્યા. તેની સાથે તેની બંને રાણીઓ તેમજ સત્યભામાએ પણ પ્રાણ છોડ્યા...તે ચારે જીવો ક્યાં ઉપજ્યા? તે હવે જુઓ.

* * *

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ ૧૧ મો (ભોગભૂમિમાં)

અજ્ઞાનભાવે પ્રાણત્યાગ કરીને, દાનપુણ્યના પ્રતાપે તે ચારે જીવો ધાતકીખંડની—ભોગભૂમિમાં અવતર્યા.

શ્રીષેણરાજા તથા અનિંદિતારાણી એ બંને ભોગભૂમિના આર્યપુરુષ થયા; અને સિંહનંદિતારાણી તથા સત્યભામા તે બંને, તેમની આર્યા-સ્ત્રી થઈ. અહીં શાસ્ત્રકાર કહે છે કે—દેખો, પાત્રદાનનો મહિમા! —આ ચારે જીવો ઝેર સૂંઘીને અપમૃત્યુ (આપઘાત)થી મર્યા તોપણ દાનના પ્રતાપે તેઓ આ ભોગભૂમિની શુભગતિમાં ઊપજ્યા ને ત્યાં દેવ જેવા સુખો ભોગવવા લાગ્યા.

(પાછળથી, તે શ્રીષેણરાજાના બંને પુત્રો (ઈન્દ્ર તથા ઉપેન્દ્ર) દાસીકન્યા માટે લડતા હતા; ત્યારે મણિકુંડલ વિદ્યાધર (કે જે પૂર્વભવમાં તેમની માતા હતી) તેણે આવીને કહ્યું : 'અરે તમે કેમ લડો છો? જે દાસીકન્યાને માટે તમે લડી રહ્યા છો, તે તો પૂર્વભવમાં તમારી નાની બહેન હતી.' આ સાંભળતાં જ બંને રાજકુમારો વૈરાગ્ય પામ્યા; તેમણે મુનિદીક્ષા લીધી ને શુદ્ધભાવથી આત્માને સાધીને કેવળજ્ઞાન પ્રગટાવીને મોક્ષ પામ્યા; જીવના પરિણામનું આશ્ચર્ય તો જુઓ!—કે જે પુત્રોના ઝગડાના નિમિત્તે શ્રીષેણરાજાએ આપઘાત કર્યો, ને ૧૧ ભવ પછી મોક્ષ પામશે—તે બંને રાજકુમારો તો તે જ ભવમાં ભવનો અંત કરીને મોક્ષમાં ચાલ્યા ગયા.)

પાત્રદાનના પ્રભાવથી ભોગભૂમિમાં ઉપજેલા તે શ્રીષેણ વગેરે ચારે જીવોએ કલ્પવૃક્ષનાં વચનાતીત સુખો અસંખ્ય વર્ષો સુધી ભોગવ્યા. ત્યાંના દશવિધ કલ્પવૃક્ષો ઈચ્છાનુસાર (૧) અમૃત જેવા નિર્દોષ માદક પીણાં, (૨) ઉત્તમ વાજિંત્રો, (૩) હાર વગેરે દિવ્યાભૂષણો, (૪) સુગંધી ફૂલમાળા, (૫) રત્નમણિના દીપક, (૬) દિવ્ય ઝગઝગાટ, (૭) રાજમહેલ—નૃત્યશાળા, (૮) અમૃત જેવો સ્વાદિષ્ટ ખોરાક, (૯) સુવર્ણ-રત્નનાં વાસણ અને (૧૦) અતિસુંદર વસ્ત્રો, ઈત્યાદિ ઉત્તમ ભોગસામગ્રી ત્યાંના પુણ્યવાન જીવોને આપે છે. આ કલ્પવૃક્ષો તે કાંઈ વનસ્પતિકાયનાં ઝાડ નથી, તેમ જ દેવકૃત પણ નથી, અનાદિનિધન પૃથ્વીની જ તેવી રચના છે, ને જીવોના પુણ્યપ્રભાવને લીધે, બીજા કોઈ નિમિત્ત વગર સ્વભાવથી જ તેવા ઉત્તમ ફળ દેનારાં છે. હે ભવ્ય પાઠક! આવી સુંદર ભોગભૂમિનું વર્ણન વાંચતાં તું એક વાત ધ્યાનમાં રાખજે કે તે જડ—રત્નભૂમિ અને જડ—કલ્પવૃક્ષો ગમે તેવા સુંદર હોય તોપણ, માત્ર બાહ્ય ઈન્દ્રિય-વિષયના ભોગો જ આપે છે, કાંઈ ચૈતન્યનું અતીન્દ્રિય સુખ કે સમ્યક્ત્વ તેઓ આપી શકતાં નથી, અતીન્દ્રિયસુખ તો પોતાનું ચૈતન્ય-કલ્પવૃક્ષ જ આપી શકે છે, માટે તે જ સેવવા યોગ્ય છે.

ભોગભૂમિના જીવોને વ્રત-સંયમદશા કે મોક્ષપ્રાપ્તિ થતી નથી; કોઈ જીવોને સમ્યગ્દર્શન—આત્મજ્ઞાન ને ચોથું ગુણસ્થાન હોઈ શકે છે. કોઈ જીવ મનુષ્યનું આયુ બાંધ્યા પછી ક્ષાયિક સમ્યક્ત્વ પામે, તો તે પણ ભોગભૂમિમાં ઊપજે છે. બાકી આત્મજ્ઞાન વગર પાત્રદાન દેનારા ઘણા ભદ્ર જીવો પણ ભોગભૂમિમાં ઊપજે છે. ત્યાં કોઈ પશુનો ભય નથી, રાત—દિવસ કે ઋતુ—પરિવર્તન નથી, ઠંડી-ગરમી

નથી, કોઈ એક બીજાને દુઃખ દેતાં નથી; બધા જીવો શાંત ભદ્રપરિણામી છે; ત્યાંના સિંહ વગેરે પશુઓ પણ માંસભક્ષી નથી, અહિંસક છે. ત્યાં કીડી-મકોડા-મચ્છર વગેરે તૂચ્છ જીવો હોતાં નથી. ત્યાંના બધા જીવો સર્વાંગસુંદર હોય છે. કોઈ કોઈવાર ઋદ્ધિધારક મુનિવરો તે ભોગભૂમિમાં પધારે છે ને તેમના ઉપદેશથી ઘણા જીવો આત્મજ્ઞાન પામે છે. પાપી જીવોનો ત્યાં અભાવ છે. ત્યાંના બધાય જીવો મરીને સ્વર્ગમાં જ ઊપજે છે, બીજી કોઈ ગતિમાં જતા નથી. ત્યાં કોઈ જીવ દુરાચારી નથી; કોઈને ઈષ્ટવિયોગ થતો નથી; ત્યાં કોઈ જીવને નિદ્રા નથી, આળસ નથી, મળ–મૂત્ર નથી; થૂંક કે પરસેવો નથી; બધા જીવો મધુરભાષી, મંદકષાયી ને વજ્રશરીરી છે. તે ભોગભૂમિના જીવોને જે નિશ્ચિંત સુખ છે તે ચક્રવર્તીના વૈભવમાંય નથી. તેઓ સ્વયં પોતપોતાના રાજા છે, બીજો કોઈ રાજા તેમના ઉપર નથી. જન્મ્યા બાદ છ અઠવાડિયામાં તેઓ સંપૂર્ણ યુવાન થઈ જાય છે : મૃત્યુ સમયે પણ તેમને કોઈ પીડા થતી નથી અંતસમયે માત્ર છીંક અને બગાસું આવતાં સુખપૂર્વક તેઓ પ્રાણ છોડીને સૌધર્મસ્વર્ગમાં જાય છે.

હે વૈરાગી પાઠક! તમે તીર્થંકર જેવા ઉત્તમપુરુષોનું જીવનચરિત્ર વાંચી રહ્યા છો; તેમાં પુણ્યફળરૂપે આ ભોગભૂમિના ભોગોનું કે દેવલોકના વૈભવોનું જે વર્ણન છે તે કાંઈ તેમાં રાગ કરાવવા માટે નથી, પરંતુ, પુણ્યફળરૂપ આવા ભોગોમાં પણ આત્માનું સાચું સુખ નથી–એમ સમજાવીને તેનો મોહ છોડાવવા માટે અને વીતરાગી ધર્મની સાધનામાં આત્માને જોડવા માટે આ વર્ણન છે. સર્વ જૈન-ઉપદેશનો અંતિમ સાર તો તે જ છે કે–

**''તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.''**

અજ્ઞાનથી તું એવા પુણ્યના ફળને કે રાગને ઈચ્છીશ મા,–કે જે સંસારમાં રખડાવે છે; રાગ અને જ્ઞાનની જુદાઈનું ભેદજ્ઞાન કરીને તું આત્મસ્વભાવના સુખને જ અનુભવમાં લેજે,–કે જે સંસારથી છોડાવીને સિદ્ધપદ પમાડે છે.

આપણા ચરિત્રનાયક તીર્થંકર શાંતિનાથનો જીવ–કે જે પૂર્વભવમાં શ્રીષેણરાજા હતો–તે આ ભોગભૂમિમાં ઊપજ્યો છે..બીજા ત્રણ જીવો પણ તેની સાથે ઊપજ્યા છે. અસંખ્ય વર્ષ સુધી ભોગભૂમિમાં રહ્યા બાદ, આયુ પૂર્ણ થતાં તે ચારે જીવો સૌધર્મસ્વર્ગમાં ઊપજ્યા.

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ ૧૦મો સૌધર્મસ્વર્ગમાં શ્રીપ્રભદેવ

* રાજા શ્રીષેણ (ભાવિ શાંતિનાથ)નો જીવ શ્રીપ્રભ દેવ થયો.
* રાણી સિંહનંદિતાનો જીવ તેની દેવી વિદ્યુત્પ્રભા થઈ.
* રાણી અનિંદિતા (ભાવિ–ચક્રાયુધ ગણધર)નો જીવ વિમલપ્રભ દેવ થયો.
* બ્રાહ્મણ કન્યા સત્યભામાનો જીવ તેની શુક્લપ્રભા દેવી થઈ.

દેવલોકમાં તે ચારે જીવો જિનભક્તિ કરતા હતા, જિનેન્દ્રદેવના પંચકલ્યાણકમાં જતા હતા. સમવસરણમાં જિનવાણી સાંભળતા હતા, તેમ જ મેરુ–નંદીશ્વર વગેરેની યાત્રા કરતા હતા, ને દેવલોકના દૈવી વૈભવો ભોગવતા હતા. હજુ સુધી તેઓ સમ્યગ્દર્શન પામ્યા ન હતા. અસંખ્ય વર્ષો સુધી

દેવલોકના દિવ્ય વૈભવો વચ્ચે રહીને પણ અંતે તે ચારે જીવો દેવલોકમાંથી પદભ્રષ્ટ થયા, કેમકે પુણ્ય પણ અધ્રુવ ને અશરણ છે, તેના ફળ કાયમ રહેતાં નથી. સિદ્ધપદ એ જ જીવનું ધ્રુવપદ છે; બાકી સંસારના બધા પદ અધ્રુવ છે.

દેવલોકમાંથી નીકળીને તે ચારે જીવો ભરતક્ષેત્રમાં ઊપજ્યા :—

(૧) રાજાશ્રીષેણ (ભાવિ–તીર્થંકર)નો જીવ વિજ્યાર્ધ ઉપર 'અમિતતેજ' વિદ્યાધર થયો.

(૨) રાણી અનિંદિતા (ભાવિ–ગણધર)નો જીવ, ત્રિપૃષ્ઠ વાસુદેવનો પુત્ર શ્રીવિજય થયો.

(૩) રાણી સિંહનંદિતાનો જીવ તે અમિતતેજની સ્ત્રી 'જ્યોતિપ્રભા' થઈ. (—શ્રીવિજયની બહેન)

(૪) સત્યભામાનો જીવ તે અમિતતેજની બહેન (અને શ્રીવિજયની પત્ની) 'સુતારા' થઈ.

(સત્યભામાનો પતિ દુષ્ટ—કપિલ ભવમાં ભમતો ભમતો 'અશનિઘોષ' વિદ્યાધર થયો.)

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ ૯ મો :
## ભરતક્ષેત્રમાં અમિતતેજ—વિદ્યાધર અને સમ્યક્ત્વ—પ્રાપ્તિ

આ મધ્યલોકમાં જંબુદ્વીપથી માંડીને સ્વયંભૂરમણ—સમુદ્ર સુધી અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે; તેમાં સૌથી વચ્ચે આપણો આ જંબુદ્વીપ છે, તે સર્વે દ્વીપોમાં ચક્રવર્તી સમાન શોભે છે. તેની મધ્યમાં એકલાખ યોજન ઊંચો સુદર્શન—મેરુ છે. તેના ચાર વનની ચાર દિશામાં શાશ્વત જિનાલયો છે; ઈન્દ્રાદિ દેવો તેમ જ વિદ્યાધરો ત્યાં દર્શન—પૂજન કરવા આવે છે. ત્યાંના પાંડુકવનમાં અતિ સુંદર સિદ્ધશિલા જેવી ચાર દિવ્યશિલાઓ છે, તે પાંડુકશિલા પર ભરત—ઐરવત તથા વિદેહક્ષેત્રના અનંત તીર્થંકરોનો જન્માભિષેક ઈન્દ્રે કર્યો છે, તેથી તે પાવન તીર્થ છે.

તે મેરુ પર્વતની દક્ષિણદિશાના છેડે આપણું આ ભરતક્ષેત્ર છે. આ ભરતક્ષેત્રમાં ૨૪ તીર્થંકરો, ચક્રવર્તીઓ તેમ જ મોક્ષગામી જીવો ઊપજે છે. ભરતક્ષેત્રના પૂર્વ—પશ્ચિમ છેડા વચ્ચે વૈતાઢ્ય-વિજ્યાર્ધપર્વત ઉપર ઉત્તર શ્રેણીમાં ૬૦ અને દક્ષિણ શ્રેણીમાં ૫૦ એમ કુલ ૧૧૦ અતિસુંદર નગરીઓ છે; ત્યાં વિદ્યાધર—મનુષ્યો વસે છે; તેઓ જૈનધર્મના ઉપાસક છે; ત્યાં વિધર્મીઓ વસતા નથી, ને સદાય સુકાળ વર્તે છે. જ્યારે છઠ્ઠા આરામાં ભરતક્ષેત્રના અન્ય સમસ્ત ભાગોમાં મહાપ્રલય થશે ત્યારે પણ વિજ્યાર્ધ ઉપરની તે નગરીઓ એમ ને એમ શાશ્વત રહેશે. ત્યાં એક શાશ્વત જિનંદિર પણ છે; ત્યાના મનુષ્યો હંમેશા જિનપૂજા, શાસ્ત્ર-સ્વાધ્યાય તથા પાત્રદાન કરે છે. ત્યાં અનેક મુનિવરો પણ વિચરે છે.

તે વિજયાર્દ્ધ ઉપર રથનુપૂર—ચક્રવાલ નામની એક સુંદર નગરી છે. આપણા ચરિત્રનાયક ભગવાન શાંતિનાથ (શ્રીષેણ રાજા)નો જીવ દેવલોકમાંથી ચ્યવીને આ નગરીમાં 'અમિતતેજ' નામનો વિદ્યાધર થયો. ત્યારે ભરતક્ષેત્રમાં ૧૧ મા તીર્થંકરનું શાસન ચાલતું હતું.

તે રથનુપૂર નગરીમાં 'જ્વલનજટી' નામના રાજા હતા. તે જૈનધર્મના પ્રેમી સમ્યગ્દષ્ટિ અને ચરમશરીરી હતા. તેમનો પૌત્ર 'અમિતતેજ.'

રાજા જ્વલનજટીને અર્કકીર્તિ નામનો ગુણવાન પુત્ર હતો; તે અર્કકીર્તિના લગ્ન પોદનપુરના

રાજકુમાર ત્રિપૃષ્ઠ વાસુદેવ (મહાવીરના જીવ)ની બહેન જ્યોતિમાલા સાથે થયા હતા. તે અર્કકીર્તિ–જ્યોતિમાલાનો પુત્ર અમિતતેજ; તેનાં લગ્ન મામા–ત્રિપૃષ્ઠની પુત્રી જ્યોતિપ્રભા સાથે થયા હતા.

* આ ત્રિપૃષ્ઠ તે મહાવીર પ્રભુનો જીવ (પૂર્વના ૧૪મા ભવમાં) છે અને અમિતતેજ તે શાંતિનાથપ્રભુનો જીવ (પૂર્વના ૯ મા ભવમાં) છે; આ રીતે બંને તીર્થંકરોના જીવ તે ભવમાં મામા–ભાણેજ, (અથવા તે કાળના રિવાજ પ્રમાણે સસરા–જમાઈ) હતા.
* ત્રિપૃષ્ઠનો પુત્ર 'શ્રીવિજય' (કે જે ભાવિ–શાંતિનાથના ભાઈ,–ચક્રાયુદ્ધ ગણધરનો જીવ છે) તેની સાથે અમિતતેજની બહેન 'સુતારા'ના લગ્ન થયા. (અમિતતેજના જીવે પૂર્વભવમાં સત્યભામા–બ્રાહ્મણી પ્રત્યે વાત્સલ્ય બતાવ્યું હતું, તેથી આ ભવમાં તે તેની બહેન થઈ.)
* 'અમિતતેજ'ની બહેન શ્રીવિજયને પરણી અને શ્રીવિજયની બહેન અમિતતેજને પરણી;–આ રીતે, બાર ભવ સાથે રહેનારા તે બંને (તીર્થંકર–ગણધરના) જીવો આ નવમા પૂર્વભવમાં પરસ્પર બનેવી હતા. (શ્રીવિજય તે ઋષભદેવની વંશપરંપરાના હતા, ને અમિતતેજ તે નમિ-વિનમિ વિદ્યાધરની વંશપરંપરાના હતા; વંશપરંપરાથી બંને કૂળનો વિવાહ-સંબંધ ચાલ્યો આવતો હતો.)

આવા ઉત્તમ પુત્ર–પૌત્રના પરિવાર સહિત મહારાજ જ્વલનજટી વિજયાર્દ્ધના વિદ્યાધરો ઉપર રાજ્ય કરતા હતા. રાજ્યની વચ્ચે પણ તે ધર્માત્મા આત્મસાધનાને ભૂલતા ન હતા. ધર્મજીવન જીવનારા તે જવલનજટી મહારાજાના મહાભાગ્યે એકવાર જગનંદન અને અભિનંદન નામના બે ગગનગામી મુનિવરો તેમની નગરીમાં પધાર્યા. રાજાએ ઘણા ભક્તિભાવથી ત્યાં જઈને વંદન કર્યા ને સ્તુતિ કરી : હે દેવ ! આપ રત્નત્રયના વીતરાગી વૈભવથી શોભી રહ્યા છો; આપની પાસે બાહ્યમાં ધન–વસ્ત્ર વગેરે કોઈ વૈભવ ન હોવા છતાં, આપના વીતરાગી વૈભવ ઉપર મુગ્ધ બનીને મુક્તિસુંદરી પણ આપને ભેટવા તલસી રહી છે. અહો પ્રભો ! આપનું વીતરાગી જીવન એ જ સુખી જીવન છે. આ પ્રમાણે રાજાએ સ્તુતિ કરી ત્યારે મુનિરાજે તે રાજાને ધર્મવૃદ્ધિના આશીર્વાદ આપ્યા. રાજાએ સમ્યક્ત્વસહિત વ્રત અંગીકાર કર્યા.

એકવાર તે મહારાજા જ્વલનજટી રાજસભામાં બેઠા હતા. ત્યાં એક દૂત સમાચાર લાવ્યો કે ત્રિપૃષ્ઠ વાસુદેવના પિતા (પોદનપુરના રાજા પ્રજાપતિ) દીક્ષા લઈને મુનિ થયા છે ને કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા છે; તે સાંભળીને તરત રાજા જ્વલનજટી વૈરાગ્ય પામ્યા ને જગનંદન મુનિરાજ પાસે મુનિદીક્ષા લીધી; પછી શુદ્ધોપયોગ વડે કેવળજ્ઞાન પ્રગટ કરીને તેઓ પણ મોક્ષ પામ્યા.

ત્યારબાદ, ત્રિપૃષ્ઠ વાસુદેવ તો મરીને સાતમી નરકે ગયો; તેમનો ભાઈ વિજય–બલભદ્ર દીક્ષા લઈ મોક્ષ પામ્યા; તેમ જ અર્કકીર્તિ (અમિતતેજના પિતા) પણ વૈરાગ્ય પામી દીક્ષા લઈ મોક્ષ પામ્યા. રથનૂપૂરમાં તો હવે આપણા ચરિત્રનાયક 'અમિતતેજ' વિદ્યાધરોના રાજા બન્યા; ને પોદનપુરમાં શ્રીવિજય રાજા બન્યા. આ બંનેને પરસ્પર ઘણો સ્નેહ છે, બંને એકબીજાના બનેવી છે, ને આઠભવ પછી તેઓ તીર્થંકર-ગણધર થવાના છે.

એકવાર રાજા શ્રીવિજય, પોતાની સુતારા–રાણી સાથે વિમાનમાં બેસીને વનવિહાર કરવા ગયા હતા. એવામાં તેનો પૂર્વભવનો વેરી કપિલ–જે હાલ અશનિઘોષ નામનો બળવાન વિદ્યાધર રાજા હતો,

તે સુતારા ઉપર મોહિત થઈને તેને ઉપાડી ગયો. આથી અમિતતેજ તથા શ્રીવિજય મોટી સેના સહિત અશનિઘોષ સાથે યુદ્ધ કરવા ચાલ્યા.અશનિઘોષ ભયભીત થઈને ભાગ્યો; તેના ભાગ્યે બરાબર તે જ વખતે, વિજયબલભદ્ર–મુનિ કે જેઓ કેવળીપણે વિચરતા હતા, તેઓ ગંધકૂટી સહિત ત્યાં પધાર્યા. અશનિઘોષ તે પ્રભુની ધર્મસભામાં પ્રવેશ્યો ને પ્રભુના દર્શનથી તેનું ચિત્ત શાંત થયું.

અમિતતેજ તેમજ શ્રીવિજય પણ ક્રોધપૂર્વક તેને મારવા તેની પાછળ દોડ્યા પરંતુ કેવળીપ્રભુની ધર્મસભામાં આવતાં વેંત જ તેમનો ક્રોધ દૂર થઈ ગયો. આ રીતે પ્રભુની સમીપે બધાયના પરિણામ એકદમ શાંત થઈ ગયા ને પરસ્પરનો વેરભાવ ભૂલાઈ ગયો; તે જ વખતે અશનિઘોષની માતા પણ સુતારાને લઈને ત્યાં આવી પહોંચી; તેણે સુતારા તેના પતિને સોંપી દીધી. અને પુત્રના અપરાધ માટે માફી માંગી. અહા, જિનેન્દ્રદેવની સમીપમાં ક્રૂર પશુઓ પણ વેરભાવ છોડીને શાંત થઈ જાય છે, ત્યાં મનુષ્યોની શી વાત !!

પ્રભુની પરમ શાંતમુદ્રાના દર્શનથી સૌ અત્યંત પ્રસન્ન થયા, ને સૌએ શાંતિથી વિજય પ્રભુના સમવસરણમાં બેસીને ધર્મોપદેશ સાંભળ્યો... (શ્રીવિજયરાજા તે ત્રિપૃષ્ઠ વાસુદેવનો પુત્ર છે; ત્રિપૃષ્ઠ વાસુદેવના ભાઈ વિજયબળભદ્ર દીક્ષા લઈ કેવળી થયા છે.

–દિવ્યધ્વનિમાં પ્રભુએ કહ્યું : અહો જીવો ! આત્મા જ્ઞાનસ્વરૂપ છે, ક્રોધ તેનો સ્વભાવ નથી. જીવનો સ્વભાવ શાંત છે, જ્ઞાન-આનંદમય છે. ક્રોધાદિ કષાયો વડે જીવની શાંતિનો ઘાત થાય છે. અંદર ચૈતન્ય પરમતત્ત્વ છે, તે સ્વતત્ત્વના મહિમાનું ચિંતન કરતાં ક્રોધાદિભાવો શાંત થઈ જાય છે, ને સમ્યક્ત્વાદિ ભાવો પ્રગટ થાય છે; ભવ્ય જીવો આવા સમ્યક્ત્વને પ્રગટ કરીને ભવદુઃખથી છૂટી જાય છે ને સિદ્ધિસુખને પામે છે.

**અમિતેજ (કે જે ભાવિ તીર્થંકર છે) તેને પ્રભુનો ઉપદેશ સાંભળીને અંતર્મુખ દૃષ્ટિ જાગી ગઈ...તેની ચેતના એકદમ શાંત થઈને કષાયોથી ભિન્ન પડી ગઈ ને અંતરમાં પોતાના પરમાત્મત્ત્વનો અનુભવ કરીને તે જ વખતે તેણે અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. અહા, આઠ ભવ પહેલાં એક તીર્થંકરની આત્મસાધના શરૂ થઈ.**

**શ્રીવિજયે પણ તે જ વખતે સમ્યગ્દર્શન ધારણ કર્યું. અહીંથી આપણા ચરિત્રનાયક (શાંતિનાથતીર્થંકર, તેમજ તેમના ભાઈ ચક્રાયુધ ગણધર)નું ધર્મસાધનામય મંગલ જીવન શરૂ થાય છે. ધન્ય એ સમ્યક્ત્વ જીવન ! સમ્યક્ત્વ પામીને તેમને મોક્ષપ્રાપ્તિ જેવું મહાન સુખ થયું.**

ત્યારબાદ, સમ્યક્ત્વપ્રાપ્તિથી જેમના ચૈતન્યપ્રદેશોમાં અપૂર્વ આનંદતરંગ ઉલ્લસી રહ્યા છે, અને જેણે દેશવ્રત ધારણ કર્યા છે–એવા તે અમિતતેજ–વિદ્યાધરને પોતાના પૂર્વભવ જાણવાની જિજ્ઞાસા થઈ; તેથી વિનયપૂર્વક તેણે પૂછ્યું–હે સર્વજ્ઞ દેવ ! મને અને આ શ્રીવિજયને એકબીજા પ્રત્યે પરમ સ્નેહ કેમ છે ? તથા આ અશનિઘોષે મારી બહેન(સુતારા)નું હરણ કેમ કર્યું ?

ભગવાને દિવ્યધ્વનિમાં તેમના પૂર્વભવ બતાવ્યા :

❀ હે અમિતેજ ! પૂર્વભવમાં તું શ્રીષેણ રાજા હતો; ત્યાં આપઘાતથી મરી,, પાત્રદાનના પુણ્યથી

ભોગભૂમિમાં ઉપજ્યો, પછી શ્રીપ્રભદેવ થયો ને ત્યાંથી તું આ અમિતતેજ થયો છે.

✻ આ શ્રીવિજયનો જીવ પૂર્વભવમાં તારી (શ્રીષેણની) અનિંદિતા રાણી હતી; ભોગભૂમિમાં તે જીવ તારી સાથે હતો, દેવના ભવમાં પણ તે તારી સાથે વિમલપ્રભદેવ હતો; અને ત્યાંથી તારો સ્નેહી(બનેવી) શ્રીવિજય થયો છે.

તારી બહેન સુતારા, પૂર્વે સત્યભામા નામની બ્રાહ્મણ કન્યા હતી; ત્યારે આ અશનિઘોષનો જીવ તેનો પતિ(કપિલ) હતો; પણ સત્યભામા તેને છોડીને તારા(શ્રીષેણના) શરણે આવી હતી. તે સત્યભામા પાત્રદાનનું અનુમોદન કરીને ભોગભૂમિમાં તેમ જ દેવલોકમાં તમારી સાથે જ હતી...તે જ અહીં પૂર્વભવના સ્નેહને લીધે તારી બહેન થઈ છે.

✻ પૂર્વભવના મોહને લીધે અશનિઘોષ સુતારાને ઉપાડી ગયો હતો. પણ અંતે તમારાથી ભય પામીને તે અહીં (ધર્મસભામાં) આવ્યો; તેની પાછળ તમે પણ અહીં આવ્યા અને સમ્યગ્દર્શન પામીને મોક્ષસાધના શરૂ કરી.

આ પ્રમાણે પૂર્વભવ બતાવીને કેવળીપ્રભુએ કહ્યુ : હે અમિતતેજ ! હવે આત્મસાધનામાં ઉન્નતિ કરતા કરતા નવમા ભવે તમારો આત્મા ભરતક્ષેત્રમાં પંચમચક્રવર્તી અને ૧૬ મા તીર્થંકર થઈને મોક્ષ પામશે. અને ત્યારે આ શ્રીવિજય તમારો ભાઈ થઈને ચક્રાયુધ ગણધર થશે. હવે બધા ભવોમાં તે તમારી સાથે ને સાથે રહેશે.

અહો, કેવળીપ્રભુના શ્રીમુખથી પોતાના તીર્થંકરપદની ને મોક્ષની 'આજ્ઞા' સાંભળતાં રાજા અમિતતેજ અતિશય આનંદમાં ડૂબી ગયા, અને જાણે અત્યારે જ પોતાને અરિંહતપદની વિભૂતિ મળી ગઈ હોય ! એમ સંતુષ્ટ થયા. પોતાના ગણધરપદની વાત સાંભળીને શ્રીવિજયને પણ મહાન આનંદ થયો.

અશનિઘોષને પોતાના પૂર્વભવની કથા સાંભળીને જાતિસ્મરણ થયું અને વૈરાગ્ય પામીને તેણે દીક્ષા લીધી. સુતારાદેવી તથા જ્યોતિપ્રભા પણ પોતાના પૂર્વભવ જાણીને સંસારથી વિરક્ત થયા ને દીક્ષા લઈને આર્યિકા થયા. આ રીતે બધા જીવોએ કેવળીપ્રભુના ઉપદેશથી આત્મહિત કર્યું.

આપણા ચરિત્રનેતા અમિતતેજ અને શ્રીવિજય બંનેએ અપૂર્વ સમ્યગ્દર્શનવડે અનંત ચૈતન્યનિધાન પ્રાપ્ત કર્યા; ને દેશવ્રત અંગીકાર કરીને પોતપોતાની નગરીમાં પાછા ફર્યા.

—હવે રાજા અમિતતેજના અંતરંગ જીવનમાં એક મહાન પરિવર્તન થઈ ગયું. 'દાસ ભગવંતકે, ઉદાસ રહે જગતસોં' એવું આદર્શ શ્રાવકજીવન તેઓ જીવતા હતા. વિદ્યાધરોની બંને શ્રેણીના સ્વામી હોવાથી તેઓ 'વિદ્યાધરોના ચક્રવર્તી' હતા; છતાં આટલા મહાન રાજવૈભવની વચ્ચે પણ પોતાની આત્મસાધનાને તેઓ ક્ષણમાત્ર ભૂલતા ન હતા. ઘણા લોકોને પ્રશ્ન ઊઠતો કે 'શું આવા રાજવૈભવની વચ્ચે રહીને પણ ધર્મસાધના થઈ શકે ?' મહારાજા અમિતતેજનું જીવન જોઈને તેમને એ પ્રશ્નનું સમાધાન થઈ જતું કે : હા, ગૃહસ્થપણામાંય આત્મજ્ઞાનના બળે ધર્મસાધના (મોક્ષમાર્ગ) તે ચાલુ રહે છે; કેમકે જ્ઞાનીની ચેતના રાગથી ને સંયોગથી અલિપ્ત રહે છે. મહારાજા અમિતતેજ એવું ધર્મજીવન જીવતા હતા; અને તેમનું એ મંગલજીવન બીજા જીવોને પણ આત્મહિતની પ્રેરણા આપતું હતું.

એકવાર રાજા અમિતતેજ તેમજ શ્રીવિજય રમણીય તીર્થોની યાત્રા માટે નીકળેલા. ત્યાં એક શાંત ઉદ્યાનમાં અમરગુરુ તથા દેવગુરુ મુનિરાજને દેખ્યા. અહા, વીતરાગી આત્મતેજથી પ્રકાશતી તે મુનિવરોની શાંતમુદ્રા દેખતાં બંને મુગ્ધ બન્યા. મુનિરાજે તેમને સમ્યગ્દર્શન–જ્ઞાન ચારિત્રનો ઉપદેશ આપ્યો અને તીર્થંકરાદિ મહાપરુષોનું ચરિત્ર સંભળાવ્યું.

ત્યારે શ્રીવિજયે પોતાના પિતા ત્રિપૃષ્ઠ-વાસુદેવના પૂર્વભવો પૂછ્યા :

મુનિરાજે કહ્યું : સાંભળ હે ભવ્ય! તારા પિતા આ ચોવીસીમાં છેલ્લા તીર્થંકર (મહાવીર) થશે. પૂર્વભવમાં તે જીવ ઋષભદેવનો પૌત્ર (મરીચીકુમાર) હતો, પણ ધર્મ પામ્યો ન હતો; તેથી દીર્ઘકાળ સંસારમાં ભમીભમીને નરક-નિગોદના અસંખ્ય ભવ તેણે કર્યા. પછી વિશ્વનંદી-રાજકુમાર થયો, બગીચાનિમિત્તે વૈરાગ્ય પામ્યો, ધર્મ પામ્યો ને મુનિ થયો; પણ ભોગોનું નિદાન કરીને ધર્મથી ભ્રષ્ટ થયો; ને અનુક્રમે ત્રિપૃષ્ઠવાસુદેવ થયો. તે ત્રણ ખંડની શ્રેષ્ઠ વિભૂતિનો ભોક્તા હતો; તેનો વૈભવ અપાર હતો; ત્રણ ખંડના હજારો દેવો ને ૧૬૦૦૦ રાજાઓ તેની સેવા કરતા; પણ ધર્મને ભૂલીને વિષયભોગોની તીવ્ર લાલસામાં જીવન ગુમાવીને તે નરકે ગયો છે ને મહાદુઃખ ભોગવી રહ્યો છે. (નરકથી નીકળી હવેના ભવોમાં સિંહ થઈ ધર્મ પામશે; પછી ચક્રવર્તી થશે ને પછી અનુક્રમે મહાવીર તીર્થંકર થશે.)

રાજા શ્રીવિજય, પોતાના પિતાની ત્રણ ખંડની વિભૂતિનું વર્ણન સાંભળીને આશ્ચર્ય પામ્યો. અને પોતે પણ ધર્મના ફળમાં તેવી વિભૂતિની લાલસા કરીને તેનું નિદાન કરી બેઠો! અરેરે, હાથમાં આવેલ ધર્મનું અમૃત મૂકીને તેણે વિષયોના ઝેરની વાંછા કરી!

ત્યાંથી ઘેર આવીને બંનેએ અનેક વર્ષો સુધી રાજસુખ ભોગવ્યા. પુણ્યયોગથી ફરી એકવાર તેમને બે મુનિરાજનાં દર્શન થયા. ધર્મકથા બાદ મુનિરાજે કહ્યું : હે ભદ્ર! હવે તમારા બંનેનું એક મહિમાનું જ આયુ બાકી રહ્યું છે, માટે ધર્મસાધનામાં ચિત્ત લગાવો.

તે વાત સાંભળીને અમિતતેજ તેમજ શ્રીવિજય બંને, વૈરાગ્યભાવનાનું ચિંતન કરવા લાગ્યા. આ શરીર-સંસાર-ભોગો અસ્થિર ને ક્ષણભંગુર છે; તેમાં સુખ નથી; ચૈતન્યતત્ત્વ જ સ્થિર-અવિનાશી અને સુખનું ધામ છે. આવા ચિંતન વડે વૈરાગ્ય વધારીને તેઓ સંસારથી વિરક્ત થયા; બંનેએ પોતપોતાના પુત્રને રાજ્ય સોંપી દીધું ને સિદ્ધકૂટ ચૈત્યાલયમાં જઈને મહાન પૂજા કરી, દાન કર્યું; અને પછી ત્યાંના ચંદન વનમાં નંદનમુનિરાજ પાસે જઈને જિનદીક્ષા ધારણ કરી; ને પ્રાયોપગમન સંન્યાસપૂર્વક દેહ છોડ્યો. પછી ક્યાં ઉપજ્યા? તે હવે જુઓ.

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ ૮ મો : આનતસ્વર્ગમાં

આપણા ચરિત્રનાયક તીર્થંકર શાંતિનાથ તથા તેમના ભાઈ ચક્રાયુધ ગણધર તે બંને જીવો પૂર્વે નવમા ભવમાં અમિતતેજ તથા શ્રીવિજય રાજાઓ હતા; તેમણે મુનિ થઈને સંન્યાસપૂર્વક દેહ છોડ્યો ને ૧૩માં આનતસ્વર્ગમાં દેવ તરીકે ઊપજ્યા,–તેમનાં નામ રવિચૂલ અને મણિચૂલ. તે દેવવિમાનમાં ૧૦૦ યોજન લાંબું, પચાસ યોજન પહોળું ને ૭૫ યોજન ઊંચું રત્નમય અકૃત્રિમ જિનમંદિર છે; ને તેમાં ૧૦૮ જિનપ્રતિમા છે. ત્યાં જઈને બંને દેવોએ જિનબિંબનું પૂજન કર્યું. તે દેવલોકમાં આશ્ચર્યકારી

વૈભવો હતા; તેમને અવધિજ્ઞાન તેમ જ અનેક લબ્ધિઓ હતી; ત્યાં રોજ નવા નવા ઉત્સવો થતા હતા. દેવલોકમાં તે બંને દેવોએ અસંખ્ય વર્ષો સુધી ઉત્તમ દૈવી વૈભવો પુણ્યના ફળમાં ભોગવ્યા; પરંતુ તે પુણ્યવૈભવો તેમને તૃપ્તિ આપી ન શક્યા, માત્ર આકુળતા જ આપી. અંતે થાકીને તેઓ મનુષ્યલોકમાં આવવા તૈયાર થયા.–ત્યારે બાકી બચેલા તેમનાં પુણ્યો પણ મનુષ્યલોકમાં તેમની સાથે જ આવ્યા. મનુષ્યલોકમાં તેઓ ક્યાં આવ્યા? તે જોઈએ.

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ ૭ મો :
## વિદેહક્ષેત્રમાં અપરાજિત–બળભદ્ર ને અનંતવીર્ય–વાસુદેવ

જંબુદ્વીપના વિદેહક્ષેત્રમાં વત્સકાવતી દેશ છે, જ્યાં સદાય અનેક કેવળી ભગવંતો તેમ જ મુનિવરો વિચરે છે ને જૈનશાસનનું ધર્મચક્ર સદાય ચાલ્યા કરે છે. ત્યાંના મનુષ્યો જૈનધર્મમાં તત્પર છે, ને સ્વર્ગના દેવો પણ ત્યાં ધર્મ સાંભળવા આવે છે. તે દેશની પ્રભાકરી નગરીમાં ધર્માત્મા સ્મિતસાગર મહારાજા રાજ્ય કરતા હતા. આપણા કથાનાયક 'તીર્થંકર-ગણધર' એ બંને જીવો 'રવિચૂલદેવ તથા મણિચૂલદેવ) દેવલોકમાંથી નીકળીને તે રાજાના પુત્રો થયાઃ તેમનાં નામ-અપરાજિત અને અનંતવીર્ય. મહાન પુણ્યને તેઓ સાથે લાવેલા, તેથી તેઓ બળદેવ-વાસુદેવ થયા.

રાજા સ્મિતસાગર બંને પુત્રોને રાજ્ય સોંપીને સંસારથી વિરક્ત થયા, ને સ્વયંપ્રભ જિનેન્દ્રની પાસે દીક્ષા લઈ મુનિ થયા. પરંતુ એકવાર ધરણેન્દ્રદેવની દિવ્યવિભૂતિ દેખીને તેણે તેનું નિદાન કર્યું. એટલે ચારિત્રથી ભ્રષ્ટ થઈ, ઘણા પુણ્યને ઓછા કરી, મૃત્યુ બાદ તે ધરણેન્દ્ર થયા. અરેરે, નિદાન તે ખરેખર નિંદનીય છે કે જે જીવને ધર્મથી ભ્રષ્ટ કરીને દુર્ગતિમાં રખડાવે છે.

અહિં પ્રભાકરી નગરીમાં અપરાજિત તથા અનંતવીર્યના રાજ્યવૈભવમાં દિવસે દિવસે વૃદ્ધિ થવા લાગી. તેમની રાજસભામાં બર્બરી અને ચિલાતી નામની બે સુંદર નર્તકી હતી, તે દેશ-વિદેશમાં પ્રખ્યાત હતી. તે વખતે શિવમંદિર નામની વિદ્યાધરનગરીમાં રાજા દમિતારી રાજ્ય કરતો હતો; તે પ્રતિવાસુદેવ હતો, તેણે ત્રણખંડ પૃથ્વી જીતી લીધી હતી, ને તેના શસ્ત્રભંડારમાં એક દૈવી ચક્ર ઉત્પન્ન થયું હતું. તે દમિતારી રાજાએ બે નર્તકીની પ્રશંસા સાંભળી; તેણે બળદેવ–વાસુદેવને હુકમ કર્યો કે બંને નર્તકી મને સોંપી દો ને મારી આજ્ઞામાં રહીને રાજ્ય કરો.

તે બંને ભાઈઓએ યુકિત વિચારી; તેઓ પોતે જ નર્તકીનું રૂપ ધારણ કરીને દમિતારીના રાજમહેલમાં ગયા, ને તેની પુત્રી કનકશ્રીને ઉપાડીને ભાગી ગયા.

કનકશ્રીના અપહરણની વાત સાંભળતાં જ રાજા દમિતારી લશ્કર લઈને તે બંને સાથે યુદ્ધ કરવા લાગ્યો. તે જ્યારે કોઈ રીતે જીતી ન શક્યો ત્યારે તેણે પોતાનું દૈવીચક્ર અનંતવીર્યને મારવા માટે તેના પર ફેંક્યું. પરંતુ અનંતવીર્યના પુણ્યાતિશયને લીધે તે ચક્ર તેની પાસે આવતાં જ શાંત થઈ ગયું ને ઊલટું તેનું આજ્ઞાકારી બની ગયું. અનંતવીર્યે ક્રોધપૂર્વક તે ચક્રવડે દમિતારીનો શિરચ્છેદ કર્યો. રે, એના ચક્રે એને જ માર્યો. મરીને તે નરકમાં ગયો. (તે દમિતારી-પ્રતિવાસુદેવના પિતા કીર્તિધર મુનિ થયા હતા ને કેવળજ્ઞાન પ્રગટ કરી અરિહંતપણે વિચરતા હતા. અરે, પિતા તો કેવળી થયા ને પુત્ર નરકે ગયો! પુત્રી કનકશ્રી, પોતાના દાદા કીર્તિધર–ભગવંતના સમવસરણમાં પોતાના પૂર્વભવ જાણીને, સંસારથી વિરક્ત

થઈને અર્જિકા થઈ; તે સમાધિમરણ કરી સ્વર્ગમાં દેવીપણે ઊપજી.)

અપરાજિત તથા અનંતવીર્ય બંને ભાઈઓ (એટલે શાંતિનાથ તીર્થંકર તથા ચક્રાયુધ ગણધરના જીવો, પૂર્વે સાતમા ભવે) વિદેહક્ષેત્રમાં બળદેવ-વાસુદેવ તરીકે પ્રસિદ્ધ થયા. હજારો રાજાઓ તેમજ દેવો તેમની સેવા કરતા હતા; ત્રણ ખંડની ઉત્તમ વિભૂતિ તેમને પ્રાપ્ત થઈ હતી; અનેક દૈવી વિદ્યાઓ તેમને સિદ્ધ હતી આ બધું જિનધર્મની ભક્તિનું ફળ હતું. શાસ્ત્રકાર કહે છે : હે ભવ્ય જીવો ! તમે મોક્ષને અર્થે જૈનધર્મની ઉપાસના કરો. અહા, જૈનધર્મની ઉપાસના તો મોક્ષફળ આપનારી છે, ત્યાં વચ્ચે સ્વર્ગાદિની તો શી ગણતરી !!

✻ ✻ ✻

વિદેહક્ષેત્રની પ્રભાકરી નગરીમાં બળદેવ—વાસુદેવ સુખપૂર્વક ત્રણખંડનું રાજ્ય કરતા હતા. એકવાર અપરાજિત બળદેવની પુત્રી સુમતિદેવીના લગ્નની તૈયારી થતી હતી; અતિ ભવ્ય લગ્નમંડપ વચ્ચે સુમતિકુમારી સુંદર શણગાર સજીને આવી હતી. ત્યાં અચાનક આકાશમાંથી એક દેવી ત્યાં ઊતરી ને સુમતિને કહેવા લાગી : હે સખી ! સાંભળ, તારા હિતની વાત કહું છું. હું સ્વર્ગની દેવી છું, તું પણ પૂર્વભવમાં દેવી હતી ને આપણે બંને સખીઓ હતી. એકવાર આપણે બંને સાથે નંદીશ્વર જિનાલયોની પૂજા કરવા ગયા હતા. પછી મેરૂના જિનાલયોની પણ વંદના કરી; ત્યાં એક ઋદ્ધિધારી મુનિના દર્શન કર્યા ને ધર્મોપદેશ સાંભળીને આપણે તે મુનિરાજને પૂછ્યું—હે સ્વામી ! આ સંસારમાંથી અમારી બંનેની મુક્તિ કયારે થશે ?

મુનિરાજે કહ્યું: તમે બંને ચોથા ભવમાં મોક્ષ પામશો. દેવી કહે છે: હે સુમતિ ! તે સાંભળીને આપણે બહુ ખુશી થયા હતા, ને પછી તે મુનિરાજની સમીપમાં આપણે બંનેએ એકબીજાને વચન આપ્યું હતું કે-આપણા બેમાંથી જે પહેલાં મનુષ્યલોકમાં અવતરે, તેને બીજી દેવી સમજાવીને આત્મહિતની પ્રેરણા આપે. હે સખી ! તે વચનનું પાલન કરવા હું સ્વર્ગેથી આવી છું. તું આ વિષયભોગોમાં ન પડ; સંયમ ધારણ કરીને આત્મહિત કર !

લગ્નમંડપની વચ્ચે દેવીની આ બધી વાત સાંભળતાં ભાવિ તીર્થંકર એવા બળદેવની વીરપુત્રી તે સુમતિને પૂર્વભવનું સ્મરણ થયું અને તે વૈરાગ્ય પામી; તેણે બીજી ૭૦૦ રાજકન્યાઓ સાથે દીક્ષા લીધી....આર્યિકાવ્રતનું પાલન કરી, સ્ત્રીપર્યાય છેદી તે સુમતિનો જીવ ૧૩ મા સ્વર્ગમાં દેવ થયો.

—એકાએક લગ્નમંડપમાં જ રાજકુમારીને 'વિવાહ વખતે વૈરાગ્ય' થતાં ચારેકોર આશ્ચર્ય ફેલાઈ ગયું. બળભદ્રનું ચિત્ત સંસારથી ઉદાસીન થઈ ગયું, જો કે તેને સંયમભાવના જાગી, પણ પોતાના ભાઈ અનંતવીર્ય પ્રત્યેના તીવ્ર સ્નેહને લીધે તે લઈ ન શક્યા. આવો મહાન વૈરાગ્યપ્રસંગ નજર સામે બનવા છતાં અનંતવીર્ય-વાસુદેવ (પૂર્વના નિદાનબંધના મિથ્યા સંસ્કારને લીધે) જરાય વૈરાગ્ય ન પામ્યો;...તેનું જીવન દિનરાત વિષયભોગોમાં જ આસક્ત રહ્યું. તીવ્ર વિષયાસક્તિને લીધે સદાય આર્ત—રૌદ્રધ્યાનમાં વર્તતો તે પંચપરમેષ્ઠીને પણ ભૂલી ગયો. અરે, જે ધર્મના અનુરાગને લીધે તે આવા પુણ્યભોગને પામ્યો તે ધર્મને જ તે ભૂલી ગયો. પોતાના ભાઈ સાથે અવારનવાર તે પ્રભુના સમવસરણમાંય જતો ને ધર્મોપદેશ પણ સાંભળતો-પરંતુ તેનું ચિત્ત તો વિષયભોગોથી જ રંગાયેલું હતું. અરેરે ! જેનું ચિત્ત જ

મેલું હોય તેને પરમાત્માનો સંયોગ પણ શું કરી શકે? તીવ્ર આરંભ-પરિગ્રહના કલુષિત ભાવને લીધે તે અનંતવીર્ય રૌદ્રધ્યાનપૂર્વક મરીને નરકમાં ગયો.

નરકમાં ઉપજતાંવેંત તે અર્ધચક્રવર્તીનો જીવ મહાભંયકર બીલમાંથી ઊંધા માથે નીચેની ભયંકર કર્કશ ભૂમિ ઉપર પછડાયો. નરકભૂમિના સ્પર્શ માત્રથી તેને એવું ભયંકર દુઃખ થયું કે ફરીને ૫૦૦ ધનુષ ઊંચે ઊછળ્યો. એમ દુઃખથી વારંવાર ઊછળ્યો ને પછડાયો. તેને શરીરની વેદના અસહ્ય હતી. તેને જોતાંવેંત બીજા હજારો નારકીઓ તેને મારવા લાગ્યા. આવા ભયંકર દુઃખો દેખીને તેને વિચાર આવ્યો કે અરે, હું કોણ છું? ક્યાં આવીને પડ્યો છું? વગર કારણે મને આટલું બધું દુઃખ આપનાર, આ ક્રૂર જીવો કોણ છે? મને આટલી ભયંકર પીડા કેમ છે? અરેરે, હું ક્યાં જાઉં? મારૂં દુઃખ કોને કહું? અહીં કોણ મને મદદ કરે? ભયંકર ગરમી ને ભૂખ-તરસથી મને મરણ કરતાંય વધુ દુઃખ થાય છે; મને પાણી ક્યાં મળે? આમ ભયંકર દુઃખના પોકાર કરતો તે જીવ આમથી તેમ ભમવા લાગ્યો. ત્યાં તેને કુઅવધિજ્ઞાન થયું, તેનાથી તેણે જાણ્યું કે અરે આ તો નરકભૂમિ છે પાપફળથી હું નરકમાં આવી પડયો છું, અને આ બધા નારકીઓ તથા પરમાધામી અસુરદેવો મને ભયંકર દુઃખ આપીને મારા પાપનું ફળ ચખાડી રહ્યા છે. અરેરે, દુર્લભ મનુષ્ય ભવ વિષયભોગોમાં ગુમાવીને હું આ ઘોર નરકમાં પડયો! મેં મૂર્ખાએ પૂર્વભવમાં ધર્મના ફળમાં ભોગોની ચાહના કરીને સમ્યક્ત્વરૂપી અમૃતને તો ઢોળી નાંખ્યું, ને વિષ જેવા વિષયોની લાલસા કરી. તે ભૂલને લીધે મારે અત્યારે કેવા ભંયકર નરકદુઃખો ભોગવવા પડે છે! અરેરે, વિષયોમાંથી સુખ તો મને જરાય ન મળ્યું, ઊલ્ટું તેના સેવનથી આ દુઃખ મળ્યું. બાહ્યવિષયોમાં સુખ છે જ ક્યાં? સુખ તો આત્મામાં છે. અતીન્દ્રિય આત્મસુખની પ્રતીત કરીને હું મારા સમ્યક્ત્વને ફરીથી ગ્રહણ કરીશ, કે જેથી આવા ઘોર નરકદુઃખો ફરીને કદી ભોગવવા ન પડે. આમ પશ્ચાત્તાપ સહિત નરકમાં ઘોરાતિઘોર દુઃખને સહન કરતો તે અનંતવીર્યનો જીવ (ભાવિ ગણધરનો જીવ) નરકમાં પોતાના અસંખ્યાતવર્ષના આયુની એક એક પળ ઘણી મુશ્કેલીથી, રોઈ રોઈ ને વીતાવતો હતો. અરે, એના દુઃખનું થોડુંક વર્ણન લખતાંય ધ્રૂજારી છૂટે છે,—તો એ દુઃખ સહન કરનારની પીડાનું તો શું કહેવું? એને તો એ જ વેદે ને કેવળીપ્રભુ જ જાણે!

✻ ✻ ✻

હવે આ બાજુ પ્રભાકરી નગરીમાં, પોતાના ભાઈ અનંતવીર્ય—વાસુદેવનું એકાએક મૃત્યુ થતાં, અપરાજિત—બલભદ્રને ખૂબ જ આઘાત લાગ્યો. 'મારો ભાઈ મૃત્યુ પામે' એમ કબૂલવા તેનું મન તૈયાર ન હતું. જો કે સ્વઆત્મતત્ત્વ સંબંધમાં તે વખતેય તેમનું જ્ઞાન જાગૃત હતું, પરંતુ પરજ્ઞેય સંબંધમાં મરેલાને જીવતો માનવાની ભૂલ તેઓ બંધુમોહને લીધે કરી બેઠા; તેઓ અનંતવીર્યના મૃતદેહને ખભે ઉપાડીને ફર્યા, તેની સાથે વાત કરવાની ને તેને ખવડાવવાની ચેષ્ટાઓ પણ કરી. ઉદયભાવની વિચિત્રતા તો જુઓ! કે સમ્યક્ત્વની ભૂમિકામાં રહેલા એક ભાવિ તીર્થંકર, પોતે ભાવિગણધરના મૃતદેહને સાથે લઈને છ માસ સુધી ફર્યા, પણ ધન્ય છે તેની સમ્યક્ત્વ-ચેતનાને કે જેણે પોતાના આત્માને તે ઉદયભાવથી જુદો ને જુદો જ રાખ્યો! તે વખતે ભાગ્યયોગે તે બલભદ્રજીને યશોધર મુનિરાજનો સંગમ થયો; તેમણે ચૈતન્યતત્ત્વનો અદ્‌ભુત ઉપદેશ આપીને કહ્યું: હે રાજન્! તમે તો આત્મતત્ત્વને જાણનારા છો. હવે આ બંધુમોહને તથા શોકને છોડો ને સંયમ ધારણ કરીને પોતાનું કલ્યાણ કરો. છ ભવ પછી

તો તમે ભરતક્ષેત્રમાં તીર્થંકર થવાના છો. આ મોહચેષ્ટા તમને શોભતી નથી; માટે તમારા ચિત્તને શાંત કરો ને ઉપયોગને આત્મધ્યાનમાં લગાવો!

મુનિરાજનો ઉપદેશ સાંભળતાં જ બળદેવને વૈરાગ્ય જાગ્યો. તેની ચેતના ચમકી ઊઠી. 'અરે કોનો દેહ? ને કોણ ભાઈ! જ્યાં આ દેહ પણ મારો નથી ત્યાં બીજું કોણ મારું છે!

**''નથી મોહ તે મારો કંઈ, ઉપયોગ કેવળ એક હું''**

અરે, મોહચેષ્ટામાં મેં નકામો કાળ ગુમાવ્યો.—આમ વિચારી, તેણે દીક્ષા લીધી. દીક્ષા લઈને તે અપરાજિત—મુનિરાજે પોતાનું મન આત્મસાધનામાં જ લગાડ્યું. અંતસમયે ઉત્તમ ધર્મધ્યાનપૂર્વક દેહ છોડીને તે મહાત્મા, ૧૬મા અચ્યુતસ્વર્ગમાં ઈન્દ્ર થયા.

* * *

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ છઠ્ઠો : અચ્યુતસ્વર્ગમાં ઇન્દ્ર

આપણા ચરિત્રનાયક ભગવાન શાંતિનાથ, જેઓ અપરાજિત બલભદ્ર હતા ને પછી મુનિ થયા હતા, તેઓ સમાધિમરણ કરીને અચ્યુત સ્વર્ગમાં ઈન્દ્ર થયા. તેઓ ઉપજતાં જ દેવલોકમાં મંગલ વાજાં વાગવા માંડ્યા; દેવ—દેવીઓ તેમને વંદન કરીને આદરસત્કાર કરવા લાગ્યા. ત્યાંની આશ્ચર્યકારી વિભૂતિ જોતાં પણ તેમને કોઈ અચંબો ન થયો, કેમકે તેઓ જાણતા હતા કે મેં પૂર્વભવમાં આત્માની આરાધના કરી છે અને તે આરાધના કરતાં—કરતાં સાથે જે રાગ બાકી રહી ગયો તેનું આ ફળ છે. આ વૈભવનો એક રજકણ માત્ર પણ મારા આત્માનો નથી, બધુંય મારાથી જુદું જ છે....આમ નિર્મોહપણે ધર્મના મહિમાપૂર્વક સૌથી પહેલાં તેમણે તે ઈન્દ્રલોકમાં બિરાજમાન જિનપ્રતિમાનું ભક્તિથી પૂજન કર્યું અને ત્યાર પછી ઈન્દ્રપદનો સ્વીકાર કર્યો. આ રીતે તેમણે પોતાનો એવો ભાવ પ્રસિદ્ધ કર્યો કે હે જિનદેવ! અમને આ સ્વર્ગવૈભવ ઈષ્ટ નથી, અમને તો આપના જેવો વીતરાગી આત્મવૈભવ જ ઈષ્ટ છે. આશ્ચર્યકારી ઈન્દ્રલોકના દિવ્યવૈભવમાં પણ ન લોભાવું—એ તો શું સાધારણ વાત છે? નહીં, એ અસાધારણ વાત છે. આત્મતત્ત્વની અદ્ભુતતાને જાણનારા પ્રભુ શાંતિનાથ જેવા સમ્યગ્દષ્ટિ—મહાત્મા જ તે કરી શકે.

તે અચ્યુત ઈન્દ્રને મહાન અવધિજ્ઞાન તથા વિક્રિયાદિ ૠદ્ધિઓ હતી...તેઓ વારંવાર તીર્થંકરોના પંચકલ્યાણકમાં જતા; ભવ્ય ઈન્દ્રસભામાં તેઓ સમ્યગ્દર્શનની ચર્ચા કરીને તેનો અપાર મહિમા પ્રસિદ્ધ કરતા ને ચારિત્રદશાની ભાવના ભાવતા. એ રીતે સુખપૂર્વક સ્વર્ગનું આયુ પસાર કરતા હતા.

અરે, જીવનભર ને ભવોભવ સાથે રહેનારા, તેમ જ ભવિષ્યમાં તીર્થંકર—ગણધર થનારા બે ભાઈઓ વિખુટા પડયાઃ એક સ્વર્ગમાં ને બીજો નરકમાં! એનું નરકનું દુઃખ જોવાતું નથી; તેથી આપણે



કથાને આગળ વધારતા પહેલાં, તે અનંતવીર્યના જીવને નરકમાંથી બહાર લાવીએ ને સ્વર્ગમાં તે બંને ભાઈઓનું મિલન કરાવી દઈએ.



* * *

પહેલાં આપણે વાંચી ગયા કે અપરાજિત અને અનંતવીર્યના પિતા સ્મિતસાગર દીક્ષા લઈ મુનિ થયા હતા ને નિદાનબંધ કરીને ધરણેન્દ્રમાં ઊપજ્યા હતા. એકવાર તે ધરણેન્દ્રે અવધિજ્ઞાનમાં જાણ્યું કે–પૂર્વભવનો મારો પુત્ર અનંતવીર્ય મરીને નરકે ગયો છે; એટલે તરત જ તે ધરણેન્દ્ર નરકમાં તેને પ્રતિબોધવા ગયા. ને ધરણેન્દ્રને દેખતાં જ નારકી જીવો આશ્ચર્ય પામ્યા. આ કોઈ પ્રભાવશાળી દેવ અમને મારવા નહીં પણ શાંતિ પમાડવા આવ્યા છે-એમ સમજીને તે બધા નારકીઓ ક્ષણભર એકબીજા સાથે લડતા બંધ થઈ ગયા ને તે ધરણેન્દ્રની વાત સાંભળવા આતુર બન્યા.

ધરણેન્દ્રે અનંતવીર્યના જીવને સંબોધીને કહ્યું : હે ભવ્ય! આ પહેલાંના ભવમાં તું ત્રણખંડનો સ્વામી વાસુદેવ હતો ને હું તારો પિતા હતો. ધર્મને ભૂલીને વિષયભોગોની તીવ્ર લાલસાને લીધે જ તું આ નરકમાં પડ્યો છે. હવે ફરીથી તારા આત્માની સંભાળ કર અને ખોયેલા તારા સમ્યક્ત્વ–રત્નને ફરીથી ગ્રહણ કર! હું ધરણેન્દ્ર છું ને તને પ્રતિબોધવા માટે જ અહીં આવ્યો છું.

અહા, નરકમાં જાણે અમૃત પીવા મળ્યું હોય! –એમ ધરણેન્દ્રના વચનો સાંભળીને તે નારકીજીવને મહાન શાંતિ થઈ. બે હાથ જોડીને ગદ્‌ગદ થઈ ને કહેવા લાગ્યોઃ હે તાત! આપે આ નરકમાં પણ મને ધર્મોપદેશનું અમૃત પીવડાવીને મહાન ઉપકાર કર્યો. અરે, મનુષ્યભવમાં હું ત્રણખંડનો સ્વામી હતો, ને ભાવિમાં તીર્થંકર થનારા મહાત્મા અપરાજિત બળદેવ મારા જીવનના સાથીદાર ભાઈ હતા; તે વખતે મારી સાથે રહેનારા જીવોમાંથી ઘણાય તો મોક્ષ પામ્યા, ઘણા જીવો સ્વર્ગમાં ગયા, ને હું અહીં નરકમાં પડ્યો! પુણ્યફળ ભોગવતી વખતે તો મારા સાથીદાર ઘણાય જીવો હતા, અત્યારે પાપફળ ભોગવતી વખતે અહીં મારું કોઈ નથી; હું એકલો જ મારાં પાપનાં ફળ ભોગવું છું.–

**જન્મ–મરણ એક જ કરે, સુખ–દુઃખ વેદે એક;**
**નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક.**

અહીં એકલો મારો આત્મા જ મારું શરણ છે.–આમ એકત્વભાવના વડે અંતર સ્વભાવમાં ઊંડા ઊતરીને તેણે ફરીથી સમ્યક્ત્વનું ગ્રહણ કર્યું...એટલું જ નહિ, આ પ્રસંગે બીજા પણ અનેક નારકીજીવો શાંતિ અને સમ્યક્ત્વ પામ્યા...ને બહુ જ ઉપકારબુદ્ધિથી હાથ જોડીને ધરણેન્દ્રને નમસ્કાર કરવા લાગ્યા. પોતાનું પ્રયોજન પૂરું થયું એમ જાણી તે ધરણેન્દ્ર પોતાના સ્થાનકે ચાલ્યા ગયા.

જુઓ તો ખરા, જીવોના પરિણામની વિચિત્રતા! ત્રણ ખંડનો રાજવૈભવ ભોગવવામાં અપરાજિત અને અનંતવીર્ય એ બંને ભાઈઓ સાથે જ હતા, છતાં એક તો વિશુદ્ધ-પરિણામને લીધે સ્વર્ગમાં ગયા ને બીજો સંકલેશપરિણામને લીધે નરકમાં ગયો. નરકની વચ્ચે પણ પાછું સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું. બે ભાઈમાંથી એક અસંખ્યવર્ષો સુધી સ્વર્ગમાં ને બીજો અસંખ્ય વર્ષો સુધી નરકમાં, છતાં ઊંડી અંતરદષ્ટિથી જોઈએ તો બંને જીવો સમ્યગ્દષ્ટિ છે, બંને ચોથા ગુણસ્થાને છે ને સમ્યક્ત્વસુખ બંનેને સરખું છે. બંનેના સંયોગમાં ને ઉદયભાવમાં મોટો ફેર હોવા છતાં, સ્વભાવદશાની આ સમાનતાને ભેદજ્ઞાની જીવો જ ઓળખી શકે છે; ઉદય અને જ્ઞાનને જે જુદા દેખી શકે તે જ જ્ઞાનીઓની અંતરંગદશાને ઓળખી શકે.

અંતે તે અનંતવીર્યનો જીવ, સમ્યક્ત્વના પાલનપૂર્વક નરકની ઘોર યાતનામાંથી છૂટયો અને ભરતક્ષેત્રમાં વિદ્યાધરોનો સ્વામી મેઘનાદ રાજા થયો. એકવાર તે મેઘનાદ મેરુપર્વતના નંદનવનમાં જઈને

અચ્યુતેન્દ્ર



૪

વિદ્યા સાધી રહ્યો હતો; બરાબર તે જ વખતે અચ્યુતેન્દ્ર પણ ત્યાં જિનવંદના કરવા આવેલ; તેણે મેઘનાદને જોઈને કહ્યું : હે મેઘનાદ! પૂર્વભવમાં આપણે બંને ભાઈ હતા; હું અચ્યુતેન્દ્ર થયો છું; અને તું નરકમાં ગયો હતો ત્યાંથી નીકળીને આ મેઘનાદ વિદ્યાધર થયો છે. વિષયભોગોની તીવ્ર લાલસાથી તેં ઘોર નરકદુઃખો ભોગવ્યા.એને યાદ કરીને હવે તું સાવધાન થા, આ વિષય-ભોગોને છોડ ને સંયમનું આરાધન કર! તને સમ્યગ્દર્શન તો છે જ, હવે ચારિત્રધર્મને અંગીકાર કર! તૃષ્ણાની આગ વિષયભોગો વડે શાંત નથી થતી પણ ચારિત્રજળ વડે જ તે શાંત થાય છે; માટે તું આજે જ તે ભોગોને છોડ ને પારમેશ્વરી જિનદીક્ષાને ધારણ કર. આ દીક્ષા તે મોક્ષની માતા છે. દેવો પણ તેને પૂજે છે.

પોતાના ભાઈ અચ્યુત ઈન્દ્રના મુખથી ચારિત્રદશાનો અપાર મહિમા અને વૈરાગ્યનો મહાન ઉપદેશ સાંભળીને તે મેઘનાદને જાતિસ્મરણ થયું; તરત જ તેનું ચિત્ત સંસારથી વિરક્ત થયું, અને પાછો ઘરે ગયા વગર ત્યાં ને ત્યાં જ એક મુનિરાજની સમીપમાં વસ્ત્ર-મુગટ વગેરે સર્વ પરિગ્રહ છોડી, તેણે ચારિત્રદશા અંગીકાર કરી. 'ધન્ય મુનિદશા!' -એમ પ્રશંસાપૂર્વક તેને વંદન કરીને અચ્યુતેન્દ્ર પોતાના સ્વર્ગમાં ચાલ્યા ગયા. (જુઓ તો ખરા, ગુણનું બહુમાન! એક તીર્થંકરના આત્માએ ગણધરના આત્માને વંદન કર્યા.)

શ્રી મેઘનાદ મુનિ આત્મધ્યાનપૂર્વક વિચરી રહ્યા હતા. એવામાં સુકંઠ નામના એક અસુરદેવે તેમના પર ઉપસર્ગ કર્યો. ધરણેન્દ્રને ઉપસર્ગની ખબર પડતાં તેણે તે અસુરને ભગાડી મૂક્યો ને મુનિનો ઉપસર્ગ દૂર કર્યો. અંતે તે મુનિરાજ શાંત ભાવથી સમાધિમરણ કરીને સોળમા અચ્યુત સ્વર્ગમાં પ્રતીન્દ્ર થયા. ઈન્દ્ર તો શાંતિનાથ—તીર્થંકરનો જીવ, ને પ્રતીન્દ્ર ચક્રાયુધ-ગણધરનો જીવ,—એમ બંને ભાઈઓ ભેગા થયા. પોતાના પૂર્વભવના ભાઈ, તેમ જ ભવિષ્યના ભવના પણ ભાઈનો ભેટો થતાં તે પ્રતીન્દ્રને ઘણી પ્રસન્નતા થઈ; તેણે તેમનો ઘણો ઉપકાર માન્યો. તે ઈન્દ્ર તથા પ્રતીન્દ્ર બંને અસંખ્ય વર્ષો સુધી ચૈતન્યની અખંડ સાધનાપૂર્વક દેવલોકમાં સાથે જ રહ્યા. હવે સુધીના બાકીના પાંચેય ઉત્તમ ભવોમાં પણ તેઓ ભેગા જ રહેશે ને આત્મસાધનામાં વૃદ્ધિ કરતા કરતા, તીર્થંકર—ગણધર થઈને, મોક્ષપદને પામશે. (આપણે પણ આ કથા દ્વારા મોક્ષ સુધી તેમની સાથે જ રહેશું. પ્રથમ વિદેહક્ષેત્રમાં-જ્યાં તેઓ ક્ષેમંકર તીર્થંકરના પુત્ર થાય છે ત્યાં જઈએ.)

* * *

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ પાંચમો
## ક્ષેમંકર—તીર્થંકરના પુત્ર વજ્રાયુધ—ચક્રવર્તી (શાંતિનાથનો જીવ)
## વજ્રાયુધના પુત્ર સહસ્રાયુધ (ગણધર—ચક્રાયુધનો જીવ)

* * *

* અહો, ચૈતન્યરસથી ભરેલું શાંતજીવન જીવનારા પ્રભો શાંતિનાથ! તીર્થંકર *
* થવા પહેલાંના પાંચમા તેમજ ત્રીજા બંને અવતારમાં આપ વિદેહક્ષેત્રમાં *

તીર્થંકરદેવના પુત્ર હતા. બંને વખતે સ્વર્ગની ઈન્દ્રસભામાં ઈન્દ્રે આપના ઉત્તમ ગુણોની પ્રશંસા કરી હતી અને દેવ-દેવી આપની પરીક્ષા કરવા આવ્યા હતા; ત્યારે જૈન તત્ત્વજ્ઞાન અને બ્રહ્મચર્યમાં આપ એવા અડગ રહ્યા કે દેવોથી પણ ન ડગ્યા. જ્ઞાન-વૈરાગ્યની દઢતાના પ્રેરક આપના જીવનના ઉત્તમ પ્રસંગો અમારા જેવા મુમુક્ષુઓને પણ આત્મસાધના માટે ઉત્સાહિત કરે છે. અહીં આપના જીવનના તે પ્રસંગોનું આલેખન કરવાના મંગલપ્રસંગે આપશ્રીને અમારા હૃદયમાં બિરાજમાન કરીને નમસ્કાર કરીએ છીએ....અહો, આપના મંગલજીવનનું આલેખન કરતી વખતે, જાણે કે આપ જ અમારા હૃદયમાં બેઠાબેઠા બોલતા હો એવી મહાન પ્રસન્નતા અમને થાય છે.

* * *

આપણા હૃદયેશ્વર ભગવાન શાંતિનાથ અને તેમના ગણધર-એ બંને જીવો છઠ્ઠા—પૂર્વભવમાં અચ્યુતસ્વર્ગમાં ઈન્દ્ર તથા પ્રતીન્દ્ર થયા છે; ત્યાંથી નીકળીને હવે જે નગરીમાં તીર્થંકરના પુત્ર—પૌત્ર તરીકે તેઓ અવતરવાના છે તે પાવન નગરીમાં આપણી કથા પ્રવેશે છે.

આ છે જંબુદ્વીપના વિદેહક્ષેત્રમાં મંગલાવતી દેશની રત્નસંચયપુર નગરી! જ્યાંના મહારાજા ક્ષેમંકર-તીર્થંકર, તે નગરીની શોભાની શી વાત! જૈનધર્મના ઉપાસક પુણ્યવંત જીવો ત્યાં વસે છે અને ઊંચા ઊંચા જિનમંદિરો છે. તે 'રત્નસંચયપુરી' બહારમાં તો જિનમંદિરોના શિખર ઉપર જડેલા રત્નોના પ્રકાશથી શોભી રહી છે; ને અંતરંગમાં, ધર્માત્માઓના હૃદયમાં રહેલા સમ્યગ્દર્શનાદિ રત્નોથી શોભી રહી છે. મહારાજા ક્ષેમંકર મહાપુણ્યવાન છે, ધીર-વીર છે, શુદ્ધ સમ્યગ્દષ્ટિ છે, અવધિજ્ઞાની છે, ચરમશરીરી છે અને તીર્થંકર છે.

તે ક્ષેમંકર મહારાજાની મહારાણી કનકમાલા; તેની કૂખે શાંતિનાથપ્રભુના જીવે (—પૂર્વના અપરાજિત-બળભદ્રના જીવે) અચ્યુતસ્વર્ગમાંથી અવતાર લીધો....તેનું નામ વજ્રાયુધ! (પાઠક! તમે યાદ કરજો કે, શાંતિનાથ પ્રભુએ પૂર્વે ૧૨મા ભવમાં પણ આ રત્નસંચયપુરી નગરીમાં જ 'શ્રીષેણરાજા' તરીકે અવતરીને રાજ્ય કર્યું હતું.) વાહ, રત્નપુરી તો જાણે તીર્થંકરોની ખાણ! વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરને ત્યાં ભરતક્ષેત્રના ભાવિતીર્થંકર પુત્ર તરીકે અવતર્યા. આમ તો બે સાક્ષાત્ તીર્થંકરોનું મિલન નથી થતું, પણ અહીં એક તીર્થંકરના ઘરે બીજા તીર્થંકરનો અવતાર થયો એટલે એક વર્તમાન અને એક ભાવિ એમ બે તીર્થંકર-આત્માઓનું પિતા—પુત્રરૂપે મિલન થયું.

* ભાવિ-ગણધરનો જીવ, કે જે પૂર્વે અપરાજિતનો ભાઈ અનંતવીર્ય-વાસુદેવ હતો, પછી નરકે ગયો હતો, અને ત્યાંથી નીકળી મેઘનાદ થઈ અચ્યુતસ્વર્ગમાં પ્રતીન્દ્ર થયો હતો, તે ત્યાંથી નીકળીને રત્નસંચયપુરીમાં વજ્રાયુધનો પુત્ર થયો. તેનું નામ સહસ્રાયુધ.(ભાવિ તીર્થંકર ને ગણધર અત્યારે પિતા-પુત્ર થયા.)

* તે સહસ્રાયુધને એક ચરમશરીરી પુત્ર હતો, તેનું નામ કનકશાંતિ.

—આ રીતે શાંતિનાથપ્રભુના જીવનમાં એક સાથે ચાર પેઢીના મહાપુરુષોનું જીવન વાંચી રહ્યા છીએ—

(૧) ક્ષેમંકર મહારાજા (તે વિદેહક્ષેત્રના તીર્થંકર : રત્નસંચયપુરીના રાજા)

(૨) તે ક્ષેમંકરના પુત્ર; વજ્રાયુધકુમાર (ચક્રવર્તી; ભાવિતીર્થંકર-શાંતિનાથ)

(૩) તે વજ્રાયુધના પુત્ર; સહસ્રાયુધ (ભાવિ ગણધર—ચક્રાયુધ)

(૪) તે સહસ્રાયુધના પુત્ર; કનકશાંતિ (જે ચરમશરીરી છે ને કેવળજ્ઞાન પ્રગટ કરીને ધર્મોપદેશ વડે પોતાના દાદાને પણ વૈરાગ્યનું નિમિત્ત થશે.)

* * *

એક વખત રત્નપુરીની રાજસભામાં એ ચારે મહાત્માઓ બેઠા છે; તીર્થંકર ક્ષેમંકર-મહારાજા પુત્ર-પૌત્ર અને પ્રપૌત્ર સહિત શોભી રહ્યા છે. એવામાં તે રાજસભામાં એક પંડિત આવ્યો... ને આશ્ચર્યકારી ઘટના બની. શું બન્યું તે સાંભળો.

જ્યારે અહીં રત્નપુરીમાં અદભુત રાજસભા ભરાણી હતી તે જ વખતે અમરપુરીમાં અદ્‌ભુત ઈન્દ્રસભા ચાલતી હતી; તેમાં ઈન્દ્રમહારાજે વજ્રાયુધકુમારની પ્રશંસા કરતાં કહ્યું :—‘હે દેવો! હું મધ્યલોકના એક ધર્માત્માની વાત કહું છું તે સાંભળો! —આ વાત સુખ દેનારી છે અને ધર્મનો મહિમા વધારનારી છે. જુઓ, અત્યારે વિદેહક્ષેત્રની રત્નસંચયપુરી નગરીમાં, તીર્થંકરભગવાન શ્રી ક્ષેમંકરમહારાજાની રાજસભામાં તેમના પુત્ર વજ્રાયુધકુમાર બેઠા છે, તેઓ પણ ભરતક્ષેત્રના ભાવિ તીર્થંકર છે,—મહાબુદ્ધિમાન છે, અવધિજ્ઞાની છે, ગુણોના સાગર છે, તત્ત્વોના જાણકાર છે, ધર્માત્મા છે, સમ્યગ્દર્શનના નિઃશંકતા વગેરે ગુણોથી શોભિત છે અને જિનપ્રણીત તત્ત્વાર્થશ્રદ્ધાનમાં અડગ છે....” આમ ઘણા પ્રકારે ઈન્દ્રે વજ્રાયુધકુમારની સ્તુતિ કરી.

ઈન્દ્રસભામાં વજ્રાયુધકુમારની આવી સ્તુતિ સાંભળીને ‘વિચિત્રશૂલ’ નામનો એક દેવ પરીક્ષા



(ઈન્દ્રસભામાં વજાયુધની પ્રશંસા) અને (દેવ દ્વારા પરીક્ષા અને સ્તુતિ)

કરવા માટે રત્નપુરીમાં આવ્યો અને એકાંતવાદી–પંડિતનુ રૂપ ધારણ કરીને વજ્રાયુધકુમારને પૂછવા લાગ્યોઃ 'હે કુમાર! આપ જીવ વગેરે પદાર્થોનો વિચાર કરવામાં ચતુર છો અને અનેકાન્તરૂપ જૈનમતને માનનારા છો; પરંતુ વસ્તુ કાં તો એકાંત ક્ષણિક હોય, અથવા તો એકાંત નિત્ય હોય! તો એ બતાવો કે, શું જીવ સર્વથા ક્ષણિક છે? કે સર્વથા નિત્ય છે?

તેના ઉત્તરમાં વજ્રાયુધકુમાર અનેકાન્તસ્વભાવનો આશ્રય લઈને, અમૃત જેવા મધુર અને શ્રેષ્ઠ વચનો વડે કહેવા લાગ્યા–"હે વિદ્વાન! હું જીવાદિ પદાર્થોનું સ્વરૂપ પક્ષપાતરહિત કહું છું, તમે તમારા મનને સ્થિર કરીને સાંભળો! અનેકાન્તમય જૈનધર્મનું અમૃત તમે નથી પીધું ત્યાં સુધી જ એકાંતવાદરૂપ મિથ્યાત્વનું ઝેર તમારી વાણીમાં આવે છે. અનેકાન્તનું અમૃત ચાખતાં જ તમારું મિથ્યાત્વનું ઝેર ઊતરી જશે ને તમને તૃપ્તિ થશે. સાંભળો! જિન ભગવાનનાં અમૃત જેવા વચનમાં એમ કહ્યું છે કે જીવાદિ કોઈ પદાર્થો સર્વથા ક્ષણિક નથી તેમ જ સર્વથા નિત્ય પણ નથી; કેમકે જો તેને સર્વથા ક્ષણિક માનવામાં આવે તો પુણ્ય-પાપનું ફળ કે બંધ-મોક્ષ વગેરે કાંઈ બની શકે નહિ, પુનર્જન્મ બની શકે નહિ, વિચારપૂર્વક કરાતાં કાર્યો મકાન-વ્યાપાર-વિવાહ વગેરે બની શકે નહિ; જ્ઞાન-ચારિત્ર વગેરેનું અનુષ્ઠાન કે તપ વગેરે પણ નિષ્ફળ જાય, કેમકે જીવ ક્ષણિક જ હોય તો તે બધાનું ફળ કોણ ભોગવે? વળી ગુરુદ્વારા શિષ્યને જ્ઞાનપ્રાપ્તિ કે પૂર્વજન્મના સંસ્કાર પણ રહેશે નહિ, ને પ્રત્યભિજ્ઞાન, જાતિસ્મરણજ્ઞાન વગેરેનો પણ લોપ થશે.–માટે જીવને સર્વથા ક્ષણિકપણું નથી. અને જીવને જો સર્વથા નિત્ય માનવામાં આવે તો. બંધ-મોક્ષ બની શકશે નહિ, અજ્ઞાન ટાળીને જ્ઞાન કરવાનું, કે ક્રોધાદિની હાની ને જ્ઞાનાદિની વૃદ્ધિ બની શકશે નહિ, પુનર્જન્મ પણ બની શકશે નહિ. ગતિનું પરિવર્તન પણ કઈ રીતે થશે?–માટે જીવ સર્વથા નિત્ય પણ નથી.

એક જ જીવ એક સાથે નિત્ય તેમજ અનિત્ય એવા અનેકસ્વરૂપ છે. (આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય.)–તેને અનેકાન્ત કહેવાય છે. એ જ રીતે જીવાદિ તત્ત્વોમાં જે પોતાના ગુણપર્યાયો છે તેનાથી તે સર્વથા અભિન્ન નથી તેમ એકાંતે ભિન્ન પણ નથી; અનેકાન્તસ્વરૂપ વડે જ સત્યની સિદ્ધિ છે. અનેકાન્ત તે અમૃત છે. માટે બુદ્ધિમાનોએ પરીક્ષાપૂર્વક અનેકાન્ત-સ્વરૂપ જૈનધર્મનો સ્વીકાર કરવો જોઈએ કેમકે તે જ સત્ય છે. એકાંત નિત્યપણું કે એકાંત ક્ષણિકપણું તે સત્ય નથી.

-આ પ્રમાણે વજ્રાયુધકુમારે વજ્ર જેવાં વચનો વડે એકાંતવાદની દલીલોને ખંડખંડ કરી નાંખી. વિદ્વાનના વેશમાં આવેલો તે દેવ પણ વજ્રાયુધની વિદ્વત્તાથી મુગ્ધ બન્યો. મનમાં પ્રસન્ન થઈને હજી વિશેષ પરીક્ષા માટે તેણે પૂછ્યું : હે કુમાર! આપનાં વચનો બુદ્ધિથી ભરેલાં છે ને વિદ્વાનોને આનંદ પમાડનારાં છે; હવે એ સમજાવો કે—

### શું જીવ, કર્મ વગેરેનો કર્તા છે?–કે સર્વથા અકર્તા છે?

ઉત્તરમાં વજ્રાયુધે કહ્યું : જીવને ઘટ-પટ-શરીર-કર્મ વગેરે પરદ્રવ્યનો કર્તા ઉપચારથી કહેવાય છે, ખરેખર જીવ તેનો કર્તા નથી. અશુદ્ધનયથી જીવ પોતાનાં ક્રોધ-રાગાદિ ભાવોનો કર્તા છે, પણ તે કર્તાપણું છોડવાયોગ્ય છે; શુદ્ધનયથી જીવ તે ક્રોધાદિનો કર્તા નથી; તે પોતાના સમ્યક્ત્વાદિ શુદ્ધ ચેતનભાવોનો ખરેખર કર્તા છે; એ તેનો સ્વભાવ છે–આ પ્રકારે જીવને કર્તાપણું તેમ જ અકર્તાપણું સમજવું.

**વિદ્વાને ફરી પૂછ્યું–શું જીવ કર્મના ફળનો ભોક્તા છે?–કે નથી?**

વિદેહના વર્તમાન તીર્થંકરની સભામાં બેઠેલા ભારતના ભાવિ તીર્થંકરે ઉત્તર આપ્યો– 'અશુદ્ધનયથી જીવ પોતે કરેલાં કર્મના ફળને ભોગવે છે; શુદ્ધનયથી તે કર્મફળનો ભોકતા નથી; પોતાના સ્વાભાવિક સુખનો જ ભોકતા છે.'

**(દેવ–) જે જીવ કર્મ કરે છે તે જ તેના ફળનો ભોક્તા છે? કે કોઇ બીજો?**

(વજ્રાયુધ) એક પર્યાયમાં જીવ શુભાશુભ કર્મને કરે છે ને બીજી પર્યાયમાં (અથવા બીજા જન્મમાં) તેના ફળને ભોગવે છે; એટલે પર્યાય-અપેક્ષાએ જોતાં જે કરે છે તે જ નથી ભોગવતો; અને દ્રવ્ય અપેક્ષાએ જોતાં, જે જીવે કર્મો કર્યાં તે જ જીવ તેનાં ફળને ભોગવે છે; એક જીવના સુખ–દુઃખને બીજો નથી ભોગવતો.

**વળી દેવે પૂછ્યું–જીવ સર્વવ્યાપી મહાન છે? કે તલના દાણા જેવડો સૂક્ષ્મ છે?**

વજ્રાયુધે કહ્યુંઃ નિશ્ચયથી દરેક જીવ સદાય અસંખ્યપ્રદેશી છે. કેવલીસમુદ્ઘાત વખતે તે આખા લોકમાં સર્વવ્યાપી થઇ જાય છે (–જે માત્ર એક જ સમય રહે છે.)તે સિવાયના વખતમાં નાનું-મોટું જેવું શરીર હોય તેવા આકારવાળો તે હોય છે. તેનું કારણ એ છે કે દીપકના પ્રકાશની જેમ જીવમાં સંકોચ-વિસ્તાર થવાની શક્તિ છે, તેથી તે શરીરના આકાર જેવો થઇ જાય છે. મુકતદશામાં રહેલો શરીરરહિત જીવ પણ સર્વથા નિરાકાર નથી તેમ જ સર્વવ્યાપી નથી, પરંતુ લગભગ છેલ્લા શરીર જેવા ચૈતન્ય–આકારવાળો હોય છે.

* અંતમાં તે પરીક્ષા કરવા આવેલા દેવે પૂછ્યુંઃ હે કુંવરજી! એ બતાવો કે, શું જીવ પોતે જ્ઞાનથી જાણે છે?–કે ઇન્દ્રિયોથી જાણે છે?

વજ્રાયુધકુમારે કહ્યુંઃ હે વત્સ! જીવ પોતે જ જ્ઞાનસ્વરૂપ છે, તેથી તે પોતે જાણે છે. ઇન્દ્રિયો કાંઇ જીવસ્વરૂપ નથી. શરીર અને ઇન્દ્રિયો તો અચેતન જડ છે; તેનાથી જીવ જાુદો છે. અરિહંતો અને સિદ્ધભગવંતો ઇન્દ્રિયો વગર જ સર્વને જાણે છે; સ્વાનુભવી ધર્માત્માઓ પણ ઇન્દ્રિયોના અવલંબન વિના જ આત્માને અનુભવે છે. આ રીતે અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ આત્મા છે.

આ પ્રમાણે આત્માનું સ્વરૂપ સરસ રીતે સમજાવીને છેવટે વજ્રાયુધકુમારે કહ્યુંઃ જીવનું નિત્યપણું–ક્ષણિકપણું, બંધ–મોક્ષ, કર્તૃત્વ–ભોકતૃત્વ વગેરે બધું અનેકાન્ત-નયોથી જ સિદ્ધ થાય છે; એકાંતનયથી તે કાંઇ પણ સિદ્ધ થઇ શકતું નથી. માટે હે ભવ્યજીવો! તમે અનેકાન્તમય જૈનધર્મઅનુસાર સમ્યક શ્રદ્ધા કરીને આત્માનું કલ્યાણ કરો.

એ પ્રમાણે પંડિતવેશમાં રહેલા દેવે જે કોઇ પ્રશ્નો પૂછયા તે બધાયનું સમાધાન વજ્રાયુધકુમારે ઘણી ગંભીરતા અને દ્રઢતાથી અનેકાંત અનુસાર કર્યું. ભરતના ભાવિ તીર્થંકરના શ્રીમુખથી આવી સુંદર ધર્મચર્ચા સાંભળીને વિદેહના સર્વે સભાજનો પ્રસન્ન થયા. અમૃતભરેલાં તેમનાં વચનો સાંભળીને અને તેમના તત્ત્વાર્થશ્રદ્ધાનની દ્રઢતા દેખીને, તે મિથ્યાદ્રષ્ટિ દેવ પણ જૈનધર્મનું સ્વરૂપ સમજીને સમ્યગ્દર્શન પામી ગયો, અને તેને એટલો બધો સંતોષ તથા પ્રસન્નતા થઇ–જાણે કે મોક્ષપદ મળી ગયું હોય!

પછી તરત તે દેવે પોતાનું મૂળસ્વરૂપ પ્રગટ કર્યું અને સ્વર્ગમાં ઇન્દ્રે તેમની જે પ્રશંસા કરી હતી તે કહી સંભળાવી. 'હે પ્રભો! મને ક્ષમા કરો....મેં આપના તત્ત્વજ્ઞાનમાં શંકા કરીને આપની પરીક્ષા કરી. આપના પ્રતાપે હું આજ જૈનધર્મની શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શન પામ્યો છું. આપનો મહાન ઉપકાર છે; આપનું તત્ત્વજ્ઞાન ઉજ્જવળ છે ને આપ તો ભાવિ તીર્થંકર છો.'—આમ કહીને તે દેવે મહાનભક્તિથી દિવ્ય વસ્ત્રાભૂષણ ભેટ આપીને વજ્રાયુધકુમારનું બહુમાન કર્યું.

અહો, જગતમાં તે ધર્માત્મા જીવો ધન્ય છે કે જેઓ સમ્યક્ત્વાદિ નિર્મળ રત્નોવડે સુશોભિત છે, ઇન્દ્રો પણ જેમની પ્રશંસા કરે છે અને દેવો આવીને પરીક્ષા કરે તોપણ તત્ત્વ-શ્રદ્ધામાંથી જેઓ જરાપણ ડગતા નથી. આવા ધર્માત્માઓના સમ્યગ્દર્શનાદિ ગુણો જોઇને મુમુક્ષુનું હૃદય તેમના પ્રત્યે પ્રમોદથી ઉલ્લસિત થાય છે. ભાવિ શાંતિનાથ એવા શ્રી વજ્રાયુધકુમારનું નિર્મળ તત્ત્વજ્ઞાન જિજ્ઞાસુ જીવોને માટે અનુકરણીય છે.

* * *

ઉપરના પ્રસંગ પછી અમુક વખત બાદ, વજ્રાયુધકુમારના પિતા શ્રી ક્ષેમંકર તીર્થંકર સંસારથી વિરક્ત થયા; વજ્રાયુધકુમારનો રાજ્યાભિષેક કરીને, બાર વૈરાગ્ય અનુપ્રેક્ષાના ચિંતન-પૂર્વક પોતે સ્વયં દીક્ષા અંગીકાર કરીને મુનિ થયા. આત્મધ્યાનવડે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટાવીને તીર્થંકર થયા અને સમવસરણમાં દિવ્યધ્વનિવડે ભવ્ય જીવોને ધર્મોપદેશ દેવા લાગ્યા.

આ બાજુ વજ્રાયુધ મહારાજા રત્નપુરીમાં રાજ્ય કરતા હતા, તેમના શસ્ત્રભંડારમાં એકાએક સુદર્શનચક્ર પ્રગટ થયું; અને છએ ખંડ ઉપર વિજય મેળવીને તેમણે ચક્રવર્તીપદ પ્રાપ્ત કર્યું. પિતાજી ધર્મચક્રી થયા ને પુત્ર રાજચક્રી થયા. ધર્મ અને પુણ્ય બંનેનો કેવો ઉત્તમ સુયોગ! છતાં ધર્મીને માટે એક સરસ છે ને બીજું નીરસ છે.

હવે તે વજ્રાયુધ-ચક્રવર્તીનો પૌત્ર (ને ક્ષેમંકર તીર્થંકરનો પ્રપૌત્ર) કનકશાંતિ કે જે ચરમશરીરી છે, —તે એકવાર પરિવાર-સહિત વનવિહાર કરવા ગયો; જેમ માટી ખોદતાં રત્નખજાનો મળી જાય તેમ વનમાં તેને રત્નત્રયવંત મુનિરાજનાં દર્શન થયા. તે મુનિરાજ પાસેથી ધર્મોપદેશ સાંભળતાં તે કનકકુમાર વૈરાગ્ય પામ્યો ને દીક્ષા લેવા તૈયાર થયો. ત્યારે તેના દાદા વજ્રાયુધે અને પિતા સહસ્રાયુધે કહ્યું: બેટા, હજી તારી ઉંમર નાની છે; અત્યારે તું રાજભોગ ભોગવ; પછી અમે જ્યારે દીક્ષા લઇએ ત્યારે અમારી સાથે તું પણ દીક્ષા લેજે!

પણ વૈરાગી કનકકુમારે કહ્યું : હે દાદાજી! હે પિતાજી! જીવનનો શો ભરોસો? અને મનુષ્ય-અવતારના આ દુર્લભ દિવસો વિષયાસક્તિમાં વેડફી દેવા મુમુક્ષુને પાલવે નહિ. મુમુક્ષુએ તો યમરાજનો વિશ્વાસ કર્યા વગર, બાળપણથી જ ધર્મની સાધના કરવી જોઇએ. માટે હું તો આજે જ દીક્ષા લઇશ.— એમ કહીને તે કનકશાંતિએ વનમાં જઇને જિનદીક્ષા લીધી. તે કનકમુનિરાજ, વિદ્યાધરના અનેક ઉપસર્ગો વચ્ચે પણ આત્મધ્યાનમાં અડોલ રહીને અલ્પકાળમાં કેવળજ્ઞાન પામ્યા.

પોતાના પૌત્રને કેવળજ્ઞાન થવાના સમાચાર સાંભળતાં જ અત્યંત આનંદિત થઇને વજ્રાયુધ ચક્રવર્તીએ 'આનંદ' નામની ગંભીર ભેરી વગડાવીને ઉત્સવ કર્યો અને પોતે ધામધૂમથી તે જિનરાજને


વંદવા-પૂજવા માટે ગયા. ત્યાં સ્તુતિ કરીને પ્રાર્થના કરી કે ‘હે જિનરાજ ! સંસારના કષાયોથી ડરીને હું આપના શરણે આવ્યો છું; મને ધર્મોપદેશ સંભળાવવા કૃપા કરો. અનેક દેવો અને વિદ્યાધરો પણ કેવળજ્ઞાનના ઉત્સવમાં આવ્યા હતા. પ્રભુનો દિવ્ય મહિમા દેખીને, પેલો ઉપસર્ગ કરનારો વિદ્યાધર પણ પ્રભુના શરણે આવ્યો ને વેરભાવ છોડીને ધર્મની પ્રાપ્તિ કરી. શ્રી કનકકેવળીએ દિવ્ય વાણીમાં કહ્યું : સંસાર અનાદિઅનંત છે, અજ્ઞાનીજીવો તેનો પાર નથી પામી શકતા; પણ ભવ્યજીવો આત્મજ્ઞાન વડે અનાદિ સંસારનો પણ અંત કરી નાંખે છે. જેઓ રત્નત્રયરૂપ ધર્મનૌકામાં નથી બેસતા તેઓ અનંતવાર સંસાર-સમુદ્રમાં ડૂબે છે ને ઊછળે છે; પણ જેઓ આત્મજ્ઞાન કરીને ધર્મનૌકામાં બેસે છે તેઓ ભવ-સમુદ્રમાંથી બહાર નીકળીને મોક્ષપુરીમાં પહોંચી જાય છે. માટે મોક્ષાર્થી જીવે ભવસમુદ્રને પાર કરવા અવશ્ય ધર્મનું સેવન કરવું જોઈએ. ધર્મ જ માતા–પિતા સમાન હિતકારી છે, તે જ જન્મ-મરણના દુઃખોમાંથી ઉદ્ધાર કરીને જીવને ઉત્તમ મોક્ષસુખમાં સ્થાપે છે.’ (અહા, પૌત્ર તો કેવળી થઈને ઉપદેશ આપે છે ને દાદા-જે પોતે ભાવિ તીર્થંકર છે તે ભક્તિપૂર્વક ઉપદેશ સાંભળે છે.)

આ પ્રમાણે કેવળી ભગવાનનો ઉપદેશ સાંભળીને ધર્માત્મા વજ્રાયુધ-ચક્રવર્તીનું ચિત્ત સંસાર-ભોગોથી વિરક્ત થયું. અહો, જુઓ તો ખરા,-જેના પિતા તીર્થંકર, જે પોતે ભાવિ તીર્થંકર, તે અત્યારે



પોતાના પૌત્રના ઉપદેશ વડે વૈરાગ્ય પામ્યા છે. વૈરાગ્ય પામીને તે વજ્રાયુધ મહારાજા વિચારવા લાગ્યા કે અરે, આ સંસારમાં વિષય-ભોગોની પ્રીતિ અત્યંત ચીકણી છે; આત્મજ્ઞાનીને પણ તેનો અનુરાગ છોડીને મુનિદશા ધારણ કરવાનું દુર્લભ છે કે, જે કનકશાંતિ મારો પૌત્ર હતો તેણે તો પોતાના આત્મબળથી બાળકપણામાં જ કેવળજ્ઞાન–સંપદા પ્રાપ્ત કરી લીધી ને પરમાત્મા બની ગયા. તેમને ધન્ય છે.

વૈરાગી વજ્રાયુધ મહારાજાએ રાજમહેલમાં આવીને રત્નપુરીનું રાજય પોતાના પુત્ર સહસ્રાયુધને સોંપી દીધું ને પોતાના પિતા શ્રી ક્ષેમંકર-તીર્થંકરના સમવસરણમાં જઈને જિનદીક્ષા ધારણ કરી. વૈરાગ્ય તો પૌત્રના ઉપદેશથી પામ્યા, ને દીક્ષા પિતા પાસે લીધી. છ ખંડનો ચક્રવર્તીવૈભવ છોડીને દીક્ષા બાદ શ્રી વજ્રાયુધ મુનિરાજ સિદ્ધાચલપર્વત ઉપર એક વર્ષનો પ્રતિમાયોગ ધારણ કરીને ઊભા.



બાહુબલીસ્વામીની જેમ તેમણે પણ આહાર-પાણી વગર એક વર્ષ સુધી અડોલપણે એવું ધ્યાનતપ કર્યું કે કંઠ સુધી વેલડીઓ વીંટાણી, તેમ જ સિંહ-સસલાં, સર્પ, હરણ વગેરે પશુઓ આવીને શાંતિપૂર્વક તેમના ચરણોમાં રહેવા લાગ્યા. તેમની શાંત ધ્યાનમુદ્રાથી પ્રભાવિત થઈને હિંસક પશુઓ પણ શાંત થઈ જતા હતા. પૂર્વના વેરી અસુરદેવે તેમને ધ્યાનથી ડગાવવા ઘણો ઉપસર્ગ કર્યો, છતાં વજ્રમુનિરાજ તો ધ્યાનમાં વજ્ર જેવા સ્થિર રહ્યા, તેમનું ચિત્ત ડગ્યું નહિ. અંતે ભકત–દેવીઓએ આવીને તે અસુરદેવોને ભગાડી મૂકયા. દેવોએ સ્તુતિ કરીને તેમની ક્ષમા માંગી. મુનિરાજ વજ્રાયુધ અનેક વર્ષો સુધી રત્નત્રયની આરાધના સહિત વિદેહક્ષેત્રમાં વિચર્યા.

આ તરફ, તે વજ્રાયુધ મહારાજાના પુત્ર સહસ્રાયુધે કેટલોક વખત રત્નપુરીનું રાજય કર્યું, પછી તેનું ચિત્ત પણ સંસારથી વિરક્ત થયું; તે વિચારવા લાગ્યા કે મારા દાદા તો તીર્થંકર છે, મારા પિતાજી પણ ચક્રવર્તીનું રાજ છોડીને મોક્ષને સાધવા માટે મુનિ થયા છે, મારો પુત્ર પણ દીક્ષા લઈને કેવળી થયો છે; અને હું હજી વિષય-ભોગોમાં પડયો છું! અરે, આ દુઃખદાયક અને પાપજનક વિષયભોગો મને શોભતા નથી, મને એમાં કયાંય ચેન નથી. મોક્ષને સાધવા હું આજે જ સાધુ થઈશ.–આવા નિશ્ચયપૂર્વક જિનદીક્ષા લઈને તેઓ પણ વજ્રાયુધ મુનિરાજની સાથે વિચરવા લાગ્યા. પિતા-પુત્ર (ભાવિ તીર્થંકર–ગણધર) બંને મુનિરાજોએ સાથે સાથે અનેક વર્ષો સુધી વિહાર કર્યો. અંતે વિદેહક્ષેત્રના વૈભારપર્વત પર તે બંને મુનિવરોએ રત્નત્રયની અખંડ આરાધનાપૂર્વક સમાધિમરણ કર્યું ને ઊર્ધ્વ ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયા.

આ રીતે ક્ષેમંકર તીર્થંકર, તેના પુત્ર વજ્રાયુધચક્રવર્તી, તેના પુત્ર સહસ્રાયુધ અને તેના પુત્ર કનકશાંતિ. એ ચાર પેઢીમાંથી બે પેઢીના જીવો તો મોક્ષ પામ્યા, ને વચલી બે પેઢીના જીવો અહમિન્દ્ર થયા; તેઓ ત્રણ ભવ પછી મોક્ષ પામશે.

(આ રીતે ભગવાન શાંતિનાથના પંચમ—પૂર્વભવ 'વજ્રાયુધ ચક્રવર્તી'ની કથા પૂરી થઈ.)

* * *

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ ચોથોઃ ગ્રૈવેયકમાં અહમિન્દ્ર

આપણા ચરિત્રનાયક તીર્થંકર શાંતિનાથ, તથા તેમના ગણધર ચક્રાયુધ, બંને જીવો ચોથા પૂર્વભવે, ગ્રૈવેયકમાં અહમિન્દ્રદેવ થયા છે. ગ્રૈવેયકના દેવોને દેવીઓ હોતી નથી છતાં, પૂર્વે ૧૬ મા સ્વર્ગમાં ઈન્દ્રપદ વખતે ઈન્દ્રાણીઓની વચ્ચે, કે ચક્રવર્તી પદ વખતે ૯૬૦૦૦ સુંદરીઓના સંગમાં, તેમને જે પુણ્યજન્ય સુખ હતું તેના કરતાંય ઘણું વધારે સુખ અહીં ઈન્દ્રાણી વગર પણ તેમને હતું. તે જ સાબિત કરે છે કે સુખ વિષયોના ભોગવટામાંથી નથી આવતું. હા, એટલું ખરું કે પૂર્વે મુનિદશામાં તેમને જેટલું મહાન વીતરાગી સુખ હતું તેટલું મહાન સુખ આ અહમિન્દ્રપદમાં ન હતું, કેમ કે સાચું સુખ તો વીતરાગતા જ છે. રાગના ફળમાં સાચું સુખ કેમ હોય?–ન જ હોય. આ વાત તે અહમિન્દ્ર બરાબર જાણતા હતા. અને,—

**'તેથી ન કરવો રાગ જરીયે કયાંય પણ મોક્ષેચ્છુએ,**
**વીતરાગ થઇને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.'**

—આવી મુમુક્ષુભાવના સહિત દેવલોકનું અસંખ્ય વર્ષનું આયુ પૂરું કરીને તે બંને મહાત્માઓ મનુષ્યલોકમાં આવવા તૈયાર થયા.

(ભગવાન શાંતિનાથના ચોથા પૂર્વભવનું વર્ણન અહીં પૂરું થયું.)

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ ત્રીજો

## વિદેહમાં ઘનરથ તીર્થંકરના પુત્રઃ મેઘરથ તથા દઢરથ

આ જંબુદ્વીપના વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતીદેશ અને તેમાં પુંડરીકિણી નગરી છે, તે વિદ્યમાન સીમંધર ભગવાન વગેરે કેટલાય તીર્થંકરોની જન્મનગરી છે. ત્યાંથી મોક્ષમાં જવાના દરવાજા—સદાય ખુલ્લા છે, તેથી સ્વર્ગના દેવોને પણ ત્યાં અવતરવાનું મન થાય છે. મહારાજા ઘનરથ એ નગરીના રાજા હતા; નગરી સુંદર હતી, ને તેના રાજા તેનાથીયે વધુ સુંદર હતા, કેમકે તે એક તીર્થંકર હતા. અહમિન્દ્ર થયેલા આપણા બંને ચરિત્રનાયકો ત્યાંથી ચવીને ઘનરથ તીર્થંકરના પુત્રો થયાઃ ભગવાન શાંતિનાથનો જીવ મેઘરથકુમાર થયો અને ગણધરનો જીવ દઢરથકુમાર થયો. તે મેઘરથ અને દઢરથ બંને ભાઈઓ આત્મજ્ઞાની, શાંત પરિણામી, વિદ્વાન અને મનોહર હતા. ભવોભવના અને મોક્ષસુધીના સાથી હોવાથી બંનેને એકબીજા પ્રત્યે પરમ સ્નેહ હતો. બંને સાથે જ રમતા, સાથે જ જમતા, સાથે ધર્મચર્ચા કરતા ને પ્રભુના સમવસરણમાં કે રાજદરબારમાં પણ સાથે જ જતા. તેમની ચેષ્ટાઓ સૌને આનંદ પમાડતી.

## બે કૂકડાના ઉદ્ધારનો પ્રસંગ

એકવાર મહારાજા ઘનરથ-તીર્થંકર રાજસભામાં પરિવાર સહિત બેઠા હતા; યુવરાજ મેઘરથકુમાર પણ રાજદરબારમાં બેઠા હતા ને ધર્મના મહિમાની અદ્‌ભુત ચર્ચા ચાલતી હતી. અહા, જે સભામાં વર્તમાન તીર્થંકર તેમજ ભાવિ તીર્થંકર-એકસાથે બિરાજતા હોય તે રાજસભામાં, રાજ્ય—ચર્ચાને બદલે ધર્મચર્ચા થાય—એમાં શું આશ્ચર્ય? પરંતુ, એકાએક તે ચર્ચામાં ભંગ પડયો ને એક બીજી જ ચર્ચા ઊભી થઈ. મહારાજા ઘનરથની નજર બે કૂકડા ઉપર પડી; બંને કૂકડા ઘણા ઝનૂનથી સામસામા લડતા હતા. તે યુદ્ધ તે બંને કૂકડાઓ માટે દુઃખનું કારણ હતું ને તેમાં રસ લેનારને પણ તે અશુભ ધ્યાનનું કારણ હતું. દયાળુ મહારાજાએ તરત તે કૂકડાનું યુદ્ધ રોકવાની ભાવનાથી, મેઘરથને સંબોધીને પૂછ્યું: હે મેઘરથ! આ બંને કૂકડાઓને એકબીજા ઉપર આટલો બધો વેરભાવ કેમ છે?



ત્યારે અવધિજ્ઞાની મેઘરથકુમારે તે બંને કૂકડાના પૂર્વભવ જાણીને કહ્યું : સાંભળો! આ એક વૈરાગ્યની વાત છે. આ બંને કૂકડાનો વેરભાવ પૂર્વભવથી

ચાલ્યો આવે છે. આ બંને કૂકડાના જીવો પૂર્વે સગા ભાઈ હતા, પણ એક બળદની માલિકી ખાતર તેઓ લડયા ને બંનેએ એકબીજાને મારી નાંખ્યા. પછી બંને જંગલી હાથી થયા, ત્યાં પણ લડીને મર્યા; પછી બંને પાડા થયા, ત્યાં પણ સામસામા લડીને મર્યા; પછી મેંઢા થયા ને એ જ રીતે મર્યા; અંતે તે બંને ભાઈઓ આ કૂકડા થઈને અત્યારે લડી રહ્યા છે. અરે, એક વખતના બે સગા ભાઈઓ ક્રોધવશ સંસારમાં ભટકતા કેટલીવાર સામસામા લડી મર્યા! કષાયના સંસ્કાર જીવને કેવું દુઃખ આપે છે! કષાયથી છૂટો પડે તો જ જીવને શાંતિ મળે.

મેઘરથની વાણી એવી શાંત અને મધુર હતી કે ક્ષણભર બંને કૂકડાઓ પણ યુદ્ધ કરવાનું ભૂલીને તે સાંભળવામાં મશગુલ બન્યા. કૂકડાના પૂર્વભવની કથા સાંભળીને સભાજનો આશ્ચર્યથી વૈરાગ્ય પામ્યા ને મેઘરથના દિવ્યજ્ઞાનની પ્રશંસા કરવા લાગ્યા. બંને કૂકડા પણ પોતાના પૂર્વભવની વાત સાંભળીને એકદમ શાંત થઈ ગયા; લડવાનું બંધ કરીને બંને વિચારમાં પડી ગયા કે અરે, આ તો મારો ભાઈ!' એ વખતે તે બંને કૂકડાને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું; આંખમાંથી આંસુની ધાર ચાલી; વેરભાવ દૂર થયો ને ઘનરથ તથા મેઘરથ પ્રત્યે ભક્તિભાવથી જોઈ રહ્યા. મેઘરથે તેમને વૈરાગ્યમય સંબોધન કર્યું : હે ભદ્ર! હવે તમે હિંસકભાવ છોડો ને અહિંસામય જિનધર્મનું શરણ લ્યો, તેથી આવા દુઃખમય જન્મોથી તમારો છૂટકારો થાય. બંનેએ હિંસકભાવ છોડયો ને જૈનધર્મ સ્વીકારીને અહિંસક-ભાવપૂર્વક દેહ છોડ્યો.

તે બંને કૂકડા મરીને વ્યંતર દેવ થઈને તેમણે પોતાના ઉપકારી મેઘરથકુમારની કેવી ભક્તિ કરી! તે વાત તમે હમણાં વાંચશો; ત્યાર પહેલાં બીજી એક આશ્ચર્યકારી ઘટના તે જ રાજસભામાં બની-તે વાંચો.

* * *

તે બે કૂકડાની કથા કહ્યા પછી મેઘરથે દિવ્યજ્ઞાનથી જાણીને સભાજનોને કહ્યું કે અત્યારે આ રાજસભામાં બે વિદ્યાધરો આવ્યા છે ને ગુપ્તપણે કૂકડાના ભવની વાત સાંભળી રહ્યા છે.

સભાએ આશ્ચર્યથી પૂછ્યું–અરે, એ બે વિધાધરો કોણ છે? ને અહીં શા માટે આવ્યા છે?

મેઘરથે કહ્યું : સાંભળો, એ મજાની વાત છે. અહીં આવેલા બંને વિદ્યાધરો ચરમશરીરી છે, અને મહારાજા–ઘનરથ સાથે તેમને પૂર્વભવનો સંબંધ છે. (મેઘરથકુમાર પોતાના પિતા ઘનરથ તીર્થંકરના પૂર્વભવની વાત કરે છે ને ઘનરથ તીર્થંકર પોતે પુત્રના મોઢે પોતાના પૂર્વભવની વાત સાંભળી રહ્યા છે. એક વર્તમાન તીર્થંકરના પૂર્વભવની વાત ભાવિતીર્થંકર કરી રહ્યા છેઃ) પૂર્વભવમાં, આ પિતાજી–ઘનરથ મહારાજા ઐરવતક્ષેત્રમાં 'અભયઘોષ' રાજા હતા, ત્યારે આ બંને વિદ્યાધરો તેમના પુત્રો હતા. એકવાર તે ત્રણેય જીવો સંસારથી વૈરાગ્ય પામી મુનિ થયા, ને અભયઘોષ મુનિરાજે તીર્થંકર–નામકર્મ બાંધ્યું. ત્યાંથી સમાધિમરણ કરીને ત્રણેય જીવો ૧૬મા સ્વર્ગમાં ઊપજ્યા. ત્યાંથી ચવીને અભયઘોષ પિતા તો આ ઘનરથ તીર્થંકર થયા છે, ને બંને પુત્રો વિદ્યાધર થયા છે. તે વિદ્યાધરો મેરુ ઉપર જિનમંદિરોનાં દર્શન કરવા ગયેલા, ત્યાં અવધિજ્ઞાની મુનિરાજની પાસે પોતાના પૂર્વભવની વાત સાંભળી, અને જાણ્યું કે અમારા પૂર્વભવના પિતા ઘનરથ–તીર્થંકરપણે અવતર્યા છે ને અત્યારે પુંડરગિરિ-નગરીની

રાજસભામાં બિરાજી રહ્યા છે.—આમ જાણીને તે વિદ્યાધરો અત્યંત સ્નેહવશ પોતાના પૂર્વભવના પિતાના (અને વર્તમાન તીર્થંકરના) દર્શન કરવા માટે અહીં આવ્યા છે.

મેઘરથની આ વાત પૂરી થતાં જ બંને વિદ્યાધરો ખુશ થયા ને પ્રગટ થઈને ઘણા જ આદરપૂર્વક તેમણે પોતાના પૂર્વભવના પિતા, ઘનરથ તીર્થંકરના દર્શન કર્યા, 'અહા, અમારા પિતા તીર્થંકર !' એમ જાણીને તેમનું હૃદય આનંદિત થયું. ફરીફરીને ઘનરથ તેમ જ મેઘરથ બંને'દ્રવ્ય—તીર્થંકરો' ની સ્તુતિ કરી, બહુમાન કર્યું; ને પ્રસન્નતાથી કહેવા લાગ્યાઃ અહો, અમારા પૂર્વભવના પિતાજીને તીર્થંકરપણે દેખીને અમને મહાન હર્ષ થાય છે. હે દેવ! આપ ત્રિલોકપૂજ્ય છો; મોક્ષનો માર્ગ દેખાડનારા છો. પ્રભો ! અમેય આપના પરિવારના છીએ; જેમ આ ભવમાં આ મેઘરથ અને દઢરથ આપના પુત્રો છે તેમ અમે પણ પૂર્વભવના આપના પુત્રો જ છીએ. આપ વિદેહના તીર્થંકર છો ને ભાઈ મેઘરથ ભરતના ભાવિતીર્થંકર છે. બંનેને દેખીને અમને મહાન આનંદ થાય છે.—આમ તે વિદ્યાધરો ઘણા આનંદિત થયા ને તેમને પોતાના પૂર્વભવોનું જાતિસ્મરમણજ્ઞાન થયું; તેથી સંસારથી વિરક્ત થઈને તેમણે જિનદીક્ષા લીધી...ને કેવળજ્ઞાન પ્રગટ કરી મોક્ષપદને પામ્યા.

* * *

## અઢીદ્વીપની યાત્રા

હવે જયાં તે બે વિધાધરો વિદાય થયા કે તરત એકાએક બે દેવો દિવ્યવિમાન લઈ ને ત્યાં આવ્યા, ને મેઘરથકુમારને દિવ્ય વસ્ત્રાભૂષણ ભેટ ધરીને ભક્તિથી કહેવા લાગ્યાઃ હે દેવ ! પૂર્વભવમાં અમે બંને કૂકડા હતા અને દેવ થયા છીએ. અમે નિર્દય-હિંસક-માંસભક્ષી પ્રાણી હતા, તેમાંથી જૈનધર્મના ઉપદેશ વડે આપે અમારો ઉદ્ધાર કર્યો છે. આપ અમારા ઉપકારી છો અને વળી ભાવિ તીર્થંકર છો. અમારા પૂર્વભવો બતાવીને આપે અમારો વેરભાવ છોડાવ્યો ને જૈનધર્મ પમાડયો, તેથી અમે દેવ થયા છીએ ને આપના ઉપકારને યાદ કરીને આપની સેવા કરવા આવ્યા છીએ. આપ અમારા દેવવિમાનમાં અમારી સાથે પધારો ને અમે આપને અઢીદ્વીપની યાત્રા કરાવીએ. અમારા વિમાનમાં બેસીને આપ મનુષ્યક્ષેત્રના પાંચ મેરુ તેમજ બીજા અનેક રમણીય તીર્થોનાં દર્શન કરો. મનુષ્યો જ્યાં સુધી જઈ શકે છે તે માનુષોત્તર પર્વત સુધીના બધા ક્ષેત્રો અમે આપને બતાવશું.

મેઘરથકુમારે દેવોની તે વાતનો સ્વીકાર કર્યો; એટલે અતિ સુશોભિત દેવવિમાનમાં તેમને તથા તેમના પરિવારને બેસાડયા; ને વિમાન આકાશમાં ચલાવતાં—ચલાવતાં તે દેવો એક પછી એક બધા ક્ષેત્રો બતાવવા લાગ્યાઃ (જો કે અવધિજ્ઞાનથી તે ક્ષેત્રોને જાણી લેવાની તેમનામાં તાકાત હતી છતાં સમસ્ત પરિવાર સહિત વિમાન વિહાર કરતાં કરતાં તેઓ બધું જોતા હતા.) દેવે કહ્યુંઃ હે સ્વામી ! દેખો, આ જંબુદ્વીપની વચમાં આપણું વિદેહક્ષેત્ર છે ને એના મધ્યભાગમાં આ સુંદર સુદર્શન મેરુપર્વત છે. જંબુદ્વીપમાંના ભરત—ઐરવત કે વિદેહક્ષેત્રના બધા તીર્થંકરોનો જન્માભિષેક આ મેરુ ઉપર થાય છે. આપના પિતાજી—મહારાજા ઘનરથ તીર્થંકરનો જન્માભિષેક પણ અહીં થયો હતો, ને આપ પોતે હવે ત્રીજા ભવે ભરતક્ષેત્રમાં શાંતિનાથ તીર્થંકર તરીકે જયારે અવતરશો ત્યારે આપનો પણ જન્માભિષેક આ મેરુ ઉપર જ થશે. આ મેરુની ઉતર દિશા તરફ રમ્યક્, હૈરણ્યવત અને ઐરવત—એ ત્રણ ક્ષેત્રો છે, અને

દક્ષિણ તરફ હરિવર્ષ, હેમવત અને ભરત-એ ત્રણ ક્ષેત્રો છે. જબુંદ્વીપના આ સાત ક્ષેત્ર–વિભાગ કરનારા છ મહાપર્વતો છે–હિમવાન, મહાહિમવાન, નિષધ, નીલ, રુકિમ અને શિખરી. તેમની વચ્ચે મહા મેરુ સુદર્શન છે. તેના ઉપર શાશ્વત જિનમંદિરો છે.

સૌએ વિમાનમાંથી ઊતરીને જિનબિંબોનાં દર્શન કર્યા. અદ્ભુત શાંત–વીતરાગી જિનબિંબના દર્શનથી સૌને ઘણી પ્રસન્નતા થઈ; મેઘરથકુમારે તો ક્ષણભર આત્મધ્યાન કરીને શાંતરસ પી લીધો.

પછી વિમાનમાં બેસીને આગળ વધ્યા. દેવોએ પુનઃ ભરતક્ષેત્ર ઉપર ચક્કર લગાવીને બતાવ્યું : હે સ્વામી ! દેખો, આ અયોધ્યાપુરી....અહીં ઋષભદેવ વગેરે અનંત તીર્થંકરો જન્મ્યા છે. તેની બાજુમાં આ હસ્તિનાપુરી છે. ભગવાન ઋષભદેવ-મુનિરાજને, શેરડીના રસ વડે સૌથી પહેલું પારણું (વર્ષીતપનું પારણું) આ નગરીમાં શ્રેયાંસકુમારે કરાવ્યું હતું; અને આપ (મેઘરથકુમાર) પણ ત્રીજા ભવે આ જ નગરીમાં તીર્થંકરપણે અવતરશો. અને આ બાજુ ઊંચો રમણીય પહાડ દેખાય છે તે જુઓ....એ સમ્મેદશિખર–શાશ્વત તીર્થ છે, અનંતા જીવો ત્યાંથી સિદ્ધિને પામ્યા છે; આપ પણ ત્યાંથી મોક્ષ પામશો.

આ રીતે ભરતક્ષેત્ર બતાવીને દેવોએ વિમાન વડે લવણસમુદ્ર ઓળંગ્યો ને બીજા ધાતકીખંડ દ્વીપમાં આવ્યા. ત્યાં બિરાજમાન સ્વયંપ્રભ વગેરે આઠ તીર્થંકર ભગવંતોનાં દર્શન કરીને પછી ત્રીજા પુષ્પકરદ્વીપમાં આવ્યા, ત્યાં પણ તીર્થંકર ભગવંતોના સમવસરણ વગેરેનાં દર્શન કર્યા. પાંચે મેરુના દર્શનથી, તેમ જ વારંવાર તીર્થંકર ભગવંતોના દર્શનથી સૌને અતિ આનંદ થતો હતો. અંતે પુષ્પકર દ્વીપની વચ્ચે આવેલા માનુષોત્તર પર્વત ઉપર ચારદિશામાં ચાર શાશ્વત જિનાલયોનાં દર્શન કર્યા. પછી વિમાનને વિદેહક્ષેત્ર તરફ પાછું વાળતાં તે દેવોએ કહ્યું : હે સ્વામી ! મનુષ્યોના ગમનની હદ અહીં પૂરી થાય છે; અમે આપને ભક્તિપૂર્વક અઢીદ્વીપના તીર્થોની તેમજ તીર્થંકરોની યાત્રા કરાવી. હવે અહીંથી આગળ મનુષ્યોનું ગમન નથી.

મેઘરથ અને દઢરથકુમાર અઢીદ્વીપની યાત્રાથી પ્રસન્ન થયા ને પુનઃ પુંડરીકિણી નગરીમાં આવ્યા. તે બંને દેવો તેમને વંદન કરીને ચાલ્યા ગયા. અહો, સજ્જન પુરુષો પોતાના ઉપર કરાયેલા થોડાક ઉપકારને પણ ભૂલતા નથી; અને તેમાં પણ બીજા બધા ઉપકારો કરતાંય ધર્મનો ઉપકાર તો સૌથી મહાન છે.

(ભગવાન શાંતિનાથ : પૂર્વભવમાં અઢીદ્વીપની યાત્રા પૂરી.)

* * *

ઘનરથ મેઘરથ, એક વર્તમાન તીર્થંકર અને એક ભાવિ તીર્થંકર–એવા પિતા–પુત્રે અનેક વર્ષો સુધી સાથે રહીને પુંડરીકિણી નગરીને શોભાવી. ઉત્તમ ધર્મશાસન વડે પ્રજાજનોને સુખી કર્યા. એકવાર મોક્ષની કાળલબ્ધિથી પ્રેરિત થયેલા મહારાજા ઘનરથ તીર્થંકરને સ્વયંબુદ્ધપણે સંસારથી વૈરાગ્ય જાગ્યો; તેમણે મેઘરથને રાજ્ય સોંપ્યું ને પોતે વનમાં જઈ જિનદીક્ષા ધારણ કરી. દેવોએ તેમના દીક્ષાકલ્યાણકનો મહોત્સવ કર્યો. ઘનરથ મુનિરાજ શુક્લધ્યાન વડે કેવળજ્ઞાન પ્રગટ કરીને તીર્થંકર થયા ને એ દિવ્યધ્વનિ વડે ઘણા જીવોને મોક્ષનો માર્ગ બતાવતા હુઆ વિદેહક્ષેત્રમાં વિચરવા લાગ્યા.

* * *

આ તરફ મહારાજા મેઘરથ મહાન પુણ્યોદયથી પુંડરીકિણી નગરનું રાજ્ય સંભાળતા હતા. તેઓ શુદ્ધ સમ્યગ્દર્શનના ધારક અને અવધિજ્ઞાની હતા; વ્રત અને શીલગુણોથી શોભતા હતા; પંચપરમેષ્ઠી પ્રત્યે વિનયવંત અને જિનવાણીના રસિક હતા; દાનધર્મના પણ જાણકાર હતા ને સુપાત્ર જીવોને આદરપૂર્વક દાન દેતા હતા.

ભાવિતીર્થંકર એવા તે મહારાજા મેઘરથ એકવાર અષ્ટાહ્નિકાપર્વમાં જિનપૂજા કરીને ઉપવાસપૂર્વક સભામાં બેઠા હતા ને જૈનધર્મના ઉપદેશ વડે અહિંસા ધર્મનું સ્વરૂપ સમજાવતા હતા. એવામાં એક આશ્ચર્યકારી બનાવ બન્યો :

એકાએક ત્યાં એક કબૂતર આવ્યું. તે ભયથી ધ્રૂજતું હતું. તેની પાછળ એક ભયંકર ગીધ હતું. ભયભીત કબૂતરે ગીધથી બચવા મેઘરથ રાજાનું શરણ લીધું.

તરત તે ગીધ (મનુષ્યની ભાષામાં) બોલ્યું : હે મહારાજ! આપ દયાળુ છો, દાનેશ્વરી છો, હું બહુ જ ભૂખ્યું છું ને માંસ જ મારો ખોરાક છે; માટે આ કબૂતર મને આપી દો; નહીંતર હું ભૂખથી મરી જઈશ. તમારે કબૂતરની રક્ષા કરવી હોય તો, તેના ભારોભાર માંસ તમારા શરીરમાંથી કાપીને મને આપો.

ગીધ પંખીને મનુષ્યની ભાષા બોલતું જોઈને સભામાં સૌને આશ્ચર્ય થયું. નાનાભાઈ દઢરથે, મેઘરથને પૂછ્યું–હે પૂજ્ય બંધુ! આ ગીધપક્ષી મનુષ્યોની ભાષા કેમ બોલે છે? તેમાં શું રહસ્ય છે? ત્યારે મેઘરથે અવધિજ્ઞાનથી બધું જાણીને કહ્યું : સાંભળો, હું તેનું રહસ્ય ખુલ્લું કરું છું.

## કબૂતર અને ગીધનો પ્રસંગ; દેવદ્વારા પરીક્ષા; દાનનું સ્વરૂપ

આ કબૂતર અને ગીધ બંને જીવો પૂર્વભવમાં વણિકપુત્રો હતા અને સગા ભાઈ હતા. તેઓ અત્યંત લોભી હતા, તેથી ધનને માટે લડ્યા અને એકબીજાને મારી નાંખીને તેઓ આ કબૂતર તથા ગીધ થયા છે. કષાયથી જીવને કેવા દુઃખ સહન કરવા પડે છે! તે જાણીને હે ભદ્ર જીવો! તમે કષાય છોડો, વેરભાવ છોડો. (ભાવિ તીર્થંકરના દર્શનથી તેમજ તેમના મોઢે પોતાના પૂર્વભવની વાત સાંભળીને, તે બંને પક્ષીઓનું ચિત્ત શાંત થયું. વેરભાવ છોડીને તેઓ મેઘરથની વાત સાંભળવા લાગ્યા.)

(રાજા મેઘરથ કહે છે :) આજે ઈન્દ્રસભામાં ઈન્દ્ર મહારાજે મારી પ્રશંસા કરી કે 'રાજા મેઘરથ ભાવિતીર્થંકર છે, આત્મજ્ઞાની છે, જૈનસિદ્ધાન્તમાં કુશળ છે, દાનધર્મનું સ્વરૂપ જાણનારા વિવેકી છે, મહાન દાતા છે.'–મારી આ પ્રશંસા સાંભળીને એક દેવથી તે સહન થઈ નહીં તેથી તે દેવ મારી પરીક્ષા કરવા અહીં આવ્યો છે ને ગીધના શરીરમાં પ્રવેશીને મનુષ્યની ભાષામાં આ કબૂતરની માંગણી કરી રહ્યો છે.

આમ કહીને મેઘરથે તે દેવના પૂર્વભવ પણ બતાવ્યા; અને પછી કહ્યું–ગીધના શરીરમાં રહેલા હે દેવ! સાંભળ, તારી માંગણી અનુચિત છે. કબૂતર એ કાંઈ ભક્ષ્ય નથી, તેમજ તે દાનમાં દેવાની વસ્તુ નથી. માંસ વગેરે અભક્ષ્ય વસ્તુનું દાન દેવાનો ધર્મમાં નિષેધ છે. માંસ, ભલે પોતાના શરીરનું હોય તોપણ તે દાનમાં દેવાયોગ્ય વસ્તુ નથી. તેમજ ગીધ વગેરે માંસભક્ષી જીવો દાન દેવા માટે પાત્ર પણ

નથી. (હા,—પૂર્વે કબૂતરના બદલામાં પોતાના શરીરનું માંસ દાન તરીકે દેનાર એક અજ્ઞાની-રાજાની વાત લોકોમાં પ્રસિદ્ધ છે, પણ તે વાત ધર્મ સિદ્ધાંતમાં માન્ય નથી, તેમજ તે રાજા કે તે દાન પ્રશંસનીય નથી. અરે, શું માંસનું દાન દેવાય? નહીં, એ તો પાપ છે, હિંસા છે, અવિવેક છે, લેનાર અને દેનાર બંનેને દુર્ગતિનું કારણ છે.)

'તો દાનનું સાચું સ્વરૂપ શું છે?'—એમ પૂછતાં મહારાજા મેઘરથ કહે છે :

હે ગીધ, હે દેવ! હે સભાજનો! તમે દાનનું સત્ય સ્વરૂપ સાંભળો :—

* દાન એવી વસ્તુનું દેવું જોઈએ કે જે નિર્દોષ હોય; સ્વપર (દેનાર-લેનાર) બંનેને હિતકારી હોય, અને જ્ઞાન તથા સંયમનું સાધન હોય.
* માંસાદિ અભક્ષ્ય વસ્તુઓ દાનમાં દેવાય નહિ. આહારદાન કે ઔષધદાન પણ, મધ-માંસ-ઈંડા-દારૂ-માછલીનું તેલ વગેરે સંબંધ વગરનું હોવું જોઈએ. એવી અભક્ષ્ય વસ્તુઓનું પોતાને પણ ભક્ષણ ન કરાય ને બીજાને દાનમાં પણ ન દેવાય.
* દાન, સામા બદલાની આશા વગર દેવું જોઈએ.
* દાન એવા સુપાત્ર જીવોને આદરપૂર્વક દેવું જોઈએ કે જેઓ ધર્મના સાધક હોય. રત્નત્રયવંત મુનિ—શ્રાવક—ધર્માત્મા સાધર્મી વગેરે સુપાત્ર જીવોને આદરપૂર્વક દાન દેવું તે શ્રેષ્ઠ દાન છે, અને આવું સુપાત્રદાન તે ગૃહસ્થ—શ્રાવકોનું મુખ્ય કાર્ય છે.
* યોગ્ય વસ્તુનું દાન એવી વિધિથી દેવું જોઈએ કે જે સ્વ—પરને હિતનું કારણ થાય, ને જેનાથી મોક્ષમાર્ગનો લાભ થાય.

જો ગીધને આ કબૂતર દાનમાં દઈએ તો, બિચારા કબૂતરને કેટલું દુઃખ થાય? તેમ જ ગીધને પણ તેના માંસનું ભક્ષણ કરવાથી કેટલું મોટું પાપ લાગે? બંનેનું અહિત જ થાય. વળી માંસનું દાન દેનારને પણ હૃદયમાંથી દયાધર્મનો નાશ થઈ જાય ને હિંસાનું મહાન પાપ લાગે. માટે આ કબૂતર કે માંસ વગેરે અશુદ્ધ વસ્તુ દાન દેવા યોગ્ય નથી; માંસની ઈચ્છા કરનારો જીવ દાન માટે પાત્ર નથી; અને એવું દાન કરનાર જીવ દાતા નથી. શુદ્ધ ભાવનાથી, શુદ્ધ વસ્તુ, ધર્મના સુપાત્ર જીવને, નિર્દોષ વિધિથી દેવી તે જ સાચું દાન છે ને તેનું ફળ મહાન છે.

—આ પ્રમાણે મેઘરથ રાજાએ યુક્તિપૂર્વક દાનનું સ્વરૂપ સમજાવ્યું.

ત્યારે, ગીધના શરીરમાં રહેલો (પરીક્ષા કરવા આવેલો) તે દેવ, તેમના વીતરાગી ઉપદેશથી ઘણો પ્રભાવિત થયો. તેણે પ્રગટ થઈને મેઘરથ રાજાની સ્તુતિ કરી : હે દેવ! આપ દાનધર્મના યથાર્થ જ્ઞાતા છો. ભગવાન ઋષભદેવ વખતે ભરતક્ષેત્રની જે ભૂમિમાં (હસ્તિનાપુરીમાં) દાનતીર્થનું પ્રવર્તન થયું છે તે જ ભૂમિમાં આપ ત્રીજા ભવમાં તીર્થંકર થવાના છો. ઈન્દ્ર મહારાજે આપના ગુણોની જે પ્રશંસા કરી તે ગુણો નજરે જોઈને હું ધન્ય બન્યો.—આ પ્રમાણે સ્તુતિ કરીને તે દેવ ચાલ્યો ગયો.

ગીધ અને કબૂતરના જીવો પણ મેઘરથ રાજાનો ઉપદેશ સાંભળીને પ્રભાવિત થયા, ને ધર્મના સંસ્કારપૂર્વક દેહ છોડીને વ્યંતરદેવ થયા. તે બંને દેવોએ આવીને મેઘરથ સ્વામીનો ઉપકાર માન્યો : હે

દેવ ! તમે અમને જૈનધર્મનું ને દાનનું સ્વરૂપ સમજાવીને મહાન ઉપકાર કર્યો છે; તમારી કૃપાથી જ અમે તુચ્છ પશુપર્યાયમાંથી છૂટીને દેવ થયા છીએ.

-આ રીતે ભાવિ તીર્થંકર એવા તે મહાત્મા, બે ભવથી અનેક દેવો વડે પૂજાય છે; બંને ભવમાં તીર્થંકરના પુત્ર થયા ને ઇન્દ્રે તેમની પ્રશંસા કરી; દેવોએ આવીને પરીક્ષા કરી; પણ એ મહાત્મા તો નિંદા–પ્રશંસાથી પેલે પાર એવી ધર્મસાધનામાં આગળ વધતા જ રહ્યા. બે વાર તીર્થંકરના પુત્ર થયા, ચક્રવર્તી પણ થયા, છતાં પોતાના ચૈતન્ય-વૈભવની મહત્તા તેઓ કદી ન ચૂક્યા; ચૈતન્યરસ સિવાય બીજે ક્યાંય તેઓ સંતુષ્ટ ન થયા. એ રીતે સર્વત્ર નિર્મોહપણે આત્માને મોક્ષના માર્ગમાં જ ચલાવતા-ચલાવતા આપણા ચરિત્રનાયક હવે તો ભવસમુદ્રના કિનારે આવી પહોંચ્યા છે. અહા, એ તીર્થંકરનું પૂર્વજીવન પણ અદ્ભુત આશ્ચર્યકારી ને ધન્ય છે...સાક્ષાત્ તીર્થંકરજીવનની તો વાત જ શી ?

મહારાજા મેઘરથ મહાન રાજ્યની વચ્ચે રહીને પણ ઉત્તમ શ્રાવકધર્મનું પાલન કરતા હતા. સામાયિક વગેરે વ્રતોના પાલનપૂર્વક તેઓ પોતાની આત્મશુદ્ધિને વધારતા હતા. તેમનું ચિત્ત સંયમભાવનામાં રમતું હતું. સંયમધારી મુનિવરોને દેખીને તેઓ અતિ પ્રસન્ન થતા હતા. એકવાર આકાશમાર્ગે ચારણઋદ્ધિધારક મુનિવરો પધારતાં તેમણે મહાન ભક્તિપૂર્વક શુદ્ધ આહારદાન કર્યું. ત્યાં તો આકાશમાં દેવોએ વાજાં વગાડ્યા ને રત્નવૃષ્ટિ થઈ. અહા, જે મુનિવરોને ભક્તિથી આહારદાન દેવાનો આવો મહિમા છે, તે મુનિદશાના મહિમાની શી વાત !–તે મહારાજા રત્નવૈભવમાં ન લલચાયા પણ મુનિદશાના રત્નત્રય પ્રાપ્ત કરવા માટે તેનું ચિત્ત લલચાયું : અહા, હું ક્યારે આવી મુનિદશા પ્રાપ્ત કરું !

## ઇન્દ્રસભામાં પ્રશંસા અને દેવીઓ દ્વારા પરીક્ષા

આત્મસાધનામાં તત્પર રહેનારા ને સંયમની ભાવનામાં ઝૂલનારા મહારાજા મેઘરથે એકવાર પર્વ તિથિમાં પ્રૌષધઉપવાસ કર્યો હતો, આખો દિવસ ધર્મસાધનામાં વીતાવીને રાત્રે એકાન્ત ઉદ્યાનમાં જઈને તે ધર્માત્મા ધ્યાનમાં ઊભા. તે ધીર-વીર મહાત્મા પ્રતિજ્ઞાપૂર્વક પ્રતિમાયોગને ધારણ કરીને એકાગ્રચિત્તથી મેરુસમાન અચલપણે આત્મધ્યાન કરતા હતા; કોઈ–કોઈવાર નિર્વિકલ્પ–શુદ્ધોપયોગી થઈને મુનિસમાન શોભતા હતા. એવામાં એક વિશેષ ઘટના બની....શું બન્યું !

ઈશાનસ્વર્ગની ઇન્દ્રસભામાં ઇન્દ્રે આશ્ચર્યપૂર્વક તેમની પ્રશંસા કરી : ''અહો, તે મહાત્માને ધન્ય છે; તે સમ્યક્ત્વાદિ ગુણોના સાગર છે, જ્ઞાની છે, વિદ્વાન છે, અત્યંત ધૈર્યવાન છે, શીલવાન છે; અત્યારે તેઓ મેરુસમાન અચલ આત્મધ્યાન કરી રહ્યા છે. આત્મચિંતનમાં તેમની તત્પરતા દેખીને આશ્ચર્ય થાય છે. અહો ! તેમને નમસ્કાર હો !''


આ રીતે ઇન્દ્રે પ્રશંસા કરી, ત્યારે દેવો આશ્ચર્ય પામ્યા ને પૂછ્યું–હે નાથ ! અત્યારે આપ કયા સજ્જનની સ્તુતિ કરી રહ્યા છો ? મનુષ્યલોકમાં એવા તે કોણ મહાત્મા છે કે જેનાં વખાણ આ દેવસભામાં થાય ?

ત્યારે ઇન્દ્રે કહ્યું હે દેવો, સાંભળો !–

મનુષ્યલોકમાં વિદેહક્ષેત્રમાં અત્યારે મેઘરથરાજા ધ્યાનમાં ઊભા છે, તેમની મેં પ્રશંસા કરી.

તેઓ એક ભવ પછી ભરતક્ષેત્રમાં શાંતિનાથ તીર્થંકર થવાના છે; તેમણે શરીરનું પણ મમત્વ છોડીને અત્યારે પ્રતિમાયોગ ધારણ કર્યો છે ને આશ્ચર્યકારી આત્મધ્યાનમાં ઊભા છે....તેમનો શીલગુણ પણ અદ્ભુત છે.

## ઇન્દ્રસભામાં પ્રશંસા (અને) દેવીઓ દ્વારા પરીક્ષા તથા સ્તુતિ



ઈન્દ્રની વાત સાંભળીને બીજા દેવો તો પ્રસન્ન થયા, પણ બે દેવીઓ તેમની પરીક્ષા કરવા માટે પૃથ્વીપર આવીને તેમને ધ્યાનમાંથી ડગાવવા માટે ઉપદ્રવ કરવા લાગી. પરંતુ મહારાજા મેઘરથ તો કાયા અને માયા બંનેથી પાર એવા સમતાભાવમાં જ લીન હતા; અત્યંત ધીર–વીર ને સમુદ્ર જેવા ગંભીર તેઓ પોતાના પરમાત્મ–તત્ત્વના આનંદમાં મશગુલ હતા. તેમના પરિણામ અત્યંત શાંત હતા. આત્મા સિવાય બીજે ક્યાંય તેમનું ચિત્ત લાગ્યું ન હતું. અહા, જાણે કે ઉપસર્ગને લીધે વસ્ત્રોથી ઢંકાયેલા કોઈ મુનિરાજ ઊભા હોય! એવા લાગતા હતા.

—સ્વર્ગમાંથી આવેલી દેવીઓએ અનેક પ્રકારના ઉપસર્ગ શરૂ કર્યા : કાયરનાં તો કાળજા કંપી ઊઠે–એવા ભયંકર દશ્યો ખડા કર્યા; તેમ જ મનોહર હાવભાવ–ગીત–વિલાસ–આલિંગન વગેરે રાગવર્દ્ધક કામચેષ્ટાઓ કરી કરીને તેમને ધ્યાનથી ડગાવવા ઘણો ઉપદ્રવ કર્યો. પણ મેઘરથ તો મેરુ જેવા અકંપ જ રહ્યા. અરે! મોક્ષના આનંદમાં જેનું મન લાગેલું છે એ તે કાંઈ વિષયોમાં લલચાય? બહારમાં શું ચેષ્ટા થાય છે–એનું લક્ષ પણ એમને ક્યાં છે? અંતે દેવીઓ થાકી. છેવટે તીરસ્કાર ભરેલા વચનો બોલી, કાયાની અનેક બિહામણી ચેષ્ટા કરી, પણ એ ધ્યાની વીર આત્મધ્યાનથી ન ડગ્યા તે ન જ ડગ્યા. દુષ્ટ દેવીઓ એમના વૈરાગ્ય બખ્તરને ભેદી ન શકી. ઉપયોગને નિજ–પરમાત્માની અંદર ગોપવીને જે બેઠા છે તેને બહારના ઉપદ્રવો શું કરી શકે?–પરમાત્મતત્ત્વમાં તેનો પ્રવેશ જ ક્યાં છે? જેમ વીજળીના વજ્ર કડાકા પણ મેરુને નથી હલાવી શકતા તેમ દેવીઓની રાગચેષ્ટા એ મહાત્માના મન–મેરુને જરાય

ડગાવી ન શકી. અંતે દેવીઓ હારી ગઈ; તેમને ખાતરી થઈ કે ઇન્દ્રરાજે જે પ્રશંસા કરી હતી તે યથાર્થ છે. આ પ્રમાણે તેમના ગુણોથી પ્રસન્ન થઈને તે દેવીઓએ તેમને વંદન કર્યા, ક્ષમા માંગી ને તેમની સ્તુતિ કરીને પોતાના દેવલોકમાં ચાલી ગઇ. રાત્રિ પૂરી થતાં મહારાજા મેઘરથે નિર્વિઘ્નપણે પોતાનો કાયોત્સર્ગ પૂરો કર્યો.

"અહા, સદા આત્મચિંતનમાં તત્પર આવા ધર્માત્માઓને ધન્ય છે...કે જેમનું જ્ઞાન–શીલ અને ધ્યાન પ્રશંસનીય છે, ને દેવો દ્વારા પણ જેમનું મન ડગતું નથી. મોક્ષને સાધનારા મહાત્માઓની શૂરવીરતા ખરેખર અદ્‌ભુત–આશ્ચર્યકારી છે."

* * *

ભગવાન શાંતિનાથના ત્રીજા પૂર્વભવની મંગલ કથા ચાલી રહી છે. વિદેહની પુંડરીકિણી નગરીમાં મહારાજા મેઘરથ, તેમના ભાઈ દઢરથની સાથે રાજ્ય કરી રહ્યા છે. બંને ભાઈઓને ધર્મ–અર્થ–કામની સાથે મોક્ષસાધનાનો પુરુષાર્થ પણ ચાલુ જ છે. મેઘરથની મહારાણીનું નામ પ્રિયમિત્રા છે, તે પણ ધર્મસાધનામાં સાથ આપી રહી છે; તે શીલવાન, ગુણવાન અને અતિશય રૂપવાન છે.

એકવાર ઇન્દ્રસભામાં ઇન્દ્રાણીએ તે પ્રિયમિત્રાના ગુણની તેમજ રૂપની પ્રશંસા કરી; તેથી બે અપ્સરાઓ આશ્ચર્યપૂર્વક તેનું રૂપ જોવા માટે સ્વર્ગમાંથી પુંડરીકિણી નગરીમાં આવી. તે વખતે મહારાણી અલંકાર ઉતારીને સાદા વેશમાં હતી; અલંકાર વગરના તેના સાદા રૂપની સુંદરતા પણ દેખીને તે દેવીઓ આશ્ચર્ય પામી અને કહ્યું કે હે મહારાણી! તારા રૂપની જેવી પ્રશંસા અમે ઇન્દ્રસભામાં સાંભળી હતી તેવું જ રૂપ અમે નજરે જોયું!

ત્યારે, 'ઇન્દ્રસભામાં મારા રૂપનાં વખાણ થયા!'–એવા ગર્વથી તે પ્રિયમિત્રાએ કહ્યું : હે દેવીઓ! હમણાં નહિ, બેઘડી પછી જ્યારે હું વસ્ત્રાલંકારનો શણગાર સજીને તૈયાર થાઉં ત્યારે તમે મારું અદ્‌ભુત રૂપ જો...જો!

બે ઘડી પછી વસ્ત્રાલંકારથી સુસજ્જ થઈને તે મહારાણી સિંહાસન પર બેઠી; પરંતુ ત્યારે તેનું રૂપ જોઈને બંને દેવીઓએ પ્રસન્ન થવાને બદલે નિરાશાથી માથું ધૂણાવ્યું.

રાણીએ પૂછ્યું–કેમ?

દેવીએ કહ્યું–હે સૌભાગી! પહેલા શણગાર વગર તારું સુંદર રૂપ અમે જોયું હતું તેવું અત્યારે રહ્યું નથી; સોળ શણગાર સજવા છતાં અત્યારે તારા રૂપમાં કાંઇક વિકૃતિ આવી ગઈ છે.

એ સાંભળતાં જ રાણી એકદમ ઉદાસ થઈ ગઈ. તેણે પોતાના સ્વામી મેઘરથ સામે જોયું; તેમણે કહ્યું–હા, દેવી! આ અપ્સરાઓની વાત સાચી છે. તારા મુખની શોભામાં કમી દેખાય છે. અરે, દેહ–રૂપની આવી ક્ષણભંગુરતા દેખીને તે રાણી એકદમ વૈરાગ્ય પામી ને દીક્ષા લેવા તૈયાર થઈ.

ત્યારે મહારાજા મેઘરથે તેને ધૈર્ય બંધાવ્યું કે હે દેવી! હમણાં દીક્ષા ન લ્યો, થોડો વખત ખમી જાઓ. મારું ચિત્ત હવે રાજભોગોથી ઉદાસ થયું છે, એટલે થોડા સમયમાં તીર્થંકરપ્રભુનો સુયોગ થતાં આપણે બંને સાથે જ દીક્ષા લેશું.

ઉપરના પ્રસંગને થોડા દિવસ વીત્યા; ત્યાં એકવાર પરમ પિતા ભગવાન ઘનરથ–તીર્થંકર તે નગરીમાં પધાર્યા. પિતા અને પ્રભુ પધાર્યાની વધામણી સાંભળતાં જ મેઘરથના હર્ષનો પાર ન રહ્યો : 'અહા, મહાન ભાગ્યોદયથી ધર્મનું કલ્પવૃક્ષ મારા આંગણે આવ્યું'–એમ સમજી તે મેઘરથરાજા પરિવાર સહિત મોટા ઉત્સવપૂર્વક સમવસરણમાં ગયા. એક તો પોતાના પિતા અને વળી તીર્થંકર...તેમના દર્શનથી મહાન આનંદ થયો. જેવો આનંદ પરમ પિતા ભગવાન આદિનાથના દર્શનથી મહારાજા ભરતને થતો...તેવો જ આનંદ પરમ પિતા ઘનરથ તીર્થંકરના દર્શનથી રાજા મેઘરથને થયો. સૌએ ભક્તિથી પરમાત્માની વંદના કરીને તેમની દિવ્યવાણી સાંભળી. અહા, એક તીર્થંકરના શ્રીમુખથી તેમના જ પુત્ર (અને ભાવિતીર્થંકર) ધર્મોપદેશ સાંભળી રહ્યા છે; સાથે તેના ભાઈ (ભાવિગણધર) પણ બેઠા છે. ભગવાનની વાણીમાં સમ્યક્ત્વથી માંડીને મોક્ષની સાધના સુધીનું વર્ણન આવ્યું. રાગ વગરના શુદ્ધોપયોગવડે જ આત્મસાધનાની શરૂઆત ને પૂર્ણતા થાય છે એમ ભગવાને બતાવ્યું.

પ્રભુની વાણીમાં મોક્ષ–સાધનાનું અદ્‌ભુત વર્ણન સાંભળીને રાજા મેઘરથનું ચિત્ત મોક્ષને સાધવા ઉત્સુક બન્યું; તેઓ સંસાર છોડી મુનિદીક્ષા લેવા તૈયાર થયા. તેમના ભાઈ દઢરથ પણ તેમની સાથે જ દીક્ષા લેવા તૈયાર થયા.

મેઘરથે તેને રાજ્ય સંભાળવા માટે કહ્યું; પણ દઢરથે કહ્યું કે હે પૂજ્ય બંધુવર ! જે રાજપાટ–વિષય ભોગોને તમે અસાર જાણીને છોડી રહ્યા છો, તો હું પણ તેને અસાર જ સમજું છું. તમે જેને છોડવા ચાહો છો,–તેનું ગ્રહણ કરવાનું મને શા માટે કહો છો ? તમે આ બધાનો મોહ છોડી રહ્યા છો તો હું તેના મોહમાં કેમ અટકું ? હું તમારો ભવોભવનો સાથીદાર ભાઈ છું ને મોક્ષ થતાં સુધી તમારી સાથે જ રહીશ...એટલે હું પણ તમારી સાથે જ દીક્ષા લઈને પરમપિતાના ચરણોમાં રહીશ.

–આ રીતે ઘનરથ–તીર્થંકરના ચરણોમાં તેમના પુત્રો મેઘરથ તથા દઢરથ બંનેએ જિનદીક્ષા અંગીકાર કરી; તેમની સાથે બીજા (૭૦૦૦) સાત હજાર રાજાઓએ દીક્ષા લીધી; તેમજ મહારાણી પ્રિયમિત્રા વગેરે અનેક શ્રાવિકાઓ પણ દીક્ષા લઈને આર્યિકા બની.

દીક્ષા લઈને મેઘરથ-દઢરથ બંને મુનિવરોએ આત્મધ્યાન વડે શુદ્ધરત્નત્રયધારણ કર્યા, ઉત્તમ તપ કર્યો ને બારઅંગનું જ્ઞાન પ્રગટ કરીને શ્રુતકેવળી થયા. તેઓ સદાય ઉત્તમ વૈરાગ્ય ભાવનાઓમાં તત્પર રહેતા હતા. ઘનરથ તીર્થંકરના ચરણ સાન્નિધ્યમાં મેઘરથ મુનિરાજે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ કર્યું, તેમજ દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ઉત્તમ ભાવનાઓ વડે સર્વોત્કૃષ્ટ એવી તીર્થંકરપ્રકૃતિ બાંધવાનો પ્રારંભ કર્યો,–જાણે કે એક તીર્થંકર–પિતા પાસેથી તેમના જ પુત્રે તીર્થંકરપણાનો વારસો લીધો. પિતા ઘનરથપ્રભુ તો પૂર્વે બાંધેલી તીર્થંકરપ્રકૃતિને છોડતા હતા, ત્યારે પુત્ર-મેઘરથ મુનિરાજ (ભવિષ્યમાં તીર્થંકર થવા માટે) નવી તીર્થંકરપ્રકૃતિને બાંધતા હતા.–તો શું ઘનરથ તીર્થંકરે છોડેલા તે જ તીર્થંકરપ્રકૃતિના પરમાણુ મેઘરથમુનિના આત્મામાં પ્રવેશતા હશે ?–આશ્ચર્ય !

જ્ઞાની–ધ્યાની બંને મુનિવરો અનેક વર્ષો સુધી સાથે વિચર્યા. તેઓ ઉપવાસાદિ બાહ્ય તપ તેમ જ આત્મધ્યાન વગેરે અંતરંગ તપ કરતા હતા. તેઓ ઠંડી-ગરમી વગેરે સમસ્ત પરીષહ સહન કરતા હતા;–જો કે વિશેષ પુણ્યયોગને લીધે ઋતુઓ તેમને અનુકૂળ રહેતી હતી ને બહારમાં બીજા ઉપદ્રવો

પણ આવતા ન હતા. ગમે તેવી પરિસ્થિતિમાં તેઓ ક્રોધાદિ કષાય થવા દેતા ન હતા, વીતરાગી શાંતભાવ વડે ઉત્તમ ક્ષમા–માર્દવ–આર્જવ–શૌચ–સત્ય–સંયમ–તપ–ત્યાગ–આકિંચન્ય ને બ્રહ્મચર્ય એ દશધર્મોનું પાલન કરતા હતા. વૈરાગ્યની વૃદ્ધિ અર્થે તથા કર્મોની હાનિ અર્થે તેઓ સદાય અધ્રુવ–અશરણ– એકત્વ–અન્યત્વ–અશુચિ–સંસાર–આસ્રવ–સંવર–નિર્જરા–લોક–ધર્મ અને બોધિદુર્લભતા એ બાર અનુપ્રેક્ષાઓનું ચિંતન કરતા હતા; તે વૈરાગ્યભાવનાઓનું ચિંતન તેમના ચિત્તમાં આનંદ ઉપજાવતું હતું, અને વારંવાર શુદ્ધોપયોગ વડે નિર્વિકલ્પ મોક્ષસુખનું વેદન તેઓ કરતા હતા. શુદ્ધોપયોગી મુનિમાં અને સિદ્ધમાં શું કાંઇ ફેર છે?–બહાર રહેલા જીવો તેમનામાં અંતર દેખે તો ભલે દેખે, તેમને પોતાને તો નિર્વિકલ્પ આનંદમાં લીનતા જ હોવાથી કોઈ દ્વૈત દેખાતું નથી.

–અહા, આથી વિશેષ એ મુનિદશાનો મહિમા શું લખીએ? એ અતીન્દ્રિયસુખને આ ઈન્દ્રિયજન્ય અક્ષરો વડે કેમ બતાવી શકાય? આવી આનંદમય દશામાં ઝૂલતા-ઝૂલતા એ મેઘરથ-દઢરથ મુનિવરો અનેક વર્ષો સુધી વિચર્યા ને ધર્મોપદેશવડે કેટલાય જીવોનું કલ્યાણ કર્યું. ૬૪ મહાન ઋદ્ધિઓમાંથી કેવળજ્ઞાન સિવાયની લગભગ બધી ઋદ્ધિઓ તેમને પ્રગટી હતી, પરંતુ તે લબ્ધિઓનો ઉપયોગ કરવામાં તેમનું લક્ષ ન હતું; તેમનું લક્ષ તો ચૈતન્યની સાધનામાં જ ચોંટ્યું હતું. જ્યારે તેમનું આયુ એક જ માસ બાકી રહ્યું ત્યારે તેમણે વિધિપૂર્વક સમાધિમરણ કરવા માટે પ્રાયોપગમન–સંન્યાસ ધારણ કર્યો; દેહની અત્યંત ઉપેક્ષા કરીને તેઓ ધ્યાન–સ્વાધ્યાયમાં જ રહેવા લાગ્યા; તેમણે આહાર–પાણી સર્વથા છોડી દીધા; તેઓ પોતાના શરીરની કોઈ પ્રકારની સાર–સંભાળ કરતા ન હતા. તેમ જ બીજા પાસે કરાવતા ન હતા. મહાન શૂરવીરતાપૂર્વક તેઓ ચાર આરાધનામાં તત્પર હતા. પરિણામની વિશુદ્ધિ વધતાં વધતાં તેઓ શુક્લધ્યાનમાં આરૂઢ થયા ને ઉપશમભાવથી ગુણસ્થાનશ્રેણી ચઢવા માંડ્યા. રાગ-દ્વેષ–મોહનો ઉપશમ કરીને તેઓ ૧૧મા વીતરાગી-ગુણસ્થાને પહોંચ્યા...અને...વીતરાગી યથાખ્યાતચારિત્ર, સહિત ઉત્તમ સમાધિપૂર્વક દેહ છોડીને તેઓ, સંસારના સર્વોત્કૃષ્ટસ્થાન એવા 'સર્વાર્થ સિદ્ધિ' દેવલોકમાં ઊપજ્યાં.


**(ભગવાન શાંતિનાથના ત્રીજા–પૂર્વભવ મેઘરથનું વર્ણન અહીં પૂરું થયું.)**

* * *

## ભગવાન શાંતિનાથ : પૂર્વભવ બીજો

આપણા ચરિત્રનાયક ભગવાન શાંતિનાથ અને તેમના ભાઇ એ બંને જીવો સર્વાર્થ સિદ્ધિમાં બિરાજે છે....જ્યારે તેઓ સર્વાર્થ સિદ્ધિમાં બિરાજતા હતા ત્યારે પ્રભુ કુંથુનાથના આત્મા પણ તે સર્વાર્થ સિદ્ધિમાં ઊપજ્યા હતા. વાહ, અહીં એક ક્ષેત્રમાં બે તીર્થંકર કદી ભેગા ન થાય, પણ ત્યાં તો અનેક તીર્થંકરો અસંખ્ય વર્ષો સુધી ભેગા રહે છે ને એકબીજા સાથે અદ્ભુત–અચિંત્ય ચૈતન્યચર્ચા કરે છે. અરે પાઠક! તને જાણીને આનંદ અને આશ્ચર્ય થશે કે દેવલોકમાં (તેમ જ નરકમાં પણ) અત્યારે અસંખ્ય તીર્થંકર–જીવો એવા છે કે જેઓ ત્યાંનું આયુ પૂરું થતાં સીધા તીર્થંકરપણે અવતરશે...ને એકેક તીર્થંકર કરોડો–અબજો જીવોને તારશે. વાહ, કેવી છે જૈનધર્મની વિશાળતા! સર્વાર્થ સિદ્ધિ–દેવલોક સૌથી શ્રેષ્ઠ છે, સિદ્ધશિલાથી તે માત્ર ૧૨ યોજન નીચે છે; ત્યાંના દેવો જેમ ક્ષેત્રથી સિદ્ધાલયની નજીક છે તેમ ભાવથી

**સર્વાર્થસિદ્ધિમાં**



પણ સિદ્ધપદની એકદમ નજીક છે. શુદ્ધ રત્નત્રયવાળા ઉત્તમ મુનિવરો જ સર્વાર્થ સિદ્ધિમાં ઊપજે છે, તેથી ત્યાં પણ તેમનું જીવન એકદમ શાંત હોય છે. સંસારના ધર્મીજીવોમાં તીર્થંકરપદ પામનારા અસંખ્ય જીવો પાકે ત્યારે સર્વાર્થ સિદ્ધિનું પદ માત્ર એક જીવ પામે છે. તે સર્વાર્થ સિદ્ધ–દેવો સંખ્યાતા જ છે. તેઓ બધાય અપ્રતિહત સમ્યગ્દષ્ટિ છે ને અસંખ્ય વર્ષો સુધી વીતરાગ વિજ્ઞાનનું અમૃત પીએ છે; મુક્તિરમણી તેમને સાદ પાડીને મોક્ષપુરીમાં બોલાવી રહી છે; અને તે દેવો પણ, વિષયભોગોમાં અનાસક્ત હોવા છતાં મુક્તિરમણીમાં તેમનું ચિત્ત આસક્ત છે. દિવ્ય રત્નોની પ્રભાથી ઝળકી રહેલા દેવવિમાનોમાં તે અહમિન્દ્રદેવોને ઉત્કૃષ્ટ પુણ્યજનિત સર્વ સુખો વિદ્યમાન હોવા છતાં, તે બધાયથી પાર અંદરના અતીન્દ્રિય ચૈતન્યસુખને જ તેઓ ઈષ્ટ સમજે છે. તેમને શુક્લલેશ્યા છે, કોઈ જાતનું પાપ કે પ્રતિકૂળતા નથી, દુઃખ કે રોગ નથી; અહા, જ્યાંના બધાય જીવો પૂર્વે મુનિજીવનની વીતરાગતા અનુભવીને આવ્યા હોય, બધાય સમ્યગ્દષ્ટિ હોય, બધાય આત્મઅનુભવી હોય અને બધાય એક ભવ પછી પરમાત્મા થઈને મોક્ષ જવાના હોય, તે દેવલોકના ધાર્મિક વાતાવરણની શી વાત !! ત્યાં સૌના પરિણામ એકદમ શાંત છે, બહારમાં પણ કોઈ નાનું–મોટું નથી, ક્યાંય ઈર્ષા કે ક્લેશ નથી; એક સેકંડમાત્રમાં બધેય જવાની શક્તિ હોવા છતાં તેઓને પોતાના વિમાન સિવાય બીજે ક્યાંય જવાની આકુળતા નથી. તે દેવો પોતાના દેવવિમાનમાં રહેલ શાશ્વત જિનપ્રતિમાઓનાં દર્શન–પૂજન–સ્તવન કરે છે. અવધિજ્ઞાન વડે તીર્થંકરોના પંચકલ્યાણક જાણીને જિનમહિમા કરે છે, અને સદાય મોક્ષના કારણભૂત તત્ત્વચર્ચા કરે છે. તે દેવોને દેવીઓ હોતી નથી, છતાં ઈન્દ્ર કરતાં પણ તેઓ વધુ સુખી છે. અંતરમાં પોતે સાક્ષાત્ અનુભવેલા, આત્મતત્ત્વના અગાધ–અપાર વૈભવના અનંત મહિમાની ચર્ચા ને ચિંતન અસંખ્ય વર્ષો સુધી તેઓ કર્યા કરે છે; તેમાં તેઓ કદી કંટાળતા નથી; તેમને નિદ્રા નથી; આહાર નથી;– માત્ર ૩૩૦૦૦ વર્ષે એકવાર પોતાના જ કંઠમાંથી ઝરતા અમૃતના સ્વાદને મનમાં ચિંતવીને તેઓ તૃપ્ત થઈ જાય છે. તેમને ઈષ્ટનો વિયોગ કે અનિષ્ટનો સંયોગ કદી થતો નથી. પૂર્વભવમાં તેઓ રત્નત્રયના પ્રતાપે સુખી હતા, વર્તમાન સુખી છે ને આગામી ભવમાં મોક્ષસુખ પામવાના છે. તેમને કોઈ ચિંતા કે ભય નથી, કોઈ પ્રત્યે દ્વેષ કે વેરભાવ નથી; નીચેના દેવો કરતાં તેમનું શરીર નાનું છે પણ સુંદરતા મહાન છે. તેમને સમસ્ત ત્રસનાડીના અસંખ્યાત્ યોજનોને જાણનારું અવધિજ્ઞાન તથા એટલી જ મહાન વિક્રિયાઋદ્ધિ હોય છે પણ તેઓ તે ઋદ્ધિનો ઉપયોગ કદી કરતા નથી. કેમકે તેઓ મુનિસમાન ઈચ્છારહિત હોય છે. આ રીતે મેઘરથ અને દૃઢરથ–કે જેઓ સર્વાર્થ સિદ્ધિમાં અહમિન્દ્ર થયા છે તેઓ બંને સુખના સાગરમાં ૩૩ સાગર સુધી ડૂબી રહ્યા છતાં, ભવસાગરને તો તરીને બહાર નીકળ્યા ને હવે મોક્ષપુરીમાં જવા માટે તેઓ મનુષ્યલોકમાં આવવા તૈયાર થયા. (ચાલો, તેઓ આવે તે પહેલાં તેમનું સ્વાગત કરવા અને જન્મોત્સવ જોવા આપણે હસ્તિનાપુરીમાં પહોંચી જઈએ.)

**(ભગવાન શાંતિનાથના બીજા–પૂર્વભવ સર્વાર્થસિદ્ધિનું વર્ણન અહીં પૂરું થયું.)**

✻ ✻ ✻

## હસ્તિનાપુરીમાં શાંતિનાથ–અવતાર

* નિજવૈભવમાં શાંતિ અનંતી ધરતા શાંતિનાથ; *
* અનંત શાંતિ આપો અમને, તમને ધ્યાવું નાથ. *
* *
* ચક્રવર્તીની પદવી છોડી બન્યા સિદ્ધભગવાન; *
* શાંતિ આપી સર્વ જીવોને બતાવી નિજનિધાન. *

હે પ્રભો શાંતિનાથ! આપનું જીવન ખરેખર અદ્ભુત છે. સંસારનો અંત કરતાં–કરતાં આપે સંસારની સર્વોચ્ચ પદવીઓ (ચક્રવર્તીપદવી, સર્વાર્થ સિદ્ધપદવી તેમજ તીર્થંકરપદવી પણ) પ્રાપ્ત કરી લીધી; ને અંતે એ બધાયથી પાર એવી સિદ્ધપદવી ને પ્રાપ્ત કરીને મોક્ષપુરીમાં બિરાજ્યા....તેથી આપનું જીવન આનંદ–મંગલકારી છે.

અહા, પ્રભુના ઉત્તમ ચારિત્રના મહિમાની શી વાત! 'હુ શાંતિનાથ ભગવાનનું જીવનચરિત્ર વાંચું છું.'–એમ આ કથામાં ઉપયોગ જોડતાં પણ, સંસારની સર્વ અશાંતિ દૂર થઈને, આત્મામાં કોઈ નવીન શાંતિ પ્રગટ થાય છે. હે શાંતિચાહક શ્રોતાઓ! તમે પણ ભક્તિપૂર્વક સ્થિરચિત્તે આ શાંતિનાથ પ્રભુનું ચરિત્ર સાંભળો.

આપણા આ ભરતક્ષેત્રમાં હસ્તિનાપુરી નગરી છે. પૂર્વે ભગવાન ઋષભદેવ તે નગરીમાં વિચર્યા હતા ને દીક્ષા પછી સૌથી પહેલું (વર્ષીતપનું) પારણું તે હસ્તિનાપુરીમાં રાજા સોમપ્રભ તથા શ્રેયાંસકુમારના હાથે કર્યું હતું; એટલે આ ચોવીસીમાં ઉત્તમ દાનતીર્થનો પ્રારંભ તે નગરીમાં જ થયો હતો. પછી તે સોમરાજાના પુત્ર જયકુમાર હસ્તિનાપુરના રાજા થયા, તેઓ ભરતચક્રવર્તીના સેનાપતિ હતા, પછી દીક્ષા લઈને ઋષભદેવપ્રભુના ગણધર થયા ને મોક્ષ પામ્યા. ત્યારપછી તે સોમરાજાના કુરુવંશમાં અસંખ્ય રાજાઓ થયા ને મોક્ષ પામ્યા. હવે જ્યારની આપણી આ કથા છે તે વખતે, તે હસ્તિનાપુરના કુરુવંશમાં વિશ્વસેનમહારાજા રાજ્ય કરતા હતા; તેમની મહારાણી ઐરાદેવી (અચિરાદેવી); તેમની કૂંખે સોળમા તીર્થંકરનો અવતાર થયો. તેમનું આ મંગલ જીવન ભવ્ય જીવોને અપૂર્વ શાંતિ દેનારું છે. હે સુભવ્ય સાધર્મીઓ! અતીન્દ્રિય શાંતિવાળા ભગવાન શાંતિનાથને ધ્યાન વડે હૃદયમાં બિરાજમાન કરીને, તેમનું આ મંગલચરિત્ર વાંચો...સાંભળો.

અરે, જેનાથી કષાયની વૃદ્ધિ થાય ને વૈરાગ્યનો નાશ થઈ જાય–એવી વિકથા, પોતાનું આત્મકલ્યાણ ચાહનારા જીવોએ, કદી સાંભળવી નહિ; કેમકે તેવી વિકથા સાંભળવાથી પાપ લાગે છે ને ધર્મના સંસ્કારો નાશ પામે છે. જે કથાના શ્રવણથી વૈરાગ્યની વૃદ્ધિ થાય ને પરિણામ શાંત–ઉજ્જવળ થાય, તેવી જ કથા સત્પુરુષના મુખેથી ભક્તિપૂર્વક નિરંતર સાંભળવી; કેમકે તેના શ્રવણ–વાંચનથી ધર્મના સંસ્કાર પુષ્ટ થાય છે ને પૂર્વનાં પાપો નષ્ટ થઈ જાય છે. માટે, કર્ણ–અંજલિવડે આ ધર્મકથાનું શ્રેષ્ઠ અમૃત પીઓ.

અહા, તીર્થંકરાદિ મહાપુરુષોની ધર્મકથા મોટા કે નાના ભાઈ કે બહેન સૌને આનંદ પમાડે છે, ને ઉત્તમ સંસ્કારોના સીંચન વડે સન્માર્ગ બતાવીને જીવને મોક્ષના માર્ગમાં લઈ જાય

છે. અરે, મનુષ્યોને તો ઠીક....દેવોનેય આનંદ પમાડે એવી આ ધર્મકથા હે ભવ્ય જીવો! તમે આત્મકલ્યાણ માટે સાંભળી રહ્યા છો, તે ખરેખર તમારા ઉત્તમ ભાગ્યની નિશાની છે.

* * *

ભરતક્ષેત્રમાં ૠષભદેવથી માંડીને ધર્મનાથ સુધી ૧૫ તીર્થંકરો, અને ભરતાદિ ચાર ચક્રવર્તીઓ થઈ ગયા; હવે ત્યાર પછીના ત્રણ તીર્થંકરો (તેમજ તે જ ત્રણ ચક્રવર્તીઓ) જ્યાં અવતરવાના છે એવી સુંદર હસ્તિનાપુરીમાં જઈએ. અહીનાં રાજા–પ્રજા પુણ્યવંત છે અને દેવ–ગુરુ–ધર્મની ઉપાસનામાં તત્પર રહે છે; વેપાર–ધંધા કે ચક્કી–ચૂલામાં આરંભથી તેમને જે થોડુંક પાપ લાગે છે તે પાપને, જિનપૂજા–સ્વાધ્યાય–દાન વગેરે સત્કાર્યો વડે દરરોજ ધોઇ નાંખે છે. દુનિયાની શ્રેષ્ઠ વસ્તુઓ આ નગરીમાં આવે છે. અહીંના પુણ્યવાન લોકોને ભવિષ્યની કોઈ ચિંતા નથી એટલે જેટલું કમાય છે તેટલું દાનાદિમાં ખર્ચી નાંખે છે; છતાં પુણ્યોદયે તેમને બધી વસ્તુઓ વધતી જાય છે. ઉત્તમ દાન માટે તો આ નગરી ભગવાન ૠષભદેવના જમાનાથી જ જગપ્રસિદ્ધ છે.

માહ માસ ચાલતો હતો...ત્યાં અચાનક તે હસ્તિનાપુરમાં રાજમહેલના આંગણે કરોડો રત્નોની વૃષ્ટિ થવા લાગી; અને છ માસ બાદ શ્રાવણ વદ સાતમે મહારાણી અચિરાદેવીએ અતિ મંગલસૂચક સિંહ-હાથી-માળા-રત્નોનો ઢગલો વગેરે ૧૬ ઉત્તમ સ્વપ્નો જોયા. અહા, કુદરતની રચના તો જુઓ! બધાય તીર્થંકરોની માતાઓ એક સરખા ૧૬ મંગળ સ્વપ્નો નિયમથી જુએ છે. આવા ઉત્તમ ૧૬ સ્વપ્નો તીર્થંકરની માતા સિવાય બીજા કોઈને આવે નહિ. જે વખતે અચિરામાતાએ સ્વપ્નો જોયા તે જ વખતે, અસંખ્ય યોજન દૂર એવી સર્વાર્થ સિદ્ધિમાંથી પ્રભુ શાંતિનાથનો જીવ તીર્થંકર–અવતાર તરીકે તેમના ઉદરમાં અવતર્યો. મહારાણીએ અલ્પનિદ્રામાં જોયું કે એક મહા સુંદર સુંગધઝરતો હાથી પોતાના મુખમાં પ્રવેશી રહ્યો છે.

મહારાણી જાગ્યા; અતિ હર્ષપૂર્વક પંચપરમેષ્ઠીનું ચિંતન કર્યું; પછી રાજસભામાં જઈ અતિ હર્ષદાયક મંગલ સ્વપ્નોની વાત કરી. અવધિજ્ઞાની વિશ્વસેન મહારાજાએ જાણ્યું કે અહો! ત્રિલોકનાથ તીર્થંકરનું આપણે ત્યાં આગમન થયું છે. હે દેવી! સોળમા તીર્થંકરનો જીવ તમારા ગર્ભમાં અવતરી ચૂક્યો છે; એટલું જ નહિ, તે મહાત્મા ચક્રવર્તી થઈને આખા ભરતક્ષેત્રનું રાજ્ય કરશે ને પછી તીર્થંકર થઈને આખા વિશ્વમાં ધર્મનું સામ્રાજ્ય કરશે; એનું રૂપ અદ્ભુત સુંદર હશે; કામદેવ, ચક્રવર્તી અને તીર્થંકર એવી ત્રણ ઉત્તમ પદવીના તે ધારક થશે.

વાહ! આ વાત સાંભળીને કોને હર્ષ ન થાય! મહાદેવી અચિરામાતાના હર્ષાનંદનો પાર ન રહ્યો : ‘અહા, આવા ધર્માત્મા ને મોક્ષગામી જીવ મારા અંતરમાં!’ એવા પરમ ઉલ્લાસથી તેના અંતરમાં ચૈતન્યમહિમાના કોઈ અપૂર્વ ભાવો જાગ્યા; અસંખ્ય પ્રદેશે તેને કોઈ અપૂર્વ ચૈતન્યભાવોનું વેદન થયું; તેના અંતરમાંથી મોહાંધકાર દૂર થયો ને ચૈતન્યપ્રકાશ ખીલી ઊઠ્યો. અહો, **ધન્ય તીર્થંકર-મહિમા! એ ત્રિકાળમંગળ આત્મા જેના અંતરમાં બિરાજમાન હોય તેના અંતરમાં મોહાંધકાર રહી શકે નહીં.**

શાંતિનાથપ્રભુના ગર્ભાવતાર–કલ્યાણકનો ઉત્સવ કરવા સ્વર્ગેથી ઈન્દ્રો આવી પહોંચ્યા; તેમણે

મહારાજા વિશ્વસેન તથા મહાદેવી અચિરાનું તીર્થંકરના માતા–પિતા તરીકે સન્માન કર્યું, દિવ્ય વસ્ત્રાભૂષણો ભેટ આપ્યાં અને સ્તુતિ કરી કે અહો, આપને ત્યાં ૧૬ મા તીર્થંકરનું આગમન થયું છે...આપ તીર્થંકરના માતા-પિતા હોવાથી જગતના માતા-પિતા છો.

હસ્તિનાપુરીના ભાગ્ય ખીલી ઊઠ્યા; અયોધ્યાતીર્થ જેવું ગૌરવ તેને પ્રાપ્ત થયું. ત્યાં રોજ રોજ રત્નોનો વરસાદ થતો હતો; શાંતિ તેમજ સમૃદ્ધિ વધતી જતી હતી. કમલવાસી શ્રી–હ્રી–ધૃતિ–કીર્તિ–લક્ષ્મી–સરસ્વતી વગેરે દેવકુમારીઓ પણ ઇન્દ્રની આજ્ઞાથી અચિરામાતાની સેવા કરવા આવી હતી. તે દેવીઓ આનંદ-વિનોદપૂર્વક ચર્ચા કરીને માતાને આનંદ પમાડતી હતી ને ઉદરસ્થ પ્રભુનો મહિમા પ્રસિદ્ધ કરતી હતી.




* એકવાર શ્રીદેવીએ પૂછ્યું : હે સખી ! આ માતાજીની આસપાસમાં સર્વત્ર આટલી બધી શાંતિ કેમ છે ?
* ત્યારે લજ્જાવંતી હ્રી–દેવી બોલી : સાંભળ હે દેવી ! ભગવાન શાંતિનાથ પોતે માતાજીના ઉદરમાં બિરાજી રહ્યા છે, તેમના પ્રતાપે આટલી બધી શાંતિ ફેલાઈ રહી છે.
* ધૈર્ય દેવીએ પૂછ્યું : હે સખી ! વિશ્વસેન રાજા અને અચિરામાતાની કીર્તિ એકાએક આટલી જગપ્રસિદ્ધ કેમ બની ગઈ ?
* કીર્તિ દેવીએ કહ્યું : હે દેવી ! ત્રણ લોકની કીર્તિને વશ કરનાર તીર્થંકરનો આત્મા તેમને ત્યાં પુત્ર તરીકે આવ્યો છે તેથી.
* લક્ષ્મીદેવીએ પૂછ્યું : હે દેવી સરસ્વતી ! હમણાં–હમણાં અચિરામાતાના અંતરમાં સરસ્વતી ઊભરાઈ રહી છે ને આખા રાજ્યમાં લક્ષ્મીની ખૂબ વૃદ્ધિ થઈ રહી છે–તેનું શું કારણ ?
* સરસ્વતીદેવીએ કહ્યું : હે લક્ષ્મી ! અત્યારે માતાના અંતરમાં જે તીર્થંકર બિરાજે છે તે ત્રણલોકની લક્ષ્મીના તેમજ ત્રણલોકમાં શ્રેષ્ઠ સરસ્વતીના (–કેવળજ્ઞાનના) સ્વામી થવાના છે, તેથી લક્ષ્મી અને સરસ્વતી બંને અહીં ઊભરાવા માંડ્યા છે.

—આવી ઉત્તમ ચર્ચામાં પ્રસન્નતાપૂર્વક ભાગ લઈને માતાજી પણ દેવીઓને આનંદ પમાડતા હતા. એ રીતે પ્રસન્ન વાતાવરણમાં સવાનવ માસ વીત્યા; ત્યારબાદ.....

વૈશાખ વદ ૧૪ના રોજ માતા અચિરાદેવીએ એક સર્વોત્કૃષ્ટ સુંદર પુત્રને જન્મ આપ્યો...જાણે જગતપ્રકાશક દીવો પ્રગટ્યો. તે જ ક્ષણે તેના તેજથી ત્રણલોક પ્રકાશિત થઈ ગયા. હજી કેવળજ્ઞાનનો દિવ્યપ્રકાશ તો પછી થશે, ત્યાર પહેલાં પુણ્યોદયના પરમ તેજથી પૃથ્વી ઝળકી ઊઠી. માત્ર મનુષ્યલોકનું જ નહિ, સ્વર્ગનું તેમજ નરકનું વાતાવરણ પણ બે ઘડી શાંતિમય બની ગયું, કોઈ નવીન આહ્લાદ સર્વત્ર ફેલાઈ ગયો. સ્વર્ગના દિવ્ય વાજિંત્રો એકસાથે વાગવા માંડ્યા અને દિવ્ય ઐરાવત હાથી ઉપર બેસીને ઈન્દ્રમહારાજ હસ્તિનાપુરીમાં જન્મોત્સવ કરવા દેવોના ઠાઠમાઠસહિત આવી પહોંચ્યા. તીર્થંકરપ્રભુના જન્મનો એવો મહાન ઉત્સવ થયો કે જાણે દુનિયાભરનો આનંદ અહીં ભેગો થયો હોય! ‘શાંતિ’પ્રભુનો અવતાર થતાં ત્રણલોકના જીવોના અંતરમાં ‘શાંતિ’નો અવતાર થયો.



—એ બાલતીર્થંકરને તેડીને ઈન્દ્રાણી ધન્ય બની; અહા, તીર્થંકર જેવા ધર્માત્માનો સીધો સ્પર્શ થતાં પરમ વાત્સલ્યથી તે રોમાંચિત થઈ. દેવપર્યાયમાં જો કે પુત્ર નથી હોતા પણ કોઈ સાતિશય પુણ્યયોગે તીર્થંકર-બાળકને પોતાની ગોદમાં તેડતાં તે ઈન્દ્રાણીને પુત્રસુખ કરતાંય વિશેષ કોઈ અલૌકિક સંતોષની લાગણી થઈ. તે ભૂલી ગઈ કે હું ઈન્દ્રાણી છું; તે તો જાણે કે હું આ બાળકની ‘બા’ જ છું—એવું વેદન કરવા લાગી...ને પ્રભુભક્તિમાં તલ્લીન થઈને પોતાને જ પ્રભુરૂપે અનુભવવા લાગી. અહા, બાલતીર્થંકર પણ અનેક જીવોને સમ્યક્ત્વમાં કારણ થાય છે. મોક્ષગામી બાળકને ગોદમાં લેતાં તે ઈન્દ્રાણી પણ મોક્ષમાર્ગી બની ગઈ. આનંદના કોઈ અપૂર્વ રોમાંચપૂર્વક ઈન્દ્રાણીએ એ બાલતીર્થંકર ઈન્દ્રના હાથમાં આપ્યા. ઈન્દ્ર તો એ પ્રભુનું રૂપ જોઈને જાણે ગાંડો જ બની ગયો! તે એકસાથે હજાર આંખ ધારણ કરીને પ્રભુનું રૂપ જોવામાં તલ્લીન થયો. ત્યારે તેને આશ્ચર્ય થયું કે ઈન્દ્રલોકથી પણ સુંદર વસ્તુ આ મનુષ્યલોકમાં હોઈ શકે છે! અરે, સાચી જ વાત છે—મુનિદશા કે મોક્ષ જેવી સૌથી સુંદર વસ્તુ ઈન્દ્રલોકમાં ક્યાં છે? એ તો મનુષ્યલોકમાં જ છે ને! ઈન્દ્રનો ગર્વ ઊતરી ગયો ને મનુષ્યલોકની તીર્થંકર—વિભૂતિ પાસે દેવલોકની ઈન્દ્રવિભૂતિ પણ તેને તૂચ્છ લાગી. હજાર આંખવાળો ઈન્દ્ર પ્રભુનું રૂપ જોવામાં એવો મશગુલ બન્યો કે પોતાની ઈન્દ્રાણીના દિવ્ય રૂપનેય તે ભૂલી ગયો...તે એમ સૂચવે છે કે, વીતરાગ સ્વરૂપનું અવલોકન કરનાર મુમુક્ષુ ભવ્યાત્માનું ચિત્ત તેમાં એવું મશગુલ થઈ જાય છે કે જગતના વિષયકષાયોમાંથી તેનું ચિત્ત સહેજે હટી જાય છે.



પ્રભુને દૈવી ઐરાવત હાથી ઉપર બિરાજમાન કરીને, મહાન સવારી સહિત ઈન્દ્ર મેરુપર્વત ઉપર લઈ ગયો અને ત્યાં અતિશય ભક્તિપૂર્વક અભિષેક કર્યો. અસંખ્ય વર્ષો પહેલાંના ઈન્દ્રે ક્ષીરસાગરના પવિત્ર જળથી ભગવાન આદિનાથનો જેવો મહાભિષેક કર્યો હતો તેવો જ અભિષેક આ ઈન્દ્રે શાંતિનાથ ભગવાનનો કર્યો. બાલતીર્થંકરપ્રભુની સવારીથી એ હાથી પણ ધન્ય બન્યો. ખરેખર તે કાંઈ હાથી ન હતો, એ તો સૌધર્મસ્વર્ગનો એક દેવ હતો; અને પ્રભુને પોતાની પીઠ ઉપર બિરાજમાન કરવા માટે તે દેવે સ્વયં વિક્રિયા વડે હાથીનું રૂપ ધારણ કર્યું હતું.–'હાથી' પણ કેવો ? –દૈવી ! જેનું વર્ણન કલ્પાનાતીત છે. એકલાખ જોજન મોટો; કેટલીયે સૂંઢ; દરેક સૂંઢમાં સરોવર; સરોવરમાં કમળ; અને તે કમળની દરેક પાંખડી ઉપર અપ્સરા દેવીઓ ભક્તિ–નૃત્ય કરે. અદ્‌ભુત હતી એ રચના ! અહા, જેના ઉપર તીર્થંકરની સવારી થાય–તેની શોભાની શી વાત !! પુરાણકાર તો કહે છે કે તે વખતે ઐરાવત હાથી સાથે ઈન્દ્રની સાત પ્રકારની સેનામાં કરોડો વાજિંત્રો સહિત અબજો બળદ–હાથી–ઘોડા–રથ વગેરે હતા. ખરેખર એ કાંઈ તિર્યંચજીવો ન હતા પણ દેવોની જ તે પ્રકારની અદ્‌ભુત વિક્રિયા હતી. ઈન્દ્રનો ઠાઠ–માઠ–વૈભવ એટલો બધો વિશાળ અને અચિંત્ય હતો કે આખા મનુષ્ય લોકમાં તે સમાય નહિ. આવી અચિંત્ય વિભૂતિવાળા ઈન્દ્રને પણ અદ્‌ભુત જિનભક્તિ કરતો દેખીને ઘણાય મિથ્યાદૃષ્ટિ દેવો પણ જૈનધર્મની શ્રદ્ધાથી સમ્યગ્દૃષ્ટિ બની જતા હતા. આથી જ 'જિનમહિમા–દર્શન'ને સમ્યગ્દર્શનનું કારણ કહ્યું છે. એ ઈન્દ્ર-ઈન્દ્રાણી, એ ઐરાવત હાથી, એ દેવ–દેવીઓ,–બધાય તીર્થંકર પ્રત્યેની ભક્તિથી જેટલાં પુણ્યકર્મોનું ઉપાર્જન કરતા હતા, ને જેટલા પાપ કર્મોનું વિસર્જન કરતા હતા, તે બેમાં અલ્પ–બહુત્વ કોનું હતું–તે અમે નથી કહી શકતા; પણ એટલુ ચોક્કસ કહી શકીએ છીએ કે તે વખતે એ જિનમુદ્રાના દર્શનથી વીતરાગરસની જે પુષ્ટિ થતી હતી તે સૌથી મહાન હતી ને મોક્ષનું કારણ હતી. શાંતિપ્રભુના સાન્નિધ્યમાં શાંતિનો એ એક ચમત્કાર હતો. ભક્તિની ચેષ્ટાઓ બધાયની ભિન્ન-ભિન્ન હતી પરંતુ એ ભક્તિનું ફળ તો બધાયને સરખું જ હતું. ધન્ય જિનમહિમા !

એ નાનકડા ભગવાનનું શરીર જો કે સ્વયં સુશોભિત હતું, શોભા માટે બહારના કોઈ અલંકારની જરૂર એને ન હતી; છતાં–"દેવલોકના માનસ્તંભના દિવ્ય પટારામાં ઉત્પન્ન થયેલા આ સર્વોત્કૃષ્ટ અલંકાર, હું તીર્થંકર સિવાય બીજા કોને પહેરાવું ? આ દિવ્ય અલંકારને ધારણ કરી શકે એવું બીજું તો કોઈ વિશ્વમાં છે નહીં–" આમ વિચારીને ઈન્દ્રાણીએ સ્વર્ગનાં તે દિવ્ય આભૂષણો બાલતીર્થંકરને પહેરાવ્યા...ને સાથે સાથે પ્રભુના કપાળમાં રત્નનું મંગળ તિલક કર્યું;–એ બહાને જાણે તેણે પોતાના આત્માને જ મોક્ષનું તિલક કર્યું. પછી તે ઈન્દ્રાણી આનીકોર...ને..તેનીકોર મોઢું ફેરવી ફેરવીને આશ્ચર્યપૂર્વક પ્રભુની શોભા જોઈ રહી.

એ પ્રભુના દર્શનથી સર્વે જીવોને શાંતિ થતી હતી, તેથી ઈન્દ્રે એ સોળમા તીર્થંકરનું નામ 'શાંતિનાથ' રાખ્યું. તેમના ચરણમાં હરણનું ચિહ્ન હતું. જન્માભિષેક બાદ ૧૦૦૮ મંગલ નામોથી ઈન્દ્રે એ પ્રભુની સ્તુતિ કરી. આશ્ચર્યકારી તાંડવનૃત્ય કર્યું; અને પ્રભુની સવારી લઈને પાછા હસ્તિનાપુર આવ્યા.

હસ્તિનાપુરના રાજમહેલમાં આવીને ઈન્દ્રે અત્યંત બહુમાનપૂર્વક માતા–પિતાને તેમનો પુત્ર સોંપ્યો, અને તેમની સન્મુખ ફરીથી એ બાલતીર્થંકરની અદ્ભુત ભક્તિ કરી. ઈન્દ્ર પોતે ઈન્દ્રાણી સાથે થનગન...થનગન કરતો આનંદથી નાચી ઊઠ્યો. અંતરમાં અમર્યા દિત હર્ષોલ્લાસ થતાં કોણ નથી નાચી ઊઠતું! અહા, ઈન્દ્રના નૃત્યની શી વાત! તે નૃત્યમાં ઈન્દ્ર એકસાથે હજાર હાથ ઊલાળીને, અને તે દરેક હાથ ઉપર પોતાના જેવો જ ઈન્દ્ર પોતાના જેવી જ ચેષ્ટા કરી કરીને નાચતો હોય–એવી અદ્ભુત વિક્રિયા કરીને નાચતો હતો. વળી તેનું નૃત્ય એટલું બધું ઝડપી હતું કે, તબલામાં ધાધીન...ને ધાતીન..એમ એક તાલ પછી બીજો તાલ પડે ત્યાર પહેલાં તો તે બે–તાલની વચ્ચેના અંતરાળમાં તે ઈન્દ્ર મેરુપર્વતની પ્રદક્ષિણા કરીને પાછો આવી જાય ને તાલમાં તાલ પૂરાવીને નાચે.

અહા, રાજમહેલના આંગણામાં કરોડો પ્રજાજનોની સમક્ષ એકકોર ઈન્દ્ર આવું અદ્ભુત નૃત્ય કરતો હતો... અને તે વખતે બીજી કોર અચિરામાતાના ખોળામાં બેઠોબેઠો ઓલો શાંતિકુંવર તે નૃત્ય જોતો હતો ને ઈન્દ્રના નૃત્ય કરતાંય અદ્ભુત એવી આનંદમય જ્ઞાનચેતનાને પોતાના અંતરમાં નચાવતો હતો! અંતરના એ નૃત્યને જોનારા કોઈક વિરલા જ હતા. હસ્તિનાપુરીના પ્રજાજનોના હર્ષનો તો કોઈ પાર ન હતો, કેમકે તેને તો એકકોર તીર્થંકરના સાક્ષાત્ દર્શન અને બીજી કોર ઈન્દ્રનું નૃત્ય,–એમ બે અદ્ભુત વસ્તુઓ એકસાથે જોવા મળી હતી. દેવો તો હસ્તિનાપુરમાં એક જ વર્ષમાં આ બીજી વખત આવ્યા એટલે તેની તો કોઈ નવાઈ લાગતી ન હતી. પણ પ્રભુના દર્શનની અદ્ભુતતા તેમને ખરેખર આનંદ પમાડતી હતી. પુત્રનો આવો અદ્ભુત મહિમા દેખીને માતા-પિતાને તેમ જ નગરજનોને અંતરમાં કોઈ અનેરો ચૈતન્યમહિમા જાગ્યો. ઘણાય જીવો તે પ્રસંગે સમ્યગ્દર્શન પામ્યા. તે વખતે સાતમી નરકના જીવોનેય ચિત્તમાં ક્ષણભર શાંતિ થઈ, તો બીજાની શી વાત! શાંતિનાથનો અવતાર સર્વે જીવોને શાંતિનું કારણ થયો. તેઓ જે રાજમહેલમાં બિરાજતા તે નંદ્યાવર્ત–મહેલની શોભા અદ્ભુત હતી. તે મહેલના આંગણે રોજ સવારમાં હજારો–લાખો જીવો પ્રભુના દર્શન કરવા ઊભરાતા. એ મહેલમાં **'જીવંત જિન'** બિરાજતા હોવાથી ખરેખર તે એક સાક્ષાત્ **'જિનમંદિર'** હતું. બીજા જિનમંદિરોમાં તો જિનબિંબરૂપ 'સ્થાપના–જિન' હોય છે, ત્યારે આ મંદિરમાં તો સાક્ષાત્ **'દ્રવ્યજિન'** પોતે બિરાજતા હતા, તેથી તે જગતનું એક મંગલ તીર્થ હતું.

પંદરમા તીર્થંકર ભગવાન ધર્મનાથનું શાસન લગભગ ત્રણ સાગર સુધી ચાલ્યું; તેના અંતભાગમાં પા–પલ્ય (લાખો કરોડો વર્ષો) સુધી ધર્મનો વિચ્છેદ થઈ ગયો હતો, ત્યારબાદ સોળમાં તીર્થંકર શાંતિનાથ ભગવાનનો અવતાર થયો ને ધર્મની ધારા પુનઃ ચાલુ થઈ. તેમનું આયુષ્ય એકલાખ વર્ષનું હતું, દેહપ્રમાણ ૪૦ ધનુષ (લગભગ ૧૦૦ મીટર) ઊંચું હતું; તેમાં ચક્ર–ધ્વજ–શઁખ–પદ્મ–હરણ–તોરણ વગેરે ઉત્તોમત્તમ ૧૦૮ ચિહ્નો હતા. જગતમાં શ્રેષ્ઠ એવું ચક્રવર્તીપદ, સર્વાર્થ સિદ્ધિ–ઈન્દ્રપદ કે તીર્થંકરપદ ધર્મના આરાધક જીવને જ મળે છે; ધર્મ રહિત જીવોને તેવા ઉત્તમ પુણ્ય હોતાં

નથી. આવી બધી ઉત્તમ પદવીઓ ધર્મસાધક ભગવાન શાંતિનાથના જીવને ધર્મની સાધના સાથેના ઉત્તમ પુણ્ય વડે પ્રાપ્ત થઈ હતી; છતાં અંતે તો કર્મજનિત એ બધી સંયોગી પદવીઓને છોડીને પ્રભુએ સ્વભાવભૂત એવા અસંયોગી સિદ્ધપદને જ સાધ્યું. પ્રભુનું જીવન આપણને એમ બતાવે છે કે ભવમાં અવતરવું એ ખરેખર ધન્યતા નથી, પણ અવતારનો અંત કરીને અનંત-સિદ્ધપદની પ્રાપ્તિ કરવી તેમાં જ ધન્યતા છે.

કામદેવ તરીકે, ચક્રવર્તી તરીકે ને તીર્થંકર તરીકે તેમના દેહની સુંદરતા સર્વોત્કૃષ્ટ હતી, તો અંતરમાં અપૂર્વ ભેદજ્ઞાન, ક્ષાયિક સમ્યક્ત્વ અને અવધિજ્ઞાન વડે તેમના આત્માની સુંદરતા પણ મહાન હતી. તેમની દશ આંગળીઓની કોમળતામાં તો જાણે ઉત્તમ ક્ષમાદિ દશ ધર્મો વરસતા હતા, તેથી તેમાં જરાય કઠોરતા ન હતી. એ બાલતીર્થંકર શાંતિકુમારના મસ્તકના સુંવાળા—વાંકડિયા વાળથી માંડીને ઠેઠ પગના ચમકદાર નખ સુધીના શરીરના સર્વે અંગોની શોભાનું જુદું જુદું વર્ણન કરવાની શી જરૂર છે!— એટલું જ કહેવું બસ થશે કે—તે શરીરના સર્વાંગમાં વ્યાપીને એક મહા મંગળરૂપ તીર્થંકર પ્રભુજી બિરાજી રહ્યા હતા; શરીરના સર્વ પ્રદેશોમાં સર્વત્ર એક ધર્માત્મા—તીર્થંકરજીવના અસંખ્ય પ્રદેશો (ક્ષાયિક સમ્યક્ત્વાદિસહિત) ભરેલા હતા; એટલે કોઈક નિક્ષેપથી તો તે શરીર પોતે 'ભગવાન' હતું. છતાં, તે પ્રભુના દર્શનથી સમ્યગ્દર્શન તેઓ જ પામતા હતા કે જેઓ ઊંડા ઊતરીને દેહથી પાર એવી અચિંત્ય ચૈતન્ય—શોભા વડે પ્રભુને ઓળખતા હતા.—ધન્ય તીર્થંકર અવતાર!

* * *

પ્રભુ શાંતિનાથના અવતાર પછી કેટલાક વખત બાદ, મહારાજા વિશ્વસેનની બીજી રાણીએ પણ એક સુંદર પુત્રને જન્મ આપ્યો;—પૂર્વે મેઘરથના ભવમાં જે દ્રઢરથ નામનો ભાઈ હતો અને જે સર્વાર્થ સિદ્ધિમાં પણ સાથે હતો, તે જીવ ત્યાંથી ચ્યવીને અહીં શાંતિનાથપ્રભુના ભાઈ તરીકે અવતર્યો,—તેનું નામ ચક્રાયુધ.

બંને ભાઈઓ (—કે જે તીર્થંકર અને ગણધરની જોડલી છે તેઓ) દિવસે-દિવસે વૃદ્ધિગત થવા લાગ્યા; તેમના ગુણોનો વૈભવ વધુ ને વધુ ખીલવા લાગ્યો. તેમની બાલરમતો પણ આશ્ચર્ય ઉપજાવે તેવી હતી. દેવો પણ તેમની સાથે રમવા માટે તેમના જેવડા બાળકનું રૂપ ધારણ કરીને હસ્તિનાપુરીમાં રહેતા. અહા, તીર્થંકરનો સંગ કોને ન ગમે? પુણ્યજનિત રાજ્યલક્ષ્મી અને ધર્મજનિત મોક્ષલક્ષ્મી—તે બંનેના તેઓ એકસાથે સ્વામી હતા,—છતાં મોક્ષ લક્ષ્મીનું તો સન્માન કરતા હતા ને પુણ્યલક્ષ્મી પ્રત્યે ઉદાસીન રહેતા હતા. (એટલે મોક્ષલક્ષ્મી તો મહારાણીના સ્થાને હતી ને પુણ્યલક્ષ્મી તો માત્ર દાસી જેવી હતી.) બંને ભાઈઓ આત્માના અનુભવી હતા, ચરમશરીરી હતા અત્યંત આત્મરસિક હતા. ઘણીવાર તેઓ જ્યારે આત્માના અનુભવની ગંભીર—આનંદકારી ચર્ચા કરતા ત્યારે, તીર્થંકર—ગણધરની એ અદ્‌ભુત ધર્મચર્ચા સાંભળીને જિજ્ઞાસુ જીવો મુગ્ધ બની જતા અને તત્ત્વનું સ્વરૂપ સમજીને ઘણા જીવો આત્મઅનુભવ કરી લેતા હતા. 'તેઓ સ્વાનુભવની કેવી અદ્‌ભુત ચર્ચા કરતા હશે!' હે પાઠક! તારા અંતરની એ જિજ્ઞાસા પૂરી કરવા અહીં તેનો થોડોક નમૂનો આપું છું :—

—એકવાર શાંતિકુમાર અને ચક્રાયુધકુમાર બંને ભાઈઓ મનોહર ઉદ્યાનમાં ફરવા ગયેલા;

બીજા પણ ઘણા માણસો સાથે હતા. આનંદ–વિનોદપૂર્વક દિવસ પૂરો થયો. સંધ્યા સમયે શાંતિનાથે પોતાના ભાઈને કહ્યું : ભાઈ ચક્ર! ચાલો અત્યારે શાંતિથી બે ઘડી અંતરમાં પરમાત્મતત્ત્વનું ચિંતન કરીએ. એ વાત સાંભળતાં જ ચક્રકુમાર ખુશી થયા, અને બંને ભાઈઓ ધ્યાનમાં બેસીને આત્મસ્વરૂપ ચિંતવવા લાગ્યા. તરત જ પરિણામ શાંત થયા ને એકાએક ઉપયોગ નિજસ્વરૂપમાં એકાગ્ર થતાં સ્વાનુભૂતિનો નિર્વિકલ્પ આનંદ થયો. જીવનમાં વારંવાર તેઓ આવો અનુભવ કરતા જ હતા...ત્યારે તો જાણે કોઈએ બે સિદ્ધભગવંતો અહીં બિરાજતા હોય! યોગી જેવા ધ્યાનસ્થ એ બંને રાજકુમારોને દેખીને બધા મનુષ્યો પણ પ્રભાવિત થયા ને બધી પ્રવૃત્તિ છોડીને આત્મચિંતનમાં બેસી ગયા. ચારેકોર શાંતિનું એકદમ સ્તબ્ધ વાતાવરણ છવાઈ ગયું. અરે, વનમાં સિંહ ને સસલાં, સર્પ ને મોર વગેરે પશુ–પંખીઓ પણ એમની શાંત-ધ્યાનમુદ્રા દેખીને આશ્ચર્ય પામ્યા ને વેર કે ભય છોડીને સૌ શાંતપરિણામથી પ્રભુસન્મુખ બેસી ગયા...જાણે સમવસરણમાં જ બેઠા હોય! કોઈ જાતના કોલાહલ વગર ઘણો સમય એમને એમ પરમ શાંતિમાં પસાર થયો.–જે દેખીને, ક્રોધથી ભિન્ન ચૈતન્ય–શાંતિ કેવી હોય–તે ભવ્યજીવોને પ્રતીતમાં આવી જતું હતું ને પરમશાંત મોક્ષતત્ત્વની શ્રદ્ધા થઈ જતી હતી.

ધ્યાન પૂરું થતાં તૃપ્ત–તૃપ્ત થઈને જ્યારે બંને રાજકુમારોએ આંખ ઊઘાડી ત્યારે, આસપાસનું એકદમ ઉપશાંત વાતાવરણ જોઈને તથા બધા જીવોને આત્મશાંતિના વિચારમાં દેખીને, બંનેને ઘણી પ્રસન્નતા થઈ. અહા, જાણે તીર્થંકરનું સમવસરણ જ હોય!

પ્રભુની મધુર દૃષ્ટિથી સૌ સભાજનો પ્રસન્ન થયા. થોડીવારે નગરશેઠ બોલ્યા : હે દેવ! આપનું આશ્ચર્યકારી ધ્યાન દેખીને અમને સૌને પણ આત્મધ્યાનની પ્રેરણા જાગી ઊઠે છે ને વગર શીખ્યે સહેજે આત્મધ્યાન આવડી જાય છે. હે પ્રભો! આપ બંને ભાઈઓએ કેવી રીતે આત્મધ્યાન કર્યું? ને તે આત્મધ્યાનમાં શું દેખ્યું? તે જાણવાની અમને સૌને ઉત્કંઠા છે...તો કૃપા કરીને તે બતાવો.

નગરશેઠનો આવો સુંદર પ્રશ્ન સાંભળીને બંને ભાઈઓ પ્રસન્ન થયા ને તેમની જિજ્ઞાસા પૂરી કરવા માટે તેઓ એકબીજા સાથે સ્વાનુભવની ચર્ચા કરવા લાગ્યા. (અહા, બે ભાઈ...બંને સમ્યગ્દૃષ્ટિ-ચરમશરીરી-મોક્ષગામી; એક તીર્થંકર ને બીજા ગણધર; કેવી સુંદર જોડી! તેમની સ્વાનુભૂતિની ચર્ચા સાંભળો–)

**શાંતિકુમારે કહ્યું** : હે ભાઈ ચક્રાયુધ! શુદ્ધ આત્મતત્ત્વનું ધ્યાન કોણ કરી શકે? ને તેને માટેની પાત્રતા કેવી હોય, તે કહો.

**ચક્રાયુધકુમારે કહ્યું** : આત્મતત્ત્વ ઘણું અદ્ભુત છે, અચિંત્ય મહિમાવાળું છે. પ્રથમ જેણે જૈન ધર્મના જ્ઞાની અનુભવી પાસેથી આત્મત્ત્વનું યથાર્થ સ્વરૂપ નક્કી કર્યું હોય, તેના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયોને રાગથી વિભક્ત અને ચૈતન્યસ્વરૂપથી એકત્વરૂપ જાણ્યા હોય; તેને જાણતાં ચૈતન્યરસની અતિ મીઠાશ-લગની લાગી હોય ને રાગના રસ પ્રત્યે ઉદાસીનતા થઈ ગઈ હોય; એવો મુમુક્ષુ જીવ વિષય-કષાયોથી વિરક્ત થઈ શાંત પરિણામ વડે ચૈતન્યના અનુભવ માટે ચિત્તને આત્મામાં એકાગ્ર કરવા મથતો હોય છે.–એવા સુપાત્ર જીવને જ્યારે ચૈતન્યરસની પરાકાષ્ટા થાય છે ત્યારે તેનો ઉપયોગ આત્મસન્મુખ એકાગ્ર થઈ જાય છે, તે

સ્વાનુભૂતિ છે. હે બંધુવર! ભવોભવથી તમારા ઉત્તમ સમાગમને લીધે આવી સ્વાનુભૂતિનું સ્વરૂપ મેં જાણ્યું છે.

**શાંતિનાથ** : હે બંધુ! તારી વાત ઉત્તમ છે. તે સ્વાનુભૂતિ વખતે અંદર શું દેખાયું?

**ચક્રાયુધ** : અહો દેવ! એ વખતે આત્માએ પોતે પોતાને દેખ્યો...દેખનાર અને દેખવાયોગ્ય વસ્તુ (–શુદ્ધનય અને એનો વિષય) એવા ભાવ–ભેદરૂપ જુદાઈ પણ તે વખતે ન હતી; એકાકાર આત્મા સર્વગુણોના રસ સહિત પોતે પોતાને અનુભવતો હતો. વચનાતીત ને વિકલ્પાતીત હતી એ આત્મઅનુભૂતિ! આશ્ચર્યથી પણ પાર એવા પરમ શાંત રસરૂપે આત્મા પોતે જ, પ્રત્યક્ષ–અતીન્દ્રિયજ્ઞાનના સ્વાદમાં આવતો હતો. ત્યાં ઈન્દ્રિયો ન હતી, રાગ ન હતો કે દ્રવ્યગુણપર્યાયના કોઈ ભેદ પણ ન હતા; એકલો જ્ઞાયક–આત્મા પોતે પોતાના આનંદમાં લીન થઈને સર્વોપરિ પરમતત્ત્વપણે પ્રકાશતો હતો.

**શાંતિનાથ** : વાહ, અદ્ભુત છે આત્મઅનુભૂતિનું વર્ણન! પહેલીવારની અપૂર્વ સ્વાનુભૂતિ વખતે તો જાણે આત્માના અસંખ્ય પ્રદેશોની અંદર આનંદનો કોઈ મોટો ધરતીકંપ થતો હોય, એવી ઉથલપાથલ થઈ જાય છે, ક્રોધરૂપી પર્વતના ફૂરચા ઊડી જાય છે ને તેને બદલે શાંતિનો ગંભીર સમુદ્ર હીલોળા લ્યે છે; દુઃખને બદલે પરમસુખ વેદાય છે; ભવને બદલે મોક્ષમાં આત્મા બેઠેલો હોય–એવી તૃપ્તિ અનુભવાય છે. અહા, એ અનુભૂતિમાં પોતાના સર્વે ગુણોનો શાંત–અતીન્દ્રિયરસ એકસાથે સ્વાદમાં આવે છે ને પ્રભુસિદ્ધ જેવી વીતરાગી તૃપ્તિ વેદાય છે. માટે–

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.**

(બે ભાઈ વચ્ચે સ્વાનુભવની સુંદર ચર્ચા ચાલી રહી છે;
અને સભાજનો તે સ્વાનુભૂતિનો રસ પીવા મશગુલ બન્યા છે.)

**શાંતિનાથ** : એ સ્વાનુભૂતિ વખતે નિર્વિકલ્પ ઉપયોગમાં સ્વ-પરપ્રકાશકપણું કઈ રીતે હોય છે?

**ચક્રાયુધ** : તે વખતે અંતર્મુખ ઉપયોગમાં માત્ર આત્મપ્રકાશન છે, આત્મા જ સ્વજ્ઞેય છે; પોતે જ જ્ઞાતા ને પોતે જ જ્ઞેય–એમ જ્ઞેય–જ્ઞાયકનું અભિન્નપણું છે. તે વખતે ઉપયોગમાં પરજ્ઞેય નથી હોતું; કેમકે સાધકનો ઉપયોગ સ્વમાં ને પરમાં બંનેમાં એકસાથે લાગતો નથી, એક વખતે એકમાં જ ઉપયોગ હોય છે.

**શાંતિનાથ** : સ્વાનુભવ વખતે જ્ઞાન તે સ્વજ્ઞેય, ને આનંદ તે પરજ્ઞેય, એમ સ્વ–પરપ્રકાશકપણું માનીએ તો?

**ચક્રાયુધ** : નહીં; સ્વાનુભતિમાં એવો ગુણભેદ નથી હોતો. ત્યાં શ્રદ્ધા–જ્ઞાન–આનંદ બધાય ગુણો એકરસપણે (અભેદ) અનુભવમાં આવે છે. વળી અતીન્દ્રિય આનંદને 'પર' કહેવાનું વ્યાજબી નથી, કેમકે તે તો આત્માની સ્વાનુભૂતિમાં જ સમાયેલ છે, જુદો નથી.

**શાંતિનાથ** : તો પછી જ્ઞાનનો સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે–તેનું શું ?

**ચક્રાયુધ** : હા, જ્ઞાનનો સ્વ–પરપ્રકાશક સ્વભાવ છે–એ ખરું; પણ જ્યાં સુધી તે સ્વભાવ પ્રગટીને કેવળજ્ઞાનરૂપ થયો નથી ત્યાંસુધી તે વિભાવજ્ઞાન છે; તે ભલે સમ્યગ્જ્ઞાન હોય છતાં હજી અધૂરું છે તેથી તેનો 'ઉપયોગ' સ્વ–પરને એકસાથે જાણી શકતો નથી.

**શાંતિનાથ** : તો શું તે વખતે તે જીવને સ્વ–પરનું જ્ઞાન નથી ?

**ચક્રાયુધ** : છે; પણ ઉપયોગ સ્વજ્ઞેયમાં જ વર્તે છે, ભેદજ્ઞાન વડે પરવસ્તુને પરરૂપે જાણી છે તે જ્ઞાન તે પર્યાયમાં વર્તે છે ખરું,–પણ લબ્ધરૂપે વર્તે છે; ઉપયોગમાં તો આત્મા જ જ્ઞાતા ને આત્મા પોતે જ જ્ઞેય છે. પરથી ભિન્નતાના જ્ઞાન માટે કાંઈ પરસન્મુખ ઉપયોગ હોવો જરૂરી નથી. પોતાના શુદ્ધ આત્માને જ સ્વજ્ઞેયપણે જાણ્યો ને તેમાં રાગની કે જડની ભેળસેળ ન કરી, તે જ ભેદજ્ઞાન છે. જ્ઞાનીને તે નિરંતર વર્તે છે.

**શાંતિનાથ** : ધર્મીનો ઉપયોગ અંદરમાં હોય ત્યારે તો તે અતીન્દ્રિય-ઉપયોગમાં ઈન્દ્રિય–વિષયો છૂટી ગયા છે, પરંતુ જ્યારે તે જ ધર્મીનો ઉપયોગ બહાર જાય ને ઈન્દ્રિયજ્ઞાન હોય ત્યારે તે બાહ્યઉપયોગ વખતે, શું તેને એકલું ઈન્દ્રિયજ્ઞાન જ હોય ?–કે અતીન્દ્રિય જ્ઞાન પણ હોય ?

**ચક્રાયુધ** : ધર્મીને બાહ્ય ઉપયોગ વખતે ઈન્દ્રિયજ્ઞાન હોય...તેમ જ તે જ વખતે તેને તે પર્યાયમાં અતીન્દ્રિયજ્ઞાન પણ ચાલુ જ છે; એકલું ઈન્દ્રિયજ્ઞાન નથી. હા, તે વખતે ઉપયોગરૂપે અતીન્દ્રિયજ્ઞાન નથી, તોપણ તે જ પર્યાયમાં, પહેલાં જે આત્મજ્ઞાન કરેલું છે તેની ધારણા વર્તે છે–એટલે અતીન્દ્રિય જ્ઞાનનું પરિણમન (લબ્ધપણે) તે જ પર્યાયમાં ચાલી રહ્યું છે. જો એકલું ઈન્દ્રિયજ્ઞાન હોય તો સમ્યગ્જ્ઞાન ટકી શકે નહિ ને મોક્ષમાર્ગ પણ ચાલુ રહે નહિ. માટે **અતીન્દ્રિયજ્ઞાન, તેમ જ અનંતાનુબંધી કષાયના અભાવરૂપ અપૂર્વ શાંતિ, સમ્યક્શ્રદ્ધા વગેરે ઇન્દ્રિયાતીત શુદ્ધભાવો ધર્મીની પર્યાયમાં સદાય વર્તતા જ હોય છે; ને એ ભાવો વડે જ ધર્મીજીવની સાચી ઓળખાણ થાય છે.**

અહો, ચેતનરસથી ભરેલી આવી સરસ તત્ત્વચર્ચા, અને તે પણ તીર્થંકર–ગણધર થનાર બે મહાત્માઓના શ્રીમુખથી સાંભળીને સભાજનો સ્વાનુભૂતિના ગંભીર રહસ્યો સ્પષ્ટપણે સમજી ગયા, અને તે જ વખતે અનેક જીવોએ શાંત પરિણામ વડે સ્વાનુભૂતિ પણ પ્રાપ્ત કરી લીધી. તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવ્યા પહેલાં જ ભગવાન શાંતિનાથે ધર્મતીર્થનું પ્રવર્તન શરૂ કરી દીધું,–જાણે કે એના દ્વારા પ્રભુએ એમ બતાવી દીધું કે–ધર્મને કર્મના ઉદય સાથે ક્યાં સંબંધ છે ?

(આ ચર્ચા સ્વાનુભૂતિપ્રિય સજ્જન–મુમુક્ષુઓને તેમજ જ્ઞાનીઓને ખૂબ ગમી છે.)

પાઠક ! સ્વાનુભવની આ સુંદર ચર્ચા દ્વારા તને એ જાણીને પ્રસન્નતા થશે કે, તીર્થંકરોનું આખું જીવન કેવું મહાન–સુંદર–ગંભીરભાવોથી ભરેલું હોય છે ! ને તેમના સમાગમમાં જીવોને ધર્મની કેવી ઉત્તમ પ્રેરણાઓ મળ્યા કરતી હોય છે !! –ધન્ય એ જીવન ! ખરેખર સત્‌પુરુષોનો સંગ જીવને કલ્યાણનું કારણ થાય છે.

શાંતિનાથ અને ચક્રાયુધ, તીર્થંકર અને ગણધર,–બંને રાજકુમારો યુવાન થયા. તેમની હાજરીમાં હસ્તિનાપુરીના રાજદરબારની રોનક બદલી જતી. વિશ્વસેન મહારાજાએ અનેક ઉત્તમ ગુણવંતી રાજકન્યાઓ સાથે તેમના વિવાહ કર્યા. માતા અચિરાદેવી તો આવું પુત્રસુખ પામીને એવા તૃપ્ત થઈ ગયા કે હવે સંસારના કોઈ સુખની અભિલાષા તેમને રહી નથી, માત્ર મોક્ષની જ અભિલાષા છે.

એકલાખ વર્ષના આયુવાળા રાજકુમાર શાંતિનાથ જ્યારે પચ્ચીસ હજાર વર્ષના થયા ત્યારે મહારાજાએ તેમનો રાજ્યાભિષેક કરીને હસ્તિનાપુરીનું સામ્રાજ્ય તેમને સોંપી દીધું ને ચક્રાયુધકુમારને યુવરાજપદ આપ્યું. 'અહા, આ તીર્થંકર જેવા સ્વામી અમને ક્યાં મળશે!' એમ વિચારીને જગતની બધી વિભૂતિઓ તેમની પાસે આવવા લાગી. તેમના શાસનમાં સર્વત્ર શાંતિ હતી. દેશોદેશના રાજાઓ તેમનો આદર કરતા હતા.

જ્યારે મહારાજા શાંતિનાથને રાજ્યઅવસ્થામાં બીજા ૨૫ હજાર વર્ષ વીત્યા એટલે કે ૫૦ હજાર વર્ષના થયા ત્યારે, અકસ્માત તેમના શસ્ત્રભંડારમાં ચક્રવર્તીપદનું સૂચક સુદર્શન ચક્ર પ્રગટ થયું; તે ચક્રરત્નની સાથે જ દૈવી છત્ર, તલવાર, રાજદંડ, કાકિણી, ચર્મ અને ચુડામણિ એમ કુલ ૭ અજીવરત્નો તેમને પ્રાપ્ત થયા. તે દરેક રત્નની એકેક હજાર દેવો રક્ષા કરતા હતા. તે ઉપરાંત તેમના મહાન પુણ્યોદયે ખાસ પુરોહિત, સ્થપતિ, સેનાપતિ અને ગૃહપતિ હસ્તિનાપુરમાં પાક્યા; છખંડમાં શ્રેષ્ઠ એવું કન્યારત્ન, ગજરત્ન તથા અશ્વરત્ન વિજ્યાર્દ્ધપર્વતમાં ઉત્પન્ન થયા, અને વિદ્યાધરો ભક્તિપૂર્વક તે ભેટ આપી ગયા. –આ સાતેય જીવરત્નો શાંતિનાથ ચક્રવર્તીની સેવા કરવા પ્રગટ થયા, ને એકેક હજાર દેવો તે દરેક રત્નની સેવા કરતા હતા. આમ કુલ ૧૪ રત્નો પ્રાપ્ત થયા. તે ઉપરાંત તે પુણ્યકાળે સમુદ્ર અને નદીઓના સંગમ પાસે નવ મહાનિધિ પ્રગટ થઈ, તે લાવીને દેવોએ શાંતિનાથ મહારાજાની સેવામાં અર્પણ કરી હતી. જો કે બહારમાં ૧૪ રત્નો પ્રાપ્ત થયા ત્યાર પહેલાં પ્રભુએ તો હજારો વર્ષો પૂર્વે, માત્ર આઠ વર્ષની વયે જ અંતરમાં ૧૪ શ્રેષ્ઠરત્નો પ્રાપ્ત કરી લીધા હતા....જેમાં (૧) સુદર્શનચક્ર જેવુ ક્ષાયિકસમ્યક્ત્વ તો પૂર્વભવથી જ સાથે લાવ્યા હતા; તેની સાથે નિઃશંકતાદિ ૮ ગુણો ને ૫ અણુવ્રતો –એ પ્રમાણો ૧૪ રત્નો પ્રભુ પાસે પહેલેથી હતા, –જે કર્મોને જીતનારા ને ક્ષાયિકલબ્ધિના અખંડ નવનિધાનને પ્રાપ્ત કરાવનારા હતા; તે અખંડ ચૈતન્યનિધાન પાસે છખંડને કે નવનિધાનને પ્રભુ તુચ્છ સમજતા હતા, છતાં તે નવનિધિઓ પ્રભુને મહાન સમજીને તેમના શરણે આવી હતી. પુણ્યરૂપી લોહચૂંબકને લીધે જગતની સર્વોત્તમ વસ્તુઓ ત્યાં ખેંચાઈ આવતી હતી. ચક્રના બળથી નહિ પણ પુણ્યના બળથી તેઓ ચક્રવર્તી થયા; –અને ચક્ર પણ પુણ્યના પ્રતાપથી જ આવ્યું હતું ને! પણ તેઓ ધર્મચક્રી તો સમ્યક્ત્વરૂપી સુ–દર્શનચક્રના બળથી થયા હતા. છખંડની વિભૂતિ મેળવવા માટે તેમને કોઈ સાથે લડાઈ નહોતી કરવી પડી; છએ ખંડના રાજા–મહારાજાઓ તેમ જ વ્યંતર દેવો પણ ઉત્તમ ચીજવસ્તુઓ લઈ–લઈને સામેથી પ્રભુને ભેટ ધરવા આવતા હતા ને તેમની આજ્ઞા માથે ચડાવતા હતા. –અરે, જેનો જન્મ થતાંવેંત ઈન્દ્ર પોતાની વિભૂતિ લઈને સેવા કરવા આવે ને ચરણોમાં ઝૂકી જાય, ત્યાં બીજાની શી વાત!

પ્રભુ શાંતિનાથ જ્યારે ધર્મચક્રી થશે ત્યારે ધર્મચક્ર સહિત ભરતક્ષેત્રના માત્ર આર્યખંડમાં જે વિહાર કરશે, અનાર્ય ખંડોમાં નહીં જાય. અને અત્યારે રાજચક્રવર્તીપણે તેમણે સુદર્શનચક્ર સહિત છએ

ખંડમાં વિહાર કર્યો, અનાર્યખંડોમાં પણ તેઓ ગયા. અત્યાર સુધીના કોઈ તીર્થંકર અનાર્યખંડોમાં નહોતા ગયા. ભાગ્યશાળી બન્યા તે અનાર્યખંડો પણ,....કે ત્યાંના જીવોને હોનહાર તીર્થંકરના દર્શન થયા. ચક્રવર્તી તરીકે પ્રભુ શાંતિનાથ સૌરાષ્ટ્રમાંય પધાર્યા હતા...ને પછી ધર્મચક્રી-તીર્થંકર તરીકે પણ પધાર્યા હતા; શત્રુંજયગિરિના જિનમંદિરમાં બિરાજમાન જિનપ્રતિમા આજે ય પ્રભુ શાંતિનાથનું સ્મરણ કરાવે છે. ત્રણ ખંડના વિજય બાદ પ્રભુ શાંતિનાથચક્રી જ્યારે વિજયાર્દ્ધપર્વત પર ગયા ત્યારે ત્યાંના વિદ્યાધર રાજાઓએ ઘણા હર્ષપૂર્વક તેમનું એક પરમાત્મા જેવું જ સન્માન કર્યું, અને ત્યાંના (૧) વિજયપર્વત નામનો સફેદ હાથી (૨) પવનંજય નામનો ઉત્તમ ઘોડો તથા (૩) સુભદ્રા નામની સુંદર કન્યા –એ ત્રણ ઉત્તમોત્તમ રત્નો તે ચક્રવર્તી મહારાજાને અર્પણ કરીને મહાન આદરપૂર્વક તેમના શાસનનો સ્વીકાર કર્યો. વિદ્યાધરોમાં તીર્થંકર પાકતા નથી તેમ જ ત્યાં સામાન્યપણે કોઈ તીર્થંકર જતા પણ નથી. પરંતુ આ ખાસ ચોવીસીમાં એક જ જીવ એક સાથે તીર્થંકર અને ચક્રવર્તી એ બંને પદવીના ધારક થવાથી વિજયાર્દ્ધપર્વત પર તેમ જ અનાર્યખંડોમાં પણ છદ્મસ્થ–તીર્થંકરની પધરામણી થઈ,–એ ત્યાંના લોકોને માટે એક અતિ આશ્ચર્યકારી અને મહા આનંદનો બનાવ હતો. પ્રભુનું સુદર્શનચક્ર પણ ધર્મચક્ર જેવું જ હતું, કેમકે તેના વડે કદી કોઈ જીવની હિંસા થવાનો પ્રસંગ પણ બનતો ન હતો,–એટલું જ નહિ, એ ચક્રધારક માત્ર ચક્રવર્તી જ ન હતા,–સાથે તીર્થંકર પણ હતા,–એટલે એમના 'સુ-દર્શન'થી ભવ્યજીવો ધર્મ પણ પામતા હતા. પ્રભુ કાંઈ હાથી–ઘોડા લેવા કે રત્નો લેવા છ ખંડમાં નહોતા ગયા; રત્નોના ઢગલા તો એમના જન્મ્યા પહેલાં જ રાજમહેલમાં થઈ ગયા હતા. અહા, એક ભાવિ તીર્થંકર, તીર્થંકરપણે અવતર્યા પછી છખંડમાં વિહાર કરીને મ્લેચ્છ ખંડના જીવોને પણ દર્શન આપે એ તેમનું કેવું મહાન ભાગ્ય! અહો શાંતિનાથ! તમે તો અનાર્યજીવોને પણ શાંતિ આપી...ત્યાં આર્યજીવોની તો વાત જ શી! ખરેખર–

**પ્રભુ પુનિત પગલાં જ્યાં થયા તે દેશને પણ ધન્ય છે;**
**એનાં કર્યાં દર્શન અહા! તે જીવ સૌ કૃતપુણ્ય છે.**

પંચમ ચક્રવર્તી પ્રભુ શાંતિનાથને છ ખંડનો દિગ્વિજય કરતાં ૮૦૦ વર્ષ લાગ્યા હતા. જ્યારે ચક્રવર્તી ભરતરાજાને ૬૦,૦૦૦ વર્ષ લાગ્યા હતા. દરેક ચક્રવર્તી પોતાની વિજયગાથા વૃષભાચલ પર્વતની એક શીલા પર કોતરે છે,–પણ તે કોતરવાની જગ્યા માટે તેણે પૂર્વના કોઈ એક ચક્રવર્તીનો લેખ ભૂંસાડવો પડે છે. અને ત્યારે તેનો ગર્વ ઊતરી જાય છે કે અરે, હું કાંઇ આ ભરતક્ષેત્રનો પહેલવહેલો સ્વામી નથી, મારા પહેલાં તો અસંખ્ય ચક્રવર્તીઓએ આ પૃથ્વીને ભોગવી છે ને ભોગવીને છોડી દીધી છે. આજે આ શિલા પરથી તેમનું નામ પણ ભૂંસાઈ ગયું છે; મારું નામ ભૂંસાઈ જશે.–પરંતુ પ્રભુ શાંતિનાથ ચક્રવર્તીની વાત એ બધાય ચક્રવર્તીઓ કરતાં જુદી હતી; કેમકે તે બધા ચક્રવર્તીઓમાંથી કોઈ તીર્થંકર ન હતા.... જ્યારે આ તો ચક્રવર્તી ઉપરાંત તીર્થંકર પણ હતા; તેમણે લેખ લખવા માટે કોઈનું નામ ભૂંસાડવું ન પડ્યું, તે શિલાના અગ્રભાગમાં તેમના પુણ્યપ્રભાવે નામ લખવાની સુંદર જગ્યા બની ગઈ હતી. ત્યાં "આ ભરતક્ષેત્રના હોનહાર ૧૬મા તીર્થંકર શાંતિનાથ મહારાજા છખંડનો દિગ્વિજય કરીને ભરતક્ષેત્રના પાંચમા ચક્રવર્તી થયા...." એવો શિલાલેખ સ્વહસ્તે વજ્રવડે ટંકોત્કીર્ણ કર્યો. (આજે પણ પ્રભુના હસ્તાક્ષર ત્યાં મોજુદ હશે.)

આ રીતે હસ્તિનાપુરીના મહારાજા શાંતિનાથ આ બીજી વાર ચક્રવર્તી થયા આ પહેલાં પૂર્વે પાંચમા ભવમાં પણ તેઓ વિદેહક્ષેત્રમાં ક્ષેમંકર–તીર્થંકરના પુત્ર વજ્રાયુધ હતા ત્યારે ચક્રવર્તીપદ પામ્યા હતા ને પછી તે છોડી દીધું હતું. પણ તે ચક્રવર્તીપદ જાણે હજી પ્રભુનો સંગ છોડવા માંગતું ન હોય તેમ ફરીને આ ભવમાં પણ તેમની પાસે આવ્યું. ખરું જ છે, તીર્થંકર જેવા ઉત્તમ પુરુષનો સંગ છોડવાનું કોને ગમે? જુઓને, પ્રભુ શાંતિનાથ તો રાજને છોડીને, તેમજ દેહને પણ છોડીને, મોક્ષમાં ગયા...તેને અસંખ્ય વર્ષો વીતી જવા છતાં, તે ચક્રવર્તીપદ ને તીર્થંકરપદ આજેય હજી તેમનો કેડો છોડતાં નથી ને તેમની સાથે 'ચક્રવર્તી' શાંતિનાથ, 'તીર્થંકર' શાંતિનાથ–એમ વિશેષણપણે વળગી જ રહ્યા છે.

પંચમચક્રવર્તી પ્રભુ શાંતિનાથ મહારાજાએ ભરતક્ષેત્ર પર ૨૫૦૦૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. પ્રભુ શાંતિનાથ કાંઈ એકલું બહારનું જ રાજ્ય નહોતા કરતા, અંદરમાં સમ્યગ્દર્શનરૂપી 'સુદર્શન' ચક્રવડે પોતાનું ચૈતન્યસામ્રાજ્ય પણ વધારી રહ્યા હતા. અહીં ચક્રવર્તીપદની તેમની બાહ્ય મહાનવિભૂતિઓનું વધુ વર્ણન કરવાનું અમને મન નથી થતું કેમકે પ્રભુ પોતે જેને ઉપાદેય ન માનતા હોય...અને થોડા વખતમાં જેને છોડી દેવાના હોય–તેનું વર્ણન શું કરવું? પણ...હા, પ્રભુએ કેટલી બધી વિભૂતિઓને એક ક્ષણમાં છોડી દીધી તેનો ખ્યાલ આપવા માટે અહીં તે વિભૂતિનું થોડુંક વર્ણન જુઓ–એ ચક્રવર્તીને ૯૬૦૦૦ સુંદર રાણીઓ, ૬૪૦૦૦ રાજકુમારો, ૯૬ કરોડ ગામ, ૩૨ હજાર આજ્ઞાકારી રાજાઓ, લાખો કરોડોની સંખ્યામાં હાથી–ઘોડા–રથ–હળ–ઉત્તમ દૂઝણી ગાયો, પાયદળ, મનોવાંછિત રત્નાભૂષણો–મિષ્ટપદાર્થો વગેરે આપનારાં અખૂટ નવનિધાન, સંસારમાં સર્વોત્કૃષ્ટ રાજકન્યા–હાથી-ઘોડો–ચક્ર–તલવાર વગેરે ૧૪ રત્નો, નંદ્યાવર્ત નામનો ભવ્ય રાજમહેલ, દેવલોકનાં દૈવી વસ્ત્રઆભૂષણો, ૧૬૦૦૦ સેવક–દેવો...વગેરે...અહીં લખ્યે પાર ન આવે એવો અદ્‌ભુત વૈભવ હતો...પણ વૈરાગ્ય થતાં એ બધાય વૈભવને એક ક્ષણમાં જ છોડીને પ્રભુ વનમાં ચાલ્યા ગયા, ને એનાથી જુદી જ જાતનો રત્નત્રયનો અનંત વીતરાગી–વૈભવ પ્રભુએ પ્રાપ્ત કર્યો....એનું વર્ણન આપ હવેના વૈરાગ્ય–પ્રકરણમાં વાંચશો.

* * *

## ચક્રવર્તી શાંતિનાથ વૈરાગ્ય

**(હસ્તિનાપુર : વૈશાખ વદ ૧૪)**

આજે મહારાજા શાંતિનાથ ચક્રવતીનો જન્મ દિવસ ઊજવાઈ રહ્યો છે. હસ્તિનાપુરમાં સર્વત્ર મહાન ધામધૂમ ચાલી રહી છે. પ્રભુના અવતારને આજે ૭૫ હજાર વર્ષ પૂરા થયા છે. ચારેકોર મંગલ વાજાં વાગી રહ્યા છે; ઠેરઠેર ધજા-પતાકા ને ઘેરઘેર તોરણ શોભી રહ્યા છે. દેશોદેશથી ઉત્તમ ભેટ લઈને એક હજાર રાજાઓ ઉત્સવમાં ભાગ લેવા આવ્યા છે. મહારાજા શાંતિનાથ પણ રાજદરબારમાં જવા માટે તૈયાર થઈને દર્પણમાં મુખ દેખી રહ્યા છે...ત્યાં તો...

'—અરે, આ શું!' મહારાજા એકાએક ચમક્યા...દર્પણના પ્રતિબિંબમાં પહેલાં જે સુંદર રૂપ દેખાયું તે બીજી ક્ષણે બદલી ગયેલું દેખાયું. 'ક્ષણમાં આવું પરિવર્તન! દેહની આવી ક્ષણ ભંગુરતા!' (અથવા ચક્રવર્તી પદ અને મુનિદશા એ બંને રૂપ તેમણે જોયા;) તે જ વખતે તેમને પોતાના નિર્મળ



જ્ઞાન–દર્પણમાં પોતાના અનેક ભવના અનેક રૂપ દેખાયા...હું જ તે સર્વાર્થ સિદ્ધિમાં હતો ને હું જ તે ઘનરથ–તીર્થંકરનો પુત્ર હતો...વળી વિદેહક્ષેત્રમાં તે ક્ષેમંકર–તીર્થંકરનો પુત્ર વજ્રાયુધ ચક્રવર્તી પણ હું જ હતો. અરે, બીજા ભોગોની તો શી વાત! આ ચક્રવર્તીપદની વિભૂતિ પણ મારે માટે કાંઈ નવી નથી,–પૂર્વે હું તે પણ પામી ચૂક્યો છું; એટલું જ નહિ, તેને છોડીને મેં સાધુદશા પણ સેવી છે...મારા રત્નત્રયનિધાન પાસે બીજા કોઈ નિધાનની શું કિંમત છે!

આ પ્રમાણે, દર્પણમાં દેખાયેલા પ્રતિબિંબ નિમિત્તે પોતાના પૂર્વભવોનું જાતિસ્મરણ થતાં જ પ્રભુ શાંતિનાથ–ચક્રવર્તી વૈરાગ્ય પામ્યા અને વિચારવા લાગ્યા : અરે, મારા જીવનના ૭૫ હજાર વર્ષ તો વીતી ગયા...મારે હજી કેવળજ્ઞાન સાધવાનું છે. આ ક્ષણભંગુર વૈભવોમાં કે રાગમાં રોકાવું મને હવે ન પાલવે. બસ, આજે જ હું આ રાજવૈભવને છોડીને દીક્ષા અંગીકાર કરીશ અને જિન બનીશ. જન્મદિવસના ઉત્સવને રોકો. જન્મથી આત્માની શોભા નથી, જન્મ તે તો આત્માને કલંક છે. મારે હવે એ શરમજનક જન્મ ફરીથી નથી લેવો. હવે શુદ્ધોપયોગી થઈને અમે કેવળજ્ઞાન પામશું ને મોક્ષને સાધશું.–આવા ચિંતનપૂર્વક પ્રભુ દીક્ષા લેવા તૈયાર થયા.

રાજસભામાં ખળભળાટ મચી ગયો. અરે, ઈન્દ્રસભા પણ ખળભળી ઊઠી. પ્રભુ રાજપાટ છોડીને દીક્ષા લઈ રહ્યા છે–એ જાણતાં જ લોકો તો આશ્ચર્યથી થંભી ગયા. નૃત્યકારોનાં નૃત્ય અટકી ગયા ને વાજાંવાળાનાં વાજાં બંધ થઈ ગયા. શું કરવું? તે કોઈને સૂઝ્યું નહીં. અરે, હજી તો જન્મગાંઠ ઊજવાય છે ત્યાં પ્રભુ દીક્ષા લઈ લેશે? શું થાય છે તે જોવા સૌ આતુર બન્યા તે પ્રભુસન્મુખ જોઈ રહ્યા.

મહારાજા શાંતિનાથ તો પોતાના વૈરાગ્ય-ચિંતનમાં એકાગ્ર છે, બારભાવના વડે સંસારનું અસારપણું ચિંતવીને, પરમ સારભૂત નિજ પરમાત્મતત્ત્વમાં ઉપયોગ જોડી રહ્યા છે. એવામાં આકાશમાંથી બ્રહ્મસ્વર્ગના લૌકાંતિક દેવો ત્યાં ઉતર્યા; સફેદ વસ્ત્રધારી એ વૈરાગી દેવો જૈનઋષિ જેવા શોભતા હતા; આવીને તેમણે તીર્થંકર–ચરણોમાં વંદન કર્યા અને તેમના પરમવૈરાગ્યની પ્રશંસા કરી : અહો દેવ! આપ આ ભરતક્ષેત્રના ૧૬મા તીર્થંકર છો; દીક્ષા માટે આપના વિચાર ઉત્તમ છે. આપ દીક્ષા લઈને કેવળજ્ઞાન પ્રગટ કરશો ને જગતના જીવોને મોક્ષમાર્ગ બતાવશો. ભરતક્ષેત્રમાં ઘણાં વર્ષોથી તૂટેલા ધર્મપ્રવાહને ફરી અચ્છિન્નપણે ચાલુ કરવાનો સમય હવે પાકી ગયો છે, અને તે આપના દ્વારા જ થશે. ધન્ય છે આ ચારિત્રનો અવસર! અમે પણ આ અવસરને માટે ઝંખીએ છીએ, તેથી આપના ચારિત્રનું અનુમોદન કરવા આવ્યા છીએ.–આમ સ્તુતિ કર્યા બાદ વંદન કરીને લૌકાંતિકદેવો પાછા બ્રહ્મસ્વર્ગમાં ચાલ્યા ગયા.

એ જ વખતે કરોડો દેવો સાથે પ્રભુનો જયજયકાર કરતાં ઈન્દ્રો આવી પહોંચ્યા. પ્રભુને દીક્ષાવનમાં લઈ જવા માટે દેવલોકમાંથી 'સર્વાર્થ સિદ્ધિ' નામની દિવ્ય પાલખી પણ તેઓ સાથે લાવ્યા

હતા. આ પ્રસંગે એક તરફ તો મહારાજા શાંતિનાથે રાજપુત્રને રાજ્ય સોંપીને તેનો રાજ્યાભિષેક કર્યો; અને બીજી તરફ ઈન્દ્રોએ પ્રભુ શાંતિનાથનો દીક્ષા-અભિષેક કર્યો; તથા દેવલોકથી લાવેલા દિવ્ય વસ્ત્રાભૂષણો પહેરાવ્યા. આશ્ચર્ય થાય છે કે જન્માભિષેકની જેમ પ્રભુના દીક્ષા પ્રસંગે પણ ઈન્દ્રે ક્ષીરસાગરના જળ વડે પ્રભુનો અભિષેક કર્યો અને દેવલોકના ઉત્તમ વસ્ત્રાભૂષણ પહેરાવ્યા! બસ, ભગવાન શાંતિકુમારનું સંસારમાં આ છેલ્લું જ સ્નાન અને આ છેલ્લા જ વસ્ત્રો!

દીક્ષા પહેલાં ઈન્દ્રે ભગવાનની સ્તુતિ કરતાં કહ્યું : હે દેવ! મોક્ષગમન માટેની આપની તીવ્ર વૈરાગ્યધારા દેખીને બિચારો ચારિત્રમોહ મરણની બીકથી થરથર ધ્રૂજી રહ્યો છે...અને આપના મિલન માટે આતુર એવી મોક્ષસુંદરી ખુશી થઈ રહી છે. હે પ્રભો! સંસારના ધર્મ અર્થ અને કામ—એ ત્રણ પુરુષાર્થ તો આપે અનેક ભવથી સિદ્ધ કરી લીધા છે, હવે મોક્ષ પુરુષાર્થનો અવસર આવ્યો છે તે મહાન આનંદની વાત છે.કામપુરુષાર્થ વડે આપ કામદેવ થયા, અર્થપુરુષાર્થ વડે આપ ચક્રવર્તી થયા ને ધર્મ (પુણ્ય) પુરુષાર્થવડે આપ તીર્થંકર થયા, હવે અંતિમ મોક્ષ પુરુષાર્થ વડે આપ પરમાત્મા બનશો.



વૈરાગ્યપૂર્વક સૌની વિદાય લઈને, વનમાં જવા માટે પ્રભુ પાલખીમાં આરૂઢ થયા. વાહ, પાલખી પણ કેવી? જેનું નામ 'સર્વાર્થસિદ્ધિ.'—'સર્વાર્થસિદ્ધિ'માંથી આવેલા ભગવાન પુનઃ 'સર્વાર્થસિદ્ધિ'માં આરૂઢ થયા, ને પોતાના 'સર્વ અર્થની સિદ્ધિ' માટે વનમાં ગમન કર્યું.

પ્રભુ જ્યારે પાલખીમાં આરૂઢ થયા ત્યારે ઈન્દ્રે પોતાના હાથનો સહારો આપ્યો. કેટલાક લોકોને એમ લાગ્યું કે 'અરે, ઈન્દ્રમહારાજ ભૂલ્યા; તીર્થંકરને કાંઈ એના સહારાની જરૂર પડતી હશે?'- પણ ના; એ ભૂલ્યા ન હતા. એ ઈન્દ્ર પણ કાંઈ જેવા તેવા ન હતા; તે જાણતા હતા કે, 'હું પણ હવે આ ઈન્દ્રપર્યાય પૂરી થતાં મનુષ્ય થઈને પ્રભુના જેવી જ જિનદીક્ષા લઈશ ને કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષમાં જઈશ. મોક્ષની સાધના તો ચાલુ જ છે ને મારે પણ હવે ભવનો અંત છે.'-આ વાત, પ્રભુને પોતાનો હાથ આપીને તે ઈન્દ્રે પ્રસિદ્ધ કરી...એ રીતે પ્રભુની સાથે મોક્ષની સાથીદારી કરી. વાહ ઈન્દ્રરાજ! ધન્ય છે તમને...તમે તીર્થંકરપ્રભુના માત્ર સેવક નથી, તમે તો તીર્થંકરના મિત્ર છો.

પાલખીમાં બેસીને પ્રભુ શાંતિનાથે જ્યારે વનગમન કર્યું ત્યારે પ્રથમ રાજાઓએ, પછી વિદ્યાધર રાજાઓએ અને ત્યારબાદ ઈન્દ્રોએ પોતે આદરપૂર્વક તે પાલખી ખભે લીધી, ને આકાશમાર્ગે ચાલ્યા. તે વખતે દેવોનાં કરોડો વાજાં વાગતા હતા; તેના દ્વારા ઈન્દ્ર એવી ઘોષણા કરતો હતો કે—'ભગવાન શાંતિનાથ હવે મોહને જીતવા માટે જાય છે. ભગવાન હવે ત્રિલોકનું શ્રેષ્ઠ સામ્રાજ્ય જીતવા જાય છે. ભગવાન વિજયવંત હો. હે જીવો! તમે પણ મોહને જીતવા માટે ભગવાનના માર્ગે આવો. 'ઈન્દ્રની ઘોષણા સાંભળીને લોકો વૈરાગ્યનો મહિમા કરતા હતા : અહા, છખંડનો વૈભવ છોડીને પ્રભુ મોક્ષને સાધી રહ્યા છે...તો એ મોક્ષસુખ કેવું મહાન હશે! આ રીતે જીવોનાં પરિણામ ભોગોથી વિમુખ ને


મોક્ષની સન્મુખ થતા હતા...અને ભોગીમાંથી યોગી થઈ રહેલા પ્રભુ શાંતિનાથ પ્રત્યે સૌની નજર લાગેલી હતી. તે વખતે લોકો કાંઈ શોકથી રૂદન નહોતા કરતા પણ આનંદથી મંગલ આશીષ બોલતા હતા કે અહો પ્રભુ! આપ મોક્ષને સાધવા જઈ રહ્યા છો...આપની મોક્ષસાધના શીઘ્ર સફલ હો ને અમનેય મોક્ષપંથીની પ્રેરણા આપો. શાંતરસમાં ઝૂલતા એ વૈરાગી મહારાજા શાંતિનાથ પણ અતિમધુર શાંત દૃષ્ટિથી નગરજનોને નીરખી લેતા હતા. અહા, પ્રભુ પાવન દૃષ્ટિ પડતાં જ એ પ્રજાજનો પોતાને ધન્ય સમજતા હતા કે 'પ્રભુએ અમારી સામે જોયું!'

એ ચક્રવર્તી મહારાજા વનગમન વખતે હજારો રાણીઓ શું રો–કકળ કરીને કે માથાં પછાડીને બેસી રહી? નહીં; એ કોઈ સાધારણ સ્ત્રીઓ ન હતી; એક હોનહાર તીર્થંકરની સાથે હજારો વર્ષ રહેનારી તે રાણીઓ શૂરવીર હતી, ધર્મ–સંસ્કારી હતી, અને કેટલાક સમ્યગ્દૃષ્ટિ પણ હતી. હા, એટલું ખરું કે સ્વામીનાથના એકાએક વૈરાગ્યની વાત સાંભળતાં તેમને આંચકો અને આઘાત લાગ્યો; ઈન્દ્રાણી તેમને આશ્વાસન આપવાનું વિચારતી હતી, પણ ત્યાં તો તે રાણીઓએ વિવેકબુદ્ધિથી સમાધાન કરીને શૂરવીરપણે દૃઢનિશ્ચય કર્યો કે જેમ ભોગમાં અમે સ્વામીના સાથીદાર હતા તેમ હવે યોગમાં પણ અમે સ્વામીની સાથે જ રહેશું. શું પ્રભુ વનમાં રહેશે ને અમે રાજમહેલમાં પડી રહેશું?—નહીં. અમેય હવે દેશવ્રત ધારણ કરીને વૈરાગ્યજીવન જીવશું. અમારા પ્રભુને જ્યારે કેવળજ્ઞાન થશે ત્યારે સમવસરણમાં જઈને જિનદીક્ષા લઈ આર્યિકા થઈશું ને પ્રભુના ચરણોમાં રહીને આત્મકલ્યાણ કરીશું.-આ પ્રમાણે તે રાણીઓને રાજવૈભવમાં ક્યાંય રસ ન રહ્યો, તેઓ દેશવ્રતના પાલનપૂર્વક ઉત્તમ શ્રાવિકા જેવું વૈરાગી જીવન જીવવા લાગી. ઈન્દ્રાણીએ તેમની પ્રશંસાપૂર્વક કહ્યું : તમને તો આ ભવમાં દેશવ્રતનો અવસર છે, પણ અમને આ દેવીપર્યાયમાં સંયમનો કોઈ અવસર નથી. તીર્થંકરના સંગથી તમારું જીવન ધન્ય બન્યું છે.

હજારો વર્ષોથી ચક્રવર્તીની સેવા કરનારા ૧૬૦૦૦ દેવો, પ્રભુના વૈરાગ્યને દેખીને ખિન્નવદને હાથ જોડીને ઊભા રહ્યા...કે અરે, જેમની સેવાથી અમે આનંદ માનતા તે અમારા સ્વામી દીક્ષા લ્યે છે; અમે પણ જો મનુષ્ય હોત તો પ્રભુની સાથે જ દીક્ષા લેત! પરંતુ હવે તો જ્યારે તેઓ કેવળજ્ઞાન પામીને ધર્મચક્રવર્તી થશે ત્યારે સમવસરણમાં આવીને તેમની સેવા કરશું ને દિવ્યધ્વનિ સાંભળીને આત્મકલ્યાણ કરશું. પહેલાં રાજચક્રી અને પછી ધર્મચક્રી—એમ એક જ ભવમાં બે ચક્રવર્તીપદ પામનારા ભગવાન-શાંતિનાથની સેવાનો અવસર અમને મળશે.—આમ સમજી તે દેવોએ ચિત્તમાં સંતોષ કર્યો.

ચક્રવર્તીના ૧૪ રત્નોમાંથી સેનાપતિ વગેરે રત્નોએ પ્રભુની સાથે દીક્ષા લીધી. સુદર્શનચક્ર વગેરે અજીવ-રત્નોના અધિષ્ઠાતા દેવો પ્રભુને વંદન કરીને ચાલ્યા ગયા. અરે પુણ્યસંયોગ...એ તો ક્યાં સુધી ટકે? મુમુક્ષુ જીવો સામેથી તેને પણ છોડીને મોક્ષમાં જાય છે. જેની એક હજાર દેવો સેવા કરતા તે ગજરત્ન—એટલે કે ચક્રવર્તીના ૮૪ લાખ હાથીમાં શ્રેષ્ઠ હાથી,—તે પણ વિચારવા લાગ્યો કે અરે, મારા ઉપર સવારી કરનારા સ્વામી તો બધું છોડીને વનમાં જાય છે...તો હું આ રાજમાં રહીને શું કરું! એમ વિચારી તે વિજય-હાથી પણ પ્રભુની પાછળ-પાછળ વનમાં ચાલ્યો ને વૈરાગ્યપૂર્વક પ્રભુની સમીપમાં જ રહેવા લાગ્યો. ધન્ય હાથી!

પ્રભુની જન્મજયંતિના ઉત્સવમાં ભાગ લેવા આવેલા ૧૦૦૦ રાજાઓ પણ પ્રભુની સાથે જ



પ્રભુ
શાંતિનાથ
દીક્ષાયાત્રા
**વૈશાખ**
**વદ–૧૪**

દીક્ષા લેવા તૈયાર થયા; ચક્રવર્તીના ભાઈ ચક્રાયુધકુમાર પણ દીક્ષા લેવા તૈયાર થયા; આ પ્રમાણે અનેક રાજપુત્રો પણ દીક્ષા લેવા તૈયાર થયા. શાંતિનાથ ભગવાનની સાથે હજારો મુમુક્ષુજીવો દીક્ષા લેવા વનમાં ચાલ્યા. અહા, હજારો જીવોની દીક્ષા માટેની એ વનયાત્રા કોઈ અદ્‌ભુત હતી...જાણે મોક્ષનો મોટો વરઘોડો નીકળ્યો...જેમાં ઈન્દ્રોએ ઉપાડેલી સર્વાર્થ સિદ્ધિ–પાલખીમાં મોક્ષસુંદરીના વરરાજા શાંતિનાથ (તીર્થંકર) શોભતા હતા, સાથે અણવર જેવા ચક્રાયુધ (ગણધર) શોભતા હતા...ને મોક્ષના જાનૈયા જેવા હજારો રાજાઓ, લાખો પ્રજાજનો, હાથી વગેરે તિર્યંચો તેમ જ વૈરાગ્યભાવનામાં તત્પર દેવો એ દીક્ષાકલ્યાણકની વૈરાગ્યયાત્રાને શોભાવી રહ્યા હતા. ત્યાં દેવોના કરોડો વાજાં વાગતા હતા પણ તેમાંથી વીતરાગતાના સૂર નીકળતા હતા.

પ્રભુની પાલખી દીક્ષાવનમાં આવી. વન પણ કેવું?–જેનું નામ 'સહસ્ત્ર-આમ્રવન!' (જેમ ગીરનારમાં સહસ્ર-આમ્રવન નેમનાથ પ્રભુની દીક્ષાનું ધામ છે તેમ હસ્તિનાપુરનું આ સહસ્રામ્રવન શાંતિનાથ પ્રભુની દીક્ષાનું ધામ છે.) જ્યાં હજારો આંબાના ઝાડ છે ને એકેક ઝાડ ઉપર અતિસુંદર મીઠી-મીઠી હજારો લાલ-પીળી કેરીઓ ઝૂલી રહી છે. આંબાઓ અતિ ખુશ છે કે વાહ, પ્રભુ મુનિ થઈને




અહીં આત્મધ્યાન કરશે...તે વખતે અમે તેમના ઉપર શીતળછાયા ફેલાવીને તેમની સેવા કરીશું અને પ્રભુ શાંતિનાથના સાન્નિધ્યથી અમારા આખા વનમાં સર્વત્ર પરમ શાંતિ ફેલાઈ જશે–આ રીતે તે આંબાઓ 'અશોક વૃક્ષ' જેવું ગૌરવ અનુભવતા હતા.

વૈરાગી મહારાજા શાંતિનાથ પાલખીમાંથી ઊતર્યા અને એક શુદ્ધ

શિલા પર ઉત્તરાભિમુખ બેઠા. વાજાં શાંત થયા, કોલાહલ શાંત થયો, વિભાવો પણ શાંત થયા, આખું વન શાંત થયું. પ્રભુ શાંતિનાથે શાંતભાવ ધારણ કરીને માથેથી મુગટ ઊતાર્યો, ગળામાંથી હાર કાઢી નાંખ્યો, વસ્ત્રો દૂર કર્યા...ઉપયોગને શાંત કરી, હાથ જોડી ૐ નમઃ સિદ્ધેભ્યઃ એવા ઉચ્ચારપૂર્વક સિદ્ધભગવંતોને નમસ્કાર કર્યા. (છદ્મસ્થદશામાં પ્રભુનું આ છેલ્લું જ વાક્ય...સંસારદશામાં આ તેમનું અંતિમ અક્ષરાત્મક વચન; ત્યાર પછી છદ્મસ્થમુનિદશામાં તેઓ સંપૂર્ણ મૌન રહ્યા, અને કેવળી થયા પછી બોલ્યા ત્યારે તો નિરક્ષરી દિવ્યધ્વનિ છૂટ્યો.) સિદ્ધોને વંદન કરીને પછી તે પ્રભુએ માથાના કાળા ભમ્મર વાંકડિયા ને અતિ કોમળ કેશનો સ્વહસ્તેલોચ કર્યો, સાથે સાથે અંદરના મોહનું પણ લુંચન કરી નાંખ્યું. અહા, દેહથી ઉદાસીનતાની એ ચરમસીમા હતી. બાહ્ય તેમજ અંતરમાં પરમ દિગંબર થયેલા એ નિર્ગ્રંથમુનિરાજ તત્ક્ષણ શુદ્ધોપયોગી થઈને આત્મધ્યાનમાં એકાગ્ર થયા...ઉપયોગની વિશુદ્ધતા વડે પોતાના આત્માને સામાયિકચારિત્રમાં સ્થિર કર્યો. (તીર્થંકર મુનિરાજનું ચારિત્ર ઉત્તમ સુવિશુદ્ધ હોય છે, તેમાં કોઈ દોષ લાગતો નથી તેથી તેમને છેદોપસ્થાપના કે પ્રાયશ્ચિત હોતું નથી.)

ધ્યાનમાં સ્થિર થતાં જ તે પરમશ્રમણને સાતમું ગુણસ્થાન તથા ચોથું જ્ઞાન પ્રગટ્યું, જ્ઞાન સાથે સર્વોત્કૃષ્ટ રિદ્ધિ-સિદ્ધિઓ પ્રગટી અને કષાયભાવો દૂર ભાગ્યા. મિથ્યાત્વ અને ચાર કષાયો તો અસંખ્ય વર્ષો પહેલાં પૂર્વભવોમાં જ સર્વથા નષ્ટ થઈ ચૂક્યા હતા, બીજા ચાર કષાયો આઠ વર્ષની વયે જ પ્રભુએ છોડ્યા હતા, ત્રીજા ચાર કષાયો હમણાં ધ્યાન વખતે દૂર થયા, અને ચોથા ચાર કષાયો પણ નિર્જીવ જેવા થઈને મરણપથારીએ પડ્યા. પ્રભુ શાંતિનાથ વીતરાગતાથી શોભી ઊઠ્યા...ચક્રવર્તી વખતની શોભા કરતાંય મુનિદશામાં તેમની શોભા એકદમ વધી ગઈ. ખરું જ છે—વીતરાગતામાં જેવી શોભા છે તેવી રાગમાં ક્યાંથી હોય ? નિર્ગ્રન્થતામાં જે સુખ છે તે પરિગ્રહમાં ક્યાંથી હોય ?-ન જ હોય. તેથી હે પ્રભો ! આપે ચક્રવર્તીપદ છોડ્યું એ કંઈ દુઃખની વાત નથી; આપે તો એનાથી પણ મહાન એવા પરમેશ્વરપદને લેવા માટે ચક્રવર્તીપદને છોડ્યું છે; પરમ અતીન્દ્રિયસુખ લેવા માટે ઇન્દ્રિયસુખોને છોડ્યા છે; ચંચળ અને અશુચિથી ભરેલી ૯૬૦૦૦ સ્ત્રીઓને છોડીને સ્થિર અને પવિત્ર એવી મોક્ષસુંદરીમાં આપ આસક્ત થયા છો; મોક્ષનાં ત્રણ રત્નોને લઈને આપે સંસારનાં ૧૪ રત્નો છોડ્યા છે. આ રીતે હે પ્રભો ! આપે જે ત્યાગ કર્યો તેના કરતાં વધુ ગ્રહણ કર્યું છે. ખરેખર આપ જ હેય-ઉપાદેયનો પરમ વિવેક કરનારા છો. આપ સ્વયં મોક્ષમાર્ગ છો, આપ પોતે જ ધર્મ છો. કેમકે—

**આગમ વિષે કૌશલ્ય છે ને મોહદૃષ્ટિ વિનષ્ટ છે;**
**વીતરાગ ચરિતારૂઢ છે...તે મુનિમહાત્મા ધર્મ છે.**

પ્રભુ શાંતિનાથે ચક્રવર્તીપદમાંથી નીકળીને પરમેષ્ઠીપદમાં પ્રવેશ કર્યો. બાર ભવના સાથીદાર એવા તેમના ભાઈ ચક્રાયુધકુમારે પણ પ્રભુની સાથે જ જિનદીક્ષા લીધી; બીજા હજારો રાજાઓ પણ મુનિ થયા. જેઓ મુનિ ન થઈ શક્યા એવા લાખો જીવોએ વૈરાગ્યપૂર્વક શ્રાવકનાં વ્રત લીધાં; કેટલાય તિર્યંચજીવો પણ વૈરાગ્ય પામી વ્રતધારી થયા.

'અરે, જો બાહ્યવિષયોમાં સુખ હોત તો, આ ચક્રવર્તી મહારાજા પાસે તો જગતના સર્વોત્કૃષ્ટ ભોગોપભોગ વિદ્યમાન હતા છતાં સામેથી તેને છોડીને તેઓ વનવાસી મુનિ કેમ થાત ? ને આત્મધ્યાન કેમ કરત ? અને, એ ચક્રવર્તીપદ કરતાંય અત્યારે મુનિદશામાં તેઓ વધારે સુખી છે—એ સ્પષ્ટ દેખાય

છે; માટે નક્કી થાય છે કે બાહ્યસામગ્રીમાં, વિષયભોગમાં કે તેના સંગમાં ક્યાંય સુખ છે જ નહીં. સુખ તો ચૈતન્યસ્વરૂપની અનુભૂતિમાં જ છે. સુખ આત્માનો સ્વભાવ છે ને તેના ધ્યાનમાં જે અતીન્દ્રિય શાંતિ વેદાય છે તે સાચું પારમાર્થિક સુખ છે.'


ભગવાન શાંતિનાથની ધ્યાનદશા દેખીને ઘણાય જીવો આત્માના અતીન્દ્રિયસુખની પ્રતીત કરીને સમ્યગ્દર્શન પામ્યા. તીર્થંકરપ્રભુના દીક્ષાકલ્યાણકનો મંગલ ઉત્સવ ઘણાય જીવોના કલ્યાણનું કારણ થયો.

* * *

મુનિરાજ શાંતિનાથ વારંવાર શુદ્ધોપયોગી થતા હતા. દીક્ષા બાદ બે દિવસના ઉપવાસ કરીને તેઓ ધ્યાનના પ્રયોગમાં રહ્યા. ત્યાર બાદ ત્રીજા દિવસે પારણા માટે મંદરપુરીમાં પધાર્યા. અહા, સાક્ષાત્ મોક્ષમાર્ગરૂપ આવા અદ્‌ભુત ઉત્તમ સુપાત્રને પોતાના આંગણે જોતાં જ રાજા-સુમિત્રને અપાર હર્ષ થયો; તેણે ભક્તિથી પડગાહન કર્યું—'પ્રભો! પધારો...પધારો...પધારો!' મુનિરાજ શાંતિપ્રભુ ત્યાં ઊભા રહેતાં સુમિત્રરાજે અત્યંત પ્રસન્નતાપૂર્વક પ્રદક્ષિણા કરીને ફરી ફરી નમસ્કાર કર્યા; તે વખતે એ રાજાનું મન શુદ્ધ હતું, વચન શુદ્ધ હતા, કાયા શુદ્ધ હતી, આહાર શુદ્ધ હતો; તેણે ભક્તિથી પ્રભુના પગ ધોયા,—સાથે પોતાનાં પાપો પણ ધોઈ નાંખ્યા; મુનિરાજના કરકમળમાં આહારદાન દીધું. એ વખતે તેને પરમ પ્રસન્નતા હતી;—હોય જ ને! કેમકે તીર્થંકરને મુનિદશામાં પ્રથમ આહારદાનના દાતા તરીકે તેને તદ્‌ભવ મોક્ષગામીપણું પ્રાપ્ત થયું હતું. પોતાના મોક્ષથી કોને આનંદ ન થાય!! તે આહારદાનની ખુશાલીમાં એ જ વખતે આકાશમાં (૧) દેવોના દુદુંભી વાજાં વાગતા હતાં; (૨) રત્નવૃષ્ટિ થતી હતી; (૩) અહો દાનં...મહા દાનં એમ કહીને દેવો તે દાનની પ્રશંસા કરતા હતા; (૪) શીતળવાયુ સહિત સુગંધી જળના છાંટણા થતા હતા; અને (૫) દેવો પુષ્પવૃષ્ટિ કરતા હતા. ત્યાં દાન ઉત્તમ હતું, દાતા મહાન હતા અને સુપાત્ર તો સર્વોત્કૃષ્ટ હતા,—તેથી પુણ્યપ્રભાવે તત્કાળ ત્યાં પંચ-આશ્ચર્ય પ્રગટ્યા.

અહા, એક વખતના છ ખંડના સ્વામી અને સુવર્ણરત્નના થાળમાં જમનારા, તે આજે સર્વથા વસ્ત્ર—પાત્રના પરિગ્રહ રહિત થઈને, રાગ વગર હાથમાં જ ભોજન કરે છે.—વાહ, જૈન મુનિઓની વીતરાગતા!-તે જગતમાં અજોડ છે. ૨૮ મૂળગુણોના ધારક એ શુદ્ધ દિગંબર મુનિરાજનું ચિત્ત અતીન્દ્રિય આનંદના ભોગવટામાં એવું પ્રીતિવંત બની ગયું હતું કે પૂર્વે ભોગવેલા ચક્રવર્તીપદના ભોગોનું તેમને સ્મરણ પણ થતું ન હતું. પાંચ ઈન્દ્રિયવિષયોને તેમજ ક્રોધાદિ કષાયોને તેમણે જીતી લીધા હતા અને બાવીસ પ્રકારના પરીષહોને સહન કરવા તેઓ સમર્થ હતા. જો કે તેઓ તીર્થંકર હોવાથી દંશમશક—અદર્શન વગેરે ઘણા ઉપસર્ગ—પરિષહ તો તેમને આવતા જ ન હતા. પુણ્યપ્રતાપે બધી ઋતુઓ તેમજ જમીન તેમને અનુકૂળ બની જતી હતી, તેથી શીત-ઉષ્ણ કે કાંટા-કાંકરા વગેરે પરીષહો તેમને આવતા જ ન હતા, તેમજ કોઈ ક્ષુદ્ર જીવ જંતુઓ તેમને ઉપદ્રવ કરતા ન હતા; ઉલ્ટું તેમના સાન્નિધ્યમાં બીજાના ઉપદ્રવો પણ દૂર થઈ જતા હતા.

પરમ સામ્યભાવથી, ક્યાંય પણ રાગના પ્રતિબંધ વગર આત્મસાધના કરતા કરતા તે શાંતિનાથ મુનિરાજે, ૧૬ વર્ષ સુધી સુક્ષેત્રમાં વિહાર કર્યો. તેઓશ્રી જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં સેંકડો ગાઉ સુધી સર્વે જીવો શાંતપરિણામી થઈ જતા; ક્યાંય વેર-વિરોધ, અશાંતિ કે દુષ્કાળ રહેતા નહીં; મૈત્રીભાવનું



પાવન ઝરણું સર્વે જીવોના અંતરમાં વહેતું હતું. ત્યાં સિંહને અઢેલીને સસલાં નિરાંતે ઊંઘતા, ગાયનું વાછડું સિંહણને પોતાની માતાની જેમ ધાવતું ને સિંહણ જીભ વડે તેને ચાટીને વહાલ કરતી. સિંહણનું બચ્ચું ગાયને પ્રેમથી ધાવતું ને ગાય નિર્ભયપણે પરમ પ્રેમથી તે બચ્ચાંને જોઈ રહેતી. નોળિયો અને સર્પ બંને સાથે રમતા. પ્રભુની સમીપમાં સર્વે મનુષ્યો અત્યંત વાત્સલ્યથી એકબીજાની ધર્મભાવના પુષ્ટ કરતા. તીર્થંકર શાંતિનાથ જો કે મુનિદશામાં મૌન રહેતા તોપણ, તેમની શાંત આંખો અને ઉપશાંત મુદ્રામાંથી ઝરતો શાંતરસ–દેખીને ભવ્યજીવો આત્માના શાંતસ્વભાવને દેખી લેતા હતા. આત્માનો સ્વભાવ, ક્રોધાદિ વગરનો કેવો શાંત છે-તે પ્રભુની મુદ્રા વગર બોલ્યે પણ દેખાડી રહી હતી. જો કે પ્રભુ એકલવિહારી–જિનકલ્પી હતા છતાં ચક્રાયુધ વગેરે મુનિવરો તેમ જ પેલો હાથી પણ તેમની નીકટમાં જ રહ્યા કરતા હતા.–તીર્થંકરનો સંગ મૂકીને દૂર જવાનું કોને ગમે?

એ પ્રમાણે ૧૬ વર્ષ સુધી મૌનપણે આત્મસાધના કરીને મોક્ષમાર્ગમાં આગળ વધતા વધતા એ શાંતિનાથ મુનિરાજ પુનઃ હસ્તિનાપુરીના સહસ્રામ્રવનમાં પધાર્યા. હસ્તિનાપુરીના પ્રજાજનો પોતાના મહારાજાને મુનિદશામાં દેખીને મહાન હર્ષ પામ્યા. જ્યાં દીક્ષા લીધી હતી તે જ વનમાં આવીને શાંતિનાથ મુનિરાજ ધ્યાનસ્થ થયા. સાથે ચક્રાયુધ વગેરે હજારો મુનિવરો પણ તે વૈરાગ્યવનમાં આત્મધ્યાન કરતા હતા...

**(–પછી ત્યાં જે મહાન આનંદકારી ઘટના બની...તેનું વર્ણન હવે વાંચશો.)**



કે....વ....ળ....જ્ઞા....ન

પોષ સુદ અગિયારસનો મંગલ દિન છે : હસ્તિનાપુરીના સુંદર ઉદ્યાનમાં હજારો આંબા અકાળે (પોષ માસમાં) પણ પાકીને કેરીથી ઝૂમી રહ્યા છે, કેમકે મુનિરાજ શાંતિનાથ પ્રભુ તે વનમાં બિરાજી રહ્યા છે ને આત્મધ્યાન કરી રહ્યા છે. પહેલાં સુદર્શનચક્રવડે છખંડને જીતનારા પ્રભુ, હવે મુનિદશામાં શુદ્ધોપયોગ વડે મોહને જીતવા અને અખંડ જ્ઞાનને સાધવા માટે ત્રણ કરણ વડે સુસજ્જ બન્યા છે. 'મોહનો સર્વથા નાશ કરવા માટે અને નવ ક્ષાયિકલબ્ધિ સહિત કેવળજ્ઞાન-સામ્રાજ્ય પ્રાપ્ત કરવા માટે, પુણ્યજન્ય એવું આ સુદર્શનચક્ર કામ નહિ આવે'—એમ સમજીને, પ્રભુએ તે ચક્ર છોડી દીધું ને શુક્લધ્યાનરૂપી ધર્મચક્ર ધારણ કર્યું. એ ચક્રના તેજથી ડરીને કર્મની ઘણી પ્રકૃતિઓ ક્ષય પામી ગઈ, ઘણીખરી કર્મપ્રકૃતિઓ આવતી અટકી ગઈ; અરે, મેઘરથના ત્રીજા ભવથી શરૂ થયેલી ને અસંખ્ય વર્ષોથી સતત બંધાતી એવી તે તીર્થંકરપ્રકૃતિ પણ આવતી હવે બંધ થઈ ગઈ. મોક્ષની સંપૂર્ણ સાધનામાં ઉદ્યમી તે મહા મુમુક્ષુને હવે જરાય કર્મબંધન કેમ પાલવે? પ્રભુ મોહની ઘણીખરી સેનાનો નાશ તો પહેલાં શુદ્ધોપયોગ વડે કરી જ ચૂક્યા હતા, બાકી બચેલા નજીવા મોહને મારતાં શી વાર! શુક્લધ્યાન ચક્રવડે ઝપાટાબંધ સંજ્વલનકષાય ઉપર પ્રહાર કરીને તેનો નાશ કર્યો ને વીતરાગતા પ્રાપ્ત કરી લીધી. રાગના અત્યંત અભાવને લીધે હવે તેમને કોઈ કર્મનું બંધન થતું ન હતું, માત્ર નિર્જરા જ થતી હતી. એ રીતે મોહના મોટા દરિયાને તરી ગયા પછી તરત જ ફરી બીજીવાર તે શુક્લધ્યાન-ચક્ર ચલાવીને, બાકીનાં ત્રણે ઘાતીકર્મોરૂપ 'અરિ' ને એકસાથે 'હણીને' પ્રભુ 'અરિહંત' થયા ને નવ ક્ષાયિકલબ્ધિના અખૂટ નિધાન સહિત કેવળજ્ઞાન—સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું. (નમો અરિહંતાણં) પહેલાં ચક્રવડે છ ખંડ સાધવામાં પ્રભુને ૮૦૦ વર્ષ લાગેલા, જ્યારે સાધુ થઈને શાંતભાવરૂપ આ ધર્મચક્રવડે કેવળજ્ઞાનનું અખંડ સામ્રાજ્ય તો પ્રભુએ ૧૬ વર્ષમાં જ સાધી લીધું.

હે અરિહંતા! અમને આશ્ચર્ય એ વાતનું થાય છે કે, મોહ જેવા મહાન શત્રુને તેમજ ઘાતીકર્મો જેવા ઘોર દુશ્મનોને પણ હણવા માટે આપે જરાય ક્રોધ ન કર્યો,—ક્રોધ વગર જ માત્ર શાંત-વીતરાગભાવ વડે આપે તેમને હણી નાંખ્યા. ખરેખર વીતરાગતાની તાકાત કોઈ આશ્ચર્યકારી છે...ને આપનું 'શાંતિ' નામ સાર્થક છે. જેમ હિમ-પ્રપાત પોતાની ઠંડી તાકાત વડે પણ મોટા મોટા વૃક્ષોનેય બાળી નાંખે છે, તેમ હે દેવ! આપે પણ વીતરાગી—શાંતભાવની આશ્ચર્યકારી શક્તિવડે મહા મોહશત્રુનેય ક્ષણમાત્રમાં નષ્ટ કરી નાંખ્યો. અને તેના દ્વારા આપે અમને એમ સમજાવ્યું કે જેવી શક્તિ 'શાંતિ'માં છે તેવી શક્તિ ક્રોધમાં કે રાગમાં નથી. મોક્ષ શાંતભાવ વડે જ સધાય છે, ક્રોધવડે કે રાગ વડે નહીં. આ રીતે આપની

સાધનાએ અમને શાંતિ અને ક્રોધ વચ્ચે ભેદજ્ઞાન કરાવ્યું છે. જે મહાન કાર્ય વીતરાગતા વડે આપે કર્યું તે કાર્ય શું ક્રોધી કે રાગી જીવ કરી શકે ખરા?—કદાપિ નહીં. અહો! દેવ! વીતરાગતાના બળે પોતામાંથી જ કેવળજ્ઞાન—નિધાન પ્રગટ કરીને આપ સ્વયંભૂ—પરમાત્મા થયા; અનંત ચતુષ્ટય વડે આપ ધર્મસામ્રાજ્યના નાયક ધર્મચક્રવર્તી થયા; ઇન્દ્રિયોથી પાર થઈને આપ પોતે જ પરિપૂર્ણ જ્ઞાન અને સુખરૂપે પરિણમ્યા. તે દશા પરમ ઇષ્ટ છે...તેથી જ આપની સ્તુતિ વડે હરિ તેનું અનુમોદન કરે છે.—

**સર્વજ્ઞ લબ્ધસ્વભાવ ને ત્રિજગેન્દ્ર—પૂજિત એ રીતે,**
**સ્વયમેવ જીવ થયો થકો તેને 'સ્વયંભૂ' જિનો કહે.**

**પ્રક્ષીણ ઘાતીકર્મ, અનહદ વીર્ય, અધિક પ્રકાશ ને**
**ઇન્દ્રિય—અતીત થયેલ આત્મા જ્ઞાન—સૌખ્યે પરિણમે.**

**અત્યંત, આત્મોત્પન્ન વિષયાતીત, અનુપ, અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગ—પ્રસિદ્ધને.**

**'અહો, એ સહજ જ્ઞાન ને સહજ સુખનો અચિંત્ય મહિમા!'**

પ્રભુ શાંતિનાથ સર્વજ્ઞ થઈને એવા જ્ઞાન અને સુખરૂપે પરિણમ્યા. ત્રણલોક આનંદમય આશ્ચર્યથી ખળભળી ઊઠ્યા. એ જ વખતે તીર્થંકરપ્રકૃતિરૂપી સેવિકા જઈને ઇન્દ્રાદિ દેવોને પ્રભુની સેવા માટે બોલાવી લાવી. દેવોએ આવીને અતિ ભક્તિપૂર્વક એ સર્વજ્ઞ પરમાત્માની પૂજા કરી...ને સોળમા તીર્થંકરના કેવળજ્ઞાન-કલ્યાણકનો મહોત્સવ કર્યો. કુબેરે દેવલોકની ઉત્તમ સામગ્રી વડે દિવ્ય શોભાવાળા સમવસરણની રચના કરી; ઇન્દ્રાણીએ તેમાં રત્નોની રંગોળી પૂરી; કરોડો દુંદુભીવાજાં મધુર અવાજે ભવ્ય જીવોને બોલાવવા લાગ્યા કે આવો રે આવો...હે જીવો! જેને મોક્ષ સાધવો હોય તે અહીં આવો. આત્મકલ્યાણ કરવા માટે બીજા બધા કાર્યો છોડીને અહીં આવો ને આ શાંતિનાથ પ્રભુને સેવો. આત્માના અનંત-અક્ષય નિધાન જોવા હોય તો આ પ્રભુના વીતરાગમાર્ગને સેવો.—

**ભો ભો ભવ્યો! અવધૂણી પ્રમાદો સહુ ને,**
**આવી સેવો, શિવપુરીતણા સાર્થવાહ પ્રભુને.**

હસ્તિનાપુરીના ભાગ્યવાન નગરજનોએ શાંતિનાથ પ્રભુના ગર્ભ—જન્મ—તપ એ ત્રણ કલ્યાણક પહેલાં જોયા હતા એ આજે ચોથા જ્ઞાનકલ્યાણકનો મહાન ઉત્સવ પોતાની નગરીમાં નજરે જોયો. અહા, ધન્ય તે નગરી...ને ધન્ય તે જીવો!

જે વખતે શાંતિનાથ પ્રભુને પંચમજ્ઞાન પ્રગટ્યું તે જ વખતે તેમના ભાઈ ચક્રાયુધ મુનિરાજને પણ તેમની સમીપમાં ચોથું જ્ઞાન પ્રગટ્યું. બે ભાઈ-એક તીર્થંકર થયા ને બીજા તેના ગણધર થયા. દિવ્ય સમવસરણની બારસભા દેવો—મનુષ્યો ને તિર્યંચોથી ઊભરાઈ ગઈ. આશ્ચર્ય છે કે ત્યાં જગ્યાના માપ કરતાં બેસનારા જીવોની સંખ્યા ઘણી વધારે હોવા છતાં જરાય ભીડ થતી ન હતી. પ્રભુના દર્શનમાં સૌ એવા લીન હતા કે કોઈ આકુળતા ન હતી. પ્રભુની દિવ્ય વાણી સર્વાંગેથી નીકળી, તે સૌએ શાંતિપૂર્વક સાંભળી. પ્રભુએ આત્મતત્ત્વનો પરમ ગંભીર મહિમા બતાવતાં કહ્યું :—

* હે જીવો ! આ જીવતત્ત્વ પોતે સ્વતંત્ર સત્ છે; તે અનાદિ અનંત પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપમાં વર્તનારું છે; જ્ઞાન ને આનંદ તેનો મુખ્ય સ્વભાવ છે–કે જે જીવ સિવાય બીજે ક્યાંય નથી. દરેક આત્મા પોતાના સ્વકીય અસંખ્ય પ્રદેશોમાં રહીને પ્રત્યેક સમયે જાણે છે ને પરિણમે છે તેથી તે 'સમય' છે.
* તે જ્ઞાન અને પરિણમનસ્વરૂપ આત્મા, સ્વ–પરનું ભેદજ્ઞાન કરીને જ્યારે પરથી વિભક્ત પોતાના જ્ઞાનસ્વરૂપને જાણે છે ને તેમાં જ એકત્વરૂપ પરિણમે છે ત્યારે તે 'સ્વસમય' છે, તે સુંદર છે, તે જ 'શુદ્ધ' અને સુખી છે. પણ તે આત્મા, જ્યાં સુધી પોતાના જ્ઞાનસ્વરૂપને ભૂલીને, પરને જાણતાં પર સાથે કે રાગાદિ સાથે એકત્વરૂપે પરિણમે છે ત્યાં સુધી તે પરસમય છે, તેમાં વિખવાદ છે, અશુદ્ધતા છે અને દુ:ખ છે.
* માટે હે જીવો ! તમે જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન કરીને, રાગ વગરના શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જ આત્માને દૃઢપણે પરિણમાવો. અમે સૌ અર્હંત–તીર્થંકરો આ જ ઉપાયથી મોક્ષ પામ્યા છીએ, ને તમારે માટે પણ મોક્ષનો આ જ એક ઉપાય છે.

**દર્શન વળી નિત્ય જ્ઞાન ને ચારિત્ર સાધુ સેવવાં;**
**પણ એ ત્રણે આત્મા જ કેવળ જાણ નિશ્ચય દૃષ્ટિમાં.**


**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા–અનુભવ તેહને,**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહિ વિહર પરદ્રવ્યો વિષે.**

* બસ, મોક્ષમાર્ગ શુદ્ધ સ્વદ્રવ્યમાં જ સમાય છે, રાગનો કોઈ અંશ તેમાં નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ શુદ્ધભાવે પરિણમેલો આત્મા પોતે જ મોક્ષકારણ છે ને પોતે જ મોક્ષરૂપ છે. આ રીતે 'શુદ્ધઆત્મા' જ સાધ્ય છે. આવા નિજપરમતત્ત્વને જાણીને તેની જ અંતર્મુખ શ્રદ્ધા કરો ને તેમાં જ ઉપયોગને એકાગ્ર કરીને ઠરો...તમને પરમ સુખ થશે.

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે.**

આહાહા, શી મધુરી એ વીતરાગ વાણી ! તીર્થંકર પરમાત્માનો આવો ધર્મોપદેશ સાંભળીને ઘણા જીવો આત્મજ્ઞાન પામ્યા, ઘણા જીવોએ શ્રાવકધર્મ તેમ જ ઘણા જીવોએ સાધુધર્મ અંગીકાર કર્યો. પંદરમા તીર્થંકર ધર્મનાથ પ્રભુના મોક્ષગમન પછી લગભગ ત્રણ સાગરોપમનો દીર્ઘકાળ વીત્યા બાદ સોળમા શાંતિનાથ તીર્થંકર થયા. તેમના ધર્મદરબારમાં ચક્રાયુધ–પ્રધાન ૩૬ ગણધર બિરાજતા હતા; ૮૦૦ શ્રુતકેવળી, ૪૧૮૦૦ ઉપાધ્યાય, ૩૦૦૦ અવધિજ્ઞાની–મુનિવરો, ૬૦૦૦ વિક્રિયા ઋદ્ધિવંત મુનિવરો, ૪૦૦૦ મન:પર્યયજ્ઞાની અને ૨૪૦૦ વાદવિદ્યામાં પારંગત મુનિવરો હતા; ૬૦૩૦૦ આર્યિકાઓ હતા; સમ્યત્વાદિથી સુશોભિત ધર્માત્મા શ્રાવકો બે લાખ ને શ્રાવિકાઓ ચાર લાખ હતા.–સૌ મોક્ષની ઉપાસના કરતા હતા. સમ્યગ્દર્શન પામનારા તિર્યંચો અને દેવોનોય પ્રભુના દરબારમાં પાર ન હતો.

અને આ બધાય ધર્મવૈભવ ઉપરાંત, અતિ દિવ્ય શ્રીમંડપની ઉપરના ગગનમાં પ્રભુની સમકક્ષ, સર્વે આત્મિક ગુણોમાં પ્રભુની સમાન એવા ૪૦૦૦ કેવળજ્ઞાની–અરિહંત ભગવંતો બિરાજમાન હતા.



અહો, જિનેશ્વરોનો મંગળ મેળો!—એને જોતાં મુમુક્ષુનયનો તૃપ્ત—તૃપ્ત થઈ જતા હતા ને ધરાઈ—ધરાઈને ધર્મનું અમૃત પીતા હતા. સમવસરણ એટલે ધર્મચક્રવર્તી—તીર્થંકર પ્રભુનો ધર્મદરબાર! તેની અદ્‌ભુતતાની શી વાત!! એ ધર્મદરબારમાં ધર્મનો તો મહા ભંડાર છે ને પાપનો તો પ્રવેશ પણ નથી; ત્યાં પાપી જીવો હોતાં નથી. બહારથી આવેલા પાપી જીવો પણ પ્રભુના દર્શનથી ધર્મી બની જાય છે ને શાંતિ પામે છે. અહો, શાંતિનાથ ભગવાને વીતરાગ ધર્મના ઉપદેશવડે જગતના જીવોને અપૂર્વ શાંતિ પમાડી. તેમને નમસ્કાર હો. (પંદરમા તીર્થંકરના શાસનના અંતિમ ભાગમાં લાખો—કરોડો વર્ષો સુધી ધર્મનો જે વિચ્છેદ હતો તે શાંતિનાથ પ્રભુના અવતારથી દૂર થયો, ને ફરી પરંપરા ચાલુ થઈ. તે આજ પર્યન્ત અચ્છિન્નધારાએ ચાલુ છે; વચ્ચે વિચ્છેદ થયો નથી.)

—સમવસરણમાં પ્રભુનો ધર્મોપદેશ પૂરો થતાં ઈન્દ્રોએ ૧૦૦૮ મંગળ નામો વડે પ્રભુની સ્તુતિ કરી. હે દેવ! ઈન્દ્રને આપનો ગુણમહિમા પ્રસિદ્ધ કરવા માટે ભલે ૧૦૦૮ નામો શોધવા પડ્યા, પરંતુ અમે તો માત્ર એક ‘સર્વજ્ઞતા’ વડે જ આપના સર્વગુણમહિમાને જાણી લઈએ છીએ. હે પ્રભો! જ્યાં આપની સર્વજ્ઞતાને લક્ષમાં લઈએ છીએ ત્યાં આપના અનંત ગુણોનો એક સાથે સ્વીકાર થઈ જાય છે. વચન વડે તો સંખ્યાત જ ગુણો, ને તે પણ ક્રમથી જ બોલી શકાય છે, ત્યારે સર્વજ્ઞતાદિ કોઈપણ ગુણવડે આપની અભેદઅનુભૂતિ કરતાં આપનો સર્વગુણસમ્પન્ન આત્મા અમારી સ્તુતિમાં—અમારી અનુભૂતિમાં સમાઈ જાય છે એટલે શુદ્ધાત્માનો અનુભવ થઈને અમારા મોહનો ક્ષય થાય છે. અહો દેવ! આપના ઉપદેશથી સિંહ અને સર્પ જેવા ક્રૂર તિર્યંચો પણ વિશુદ્ધપરિણામ વડે સ્વર્ગને પામે છે, તો પછી અમારા જેવા ભવ્ય મનુષ્યો મોક્ષને પામે—એમાં શું આશ્ચર્ય છે!

પ્રભો! આપ તો શુદ્ધ આત્મામાંથી જ ઉત્પન્ન પૂર્ણ અતીન્દ્રિયસુખને અનુભવનારા છો; આપને મોહ નથી તેથી ભોજન—પાણીનું ગ્રહણ પણ નથી. કેવળજ્ઞાનની સાથે આપનો આ એક આશ્ચર્યકારી

અતિશય છે કે, પચ્ચીસ હજાર વર્ષો સુધી અરિહંત દશામાં મનુષ્યદેહસહિત વિચરવા છતાં આપને કદીપણ ભૂખ—તરસની વેદના ન થઈ ને કદી ખોરાક—પાણીનું ગ્રહણ ન કર્યું. આહાર વગર જ આપનામાં અનંતવીર્ય ને અનંતસુખ હતું. હા, જો કે આપને હજી વેદનીયકર્મ હતું પરંતુ મોહકર્મના સાથ વગરનું તો બિચારું સાવ મરેલા જેવું હતું, આત્મામાં તેની કોઈ અસર ન હતી; અને, શરીરની સુંદરતાને સાચવનારા પુણ્યપરમાણુઓ આહાર વગર સ્વયમેવ શરીરમાં આવી જતા હતા. પ્રભો ! જેઓ આપની સર્વજ્ઞતાને કે આપના પૂર્ણ સુખને નથી ઓળખતા એવા અજ્ઞાનીજનોની બુદ્ધિમાં, આપના કેવળજ્ઞાનનો આ અતિશય પ્રતીતિમાં આવવો મુશ્કેલ છે, કેમકે વિષયો વગરના આત્મસુખને તેઓ જાણતા નથી. વળી હે જિનેશ ! આપ લોકોત્તર છો, સામાન્ય મનુષ્યની માફક, નથી તો આપના શરીરની છાયા પડતી, નથી આંખ મટકું મારતી, નથી આપ પૃથ્વી પર ચાલતા, આપ ચારે દિશાથી દેખાનારા ચતુર્મુખ—ભગવંત છો; અને એકસાથે બધી ભાષાઓ બોલવા છતાં મોઢું નથી ખોલતા,—એ પણ શું આશ્ચર્યની વાત નથી ? આવું આશ્ચર્ય હે કેવળી પરમાત્મા ! આપના સિવાય બીજે ક્યાં છે ?

વળી હે અચિંત્ય સામાર્થ્યવાળા સર્વજ્ઞ પ્રભુ ! સર્વે પદાર્થોને જાણવામાં આપને જ્ઞાનનો ક્રમ નથી, આપનું જ્ઞાન અક્રમ છે, ગગનમંડળમાં મંગલ વિહાર વખતે આપના પગલામાં પણ ક્રમ નથી, ક્રમથી પગલા ભર્યા વગરનું આપનું ગમન છે. આ રીતે જ્ઞાન અને ગમન બંનેમાં આપ ક્રમથી રહિત છો. આપના શ્રીવિહાર વખતે આગળ-આગળ આપના ધર્મ વિજયને પ્રસિદ્ધ કરતું એક હજાર આરાવાળું રત્નમય ધર્મચક્ર, કરોડો વાજાં અને કરોડો ધજાઓ સહિત ચાલે છે. ચક્રવર્તીપદ વખતે આપના ચક્રની સેવા એકહજાર દેવો કરતા હતા, અત્યારે તીર્થંકરપદ વખતે આપના ધર્મચક્રને અસંખ્ય દેવો સેવી રહ્યા છે; એનો પ્રભાવ ત્રણે લોકમાં વર્તે છે.

હે શાંતિનાથ પ્રભો ! પૂર્વ ભવમાં બે વખત આપ તીર્થંકરના પુત્ર થયા, ઈન્દ્રસભામાં આપની પ્રશંસા થઈ, મહાવીર-તીર્થંકરના આત્મા સાથે પણ (ત્રિપૃષ્ઠના ભવમાં) આપને મામા-ભાણેજનો સંબંધ થયો, આપ બળભદ્ર થયા, ચક્રવર્તી પણ થયા, ઈન્દ્ર થયા, સર્વાર્થ સિદ્ધિમાં પણ ગયા, અંતિમ ભવમાં ફરીને બીજીવાર ચક્રવર્તી થયા, કામદેવ થયા, ને છેવટે જિનદેવ થઈને તીર્થંકર પણ થયા; અને હવે સર્વોત્કૃષ્ટ સિદ્ધપદવીને ધારણ કરવાની તૈયારી છે. આ ભરતક્ષેત્રમાં ૨૫૦૦૦ વર્ષ સુધી તીર્થંકરપણે મંગલવિહાર કરીને આપે મોક્ષનો માર્ગ ખુલ્લો કર્યો. હે દેવ ! આપના અવતાર પહેલાં સાત તીર્થંકરોના શાસનના અંત ભાગમાં ધર્મનો વિચ્છેદ થયેલો, પરંતુ આપશ્રીએ પ્રસિદ્ધ કરેલો મોક્ષમાર્ગ નિર્બાધપણે આજે પંચમકાળમાં પણ અચ્છિન્નપણે ચાલી રહ્યો છે. તેથી પુરાણકાર ગુણભદ્રસ્વામી કહે છે કે 'હે બુદ્ધિમાન જીવો ! ભગવાન શાંતિનાથનું તમે શરણ લ્યો, કેમકે આજે જે ધર્મશાસન પ્રવર્તી રહ્યું છે...જે મોક્ષમાર્ગ ચાલી રહ્યો છે તેના 'આદ્યગુરુ ભગવાન શાંતિનાથ' છે.—

देवेनाभिहितस्त्वनेन समगादव्याहतः स्वावधिं।
तत् शांतिं समुपेत तत्र भवतां आद्यं गुरुं धोधनाः।।

(મહાપુરાણ—ઉત્તરપુરાણ : ૬૩-૫૧૦)

ભગવાન શાંતિનાથ, ચક્રવર્તીપદમાં ૨૫૦૦૦ વર્ષ રહ્યા અને તે છોડ્યા પછી ધર્મચક્રવર્તી થઈને તીર્થંકરપદે પણ ૨૫૦૦૦ વર્ષ રહ્યા; અંતે, જેમ ચક્રવર્તીપદ છોડ્યું તેમ હવે તીર્થંકરપદને પણ છોડીને

પ્રભુ મોક્ષમાં જવા માટે તૈયાર થયા. જ્યારે તેમનું આયુ એકમાસ બાકી રહ્યું ત્યારે તેઓ સમ્મેદશિખર પર આવીને સ્થિર થયા. વિહાર અને વાણી બંધ થયા. વૈશાખ વદ ૧૪ના રોજ ત્રીજા શુક્લધ્યાનવડે સમસ્ત યોગોનો નિરોધ કરીને પ્રભુ અયોગી થયા ને બીજી જ ક્ષણે ચોથા શુક્લધ્યાનમાં પ્રવેશ કર્યો. કર્મની ૧૪૮ પ્રકૃતિમાંથી, સમસ્ત ઘાતીકર્મો સહિત કુલ ૬૩ પ્રકૃતિઓનો તો સર્વથા નાશ પ્રભુએ કેવળજ્ઞાન પામતા પહેલાં જ કરી નાંખ્યો હતો; બાકીની ૮૫ માંથી ૭૨નો (અથવા તેમાંથી જેટલી હોય તેટલીનો) સંસારના દ્વિચરમ સમયમાં નાશ કર્યો; અને બાકીની ૧૩ કર્મપ્રકૃતિનો ચરમસમયમાં નાશ કરીને પ્રભુ મુક્ત થયા, સિદ્ધ થયા, અશરીરી થયા, કર્મરહિત થયા, વિભાવરહિત થયા, પૂર્ણ શુદ્ધસ્વભાવરૂપે પરિણમ્યા; અનાદિ સંસારતત્ત્વને સર્વથા છોડીને પોતે સ્વયં અભૂતપૂર્વ એવા મોક્ષતત્ત્વરૂપ થઈ ગયા ને સિદ્ધાલયમાં જઈ બિરાજ્યા. ત્યાં સર્વે ચૈતન્યગુણો એ જ તેમનું શરીર છે, ચૈતન્યસ્વભાવનું નિર્બાધપણું એ જ તેમનું સર્વોત્કૃષ્ટ પરમ સુખ છે. હવે અનંત-અનંતકાળ સુધી સદાય તેઓ સિદ્ધપણે જ રહેશે. અહા, એ સિદ્ધપદનો અપાર મહિમા સ્વાનુભવવડે જ સમજાય છે. બધાય સંતો એ સિદ્ધપદને ચાહે છે, ને તેનો કેવો અદ્‌ભુત મહિમા ગાય છે—તે તમે પણ જરાક સાંભળો.—

**કર્માષ્ટવર્જિત, પરમ, જન્મ–જરા–મરણહીન શુદ્ધ છે;**
**જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ અભેદ્ય છે.**

**અનુપમ, અતીન્દ્રિય, પુણ્ય–પાપવિમુક્ત અવ્યાબાધ છે,**
**પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે.**

**જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,**
**જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહીં, ત્યાં જ મુક્તિ જાણવી.**

**નહિ ઇન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,**
**નિદ્રા નહીં, ન ક્ષુધા તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી.**

**દગ–જ્ઞાનકેવળ, સૌખ્યકેવળ, વીર્યકેવળ હોય છે,**
**અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે.**

**અશરીર ને અવિનાશી છે, નિર્મળ અતીન્દ્રિય શુદ્ધ છે,**
**જ્યમ લોકઅગ્રે સિદ્ધ, તે રીત જાણ રે તુજ આત્મને.**

—આ પ્રમાણે સિદ્ધપદનો અપાર મહિમા કરીને જૈન સંતો એમ બતાવે છે કે : આપણું આત્મસ્વરૂપ પણ ખરેખર આવું જ છે; સિદ્ધપદ તે જ આત્માનું નિજપદ છે. અને તીર્થંકરાદિ પુરાણપુરુષોનું જીવન આપણને આવા સિદ્ધપદની સાધના કરવાનું જ બતાવે છે.

પ્રભુ શાંતિનાથની સાથે તેમના ભાઈ ચક્રાયુધ–ગણધર પણ કેવળજ્ઞાન પ્રગટાવીને મોક્ષપદ પામ્યા. ભવોભવના સાથી મોક્ષગમનમાં પણ સાથીદાર બન્યા...ધન્ય એમનું જીવન ! પ્રભુના મોક્ષગમન વડે સમ્મેદશિખરની જે ટૂંક પાવન થઈ તે ટૂંકનું નામ 'કુંદપ્રભા.' વાહ, કેવું સરસ નામ ! કેવું મજાનું ધામ !

**શાંતિનાથ જિનરાજકી કુંદપ્રભ ટૂંક હૈ જેહ,**
**મન–વચન–તન કર પૂજહું શિખરસમ્મેદ યજેહ.**

તે કુંદપ્રભા ટૂંકની ઉપરના સિદ્ધાલયમાં લોકમાં સૌથી ઊંચા સ્થાને, જ્યાં પૂર્વના અનંતાનંત સિદ્ધજીવો બિરાજતા હતા તેમની સાથે તેઓ પણ શાશ્વતપણે બિરાજમાન થયા ને અત્યારે પણ બિરાજી રહ્યા છે.

પ્રભુશ્રી શાંતિનાથના મોક્ષકલ્યાણક પ્રસંગે ઈન્દ્રે નિર્વાણમહોત્સવ કર્યો અને ફરીથી 'આનંદ' નામનું અતિ ભવ્ય નાટક કર્યું...તેમાં શ્રીષેણરાજાથી માંડીને શાંતિનાથ તીર્થંકર સુધીના ૧૨ ભવમાં પ્રભુએ જે મોક્ષસાધના કરી તે અદ્‌ભુત રીતે બતાવ્યું. અહા, એ નાટક-દ્વારા પ્રભુનું જીવન દેખીને ઘણાય જીવો મોક્ષસાધનામાં પ્રેરાયા. નાટકદ્વારા પ્રભુના ગુણોનું સ્મરણ કરતાં ઈન્દ્ર કહે છે કે—

હે નાથ! આપ 'કામદેવ' હોવા છતાં કામને તો આપે નષ્ટ કર્યો હતો, તેથી હે પ્રભો! આપને 'કામદેવ' તરીકે ઓળખાવતાં અમને શરમ આવે છે; આપ ખરેખર કામદેવ નહિ પણ કામના શત્રુ એવા 'ધર્મદેવ' છો.

વળી હે દેવ! આપને ચક્રવર્તી મહારાજા તરીકે ઓળખાવતાં પણ અમને સંતોષ નથી થતો, કેમકે આપે તો તે છ ખંડના સામ્રાજ્યને તરણાંની જેમ ત્યાગીને કેવળજ્ઞાનવડે અખંડ વિશ્વનું સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું હતું. જેનો આપે ત્યાગ કર્યો તેના વડે આપનો મહિમા કેમ થાય?

વળી હે પ્રભો! ત્રણલોકમાં શ્રેષ્ઠ આપનો દેહ અતિશય રૂપવાન હતો—એ ખરું, પણ આપના ચૈતન્યની અતીન્દ્રિય સુંદરતા પાસે શું એની કાંઈ કિંમત ખરી?—નહીં; કેમકે જ્યારે આપ સિદ્ધપુરીમાં પધાર્યા ત્યારે એ ચૈતન્યની સુંદરતાને તો સાથે જ લઈ ગયા, પણ દેહની દિવ્ય—સુંદરતાનો આપે ત્યાગ કર્યો એટલે તે તો પુદ્‌ગલમાં વિલીન થઈ ગઈ. અહા, આ કાર્ય દ્વારા તો આપે અમને જડ—ચેતનનું ભેદજ્ઞાન કરાવ્યું. આજે પણ આપના સ્વરૂપનું ચિંતન કરતાં જગતના જીવોને ભેદજ્ઞાન થાય છે ને તેઓ મોક્ષના પંથમાં આવે છે. આપનું શાસન જયવંત છે.

## શાંતિનાથ—તીર્થંકર અને ચક્રાયુધ—ગણધર એ બંને જીવો ૧૨ ભવ સુધી સાથે રહીને અંતે મોક્ષ પામ્યા; તે આ પ્રમાણે—

(૧) પ્રભુ શાંતિનાથ જ્યારે શ્રીષેણરાજા હતા ત્યારે ચક્રાયુધ તેમની 'અનિંદિતા' નામની રાણી હતી.

(૨) બંને જીવો ભોગભૂમિમાં ઉપજ્યા.

(૩) પહેલા સ્વર્ગમાં શ્રીપ્રભદેવ તથા વિમલપ્રભદેવ થયા.

(૪) શાંતિનાથનો જીવ, અમિતતેજ—વિદ્યાધર થયો ને તેને સમ્યક્ત્વપ્રાપ્તિ થઈ. ચક્રાયુધનો જીવ (ત્રિપૃષ્ઠવાસુદેવનો પુત્ર) શ્રીવિજય થયો. (તેઓ બંને પરસ્પર એકબીજાના બનેવી હતા.)

(૫) ૧૩મા સ્વર્ગમાં રવિચૂલ અને મણિચૂલ દેવ થયા.

(૬) અપરાજિત-બળદેવ તથા અનંતવીર્ય-વાસુદેવ થયા.

(૭) શાંતિનાથ અચ્યુતસ્વર્ગમાં ઈન્દ્ર થયા; ચક્રાયુધ (નરકે જઈ, વિદ્યાધર થઈ પછી) અચ્યુતસ્વર્ગમાં પ્રતીન્દ્ર થયા.

(૮) શાંતિનાથનો જીવ વજ્રાયુધ ચક્રવર્તી (તે ક્ષેમંકર તીર્થંકરનો પુત્ર) થયો અને ચક્રાયુધનો જીવ તે વજ્રાયુધનો પુત્ર થયો.

(૯) બંને જીવો ગ્રૈવેયકમાં અહમિન્દ્રો થયા.
(૧૦) વિદેહમાં ઘનરથ—તીર્થંકરના પુત્રો મેઘરથ તથા દઢરથ થયા.
(૧૧) બંને જીવો સર્વાર્થ સિદ્ધિમાં ગયા.
(૧૨) શાંતિનાથ કામદેવ,—ચક્રવર્તી,—તીર્થંકર થયા. ચક્રાયુધ તેમના ભાઈ અને ગણધર થયા.

**(અંતે ભવચક્રનો અંત કરીને બંને જીવો મોક્ષમાં બિરાજે છે.)**

તે મોક્ષગામી મહાત્માઓના મંગલ જીવનનું ચિંતન સર્વે જીવોને શાંતિ આપો, સર્વેજીવોનું કલ્યાણ કરો; સર્વત્ર મંગળ હો. અહા, સત્પુરુષની એક ક્ષણભરની સંગતિથી પણ જીવનું કલ્યાણ થાય છે, તો પછી ભવસુધી અત્યંત સૌહાર્દપૂર્વક તીર્થંકરના આત્માનો સંગ કરનાર ભવ્યાત્મા મોક્ષનું પરમ સુખ પામે—એમાં શું આશ્ચર્ય છે !

પ્રભુ શાંતિનાથનું જીવન ખરેખર અદ્‌ભુત છે, સંસારના સાધારણ જીવોની વાત તો દૂર રહો, તીર્થંકર કે ચક્રવર્તી વગેરે ૬૩ શ્લાકા—મહાપુરુષોમાં પણ, શાંતિનાથ ભગવાન જેવી બાર ભવ સુધી વૃદ્ધિગત વિભૂતિ બીજું કોણ પામ્યું છે ?—પણ એ બધી બાહ્ય-વિભૂતિ આત્માથી બહાર ! અંદરની ચૈતન્યવિભૂતિમાં તો બધાય મોક્ષગામી જીવો એકસરખા ! માટે—

હે ભવ્યજીવો ! તમે આત્માનું કલ્યાણ ચાહતા હો તો, સંપૂર્ણ ચૈતન્યવૈભવસંપન્ન એવા આત્માનું ચિંતન કરો; પ્રભુ જેવું પોતાના આત્માનું સ્વરૂપ છે—તેનું ધ્યાન ધરો; એ જ પ્રભુ શાંતિનાથની ઉપાસના છે ને એ જ પૂર્ણ શાંતિરૂપ મોક્ષનો પંથ છે. શાંતિનાથ તીર્થંકરદેવે પ્રકાશિત કરેલો આ મોક્ષપંથ ભરતક્ષેત્રમાં આજેય અચ્છિન્નપણે ચાલી રહ્યો છે...તમે હૃદયમાં તે શાંતિનાથ પ્રભુનું સ્મરણ કરીને આજે જ મોક્ષમાર્ગને અનુસરો.

**ધ્રુવ, અચલ ને અનુપમગતિ પામેલ શાંતિનાથને,**
**કરું યાદ મારા આત્મમાં સમ્યક્‌ત્વભાવ જગાડીને.**
**છે સુખ સાચું આપનું, ચાખી અહો મુજ આત્મમાં,**
**એ સિદ્ધસુખને સાધતો આવી રહ્યો તુજ પાસમાં.**
**પુરાણ અદ્‌ભુત આપનું આ ગૂંથીને ગુજરાતીમાં,**
**બસ, જીવન થાય પવિત્ર મારું એ જ આશા હૃદયમાં.**

હે પ્રભુ શાંતિનાથ! આજે આપના જન્મ—દીક્ષા અને મોક્ષ એ ત્રણકલ્યાણકના મંગલદિને આપના આ પવિત્ર જીવનનું આલેખન સોનગઢ—જિનમંદિરમાં આપના અભિષેકપૂર્વક પૂરું થાય છે; તે અમને પણ આપના જેવા કલ્યાણપદની પ્રાપ્તિનું કારણ હો.

(વીર સંવત ૨૫૦૯ જેઠ વદ ૧૪)

(પંચમ ચક્રવર્તી અને સોળમા તીર્થંકર ભગવાન શાંતિનાથનું પવિત્ર અને ધર્મરોમાંચક પુરાણ અહીં પૂરું થયું.)

* * *

(૧૭)

ચક્રવર્તી–ત્રિપુટી
શાંતિનાથ
કુંથુનાથ
અરનાથ

(જન્મ)
હસ્તિનાપુર



ચક્રવર્તી–ત્રિપુટી
શાંતિનાથ
કુંથુનાથ
અરનાથ

(મોક્ષ)
સમ્મેદશિખર

# ભગવાન કુંથુનાથ

✻ રત્નો છોડી ચૌદ પ્રભુજી રત્નત્રયને વરીયા, ✻
✻ ચક્ર છોડી રાજતણું પ્રભુ ધર્મચક્રને ધરીયા; ✻
✻ ✻
✻ કામદેવ–રૂપ જડ સમજીને ચેતન–રૂપને વરીયા, ✻
✻ એવા જિનવર કુંથુ પ્રભુજી, દાસ હરિને ગમીયા. ✻

✻ ✻ ✻

હમણાં જ આપે હસ્તિનાપુરીના મહારાજા પંચમચક્રવર્તી અને સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનનું ઉત્તમ ચરિત્ર વાંચ્યું. ત્યાર પછી છઠ્ઠા ચક્રવર્તી અને ૧૭મા તીર્થંકર ભગવાન 'કુંથુનાથ' પણ એ હસ્તિનાપુરીમાં જ થયા. તેમનું મંગલ પુરાણ હવે આપ વાંચશો.

### ✻ ભગવાન કુંથુનાથ પૂર્વભવ : સિંહરથ રાજા ✻

ભગવાન કુંથુનાથ પૂર્વભવમાં જંબૂ–વિદેહની સુસીમાનગરીના રાજા હતા. સિંહરથ તેમનું નામ : તેઓ ધર્મના પરમ ઉપાસક હતા; વિદેહક્ષેત્રમાં તીર્થંકર ભગવંતો સદાય વિચરે છે, તેથી તે પુણ્યવંત મહારાજા વારંવાર તીર્થંકર ભગવાનના સાક્ષાત્ દર્શન કરતા હતા, જિનવાણી સાંભળતા હતા, અને મુનિઓને આહારદાન દેતા હતા; તેઓ માત્ર આ વ્યવહાર ધર્મોમાં જ સંતુષ્ટ થઈ જતા ન હતા,

રાગ વગરના આત્માના પરમાર્થ સ્વભાવને પણ તેઓ જાણતા હતા ને અવારનવાર તેની અનુભૂતિ કરતા હતા. આ રીતે રાજવૈભવની વચ્ચે પણ સમ્યગ્દર્શન વડે ચૈતન્યવૈભવને જાણનારા તે સિંહરથ રાજા મોક્ષમાર્ગી હતા. હવે તેમનો મોક્ષ અત્યંત નીકટ હતો.

એક વખત તે મહારાજા રાજમહેલની આગાશીમાં આત્મચિંતન કરતા હતા અને વૈરાગ્ય ભાવનાઓ ભાવતા હતા. બરાબર એ જ વખતે આકાશમાં મોટો ઉલ્કાપાત થયો,—ભયંકર અવાજ સાથે વીજળી પડી. એ ઉલ્કાપાત દેખીને તરત તે વૈરાગી રાજાએ વિચાર્યું : અરે, આ ઝબકારો મને મોહનિંદમાંથી જગાડવા માટે જ છે; આવીજળીનો ઝબકારો મને સંસાર ભોગોની અનિત્યતા જ બતાવી રહ્યો છે. જેમ આ વજ્ર જેવી વીજળીનો પ્રહાર પર્વતનેય તોડી નાંખે છે તેમ હું ચારિત્રધર્મના વજ્ર વડે મોહપર્વતના ફૂરચા ઉડાડી દઈશ. આમ વિચારીને તે મહારાજા સિંહરથ વનમાં ગયા ને ત્યાં એક વીતરાગી ગુરુ પાસે જિનદીક્ષા લીધી. જેવું ચારિત્ર ભગવાન શાંતિનાથના જીવે મેઘરથના ભવમાં પાળ્યું હતું તેવું જ ઉત્તમ ચારિત્ર, આ કુંથુનાથના જીવે સિંહરથના ભવમાં પાળ્યું; દર્શનવિશુદ્ધિ વગેરે જેવી ૧૬ ઉત્તમ ભાવનાઓ તે મેઘરથ મુનિરાજે ભાવી હતી તેવી જ આ સિંહરથ મુનિરાજે ભાવી, અને તેમની જેમ જ તીર્થંકરપ્રકૃતિ બાંધી. પછી ઉત્તમ આરાધના પૂર્વક સમાધિમરણ કરીને તે સિંહરથ મુનિરાજ પણ સર્વાર્થ સિદ્ધિમાં ઉપજ્યા....કે જ્યાં શાંતિનાથ પ્રભુનો આત્મા પણ બિરાજમાન હતો. આ રીતે ભગવાન શાંતિનાથ અને કુંથુનાથ બંને તીર્થંકરોના આત્મા તે સર્વાર્થસિદ્ધિમાં અસંખ્ય વર્ષો સુધી સાથે રહ્યા. ત્યાં એ બંને ભાવિ-તીર્થંકરો કેવી મજાની ચર્ચા કરતા હતા તેના સુંદર સ્વાદનો નમુનો 'મલ્લિનાથ' પ્રભુના જીવનચરિત્રમાં તમને ચખાડશું.

ભગવાન કુંથુનાથનો જીવ ભગવાન શાંતિનાથને અનુસરી રહ્યો હતો. શાંતિનાથના જીવે તીર્થંકરપ્રકૃતિ જંબુદ્વીપના પૂર્વ-વિદેહક્ષેત્રમાં બાંધી. તો આ કુંથુનાથે પણ તીર્થંકરપ્રકૃતિ ત્યાં જ બાંધી; શાંતિનાથપ્રભુ સર્વાર્થસિદ્ધિમાં ગયા તો આ પણ સર્વાર્થસિદ્ધિમાં ગયા; સર્વાર્થસિદ્ધિમાંથી તેઓ હસ્તિનાપુરીમાં આવીને કામદેવ તથા ચક્રવર્તી થયા તો આ પણ હસ્તિનાપુરીમાં જ આવીને કામદેવ તથા ચક્રવર્તી થયા. ધન્ય તીર્થંકર-પરંપરા ! ને ધન્ય હસ્તિનાપુરી !!

* * *

## હસ્તિનાપુરીમાં કુંથુનાથ—અવતાર

જ્યારે કુંથુનાથના જીવને સર્વાર્થ સિદ્ધિમાં આયુના છ માસ બાકી રહ્યા ત્યારે હસ્તિનાપુરીમાં મહારાજા શૂરસેન રાજ્ય કરતા હતા. તેમની મહારાણીનું નામ શ્રીકાન્તા હતું. હસ્તિનાપુરીના મહિમાથી તો (પ્રભુ શાંતિનાથના જમાનાથી) જ આપણે પરિચિત છીએ....એટલે તેની શોભાનું વર્ણન ફરી નથી લખતાં. હા, ત્યાં ઉપરાઉપરી ત્રણ તીર્થંકર (૧૬-૧૭-૧૮ મા) ને ચાર ચક્રવર્તીઓ (૪-૫-૬-૭મા) પાક્યા એ તેનું મહાન ગૌરવ છે. મહાપુરુષ પાંડવો પણ એ જ નગરીમાં ને એ જ તીર્થંકરોના વંશમાં થયા. એવી તે નગરીમાં અષાડ વદ દશમના દિને, સર્વાર્થ સિદ્ધિમાંથી સત્તરમાં તીર્થંકરનો જીવ, ૧૬ મંગલ સ્વપ્નોનાં દર્શનપૂર્વક મહાદેવી શ્રીકાન્તાની કૂંખમાં અવતર્યો....હસ્તિનાપુરમાં રત્નવૃષ્ટિ, ઈન્દ્રોનું આગમન વગેરે ભવ્ય પ્રસંગો ફરીને બન્યા.

વૈશાખ સુદ એકમે ભરતક્ષેત્રના ૧૭મા તીર્થંકરનો જન્મ થયો ને ઈન્દ્રોએ મેરુ ઉપર અભિષેકપૂર્વક મહાન જન્મ કલ્યાણક ઉત્સવ કર્યો. ઈન્દ્રે મહાન સ્તુતિપૂર્વક કહ્યું : હે દેવ! આપ કંથવા જેવા સૂક્ષ્મજીવોની રક્ષાનો ઉપદેશ દેનારા છો, તેથી આપ કુંથુનાથ છો. પ્રભુના ચરણોમાં 'બકરા'નું ચિહ્‌ન હતું. શાંતિનાથ પ્રભુએ પ્રવર્તાવેલું ધર્મશાસન અચ્છિન્નપણે ચાલતું હતું; તેમાં અર્ધાપલ્ય બાદ પ્રભુ કુંથુનાથનો અવતાર થયો. તેમનું આયુ ૯૫૦૦૦ વર્ષ હતું. રૂપમાં કામદેવ, વૈભવમાં ચક્રવર્તી અને ધર્મમાં તીર્થંકર—એવી ત્રણ મહાન પદવીના તેઓ ધારક હતા. તેમનું જીવન પ્રભુ શાંતિનાથ જેવું જ હતું. જીવનનો ચોથો ભાગ (૨૩૭૫૦ વર્ષ) વીત્યા બાદ તેઓ હસ્તિનાપુરીના રાજા બન્યા. બીજો ચોથો ભાગ વીતતાં, તેમની જન્મતિથિના દિવસે જ (વૈશાખ સુદ એકમે) તેમના રાજભંડારમાં સુદર્શનચક્ર ઉત્પન્ન થયું અને તેમને ચક્રવર્તીપદની રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થઈ. શાંતિનાથ ચક્રવર્તીની જેમ તેઓએ પણ છખંડમાં વિજય-વિહાર કર્યો. ચક્રવર્તીપદે પ્રભુ કુંથુનાથ ૨૩૭૫૦ વર્ષ સુધી રહ્યા. તે દરમિયાન તેઓ કાંઈ એકલા ચક્રવર્તીપદના વૈભવને જ નહોતા ભોગવતા, સાથે ચૈતન્યવૈભવનો ભોગવટો પણ કરતા હતા.

ચક્રવર્તી થયા પછી ૨૩૭૫૦ વર્ષ પછીનો પ્રસંગ છે : એકવાર વૈશાખ સુદ એકમના રોજ તેમની જન્મતિથિનો દિવસ, તેમ જ ચક્રવર્તીપદની પ્રાપ્તિનો દિવસ ઉજવાઈ રહ્યો હતો. હસ્તિનાપુરીની શોભાનો ઠાઠમાઠ અદ્‌ભુત હતો. મહારાજા કુંથુનાથ ચક્રવર્તી પ્રસન્નચિત્તે તે શોભા નિહાળી રહ્યા હતા ને વિચાર કરતા હતા કે ક્યાં ચૈતન્યની અચિંત્ય શોભા! ને ક્યાં આ ચક્રવર્તીપદની શોભા! એક શોભા તો આત્માનો ધર્મ છે, ને બીજી શોભા તો કર્મથી થયેલી છે. ઊંડું ચિંતન કરતાં તત્ક્ષણ તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવે સર્વાર્થ સિદ્ધિમાં આથી પણ વિશેષ એવા અહમિન્દ્રપદને પોતે ભોગવી ચૂક્યા છે-તેનું સ્મરણ થયું. તત્ક્ષણ રાજભોગોથી તેમનું ચિત્ત વિરક્ત થયું. અરે, છખંડ રાજ્યના વિષયભોગોમાં શું આત્માનું જરા પણ સુખ છે? નહીં, કદી નહીં; બહારના વિષયભોગોની સામગ્રીમાંથી કોઈ કાળે આત્માને સુખનો છાંટો પણ મળે તેમ નથી. સુખનો દરિયો અંદરમાં ભરિયો છે, તેમાં ઉપયોગને જોડવાથી, તે શુદ્ધોપયોગમાં જ પરમ સુખનો અનુભવ થાય છે. માટે હું પણ હવે મારા ઉપયોગને આ રાજવૈભવથી હટાવીને, મારા ચૈતન્યમાં જોડીશ. મારા ચૈતન્યતત્ત્વનું સુખ મેં ચાખ્યું છે—તેમાં જ હવે હું લીન થઈશ. આજે જ વનમાં જઈને હું જિનદીક્ષા ધારણ કરીશ, ને મોક્ષસુખને પ્રાપ્ત કરીશ.

—આ પ્રમાણે નિર્ણય કરીને મહારાજા કુંથુનાથ સંસારની અધ્રુવતા વગેરે ૧૨ વૈરાગ્યભાવનાનું ચિંતન કરતા હતા. તે જ વખતે લૌકાંતિક દેવોએ આવીને સ્તુતિપૂર્વક તેમની દીક્ષાનું અનુમોદન કર્યું; ઈન્દ્રો 'વિજ્યા' નામની પાલખી લઈને આવ્યા. મહારાજા કુંથુનાથ છખંડના રાજને ક્ષણમાત્રમાં છોડીને વનમાં સીધાવ્યા ને સિદ્ધોને વંદન કરીને શુદ્ધોપયોગી સાધુ બન્યા....તે વખતે પ્રભુએ ત્યાગ કરેલા નવનિધાન ને ૧૪ રત્નો જાણે અનાથ થઈ ગયા; ત્યારે મોક્ષલક્ષ્મી તો સનાથ થઈને હસી રહી હતી!—કેમકે પ્રભુ તેને અંગીકાર કરવા માટે આતુર હતા.

અહા, ક્યાં ક્ષણ પહેલાનું ચક્રવર્તીપદ ને ક્યાં દિગંબર સાધુ દશા!! એ નિષ્પરિગ્રહી વીતરાગી દશા જગતને પ્રસિદ્ધપણે દેખાડે છે કે હે જીવો! પરિગ્રહોમાં સુખ નથી; વીતરાગતામાં સુખ છે. સુખ બહારમાં નથી, અંદરમાં છે.

ભગવાન કુંથુનાથની સાથે એકહજાર રાજાઓ પણ દીક્ષા લઈને સાધુ થયા. શાંતિનાથ પ્રભુએ પણ જન્મતિથિએ જ દીક્ષા લીધી હતી, પ્રભુ કુંથુનાથે પણ જન્મતિથિએ જ દીક્ષા લીધી. દીક્ષા પછી ત્રીજા

દિવસે મુનિરાજ કુંથુનાથ હસ્તિનાપુરમાં પધાર્યા, ત્યારે 'ધર્મ મિત્ર' નામના શ્રાવકે ઉત્તમ વિધિપૂર્વક તેમને પ્રથમ આહારદાન કર્યું. શાંતિનાથ તીર્થંકરની જેમ તેઓ પણ મુનિદશામાં ૧૬ વર્ષ રહ્યા ને ભરતભૂમિમાં વિહાર કર્યો. ત્યારબાદ તેઓ પુનઃ હસ્તિનાપુરીના દીક્ષાવનમાં પધાર્યા ને ચૈત્ર સુદ ત્રીજે શુક્લધ્યાનવડે ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈને કેવળજ્ઞાન પ્રગટ કર્યું.

તરત જ સમસ્ત ઈન્દ્રલોક આનંદથી ખળભળી ઊઠ્યો. દેવોએ આવીને પ્રભુના કેવળજ્ઞાનનો ભવ્ય મહોત્સવ કર્યો, ને સમવસરણની રચના કરી. તે સમવસરણસભામાં 'સ્વયંભૂ' વગેરે ૩૫ ગણધરો હતા. ૭૦૦ પૂર્વધારી મુનિવરો, ૪૩૧૫૦ ઉપાધ્યાય-શિક્ષકો, ૨૫૦૦ અવધિજ્ઞાની મુનિવરો, ૫૧૦૦ વિક્રિયાઋદ્ધિધારક, ૩૩૦૦ મનઃપર્યયજ્ઞાની, ૨૦૫૦ વાદવિદ્યામાં પારંગત મુનિવરો હતા; તે ઉપરાંત ૩૨૦૦ સર્વજ્ઞ કેવળીભગવંતો ત્યાં ગગનમાં બિરાજતા હતા. કુલ ૬૦૦૦૦ મુનિવરો હતા. ૬૦૩૫૦ આર્યિકાઓ હતા. બે લાખ આત્મજ્ઞાની શ્રાવકો ને ત્રણલાખ શ્રાવિકાઓ હતા. દેવો અને તિર્યંચોનો પણ પાર ન હતો. સિંહ અને બળદ જેવા પશુઓ પણ પશુભાવ છોડીને આત્મજ્ઞાન પામી જતા હતા ને સમ્યક્ત્વાદિ અપૂર્વ ચૈતન્યભાવ વડે મોક્ષમાર્ગી બની જતા હતા.

પ્રભુ કુંથુનાથે ૨૩૭૩૪ વર્ષ સુધી તીર્થંકરપણે વિચરીને ભરતક્ષેત્રમાં ધર્મચક્ર ચલાવ્યું. પછી જ્યારે તેમનું આયુ માત્ર ૧ માસ બાકી રહ્યું. ત્યારે તેઓ સમ્મેદશિખર પર પધાર્યા. વિહાર અને વાણી બંધ થયા ને પ્રભુ શાંતિનાથની જેમ જ પોતાના જન્મ તેમજ દીક્ષાના દિવસે જ (વૈશાખ સુદ એકમના દિવસે જ) તેઓ યોગનિરોધ કરીને સિદ્ધપુરીમાં પધાર્યા. પ્રભુ પોતે અચિંત્ય જ્ઞાનના ધારક હતા, અને તેઓ જે ટૂંકથી મોક્ષ પધાર્યા તે ટૂંકનું નામ પણ 'જ્ઞાનધર' ટૂંક પડ્યું.

**કુંથુનાથ જિનરાજકી જ્ઞાનધર ટૂંક હૈ જેહ,**
**મન-વચ-તન કર પૂજહું શિખરસમ્મેદ યજેહ.**

(આ રીતે ભરતક્ષેત્રના છઠ્ઠા ચક્રવર્તી અને
૧૭મા તીર્થંકર શ્રીકુંથુનાથ ભગવાનનું જીવનચરિત્ર પૂર્ણ થયું.)

* * *

**છયાનવે હજાર નાર છિનકમેં દીની છાર;**
**અરે મન! તા નિહાર કાહે તૂ ડરત હૈ!**
**છહોં ખંડકી વિભૂતિ છાંડત ન દેર કીની,**
**સેના ચતુરંગનસોં નેહ ન ધરત હૈ.**
**નૌ-નિધાન આદિ જે ચઉદહ રતન ત્યાગ,**
**દેહસે ભી નેહ તોડી વન વિચરત હૈ;**
**ઐસી વિભો ત્યાગત વિલંબ જિન કીનો નાંહીં,**
**તેરે કહો કેતી નિધિ, સોચ ક્યોં કરત હૈ?**

અરે જીવ, તું તીર્થંકરોનું જીવન તો જો! તેઓ ચક્રવર્તીપદની વિભૂતિને એક ક્ષણમાં છોડીને મોક્ષને સાધવા ચાલી નીકળ્યા. તું પણ, આપણા તે ભગવંતોના જીવનને અનુસરીને આત્મસાધનામાં શૂરવીર થા; ખોટો સોચ ન કર્યા કર.

**(૧૮)**

ચક્રવર્તી–ત્રિપુટી
શાંતિનાથ
કુંથુનાથ
અરનાથ

(જન્મ)
હસ્તિનાપુર



ચક્રવર્તી–ત્રિપુટી
શાંતિનાથ
કુંથુનાથ
અરનાથ

(મોક્ષ)
સમ્મેદશિખર

# ભગવાન અરનાથ

* હે અરનાથ જિનેશ, આપે છખંડના રાજવૈભવરૂપ ચક્રવર્તીના સુદર્શનચક્રને કુંભારના ચાકડાની જેમ ત્યાગી દીધું ને ધર્મચક્રને ધારણ કરીને ભરતક્ષેત્રના ૧૮મા ધર્મચક્રી થયા, મોહને જીતીને સર્વજ્ઞ–તીર્થંકર થયા. સર્વજ્ઞતારૂપ આપના અદ્‌ભુત આત્મવૈભવનો આદર કરીને હું આપને નમસ્કાર કરું છું અને આપનું મંગલ જીવનચરિત્ર કહું છું. *

ભગવાન અરનાથ પણ તેમના પુરોગામી બે ચક્રવર્તી તીર્થંકરોની જેમ પૂર્વભવમાં જંબૂદ્વીપના વિદેહક્ષેત્રમાં હતા. ત્યાં તેઓ ક્ષેમપુરી નગરીના ધનપતિ નામના રાજા હતા, તેઓ માત્ર રાજલક્ષ્મીના સ્વામી ન હતા, આત્મલક્ષ્મીના પણ સ્વામી હતા, સ્વાનુભૂતિવંત હતા, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ હતા. તેમની અંતઃચેતના સંસારથી વિરક્ત રહેતી હતી. પુણ્યજન્ય રાજવૈભવ અને આત્મજન્ય ધર્મવૈભવ–એ બંનેનો સુયોગ હોવા છતાં તેઓ તે બંને વૈભવને અલગ જ રાખતા હતા, એકબીજામાં ભેળવતા ન હતા ને મોક્ષને સાધવામાં તેમનું મન લાગેલું હતું.

મોક્ષના સાધકને મોક્ષની સાધના માટેના અનૂકુળ સંયોગો મળ્યા જ કરે છે,તેમ મોક્ષાર્થી મહારાજા ધનપતિને પણ એક ઉત્તમ સુયોગ પ્રાપ્ત થયો. તેમની નગરીમાં અર્હત્નંદન તીર્થંકર પધાર્યા. તેમની દિવ્યધ્વનિનું શ્રવણ કરતાં રાજા ધનપતિને એકદમ રત્નત્રય–ભાવના જાગી ને તેમનું ચિત્ત સંસારથી વિરક્ત થયું. રાજ્ય છોડીને તેમણે પ્રભુના ચરણોમાં જિનદીક્ષા ધારણ કરી. તેઓ શુદ્ધ પરિણામવડે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને સાધવા લાગ્યા. તેમને બાર અંગનું જ્ઞાન ખીલ્યું, ને દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ભાવનાવડે તેમણે તીર્થંકરપ્રકૃતિ બાંધી. અનેક વર્ષો સુધી ચરિત્રપાલન કરીને અંતે ઉત્તમ આરાધના સહિત તેમણે પ્રાયોપગમન સંથારો કર્યો ને સમાધિમરણ કરીને, ‘સર્વાર્થ સિદ્ધિ’ની ચારેબાજુ જે બીજા ચાર અનુત્તર વિમાનો છે તેમાંથી ‘જયંત’–વિમાનમાં અહમિન્દ્ર થયા.

હવે જે અરનાથ તીર્થંકર થવાના છે એવા તે અહમિન્દ્રદેવનું આયુ ૩૩ સાગરનુ હતું. ત્યાં બાહ્યવિષયો વગર પણ તેમને મહાન સુખ હતું. અને તીર્થંકરપ્રકૃતિ સદાય આવ્યા જ કરતી હતી. તેમનો આત્મા હવે મોક્ષની એકદમ નજીક આવી ગયો હતો ને રાગદ્વેષ શાંત થઈ ગયા હતા. અહમિન્દ્ર–પર્યાયમાં અસંખ્ય–અસંખ્ય વર્ષો વીત્યા બાદ....શું થયું! તે જોવા માટે ચાલો પાછા ત્રીજીવાર હસ્તિનાપુરીમાં !

તે વખતે હસ્તિનાપુરીમાં પ્રભુ શાંતિનાથના વંશજ સુદર્શન રાજા રાજ્ય કરતા હતા. તેમની મહારાણીનું નામ મિત્રસેના હતું. જ્યારે સ્વર્ગમાં તે અહમિન્દ્રનું આયુ છ માસ બાકી રહ્યું ત્યારે તેમના આગમનની પૂર્વતૈયારીરૂપે અહીં હસ્તિનાપુરીના રાજમહેલમાં દરરોજ કરોડો રત્નોની વૃષ્ટિ થવા લાગી....આખી નગરીમાં પુણ્યવૃદ્ધિ થવા માંડી. માહ વદ ત્રીજની પાછલી રાતે મહાદેવી મિત્રસેનાએ ઉત્તમ હાથી વગેરે ૧૬ મંગલસ્વપ્નો જોયા અને તે સ્વપ્નના ફળમાં તીર્થંકરનું ગર્ભાગમન જાણીને તે અત્યંત આનંદિત થઈ. જાણે ત્રણલોકનું રાજ્ય મળી ગયું હોય–એવો તેને હર્ષ થયો : તે વખતે દેવેન્દ્રોએ આવીને તીર્થંકરના માતા–પિતા તરીકે તેમનું સન્માન કર્યું અને દિવ્ય વસ્ત્રોની ભેટ આપી; એટલું જ નહિ ગર્ભસ્થ–મંગલ આત્માની પણ સ્તુતિ બહુમાન કર્યું : અહો દેવ ! ગર્ભમાં પણ આપ આત્મજ્ઞાન અને અવધિજ્ઞાન સહિત બિરાજો છો. હજી આંખ વગેરે અવયવોની રચના થયા પહેલાં પણ આપ અતીન્દ્રિય જ્ઞાનને ધારણ કરી રહ્યા છો. આપનો આત્મા સદાય મંગલરૂપ છે. આપનો ચૈતન્યપ્રવાહ મોક્ષદશા સાથે સંકળાયેલો છે....ને અનેક જીવોના મોક્ષમાં આપ નિમિત્ત છો. આ રીતે સ્તુતિ કરીને દેવોએ ગર્ભકલ્યાણક ઊજવ્યો.

માતાના દિવસો પ્રસન્નતાપૂર્વક વીતી રહ્યા છે. ગર્ભવૃદ્ધિ થવા છતાં તેમને કોઈ કષ્ટ નથી, તેમજ ગર્ભસ્થ બાળકને પણ ગર્ભાવસ્થાનું કોઈ કષ્ટ નથી. દેવલોકની દેવીઓ તે માતા-પુત્રની સેવા કરી રહી છે. રોજ રોજ રત્નવૃષ્ટિ પણ ચાલુ જ છે.

સવાનવ માસ વીતતાં માગશર સુદ ૧૪ના રોજ માતા મિત્રસેના મહારાણીએ દિવ્યપુત્રને અવતાર આપ્યો. સાતમા ચક્રવર્તી અને ૧૮મા તીર્થંકરનો એકસાથે અવતાર થયો. સર્વત્ર આનંદ–મંગલ છવાયા. શાંતિનાથ અને કુંથુનાથની જેમ જ અરનાથ તીર્થંકરના જન્મકલ્યાણકનો ભવ્ય મહોત્સવ ઈન્દ્રોએ તેમ જ હસ્તિનાપુરના પ્રજાજનોએ ઊજવ્યો. અરે, હસ્તિનાપુરીમાં પ્રભુનો જન્મોત્સવ ઊજવાયો એમ કહેવું તે તો નાની વાત છે, કેમકે પ્રભુના મંગળ જન્મનો પુણ્યપ્રભાવ તો સાતમી નરકથી માંડીને

સર્વાર્થ સિદ્ધિના વિમાન સુધી ત્રણલોકમાં સર્વત્ર ફેલાયો હતો અને ત્રણલોકના સર્વે જીવો ક્ષણભર સંતુષ્ટ થયા હતા.

કુંથુનાથ તીર્થંકરના મોક્ષગમન પછી ૦। પલ્ય વીત્યા બાદ અરનાથ તીર્થંકર થયા, તેમનું દેહમાન ૩૦ ધનુષ ઊંચું અને આયુ ૮૪૦૦૦ વર્ષ હતું. તેમનું રૂપ સૌથી સુંદર હતું. તેમના ચરણોમાં સુંદર 'માછલી'નું ચિહ્ન હતું. તેઓ તીર્થંકર, ચક્રવર્તી તેમ જ કામદેવ હતા. ૧૬-૧૭-૧૮મા ત્રણે તીર્થંકરોની ત્રિપુટી ત્રણત્રણ ઉત્તમ પદવીની ધારક હસ્તિનાપુરીમાં થઈ હતી. રાજકુમાર અરનાથ યુવાન થતાં અનેક દેશોની ઉત્તમ રાજકુમારીઓ સાથે તેમના વિવાહ થયા. ૨૧૦૦૦ વર્ષની ઉમર થતાં સુદર્શન રાજાએ તેમનો રાજ્યાભિષેક કરીને તેમને મંડલેશ્વર રાજા બનાવ્યા. બીજા ૨૧૦૦૦ વર્ષ સુધી રાજ્ય કર્યા બાદ તેમના શસ્ત્રભંડારમાં સુદર્શનચક્રની ઉત્પતિ થઈ; અને છ ખંડ સાધીને તેઓ ભરતક્ષેત્રના સાતમા ચક્રવર્તી બન્યા. આ રીતે હસ્તિનાપુરીમાં ઉપરાઉપરી ચાર ચક્રવર્તી ને ત્રણ તીર્થંકર પાક્યા. ધન્ય તે નગરી!

અરનાથ મહારાજાએ ત્રીજા ૨૧૦૦૦ વર્ષ સુધી ચક્રવર્તીપણે રાજ્ય કર્યું. ત્યાર બાદ તે ચક્રવર્તી અરનાથ મહારાજા એકવાર આકાશમાં શરદઋતુના વાદળાંની સુંદર રચના જોતા હતા, ત્યાં તો તે વાદળાં એકદમ વીખરાઈ ગયા. તે દેખીને તરત તેમને સંસારના સમસ્ત સંયોગોની ક્ષણભંગુરતાનો વિચાર આવ્યો....અરે, આ રાજવૈભવો, આ આયુ ને શરીર બધા સંયોગો ક્ષણભંગુર છે, તે કોઈ જીવની સાથે રહેનારાં નથી, જીવની સાથે સ્થિરપણે સદા રહેનાર તો પોતાનો જ્ઞાયક સ્વભાવ છે :–

**'મારો સુશાશ્વત એક દર્શન–જ્ઞાનલક્ષણ જીવ છે,**
**બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે.'**

**કર્મોતણો જે વિવિધ ઉદય વિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહિ, હું એક જ્ઞાયકભાવ છું.**

—આમ વિચારી તે મહારાજા બાર વૈરાગ્યભાવના ચિંતવવા લાગ્યા; એ જ વખતે એમને જાતિસ્મરણ જ્ઞાન થતાં વૈરાગ્યમાં વધુ દઢતા થઈ અને ચક્રવર્તીપદ છોડીને તેઓ જિનદીક્ષા લેવા તૈયાર થયા. એ જ વખતે બ્રહ્મસ્વર્ગેથી લૌકાંતિક દેવોએ આવીને તેમને વંદન કર્યા અને તેમના વૈરાગ્યની પ્રશંસા કરી. ઈન્દ્રાદિ દેવો "વૈજયન્ત" નામની દિવ્ય પાલખી લઈને પ્રભુના દીક્ષાકલ્યાણકનો મંગલ ઉત્સવ કરવા હસ્તિનાપુરીમાં આવી પહોંચ્યા. ચારેકોર મહાન વૈરાગ્યનું વાતાવરણ છવાઈ ગયું. એક હજાર રાજાઓ પણ અરનાથપ્રભુ સાથે દીક્ષા લેવા વનમાં ચાલ્યા અને તે ચક્રવર્તીની હજારો રાણીઓ પણ સંસારથી વિરકત થઈને અર્જિકાવ્રત લેવા તૈયાર થઈ.

વૈશાખ સુદ દશમની સાંજે ચક્રવર્તીપદના સમસ્તવૈભવને છોડીને, મહારાજા અરનાથ હસ્તિનાપુરીના સહેતુકનામના સુંદર વનમાં આવ્યા; સમસ્ત વસ્ત્રાભૂષણ છોડી સંપૂર્ણ દિગંબર દશા ધારણ કરી, ને સિદ્ધોને વંદન કરી મુનિ બન્યા. તરત શુદ્ધોપયોગી થઈને આત્મધ્યાનમાં લીન થયા, તે જ વખતે તેમને ચોથું જ્ઞાન અને સાતમું ગુણસ્થાન પ્રગટ્યું.

બે દિવસના ઉપવાસ બાદ, તે અરનાથ મુનિરાજે ચક્રપુરનગરીના રાજા અપરાજિતના હાથે

પારણું કર્યું. તે રાજા અપરાજિત, તીર્થંકરમુનિરાજને સૌથી પ્રથમ આહારદાન કરીને ધન્ય બન્યા, મોક્ષગામી બન્યા, ત્યારે દેવોએ પણ આનંદિત થઈને ત્યાં રત્નવૃષ્ટિ મંગલવાજાં વગેરે પાંચ આશ્ચર્ય પ્રગટ કર્યાં.

હસ્તિનાપુરીના પ્રથમના બે તીર્થંકરની જેમ આ ભગવાન અરનાથ પણ ૧૬ વર્ષ મુનિદશામાં વિચર્યા. ત્યારબાદ હસ્તિનાપુરીના દીક્ષાવનમાં પધારીને આત્મધ્યાનમાં બિરાજમાન થયા. કારતક સુદ ૧૨ના રોજ શ્રેષ્ઠ શુક્લધ્યાન વડે ક્ષપકશ્રેણી ચડીને કેવળજ્ઞાન પ્રગટ કર્યું; પ્રભુ અરનાથ અરિહંત પરમાત્મા બન્યા....ને ૧૮ મા તીર્થંકર થયા. આ રીતે ભરતક્ષેત્રના એક સાથે ત્રણ કુલ તીર્થંકરોના ૧૨ કલ્યાણકો વડે હસ્તિનાપુરી ધન્ય બની. એ જ વખતે તીર્થંકર પ્રકૃતિરૂપી દૂતીની પ્રેરણાથી ઈન્દ્રાદિ દેવો પ્રભુની સેવા કરવા આવી પહોંચ્યા ને દિવ્ય સમવસરણની રચના કરી. સ્વર્ગ કરતાં ય એ સમવસરણની વધુ શોભા દેખીને ઈન્દ્રો પણ આશ્ચર્ય પામ્યા. દિવ્યધ્વનિવડે પ્રભુ અરનાથે નવતત્ત્વોનો તેમ જ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગનો સુંદર ઉપદેશ આપ્યો. તે સાંભળીને લાખો જીવો ધર્મ પામ્યા ને મોક્ષમાર્ગમાં ચાલવા લાગ્યા.

પ્રભુના ધર્મદરબારમાં ૨૮૦૦ કેવળજ્ઞાનપ્રાપ્ત અર્હંત જિનેશ્વરો ત્યાં શ્રીમંડપમાં ઉપરના ગગનમાં પ્રભુની સમકક્ષે બિરાજતા હતા. અહા, અદ્‌ભુત–આનંદકારી હતું એ ધર્મદરબારનું દૃશ્ય! શ્રી કુંભસ્વામી વગેરે ૩૦ ગણધરો સહિત ૫૦ હજાર મુનિવરો મોક્ષને સાધી રહ્યા હતા; ને ૬૦ હજાર અર્જિકાઓ માત્ર એક સફેદ વસ્ત્ર ધારણ કરીને પંચમ ગુણસ્થાને બિરાજતા હતા; ૧,૬૦,૦૦૦ ધર્માત્મા શ્રાવકો ને ત્રણ લાખ શ્રાવિકાઓ હતા. સર્વજ્ઞભગવાન અરનાથ તીર્થંકરે ૨૧૦૦૦ વર્ષ સુધી ભરતક્ષેત્રના અનેક દેશમાં વિહાર કરીને ધર્મોપદેશ દીધો અને વીતરાગી ધર્મચક્રનું પ્રવર્તન કર્યું. જ્યારે આયુકર્મ એકમાસ બાકી રહ્યું ત્યારે વિહાર બંધ કરીને તેઓ સમ્મેદાચલના શિખર પર સ્થિર થયા; અને ફાગણ વદ અમાસે સંપૂર્ણ યોગનિરોધપૂર્વક બાકીનાં અઘાતીકર્મોનો ક્ષય કરીને સંસારથી વિમુક્ત થયા ને સિદ્ધ થઈને શાશ્વત મોક્ષપુરીમાં બિરાજ્યા. તેમને નમસ્કાર હો.

'અરિ' (મોહ) અને 'રજ' (ત્રણ કર્મો)થી રહિત થયેલા પ્રભુ અરનાથ સંસારના નાટક પૂરા કરી, સમ્મેદશિખરની 'નાટક' ટૂંકેથી મોક્ષ પધાર્યા.

**અરનાથ જિનરાજકી નાટક ટૂંક હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખરસમ્મેદ યજેહ.**

હે અરનાથ દેવ! અરિ–રજથી રહિત, જેવું સિદ્ધપદ આપ પામ્યા
તેવું સિદ્ધપદ અમને પણ શીઘ્ર પ્રાપ્ત હો!

(સાતમા ચક્રવર્તી અને ૧૮મા તીર્થંકર શ્રી અરનાથ ભગવાનનું પુરાણ અહીં પૂરું થયું.)

✻ ✻ ✻

## (૧૯)




* હે જિનવર ! તમે સત્યપુરુષ છો મોક્ષતણા પુરુષાર્થી, *
* સાધક જીવો સેવે તમને, આત્માના થઈ અર્થી; *
* *
* પ્રભુજી તારા સેવક કદિયે સ્ત્રી–અવતાર ન પામે, *
* ભવભ્રમણનો અંત કરીને પદવી સિદ્ધની પામે. *

હે ભગવાન મલ્લિનાથ! આપ પરમ પુરુષ છો. આપનું આ પવિત્ર પુરાણ ભક્તિપૂર્વક જે ભવ્યજીવ સાંભળશે તેને ચૈતન્યધર્મની આરાધના જાગશે ને સંસારમાં સ્ત્રીપર્યાયનો છેદ થઈ જશે. અહા, ચૈતન્ય–પરમપુરુષની પ્રતીત કરનાર ધર્મીજીવને સ્ત્રીવેદનું બંધન કદી થતું નથી, તો પછી અનેક પૂર્વભવોમાં રત્નત્રયસહિત ચૈતન્યની આરાધના કરનારા તીર્થંકર–મહાત્માને સ્ત્રીપર્યાય હોવાની વાત જ કેવી? અરે, તીર્થંકર જેવા મહાપુરુષને 'સ્ત્રી' કહેવી એ તો તેમની કેવી આસાતના છે? સિદ્ધાન્ત પ્રમાણે દ્રવ્યસ્ત્રીવેદનો ઉદય માત્ર પાંચમા ગુણસ્થાન સુધી જ હોય છે, અને ભાવસ્ત્રીવેદનો ઉદય નવમાં ગુણસ્થાનસુધી જ હોય છે, તેનાથી ઉપરના ગુણસ્થાનોમાં દ્રવ્યથી પુરુષવેદીપણું અને ભાવથી અવેદીપણું હોય છે.

હે પ્રભો મલ્લિનાથ જિનેશ! આપનું પવિત્ર જીવન પૂર્વભવોથી જ રત્નત્રયવડે અલંકૃત હતું, તેથી સ્ત્રીવેદ વગેરે અશુભ પ્રકૃતિઓ—કે જે મિથ્યાદૃષ્ટિ જીવોને જ બંધાય છે, તે આપનાથી અત્યંત દૂર હતી. આપના આરાધક–જીવનની ઓળખાણ અને તેનું ચિંતન કરનારા જીવો દેવ-ગુરુસંબંધી મિથ્યાત્વના શલ્યને મલ્લની જેમ ચૂરી નાંખે છે, સમ્યક્ત્વ પ્રગટ કરે છે. આપને તો સ્ત્રીપર્યાય ન હતી, પરંતુ જે સ્ત્રી આપની પ્રતીત કરે તેને પણ ભવિષ્યની સ્ત્રીપર્યાયનો સર્વથા છેદ થઈ જાય છે.

—હે ભગવાન! આપે અનુત્તર વિમાનમાંથી અહીં અવતાર લીધો છે. અનુત્તરવિમાનમાં બધા સમ્યગ્દૃષ્ટિ દેવો જ વસે છે, અને ત્યાંથી આવનાર કોઈ જીવ સ્ત્રીપર્યાયમાં કદી અવતરતો નથી. હે દેવ! આ મહા જૈનસિદ્ધાંતને શું આપ પણ તોડી શકો છો?—નહીં, કદી નહીં. તો પછી મૂર્ખજીવો આપને 'સ્ત્રી' કઈ રીતે માને છે? શું તે અબુધજીવોને સમ્યક્ત્વની આરાધનાના ફળની ખબર નથી? શું તેમને

તીર્થંકરત્વના મહાપુણ્યની ખબર નથી? તીર્થંકરત્વના મહાપુણ્યની સાથે સ્ત્રીપણાના તૂચ્છ પાપનો ઉદય કદી ન હોય; છતાં 'આપ સ્ત્રી હતા' એમ જે દુર્બુદ્ધિ માનશે તેને સંસારમાં કોણ જાણે કેટલીયે સ્ત્રીપર્યાયો ધારણ કરવી પડશે!

હે પરમપુરુષ તીર્થંકર મલ્લિનાથ! આપ તો અમારા ઈષ્ટદેવ છો; તેથી જીવોને મિથ્યાભાવોથી છોડાવનાર ને રત્નત્રયની આરાધનામાં જોડનાર આપનું સમ્યક્જીવન અહીં ભક્તિપૂર્વક કહું છું.

## ભગવાન મલ્લિનાથ—પૂર્વભવ : વિદેહમાં વૈશ્રવણરાજા

જંબુદ્વીપના વિદેહક્ષેત્રમાં વીતશોકા નામની એક સુંદર નગરી છે. મોક્ષાભિલાષી ધર્માત્માઓથી ભરેલી તે નગરીમાં ઊંચા ઊંચા જિનમંદિરો ઉપર ફરકતી ધર્મધ્વજા જાણે કે દેવોને સાદ પાડી રહી છે, કે હે ભાઈ દેવો! દેવલોકમાં તમને મોક્ષ ન પ્રાપ્ત થતો હોય તો તે પ્રાપ્ત કરવા અહીં આવો. આ નગરીમાં કેવળી—ભગવંતો સદાય વિચરે છે ને મોક્ષના દરવાજા સદાય ખુલ્લા છે.

તમને પ્રશ્ન થશે કે આવી સુંદર નગરીના રાજા કોણ હશે? સુંદર નગરીના રાજા પણ સુંદર જ હોય ને! તીર્થંકર મલ્લિનાથના આત્મા પોતે પૂર્વભવમાં આ મનોહર વીતશોકા નગરીના રાજા હતા....તેમનું નામ હતું વૈશ્રવણ : તેઓ આત્માને જાણનારા હતા, ને તેમનું ચિત્ત સદા રત્નત્રયની ભાવનામાં લીન રહેતું. એક વખત તેઓ રાજસભામાં બેઠા હતા, ત્યાં ઉદ્યાનનો માળી આનંદપૂર્વક આવીને કહેવા લાગ્યો—હે સ્વામી! હું એક ઉત્તમ વધામણી લાવ્યો છું. આપણી નગરીના ચંદનવનમાં આજ સુગુપ્તિ નામના મહાન મુનિરાજ પધાર્યા છે; જેમ સાધકજીવોના બગીચા રત્નત્રય—વડે ખીલી ઊઠે તેમ, આખું ઉદ્યાન મોસમ વગર પણ કેરી વગેરે સુંદર ફળ—ફૂલોથી અત્યંત ખીલી ગયું છે. તે સાંભળતાં જ અત્યંત હર્ષિત થઈને રાજાએ આનંદભેરી વગડાવી ને નગરજનો સહિત ધામધૂમથી મુનિરાજની વંદના કરવા આવ્યા.શ્રી મુનિરાજે તેને આશીર્વાદ આપતાં કહ્યું—હે રાજન્! તમને મોક્ષના કારણરૂપ રત્નત્રય—ધર્મની વૃદ્ધિ હો.




મુનિરાજના આશીર્વાદથી રાજા પ્રસન્ન થયા અને કહ્યું —હે પ્રભો! આપના શ્રીમુખથી રત્નત્રયધર્મનું સ્વરૂપ સાંભળવાની ચાહના થઈ છે, તો કૃપા કરીને રત્નત્રયનું સ્વરૂપ સંભળાવો.

મુનિરાજના શ્રીમુખથી જાણે અમૃત ઝરતું હોય—તેમ વાણી નીકળી : હે રાજન્! સાંભળો! અનેક પ્રકારનાં દુઃખોથી ભરેલો આ સંસાર, તેનાથી છોડાવીને અનંત સુખના ધામ એવા મોક્ષને પમાડે તેનું નામ ધર્મ છે. તે ધર્મ એટલે કે મોક્ષમાર્ગ, સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એવા ત્રિરત્નસ્વરૂપ છે; તેને ઓળખીને તેનું આરાધન કરો.

રાજાએ કહ્યુ : પ્રભો! તે રત્નત્રયધર્મમાંથી પ્રત્યેક ધર્મનું સ્વરૂપ સાંભળવાની આકાંક્ષા છે.

શ્રી મુનિરાજે કહ્યું : સાંભળો! રત્નત્રયમાં સૌથી પ્રથમ સમ્યગ્દર્શન છે. સર્વજ્ઞ—વીતરાગ જિનવરદેવ, નિર્મોહી ગુરુ અને જીવ—અજીવાદિ સાત તત્ત્વોનું સ્વરૂપ બરાબર ઓળખીને, તેમાંથી સારભૂત (ભૂતાર્થ) પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિ કરવી તે સમ્યગ્દર્શન છે. 'શુદ્ધનય ભૂતાર્થ છે' એટલે કે શુદ્ધનય અને તેના વિષયરૂપ શુદ્ધાત્મા, તેને અભેદ કરીને 'ભૂતાર્થ' કહેલ છે, ને તે ભૂતાર્થનો આશ્રય કરનાર જીવ સમ્યગ્દષ્ટિ હોય છે. (भूयत्थमस्सिदो खलु सम्माईट्ठी हवई जीवो।)

## તે સમ્યગ્દર્શનના આઠ અંગ છે :—

- તલવારના તીખી ધાર જેવો શ્રેષ્ઠ જિનમાર્ગ, તે સન્માર્ગ છે, તેમાં કોઈ શંકા વગર નિશ્ચલ રુચિ કરવી તે નિઃશંકતા—અંગ છે. (૧)
- ધર્મના ફળમાં સંસારસુખની વાંછા ન કરવી, કોઈપણ વિષયોમાં (પુણ્યફળમાં) સુખ ન માનવું— તે નિઃકાંક્ષા છે. (૨)
- મલિન શરીરાદિને દેખીને ધર્માત્મા પ્રત્યે ઘૃણા ન કરવી પણ તેના ગુણોમાં પ્રીતિ કરવી, તે નિર્વિચિકિત્સા છે. (૩)
- સુખકર એવો જિનમાર્ગ, અને દુઃખકર એવા અન્ય મિથ્યા માર્ગો, તેમનું સ્વરૂપ ઓળખવું; ને મિથ્યામાર્ગમાં કોઈ પ્રકારે સમ્મતિ ન દેવી કે તેની પ્રશંસા ન કરવી, તે અમૂઢદષ્ટિ છે. (૪)
- સાધર્મીના અવગુણને ઢાંકવા, વીતરાગભાવરૂપ જિનધર્મની વૃદ્ધિ કરવી; તથા ધર્મની કે ધર્માત્માની નિંદાના પ્રસંગને યોગ્ય ઉપાય વડે દૂર કરવો તે ઉપગૂહન છે. (૫)
- તીવ્રદુઃખ વગેરે કોઈ પણ કારણે, પોતાનો કે પરનો આત્મા ધર્મમાં શિથિલ થવાનો પ્રસંગ ઊભો થાય તો, વૈરાગ્યભાવના વડે તથા જિનધર્મના મહિમા વડે તેને ધર્મમાં સ્થિર કરવો તે સ્થિતિકરણ છે. (૬)
- પોતાના સાધર્મી ભાઈ—બહેનો પ્રત્યે હૃદયમાં ઉત્તમ ભાવ રાખીને તેમનો આદરસત્કાર કરવો તે વાત્સલ્ય છે. (૭)
- પોતાની શક્તિવડે જૈનધર્મની શોભા વધારવી; અજ્ઞાનને દૂર કરીને અને સમ્યગ્જ્ઞાનનો મહિમા પ્રસિદ્ધ કરીને જિનશાસનને દીપાવવું તે પ્રભાવના છે. (૮)

—આ પ્રમાણે મુનિરાજે આઠઅંગ સહિત સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવ્યું.

પછી વૈશ્રવણ રાજાએ કહ્યુ : હે સ્વામી! સમ્યગ્દર્શનના આઠ અંગ અને તેનો મહિમા સાંભળતાં ઘણી પ્રસન્નતા થઈ; હવે સમ્યગ્જ્ઞાનનું અને તેના આઠ અંગોનું સ્વરૂપ કૃપા કરીને કહો.

## ✻ સમ્યગ્જ્ઞાન અને તેનાં આઠ અંગ ✻

શ્રી મુનિરાજે કહ્યુ : જિનમાર્ગના દેવ-ગુરુ-શાસ્ત્ર, તથા તેમના કહેલાં જીવાદિ નવતત્ત્વો, તેનું સ્વરૂપ ઓળખીને, પરભાવોથી ભિન્ન અને નિજભાવોથી પરિપૂર્ણ એવા, પોતાના જ્ઞાનમય શુદ્ધાત્માની અનુભૂતિરૂપ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શનની સાથે જ આવું સમ્યગ્જ્ઞાન નિયમથી હોય છે. તે સમ્યગ્જ્ઞાન આઠ પ્રકારના વિનયથી શોભે છે :

(૧) શબ્દની શુદ્ધિ, (૨) અર્થની શુદ્ધિ, (૩) શબ્દ તેમ જ અર્થ બંનેની શુદ્ધિ, (૪) યોગ્યકાળે અધ્યયન, (૫) ઉપધાન અર્થાત્ કોઈ નિયમ—તપસહિત અધ્યયન, (૬) શાસ્ત્રના વિનયપૂર્વક અધ્યયન, (૭) ગુરુ પ્રત્યે ઉપકારબુદ્ધિ પ્રગટ કરવી, જ્ઞાનદાતા ગુરુનાં નામાદિ ન ગોપવવાં, તે અનિહ્નવ, અને (૮) સ્તુતિ-પૂજા, રથયાત્રા વગેરે ઉત્સવો તેમ જ શાસ્ત્રપ્રચાર દ્વારા દેવ-ગુરુ-આગમનું ને જૈનધર્મનું બહુમાન પ્રસિદ્ધ કરવું.

—આ પ્રમાણે આઠ પ્રકારનાં વિનય—આચાર વડે સમ્યગ્જ્ઞાન શોભે છે. સમ્યગ્જ્ઞાન તે અમૃત સમાન છે, તે જ મોક્ષમાર્ગી જીવની આંખ છે; સમ્યગ્જ્ઞાનચક્ષુવડે આખું જગત જણાય છે, ને વસ્તુસ્વરૂપ ઓળખીને મોક્ષમાર્ગ સધાય છે. તેનું નિત્ય આરાધન કરો.

રાજાએ પ્રસન્નતાપૂર્વક કહ્યું : હે પ્રભો ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક, જેનું પાલન આપના જેવા વીતરાગ મુનિવરો કરે છે એવા સમ્યક્ચારિત્રનું સ્વરૂપ કૃપા કરીને કહો.

## ✻ સમ્યક્ચારિત્રનું સ્વરૂપ; તેનાં તેર પ્રકાર ✻

ચારિત્રધારી મુનિરાજે સમ્યક્ચારિત્રનું સ્વરૂપ બતાવતાં કહ્યું : હે રાજન્ ! સાંભળો!સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક શુદ્ધોપયોગવડે આત્મસ્વરૂપમાં લીન થવું—ચરવું તે ચારિત્ર છે. તે ચારિત્રમાં રાગ નથી. મુનિઓને આવા શુદ્ધભાવરૂપ ચારિત્રની સાથે, હિંસાદિ સમસ્ત પાપોનો અભાવ, અને અહિંસાદિ મહાવ્રતોનું પાલન હોય છે; એટલે વ્યવહારથી ચારિત્રના ૧૩ પ્રકાર છે :—

અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ (એ પાંચ મહાવ્રત); મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ, (એ ત્રણ ગુપ્તિ); ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન (એ પાંચ સમિતિ).

—સર્વસંગત્યાગી નિર્ગ્રંથ મુનિવરોને રત્નત્રયની શુદ્ધપરિણતિ સહિત આવા તેર પ્રકારનાં ચારિત્રનું પાલન હોય છે. આ સમ્યક્ચારિત્ર સાક્ષાત્ મોક્ષસુખ દેનારું છે; એનો મહિમા અપાર છે.

હે ભવ્ય ! આ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું; તે ત્રણેને તમે રાગ વગરનાં જાણો.

**''સરધો જાનો ભાવા લાઈ, તીનોં મેં હી રાગા નાહીં!**

હે મુમુક્ષુ જીવો ! રત્નત્રયનો અચિંત્ય મહિમા જાણીને તેનાથી આત્માને અલંકૃત કરો. સમ્યગ્દર્શનરૂપી હારને તો ગળે લગાવો, સમ્યગ્જ્ઞાનનાં કુંડળ કાનમાં પહેરો, ને સમ્યક્ચારિત્રરૂપી મુગટને મસ્તક ઉપર ધારણ કરો. સિદ્ધાંતનું સર્વસ્વ આ રત્નત્રય છે; એ જ જીવનું સાચું જીવન છે. તેમાં

નિશ્ચયરત્નત્રય શુદ્ધઆત્માના જ આશ્રયે હોવાથી પરમ ઉત્તમ છે, ધ્યાનમાર્ગ વડે તેની પ્રાપ્તિ થાય છે ને તે મોક્ષનું સાક્ષાત્ કારણ છે; માટે મુમુક્ષુ જીવોએ અવશ્ય પ્રયત્નપૂર્વક તેનું આરાધન કરવું જોઈએ.

## * રત્નત્રયવ્રતનું વિધાન *

રત્નત્રયનો સુંદર મહિમા સાંભળીને ભાવિતીર્થંકર એવા તે વૈશ્રવણ રાજાએ કહ્યું :–હે સ્વામી! આવા રત્નત્રય ધારણ કરવાની મારી ભાવના છે, પરંતુ અત્યારે હું અસમર્થ છું. અત્યારે તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની આરાધનાપૂર્વક ચારિત્રની ભાવના ભાવું છું. હે પ્રભો! એ રત્નત્રય પ્રત્યે પરમ ભક્તિ બહુમાનપૂર્વક ઠાઠમાઠથી તેની મહાન પૂજા કરવાની મારી ભાવના છે, તો તે રત્નત્રય વ્રતનું વિધાન મને સમજાવો. તેના વડે હું રત્નત્રયની ભક્તિ કરીશ, અને ભવિષ્યમાં રત્નત્રયની સાક્ષાત્ આરાધના કરીને ચારિત્રપદ અંગીકાર કરીશ.

શ્રી મુનિરાજે કહ્યું: હે રાજા! તમે ભવ્ય છો, તમારી ભાવના ઉત્તમ છે, આગામી મનુષ્યભવમાં તમે ભરતક્ષેત્રના તીર્થંકર થવાના છો. રત્નત્રય પ્રત્યેની તમારી ભક્તિ પ્રશંસનીય છે. તે રત્નત્રયનું વ્રત–વિધાન હું સંક્ષેપમાં કહું છું–તે સાંભળો :–

ભાદ્રમાસમાં સુદ ૧૩-૧૪-૧૫ એ ત્રણ દિવસો રત્નત્રયવિધાનના ઉત્તમ દિવસો છે. રત્નત્રયવ્રતનો ઉપાસક જીવ શ્રદ્ધાભક્તિપૂર્વક આગલે દિવસે જિનમંદિરમાં જઈ પૂજન કરે, શ્રીગુરુ પાસે જઈને આત્મહિતકારી આગમ સાંભળે, મુનિરાજનો સુયોગ બની જાય તો તેમને તથા અન્ય સાધર્મીઓને આદરથી આહારદાનાદિ કરે, ને રત્નત્રયવ્રતનો સંકલ્પ કરીને અત્યંત આનંદ ઉલ્લાસપૂર્વક તેનો પ્રારંભ કરે.

પછી ૧૩-૧૪-૧૫ ત્રણે દિવસે ઉપવાસ (અથવા શક્તિ મુજબ એકાશન વગેરે) કરે; આરંભકાર્યો છોડી ગૃહવાસથી વિરક્તપણે રહે, સત્સંગમાં ને ધર્મધ્યાનમાં વિશેષપણે રહીને રત્નત્રયના સ્વરૂપનું ચિંતન કરે, તેની પ્રાપ્તિ કેમ થાય તેનો ઉપાય વિચારીને અંદર તેનો વિશેષ પ્રયત્ન કરે. પ્રતિદિન જિનમંદિરે જઈ સધર્મીજનોના સમૂહ સાથે ઠાઠમાઠથી જિનદેવની પૂજા કરે તથા રત્નત્રયધર્મની સ્થાપના (માંડલું) કરીને મહાન ઉલ્લાસપૂર્વક તેનું પૂજન કરે. (જાપ વગેરે વિશેષ વિધિનો યોગ બને તો તે વિધિ પણ કરવી. સુવિધા અનુસાર માહ અને ચૈત્ર માસના એ ત્રણ દિવસોમાં પણ રત્નત્રયઉપાસનાની વિધિ કરવી.)


વ્રત–ઉપાસનાના દિવસોમાં ઉત્તમ જીવન જીવવું. હંમેશાં પ્રાતઃકાળમાં વીતરાગતાના અભ્યાસરૂપ (એટલે કે શુદ્ધોપયોગના પ્રયોગરૂપ) સામાયિક કરવી. દિવસે તેમ જ રાત્રે પ્રમાદ છોડીને આત્મસન્મુખ ભાવોનો અભ્યાસ કરવો; રત્નત્રયવંત મુનિઓનું જીવન ચિંતવીને તેની ભાવના કરવી; રત્નત્રયવંત જીવો પ્રત્યે બહુમાનથી આત્માને રત્નત્રય પ્રત્યે ઉત્સાહિત કરવો.

—આ રીતે શુદ્ધરત્નત્રય પ્રત્યે ભક્તિ ને પ્રેમના ગદ્ગદ્ ભાવે મહાન ઉલ્લાસપૂર્વક ત્રણ દિવસ પૂજનાદિ કરીને, ચોથા દિવસે તેની પૂર્ણતા નિમિત્તે મહાન ઉત્સાહપૂર્વક જિનેન્દ્રદેવનો અભિષેક કરવો. પૂજન, શાસ્ત્રશ્રવણ, ધર્માત્માઓનું સન્માન–આહારદાનાદિ કરીને પછી પ્રસન્નચિત્તે પોતે પારણું કરવું; ને આ પ્રસંગે દાનાદિ દ્વારા ધર્મપ્રભાવના કરવી.

આ પ્રમાણે ત્રણ વર્ષ સુધી (અગર ભાવના મુજબ પાંચ કે તેર વર્ષ સુધી) રત્નત્રયવ્રત કરીને પછી દેવ-ગુરુ-ધર્મના મહાન ઉત્સવ—ભક્તિપૂર્વક તેનું ઉદ્યાપન કરવું. તન-મન-ધનથી-શાસ્ત્રથી અનેક પ્રકારે ઉલ્લાસપૂર્વક રત્નત્રયધર્મનો ઉદ્યોત થાય ને સર્વત્ર તેનો મહિમા પ્રસરે એ રીતે પ્રભાવના કરવી. જિનમંદિરમાં ત્રણ છત્ર, ત્રણ કલશ, ત્રણ શાસ્ત્ર વગેરે અનેક પ્રકારની ત્રણ-ત્રણ વસ્તુઓનું દાન કરવું; પ્રીતિભોજન વગેરેથી સાધર્મીઓનું સન્માન કરવું; હે રાજન્ ! આ પ્રમાણે રત્નત્રયવ્રતનું વિધાન જાણો.

શ્રી મુનિરાજ પાસેથી રત્નત્રયવ્રતનું વિધાન સાંભળીને વૈશ્રવણ રાજાએ ઘણા હર્ષપૂર્વક તે વ્રત ધારણ કર્યું અને મહાન ઉત્સવ સહિત તેના ઉદ્યાપન વડે જૈનધર્મની પ્રભાવના કરી.

**રત્નત્રય-પુષ્પથી ખીલેલું ધર્મવૃક્ષ**




**સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષનો ઉપાય છે.**
**તે રત્નત્રય રાગ વગરના છે, માટે હે મોક્ષાર્થી જીવો !**
**તે રાગથી ભિન્ન ચેતનાવડે રત્નત્રયની ઉપાસના કરો,**
**અને તીર્થંકરભગવંતોની જેમ મોક્ષસુખને અનુભવો.**

—આ રીતે ધર્મનું આચરણ કરતા–કરતા એક દિવસ તે વૈશ્રવણરાજા વનવિહાર કરવા ગયા; સવારે જતી વખતે રસ્તામાં એક સુંદર વિશાળ વડનું ઝાડ દેખીને તેણે વિચાર્યું : વાહ, આ વડલો કેવો વિશાળ છે; મારું રાજ્ય પણ આ વડલા જેવું વિશાળ ને સુંદર છે. પરંતુ, વનવિહાર કરીને સાંજે પાછા ફરતાં જોયું તો તે આખો વડલો વીજળી પડવાથી ભસ્મીભૂત થઈ ગયો હતો.–આવી ક્ષણભંગુરતા દેખીને રાજાનું ચિત્ત એકદમ સંસારથી વિરક્ત થઈ ગયું : અરે, મારું આ રાજ્ય ને શરીરભોગો પણ વડલાની જેમ ક્ષણભંગુર છે–એમ વિચારી ઉત્તમ બાર વૈરાગ્યભાવનાપૂર્વક, સંસાર–ભોગો છોડીને, શરીરનું પણ મમત્વ છોડીને, શ્રીનાગ નામના મુનિરાજ સમીપ જઈને તેણે જિનેશ્વરી દીક્ષા અંગીકાર કરી ને આત્મધ્યાનમાં શુદ્ધોપયોગવડે સમ્યક્ રત્નત્રયદશા પ્રગટ કરી.

રત્નત્રયધારી તે વૈશ્રવણ–મુનિરાજે દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ભાવના વડે તીર્થંકરનામકર્મ બાંધ્યું; બાર અંગના જ્ઞાન વડે તેઓ શ્રુતકેવળી થયા; પછી ચાર આરાધના સહિત સમાધિમરણ કર્યું.

* * *

## ભગવાન મલ્લિનાથ : અપરાજિત વિમાનમાં

*

–ભાવિતીર્થંકર એવા તે વૈશ્રવણ મુનિરાજ સમાધિમરણ કરીને અપરાજિત વિમાનમાં અહમિન્દ્રદેવ થયા; ત્યાં રત્નમય શય્યામાં ઉત્પન્ન થયા; અને એક કલાક પણ પૂરી ન થઈ ત્યાં તો તે દેવ, અતિ ઉત્તમ દિવ્યવસ્ત્ર–અલંકારોથી સંપૂર્ણ સજ્જ યૌવનદશાને પામ્યા. તે દેવલોકની આશ્ચર્યકારી–અદ્‌ભુત ૠદ્ધિઓને દેખીને ક્ષણભર તો તેઓ વિસ્મય પામ્યા કે અરે, આ બધું શું છે !! એ જ વખતે તેમને અવધિજ્ઞાન પ્રગટ્યું; તેમણે જાણ્યું કે "પૂર્વ જન્મમાં મેં જૈનધર્મના રત્નત્રયનું ઉત્તમપ્રકારે પાલન કર્યું હતું, તેમજ ઉત્તમ તપ કર્યું હતું, તેની સાથેના પુણ્યનું આ ફળ છે." અહો, ધર્મના મહિમાની શી વાત !! આત્માની અનુભૂતિમાં જે કલ્પનાતીત આનંદ છે, તેની તુલના આ દેવલોકની વિભૂતિ ન કરી શકે. ચૈતન્યવિભૂતિનો આવો મહિમા ચિંતવતાં જ તેમને દેવલોકની વિભૂતિનું વિસ્મય શાંત થઈ ગયું. સૌથી પ્રથમ તેમણે તે દેવવિમાનમાં આવેલા શાશ્વત જિનમંદિરમાં જઈને ભક્તિપૂર્વક જિનપૂજા કરી. તે દેવલોકમાં બધા સમ્યગ્દૃષ્ટિ હતા ને ઘણાખરા એકાવતારી હતા. બધાય અનુભવ ધર્માત્માઓનું જીવન વિષય વાસના વગરનું, સંસારથી વિરક્ત અને અતિશય ઉપશાંત હતું. તેઓ સ્વાનુભવ સહિત જાણતા હતા કે, સાચું સુખ આત્મા પોતે જ છે; જેમ જ્ઞાન તે આત્મા જ છે, આત્માથી ભિન્ન નથી, તેમ સુખ પણ આત્મા જ છે, આત્માથી ભિન્ન બીજે ક્યાંય સુખ નથી. આવું જાણતા હોવાથી તે મહાત્મા, દેવલોકની દિવ્ય વિભૂતિ વચ્ચે અસંખ્ય વર્ષ સુધી રહેવા છતાં તેમાં મૂર્છાયા ન હતા, પોતાની ચેતનાને તેનાથી અલિપ્ત રાખી શક્યા હતા....પરથી વિભક્ત ને આત્મામાં એકત્વરૂપ પરિણમન વડે તેમને મોક્ષ સાધના ચાલુ જ હતી. અપરાજિત વિમાનમાં બીજા અહમિન્દ્રો સાથે તેઓ કેવી સરસ મજાની ધર્મચર્ચા કરતા–તેના સ્વાદનો થોડોક નમૂનો અહીં જિજ્ઞાસુ પાઠકોને ચખાડું છું.

* * *

## (અપરાજિત–વિમાનમાં અહમિન્દ્રોની અદ્ભુત ચર્ચા)

એકવાર તીર્થંકરભગવાનના કેવળજ્ઞાન–કલ્યાણકનો પ્રસંગ બન્યો; તે અહમિન્દ્રોને પણ ખબર પડી કે મનુષ્યલોકમાં કોઈ તીર્થંકરને કેવળજ્ઞાન થયું છે; તેઓએ ત્યાં બેઠાબેઠા અવધિજ્ઞાનવડે તે દૃશ્ય પ્રત્યક્ષ જોયું. જો કે દેવલોકના જીવનમાં તીર્થંકરના આવા કલ્યાણક પ્રસંગો તેમણે અસંખ્યવાર જોયા હતા, છતાં જ્યારે જુએ ત્યારે તેમના અંતરમાં એ પરમાત્મપદના અચિંત્ય મહિમાની નવી નવી ઊર્મિઓ જાગતી હતી. તીર્થંકરના કેવળજ્ઞાનનો પ્રસંગ બનતાં જ સર્વે અહમિન્દ્રો ભેગા થઈને આનંદ સહિત ચર્ચા કરવા લાગ્યા :–

(એક અહમિન્દ્ર કહે :) અહો, અત્યારે મનુષ્યલોકમાં કોઈ તીર્થંકરને કેવળજ્ઞાન થયું, તે પરમાત્મા થયા. જો કે મનુષ્યલોકમાં દર છ મહિને ૬૦૮ જેટલા જીવો કેવળજ્ઞાન પામે છે....

(બીજા :) વાહ, કેવળજ્ઞાનનો મહિમા અચિંત્ય–અદ્ભુત છે; તે પદમાં ચૈતન્યનાં બધાય નિધાન ખુલી જાય છે.

(ત્રીજા :) અહો, આપણે હવે અહીંથી મનુષ્યલોકમાં જઈને આવું કેવળજ્ઞાન સાધવાનું છે; કેવળજ્ઞાન હવે દૂર નથી, રોજેરોજ તે નજીક જ આવતું જાય છે.

(ચોથા :) ખરેખર કેવળજ્ઞાન સર્વોત્કૃષ્ટ માંગલિક છે.

(પાંચમા :) અને આપણા બધાયનો આત્મા પણ તે કેવળજ્ઞાન સાથે સંકળાયેલો છે, તેથી આપણે સૌ પણ મંગળરૂપ છીએ.

(છઠ્ઠા :) સાચી જ વાત છે ! ખરેખર આત્માનો ચેતનસ્વભાવ ત્રિકાળ મંગળરૂપ છે, કેવળજ્ઞાનરૂપે તે જ પરિણમે છે.

(સાતમા :) અહા, આ એક અદ્ભુત વાત છે : આત્મા ત્રિકાળ મંગળ, અને તેનો સ્વીકાર કરનારો સમ્યક્ત્વાદિભાવ તે પણ મંગળ; આમ દ્રવ્ય–પર્યાય બંનેથી આત્મા મંગળરૂપ છે.

(આઠમા :) અહા, આત્મસ્વભાવની સન્મુખ થઈને તેમાં તન્મયરૂપ પરિણમેલા જે કોઈ ભાવો છે તે બધાય મંગળરૂપ છે.

(નવમા :) એવા ભાવરૂપ પરિણમેલો આત્મા સર્વત્ર સુંદર છે. અહીં સમ્યક્ત્વરૂપે થયેલા આપણે અહમિન્દ્રો, કે સાતમી નરકમાં સમ્યક્ત્વરૂપે પરિણમેલા જીવો,–તે સૌ મંગળ છે, સુંદર છે.

(દશમા :) બરાબર, સ્વભાવમાં એકત્વરૂપ ને વિભાવોથી વિરક્તરૂપ, એવા એકત્વ–વિભક્તરૂપ થયેલા આત્મા જગતમાં સર્વત્ર શોભે છે, (આ, અહમિન્દ્રો વચ્ચેની અદ્ભુત તત્ત્વચર્ચા આપણે વાંચી રહ્યા છીએ. બધાય અહમિન્દ્રો શ્રુતજ્ઞાનમાં પારંગત છે, સ્વાનુભવમાં કુશળ છે ને વૈરાગ્યરસના રસિક છે, તેથી તેમની ચર્ચા ક્યાંય પણ ભૂલ વગરની અને શાંતરસથી ભરેલી છે. બધાય સમાન વિચારવાળા છે ને એકબીજાના જ્ઞાન–વૈરાગ્યની પુષ્ટિ કરનારા છે. ચર્ચા કરનારા તે અહમિન્દ્રોમાં અનેક જીવો તો ત્યાંથી સીધા તીર્થંકરપણે અવતરવાના છે,–જેમાં આપણા ચરિત્રનાયક મલ્લિનાથ પણ છે. તો સૌ જે આનંદકારી ચર્ચા અસંખ્યાત વર્ષો સુધી કરે છે–તેનો આ થોડોક રસાસ્વાદ છે :)

(૧૧ મા અહમિન્દ્ર :) આપણું જીવન આ દેવલોકમાં જોકે સમ્યક્ત્વાદિને લીધે મંગળરૂપ છે, પરંતુ કેવળજ્ઞાનરૂપ પૂર્ણ મંગળ આપણને અહીં પ્રાપ્ત થતું નથી.

(૧૨ મા :) આપણે આ એક દેવપર્યાયમાં અસંખ્યાત તીર્થંકરોના પંચકલ્યાણક અવધિજ્ઞાનવડે પ્રત્યક્ષ જોઈએ છીએ, અને તેમાંય દીક્ષાકલ્યાણક તથા કેવળજ્ઞાન દેખીને આપણે જિનદીક્ષાની અને કેવળજ્ઞાનની ભાવના પણ ભાવીએ છીએ; પણ આપણે સંયમ લઈ શકતા નથી.

(૧૩ મા :) છતાં, જેમાંથી કેવળજ્ઞાન આવવાનું છે એવા ચૈતન્યસ્વભાવનો અગાધ–ગંભીર મહિમા આપણે સ્વાનુભવથી સાક્ષાત્ જાણીએ છીએ : અહા, એ ઊંડા–ઊંડા, આત્મસ્વભાવમાં કેવી અદ્ભુતતા છે !!

(૧૪ મા :) વાહ ! તે સ્વભાવની સાધના તો આપણને ચાલુ જ છે. આપણો આત્મા ચારિત્ર તથા કેવળજ્ઞાનની સન્મુખ જ જઈ રહ્યો છે. આપણે બધાય પૂર્વભવમાં મુનિ હતા ને ચારિત્રદશાનો સ્વાદ આપણે ચાખ્યો છે.

(૧૫ મા :) હા, અને હવે પાછા આવતા ભવમાં પણ ચારિત્રદશા પ્રગટાવી મુનિ થશું ને કેવળજ્ઞાન પણ લેશું.

(૧૬ મા :) વાહ રત્નત્રયની વીતરાગી દશા જેવું સુખ તો આ અહમિન્દ્રપદમાંય નથી. આત્મસાધના અધૂરી રહી ને રાગભાવ બાકી રહ્યો તેથી આ અવતાર થયો.

(૧૭ મા :) અહીં અસંખ્ય વર્ષો સુધી આપણે સૌ આ ધર્માત્માના મેળામાં અહમિન્દ્રપણે સાથે રહ્યા. ખરેખર ધર્માત્માઓને દેખીને હૃદયમાં પ્રેમ અને પ્રસન્નતા ઊભરાય છે.

(૧૮ મા :) હા, અને વળી અહીં તો આપણી સાથેના અહમિન્દ્રોમાં કેટલાક તીર્થંકર થનારા છે; જુઓ આ બાજુમાં બેઠા છે તેઓ પૂર્વે વૈશ્રવણ મુનિ હતા ને હવે થોડા જ વર્ષમાં ભરતક્ષેત્રમાં મલ્લિનાથ–તીર્થંકર થશે. (બધાય અહમિન્દ્રોએ પ્રસન્નતાથી તે ભાવિતીર્થંકર સામે જોયું.)

(ત્યારે તે ૧૯મા અહમિન્દ્ર બોલ્યા :) અહો, રત્નત્રયના સાધક આપણે સૌ સંસારસમુદ્રના કિનારે પહોંચી ગયા છીએ. આપણા આત્માના રત્નત્રય જ આપણા તારણહાર છે....ભલે તેની સાથે તીર્થંકરત્વ હો કે ન હો. તીર્થંકરત્વ તો કર્મના ઉદયનું કાર્ય છે; રત્નત્રય તો આપણો આત્મિકભાવ છે, તેમાં આપણે સૌ સરખા છીએ.

(૨૦મા :) બરાબર છે, પ્રભો ! (બધાય અહમિન્દ્રો એકબીજાને પ્રભુ કહીને સન્માનથી બોલાવતા હોય છે : પ્રભો !) તીર્થંકરત્વ જો કે કર્મના ઉદયજનિત છે, તોપણ તે ઉદય નિયમથી કેવળજ્ઞાનની સાથે જ હોય છે. આ રીતે મહામંગળ કેવળજ્ઞાન–પરમાત્મપદનું સહકારી હોવાથી તે તીર્થંકરત્વ પણ મંગળ છે, તેમ જ જગતના જીવોને પણ તે સમ્યક્ત્વાદિ મંગળનું કારણ થાય છે. ખરેખર, તીર્થંકરો પોતાના પરમાત્મપદને સાધીને જગતને પણ પરમાત્મપદનો ઉપાય બતાવે છે.

ભરતક્ષેત્રમાં ૧ હજાર–કરોડ (૧000,0000000) વર્ષોથી કોઈ તીર્થંકર નથી, હવે ત્યાં ૧૯મા તીર્થંકરનો અવતાર થવાની તૈયારી છે. આપણા આ ૧૯મા અહમિન્દ્ર છ માસ બાદ અહીંથી

ભરતક્ષેત્રમાં ૧૯મા તીર્થંકર તરીકે અવતરશે, અને વળી આ બીજા અહમિન્દ્ર બિરાજે છે તેઓ પણ ભરતક્ષેત્રમાં ૨૧મા નમિ-તીર્થંકર થશે. આ ચર્ચાથી સર્વે અહમિન્દ્રોમાં ફરીને પ્રસન્નતાનું મોજું ફરી વળ્યું.

—આ રીતે લાખો—કરોડો અહમિન્દ્ર—ધર્માત્માઓ ચર્ચામાં ભાગ લેતા ને સૌના અંતરમાંથી કેવળજ્ઞાનનો મહિમા પ્રગટ થતો હતો. એ રીતે જ્ઞાયકસ્વભાવનો પરમ મહિમા ઘૂંટતા ઘૂંટતા ઘણા અહમિન્દ્રો પણ પુનઃ પુનઃ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ કરી લેતા હતા. જોકે તેમને ગુણસ્થાન—પરિવર્તન થતું ન હતું છતાં સ્વાનુભૂતિની વિશુદ્ધિ વૃદ્ધિગત થતી હતી.

આ પ્રકારે પરમ ચૈતન્યમહિમાથી ભરપૂર ધર્મચર્ચા કરતાં વર્ષોના વર્ષો ક્યાં વીતી જતા-તેની ખબરે પડતી ન હતી. ક્ષેત્રથી તેમ જ ભાવથી મોક્ષનગરીની સમીપમાં જ રહેલા તે મોક્ષસાધક મહાત્માઓ લગભગ સિદ્ધ જેવું સુખીજીવન જીવતા હતા; તેથી અસંખ્ય—અસંખ્યવર્ષો સુધી ત્યાં રહેવા છતાં તેમને કદી કંટાળો—કલેશ—અણગમો કે બેચેની થતા ન હતા.

તે અહમિન્દ્ર જાણતા હતા કે આ દેવલોકમાં સમ્યક્ત્વ સહિત તેમ જ ધર્મભાવના સહિત અસંખ્ય વર્ષ રહેવા છતાં, ચારિત્રરૂપ મુનિદશા વગર અહીંથી મોક્ષ સાધી શકાશે નહીં; મોક્ષની સાધના તો મનુષ્યલોકમાં જ થશે.—તેથી, ચારિત્રપૂર્વક મોક્ષસાધનાની ભાવનાથી તે મહાત્મા દેવલોકથી વિમુખ ને મનુષ્યલોકની સન્મુખ થવા લાગ્યા.

હજી તેમને મનુષ્યલોકમાં આવવાને છ માસની વાર હતી ત્યાં તો તેમની તીર્થંકરપ્રકૃતિના પ્રભાવે, મનુષ્યલોકમાં કેવા કેવા ચમત્કાર થવા લાગ્યા! તે જોવા માટે હવે આપણે મિથિલાપુરીમાં જઈશું.

(ઇતિશ્રી ભગવાન મલ્લિનાથના પૂર્વભવનું વર્ણન પૂરું થયું.)

## * ભગવાન મલ્લિનાથ : પંચકલ્યાણક *

**નમું હું મલ્લિનાથને બ્રહ્મચારી ભગવાન;**
**વિનવું પ્રભુજી આપજો....રત્નત્રયગુણવાન.**

ભરતક્ષેત્રમાં તીર્થંકરોની વિહારભૂમિ તરીકે સુપ્રસિદ્ધ એવો બિહારદેશ, તેની બાજુમાં બંગભૂમિ છે; તેની મધ્યમાં અત્યંત સુશોભિત મિથિલાનગરી હતી; જૈનધર્મના પરમ ઉપાસક મહારાજા 'કુંભ' ત્યાંના રાજા હતા,—તેઓ ખરેખર સમ્યક્ત્વાદિ ગુણોથી ભરેલા કુંભ હતા; 'પ્રજાવતી' તેમની પટ્ટરાણી હતી. ધર્મની જાહોજલાલીથી શોભતી તે મિથિલાનગરીમાં એકવાર કોઈ મહાન પુણ્યોદય થતાં એકાએક ચમત્કાર થયો....રાજમહેલમાં અતિ ચમકદાર બહુમૂલ્ય કરોડો રત્નોની વૃષ્ટિ થવા લાગી; તે રત્નોનો દિવ્યપ્રકાશ મિથ્યાત્વઅંધકારના નાશની સૂચના કરતો હતો. એ જ વખતે આકાશમાર્ગે કેટલીક દેવાંગનાઓ મિથિલાપુરીમાં આવી ને મહારાણીની સ્તુતિ કરીને કહેવા લાગી! હે માતા! છ માસ પછી અપરાજિત—દેવલોકમાંથી ૧૯મા તીર્થંકરનો જીવ તમારી કૂંખે અવતરવાનો છે; તેના મહાન પુણ્યાતિશયથી આકર્ષાઈને અમે આપની સેવા કરવા આવ્યા છીએ. જગતની સ્ત્રીઓમાં આપ સૌથી મહાન ભાગ્યવાન છો કે તીર્થંકર જેવા ત્રિલોકપૂજ્ય પુત્રના આપ માતા થશો.

આ વાત સાંભળીને અને અવનવા દશ્યો દેખીને મહારાણી પ્રજાવતીની પ્રસન્નતાનો પાર ન રહ્યો. આખી મિથિલાનગરીમાં સુંદરતા અને પ્રસન્નતા છવાઈ ગઈ. ભગવાન ઋષભદેવના અવતાર વખતે અયોધ્યાપુરી જેવી શોભી ઊઠી હતી તેવી જ મલ્લિનાથના અવતાર વખતે મિથિલાપુરી શોભવા લાગી. અહા, સ્વર્ગના દેવો જેને શણગારવામાં રસ લ્યે, અને જે નગરીમાં તીર્થંકર પોતે અનેક વર્ષો સુધી રહેવાના હોય તેના ગૌરવની અને શોભાની શી વાત !!

મહારાજા કુંભ અને મહારાણી પ્રજાવતી, તેમના જીવનમાં પણ વિશિષ્ટ પરિવર્તન થવા લાગ્યું; તેમના વિચારો મહાન થવા લાગ્યા, પરિણામોમાં વિશુદ્ધતા વધવા માંડી. મહાદેવીએ ચૈત્ર સુદ એકમે તીર્થંકરના જન્મસૂચક દૈવી ઐરાવત વગેરે ૧૬ અતિમંગલ સ્વપ્નોનો જોયા....ને બરાબર તે જ વખતે આપણા ચરિત્રનાયક ભગવાન મલ્લિનાથના જીવે, અપરાજિત વિમાન છોડીને મહારાણીના ગર્ભમાં પ્રવેશ કર્યો. જગતને માટે એ એક અતિમંગલ ક્ષણ હતી. ઈન્દ્રાદિ દેવો મિથિલાપુરી આવ્યા ને માતા–પિતાનું સન્માન કરીને પોતાની ખુશાલી વ્યક્ત કરી. ઉદરમાં બિરાજમાન તીર્થંકરના પ્રતાપે, મહારાણી પ્રજાવતીને ધર્મના ઉત્તમ મનોરથ જાગવા લાગ્યા....દેવકુમારીઓ અનેક પ્રકારે તેમનું મનોરંજન કરતી હતી, ને માતાજી પણ અવનવી આશ્ચર્યકારી વાતો કરીને તે દેવીઓને મુગ્ધ કરતી હતી, માતાજીની વાત સાંભળતાં, જાણે તેમના પેટમાં રહેલા તીર્થંકર જ બોલતા હોય ! એમ તે દેવીઓ આનંદિત થતી હતી.



એકવાર એક દેવીએ પ્રજાવતી માતાને પૂછ્યું : હે માતા ! આ સંસારમાં સ્ત્રીપર્યાય નિંદ્ય ગણાય છે, છતાં તે સ્ત્રીઓમાં પણ મહા સૌભાગ્યશાળી કોણ હોય છે ?

માતાજીએ ઉત્તર આપ્યો:– તીર્થંકરની માતા પરમ સૌભાગ્યશાળી છે; તેમજ સ્ત્રીપર્યાયમાં પણ જે સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરે છે તેનો અવતાર ધન્ય છે; અને તમે દેવીઓ પણ પરમ ભાગ્યશાળી છો કે તીર્થંકરના સાન્નિધ્યમાં રહીને તેની સેવા કરવાનું સૌભાગ્ય તમને પ્રાપ્ત થયું છે.–આ બધી સ્ત્રીઓ નીકટ મોક્ષગામી છે. વળી તે ઈન્દ્રાણી પણ મહાભાગ્યશાળી છે કે જન્મ્યા પછી તીર્થંકરને સૌથી પહેલાં તેડવાનું સુભાગ્ય તેને મળે છે; અને તે પણ એક ભવે મોક્ષ પામે છે. અહા, તીર્થંકર થનારા આત્માનો મહિમા કોઈ અચિંત્ય છે....

✻ એક દેવીએ પૂછ્યું : હે માતા ! મુમુક્ષુજીવોએ પીવાયોગ્ય અમૃત કયું છે ?

—માતાજી મુખ મલકાવીને તરત બોલ્યા : 'મારા પુત્રની વાણી.'

✻ હે માતા સૌથી ઉત્તમ કાર્ય કયું છે ?....... —'આત્માની અનુભૂતિ !'

જગતમાં મૂરખ કોણ છે ?.......

—જે તીર્થંકરના માર્ગમાં ન ચાલે તે !

* જગતમાં ખરેખર ડાહ્યો કોણ છે?

—તીર્થંકરનો માર્ગ પામીને જે આત્મહિતને સાધે તે.

* હે માતા, જગતમાં ખરેખર વૈભવસંપન્નકોણ છે?

—જેની પાસે રત્નત્રયરૂપી ધન છે તે ખરેખર વૈભવસંપન્ન છે.

* સંસારમાં ગરીબ–ભિખારી કોણ છે?

—જે ધર્મને ભૂલીને વિષયોમાં આસક્ત છે તે.

* જગતમાં મહાન પુણ્ય કયું છે?

—તીર્થંકર પરમાત્માના સાક્ષાત્ દર્શન થાય તે.

* હે માતા! ઈન્દ્ર પણ કોનો નોકર છે?

—'મારા પુત્રનો.' (–તીર્થંકર -જિનદેવનો ઈન્દ્ર સેવક છે.)

—આમ અનેક પ્રકારે તેઓ તીર્થંકરનો મહિમા કરી કરીને પોતાની ધર્મભાવનાને પુષ્ટ કરતા હતા. એક આશ્ચર્યકારી વાત એ હતી કે ગર્ભસ્થ બાળકની તો વૃદ્ધિ થતી હતી, પરંતુ માતાનું ઉદર વધતું ન હતું. માતા–પુત્ર બંનેના દિવસો સુખમય વીતતા હતા.

માગસર સુદ ૧૧ નો દિવસ છે.. સ્વર્ગલોકમાં ઈન્દ્રસભા ભરાણી છે; અનેક પ્રકારે સંગીત-નૃત્યદ્વારા તેમ જ જિનશાસનના મહિમાની ચર્ચા દ્વારા સર્વત્ર આનંદ ફેલાઈ રહ્યો છે. એવામાં એકાએક આખો દેવલોક દિવ્ય ઘંટનાદથી ધણધણી ઊઠ્યો, ઈન્દ્રાસન જાણે ધ્રૂજી ઊઠ્યું. સૌ આશ્ચર્યમાં પડી ગયા....અરે આ શું! ઈન્દ્રે આશ્ચર્યથી અવધિજ્ઞાનનો પ્રયોગ કર્યો : 'અહા! ભરતક્ષેત્રની મિથિલાપુરીમાં તીર્થંકરનો અવતાર થયો છે....આનંદ....મહા આનંદ! ચાલો દેવો, પ્રભુના જન્મકલ્યાણકનો ઉત્સવ કરવા મિથિલાનગરીમાં જઈએ.'

માતા પ્રજાવતીએ તીર્થંકરપુત્રને જન્મ આપ્યો. આખી નગરી દિવ્યપ્રકાશથી ઝગઝગી ઊઠી. નગરજનોના હર્ષાનંદનો દરિયો ઊછળ્યો....આકાશમાં દૈવી વાજાં વાગવા માંડ્યા....રત્નવૃષ્ટિ થવા લાગી....ને દેવોનાં ટોળેટોળાં સહિત ઈન્દ્ર–ઈન્દ્રાણી જયજયકાર કરતાં મિથિલાપુરીમાં ઊતર્યા. તે વખતે આટલા બધા દેવોનો દૈવી ઠાઠમાઠ દેખીને આશ્ચર્ય થતું હતું કે અરે, આ તે મિથિલાપુરી છે કે સ્વર્ગલોક છે! એક દેવે પોતે ઐરાવત હાથીનું અદ્ભુત રૂપ ધારણ કર્યું હતું; તેની શોભા ખરેખર ચમત્કારિક હતી.

ઐરાવતપર આવીને ઈન્દ્ર મહારાજે મિથિલાપુરી નગરીની ત્રણ પ્રદક્ષિણા કરીને તેનું બહુમાન કર્યું. અને ઈન્દ્રાણી રાજમહેલમાં જઈને બાલતીર્થંકરને ગોદમાં તેડી લાવી. અહા, દેવીપર્યાયમાં ઈન્દ્રાણીને જોકે પુત્ર નથી હોતો. પરંતુ તીર્થંકર જેવા બાળકને પોતાની ગોદમાં લેતાં તે ઈન્દ્રાણીને પ્રસન્નતાનો પાર ન રહ્યો. તીર્થંકરના સ્પર્શે તેનો આત્મા કોઈ કલ્પનાતીત સુખનું વેદન કરવા લાગ્યો; ને સ્પર્શથી પણ પાર આત્માના અતીન્દ્રિયસ્વભાવનો મહિમા ચિંતવીને તે દેવીએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. તે બાલતીર્થંકરને ઐરાવત ઉપર બિરાજમાન ઈન્દ્રના હાથમાં સોંપતાં ઈન્દ્રાણી બોલી–અહા દેવ! આજે મારું જીવન ધન્ય બન્યું....તીર્થંકરને ગોદીમાં લઈને તેમના સીધા સ્પર્શથી હું મોક્ષગામી બની. માતા

પાસે સેવામાં રહેલી ૫૬ કુમારિકા દેવીઓના હર્ષાનંદનો તો આજે પાર ન હતો : આ ઈન્દ્રાણી તો જન્મકલ્યાણક ઊજવીને આજે જ પાછી સ્વર્ગમાં ચાલી જશે, ત્યારે અમે તો વર્ષો સુધી બાલતીર્થંકરની સાથે રહેશું ને રોજરોજ હાથમાં તેડીને તેને રમાડશું.

મેરુ ઉપર જઈને ઈન્દ્રે તીર્થંકરના જન્માભિષેકનો અતિ ભવ્ય મહોત્સવ કર્યો. મેરુ ઉપર ધ્યાન કરનારા મુનિવરો પણ એ દેખીને જિનેન્દ્રમહિમામાં લીન બન્યા; વિદ્યાધરો પણ આશ્ચર્યચકિત થઈને તીર્થંકર–મહિમામાં મુગ્ધ બન્યા; અરે, ઈન્દ્ર–ઈન્દ્રાણી પોતે પણ જેને દેખીને આનંદથી નાચી ઊઠે–તે તીર્થંકરના મહિમાની શી વાત! અને હજી બાલતીર્થંકર (દ્રવ્ય તીર્થંકર) નો આવો અદ્‌ભુત મહિમા....તો કેવળજ્ઞાન પામેલા સાક્ષાત્ ભાવ–તીર્થંકરના મહિમાની શી વાત!! જન્માભિષેકમાં એક વિશેષતા હતી : સામાન્યપણે તો સ્નાન વડે મનુષ્યશરીરથી સ્પર્શાયેલું જળ અપવિત્ર થઈ જાય છે, ત્યારે ભગવાનના અસાધારણ શરીરને સ્પર્શાયેલું જળ તો ઊલટું એવું પવિત્ર ને સુગંધી બની ગયું....કે દેવોએ પણ તે ગંધોદકને મસ્તકે ચડાવ્યું. પ્રભુના જન્માભિષેક પછી તે ઈન્દ્રે જગતને આશ્ચર્ય પમાડનારું તાંડવનૃત્ય કર્યું; અને ઈન્દ્રાણીએ સ્વર્ગેથી લાવેલા સર્વોત્તમ વસ્ત્રાલંકારવડે બાલપ્રભુને શણગાર્યા; મંગળ તિલક કર્યું. ભગવાનના ચરણમાં કુંભનું (કળશનું) મંગલ ચિહ્ન હતું, તે એમ સૂચવતું હતું કે આ ભગવાન 'અમૃતના કુંભ' છે, ધર્મરૂપી અમૃતના ઘડા તેમના અંતરમાં ભર્યા છે. ઈન્દ્રે 'મલ્લિકુમાર' એવા સંબોધનપૂર્વક ૧૦૦૮ ઉત્તમ ગુણો વર્ણવીને પ્રભુની મહાન સ્તુતિ કરી : અહો દેવ મલ્લિનાથ! આપ પરમ પુરુષ છો; કામશત્રુને જીતવા માટે આપ મલ્લ છો. મોક્ષપુરુષાર્થના આપ નાયક છો. હે દેવ! આપની સ્તુતિ કરીને અમે એમ નથી માંગતા કે આપ અમને સંસારની કોઈ વિભૂતિ આપો! અમે તો રાગરહિત પરમાત્મપદની જ ચાહના કરીએ છીએ; આપના જેવી ચૈતન્યવિભૂતિ પામવા માટે જ અમે આપને સેવીએ છીએ.

એ રીતે, વિદેહક્ષેત્રની વચ્ચે મેરુ ઉપર જઈ, ત્યાં સિદ્ધશીલાની જેમ શોભતી પાંડુકશીલા પર મલ્લિકુમાર–પ્રભુને નવડાવીને જન્મોત્સવ કર્યો; પછી તે પ્રભુની સવારી સહિત ઈન્દ્રસેના ભરતક્ષેત્રમાં પાછી આવી, ને મિથિલાપુરીના રાજમહેલમાં આનંદમય નૃત્ય-નાટક વડે ફરી ભવ્ય મહોત્સવ કર્યો; મહારાજા કુંભ–પિતા અને મહાદેવી–પ્રજાવતીમાતાનું પણ બહુમાન કર્યું; અહા, એ વખતે રાજમહેલની શોભા કોઈ અવર્ણનીય હતી. જેની અંદર તીર્થંકર પોતે રહેતા હોય–તેના મહિમાની શી વાત!–જુઓને મુમુક્ષુના અંતરમાં પરમાત્મા બિરાજે છે તેથી તેની અદ્‌ભુત શોભા ઉપર મોક્ષસુંદરી પણ મુગ્ધ બની જાય છે. મિથિલાના પ્રજાજનો આજે દેવલોકના દેવો કરતાંય પોતાને વધારે ગૌરવશીલ સમજતા હતા,– કેમકે દેવલોકનો રાજા તો અહીં આવીને તેમની નગરીમાં નાચતો હતો! આવો અપૂર્વ જિનમહિમા દેખીને, ઘણાજીવો જૈનધર્મની શ્રદ્ધાવડે સમ્યગ્દષ્ટિ બની ગયા.

–પ્રભુના જન્મોત્સવની ખુશાલીમાં મહારાજા–કુંભ તરફથી, જેને જે વસ્તુની ઈચ્છા હોય તેને તે વસ્તુનું દાન દેવામાં આવતું હતું; પરંતુ પ્રજાજનો એટલા તૃપ્ત હતા કે તે 'કિમિચ્છક' દાન લેનારની પણ ભીડ થતી ન હતી. પ્રભુના જન્મની ખુશાલીમાં ગુનેગારોને જેલમાંથી છોડી દેવામાં આવ્યા; અને તે ગુનેગારોએ પણ જિનેન્દ્રમહિમા જાણીને પોતાના હૃદયનું પરિવર્તન કરી નાંખ્યું, પાપપ્રવૃત્તિ છોડીને ધાર્મિક સંસ્કારવાળું સદાચારી જીવન અંગીકાર કર્યું. શેરીએ–શેરીએ ને ઘરેઘરે ધજા–વાવટાના શણગાર

થયા, મંગલ વધાઈનાં ગીત ગવાયા અને રંગબેરંગી રત્નોથી ચોક પૂરાયા. 'અહો, આપણી નગરીમાં ભગવાન જન્મ્યા છે'–બસ! આ એક જ વાત સ્ત્રી કે પુરુષ, બુઢ્ઢા કે બાળક સૌમાં ચર્ચાતી હતી. લોકોનાં ટોળેટોળાં રાજમહેલના આંગણે જતા ને એ નાનકડા બાલપ્રભુની દિવ્યતા દેખીને હર્ષથી ગાંડાઘેલા થઈ જતા હતા; 'અહા, અમે ભગવાનના સાક્ષાત્ દર્શન કર્યા' એવી તૃપ્તિ પામતા ને જીવનની ધન્યતા અનુભવતા. જો કે તેમાંય ઘણા જીવો તો પ્રભુના શરીરની જ દિવ્યતા દેખીને તેમાં મોહિત બની જતા; શરીરથી જુદા પ્રભુના સમ્યક્ત્વાદિ આત્મગુણોની સુંદરતાને તો કોઈક ભેદવિજ્ઞાની જીવો જ દેખતાં હતા; ને જેઓ તે આત્મિક સુંદરતાને દેખતા તેઓ પોતામાં પણ સમ્યક્ત્વાદિભાવો વડે પોતાના આત્માની સુંદરતાને અનુભવતા હતા. કેમકે—

**જે જાણતો અરિહંતને, ચેતનમયી શુદ્ધભાવથી,**
**તે જાણતો નિજાત્મને, સમ્યક્ત્વ લ્યે આનંદથી.**

* * *

૧૮ મા તીર્થંકર અરનાથ પછી ૧ હજાર કરોડ વર્ષ વીત્યા બાદ ૧૯ મા તીર્થંકર મલ્લિનાથ થયા; તેમનું બાલપણ અનેરું હતું. તેમની સાથે રમવા દેવો આવતા; કોઈ હાથીના બચ્ચાનું રૂપ ધારણ કરીને નાનકડા પ્રભુને સૂંઢ પર ઝુલાવતા ને પોતાના પર સવારી કરાવતા; કોઈ વાંદરાનું રૂપ ધારણ કરીને ગમ્મત કરતા; નાનકડી દેવીઓ પ્રભુને ઝૂલે ઝૂલાવતી ને ખૂબ ઊંચા હીંચકા નાંખતી...છતાં બાલપ્રભુ બીતા ન હતા. કોઈવાર તે દેવો નાનકડા રત્નવિમાનમાં બેસાડી પ્રભુને ગગનવિહાર કરાવતા. તેમની બાલક્રીડાઓ જીવહિંસા વગરની નિર્દોષ હતી. તે કુમાર દેવ–દેવીઓ, પ્રભુ સાથે માત્ર ગમ્મત નહોતા કરતા, સાથે સાથે આત્માની અવનવી વાત પૂછીને પ્રભુ પાસેથી આત્મજ્ઞાન પણ લેતા હતા. મલ્લિકુમાર જ્યારે આનંદસહિત શાંતચેષ્ટાથી આત્માનો મહિમા કહેતા ત્યારે આઠ–દસ વરસના કેટલાય બાળકો ને બાલિકાઓ પણ આત્મજ્ઞાન પામી જતા હતા. આ રીતે તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવ્યા પહેલાં જ એ બાલતીર્થંકરે તો તીર્થંકરપણાનું કામ શરૂ કરી દીધું હતું! એમનો આત્મા પોતે જ સ્વયં તીર્થરૂપ હતો,–પછી જડ પ્રકૃતિની શી જરૂર? જ્ઞાનચેતનાથી ભરેલી તેમની બાલચેષ્ટાઓ દેખીને તેમ જ અમૃત જેવી મીઠી વાણી સાંભળીને માતા-પિતા તેમ જ પ્રજાજનો અત્યંત પ્રસન્નતા પામતા ને મહાન તૃપ્તિ અનુભવતા હતા.

હવે મલ્લિકુમારે બાલવય છોડીને યુવાનીમાં પ્રવેશ કર્યો; તેમનો દેહ વજ્ર જેવો મજબુત, સર્વાંગસુંદર અને ઉત્કૃષ્ટ પુણ્યરૂપ પરમાણુઓથી રચાયેલો હતો; તેમનું આયુ ૫૫૦૦૦ વર્ષ હતું; તેમને માટે દેવલોકમાંથી ભોગોપભોગની ઉત્તમ સામગ્રી ઈન્દ્ર મોકલતો હતો; એવા લોકોત્તર વૈભવની વચ્ચે પણ રાગ–દ્વેષથી પાર એવા સમભાવનું વેદન તેમને ચાલુ જ હતું. તેમનું જીવન વ્રતસંપન્ન હતું. 'સદન નિવાસી તદપિ ઉદાસી'–એવા તેઓ દરરોજ નિર્વિકલ્પ આત્મધ્યાન કરતા હતા. અહા, નિર્વિકલ્પરસને પીનારા તે ભગવાન શું સંસારમાં હતા?–કે સંસારથી અલિપ્ત હતા?–તેમના અંતરના એ ગુપ્ત રહસ્યને જ્ઞાનીજનો જ જાણતા હતા.

યુવરાજ–મલ્લિકુમાર કોઈ કોઈવાર રાજસભાને પણ શોભાવતા, અને ન્યાય–નીતિની તથા

ધર્મની આશ્ચર્યકારી ચર્ચા કરીને રાજસભાને મુગ્ધ કરી દેતા. હવે માતા–પિતા પુત્રવધુને જોવા આતુર હતા, પરંતુ કુમારની ઉદાસીન વૃત્તિ જોઈને તેઓ આગ્રહ કરી શકતા ન હતા.


એમ કરતાં કરતાં, યુવરાજ મલ્લિકુમાર ૧૦૦ વર્ષના થયા; અત્યંત સુંદર યુવાન હોવા છતાં તેઓ મોક્ષસુંદરી સિવાય બીજી કોઈ સ્ત્રી ઉપર મુગ્ધ થયા ન હતા; મોક્ષમાં જ તેમનું ચિત્ત લાગેલું હતું. એકવાર રાજા પૃથ્વીપતિ તરફથી તેમની અતિ સુંદર કન્યા રતિકુમારી માટે કહેણ આવ્યું, માતા–પિતાને તે કન્યા એકદમ પસંદ પડી ગઈ. ત્યારે મલ્લિકુમાર મૌન રહ્યા પરંતુ તેમના મંદમંદ મુશ્કેરાટ વડે માતા–પિતા તેમની સંમતિ સમજી ગયા. અને તરત લગ્ન માટે તૈયારી કરી. માગશર સુદ અગિયારસે પ્રભુનો જન્મદિવસ હતો, અને લગ્ન પણ તે જ દિવસે નક્કી થયા. આખી મિથિલાપુરીમાં સર્વત્ર અદ્ભુત શોભા–શણગાર થવા લાગ્યા. રાજમહેલને દૈવી અલંકારો વડે શણગારવામાં આવ્યો હતો. એટલું જ નહિ, મિત્રદેવોએ 'અગમ્ય હેતુપૂર્વક' મિથિલાના રાજમહેલના આંગણે એક નવી અદ્ભુત દૈવી રચના કરી હતી–જાણે કે દેવોનું 'અપરાજિત–વિમાન' જ હોય!

મલ્લિકુમારે પૂછ્યું : અરે, આ બધો ઠાઠમાઠ શેનો છે? ત્યારે માતાએ હસીને કહ્યું : મારા લાલ આ બધી તારા લગ્નની તૈયારી ચાલી રહી છે! પુત્રવધુનું મુખ જોઈને અમને મહાન આનંદ થશે; તારી જાન જોડવા માટે તૈયારી થઈ રહી છે, રાજા–મહારાજાઓ પણ આવ્યા છે.

મલ્લિકુમાર ક્ષણભર તો આશ્ચર્યચકિત થઈને માતા સામે જોઈ રહ્યા : પછી બોલ્યા : બા, હું મારા આત્માને સંસારબંધનમાં પાડવા માંગતો નથી.....મને મોક્ષસુંદરીની લગની લાગી છે, તેથી સંસારની બીજી કોઈ સ્ત્રીમાં મારું મન લાગતું નથી. મારે હજી ઘણી આત્મસાધના કરવાની છે.

માતાએ કહ્યું : હા બેટા, એ વાત હું જાણું છું; હજી તો તું નાનો છો; રાજસુખ ભોગવ, અમને આનંદ આપ અને પછી આત્મસાધના કરજે.

મલ્લિકુમાર કાંઈ બોલ્યા વગર ઊંડા વિચારમાં ઊતરી ગયા...જાનના પ્રસ્થાનની તૈયારી થઈ. ઉત્તમ હાથી પર આરૂઢ, અદ્ભુત વસ્ત્રાલંકારોથી સુસજ્જ વરરાજા મલ્લિકુમારની જાન લગ્ન માટે વિદાય થઈ; જે કોઈ મલ્લિકુમારનો ઠાઠમાઠ જોતાં તેઓ મુગ્ધ બની જતા. જાન રાજમહેલના દરવાજેથી



બહાર નીકળતી હતી, ત્યારે નગરીની અદ્ભુત શોભા તથા અપરાજિત–વિમાન જેવી રચના એ મલ્લિ–વરરાજાની નજરે પડી; એકાએક તેમના જ્ઞાનમાં આભાસ થયો : અરે આવી શોભા તો મેં પૂર્વે પણ જોયેલી છે : બસ તેમને જાતિસ્મરણ થયું, અપરાજિત વિમાનની વિભૂતિ દેખાણી :

અરે, એ દેવલોકની દિવ્યવિભૂતિઓ પાસે આ શોભાની તો શી ગણતરી! અસંખ્ય વર્ષ હું એ દેવલોકની

વિભૂતિ વચ્ચે રહ્યો; જેની મને મમતા હતી તેનો પણ આખરે તો વિયોગ જ થયો. આ ક્ષણભંગુર શોભાના સંયોગથી આત્માને શું? આત્માની શોભા રત્નત્રયના વીતરાગભાવથી જ છે. (વળી તેમને બીજા ભવનું જ્ઞાન થયું:) અહા, તે ભવમાં હું વૈશ્રવણ રાજા હતો ને મેં રત્નત્રયવ્રત કર્યું હતું તથા જિનદીક્ષા લઈને રત્નત્રયની આરાધના કરી હતી. ત્યાંથી અપરાજિત વિમાનમાં અહમિન્દ્ર થઈને ત્યાંના દૈવી વૈભવો અસંખ્યાત વર્ષો સુધી મેં ભોગવ્યા...છતાં આત્માને તૃપ્તિ તો ન જ થઈ. હવે આ તૂચ્છ ભોગોમાં આસક્ત રહેવું મને શોભતું નથી.

પ્રભુ મલ્લિકુમારનું ચિત્ત સંસારથી વિરક્ત થયું; જન્મદિવસ, વિવાહની તૈયારી ને વૈરાગ્ય–એ ત્રણ પ્રસંગનો સંગમ થયો. જાનના ઠાઠમાઠને બદલે એકાએક જિનદીક્ષાનું વાતાવરણ સરજાઈ ગયું. વૈરાગી પ્રભુ ચિંતવવા લાગ્યા : અરે, આ સંસારનો ઉપભોગ જીવને બંધનકર્તા છે; જેને કેવળ મોક્ષની જ ચાહના છે એવા મુમુક્ષુએ આ સંસારના બંધનમાં બંધાવું યોગ્ય નથી; સંસારના બંધનમાં સ્ત્રીનું બંધન મુખ્ય છે; વિવાહકાર્ય મુમુક્ષુને માટે લજ્જાસ્પદ અને મોક્ષસાધનામાં વિઘ્ન કરનારું છે. બસ, મારે વિવાહ નથી કરવા. હું તો આજે જ મહેલ છોડીને વનમાં જઈશ ને જિનદીક્ષા લઈને પરમાત્મપદને સાધીશ.

–આમ પરમ વૈરાગ્યપૂર્વક પ્રભુ મલ્લિકુમારે જિનદીક્ષા માટેનો પોતાનો નિશ્ચય જાહેર કર્યો ને વૈરાગ્ય–ચિંતનમાં તત્પર થયા. માતા–પિતા અને પ્રજાજનો તો આ જોઈને સ્તબ્ધ બની ગયા; ચારેકોર હાહાકાર ફેલાઈ ગયો; શું બોલવું તે કોઈને સૂઝ્યું નહિ. કોની તાકાત કે એ વૈરાગી–સિંહને ફરી સંસારના પીંજરે પૂરાવાનું કહે! લગ્નની જાનમાં જોડાવા માટે આવેલા રાજાઓએ વિચાર્યું : અરે, આ સંસારની જાન તોડીને પ્રભુ હવે મોક્ષની જાન જોડે છે, તો તેમાં પણ અમે તેમની સાથે જ રહેશું; ભોગમાં સાથે હતા તો હવે યોગમાં પણ પ્રભુની સાથે જ રહેશું ને મોક્ષને સાધશું.–આ રીતે પ્રભુ મલ્લિરાજની સાથે ૩૦૦ રાજાઓ પણ જિનદીક્ષા લેવા તૈયાર થયા. 'વિવાહ સમયે વૈરાગ્ય' એ તીર્થંકર મલ્લિનાથના જીવનની એક મહત્વની આશ્ચર્યકારી ઘટના બની; ત્યારે દેવલોકમાં પણ ખળભળાટ મચી ગયો.

રાજમહેલમાં પણ એકદમ ઊથલપાથલ થવા માંડી. માતા પ્રજાવતીથી પુત્રવિરહનું આ દૃશ્ય જીરવી શકાયું નહીં, એકદમ શોકથી તે રડી પડી. પિતાજી કુંભરાજા પણ ઘડીભર સૂનમૂન થઈ ગયા : 'બેટા! તું જિનદીક્ષા ન લે'–એમ તો કેમ કહેવાય? અને 'બેટા, તું દીક્ષા લેવા જા' એવું વિદાયવચન પણ કેમ નીકળે? બંને જાણતા કે વૈરાગીપુત્ર હવે દીક્ષા લેવાનો જ છે, તેને કોઈ રોકી શકે નહિ, પણ પુત્રમોહને લીધે આવા કલ્યાણક પ્રસંગે પણ ઘડીભર તેમને શોક થવા લાગ્યો : રે મોહ! તું કેવો દુષ્ટ છો–કે નજર સામેના ભરપૂર આનંદને પણ ભોગવવા નથી દેતો!!

પ્રભુ મલ્લિકુમારે અતિ કોમળ વૈરાગ્ય–સંબોધન વડે તેમનો મોહ દૂર કરાવતાં કહ્યું : હે માત! હે તાત! આ મોહ છોડો! હું તમારા બાળક તરીકે રહું તેના કરતાં પરમાત્મા થઈને તમને દર્શન દઉં...એ શું તમને પરમ ઈષ્ટ નથી? અત્યારે મને પુત્ર તરીકે જોઈને તમને જે આનંદ થાય છે, તેના કરતાં મને પરમાત્મા તરીકે જોઈને તમને વિશેષ આનંદ થશે. ને હે માતા, હે પિતા! તમારે પણ અંતે સંસારમોહ તોડીને વૈરાગ્યપંથે જ આવવાનું છે. તમે તો તત્ત્વને જાણનારા છો; માટે શોચ છોડો ને જે પરમાત્મપદની સાધના માટે હું જાઉં છું તેમાં અનુમોદન કરીને તમે પણ તેની ભાવના ભાવો!

પિતાએ કહ્યું : દેવ! તમારી વાત સત્ય છે; તમે તીર્થંકર થવા અવતર્યા છો, તમને સંસારના બંધનમાં બાંધી શકાય નહિ. તમે તો જગતને પણ મોક્ષમાર્ગ બતાવીને બંધનથી છોડાવનારા છો. બેટા, અમારો મોહ હવે દૂર થયો છે; હવે અમે તમને માત્ર પુત્ર તરીકે નહિ પણ પરમાત્મા તરીકે જોઈએ છીએ! તમે જ્યારે કેવળજ્ઞાન પામીને તીર્થંકર થશો—ત્યારે અમે પણ તમારા સમવસરણમાં આવશું ને વ્રત—મહાવ્રત અંગીકાર કરીને આત્માનું કલ્યાણ કરશું! માતા તો કંઈ બોલી શક્યા નહિ; મૌન રહીને પ્રભુ સામે જોઈ રહ્યા.

હે માતાજી! હું આત્મસાધનામાં આળસ નહીં કરું; બહુ થોડા જ દિવસોમાં હું કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મસ્વરૂપે તમને દર્શન દઈશ.—આમ કહીને તે વૈરાગીકુમાર તેમને નમન કરીને વીતરાગમાર્ગે ચાલ્યો. માતા-પિતા વૈરાગ્યથી સ્તબ્ધ થઈને આંસુભીની આંખે એ પરમાત્માને જતા જોઈ રહ્યા.

એ જ વખતે લૌકાંતિકદેવોએ આવીને પ્રભુને નમસ્કાર કર્યા અને સ્તુતિ કરી : હે દેવ! આપ કુમારઅવસ્થામાં દીક્ષા લઈ રહ્યા છો તે ઉત્તમ કાર્ય છે...આ ચોવીસીમાં લગ્ન વગર કુમારઅવસ્થામાં દીક્ષા લેનારા પાંચ તીર્થંકરોમાં આપ બીજા છો. પહેલાં વાસુપૂજ્ય તીર્થંકરે પણ બાલબ્રહ્મચારીપણે દીક્ષા લીધી હતી, પછી આપ પણ વિવાહ સમયે જ વૈરાગી થઈને બાલબ્રહ્મચારીપણે દીક્ષા લેવા તૈયાર થયા છો ને ભવિષ્યમાં અંતિમ ત્રણ તીર્થંકરો પણ બાલબ્રહ્મચારીપણે દીક્ષા લેશે.—

**''શ્રી વાસુપૂજ્ય—મલ્લિ—નેમ....પારસ—વીર અતિ,**
**નમું મન—વચ—તન ધરી પ્રેમ...પાંચો બાલયતિ.''**

—હે દેવ! કેટલાક લોકો એમ સમજે છે કે તીર્થંકરને વૈરાગ્ય જાગતાં લૌકાંતિકદેવો આવીને તેમને સંબોધે છે ને તેમના વૈરાગ્યને દૃઢ કરે છે : પરંતુ હે દેવ! એ વાત કલ્પનામાત્ર છે : અમે આપને સંબોધન કરનારા કોણ? આપ પોતે જ સ્વયંબુદ્ધ છો, પરમવૈરાગી છો ને અમને બધાને સંબોધન કરનારા છો. અખંડ તેજથી સ્વયં પ્રકાશમાન સૂરજને શું દીવાની જરૂર છે? હે નાથ! અમે આપને સંબોધવા નહિ પણ માત્ર ભક્તિવશ અમારા વૈરાગ્યની દૃઢતા માટે આપની સેવામાં આવ્યા છીએ. ''હે દેવ! આપના જેવી રત્નત્રયવિભૂતિ અમને પણ પ્રાપ્ત થાઓ!'' એવી ભાવના કરીને તે દેવો સ્વસ્થાનકે પાછા ગયા. પ્રભુનું ચિત્ત પોતાના આત્મચિંતનમાં લાગ્યું હતું, તેઓ બાર પ્રકારની વૈરાગ્યઅનુપ્રેક્ષા ચિંતવી રહ્યા હતા :—

(૧) ચેતનરૂપ મારા સ્વધર્મો જ સદા મારી સાથે એકત્વરૂપ છે; બાકી બધાય સંયોગો 'અધ્રુવ' છે; મારી સાથે તે કોઈ શાશ્વત રહેનારાં નથી.

(૨) કોઈ પણ સ્નેહીજનો કે ધનવૈભવ મને શાંતિ આપનાર કે દુઃખથી બચાવનાર નથી; તેથી તે બધા મને 'અશરણ' છે; રત્નત્રયધર્મરૂપ મારો આત્મા જ મને શરણ છે.

(૩) આત્મસ્વરૂપ ભૂલીને, મિથ્યાત્વ અને કષાયવશ જીવે સંસારમાં ભવ કરી કરીને અનંત મહાન દુઃખો અનંતવાર ભોગવ્યા. તે 'સંસાર' દુઃખથી છૂટવા વીતરાગભાવ જ કર્તવ્ય છે.

(૪) સંસારમાં કે મોક્ષમાં સર્વત્ર જીવ 'એકલો' છે. સંસારમાં પુણ્ય—પાપ તેના સાથી છે ને મોક્ષમાં

જવા માટે સમ્યક્ત્વાદિ તેના સાથી છે. બીજું કોઈ તેનું સાથીદાર નથી.

(૫) અરે, રાગાદિ વિભાવો પણ મારા ચિદાનંદ સ્વરૂપથી ભિન્ન ‘અન્ય’ છે, ત્યાં શરીર કે સગાસંબંધીની શી વાત! તે બધાથી હું જુદો છું.

(૬) આ જીવને શરીરની મલિનતા કરતાં પણ વિષયકષાયના મલિનભાવો વધારે ‘અશુચિ’ ને દુઃખકારી છે; મારા પવિત્ર જ્ઞાનસ્વરૂપમાં મલિનભાવોને હું પ્રવેશવા નહીં દઉં.

(કોણ ભાવી રહ્યું છે આ વૈરાગ્યભાવના? પ્રભુ મલ્લિનાથ તીર્થંકર ભાવી રહ્યા છે.)

(૭) અરે, મિથ્યાત્વાદિ ભાવોની તો શી વાત! એક સૂક્ષ્મ શુભરાગરૂપ છીદ્ર પણ જીવની નૌકાને ભવસમુદ્રથી તરવા દેતું નથી, ને કર્મોનો આસ્રવ કરીને ભવમાં રખડાવે છે; માટે તે રાગાદિ ‘આસ્રવ’ ભાવો સર્વથા રોકવા જેવા છે.

(૮) તે રાગાદિ આસ્રવભાવોને સર્વથા રોકવા માટે અને જીવની નૌકાને ભવથી પાર કરવા માટે, આત્માના સમ્યક્ત્વાદિ શુદ્ધભાવરૂપ ‘સંવર’ જ ઉત્તમ સાધન છે.

(૯) પૂર્વે બંધાયેલા દીર્ઘ સ્થિતિવાળા કર્મોને પણ હું આત્મશુદ્ધિની વૃદ્ધિ વડે શીઘ્ર તોડીને, આત્મામાંથી તેને ‘નિર્જરી’ નાંખીશ.

(૧૦) આત્મસ્વરૂપમાં એકાગ્ર થયેલો શુદ્ધ ઉપયોગ, તે મોહ કે ક્ષોભ વગરનો છે, વીતરાગી સમભાવરૂપ છે, તે જ મારો ‘ધર્મ’ છે. તેના વડે હું મારા આત્માને સંસારથી ઉદ્ધારીને સિદ્ધપદમાં સ્થાપીશ.


(૧૧) મારા અનંતગુણ-પર્યાયોથી ભરેલો મારો ચૈતન્ય ‘લોક’ મારામાં પરિપૂર્ણ છે; તેને જ અતંર્મુખ અવલોકન વડે હું અવલોકું છુ; તેનાથી બહાર અનેક વિચિત્રતાથી ભરેલા લોક’માં કાંઈ પણ મારું નથી.

(૧૨) નરક—તિર્યંચના અતિઘોર દુઃખો, કે દેવો—મનુષ્યની વિભૂતિઓ પણ અનંતવાર જીવ પામ્યો, તે કાંઈ દુર્લભ કે અપ્રાપ્ત નથી; જીવને પોતાના સ્વરૂપની અનુભૂતિરૂપ ‘બોધિ’ તે જ પરમ દુર્લભ છે, અને તે જ જીવને મહાન સુખ દેનાર છે. તેની પ્રાપ્તિનો આ અવસર છે; માટે અખંડબોધિની આરાધના જ કર્તવ્ય છે; તેમાં આળસ કરવા જેવી નથી. મુમુક્ષુ બુદ્ધિમાન જીવોએ કાળનો એક કણિયો પણ ધર્મ વગર વીતાવવો ન જોઈએ.

આ પ્રમાણે ઉત્તમ વૈરાગ્યભાવનાના ચિંતનપૂર્વક પ્રભુ મલ્લિકુમાર જિનદીક્ષા માટે વનગમન કરવા ઉત્સુક થયા. તે જ વખતે ઈન્દ્રાદિ દેવો દીક્ષાકલ્યાણક ઊજવવા માટે ‘જયંતી’ નામની સુંદર શિબિકા લઈને મિથિલાપુરીમાં આવી પહોંચ્યા. પ્રભુ પાલખીમાં આરૂઢ થયા.

પોતાની નગરીના રાજકુમારને ભરયુવાનવયે રાજપાટ છોડીને વનગમન કરતાં દેખીને પ્રજાજનો વૈરાગ્યથી ગદ્ગદ્ભાવે અભિનંદી રહ્યા હતા : અહા, દેખો આ રાજકુમાર! લગ્નપ્રસંગે જ રાજભોગોને છોડીને સાધુ થવા વનમાં જાય છે. લોકો તો ભોગોપભોગ પાછળ દોડે છે, ભોગોને ભોગવીને થાકી જાય તોપણ તેને છોડતા નથી; ત્યારે આ વૈરાગી રાજકુમાર તો પોતાને મળેલા દિવ્યભોગોને પણ ભોગવ્યા

**મલ્લિનાથની જાન ચાલી મુક્તિસુંદરી વરવા....**



વગર જ ત્યાગી રહ્યા છે. ધન્ય એનો અવતાર! ધન્ય એમનું આત્મજ્ઞાન ને ધન્ય એમનો વૈરાગ્ય!! થોડીવાર પહેલાં જે રાજાઓ અને હાથી વગેરે વૈભવ મલ્લિકુમારના લગ્નની જાનમાં જવા ઠાઠમાઠથી તૈયાર થયા હતા, તે બધાય હવે પ્રભુની સાથે મોક્ષની જાનમાં જવા તૈયાર થયા....ભોગમાર્ગના સાથીદારો હવે યોગમાર્ગમાં સાથીદાર બન્યા. અનેક હાથી–ઘોડા વગેરે પ્રાણીઓ પણ પ્રભુની પાછળ–પાછળ શ્વેતવનમાં ચાલ્યા. વિવાહ માટેની જાન વખતે, જે પટ્ટહાથી ઉપર વરરાજા મલ્લિકુમાર બેઠા હતા, તે હાથી પણ તેમને સંસારથી વિરક્ત મુનિદશામાં દેખીને આશ્ચર્યપૂર્વક અતિ લાગણીથી તેમની સમીપમાં જ બેસી રહ્યો; તે પ્રભુની પરમશાંત ધ્યાનમુદ્રા સામે જોઈ રહ્યો ને જાણે તે પોતે આંખ મીંચીને એવું ધ્યાન શીખવા લાગ્યો. તે હાથી વગેરેને પણ વનનું એ શાંતિભર્યું વાતાવરણ અને પ્રભુનું સાન્નિધ્ય છોડીને રાજમહેલમાં પાછા આવવાનું મન ન થયું એટલે તે પણ વનમાં જ રહી ગયા, ને પ્રભુની સમીપમાં રહી આત્મહિત કરવા લાગ્યા. ધન્ય સંતનું સાન્નિધ્ય!!

શ્વેતવનના ઉપશાંત વાતાવરણમાં જિનદીક્ષાનો એક મહાન મંગળ ઉત્સવ શરૂ થયો. જન્મની જેમ દીક્ષાકલ્યાણક વખતે પણ દેવો એકસાથે સાડાબાર કરોડ વાજાં વગાડતા હતા, પણ અત્યારે તેમાંથી વૈરાગ્યના પરમ શાંત સૂર નીકળતા હતા. અતિ શાંત અને રમણીય એવા તે શ્વેતવનમાં આવીને પ્રભુ મલ્લિનાથે ક્ષણભર આત્મચિંતન કર્યું; જનસમૂહ પ્રત્યે પરમ શાંત દૃષ્ટિથી એકવાર નજર કરી. પ્રભુની નજર ઝીલીને સૌ પાવન બન્યા. બસ, પ્રભુએ જાણે એ સમભાવ ભરેલી દૃષ્ટિ વડે સૌની વિદાય લીધી; મુગટ ને હાર ઉતાર્યા. મસ્તકના સુંવાળા કેશનો લોચ કરીને દેહ પ્રત્યે પરમ ઉપેક્ષાવૃત્તિ ધારણ કરી; ૐ નમઃ સિદ્ધેભ્યઃ એવા ઉચ્ચારપૂર્વક સિદ્ધોને વંદન કરીને પંચમહાવ્રતી–દિગંબર મુનિ થયા ને આત્મધ્યાનમાં ઉપયોગને એકાગ્ર કર્યો. તે જ ક્ષણે મલ્લિનાથ મુનિરાજને નિર્વિકલ્પ શુદ્ધોપયોગદશા પ્રગટી–પોતે જ સ્વયં 'ધર્મ' થયા, કેમ કે શુદ્ધોપયોગરૂપ થયેલો આત્મા તે જ શ્રમણ છે, તે જ મોક્ષમાર્ગ છે, તે જ કેવળજ્ઞાન છે અને તે જ સિદ્ધ છે. તીર્થંકર મુનિરાજના આત્મા આજે (માગશર સુદ અગિયારસે)રત્નત્રયરૂપે પરિણમીને શ્રમણ થયા, સાક્ષાત્ મોક્ષમાર્ગરૂપ પરિણમ્યા.

બે દિવસના ઉપવાસ બાદ તે તીર્થંકર મુનિરાજને મિથિલાપુરીમાં નંદીષેણરાજે નવધા ભક્તિપૂર્વક આહારદાન દઈને પારણું કરાવ્યું. તીર્થંકરમુનિરાજ જેવા સર્વોત્તમ સુપાત્રને આહારદાનનો પ્રસંગ બનતાં દેવોએ પણ આનંદિત થઈને જયજયકાર કરતાં આકાશમાંથી પુષ્પ–રત્નોની વૃષ્ટિ કરી, મોક્ષગામી મુનિના કરમાં ભોજન દેનારા તે મહાત્મા પોતે પણ મોક્ષના ભાજન બની ગયા, કેમકે એવો નિયમ છે કે તીર્થંકરને મુનિદશામાં પ્રથમ પારણું કરાવનાર જીવ તે જ ભવે અથવા ત્રીજા ભવે મોક્ષ પામે છે.

પ્રભુ મલ્લિનાથની આત્મસાધના આશ્ચર્યકારી હતી; મોહરાજાના સેનાપતિ એવા દુષ્ટ કામરૂપી મહાશત્રુને તો તેમણે પહેલેથી જ હણી નાંખ્યો હતો, તેથી બાકીના મોહને જીતતાં તેમને ઝાઝી વાર ન લાગી. મુનિદશામાં તેઓ છદ્મસ્થપણે માત્ર છ જ દિવસ રહ્યા....શુદ્ધાત્માના ધ્યાનની જોરદાર ધૂણી ધખાવીને તેમાં ઘાતિકર્મોનાં લાકડાંને એટલી ઝડપથી સળગાવી દીધા કે છ જ દિવસમાં તેઓ કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મા થયા. બધા તીર્થંકરોમાં મલ્લિનાથને મુનિદશામાં છદ્મસ્થપણે રહેવાનો કાળ સૌથી ઓછો હતો. મુનિ થયા પછી ભગવાન આદિનાથે છદ્મસ્થદશામાં એક હજાર વર્ષ કેવળજ્ઞાન માટે તપસ્યા કરી હતી, જ્યારે મલ્લિનાથે માત્ર છ દિવસની તપશ્ચર્યામાં કેવળજ્ઞાન લીધું. મિથિલાનગરીના જે શ્વેતવનમાં દીક્ષા લીધેલી તે જ વનમાં કેવળજ્ઞાન થયું; આ રીતે મિથિલાપુરી મલ્લિપ્રભુના ચાર કલ્યાણકથી પાવન થઈ. માત્ર ૧૦૦ વર્ષમાં મિથિલાપુરીની પ્રજાએ તીર્થંકર પ્રભુના ચાર કલ્યાણક પોતાના આંગણે નજરે જોયા. વાહ રે ધન્ય તે દેશ! ધન્ય તે કાળ! ધન્ય તે જીવો! ને સૌથી ધન્ય તે ભગવાન—આત્મા!

માગશર વદ બીજે ૧૯મા મલ્લિપ્રભુને કેવળજ્ઞાન થતાં ઈન્દ્રલોક ફરીને આનંદથી ખળભળી ઊઠ્યો; દેવો ભક્તિથી દોડી આવ્યા; ક્ષણભરમાં સમવસરણની રચના કરી; અને સર્વજ્ઞ પરમાત્માની પૂજા કરીને કેવળજ્ઞાનનો ભવ્ય મહોત્સવ ઊજવ્યો. એ સમવસરણની અદ્ભુત શોભાનું વર્ણન શબ્દોથી ન થઈ શકે, નજરે જુઓ તો જ એની દિવ્યતાની ખબર પડે. અહા, પરમાત્મા પોતે જેની વચ્ચે બિરાજતા હોય, તે સ્થાનની શોભા જગતમાં સર્વોત્કૃષ્ટ હોય—એમાં શી નવાઈ! અરે, એક નાનકડા સાધકના હૃદયમાં જ્યાં 'પરમાત્મા' બિરાજે છે ત્યાં તેની શોભા પણ ત્રણલોકના વૈભવથી શ્રેષ્ઠ શું નથી થઈ જતી!! એ સમવસરણમાં માત્ર એક (તીર્થંકર) પરમાત્મા જ નહિ—પણ બીજા બે હજાર ને બસો સર્વજ્ઞપરમાત્મા પણ એકસાથે બિરાજતા હતા. અહા, એ આશ્ચર્યકારી ધર્મદરબારની શી વાત!

એ ધર્મદરબારમાં જિનરાજાના દર્શન કરવા જીવોના થોકેથોક સમવસરણમાં ઊમટ્યા.... જીવોની પ્રસન્નતાનો પાર ન હતો. તીર્થંકરપ્રભુના સમવસરણની અદ્ભુત શોભા સજ્જનોને મહા આનંદ દેનારી હતી. તેમાં દાખલ થતાં જ તે ભવ્યાત્માઓને એમ થતું હતું. કે અહા, આ તો અમે અમારા મોક્ષમંડપમાં આવ્યા!! ચારે તરફ બેસીને ધર્મશ્રવણ અને આત્મસાધના કરનારા ગણધર દેવોથી માંડીને દેવો-મનુષ્યો-તિર્યંચોની બારસભારૂપે મોક્ષગામી ભવ્યજીવોનો મંગળ મેળો ત્યાં ઊભરાતો હતો. સર્વજ્ઞપરમાત્મા ભગવાન મલ્લિનાથ ચારે બાજુના જીવોને પોતાની સન્મુખ દેખાતા હતા; તેમની સન્મુખ જોનાર જીવ તેમના દેહદર્પણમાં પોતાના સાત ભવને દેખી શકતો, અને જો તેમના આત્મદર્પણમાં દેખે તો તે જીવ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને પણ દેખી લેતો હતો. ઘણાય જીવો તો સમવસરણમાં અંદર ગયા પણ પછી પાછા બહાર ન આવ્યા,—સમવસરણમાં જ પ્રભુસન્મુખ આત્મજ્ઞાન પામીને એવી આત્મસાધના કરી કે ત્યાં જ મુનિ થઈ, કેવળજ્ઞાન પ્રગટાવી, મોક્ષ પામી સીધા સિદ્ધપુરીમાં પહોંચી ગયા. સમવસરણમાં અંદર ગયા પણ બહાર ન આવ્યા. સમવસરણમાં કોઈ જીવનું મરણ ન થાય, પણ મોક્ષ થાય. મોક્ષ એ કાંઈ મરણ નથી, એ તો શાશ્વત જીવન છે.

શ્રી તીર્થંકરપ્રભુના પુણ્યપ્રતાપે સમવસરણભૂમિનું એક આશ્ચર્ય એ છે કે તેની જગ્યાના ક્ષેત્રફળ કરતાંય અનેક ગણી સંખ્યાના દેવ-મનુષ્ય-તિર્યંચો તેમાં ભીડ વગર સમાઈ જાય છે. સમવસરણમાં

કોઈને રોગ કે દુ:ખાવો થતા નથી, ભૂખ–તરસ લાગતા નથી, વેરવિરોધ થતા નથી;–સમવસરણમાં દાખલ થતાં જ એ બધું દૂર થઈ જાય છે અને મુમુક્ષુ જીવોનું ચિત્ત પરમ શાંતિપૂર્વક એ સાક્ષાત્ પરમાત્માના દર્શનમાં તથા ધર્મશ્રવણમાં લાગી જાય છે....પછી ઊંડા ઊતરીને તે ભવ્યજીવો, પ્રભુએ જેવું અદ્‌ભુત આત્મસ્વરૂપ કહ્યું તેવું દેખવા માટે પોતાના અંદરમાં ઉપયોગને જોડે છે અને નિજવૈભવ નીહાળીને ન્યાલ થઈ જાય છે.

પ્રભુ મલ્લિનાથના સમવસરણમાં બે હજાર ને બસો કેવળી પરમાત્માઓ ગગનમાં બિરાજતા હતા; તે ઉપરાંત વિશાખસેન વગેરે ૨૮ ગણધરો હતા; વિવિધ લબ્ધિવાળા કુલ ૪૦ હજાર મુનિવરો હતા. બંધુષેણા વગેરે ૫૫૦૦૦ આર્યિકાઓ હતાં, એકલાખ શ્રાવકો ને ત્રણ લાખ શ્રાવિકાઓ હતાં. તિર્યંચોની સંખ્યાનો તો પાર ન હતો. સૌ જિનભક્તિમાં તત્પર હતા ને વીતરાગનાં વચનામૃત ઝીલીને પરમ શાંતરસનું પાન કરતા હતા.

સર્વજ્ઞ પરમાત્મા મલ્લિનાથ પ્રભુના કેવળજ્ઞાનની મહા પૂજા કરીને ઈન્દ્રે સ્તુતિ કરી : અહો દેવ! આપ પરમપુરુષ છો; પુરુષાર્થ વડે પરમ પદ આપે પ્રાપ્ત કર્યું છે, ને જગતને પણ તે પુરુષાર્થનો ઉપદેશ આપીને આપ મોક્ષમાર્ગનું પ્રવર્તન કરી રહ્યા છો. આપ ધર્મતીર્થના નાયક છો. મોહનો મિત્ર કામ તો આપના નામ માત્રથી ધ્રૂજે છે. હે દેવ!આપને સ્ત્રી કહીને આપનો અવર્ણવાદ કરનારા જીવો પ્રત્યે પણ આપ દ્વેષ નથી કરતા,–તે આપની વીતરાગતાનો જ મહિમા છે; પરંતુ તેથી તે અબુધ જીવો શું પોતાના અપરાધનું ફળ નહીં ભોગવે? પ્રભો, આપનું આયુ ૫૫૦૦૦ (પંચાવન હજાર) વર્ષનું હોવા છતાં, માત્ર એકસો વર્ષ જ આપ છદ્મસ્થ રહ્યા ને ૧૦૦ વર્ષે પરમાત્મા થઈને હવે ૫૪,૯૦૦ વર્ષો સુધી આપ તીર્થંકરપણે ભરતક્ષેત્રમાં મંગલ વિહાર કરશો ને આપના દિવ્ય ઉપદેશથી લાખો–કરોડો જીવો ધર્મ પામીને પોતાનું કલ્યાણ કરશે. અહો, અનંત ચતુષ્ટયધારી દેવ! આપને નમસ્કાર હો....દ્રવ્ય-ગુણ-પર્યાય સર્વ પ્રકારે શુદ્ધ ચેતનારૂપ હે શુદ્ધાત્મા! આપને નમસ્કાર હો. અનંત આત્મવૈભવધારી હે પરમેશ્વર! આપને નમસ્કાર હો. ત્રણ કાળ સહિત સમસ્ત વિશ્વને જાણી લેનારા હે સર્વજ્ઞ! આપના જ્ઞાનનો મહિમા અજોડ છે. પ્રભુ! આપનું કેવળજ્ઞાન ત્રણ જગતને મંગળરૂપ છે.–આ પ્રમાણે સ્તુતિ વડે ઈન્દ્રે પ્રભુના કેવળજ્ઞાન-કલ્યાણકનો મહા મંગળ મહોત્સવ કર્યો.

પોતાના રાજકુમારને માત્ર છ દિવસમાં જ પરમાત્મા તરીકે જોતાં મિથિલાપુરીના પ્રજાજનોના આનંદનો પાર ન હતો : આ ૧૯મા તીર્થંકરના ચાર કલ્યાણક આપણી નગરીમાં ઉજવાયા ને હજી ૨૧મા તીર્થંકરના પણ ચાર કલ્યાણક આપણી નગરીમાં ઉજવાશે. અહા! આઠ કલ્યાણકો વડે ધન્ય આપણી નગરી!! પ્રભુ મલ્લિનાથને કેવળજ્ઞાન થવાની વાત જાણતાં જ અતિ આશ્ચર્યપૂર્વક પિતા કુંભમહારાજા તથા માતા પ્રજાવતી તત્કાળ સમવસરણમાં આવી પહોંચ્યા, અને પોતાના પુત્રને પરમાત્મસ્વરૂપે દેખીને કલ્પનાતીત હર્ષાનંદ પામ્યા–"અહા! અમારો પુત્ર પ્રભુ થઈને અમને દર્શન દેવા આવ્યો!" એમને કલ્પનાય ન હતી કે માત્ર છ દિવસમાં અમે અમારા 'લાડીલા લાલ'ને આવા ભગવાન સ્વરૂપે અમારી નગરીમાં જ દેખશું! છ દિવસ પહેલાં જે પુત્રવિયોગના પ્રસંગે મહાન શોક થયેલો; તેને જ અત્યારે દિવ્યવિભૂતિ સહિત પરમાત્મસ્વરૂપે જોતાં તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા અને મહાન હર્ષ

વડે તેમનો ખેદ ધોવાઈ ગયો. અને, તે હર્ષનો ઊભરો પણ લાંબો સમય ન ટક્યો, કેમકે પ્રભુની વાણીમાં ચૈતન્યના વીતરાગસ્વરૂપનો અદ્‌ભુત મહિમા સાંભળતાં જ તેઓએ હર્ષ–ખેદથી પાર એવા આત્મઅનુભવ માટે ઉપયોગને અંતર્મુખ કર્યો. ક્ષણભર શુદ્ધોપયોગી થઈ, પછી વિશુદ્ધપરિણામની વૃદ્ધિ વડે ચારિત્રદશા ગ્રહણ કરીને તેમણે પોતાનું આત્મકલ્યાણ કર્યું. પિતા કુંભરાજા તો તે જ ભવે મોક્ષ પામ્યા; ને માતાજી એકાવતારી થઈ સ્વર્ગે સીધાવ્યા. અહા, તીર્થંકર જેવા પુત્રનો સંયોગ, તેનો પણ માતા-પિતાને વિયોગ થયો....ને અંતે તો તે પિતા–પુત્ર કે માતા–પુત્રનાય સંબંધનો મોહ તોડીને, આત્માની પોતાની વીતરાગતા જ શરણરૂપ થઈ.—

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ;**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.**

**હું પરતણો નહિ, પર ન મારાં, જ્ઞાન કેવળ એક હું,**
**–જે એમ ધ્યાવે ધ્યાનકાળે જીવ તે ધ્યાતા બને.**

પ્રભુ શ્રી મલ્લિનાથદેવે ૫૪ હજાર નવસો વર્ષ સુધી વીતરાગમાર્ગનો ઉપદેશ આપીને ભવ્યજીવોનું કલ્યાણ કર્યું. અંતે જ્યારે એકમાસ આયુ અવશેષ રહ્યું ત્યારે સમ્મેદશિખર પર આવીને સ્થિર થયા....ને કાયા–વચન–મનના યોગોનો નિરોધ કરીને સિદ્ધપદમાં જવાની તૈયારી થઈ. ફાગણ સુદ પાંચમના રોજ એકક્ષણભર ૧૪મા ગુણસ્થાનને અનુભવીને, બીજી જ ક્ષણે તે પ્રભુજી સંસારથી સર્વથા મુક્ત થઈ સંબલટૂંક પર સિદ્ધાલયમાં બિરાજમાન થયા. દેવોએ આવીને પંચમકલ્યાણકનો મહોત્સવ કર્યો; મોક્ષનાં વાજાં વગાડ્યાં ને પ્રભુની પૂજા કરી :—

**મલ્લિનાથ જિનરાજકી સંબલટૂંક હૈ જેહ,**
**મન વચ તન કર પૂજહૂં શિખરસમ્મેદ યજેહ.**

પહેલાં જેઓ વિદેહક્ષેત્રમાં વૈશ્રવણરાજા હતા ને રત્નત્રયધર્મની મહાપૂજા તથા ઉપાસના કરીને જેમણે તીર્થંકરપ્રકૃતિ બાંધી, પછી અપરાજિત–વિમાનમાં જેઓ અહમિન્દ્ર થયા, અને છેવટે કુંભરાજાના પુત્ર તરીકે અવતરી, વિવાહ વખતે જ વૈરાગ્ય પામી, કેવળજ્ઞાન પ્રગટાવી ભરતક્ષેત્રના ૧૯મા તીર્થંકર થયા, તે પરમ પુરુષ ભગવાન મલ્લિનાથનું આ મંગલ જીવન ભવ્યજીવોને મોક્ષપુરુષાર્થનું પ્રેરક હો. આ મલ્લિનાથ–પુરાણવડે તેમનું ભાવ–સ્તવન અમારા રત્નત્રયની વિશુદ્ધિનું કારણ હો.

**(ઇતિ શ્રી મલ્લિનાથ જિનરાજનું મંગલ પુરાણ પૂર્ણ થયું.)**

* * *

**‘ભાગવત કથા’**

સમયસાર વાંચન વખતે ગુરુદેવ ઘણીવાર કહેતા : ‘અહો, આ તો ભાગવત–કથા છે.’ ભગવાન આત્માના મહિમાની કથા તે ભાગવત–કથા; તેમ ચોવીસ તીર્થંકરભગવંતોનું આ મહાપુરાણ તે પણ ભાગવત–કથા છે. એ ભગવંતો કઈ રીતે આત્માને સાધીને પરમાત્મા થયા, તે આમાં બતાવ્યું છે. અહો, જૈનપુરાણો વીતરાગતાના જ પોષક છે. શ્રીગુરુના પ્રતાપે આજે આવા ભાગવતપુરાણો દ્વારા ભગવંતોનો માર્ગ આપણને સમજાય છે : ધન્ય એ માર્ગ! ધન્ય એમાં ચાલનારા.

## (૨૦)




ઉત્તમ જ્ઞાન–ચારિત્રસમ્પન્ન એવા હે મુનિસુવ્રત દેવ! આપને નમસ્કાર હો. મિથ્યાત્વરૂપ કાળા સર્પના દંશથી મૂર્છિત ને અવ્રતના કીચડમાં ફસાયેલા જીવોને, આપે સમ્યગ્જ્ઞાનરૂપી ગરુડરત્ન વડે સચેત કરીને સુવ્રતોના પવિત્ર આચરણમાં સ્થિર કર્યા છે. આપની ઉપાસના અમને પણ જ્ઞાનસમ્પન્ન–સુવ્રતરૂપ બનાવો....જેથી મોક્ષમાર્ગની પૂર્ણતા વડે મોક્ષપદને સાધીએ.

* * *

હે મુનિસુવ્રતદેવ! આપ પૂર્વભવમાં 'હરિવર્મા' રાજા હતા અને આ ભરતક્ષેત્રની જે ચંપાપુરીમાં ભગવાન વાસુપૂજ્ય તીર્થંકર થયા તે જ નગરીમાં આપ રાજ્ય કરતા હતા. આપ જેમ બાહ્યશત્રુઓને જીતવામાં વીર હતા એમ અંતરના મોહશત્રુને જીતવામાં પણ વીર હતા; રાજ વચ્ચે રહીને પણ રાગને ચેતનામાં પ્રવેશવા દેતા ન હતા, તેથી રાગ વગરની આપની ચેતના મોક્ષને સાધવાનું કામ કરતી હતી.

એકવાર ઉદ્યાનના માળીએ આવીને આપને શુભ સમાચાર કહ્યા કે : હે દેવ! આપણી નગરીમાં મુનિરાજ અનંતવીર્ય પધાર્યા છે. તે સાંભળતાં જ, આપને મહાન નિધાનની પ્રાપ્તિ કરતાંય વધારે હર્ષ થયો; અહા, એ મુનિરાજ શ્રુતકેવળી હતા. તેમના દર્શનથી આપને પરમ પ્રસન્નતા થઈ. ખરેખર, વીતરાગી ગુરુઓના સમાગમથી ભવ્યજીવને જેવું સુખ થાય છે તેવું સુખ જગતના બીજા કોઈ પદાર્થથી થતું નથી. હે દેવ! મુનિરાજના ચરણોમાં આપની ચેતના એવી ઉલ્લસિત થઈ કે તત્ક્ષણ દર્શનમોહનો ક્ષય કરીને આપ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા.

એ શ્રુતકેવળીપ્રભુના શ્રીમુખથી આપે અસ્તિ–નાસ્તિસ્વરૂપ અનેકાન્તતત્ત્વનો મધુર ઉપદેશ સાંભળ્યો; મોક્ષસુખનું અદ્ભુત વર્ણન સાંભળ્યું, તેમજ તે મોક્ષના સાક્ષાત્ કારણરૂપ વીતરાગ ચારિત્રનો મહિમા સાંભળ્યો. અને તેથી આપનું ચિત્ત સંસારથી વિરક્ત થયું ને મોક્ષસુખને સાધવા માટે વેગવાન બન્યું. તરત તે અનંતવીર્યગુરુ પાસે આપે જિનદીક્ષા લીધી. ધ્યાનમાં આપના પરિણામ અતિ વિશુદ્ધ થયા, આપને ૧૧ અંગનું જ્ઞાન ખીલ્યુ; તેમ જ દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ઉજ્જ્વળ ભાવનાઓવડે

તીર્થંકરપ્રકૃતિ પણ બંધાણી. ત્યારબાદ સલ્લેખનાપૂર્વક દેહ છોડીને આપ ૧૪મા પ્રાણતસ્વર્ગમાં ઈન્દ્ર થયા. અસંખ્ય વર્ષો સુધી તે દેવલોકના દિવ્ય વૈભવો વચ્ચે પણ આપ આત્મજ્ઞાન સહિત હતા. એ રીતે મોક્ષના આરાધકપણે દેવલોકનો અંતિમ ભવપૂરો કરીને, હવે આપ તીર્થંકરપણે મનુષ્યલોકમાં અવતરવાની તૈયારી થઈ. પ્રભો ! આપના અવતારનો મંગલ ઉત્સવ જોવા માટે અમે તે નગરીમાં પહોંચી જઈએ કે જ્યાં આપ અવતરવાના છો.

## * રાજગૃહી નગરીમાં મુનિસુવ્રત–અવતાર *

આ છે રાજગૃહીનગરી ! ત્યાં હરિવંશના રાજા સુમિત્ર રાજ્ય કરે છે,–કે જે વંશમાં ભગવાન શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ તીર્થંકરો થયા, ને મુનિસુવ્રતનાથ તથા નેમિનાથ તીર્થંકરો થવાના છે. તે મહારાજા સુમિત્રની મહારાણીનું નામ સોમાદેવી.

સોમાદેવી સુંદર હતી, ભરયુવાન હતી. પણ હજી સુધી તેણે પુત્રસુખ જોયું નહોતું. સંતાનના અભાવે તેનું ચિત્ત અશાંત રહેતું હતું. મહારાજા સુમિત્ર તેને સમજાવતા હતા કે હે દેવી ! તું ધૈર્ય રાખ, દુઃખી ન થા. જે કાર્ય માત્ર દૈવને આધીન છે તેની ચિંતા કરવી વ્યર્થ છે. મુમુક્ષુજીવે દૈવસાધ્ય પદાર્થની ચિંતા કરવાને બદલે, ધર્મસાધનામાં પોતાનો પ્રયત્ન જોડવો જોઈએ. આ પ્રકારે મહારાણી સોમાદેવીનું ચિત્ત કંઈક શાંત થતું હતું ને તે પોતાનું ચિત્ત ધર્મસાધનામાં જોડતી હતી.

એવામાં એક આશ્ચર્યકારી બનાવ બન્યો : મહારાજા સુમિત્ર તથા સોમાદેવી રાજમહેલમાં બેઠા હતા ને પુત્રપ્રાપ્તિ ક્યારે થશે–તેની ચર્ચા કરતા હતા, ત્યાં તો એકાએક આકાશમાંથી ઉત્તમ રત્નોની વૃષ્ટિ થવા લાગી. 'આ શું થયું' એમ વિસ્મય પામીને ઊંચે આકાશમાં નજર કરે છે ત્યાં તો આકાશમાંથી દેવીઓ ઉતરીને તેમને વંદન કરવા લાગી. તેમનું વિસ્મય ઓર વધી ગયું; ત્યારે દેવીઓએ કહ્યું–હે માતા ! અમે દિગ્કુમારીદેવીઓ છીએ. છ માસ પછી સ્વર્ગેથી વીસમા તીર્થંકરનો જીવ આપના ઉદરમાં અવતરવાનો છે, તેથી ઈન્દ્ર મહારાજે અમને આપની સેવા કરવા મોકલી છે, ને રત્નવૃષ્ટિ પણ તે તીર્થંકરના જ પુણ્યપ્રતાપે થઈ રહી છે.

દેવીઓ પાસેથી આ અદ્ભુત વાત જાણીને રાજા–રાણીના હર્ષાનંદનો પાર ન રહ્યો : અહા અમને પુત્રની પ્રાપ્તિ થશે, અને વળી તે તીર્થંકર થશે–એમ જાણીને તેમનું હૃદય એવું પ્રસન્ન થયું કે જેવી પ્રસન્નતા રત્નત્રયની પ્રાપ્તિથી મુમુક્ષુને થાય ! છ મહિના બાદ અષાડ વદ બીજની રાત્રે, મહારાણી સોમાદેવીએ ૧૬ મંગલ સ્વપ્નો જોયા અને તે જ વખતે તીર્થંકર થનાર મહાત્મા તેમના ઉદરમાં અવતર્યા; ઈન્દ્રાદિ દેવોએ તેનો ઉત્સવ કર્યો.

ભવનવાસી દિગ્કુમારી દેવીઓ સોમામાતાની સેવા કરે છે ને આનંદ–પ્રમોદપૂર્વક દિવસો વીતી રહ્યા છે. સવાનવ માસ બાદ ચૈત્ર વદ ૧૦ના દિવસે સોમામાતાએ જગતમાં અદ્વિતીય એવા પુત્રરત્નને જન્મ આપ્યો. ત્રણલોકમાં આનંદ છવાઈ ગયો. ઈન્દ્રોએ રાજગૃહીમાં આવીને તીર્થંકરના જન્મનો મહાન ઉત્સવ કર્યો. રાજગૃહી નગરી ધન્ય બની. ઈન્દ્રે બાલતીર્થંકરનું નામ મુનિસુવ્રત રાખ્યુ; તેમના ચરણોમાં કાચબાનું ચિહ્ન હતું. મલ્લિનાથ તીર્થંકર પછી ૫૪ લાખ વર્ષ બાદ મુનિસુવ્રત તીર્થંકર થયા. તેમનું આયુ ૩૦૦૦૦ હજાર વર્ષ હતું; દેહનો રંગ મોરના કંઠ જેવો સુંદર હતો. અનેક દેશના રાજકુમારો તેમ

જ બાળકરૂપધારી દેવો સાથે અદ્‌ભુત ક્રીડા કરતાં બાળપણ વીતાવીને એ બાલતીર્થંકરે યુવાનીમાં પ્રવેશ કર્યો. અનેક ઉત્તમ રાજકન્યાઓ સાથે તેમના વિવાહ થયા. તેમને માટે વસ્ત્ર–આભૂષણ વગેરે ઉત્તમ ઉત્તમ ભોગસામગ્રી દેવલોકમાંથી ઈન્દ્ર મોકલતા હતા; પરંતુ તે સામગ્રી પણ એ હોનહાર પરમાત્માને કાંઈ આશ્ચર્ય ઉપજાવતી ન હતી. જે અચિંત્ય–અદ્‌ભુત–આશ્ચર્યકારી ચૈતન્યવૈભવ તેમના જ્ઞાનમાં વર્તતો હતો, તેની પાસે બિચારા તે પુણ્યવૈભવની શી કિંમત?

સાડાસાતહજાર વર્ષે મુનિસુવ્રત કુમારનો રાજગૃહીના રાજસિંહાસને રાજ્યાભિષેક થયો. તેમણે પંદર હજાર વર્ષો સુધી રાજગૃહીમાં ઉત્તમ રાજ્ય કર્યું. તેમના રાજયમાં રાજગૃહી તો વિશ્વપ્રસિદ્ધ એક ધર્મનગરી બની ગઈ. અહા, ઈન્દ્ર જેની સેવા કરે એવા તીર્થંકર પોતે જ્યાંના રાજા હોય તે નગરીના મહિમાની શી વાત!!

મહારાજા મુનિસુવ્રતના આયુના જ્યારે ૨૨,૫૦૦ વર્ષ વીત્યા ત્યારે, એકવાર ચૈત્ર વદ દશમે તેમના જન્મનો મહાન દિવસ ધામધૂમથી ઊજવાઈ રહ્યો હતો. રાજગૃહીનગરીમાં ચારેકોર ઉલ્લાસનું વાતાવરણ હતું. બરાબર એ જ વખતે શું થયું? કે રાજાના મુખ્ય હાથીએ ખાવા-પીવાનું છોડી દીધું ને ઉદાસ થઈને બેઠો. ગજરક્ષકો ગભરાયા; તેઓ સમજી ન શક્યા કે આ ગજરાજને શું થયું છે? એટલે તેઓ તે હાથીને લઈને મહારાજા મુનિસુવ્રત પાસે આવ્યા ને કહ્યું કે હે મહારાજ! આજે આ હાથીને શું થયું છે તે અમે સમજી શકતા નથી. તે ખાતો-પીતો નથી ને આંખ મીંચી સૂનમૂન થઈને બેઠો છે!



ત્યારે અવધિજ્ઞાનથી તે હાથીના પૂર્વભવને જાણીને મહારાજાએ કહ્યું : તેને કાંઈ રોગ થયો નથી; ફક્ત મેઘગર્જના સાંભળીને તે હાથીને પોતાનું વન યાદ આવ્યું છે, તેથી જ તે ઉદાસ થયો છે. પહેલાં તે સુંદર વનમાં મુક્તપણે વિચરતો હતો, તેને બદલે આ બંધનમાં તેને ગમતું નથી. અરે, હાથી જેવા તિર્યંચોને પણ મુક્તિ ગમે છે, બંધન નથી ગમતું! વળી સાંભળો : આ હાથી પૂર્વભવમાં તાલપુરનગરનો મોટો રાજા હતો, પોતાના કૂળ અને ધનવૈભવનું તેને ઘણું અભિમાન હતું. એકવાર વૈભવના અભિમાનપૂર્વક તેણે, 'જેને જે જોઈએ તે દાન' (કિમિચ્છક દાન) દીધું, પણ તેમાં અજ્ઞાનપણે સુપાત્ર કે કુપાત્રનો કાંઈ વિવેક ન કર્યો; તેમ જ જૈનધર્મનું સ્વરૂપ સમજવાની દરકાર ન કરી; તેથી અજ્ઞાન

સહિતના તુચ્છપુણ્યના પ્રભાવથી તે રાજા મરીને આ હાથી થયો છે. તેને પોતાની પૂર્વ–સમ્પદાની કાંઈ ખબર નથી, માત્ર વનના વાતાવરણને યાદ કરીને તેણે ખાવાપીવાનું છોડી દીધું છે. પણ તમે કોઈ ચિંતા ન કરશો, હમણાં જ તે પ્રસન્ન થશે–એમ કહીને મહારાજા મુનિસુવ્રતે મધુર વચનો વડે તે હાથીને પણ સંબોધન કર્યું : અરે ભવ્ય ! તું જાગ ! તારા આત્મહિતને સંભાળ ! જેથી આ પશુપર્યાયના દુઃખથી તારા આત્માનો છુટકારો થાય.

હાથી તો પ્રભુનાં મધુર વચનો સાંભળીને મુગ્ધ બન્યો; તેનો આત્મા અપૂર્વભાવે જાગી ઊઠ્યો : 'અહા, આ પ્રભુ મને સંબોધીને આવી મધુર વાત કરે છે ! ને મારા પૂર્વભવની વાત કરે છે !'–એમ તરત તેના અંતરમાં પરિવર્તન થયું; તેને પોતાના પૂર્વભવનું સ્મરણ થયું, તે એકદમ શાંત થયો, ને તે જ વખતે તેણે આત્મજ્ઞાનસહિત અણુવ્રત ગ્રહણ કર્યાં; અને પ્રભુ પ્રત્યે પરમ ઉપકારબુદ્ધિથી સૂંઢ નમાવીને નમસ્કાર કરવા લાગ્યો.

હાથીની ચેષ્ટામાં અદ્‌ભુત પરિવર્તન દેખીને સૌ આશ્ચર્યચકિત બન્યા, ત્યાં તો એ જ વખતે એનાથીયે વધુ આશ્ચર્યકારી બીજી ઘટના બની....

–હાથીના વૈરાગ્યનો પ્રસંગ દેખીને મહારાજા મુનિસુવ્રતને પણ એ જ વખતે જાતિસ્મરણજ્ઞાન થયું; સમસ્ત સંસાર તથા રાજભોગોથી તેમનું ચિત્ત સર્વથા વિરક્ત થયું. જિનદીક્ષા માટે તેઓ તૈયાર થયા. તીર્થંકરપ્રભુની દીક્ષાનો ઉત્તમ અવસર જાણીને પંચમસ્વર્ગેથી લૌકાંતિકદેવો રાજગૃહીમાં આવ્યા ને પ્રભુના પરમ વૈરાગ્યની મહાન પ્રશંસા કરી. એકાએક આ પરિવર્તનથી રાજગૃહીમાં સર્વત્ર આશ્ચર્ય અને વૈરાગ્યનું વાતાવરણ છવાઈ ગયું. ઈન્દ્રાસન પણ ધ્રૂજી ઊઠ્યા ને 'અપરાજિત' પાલખી લઈને દેવો દીક્ષાકલ્યાણકનો ઉત્સવ કરવા રાજગૃહીમાં આવી પહોંચ્યા. પોતાની જન્મતિથિએ જ (એટલે કે ચૈત્રવદ દશમે) પ્રભુ મુનિસુવ્રતનાથે રાજગૃહીના નીલ-વનમાં એક હજાર રાજાઓ સહિત દીક્ષા લીધી ને શુદ્ધોપયોગી મુનિ થયા. ઉત્તમ વ્રતધારી એ મુનિસુવ્રત મુનિરાજને આહારદાનવડે પ્રથમ પારણું કરાવીને રાજગૃહીના વૃષભસેન રાજા ધન્ય બન્યા.

પ્રભુ મુનિસુવ્રતનાથ મુનિદશામાં એક વર્ષ રહ્યા ને શુદ્ધાત્મધ્યાનના ઉત્તમ પ્રયોગસહિત વિચર્યા... ચૈત્ર વદ નોમે પ્રભુ પુનઃ રાજગૃહી પધાર્યા ને ત્યાંના દીક્ષાવનમાં જ પોતાના ચૈતન્યસ્વરૂપમાં ઉપયોગને એકાગ્ર કરીને પરમાનંદમાં મગ્ન થયા; ક્ષણમાં ક્ષપકશ્રેણી વડે મોહનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા, અરિહંત–પરમાત્મા થયા, શુદ્ધ થયા, બુદ્ધ થયા; અને સમવસરણમાં બારસભા વચ્ચે દિવ્યધ્વનિ વડે મોક્ષમાર્ગરૂપ રત્નત્રયતીર્થનો ઉપદેશ કરીને તીર્થંકર થયા....પ્રભુના ઉપદેશથી અનેક ભવ્યજીવો મોક્ષમાર્ગમાં લાગ્યા. ઈન્દ્રો પણ પ્રભુને પૂજવા ને ધર્મોપદેશ સાંભળવા રાજગૃહીમાં ઊતર્યા તીર્થંકરપ્રભુની ધર્મસભાથી અને તેમની દિવ્યવાણીથી રાજગૃહી નગરીની શોભા એવી અદ્‌ભુત બની ગઈ....કે આજે પણ તે નગરી વિશ્વમાં એક પ્રસિદ્ધ તીર્થ તરીકે પૂજાય છે. ભરતક્ષેત્રના એ વીસમા તીર્થંકરની ધર્મસભામાં મલ્લિદેવ વગેરે ૧૮ ગણધરો હતા, અને તેના કરતાં એકસોગણા (૧૮૦૦) તો કેવળીભગવંતો તે ધર્મસભાના શ્રીમંડપની ઉપર (આકાશમાં પાંચ હજાર ધનુષ ઊંચે) બિરાજતા હતા....સર્વજ્ઞ ભગવંતોના મેળાનું એ દૃશ્ય કોઈ પરમ આહ્લાદકારી હતું. તે સિવાય બીજા અનેક ઋદ્ધિધારી મુનિવરો મળીને કુલ ૩૦૦૦૦ મુનિરાજ હતા, ૫૦૦૦૦ આર્યિકામાતા હતા, તથા

આત્મજ્ઞાન સહિત અણુવ્રતધારી એક લાખ શ્રાવકો ને ત્રણ લાખ શ્રાવિકાઓ હતા. દેવો ને તિર્યંચોની સંખ્યાનો તો પાર ન હતો. પ્રભુએ સાડાસાતહજાર વર્ષો સુધી તીર્થંકરપણે વિચરીને ભરતક્ષેત્રના ભવ્યજીવોને ધર્મરસનું પાન કરાવ્યું ને ભવદુઃખથી છોડાવ્યા. જ્યારે પ્રભુનું આયુ એકમાસ બાકી રહ્યું ત્યારે તેઓ સમ્મેદશિખર—સિદ્ધિધામની 'નિર્જરટૂંક' ઉપર આવીને સ્થિર થયા, ને જ્યાંથી પૂર્વે અનંતાનંત તીર્થંકરોએ સિદ્ધિગમન કર્યું હતું ત્યાંથી તેઓએ પણ સિદ્ધિગમન કર્યું. માહ વદ બારસે પ્રભુ મોક્ષ પામ્યા; ઈન્દ્રોએ તે મોક્ષપ્રાપ્ત સિદ્ધપ્રભુની પૂજા કરીને મોક્ષનો મહોત્સવ કર્યો.—

**મુનિસુવ્રત જિનરાજકી નિર્જરટૂંક હૈ જેહ,**
**મન—વચ—તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

પૂર્વભવમાં જેઓ ભરતક્ષેત્રની ચંપાપુરીમાં હરિવર્મા રાજા હતા ને પછી ભરતક્ષેત્રની રાજગૃહીમાં વીસમા તીર્થંકર થઈને હાલ મોક્ષપુરીમાં અનંત સિદ્ધોની સાથે બિરાજી રહ્યા છે તે પરમાત્માને નમસ્કાર હો.

(આ રીતે વીસમા તીર્થંકર મુનિસુવ્રત—ભગવંતનું જીવનચરિત્ર પૂર્ણ થયું.)

* * *

## (ચક્રવર્તીઓ અને અર્ધચક્રવર્તીઓની ટૂંકી માહિતી)

* ભગવાન ધર્મનાથના તીર્થમાં મઘવા નામના ત્રીજા ચક્રવર્તી અયોધ્યામાં થયા; તેઓ જિનદીક્ષા લઈ, કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામ્યા. ત્યાર પછી ચોથા સનતકુમાર ચક્રવર્તી હસ્તિનાપુરીમાં ધર્મનાથપ્રભુના તીર્થમાં થયા; ઈન્દ્રે જેના રૂપની પ્રશંસા કરી, છતાં તેનોય મોહ છોડીને તેમણે અશરીરી મોક્ષપદને જ સાધ્યું. ત્યાર પછી ૧૬-૧૭-૧૮ એ ત્રણ તીર્થંકરો પોતે જ પાંચમા-છઠ્ઠા-સાતમા ચક્રવર્તી હસ્તિનાપુરીમાં થયા.
* ત્યાર પછી અરનાથ પ્રભુના શાસનમાં સુભૌમ નામનો આઠમો ચક્રવર્તી થયો; ફળના સ્વાદની લોલૂપતાથી, સમુદ્ર વચ્ચે ધર્મની વિરાધના કરીને તે નરકે ગયો. છઠ્ઠા બળદેવ—વાસુદેવ પ્રતિવાસુદેવ (નંદીસેન, પુંડરીક અને નિઃશુંભ) પણ અરનાથપ્રભુના શાસનમાં થયા; તેમાંથી નંદીસેન મોક્ષ પામ્યા.
* ત્યારબાદ ભગવાન મલ્લિનાથપ્રભુના તીર્થમાં પદ્મ નામના નવમા ચક્રવર્તી હસ્તિનાપુરીમાં થયા; તેઓ મોક્ષ પામ્યા. (વાત્સલ્યમાં પ્રસિદ્ધ વિષ્ણુકુમાર તેમના જ પુત્ર હતા.) સાતમા બલભદ્ર—નંદિમિત્ર, દત્ત—નારાયણ—તથા બલીન્દ્ર—પ્રતિનારાયણ પણ એ જ તીર્થમાં થયા. ને બળભદ્ર મોક્ષ પામ્યા.
* પછી મુનિસુવ્રતપ્રભુના તીર્થમાં, દશમા હરિષેણ ચક્રવર્તી થયા, તે સર્વાર્થ સિદ્ધિમાં ગયા; અને રામ—લક્ષ્મણ તથા રાવણ એ આઠમા બળદેવ—વાસુદેવ—પ્રતિવાસુદેવ થયા; સીતા—અંજના—હનુમાન પણ એ જ કાળમાં થયા; રામ—હનુમાન તો મોક્ષ પામ્યા; લક્ષ્મણ અને રાવણ ભવિષ્યમાં તીર્થંકર થઈને મોક્ષ પામશે.

* * *

## (૨૧)




શ્રી વીસ તીર્થંકર ભગવંતોના મંગલ જીવન ચરિત્ર બાદ હવે ભરતક્ષેત્રના ૨૧મા તીર્થંકર....કે જેઓ પૂર્વભવે પણ ભરતક્ષેત્રમાં જ કૌશામ્બીનગરીના રાજા હતા, તેમનું મંગલચરિત્ર પ્રારંભ થાય છે. પૂર્વભવે દેવલોકમાં સાથીદાર એવા વિદેહક્ષેત્રના એક તીર્થંકરની વાણીમાં જેમનો મહિમા પ્રસિદ્ધ થયો, અને તે વાત સાંભળીને જેઓ સંસારથી વિરક્ત થઈ રત્નત્રયરથમાં આરૂઢ થયા, તે ભગવાન શ્રી નમિનાથ, અમારા સાધનારથને મોક્ષપુરી સુધી પહોંચાડો.

### ભગવાન નમિનાથ—પૂર્વભવ : કૌશામ્બીનગરીમાં સિદ્ધાર્થરાજા

તે કાળે, આ ભરતક્ષેત્રમાં કૌશામ્બી નગરી પ્રસિદ્ધ હતી. ધર્માત્મા જીવોથી શોભતી તે નગરીમાં ઈક્ષ્વાકુવંશી પાર્થિવરાજા રાજ્ય કરતા હતા. તેમને સિદ્ધાર્થ નામનો એક પુત્ર હતો—જે મહા પ્રતાપી અને ભાવિતીર્થંકર હતો.

એકવાર પરમ અવધિજ્ઞાની મુનિરાજ તે કૌશામ્બી નગરીમાં પધાર્યા. મહારાજા પાર્થિવ તથા રાજકુમાર સિદ્ધાર્થ તે મુનિરાજના દર્શન કરવા ગયા અને ધર્મોપદેશ સાંભળ્યો. શ્રી મુનિરાજે સંસારથી વૈરાગ્ય ઉપજાવનારો ઉપદેશ દેતાં કહ્યું કે : અહો, આ જીવ પોતે અખંડ સુખનિધાનથી ભરેલો પરમાત્મા ચૈતન્યમહારાજા છે; છતાં નિજનિધાનને ભૂલેલો, રત્નત્રયરૂપી ધન વગરનો તે વિષયોનો ભિખારી થઈને ચારે ગતિમાં સુખની ભીખ માંગતો—ભટકી રહ્યો છે. પણ એને બહારમાં ક્યાંય સુખ મળતું નથી; અંદરમાં પોતાની પાસે જ ચૈતન્યભંડારમાં સુખ છે, તેને ઓળખે તો સ્વાધીન—સુખનો અનુભવ થાય. હે ભવ્ય રાજન્! તમે ચરમશરીરી છો ને તમારો આ પુત્ર સિદ્ધાર્થ પણ ત્રીજા ભવે તીર્થંકર થઈને સિદ્ધિને પામશે. તમે આ સંસારનો મોહ છોડો ને રત્નત્રયધર્મની આરાધનામાં આત્માને જોડો! અને હે ભવ્ય સિદ્ધાર્થકુમાર! આ સંસારમાં હવે તમારે બે ભવ બાકી છે; તમે પણ આત્માના ચૈતન્યનિધાનને ઓળખીને સમ્યગ્દર્શન પ્રગટ કરો!

અહા, મુનિરાજના શ્રીમુખેથી આવી ઉત્તમ વાત સાંભળતાં બધાના હર્ષનો પાર ન રહ્યો. તરત જ સિદ્ધાર્થકુમારના અંતરમાં ચેતના ઉલ્લસિત થઈ, આનંદના રોમાંચપૂર્વક તેણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું, ને સાથે શ્રાવકનાં અણુવ્રતો પણ ગ્રહણ કર્યા. મહારાજા પાર્થિવનું ચિત્ત પણ સંસારથી વિરક્ત થયું; તેણે કૌશામ્બીનું રાજ્ય સિદ્ધાર્થકુમારને સોંપીને જિનદીક્ષા લીધી ને રત્નત્રયની ઉત્કૃષ્ટ આરાધના વડે કેવળજ્ઞાન પ્રગટાવીને મોક્ષ પામ્યા.

કેટલાક વર્ષો બાદ રાજા સિદ્ધાર્થનું ચિત્ત પણ સંસારથી ઉદાસ થયું; બરાબર તે જ વખતે મહાબલ નામના કેવળી ભગવાનનું કૌશામ્બીમાં આગમન થયું; તેમના ચરણોમાં નમસ્કાર કરીને સિદ્ધાર્થરાજાએ જિનદીક્ષા ધારણ કરી. તે જ પ્રભુના ચરણોમાં રહીને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા, અને દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ કારણ ભાવના વડે તીર્થંકરપ્રકૃતિ પણ બાંધી. તે એકાવતારી મહાત્મા ચારિત્રવડે શોભી ઊઠ્યા ને ઉત્તમ આરાધના સહિત સમાધિમરણ કરીને અપરાજિત વિમાનમાં ઊપજ્યા.

ભરતક્ષેત્રના તે ભાવિતીર્થંકર અપરાજિત જ્યારે વિમાનમાં બિરાજતા હતા ત્યારે વિદેહક્ષેત્રના 'અપરાજિત' નામના ભાવિતીર્થંકર પણ તે જ વિમાનમાં બિરાજતા હતા. અસંખ્ય વર્ષો સુધી તે બંને ભાવિતીર્થંકરો અપરાજિત વિમાનમાં સાથે રહ્યા, આત્મસાધનાની ચર્ચાઓ કરી, સ્વાનુભવનો રસ ઘૂંટી ઘૂંટીને પીધો. ૩૩ સાગરોપમ બાદ તે બેમાંથી એક અપરાજિતદેવ તો વિદેહક્ષેત્રની સુસીમાનગરીમાં અપરાજિત–તીર્થંકર તરીકે અવતર્યા; ને થોડા વર્ષ બાદ બીજા દેવ (આપણા ચરિત્રનાયક) આ ભરતક્ષેત્રમાં નમિનાથ–તીર્થંકર તરીકે અવતર્યા. તેમની મંગલ કથા હવે વાંચશો.

## * મિથિલાપુરીમાં નમિનાથ–અવતાર *

તે અપરાજિત–વિમાનમાં અહમિન્દ્રનું આયુ જ્યારે છ માસ બાકી રહ્યું ત્યારે મિથિલાપુરીના રાજમહેલના આંગણે દિવ્યરત્નોની વર્ષા થવા લાગી. ત્યારે બંગદેશની મિથિલાનગરીમાં ઋષભદેવના વંશજ શ્રીવિજય–મહારાજા રાજ્ય કરતા હતા. તેમની મહારાણી વપ્પિલાદેવીએ ભાદરવા વદ બીજે ૧૬ મંગલ સ્વપ્નો જોયા, અને તે જ વખતે અપરાજિતવિમાનમાંથી ભગવાન નમિનાથનો જીવ તેમના પવિત્ર ઉદરમાં અવતર્યો. ગર્ભસ્થપુત્ર અવધિજ્ઞાની હતો ને પિતા વિજયરાજ પણ અવધિજ્ઞાની હતા; તેમણે અવધિજ્ઞાનવડે જાણીને કહ્યું–હે દેવી! તારા ઉદરમાં આજે રાત્રે દેવલોકમાંથી તીર્થંકરનો આત્મા અવતર્યો છે, તું જગપૂજ્ય તીર્થંકરની માતા બની છો. આ જાણીને મહાદેવીની પ્રસન્નતાનો પાર ન રહ્યો. બરાબર એ જ વખતે સ્વર્ગના દેવવિમાનો જયજયકાર કરતાં મિથિલાપુરીમાં ઊતર્યા. અહા! ક્ષાયિક સમ્યક્ત્વ, અને તીર્થંકર–પ્રકૃતિ સહિત એ મહાત્મા હજી તો માતાના ઉદરમાં આવ્યા ત્યાં તો સ્વર્ગના ઈન્દ્રો તેમનું તેમજ તેમના માતા-પિતાનું સન્માન કરવા મિથિલાનગરીમાં આવ્યા ને તીર્થંકરના આગમનનો ભવ્ય મહોત્સવ કર્યો.

દેવલોકની દેવીઓ આનંદપૂર્વક માતાની સેવા કરતી હતી ને ગર્ભસ્થપુત્રની પણ સેવા કરતી હતી. અહા, ગર્ભવાસનાં દુઃખો તો દૂર રહો, પરંતુ ત્યાં પણ દેવો જેની સેવા કરે–તે મહાત્માના મહિમાની શી વાત! ચૈતન્યતત્ત્વની આરાધનાનો એ પ્રતાપ છે કે, જીવને સર્વે હાલતમાં સુખ આપે છે.

સવાનવ માસ વીત્યા બાદ અષાડ વદ દશમના શુભદિને વપ્પિલાદેવીએ જગતપૂજ્ય પુત્રને

જન્મ આપ્યો. એ મંગળ આત્માના પ્રભાવથી જગતમાં સર્વત્ર હર્ષ છવાયો; આખું જગત રોમાંચિત થયું; દેવલોકનાં વાજાં એની મેળે વાગવા માંડ્યા; ઇન્દ્રના આસન ડોલી ઊઠ્યા; સૌધર્મ–ઇન્દ્ર તથા શચી–ઇન્દ્રાણી, દેવોની સેનાના દિવ્ય ઠાઠમાઠસહિત બાલતીર્થંકરનો જન્માભિષેક કરવા મિથિલાપુરીમાં આવી પહોંચ્યા. એ બાલતીર્થંકરને પોતાની ગોદમાં લેતાં ઇન્દ્રાણીને જે પરમ હર્ષ થયો તેનું વર્ણન કોણ કરી શકે! સમ્યક્ત્વથી થતા આનંદનું વેદન શું વચનોથી કહી શકાય છે? ઇન્દ્રાણીએ એ બાલપ્રભુને જ્યારે ઇન્દ્રના હાથમાં આપ્યા ત્યારે તે ઇન્દ્ર પણ આશ્ચર્યચકિત થઈને એક હજાર આંખો વડે પ્રભુનું રૂપ નિહાળી રહ્યો. 'હું ઇન્દ્ર છું' એ વાત તે ઘડીભર ભૂલી ગયો, હું તો આ પ્રભુનો સેવક છું–એમ ભક્તિથી તે નાચવા લાગ્યો. તે એકસાથે હજાર હાથ ઉછાળતો હતો ને તેના હાથની પ્રત્યેક આંગળી ઉપર અપ્સરાદેવીઓ તેના જેવી જ ચેષ્ટા કરી કરીને નૃત્ય કરતી હતી....જેમ સમ્યક્ત્વનો અવતાર થતાં એક ચૈતન્ય–ઇન્દ્રની સાથે તેના અનંતગુણોની પરિણતિ આનંદથી નાચી ઊઠે છે, તેમ તીર્થંકરનો અવતાર થતાં ઇન્દ્ર પોતાની સમસ્ત દેવીઓ સાથે આનંદથી નાચી ઊઠ્યો. મેરુ ઉપર જન્માભિષેક કરીને ઇન્દ્રે તે બાલપ્રભુની અદ્ભુત સ્તુતિ કરી....ને નામ આપ્યું—નમિકુમાર!

મુનિસુવ્રત તીર્થંકરના તીર્થના ૬૦ લાખ વર્ષ વીત્યા ત્યારે નમિનાથ તીર્થંકરનો અવતાર થયો. તેમનું આયું ૧૦ હજાર વર્ષ હતું. શરીરની ઊંચાઈ ૧૫ ધનુષ (૧૫૦ ફૂટ) હતી અને ચરણકમળમાં 'કમળ'નું ચિહ્ન હતું.

નમિકુમાર માતા–પિતાને અને પ્રજાજનોને આનંદ પમાડતા થકા વૃદ્ધિગત થવા લાગ્યા. આજે આટલા વર્ષે દૂરદૂરથી પણ હૃદયમાં તેમને ચિંતવતાં આપણે કેવા આનંદિત થઈએ છીએ! તો પછી પોતાના જ ગામમાં ને પોતાના જ આંગણે એ તીર્થંકરકુમારને બોલતા–ચાલતાં–હસતા–રમતા નજરે દેખીને મિથિલાપુરીના રાજા–પ્રજા કેવા આનંદિત થતા હશે!! ખરેખર, તીર્થંકરોનો અવતાર જગતના જીવોને આનંદ–મંગલકારી છે.

પ્રભુ નમિકુમાર જ્યારે અઢીહજાર વર્ષના થયા ત્યારે વિજયરાજાએ તેમનો રાજ્યાભિષેક કરીને મિથિલાપુરીનું રાજ્ય સોંપી દીધું. અરે, એમને માત્ર મિથિલાના રાજા કેમ કહેવા?–એ તો ત્રણલોકના શ્રેષ્ઠ રાજા છે.

મહારાજા નમિએ પાંચહજારવર્ષ મિથિલાપુરીનું રાજસિંહાસન શોભાવ્યું. તેમના રાજ્યમાં પ્રજાજનો સર્વ પ્રકારે સુખી હતા ને ધર્મસાધનામાં તત્પર હતા. એકવાર વર્ષાઋતુમાં ચારેકોર હરિયાળીથી પૃથ્વી અદ્ભુત શોભી રહી હતી....જાણે રત્નત્રયના બગીચા ખીલી રહ્યા હતા. મહારાજા નમિકુમાર હાથી ઉપર બેસીને તે અદ્ભુત શોભા નીહાળવા વન-વિહાર માટે ચાલ્યા. વનના આહ્લાદક વાતાવરણમાં પ્રભુને આત્મધ્યાનની ઊર્મિઓ જાગતી હતી.

જ્યારે ભરતક્ષેત્રના પ્રભુ અહીં વનવિહાર કરી રહ્યા હતા ત્યારે...વિદેહક્ષેત્રમાં અપરાજિત તીર્થંકરના સમવસરણમાં એક અદ્ભુત આનંદકારી ઘટના બની. શું બન્યું? તે જાણવા માટે ચાલો વિદેહમાં!


વિદેહક્ષેત્રમાં અપરાજિત તીર્થંકર બિરાજતા હતા; તેમને આજે કેવળજ્ઞાન થયું હતું; બે દેવો

તેમના સમવસરણમાં આવ્યા ને દિવ્યધ્વનિ સાંભળ્યા બાદ ભક્તિથી પૂછ્યું—હે જિનેશ! આપશ્રી જેવા તીર્થંકર ભગવાન અત્યારે ભરતક્ષેત્રમાં કોઈ છે ખરા?

અપરાજિત–તીર્થંકરે દિવ્યવાણીમાં જવાબ આપ્યો–હા, અત્યારે ભરતક્ષેત્રની મિથિલાપુરીમાં એકવીસમા તીર્થંકર નમિકુમાર વિચરી રહ્યા છે; હાલમાં તેઓ રાજ્યાવસ્થામાં છે ને વનની શોભા નીહાળવા વનવિહાર કરી રહ્યા છે. થોડા વખતમાં કેવળજ્ઞાન પ્રગટાવીને તે તીર્થંકર થશે. તેઓ અપરાજિત–વિમાનમાંથી અવતર્યા છે. પૂર્વભવે અમે બંને અપરાજિત–વિમાનમાં સાથે હતા.

પ્રભુના શ્રીમુખથી ભરતક્ષેત્રના તીર્થંકરની કથા સાંભળીને તે બંને દેવો અતિ પ્રસન્ન થયા ને પરમ ભક્તિપૂર્વક એ નમિ–તીર્થંકરને નજરે નીહાળવા તત્ક્ષણ મિથિલાપુરીમાં આવ્યા.

મિથિલામાં નમિ મહારાજા વનની શોભા નીહાળી રહ્યા હતા; એવામાં આકાશમાર્ગે આવીને તે બંને દેવોએ પ્રભુને નમસ્કાર કર્યા. એકાએક આ દૃશ્ય જોઈને લોકો આશ્ચર્ય પામ્યા. ત્યાં તો હાથ જોડીને તે દેવો બોલ્યા : હે પ્રભો! આપને દેખીને અમને મહાન આનંદ થાય છે; આપ આ ભરતક્ષેત્રના ૨૧મા તીર્થંકર છો ને વિદેહના અપરાજિત–તીર્થંકરના શ્રીમુખથી એ વાત સાંભળીને અમે આપના દર્શન કરવા આવ્યા છીએ.




દેવોની વાત સાંભળીને નમિપ્રભુનું મુખ જરાક મલકાયું ને તરત તેઓ ગંભીર વિચારમાં ઊતરી ગયા. જેમને નીકટ કાળમાં જ કેવળજ્ઞાન થવાનું છે એવા તે હોનહાર તીર્થંકર, વિદેહક્ષેત્રના તીર્થંકરની સભામાં થયેલી વાત વિચારવા લાગ્યા; તત્ક્ષણ તેમને જાતિસ્મરણ થયું કે અહા, તે અપરાજિત–તીર્થંકર અને હું (નમિતીર્થંકર) અમે બંને પૂર્વભવમાં અપરાજિત દેવલોકમાં હતા; ત્યાં અસંખ્યવર્ષો અમે સાથે રહ્યા. તે પ્રભુ કેવળજ્ઞાન પામ્યા ને હું હજી રાજભોગમાં છું. આ રીતે સમય ગુમાવવો મને હવે પાલવે નહિ. હું પણ આજે જ મુનિ થઈશ ને કેવળજ્ઞાનને સાધીશ. આ પ્રમાણે દીક્ષાનો નિશ્ચય કરીને પ્રભુ

નમિમહારાજા વૈરાગ્યચિંતન કરવા લાગ્યા :

જીવ પોતે જ મોહદ્વારા પોતાને બંધનમાં જકડીને સંસારના જેલખાનામાં પૂરાઈ રહ્યો છે. જેમ પીંજરામાં પૂરાયેલું પાપી પક્ષી દુઃખી થાય છે અથવા ગજસ્થંભ સાથે બંધાયેલો ગજરાજ—વનહસ્તી દુઃખી થાય છે, તેમ મોહી જીવ ભવ—બંધનમાં નિરંતર દુઃખી થાય છે. જો કે આ પ્રાણી મૃત્યુથી ને દુઃખથી ડરે છે છતાં તેનાં કારણો તરફ દોડે છે, તેનાથી છૂટવાના ઉપાય કરતો નથી. તીવ્ર વિષયતૃષ્ણાથી આર્ત્ત—રૌદ્રધ્યાન કરી કરીને તે મહા દુઃખી થાય છે; ચાર ગતિના ભ્રમણમાં વચ્ચે ક્યાંય તેને વિસામો નથી. રત્નત્રયધર્મનું સેવન તે જ આ ભવદુઃખથી છોડાવીને મોક્ષસુખ દેનાર છે. આ રીતે, ભવ—તન—ભોગથી જેમનું ચિત્ત વિરક્ત થયું છે ને મોક્ષમાં જ જેમનું ચિત્ત લાગેલું છે—એવા તે નમિ—મહારાજા દીક્ષા લેવા તૈયાર થયા.

તે જ વખતે, દેવોમાં વીતરાગ અને બ્રહ્મચારી એવા સારસ્વત વગેરે લૌકાંતિકદેવો બ્રહ્મલોકમાંથી મિથિલાપુરીમાં આવ્યા ને પ્રભુ નમિનાથને નમસ્કાર કરીને સ્તુતિ કરવા લાગ્યા : હે દેવ ! આપના વિચાર ઉત્તમ છે; આપની વૈરાગ્યભાવનાનું અનુમોદન કરવા જ અમે આવ્યા છીએ. એમ સ્તુતિ કરીને લૌકાંતિકદેવો ગયા, ત્યાં તો ઇન્દ્રાદિ દેવો ‘ઉત્તરકુરુ’ નામની પાલખી લઈને દીક્ષાકલ્યાણક ઊજવવા આવી પહોંચ્યા. બરાબર જેઠ વદ દશમે (એટલે કે પોતાની જન્મતિથિના દિવસે જ), નમિનાથપ્રભુ સિદ્ધભગવંતોને નમસ્કાર કરીને સ્વયં દીક્ષિત થયા. ભગવાનની સાથે બીજા એકહજાર રાજાઓએ પણ જિનદીક્ષા લીધી. તે જ વખતે આત્મધ્યાનમાં એકાગ્ર થતાં નમિ—મુનિરાજને મનઃપર્યયજ્ઞાન પ્રગટ્યું. મુનિરાજ નમિનાથને પ્રથમ પારણું વીરપુરીમાં દત્તરાજાએ કરાવ્યું.

મુનિદશામાં નવવર્ષ વિચર્યા બાદ પ્રભુ નમિમુનિરાજ પુનઃ મિથિલાપુરીમાં પધાર્યા અને ત્યાં પોતાના દીક્ષાવનમાં જ માગશર સુદ ૧૧ના દિવસે કેવળજ્ઞાન પ્રગટ્યું. ઇન્દ્રાદિ દેવોએ આવીને સમવસરણમાં પ્રભુના કેવળજ્ઞાનનો મહાન ઉત્સવ ઊજવ્યો. દેવો—મનુષ્યો ને તિર્યંચો પ્રભુની ધર્મસભામાં ઉપદેશ સાંભળવા બેઠા. પ્રભુએ શુદ્ધાત્મતત્ત્વનો અનંત મહિમા બતાવ્યો, ને તે શુદ્ધાત્માના પરિણમનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. હે જીવો ! આત્માનું શુદ્ધતારૂપ પરિણમન તે જ મોક્ષ છે, તે મહા આનંદરૂપ છે; તે આત્માથી જુદું નથી, ને કોઈ બીજાનું તેમાં અવલંબન નથી. તે મોક્ષનો ઉપાય પણ આત્માના શુદ્ધ પરિણામરૂપ જ છે, તેમાંય કોઈ બીજાનું અવલંબન નથી.

—આવો સ્વાવલંબી મોક્ષમાર્ગ જાણીને ઘણાય જીવોએ પોતાના આત્માના આશ્રયે શુદ્ધ પરિણમન કર્યું ને મોક્ષની સાધના કરી. તે ૨૧મા તીર્થંકર પ્રભુના ધર્મદરબારમાં સુપ્રભદેવ વગેરે ૧૭ ગણધરો સહિત કુલ ૨૦ હજાર મુનિવરો બિરાજતા હતા, ૪૫૦૦૦ આર્યિકાઓ હતાં; એકલાખ ધર્માત્મા શ્રાવકો ને ત્રણ લાખ શ્રાવિકાઓ હતાં. ચારે બાજુ દિવ્ય ધર્મચક્ર ફરતા હતા. અરે, તે સમવસરણમાં ઉપર તો નજર કરો....અહા ! ૧૬૦૦ તો સર્વજ્ઞ—કેવળી ભગવંતો ત્યાં બિરાજી રહ્યા છે. એક સાથે એક હજાર ને છસો અરિહંત પરમાત્માઓ સહિત તીર્થંકર પ્રભુના દર્શનથી કેવો મહાન હર્ષ થાય છે ! ને મોક્ષની આરાધના પ્રત્યે કેવો ઉલ્લાસ જાગે છે ! ધન્ય જિનવૈભવ ! ધન્ય આત્મવૈભવ !! આવો આશ્ચર્યકારી આત્મવૈભવ સહિત એ એકવીસમા તીર્થંકર પ્રભુ અઢી હજાર વર્ષો સુધી આ ભરતક્ષેત્રમાં વિચર્યા, ને વીતરાગી ધર્મોપદેશવડે લાખો જીવોનું કલ્યાણ કર્યું.

—એ રીતે ધર્મતીર્થનું પ્રવર્તન કરતા—કરતા પ્રભુ નમિનાથનું આયુ જ્યારે માત્ર એકમાસ બાકી રહ્યું ત્યારે તેઓ સમ્મેદશિખર પધાર્યા ને અનુક્રમે યોગનિરોધ કરીને, ચૈત્રવદ ૧૪ની રાતના અંતભાગમાં સર્વથા નિષ્કર્મ થઈને, સિદ્ધપુરીમાં જઈ બિરાજ્યા. પ્રભુની મોક્ષપ્રાપ્તિનો કલ્યાણક મહોત્સવ દેવો તેમ જ મનુષ્યોએ ઊજવ્યો : તે પ્રસંગે અશરીરી ચૈતન્યભાવરૂપ મોક્ષનું (એટલે કે સર્વથા શુદ્ધાત્માના અચિંત્ય મહિમાનું) ચિંતન કરી કરીને અનેક જીવો સંસારથી વિરક્ત થયા; કોઈ સમ્યગ્દર્શન પામ્યા, કોઈ મુનિ થયા, તો કોઈએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું અને કોઈ જીવો પ્રભુની સાથે જ મોક્ષમાં ગયા. મોક્ષની સાધનાનો એ મહા મંગળ મહોત્સવ હતો. તે મોક્ષની સ્મૃતિમાં ઈન્દ્રે પણ તે મોક્ષભૂમિ 'મિત્રધર' ટૂંક પર પ્રભુચરણોની સ્થાપના કરીને પૂજા કરી—

**નમિનાથ જિનરાજકી મિત્રધર ટૂંક હૈ જેહ,**
**મન–વચ–તન કર પૂજહું શિખર સમ્મેદ યજેહ.**

અહો, અમારા જેવા ભવ્ય જીવોના હિતકારી મિત્ર એવા ભગવાન નમિનાથ! આપના ધર્મરથમાં આરૂઢ થઈને અમે પણ મોક્ષપુરીમાં શીઘ્ર આવી રહ્યા છીએ....આપને નમસ્કાર હો.

(ઈતિ શ્રી ૨૧મા તીર્થંકર નમિનાથ ભગવાનનું મંગલ જીવનચરિત્ર પૂર્ણ થયું.)

* * *

### ૧૧મા ચક્રવર્તી જયસેન

૨૧મા નમિનાથ તીર્થંકરના શાસનમાં, કૌશામ્બી નગરીમાં જયસેન નામના ચક્રવર્તી થયા; પ્રત્યેક તીર્થંકર—ચોવીસીમાં ૧૨ ચક્રવર્તી થાય છે, તેમાં આ ૧૧મા ચક્રવર્તી થયા. ઉલ્કાપાત દેખી તેઓ વૈરાગ્ય પામ્યા. ને પોતાના મોટા પુત્રને છ ખંડનું રાજ્ય દેવા માંડ્યું; પરંતુ પુત્ર પણ વૈરાગી હતો, એણે રાજ્ય લેવાની ના પાડી ને પિતા સાથે દીક્ષા લેવા તૈયાર થયો. ચક્રવર્તી જયસેને વરદત્તકેવળી પાસે જિનદીક્ષા લીધી ને સમાધિમરણ કરીને જયંત નામના અનુત્તર વિમાનમાં અહમિન્દ્ર થયા.

* * *

**જ્ઞાનભાવના એ સર્વ દુઃખોની**
**પરમ ઔષધિ છે.**

* * *

## (૨૨)




* નેમિનાથ પ્રભુ પરમ વૈરાગી સિદ્ધપુરીમાં સોહે છે, *
* પંચકલ્યાણક સૌરાષ્ટ્રદેશમાં ભવિજનનાં મન મોહે છે; *
* રાગ તજ્યો ભલે રાજુલનો પણ મુક્તિ તો અતિ પ્યારી છે, *
* અમ જીવન–આદર્શ પ્રભુજી આનંદ–મંગલકારી છે. *

ધર્મરથના ચક્રની 'નેમિ' (ધરી) સમાન બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથસ્વામી અમારા ધર્મરથને મોક્ષપુરીમાં પહોંચાડો. પશુઓને બંધનથી છોડાવનારા પ્રભુ નેમિનાથ અમને પણ ભવબંધનથી છોડાવો. પૂર્ણ આનંદધામમાં બિરાજમાન તે પ્રભુ અમને પણ આનંદધામમાં સ્થાપિત કરો. જેમણે વિવાહ વખતે જ વૈરાગ્ય ધારણ કર્યો, રાજુલદેવીને સંસારથી વિરક્ત કરીને મોક્ષસાધનાની પ્રેરણા આપી, પોતે સ્વયં મોક્ષપુરીમાં સીધાવ્યા છતાં અમારા હૃદયમાં પણ બિરાજમાન છે, તે ભગવાન નેમિનાથ પણ અમને પણ તેમના જેવું ઉત્તમ મંગલજીવન આપો. અહો, આત્મસાધનામય તેમના વીતરાગી જીવનનું આ પુરાણ, ભવ્ય જીવોને વિષય–કષાયોથી છોડાવીને આત્મહિતની પ્રેરણા દેનારું છે. ભવ્ય જીવો ભક્તિપૂર્વક તેનું શ્રવણ કરો, વાંચન કરો. પુરાણદ્વારા તે પ્રભુના જ્ઞાન–વૈરાગ્યમય પવિત્ર જીવનનું ચિંતન એ જ તેમનું સ્તવન છે; તે પવિત્ર જીવનનું ચિંતન આપણા ભાવોને મંગલરૂપ કરે છે ને મોક્ષની સાધનામાં જોડે છે.

## * ભગવાન નેમિનાથ : પૂર્વભવ : ચિંતાગતિ વિદ્યાધર *

તે ભગવાન નેમિનાથ પૂર્વે સાતમા ભવે પુષ્કરદ્વીપમાં ચિંતાગતિ નામના વિદ્યાધર હતા; તેમને બીજા બે નાના ભાઈઓ હતા–એકનું નામ મનોગતિ અને બીજાનું નામ ચપલગતિ. અનેક વિદ્યાઓની સાથે આકાશગામી વિદ્યામાં પણ તે ત્રણે ભાઈઓ કુશળ હતા.

તે વખતે પ્રીતિમતી નામની એક રાજકુમારી અતિ સુંદર અને ગતિવિદ્યામાં ઘણી કુશળ હતી; તેણે અભિમાનપૂર્વક એવી પ્રતિજ્ઞા કરી હતી કે, ગતિસ્પર્ધામાં જે મને પરાજિત કરે તેની સાથે જ હું પરણીશ. (તેની યોજના મુજબ મેરુના શિખર પરથી એક માળા નીચે ફેંકાતી, તે માળા નીચે પડતાં

પહેલાં, મેરુને ત્રણપ્રદક્ષિણા કરીને ઝીલી લેવાની હતી.) તે સ્પર્ધામાં કેટલાય રાજકુમારો હારી ગયેલા. ચિંતાગતિ વિદ્યાધરના બે ભાઈઓ મનોગતિ અને ચપલગતિ પણ રાજકુમારી ઉપર મોહિત થઈને તેને પરણવાની ઈચ્છાથી ગયેલા, પરંતુ રાજકુમારી સાથેના ગતિયુદ્ધમાં તેઓ પણ હારી ગયા ને અપમાનિત થઈને પાછા આવ્યા.

પોતાના ભાઈઓનું અપમાન દેખીને, ચિંતાગતિએ ગતિયુદ્ધમાં તે રાજકુમારીને જીતી લીધી. આથી તે રાજકુમારી તેને વરમાળા પહેરાવવા તૈયાર થઈ, ત્યારે તેની સાથે પરણવાનો ઈન્કાર કરતાં ચિંતાગતિએ કહ્યું કે તું મારા નાના ભાઈને વરમાળા પહેરાવ, કેમકે તેઓ તને પરણવા ઈચ્છતા હતા.

રાજકુમારીએ કહ્યું કે ગતિયુદ્ધમાં તમે જ મને જીતી છે તેથી હું તમને જ પરણીશ; નહીંતર હું કુંવારી જ રહીને દીક્ષા લઈશ. તમારા સિવાય બીજા બધાય પુરુષો મારે બંધુ સમાન છે.

ચિંતાગતિએ કહ્યું : મારા નાના ભાઈઓએ જેને પરણવાની ઈચ્છા કરી તેની સાથે હું લગ્ન કરું તે શોભે નહીં. આ રીતે ચિંતાગતિ વિદ્યાધરે (નેમિનાથના જીવે) લગ્ન માટે ના પાડતાં, છેવટે તે પ્રીતિમતી–રાજકુમારીએ દીક્ષા લઈ લીધી અને આર્યિકાવ્રત ધારણ કર્યાં.

(પુરાણોમાં રાજકુમારી પ્રીતિમતીનું વર્ણન અહીં સુધી જ આવે છે. ત્યારપછીના ભવોમાં તેનું શું થયું તે બાબતનો ઉલ્લેખ કોઈ પુરાણમાં જોવા મળતો નથી. પરંતુ અનુમાનથી એમ લાગે છે કે તે જીવ કેટલાક ભવો કરીને અંતે રાજીમતી થઈ હોય; અને, નેમિનાથના જીવે, ચિંતાગતિના ભવમાં જેમ પ્રીતિમતિને પરણવાનો ઈન્કાર કર્યો હતો તેમ, તે જ સંસ્કારના બળે આ ભવમાં પણ તે રાજીમતિને પરણવાનો ઈન્કાર કરીને પોતે વૈરાગ્ય પામ્યા, તથા રાજીમતીને પણ વૈરાગ્ય પમાડ્યો. આ સિવાય વચ્ચેનો ભવોમાં તે નેમ-રાજુલના જીવો એકબીજાની સાથે હોવાનો કોઈ ઉલ્લેખ પુરાણોમાં જોવા મળતો નથી.)

ચિંતાગતિએ પરણવાની ના પાડતાં રાજકુમારીએ દીક્ષા લીધી. તેનું આવું પરાક્રમ દેખીને બીજા પણ અનેક જીવો સંસારથી વૈરાગ્ય પામ્યા. ચિંતાગતિ વગેરે ત્રણે રાજકુમારોએ પણ સંસારથી વિરક્ત થઈને જિનદીક્ષા ધારણ કરી; અને સંયમપૂર્વક દેહ છોડીને તે ત્રણેય ભાઈઓ ચોથાસ્વર્ગમાં દેવ થયા.

* * *


## ભગવાન નેમિનાથ : પાંચમો પૂર્વભવ : અપરાજિતકુમાર

પશ્ચિમ વિદેહક્ષેત્રમાં સીતોદા નદીના કિનારે સિદ્ધપુર નામના સુંદર નગરમાં અર્હત્દાસ રાજા રાજ્ય કરતા હતા. ચોથા સ્વર્ગેથી આયુ પૂરું થતાં તે દેવ (ભૂતકાળના ચિંતાગતિ વિદ્યાધર ને ભવિષ્યકાળના નેમિનાથ તીર્થંકરનો જીવ) અર્હત્‌દાસ રાજાના કુંવર તરીકે અવતર્યો....તેનું નામ અપરાજિત.

તેમના મહાભાગ્યથી એકવાર વિમલવાહન–તીર્થંકર તે નગરીમાં પધાર્યા. રાજા–પ્રજા મહાન હર્ષપૂર્વક પ્રભુના દર્શન કરવા ગયા. પ્રભુના ઉપદેશથી ધર્મ પામીને મહારાજા અર્હત્‌દાસ સંસારથી વિરક્ત થયા ને રાજ્યભાર અપરાજિત કુમારને સોંપીને પોતે જિનદીક્ષા લીધી. અપરાજિત કુમારે પણ

પ્રભુના ઉપદેશથી ચૈતન્યતત્ત્વનો અપૂર્વ મહિમા જાણ્યો ને પ્રજ્ઞાછીણી વડે મોહને છેદીને અપૂર્વ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું તેમ જ શ્રાવકના વ્રત પણ ધારણ કર્યાં. અહા, એક ભાવિતીર્થંકર મોક્ષમાર્ગમાં દાખલ થયા.

મહારાજા અપરાજિત ધર્મના પાલનપૂર્વક રાજ્ય સંભાળતા હતા. એકવાર તેણે સાંભળ્યું કે પોતાના પિતાશ્રી અર્હત્મુનિરાજ કેવળજ્ઞાન પામ્યા છે. આથી અત્યંત હર્ષિત થઈને તે પોતાના પિતાશ્રી અર્હત્–કેવળીના તેમ જ વિમલનાથ–તીર્થંકરના દર્શન કરવા માટે ચાલ્યો. એવામાં, રસ્તામાં તેણે સાંભળ્યું કે તેઓ બંને તો મોક્ષમાં પધારી ગયા.



તેમના મોક્ષગમનની વાત સાંભળતાં તેને આઘાત થયો અને તીવ્ર ભક્તિભાવવશ તે અપરાજિતરાજાએ વગર–વિચાર્યે એવી પ્રતિજ્ઞા કરી કે, મને જ્યાં સુધી ભગવંતોના દર્શન નહિ થાય ત્યાં સુધી હું ભોજન નહિ કરું. અહા, એક ભાવિતીર્થંકરને ભૂતકાળના તીર્થંકરના પ્રત્યક્ષ દર્શનની ભાવના જાગી. અરે, પણ મોક્ષમાં ગયેલા પરમાત્મા શું પાછા આવશે? હા....કેમ નહીં આવે! શું જ્ઞાનના બળે સાધક જીવો સિદ્ધ ભગવંતોને પોતાના અંતરમાં નથી ઉતારતા? તો આ ધર્માત્મા—ભાવિતીર્થંકરની ભાવના પૂરી કેમ નહિ થાય?

અપરાજિત રાજા તો મક્કમ થઈને તે ભગવંતોના ધ્યાનમાં બેસી ગયા. ભગવંતોના દર્શન વગર એમ ને એમ આઠ દિવસ ભોજન કર્યા વિના વીતી ગયા. આઠ દિવસના ઉપવાસ બાદ તેના પુણ્યયોગે એક દેવ તેની ભક્તિથી પ્રભાવિત થયો અને વિક્રિયા વડે સમવસરણ જેવી દિવ્ય રચના કરી; તેમાં જાણે તીર્થંકર વિમલવાહન તથા અર્હત્ કેવળી સાક્ષાત્ બિરાજતા હોય એવું દૃશ્ય બતાવ્યું. એ દિવ્ય દૃશ્યમાં ભગવંતોના દર્શન કરીને રાજા અપરાજિતનું ચિત્ત અત્યંત પ્રસન્ન થયું. અહા, આત્માર્થી જીવોના હૃદયની ઉર્મિઓ પણ જુદી જાતની હોય છે. (અને બીજું એક મોટું આશ્ચર્ય તો જુઓ કે જે ભક્તિથી સ્વર્ગના દેવો પ્રભાવિત થયા તે ભક્તિથી પણ તે સિદ્ધભગવંતોને જરાય પ્રસન્નતાનો રાગ ન જાગ્યો, તેઓ તો વીતરાગપણે પોતાના સ્વરૂપમાં જ સ્થિર રહીને મોક્ષમાં જ બેસી રહ્યા! ધન્ય-જૈન ભગવંતોની વીતરાગતા!)

તે રાજા અપરાજિત ધર્મભાવનાપૂર્વક સિંહપુરીનું રાજ્ય કરતા હતા. એકવાર જિનમંદિરમાં દર્શન–પૂજન કરીને સ્વાધ્યાયમાં બેઠા હતા; એવામાં ત્યાં આકાશમાર્ગે બે મુનિવરો પધાર્યા. તેમને દેખીને રાજાને મહાન આશ્ચર્ય થયું, ને અક્ષયનિધાનની પ્રાપ્તિ જેવી પ્રસન્નતા થઈ; વિનયપૂર્વક વંદન કરીને તેમનો ઉપદેશ સાંભળ્યો. પછી કહ્યું : અહો, ભગવંતો! આપના દર્શનથી હું ધન્ય બન્યો છું; આપને દેખીને મારા હર્ષનો પાર નથી; આપના પ્રત્યે મને ભાઈ જેવું પરમ હેત ઊભરાય છે ને મારા મનમાં એમ લાગે છે કે આ પહેલાં મેં આપને ક્યાંક જોયા હોય ને આપ કોઈ પૂર્વ–પરિચિત બંધુ હો!

ત્યારે મુનિરાજે કહ્યું : સાંભળો હે રાજન્ ! તમારી વાત સત્ય છે; આ ભવમાં નહિ પણ પૂર્વભવમાં તમે અમને જોયા છે...કઈ રીતે, તે સાંભળો.

રાજા અપરાજિત ઉત્સુક્તાપૂર્વક પોતાના પૂર્વભવની વાત સાંભળવા લાગ્યા ને મુનિરાજ કહેવા લાગ્યા : હે રાજા ! પૂર્વભવમાં તમે ચિંતાગતિ નામના વિદ્યાધર હતા ને અમે બંને મુનિઓ તમારા નાના ભાઈ (મનોગતિ તથા ચપલગતિ) હતા; ત્યારે પ્રીતિમતિ રાજકુમારીના નિમિત્તે વૈરાગ્ય પામીને આપણે ત્રણે ભાઈઓએ જિનદીક્ષા લીધી ને સ્વર્ગમાં ગયા. ત્યાંથી અમે બંને પૂર્વ વિદેહમાં વિદ્યાધર–રાજકુમાર તરીકે અવતર્યા. એકવાર અમે બંને રાજકુમારો સ્વયંભૂતીર્થંકરના સમવસરણમાં ગયેલા. ત્યારે તેમની વાણીમાં અમે આપણા ત્રણેના પૂર્વજન્મની વાત સાંભળી અને વૈરાગ્ય પામીને જિનદીક્ષા લઈ મુનિ થયા. પૂર્વભવના સ્નેહને લીધે અમને પ્રશ્ન ઊઠ્યો કે અમારા મોટાભાઈ ચિંતાગતિ અત્યારે ક્યાં છે ? ભગવાનની વાણીથી જાણ્યું કે તમે આ પશ્ચિમ વિદેહમાં અપરાજિત રાજા તરીકે અવતર્યા છો. હે રાજા ! તે સાંભળીને અમે પૂર્વભવના સ્નેહવશ અહીં આવ્યા છીએ. આ રીતે પૂર્વભવના ભાઈ હોવાથી તમને પણ અમારા ઉપર હેત ઊભરાય છે. જીવ નિત્ય હોવાથી પૂર્વભવના સંસ્કારો તેનું કામ કર્યા કરે છે. હે બંધુ ! પૂર્વકર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા ભોગોને તમે ઘણા કાળ સુધી ભોગવ્યા; હવે તેનાથી વિરક્ત થાઓ; હવે તમારું આયુષ્ય માત્ર એક મહિનો બાકી રહ્યું છે, માટે શીઘ્ર આત્મકલ્યાણનો વિચાર કરો.

પોતાના પૂર્વભવના ભાઈ એવા તે બંને મુનિવરોના શ્રીમુખથી પોતાના પૂર્વભવની તેમ જ આત્મહિતની વાત સાંભળતાં રાજા અપરાજિતને ઘણી પ્રસન્નતા થઈને તેણે કહ્યુ : હે ભગવંત ! આપ નિર્ગ્રંથ–નિર્મોહી હોવા છતાં, પૂર્વભવના સ્નેહવશ આપે મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે; ખરેખર આપ મારા સાચા હિતસ્વી બંધુ છો.

મુનિરાજે પરમ વાત્સલ્યદૃષ્ટિથી કહ્યુ : હે રાજન્ ! તમે માત્ર અમારા પૂર્વભવના ભાઈ જ નહિ પણ એક ભાવિતીર્થંકર છો, અને પાંચમા ભવે તમે ભરતક્ષેત્રમાં બાવીસમા તીર્થંકર થઈને મોક્ષ પામશો.–આવું ઉત્તમ ભવિષ્ય ભાખીને અને રાજાને આશીર્વાદ આપીને તે મુનિવરો પૂર્વ વિદેહમાં વિહાર કરી ગયા.

મુનિવરોના શ્રીમુખે પોતાના મોક્ષની વાત સાંભળીને રાજા અપરાજિતને જે આનંદ થયો તેની શી વાત ! મોક્ષાર્થીને મોક્ષ કરતાં પ્રિય વસ્તુ બીજી કઈ હોય ? રાજાનું ચિત્ત મોક્ષને સાધવા ઉત્સુક બન્યું. રાજપાટ છોડીને તેઓ જૈન સાધુ થયા, એટલું જ નહિ, પ્રાયોપગમન નામનો ઉત્કૃષ્ટ સંન્યાસ ધારણ કરીને એક મહિના સુધી ઉત્તમ આરાધના કરી ને સમાધિમરણપૂર્વક દેહ છોડીને ૧૬મા અચ્યુત સ્વર્ગમાં ઈન્દ્ર થયા.

અચ્યુત સ્વર્ગના દિવ્ય વૈભવો વચ્ચે તે ધર્માત્મા ઈન્દ્રે ૨૨ સાગરોપમના અસંખ્ય વર્ષો વીતાવ્યા, પરંતુ ત્યાંય તેઓ બાહ્ય સુખોમાં એવા મુગ્ધ નહોતા બન્યા કે ચૈતન્યવૈભવને ભૂલી જાય. ચૈતન્યના અતીન્દ્રિયસુખ પાસે ઈન્દ્રલોકના સુખો પણ તેને તૂચ્છ લાગતા હતા, તેથી મોક્ષસુખ માટેની તેમની સાધના ચાલુ જ હતી. સાચું અચ્યુતપદ તો સિદ્ધપદ છે–એમ જાણનારા તે અચ્યુતેન્દ્ર, આયુ પૂર્ણ થતાં અચ્યુત સ્વર્ગમાંથી પણ ચ્યુત થઈ ગયા ને મનુષ્યલોકમાં અવતર્યા.

## * ભગવાન નેમિનાથ : ત્રીજો પૂર્વભવ : હસ્તિનાપુરમાં સુપ્રતિષ્ઠરાજા *

તે વખતે આ ભરતક્ષેત્રના હસ્તિનાપુરમાં રાજા શ્રીચંદ્ર રાજ્ય કરતા હતા; તેમના યશસ્વી પુત્ર તરીકે તે અચ્યુતેન્દ્રનો જીવ અવતર્યો–તેનું નામ સુપ્રતિષ્ઠ. તે રાજકુમાર યુવાન થતાં તેનો રાજ્યાભિષેક કરીને મહારાજાએ જિનદીક્ષા ધારણ કરી. રાજા–સુપ્રતિષ્ઠ ન્યાય–નીતિમાં કુશળ અને આત્મજ્ઞાની હતા. સુનંદા તેમની રાણી હતી. તેઓ હંમેશાં જિનદેવની પૂજા કરતા ને જૈનધર્મની પ્રતિષ્ઠા વધારતા હતા; તેમના રાજ્યમાં સર્વત્ર ધર્માત્મા–વિદ્વાનોનું સન્માન થતું; તેઓ ભક્તિપૂર્વક મુનિવરોની સેવા કરતા. એકવાર તેણે યશોધર મુનિરાજને આહારદાન દીધું ત્યારે દેવોએ પ્રસન્ન થઈને તેના આંગણે દુંદુભીનાદ, રત્નવૃષ્ટિ વગેરે પંચાશ્ચર્ય પ્રગટ કર્યા હતા. એ રીતે તેમણે દીર્ઘકાળ સુધી હસ્તિનાપુરીનું રાજ્ય ભોગવ્યું.

તે રાજા સુપ્રતિષ્ઠ એકવાર ચાંદની રાતે આકાશની શોભા નીહાળતા અગાશીમાં ઉભા હતા અને વિચારતા હતા કે જેમ અસંખ્ય તારામંડળથી ઝગમગતું આ સ્વચ્છ આકાશ શોભી રહ્યું છે તેમ અસંખ્ય આત્મગુણોના આનંદકારી ઝગઝગાટથી મારું ચૈતન્યગગન શોભી રહ્યું છે....તે શોભા અંતરમાં સ્વાનુભૂતિના અતીન્દ્રિયચક્ષુ વડે દેખાય છે. સુપ્રતિષ્ઠ રાજા આવું આત્મચિંતન કરી રહ્યા છે.... ત્યાં... તો.....



(ભગવાન નેમિનાથ પૂર્વભવમાં સુપ્રતિષ્ઠ રાજા છે અને તારો ખરતો દેખીને વૈરાગ્ય પામે છે.)

....એકાએક ખ ર ર ર અવાજ સાથે પ્રકાશનો મોટો ઝબકારો થયો.–શું થયું ? આકાશમાં ઉલ્કાપાત થયો, એક મોટો તારો ખર્યો. તે જોતાં જ રાજાની વિચારધારામાં પણ જાણે એકાએક કડાકો થયો. તેનું ચિત્ત સંસારની અસ્થિરતા દેખીને વિરક્ત થયું ને તેઓ વિચારવા લાગ્યા કે ગગનમાંથી આ તારો તો ખર્યો પણ મારું ચૈતન્યગગન એવું ધ્રુવ છે કે તેમાંથી નિજગુણનો એક પણ તારો કદી ખરતો નથી. માટે, અનંતગુણના શાશ્વત વૈભવથી ભરપૂર મારો આત્મા જ મારું શરણ છે, આ સંસારમાં કોઈ સંયોગ સ્થિરરૂપ કે શરણરૂપ નથી.–આ પ્રમાણે વૈરાગ્ય પામીને તે સુપ્રતિષ્ઠ રાજાએ સુમંદર–જિનરાજની સમીપમાં જિનદીક્ષા ધારણ કરી.

રત્નત્રયધારક તે સુપ્રતિષ્ઠમુનિરાજ આત્મધ્યાનપૂર્વક પરિણામની વિશુદ્ધિ કરવા લાગ્યા; તેમને

૧૨ અંગનું જ્ઞાન ખીલી ગયું અને દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ઉત્તમ ભાવનાઓ વડે તેમણે તીર્થંકરપ્રકૃતિ બાંધી. હવે એક ભવ પછી તીર્થંકર થઈને મોક્ષ જવાનું નક્કી થઈ ગયું. અંત સમયમાં એક મહિનાનો સંથારો ધારણ કરીને તેમણે સમાધિમરણ કર્યું ને જયંત નામના અનુત્તર વિમાનમાં તેઓ અહમિન્દ્ર થયા.

સિદ્ધપદની સમીપ એવી અહમિન્દ્ર–પર્યાયમાં આપણા ચરિત્રનાયક નેમિનાથ ૩૩ સાગરના અસંખ્ય વર્ષો સુધી રહ્યા. ત્યાં તેઓ આકુળતા વગરના દિવ્ય સુખને અનુભવતા હતા; જો કે તેમની પાસે આત્મજનિત તેમ જ પુણ્યજનિત એ બંને પ્રકારનાં ઉત્તમ સુખો હતા છતાં તેમાંથી આત્મજનિત સુખોને જ તેઓ ઉપાદેય સમજતા હતા; પુણ્યજનિત સુખોને તેઓ તુચ્છ અને ક્ષણભંગુર જાણતા હતા, એટલે ખરેખર તેને દુઃખ જ સમજતા હતા. કેમકે–

**'પરયુક્ત, બાધાસહિત, ખંડિત, બંધકારણ, વિષમ છે;**
**જે ઇન્દ્રિયોથી લબ્ધ તે સુખ એ રીતે દુઃખ જ ખરે.'**

તે મહાત્મા જાણતા હતા કે દેવલોકના આ પુણ્ય વચ્ચે પણ હું કાંઈ સદાય રહેવાનો નથી, પરંતુ મારા આત્મસુખ સાથે હું સદાય તન્મયપણે રહેવાનો છું. આવા ભેદવિજ્ઞાનને લીધે તે મહાત્મા દેવલોકના બાહ્યસુખોમાં લીન ન થયા, ને પૂર્વના પુણ્યકર્મોની પણ નિર્જરા કરીને મોક્ષસાધના તરફ જ આગળ વધતા રહ્યા.

(અહીં એક બાબતમાં પાઠકોનું લક્ષ દોરીએ છીએ કે, નેમિનાથ પ્રભુના આ અહમિન્દ્ર વગેરે ભવમાં રાજીમતીનો જીવ તેમની સાથે રહ્યો નથી. કેમકે અનુત્તરવિમાનમાં જે ઊપજે તે સમ્યગ્દષ્ટિ અને એકાવતારી હોય છે ને પછી કદીપણ સ્ત્રીપર્યાય તેને હોતી નથી. રાજીમતીનો જીવ સ્વર્ગમાં હોય તોપણ ત્યાર પછી નેમિનાથના ભવમાં સાથે રહેવા માટે તેણે વચમાં બીજા અનેક ભવ કરવા પડે. પરંતુ એનો ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી.)

એ રીતે મોક્ષસાધનામાં આગળ વધતાં વધતાં, તે અહમિન્દ્રને ભરતક્ષેત્રમાં તીર્થંકરપણે અવતરવાની તૈયારી થઈ. તેઓ અવતરે ત્યાર પહેલાં, જેમને ત્યાં તેમનો અવતાર થવાનો છે તે સમુદ્રવિજય મહારાજાની વંશપરંપરાનો પરિચય કરી લઈએ.

* * *

## (હરિવંશ : નેમિપ્રભુની વંશપરંપરાનો પરિચય)

હરિવંશની પરંપરામાં સિંહકેતુ, શૂરસેન વગેરે અનેક મોક્ષગામી રાજાઓ થયા. શૂરસેનના પૌત્ર અંધકવૃષ્ટિ, તે શૌરીપુર (સૂર્યપુર) માં રાજ્ય કરતા હતા.

* તે અંધકવૃષ્ટિ રાજાને દશપુત્રો હતા, તેમાં સૌથી મોટા સમુદ્રવિજય (તે શ્રી નેમિનાથના પિતા), અને સૌથી નાના વસુકુમાર (તે શ્રી કૃષ્ણના પિતા); એ રીતે શ્રીકૃષ્ણ તથા નેમકુમાર કાકા–ભાઈજીના પિતરાઈ ભાઈઓ થાય.
* તે દશ પુત્રો ઉપરાંત, અંધકવૃષ્ટિ રાજાને કુંતી અને માદ્રી એ બે પુત્રીઓ હતી–તેમના પુત્ર પાંડવો. એ રીતે નેમ–કૃષ્ણ અને પાંડવો તે મામા–ફઈબાનાં ભાઈઓ થાય.

✻ અંધકવૃષ્ટિના બીજા ભાઈ નરવૃષ્ટિ, તે મથુરામાં રાજ્ય કરતા હતા; તેનો પુત્ર ઉગ્રસેન, અને તે ઉગ્રસેનનો પુત્ર કંસ.

આટલા સંબોધોનો ઉલ્લેખ, આગળ જતાં આ કથા સમજવામાં ઉપયોગી થશે.

## ✻ અંધકવૃષ્ટિ (તે શ્રીકૃષ્ણ તથા નેમકુમારના દાદા) તેમના પૂર્વભવ ✻

એકવાર શૌરીપુર નગરીમાં એક મુનિરાજ પધાર્યા, તેમને કેવળજ્ઞાન થયું. તેમની પાસેથી ધર્મોપદેશ સાંભળીને તથા પોતાના પૂર્વભવો સાંભળીને રાજા–અંધકવૃષ્ટિ વૈરાગ્ય પામ્યા.

પૂર્વ ભવમાં તે અંધકવૃષ્ટિ અયોધ્યામાં રૂદ્રદત્ત–બ્રાહ્મણ હતા. સુરેન્દ્ર શેઠ તેમના મિત્ર હતા, તે કુબેર જેવા ધનવાન અને જૈનધર્મના પરમ ભક્ત હતા. જિનપૂજા વગેરે કાર્યમાં તે દરરોજ ૧૦ સોનામહોર, અષ્ટમીએ ૨૦ સોનામહોર ને ચતુર્દશીએ ૪૦ સોનામહોર વાપરતા હતા. એકવાર ૧૨ વર્ષ સુધી તેમને પરદેશ જવાનું થયું, ત્યારે મિત્ર રૂદ્રદત્ત ઉપર વિશ્વાસ રાખીને તેને જિનમંદિરના પૂજનકાર્ય માટે ઘણી સોનામહોરો આપી. પણ પાછળથી રૂદ્રદત્તે તે ધન પૂજામાં વાપરવાને બદલે જુગાર વગેરે પાપકાર્યોમાં વાપરી નાંખ્યું. આ રીતે વિશ્વાસઘાત કરીને ધર્મનું દ્રવ્ય પાપકાર્યમાં ખરચી નાંખવાથી તેમ જ મહા પાપોનું સેવન કરવાથી તે જીવ કેટલીય વાર નરકમાં ગયો ને બહુ જ દુઃખી થયો. (બંધુઓ, ધર્મની વિરાધનાનું આવું મહા પાપ જાણીને કદી સ્વપ્ને પણ ધર્મની જરાય વિરાધના ન કરશો; તન-મન-ધનથી ભક્તિપૂર્વક ધર્મની સેવા કરજો.)

પછી સંસારમાં ભટકતો–ભટકતો તે રૂદ્રદત્તનો જીવ (નેમિનાથના દાદાનો જીવ) હસ્તિનાપુરીમાં અત્યંત ગરીબ મનુષ્ય થયો. તે ઘણો રોગીષ્ટ, દુર્ગંધી અને કુરૂપી હતો; ઘરેઘરે ભટકીને ભીખ માંગવા છતાં તેનું પેટ ભરાતું ન હતું. જાણે કે નરક કેવી છે–તે પાપી જીવોને નજરે દેખાડવા માટે જ કર્મોએ તેને મનુષ્યલોકમાં મોકલ્યો હતો. આમ હોવા છતાં, મોક્ષ માટેની તેની કાળલબ્ધિ નજીક આવવાની તૈયારી હતી તેથી તેને અનુકૂળ એક પ્રસંગ બન્યો.

એક જૈનમુનિરાજ તે નગરીમાં આહાર માટે પધાર્યા. દરિદ્ર–રૂદ્રદત્ત પણ તેમની પાછળ–પાછળ જવા લાગ્યો. શ્રાવકોએ મુનિરાજને તો ભક્તિથી સુંદર આહાર કરાવ્યો, અને પછી મુનિરાજની સાથે આવેલ હોવાથી તે દરિદ્ર મનુષ્યને પણ પેટ ભરીને ભોજન કરાવ્યું. 'જીવનમાં ક્ષણભરના મુનિરાજના સંગને લીધે મને આવું ઉત્તમ ભોજન મળ્યું, કાયમ તેમની સાથે રહું જેથી મારું દળદર મટે!'—એમ વિચારી તે મુનિ સાથે વનમાં ગયો ને પ્રાર્થના કરી કે હે સ્વામી! મને પણ આપની સાથે રાખો.

મુનિરાજે તેને નીકટભવ્ય જાણીને જૈનસાધુની દીક્ષા આપી. બીજા મુનિઓની સાથે રહીને તે પણ સંયમ-તપ-શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યો. અહા, જૈનધર્મ તો ઉદાર છે, તેની ઉપાસનાનું ફળ મહાન છે, પૂર્વના બધા પાપોને એક ક્ષણમાં તે ધોઈ નાંખે છે. આવા જૈનધર્મની આરાધના કરીને તે રૂદ્રદત્તના જીવે પૂર્વની વિરાધનાના બધા પાપો ધોઈ નાંખ્યા અને સમાધિમરણ કરીને તે ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયો; અને ત્યાંથી નીકળીને આ શૌરપુરીમાં અંધકવૃષ્ટિ રાજા થયો છે. આ પ્રમાણે પૂર્વભવ બતાવીને તે કેવળી ભગવાને કહ્યું–હે રાજન્! પૂર્વભવમાં તમને દીક્ષા આપનાર મુનિ હું જ હતો; તમે ચરમશરીરી છો, અને બાવીસમા નેમિનાથ તીર્થંકરનો જીવ તમારા પૌત્ર તરીકે અવતરશે.

એ સાંભળીને નેમપ્રભુના દાદાએ કહ્યું : હે દેવ! પૂર્વભવમાં પણ આપ મને ધર્મ પમાડનારા ઉપકારી ગુરુ હતા ને અત્યારે પણ પરમ ગુરુ તરીકે ઉપદેશ આપીને આપે મારું કલ્યાણ કર્યું છે. અરે ક્યાં એ વારંવાર નરકનાં દુઃખો! ને ક્યાં અહમિન્દ્રપદ! બંનેમાં હું એકલો જ હતો, ને હવે મોક્ષમાં પણ હું એકલો જ જઈશ.–આમ વૈરાગ્યપૂર્વક દીક્ષા લઈ તેઓ તો મોક્ષને પામ્યા.

**જન્મ–મરણ એક જ કરે, સુખ–દુઃખ વેદે એક;**
**નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક.**

**જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;**
**આત્મા ધ્યાવી જ્ઞાનમય, શીઘ્ર મોક્ષસુખ પામ.**

તે રાજા અંધકવૃષ્ટિના દશ પુત્રો; તેમાંથી સમુદ્રવિજય વગેરે ૯ પુત્રો તો પૂર્વભવમાં પણ ભાઈઓ જ હતા, ને દીક્ષા લઈ મુનિ થયા હતા; તેઓ સ્વર્ગમાં જઈને પછી અહીં અવતર્યા છે. દશમા પુત્ર વસુરાજ; (શ્રીકૃષ્ણના પિતા) તે પૂર્વભવમાં નંદીસેન નામનો અત્યંત ગરીબ મનુષ્ય હતો ને દુઃખથી કંટાળીને આપઘાત કરવાનો વિચાર કરતો હતો. ત્યારે શંખ અને નિર્નામક (કે જેઓ શ્રીકૃષ્ણ તથા બળભદ્રના જીવો છે)તે બે મુનિઓએ તેને જોયો; તે નંદીસેનને નીકટભવ્ય જાણીને, તથા આગામી ભવમાં આ અમારા પિતા થનારા છે–એમ જાણીને, તે મુનિઓએ તેને આપઘાત કરતાં રોક્યો ને ધર્મનું સ્વરૂપ સમજાવીને દીક્ષા આપી. તે નંદીસેન મુનિ વૈયાવચ્ચ તપમાં પ્રસિદ્ધ હતા, તેમને અનેક લબ્ધિઓ પ્રગટી હતી,–જેથી વૈયાવૃત્ય માટેના ઔષધિ વગેરે પદાર્થો તેમને સ્વયમેવ પ્રાપ્ત થઈ જતા. ઈન્દ્રસભામાં પણ તેમના વૈયાવૃત્યની પ્રશંસા થતી હતી. અહો, જૈનશાસનમાં ધર્માત્માની વૈયાવૃત્યનો અપાર મહિમા છે. જે મનુષ્ય સમર્થ હોવા છતાં, આપત્તિકાળમાં ધર્માત્માની ઉપેક્ષા કરે છે, ને વૈયાવૃત્ય વડે તેમનું કષ્ટ દૂર કરવાનો ઉદ્યમ નથી કરતો, તેનું ચિત્ત કઠોર છે અને તેને ધર્મની રુચિ નથી.

નંદીસેનમુનિને ધર્મનું પરમ વાત્સલ્ય હતું, તેઓ મુનિઓની પરમ સેવા કરતા હતા; પરંતુ તેઓ એક ભૂલ કરી બેઠા : દુર્ગંધિત શરીરથી કંટાળીને તેઓ મુનિ થયા હતા, તે શલ્યને લીધે તે મુનિ એવું નિદાન કરી બેઠા કે 'ધર્મના પ્રતાપે ભવિષ્યમાં મને અતિ સુંદર રૂપવાન શરીર મળો.' તેથી સ્વર્ગમાં જઈને પછી તે જીવ અંધકવૃષ્ટિનો સૌથી નાનો પુત્ર વસુરાજ થયો; તેનું રૂપ અતિ સુંદર છે. શ્રીકૃષ્ણ અને બળભદ્ર તેમના જ પુત્રો થશે.

સમુદ્રવિજયનો રાજ્યાભિષેક કરીને મહારાજા અંધકવૃષ્ટિ તો મુનિ થઈને મોક્ષ પામ્યા. ક્યાં સાતમી નરકનાં ઘોર દુઃખો ને ક્યાં મોક્ષનું પરમ સુખ! ચૈતન્યમાં કોઈ અચિંત્ય તાકાત (પરમાત્મશક્તિ) છે કે જેની ઉપાસનાથી પોતે જ પરમાત્મા થઈ જાય છે. એક વખતનો સાતમી નરકનો જીવ પણ જૈનધર્મના સેવનથી ચૈતન્યની આરાધનાના પ્રતાપે પરમાત્મા બની જાય છે. આવા પ્રતાપવંત જૈનધર્મને હે ભવ્યજીવો! તમે ભક્તિપૂર્વક સેવો.

* * *

હવે મહારાજા સમુદ્રવિજય શૌરીપુરનું રાજ્ય સંભાળવા લાગ્યા. તેમનો સૌથી નાનો (દશમો) ભાઈ વસુકુમાર, તે અતિશય રૂપવાન હતો; તે જ્યારે નગરમાં ફરવા નીકળે ત્યારે નગરની સ્ત્રીઓ તેના

સુંદર રૂપ ઉપર મુગ્ધ બની જતી ને ઘરકામ ભૂલી જતી; અરે ! પોતાના બાળકોને પણ રખડતા મૂકીને તે વસુકુમારને જોવા દોડતી. નગરજનોએ આ તકલીફ સમુદ્રમહારાજાને જણાવી. આથી મહારાજાએ યુક્તિપૂર્વક તેને રાજમહેલમાં જ રોકીને નગરીમાં જવાનું બંધ કરાવી દીધું. એકવાર જ્યારે રાજમહેલની બહાર જતાં તેને ચોકીદારે અટકાવ્યો ત્યારે તેને ખબર પડી કે અરે, મને તો નજરકેદની જેમ રાજમહેલમાં પૂરી દેવામાં આવ્યો છે ! આથી દુઃખી થઈને તે નગર છોડીને ચાલ્યો ગયો, ને છળકપટથી એવી અફવા ફેલાવી–જાણે કે પોતે ચિતામાં પડીને બળી મર્યો હોય!

આ તરફ વસુકુમારના વિયોગથી સમુદ્રવિજય વગેરે ઘણા દુઃખી થયા. પણ નિમિત્તજ્ઞાનીઓએ કહ્યું કે તે કુમાર જીવંત છે અને અમુક વર્ષો પછી તમને તેનો મેળાપ થશે.

કુમાર વસુદેવ મગધદેશમાં રાજગૃહી ગયો; ત્યાંથી એક વિદ્યાધર તેને વિજ્યાર્દ્ધ પર્વત પર લઈ ગયો; પછી તે ચંપાપુર ગયો. તેને દરેક ઠેકાણે રાજકન્યા સહિત અનેક વૈભવની પ્રાપ્તિ થઈ. છેવટે રોહિણીના સ્વયંવરમાં ગુપ્તવેશે ગયો. રોહિણીએ તેને જ વરમાળા પહેરાવી. આથી ત્યાં આવેલા રાજાઓ અપમાનિત થઈને લડવા લાગ્યા, પણ વસુકુમારને કોઈ જીતી ન શક્યા. આખરે રાજા સમુદ્રવિજય લડવા તૈયાર થયા; તેમને દેખીને વસુદેવે એક બાણ તેમના ચરણોમાં ફેંક્યું. તે બાણ સાથેની ચિઠ્ઠીમાં લખ્યું હતું કે 'હે પૂજ્યવર ! આપનો નાનો ભાઈ વસુકુમાર આપના ચરણોમાં નમસ્કાર કરે છે.'

તે ચિઠ્ઠી વાંચતા જ, અહો ! મારો ભાઈ જીવંત છે અને મને તેની પ્રાપ્તિ થઈ–એમ મહાન હર્ષપૂર્વક સમુદ્ર મહારાજા હથિયાર હેઠા મૂકીને પોતાના ભાઈને ભેટી પડ્યા. સૌએ આનંદપૂર્વક શૌરીપુરમાં પ્રવેશ કર્યો. થોડા સમય બાદ, પૂર્વે કહેલ શંખ મુનિનો જીવ સ્વર્ગમાંથી ચવીને વસુકુમારની રોહિણી રાણીની કુંખે પુત્ર તરીકે અવતર્યો. જ્યોતિષીઓએ કહ્યું કે આ પુત્ર નવમા બળભદ્ર થશે.

* * *

હજી બાવીસમા તીર્થંકર નેમનાથનો અવતાર નથી થયો; ત્યાર પહેલાં તેમના કુળ–વંશનો આ પરિચય ચાલે છે. જ્યારે શૌરીપુરમાં રાજા સમુદ્રવિજય રાજ્ય કરતા હતા ત્યારે મથુરામાં રાજા કંસ રાજ્ય કરતા હતો. તે કંસનો જીવ પૂર્વભવમાં વસિષ્ઠ નામનો બાવો હતો, પણ મુનિઓના ઉપદેશથી ધર્મ પામીને તે જૈનસાધુ થયો હતો ને મહિના–મહિનાના ઉપવાસ કરતો હતો. ત્યારે મથુરાના રાજા ઉગ્રસેને અવિચારી–ભક્તિથી એવી આજ્ઞા કરેલી કે આ મુનિને માસખમણનું પારણું હું જ કરાવીશ, બીજા કોઈએ ન કરાવવું.

—પરંતુ મુનિરાજ જ્યારે પારણા માટે નગરમાં આવ્યા ત્યારે, રાજમહેલમાં હાથી–અગ્નિ વગેરેનો ઉપદ્રવ થવાથી રાજાઉગ્રસેન પારણું કરાવી ન શક્યા. આમ માસોપવાસી તે વસિષ્ઠમુનિ પારણું કર્યા વગર ત્રણ વખત પાછા ફર્યા. જ્યારે તેમને ખબર પડી કે ઉગ્રસેનની આજ્ઞાને કારણે જ આમ બની રહ્યું છે, ત્યારે તેમના મનમાં રાજા પ્રત્યે વૈરભાવ જાગી ઊઠ્યો; અને વિવેક ચૂકીને, ધર્મથી ભ્રષ્ટ થઈને તેઓ એવું નિદાન (ખરાબ સંકલ્પ) કરી બેઠા કે હું મારા તપના પ્રભાવે આવતા ભવમાં ઉગ્રસેન રાજાનો પુત્ર થઈને તેનું રાજ્ય છીનવી લઉં ને તેને જેલમાં પૂરું ! બસ, થઈ ચૂક્યું. વૈરભાવથી તે જીવ ઉત્તમ

પુણ્યને વેચી બેઠો ને મરીને તે મથુરાનગરીમાં ઉગ્રસેનરાજાનો પુત્ર થયો—તેનું નામ કંસ. તેના અશુભલક્ષણો દેખીને રાજા ઉગ્રસેને તેને મથુરાથી કાઢી મૂક્યો. તે ફરતો ફરતો શૌરીપુરમાં આવ્યો ને રાજકુમાર-વસુદેવનો ચાકર થઈને રહ્યો.

(તે વસુકુમારના પુત્ર શ્રીકૃષ્ણ—કે જે અર્ધચક્રવર્તી થવાના છે—તેમના જન્મની કથા હવે વાંચશો. નેમિનાથ તીર્થંકરનો અવતાર કૃષ્ણના જન્મ પછી થશે.)

## * શ્રી કૃષ્ણના જન્મની કથા *

જ્યારની આ કથા છે ત્યારે ભારતમાં ૨૧ મા તીર્થંકરનું શાસન ચાલતું હતું; અને રાજગૃહી નગરીમાં રાજા જરાસંઘ રાજ્ય કરતો હતો, તે અર્ધચક્રવર્તી (પ્રતિવાસુદેવ) હતો; તેના શસ્ત્રભંડારમાં સુદર્શનચક્ર ઉત્પન્ન થયું હતું. તેણે ત્રણખંડના લગભગ બધા રાજાઓને જીતી લીધા હતા, પણ સિંહરથ રાજાને હજી તે જીતી શક્યો ન હતો. કુમાર—વસુદેવે યુક્તિપૂર્વક તે સિંહરથને જીતી લીધો, ને બાંધીને પોતાના સેવક કંસ મારફત રાજા જરાસંઘને સોંપી દીધો. આથી પ્રસન્ન થઈને તે જરાસંઘે પોતાની પુત્રી (જીવયશા) તથા અર્ધું રાજ્ય વસુદેવને દેવા માંડ્યું; પણ વસુદેવે તે ન લેતાં કંસને આપવા કહ્યું. રાજ્ય પામીને કંસે જ્યારે જાણ્યું કે પોતે મથુરાનો રાજકુમાર છે ને પિતા ઉગ્રસેને બાલ વયથી જ પોતાને છોડી દીધો હતો; —ત્યારે તેના પૂર્વભવના વેરના સંસ્કાર જાગી ઊઠ્યા; તેણે ક્રોધપૂર્વક પિતા ઉગ્રસેનને પકડીને દરવાજા ઉપર જેલમાં પૂર્યા ને મથુરાનું રાજ્ય પડાવી લીધું. (પૂર્વે વસિષ્ઠ મુનિના ભવમાં કંસના જીવે જે પાપનિદાન કરેલું તેનું આ ફળ આવ્યું.)

ત્યારબાદ, રાજા કંસે, પોતાના ઉપકારી વસુદેવને મથુરા બોલાવીને તેનું સન્માન કર્યું ને પોતાની દેવકીબહેન તેની સાથે પરણાવી. એકવાર કંસરાજાના મહેલમાં (તેના ભાઈ) અતિમુક્તક મુનિ આહાર માટે આવ્યા; ત્યારે કંસની રાણી જીવયશાએ તે મુનિની તથા તેમની બેન દેવકીની મશ્કરી કરીને અનાદર કર્યો. આથી ક્રોધાવેશમાં તે મુનિ વચનગુપ્તિને ભૂલી ગયા ને તેમનાથી ભવિષ્ય ભખાઈ ગયું કે હે જીવયશા! તું અભિમાનથી જેની મશ્કરી કરે છે તે આ દેવકીબહેનનો પુત્ર જ તારા પતિનો તેમ જ પિતાનો (કંસનો તેમ જ જરાસંઘનો) ઘાત કરશે.

મુનિએ ભાખેલા ભવિષ્યની આ વાત જ્યારે રાજા કંસે જાણી ત્યારે તે ભયભીત થઈ ગયો. અને, 'દેવકીબહેનના પુત્રોને જન્મતાવેંત જ મારી નાખવા' એવા દુષ્ટ આશયથી તેણે બહેનદેવકીને પોતાના ઘરે જ રાખવાનું વચન વસુકુમાર પાસેથી લઈ લીધું.

હજી દેવકીને કોઈ સંતાનપ્રાપ્તિ થઈ ન હતી. ત્યાં ફરીને તે અતિમુક્તકમુનિ મથુરાનગરીમાં પધાર્યા; ત્યારે દેવકીએ વિનયપૂર્વક પૂછ્યું : હે સ્વામી! અમને દીક્ષાનો અવસર ક્યારે આવશે? (આ મુનિ તે દેવકીના ભાઈ જ હતા.)

મુનિરાજે કહ્યું : હે બહેન! તને પુત્રપ્રાપ્તિની ઇચ્છા છે, છતાં તું માયાચારથી દીક્ષાની વાત શા માટે પૂછે છે! સાંભળ, તને અનેક ઉત્તમ પુત્રો થશે; તેમાંથી છ પુત્રો તો બીજે ઠેકાણે ઊછરીને મોટા થશે ને દીક્ષા લઈને મોક્ષ પામશે; અને સાતમો પુત્ર ચક્રવર્તી—વાસુદેવ થઈને પૃથ્વીનું રાજ્ય કરશે. —એ સાંભળીને દેવકીનું ચિત્ત સંતુષ્ટ થયું.

ત્યાર બાદ દેવકીને ત્રણવાર યુગલ-પુત્રો થયા; પુણ્યપ્રભાવે તે છએ ચરમશરીરી પુત્રોની એક દેવે રક્ષા કરી, ને તેની જગ્યાએ બીજા મૃતપુત્રોને મૂકી દીધા. કંસ સમજ્યો કે દેવકીને પુત્રો મરેલા જ અવતર્યા છે. —આમ છતાં દુષ્ટ ભાવને લીધે પત્થર સાથે પછાડીને તેણે તે બાળકોનું મસ્તક ફોડી નાખ્યું. (રે સંસાર! જુઓ તો ખરા વેરભાવ! નાનકડા બાળકો—તે પણ પોતાની જ બહેનના પુત્રો—તેમને મારવા કંસે કેવી ક્રૂરતા કરી!—પણ જેનાં પુણ્ય જીવતા છે તેને કોણ મારી શકે?)

તે છ પુત્રો બાદ દેવકીને સાતમા પુત્રનો ગર્ભ રહ્યો. આ વખતે નિર્નામકમુનિનો જીવ (કે જે ભોગોનું પાપનિદાન કરીને સ્વર્ગે ગયેલો તે) દેવકીના ગર્ભમાં આવ્યો. અને સાતમા મહિને જ દેવકીએ પુત્રને જન્મ આપ્યો. —તે જ શ્રીકૃષ્ણ. (આ રીતે પૂર્વના શંખ અને નિર્નામક બંને મુનિઓ અહીં બળદેવ અને વાસુદેવ તરીકે અવતર્યા.)

મથુરામાં શ્રીકૃષ્ણનો જન્મ થતાં જ તેના પિતા વસુદેવ, તથા મોટાભાઈ (રોહિણીના પુત્ર) બળભદ્ર ગુપ્તપણે તેને ગોકુળમાં નંદગોપના ઘરે લઈ ગયા. રસ્તાના અંધકારમાં શ્રીકૃષ્ણના પુણ્યપ્રભાવે એક દેવે દીપકવડે માર્ગદર્શન કર્યું. નગરના દરવાજા આપોઆપ ખુલી ગયા, તથા યમુના નદીનો પ્રવાહ પણ ક્ષણભર થંભી ગયો, તે નદીએ બે ભાગમાં વિભક્ત થઈને સામે પાર જવાનો માર્ગ કરી દીધો. અહા, પુણ્યપ્રભાવ શું—શું નથી કરતો? (—તે સંસારની તો બધી સામગ્રી આપે છે; પણ એક મોક્ષ નથી આપી શક્તો; તેથી મોક્ષાર્થી જીવો તે પુણ્યનું પણ શરણ નથી લેતા.)

શ્રી કૃષ્ણને લઈને જ્યારે વસુદેવ અને બળભદ્ર જતા હતા ત્યારે નંદ—ગોપ એક મૃત પુત્રીને લઈને સામે મળ્યો; બળભદ્રે બાલક કૃષ્ણ તેને સોંપી દીધો ને તેને બદલે મરેલી પુત્રી લઈને એમ જાહેર કર્યું કે દેવકીને મરેલી પુત્રી અવતરી છે.—આથી કંસરાજાને શ્રીકૃષ્ણના અવતારની ખબર પડી નહિ. આ તરફ નંદગોપના ઘરે માતા યશોદા અત્યંત વહાલથી બાલકૃષ્ણને ઊછેરવા લાગી. કૃષ્ણ જેમ જેમ મોટા થવા લાગ્યા તેમતેમ મથુરામાં ઉપદ્રવો વધવા લાગ્યા. આ ઉપરથી જ્યોતિષીઓએ કંસને કહ્યું કે તમારો મહાનશત્રુ ક્યાંક ઉત્પન્ન થઈ ચૂક્યો છે.

આ સાંભળીને કંસ ચિંતામાં પડ્યો; તેણે શત્રુને શોધવા અને મારવા ઘણા ઉપાયો કર્યા, પૂર્વભવમાં મિત્ર થયેલા હલકા દેવોની મદદ લીધી, પણ શ્રીકૃષ્ણના પુણ્યયોગને લીધે કોઈ તેને કાંઈ કરી શક્યું નહીં, ઊલ્ટો તેનો પ્રભાવ વધતો જ ગયો. એમાં કોઈ આશ્ચર્ય નથી, કેમકે ધર્માત્માના પુણ્ય પાસે દેવોની શક્તિ પણ નિષ્ક્રિય બની જાય છે, અને દેવો પણ તેનાં સહાયક થઈ જાય છે. અંતે એક મલ્લયુદ્ધમાં નાનકડા શ્રીકૃષ્ણે મોટા કંસનો (કે જે તેના મામા જ હતા તેનો) સંહાર કર્યો; તેના પિતા રાજા ઉગ્રસેનને તથા પદ્માવતીરાણીને જેલમાંથી મુક્ત કરીને મથુરાનું રાજ્ય તેમને સોંપી દીધું; અને શ્રીકૃષ્ણ—બળભદ્ર વગેરે સૌએ પરિવારસહિત આનંદપૂર્વક પોતાની રાજધાની શૌરીપુરમાં પ્રવેશ કર્યો. તેમનાં આગમનથી મહારાજા સમુદ્રવિજય વગેરે સૌ પ્રસન્ન થયા.

—હવે આ બાજુ કંસનું મરણ થતાં તેની રાણી જીવયશા રાજગૃહીમાં પોતાના પિતા જરાસંઘ પાસે ગઈ ને કંસના મરણની વાત કરી. તે સાંભળીને રાજા જરાસંઘને શ્રીકૃષ્ણ વગેરે સમસ્ત યાદવો ઉપર અત્યંત ક્રોધ આવ્યો ને તેમને જીતવા પોતાના પુત્રોને મોકલ્યા. સેંકડોવાર યુદ્ધ થયું; અંતે,

'મહાબળવાન રાજા જરાસંઘ અહીં શાંતિથી રહેવા નહીં દ્યે અને શ્રીકૃષ્ણ હજી નાના છે' એમ સમજીને સમુદ્રવિજય વગેરે યાદવોએ શૌરીપુર-મથુરા છોડી દીધું ને સૌરાષ્ટ્રદેશમાં આવી સમુદ્રકિનારે મુકામ કર્યો.

(હરિવંશપુરાણમાં નેમિનાથનો જન્મ શૌરીપુરમાં થયા પછી યાદવો સૌરાષ્ટ્રમાં આવ્યા હોવાનું લખ્યું છે; પરંતુ તીર્થંકરનો જન્મ થયા પછી કોઈના ભયથી રાજ્ય છોડીને ભાગવું પડે —એ વાત બંધબેસતી નથી. તીર્થંકરના પ્રભાવથી તો દુશ્મનો પણ તાબે થઈ જાય છે; એટલે નેમિનાથ તીર્થંકરનો અવતાર દ્વારકાનગરીમાં થવાનું જ ઉચિત છે.)

## * દ્વારકાનગરીની રચના અને નેમિનાથનો અવતાર *

યાદવો સૌરાષ્ટ્રમાં સમુદ્રકિનારે આવ્યા; ત્યારે શ્રીકૃષ્ણના તેમ જ હોનહાર તીર્થંકર નેમિનાથના પુણ્યપ્રતાપથી કુબેરદેવે સમુદ્રની વચ્ચે બાર યોજનની અતિસુંદર દ્વારામતી નગરીની રચના કરી. જ્યાં તીર્થંકરનો અવતાર થવાનો છે અને જેની રચના દેવોએ કરી છે તે નગરીની શોભાનું શું કહેવું? મહારાજા સમુદ્રવિજય, વસુદેવ, બલભદ્ર અને શ્રીકૃષ્ણ સહિત સમસ્ત યાદવોએ તે નગરીમાં પ્રવેશ કર્યો ને સુખપૂર્વક રહેવા લાગ્યા. તે દ્વારિકાની વચ્ચે રત્નો જડેલા એકહજાર શિખરોથી શોભતું અતિ ભવ્ય જિનમંદિર હતું; તેમાં સર્વે નગરજનો અરિહંતદેવના દર્શન-પૂજન અને ધર્મસાધના કરતા હતા. તે નગરી ઈન્દ્રપુરી જેવી શોભતી હતી. એવામાં એક આશ્ચર્યકારી પ્રસંગ ને આનંદકારી બનાવ બન્યો :

રાજમહેલના આંગણે રોજરોજ કરોડો રત્નોની વૃષ્ટિ થવા લાગી, અને દેવલોકની કુમારી દેવીઓ દ્વારિકામાં આવીને શિવાદેવીની સેવા કરવા લાગી. હે પાઠક! આ બધા ઉત્તમ ચિહ્નોથી તને જાણીને આનંદ થશે કે આપણા સૌરાષ્ટ્રદેશમાં એક તીર્થંકરના અવતારની તૈયારી થઈ રહી છે. આપણા ચરિત્રનાયક ભગવાન નેમિનાથ, —કે જેઓ અહમિન્દ્રપર્યાયમાં બિરાજે છે તેમનું આયુષ્ય જ્યારે છ માસ બાકી રહ્યું ત્યારે અહીં આ બનાવો શરૂ થયા. મહારાણી શિવાદેવીની પ્રસન્નતાનો પાર નથી. તેમને જૈનધર્મની પ્રભાવના કરાવાના તથા સર્વે જીવોની દયા પાળવાના ઉત્તમ ભાવો જાગી રહ્યા છે, ને વિશુદ્ધિ વધતી જાય છે. છ માસ બાદ, કારતક સુદ છઠ્ઠના મંગલદિનની પાછલી રાતે શિવાદેવીએ સિંહ—હાથી—સૂર્ય—ચંદ્ર—રંગબેરંગી રત્નોનો ઢગલો વગેરે ૧૬ઉત્તમ સ્વપ્નો જોયા. બરાબર એ જ વખતે દેવલોકમાંથી બાવીસમા તીર્થંકરનો જીવ તેમના ઉદરમાં અવતર્યો. શિવાદેવી 'રત્નકુંખધારિણી' બન્યા. ધન્ય બન્યા શિવાદેવી ને ધન્ય બન્યું સૌરાષ્ટ્ર! રાજસભામાં જઈ શિવાદેવીએ સમુદ્રમહારાજાને સ્વપ્નોની વાત કરી, ત્યારે મહારાજાએ કહ્યું—હે દેવી! આ મંગલ સ્વપ્નો એમ સૂચવે છે કે બાવીસમા તીર્થંકરનો જીવ તમારા ઉદરમાં અવતરી ચૂક્યો છે. 'અહા, હું તીર્થંકરની માતા બનીશ' એ જાણીને શિવાદેવીને એવો હર્ષ થયો—જાણે અત્યારે જ તીર્થંકર તેની ગોદમાં રમતા હોય! એ વખતે સ્વર્ગેથી દ્વારિકા આવીને ઈન્દ્ર—ઈન્દ્રાણીએ તીર્થંકરના માતા—પિતાનું સન્માન કર્યું; એ રીતે ગર્ભકલ્યાણકનો મંગલ ઉત્સવ કરીને તીર્થંકર—આત્માનો અપાર મહિમા જગતમાં પ્રસિદ્ધ કર્યો.

ઈન્દ્રની આજ્ઞાથી ભવનવાસી-દેવીઓ જિનમાતાની સેવા કરતી હતી; વિધવિધ ચર્ચા વડે તેમને પ્રસન્ન રાખતી હતી ને તીર્થંકર—બાળકના અવતારની રાહ જોતી હતી. નવમાસ આનંદપૂર્વક વીત્યા.

શ્રાવણ સુદ છઠ્ઠે દ્વારિકાનગરીમાં બાવીસમા તીર્થંકરનો જન્મ થયો. અહા, દ્વારકા આનંદમય પ્રકાશથી ઝગઝગી ઊઠી. પ્રભુના પ્રતાપે દેવલોકના વાજાં, કોઈના વગાડ્યા વગર એની મેળે વાગવા માંડ્યા, ઈન્દ્રોના આસન પણ ઝણઝણી ઊઠ્યા; સમસ્ત દેવલોકમાં ખબર પડી કે દ્વારિકાનગરીમાં ભરતક્ષેત્રના બાવીસમા તીર્થંકરનો અવતાર થયો છે. તરત પ્રભુનો જન્મોત્સવ ઉજવવા ઈન્દ્રસહિત દેવો દ્વારિકા દોડી આવ્યા. સમુદ્ર વચ્ચે જાણે નવો જ ઈન્દ્રલોક રચાઈ ગયો. અદ્ભુત ઐરાવત હાથી પર તેનાથીયે અદ્ભુત બાલતીર્થંકરને બિરાજમાન કરીને ઈન્દ્રો પ્રભુની સવારી વિદેહની વચ્ચે મેરુ ઉપર લઈ ગયા. ત્યાં કરોડો દેવવાજાનાં નાદ વચ્ચે ઈન્દ્રે પ્રભુનો અભિષેક કર્યો. પ્રભુનું દિવ્ય રૂપ ઈન્દ્રે ૧૦૦૦ આંખો વડે દેખ્યું ને હજાર હાથ ઉછાળી-ઉછાળીને ઈન્દ્રાણી સહિત આનંદથી નાચવા લાગ્યો.

૧૦૦૮ કળશોથી અભિષેક કર્યા બાદ ઈન્દ્રે ૧૦૦૮ નામો વડે બાલતીર્થંકરની સ્તુતિ કરી, અને પ્રભુ ધર્મરૂપી રથના ચક્રની 'નેમિ' (ધરી) સમાન છે એમ સમજીને તેમનું નામ 'નેમિનાથ' રાખ્યું. એ દિગંબર બાલપ્રભુને ઈન્દ્રાણીએ દેવલોકના દિવ્ય વસ્ત્રો પહેરાવ્યા; પ્રભુ પોતે ત્રણલોકના તિલક હોવા છતાં ઈન્દ્રાણીએ તેમને તિલક કર્યું અને સમ્યક્ત્વથી સ્વયં અલંકૃત પ્રભુને દિવ્ય અલંકારો વડે શણગાર્યા, સાથે સાથે સાતિશય પુણ્યો વડે પોતાના આત્માને પણ અલંકૃત કર્યો. એ બાલતીર્થંકરને ગોદમાં લેતાં તેને કોઈ અદ્ભુત રોમાંચ થયો. દેવલોકની દેવીઓને પુત્ર નથી હોતા—એ વાત હર્ષના અતિરેકને લીધે તે ઈન્દ્રાણી ભૂલી ગઈ, ને જાણે આ મારો જ પુત્ર છે એમ સમજીને પ્રભુ ઉપર પરમ વહાલ કરવા લાગી. પ્રભુને પોતાની ગોદમાં તેડી—તેડીને તે પરમ તૃપ્તિ અનુભવવા લાગી : 'અહા, તીર્થંકર પરમાત્મા તો મારી ગોદમાં બિરાજે છે તો મને હવે મોક્ષ લેતાં શી વાર !'

મેરુ ઉપર જન્માભિષેક કરીને ઈન્દ્રો બાલતીર્થંકરની સવારી દ્વારિકાપુરીમાં લાવ્યા, ને સમુદ્રવિજય મહારાજા તથા શિવાદેવી માતા તેમ જ બળભદ્ર—શ્રીકૃષ્ણની સન્મુખ આનંદમય નાટક અને નૃત્ય કરીને ફરીથી પ્રભુના જન્મનો ઉત્સવ કર્યો. પોતાના કૂળમાં તીર્થંકરનો અવતાર થતાં શ્રીકૃષ્ણનાય આનંદનો પાર ન રહ્યો, તે પણ ઈન્દ્રની સાથે નૃત્ય કરીને પોતાનો મહાન આનંદ વ્યક્ત કરવા લાગ્યા....'અહા, હું તીર્થંકરનો ભાઈ, તીર્થંકર મારા ભાઈ; તેઓ આ ભવે મોક્ષમા જશે ને હું પણ ભવિષ્યમાં તેમના જેવો તીર્થંકર થઈને મોક્ષમાં જઈશ.' વાહ ! પોતાના પરિવારમાં તીર્થંકરને દેખીને ભવ્યાત્માને જે આનંદ થાય તેની શી વાત ! અહા, અમે તીર્થંકરના પરિવારના થયા, અમે મોક્ષગામી થયા; સિદ્ધના સાધર્મી થયા.'

એકકોર સ્વર્ગનો ઈન્દ્ર 'હરિ' અને બીજીકોર દ્વારકાધીશ 'હરિ' બંને હરિ હર્ષથી નાચતા હતા. દ્વારકાનગરીમાં સર્વત્ર આનંદ—મંગળ છવાઈ ગયો હતો; માત્ર દ્વારકામાં નહીં, આખાય સૌરાષ્ટ્રમાં અને ભારતભરમાં કોઈ અનેરી શાંતિ ને હર્ષોલ્લાસનું વાતાવરણ હતું; અરે, પ્રભુ જન્મના પ્રતાપે નારકી જીવોએ બેઘડી દુઃખથી છૂટકારો પામીને શાંતિ અનુભવી હતી. તીર્થંકરના અવતારની શી વાત ! —એ તો ત્રણે લોકના જીવોનું કલ્યાણ કરનાર છે.

૨૧ મા નમિનાથ તીર્થંકરનું શાસન પાંચલાખ વર્ષ ચાલ્યું. ત્યારબાદ ૨૨ મા નેમિનાથ તીર્થંકરનો અવતાર થયો. તેમનું આયુ ૧૦૦૦ વર્ષ હતું, દેહની ઊંચાઇ દશધનુષ (૩૦ મીટર) હતી. બાલતીર્થંકર નેમિકુમાર આત્મિક સુખની સાથે દૈવીસુખનો ભોગવટો કરતા થકા વૃદ્ધિગત થવા લાગ્યા.


બાળપણથી જ એમનું અલૌકિક જીવન દેખીને લોકો બોલી ઊઠતા કે—આ બાલમહાત્માનું જીવન જગત કરતાં જુદી જાતનું છે, જ્ઞાનચેતનાથી શોભતું તેમનું અંતર્મુખી જીવન ધર્મસાધનાના અચિંત્ય મહિમાને પ્રસિદ્ધ કરે છે.—

**'તારું જીવન ખરું....તારું જીવન, જીવી જાણ્યું નેમનાથે જીવન.'**
**સૂતા કે જાગતા, બેસતા–ઊઠતા. હૈડે રહે પ્રભુ! તારું રટન...**

વાહ, ધન્ય પ્રભુનું જીવન! ધન્ય અવતાર! અહો, જ્ઞાનચેતનાથી શોભતું પ્રભુનું જીવન શાંત અને ગંભીર છે,—જે બીજા જીવોને પણ ચૈતન્યભાવોની ઊર્મિ જગાડે છે.

અને, માતા શિવાદેવી પોતાના લાડિલા લાલને જે લાડ લડાવતી એની તો શી વાત! નાનકડા નેમકુંવરને પારણે ઝૂલાવતી વખતે માતા જે અદ્‌ભુત હાલરડું ગાતી તે સાંભળો :—

(રાગ : 'મારા બંધુ! અરિહંત થાવું સહેલ છે...')



**તું શુદ્ધ છો તું બુદ્ધ, તું નિર્વિકલ્પ ઉદાસી...**
**નેમિકુંવર! ઝુલો રે ચૈતન્ય પારણે...**
**ચેતનરાજા! ઝુલો રે ચૈતન્ય પારણે...**

**તમે છો ચૈતન્ય સાધક, નિજ મોક્ષતણા આરાધક....**
**ઝુલો..ઝુલો તમે તો આનંદપારણે....**
**નેમિકુંવર! ઝુલો રે ચૈતન્ય પારણે...**

**તું સ્વાનુભૂતિ–પ્રકાશી ને આતમગુણ–વિલાસી,**
**વીરા મારા! અજોડ તારું જ્ઞાન છે,**
**નેમિકુંવર! ઝુલો રે ચૈતન્ય પારણે...**

**મારા કુંવર મોટા થાશે ને મુનિ થઈ વિચરશે,**
**કેવળ પામી...એ ભવ્ય જીવોને તારશે....**
**નેમિકુંવર! ઝુલો રે ચૈતન્ય પારણે....**

* તું તીર્થંકરપદ પામી ને જિનશાસન અજવાળી, *
* સિદ્ધિ પામી...પરમ પદમાં ઝુલજે, *
* નેમિકુંવર ! માતા ઝુલાવે ચૈતન્ય પારણે.... *

'અહો, આ તો મારો નાનકડો ભાઈ...અને વળી ભગવાન' એમ કહીને બળભદ્ર તો અત્યંત પ્યારથી નેમકુંવરને તેડીતેડીને ફરતા ને તેને રમાડતા. ભરતક્ષેત્રના વર્તમાન તીર્થંકર ભગવાન નેમિનાથ, અને ભાવિતીર્થંકર મહાત્મા શ્રીકૃષ્ણ, એવા બે પુરાણપુરુષોના પુણ્યપ્રતાપે દેવોએ રચેલી દ્વારકાનગરીની શોભા અદ્ભુત હતી. મોક્ષ જનારા ચરમશરીરી અનેક ધર્માત્મા જીવો ત્યાં વસતા હતા. સૌરાષ્ટ્ર દેશના કિનારે સુંદર દરિયો દેખીને પ્રભુ નેમિકુમાર પોતાના અંતરમાં ચૈતન્ય–રત્નાકરનું ધ્યાન કરતા હતા; તે વખતે સમુદ્ર કરતાંય વધુ ગંભીર તેમની મુદ્રા શાંતરસનો દરિયો ઉલ્લસતો હતો. એકકોર નેમિતીર્થંકરના પ્રતાપે સમ્યક્ત્વાદિ રત્નો પાકતા હતા, તો બીજીકોર ત્યાંના સમુદ્રમાં પણ રત્નો ને મોતી પાકતા હતા. નવી જ રચાયેલી દ્વારકાનગરીનો દૈવી વૈભવ નીહાળીને તથા ત્યાં બિરાજમાન નેમિતીર્થંકરના દર્શન કરીને દેશોદેશના યાત્રિકો અચંબો પામતા ને પોતાને ધન્ય સમજતા. ખરું જ છે–જીવંત તીર્થંકરના દર્શનથી મોટું સુભાગ્ય દુનિયામાં બીજું શું છે !

* * *

## રાજા જરાસંઘ સાથે યુદ્ધ, શ્રીકૃષ્ણનો વિજય અને ચક્રવર્તીપણું

એકવાર મગધદેશના વેપારીઓ સમુદ્રમાર્ગે વેપાર કરવા નીકળેલા; તેઓ 'પુણ્યોદયથી માર્ગ ભૂલીને' નવીન દ્વારામતીનગરીમાં આવી પહોંચ્યા.–'માર્ગ ભૂલ્યા છતાં પુણ્યોદય !' જી હા, કેમકે માર્ગ ભૂલવાથી તો તેમને બાવીસમાં તીર્થંકરની જન્મભૂમિ દ્વારિકા તીર્થની યાત્રા થઈ તેમ જ બાલતીર્થંકર નેમિકુમારના દર્શન થયા. પ્રભુને દેખીને તેમ જ દ્વારકાનગરીની દૈવી શોભા દેખીને તે વેપારીઓ આશ્ચર્યચકિત થયા. પહેલાં કદી સમુદ્ર વચ્ચે તેમણે આવી નગરી દેખી ન હતી. અહીં વેપારમાં પણ તેમને ઘણો નફો થયો. આ રીતે ધર્મ અને ધન બંનેનો તેમને લાભ થયો. અહીંથી ઉત્તમ રત્નો લઈને તેઓ રાજગૃહી પહોંચ્યા.

રાજગૃહી આવીને તેમણે અર્ધ ચક્રવર્તી મહારાજા જરાસંઘને તે ઉત્તમ રત્નો ભેટ આપ્યા. આવા ઉત્તમ રત્નો દેખી રાજા આનંદિત થયો ને પૂછ્યું : અહો મહાજનો ! તમે આવા સુંદર રત્નો ક્યાંથી લાવ્યા ? આ રત્નો તો આંખ ઉઘાડ–બંધ કરીને જાણે કંઈક બોલતા હોય–એવા ઝગમગી રહ્યાં છે.

ત્યારે મહાજને કહ્યું : હે મહારાજ સાંભળો ! અમે એક મોટું કૌતુક જોયું; આવું આશ્ચર્ય પહેલા કદી અમે જોયું ન હતું. સૌરાષ્ટ્રની સમીપમાં દરિયાની વચ્ચે દ્વારામતી નામની એક નવીન નગરી અમે જોઈ...જાણે કે પાતાળમાંથી ફૂટી નીકળી હોય ! સોનાના ગઢવાળી તે નગરીની શોભા અદ્ભુત હતી. અને વળી તેનાથીયે મહાન આનંદની વાત એ છે કે ભરતક્ષેત્રના ૨૨ મા તીર્થંકર નેમકુમાર તે નગરીમાં બિરાજે છે, તેમનાં અમે દર્શન કર્યા. અહા, એ નાનકડા નેમકુમારની શી ગંભીરતા ! કેવો વૈરાગ્ય ! કેવી શાંત અને પ્રસન્ન મુદ્રા ! એ તીર્થંકર પ્રભુના સાક્ષાત્ દર્શનથી અમારો જન્મ કૃતાર્થ થયો. તે દ્વારામતીમાં પ્રભુ નેમકુમારના જન્મ પહેલાં દેવોએ કરોડો રત્નોની વૃષ્ટિ કરી હતી; ત્યાં ઠેરઠેર ઉત્તમ રત્નો નજરે

પડે છે, તેમાંથી કેટલાક રત્નો અમે લાવ્યા છીએ ને તે આપને ભેટ ધર્યા છે. શ્રીકૃષ્ણ—બળભદ્ર વગેરે યાદવો ત્યાં રાજ્ય કરે છે.

યાદવોનું નામ અને તેમના વૈભવની વાત સાંભળતાં જ રાજા જરાસંઘ ક્રોધથી ધૂંવાફૂવાં થઈ ગયો, તેની બુદ્ધિ બહેર મારી ગઈ. 'અરે, એ યાદવો તો મારી બીકને લીધે અગ્નિમાં બળી મર્યા એમ હું માનતો હતો, તેને બદલે તેઓ તો જીવતા છે ને મહાન વિભૂતિ સહિત દ્વારકામાં રાજ્ય કરે છે ! ચાલ, હું તેમનો નાશ કરું ને દ્વારકા જીતી લઉં.' આમ વિચારીને તે અવિચારી રાજાએ મોટા સૈન્ય અને સુદર્શનચક્ર સહિત યુદ્ધ માટે દ્વારકા તરફ પ્રયાણ કર્યું. —અરેરે, તીર્થંકરના જન્મની વધાઈનો આનંદ માણવાને બદલે તે દુર્બુદ્ધિ પોતાના સર્વનાશના માર્ગે ચાલ્યો.

આ બાજુ નારદજી દ્વારા શ્રીકૃષ્ણને સમાચાર મળ્યા કે શત્રુરાજા જરાસંઘ લડવા માટે આવી રહ્યો છે. એ સમાચાર સાંભળતાં શૂરવીર શ્રીકૃષ્ણને જરાપણ ભય કે આકુળતા ન થઈ; તેઓ નેમકુમાર પાસે આવ્યા વિનયથી કહ્યું—હે દેવ ! જરાસંઘ રાજા યુદ્ધ કરવા આવ્યો છે, આપના પ્રતાપથી હું તેને શીઘ્ર જીતી લઈશ. હું તેને જીતીને આવું ત્યાં સુધી આપ આ નગરીનું રાજ્ય સંભાળીને તેની રક્ષા કરજો.

શ્રીકૃષ્ણનાં એ વચનો સાંભળીને કુમાર નેમનાથ જરાક મલકાયા; તેઓ જાણતા હતા કે આ યુદ્ધમાં વિજય શ્રીકૃષ્ણનો જ છે, તેમણે 'ઓમ્' એવો શબ્દ કહીને શ્રીકૃષ્ણની વાતનો સ્વીકાર કર્યો. જેમ વાદવિવાદમાં અનેકાન્ત-વચનથી જૈનવાદી પોતાના વિજયનો નિશ્ચય કરી લ્યે છે તેમ નેમકુમારના મંદહાસ્યથી તેમજ 'ઓમ્' એવા મંગલ વચનથી શ્રીકૃષ્ણે પોતાના વિજયનો નિશ્ચય કરી લીધો.

રાજા જરાસંઘ રાજગૃહીથી નીકળી મહાન લશ્કર સહિત કુરુક્ષેત્રમાં આવ્યો, ને બીજી તરફ દ્વારકાથી નીકળીને શ્રીકૃષ્ણ પણ મોટી સેના સહિત કુરુક્ષેત્રમાં આવી પહોંચ્યા. (અહીં એક વાત ધ્યાનમાં લેવા જેવી છે : તીર્થંકરની સમીપમાં યુદ્ધ વગેરે મહા હિંસા ન થાય; એટલે યુક્તિપૂર્વક શાસ્ત્રકાર રણમેદાનને દ્વારકાથી સેંકડો યોજન દૂર કુરુક્ષેત્રમાં લઈ ગયા છે ને તીર્થંકર—નેમકુમારને યુદ્ધભૂમિથી દૂર રાખ્યા છે.) કુરુક્ષેત્રમાં મહાન યુદ્ધ થયું; તેમાં ભીષ્મ-કર્ણ-દ્રોણ-જયદ્રથ-અશ્વત્થામા-દુર્યોધન-દુઃશાસન વગેરે યોદ્ધાઓ જરાસંઘના પક્ષમાં હતા, તો શ્રીકૃષ્ણના પક્ષમાં પાંચ પાંડવો, રાજા ઉગ્રસેન, દ્રુપદ વગેરે શૂરવીર યોદ્ધાઓ હતા. મહા ભયંકર લડાઈમાં કેટલાય મનુષ્યો મર્યા, કેટલાય અશ્વ—હાથી કપાયા; જરાસંઘની સેના કૃષ્ણની સેના પર એવી તૂટી પડી કે તેમાં નાસભાગ થઈ ગઈ. આ દેખીને શ્રીકૃષ્ણ પોતે જરાસંઘની સેના પર એવા તૂટી પડ્યા કે તે સેના પીછેહઠ કરીને ભાગવા માંડી. ત્યારે જરાસંઘે અત્યંત ક્રોધિત થઈને કૃષ્ણને મારવા પોતાનું સુદર્શન ચક્ર ફેંક્યું. ક્ષણભર તો યુદ્ધભૂમિમાં હા—હાકાર થઈ ગયો કેમકે તે ચક્રનો કોઈ પ્રતીકાર ન હતો. પણ મહા પ્રતાપી શ્રીકૃષ્ણની પાસે આવતાં જ તેના પુણ્યપ્રતાપે તે ચક્ર શાંત પડી ગયું ને શ્રીકૃષ્ણની પ્રદક્ષિણા કરીને તેના હાથમાં સ્થિર થઈ ગયું. બીજી ક્ષણે તે જ ચક્ર વડે કૃષ્ણે જરાસંઘનો શિરચ્છેદ કરી નાંખ્યો. આ રીતે પ્રતિવાસુદેવનો નાશ કરીને શ્રીકૃષ્ણ—વાસુદેવ ત્રણખંડના સ્વામી ચક્રવર્તી તરીકે પ્રસિદ્ધ થયા. દેવોએ પણ તેમના પુણ્યની પ્રશંસા કરી ને હજારો દેવો તેમની સેવા કરવા લાગ્યા. ત્રણખંડનો દિગ્વિજય કરી ચક્રસહિત શ્રીકૃષ્ણે દ્વારકામાં પ્રવેશ કર્યો ત્યારે દેવોએ બળભદ્ર સહિત તેમનો રાજ્યાભિષેક કર્યો. ૧૬,૦૦૦ રાજાઓ તેમની આજ્ઞામાં હતા.

મહારાજા શ્રીકૃષ્ણની રાજસભામાં પ્રભુ નેમકુમારનું મહાન સન્માન હતું. એકવાર ભવ્ય રાજસભામાં પ્રભુ નેમકુમાર પધાર્યા. સમસ્ત સભાજનોએ ઊભા થઈને આદરપૂર્વક નમસ્કાર કર્યા; શ્રીકૃષ્ણ મહારાજાએ પણ સન્માનપૂર્વક આગળ વધીને પ્રભુ નેમકુમારનો હાથ ઝાલીને તેમને પોતાની સાથે જ સિંહાસન પર બેસાડ્યા. એક રાજચક્રી ને બીજા ધર્મચક્રી, તેમનાથી રાજસભા અનેરી શોભી ઊઠી. અહા, જ્યાં એક વર્તમાન તીર્થંકર ને એક ભાવિતીર્થંકર—એમ બે તીર્થંકરમહાત્માઓ એક સાથે બિરાજતા હોય તે સભાની અદ્‌ભુત શોભાનું શું કહેવું?

રાજસભામાં અનેક પ્રકારની ચર્ચા થતી હતી; તેમાં અચાનક એવી ચર્ચા નીકળી કે અત્યારે આ સભામાં સૌથી બળવાન કોણ? કોઈએ કહ્યું—ભીમ સૌથી બળવાન, કોઈએ કહ્યું અર્જુન; કોઈએ યુધિષ્ઠિરનું નામ લીધું, ઘણાએ શ્રીકૃષ્ણના બળની પ્રશંસા કરી કે એનામાં એક હજાર સિંહ જેટલું બળ છે; કોઈએ બળભદ્રના બળના વખાણ કર્યા; છેવટે બળભદ્રે હસતાં—હસતાં નેમિનાથ તરફ નજર કરીને કહ્યું : સભાજનો! અત્યારે તીર્થંકર નેમકુમાર અહીં બિરાજે છે તેઓ જ સૌથી બળવાન છે. તેમના અચિંત્ય બળની તૂલના કોઈ કરી ન શકે; ઈન્દ્ર કરતાંય તેઓ અધિક બળવાન છે. તેઓ ધારે તો ટચલી આંગળીથી રમતવાતમાં મેરુ પર્વતને અને આખી દુનિયાને ઉલટપલટ કરી નાંખે. શ્રીકૃષ્ણને પોતાના બળનું ગૌરવ હતું; તેનાથી એ વાત સહન ન થઈ; તેણે બળની પરીક્ષા માટે નેમકુમારને મલ્લકુસ્તીનું નિમંત્રણ કર્યું. પણ, 'આપ તો મારા મોટા ભાઈ છો, આપની સાથે મલ્લયુદ્ધ ન શોભે' એમ કહી નેમકુમારે ના પાડી. અંતે બીજી રીતે નેમ—કૃષ્ણ બંનેનાં બળની કસોટી થઈ, અને નેમકુમારના બળનું સર્વોત્કૃષ્ટપણું પ્રસિદ્ધ થયું. શ્રીકૃષ્ણ સહિત આખી સભાએ ભગવાન નેમકુમારની પ્રશંસા કરીને અભિનંદન કર્યું; અરે, તે પ્રસંગે ઈન્દ્રે પોતે આવીને નેમપ્રભુની સ્તુતિ કરી. નેમકુમારને જોકે માનનો જરાક વિકલ્પ આવી ગયેલો, પણ દેહથી ભિન્ન ચૈતન્યના અનંત બળને જાણનારા તે પ્રભુ પોતાની આત્મચેતનામાં તે માનકષાયને પ્રવેશવા દેતા ન હતા, ભેદજ્ઞાનના બળે તેને ચેતનાથી બહાર જ રાખતા હતા. શરીરબળનો મદ તેમને ન હતો, અશરીરી અને નિર્માન એવા પરમાત્મતત્ત્વની સાધના તેમને ચાલુ જ હતી. ખરેખર તેઓ એક 'રાજયોગી' હતા ને અલ્પકાળમાં 'યોગીરાજ' થવાના હતા. તેમનું જીવન જગતના લૌકિકજીવો કરતાં અનેરું હતું. શ્રીકૃષ્ણ પણ તેમનો આદર—સત્કાર કરતા; આ ભરતક્ષેત્રના એક ભાવિતીર્થંકર વર્તમાન તીર્થંકરની સેવા કરતા હતા.

રાજસભામાં ઉપરનો પ્રસંગ બન્યા પછી શ્રીકૃષ્ણના મનમાં ઊંડે ઊંડે ચિંતા રહેવા લાગી કે નેમિકુમાર ક્યારેક મારું રાજ્ય લઈ લેશે? —અરેરે! વૈરાગી નેમિકુમારને આવા તુચ્છ રાજ્યનો મોહ ક્યાં હતો? તેમને તો જન્મથી જ ત્રણલોકનું રાજ્ય પ્રાપ્ત હતું, મેરુ ઉપર અભિષેક કરીને ઈન્દ્રો પણ તેમના સેવક બની ગયા હતા; તેઓ શ્રીકૃષ્ણના આ નાનકડા રાજ્યને શા માટે પડાવી લ્યે? પણ તીવ્ર રાજલોભને લીધે શ્રીકૃષ્ણને આ વાત ન દેખાણી, એટલે જ તેને ભય થયો કે નેમિકુમાર મારું રાજ્ય પડાવી લેશે? —આથી તેઓ એવો કોઈ ઉપાય વિચારતા હતા કે નેમિકુમાર દીક્ષા લઈ લ્યે. અરેરે મોહ! અંતે એવો એક પ્રસંગ બન્યો.

એકવાર મહારાજા શ્રીકૃષ્ણ તેમની રાણીઓ સહિત સરોવર કિનારે ક્રીડા કરવા ગયા હતા. શ્રીકૃષ્ણ સાથે નેમકુમાર પણ ત્યાં ગયેલા, ને પોતાની ભાભીઓ સત્યભામા—રુકમિણી-જાંબુવતી વગેરે

સાથે વાર્તા વિનોદ કરતા હતા. જલક્રીડા બાદ નેમકુમારે સત્યભામાને કહ્યું—ભાભી! ‘જરાક આ વસ્ત્ર ધોઈ દેજો!’ ત્યારે છણકો કરીને સત્યભામા બોલી—કુંવરજી! તમે મને વસ્ત્ર ધોવાનું કહેનાર કોણ? શું હું તમારી દાસી છું? મારા સ્વામી (શ્રીકૃષ્ણ) ત્રણ ખંડના સ્વામી, નાગશય્યામાં સુનારા, દૈવી શંખ ફૂંકનારા ને સુદર્શનચક્ર ચલાવનારા, —તેના જેવું એક્કેય પરાક્રમ શું તમે કર્યું છે? વસ્ત્ર ધોવડાવવા હોય તો તમે લગ્ન કરો ને! આમ કટાક્ષપૂર્વક મેણું માર્યું. સદાય ગંભીર અને શાંત રહેનારા નેમકુમારને ભાભીનાં કટાક્ષવચનથી જરાક માનનો ભાવ જાગી ઊઠ્યો. તેઓ કાંઈ બોલ્યા વગર, મંદહાસ્ય કરીને ત્યાંથી સીધા રાજભંડારમાં ગયા ને ત્યાં કૃષ્ણની નાગશય્યા પર ચડીને ક્રીડા કરવા લાગ્યા. (નાગશય્યા એ કાંઇ નાગ નથી પણ દેવોએ રચેલી સુંદર શય્યા છે, તેના ઉપર વાસુદેવ જેવા પુણ્યવંત જ ચડી શકે છે. નેમકુંવરના પુણ્યપ્રતાપે તે નાગશૈયાના દેવો શાંત રહ્યા ને તેમનું સન્માન કર્યું.) પછી એકહાથની ટચલી આંગળીથી તેમણે સુદર્શનચક્ર ફેરવ્યું ને બીજા હાથમાં દિવ્ય શંખ લઈને નાક વડે જોરથી ફૂંક્યો.

એ શંખધ્વનિથી દ્વારકામાં ચારેકોર હાહાકાર થઈ ગયો; હાથી વગેરે ભયભીત થઈને દોડાદોડ કરવા લાગ્યા; નગરજનો કોલાહલ કરવા લાગ્યા કે આ શું બન્યું! દરિયો મોજાંથી ઊછળવા લાગ્યો. મહારાજા શ્રીકૃષ્ણ વિચારમાં પડી ગયા કે અરે, મારા સિવાય બીજો કોણ શૂરવીર પાક્યો—કે જે આ શંખ ફૂંકે છે?

આ બધું પરાક્રમ પોતાના ભાઈ નેમકુમારનું છે એમ જ્યારે શ્રીકૃષ્ણે જાણ્યું ત્યારે તેઓ મનમાં ખુશી થયા કે હવે નેમકુમારના ચિત્તમાં કંઈક મદ જાગ્યો છે એટલે હવે તેઓ લગ્ન કરવા સંમત થશે. (નેમકુમારનું આયુ એક હજાર વર્ષનું હતું તેમાંથી અત્યારે ૩૦૦ વર્ષ થયા હતા, છતાં હજી સુધી તેઓ લગ્ન માટે સંમત થયા ન હતા.) શ્રીકૃષ્ણ તરત નેમિકુમાર પાસે દોડ્યા ને તેમને સમજાવીને શાંત કર્યા : હે દેવ! આપ તો મહાન છો, મારા કરતાંય શૂરવીર છો; આપની વીરતાને કોણ નથી જાણતું? સત્યભામાએ આપને ઓળખ્યા નહિ તેથી તેણે આપનો અનાદર કર્યો. પ્રભો! તેના અપરાધની ક્ષમા કરો ને પ્રસન્ન થાઓ.



નેમિકુમાર તો જાણે કાંઈ જ ન બન્યું હોય, તેમ મંદમંદ હસ્યા ને શ્રીકૃષ્ણ સાથે વિનોદ કરતા-કરતા રાજમહેલમાં ચાલ્યા ગયા. ત્યાં જઈને સૌથી પહેલું કામ તેમણે આત્મધ્યાન કરવાનું કર્યું. શાંત ચૈતન્યતત્ત્વમાં ઉપયોગ જોડીને તેની ભાવના કરવા લાગ્યા :—

**હું ક્રોધ નહિ, નહિ માન,**
**તેમ જ લોભ–માયા છું નહીં;**
**કર્તા ન, કારયિતા ન;**
**અનુમંતા હું કર્તાનો નહીં.**
**નિર્ગ્રંથ છે, નિષ્કામ છે,**
**નિ:ક્રોધ જીવ નિર્માન છે,**

**નિ:શલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષ–વિમુક્ત છે.**
**સૌ જીવમાં સમતા મને, કો સાથ વેર મને નહિ;**
**આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની.**

અને ખરેખર આવી આત્મભાવનાથી તે વખતે નિર્વિકલ્પ થઈને પ્રભુ નેમકુમારે ક્ષણમાત્રમાં બધાય વિભાવોને ખંખેરી નાંખ્યા. વાહ, ધર્માત્માની જ્ઞાનચેતનાની શૂરવીરતા કોઈ અદ્‌ભુત છે !

❃ ❃ ❃

ઉપરના પ્રસંગથી બળભદ્ર તથા શ્રીકૃષ્ણને લાગ્યું કે હવે ઘણા સમયે નેમકુમારના ચિત્તમાં કાંઈક રાગ જાગ્યો છે; એટલે મહારાજા સમુદ્રવિજયની સલાહપૂર્વક તેમણે નેમકુમારના લગ્ન માટે વિચાર કર્યો ને શ્રીકૃષ્ણ પોતે રાજકુમારી–રાજુલનું માંગું કરવા જુનાગઢ ગયા. જુનાગઢના રાજા ઉગ્રસેને શ્રીકૃષ્ણનું મહાન સ્વાગત કર્યું : અહો સ્વામી ! મારા આંગણે પધારીને આપે મને ઉપકૃત કર્યો. આપની શી આજ્ઞા છે–ફરમાવો !

શ્રીકૃષ્ણે કહ્યું : અમારા નેમકુંવર કે જે તીર્થંકર થવાના છે અને સર્વગુણસમ્પન્ન છે; તેને માટે આપની રાજકુમારી સર્વપ્રકારે યોગ્ય છે; માટે નેમકુમારની સાથે રાજીમતીના વિવાહસંબંધની સ્વીકૃતિ આપો.

'અહો, રાજુલકુમારીને નેમકુમાર જેવા પતિ મળે એનાથી અધિક રૂડું શું ! અમારા મહાભાગ્ય કે આપે સામેથી આવી માંગણી કરી,'–એમ કહીને મહારાજા ઉગ્રસેને શ્રીકૃષ્ણની વાતનો સહર્ષ સ્વીકાર કર્યો. રાજીમતીએ જ્યારે જાણ્યું કે શ્રી નેમિકુમાર મારા પતિ થશે ત્યારે તેના હૃદયમાં કોઈ દિવ્ય હર્ષનો રોમાંચ થયો : 'અહા, એક તીર્થંકર-મહાત્મા મારા જીવનસાથી બનશે...એ ધર્માત્માના સંગે હું ધન્ય બનીશ.' આશ્ચર્ય છે કે આ બાજુ દ્વારકામાં શ્રી નેમિકુમાર પણ રાજીમતી સાથે વિવાહ કરવા સંમત થયા. નેમિકુમાર રાજીમતી સાથે લગ્ન કરશે. એ વાત જાણીને આખી નગરીમાં કુતૂહલ સાથે હર્ષ ફેલાઈ ગયો રાજમાતા શિવાદેવી પણ અત્યંત હર્ષિત થઈને પુત્રવધુનું સુખ જોવા આતુર બન્યા. (–પણ, 'જો–જો દેખી વીતરાગને, સો સો હોસી વીરા રે, અનહોની કબહું નહીં હોસી...)

એક તરફ તો નેમ-રાજુલના વિવાહનો અવસર નજીક આવતો હતો, દ્વારકાના તેમજ જુનાગઢના પ્રજાજનો એ આનંદોત્સવ નીહાળવા આતુર હતા; ત્યારે બીજી તરફ શ્રીકૃષ્ણના ચિત્તમાં શાંતિ ન હતી, તેનું અંતર એક અવ્યક્ત ભયથી બેચેન હતું; સત્યભામાવાળો પ્રસંગ તેમજ રાજસભાનો પ્રસંગ બન્યો ત્યારથી તેને ચિન્તા હતી કે, કુંવર નેમિનાથ મારા કરતાંય વધુ પરાક્રમી છે, તે રમતવાતમાં મને જીતી શકે તેમ છે, એટલે લગ્ન પછી કદાચ તેઓ મારી પાસેથી આ રાજ્ય પડાવી લેશે તો !


એકવાર પોતાના મનની આ ચિંતા તેણે મોટાભાઈ બળદેવ પાસે પ્રગટ કરી. ત્યારે ગંભીર બળભદ્રે તેને કહ્યું : હે ભાઈ કૃષ્ણ ! આપણે જાણીએ છીએ કે શ્રી નેમકુમાર તીર્થંકર થનાર છે, જન્મતાંવેંત ઈન્દ્રોએ તેમની સેવા કરી તે પણ આપણે નજરે જોયું છે, અને કુળક્રમ અનુસાર તો સમુદ્ર મહારાજા પછી રાજ્યના હક્કદાર તેઓ જ છે; પરંતુ તેઓ અતિ વૈરાગ્યવંત છે, પહેલેથી જ તેમને રાજ્યની કે ભોગોની સ્પૃહા નથી; તેથી તેઓ આ રાજ્ય લઈ લ્યે એવો ભય રાખવાનું જરાપણ કારણ નથી. વળી તેમના

બિરાજવાથી તો આપણા રાજદરબારની શોભા વધી જાય છે. તેમનું ચિત્ત સંસારથી એવું ઉદાસ છે કે વૈરાગ્યનું કોઈ પણ નિમિત્ત બનતાં તેઓ સંસાર છોડી દેશે ને દીક્ષા લઈને મુનિ થઈ જશે.

બળભદ્રની આ વાતથી શ્રીકૃષ્ણના ચિત્તમાં કાંઈક શાંતિ થઈ, અને તેઓ એવો કોઈ પ્રસંગ ઉપસ્થિત કરવા માટે યુક્તિ વિચારવા લાગ્યા,–કે જે પ્રસંગ દેખીને નેમકુમાર વૈરાગ્ય પામે ને રાજ છોડીને વનમાં ચાલ્યા જાય. અંતે એવો એક પ્રસંગ આવી ગયો ને નેમકુમાર વૈરાગ્ય પામી વનમાં ચાલ્યા ગયા. વૈરાગ્યનો શું પ્રસંગ બન્યો! તે હવે વાંચશો.

* * *

ભોં...ભોં....ભોં! ઢમ...ઢમ...ઢમક! ઢોલ–વાજાં સાથે વરરાજા–નેમકુમારની જાન રાજીમતીને પરણવા દ્વારિકાથી જુનાગઢ આવી રહી છે. જાનની શોભા અદ્‌ભુત છે; શ્રીકૃષ્ણ અને બળભદ્ર જેવા જેના આગેવાન છે, સેંકડો રાજાઓ એ જાનના જાનૈયા બન્યા છે; રથમાં બિરાજમાન વરરાજા નેમિકુમારની શોભાની તો શી વાત! દૈવી અલંકારો અને પ્રસન્નકારી મુદ્રાથી શોભતા નયનાભિરામ પ્રભુ, રાજુલની આંખોને તેમ જ ચિત્તને આકર્ષી રહ્યા છે :




નેમકુંવરની જાન ચાલી રાજીમતીને વરવા....
નેમિરાજા બન્યા વરરાજા રાજીમતીને વરવા....

શ્રીકૃષ્ણ–બળભદ્ર આવ્યા, યુધિષ્ઠિર ને ભીમ આવ્યા;
મોટા મોટા રાજા આવ્યા, વરરાજાની સાથમાં....
નેમકુંવરની જાન ચાલી રાજીમતીને વરવા.

મોટીમોટી જાન આવી, રાજુલ તો રહી પ્રેમે નીહાળી,
'મારો પ્રીતમ..સુંદર પ્રીતમ' હૈયામાં એ હરખી રહી;
નેમિ રાજા બન્યા વરરાજા...રાજીમતીને વરવા.

**નેમ રાજાએ રાજુલ દેખી, મુખડું ત્યાં તો મલકી ગયું,**
**રૂપસુંદરીને નજરે જોતાં, હૈયું તો બસ હરખી ગયું;**
**નેમિકુંવરની જાન ચાલી રાજીમતીને વરવા.....**

✻ ✻ ✻

જાન આનંદપૂર્વક જુનાગઢ ચાલી આવે છે; રાજમહેલના ઝરૂખામાં સખીઓ સાથે વિનોદ કરતી-કરતી રાજકુમારી રાજુલ પોતાના હૃદયસમ્રાટને ટગટગ નીહાળી રહી છે...

એવામાં એકાએક મૃગલાં—સસલાં વગેરે પશુઓનો કરુણ ચિત્કાર નેમકુમારના કાને પડ્યો. એક વાડામાં પૂરાયેલા તે ભૂખ્યા—તરસ્યાં પશુઓ, નેમકુમાર તરફ મોઢું ઊંચું કરી-કરીને, ભયથી ચીસો પાડતાં રૂદન કરી રહ્યા હતા. પોતાને બચાવવા માટે પુકાર કરી રહ્યા હતા : '—પ્રભો! અમને બચાવો...બચાવો...'

તે પશુઓનો કરુણ ચિત્કાર સાંભળતાં જ વરરાજા નેમકુમાર ચમકી ઊઠ્યા; રથને ત્યાં થંભાવી દીધો : 'અરે, આનંદના પ્રસંગે આ કરુણ પોકાર શેનો? અહીં બરાબર મારી જાનના રાજમાર્ગ વચ્ચે આ પશુઓને કોણે પૂર્યા?'

વાડાના રક્ષકોએ હાથ જોડીને કહ્યું—પ્રભો! શ્રીકૃષ્ણ મહારાજાની આજ્ઞાથી આ પશુઓને અહીં પૂર્યા છે.

નેમકુમાર વધુ ચમક્યા : અરે, શ્રીકૃષ્ણની આજ્ઞાથી આ પશુઓને પૂર્યા છે?—શા માટે? આવી આજ્ઞા શા માટે?

તે રક્ષકોએ કહ્યું : હે દેવ! શ્રીકૃષ્ણમહારાજાએ અમને ફરમાવ્યું છે કે, આ પશુઓને દેખીને નેમકુમાર પૂછે તો કહેજો આપની જાનમાં આવેલા માંસભક્ષી રાજાઓને માટે આ પશુઓ ભેગા કર્યા છે.

'અરે શું મારી જાનમાં માંસાહારી રાજાઓ? ને તેમના ખોરાક માટે નિર્દોષ પશુઓ?' —નેમકુમાર આશ્ચર્ય પામ્યા;—નહીં, કદી ન બને. માંસાહારી રાજા મારી જાનમાં હોઈ શકે નહિ; અને શ્રીકૃષ્ણ જાણે છે કે હું તીર્થંકર છું, મારી સમીપમાં આવી હિંસા કે માંસાહાર હોઈ શકે નહિ. નક્કી આમાં શ્રીકૃષ્ણનો જ કોઈ માયાચાર છે. તરત અવધિજ્ઞાની ભગવાને શ્રીકૃષ્ણના મનની બધી વાત જાણી લીધી : અરે હું એનું રાજ્ય પડાવી લઈશ એવી બીકને લીધે, મને વૈરાગ્ય જગાડવા તેણે આ માયા—પ્રપંચ ગોઠવ્યો છે. અરે, ધિક્કાર આ સંસાર! ધિક્કાર આ રાજ્યલોભ! વાહ શ્રીકૃષ્ણ...ધન્ય તમને...કે આ માયાચાર વડે તમે મને વૈરાગ્યનું નિમિત્ત આપ્યું. આ રાજ્ય ખુશીથી તમે ભોગવો; હું તો મારા મોક્ષસામ્રાજ્યને સાધીશ. બસ થાવ આ સંસારથી; મારે નથી જોઈતું રાજ્ય કે નથી કરવા લગ્ન.

પ્રભુ આમ વિચારે છે એ જ વખતે મતિજ્ઞાનની નિર્મળતામાં તેમને પૂર્વભવોનું જાતિસ્મરણજ્ઞાન થયું; તેમાં ચિંતાગતિ વિદ્યાધર, સુપ્રતિષ્ઠ રાજા તેમ જ અહમિન્દ્રના ભવો તેમને જ્ઞાનમાં સાક્ષાત્ દેખાયા. તેમની વિશુદ્ધિ એકદમ વધવા માંડી, અને તેમણે નિશ્ચય કર્યો કે આ અસાર સંસારને છોડીને હું આજે જ જિનદીક્ષા ધારણ કરીશ ને મારા પરમાત્મપદને સાધીશ. તરત તેમણે સારથિને આજ્ઞા કરી—સારથિ, રથને પાછો વાળ...મારે નથી લગ્ન કરવા, કે નથી સંસારમાં રહેવું.—



**મને લાગે સંસાર અસાર,**
**એ રે સંસારમાં નહીં જાઉં...નહીં જાઉં...નહીં જાઉં રે.**
**મારું જ્ઞાયકપદ છે સાર,**
**એ રે જ્ઞાયકમાં હું લીન થાઉં...લીન થાઉં...લીન થાઉં રે.**
**મને લાગે વિભાવ અસાર,**
**એ રે વિભાવથી દૂર જાઉં...દૂર જાઉં...દૂર જાઉં રે.**
**મને લાગે છે સિદ્ધપદ સાર,**
**એ રે સિદ્ધપદમાં ઝટ જાઉં...ઝટ જાઉં...ઝટ જાઉં રે.**

વરરાજા નેમકુમાર સંસારથી વિરક્ત થઈને રથને પાછો વાળી રહ્યા છે ને રાજીમતી સાથેના વિવાહ છોડીને વનમાં જઈ રહ્યા છે—એ સાંભળતાં જ ચારેકોર હાહાકાર થઈ ગયો. મહારાજા સમુદ્રવિજય તથા બળભદ્રજી વગેરેએ નેમકુમારને પાછા વળવા ને લગ્ન કરવા ઘણું સમજાવ્યા; શ્રીકૃષ્ણને પણ આ કૃત્ય માટે પસ્તાવો થયો. પણ સંસારના પીંજરેથી છૂટેલો એ સિંહ વૈરાગ્યથી વનના માર્ગે સંચરવા તત્પર થયો, તે ફરીને સંસારના પીંજરે કેમ પુરાય? શ્રીકૃષ્ણે તરત એ પશુઓને બંધનથી મુક્ત કર્યા; પણ આશ્ચર્ય છે કે તે હરણ વગેરે પશુઓ, દોડીને વનમાં ચાલ્યા જવાને બદલે પ્રભુ નેમકુમારના ચરણ પાસે જઈને નિર્ભયપણે બેસી ગયા ને શાંતિથી તેમની વૈરાગ્યમુદ્રા જોઈ રહ્યા...જાણે કે તેઓ પણ વૈરાગ્ય પામ્યા હોય ને મૃત્યુથી છોડાવવા માટે પ્રભુનો ઉપકાર માની રહ્યા હોય : પ્રભો, જેમ અમને અત્યારે મરણથી છોડાવ્યા તેમ સદાયને માટે આ જન્મ—મરણથી છોડાવીને અમારો ઉદ્ધાર કરો.'

અદ્‌ભુત હતું એ દશ્ય! ચારેકોર આશ્ચર્યનો કોલાહલ ને વૈરાગ્યનું વાતાવરણ હતું. માતા શિવાદેવીએ આ બધું જાણ્યું; જો કે પુત્રવધુનું સુખ જોવાની તેમની આશાઓ તૂટી પડી, તોપણ તે શૂરવીર માતાએ પુત્રના વૈરાગ્યપ્રસંગને ધૈર્યથી પચાવી લીધો. તે પણ શૂરવીર હતી; તે કાંઈ સાધારણ—સ્ત્રી ન હતી, તીર્થંકરની મા હતી અને (૩૦૦) ત્રણસો વર્ષ સુધી સાથે રહીને પોતાના પુત્ર નેમકુમારનું ઉત્તમ વૈરાગ્યજીવન તેણે નજરે જોયું હતું. 'મારો પુત્ર સંસાર—બંધનમાં ન પડ્યો ને પરમાત્મપદને સાધવા વનમાં ચાલ્યો, એ તો ઉત્તમ વાત છે...' એમ વિચારી તે શૂરવીર શિવામાતાએ મનમાં પ્રભુના વૈરાગ્યનું અનુમોદન કર્યું. મારા લાડિલા લાલને હું થોડા વખતમાં પરમાત્મારૂપે દેખીશ ને તેમની છાયામાં મારું પણ કલ્યાણ કરીશ —આમ વિચારી તેમણે સમાધાન કર્યું.

બસ, વરરાજા નેમકુમાર તો સંસારથી વિરક્ત થઈને દીક્ષા માટે તૈયાર થયા. પ્રભુના વૈરાગ્યથી દેવલોકમાં ઈન્દ્રના સિંહાસનો પણ ધ્રુજી ઊઠ્યા,—જાણે કે ચારિત્રના વીતરાગી—વૈભવ પાસે રાગનાં વૈભવો ધ્રુજી ઊઠ્યા. ઈન્દ્રોએ પ્રભુ નેમકુમારની દીક્ષાનો પ્રસંગ જાણ્યો કે તરત દીક્ષાકલ્યાણક ઉજવવા સૌરાષ્ટ્રમાં આવી પહોંચ્યા. પ્રથમ બ્રહ્મસ્વર્ગેથી બ્રહ્મચારી દેવો આવ્યા ને સ્તુતિ કરતાં કહ્યું : હે પ્રભો!

વિવાહ સમયે જ વૈરાગ્યનો આપનો આ પ્રસંગ જગતના ઘણા જીવોને વૈરાગ્યની મહાન પ્રેરણા આપશે; સંસારના વિષયોમાં સુખ નથી પણ આત્માની વીતરાગતામાં જ સુખ છે—એવો ધર્મસન્દેશ આપના જીવનમાંથી જગતને મળ્યા કરશે; ને દીક્ષા લઈને કેવળજ્ઞાન પામી ધર્મોપદેશ વડે ઘણા જીવોનું કલ્યાણ કરશો.

ઈન્દ્રો 'દેવકુરુ' નામની સુંદર પાલખી લઈને આવ્યા. તેમાં બિરાજમાન થતી વખતે, ઈન્દ્રે સહારો આપવા પોતાનો હાથ લંબાવ્યો, તે હાથ ઝાલીને પ્રભુ પાલખીમાં બિરાજમાન થયા. અહા, પ્રભુએ જેનો હાથ ઝાલ્યો તેના મહા ભાગ્યની શી વાત!

જાનમાં આવેલા હજારો રાજાઓ પ્રભુના આ વૈરાગ્ય-પ્રસંગે ક્ષણભર તો વિચારમાં પડી ગયા...હવે શું કરવું? વરરાજા બનેલા પ્રભુ નેમકુમાર તો દીક્ષા લેવા વનમાં જઈ રહ્યા છે; પ્રભુને છોડીને શું અમારે પાછા રાજભોગમાં જવું? નહીં; કદી ન શોભે. રાજાઓ વિવેકી હતા. 'જો રાજીમતી સાથેના લગ્નપ્રસંગે સંસારની જાનમાં અમે પ્રભુની સાથે જતાં હતા તે હવે મોક્ષપુરીની જાનમાં પણ પ્રભુની સાથે જ જઈશું. વરરાજામાંથી વૈરાગીરાજા થઈને મુક્તિ—સુંદરીને વરવા માટે પ્રભુએ ચારિત્રની જાન જોડી છે તો તે જાનમાં પણ અમે પણ પ્રભુની સાથે જ દીક્ષા લઈશું ને મોક્ષને વરશું' આમ નિશ્ચય કરીને એક જાનૈયા થઈને પ્રભુની સાથે જ જઈશું. અને હજાર રાજાઓ પણ દીક્ષા માટે પ્રભુની સાથે જ વનમાં જવા તૈયાર થયા... વાહ, મોક્ષસુંદરીને વરવા નેમપ્રભુની જાન ચાલી—




* નેમપ્રભુની જાન ચાલી...મોક્ષસુંદરીને વરવા.... *
* નેમિ બન્યા વૈરાગી રાજા...મોક્ષસુંદરીને વરવા..... *
* પશુઓનું જ્યાં ક્રંદન દેખ્યું પ્રભુજી પાછા વળીયા, *
* સંસારનાં સૌ માયાચારો પ્રભુએ જાણી લીધા. *

**રથડો પાછો વાળી ચાલ્યા, મુક્તિસુંદરી વરવા,**
**સંયમ કેરા મીંઢોળ બાંધ્યા, મુક્તિસુંદરી વરવા.**
**રાજીમતીને છોડી ચાલ્યા....મોક્ષસુંદરીને વરવા...**
**સાથે સાથે હજાર રાજા...મોક્ષસુંદરીને વરવા.....**
**નેમકુંવરની જાન ચાલી વનજંગલની વાટે;**
**મુક્તિસુંદરી વરવા ચાલ્યા સહેસાવનની વાટે;**
**સમકિત કેરા સાજસજાવી નેમિ બન્યા વરરાજા,**
**રત્નત્રયના મંડપ વચ્ચે ચારિત્ર કેરા વાજાં,**
**રત્નમણિનાં ભૂષણ છોડી રત્નત્રયને લીધાં,**
**રાગ અને રમણીને ત્યાગી મુક્તિને પ્યાર કીધાં.**
**નેમિપ્રભુની જાન ચાલી...મુક્તિસુંદરી વરવા....**
**નેમિ બન્યા વૈરાગી રાજા...મુક્તિસુંદરી વરવા.**

નેમપ્રભુની મોક્ષપુરીની જાન ગીરનારના આંબાવનમાં આવી પહોંચી. એ તપોવનના હજારો આંબાઓએ આમ્રફળ—સહિત ઝુકી ઝુકીને એ વૈરાગી રાજાનું સ્વાગત કર્યું. અહા, કેવી શાંત હતી એ વનની શોભા! જાણે મોક્ષલક્ષ્મીને વરવા માટેનો સ્વયંવર—મંડપ (ગીરનારના સહસ્રામ્રવનમાં, પ્રભુના તપોવનમાં બેઠાબેઠા જ નેમપ્રભુના દીક્ષાકલ્યાણકનો આ પ્રસંગ લખાય છે...ને એવી દીક્ષાભાવના જાગે છે.)

શ્રાવણ સુદ છઠ્ઠ : જે પ્રભુ નેમિનાથના જન્મનો દિવસ, તે જ તેમની દીક્ષાનો દિવસ. પ્રભુ નેમિનાથે બાર વૈરાગ્યભાવનાઓના ચિંતનપૂર્વક સર્વે પરિગ્રહ છોડ્યા; મુગટ છોડ્યો ને હાર છોડ્યા, હાથનાં કંકણ છોડ્યા ને વસ્ત્રો પણ છોડીને દિગંબર—અપરિગ્રહી થયા. દીક્ષાવનની એક ઉજ્જ્વળ શિલા



પર આરુઢ થઈ 'ૐ નમઃ સિદ્ધેભ્યઃ' એવા મંગલ- ઉચ્ચારપૂર્વક હાથ જોડી સિદ્ધભગવંતોને વંદન કર્યા, ને આત્મચિંતનમાં શુદ્ધોપયોગી થઈને સાક્ષાત્ શ્રમણ થયા. વરરાજાના વેશ કરતાં આ જિનરાજાના વીતરાગી વેશમાં પ્રભુ વધારે શોભતા હતા. અહા, આત્મધ્યાનમાં લીન એ નેમિ-મુનિરાજના અચિંત્ય રત્નત્રય- વૈભવને દેખીને મોક્ષસુંદરી પણ તેમના ઉપર મુગ્ધ બની ગઈ ને તત્ક્ષણ મનઃપર્યયજ્ઞાનને પ્રભુ પાસે મોકલીને સન્દેશ કહેવડાવ્યો કે હે

સ્વામી! હું મોક્ષસુંદરી તમને વરવા શીઘ્ર આવી રહી છું. પ્રભુ સાથે હજારો રાજાઓએ પણ જિનદીક્ષા ધારણ કરી. વચ્ચે તીર્થંકર-મુનિરાજ અને આસપાસ-ચોપાસ એક હજાર મુનિવરો જ્યાં ધ્યાનમાં બિરાજતા હતા તે તપોવનની શાંતિ અને શોભાની શી વાત! એ વનના શાંત વાતાવરણથી આકર્ષાઈને ગીરના વનરાજો પણ ત્યાં આવીને શાંતિથી બેસી ગયા ને મુગ્ધપણે મુનિવરો સામે જોઈને, પોતે પણ આંખ મીંચીને શાંતિનો એવો પ્રયોગ કરવા લાગ્યા. અહા, મોક્ષને સાધવામાં શાર્દૂલસિંહ જેવા શૂરવીર મુનિવરોના ચરણોમાં વનના સિંહ નમી જાય, એમાં શું આશ્ચર્ય!

* * *

## (રાજીમતી—વૈરાગ્ય)

એક તરફ સહસ્રામ્રવનમાં નેમપ્રભુ આત્મધ્યાન કરે છે; ત્યારે બીજી બાજુ, રાજમહેલના ઝરૂખામાં ઊભેલી રાજકુમારી રાજુલ, નેમ-વરરાજાને વૈરાગ્ય પામતા દેખીને અને રથમાંથી ઊતરીને વન તરફ જતા દેખીને, મનમાં કહેવા લાગી : અરે પ્રભો! આપને જો લગ્ન નહોતા જ કરવા તો પછી જાન જોડીને અહીં સુધી શા માટે આવ્યા? વરરાજા શા માટે બન્યા?—કે પછી પશુડાંની જેમ મને પણ



સંસાર—બંધનથી છોડાવવા માટેનું આ એક નાટક જ હતું! આપની સાથે મનેય મોક્ષપુરીના રાહમાં લઈ જવા માટે જ શું આપ અહીં પધાર્યા હતા? શું મને વૈરાગ્યનો સંદેશ દેવા માટે જ આપે વરરાજાનો વેષ લીધો હતો? ધન્ય પ્રભો, આપની લીલા અજબ છે. આપના જીવન સાથેનો મારો સંબંધ થયો તેમાં મારા હિતનો કોઈ અજબ સંકેત છે.

હે દેવ! તમે વૈરાગ્ય પામીને મુનિ થશો ને વનમાં જશો, તો શું હું રોઈને સંસારમાં બેસી રહીશ?—નહીં; હું પણ વીરપુત્રી છું, તમારી અર્ધાંગના કહેવાઈ ચુકી છું, તો હું પણ તમારા જ રસ્તે આવીશ; તમને છોડીને બીજા રસ્તે નહીં જાઉં. તમે થશો મુનિરાજ, તો હું બનીશ અર્જિકા; તમે થશો પરમાત્મા...તો હું થઈશ એકાવતારી.

**મને લાગ્યો સંસાર અસાર,**
**એ રે સંસારમાં નહીં જાઉં, નહીં જાઉં, નહીં જાઉં રે...**
**મને લાગ્યું વૈરાગ્ય—પદ સાર,**
**પ્રભુમાર્ગે ચલી જાઉં, ચલી જાઉં, ચલી જાઉં રે...**


માતા-પિતા—પરિવારે રાજીમતીને ઘણી સમજાવી કે બેટી! તું હજી પરણી નથી; નેમકુંવર સાથે સાત ફેરા ફરી નથી તેથી તું કુંવારી છો; માટે બીજા કોઈ રાજકુમાર સાથે તારા લગ્ન કરીએ.

પણ બહાદુર રાજીમતીએ તે વાત સાંભળી નહિ; દઢતાપૂર્વક તેણે કહ્યું : ફેરા નથી ફર્યા તેથી શું? નેમકુમારને હું મનથી વરી ચુકી છું; તેઓ જ મારા સ્વામી અને સાથીદાર છે. મારા હૃદયમાં બીજા કોઈનું સ્થાન નથી. હવે સંસારના ભોગને બદલે મોક્ષની સાધનામાં હું તેમને મારા સાથીદાર બનાવીશ, ને એ ધર્મના નાથને પંથે ચાલીને હું મારું આત્મકલ્યાણ કરીશ.—આ પ્રમાણે વીર રાજીમતીએ અર્જિકા થવાનો પોતાનો દઢ નિશ્ચય જાહેર કર્યો.

રાજીમતીનો આવો દઢ વૈરાગ્ય દેખીને સૌના મુખમાંથી ધન્યવાદના ઉદ્‌ગારો નીકળી પડ્યા : ધન્ય રાજુલ! તને તારા હૃદયેશ્વર નેમપ્રભુનો ખરો રંગ લાગ્યો કે મોક્ષપુરી સુધી તેં તેમનો સંગ ન છોડ્યો. એણે તને છોડી પણ તેં એમને ન છોડ્યા. અનેક રાજકુમારીઓ પણ રાજુલની સાથે દીક્ષા લેવા તૈયાર થઈ.

'અહા, મારા નાથ મોક્ષમાં આનંદ કરશે, ને હું શું સંસારમાં ભટકીને દુઃખી થઈશ?—કદાપિ નહિ; હું પણ પ્રભુના જ માર્ગને અનુસરીને મોક્ષમાં જઈશ ને સદાકાળ સિદ્ધાલયમાં પ્રભુની સાથે રહીશ.' —આવા નિશ્ચયપૂર્વક સેંકડો રાજકુમારીઓ સાથે રાજીમતીએ દીક્ષા લીધી ને અર્જિકા થઈને ગિરિગૂફામાં આત્મસાધના કરવા લાગી.

* * *



હવે આપણે ચાલો...પાછા સહેસાવનમાં નેમપ્રભુ પાસે : દીક્ષા લઈને વરરાજામાંથી મુનિરાજા થયેલા પ્રભુ નેમિનાથે આત્મધ્યાનમાં ઉપયોગ જોડ્યો છે, તરત તેમને શુદ્ધોપયોગમાં સાતમું ગુણસ્થાન પ્રગટ્યું છે, માત્ર સંજ્વલન સિવાયના બધા કષાયો દૂર થયા છે, મનઃપર્યયજ્ઞાન અને ૧૪ પૂર્વરૂપ શ્રુતકેવળીપણું ખીલી ગયું છે, અનેક દિવ્ય લબ્ધિઓ પણ પ્રગટી છે. આસપાસ બીજા હજારો મુનિઓથી




એ તપોવન મુક્તિમંડપ જેવું શોભી ઊઠ્યું છે. લગ્ન વખતે બંધનમાંથી મુક્ત કરાયેલા તે પશુઓ પણ પ્રભુની પાછળ–પાછળ વનમાં જઈને પ્રભુની સમીપમાં જ રહેવા લાગ્યા છે. અહા, શાંતિ કોને ન ગમે! તીર્થંકર જેવા ધર્માત્માનું સાન્નિધ્ય કોને ન ગમે? હજારો–લાખો મોક્ષાર્થી જીવોએ તે દીક્ષાપ્રસંગે પ્રભુના વૈરાગ્યજીવનને દેખીને પોતાના જીવનને પણ જ્ઞાન–વૈરાગ્યમાં જોડ્યું. અહા, એ વખતના ગીરનારનું ગૌરવ આશ્ચર્યકારી હતું. ત્યાં મોક્ષસાધક મુનિવરોનો સમૂહ એવો શોભતો હતો–જાણે 'સિદ્ધોનો મેળો!'

**અમે સહેસાવનના વાસી... અમે મુનિતણા સહવાસી...**
**અમે રત્નત્રયના પ્યાસી... અમે મુનિજીવન અભ્યાસી....**
**અમે સર્વે જગથી ઉદાસી.. અમે સહેસાવનના વાસી.....**

**શાંત–શાંત સ્વરૂપને ધ્યાશું, આનંદ–મંગલરૂપ જ થાશું;**
**અંતર્ સ્વરૂપ માંહી સમાશું, અદ્ભુત નિજવૈભવને પાશું;**
**પરિગ્રહ રહિત થઈને રહીશું, મોક્ષપુરીને પંથ વિચરશું;**
**નિરવિકલ્પ–ગૂફામાં ઠરશું, સિદ્ધ સ્વરૂપમાં કેલિ કરશું...**
**–એવા મુનિજીવન–અભ્યાસી.**
**અમે સહેસાવનના વાસી.**

**અમે સર્વ જગતનો સંબંધ છોડશું, મુનિવરસંઘની સાથે રહેશું;**
**સંતજનોની સેવા કરશું, સ્વાનુભૂતિનો પ્રસાદ લઈશું;**
**ઉપશમરસમાં સદીવ રહેશું, આત્મિક જીવન સત્ય જીવીશું;**
**રત્નત્રય–શુદ્ધરૂપે થઈશું, કેવળજ્ઞાનને ઝટઝટ લઈશું...**
**–એવા મુનિજીવન અભ્યાસી,**
**અમે સહેસાવનના વાસી...**

(આ પુસ્તકના સંપાદકે સહસ્રામ્રવનમાં બેઠા બેઠા ભાવેલી ભાવના)

આખોય ગીરનાર વૈરાગ્યરસમાં ડૂબી ગયો હતો, સર્વત્ર શાંતિ છવાયેલી હતી. અહા, એ શાંત–ધ્યાની મુનિવરો પ્રત્યે આકર્ષાઈને કેવળજ્ઞાન પણ એકદમ ઝડપથી નજીક આવી રહ્યું હતું. ઈન્દ્રોએ તેમ જ શ્રીકૃષ્ણ–બળભદ્ર વગેરેએ ભક્તિપૂર્વક શિર નમાવીને વારંવાર એ વીતરાગી નેમમુનિરાજના દર્શન તથા સ્તુતિ કરી. અહા, શ્રીકૃષ્ણ પણ ભક્તિથી જેમનાં ચરણોમાં નમ્યા છે એવા પ્રભુ નેમિનાથ અમને આનંદમય જિનદીક્ષા આપો.

દીક્ષા બાદ ત્રીજા દિવસે પ્રભુ નેમ–મુનિરાજ આહાર માટે નગરીમાં પધાર્યા, ત્યારે શ્રદ્ધાદિ ગુણોથી શોભતા વરદત્તરાજાએ ભક્તિપૂર્વક એ તીર્થંકર-મુનિરાજને શુદ્ધ આહારદાન કરીને સૌથી પ્રથમ પારણું કરાવ્યું, ને પોતે પણ પાછળથી પ્રભુચરણોમાં જિનદીક્ષા લઈને પ્રભુના ગણધર અને ચરમશરીરી બન્યા. દેવોએ રત્નવૃષ્ટિ કરીને તથા દિવ્ય વાજાં વગાડીને એ ઉત્તમ દાનની અનુમોદના કરી.

રત્નત્રયવૈભવના ધારક મુનિરાજ નેમનાથ, સ્વયં મોક્ષમાર્ગરૂપ થઈને મૌનપણે ૫૬ દિવસ સુધી સૌરાષ્ટ્ર દેશની આસપાસ વિચર્યા. એ હાલતા–ચાલતા 'જીવંત મોક્ષમાર્ગ'ના દર્શનથી સૌરાષ્ટ્રની ધર્મપ્રેમી જનતા ધન્ય બની. અહા, એને દેખીને ભવ્ય જીવોને મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાઈ જતું હતું. તે એક નાનકડા પરમાત્મા હતા, દ્રવ્ય-તીર્થંકર હતા, આત્માની મસ્તીમાં મસ્ત હતા; પરમાત્મપદને સાધવા તેઓ આત્મામાં ઊંડા ને ઊંડા ઊતરીને તેમાં જ ઉપયોગને સ્થિર કરતા હતા. આવી શુદ્ધપરિણતિ સહિત વિચરતા તે નિર્મોહી મહાત્મા ૫૬ દિવસ બાદ પુનઃ ગીરનારના તપોવનમાં પધાર્યા, અને જ્યાં પોતે દીક્ષા લીધી હતી તે દીક્ષાવનમાં જ ધ્યાનમાં સ્થિર થયા. તેમના પરિણામ વધુ ને વધુ સ્થિર થવા લાગ્યા, શુદ્ધઉપયોગની ધારા ઉલ્લસવા લાગી; એકમુહૂર્તમાં તો હજારો વાર તેમને શુદ્ધોપયોગ થયો. તેમની શુદ્ધતા જોતાં જ ભવ્યાત્માના અંતરમાંથી ભક્તિના ઉદ્‌ગારો નીકળતા—

**રે 'શુદ્ધ' ને શ્રામણ્ય ભાખ્યું, જ્ઞાન–દર્શન 'શુદ્ધ'ને;**
**છે 'શુદ્ધ'ને નિર્વાણ 'શુદ્ધ' જ સિદ્ધ, પ્રણમું તેમને.**

—આત્મા આવા 'શુદ્ધ'રૂપે પરિણમે એ જ તેમનો મનોરથ હતો. આજે એ મનોરથ સંપૂર્ણ થવાની ધન્ય ઘડી આવી પહોંચી. પ્રભુ નેમિમુનિરાજ સાતિશય ધ્યાનવડે શુદ્ધતાની એવી ધારારૂપે પરિણમ્યા કે હવે તેમાં ભંગ નહીં પડે. તેમણે ક્ષપકશ્રેણી પર ચઢવા માંડ્યું. પ્રભુના અંતરમાં ચૈતન્યનું નંદનવન અનંતગુણોની વિશુદ્ધતાથી ખીલવા માંડ્યું, તો તેના પ્રભાવે બહારમાં ગીરનારનું તપોવન પણ હજારો આંબાના મધુર ફળ વડે ખીલી ઊઠ્યું.—જાણે ગીરનાર પર્વત તે આમ્રફળ વડે પ્રભુના કેવળજ્ઞાનનું સ્વાગત કરતો હોય! પ્રભુને તો અંતરમાં ધ્યેય–ધ્યાન ને ધ્યાતા, જ્ઞેય-જ્ઞાન ને જ્ઞાતા એકાકાર થઈ રહ્યા છે; ત્યાં નથી કોઈ વિકલ્પ કે નથી કોઈ બાહ્યવૃત્તિ, એક નાનકડી ક્ષણમાં જ શુક્લધ્યાનચક્રના પ્રહાર વડે સમસ્ત કષાય-શત્રુઓનો નાશ કરીને પ્રભુ વીતરાગ થયા ને બધા ઘાતીકર્મોને પણ નષ્ટ કરીને સર્વજ્ઞ થયા, શુદ્ધ થયા, બુદ્ધ થયા, કેવળજ્ઞાની–અરિહંત–પરમાત્મા–જિન થયા; ફરી ધન્ય બન્યું એ ગીરનારધામ ને એનું આમ્રવન, કે જેણે પાંચમાથી માંડીને તેરમા સુધીના ઉત્તમ ગુણસ્થાનોમાં બિરાજમાન પ્રભુને સાક્ષાત્ દેખ્યા. જ્યાં પ્રભુના દીક્ષા તથા કેવળજ્ઞાનના મહાન કલ્યાણક થયા. ધન્ય તે ભૂમિ...જ્યાં ફરીફરીને તીર્થંકર પ્રભુનું આગમન થયું.એ તપોધામ સહસ્રામ્રવનનું પરમશાંત વાતાવરણ આજે પણ આપણને તીર્થંકરપ્રભુના મહિમાની અને તેમની આત્મસાધનાની મંગલકથા સંભળાવી રહ્યું છે. 'णमो जिणाणं जितभवाणं' ભવને જિતનારા જિનોને નમસ્કાર.



## શ્રી કૃષ્ણના રાજદરબારમાં—
## નેમિપ્રભુના કેવળજ્ઞાનની મંગળ વધામણી અને તેનો મહિમા

દ્વારામતી નગરીમાં ભવ્ય રાજદરબાર ભરાયો છે. મહારાજા સમુદ્રવિજય તેમજ બળદેવ–વાસુદેવ (શ્રીકૃષ્ણ ચક્રવર્તી) વગેરે બેઠા છે ને નેમનાથપ્રભુના ગુણગાન ગવાઈ રહ્યા છે. એવામાં એક દૂતે રાજસભામાં પ્રવેશ કર્યો ને અત્યંત હર્ષપૂર્વક કહેવા લાગ્યો : (આ પ્રસંગ, વીર. સં. ૨૫૦૧માં વઢવાણ—વર્ધમાનપુરીમાં નેમપ્રભુના પંચકલ્યાણક થયા તે વખતે લખાયેલો છે; અને તેમાં દૂત તરીકે કેવળજ્ઞાનની વધામણીનું કાર્ય આ પુસ્તકના લેખક બ્ર. હરિભાઈએ કર્યું હતું. દૂત વધામણી આપે છે: )ભગવાન નેમિનાથનો જય હો....મહારાજ! હું ગિરનારથી આવ્યો છું ને એક ઉત્તમ વધામણી લાવ્યો છું. આપણા રાજકુમાર નેમિનાથ—કે જેમણે બે માસ પહેલાં વિવાહ સમયે વૈરાગ્ય ધારણ કરીને ગીરનારના આંબાવનમાં દીક્ષા લીધી હતી, તેઓ વિહાર કરતા કરતા પુનઃ ગીરનારમાં પધાર્યા છે ને આજે જ (આસો સુદ એકમે) શુદ્ધોપયોગની ક્ષપકશ્રેણી માંડીને પ્રભુ કેવળજ્ઞાન પામ્યા છે.

વધામણી સાંભળતાં જ સભાજનો આનંદથી બોલી ઊઠ્યા : વાહ વાહ! ધન્ય છે. નેમપ્રભુ સર્વજ્ઞ પરમાત્મા થયા, તેમને નમસ્કાર હો.—આમ કહી સૌએ સિંહાસનથી ઊતરીને પ્રભુને વંદન કર્યા.

ત્યાંનું નજરે જોયેલું વર્ણન કરતાં દૂત કહે છે : અહો મહારાજ! પ્રભુ નેમિનાથ મુનિરાજ ગીરનાર પધાર્યા ત્યાં તો ત્યાંના હજારો આંબા પ્રસન્નતાથી ખીલી ઊઠ્યા. એકકોર આંબાનું વન ખીલી ઊઠ્યું ને બીજીકોર પ્રભુનો રત્નત્રય—બગીચો ખીલી ઊઠ્યો. અહો, એ દિવ્યતાની શી વાત કરું! ત્યાં મુનિઓના સમૂહની વચ્ચે નેમપ્રભુ ધ્યાનમાં ઊભા ને નિર્વિકલ્પ થયા; પરમ ચૈતન્યનું અવલંબન કરીને શુદ્ધોપયોગની શ્રેણી માંડી; અપ્રમતભાવે અતીન્દ્રિય આનંદમાં ઝૂલતા ઝૂલતા ગુણસ્થાનશ્રેણી ઝડપથી ચડવા માંડ્યા, આઠમું નવમું—દસમું ને બારમું એ બધા ગુણસ્થાનો ક્ષણમાં વટાવીને પ્રભુ કેવળજ્ઞાન પામ્યા. અહા, ગિરનારધામ ને આખી પૃથ્વી આનંદમય બની. અત્યારે તો એ સહસ્રામ્રવનમાં ઈન્દ્રો આવી પહોંચ્યા છે ને કેવળજ્ઞાનની પૂજા કરી રહ્યા છે. અદ્‌ભુત સમવસરણની વચ્ચે બિરાજમાન સર્વજ્ઞપ્રભુ નેમિનાથ તીર્થંકરના દિવ્યધ્વનિથી ગિરનારધામ ગુંજી રહ્યું છે. પ્રભુની અદ્‌ભુત વાણીમાં પરમ શાંત ચૈતન્યરસ નીતરી રહ્યો છે.

* પ્રભુના કેવળજ્ઞાનની વધામણી સાંભળીને શ્રીકૃષ્ણ વગેરે સભાજનો હર્ષપૂર્વક કહે છે : વાહ, ખરેખર આજે તો બધુંય મંગળ—મંગળ ભાસે છે....આખુંય વિશ્વ મંગળમય લાગે છે.

* આજે સવારે તો ભગવાન સાધુપદમાં હતા ને અત્યારે કેવળજ્ઞાન પામીને અરિહંતપદમાં આવ્યા. પંચપરમેષ્ઠીમાં પાંચમા પદે હતા તેઓ હવે પહેલા પદે આવ્યા; 'નમો લોએ સવ્વ સાહૂણં'માંથી હવે 'નમો અરિહંતાણં'માં આવ્યા.

* બરાબર છે; ભગવાન નેમિનાથને તીર્થંકરપ્રકૃતિનો ઉદય આજે શરૂ થયો; ચૈતન્યમાં કેવળજ્ઞાનનો પ્રકાશ અને પુદ્‌ગલમાં તીર્થંકરપ્રકૃતિનો ઉદય—એવો સર્વોત્કૃષ્ટ સુયોગ આજે ગીરનારના સહેસાવનમાં વર્તી રહ્યો છે. અને સાથેસાથે રત્નત્રયવંતા ગણધરો, હજારો મુનિવરો તથા વૈરાગી રાજુલદેવી વગેરે હજારો અર્જિકામાતાઓ પણ પ્રભુના ધર્મદરબારમાં શોભી રહ્યા છે. જૈનશાસનનું ધર્મચક્ર ધમધોકાર ચાલી રહ્યું છે.

* અહા, ભગવાનના આત્મામાં દ્રવ્ય—ક્ષેત્ર—કાળ ને ભાવ સર્વપ્રકારે મંગળ છે ભગવાન નેમિનાથનું આત્મદ્રવ્ય પરમપારિણામિકભાવે ત્રિકાળ—મંગળરૂપ છે, તે 'મંગળ-દ્રવ્ય' છે; કેવળજ્ઞાન તથા અતીન્દ્રિય મહાઆનંદથી ભરેલા તેમના અસંખ્ય ચૈતન્યપ્રદેશો તે 'મંગળ-ક્ષેત્ર' છે; તેઓ જ્યાં બિરાજમાન છે એવું ગિરનારતીર્થ પણ મંગળક્ષેત્ર છે. (શ્રી વીરસેનસ્વામીએ ષટ્‌ખંડાગમની ધવલાટીકામાં ગિરનાર—પાવાપુરી રાજગૃહી વગેરે તીર્થોને ક્ષેત્રમંગળ તરીકે યાદ કર્યા છે.)

* પોતાના ચૈતન્યસ્વભાવના અવલંબને પ્રભુને જે અપૂર્વ પર્યાય પ્રગટી તે 'મંગળ-સ્વકાળ' છે, તથા આજનો આ આસો સુદ એકમનો દિવસ પણ પ્રભુના જ્ઞાનકલ્યાણકને લીધે મંગળ છે. અને ભગવાન નેમિનાથનો આત્મા શુદ્ધોપયોગથી કેવળજ્ઞાનરૂપ થઈને પરમ આનંદરૂપે પરિણમી રહ્યો છે તે 'મંગળ—ભાવ' છે.

* અહા, જિનેન્દ્રભગવાનના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું આવું મંગળપણું વિચારતાં આપણા ભાવોમાં પણ ચૈતન્યતત્ત્વનો કોઈ અગાધ મહિમા પ્રગટે છે, તે પણ ભાવમંગળ છે.

* શ્રીકૃષ્ણ કહે છે : વાહ, ઘણી જ સરસ વાત! આચાર્યભગવંતોએ પણ કહ્યું છે કે જે જીવ ભગવાન અરિહંતદેવના આત્માને ચૈતન્યભાવે ઓળખે છે તે જીવ, રાગ અને ચૈતન્યની ભિન્નતા જાણીને પોતાના આત્માના શુદ્ધસ્વરૂપને ઓળખે છે, એટલે દર્શનમોહનો નાશ કરીને સમ્યગ્દર્શન પામે છે. અરિહંતદેવના આત્માની સાચી ઓળખાણનું આ મંગળ ફળ છે.

* ભગવંત અર્હંતદેવની આ એક અચિંત્ય વિશેષતા છે કે, તેમની ઉપદેશ—વિહાર વગેરે ક્રિયાઓ તીર્થંકરનામકર્મના ઉદયથી થતી હોવાથી જો કે ઔદયિકી છે તોપણ, મોહના અભાવને લીધે તેમની તે ક્રિયાઓ ક્ષાયિકી જ માનવામાં આવી છે, કેમકે તે ક્રિયાઓ તેમને બંધનું કારણ થતી નથી અને ક્ષણેક્ષણે તેમને કર્મનો ક્ષય જ થતો જાય છે.

* વાહ, અદ્‌ભુત વાત છે! ભગવાનના ક્ષાયિકભાવને અને ઉદયભાવને ભિન્ન ભિન્ન સ્વરૂપે જે ઓળખે તે જ આ વાત સમજી શકે તેમ છે; ને આ વાત સમજતાં અપૂર્વ ભેદજ્ઞાન થઈને તે જીવને કર્મનો ક્ષય થવા માંડે છે.

* બળભદ્ર કહે છે : શ્રી નેમિનાથ ભગવાન આજે સર્વજ્ઞ થયા, તે કઈ રીતે થયા? —

જાુઓ....સાંભળો! શુદ્ધોપયોગના પ્રસાદથી જ તેઓ સર્વજ્ઞ થયા છે. સર્વજ્ઞ થવાની પૂર્વક્ષણે તેઓ રાગનો સર્વથા ક્ષય કરીને પૂર્ણ વીતરાગ થયા ને પછી જ સર્વજ્ઞ થયા. રાગનો એક નાનો અંશ પણ સર્વજ્ઞતાને રોકે છે; એટલે જે વીતરાગ થાય તે જ સર્વજ્ઞ થાય. રાગનો કોઈ અંશ જ્ઞાનનું કારણ થતો નથી. આત્મા પોતે જ્ઞાનસ્વભાવ છે, તે જ સ્વયંભૂ સર્વજ્ઞ થાય છે. આ રીતે આત્મા પોતે જ સર્વજ્ઞતાનું સાધન થાય છે.

* અહો, સર્વજ્ઞભગવંતો સ્વયંભૂ છે; જેમ આકાશમાં સૂર્ય બીજા કોઈના આલંબન વગર પોતે જ સ્વયમેવ પ્રકાશ અને ઉષ્ણતારૂપ છે, તેમ ચૈતન્યભગવાન આત્મા બીજા કોઈના આલંબન વગર પોતે જ સ્વયંભૂપણે જ્ઞાન અને આનંદરૂપ છે.

**સર્વજ્ઞ લબ્ધસ્વભાવ ને ત્રિજગેન્દ્ર પૂજિત એ રીતે,**
**સ્વયમેવ જીવ થયો થકો તેને 'સ્વયંભૂ' જિનો કહે.**

* અહો, એ સ્વયંભૂ ભગવાન સર્વજ્ઞદેવના દિવ્ય જ્ઞાનના અચિંત્ય મહિમાનું શું કહેવું? પરમ આનંદમય એ સર્વજ્ઞપદ વીતરાગી સંતોને વહાલું છે. એ અરિહંત ભગવંતોનો અતીન્દ્રિય મહાઆનંદ પાંચ ઈન્દ્રિયોના વિષયો વગરનો છે, પુણ્યફળ વગરનો છે, રાગ વગરનો છે, ને શુદ્ધોપયોગ વડે આત્મામાંથી જ તે પ્રગટેલો છે; એ સ્વાભાવિક આનંદ ક્યાંય બહારથી આવેલો નથી—

**અત્યંત આત્મોત્પન્ન વિષયાતીત અનુપ અનંત ને**
**વિચ્છેદહીન છે સુખ અહો! શુદ્ધોપયોગ–પ્રસિદ્ધને.**

* તે અરિહંત ભગવંતોને આત્મામાંથી જેવું સુખ ને જેવો આનંદ પ્રગટ્યો તેવું સુખ ને તેવો આનંદ દરેક આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવને સાંભળતાંવેંત પ્રસન્ન થઈને જે જીવ ઉલ્લાસથી તેનો સ્વીકાર કરે છે તે જીવ આસન્નભવ્ય છે, નીકટમાં જ મોક્ષગામી છે.

* અહા, કેવળજ્ઞાન તો આત્માનો સ્વભાવ છે; તે સ્વભાવનો સ્વીકાર કરનાર જીવ મોક્ષનો સાધક થઈ જાય છે; પછી તેને અનંત ભવ હોતા નથી, અને કેવળીએ પણ તે દીઠાં નથી. કેવળી ભગવાને નીકટમાં જ તેનો મોક્ષ જોયો છે. વાહ, કેવળજ્ઞાનના આ ન્યાયમાં તો ઘણી ગંભીરતા છે, તેના સ્વીકારમાં જ્ઞાનસ્વભાવની સન્મુખતા થઈને મોક્ષ તરફનો અનંત પુરુષાર્થ શરૂ થાય છે. માટે સર્વજ્ઞની શ્રદ્ધા તે ધર્મનું મૂળ છે.

* વાહ, આપણા મહાન ભાગ્યોદયથી આપણી આ સૌરાષ્ટ્રભૂમિમાં ગીરનારધામમાં આપણને આવા સર્વજ્ઞભગવાન નેમિનાથપ્રભુના સાક્ષાત્ દર્શન આજે પ્રાપ્ત થાય છે. આપણા સૌરાષ્ટ્રની ગીરનારભૂમિ તો સિંહને ઉત્પન્ન કરનારી છે, આજે ધર્મના કેશરીસિંહ જેવા કેવળી પરમાત્મા આપણી ભૂમિમાં પાક્યા છે. ચાલો, આપણે સૌ ત્યાં ગીરનારધામમાં જઈએ ને તીર્થંકર નેમનાથપ્રભુના દર્શન કરીને ધન્ય બનીએ.

—આ પ્રમાણે સર્વજ્ઞપદના અત્યંત મહિમાપૂર્વક મહારાજા સમુદ્રવિજય તેમજ શ્રીકૃષ્ણ–બલભદ્ર વગેરે સૌ ધામધૂમસહિત પ્રભુ નેમિનાથના દર્શન કરવા ચાલ્યા. બીજી તરફથી દેવલોકના ઈન્દ્રો

પણ ભવ્ય સવારી સહિત નેમિનાથ–તીર્થંકરના કેવળજ્ઞાન-કલ્યાણકનો ઉત્સવ કરવા આવી પહોંચ્યા. પ્રભુને કેવળજ્ઞાન થતાં જ, તેની સાથેની તીર્થંકરપ્રકૃતિના પ્રભાવે આખો દેવલોક આનંદથી ખળભળી ઊઠ્યો હતો. અરે, દેવલોક તો ઠીક, નરકના જીવો પણ તે ક્ષણે શાંતિ પામ્યા હતા. નરકમાં એકાએક આવી શાંતિ એ એક મહાન આશ્ચર્ય હતું, ને તે આશ્ચર્યના કારણરૂપ તીર્થંકરના અચિંત્ય મહિમાનો વિચાર કરતાં અનેક જીવો સમ્યગ્દર્શન પામી ગયા. દેવો ને મનુષ્યો ઉપરાંત સિંહ ને સસલાં, નાગ અને વાઘ, મગર અને મોર વગેરે તિર્યંચોના ટોળાં પણ તીર્થંકરપ્રભુના દર્શન માટે દોડી આવ્યા. જગતનો ઉત્કૃષ્ટ ધર્મદરબાર એ સહેસાવનમાં ભરાયો હતો ને તેની વચ્ચે ત્રિલોકના રાજા તીર્થંકર પરમાત્મા નેમિનાથ ભગવાન બિરાજમાન હતા. આનંદના ધામ એવા નેમનાથને સો ઈન્દ્રો પૂજતા હતા. એ પ્રસંગને લક્ષમાં લઈને સ્તુતિકાર કવિ-પદ્મપ્રભ (નિયમસાર–ટીકામાં) કહે છે કે–

**શતમખ–શત પૂજ્યઃ પ્રાજ્ય સદ્‌બોધરાજ્યઃ;**
**સ્મરતિરસુરનાથઃ પ્રાસ્ત દુષ્ટાઘયૂથઃ ।**



**પદનતવનમાલી ભવ્ય–પદ્માંશુમાલિ,**
**દિસતુ શમનિશં નો નેમિઃ આનંદભૂમિઃ ॥**

અહા, કેવું હશે એ પાવન દૃશ્ય!–જ્યાં એક તરફ તો મુનિઓ સર્વજ્ઞપ્રભુની સ્તુતિ કરતા હશે ને બીજી તરફ શ્રીકૃષ્ણ તથા ઈન્દ્ર જેવા ભક્તિથી શિર નમાવીને પ્રભુ નેમિનાથને વંદી રહ્યા હશે. વાહ! નેમિનાથ અને શ્રીકૃષ્ણ–એક સાથે બે તીર્થંકરોનો સુયોગ, એક તો વર્તમાન તીર્થંકર, ને બીજા ભાવિ–તીર્થંકર...જે વચમાં એક ભવ કરીને આગામી ચોવીસીમાં ભરતક્ષેત્રના તીર્થંકર થશે.

મહારાજા સમુદ્રવિજય, બળભદ્ર, શ્રીકૃષ્ણ તથા તેમના પુત્ર–પૌત્રો શંબુકુમાર, પ્રદ્યુમ્નકુમાર, અનિરુદ્ધકુમાર વગેરે સમવસરણમાં બિરાજમાન પરમાત્મા નેમિનાથને જોઈને અત્યંત પ્રસન્ન થયા. મહાત્મા શ્રીકૃષ્ણને મહાન ગૌરવ થયું કે અહા! મારા ભાઈ પરમાત્મા થયા; એટલું જ નહિ, ધર્મના કોઈ અચિંત્ય ઉલ્લાસથી તેમણે પ્રભુચરણોમાં તીર્થંકરપ્રકૃતિ બાંધવાનું શરૂ કર્યું. (શ્રીકૃષ્ણની જેમ બલભદ્ર પણ ભાવિ-તીર્થંકર હોવાનો પુરાણોમાં ઉલ્લેખ છે.) ત્રણ લોકના ઈન્દ્રોવડે પૂજ્ય અને સર્વોત્કૃષ્ટ જ્ઞાનસામ્રાજ્યનાસ્વામી એવા પરમાત્મા નેમિનાથે, સૌ પ્રથમ ગીરનારના તપોવનમાં દિવ્યધ્વનિ વડે

મોક્ષમાર્ગ બતાવીને ભવ્ય જીવોને પરમ આનંદિત કર્યા. હસ્તિનાપુરથી યુદ્ધિષ્ઠિર-ભીમ-અર્જુન વગેરે પાંડવો (કે જેઓ નેમિનાથપ્રભુ સાથે ફઈ—મામાના ભાઈઓ થતા હતા તેઓ) પણ પ્રભુદર્શન કરવા ગીરનાર આવી પહોંચ્યા અને એ સર્વજ્ઞદરબાર જોઈને અતિ પ્રસન્ન થયા.

નેમપ્રભુના ધર્મદરબારમાં, મહારાજા વરદત્ત (જેણે નેમનાથને મુનિદશામાં પ્રથમ આહારદાન દીધેલું તે) દીક્ષિત થયા ને પ્રભુના ધર્મદીવાન બન્યા. તે વરદત્ત સહિત ૧૧ ગણધરો સમવસરણસભાને શોભાવતા હતા; એટલું જ નહિ, પ્રભુની સાથેના હજારો મુનિઓમાંથી દોઢહજાર (૧૫૦૦) મુનિવરો તો કેવળજ્ઞાન પામી અરિહંતપદે સમવસરણની અંદર ૫૦૦૦ ધનુષ ઊંચે આકાશમાં) બિરાજતા હતા.—ખરેખર અદ્‌ભુત હતો એ ભગવંતોનો મેળો! એ ઉપરાંત અવધિ—મનઃપર્યયજ્ઞાની, શ્રુતકેવળી, તથા વિવિધ ઋદ્ધિના ધારક કુલ ૧૮૦૦૦ મુનિવરો એ ધર્મદરબારમાં મોક્ષને સાધી રહ્યા હતા; રાજીમતી વગેરે આર્જિકા પણ હવે ગિરિગૂફાનો વાસ છોડીને નેમપ્રભુના સમોસરણમાં ૪૦,૦૦૦ આર્જિકાઓના સંઘસહિત શોભતા હતા. એક લાખ શ્રાવકો ને ત્રણલાખ શ્રાવિકાઓ સમ્યક્ત્વ તેમ જ વ્રતસહિત મોક્ષની ઉપાસના કરી રહ્યા હતા. દેવો તેમ જ તિર્યંચોનો પણ પાર ન હતો. પ્રભુના ધર્મદરબારમાં સૌને આત્મવૈભવના અપૂર્વ નિધાન મળતા હતા. અહા, કેવો શોભતો હશે—ગીરનારનો એ ધર્મદરબાર! અને દુનિયામાં સૌરાષ્ટ્રના ગીરનારતીર્થનું કેવું મહાન ગૌરવ હશે! આજેય એ ગિરનાર લાખો—કરોડો જીવો વડે તીર્થરૂપે પૂજાય છે ને ભગવાન નેમિનાથના મહિમાને દુનિયામાં પ્રસિદ્ધ કરે છે.

ગિરનારના એ આમ્રવનની વચ્ચે, આશ્ચર્યકારી ધર્મદરબારમાં પ્રભુ નેમિનાથે આશ્ચર્યકારી દિવ્યવાણી વડે ધર્મોપદેશ દીધો ને સૌથી વધુ આશ્ચર્યકારી એવો પરમાત્મવૈભવ ભવ્યજીવોને દેખાડ્યો : ભો...ભો...ભવ્યજીવો! અમને જે સર્વજ્ઞ-પરમાત્મપદ પ્રગટ્યું તે આત્મામાંથી જ પ્રગટ્યું છે, તમારા આત્મામાં પણ આવું જ પરમાત્મપદ ભરેલું છે; તેને ઓળખીને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રવડે ઉપાસતાં તમે પણ પરમાત્મા બની શકો છો.—આ પ્રમાણે ચૈતન્યતત્ત્વનો અગાધ મહિમા જાણીને તેની અનુભૂતિ પોતામાં કરવી તે જૈનશાસન છે. જેમ ઋષભદેવની સભામાં મોક્ષગામી ભરતરાજે ધર્મનું શ્રવણ કર્યું તેમ નેમનાથની સભામાં મોક્ષગામી પાંડવોએ તેમ જ ગજકુમાર, પ્રદ્યુમ્ન વગેરેએ ધર્મનું શ્રવણ કર્યું. પ્રભુનું આયુ ૧૦૦૦ વર્ષ હતું. તેમાંથી ૩૦૦ વર્ષની વયે પ્રભુ કેવળી પરમાત્મા થયા, પછી ૭૦૦ વર્ષ સુધી તીર્થંકરપણે વિહાર કરી ભારતભૂમિમાં ધર્મનું અમૃત વરસાવ્યું.

ધર્મચક્રસહિત દેશોદેશ વિચરતા પ્રભુ નેમિનાથ અવારનવાર રૈવતગિરિ (ગીરનાર) પધારતા એકવાર પ્રભુ પધાર્યા ત્યારે શ્રીકૃષ્ણ-બળભદ્ર પરિવાર સહિત પ્રભુના દર્શન કરીને પ્રસન્ન થયા; અને ધર્મોપદેશ સાંભળ્યાં બાદ પૂછ્યું : હે દેવ! આ સંસારમાં આત્માના અસ્તિત્વ સંબંધી અનેક મિથ્યા માન્યતાઓ ચાલે છે; કોઈ કહે છે કે આત્મા જેવી કોઈ વસ્તુ છે જ નહીં; કોઈ તેને પૃથ્વી—પાણી વગેરે અચેતનના સંયોગોથી થયેલો માને છે; કોઈ તેને જડ—શરીરરૂપે જ માને છે; કોઈ તેને એકાન્ત કૂટસ્થ અપરિણામી માને છે; તો કોઈ એકાન્ત ક્ષણિક નાશવંત માને છે; કોઈ તેને પર્યાય—ગુણ વગરનો માને છે; આમ અનેક પ્રકારની મિથ્યા માન્યતાઓ ચાલે છે; તો હે પ્રભો! આત્માનું સત્ય સ્વરૂપ શું છે તે સમજાવો.

પ્રભુની વાણીમાં આવ્યું : હે ભવ્યરાજ! તમે ભાવિતીર્થંકર છો; તમે ઉત્તમ પ્રશ્ન પૂછ્યો.

સાંભળો, સત્‌રૂપ આ વિશ્વમાં અનંત જીવાત્માઓ સ્વતંત્રપણે વિદ્યમાન તત્ત્વ છે; તેમાંથી 'હું' એવા સ્વસંવેદન વડે આત્મા સદાય સર્વત્ર પોતાના અસ્તિત્વને પ્રસિદ્ધ કરે છે. કોઈ પણ જીવ કોઈ પણ સ્થિતિમાં, 'હું નથી' એમ પોતાનો અભાવ સિદ્ધ કરી શકે નહિ, પોતાના અસ્તિત્વનો ઈન્કાર કોઈ કરી શકે નહિ; કેમકે 'હું નથી' એમ કહેનાર પોતે જ જીવ છે. આત્મા સત્‌–વિદ્યમાન છે, તે જ્ઞાનમય–સુખરૂપ વસ્તુ છે, પોતે પોતામાં જ, પોતાના ગુણ–પર્યાયરૂપ ભાવોમાં જ રહેલો, ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ સત્‌ છે. સદાય દેહથી જુદા લક્ષણવાળું તેનું અસ્તિત્વ છે તે 'જાણનાર' એવા ચિહ્ન વડે જણાય છે. જો કે અરૂપી હોવાને લીધે ઈન્દ્રિયો વડે તે દેખાતો નથી, પણ અંદર ઈન્દ્રિયોથી પાર પોતાના અનુભવજ્ઞાન વડે તે ચોખ્ખો જણાય છે–અનુભવાય છે. રાગ વગર ને બાહ્ય વિષયો વગર એકલા જ સુખી થવાનો તેનો સ્વભાવ છે. આવા પરમ તત્ત્વરૂપ પોતાના આત્માને જાણીને હે ભવ્ય જીવો! તમે કષાયોથી ભિન્નપણે તેની ઉપાસના કરો....એ જ મોક્ષને સાધવાની રીત છે.

આત્માના અસ્તિત્વની આવી સુંદર સિદ્ધિ સાંભળીને સર્વે શ્રોતાજનોનું ચિત્ત પ્રસન્ન થયું; ઘણા ભવ્યજીવોએ પોતાનું સમ્યક્‌ત્વ ઉજ્જ્વળ કર્યું. શ્રીકૃષ્ણે પ્રભુની વાણીમાં પોતાના પૂર્વભવો તેમ જ ભવિષ્યના પણ મોક્ષ સુધીના બે ભવો જાણ્યા; પૂર્વભવમાં પોતે મુનિ હતા પણ નિદાનબંધને કારણે ધર્મને ચૂકી ગયેલા, તે જાણીને તેમને પસ્તાવો થયો ને ધર્મની ભાવનામાં મનને થિર કર્યું; પરંતુ આયુબંધને કારણે તેઓ વ્રત ન લઈ શક્યા. ઘણાય જીવોએ પ્રભુના ઉપદેશથી આત્માનું શુદ્ધ સ્વરૂપ જેવું જાણ્યું તેવું જ અનુભવમાં લીધું ને મોક્ષમાર્ગમાં દાખલ થઈને પરમ આનંદિત થયા.

ત્યારબાદ શ્રીકૃષ્ણની માતા દેવકીએ વરદત્ત ગણધરને વંદન કરીને પોતાના મનની શંકા પૂછી–હે દેવ! મારા આંગણે બે મુનિરાજ આહાર માટે પધાર્યા હતા, બીજે દિવસે ફરીને એ જ બે મુનિરાજ મારા આંગણે પધાર્યા, વળી ત્રીજા દિવસે પણ એ જ બે મુનિરાજ મારા આંગણે આહાર માટે પધાર્યા; તો તે મુનિવરો મારા આંગણે ફરીફરીને કેમ પધાર્યા? અને તેમને દેખીને મારા અંતરમાં અતિશય હેત ઊભરાતું હતું, તેનું શું કારણ?

દિવ્યજ્ઞાની ગણધરદેવે દેવકીમૈયાના મનનું સમાધાન કરતાં કહ્યું : હે માતા! તમારા આંગણે ત્રણ વખત જે મુનિ–યુગલ પધાર્યા તે મુનિવરો તે ને તે જ ન હતા પણ દરેક વખતે જુદાજુદા હતા; અને તે મુનિવરો તમારા પુત્રો જ હતા. શ્રીકૃષ્ણના અવતાર પહેલાં ત્રણ વખત જે પુત્રયુગલ અવતર્યા હતા તેમને તમારા ભાઈ (કંસ)ના ભયને લીધે બીજે ઉછેર્યા હતા; તે છએ પુત્રો જિનદીક્ષા લઈને મુનિ થયા હતા; બાલપણથી જ તમારા તે પુત્રોને તમે જોયા ન હતા અને તે છએનું રૂપ એકસરખું હતું, તેથી તમે તેમને ઓળખી ન શક્યા; પણ તેઓ તમારા પુત્રો હોવાથી કુદરતી રીતે તમને તેમના પ્રત્યે પુત્રવત અપાર હેત ઊભરાયું. વળી સાંભળો....હે દેવકી મા! તે છએ મુનિવરો કે જેમનાં નામ દેવદત્ત-દેવપાલ, અનીકદત્ત-અનીકપાલ, તથા શત્રુઘ્ન-જિતશત્રુ છે, તે છએ ચરમશરીરી છે, આ જ ભવે મોક્ષ પામશે. પૂર્વ ભવમાં પણ તે છએ ભાઈઓ હતા ને તમારા જ પુત્રો હતા પોતાના છએ પુત્રો મુનિ થયા છે એમ જાણીને તથા તેમના પૂર્વભવો સાંભળીને દેવકીમાતા આશ્ચર્ય પામ્યા, તેને વૈરાગ્ય થયો, પરંતુ શ્રીકૃષ્ણ પ્રત્યેના મોહને લીધે તે દીક્ષા ન લઈ શક્યા.

ત્યારબાદ શ્રીકૃષ્ણે પોતાની આઠ મુખ્ય રાણીઓ ૧. સત્યભામા, ૨. રુકમિણી, ૩. જાંબુવતી, ૪. સુસીમા, ૫. લક્ષ્મણા, ૬. ગાંધારી, ૭. ગૌરી તથા ૮. પદ્માવતીના પૂર્વભવો પૂછ્યા.

તેના ઉત્તરમાં ગણધરદેવે પ્રથમ સત્યભામાના પૂર્વભવ કહ્યા : શીતલનાથ પ્રભુના તીર્થ વખતે તે જીવ મથુરા રાજ્યની શૌરીપુર નગરીમાં એક અભિમાની વિદ્વાન હતો, ત્યારે જૈનધર્મની નિંદા કરવાથી તથા વિષય-કષાયપોષક કુધર્મનો ઉપદેશ દેવાથી તે સાતમી નરકે ગયો ને અનેક હલકા ભવોમાં રખડ્યો. પછી ભીલના ભવમાં તેણે એક મુનિરાજના ઉપદેશથી મદ્ય-માંસ-ઈંડાં-મધનો ત્યાગ કયો ને મરીને રાજપુત્ર થયો. ત્યાં પણ આત્મજ્ઞાન વગર વ્રત કરીને શુભપરિણામથી દેવ થયો; ને ત્યાંથી ચવીને અહીં શ્રીકૃષ્ણની પટરાણી સત્યભામા તરીકે તે જીવ અવતર્યો છે. હવે ભગવાન નેમિનાથના શાસનમાં ધર્મ પામીને તે સ્ત્રીપર્યાયનો છેદ કરશે ને અનુક્રમે મોક્ષ પામશે.

એ જ રીતે બીજી સાતેય રાણીઓએ પણ પૂર્વભવમાં ધર્મની કેવી વિરાધના કરી, પછી મુનિવરોને આહારદાન—વ્રત વગેરેથી ધર્મના સંસ્કાર પામી, પણ હજી સુધી આત્મજ્ઞાન કર્યું ન હોવાથી સ્ત્રીપર્યાયમાં અવતરી, ને હવે નેમપ્રભુના શાસનમાં ધર્મ પામીને પોતાનું કલ્યાણ કરશે, તે વાત ગણધરદેવે બતાવી.

આ રીતે શ્રી ગણધરદેવના મુખથી પોતાના પૂર્વભવો સાંભળીને તેમ જ પોતે નજીકમાં મોક્ષગામી હોવાનું જાણીને તે બધી રાણીઓને ઘણી પ્રસન્નતા થઈ; અને અત્યાર સુધી આત્મજ્ઞાન વગર જ આવી હલકી સ્ત્રીપર્યાયમાં રખડ્યા—એમ વિચારીને વૈરાગ્યપૂર્વક તેમણે જૈનધર્મમાં પોતાની બુદ્ધિ જોડીને ભક્તિથી નેમપ્રભુના ચરણોમાં ચિત્ત લગાવ્યું. ધર્મ વગરનું મુર્ખ જીવોનું જીવન સારું નથી, ધર્મ જ પ્રશંસનીય છે, એમ સમજીને ઘણા જીવોએ પોતાનું ચિત્ત ધર્મમાં જોડ્યું ને પાપપ્રવૃત્તિઓ છોડી દીધી.

ત્યારબાદ બળદેવે, શ્રીકૃષ્ણના પુત્રો પ્રદ્યુમ્નકુમાર તથા શંબુકુમારનું જીવનચરિત્ર પૂછ્યું. તે ગણધરદેવે ટૂંકમાં આ પ્રમાણે બતાવ્યું :

## શ્રીકૃષ્ણ—પુત્રો ચરમશરીરી શંબુ તથા પ્રદ્યુમ્નના પૂર્વભવ

રુકમિણિનો પુત્ર પ્રદ્યુમ્ન તથા જાંબુવતીનો પુત્ર શંબુ (સંભવ); તે બંને જીવો કેટલાક ભવ પહેલાં મગધદેશમાં અગ્નિભૂતિ તથા વાયુભૂતિ નામના બે ભાઈઓ હતા. બંને ભાઈઓ નાસ્તિક હતા; એકવાર એક જૈન મુનિ સાથે તેમણે વાદવિવાદ કર્યો. મુનિરાજે અનેકાન્ત વડે જીવનું અસ્તિત્વ, તેનો જ્ઞાનસ્વભાવ તેમ જ સર્વજ્ઞતારૂપ પરમાત્મપદની સિદ્ધિ કરીને તે બંને ભાઈઓને હરાવ્યા. આથી અપમાનિત થયેલા તે બંને ભાઈઓ રાત્રે ધ્યાનસ્થ—મુનિને મારવા તૈયાર થયા; પણ એક યક્ષદેવે તેમને ત્યાં જ ચોંટાડી દીધા.

ત્યારે તેમના માતા-પિતાએ પુત્રોને છોડવા યક્ષને વિનંતિ કરી. યક્ષદેવે કહ્યું : તમે હિંસાધર્મ છોડી દો ને મુનિરાજ પાસે ક્ષમા માંગીને પરમ અહિંસારૂપ જૈનધર્મનો સ્વીકાર કરો તો તમારા પુત્રોને મુક્ત કરું. તેમણે તે પ્રમાણે કર્યું ને બંને ભાઈઓ મુક્ત થયા. ત્યારબાદ પિતાએ કહ્યું—બેટા, હવે તમે જૈનધર્મ છોડી દો, કેમકે સ્વાર્થ માટે માત્ર દેખાવ પુરતો જ આપણે તેનો સ્વીકાર કર્યો હતો. ત્યારે બંને ભાઈઓએ તે વાતની ના પાડી અને 'જૈનધર્મને લીધે જ અમારી રક્ષા થઈ છે' એમ કહીને દ્રઢપણે તેને

વળગી રહ્યા, ને શ્રાવકધર્મનું પાલન કરીને સ્વર્ગમાં ગયા. ત્યાંથી નીકળીને અયોધ્યાપુરીમાં તે બંને પૂર્ણભદ્ર તથા મણિભદ્ર નામના શ્રેષ્ઠીપુત્રો થયા. જૈનધર્મની ઉપાસના કરીને ફરી સ્વર્ગમાં ગયા. પછી હસ્તિનાપુરીમાં રાજાના પુત્રો થયા, તેમનાં નામ મધુ અને ક્રીડવ. (મધુ તે પ્રદ્યુમ્નનો જીવ છે.)

એકવાર રાજા મધુએ પોતાના મિત્ર—કનકરથની સ્ત્રી ઉપર મોહિત થઈને તેનું અપહરણ કર્યું. સ્ત્રીના વિયોગમાં દુઃખી થઈને કનકરથે સંન્યાસ લીધો ને મરીને ધૂમકેતુ-દેવ થયો.

પાછળથી રાજા મધુને પોતાના દૂરાચાર માટે પસ્તાવો થયો; ને મુનિરાજ પાસે ધર્મોપદેશ સાંભળીને, પોતાના ભાઈ સાથે સંયમ ધારણ કર્યો ધર્મની આરાધના વડે પાપોને ધોઈ નાંખ્યા. બંને ભાઈઓ પુણ્યથી સ્વર્ગમાં ગયા ને ત્યાંથી નીકળીને રાજા મધુનો જીવ તે તો રુકમણિનો પુત્ર પ્રદ્યુમ્ન થયો, ને તેના ભાઈ—ક્રીડવનો જીવ જાંબુવતીનો પુત્ર શંબુકુમાર થયો છે. શ્રીકૃષ્ણના આ બંને પુત્રો ચરમશરીરી છે ને આ ગીરનાર ઉપરથી જ મોક્ષ પામશે.

પ્રદ્યુમ્ન અને શંબુકુમારના જીવનની આ વાત સાંભળીને સૌને ઘણો હર્ષ થયો. ત્યારબાદ વિશેષમાં ગણધરદેવે કહ્યું :—

આ પ્રદ્યુમ્નકુમાર દ્વારિકાનગરીમાં જ્યારે માત્ર છ દિવસનો બાળક થયો ત્યારે ધૂમકેતુદેવ ત્યાંથી વિમાનમાર્ગે નીકળ્યો; રુકમિણિના મહેલ ઉપર તેનું વિમાન થંભી ગયું. અવધિજ્ઞાનથી તેણે જાણ્યું કે આ કુમાર મારો પૂર્વભવનો વેરી છે; પૂર્વભવમાં તેણે મારી રાણીનું અપહરણ કર્યું હતું. આથી તે વેરનો બદલો લેવા દૈવીવિદ્યાથી પ્રદ્યુમ્નકુમારને ઉપાડી ગયો; તે તેને મારી નાંખવા વિચારતો હતો, પણ ચરમશરીરી પ્રદ્યુમ્નના આયુપ્રતાપે તેને દયા આવી; એટલે તે બાળકને વનમાં એક શિલા નીચે ઢાંકીને ચાલ્યો ગયો.

એ જ વખતે કાલસંવર નામનો વિદ્યાધરરાજા ત્યાંથી નીકળ્યો; શિલા ઊંચી-નીચી થતી દેખીને તે આશ્ચર્ય પામ્યો અને તેની નીચે અત્યંત સુંદર ચરમશરીરી બાળકને દેખીને તેના હર્ષનો પાર ન રહ્યો. તેણે તે બાળક પોતાની રાણી—કંચનમાળાને આપ્યો; ને યુવરાજપદે સ્થાપીને તેઓએ પુત્રવત તેનું પાલન કર્યું. પ્રદ્યુમ્ન મોટો થતાં કંચનમાળાના બીજા પુત્રો તેની ઈર્ષા કરવા લાગ્યા, ને તેને મારવા ઘણા પ્રપંચો કર્યા; પણ પુણ્યાત્મા પ્રદ્યુમ્નને કાંઈ હાનિ તો ન થઈ ઊલટું પુણ્યપ્રતાપે તેને મહાન દૈવીવૈભવો પ્રાપ્ત થયા. ધીમેધીમે તે સોળ વર્ષનો યુવાન થયો. બીજી બાજુ દ્વારિકામાં પુત્રવિયોગે ટળવળતી રુકમિણીનું શું થયું તે સાંભળો.

દ્વારિકાનગરીમાં, પોતાના છ દિવસના પુત્રને ન જોતાં રુકમિણી બેબાકળી બની ગઈ. મહેલમાં ચારેકોર તપાસ કરી પણ ક્યાંય પત્તો ન લાગ્યો. શ્રીકૃષ્ણ પણ તેનો પત્તો મેળવી ન શક્યા. શ્રીકૃષ્ણ—રુકમિણી પુત્રવિયોગથી ખૂબ શોકમગ્ન રહેતા હતા આથી શ્રીકૃષ્ણના મિત્ર નારદજી તેનો પત્તો મેળવવા વિદેહક્ષેત્રે ગયા ને ત્યાં બિરાજમાન સ્વયંપ્રભ—તીર્થંકર (સીમંધર સ્વામી)ના સમવસરણમાં જઈને પ્રદ્યુમ્નની કથા સાંભળી આવ્યા. ત્યાંથી પાછા દ્વારકા આવી શ્રીકૃષ્ણ તથા રુકમિણીને કહ્યું : સાંભળો, હું એક હર્ષની વાત કરું છું : તમે પ્રદ્યુમ્નનો શોક છોડો, કેમકે તે કુશળ છે ને ૧૬ વર્ષે મહાન વિભૂતિ સહિત પાછો આવીને તમને મળશે. હું અહીંથી વિદેહક્ષેત્રમાં સીમંધરપ્રભુની સભામાં ગયો હતો; અહા !

ત્યાંની આશ્ચર્યકારી શોભાની શી વાત! ત્યાં તીર્થંકરપરમાત્માના સાક્ષાત્ દર્શનથી મને ઘણો આનંદ થયો ને મેં પ્રદ્યુમ્નની વાત પૂછી. તેનો પૂર્વભવનો વેરી તેને ઉપાડી ગયો હતો ને હાલ તે એક વિદ્યાધરને ત્યાં પુત્ર તરીકે ઊછરી રહ્યો છે. સોળ વર્ષે જ્યારે તે અહીં પાછો આવશે ત્યારે અનેક શુભ ચિહ્નો થશે, સૂકા સરોવરો પાણીથી છલકાઈ જશે, તેમાં કમળો ખીલી ઊઠશે, મોરલાઓ નાચી ઊઠશે, અકાળે આંબા પાકશે ને રુકમિણીના સ્તનોમાં દૂધ ઊભરાશે. તે પુત્ર આ ભવે જ મોક્ષ પામશે–એમ મેં પ્રભુની વાણીમાં સાંભળ્યું.

વાહ! સીમંધરસભામાં આવેલી, પોતાના પુત્રની વાત નારદના મુખથી સાંભળીને શ્રીકૃષ્ણ તથા રુકમિણીને ઘણી પ્રસન્નતા થઈ, તેમનો શોક દૂર થયો ને ચાતકની જેમ પ્રદ્યુમ્નના આગમનની રાહ જોવા લાગ્યા.

* * *

આ બાજુ નવયુવાન પ્રદ્યુમ્નનું સુંદર રૂપ દેખીને તેની પાલક માતા રાણી–કંચનમાળા તેના ઉપર મોહિત થઈ ગઈ, તેના મનમાં વિકારભાવો જાગ્યા. તેણે પોતાના પાસેની મહત્ત્વની પ્રજ્ઞપ્તિવિદ્યા તેને આપી દીધી ને અનેક હાવ–ભાવથી તેને લલચાવવા પ્રયત્ન કર્યો. પણ ધીર–ગંભીર પ્રદ્યુમ્નકુમાર શીલવ્રતમાં અડગ રહ્યો. આથી રાણીએ તેના ઉપર કુશીલનો ખોટો આરોપ મૂકીને રાજાને ઉશ્કેર્યો; રાજાએ તેને મારી નાંખવાનું કામ પોતાના ૫૦૦ પુત્રોને સોપ્યું. પણ તેઓ કોઈ રીતે તેને મારી ન શક્યા–ચરમશરીરને કોણ મારી શકે? ઊલ્ટું તેને દિવ્ય વૈભવો પ્રાપ્ત થયા.

એકવાર નારદજી ત્યાં આવ્યા ને પ્રદ્યુમ્નકુમારને બધી વાત કરી; વિદેહક્ષેત્રમાં સાંભળેલી તેના પૂર્વભવોની વાત, તેમજ તેના સાચા માતા–પિતા તો રુકમિણી–શ્રીકૃષ્ણ હોવાની વાત કરી, અને દ્વારકામાં તેમના હાલ શું છે તે કહ્યું. તેના ચાચા નેમિનાથ પ્રભુ ત્યાં બિરાજે છે તે પણ કહ્યું. તરત પ્રદ્યુમ્નકુમારને પોતાના માતા–પિતાને મળવાની તેમજ નેમપ્રભુના દર્શનની ઈચ્છા થઈ; દૈવી વૈભવના ઠાઠ–માઠસહિત તે દ્વારકા આવ્યો. ત્યાં આવીને તેણે વાંદરા–સિંહ વગેરેનું રૂપ ધારણ કરીને સત્યાભામા તેમજ બળભદ્ર વગેરેને ખૂબ પરેશાન કર્યા, ચિત્ર-વિચિત્ર ચેષ્ટાઓ વડે નગરજનોને ખૂબ ગમ્મત કરાવી; પછી એક બ્રહ્મચારી શ્રાવકનું રૂપ ધારણ કરીને રુકમિણીના મહેલે પહોંચ્યો. ત્યાં રુકમિણીએ તેને ધર્માત્મા જાણીને આદરપૂર્વક ભોજન કરાવ્યું.ભોજન બાદ તેણે કહ્યું–હે માતા! તમે સમ્યગ્દર્શનના ધારક છો ને સાધર્મીનું વાત્સલ્ય કરનારા છો.

તે વખતે રાજમહેલમાં અનેક શુભ ચિહ્નો પ્રગટ્યા; ફળફૂલ એકાએક ખીલી ઊઠ્યા મોરલા આનંદથી નાચવા લાગ્યા, આંબાના ઝાડ કેરીથી ઝૂમી ઊઠ્યા અને રુકમિણીના સ્તનમાં દૂધ ઊભરાવા લાગ્યું. આ રીતે પુત્રના આગમનના બધા ચિહ્નો જોયા, પણ પ્રદ્યુમ્ન તો ક્યાંય દેખાયો નહિ; ત્યારે આશંકાથી તેણે પૂછ્યું : હે બ્રહ્મચારી મહારાજ! મારો પુત્ર આવવાના જે ચિહ્નો ભગવાને નારદને કહ્યા હતા તે બધાય ચિહ્નો અહીં પ્રગટ દેખાય છે, પણ મારો પુત્ર તો દેખાતો નથી; ને તમને દેખીને મારા હૈયે હેત ઊભરાય છે, તો શું તમે પોતે જ મારા પુત્ર છો?

એ સાંભળતાં જ પ્રદ્યુમ્ને પોતાનું અસલી દિવ્ય રૂપ ધારણ કર્યું ને હર્ષપૂર્વક નમસ્કાર કરતાં કહ્યું

: હે બા! હું જ તારો પુત્ર પ્રદ્યુમ્ન....તારા ચરણોમાં નમસ્કાર કરું છું. એનાં મીઠાં વચનો સાંભળીને અને તેનું દિવ્ય સુંદર રૂપ દેખીને માતા તો મહાન હર્ષથી તેને ભેટી પડી. મુમુક્ષુને મોક્ષની કથા સાંભળતાં જે આનંદ થાય, આત્માર્થીને આત્માની અનુભૂતિ થતાં જે સંતોષ થાય, તેવી પ્રસન્નતા ને તેવો સંતોષ પુત્રના મિલનથી માતા રુકમિણીને થયો. પોતાની બાલ્યક્રીડાનો વિશેષ આનંદ કરાવવા માટે પ્રદ્યુમ્નકુમારે વિક્રિયાલબ્ધિવડે બાળપણથી માંડીને આજ સુધીની બધી ચેષ્ટાઓ દેખાડી; ને બાલપુત્રને રમાડવાનો લહાવો લઈને માતા રુકમિણી સંતુષ્ટ થઈ.

પ્રદ્યુમ્નના પૂર્વભવમાં તેનો જે ભાઈ હતો ને દેવલોકમાં પણ તેની સાથે હતો તે જીવ ત્યાંથી ચવીને શ્રીકૃષ્ણના પુત્ર તરીકે જાંબુવતીની કુંખે અવતર્યો, તેનું નામ શંભવ અથવા શંબુકુમાર. તે પણ ચરમશરીરી છે.

આ પ્રમાણે શ્રી નેમિનાથપ્રભુના સમવસરણમાં પોતાના પૂર્વભવો સાંભળીને શ્રીકૃષ્ણની આઠે રાણીઓએ પોતાનું ચિત્ત ધર્મમાં જોડ્યું, તેમ જ શંબુકુમાર–પ્રદ્યુમ્નકુમાર વગેરેને પણ વૈરાગ્ય થયો ને આત્મજ્ઞાનસહિત ધર્મસાધનામાં પોતાનું ચિત્ત સ્થિર કર્યું. ત્યારબાદ ભગવાન નેમિનાથે વિહાર કરીને દેશોદેશમાં વીતરાગી મોક્ષમાર્ગનો ઉપદેશ દીધો અને લાખો કરોડો જીવોને ધર્મરથમાં બેસાડીને મોક્ષમાર્ગમાં ગમન કરાવ્યું. પ્રભુએ તીર્થંકરપણે રહીને ભરતક્ષેત્રમાં ૭૦૦ વર્ષસુધી ધર્મચક્ર ચલાવ્યું.

અનેક વર્ષો બાદ ફરીને નેમપ્રભુ જ્યારે ગિરનાર પધાર્યા ત્યારે ઘણા હર્ષપૂર્વક દર્શન કરીને સૌએ ધર્મોપદેશ સાંભળ્યો. તે વખતે ગીરનારના વનરાજ–સિંહો પણ અહિંસક બની ગયા હતા ને પ્રભુનો ધર્મોપદેશ સાંભળીને આત્મકલ્યાણ કરતા હતા.

શ્રીકૃષ્ણના નાના ભાઈ ગજકુમાર પણ પ્રભુના ધર્મદરબારમાં આવ્યા હતા; પહેલી જ વાર પ્રભુને જોતાં જ તેને એમ થયું કે અહો, આ તો મારા ભાઈ! મને મોક્ષમાં તેડી જવા માટે જ પધાર્યા છે. પ્રભુના શ્રીમુખથી તેણે તીર્થંકરાદિ મહાપુરુષોનું ચરિત્ર તથા મોક્ષપુરુષાર્થનું વર્ણન સાંભળ્યું. સાંભળતાં જ તેનો આત્મા મોક્ષના પુરુષાર્થ માટે જાગી ઊઠ્યો. અહા, આ તો નેમપ્રભુની વાણી! વિવાહ સમયે જ વૈરાગ્ય પામનારા એ પ્રભુની વીતરાગરસઝરતી વાણીમાં સંસારનું અસારપણું ને મોક્ષનો પરમ મહિમા સાંભળીને ગજકુમારનું હૃદય વૈરાગ્યથી ઝણઝણી ઊઠ્યું.

તરત જ પ્રભુચરણોમાં તેણે જિનદીક્ષા લીધી; અને મહાન પરાક્રમપૂર્વક સ્મશાનમાં જઈને





આત્મધ્યાન કરવા લાગ્યા. એવામાં ક્રૂરપરિણામી શેઠ સોમિલ ત્યાં આવી ચડ્યો; ગજકુમારમુનિને જોતાં જ, 'આ દુષ્ટે મારી કન્યાને લગ્ન વગર રખડાવી, ને મારી પત્નીને હેરાન કરી' એવા વેરભાવ તેને જાગી ઊઠ્યો ને ગજકુમાર–મુનિ ઉપર તેણે ઘોર ઉપસર્ગ કર્યો; અગ્નિવડે તેનું માથું સળગાવ્યું ને શરીરમાં ખીલા મારી–મારીને ચાળણી જેવું કરી નાંખ્યું. પણ આ તો મહા પરાક્રમી ગજકુમાર ! ઉપસર્ગની વચ્ચે શાંતિના પહાડની જેમ ધ્યાનમાં અડગ રહ્યા, ને શુક્લધ્યાનની શ્રેણીવડે કેવળજ્ઞાન પ્રગટકરીને મોક્ષ પામ્યા. એ રીતે નેમનાથપ્રભુના તીર્થમાં તેઓ 'અંતકૃત' કેવળી થયા. તેમના કેવળજ્ઞાન અને નિર્વાણ બંનેનો મહોત્સવ દેવોએ એક સાથે કર્યો.

**(આત્મસાધના માટે ગજકુમારમુનિના આ ઘોરપુરુષાર્થનો પ્રસંગ ગુરુકહાનને અતિ પ્રિય હતો. પ્રવચનમાં જ્યારે તેનું ભાવભીનું વર્ણન કરીને અને ચિત્ર બતાવીને સાધકને અતિ ઉગ્ર પુરુષાર્થ સમજાવતા ત્યારે મુમુક્ષુજીવો ચૈતન્યના પુરુષાર્થથી થનગની ઊઠતા ને મોક્ષના એ અડોલ સાધક પ્રત્યે હૃદય ઉલ્લાસથી નમી પડતું. અહા, જેને પુરુષાર્થ વડે આત્મસાધના કરવી છે તેને જગતનો કોઈ પ્રસંગ અટકાવી શકતો નથી.)**

રાજપુત્ર ગજકુમારની દીક્ષા, કેવળજ્ઞાન અને મોક્ષની વાત સાંભળીને તરત સમુદ્રવિજય મહારાજ (નેમપ્રભુના પિતાજી) વગેરે નવે ભાઈઓ (વસુદેવ સિવાયના) એ સંસારથી વિરક્ત થઈને જિનદીક્ષા લીધી ને મોક્ષની સાધના કરી; માતાજી શિવાદેવી વગેરેએ પણ આર્યિકાપદ અંગીકાર કર્યું ને રાજીમતીના સંઘમાં રહ્યા. તે રાજીમતી શિવાદેવી વગેરે આર્યિકાઓ અદ્ભુત વૈરાગ્ય–જીવન જીવીને નેમપ્રભુના માર્ગને અનુસર્યા, ને સ્ત્રીપર્યાયનો કાયમ માટે છેદ કરીને સ્વર્ગમાં દેવ થયા; ત્યાંથી નીકળી એક ભવે મોક્ષ જશે.

## દ્વારકાપુરીનું દહન

પ્રભુ નેમિનાથ તો વીતરાગપણે ભારતમાં વિહાર કરે છે ને ફરીફરી ગીરનાર પધારે છે. વળી ફરીને પ્રભુ ગીરનાર પધાર્યા. આ વખતે પ્રભુનો ઉપદેશ સાંભળ્યા પછી બળભદ્રજીએ પોતાના ભાઈ શ્રીકૃષ્ણનું તેમજ દ્વારકાનગરીનું ભવિષ્ય પૂછ્યું. 'બાર વર્ષ પછી દ્વીપાયનઋષિદ્વારા આખી દ્વારકાનગરી ભસ્મીભૂત થઈ જશે, ને શ્રીકૃષ્ણનું મૃત્યુ તેના ભાઈ જરત્કુમારના હાથે થશે'...એમ પ્રભુની વાણીમાં આવ્યું. તે સાંભળીને ઘણા જીવોએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. શ્રીકૃષ્ણ મહારાજે દ્વારકાનગરીમાં વૈરાગ્ય માટે ઢંઢેરો પીટાવ્યો કે મારા પિતા-માતા-ભાઈ-બેન-પુત્ર-પરિવાર તથા સમસ્ત નગરજનો, સૌ વૈરાગ્યપૂર્વક સંયમ ધારણ કરીને શીઘ્ર આત્મકલ્યાણ કરો. હું કોઈને નહીં રોકું; હું પોતે વ્રત નથી લઈ શકતો, પણ જે કોઈ વ્રત–દીક્ષા લેશે તેના પરિવારના પાલનની સંપૂર્ણ જવાબદારી હું લઈશ. માટે દ્વારકાનગરી ભસ્મીભૂત થઈ જાય ત્યાર પહેલાં જેમને પોતાનું કલ્યાણ કરવું હોય તે કરી લ્યો, તેમાં મારી અનુમોદના છે.

દ્વારકાનું ભવિષ્ય તથા શ્રીકૃષ્ણની ધર્મઘોષણા સાંભળીને તેમના પુત્ર–પૌત્રો પ્રદ્યુમ્નકુમાર–શંબુકુમાર–ભાનુકુમાર–અનિરુદ્ધકુમાર વગેરે ચરમશરીરી રાજપુત્રોએ તરત નેમપ્રભુ પાસે જઈને જિનદીક્ષા લઈ લીધી....ને ગીરનારની બીજી–ત્રીજી–ચોથી ટૂંકેથી મોક્ષપદ પામ્યા. શ્રીકૃષ્ણની

સત્યભામા, જાંબુવતી, રુકમિણી વગેરે આઠે પટરાણીઓએ તેમ જ બીજી હજારો રાણીઓએ પણ નેમપ્રભુના સમવસરણમાં જઈ આર્યિકા–વ્રત ધારણ કર્યા. હીરા મોતીના હાર–મુગટ વડે શોભતી તે રાણીઓ હવે માત્ર એક સફેદ સાડીમાં વધુ શોભવા લાગી; ખરું જ છે,–જેવી શોભા વીતરાગતામાં છે તેવી શોભા રાગમાં ક્યાંથી હોય? ઘણા નગરજનોએ તેમજ સિદ્ધાર્થ નામના સેનાપતિએ પણ જિનદીક્ષા લીધી; તે સિદ્ધાર્થમુનિ સમાધિમરણ કરીને સ્વર્ગમાં દેવ થયા.

હવે બીજી તરફ, દ્વીપાયન ઋષિ દૂરદેશ ચાલ્યા ગયેલા તે, ખરેખર બારવર્ષ પૂરા થયા પહેલાં (બાર વર્ષ થઈ ગયા એમ સમજીને) દ્વારકાના ઉદ્યાનમાં આવ્યા. (–જો જો દેખી વીતરાગને, સો સો હોશી વીરા રે...) (તે બલભદ્રના મામા થતા હતા;) યાદવકુમારોએ તેને જોયા, ને 'આ દ્વારકાનો બાળનાર આવ્યો' એમ કહીને પથ્થર વગેરે મારીને તથા જેમ તેમ બોલીને તેનું ખૂબ અપમાન કર્યું. આથી ક્રોધિત થઈને તે દ્વીપાયન ઋષિ આખી દ્વારકાનગરીને બાળવા કટિબદ્ધ થયા.–રે હોનહાર! મુનિભાવથી ભ્રષ્ટ થયેલા તે દ્વીપાયન ક્રોધપૂર્વક તેજોલેશ્યાવડે દ્વારકાનગરીને બાળવા લાગ્યા. (બીજા પુરાણમાં એમ પણ આવે છે કે તે દ્વીપાયને અશુભ–નિદાન કર્યું ને મરીને દેવ થયા પછી દ્વારકાનગરીને ભસ્મ કરી). નગરીના પશુઓ તેમ જ મનુષ્યો અગ્નિમાં ભળભળ સળગવા લાગ્યા; બચાવો... બચાવો....' એવો કરુણ વિલાપ કરવા લાગ્યા. શ્રીકૃષ્ણની દ્વારકામાં આવો કરુણ ચિત્કાર કદી થયો ન હતો. દેવોએ રચેલી દ્વારકાનગરી છ માસ સુધી આગમાં બળતી રહી ને સર્વથા નષ્ટ થઈ ગઈ.

અહીં કોઈને પ્રશ્ન થાય કે અરે! આ મહાન વૈભવશાળી દ્વારકાપુરી, દેવોએ જેની રચના કરી, ને શ્રીકૃષ્ણ જેના રાજા, અનેક દેવો જેના સહાયક, તે દ્વારકાને ભસ્મ થતી કોઈએ કેમ ન બચાવી? ક્યાં ગયા એ દેવો? ને ક્યાં ગયા એ વાસુદેવના પુણ્ય!

તેનું સમાધાન : હે ભાઈ! સર્વજ્ઞભગવાને દેખેલી ભવિતવ્યતા દુર્નિવાર છે, તેને કોઈ રોકી શકે નહિ, જ્યારે આવું હોનહાર થયું ત્યારે દેવો પણ દૂર થઈ ગયા. પુણ્યનો સંયોગ વાસુદેવ જેવાને પણ કાયમ ક્યાં ટકે છે? એ તો અસ્થિર, ક્ષણભંગુર ને અશરણ છે.

પોતાની નજર સામે જ દ્વારકાનગરીને ભડકે બળતી દેખીને બંને ભાઈઓ એકદમ આકુળવ્યાકુળ થઈ ગયા. જો કે બંને આત્મજ્ઞાની હતા....જાણતા હતા કે દ્વારકાના આ બધા પરદ્રવ્યોમાંથી કોઈ પણ અમારું નથી. અમે બધાયથી જુદા ચેતનસ્વરૂપ છીએ;–તોપણ મોહવશ વ્યાકુળ થઈને બોલવા લાગ્યા : અરે, અમારા મહેલો ને રાણીઓ સળગી રહ્યા છે. માતા–પિતા સળગી રહ્યા છે, પરિવાર અને પ્રજાજનો સળગી રહ્યા છે, કોઈ તો બચાવો....રે! કોઈ દેવ તો સહાય કરવા આવો! પણ, સર્વજ્ઞે દેખેલા ભવિતવ્ય સામે, અને દ્વીપાયનઋષિના ક્રોધ સામે દેવ પણ શું કરે? આયુ ખૂટતાં ઈન્દ્ર–નરેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ જીવને બચાવી શકતા નથી. એક પોતાનો આત્મા જ પોતાનું શરણ છે.

આગ ઠારવાનો જ્યારે કોઈ પણ ઉપાય ન સૂઝ્યો ત્યારે શ્રીકૃષ્ણ અને બળભદ્ર નગરીનો ગઢ તોડીને દરિયાના પાણી વડે આગ બુઝાવવા મથ્યા. પરંતુ રે દૈવ! એ પાણી પણ તેલ જેવું થવા લાગ્યું, ને તેના વડે આગ ઊલટી વધવા માંડી. અંતે આગને ઠારવાનું અસાધ્ય જાણીને તે બંને ભાઈઓ માતા-પિતાને બહાર કાઢવા ઉદ્યમી થયા. માતા-પિતાને રથમાં બેસાડી ઘોડા જોડ્યા, પણ તે ન ચાલ્યા; હાથી

જોડ્યા પણ તે રથને ખેંચી ન શક્યા; રથના પૈડાં પૃથ્વીમાં ચોંટી ગયા. અંતે, 'હાથી–ઘોડાથી રથ નહિ ચાલે' એમ દેખીને તે શ્રીકૃષ્ણ અને બળભદ્ર બંને મહા યોદ્ધાઓ રથમાં જુત્યા અને જોર કરીને ખેંચવા લાગ્યા. અરે, હજાર–હજાર સિંહનું બળ ધરનારા તે વાસુદેવ–બળદેવથી પણ તે રથ તો ન ચાલ્યો તે ન જ ચાલ્યો, એ તો ત્યાં ને ત્યાં જ ખોડાઈ ગયો. જ્યારે બળદેવ–વાસુદેવ રથને બહાર કાઢવા જોર કરવા લાગ્યા ત્યારે નગરીના દરવાજા આપોઆપ બીડાઈ ગયા; બંને ભાઈઓએ પાટુ મારી મારીને દરવાજા તોડ્યા, ત્યાં તો આકાશમાંથી દેવવાણી થઈ કે તમે માત્ર બે ભાઈઓ જ દ્વારકામાંથી જીવતા નીકળી શકશો, ત્રીજું કોઈ નહિ; માતા-પિતાને પણ તમે નહીં બચાવી શકો.

અરે, અશરણ સંસાર! શ્રીકૃષ્ણ–બલભદ્ર માતા-પિતાને છોડીને રડતાં-રડતાં દ્વારકાની બહાર નીકળ્યા. બહાર નીકળીને નજર કરી...તો શું દેખ્યું? સુવર્ણ અને રત્નમયી દ્વારકાનગરી ઘાસની જેમ ભડભડ સળગી રહી છે, ઘરેઘરે આગ લાગી છે, રાજમહેલો ભસ્મીભૂત થયા છે....



બંને ભાઈઓ એકબીજાના કંઠે વળગીને રોવા લાગ્યા. હવે ક્યાં જવું તે સોચવા લાગ્યા. અંતે દક્ષિણદેશ તરફ પાંડવો પાસે જવાનું વિચારી તે તરફ જવા લાગ્યા.

(જુઓ, આ પુણ્ય-સંયોગના હાલ!)

દ્વારકાનગરી છ મહિના સુધી સળગતી રહી....ત્યારે જેઓ તદ્‌ભવ મોક્ષગામી હતા અથવા સંયમ ધારવાનો જેમનો ભાવ હતો એવા જીવોને તો દેવો નેમનાથપ્રભુની નીકટ લઈ ગયા; જેઓ સમ્યગ્દૃષ્ટિ હતા, ધર્મના સંસ્કારી હતા તેમણે અંતસમય સમજીને પ્રાયોપગમન સંન્યાસ ધારણ કરી લીધો; અગ્નિનો ઘોર ઉપસર્ગ પણ તેમને આર્ત્તધ્યાનનું કારણ ન થયો જેઓ સાચા જિનધર્મી છે તેઓ મરણના અવસરે પણ કાયર થતા નથી, પણ ઊલટા ધર્મસાધનામાં શૂરવીર થાય છે; તેઓ શરીરને તજે છે પણ ધર્મને નથી તજતા.–આ જૈનસંતોની રીત છે.

–અરેરે, દ્વીપાયને જિનવચનની શ્રદ્ધા છોડીને પોતાનો ભવ બગાડ્યો ને અનેક જીવોના મરણનું કારણ બન્યો. અરેરે, આવા ક્રોધને ધિક્કાર છે કે જે સ્વ-પરનો નાશ કરીને સંસાર વધારનારો છે. અને જુઓ તો ખરા આ સંસારની સ્થિતિ! દ્વારકા સળગી ત્યારે શ્રીકૃષ્ણનું સુદર્શન–ચક્ર પણ શું કામ આવ્યું? ક્યાં ગયા એ બધાય દેવો? માત્ર પ્રાણ એ જ જેનો પરિવાર રહ્યો એવા તે બંને ભાઈઓ પાંડવો પાસે જવા ચાલ્યા. તિરસ્કાર કરીને પોતે જેમને રાજ્યમાંથી કાઢી મૂકેલા તેમના જ શરણે જવાનો વખત આવ્યો! આવો અસાર સંસાર....તેમાં પુણ્ય–પાપના વિચિત્ર ખેલ દેખીને હે જીવ! તું પાપના ઉદયમાં મૂંઝાઈશ નહિ ને પુણ્યના ભરોસે બેસી ન રહીશ; બંનેથી નિરપેક્ષ રહીને શીઘ્ર આત્મહિત ને સાધજે. કેમકે—

| | |
|---|---|
| * હર્ષ–ખેદથી પાર છે, * | * સંયોગ કે વિયોગમાં, * |
| * એવો જ્ઞાનસ્વભાવ; * | * વળી સુખમાં કે દુઃખમાં; * |
| * તે સ્વભાવને સાધતાં, * | * સંસારમાં કે મોક્ષમાં, * |
| * સાચી શાંતિ પમાય. * | * રે જીવ! તું તો એકલો. * |

(દ્વારકાનગરી ભલે દગ્ધ થઈ પણ ધર્માત્મા જીવોની શાંતપર્યાય સળગી ન હતી; તે તો અગ્નિથી તેમ જ રાગથી પણ અલિપ્ત શાંત–ચૈતન્યરસમાં લીન હતી. ધન્ય જ્ઞાનીની ચેતના!)

## શ્રીકૃષ્ણનું મૃત્યુ ને પાંડવોનો વૈરાગ્ય

દ્વારકાનગરીને બળતી મૂકીને શ્રીકૃષ્ણ–બળભદ્ર દક્ષિણદેશ તરફ જતા હતા ત્યાં વચ્ચે કૌશામ્બીનું ભયંકર વન આવ્યું. ત્યાં ઝાંઝવાનાં જળ ઘણા દેખાય પણ સાચું પાણી મળવું દુર્લભ. થાકેલા શ્રીકૃષ્ણને ખૂબ તરસ લાગી. તેણે કહ્યું : હે બંધુ! પાણી વગર મારા પ્રાણ સુકાય છે; જેમ સંસારદુઃખથી સંતપ્ત પ્રાણીને સમ્યગ્દર્શનરૂપી જળ વડે ભવાતાપ મટે છે, તેમ મને શીતળ જળ લાવી આપો જેથી મારી તરસ મટે.

બલભદ્ર તેમને જિનગુણસ્મરણની ભલામણ કરીને પાણી લેવા ગયા. પાણીની શોધમાં તે દૂરદૂર નીકળી ગયા. આ તરફ થાકેલા હતાશ અને તરસ્યા શ્રીકૃષ્ણ, પીતાંબર ઓઢીને, એક પગ ઉપર બીજો પગ રાખીને, ઝાડની છાયામાં સૂઈ ગયા ને તેમને ઊંઘ આવી ગઈ. તે જ વખતે સનસનાટ કરતું એક તીર આવ્યું ને શ્રીકૃષ્ણ વીંધાઈ ગયા.–કોણ હતું એ બાણ છોડનાર?–એ હતો તેમનો જ ભાઈ જરતકુમાર! એક ભાઈ તો તેમના પ્રાણ બચાવવા પાણી લેવા ગયો, ને બીજા ભાઈએ બાણ છોડીને તેના પ્રાણ લીધા. ભાઈના હાથે જ ભાઈનો ઘાત થઈ ગયો. જો કે તેને શ્રીકૃષ્ણને મારવાની ઇચ્છા ન હતી, ઊલટો એ તો શ્રીકૃષ્ણ પોતાના હાથે ન મરે એવી ભાવનાથી દૂર દૂર જંગલમાં ભટકતો હતો. ને શિકાર કરતો હતો, પણ હોનહાર કોણ ટાળી શકે? શ્રીકૃષ્ણે ઓઢેલા વસ્ત્રનો છેડો હવામાં ફરકતો હતો તેને સસલાનો કાન સમજીને જરતકુમારે બાણ છોડ્યું ને તે બાણથી તેના ભાઈ શ્રીકૃષ્ણ જ વીંધાઈ ગયા પછી તો તેને ઘણો પસ્તાવો થયો, શ્રીકૃષ્ણના કહેવાથી તેણે ધનુષ–બાણ ફેંકી દીધા. શિકાર છોડી દીધો; અને દ્વારકા બળી ગઈ તથા શ્રીકૃષ્ણનું મૃત્યુ થયું તે સમાચાર કહેવા તે પાંડવો પાસે ચાલ્યો.

**રાજા–રાણા–છત્રપતિ હાથિનકે અસવાર,**
**મરના સબકો એક દિન, અપની અપની વાર.**

અરે, ક્યાં ત્રણ ખંડનો રાજવૈભવ! ને ક્યાં નિર્જન વનમાં પાણી વગર મૃત્યુ! પુણ્ય વખતે સેવા કરનારા હજારો દેવોમાંથી કોઈ દેવ એ તરસ્યા પ્રભુને પાણી પાવાય ન આવ્યો. સંયોગનો શો ભરોસો!

બીજી તરફ પાણી લેવા ગયેલા બલભદ્રજી પાણી લઈને ઉતાવળા–ઉતાવળા આવ્યા....આવીને કહે છે : અરે કૃષ્ણભૈયા! તમને ઊંઘ આવી ગઈ? ઊઠો. હું પાણી લઈને આવ્યો છું, તે પીને તરસ છીપાવો!

–પણ કોણ ઊઠે? કોણ બોલે? કોણ પાણી પીએ? અત્યંત બંધુપ્રેમને લીધે શ્રીકૃષ્ણનું મૃત્યુ

સ્વીકારવા બલભદ્રજી તૈયાર ન થયા; તેઓ શ્રીકૃષ્ણના દેહને ખભે ઉપાડીને ફર્યા ને છ મહિના સુધી ખૂબ ઉદ્વેગમાં રહ્યા. આત્મજ્ઞાની હોવા છતાં મોહને લીધે આ દશા થઈ. અંતે તેનો સારથિ સિદ્ધાર્થ– કે જે મરીને દેવ થયો હતો, તેણે આવીને સંબોધન કર્યું કે હે મહારાજ! જેમ રેતીમાંથી તેલ નથી નીકળતું, પથ્થર ઉપર ચોખા નથી ઊગતા ને મરેલો બળદ ઘાસ નથી ખાતો, તેમ મૃત્યુ પામેલ મનુષ્ય ફરીથી સજીવન થતો નથી. તમે તો જ્ઞાની છો, માટે શ્રીકૃષ્ણનો મોહ છોડો ને સંયમ ધારણ કરો.

સિદ્ધાર્થદેવના સંબોધન વડે બલભદ્રનું ચિત્ત શાંત થયું ને સંસારથી વિરક્ત થઈ તેમણે જિનદીક્ષા લીધી; આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને તેઓ સ્વર્ગમાં ગયા. નેમનાથપ્રભુના સમયમાં આ કૃષ્ણ–બલભદ્ર તે નવમા (અંતિમ) વાસુદેવ–બલદેવ થયા, ને જરાસંઘ પ્રતિવાસુદેવ થયો.

હવે બીજી તરફ દક્ષિણ દેશમાં પાંડવોએ જરતકુમાર પાસેથી દ્વારકાનગરીના નાશના તથા શ્રીકૃષ્ણના મૃત્યુના સમાચાર સાંભળ્યાં; તે સાંભળતાં જ તેઓ શોકમગ્ન થયા; બલભદ્રજીને આશ્વાસન દેવા ગયા, તેમ જ દ્વારકાનગરી નવી વસાવીને ત્યાં જરતકુમારને રાજસિંહાસને બેસાડ્યા. તે વખતે, નેમિનાથ તીર્થંકર અને શ્રીકૃષ્ણના સમયની દ્વારકાનગરીની જાહોજહાલીનું સ્મરણ થતાં, તથા હાલની દ્વારકાના બેહાલ જોતાં, તે પાંડવો વૈરાગ્યથી ચિંતવવા લાગ્યા કે અરે, દરિયા વચ્ચે દેવોએ રચેલી દ્વારકાનગરી પણ બળીને ભસ્મ થઈ ગઈ! જ્યાં શ્રીકૃષ્ણ રાજ કરતા હતા, જ્યાંની રાજસભામાં પ્રભુ નેમકુમાર બિરાજતા હતા ને રોજેરોજ મંગલ ઉત્સવ થતા હતા, તે નગરી આજ શૂનકાર થઈ ગઈ. ક્યાં ગયા એ રાજમહેલો? ક્યાં ગયા એ રાજવૈભવો? ને ક્યાં ગયા એના ભોગવનારા? નદીના પ્રવાહ જેવા ચંચળ વિષયોને સ્થિર રાખી શકાતા નથી; વિષયોનું આવું વિનાશીકપણું દેખીને વિવેકી જીવો તેનાથી વિરક્ત થાય છે ને વીતરાગ થઈને આત્મહિત ને સાધે છે.

આ પ્રમાણે સંસારથી વૈરાગ્ય પામીને તે પાંડવો પલ્લવ દેશમાં બિરાજમાન શ્રી નેમિનાથ પ્રભુ પાસે ગયા; પ્રભુના દર્શનથી તેમનું ચિત્ત શાંત થયું. પ્રભુના કેવળજ્ઞાનનો અત્યંત મહિમા કરીને સ્તુતિ કરી, ને પ્રભુના ઉપદેશમાં ચિદાનંદતત્ત્વની સ્વાનુભૂતિનો તેમ જ મોક્ષસુખનો પરમ મહિમા સાંભળીને તે પાંડવો પણ મોક્ષને સાધવા ઉત્સુક બન્યા. તેઓ વિચારવા લાગ્યા : અરેરે, નેમિનાથપ્રભુ જેવા તીર્થંકરનો સાક્ષાત્ સુયોગ હોવા છતાં અત્યાર સુધી અમે અસંયમમાં રહ્યા ને તૂચ્છ રાજભોગો માટે મોટીમોટી લડાઈઓ કરી. અરે, શ્રીકૃષ્ણ જેવા ચક્રવર્તીરાજાનું રાજ પણ જ્યાં સ્થિર ન રહ્યું, દ્વારકાનગરી નજર સામે જ સળગી ગઈ, ને શ્રીકૃષ્ણ જેવા મહારાજા પાણી વગર વનમાં મૃત્યુ પામ્યા; આવા મહાપુરુષોને પણ પુણ્ય શરણરૂપ ન થયા ત્યાં બીજાની શી વાત! પુણ્ય અને સંયોગો તો અધ્રુવ ને અશરણ છે; માત્ર રત્નત્રયધર્મ જ જીવને શરણરૂપ છે.


આ રીતે જેમનું ચિત્ત અસાર સંસારથી થાકી ગયેલું છે ને જિનદીક્ષા લેવા માટે તત્પર થયું છે એવા તે પાંડવોએ નેમનાથપ્રભુની સભામાં પોતાના તેમજ દ્રૌપદીના પૂર્વભવોની કથા સાંભળી :

યુદ્ધિષ્ઠિર, ભીમ અને અર્જુન એ ત્રણે જીવો પૂર્વભવમાં પણ ભાઈઓ હતા, ને નકુલ–સહદેવ તથા દ્રૌપદી એ ત્રણે જીવો તે ત્રણે ભાઈઓની સ્ત્રી હતા. તેમાં દ્રૌપદીનું નામ નાગશ્રી હતું. અર્જુન અને દ્રૌપદી પૂર્વભવમાં પણ પતિ-પત્ની હતા. તે નાગશ્રીએ (દ્રૌપદીના પૂર્વભવના જીવે) એકવાર મુનિરાજનો અનાદર કરીને અયોગ્ય આહાર દીધો, તેથી મુનિરાજનું સમાધિમરણ થયું. નાગશ્રીનો જીવ તે પાપના

ફળથી અનેકવાર દુર્ગતિમાં રખડીને દુઃખી થયો. અંતે ચંપાપુરીમાં એક મુનિરાજ પાસેથી તે જીવ જૈનધર્મના સંસ્કાર પામ્યો ને તેણે આર્યિકાસંઘમાં રહીને અહિંસાદિ વ્રત પાળ્યા, તેથી સ્વર્ગમાં દેવી થઈને પછી તે જીવ અહીં દ્રૌપદી તરીકે અવતર્યો છે. પૂર્વે નાગશ્રીના જીવે મુનિનો અનાદર કર્યો તે દેખીને યુદ્ધિષ્ઠિર વગેરે પાંચે જીવો વૈરાગ્ય પામ્યા ને જિનદીક્ષા લઈને સ્વર્ગમાં દેવ થયેલા, તેઓ ત્યાંથી આવીને આ પાંચ પાંડવો થયા છે. સ્વર્ગમાં પણ અર્જુન અને દ્રૌપદીના જીવો પતિ-પત્ની (દેવ-દેવી) હતા. અહીં પણ તે સતી દ્રૌપદી માત્ર અર્જુનને જ વરેલી છે, પણ પૂર્વે એક અશુભ સંકલ્પ કરેલો તેને કારણે તે લોકમાં 'પાંચભર્તારી' કહેવાણી. તમારામાંથી યુધિષ્ઠિર–ભીમ ને અર્જુન તો આ ભવમાં જ મોક્ષ પામશો; બાકીનાં અહીંથી દેવલોકમાં જઈને પછી અનુક્રમે મોક્ષપદને પામશો.


આ રીતે પ્રભુ નેમિનાથ તીર્થંકરની સભામાં પોતાના પૂર્વભવોનું વર્ણન સાંભળતાં પાંડવોનું ચિત્ત સંસારથી વિરક્ત થયું અને પ્રભુચરણોમાં જિનદીક્ષા લઈને તે યુધિષ્ઠિર-ભીમ-અર્જુન-નકુલ-સહદેવ પાંચે ભાઈઓ જૈનમુનિ થઈને પંચ પરમેષ્ઠીપદમાં શોભવા લાગ્યા; તેમને દેખીને સૌ આશ્ચર્ય પામ્યા; દેવોએ પણ આનંદપૂર્વક ઉત્સવ કર્યો. તે જ વખતે માતા કુન્તા, દ્રૌપદી તેમ જ સુભદ્રા વગેરેએ પણ રાજીમતી–આર્જિકાના સંઘમાં દીક્ષા ધારણ કરી.

ત્યારબાદ વિહાર કરતાં કરતાં તે પાંચે મુનિવરો સૌરાષ્ટ્ર દેશમાં આવ્યા, નેમપ્રભુની કલ્યાણભૂમિ ગીરનારતીર્થનીવંદના કરી, વૈરાગ્યભૂમિ આમ્રવનમાં થોડા દિવસ રહીને આત્મધ્યાનની ઉગ્રતા વડે વીતરાગતાની વૃદ્ધિ કરી; પછી શત્રુંજય–સિદ્ધક્ષેત્ર પર આવીને અડોલપણે આત્મધ્યાન કરવા લાગ્યા. અહો, પરમેષ્ઠીપદની આનંદ અનુભૂતિમાં ઝૂલતા એ પાંચ પાંડવ મુનિવરો પંચપરમેષ્ઠી જેવા જ શોભતા હતા.




**કેવો શોભે પાંડવ–મુનિરાજ......અહો ! એને વંદન લાખ...**
**રાજપાટ ત્યાગી વસ્યા–ઉન્નત પર્વતમાં,**
**જેણે છોડ્યો સ્નેહીઓનો સાથ–અહો ! એને વંદન લાખ....**
**સમ્યગ્દર્શન – જ્ઞાન – ચારિત્રના ધારક,**
**કરે કર્મોને બાળી ખાખ, –અહો ! એને વંદન લાખ....**
**શત્રુ કે મિત્ર નહીં કોઈ એના ધ્યાનમાં,**
**એ તો સાધે મુક્તિ કેરો માર્ગ, અહો ! એને વંદન લાખ....**

(કોઈ કથાકાર એમ કહે છે કે, પાંડવમુનિવરો નેમિનાથ પ્રભુના દર્શન કરવા માટે શત્રુંજયથી ગીરનાર તરફ વિહાર કરતા હતા, એવામાં તેમણે શ્રી નેમનાથપ્રભુના મોક્ષગમનની વાત સાંભળી, તેથી તેઓ વૈરાગ્યપૂર્વક શત્રુંજયપર્વત ઉપર જ ધ્યાનમાં સ્થિર થયા.)



શત્રુંજયપર્વત ઉપર મોહશત્રુને જીતવા માટે ધ્યાનમાં ઊભેલા તે મુનિભગવંતો ઉપર, દુર્યોધનના દુષ્ટ ભાણેજે અગ્નિનો ઘોર ઉપસર્ગ કર્યો. શરીર અગ્નિમાં સળગવા માંડ્યું, પરંતુ મુનિવરોએ તો ધ્યાનવડે આત્મામાં શાંતજળનું સીંચન કર્યું, ને શરીરની સાથે સાથે ધ્યાનાગ્નિમાં કર્મોને પણ બાળી નાંખ્યા. યુધિષ્ઠિર–ભીમ–અર્જુને તો તે જ વખતે કેવળજ્ઞાન પ્રગટ કર્યું અને અંતકૃત કેવળી થઈને મોક્ષ પામ્યા. નકુલ અને સહદેવ એ બે મુનિવરોને પોતાના ભાઈઓ સંબંધી રાગની જરાક વૃત્તિ રહી ગઈ; એટલા માત્ર જરાક રાગને કારણે તેઓ મોક્ષ ન પામ્યા ને સર્વાર્થ સિદ્ધિ–દેવલોકમાં ભવ થયો.

**તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ,**
**વીતરાગ થઈને એ રીતે તે ભવ્ય ભવસાગર તરે.**

(શત્રુંજય ઉપર ઉપસર્ગ વખતે પાંડવમુનિઓએ ભાવેલી ૧૨ વૈરાગ્યભાવનાઓ માટે– ‘જૈનધર્મની વાર્તાઓ ભાગ–૫’ વાંચો.)

* * *

બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથે, ધર્મચક્ર સહિત ગગનવિહારવડે મોક્ષ માટેનો ધર્મરથ ચલાવતા–ચલાવતા અનેક દેશોમાં વિહાર કર્યો; વૈરાગી રાજકુમાર વરાંગ પણ તેમના જ શાસનમાં થયા; (તે વરાંગકુમારના સુંદર વૈરાગ્ય–ઉદ્ગારો માટે -જુઓ–‘જૈનધર્મની વાર્તાઓ ભાગ–૪ તથા ૫) છેવટે ફરી એકવાર નેમનાથપ્રભુ સૌરાષ્ટ્રમાં પધાર્યા. પોતાના દેશના તીર્થંકર પરમાત્માને દેખીને ધન્ય બની સૌરાષ્ટ્રની જનતા! પ્રભુ પુનઃ એ જ ગીરનારગિરિ (ઉર્જયંતગિરિ) પર પધાર્યા કે જ્યાં તેમના બે કલ્યાણક થયા હતા. હવે ૧૪મું ગુણસ્થાન અને મોક્ષપદની સાધનાવડે પંચમ કલ્યાણકની તૈયારી હતી. નેમિનાથ પ્રભુની પૂર્વે પણ કરોડો મુનિવરો ગીરનારથી મોક્ષપદ પામ્યા હતા; અને હવે આ તીર્થંકર ત્યાંથી મોક્ષ પધારી રહ્યા છે. તીર્થંકર પ્રભુના અંતિમ દર્શન માટે કરોડો જીવો ગીરનારમાં ઉમટી રહ્યા છે. નેમપ્રભુના ૧૦૦૦ વર્ષના આયુબંધનમાંથી હવે માત્ર એક જ માસ આયુ બાકી રહ્યું છે. વિહાર અને વાણી બંધ થયા; ગીરનારના સર્વોચ્ચ શિખર (પાંચમી ટૂંક....પંચમકલ્યાણકની ટૂંક; મોક્ષની ટૂંક) પર પ્રભુ અયોગી થયા. અષાડસુદ સાતમે સમસ્ત કર્મરહિત થયેલા તે પ્રભુ ગીરનાર ઉપરના સિદ્ધાલયમાં સિદ્ધપરમાત્મારૂપે સ્થિત થયા. આજે પણ પ્રભુ ત્યાં જ બિરાજે છે ને આ જ રીતે અનંતકાળ સુધી મોક્ષસુખમાં લીન રહેશે.—એ સિદ્ધભગવાનને યાદ કરીને ગીરનારની મોક્ષટૂંક ઉપર બેઠાબેઠા ગુરુકહાને તે પરમપદની ભાવના ભાવી હતી—



**પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,**
**ઊર્ધ્વગમન સિદ્ધાલય–પ્રાપ્ત સુસ્થિત જો....**
**સાદિ–અનંત અનંત સમાધિ સુખમાં,**
**અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો....**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**



(એ વખતે પૂ. બેનશ્રી–બેન તેમજ મુમુક્ષુસમાજ શાંતિપૂર્વક એ ભાવનાને અનુસરી રહ્યા હતા. એ દૃશ્યનાં સાક્ષાત્દર્શન સોનગઢની ''ગિરનારયાત્રા'' ફિલ્મદ્વારા આજે પણ થઈ શકે છે.) –આપણે પણ ગિરનાર જઈને સિદ્ધભગવંતોની છત્રછાયામાં એ ધન્યદશાની ભાવના ભાવીએ છીએ.

**ત્રણ કલ્યાણક તિહાં થયા...મુક્તે ગયા રે....નેમિનાથભગવાન....તીરથ તે નમું રે...**

નેમપ્રભુ મોક્ષ પધારતાં ઈન્દ્રો મોક્ષનો મહોત્સવ કરવા આવ્યા. હજાર વર્ષમાં આ પાંચમી વખત ઈન્દ્રો સૌરાષ્ટ્રમાં આવ્યા ને તીર્થંકરપ્રભુના પંચમકલ્યાણકનો મહાન ઉત્સવ કર્યો; ગીરનારની તે મોક્ષટૂંક પર, પર્વતની શિલામાં પ્રભુના ચરણચિહ્ન તેમ જ પ્રતિમાજી કોતર્યા....જે આજે ૮૬૦૦૦ વર્ષ બાદ પણ આપણને તીર્થંકરપ્રભુનું સ્મરણ કરાવીને પરમપદપ્રાપ્તિની ભાવના જગાડે છે.

**ગીરનારની ટૂંક પર, નેમિનાથ નિર્વાણ;**
**યાત્રા કરતાં ઉરમાં જાગે આતમધ્યાન.**

(૭૨ કરોડ ને સાતસો મુનિવરોની સિદ્ધભૂમિ ગીરનારતીર્થને વંદન હો.)

જેઓ પહેલાં ચિંતાગતિ–વિદ્યાધર તીર્થંકર હતા ને વિવાહ માટે પ્રીતિમતી રાજકુમારીની માંગણીનો અસ્વીકાર કર્યો હતો, પછી ચોથા સ્વર્ગના દેવ થઈને અપરાજિત રાજા થયા હતા, ત્યાર પછી સોળમા સ્વર્ગના ઈન્દ્ર થઈને સુપ્રતિષ્ઠિત રાજા થયા, પછી અહમિન્દ્ર થયા, ને અંતે ભરતક્ષેત્રના ૨૨મા તીર્થંકર થઈને ગીરનારની પંચમટૂંકેથી મોક્ષ પધાર્યા, તે ભગવાન નેમિનાથ અમને પણ શીઘ્ર મોક્ષપદની પ્રાપ્તિ કરાવો.

જો કે, ઈન્દ્રાદિ દેવો પણ જેને પૂજે એવી અદ્ભુત પુણ્યલક્ષ્મી તે ભગવાન નેમિનાથ પાસે હતી, અતિશય સૌન્દર્યથી શોભતી તેમની કુમાર–અવસ્થા હતી ને રાજીમતી જેવી અત્યંત સુંદર રાજકન્યા તેમને વરમાળા પહેરાવવા આતુર હતી; તોપણ અતીન્દ્રિય ચૈતન્યવૈભવ પાસે ભગવાને તે બધાને તુચ્છ તરણાંની જેમ છોડી દીધા ને સંયમ ધારણ કરીને પરમાત્મા બન્યા; એ રીતે જગતના મુમુક્ષુ જીવોને માટે વૈરાગ્યના મહાન આદર્શ બન્યા; ધર્મચક્રી ધરી (નેમિ) બનીને જેમણે 'નેમિનાથ' નામ સાર્થક કર્યું....તે ભગવાને ચલાવેલું ધર્મચક્ર ધર્મીજીવોના અંતરમાં આજેય મોક્ષ તરફ ચાલી રહ્યું છે.

**અમારા ધર્મરથના સારથિ પ્રભુ નેમિજિનને નમસ્કાર હો.**

શ્રીકૃષ્ણ જેવા મહાત્માએ પણ જે પરમાત્માનું શરણ લઈને તીર્થંકરપ્રકૃતિ બાંધી, તે ભગવાન નેમિનાથ–તીર્થંકર આ પૃથ્વી પર કોનાથી વંદ્ય નથી !


**હરિવંશનો હંસલો, બન્યો સિદ્ધ ભગવાન;**
**'હરિ' નમે તુજ ચરણમાં, ગાય સદા ગુણગાન.**
**પ્રભુજી તુજ પ્રસાદથી બન્યુ તીર્થ ગીરનાર,**
**કલ્યાણક ત્રણ તુજના મુજ રત્નત્રય દેનાર.**

* * *

(આ રીતે, સૌરાષ્ટ્રદેશમાં જેમનાં પંચકલ્યાણક થયા એવા બાલબ્રહ્મચારી બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનનું આ મંગલપુરાણ પૂરું થયું; તે સર્વ જીવોને ઉત્તમ જ્ઞાન—વૈરાગ્યનું કારણ હો.)

* * *

(ગીરનાર-તીર્થ ઉપર બેઠાબેઠા પૂ. કાનજી સ્વામીએ લખેલા હસ્તાક્ષર)


ૐ
શ્રી નેમીનાથ ભગવાનનું ચારીત્ર ધામ
કેવળજ્ઞાન ધામ સમ શ્રેણીએ સિધ્ધાલય
ધામના સ્મરણનું સ્થાન શ્રી ગીરનાર
ધામનો જયવંતો.

## છેલ્લા ચક્રવર્તી બ્રહ્મદત્ત

નેમનાથ અને પાર્શ્વનાથ ભગવંતોની વચ્ચેના કાળમાં બારમા બ્રહ્મદત્ત ચક્રવર્તી કમ્પિલાનગરીમાં થયા. પૂર્વભવમાં તે જીવ એક ગરીબ ખેડૂતનો પુત્ર હતો. તેણે એક મુનિ પાસે દીક્ષા લઈને તપ કર્યું; અને મૂર્ખતા વશ તપના ફળમાં ચક્રવર્તીપદની વિભૂતિનું નિદાન કર્યું. મરીને તે જીવ સૌધર્મસ્વર્ગમાં ગયો; અને ત્યાંથી કમ્પિલાનગરીમાં બ્રહ્મદત્ત—ચક્રવર્તી થયો. એક દિવસ કારણવશ રસોઈયા ઉપર ક્રોધ કરીને તેને શિક્ષા કરી; રસોઈયો મરીને વ્યંતર દેવ થયો, અને વેરબુદ્ધિથી બ્રહ્મદત્તને મારવાનું વિચારવા લાગ્યો. રસનાલોલૂપી તે રાજાને બનાવટી અમૃતફળ વડે લોભાવીને તે સમુદ્ર વચ્ચે લઈ ગયો; ત્યાં ઘણો ઉપદ્રવ કર્યો. પણ ચક્રવર્તી—બ્રહ્મદત્ત પંચ—નમસ્કારમંત્રનું સ્મરણ કરતા રહ્યા તેથી તે દેવ તેને ડુબાડી ન શક્યો. છેવટે તેણે કહ્યું : 'હે રાજન્ ! જો તમે પાણીમાં નમસ્કારમંત્રના શબ્દો લખીને પગ વડે તેને ભૂંસાડી નાંખો તો હું તમને આ સમુદ્રની બહાર કાઢું, નહીંતર ડુબાડી દઈશ.' મૂર્ખ રાજાએ મરણના ભયે ધર્મ છોડ્યો, ને નમસ્કારમંત્ર લખીને જ્યાં પગ વડે તે ભૂંસવા જાય છે ત્યાં તો દુષ્ટ દેવે તેનો પગ દરિયામાં ફેંક્યો ને મરીને તે બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતમી નરકે ઊંધે માથે જઈ પડ્યો. અરેરે, વિષયોના રસની લોલૂપતા ને ધર્મની વિરાધનાનું કેવું મહા ભયંકર દુઃખદાયી ફળ તે પામ્યો ! તે દેખીને હે ભવ્યજીવો ! તમે વિષયોની લાલસા છોડો ને દૃઢભાવથી જૈનધર્મની આરાધના કરો.

* * *

## પારસનાથ ભગવાનની સ્તુતિ



અંતરીક્ષ પ્રભુ આપ જ સાચા દેખી રહ્યા નિજ આતમરામ,
રાગતણું પણ નહીં આલંબન સ્વયંજ્યોતિ છો આનંદધામ;
રત્નત્રય આભૂષણ સાચું, જડ–આભૂષણનું નહીં કામ,
ત્રણ લોકના મુગટ સ્વયં છો, શું છે સ્વર્ણમુગટનું કામ?
સિંહાસન ભલે હો નીચે પણ નહીં આપ સિંહાસન પર,
અંતરીક્ષ છો આપ જ સાચા, બિરાજો જગકે ઉપર;
વસ્ત્ર-મુગટ નહીં પ્યારા અમને પ્યારા સચ્ચા આતમરામ,
રાજ-મુગટને છોડ્યા પ્રભુજી! ફિર ચઢાનેકા ક્યા કામ?
અહો! પ્રભુજી પારસ પ્યારા જ્ઞાની હૃદયમેં તેરા વાસ,
રાગ–વસ્ત્રમેં વાસ ન તેરા, વીતરાગતા તારી ખાસ;
આનંદમંગલ દર્શ તુમારા કલેશતણું જ્યાં છે નહીં નામ,
એવા સાચા દેવ દિગંબર, સમ્યક્ ભાવે હરિપ્રણામ.

(વીર સં. ૨૪૯૬માં પૂ. શ્રી કાનજીસ્વામી સંઘસહિત શિરપુર–અંતરીક્ષ પધાર્યા, અને પંચકલ્યાણક–પ્રતિષ્ઠા મહોત્સવ થયો, તે વખતે ભોંયરામાં પારસનાથપ્રભુની સન્મુખ બેઠાબેઠા બ્ર. હરિભાઈએ આ સ્તુતિ રચેલ છે.)

## (૨૩)




**પારસપ્રભુ વંદું સદા, પાઓ ચેતનરસ,**
**પ્રભુ પારસ–સ્પર્શન થતાં જીવન બન્યું સરસ.**

આપણા બાવીસ તીર્થંકર ભગવંતોની કથા તમે હોંશથી વાંચી; હવે ભગવાન શ્રી પાર્શ્વનાથ જિનેન્દ્રના દશભવની પવિત્ર કથા શરૂ કરતાં આનંદ થાય છે. આ કથા આચાર્ય ગુણભદ્રસ્વામી રચિત ઉત્તરપુરાણ તેમ જ પં. દૌલતરામજી રચિત પાર્શ્વનાથચરિત વગેરેના આધારે લખાયેલી છે; તે ઉપરાંત પ્રત્યક્ષ સંતોની કૃપા-પ્રસાદી વડે પ્રાપ્ત થયેલા ઉત્તમ ભાવો પણ આ કથામાં ગુંથ્યા છે. પારસ-પ્રભુના દશ ભવની આ કથા ઉત્તમ ક્ષમાધર્મનો બોધ આપે છે ને દુશ્મન પ્રતિ પણ મધ્યસ્થ રહીને આત્મસાધના કરવાનું આપણને શીખવે છે. સાધર્મી બંધુઓ, તમે આનંદથી ભગવાનનું આ જીવનચરિત્ર વાંચજો ને તેમાંથી ઉત્તમ સંસ્કાર મેળવજો. બાળકોમાં ઊંચા ધર્મસંસ્કાર રેડવા માટે આવા સાહિત્યની આજે ખૂબ જ જરૂર છે; તે તરફ જેટલું લક્ષ અપાશે તેટલી સમાજની ઉન્નત્તિ થશે. પારસપ્રભુના દશભવની કથા શરૂ થાય છે :–

### (૧) ભગવાન પારસનાથ : પૂર્વભવ : બે ભાઈ : મરૂભૂતિ અને કમઠ

ચોથાકાળે પોદનપુરમાં અરવિંદરાજા રાજ્ય કરતા હતા; તેના મંત્રીને બે પુત્રો હતા–તેમાં મોટો કમઠ ને નાનો મરૂભૂતિ; આ મરુભૂતિ તે જ આપણા પારસનાથનો જીવ. (આ તેમનો નવમો પૂર્વભવ છે.)

કમઠ અને મરૂભૂતિ બંને સગા ભાઈ હતા, છતાં કમઠ ક્રોધી અને દુરાચારી હતો, મરૂભૂતિ શાંત અને સરલ હતો. જેમ એક જ લોઢામાંથી તલવાર પણ બને છે ને બખ્તર પણ બને છે, તલવાર કાપે છે, બખ્તર બચાવે છે; તેમ એક જ માતાના બે પુત્રો, તેમાં એક કપુત છે ને એક સપુત છે ક્રોધી કમઠ સદા દોષ દેખે છે ને મરૂભૂતિ વિનયથી સદ્‌ગુણ જુએ છે. વહાલા પાઠક! આગળ જતાં તને ખ્યાલ આવશે કે ક્રોધથી જીવનું કેટલું બૂરું થાય છે! ને સદ્‌ગુણથી જીવ કેવો સુખી થાય છે!

અરવિંદ રાજાના મંત્રીએ એકવાર માથામાં સફેદ વાળ દેખીને મુનિ પાસે જિનદીક્ષા લઈ લીધી. રાજાએ તેના પુત્રને મંત્રી બનાવ્યો. મોટાભાઈ કમઠ દુષ્ટ હોવાથી તેને મંત્રી ન બનાવ્યો, પણ નાના મરૂભૂતિને મંત્રી બનાવ્યો. પોતે મોટો હોવા છતાં પોતાને મંત્રીપદ ન મળ્યું ને નાનાભાઈને મંત્રીપદ મળ્યું તેથી કમઠના મનમાં ઘણી ઈર્ષા થતી હતી.

એક વખત રાજા અરવિંદ બીજા રાજા સામે લડવા માટે ગયો, ત્યારે મંત્રી મરૂભૂતિને પણ સાથે લઈ ગયો. રાજા અને મંત્રી બંને બહાર જતાં દુષ્ટ કમઠ પોતે જ જાણે રાજા હોય તેમ વર્તવા લાગ્યો. ને પ્રજાને હેરાન કરવા લાગ્યો. મરૂભૂતિની સ્ત્રી ઘણી સુંદર હતી, તેને દેખીને કમઠ તેના પર મોહિત થઈ ગયો. તેણે મરૂભૂતિની સુંદરી–સ્ત્રીને કપટપૂર્વક એક ફુલવાડીમાં બોલાવી, અને તેની સાથે દુરાચાર કર્યો. કેટલાક દિવસ પછી, લડાઈનું કામ મરૂભૂતિ મંત્રીને સોંપીને અરવિંદરાજા પોદનપુર ગામમાં પાછા ફર્યા અને લોકો પાસેથી કમઠના દુરાચારની વાત તેણે સાંભળી; આવો અન્યાયી માણસ મારા રાજ્યમાં શોભે નહીં, એમ વિચારીને તેને માથે ટકો કરાવી, મોઢું કાળું કરી, ગધેડા ઉપર બેસાડીને નગર બહાર કાઢી મૂક્યો. પાપી કમઠના આવા હાલ દેખીને નગરજનો કહેવા લાગ્યા કે જુઓ, પાપી જીવ એનાં પાપનું ફળ ભોગવી રહ્યો છે; માટે પાપથી દૂર રહો.

રાજાએ કમઠને કાઢી મૂક્યો તેથી તે ઘણો દુઃખી થયો અને તાપસી લોકોના મઠમાં જઈ બાવો થઈને રહેવા લાગ્યો, તથા કુગુરુઓની સેવા કરવા લાગ્યો. એને કાંઈ જ્ઞાન તો હતું નહીં, વૈરાગ્ય પણ ન હતો. અજ્ઞાનથી અને ક્રોધથી હાથમાં મોટો પથરો ઉપાડીને, તે ઊભો ઊભ તપ કરતો હતો. એવામાં –શું બન્યું ?....તે જાણતાં પહેલાં આપણે તેના ભાઈ મરૂભૂતિની તપાસ કરી લઈએ.


લડાઈમાં ગયેલો મરૂભૂતિ જ્યારે પાછો આવ્યો, અને પોતાના મોટા ભાઈ કમઠને રાજાએ કાઢી મૂક્યાની ખબર પડી, ત્યારે તેને ઘણું દુઃખ થયું. ભાઈ ઉપર તેણે ક્રોધ ન કર્યો પણ ઊલટું તેને મળવાનું અને ઘરે પાછો લાવવાનું મન થયું. એટલે તે તેને પાછો બોલાવવા ગયો. શોધતાં શોધતાં જ્યાં કમઠ રહેતો હતો ત્યાં આવી પહોંચ્યો, અને પોતાના ભાઈને બાવો થઈને આમ ખોટું તપ કરતો દેખીને તેને ઘણું દુઃખ થયું. તેની પાસે જઈ, હાથ જોડીને તે કહેવા લાગ્યો કે હે ભાઈ ! તમારા વગર મને ગમતું નથી. હવે જે થયું તે થયું; તમે આ ખોટા વેષને છોડી દો; મારી સાથે પાછા ઘરે આવો. તમે મારા મોટાભાઈ છો, માટે મારા પ્રત્યે ક્રોધ ન કરતાં મને ક્ષમા કરો.– આમ કહીને તે મરૂભૂતિએ પોતાના મોટાભાઈ કમઠને વંદન કર્યું.



–પણ દુષ્ટ કમઠનો ક્રોધ તો ઊલટો વધી ગયો. મારું આવું અપમાન આ મરૂભૂતિને લીધે જ થયું છે, ને અહીં પણ તે મને દુઃખ દેવા માટે જ આવ્યો છે ! મારું પાપ અહીં બધા વચ્ચે તે કહી દેશે !–આમ વિચારી ક્રોધમાં ને ક્રોધમાં તે કમઠે હાથમાં ઉપાડેલો

મોટો પથરો મરૂભૂતિના માથા ઉપર ફેંક્યો. મોટા પથરાનો ઘા લાગવાથી તરત જ મરૂભૂતિનું માથું ફાટી ગયું, તેમાંથી લોહીનો ધોધ વહેવા લાગ્યો ને થોડીવારમાં તેનું મરણ થઈ ગયું. અરેરે, ક્રોધને લીધે સગા ભાઈના જ હાથે ભાઈનું મૃત્યુ થયું.—રે સંસાર ! જેમ સર્પ પાસેથી અમૃત કદી મળતું નથી તેમ ક્રોધમાંથી કદી સુખ મળતું નથી. ક્ષમા જીવનો સ્વભાવ છે, તેના સેવનથી જ સુખ થાય છે.

પત્થર વડે જ્યારે મરૂભૂતિનું મૃત્યુ થયું ત્યારે તેને પણ દુ:ખને લીધે આર્ત્તધ્યાન થઈ ગયું; હજી આત્માનું જ્ઞાન તો તેને થયું ન હતું; એટલે આર્ત્તધ્યાનથી મરીને તે સમ્મેદશિખરની નજીકના વનમાં મોટો હાથી થયો.



(પ્રિય પાઠક ! હાથી થયેલો આ પારસનાથ ભગવાનનો જીવ, આ હાથીના ભવમાં જ આત્મજ્ઞાન પામવાનો છે. તેની સુંદર કથા થોડી વારમાં તમે વાંચશો. પણ તે પહેલાં કમઠનું તથા રાજા અરવિંદનું શું થયું—તે જાણી લઈએ.)

કમઠે પોતાના ભાઈને પત્થર વડે છૂંદી નાંખ્યો—એ વાત જ્યારે આશ્રમના તાપસોએ જાણી ત્યારે તેમણે કમઠને પાપી જાણીને ત્યાંથી કાઢી મૂક્યો. પાપી કમઠ ચોર લોકો સાથે રહેવા લાગ્યો ને ચોરી કરવા લાગ્યો. ચોરી કરતાં પકડાયો ત્યારે તેને ખૂબ માર્યો. એ ઘણો દુ:ખી થયો, પણ તેણે પોતાના ભાવ સુધાર્યા નહીં; અંતે ક્રોધમાં મરીને તે કુક્કટ નામનો ભયંકર ઝેરી સર્પ થયો.

## (૨) ભગવાન પારસનાથ પૂર્વભવ આઠમો : હાથી અને સર્પ

મરૂભૂતિ તો મરીને હાથી થયો છે, પણ આ બાજુ રાજા અરવિંદને તેની કાંઈ ખબર નથી; તે તો ચિંતા કરે છે કે મારો મંત્રી મરૂભૂતિ હજી કેમ પાછો ન આવ્યો ? એવામાં ત્યાં એક અવધિજ્ઞાની મુનિરાજ પધાર્યા, તેમનો ઉપદેશ સાંભળીને રાજા ઘણો ખુશી થયો. પછી પૂછ્યું કે મરૂભૂતિ ક્યાં છે ? તે હજી કેમ પાછો આવ્યો નથી ?

ત્યારે મુનિરાજે કહ્યું કે હે રાજા ! મરૂભૂતિને તો તેના ભાઈ કમઠે મારી નાખ્યો છે; અને મરીને તે હાથી થયો છે. તથા કમઠ મરીને સર્પ થયો છે.

એ સાંભળતાં જ રાજાને ખેદ થયો; તે વિચારવા લાગ્યો કે અરે ! આ સંસાર કેવો છે ! દુષ્ટનો સંગ કરવાથી મરૂભૂતિ દુ:ખી થયો.

મુનિરાજે વૈરાગ્યથી સમજાવ્યું કે હે રાજા ! આ સંસારમાં આત્માનું જ્ઞાન જ્યાંસુધી ન કરે ત્યાંસુધી જીવને આવા જન્મ-મરણ થયા જ કરે છે. પોતાના હિતને માટે જીવે દુષ્ટ પુરુષોનો સંગ છોડી જ્ઞાની—ધર્માત્માઓનો સંગ કરવા જેવો છે.

રાજા ઉદાસચિત્તે ઘેર આવ્યો; તે એકવાર રાજમહેલની અગાસીમાં બેઠો હતો ને મુનિરાજના ઉપદેશને યાદ કરીને વૈરાગ્યના વિચાર કરતો હતો. એવામાં એક ઘટના બની : આકાશમાં સુંદર રંગબેરંગી વાદળા ભેગા થવા લાગ્યા, ને થોડીકવારમાં તો એક અત્યંત સુંદર જિનમંદિર હોય એવું દૃશ્ય

બની ગયું. એનો દેખાવ અદ્ભુત હતો! અહા, આકાશમાં આવું રમણીય જિનમંદિર, –તે દેખીને રાજાને એવો વિચાર આવ્યો કે હું પણ મારા રાજ્યમાં આવું જ મંદિર બનાવીશ. –આમ વિચારીને તે મંદિરનું ચિત્ર કરી લેવા તેણે તૈયારી કરી. પણ રાજાએ તો હજી કલમ હાથમાં લીધી ત્યાં તો વાદળાં વીખરાઈ ગયા ને તે અદ્ભુત મંદિરની રચના અદૃશ્ય થઈ ગઈ.

રાજા તો આ દેખીને દિંગ થઈ ગયો....અરે! આવો અસ્થિર સંસાર! સંયોગ આવા ક્ષણભંગુર! આ રાજપાટ–રાણી–શરીર એ બધા સંયોગો પણ વાદળાં જેવા અસાર અને વિનાશિક છે. અરે, આવા અસ્થિર ઈન્દ્રિયવિષયોમાં દિનરાત મચ્યા રહેવું–તે જીવને શોભતું નથી. આ શરીર ક્ષણભંગુર છે ને ભોગો તો દુઃખ દેનાર જ છે. જેણે પોતાનું હિત કરવું હોય તેણે આવા ભોગોના મોહમાં જીવન ગુમાવવું યોગ્ય નથી. જેમ આ વાદળાં ક્ષણનાય વિલંબ વગર વીખરાઈ ગયા, તેમ હું પણ હવે તો ક્ષણનાય વિલંબ વગર આ સંસાર છોડીને મુનિ થઈશ ને આત્મધ્યાન વડે કર્મના વાદળાં વીખેરી નાંખીશ.

આ પ્રમાણે અત્યંત વૈરાગ્યપૂર્વક રાજપાટ છોડીને અરવિંદ રાજા વનમાં ચાલ્યા ગયા ને દિગંબર ગુરુ પાસે દીક્ષા લઈને મુનિ થયા. તે અરવિંદમુનિરાજ પાસેથી હાથીનો જીવ આત્મજ્ઞાન પામે છે તેનું રોમાંચક વર્ણન હવેના પ્રકરણમાં વાંચશો.

## ભગવાન પારસનાથ : હાથીના ભવમાં સમ્યક્ત્વ–પ્રાપ્તિ

**સમ્મેદશિખર**...એ આપણા જૈનધર્મનું મહાન તીર્થ છે, અનંતા જીવો ત્યાંથી સિદ્ધપદ પામ્યા છે, તેની યાત્રા કરતાં સિદ્ધપદનું સ્મરણ થાય છે. અનેક મુનિઓ ત્યાં આત્માનું ધ્યાન કરે છે. આવા સમ્મેદશિખર મહાન તીર્થની યાત્રા કરવા માટે એક મોટો સંઘ ચાલ્યો જાય છે. એ યાત્રાસંઘમાં અનેક મુનિઓ ને હજારો શ્રાવકો છે, કેટલાય નાનાં બાળકો પણ હોંશે હોંશે જાત્રા કરવા જઈ રહ્યા છે; અરવિંદ મુનિરાજ પણ સંઘની સાથે વિહાર કરી રહ્યા છે. રત્નત્રયધારી તે મુનિરાજ ધર્મકથા કરે છે ને આત્માનુ સ્વરૂપ સમજાવે છે, તે સાંભળીને સૌને ઘણો આનંદ થાય છે; કોઈવાર ભક્તિપૂર્વક મુનિરાજને આહારદાન દેવાનો લાભ મળતાં શ્રાવકોને ઘણો હર્ષ થાય છે; અરસપરસ સૌ સાધર્મીઓ ધર્મચર્ચા કરે છે, પંચપરમેષ્ઠીનાં ગુણ ગાય છે;–આમ બહુ જ આનંદપૂર્વક મોટો સંઘ સમ્મેદશિખરની યાત્રા કરવા માટે જઈ રહ્યો છે. ચાલતાં–ચાલતાં સંઘે એક વનમાં પડાવ નાંખ્યો. શાંત વન હજારો મનુષ્યોના કોલાહલથી ગાજી ઊઠ્યું..જંગલમાં જાણે નગરી વસી ગઈ. અરવિંદ મુનિરાજ એક ઝાડ નીચે આત્માના ધ્યાનમાં બેઠા છે. એવામાં અચાનક એક ઘટના બની...શું બન્યું? તે સાંભળો.

એક મોટો હાથી ગાંડો થઈને ચારેકોર દોડાદોડ કરવા લાગ્યો, ને લોકો નાસભાગ કરવા લાગ્યા. કોણ છે એ હાથી? થોડાક ભવ પછી તો એ હાથી પારસનાથ ભગવાન થવાનો છે. જે પૂર્વભવમાં મરૂભૂતિ હતો ને મરીને હાથી થયો છે; તે જ હાથી આ છે. એનું નામ વજ્રઘોષ છે; તે હાથી આ વનનો રાજા છે, ને ભાન વગર જંગલમાં ભટકી રહ્યો છે. સુંદર વનમાં એક મોટું સરોવર છે; તેમાં હાથી રોજ નહાય છે, વનનાં મીઠાં ફળફૂલ ખાય છે, ને હાથણીઓ સાથે રમે છે. નિર્જન વનમાં માણસો ક્યારેક જ દેખાય છે. નિર્જન વનમાં આટલા બધા માણસો ને વાહનો હાથીએ કદી જોયા ન હતા; તેથી માણસોને દેખીને હાથી રઘવાયો બન્યો ને ગાંડો થઈને ચારેકોર ઘૂમવા લાગ્યો, જે હડફેટમાં આવે તેને

મારવા લાગ્યો; લોકો તો ચીસેચીસ પાડીને ચારેકોર ભાગવા લાગ્યા. હાથીએ કોઈને પગ નીચે છૂંદી નાખ્યા તો કોઈને સૂંઢથી પકડીને ઊંચે ઊલાળ્યા; રથને ભાંગી નાંખ્યા ને ઝાડને ઊખેડી નાખ્યા. ઘણા માણસો ભયભીત થઈને મુનિરાજના શરણમાં પહોંચી ગયા.

ગાંડો હાથી ચારેકોર ફરતો–ફરતો, જ્યાં અરવિંદ મુનિરાજ બિરાજતા હતા તે તરફ કિકિયારી કરતો દોડ્યો. લોકોને બીક લાગી કે અરે, આ હાથી મુનિરાજને શું કરી નાંખશે? મુનિરાજ તો શાંત થઈને બેઠા છે. એમને જોતાં જ સૂંઢ ઊંચી કરીને હાથી તેમના તરફ દોડ્યો...પણ...

–પણ અરવિંદ મુનિરાજની છાતીમાં એક ચિહ્ન જોતાં જ તે હાથી એકદમ શાંત થઈ ગયો...તેને થયું કે અરે, આમને તો મેં ક્યાંક જોયા છે...આ મારા કોઈ ઓળખીતા ને હિતસ્વી હોય એમ મને લાગે છે. આવા વિચારમાં હાથી એકદમ શાંત થઈને ઊભો રહ્યો; એનું ગાંડપણ મટી ગયું ને મુનિરાજ સામે સૂંઢ નમાવીને બેસી ગયો.

લોકો તો આશ્ચર્ય પામી ગયા કે અરે! મુનિરાજ પાસે આવતાં જ આ ગાંડો હાથી એકાએક શાંત કેમ થઈ ગયો! આ બનાવ દેખીને ચારેકોરથી માણસો મુનિરાજ પાસે દોડી આવ્યા. મુનિરાજે અવધિજ્ઞાન વડે હાથીના પૂર્વભવને જાણી લીધો; અને શાંત થયેલા હાથીને સંબોધીને કહ્યું : અરે બુદ્ધિમાન! આ પાગલપણું તને નથી શોભતું. આ પશુતા, અને આ હિંસા તું છોડ! પૂર્વભવમાં તું મરૂભૂતિ હતો; ત્યારે હું અરવિંદરાજા હતો તે મુનિ થયો છું; અને તું મારો મંત્રી હતો, પણ આત્માનું ભાન ભૂલીને આર્ત્તધ્યાનથી તું આ પશુપર્યાય પામ્યો..હવે તો તું ચેત અને આત્માને ઓળખ.


મુનિરાજના મીઠાં વચન સાંભળીને હાથીને ઘણો વૈરાગ્ય થયો, તેને પોતાના પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના દુષ્કર્મ માટે તેને ઘણો પસ્તાવો થયો; તેની આંખોમાંથી આંસુની ધાર પડવા લાગી, વિનયથી મુનિરાજના ચરણોમાં માથું નમાવીને તેમની સામે જોઈ રહ્યો...કુદરતી તેનું જ્ઞાન એટલું ઊઘડી ગયું કે તે મનુષ્યની ભાષા સમજવા લાગ્યો...અને મુનિરાજની વાણી સાંભળવાની તેને જિજ્ઞાસા જાગી.

મુનિરાજે જોયું કે આ હાથીના જીવના પરિણામ અત્યારે વિશુદ્ધ થયા છે, તેને આત્મા સમજવાની તીવ્ર જિજ્ઞાસા જાગી છે અને તે એક હોનહાર તીર્થંકર છે...એટલે અત્યંત પ્રેમથી (વાત્સલ્યથી) તે હાથીને ઉપદેશ દેવા લાગ્યા : અરે હાથી! તું શાંત થા. આ પશુપર્યાય એ કાંઈ તારું સ્વરૂપ નથી, તું તો દેહથી ભિન્ન ચૈતન્યમય આત્મા છો. આત્માના જ્ઞાન વગર ઘણા ભવમાં તેં ઘણાં દુ:ખ ભોગવ્યા, હવે તો આત્માનું સ્વરૂપ જાણ અને સમ્યક્દર્શનને ધારણ કર. સમ્યગ્દર્શન જ જીવને મહાન સુખકર છે. **રાગ અને જ્ઞાનને એકમેક અનુભવવાનો અવિવેક તું છોડ....છોડ! તું પ્રસન્ન થા...સાવધાન થા...અને સદાય ઉપયોગરૂપ સ્વદ્રવ્ય જ મારું છે એમ તું અનુભવ કર. તેથી તને ઘણો આનંદ થશે. તું નિકટભવ્ય છો, માટે આજે જ આવો અનુભવ કર.**

હાથી ખૂબ ભક્તિથી સાંભળે છે. મુનિરાજના શ્રીમુખથી આત્માના સ્વરૂપની અને સમ્યગ્દર્શનની વાત સાંભળતાં તેને ઘણો હર્ષોલ્લાસ થાય છે, તેનાં પરિણામ વધુ ને વધુ નિર્મળ થતા જાય છે...તેના અંતરમાં સમ્યગ્દર્શનની તૈયારી ચાલી રહી છે.

મુનિરાજ તેને આત્માનું શુદ્ધસ્વરૂપ દેખાડે છે : રે જીવ! તારો આત્મા અનંત ગુણરત્નોનો ખજાનો છે... આ હાથીનું જાડું શરીર તે તો પુદ્‌ગલ છે, તે કાંઈ તું નથી. તું તો જ્ઞાનસ્વરૂપ છો. તારા જ્ઞાનસ્વરૂપમાં પાપ તો નથી ને પુણ્યનો શુભરાગ પણ નથી; તું તો વીતરાગી આનંદમય છો. —આવા તારા સ્વરૂપને અનુભવમાં લે.

—આમ ઘણા પ્રકારે મુનિરાજે સમ્યગ્દર્શનનો ઉપદેશ આપ્યો...તે સાંભળીને હાથીના પરિણામ અંતર્મુખ થયા...અને અંતરમાં પોતાના આત્માનું સાચું સ્વરૂપ દેખીને તેને સમ્યગ્દર્શન થયું...પરમ આનંદનો અનુભવ થયો...તેને એમ થયું કે **'અહા, અમૃતના દરિયા મારા આત્મામાં ડોલી રહ્યા છે..પરભાવોથી ભિન્ન સાચું સુખ મારા આત્મામાં અનુભવાય છે. ક્ષણમાત્ર આવા આનંદના અનુભવથી અનંત ભવનો થાક ઊતરી જાય છે.'** આવા આત્માનો વારંવાર અનુભવ કરવાનું તેને મન થયું..ઉપયોગ ફરી ફરીને અંતરમાં એકાગ્ર થવા લાગ્યો. આ અનુભવના અચિંત્ય અપાર મહિમાનો કોઈ પાર ન હતો. **''આત્મ-ઉપયોગ સહજપણે ઝડપથી પોતાના સ્વસ્વરૂપ તરફ વળતાં સહજ નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવાયું...ચૈતન્યપ્રભુ પોતાના 'એકત્વ'માં આવીને નિજાનંદમાં ડોલવા લાગ્યા...વાહ આત્માનું સ્વરૂપ કોઈ અદ્‌ભુત છે. પરમ તત્ત્વને પામીને, મારા ચૈતન્યપ્રભુને મેં મારામાં જ દેખ્યા.''**



—આમ સમ્યગ્દર્શન થતાં હાથીના આનંદનો કોઈ પાર નથી. તેની આનંદમય ચેષ્ટાઓ, તથા તેની આત્મશાંતિ દેખીને મુનિરાજને પણ ખ્યાલ આવી ગયો કે હાથીનો જીવ આત્મજ્ઞાન પામ્યો છે, ભવનો છેદ કરીને તે મોક્ષના માર્ગમાં આવ્યો છે. મુનિરાજે પ્રસન્ન થઈને હાથ ઊંચો કરીને હાથીને આશીર્વાદ આપ્યા. સંઘના હજારો લોકો આ દૃશ્ય દેખીને બહુ ખુશી થયા. એક ક્ષણમાં આ બધું શું બની રહ્યું છે તે સૌ આશ્ચર્યથી જોવા લાગ્યા.

આત્માનું જ્ઞાન થતાં હાથી તો ઘણા જ ભક્તિભાવથી મુનિરાજનો ઉપકાર માનવા લાગ્યો...અરે, પૂર્વે આત્માના ભાન વિના આર્ત્તધ્યાન કરવાથી હું પશુદશાને પામ્યો, પણ હવે મુનિરાજના પ્રતાપે મને આત્મભાન થયું છે, ને તે આત્માના ધ્યાન વડે હું પરમાત્મા થઈશ.—એમ

વિચારીને તે હાથી સૂંઢ નમાવીને મુનિરાજને નમસ્કાર કરતો હતો.

(જીુઓ તો ખરા, બંધુઓ! આપણો જૈનધર્મ કેવો મહાન છે કે તેના સેવન વડે એક પશુ પણ આત્મજ્ઞાન કરીને પરમાત્મા બની શકે છે! દરેક આત્મામાં પરમાત્મા થવાની તાકાત છે —એમ આપણો જૈનધર્મ બતાવે છે. વાહ...જૈનધર્મ...વાહ!)

મુનિરાજ પાસેથી સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીને, હાથીની સાથે સાથે બીજા પણ ઘણાય જીવો સમ્યગ્દર્શન પામ્યા. જેમ તીર્થંકર એકલા મોક્ષમાં ન જાય, બીજા ઘણાય જીવો પણ તેમની સાથે મોક્ષ પામે, તેમ અહીં તીર્થંકરનો આત્મા સમ્યગ્દર્શન પામતાં બીજા ઘણાય જીવો પણ તેમની સાથે સમ્યગ્દર્શન પામ્યા; અને ચારેકોર ધર્મનો જયજયકાર થઈ ગયો. થોડીવાર પહેલાં જે હાથી ગાંડો થઈને હિંસા કરતો હતો, તે જ હાથી હવે આત્મજ્ઞાની થઈને શાંત અહિંસક બની ગયો, અને મુનિરાજ પાસેથી ફરી ફરી ધર્મ સાંભળવા માટે આતુરતાથી તેમની સામે જોઈ રહ્યો. ઘણા શ્રાવકો પણ ઉપદેશ સાંભળવા બેઠા હતા.

શ્રી મુનિરાજે મુનિધર્મનો તથા શ્રાવકધર્મનો ઉપદેશ આપ્યો : સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન ઉપરાંત જ્યારે ચારિત્રદશા થાય એટલે કે આત્માનો ઘણો અનુભવ થાય ત્યારે જીવને મુનિદશા થાય છે. તે મુનિઓ ઉત્તમ ક્ષમા વગેરે દસ ધર્મોને પાળે છે અને હિંસાદિક પાંચ પાપો તેમને જરાય હોતાં નથી એટલે અહિંસા વગેરે પાંચ મહાવ્રત તેમને હોય છે.—અને સમ્યગ્દર્શન થવા છતાં જે જીવો મુનિ ન થઈ શકે તેઓ શ્રાવકધર્મ પાળે છે; તેને આત્માના જ્ઞાનસહિત અહિંસા વગેરે પાંચ અણુવ્રત હોય છે. તિર્યંચગતિમાં પણ શ્રાવકધર્મનું પાલન થઈ શકે માટે હે ગજરાજ! તમે શ્રાવકધર્મને અંગીકાર કરો.


મુનિરાજ પાસેથી ધર્મનો ઉપદેશ સાંભળીને ઘણા જીવોએ વ્રત ધારણ કર્યાં. હાથીને પણ ભાવના જાગી કે જો હું મનુષ્ય હોત તો હું પણ ઉત્તમ મુનિધર્મને અંગીકાર કરત; આમ મુનિધર્મની ભાવના સહિત તેણે શ્રાવકધર્મ અંગીકાર કર્યો, એટલે મુનિરાજના ચરણોમાં નમસ્કાર કરીને તેણે પાંચ અણુવ્રત ધારણ કર્યાં...તે શ્રાવક બન્યો.

સમ્યગ્દર્શન પામીને વ્રતધારી થયેલો તે વજ્રઘોષ હાથી વારંવાર મસ્તક નમાવીને અરવિંદ મુનિરાજને નમસ્કાર કરવા લાગ્યો, સૂંઢ ઊંચીનીચી કરીને ઉપકાર માનવા લાગ્યો. હાથીની આવી ધર્મચેષ્ટા દેખીને શ્રાવકો બહુ રાજી થયા; અને જ્યારે મુનિરાજે પ્રસિદ્ધ કર્યું કે—આ હાથીનો જીવ આત્માની ઉન્નત્તિ કરતો-કરતો ભરતક્ષેત્રમાં ૨૩ મા તીર્થંકર થશે.—ત્યારે તો સૌના હર્ષનો પાર ન રહ્યો; હાથીને ધર્માત્મા જાણીને ઘણા પ્રેમથી શ્રાવકો તેને નિર્દોષ આહાર દેવા લાગ્યા.

યાત્રાસંઘ થોડો વખત તે વનમાં રોકાઈને પછી સમ્મેદશિખર તરફ ચાલ્યો; હાથીનો જીવ થોડા ભવ પછી આ જ સમ્મેદશિખર ઉપરથી મોક્ષ પામવાનો છે. તેની યાત્રા કરવા સંઘ જાય છે. અરવિંદ મુનિરાજ પણ સંઘની સાથે વિહાર કરવા લાગ્યા. ત્યારે હાથી પણ અત્યંત વિનયપૂર્વક પોતાના ગુરુને વળાવવા માટે દૂર સુધી પાછળ પાછળ ગયો...અંતે ફરીફરીને મુનિરાજને નમસ્કાર કરીને ગદ્ગદ્ભાવે પોતાના વનમાં પાછો આવ્યો.

હાથી હવે પાંચવ્રત સહિત નિર્દોષ જીવન જીવે છે; પોતે જે શુદ્ધ આત્મા અનુભવ્યો છે તેની ફરીફરીને ભાવના કરે છે. કોઈ પણ જીવને તે હેરાન કરતો નથી, ત્રસહિંસા થાય તેવો ખોરાક ખાતો નથી; શાંતભાવથી રહે છે, ને સુકાઈ ગયેલા ઘાસપાન ખાય છે; કોઈવાર ઉપવાસ પણ કરે છે. ચાલતી વખતે પગ પણ જોઈને-જોઈને મૂકે છે. હાથિણીનો સંગ તેણે છોડી દીધો છે. મોટા શરીરને લીધે જીવોને દુઃખ ન થાય તે માટે શરીરને બહુ હલાવતો નથી; વનના પ્રાણીઓ સાથે શાંતિથી રહે છે ને ગુરુના ઉપકારને વારંવાર યાદ કરે છે. હાથીની આવી શાંત ચેષ્ટા દેખીને બીજા હાથીઓ તેની સેવા કરે છે; વનના વાંદરા અને બીજાં પશુઓ પણ તેના ઉપર પ્રેમ રાખે છે ને સૂકાં ઘાસપાન લાવીને તેને ખવડાવે છે.

પૂર્વભવનો તેનો ભાઈ કમઠ,–કે જે ક્રોધથી મરીને ઝેરી સર્પ થયો છે તે વનમાં જ રહે છે, જીવ–જંતુઓને મારીને ખાય છે ને નવાં પાપ બાંધે છે.



એક દિવસ હાથીને તરસ લાગી એટલે પાણી પીવા માટે તે સરોવર પાસે આવ્યો; તળાવને કિનારે ઝાડ ઉપર ઘણા વાંદરા રહેતા હતા, તે આ હાથીને જોઈને ખુશી થયા. તળાવમાં ચોખ્ખું પાણી જોઈને તે પીવા માટે હાથી સરોવરમાં ઊતર્યો; પણ તેનો પગ ઊંડા કાદવમાં ખૂંચી ગયો...તે કાઢવાની ઘણી મહેનત કરવા છતાં નીકળી ન શક્યો. આથી તે હાથીએ આહાર-પાણીનો ત્યાગ કરીને સમાધિમરણની તૈયારી કરી; તે પંચપરમેષ્ઠીને યાદ કરીને આત્માનું ચિંતન કરવા લાગ્યો. વૈરાગ્યપૂર્વક તે એમ વિચારવા લાગ્યો કે અરે, અજ્ઞાનથી કુમરણ તો મેં અનંતવાર કર્યા, પણ હવે આ અવતાર સફળ છે કે જેમાં સમાધિમરણનો સુઅવસર મળ્યો. શ્રી મુનિરાજે મારા ઉપર મહાન કૃપા કરીને દેહથી ભિન્ન મારું સ્વરૂપ મને સમજાવ્યું, મારા નિધાન મને દેખાડ્યા; તેમની કૃપાથી મારો નિજવૈભવ મેં મારા આત્મામાં દેખ્યો. બસ, હવે આ દેહથી ભિન્ન આત્માની ભાવના વડે હું સમાધિમરણ કરીશ.

હાથીને કાદવમાં ખૂંચી ગયેલો જોઈને તેને બચાવવા વનના વાંદરા ઘણી કિકિયારી કરવા લાગ્યા. પણ એ નાનકડા વાંદરા મોટા હાથીને કઈ રીતે બહાર કાઢી શકે ? એવામાં સર્પ થયેલો કમઠનો જીવ ફૂંફાડા મારતો ત્યાં આવ્યો; હાથીને દેખતાં જ પૂર્વભવના વેરના સંસ્કારને લીધે તેને ઘણો ક્રોધ ચડ્યો ને દોડીને હાથીને કરડ્યો. કાળકૂટ ઝેરવાળો સર્પ કરડવાથી હાથીને ઝેર ચડ્યું અને થોડા વખતમાં તેનું મરણ થયું. પરંતુ આ વખતે તેણે પહેલાંની જેમ આર્ત્તધ્યાન ન કર્યું, આ વખતે તો આત્માના જ્ઞાનસહિત ધર્મની ઉત્તમ ભાવના ભાવતાં–ભાવતાં તેણે સમાધિમરણ કર્યું...અને દેહ છોડીને તે બારમા સ્વર્ગમાં દેવ થયો.

સર્પ હાથીને કરડ્યો તે દેખીને એક વાંદરીને ઘણી ખીજ ચડી તેણે તે સર્પને મારી નાખ્યો; પાપી સર્પ આર્ત્તધ્યાનથી મરીને પાંચમી નરકમાં ગયો. એક વખતના બે સગા–ભાઈ, તેમાં પુણ્ય–પાપના

ફળઅનુસાર એક તો સ્વર્ગમાં ગયો ને બીજો નરકમાં ગયો.

તીર્થંકરાદિ મહાપુરુષોના જીવનમાંથી આત્માની આરાધના કરવાનું શીખવાનું છે. પાપના ફળમાં નરકાદિના ભયંકર દુઃખ મળે છે, માટે તે છોડવા; પુણ્યના ફળમાં સ્વર્ગ મળે છે—એમ જાણવું; ને આત્માના જ્ઞાનસહિત વીતરાગભાવથી મોક્ષ મળે છે—એમ સમજીને તેની ઉપાસના કરવી.

## (૩) હાથી બારમા સ્વર્ગમાં... સર્પ પાંચમી નરકમાં

આપણા ચરિત્રનાયકનો જીવ પહેલાં મરૂભૂતિ હતો, પછી હાથી થયો ને આત્મજ્ઞાન પામ્યો; ત્યાંથી સમાધિમરણ કરીને બારમા સ્વર્ગમાં દેવ થયો છે—તેનું નામ શશિપ્રભદેવ. તે સ્વર્ગની દિવ્યવિભૂતિ દેખીને આશ્ચર્ય પામ્યો, અને અવધિજ્ઞાનથી જાણ્યું કે મેં પૂર્વે હાથીના ભવમાં ધર્મની આરાધના સહિત જે વ્રત પાળ્યા તેનું આ ફળ છે; આમ જાણીને તેને ધર્મ પ્રત્યે વિશેષ બહુમાન થયું; પૂર્વભવમાં આત્મજ્ઞાન દેનાર મુનિરાજનો ઉપકાર ફરીફરીને યાદ કર્યો; અને પછી સ્વર્ગમાં બિરાજમાન શાશ્વત જિનબિંબની પૂજા કરી. દેવલોકની એ રત્નમય શાશ્વત વીતરાગ મૂર્તિને દેખતાં જ તે અતિશય આનંદ પામ્યો, ને આવો જ મારો આત્મા છે—એમ ભાવના કરી. તે અસંખ્યાત વર્ષો સુધી દેવલોકમાં રહ્યો; ત્યાં બહારમાં અનેક પ્રકારનાં કલ્પવૃક્ષ પાસેથી સુખસામગ્રી મળતી હતી, ને અંદરમાં પોતાના ચૈતન્ય—કલ્પવૃક્ષના સેવનથી તે સાચું સુખ અનુભવતો હતો. જુઓ તો ખરા, જૈનધર્મના પ્રતાપે એક પશુ પણ દેવ થયો, ને થોડા વખતમાં તો તે ભગવાન થશે! અહા, જેના પ્રતાપે પશુ પણ પરમાત્મા બની જાય છે—એવા જૈનધર્મનો જય હો. આપણે પણ સંસારથી છૂટીને પરમાત્મા બનવા માટે જૈનધર્મમાં કહેલા આત્માનું સ્વરૂપ ઓળખવું જોઈએ.

કમઠનો જીવ કે જે સર્પ થયો હતો તે મરીને પાંચમી નરકમાં ગયો ને અસંખ્ય વર્ષ સુધી બહુ જ દુઃખી થયો. એની ભૂખ—તરસનો કોઈ પાર ન હતો, એના શરીરના રોજ હજારો કટકા થઈ જતા; લોઢાનો ગોળો પણ ઓગળી જાય એવી તો ઠંડી હતી; કરવત અને ભાલાથી તેનું શરીર કપાતું હતું, આત્માનું જ્ઞાન તો તેને હતું નહીં, ને સારા ભાવ પણ ન હતા, અજ્ઞાનથી અને ભૂંડા ભાવોથી તે બહુ જ દુઃખી થતો હતો. પૂર્વભવમાં તેના ભાઈ પ્રત્યેના ક્રોધના સંસ્કાર હજી પણ તેણે છોડ્યા ન હતા. તે ક્રોધમાં ને ક્રોધમાં નરકમાંથી નીકળીને એક મોટો ભયંકર અજગર થયો.

## (૪) ભગવાન પારસનાથ : પૂર્વભવ છઠ્ઠો : અગ્નિવેગ—મુનિ અને અજગર

આપણા કથાનાયક ભગવાન પારસનાથનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને જંબૂદ્વીપના વિદેહક્ષેત્રમાં અવતર્યો. તે વિદેહમાં સીમંધરાદિ તીર્થંકરો સદાય બિરાજે છે ને દિવ્યધ્વનિમાં આત્માનું સ્વરૂપ સમજાવે છે. હજારો કેવળી—અરિહંત ભગવંતો અને લાખો જિનમુનિઓ તે દેશમાં વિચરે છે. ત્યાં કરોડો મનુષ્યો આત્માને ઓળખે છે ને ધર્મને સાધે છે. એ દેશની શોભા અદ્‌ભુત છે. દેવો પણ ત્યાં ભગવાનનાં દર્શન કરવા આવે છે.

આવા સુંદર વિદેહક્ષેત્રના પુષ્કલાવતી દેશમાં વચ્ચે વિજયાર્દ્ધ—પર્વત છે, તેના પર વિદ્યાધરોનાં

નગર છે. તે વિદ્યાધરોના એક નગરમાં વિદ્યુતગતિ નામના રાજા અને વિદ્યુતમાળા નામની રાણી હતી; તે રાજા–રાણીને ત્યાં પારસનાથનો જીવ અવતર્યો, તેનું નામ અગ્નિવેગ. તે પૂર્વભવમાંથી જ આત્મજ્ઞાનને સાથે લાવ્યા હતા. એ નાનકડા જ્ઞાનીની બાલચેષ્ટાઓ દેખીને સૌને ઘણો આનંદ થતો હતો. રાજકુમાર અગ્નિવેગ એક વાર વનમાં ગયા હતા; ત્યાં વનની શોભા નિહાળતાં–નિહાળતાં અચાનક તેણે એક સાધુ દેખ્યા. તે સાધુ આત્માના ચિંતનમાં એકાગ્ર હતા, જાણે કે ભગવાન બેઠા હોય–એવો તેમનો દેખાવ હતો. તેમને દેખતાં જ અગ્નિવેગને ઘણો આનંદ થયો; નજીક જઈ તેમને વંદન કરીને તેમની પાસે બેઠો, અને આત્માના વિચાર કરવા લાગ્યો કે અહો ! આવી સાધુદશા ધન્ય છે..આત્મામાં એકાગ્ર થઈને ઘણા આનંદનો અનુભવ થાય એવી આ દશા છે. થોડીવારમાં મુનિરાજનું ધ્યાન પૂરું થતાં ફરી નમસ્કાર કર્યા, ને મુનિરાજે તેને ધર્મના આશીષ આપ્યા, અને કહ્યું : હે ભવ્ય! આત્માના સમ્યક્સ્વભાવને તો તમે જાણ્યો છે, હવે તે સ્વભાવને વિશેષપણે સાધવા માટે તમે સાધુદશાનું ચારિત્ર અંગીકાર કરો. હવે તમારો સંસાર ઘણો જ થોડો બાકી છે; મનુષ્યના ત્રણ ભવ કરીને તમે મોક્ષ પામશો. પહેલાં તમે ચક્રવર્તી થશો ને ત્યાર પછી તીર્થંકર થઈને મોક્ષ પામશો.

અહા, પોતાના મોક્ષની વાત સાંભળતાં કોને આનંદ ન થાય? મુનિરાજ પાસેથી પોતાના મોક્ષની વાત સાંભળીને અગ્નિવેગને પણ ઘણો આનંદ થયો. સંસારપ્રત્યે તેને ઘણો વૈરાગ્ય જાગ્યો કે અરે, મારે તો અલ્પકાળમાં મોક્ષ સાધવો છે; મારે આ રાજપાટમાં બેસી રહેવું ન પાલવે. હું તો આજે જ મુનિ થઈને આત્માની સાધનામાં એકાગ્ર થઈશ.

આ પ્રમાણે યુવાનવયમાં તે રાજકુમાર વૈરાગ્ય પામ્યા ને મુનિરાજ પાસે દીક્ષા લઈને સાધુદશા ધારણ કરી. રાજપાટ છોડ્યા, સ્ત્રી–પુત્ર છોડ્યા અને વસ્ત્ર પણ છોડ્યા; સર્વ પરિગ્રહ છોડી દીધો, અને કષાયોને પણ છોડીને અંતરના એકત્વસ્વરૂપને ધ્યાવવા લાગ્યા : મારો આત્મા સર્વે પરભાવોથી જુદો છે; હું એકલો છું, જ્ઞાન અને સુખથી પરિપૂર્ણ છું,–આવા નિજાત્માને ધ્યાવવા લાગ્યા. અગ્નિવેગ–મુનિરાજ તો આ પ્રમાણે જ્ઞાન–ધ્યાનપૂર્વક વનજંગલમાં વિચરી રહ્યા છે ને મોક્ષને સાધી રહ્યા છે.–એવામાં એક બનાવ બન્યો.



પૂર્વભવનો કમઠ કે જે નરકમાં ગયો હતો ને ત્યાંથી નીકળીને મોટો અજગર થયો હતો, તે અજગર પણ આ વિદેહક્ષેત્રમાં, ને આ વનમાં જ રહેતો હતો; શિકારની શોધમાં તે જ્યાંત્યાં ભટકી રહ્યો હતો. મોટો અજગર મોઢું ફાડે ત્યાં તો જાણે ભોંયરું હોય–એવું દેખાય. જંગલના કેટલાય પશુઓને તે આખેઆખા મોઢામાં ગળી જતો હતો. ફૂંફાડા મારતો તે અજગર અહીં આવી પહોંચ્યો, ને અગ્નિવેગ મુનિરાજને દેખીને તેમના તરફ દોડ્યો. અરેરે, ક્ષમાધારી મુનિરાજને દેખીને પણ અજગરનો ક્રોધ દૂર ન થયો. શાંતરસમાં ઝૂલતા મુનિરાજને દેખીને પણ એ અજગરનું ઝેર ન

ઊતર્યું; તે તો ક્રોધપૂર્વક મોઢું ફાડીને આખેઆખા મુનિરાજને પેટમાં ઉતારી ગયો.

અજગરના પેટમાં પણ મુનિરાજે આત્માના ધ્યાનપૂર્વક સમાધિમરણ કર્યું, ને તે સોળમા સ્વર્ગમાં ગયા. જુઓ તો ખરા એની ક્ષમા! અજગર ખાઈ ગયો તોપણ તેના ઉપર ક્રોધ ન કર્યો, પોતે પોતાના આત્માની સાધનામાં જ રહ્યા. ક્રોધમાં તો દુઃખ છે, આત્માની સાધનામાં જ પરમ શાંતિ છે. આવા શાંત ભાવથી તેમણે સમાધિમરણ કર્યું.

## (૫) સોળમાં સ્વર્ગનો દેવ; અને છઠ્ઠી નરકનો નારકી

મુનિરાજ તો શાંતભાવથી સમાધિમરણ કરીને સોળમા સ્વર્ગમાં ગયા, અને અજગર ક્રોધભાવને લીધે પાછો છઠ્ઠી નરકમાં જઈને પડ્યો ને મહાદુઃખી થયો. બંનેનું આયુષ્ય ૨૨ સાગરનું હતું. એક વખતના બે સગા ભાઈ, તેમાંથી એક તો ૨૨ સાગર સુધી સ્વર્ગનાં સુખ ભોગવીને, અને બીજો ૨૨ સાગર સુધી નરકનાં દુઃખ વેદીને, ત્યાંથી બંને જીવો મનુષ્યલોકમાં આવ્યા,—તેમાંથી એક તો ચક્રવર્તી થયો ને બીજો શિકારી ભીલ થયો. તેની કથા હવેના પ્રકરણમાં વાંચશો.

## (૬) ભગવાન પારસનાથ પૂર્વભવ ચોથો
## વજ્રનાભી—ચક્રવર્તી અને કમઠ—શિકારી ભીલ

આ જંબૂદ્વીપના પશ્ચિમ વિદેહમાં અશ્વપુર નગર છે; ત્યાંના રાજાનું નામ વજ્રવીર્ય અને રાણીનું નામ વિજયાદેવી. એક વાર રાણીએ આનંદકારી પાંચ મંગલ સ્વપ્ન દેખ્યા : મેરુપર્વત, સૂર્ય, ચંદ્ર, દેવવિમાન અને જળભરેલું સરોવર. એ પાંચ સ્વપ્નની વાત તેણે રાજાને કરી, અને પૂછ્યું કે હે મહારાજ! આ પાંચ સ્વપ્નનું ફળ શું છે?

રાજાએ કહ્યું કે તેના ફળમાં તને એક ઉત્તમ પુત્ર અવતરશે તે ચક્રવર્તી થશે.

રાણી તે સાંભળીને પ્રસન્ન થઈ અને પંચપરમેષ્ઠીનાં ગુણગાન કરવા લાગી. થોડા વખતમાં તેને એક પુત્રનો જન્મ થયો; એનું નામ વજ્રનાભિ. આજ આપણા પારસનાથ ભગવાનનો જીવ! તે સ્વર્ગમાંથી અહીં અવતર્યો છે. રાજાએ પુત્રજન્મનો મોટો ઉત્સવ કર્યો. નાનકડા રાજકુમાર બાલચેષ્ટાથી સૌને આનંદ કરાવતા હતા...ભલે નાનકડા પણ મહાન આત્માને જાણનારા હતા; તે ક્યારેક આત્માની મધુરી વાતો કરતા, તે સાંભળીને ઘણા જીવોને ધર્મની પ્રેરણા જાગતી; ક્યારેક તે એકાંતમાં ધ્યાન ધરીને ચૈતન્યના ચિંતનમાં બેસતા—જાણે કોઈ નાનકડા મુનિ બેઠા હોય!

વજ્રનાભિ જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ અનેક જાતની વિદ્યાઓ પણ તેને ખીલવા લાગી. તે બુદ્ધિસંપન્ન કુમાર ન્યાયનીતિના માર્ગે ચાલનારા હતા; અનેક ગુણરત્નોના ભંડાર હતા. યુવાન થતાં તેનો રાજ્યાભિષેક થયો. એકવાર ઉત્તમ પુણ્યોદયથી ધર્મચક્રવર્તી તીર્થંકર તેના દેશમાં પધાર્યા, અને તે જ વખતે તેના રાજભંડારમાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. પુણ્ય કરતાં ધર્મ શ્રેષ્ઠ છે એમ સમજનાર તે રાજકુમારે પહેલાં તો ધર્મચક્રીના દરબારમાં જઈને તીર્થંકરદેવનું પૂજન કર્યું; અને પછી સુદર્શનચક્રનો ઉત્સવ કર્યો. તે સુદર્શનચક્રનું એવું સામર્થ્ય કે જે દુશ્મન પર છોડે તેના પ્રાણ હરી લ્યે.—પણ આશ્ચર્યની વાત એ છે કે તે ચક્રવડે એક પણ જીવની હિંસા વગર જ તેણે છખંડને જીતી લીધા,—જાણે કે

અહિંસાચક્રવડે જ છએ ખંડ જીતીને તે ચક્રવર્તી થયા. ચક્રવર્તીનો અપાર વૈભવ તેને મળ્યો; અદ્ભુતવૈભવ હોવા છતાં ચક્રવર્તી જાણતા હતા કે આ બધાય બહારના વૈભવ કરતાંય જુદી જાતનો મારો અનંત ચૈતન્યવૈભવ છે તે જ સુખનો દાતાર છે. બહારનો કોઈ વૈભવ સુખનો દાતાર નથી, તેમાં તો આકુળતા છે. પુણ્યના ફળથી મળેલો બહારનો વૈભવ તો થોડો કાળ રહેનારો છે, મારો આત્મવૈભવ અનંતકાળ મારી સાથે રહેનાર છે; સમ્યગ્દર્શનરૂપી સુદર્શનચક્ર વડે મોહને જીતીને હું મોક્ષસામ્રાજ્યને મેળવીશ; તે જ મારું ખરું સામ્રાજ્ય છે. આવા ભાનપૂર્વક તે જગતથી ઉદાસ હતા—

**"દાસ ભગવંતકો, ઉદાસ રહે જગતસોં, સુખીયા સદૈવ એસે જીવ સમકિતી હૈ."**

ચક્રવર્તી—રાજ્યમાં રહ્યા છતાં અંતરમાં અદ્ભુત જ્ઞાન-પરિણતિ સહિત તે દરરોજ અરિહંતદેવની પૂજા કરતા, મુનિવરોની સેવા કરતા, શાસ્ત્રની સ્વાધ્યાય કરતા, સામાયિક વગેરે ક્રિયાઓ કરતા. આમ ધર્મસંસ્કારથી ભરેલું તેનું જીવન બીજા જીવોને પણ આદર્શરૂપ હતું.

એક દિવસે ક્ષેમંકર નામના મુનિરાજ તેની નગરીમાં પધાર્યા; અદ્ભુત વીતરાગી એમનો દેદાર હતો, અવધિજ્ઞાનના તે ધારક હતા. વજ્રનાભી—ચક્રવર્તી તેમનાં દર્શન કરવા ગયા અને તેમને દેખતાં જ તેની આંખો આનંદથી ઊભરાઈ ગઈ.—ધન્ય રત્નત્રયધારી મુનિરાજ! આપનાં વીતરાગી ત્રણ રત્નો પાસે આ ચક્રવર્તીનાં ચૌદ રત્નો સાવ તુચ્છ છે. આમ અત્યંત ભક્તિપૂર્વક મુનિરાજને વંદન તથા સ્તુતિ કરીને આત્માના હિતનો ઉપદેશ સાંભળવાની જિજ્ઞાસા પ્રગટ કરી.

ત્યારે મુનિરાજે તેમને મોક્ષમાર્ગનો અલૌકિક ઉપદેશ આપ્યો; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વીતરાગભાવ સમજાવ્યો, અને મોક્ષને માટે આવો વીતરાગભાવ જ કર્તવ્ય છે—એમ બતાવ્યું. હે ભવ્ય! આ સંસારદુઃખથી જો તું છૂટવા ચાહતો હો તો આવી ચારિત્રદશાને અંગીકાર કરો. રાગ આત્માનો સ્વભાવ નથી, રાગ તો દુઃખ છે; તેથી ક્યાંય પણ જરાય રાગ ન કરતાં, વીતરાગ થઈને ભવ્ય જીવ ભવસાગરને તરે છે. હે રાજા! તમે પણ આવા વીતરાગ—ધર્મને સાધવા માટે તત્પર થાઓ. તમને આત્માનું ભાન તો છે, ને હવે ત્રણ જ ભવ બાકી છે પછી તમે તીર્થંકર થઈને મોક્ષ પામશો.

મુનિરાજનો આવો વીતરાગ ઉપદેશ સાંભળીને ચક્રવર્તી રાજા ઘણા પ્રસન્ન થયા, ને તેમને પણ ઉત્તમ વૈરાગ્ય ભાવનાઓ જાગી. શરીર અને ભોગોથી તેનું મન ઉદાસ થયું ને ધર્મમાં તેનો ઉત્સાહ ઘણો વધી ગયો. તેણે અત્યંત વિનયપૂર્વક મુનિરાજની પાસે મુનિદીક્ષાની પ્રાર્થના કરી : હે પ્રભો! આ દુઃખમય સંસારથી મારો ઉદ્ધાર કરો...રત્નત્રયરૂપી જહાજ વડે આપ આ ભવસમુદ્રથી મને તારો. સંસારમાં સુખ નથી તેથી તીર્થંકરો પણ સંસારને છોડીને મોક્ષને સાધે છે. પ્રભો! હું પણ મુનિદીક્ષા લઈને તીર્થંકરોના પંથે આવવા ચાહું છું.

મુનિરાજે કહ્યું—હે ભવ્ય તમારી ભાવના ઉત્તમ છે. તમે ચક્રવર્તીરાજને પણ અસાર જાણીને છોડવા તૈયાર થયા છો અને સારભૂત રત્નત્રયને ધારણ કરવા તૈયાર થયા છો, તેથી તમને ધન્ય છે.— આમ કહીને તે મુનિરાજે વજ્રનાભીચક્રવર્તીને મુનિપદની દીક્ષા આપી. તે ચક્રવર્તી હવે રાજપાટ છોડીને જિનમુદ્રાધારક મુનિ થયા. ચક્રવર્તીની છ ખંડની વિભૂતિના ઉપભોગથી તેઓ સંતુષ્ટ ન થયા તેથી મોક્ષના અખંડ સુખને સાધવા માટે તત્પર થયા. ધન્ય તે મુનિરાજ! તેમના ચરણોમાં નમસ્કાર હો.

**ધન્ય ચક્રીશ્વર આતમહિતમેં છોડ દિયા પરિવાર.....**
**કિ તુમને છોડા સબ સંસાર....**
**નિધાન છોડા રત્નો સબ છોડા, જાના જગત અસાર....**
**કિ તુમને છોડા સબ સંસાર....**
**રત્નત્રયકો ધારણ કરકે પહુંચે મુક્તિદ્વાર...**
**કિ તુમને છોડા સબ સંસાર....**

ઊંચા હાથીના હોદ્દે બેસનારા ચક્રવર્તી હવે ઊઘાડે પગે વનમાં ચાલવા લાગ્યા; રત્નમણિજડેલા વસ્ત્ર–અલંકારોને છોડીને વસ્ત્ર વગરના તે મુનિરાજ રત્નત્રયથી શોભવા લાગ્યા. સોનાની થાળીમાં જમનારા ચક્રવર્તી હવે હાથમાં જ ભોજન લેવા લાગ્યા. એણે ૧૪ રત્નો છોડીને ત્રણ રત્નો લીધાં, નવનિધાન છોડીને અખંડ આનંદના નિધાનને સાધવા લાગ્યા; છન્નું હજાર રાણીઓ અને છન્નું કરોડની સેના–તે બધાયનો સંગ છોડીને, એકાકી–અસંગપણે વનજંગલમાં વસવા લાગ્યા, ને ચૈતન્યસ્વરૂપ આત્માનું ધ્યાન કરવા લાગ્યા.

એકવાર તે મુનિરાજ જંગલમાં બેઠાબેઠા આત્માનું ધ્યાન કરી રહ્યા હતા; સિદ્ધભગવાન જેવા પોતાના આત્માનો વારંવાર અનુભવ કરતા હતા. જંગલમાં આસપાસ શું બની રહ્યું છે તેનું તેમને લક્ષ ન હતું. શરીરનું પણ લક્ષ ન હતું; દેહથી ભિન્ન આત્મા–હું જ પરમાત્મા છું, એવા ધ્યાનમાં એકાગ્ર હતા. એવામાં, દૂરથી સનસનાટી કરતું એક તીર આવ્યું ને એ મુનિરાજનું શરીર વીંધાઈ ગયું........



–ક્યાંથી આવ્યું એ તીર? તેમનો પૂર્વભવનો ભાઈ કમઠનો જીવ કે જે નરકમાં હતો અને ત્યાંથી નીકળીને કુરંગ નામનો શિકારી ભીલ થયો હતો, તેણે એ તીર માર્યું હતું. તે ભીલ આ વનમાં રહેતો હતો, હાથમાં ધનુષ્ય–બાણ લઈને ક્રૂર ભાવથી હરણ વગેરે પશુઓની હિંસા કરતો હતો; તે માંસનો લાલચું હતો. આ રીતે તે મહાન પાપ બાંધી રહ્યો હતો. વનમાં ફરતાં ફરતાં તે ભીલ, જ્યાં મુનિરાજ ધ્યાનમાં બેઠા હતા ત્યાં આવી પહોંચ્યો, ને મુનિરાજને જોતાં જ તેમના પર ભક્તિભાવ આવવાને બદલે પૂર્વભવના સંસ્કારથી તેને ક્રોધ આવ્યો; હાથમાં બાણ લઈને તેણે મુનિ તરફ તાક્યું, ને તે બાણવડે મુનિરાજનું શરીર વીંધાઈ ગયું.

અરેરે! ક્રોધ કેવો બુરો છે! ક્યાં જીવનો ઉપશાંત સ્વભાવ! ને ક્યાં ક્રોધ! ક્રોધથી અંધ થયેલો ક્રૂર જીવ, આ ભગવાન જેવા મુનિરાજને પણ ઓળખી ન શક્યો...ને ધ્યાનમાં સ્થિર એ અહિંસક મુનિરાજની વગર કારણે હિંસા કરીને તે જીવે તીવ્ર અનંતાનુબંધી ક્રોધથી સાતમી નરકનું આયુષ્ય બાંધી દીધું. ક્રોધથી ભાન ભૂલેલા જીવને એટલું પણ ભાન ન રહ્યું કે આ ક્રોધના ફળમાં કેટલા ભયંકર દુઃખો ભોગવવા પડશે!

અને આ તરફ, શરીર વીંધાઈ ગયું છે તોપણ એ મુનિરાજ તો પોતાના આત્મસ્વભાવમાં નિશ્ચલ છે; એમના ધ્યાનમાં કોઈ શત્રુ કે મિત્ર નથી, રાગ કે દ્વેષ નથી, કોઈ પૂજે કે કોઈ બાણ મારે–તે બંને પ્રત્યે સમભાવ છે, જીવન અને મરણમાં પણ તેમને સમભાવ છે, દેહનુંય તેમને મમત્વ નથી, આત્માના આનંદમાં એવા મશગુલ છે કે દેહ વીંધાવા છતાં તેનું દુઃખ નથી; મોહ હોય તો દુઃખ થાયને ? નિર્મોહીને દુઃખ શું ? એ તો નિર્મોહપણે ધર્મધ્યાનમાં જ એકાગ્ર છે. બાણ મારનાર ભીલ ઉપર પણ તેમને ક્રોધ થતો નથી. વાહ રે વાહ ! ધન્ય ક્ષમાના ભંડાર મુનિરાજ ! તેઓ સમાધિપૂર્વક દેહ છોડીને મધ્યમ–ગ્રૈવેયકમાં અહમિન્દ્ર થયા.

વહાલા વાંચકો ! તમે પણ એ ભીલ ઉપર ક્રોધ ન કરશો; પણ ક્ષમાના ભંડાર એવા મુનિરાજ પાસેથી ઉત્તમ ક્ષમાના પાઠ શીખજો. ક્રૂર ભીલનો જીવ પણ અંતે ધર્મ પામવાનો છે.

તે ભીલનો જીવ પોતાના મહાપાપનું ફળ ભોગવવા માટે સાતમી નરકમાં ગયો. રૌદ્રધ્યાનથી મુનિની હત્યા કરી તેથી તે મહા દુઃખી થયો. સંસારમાં ભમતાં જીવે અજ્ઞાનદશામાં આવા ભાવો ઘણીવાર કર્યા છે. એ જીવ પણ ક્ષણમાં પોતાના ભાવો પલટીને, પોતાનું હિત સાધી શકે છે. અત્યારનો આ પાપી જીવ પણ ક્ષણમાં કેવો પલટો કરીને આત્માનો ઉદ્ધાર કરે છે તે તમે થોડા વખતમાં વાંચશો...અને ત્યારે એ જ જીવ ઉપર તમને પ્રેમ આવશે.

## (૭) ગ્રૈવેયકમાં અહમિન્દ્ર અને સાતમી નરકમાં નારકી

ગ્રૈવેયકમાં ઉપજેલા તે અહમિન્દ્રનું આયુષ્ય ૨૭ સાગરોપમ જેટલા અસંખ્ય વર્ષનું હતું. અને સાતમી નરકમાં ઊપજેલા તે કમઠના જીવનું આયુષ્ય પણ ૨૭ સાગરોપમ હતું. વળી પાછા અહીંથી નીકળીને બંને જીવો મનુષ્યલોકમાં ભેગા થશે. દેવલોકનો આશ્ચર્યકારી વૈભવ જોતાં તે અહમિન્દ્ર વિચારમાં પડી ગયા ને તેમને અવધિજ્ઞાન પ્રગટ્યું; પોતાનો પૂર્વ ભવ તેમણે જાણી લીધો, તેથી ધર્મનો મહિમા આવ્યો કે અહો ! તે મુનિદશા ધન્ય હતી ! તે ચારિત્રવૃક્ષ તો મોક્ષફળ દેનારું હતું, પણ મારી વીતરાગ ચારિત્રદશા પૂરી ન થઈ ને થોડોક રાગ બાકી રહી ગયો તેથી આ દેવલોકમાં અવતાર થયો છે. અહીં પણ મારે જૈનધર્મની ઉપાસના કર્તવ્ય છે. આમ વિચારી ત્યાં દેવલોકના જિનાલયમાં બિરાજમાન શાશ્વત રત્નમય જિનપ્રતિમાનું ખૂબ જ ભક્તિથી પૂજન કર્યું. દેવલોકનાં કલ્પવૃક્ષો પાસેથી પૂજનની સામગ્રી લીધી. તે દેવલોકની ઋદ્ધિ અલૌકિક હતી. ત્યાં અસંખ્યાત સમ્યગ્દષ્ટિ દેવો હતા, તેમાંના કેટલાય દેવો બીજા જ ભવમાં તીર્થંકર થનારા હતા; ને કેટલાય જીવો બીજા જ ભવે મોક્ષ પામવાના હતા.–આવા ધર્માત્મા સાધર્મી દેવો સાથે આનંદપૂર્વક અસંખ્ય વર્ષ સુધી ધર્મચર્ચા કરી ને મુનિપણાની ભાવના ભાવી.

અને, સાત ભવથી તેમની સાથે સંબંધ ધરાવનાર કમઠના જીવે સાતમી નરકમાં ૨૭ સાગર સુધી અપરંપાર દુઃખની વેદના ભોગવી. જ્યારે તે ભીલ હતો અને મુનિરાજને બાણ મારીને મારી નાંખ્યા, ત્યારપછી થોડા સમયમાં તે ભીલને પણ કોઈએ મારી નાંખ્યો અને ક્રૂરભાવને લીધે રૌદ્રધ્યાનથી મરીને તે સાતમી નરકમાં ઊપજ્યો; ઊપજતાં વેંત ઊંધે માથે ભાલા જેવી જમીન પર પડ્યો અને અત્યંત દુઃખથી પાછો પાંચસો જોજન ઊંચે ઊછળ્યો...પાછો ભૂમિ પર પડ્યો ને ઊછળ્યો; એમ વારંવાર થતાં

રેતીની જેમ તેનું શરીર વેરવિખેર થઈ ગયું ને તે ઘણું દુઃખ પામ્યો. અત્યંત ભયભીત થઈને મૂઢની જેમ ચારેકોર જોઈ રહ્યો કે ‘અરે, આ બધું શું છે? હું અહીં ક્યાં આવી પડ્યો? અહીં તો ચારેકોર દુઃખનો જ દરિયો ઊછળી રહ્યો છે. અરે,, હું ક્યાં જાઉં? શું કરું? કોનું શરણ લઉં? અરેરે! પૂર્વના મહાપાપથી હું આ નરકમાં આવી પડ્યો! અહીંની દુર્ગંધ તો સહન થતી નથી, ને અનંતી ઠંડીમાં શરીર ઓગળી જાય છે. આ નરકના કૂવામાંથી હું ક્યારે છૂટીશ!’ આમ બહુજ દુઃખથી વિલાપ કરે છે,—પણ ત્યાં એનો વિલાપ કોણ સાંભળે? કોણ એની દયા કરે? ઊલટું બીજા નારકીઓ ઘાતકીપણે એને મારે છે. ભૂખ્યા—તરસ્યા તે જીવને અસંખ્ય વર્ષ સુધી ખાવાનું અન્ન કે પીવાનું પાણી મળતું નથી. દુઃખના માર્યા એને કાંઈ સૂઝતું નથી, ક્યાંય ચેન પડતું નથી. ધર્મનું સેવન તો કર્યું નથી, ધર્માત્માની વિરાધના કરીને એકલા પાપનું જ સેવન કર્યું છે, એને તો ચેન ક્યાંથી હોય! જે નિર્દયપણે જીવોની હિંસા કરે, માંસ ખાય, એવા પાપી જીવો નરકમાં અત્યંત ભયંકર દુઃખો ભોગવે છે; એક ક્ષણ પણ ત્યાં સુખ નથી. હિંસાદિમાં સુખ માનનારા જીવો રાઈ જેટલા ઇન્દ્રિયસુખની ખાતર અનંતા મેરુ જેટલા દુઃખને નોતરે છે. આ રીતે તો પાપી જીવે અસંખ્યાત વરસ સુધી સાતમી નરકનાં મહાન દુઃખો ભોગવ્યા.

## (૮) ભગવાન પારસનાથ : પૂર્વભવ બીજો : આનંદકુમાર અને સિંહ

તે દેવલોકમાંથી નીકળીને મરુભૂતિનો જીવ (એટલે કે પારસપ્રભુનો જીવ) તો અયોધ્યાનગરીમાં આનંદકુમાર તરીકે અવતર્યો; અને કમઠનો જીવ નરકમાંથી નીકળીને ક્રૂર સિંહ થયો.

ઋષભદેવ વગેરે પાંચ તીર્થંકર ભગવંતોના અવતારથી પાવન થયેલી અયોધ્યાપુરીમાં વજ્રબાહુરાજા હતા; તેમની પ્રભાવતી રાણીની કુંખે આનંદકુમારનો અવતાર થયો. આનંદકુમાર પોતે આત્માના આનંદને જાણતા હતા, ને બીજા જીવોને પણ આનંદ આપતા હતા. તે મોટા થતાં મહા—માંડલિક રાજા થયા; આઠ હજાર રાજાઓ તેના તાબામાં હતા. આવડા મોટા રાજા હોવા છતાં તે ધર્મને ભૂલતા ન હતા. ધર્માત્માઓનું તે બહુમાન કરતા અને વિદ્વાનોનું સન્માન કરતા. અયોધ્યાની પ્રજા તેના રાજમાં ઘણી સુખી હતી.

ફાગણ માસમાં વસંતઋતુ આવી, ને બગીચાઓ સુંદર પુષ્પોથી ખીલી ઊઠ્યા; ધર્માત્માઓના અંતરના બગીચા પણ શ્રદ્ધા—જ્ઞાન—આનંદનાં ફૂલોથી ખીલી ઊઠ્યા. આનંદમહારાજા બેઠા છે ને ધર્મચર્ચા વડે સૌને આનંદ કરાવે છે. એવામાં પ્રધાને આવીને કહ્યું કે ‘હે મહારાજ! અત્યારે નંદીશ્વર—પૂજાના દિવસો છે તેથી આઠ દિવસ (ફાગણ સુદ આઠમથી પૂનમ) સુધી જિનંદિરમાં ભગવાનની પૂજાનો મોટો અષ્ટાહ્નિકા મહોત્સવ કર્યો છે; તે ઉત્સવમાં પૂજન કરવા આપ પણ પધારો.

પ્રધાનની વાત સાંભળીને રાજા આનંદ ઘણા ખુશી થયા ને કહ્યું,—અહો, વીતરાગ જિનદેવની પૂજાનો આવો અવસર મહાભાગ્યથી મળે છે. રાજ્યભરમાં ધામધૂમથી મોટો ઉત્સવ કરો ને ભગવાનની પૂજા રચાવો, દાન આપો, ધર્મચર્ચા કરો, જિનગુણોનું ચિંતન કરો, ને જૈનધર્મની ખૂબ ખૂબ પ્રભાવના કરો.

પૂજનનો મંગલ—ઉત્સવ ચાલતો હતો એવામાં વિપુલમતિ નામના એક મુનિરાજ જિનમંદિરે આવ્યા. વાહ! એક તો ભગવાનની પૂજાનો ઉત્સવ, અને વળી મુનિરાજની પધરામણી, તેથી ચારેકોર

ઘણો જ હર્ષ છવાઈ ગયો. રાજાએ અને પ્રજાએ ઘણી ભક્તિથી મુનિરાજનાં દર્શન કર્યાં.

વીતરાગી મુનિરાજે કહ્યું : ‘હે ભવ્ય જીવો! આ આત્મા પોતે જ જ્ઞાન અને સુખસ્વરૂપ છે, તેને તમે ઓળખો. આખા જગતમાં બધે ફરીફરીને જોયું પણ આત્મા સિવાય બીજે ક્યાંય અમને સુખ દેખાણું નહીં. આત્માનું સુખ આત્મામાં જ છે; બહારમાં શોધવાથી તે નહીં મળે. આત્માની ઓળખાણ વડે જ આત્માનું સુખ પમાય છે. રાગ વડે પણ તે સુખ પમાતું નથી. જિનશાસનમાં અરિહંત ભગવાને એમ કહ્યું છે કે પૂજા વ્રતાદિ શુભરાગવડે જીવને પુણ્ય બંધાય છે; અને મોહ વગરનો જે વીતરાગ ભાવ છે તે ધર્મ છે, તેના વડે મોક્ષ પમાય છે.

વળી તે મુનિરાજે કહ્યું કે અત્યારે નંદીશ્વર–જિનાલયોની પૂજાનો ઉત્સવ ચાલે છે; તે નંદીશ્વરદ્વીપમાં બાવન શાશ્વત જિનમંદિરો છે ને તેમાં કુલ ૫૬૧૬ વીતરાગી જિનપ્રતિમા બિરાજે છે. તે જિનપ્રતિમા આત્માના શુદ્ધસ્વરૂપનું પ્રતિબિંબ છે. જેમ અરીસામાં જોતાં પોતાનું મુખ દેખાય છે તેમ વીતરાગી જિનબિંબના દર્શન વડે આત્માનું શુદ્ધ સ્વરૂપ અરિહંત જેવું છે તે લક્ષમાં આવે છે, અને આત્માનું શુદ્ધ સ્વરૂપ આવતાં મોહનો નાશ થઈને સમ્યગ્દર્શન થાય છે. તે નંદીશ્વરદ્વીપમાં કોઈ મનુષ્યો જઈ શકતા નથી; ત્યાં દેવો જ જાય છે અને રત્નોની શાશ્વત જિનપ્રતિમાઓ દેખીને ઘણાય દેવો આશ્ચર્યથી ચૈતન્યના મહિમામાં ઊતરી જાય છે ને સમ્યગ્દર્શન પામે છે. જેમ આત્માનો શુદ્ધ સ્વભાવ શાશ્વત અનાદિનો છે તેમ તેના પ્રતિબિંબરૂપ વીતરાગ પ્રતિમા પણ શાશ્વત આનાદિની છે. તે મૂર્તિ એવી આશ્ચર્યકારી છે કે જાણે સાક્ષાત્ તીર્થંકર ભગવાન જ બેઠા હોય! જાણે કે હમણાં તેમના શ્રીમુખમાંથી દિવ્યધ્વનિ નીકળશે! વીતરાગતાનું પરમ તેજ તેમની મુદ્રા પર ઝળકી રહ્યું છે. તેને જોતાં આત્માનો સર્વજ્ઞસ્વભાવ યાદ આવે છે. અહા! ચૈતન્યના અનંતગુણો જાણે કે મૂર્ત થઈને ઝળકતા હોય એવી અદ્ભુત એ રત્નપ્રતિમાની ઝલક છે. તે ભલે અચેતન હોય છતાં ચેતનના ગુણોના સ્મરણનું નિમિત્ત છે. તે મૂંગી મૂંગી જિનપ્રતિમા એમ ઉપદેશ આપે છે કે સંકલ્પ–વિકલ્પો છોડીને તમે તમારા સ્વરૂપમાં ઠરો...હે ચેતન! તું જિનપ્રતિમા થા! જેવા સ્વરૂપે પ્રભુને ધ્યાવશો તેવા સ્વરૂપે તમે થશો. જેમ ચિંતામણિના ચિંતન વડે ઇચ્છિત વસ્તુ મળે છે તેમ જિનપ્રતિમા સમાન શુદ્ધ આત્માના ચિંતન વડે ઈષ્ટફળ–સમ્યક્ત્વાદિ મળે છે. અરે, જેને જિનદેવ પ્રત્યે ભક્તિ નથી તે તો સંસારસમુદ્રની વચ્ચે વિષય–કષાયરૂપી મગરના મુખમાં જ પડેલા છે. દરરોજ જિનવરદેવનાં દર્શન કરીને જિનભાવના ભાવવી તે દરેક શ્રાવકનું કર્તવ્ય છે.

મુનિરાજના ઉપદેશમાં જિનદર્શનનો મહિમા સાંભળીને બધા જીવો ઘણા રાજી થયા, ને અંતરમાં અરિહંતદેવના ગુણોનો તથા આત્માના શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવા લાગ્યા. ત્યાર બાદ મુનિરાજ આહારના સમયે નગરીમાં પધાર્યા, ને આનંદરાજાએ નવધા ભક્તિપૂર્વક તેમના હાથમાં આહારદાન દીધું. આહારદાન બાદ મુનિરાજે કહ્યું કે હે રાજન્! હવે તમારે બે જ ભવ બાકી છે. આ ભવમાં તીર્થંકરપ્રકૃતિ બાંધીને આગામી બીજા ભવમાં તમે ભરતક્ષેત્રમાં ૨૩ મા તીર્થંકર થશો...ને સમ્મેદશિખરથી મોક્ષ પામશો. તે સાંભળીને આનંદ રાજા ઘણા જ આનંદિત થયા. તેનું નામ પણ ‘આનંદ’ હતું ને ભાવથી પણ તે આનંદિત હતા.

હવે, શ્રી મુનિરાજે ઉપદેશમાં ત્રણલોકના જિનપ્રતિમાઓનું પણ વર્ણન કર્યું હતું. સૂર્ય વિમાનમાં પ્રભુના શાશ્વત જિનબિંબ છે ને જ્યોતિષીદેવો તેની પૂજા—ભક્તિ કરે છે, તેનું અદ્‌ભુત વર્ણન સાંભળીને રાજા પોતાના મહેલમાંથી તેને નમસ્કાર કરવા લાગ્યા, અને અયોધ્યાનગરીમાં પણ સૂર્ય વિમાન જેવું જ એક સુંદર વિમાન બનાવ્યું; હીરામાણેકરત્ન જડેલા તે વિમાનમાં સુંદર જિનપ્રતિમાની સ્થાપના કરી. આ વિમાનની અને તેમાં બિરાજમાન પ્રતિમાની આશ્ચર્યકારી શોભા દેખીને આનંદરાજાને આનંદનો પાર ન રહ્યો. તેઓ હંમેશા સવાર—સાંજ તેની પૂજા કરવા લાગ્યા. આ રીતે રાજાને સૂર્ય વિમાનસ્થિત જિનબિંબની પૂજા કરતા દેખીને તેના ઉપર વિશ્વાસને કારણે લોકો પણ દેખાદેખીથી સૂર્ય વિમાનને નમસ્કાર કરવા લાગ્યા. રાજા તો સૂર્ય વિમાનને નહીં પણ તેમાં સ્થિત જિનબિંબને નમસ્કાર કરતા હતા;—પણ જેમ બાહ્ય જીવો નિશ્ચયને જાણ્યા વગર વ્યવહારને ભજવા લાગે છે તેમ અન્યમતી લોકો પણ જિનબિંબને બદલે સૂર્યબિંબને પૂજવા લાગ્યા.

આનંદ મહારાજા અનેક પ્રકારે ધર્મનું આરાધન કરી રહ્યા છે; તેને વિશ્વાસ છે કે જિનસદૃશ મારા આત્માનું ચિંતન કરીને હું પણ જિન થઈશ.—આવી ભાવનાપૂર્વક ઘણાં વર્ષો વીતી ગયા; એક દિવસ તે રાજાએ પોતાના માથામાં સફેદ વાળ દેખ્યો; અને તરત જ તેનું હૃદય વૈરાગ્યથી કંપી ઊઠ્યું કે અરે! આ સફેદવાળ મૃત્યુરાજાનો સંદેશો લઈને આવ્યો છે કે હે જીવ! હવે જલદી ચારિત્રદશાને ધારણ કરીને આત્મકલ્યાણ કર. માટે હવે મારે આત્મહિતમાં ઘડીનોય વિલંબ કરવા જેવો નથી. આજે જ આ સંસારનો સર્વ પરિગ્રહ છોડીને, હું શુદ્ધોપયોગી મુનિ થઈશ અને ઉપયોગસ્વરૂપ મારા આત્મામાં એકાગ્ર થઈને ચારિત્રદશા પ્રગટ કરીશ.—આવા દૃઢ નિશ્ચયપૂર્વક તે આનંદ મહારાજાએ બાર વૈરાગ્યભાવનાઓનું ચિંતન કર્યું, અને સાગરદત્ત ગુરુની સમીપ મુનિદીક્ષા લીધી...મુનિ થઈને શુદ્ધોપયોગવડે આત્મધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદના સમુદ્રમાં ગરકાવ થયા...અહા! એમનો આત્મા રત્નત્રયનાં તેજથી ઝળકી ઊઠ્યો. એમની વીતરાગતા આશ્ચર્ય ઉપજાવતી હતી. આવી ઉત્તમ આરાધનાસહિત સ્વાધ્યાયમાં એકાગ્રતાથી તે આનંદમુનિરાજને બારઅંગનું જ્ઞાન ખીલી ગયું,—શ્રુતજ્ઞાનનો પવિત્ર સમુદ્ર ઉલ્લસ્યો; બીજી પણ અનેક ઋદ્ધિઓ તેમને પ્રગટી, પણ તેમનું લક્ષ તો ચૈતન્યઋદ્ધિમાં જ હતું, આર્તધ્યાન કે રૌદ્રધ્યાન તો તેમને હતું જ નહીં, તેઓ ધર્મધ્યાનમાં એકાગ્ર રહેતા, ને ક્યારેક શુક્લધ્યાન પણ ધ્યાવતા. ધ્યાન વખતે તેઓ પોતાના શુદ્ધાત્મામાં એકમાં જ ઉપયોગને એકાગ્ર કરીને નિર્વિકલ્પ—આનંદને અનુભવતા હતા, ને બીજી બધી ચિંતાઓ તેમને અટકી જતી હતી. અહા, તેમની શાંત ધ્યાનમુદ્રા દેખીને પશુઓ પણ આશ્ચર્ય પામતા હતા. સર્વપ્રકારના પરિષહોને સહતા થકા તે આનંદમુનિરાજ આત્મશુદ્ધિ વધારતા હતા અને કર્મોની નિર્જરા કરતા હતા.—અહો, આવું વીતરાગી મુનિજીવન ધન્ય છે, તેમના ચરણોમાં અમારું મસ્તક નમે છે.

તે મુનિરાજ વારંવાર શુદ્ધોપયોગરૂપી જળ વડે ચારિત્રવૃક્ષનું સીંચન કરતા હતા. તેઓ ચારિત્રના મહાન કલ્પવૃક્ષ હતા ને તે કલ્પવૃક્ષમાં જાણે ઉત્તમ ફળ લાગ્યાં હોય તેમ ઉત્તમ ક્ષમાદિ દશધર્મો તેમને ખીલી નીકળ્યા હતા.—આવા આનંદમુનિરાજે દર્શનવિશુદ્ધિથી માંડીને રત્નત્રયધર્મ પ્રત્યેના પરમ વાત્સલ્ય સુધીની સોળ ભાવનાઓ વડે તીર્થંકરનામકર્મની પ્રકૃતિ બાંધી. બધાય તીર્થંકરો પૂર્વભવમાં આવી ઉત્તમ ભાવનાઓ ભાવે છે. એક તરફથી પુણ્યનો રસ વધતો હતો, ને બીજી તરફથી ચૈતન્ય-અનુભવ વડે

વીતરાગી શાંતરસ પણ વધતો જતો હતો. શિવપુર પહોંચવા માટે હવે તેમને વચમાં એક જ ભવ બાકી હતો.



તે મુનિરાજ એક વખત વનમાં અડગપણે ધ્યાન કરતા હતા...બહારનું લક્ષછોડીને નિજસ્વરૂપના અવલોકનમાં તેઓ એકાગ્ર હતા. તેમના સર્વપ્રદેશે અપૂર્વ આનંદરસના ફૂવારા છૂટતા હતા. એવામાં ત્યાં એક સિંહ આવ્યો. તેની ભયંકર ગર્જનાથી આખું વન ધ્રુજી ઊઠ્યું; વનના પશુઓ બીકના માર્યા ભાગવા લાગ્યા. છલાંગ પર છલાંગ મારતો તે સિંહ વનમાં ચારેકોર ઘૂમતો હતો. આ સિંહ તે બીજો કોઈ નહિ પણ આપણો જાણીતો કમઠનો જ જીવ છે. તેની નજર ધ્યાનમાં બેઠેલા આનંદમુનિ ઉપર પડી અને ક્રોધથી મોટી ત્રાડ પાડીને તે મુનિ તરફ દોડ્યો. મુનિરાજ ભાગ્યા નહીં, ભયભીત થયા નહીં, એ તો નિર્ભયપણે ધ્યાનમાં જ બેસી રહ્યા. સિંહે છલાંગ મારીને તેમનું ગળું મોઢામાં પકડ્યું ને પંજાના નખથી તેમના શરીરને ફાડી ખાધું. અરે! એને ક્યાં ભાન હતું કે હું અત્યારે જેના શરીરને ખાઈ જાઉં છું તે જ થોડા વખતમાં મારા ગુરુ થઈને આ સંસારમાંથી મારો ઉદ્ધાર કરશે! સિંહ શરીરને ખાતો હતો ત્યારે મુનિરાજ તો પોતાના ઉત્કૃષ્ટ ક્ષમાભાવમાં જ રહ્યા, તેમણે સિંહ ઉપર જરાય ક્રોધ ન કર્યો..વીતરાગ માર્ગથી જરાપણ ન ડગ્યા. વાહ! ધન્ય મુનિરાજ! ચતુર્વિધ આરાધનાની અખંડતા સહિત પ્રાણ તજીને તેઓ આનતસ્વર્ગમાં ઈન્દ્ર થયા.

સિંહ ક્રૂરભાવથી મરીને પાછો નરકમાં ગયો.

## (૯) આનંદમુનિ સ્વર્ગમાં; અને સિંહ નરકમાં

દેવલોકના ૧૬ સ્વર્ગમાંથી ૧૩ મું આનત સ્વર્ગ છે; ત્યાં અનેક કલ્પવૃક્ષો અને ચિંતામણિ પણ સુલભ છે. પરંતુ શાસ્ત્રકાર કહે છે કે, કલ્પવૃક્ષ પાસે તો ફળની યાચના કરવી પડે ને ચિંતામણિ પાસે ચિંતવવું પડે ત્યારે તે ફળ આપે છે, પણ વીતરાગધર્મ તો એવો છે કે તે ઈચ્છા વગર પણ ઉત્તમ ફળને આપે છે, માટે ધર્મ જ શ્રેષ્ઠ છે. આનતસ્વર્ગમાં ઉપજેલા આપણા કથાનાયકને સ્વર્ગમાં આ છેલ્લો અવતાર છે, હવેના ભવમાં તો તે ભગવાન થશે. ભોગોપભોગની વચ્ચે પણ તે જાણતા હતા કે આ ભોગોની ઈચ્છા તે તો અગ્નિ જેવી છે; વિષયોરૂપી લાકડાં વડે તે કદી શાંત થવાની નથી, તે તો ચારિત્ર–જળ વડે જ શાંત થશે.–આ દેવલોકમાં ચારિત્રદશા નથી, ચારિત્રદશા તો મનુષ્યને જ થાય છે. હવે મનુષ્ય થઈને અમે અમારી ચારિત્રદશા પૂર્ણ કરશું ને ફરીથી આ સંસારના ચક્કરમાં નહીં આવીએ. આમ ચારિત્રદશાની ભાવનાપૂર્વક, સમ્યક્ત્વની આરાધના સહિત તેઓ દેવલોકમાં અસંખ્ય વર્ષ સુધી રહ્યા. તેઓ વારંવાર જિનભક્તિનો ઉત્સવ કરતા, અને દેવોની સભામાં ઉત્તમ ધર્મોપદેશ આપતા. તેમના ઉપદેશથી સ્વર્ગના કેટલાય દેવો સમ્યગ્દર્શન પામ્યા.

તે ઈન્દ્ર આયુષ્યમાં જ્યારે છ માસ બાકી રહ્યા ને વારાણસી (બનારસી–કાશી) નગરીમાં પારસનાથ–તીર્થંકરપણે અવતરવાની તૈયારી થઈ, ત્યારે બનારસ નગરીમાં શું થયું? –તે જોવા ચાલો આપણે તે નગરીમાં પહોંચી જઈએ...ને પ્રભુના જન્મોત્સવમાં આનંદથી ભાગ લઈએ.

* * *

## ★ (૧૦) વારાણસીનગરીમાં પારસપ્રભુનો અવતાર ★

*** પારસપ્રભુ પીવડાવતા ચેતન આનંદરસ, ***
*** પ્રભુ આતમ–સ્પર્શન થતાં જીવન બન્યું સરસ. ***
*** લોહા તો કંચન બને, આત્મા બને પરમાત્મ, ***
*** ધ્યાન વડે તુમ સમ બનું, બસ! એક જ મારે કામ. ***

જ્યારની આ કથા છે ત્યારે આ ભરતક્ષેત્રમાં ચોથો આરો પૂરો થવા આવ્યો હતો; બાવીસ તીર્થંકરો તો મોક્ષ પધારી ગયા હતા. નેમનાથ ભગવાન ગીરનારથી મોક્ષપધાર્યા તેને પણ ૮૩૭૫૦ વર્ષ વીતી ગયા હતા. અયોધ્યાથી થોડા ગાઉ દૂર કાશીદેશમાં ગંગાનદીના કિનારે વારાણસી (બનારસ) નગરી અત્યંત શોભતી હતી. આ નગરીમાં સાતમા સુપાર્શ્વનાથ તીર્થંકર અવતરી ચુક્યા હતા, ને હવે પાર્શ્વનાથ તીર્થંકરના અવતારની તૈયારી ચાલતી હતી. તીર્થંકરનો અવતાર જ્યાં થવાનો હતો–એવી બનારસી નગરીની શોભાની શી વાત! રાજમહેલના આંગણે આકાશમાંથી દરરોજ કરોડો રત્નોની વૃષ્ટિ થતી હતી. પંદરમાસ સુધી તે રત્નવૃષ્ટિ ચાલી; નગરજનો સમજી ગયા કે કોઈ મહાન મંગળ પ્રસંગની આ નિશાની છે.

વિશ્વપ્રસિદ્ધ એવા બનારસતીર્થમાં તે વખતે મહા ભાગ્યવાન વિશ્વસેનરાજા રાજ્ય કરતા હતા. (કોઈ તેને અશ્વસેન પણ કહે છે.) તેઓ ઘણા ગંભીર હતા, સમ્યગ્દ્રષ્ટિ હતા, અવધિજ્ઞાનના ધારક હતા ને વીતરાગ દેવ–ગુરુના પરમ ભક્ત હતા તેમના મહારાણી બ્રાહ્મીદેવી (બ્રહ્મદત્તા અથવા વામાદેવી) પણ અનેક ગુણસંપન્ન હતા. તે બંનેનો આત્મા તો મિથ્યાત્વના મેલથી રહિત હતો ને તેમનું શરીર પણ મળ–મૂત્ર વગરનું હતું. અહા! તીર્થંકર જેવા પવિત્ર આત્મા જ્યાં વસવાના હોય ત્યાં મલિનતા કેમ રહી શકે? સિદ્ધાન્તમાં કહ્યું છે કે તીર્થંકરને, તેમના માતા–પિતાને, ચક્રવર્તીને, બળદેવ–વાસુદેવ–પ્રતિવાસુદેવને અને જાુગલીઆને મળમૂત્ર હોતાં નથી.

એકવાર મહારાણી બ્રાહ્મીદેવી પંચપરમેષ્ઠી ભગવંતોના ધ્યાનપૂર્વક નિદ્રાધીન થયા હતા; ચૈત્રવદ બીજનો દિવસ હતો; ત્યારે પાછલી રાતે તેમણે ૧૬ ઉત્તમ સ્વપ્નો દેખ્યા :–

**માતા બ્રહ્મા સ્વપ્ન દેખે પ્રથમ ઐરાવત અહા,**
**પછી બળદ ને સિંહ, લક્ષ્મીદેવી, માળાપુષ્પતણી મહા.**
**સૂરજ, ચાંદો, મીનયુગલ, કળશ બે અમૃત ભર્યા,**
**કમળશોભિત દીઠું સરવર, ઉદધિ પણ ઉછળી રહ્યા.**

**મણિજડિત સિંહાસન, અને વિમાન દીસે શોભતું,**
**ધરણેન્દ્ર–ધામ ને રત્નરાશિ માતનું મન મોહતું.**
**નિર્ધૂમ સુંદર જ્યોત જાણે જ્ઞાનની જ્યોત જાગતી,**
**એ સોળસ્વપ્નો દેખી માતા હૈયે જિનને ધારતી.**

મહામંગળકારી સોળ સ્વપ્નો દેખ્યા....ને તે જ વખતે બ્રહ્મદત્તા માતાના પવિત્ર ઉદરમાં પારસનાથના જીવનું આગમન થયું. એનું હૃદય આનંદથી ખીલી ઊઠ્યું! પ્રભાત થતાં રાજસભામાં જઈને માતાએ સોળ ઉત્તમ સ્વપ્નોની વાત મહારાજા વિશ્વસેનને કરી; અને, તે સ્વપ્નના મંગળ ફળમાં તીર્થંકર જેવા પુત્રરત્નની પ્રાપ્તિ થશે–તે જાણીને માતાના આનંદનો પાર ન રહ્યો! જાણે હૃદયભૂમિમાં ધર્મના અંકૂર ફૂટી નીકળ્યા! વાહ માતા, તું ધન્ય બની ગઈ! ઈન્દ્રો અને ઈન્દ્રાણીઓએ વારાણસીમાં આવીને પ્રભુના માતા–પિતાનું સન્માન કર્યું ને ગર્ભકલ્યાણક નિમિત્તે ભગવાનની પૂજા કરી, તથા છપ્પન કુમારીદેવીઓ માતાની સેવા કરવા લાગી. તેઓ વારંવાર તીર્થંકરના ગુણગાન કરતી, ને માતાજી સાથે આનંદકારી ચર્ચા કરતી.

* એકવાર માતાએ પૂછ્યું : હે દેવી! આ જગતમાં ઉત્તમરત્ન ક્યાં રહેતું હશે?

* દેવી કહે : માતા, તમારા ઉદર–ભંડારમાં જ ઉત્તમરત્ન રહ્યું છે.

* બીજી દેવીએ પૂછ્યું : માતાનું શરીર સોના જેવું કેમ લાગે છે?

* ત્રીજી દેવીએ કહ્યું કે એને 'પારસ'નો સ્પર્શ થયો છે તેથી.

* ચોથી દેવીએ પૂછ્યું : માતા તમને કેવી ભાવના થાય છે?

* માતા કહે : જૈનધર્મનો ખૂબ ફેલાવો થાય એવી ભાવના થાય છે.

* દેવીઓ કહે : વાહ માતા! અમારા દેવલોક કરતાંય અમને અહીં વધુ ગમે છે, કેમકે અહીં આપની અને બાલતીર્થંકરની સેવા કરવાનું મહાભાગ્ય અમને મળે છે. એ નાનકડા ભગવાનને અમે પારણીયે ઝુલાવશું, એના હાલરડાં ગાશું, એને હોંશેહોંશે તેડશું ને એને દેખીદેખીને આત્માનો ધર્મ પામશું.

—આ પ્રમાણે દેવીઓ માતાજી સાથે દરરોજ આનંદકારી ચર્ચા કરતી અને તીર્થંકર પ્રભુનો મહિમા હોંશેહોંશે ગાતી હતી. માતાજીના શ્રીમુખથી એવી મધુરી આત્મસ્પર્શી વાણી ખરતી હતી–જાણે કે તેમના મુખદ્વારા અંદરમાં બેઠેલા પારસનાથ ભગવાન જ બોલતા હોય! ગર્ભમાં રહેલા જ્ઞાનવંત ભગવાન તે વખતે પણ જાણતા હતા કે મારું ચૈતન્યતત્ત્વ આ દેહના સંયોગથી તદ્દન જુદું છે, ચેતનામય ભાવ જ હું છું. આમ ભગવાન તો પોતાની ચેતનાના આનંદમાં બિરાજતા હતા. એમ આનંદથી દિવસો પસાર કરતાં કરતાં માગસર વદ ૧૧ આવી ને મંગલવધાઈ લાવી.

માગશર વદ ૧૧ના ઉત્તમદિને ત્રેવીસમા તીર્થંકરનો અવતાર થયો....બનારસી નગરીમાં આનંદ છવાઈ ગયો; માત્ર બનારસમાં નહીં પણ ત્રણે ભુવનમાં આનંદ ફેલાઈ ગયો. સ્વર્ગમાં પણ એની મેળે દિવ્ય વાજાં વાગવા માંડ્યા. ઈન્દ્રે જાણ્યું કે ભરતક્ષેત્રના ત્રેવીસમા તીર્થંકરનો અવતાર થયો છે, એટલે

તરત ઈન્દ્રાસન પરથી નીચે ઊતરીને ભક્તિપૂર્વક એ બાલતીર્થંકરને નમસ્કાર કર્યા, ને ઐરાવત હાથી ઉપર બેસીને જન્મોત્સવ ઉજવવા આવી પહોંચ્યા; નાનકડા ભગવાનને મોટા હાથી ઉપર બેસાડ્યા...હાથી આકાશમાં ઊડ્યો ને ભગવાનની સવારી મેરુપર્વત ઉપર પહોંચી. આ સૂર્ય–ચંદ્ર દેખાય છે તેનાથી પણ ઘણે ઊંચે મેરુપર્વત ઉપર પ્રભુનો જન્માભિષેક કર્યો. એ વખતે પ્રભુનો દિવ્ય મહિમા દેખીને ઘણાય દેવોને સમ્યગ્દર્શન થયું. અહા, પ્રભુ! આપ તો જન્મરહિત થઈ ગયા, ને આપની ભક્તિથી અમારો જન્મ પણ સફળ થયો; એમ સ્તુતિ કરતા કરતા ઈન્દ્ર–ઈન્દ્રાણી પણ આનંદથી નાચી ઊઠ્યા; અને પ્રભુનું નામ 'પાર્શ્વકુમાર' રાખ્યું.

પ્રભુના જન્માભિષેક વખતે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થવા લાગી. આશ્ચર્ય એ છે કે આકાશમાં ક્યાંય ફૂલઝાડ તો ન હતાં છતાં પુષ્પવૃષ્ટિ થતી હતી! અનંત આકાશને એમ થયું કે–અહા, આ ભગવાનનું જ્ઞાન તો મારા કરતાંય વિશાળ છે!–એટલે નમ્રીભૂત થઈને તે આકાશપુષ્પ દ્વારા પ્રભુની પૂજા કરતું હતું. વળી જેમ હું નિરાલંબી છું તેમ આ ભગવાનનું જ્ઞાન પણ નિરાલંબી છે–એમ નિરાલંબીપણાના આનંદથી ઉલ્લસિત થઈને તે આકાશ પુષ્પવૃષ્ટિ વડે પ્રભુના જન્મોત્સવને ઉજવતું હતું.

મેરુપર્વત ઉપર પારસકુમારનો જન્માભિષેક કર્યા પછી સ્તુતિ કરતાં ઈન્દ્ર કહે છે કે હે પ્રભો! આપ તો પવિત્ર જ છો....આપને નવડાવાના બહાને ખરેખર તો અમે અમારાં જ પાપોને ધોઈ નાંખ્યા છે. ઈન્દ્રાણી કહે છે : પ્રભો! આપને તેડતાં જાણે હું મોક્ષને જ મારી ગોદમાં લેતી હોઉં એમ મારો આત્મા ઉલ્લસી જાય છે. અને રત્ન-આભૂષણો વડે આપને અલંકૃત કરતાં જાણે કે ધર્મરત્નો વડે હું મારા આત્માને જ અલંકૃત કરતી હોઉં–એવો આનંદ થાય છે.–એમ કહીને ઈન્દ્રાણીએ બાલતીર્થંકરને સ્વર્ગનાં વસ્ત્ર–આભૂષણ પહેરાવ્યા તથા રત્નનું તિલક કર્યું. એ પ્રમાણે પારસકુમારનો અભિષેક કરીને અને દેવલોકના દિવ્ય વસ્ત્રાભૂષણ પહેરાવીને સૌ બનારસનગરમાં આવ્યા. અને બ્રહ્મદત્તા (વામાદેવી) માતાજીને એનો લાડીલો પુત્ર પાછો સોંપતાં કહ્યું : હે માતા! આપ ધન્ય છો....આપ જગતના માતા છો. આપે આ જગતને જ્ઞાનપ્રકાશક દીવડો આપ્યો છે; હે માતા! તમારો પુત્ર એ ત્રણ જગતનો નાથ છે.

બનારસીનગરીમાં ઠેરઠેર આનંદોત્સવ થયો.એ તીર્થંકરના આત્માને દેખીને હજારો જીવો ચૈતન્યમહિમા સમજી સમજીને આત્મજ્ઞાન પામ્યા. અહા, ભગવાન પોતે કેવળજ્ઞાન પામીને ધર્મોપદેશ આપશે ને ધર્મવૃદ્ધિ કરશે, ત્યારની તો શી વાત! પણ તેમનો જન્મ થતાં જ જીવોમાં સ્વયમેવ ધર્મની વૃદ્ધિ થવા લાગી. જેમ સૂર્ય ઊગે ને કમળ ખીલવા માંડે તેમ તીર્થંકરસૂર્યનો ઉદય થયો ને ભવ્યજીવોરૂપી કમળ ખીલવા માંડ્યા. જન્મોત્સવની ખુશાલીમાં માતા–પિતાની સન્મુખ દેવોએ સુંદર નાટક કરીને ભગવાનના પૂર્વના નવ ભવો દેખાડ્યા; તેમાં હાથીના ભવમાં મુનિના ઉપદેશથી સમ્યગ્દર્શન પામવાનું દશ્ય દેખીને ઘણા જીવો પ્રતિબોધ પામ્યા; પછી તે જીવે મુનિદશા ધારણ કરીને ઉત્તમ ક્ષમાનું કેવું પાલન કર્યું તે પણ બતાવ્યું. એ રીતે પારસકુમારનો જન્મોત્સવ ઉજવીને, તથા માતા–પિતાને ઉત્તમ વસ્તુઓ ભેટ આપીને તે ઈન્દ્રો પાછા પોતાના સ્વર્ગમાં ગયા. એ વખતે તો સ્વર્ગ કરતાંય વારાણસીનગરીનો વૈભવ વધી ગયો હતો, કેમકે તીર્થંકર જેવા પુણ્યાત્મા ત્યાં બિરાજતા હતા. સ્વર્ગના દેવો પણ નાના બાળકોનું રૂપ ધારણ કરીને પારસકુમારની સાથે રમવા આવતા હતા. અહા! તીર્થંકરનો સહવાસ કોને

ન ગમે! તે દેવકુમારો સાથે ભગવાન પારસકુમાર અવનવી રમત રમતા, અને કોઈ કોઈવાર ધર્મની ચર્ચા કરીને આત્માના અનુભવનું રહસ્ય પણ સમજાવતા. અહા, એ નાનકડા ભગવાનના શ્રીમુખથી જ્યારે આત્માના અનુભવનો પ્રવાહ વહેતો હશે ત્યારે એ બાલતીર્થંકરની વીતરાગરસભરી વાણી સાંભળીને જીવો કેવા આનંદિત થયા હશે! એમની મુદ્રાના દિવ્ય શાંત ભાવો મુમુક્ષુને અતીન્દ્રિય આત્મસુખની પ્રતીતિ ઉપજાવતા હતા. કેવળજ્ઞાન થયા પછીની તો શી વાત! પરંતુ તીર્થંકરપ્રકૃતિનો ઉદય આવ્યા પહેલાં પણ એમના નિમિત્તે ધર્મવૃદ્ધિ થવા લાગી હતી. ધન્ય અવતાર!

ભગવાનને જન્મથી જ મતિ-શ્રુત-અવધિ ત્રણ જ્ઞાન હતાં, ને ક્ષાયિક સમ્યગ્દર્શન હતું; તેમનો સ્વભાવ અતિશય સૌમ્ય હતો. આઠ વર્ષની વય થતાં તેઓ પાંચ અણુવ્રતનું પાલન કરવા લાગ્યા. કોઈની પાસે વિદ્યા શિખવાનું તો એમને હતું નહીં. આત્મવિદ્યાને જાણનારા એ ભગવાનમાં બીજી બધી વિદ્યાઓ પણ સ્વયમેવ ખીલી ગઈ; તેમની ચૈતન્યવિદ્યા પણ વૃદ્ધિગત થતી હતી.

યુવાન રાજકુમારને દેખીને એકવાર માતા પિતાએ તેમને લગ્ન માટે અનુરોધ કર્યો, ને કોઈ સુંદર રાજકન્યા સાથે લગ્ન કરવા કહ્યું. પણ પારસકુમારે અનીચ્છા બતાવી; ત્યારે માતાજીએ ગદ્ગદ્ થઈને કહ્યું કે હે કુમાર! હું જાણું છું કે તમારો અવતાર વૈરાગ્ય માટે છે, તથા તમે તીર્થંકર થવાના છો, અને તેથી હું મારી કુંખને ધન્ય માનું છું; પરંતુ અગાઉ ઋષભાદિ તીર્થંકરોએ પણ લગ્ન કરીને જે રીતે માતા–પિતાની ઈચ્છા પૂર્ણ કરી હતી તેમ તમે પણ અમારી ઈચ્છા પૂર્ણ કરો....

ત્યારે પારસકુમાર ગંભીરતાથી કહે છે કે હે માતા! ઋષભદેવની વાત જુદી હતી; હું બધી વાતે તેમની બરાબર નથી; તેમનું આયુષ્ય ઘણું લાંબું હતું ને મારું આયુષ્ય તો સો વર્ષનું જ છે; અલ્પકાળમાં જ સંયમ ધારણ કરીને મારે મારી આત્મસાધના પૂરી કરવાની છે; તેથી મારે સંસારના બંધનમાં પડવું તે ઉચિત નથી.

વૈરાગી રાજકુમારની એ વાત સાંભળીને માતા-પિતાનાં લોચન આંસુથી ઉભરાઈ ગયા; થોડીવાર તેઓ નીરાશ થયા; પણ અંતે તેમણે સમાધાન કર્યું. તેઓ પણ સૂજ્ઞ હતા....તેમણે વિચાર્યું કે પારસકુમાર તો તીર્થંકર થવા અવતર્યા છે....સંસારના ભોગ ખાતર કાંઈ એનો અવતાર નથી; એનો અવતાર તો મોક્ષને સાધવા માટે છે ને અમારે પણ તે જ માર્ગે જવાનું છે.

## ★ સર્પયુગલના ઉદ્ધારનો પ્રસંગ ★

એક વખત પારસકુમાર વનવિહાર કરવા નીકળ્યા સાથે તેમનો મિત્ર સુભોમકુમાર પણ હતો. રાજકુમાર પારસનાથને દેખીને જનતા બહુ આનંદિત થતી હતી; અરે વનનાં હરણ વગેરે પશુઓ પણ પ્રભુને દેખીને આશ્ચર્ય પામતા ને શાંતચિત્તે નીરખી રહેતા–કે અહા, આ કોઈ મહાપુરુષ છે કે જેને દેખીને અમને ભય નથી થતો પણ શાંતિ થાય છે! વનનાં ફૂલઝાડ પણ પ્રભુને દેખીને ખીલી ઊઠ્યાં. વનની શાંત કુદરતી શોભા નીહાળતા–નીહાળતા રાજકુમાર વિચારી રહ્યા છે કે મારે પણ હવે વનવિહારી થવાનો સમય નજીકમાં જ છે. આમ ઉત્તમ ભાવનાઓ પૂર્વક વનવિહાર કરી રહ્યા હતા; એવામા એક પ્રસંગ બન્યો....વનમાં તેમણે એક તાપસ બાવાને દેખ્યો. કોણ છે એ તાપસ! તે જાણવા માટે આપણે તેમના પૂર્વભવો તરફ જરાક નજર કરવી પડશે.

પારસનાથ ભગવાન પૂર્વભવમાં જ્યારે અગ્નિવેગમુનિ હતા ત્યારે, તેમના ભાઈ કમઠનો જીવ અજગર થઈને તેમને ખાઈ ગયો હતો ને નરકમાં ગયો હતો; પછી તે કમઠનો જીવ શિકારી થયો ને તેણે વજ્રનાભિ–મુનિને મારી નાંખ્યા; પછી તે સિંહ થઈને આનંદ–મુનિને ખાઈ ગયો. ત્યાંથી પાંચમી નરકમાં જઈને તેણે ઘણાં દુઃખો ભોગવ્યાં, તેમ જ તિર્યંચ પર્યાયોમાં ત્રણ સાગર સુધી રખડ્યો. અંતે તે જીવ મહિપાલનગરીમાં મહિપાલ નામનો રાજા થયો. પારસનાથની માતા બ્રહ્મદત્તા, તે આ મહિપાલરાજાની જ પુત્રી હતી, એટલે પારસકુમાર તેમના દોહિત્ર (દિકરીના દિકરા) થયા. તે મહિપાલની રાણીનું મરણ થતાં દુઃખને લીધે તે તાપસ થયો હતો; સાતસો તાપસ તેના શિષ્યો હતા. અજ્ઞાનપૂર્વક કુતપ તે કરતો હતો. સાતસો તાપસો સાથે ફરતાં ફરતાં તે મહિપાલ તાપસ આ બનારસીનગરીમાં આવ્યો હતો ને વનમાં પંચાગ્નિ તપ તપતો હતો...અગ્નિમાં લાકડાં બાળતો હતો.

–એવામાં પારસકુમાર પણ તેમના મિત્રો સાથે વનવિહાર કરતાં કરતાં ત્યાં આવી પહોંચ્યા; તેમણે મહિપાલ તાપસને દેખ્યો. તેને દેખીને પણ પારસકુમારે વંદન–નમસ્કાર ન કર્યા. અરે, સામાન્ય શ્રાવક પણ કદી કુગુરુને ન નમે તો પછી આ તો પારસ તીર્થંકર, તે કુગુરુને કેમ નમે?

રાજકુમારે પોતાનો આદર ન કર્યો તેથી મહિપાલ તાપસના મનમાં ક્રોધ થયો...જાણે પૂર્વભવના ક્રોધસંસ્કાર ભભૂકી ઊઠ્યા : અરે, હું આવો મહાન તાપસ–બાવો! ને આ રાજકુમારનો વડીલ; છતાં તે મને નમન નથી કરતો; તેને રાજ્યનું અભિમાન હશે, પરંતુ હું પણ તેના જેવું જ રાજ્ય છોડીને તાપસી થયો છું; વળી હું તેની માતાનો પિતા થાઉં છું, છતાં આ અભિમાની કુંવર મારો વિનય કરતો નથી. આ પ્રમાણે તે અજ્ઞાની–ગુરુ મનમાં ને મનમાં ક્રોધ કરવા લાગ્યો.

શાંત અને ગંભીર એવા ભગવાન પાર્શ્વકુમાર તો એમને એમ શાંતિથી ઉભા રહ્યા; તેમનું ચિત્ત ઘણું દયાળુ હતું; પણ ખોટા કુગુરુ–તાપસ વગર વિચાર્યે ક્રોધમાં આવી ગયા, અને બોલવા લાગ્યા કે હું મહાન તપસ્વી છું અને પાર્શ્વકુમારની માતાનો પિતા છું છતાં આ અજ્ઞાની કુમાર મને નમસ્કાર કર્યા વગર અવિવેકીપણે ઊભો છે!

ત્યારે પાર્શ્વકુમારનો મિત્ર સુભોમકુમાર કહેવા લાગ્યો કે હે બાવાજી! 'હું ગુરુ છું ને હું મોટો તપસ્વી છું' એમ સમજીને તમે ભારે અભિમાન કરી રહ્યા છો, પણ તમને ખબર નથી કે મિથ્યાત્વસહિતના આ કુતપથી ને હિંસાથી જીવનું કેટલું અહિત થાય છે? કાયા અને કષાયોથી જુદા આત્માનો જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી સાચું તપ હોતું નથી. તમારા આ અજ્ઞાનમય પંચાગ્નિતપમાં તો છકાય જીવોની હિંસા થાય છે; તેથી તે કુતપ છે, તેનાથી આત્માનું જરાપણ હિત નથી.

સુભૌમકુમારની એ વાત સાંભળીને મહિપાલદાદાને વધારે ક્રોધ ચડ્યો; તે કહેવા લાગ્યા કે– તું મને ઉપદેશ દેનાર કોણ? આ રાજકુમાર તો હજી નાનો છોકરો છે, એને મારા તપની શું ખબર પડે?–એમ કહીને તે અજ્ઞાની તાપસ કુહાડા વડે લાકડાં ફાડી–ફાડીને અગ્નિમાં હોમવા લાગ્યો. એક મોટું લાકડું કાપીને તે અગ્નિમાં હોમતો હતો...એવામાં...!

—એવામાં અચાનક ભગવાન પારસકુમાર હાથ ઊંચો કરીને ગંભીર સ્વરે બોલી ઊઠ્યા–

સબૂર કરો...સબૂર કરો...(અવધિજ્ઞાનથી તેમણે જાણી લીધું કે આ લાકડામાં બે સર્પ બેઠા છે, તે કુહાડાથી કપાઈ ગયા છે, ને હમણાં અગ્નિમાં હોમાઈ જશે! તેથી દયાવંત ભગવાન બોલી ઊઠ્યા કે સબૂર કરો...) એ લાકડાંને અગ્નિમાં ન નાંખો!'

અજ્ઞાની તાપસ બોલી ઊઠ્યો : તું મને રોકનાર કોણ? (તે તાપસને ખબર ન હતી કે આ લાકડામાં બે નાગ બેઠા છે.)

ભગવાને કહ્યું :–તમે જે લાકડું કાપો છો તેમાં બે સર્પ બેઠા છે, તે પણ કપાઈ ગયા ને અગ્નિમાં બળી જશે....માટે....આવી જીવહિંસા ન કરો....ન કરો.

અવધિજ્ઞાની પારસકુમારની એ વાત સાંભળીને પણ તાપસે વિશ્વાસ ન કર્યો; તેણે કહ્યું–તું વળી એવો કયો ત્રિકાળજ્ઞાની થઈ ગયો કે તેં આ લાકડામાં સર્પ દેખ્યા? તું તો નકામો અમારા હોમહવનમાં વિઘ્ન કરે છે. ત્યારે સુભોમકુમારે કહ્યું–બાબા! આ ભગવાન પારસનાથ અવધિજ્ઞાની છે, તેમનું વચન કદી અસત્ય હોય નહીં. તમારે ખાતરી કરવી હોય તો લાકડું ચીરીને જુઓ.

મહિપાલતાપસ (કે જે કમઠનો જીવ છે) તેણે ક્રોધમાં ને ક્રોધમાં કુહાડો લઈને લાકડું કાપ્યું; ત્યાં તો અંદરથી તરફડતા બે સર્પ નીકળ્યા. તેમના શરીરનાં બે કડકા થઈ ગયા હતા ને દુઃખથી બિચારા ધ્રુજતા હતા. તેઓ પારસપ્રભુની સન્મુખ ટગટગ નજરે જોઈ રહ્યા; જાણે કે તેમને દુઃખથી છોડાવવા વિનતિ કરતા હોય! સર્પને દેખીને માણસો તો ચકિત થઈ ગયા; ચારેકોર હાહાકાર થઈ ગયો...મહિપાલ-તાપસ પણ ઘડીક તો આશ્ચર્ય પામી ગયો.

પ્રભુએ સર્પ ઉપર નજર કરી; પ્રભુની દૃષ્ટિ પડતાં બંને સર્પો ઘણી શાંતિ પામ્યા. ધીર-ગંભીર અવાજે પ્રભુ બોલ્યા : અરે! જીવોને કેટલું અજ્ઞાન છે! જ્યાં આવી જીવહિંસા હોય ત્યાં કદી ધર્મ હોઈ શકે નહીં.

તાપસ અભિમાનથી કહેવા લાગ્યો–તું મને ઉપદેશ દેનાર કોણ? હું તો સાતસો શિષ્યોનો ગુરુ છું!

હજી પણ તેની આવી અવિવેકી વાત સાંભળીને, સુભોમકુમાર કહેવા લાગ્યા અરે મા'રાજ! અમે નથી તો તમને ગુરુ માનતા, કે નથી તમારો તિરસ્કાર કરતા. પરંતુ આપ્ત સર્વજ્ઞ–વીતરાગદેવ, તથા તેમણે કહેલો વીતરાગઅહિંસારૂપ માર્ગ, તેને છોડીને અજ્ઞાનથી તમે મિથ્યાત્વ અને ક્રોધાદિ કષાયને વશ થઈને યજ્ઞના નામે છકાય જીવોની હિંસામાં પ્રવર્તી રહ્યા છો,ને તે ખોટા માર્ગ વડે મોક્ષ મેળવવાની ચાહના કરો છો, તે તો માત્ર ફોતરાં ખાંડીને ચાવલની આશા કરવા જેવું અજ્ઞાન છે; માટે હિંસામય એવા આ અજ્ઞાનમાર્ગને છોડો ને સાચા જ્ઞાનમાર્ગને અંગીકાર કરો. તમારા ઉપર અમને ઘણો સ્નેહ છે ને પૂર્વમાં તમે આ પારસકુમારના ભાઈ હતા તેથી અમે તમને આ હિતની વાત કરીએ છીએ. માટે વિચાર કરીને સારી વાત ગ્રહણ કરો ને મનના મેલા ભાવને છોડો.

અહા, કેવો મધુર ઉપદેશ! હોનહાર તીર્થંકરની હાજરીમાં આવો સરસ મજાનો વીતરાગધર્મનો ઉપદેશ સાંભળીને પણ તે કમઠના જીવે સાચો ધર્મ અંગીકાર ન કર્યો. અરે, આવા સાક્ષાત્ હોનહાર તીર્થંકર નજર સામે ઊભા છે, તેમને દેખીને પણ એ કુગુરુનો ક્રોધ શાંત ન થયો. જીવ પોતે ભાવશુદ્ધિ

ન કરે તો તીર્થંકર પણ એને શું કરે ? જો કે ઊંડે ઊંડે તેને ઘા લાગી ગયો કે આ ઉત્તમ પુરુષો સામે મારી કાંઈક ભૂલ થાય છે...પણ ક્રોધ અને અજ્ઞાનને લીધે તેણે સાચા વીતરાગધર્મનો સ્વીકાર ન કર્યો. ધર્મનો લાભ થવા માટે તેને હજી થોડીક વાર હતી. અંતે તો તે આ ભગવાનના જ શરણે આવીને સાચો ધર્મ અંગીકાર કરશે.



એક બાજુ કપાઈ ગયેલા બે સર્પો તરફડી રહ્યા છે, એક બાજુ તે સર્પોની હિંસા કરનાર કુગુરુ ઊભા છે, ને એક બાજુ તે સર્પોનો ઉદ્ધાર કરનારા જગતગુરુ તીર્થંકર ઊભા છે ને મધુરવાણીથી વીતરાગધર્મનું સ્વરૂપ કહે છે. બંને સર્પો તો દયામૂર્તિ ભગવાનને દેખીને શાંતિ પામ્યા ને તેમના શ્રીમુખથી વીતરાગધર્મનો ઉપદેશ સાંભળીને ધન્ય બન્યા.

અત્યંત ગંભીર એવા પારસકુમાર કહે છેઃ હે સર્પરાજ! આ અજ્ઞાની તાપસના કુહાડાથી તમારા શરીરના ટૂકડા થઈ ગયા છે; પરંતુ તમે ક્રોધ ન કરશો; પૂર્વે ક્રોધ કરવાથી તમે આ સર્પનો અવતાર પામ્યા છો; પણ હવે ક્રોધ છોડીને ક્ષમાભાવ ધારણ કરજો, ને પંચપરમેષ્ઠી ભગવાનનું શરણ લેજો.—એમ કહીને પારસનાથે તે સર્પને ધર્મ સંભળાવ્યો; બંને સર્પ ખૂબ જ શાંતિથી તે સાંભળતા હતા.—

અહા ! હોનહાર તીર્થંકરના દર્શનથી, ને તેમની વાણી સાંભળવાથી, નાગ અને નાગણી પોતાનું દુઃખ ભૂલી ગયા ને શાંતભાવ ધારણ કરીને ઘણી જ ઉપકારબુદ્ધિથી પ્રભુ સામે જોઈ રહ્યા. તે સર્પના મોઢામાંથી ઝેરને બદલે જાણે અમૃત ઝરતું હતું કે અહો, અમારા જેવા ઝેરી જીવોને પણ પ્રભુએ કરુણાપૂર્વક સાચો ધર્મ સમજાવ્યો ને અમારું કલ્યાણ કર્યું. ધન્ય છે આ ભગવાનને ! એમ વિચારીને તે બંને સર્પો ભક્તિથી માથું નમાવતા હતા. ને પ્રભુની આંખમાંથી તો અમૃત વરસતું હતું. પ્રભુના શાંતરસઝરતાં વચન સાંભળીને નાગ—નાગણી બંને જીવો ઘણી શાંતિ પામ્યા; અને પ્રભુના શરણમાં જ દેહ છોડીને, ભવનવાસી દેવમાં ધરણેન્દ્રદેવ તથા પદ્માવતીદેવી થયા. અવધિજ્ઞાનથી ભગવાનનો ઉપકાર જાણીને તેઓ ભક્તિ કરવા લાગ્યા કે ધન્ય જિનધર્મ ! ને ધન્ય પારસનાથ ! કે જેણે અમને સર્પમાંથી દેવ બનાવ્યા, ને સંસારથી છોડાવનારો જૈનધર્મ આપ્યો.

જુઓ તો ખરા, ક્ષમાધારી આત્માની સમીપતામાં નાગ જેવા ઝેરી જીવો પણ ક્રોધ છોડીને ક્ષમાવંત બની ગયા; ને કાપી નાંખનારા કુગુરુ પ્રત્યે પણ ક્રોધ ન કરતાં ક્ષમાભાવથી મરીને દેવ થયા. ધન્ય છે વીતરાગમાર્ગની ક્ષમાને. આવા વીતરાગધર્મને સાંભળીને પણ દુષ્ટ કમઠના જીવે તેનો સ્વીકાર ન કર્યો; પણ આણે મારું અપમાન કર્યું—એમ સમજીને ઊલટો ક્રોધ કર્યો. સર્પો તો ધર્મ પામ્યા, પણ આ મહિપાલતાપસ ધર્મ ન પામ્યો; તે ક્રોધના શલ્યપૂર્વક મરીને 'સંવર' નામનો જ્યોતિષી દેવ થયો. તેણે કુતપ કર્યો હતો તેથી તે હલકો દેવ થયો.

હવે આ બાજુ પારસકુમાર બનારસનગરમાં આત્મજ્ઞાનસહિત વૈરાગ્યજીવન જીવી રહ્યા છે....ને બધા જીવો તેમના દર્શનથી સુખ પામે છે.

## ★ પારસનાથ–વૈરાગ્ય અને દીક્ષા ★

એકવાર માગશરવદ અગિયારસે પારસકુમાર રાજસભામાં બેઠા હતા ને તેમનો જન્મદિવસ ઉજવાતો હતો; દેશોદેશના રાજાઓ તરફથી ઉત્તમવસ્તુઓ ભેટ આવતી હતી.અયોધ્યાનો રાજદૂત પણ ભેટ લઈને આવ્યો.

પાર્શ્વપ્રભુના દર્શનથી તે આશ્ચર્ય પામ્યો; વિનયથી સ્તુતિ કરીને તેણે કહ્યું : હે પ્રભો ! અમારી અયોધ્યાનગરીના જયસેન મહારાજાને આપના પ્રત્યે ઘણો પ્રેમ છે તેથી આ ઉત્તમ રત્નો અને હાથી વગેરે વસ્તુઓ આપને ભેટ મોકલી છે.

પારસકુમારે પ્રસન્નદષ્ટિથી દૂત સામે જોયું અને અયોધ્યાના વૈભવની વાત પૂછી. ત્યારે દૂતે કહ્યું–મહારાજ ! અમારી અયોધ્યાનગરી તો તીર્થંકરોની ખાણ છે; તીર્થંકરો જે પુણ્યભૂમિમાં પાકે છે તે અયોધ્યાના વૈભવની શી વાત ! અસંખ્ય વર્ષ પહેલાં ભગવાન ઋષભદેવ આ ભરતક્ષેત્રમાં પહેલા તીર્થંકર થયા, તેઓ અયોધ્યામાં જ અવતર્યા હતા, તે વખતે ઈન્દ્રે તે નગરીની રચના કરી હતી.

અયોધ્યાના વૈભવની વાત ભગવાન પ્રેમથી સાંભળી રહ્યા છે, ને દૂત કહે છે : પ્રભો ! ત્યારપછી બીજા અજિતનાથ, અભિનંદનનાથ, સુમતિનાથ અને અનંતનાથ એ ચાર તીર્થંકરો પણ અયોધ્યાનગરીમાં જ જન્મ્યા હતા. ભરતચક્રવર્તી, ભગવાન રામચંદ્રજી—વગેરે અનેક જીવોએ અયોધ્યાનગરીને પાવન કરી છે.

અયોધ્યાનગરીનું તેમજ પૂર્વના તીર્થંકરોનું વર્ણન સાંભળીને ભગવાન પારસકુમાર ગંભીર વિચારમાં ઊતરી ગયા; તે જ વખતે તેમને મતિજ્ઞાનાવરણનો સાતિશય ક્ષયોપશમ થયો; વૃદ્ધિગત જ્ઞાનવૈભવમાં પૂર્વના અનેક ભવોનો સાક્ષાત્કાર થયો, એટલે જાતિસ્મરણ જ્ઞાન થયું, ને તેઓ સંસારથી વૈરાગ્ય પામ્યા : અરે ! પૂર્વ દેવલોકના વૈભવને પણ આ જીવ ઘણી વાર ભોગવી ચૂક્યો છતાં તેને તૃપ્તિ ન થઈ; બાહ્ય પદાર્થો વડે જીવને કદી તૃપ્તિ થવાની નથી. અહો ! તે ઋષભાદિ ભગવંતો ધન્ય છે કે જેમણે સંસાર છોડીને મોક્ષપદ પ્રાપ્ત કરી લીધું મને તીર્થંકરનામ કર્મનું બંધન થયું તેથી શું લાભ થયો ? 'किं जातः तीर्थकृत नाम बन्धनात ?' મારે જગતના સામાન્ય મનુષ્યની માફક સંયમ વગર કાળ ગુમાવવો ઉચિત નથી. ઋષભાદિ જિનવરો જે માર્ગે ગયા તે જ માર્ગે મારે જવાનું છે. માટે હવે આજે જ હું દીક્ષા લઈને મુનિ થઈશ, ને મારી આત્મસાધના પૂરી કરીશ.

આ પ્રમાણે ભવથી વિમુખ અને મોક્ષની સન્મુખ થયેલા ભગવાન વૈરાગ્યભાવના ભાવવા લાગ્યા : શરીર તો જીવન વગરનું છે,–તેનામાં ચેતના નથી; જ્ઞાનદર્શનમય ચેતના તે જ મારું જીવન છે. હું સદા જ્ઞાન-દર્શનસ્વરૂપ એક શાશ્વત જીવ છું; એ સિવાય બીજું કાંઈ મારું નથી; માટે સર્વત્ર મમત્વ છોડીને હું ચિદાનંદસ્વરૂપમાં લીન થાઉં છું.–આ પ્રમાણે વૈરાગી ભગવાન ચારિત્ર લેવા તૈયાર થયા, ત્યાં તો ચારિત્રમોહની સેના થરથર ધ્રુજવા લાગી ને ભાગવા માંડી. દીક્ષાનો ઉત્સવ કરવા ઈન્દ્રો આવી પહોંચ્યા; લૌકાંતિકદેવો એકાવતારી છે તેઓ પણ આવ્યા ને ભગવાનના વૈરાગ્યની પ્રશંસા કરી.

દીક્ષા માટે તૈયાર થયેલા ભગવાને માતા પાસે જઈને કહ્યું : હે માતા! હવે હું ચારિત્રસાધના વડે કેવળજ્ઞાન પ્રગટ કરવા જાઉં છું–એ જ પ્રમાણે પિતાજી પાસેથી પણ રજા લઈને ભગવાન 'વિમલા' નામની પાલખીમાં આરૂઢ થયા...ને વનમાં જઈ સ્વયં દીક્ષિત થઈને આત્મધ્યાન કરવા લાગ્યા. ભગવાને ત્રીસ વર્ષની ઉંમરે પોતાના જન્મદિવસે જ દીક્ષા લીધી; તેમની સાથે ત્રણસો રાજાઓએ જિનદીક્ષા લીધી. અહા, ત્રણસો મુનિઓથી ભરેલું એ દીક્ષાવન અદ્ભુત વીતરાગતાથી શોભતું હતું; વનનું એ શાંત–વીતરાગી વાતાવરણ જાણે કે વીતરાગતાને જ પ્રસિદ્ધ કરતું હતું. દિગંબરદશાધારક એ મુનિરાજને વસ્ત્ર તો હતા નહીં. ને અંદર મોહ પણ ન હતો. નિર્વિકલ્પ શુદ્ધોપયોગરૂપ સહજ દશાથી તે મહાત્મા શોભતા હતા.

પ્રભુને ધ્યાનમાં તરત જ સાતમું ગુણસ્થાન પ્રગટ્યું, અને મનઃપર્યયજ્ઞાન પણ ખીલી ગયું....અનંતગુણો જાણે એકબીજાની હરિફાઈ કરતા હોય–તેમ ઝડપથી ખીલવા લાગ્યા. મૌનપણે એ પારસમુનિરાજ આત્માના નિજકાર્યને સાધવા લાગ્યા. સૌથી પહેલાં ગુલ્મખેટનગરના બ્રહ્મદત્ત (અથવા ધન્ય) રાજાએ તે મુનિરાજને આહારદાન કર્યું ને તેઓ ખરેખર ધન્ય બન્યા.

દેહ અને આત્માની ભિન્નતા જાણનારા, તથા શત્રુમિત્રમાં સમભાવ રાખનારા તે પારસમુનિરાજ અંતરમાં વારંવાર શુદ્ધોપયોગવડે નિજસ્વરૂપને ધ્યાવતા હતા અને અતીન્દ્રિય આનંદને અનુભવતા હતા તેમની નજીકમાં સિંહ અને હરણ, સર્પ અને મોર વગેરે જીવો પણ શાંતિથી એક સાથે બેસતા ને એકબીજાના મિત્ર બની જતા હતા; પ્રભુને જોઈને તે પશુઓ પણ ખુશ થતા હતા.

## સંગમદેવનો ઉપસર્ગ અને પ્રભુને કેવળજ્ઞાન–પ્રાપ્તિ

એ રીતે મુનિદશામાં આત્મધ્યાનસહિત વિચરતાં વિચરતાં ચાર મહિના વીતી ગયા....ભગવાનની શુદ્ધતા વધવા લાગી ને કેવળજ્ઞાન થવાની તૈયારી થઈ એકવાર તે મુનિરાજ સાત દિવસનો ધ્યાનયોગ ધારણ કરીને કાયોત્સર્ગપૂર્વક ઊભા હતા. એમનો દેખાવ કોઈ અદ્ભુત હતો, તેઓ પોતે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ હતા, કાયાની માયા વિસારીને તેઓ સ્વરૂપમાં સમાયા હતા ને નિર્ગ્રંથ માર્ગ વડે ભવનો અંત કરી રહ્યા હતા. જગતની બાહ્યદૃષ્ટિ છોડીને નિજસ્વરૂપના અવલોકનમાં તેઓ મશગુલ હતા. એવામાં એક ઘટના બની.

આકાશમાં એક દેવવિમાન પસાર થતું હતું; પણ જ્યાં ભગવાનની ઉપર આવ્યું કે તે વિમાન એકાએક અટકી ગયું. નીચે પારસનાથ જેવા મુનિરાજ બિરાજતા હોય તેને વંદન કર્યા વગર વિમાન કેમ આગળ જઈ શકે? એ વિમાનમાં બેઠેલા દેવે ઘણી મહેનત કરી પણ વિમાન તો જરાય ન ચાલ્યું.–કોણ છે એ દેવ? જાણો છો? એ તો છે સંગમદેવ, આપણો જૂનો ને જાણીતો કમઠનો જીવ!

તે સંગમદેવે વિમાનમાંથી બહાર નીકળીને જોયું તો પારસમુનિરાજને ધ્યાનમાં દેખ્યા! બસ, એને દેખતાંવેંત ભાઈસાહેબ ક્રોધથી સળગી ઊઠ્યા કે નક્કી આણે જ મારા વિમાનને રોક્યું છે. એણે તો ભયંકર વિકરાળ રૂપ ધારણ કર્યું ને ભગવાન સામે આવીને ઊભો,–જાણે કે હમણાં ભગવાનને ખાઈ જશે–એમ અત્યંત ક્રોધથી મોઢું ફાડીને કહેવા લાગ્યો કે અરે માયાવી! તેં મંત્રથી મારા વિમાનને કેમ રોક્યું છે? જલ્દી મારા વિમાનને છોડ, નહીં તો તને ભસ્મ કરી નાખીશ.–એમ કહીને તે તો મોઢામાંથી

અગ્નિની જવાળા કાઢવા લાગ્યો.

—પણ કોણ બોલે? ભગવાન તો પોતાના ધ્યાનમાં લીન છે; એ તો નથી બોલતા કે નથી હાલતા—ચાલતા; એમનું રૂંવાડુય ન ફરક્યું. (અરે કમઠ! અરે સંવર! તારા ક્રોધથી તું જ બળી રહ્યો છે; તારો ક્રોધ ભગવાનને નહીં બાળી શકે!) કમઠદ્વારા ફેંકાતી અગ્નિની જવાળા પ્રભુથી દૂર જ રહેતી હતી; ભગવાન તો પોતાના ઉપશમરસમાં તરબોળ હતા.

અગ્નિની જવાળાની ભગવાનને કાંઈ અસર ન થઈ તેથી સંવરદેવ વધારે ખીજાયો, અને પહાડ જેવા મોટામોટા પત્થર ઉપાડીને તે ભગવાનની સામે ફેંકવા લાગ્યો.ઘણણ—ઘણણ કરતા પત્થરનો વરસાદ વરસાવ્યો...ધરતી તો ધ્રુજી ઊઠી....ભલભલા જીવો કંપી ઊઠ્યા ને ધરણેન્દ્રનું આસન પણ કંપી ઊઠ્યું; પણ ભગવાન તો અકંપ આત્મધ્યાનમાં લીન રહ્યા....(પત્થરનો વરસાદ વરસે એવી વિક્રિયા સંવરદેવે કરી પણ ભગવાનને તો ઊની આંચ પણ ન આવી; તેમના પર પત્થરની એક કણી પણ ન પડી.—એવો જ એમનો અતિશય હતો) તીર્થંકરના દેહ ઉપર સીધો ઉપસર્ગ કોઈ કરી શકે નહીં. બહારમાં સંવરદેવ પહાડના પહાડ ઉખેડીને ફેંકતો હતો, પણ એ પથરા તો પ્રભુથી દૂર જ રહેતા હતા; ત્યારે એ જ વખતે પ્રભુ તો અંદરમાં ધ્યાન વડે કર્મપર્વતના ટુકડેટુકડા કરી નાંખતા હતા.

પથ્થરના વરસાદથી પણ પ્રભુ ન ડગ્યા, ત્યારે સંવરદેવે ધોધમાર પાણી વરસાવવા માંડ્યું. હમણાં જાણે આખી પૃથ્વી ડૂબી જશે—એમ દરિયા જેવું પાણી ઉભરાવા લાગ્યું. વનમાં ચારેકોર હાહાકાર થઈ ગયો; પશુઓ ભયભીત થઈને પ્રભુના શરણે બેસી ગયા. સંવરદેવ ક્રોધથી પારસ મુનિરાજ ઉપર ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે.—પણ પ્રભુ ઉપરના ઉપસર્ગને કુદરત સહન કરી ન શકી; ધરણેન્દ્રનું આસન કંપી ઊઠ્યું : 'અરે! આ ઇન્દ્રાસન કેમ ધ્રુજે છે!'—અવધિજ્ઞાનથી તેને ખબર પડી કે અમારા ઉપર પરમ ઉપકાર કરનારા પારસ મુનિરાજ ઉપર અત્યારે સંવરદેવ ઘોર ઉપસર્ગ કરી રહ્યો છે—તરત જ ધરણેન્દ્ર અને પદ્માવતી ત્યાં આવ્યા અને ઉપસર્ગ દૂર કરવા તત્પર થયા.

એક તરફ સંવરદેવ દ્વેષથી ઉપસર્ગ કરી રહ્યો છે; બીજી તરફ ધરણેન્દ્રદેવ તથા પદ્મામાવતીદેવી ભક્તિરાગથી સેવા કરી રહ્યા છે;—પ્રભુ તો રાગ—દ્વેષ બંનેથી પાર પોતાની ચૈતન્યસાધનામાં જ તત્પર છે. 'શત્રુ—મિત્રપ્રત્યે વર્તે સમદર્શિતા'—એમને નથી સંવર ઉપર દ્વેષ, કે નથી ધરણેન્દ્ર પ્રત્યે રાગ; બહારમાં શું બની રહ્યું છે તેનું તેમને લક્ષ નથી. બહારમાં પાણીનો ધોધ વરસે છે તો પ્રભુના અંતરમાં ચૈતન્યના આનંદનો સાગર ઊછળી રહ્યો છે.

વહાલા વાંચક! અત્યારે ભગવાન ઉપર આવો ઉપસર્ગ દેખીને તને કદાચ એ કમઠના જીવ ઉપર (સંવરદેવ ઉપર) ક્રોધ આવી જતો હશે!—પણ સબૂર! તું એના ઉપર ક્રોધ ન કરીશ. એ જીવ પણ હમણાં જ સમ્યગ્દર્શન પામીને ધર્માત્મા બનવાનો છે. જે પારસનાથ ઉપર તે ઉપસર્ગ કરી રહ્યો છે તે જ પારસપ્રભુના શરણમાં આત્માનો અનુભવ કરીને તે સમ્યગ્દર્શન પામશે; ને ત્યારે તેના પ્રત્યે બહુમાન જાગશે કે—વાહ! ધન્ય તે આત્મા, કે જેણે ક્ષણમાં પરિણામનો પલટો કરીને આત્માનો અનુભવ કર્યો. પરિણામ ક્ષણમાં પલટાવી શકાય છે. ક્રોધ કાંઈ આત્માનો સ્વભાવ નથી કે તે કાયમ ટકી રહે! તે ક્રોધથી જુદો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. ઉપસર્ગ વખતે પારસનાથે પણ કાંઈ કમઠના જીવ ઉપર ક્રોધ

નહોતો કર્યો;–ક્રોધ કર્યો હોત તો તેઓ કેવળજ્ઞાન ન પામત. આ પ્રસંગ દ્વારા મૌનપણે પણ પારસનાથ પ્રભુ એવો ઉપદેશ આપે છે કે હે જીવો! ઉપસર્ગ કરનારા પ્રત્યે પણ તમે ક્રોધ ન કરશો....તમે શાંતભાવે તમારી આત્મસાધનામાં અડોલ રહેજો.–

**બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં;**
**વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;**
**દેહ જાય પણ માયા થાય ન રોમમાં,**
**લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.**

–આવી અપૂર્વ મુનિદશામાં પ્રભુ વર્તી રહ્યા છે. ધન્ય એમની વીતરાગતા! ધન્ય એમની આત્મસાધના!

આ બાજુ સંવરદેવ તો, જાણે કે ભગવાનને પાણીમાં ડુબાડી દઉં–એમ ધોધમાર વરસાદ વરસાવી રહ્યો છે; ધરણેન્દ્ર અને પદ્માવતી અત્યંત ભક્તિપૂર્વક પાણીમાં કમળની રચના કરીને પ્રભુને પાણીથી અદ્ધર રાખે છે, ને ઉપર મોટી ફેણવડે છત્ર રચે છે. અંદર પરભાવથી અલિપ્ત રહેનારા ભગવાન બહારમાં પાણીથી પણ અલિપ્ત જ રહ્યા.

અહા! ભગવાન તો આત્મસાધનાથી ન ડગ્યા તે ન જ ડગ્યા. સાત–સાત દિવસ સુધી ઉપસર્ગ કરીને અંતે કમઠ થાક્યો; છેવટના ઉપાય તરીકે તેણે ભયંકર ગર્જના સાથે વિજળીનો કડાકો કર્યો. બહારમાં વીજળીનો ઝબકારો થયો...બરાબર એ જ વખતે પ્રભુના અંતરમાં કેવળજ્ઞાનની દિવ્ય વીજળી ત્રણલોકને પ્રકાશતી ઝબકી ઊઠી! એકાએક બધાય ઉપસર્ગ અલોપ થઈ ગયા ને સર્વત્ર આનંદ-આનંદ છવાઈ ગયો.–એ મંગલ દિવસ હતો ફાગણ વદ ૪.

ધરણેન્દ્ર અને પદ્માવતી જે ઉપસર્ગ દૂર કરવા માટે ચેષ્ટા કરતા હતા તે કાર્ય કેવળજ્ઞાનના પ્રતાપે આપોઆપ પૂરું થઈ ગયું. પ્રભુ ઉપસર્ગ–વિજેતા થઈને કેવળી બન્યા; કેવળીને ઉપસર્ગ હોય નહીં. ઉપસર્ગ પૂરો થયો એટલે ધરણેન્દ્ર–પદ્માવતીનું કામ પણ પૂરું થયું; ભગવાનના કેવળજ્ઞાનનો આવો દિવ્ય અતિશય દેખીને તેઓ અતિશય આનંદપૂર્વક પારસનાથપ્રભુની સ્તુતિ કરવા લાગ્યા : અહા પ્રભુ! આપના કેવળજ્ઞાનનો કોઈ અદ્‌ભુત મહિમા છે. હે દેવ! આપ સમર્થ છો, અમે આપની રક્ષા કરનારા કોણ? પ્રભો! આપના પ્રતાપે અમે ધર્મ પામ્યા છીએ, ને આપે સંસારના ઘોર દુઃખોમાંથી અમારી રક્ષા કરી છે. પ્રભો! આપના નામ સાથે અમારું નામ દેખીને મૂર્ખ જીવો આપને ભૂલીને અમને પૂજવા લાગ્યા! પણ પૂજવા યોગ્ય તો આપના જેવા વીતરાગદેવ જ છે આ પ્રમાણે સ્તુતિ કરી. ભગવાનને કેવળજ્ઞાન થતાં ઈન્દ્રોએ આવીને ભગવાનની પૂજા કરી, ને આશ્ચર્યકારી દિવ્ય સમવસરણની રચના કરી. જીવોનાં ટોળેટોળાં પ્રભુનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા.

આ બધી આશ્ચર્યકારી ઘટના દેખીને સંવરદેવના ભાવ પણ પલટી ગયા, કેવળી પ્રભુનો દિવ્ય મહિમા દેખીને તેને પણ શ્રદ્ધા જાગી; તેનો ક્રોધ તો ક્યાંય ચાલ્યો ગયો; પશ્ચાત્તાપથી તેણે વારંવાર પ્રભુ પાસે પોતાના અપરાધની માફી માંગી; અને સ્તુતિ કરવા લાગ્યો : અહો, દેવ! મેં વિના કારણ આટલો બધો ઉપસર્ગ કરવા છતાં આપે તો જરાય ક્રોધ ન કર્યો. ક્યાં આપની મહાનતા; ને ક્યાં મારી પામરતા!

આવા મહાન ઈન્દ્રો જેવા પણ ભક્તિથી જેની સેવા કરે છે એવા સમર્થ હોવા છતાં આપે મારા પ્રત્યે ક્રોધ ન કર્યો અને ક્ષમા રાખી. ધન્ય આપની વીતરાગતા! એ વીતરાગતા વડે આપે કેવળજ્ઞાનને સાધ્યું ને આપ પરમાત્મા થયા. પ્રભો! મારા અપરાધ ક્ષમા કરો. અજ્ઞાનથી મેં ક્રોધ કર્યો ને ભવોભવ આપના પર ઉપસર્ગ કર્યો તેથી હું જ દુઃખી થયો ને મેં નરકાદિનાં ઘોર દુઃખ ભોગવ્યા. **પ્રભો**! આખરે ક્રોધ ઉપર ક્ષમાનો વિજય થયો છે. હવે ક્ષમાધર્મના મહિમાને મેં જાણ્યો છે. મારો **આત્મા ઉપયોગસ્વરૂપ છે, તે આ ક્રોધથી જુદો છે—એમ આપના પ્રતાપે મને સમજાય છે.**



ભગવાને સમવસરણમાં જે ઉપદેશ આપ્યો તે સાંભળીને, સંવરદેવ (કમઠનો જીવ) ભેદજ્ઞાન કરીને વિશુદ્ધ સમ્યગ્દર્શન પામ્યો. પારસપ્રભુના સંગે તે જીવ પાપી મટીને મોક્ષનો સાધક બન્યો. ધરણેન્દ્ર અને પદ્માવતી પણ સમ્યગ્દર્શન પામ્યા; એટલું જ નહીં મહિપાલ તાપસની સાથે જે સાતસો કુલિંગી તાપસો હતા તેઓ પણ ખોટો માર્ગ છોડીને ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યા, અને ભગવાનના ચરણોમાં સમ્યગ્દર્શન સહિત તે બધાએ સંયમ ધારણ કર્યો. કુગુરુ મટીને તેઓ સાચા જૈનગુરુ બન્યા, બીજા પણ કેટલાય જીવો ભગવાનના ઉપદેશથી સમ્યગ્દર્શન પામ્યા.

દેખો, મહાપુરુષોનો મહિમા! અનેક ભવ સુધી પારસનાથનો સંગ કર્યો તો કમઠના જીવનો ઉદ્ધાર થઈ ગયો. શાસ્ત્રકાર અલંકારથી કહે છે કે—મહાપુરુષોની સાથે મિત્રતાની તો શી વાત, શત્રુપણે એનો સંગ પણ અંતે તો હિતનું જ કારણ થાય છે.

કમઠનો જીવ ધર્મ પામ્યો ને ભગવાનની ભક્તિ કરવા લાગ્યો, તે દેખીને લોકો આશ્ચર્યથી કહેવા લાગ્યા : વાહ! દેખો જિનપ્રભુનો મહિમા! કમઠને પણ અંતે તો પ્રભુના શરણે આવવું પડ્યું. જેમ માછલું ઊછાળા મારીને સમુદ્રના પાણીને પીડિત કરે છે તોપણ અંતે તો તે પોતે સમુદ્રના આશ્રયે જ જીવી રહ્યું છે, તેમ કમઠના ક્ષુદ્ર જીવે વેરબુદ્ધિથી અનેક ભવ સુધી પીડા કરી પણ અંતે તો તે પ્રભુના જ શરણમાં આવીને ધર્મ પામ્યો. પ્રભુના આશ્રય વગર તે ક્યાંથી સુખી થાય! અહો પ્રભુનું જ્ઞાન, પ્રભુની શાંતિ, પ્રભુની વીતરાગી ક્ષમા, એની શી વાત! પ્રભુની ગંભીરતા સમુદ્રથી મહાન છે. હે પારસજિનેન્દ્ર! બધા તીર્થંકરો સમાન હોવા છતાં આપની જે વિશેષ પ્રસિદ્ધિ જોવામાં આવે છે તે તો એક કમઠને લીધે!—ઠીક છે, કેમકે અપકાર કરનાર શત્રુઓ વડે જ મહાપુરુષોની ખ્યાતિ ફેલાય છે! પ્રભો! સંવરદેવની ભયંકર વિક્રિયા વખતે પણ આપ ન તો આપની શાંતિમાંથી ડગ્યા કે ન કમઠ ઉપર ક્રોધ કર્યો. આપે તો શાંતચિત્ત વડે જ કમઠની વિક્રિયા દૂર કરી, ને જગતને બતાવ્યું કે સાચો વિજય ક્રોધ વડે નહીં પણ ક્ષમા વડે જ પમાય છે. કમઠના દુષ્ટભાવને લીધે તેને જ નુકશાન થયું. આપને તો આત્મસાધનામાં કાંઈ બાધા ન થઈ. ખરેખર, આપનો મહિમા અને આપની શાંતિ આશ્ચર્યજનક છે. હે

પ્રભો! આ ધરણેન્દ્ર અને પદ્માવતી બંને જીવો મહાન કૃતજ્ઞ છે, ઉપકારને જાણનારા છે ને ધર્માત્મા છે– એમ જગતમાં તેમની પ્રશંસા થાય છે, પણ અમારે એ શોધવું પડશે કે આપનો ઉપસર્ગ કઈ રીતે દૂર થયો? શું ધરણેન્દ્રે તે દૂર કર્યો કે આપના કેવળજ્ઞાનના પ્રતાપથી સ્વયમેવ તે દૂર થઈ ગયો? પ્રભો! ખરો પ્રતાપ તો આપનો છે. વાસ્તવિક પૂજ્ય તો આપ જ છો. ધરણેન્દ્ર અને પદ્માવતી તો અમારી જેમ જ આપના સેવક છે. આપના પ્રતાપે જ તેઓ ધર્મ પામ્યા છે—આ પ્રમાણે ભક્તલોકો અનેક પ્રકારે પ્રભુનો મહિમા કરતા હતા. અને દિવ્ય ઉપદેશ સાંભળતા હતા.

અહા, સમવસરણમાં બિરાજમાન તીર્થંકર ભગવાનની શોભા આશ્ચર્યકારી હતી. ત્યાં દિવ્ય સિંહાસન હોવા છતાં ભગવાન તેને સ્પર્શ્યા વગર અદ્ધર આકાશમાં અંતરીક્ષ બિરાજતા હતા. સિંહાસન કરતાં ઊંચે આકાશમાં બિરાજમાન નિરાલંબી ભગવાનને જોતાં જ ખ્યાલ આવતો હતો કે પુણ્યના ઉત્કૃષ્ટ ફળ કરતાંય ચૈતન્યગુણ ઊંચા છે; એ સિંહાસન ઉપર ન બેસીને ભગવાન જગતને એમ પ્રસિદ્ધ કરતા હતા કે પુણ્યફળરૂપ આ સિંહાસન આત્માને માટે અપદ છે–અપદ છે. રત્નજડિત સિંહાસન હોવા છતાં ભગવાન તો તેનાથી અલિપ્ત હતા; તેમને સિંહાસનનો આધાર ન હતો, પણ ઊલટું સિંહાસનની શોભા ભગવાનના પ્રતાપે હતી. એ જ રીતે બહારમાં સ્ફટિકનાં ત્રણ છત્ર ભલે શોભે પણ અંતરમાં પ્રભુનાં રત્નત્રયની શોભા કોઈ ઓર હતી. દેવોનાં દુદુંભીવાજાં કરતાય પ્રભુની દિવ્યધ્વનિ વધુ મધુર હતી. પ્રભુના મુખનું પ્રભા–મંડળ ભલે સૂર્ય–ચંદ્ર કરતાં શોભે, પણ એમના કેવળજ્ઞાનની ચૈતન્યપ્રભાનાં અતીન્દ્રિય તેજને તો સમ્યગ્દષ્ટિઓ જ જાણતા હતા.

ભગવાનના સમવસરણમાં કલ્પવૃક્ષ હતાં; દશવિધ ભોગની સામગ્રી દેનારાં ઉત્તમ કલ્પવૃક્ષ જોતાં મુમુક્ષુને એમ થતું કે અરે! આ કલ્પવૃક્ષ બાહ્યફળ દેનારાં છે, પણ સર્વજ્ઞદેવ તો એવા કલ્પવૃક્ષ છે કે જેની સેવાથી સમ્યગ્દર્શનાદિ ચૈતન્ય–રત્નો મળે! એટલે તો મુમુક્ષુઓ દશવિધ કલ્પવૃક્ષને દૂર છોડીને, કેવલજ્ઞાનરૂપી અજોડ કલ્પવૃક્ષની સમીપ દોડી જતા હતા, ને અપૂર્વ સમ્યક્ત્વાદિ રત્નો પામતા હતા. અહા, પ્રભુના ગુણમહિમાનું વર્ણન કોણ કરી શકે? એ વચનગોચર નથી, એ તો જ્ઞાનીઓને અનુભવગમ્ય છે.

**ભગવાનનો ઉપદેશ કોઈ અદ્‌ભુત હતો, આત્માનો પરમ મહિમા સમજાવીને, તેની આરાધનાનો ઉપદેશ ભગવાન દેતા હતા. ભગવાને ઉપદેશમાં શું કહ્યું? તે ટૂંકમાં જોઈએ—**

- ✻ **જગતમાં જાણવાયોગ્ય તત્ત્વો ક્યા છે?**
- ✻ **જીવ, અજીવ, પુણ્ય-પાપ-આસ્રવ-બંધ, સંવર–નિર્જરા-મોક્ષ એ ૯ તત્ત્વોને જાણવા જોઈએ.**
- ✻ **તેમાંથી ક્યા તત્ત્વોને ગ્રહવા ને ક્યા તત્ત્વોને છોડવા?**
- ✻ **શુદ્ધ જીવને ગ્રહવો; તથા સંવર-નિર્જરા-મોક્ષને ગ્રહવા; ને બાકીનાં તત્ત્વોને છોડવા. જીવ સદાય પોતાની ચેતના વડે જીવનારો છે.**
- ✻ **જીવને મોક્ષ સુખની પ્રાપ્તિ કેમ થાય?**
- ✻ **આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે મોક્ષ થાય છે. જીવને પાપથી નરક, પુણ્યથી સ્વર્ગ, અને રત્નત્રયરૂપ વીતરાગધર્મથી મોક્ષ મળે છે.**

આવા મોક્ષમાર્ગનો ઉપદેશ ભગવાને આપ્યો. જે માર્ગે પોતે મોક્ષ પામ્યા તે જ વીતરાગમાર્ગ ભગવાને જગતને બતાવ્યો. ઘણા જીવો તે માર્ગ સમજીને ધર્મ પામ્યા; કેટલાય જીવો દીક્ષા લઈને મુનિ થયા; સિંહ-વાઘ-હાથી-વાંદરા-સર્પ વગેરે પશુના જીવો પણ આત્માને સમજીને વ્રતધારી થયા. આમ ચારેકોર ધર્મનો જયજયકાર થઈ ગયો.

ભગવાનના ધર્મદરબારમાં સ્વયંભૂ–સ્વામી વગેરે દશ ગણધરો હતા; ૩૫૦ શ્રુતકેવળી હતા; ૧૦,૦૦૦ ઉપાધ્યાય હતા; ૧૪૦૦ અવધિજ્ઞાની હતા; ૭૫૦ મનઃપર્યયજ્ઞાની હતા; ૧૦૦૦ કેવળજ્ઞાની હતા, ૧૦૦૦ ઋદ્ધિધારી મુનિવરો હતા; ૬૦૦ મુનિવરો વાદ–વિવાદમાં પારંગત હતા; કુલ સોળહજાર મુનિવરો હતા, અને છત્રીસ હજાર આર્જિકા હતાં, તેમાં સુલોચના નામના આર્જિકા મુખ્ય હતા. શ્રાવકો એક લાખ ને શ્રાવિકા ત્રણ લાખ હતાં. સ્વર્ગના દેવો ને વનનાં પશુઓ પણ પ્રભુની વાણી સાંભળવા આવતા હતા, ને ધર્મ પામીને આત્માનો ઉદ્ધાર કરતા હતા.

શ્રી પારસનાથ તીર્થંકરે ૭૦ વર્ષ સુધી દેશોદેશ વિહાર કર્યો અને છેવટે સમ્મેદશિખર પર્વત પર પધાર્યા. હવે તેમને મોક્ષમાં જવાને એક માસ બાકી હતો, એટલે તેમની વાણી અને વિહાર વગેરે ક્રિયાઓ અટકી ગઈ. સમ્મેદશિખરની સૌથી ઊંચી ટૂંક ઉપર પ્રભુ ઊભા હતા, ત્રીજું ને ચોથું શુક્લધ્યાન પૂરું કરીને તે અયોગી ભગવાન બીજી જ ક્ષણે ઊર્ધ્વગમન કરીને મોક્ષ પધાર્યા....શરીર છોડીને અશરીરી થયા....સંસારદશા છોડીને મહા આનંદરૂપ સિદ્ધદશારૂપ પરિણમ્યા. ઈન્દ્રોએ પ્રભુનો મોક્ષકલ્યાણક ઉજવ્યો. ભગવાન શ્રાવણ સુદ સાતમે મોક્ષ પધાર્યા હતા તેથી તેને 'મોક્ષસપ્તમી' કહેવાય છે. પારસનાથ ભગવાન મોક્ષ પધાર્યા તેથી તે પર્વત પણ પારસનાથ–હીલ તરીકે આજે ઓળખાય છે. પર્વતની જે ટૂંકથી ભગવાન મોક્ષ પધાર્યા તે પથ્થરની ટૂંક પણ 'પારસ'ના સ્પર્શથી 'સુવર્ણ'ની બની ગઈ એટલે તેનું નામ 'સુવર્ણભદ્ર' પડ્યું. (વીર સં. ૨૪૮૩ માં તથા ૨૪૯૩માં કહાનગુરુ સાથે હજારો યાત્રિકોએ તે સિદ્ધિધામની યાત્રા કરી છે.)

**પારસનાથ જિનરાજકી સ્વર્ણભદ્ર કૂટ જેહ,**
**મન–વચ–તનકર પૂજહું શિખર–સમ્મેદ યજેહ.**

*

**ક્ષમામૂર્તિ હે દેવ જિનેશ્વર! શિખર સિદ્ધિધામ છે;**
**સમ્મેદશિખરના સ્વર્ણભદ્ર પર સિદ્ધાલયમાં વાસ છે.**

**નિજસ્વરૂપને સાધ્યું આપે ચેતનરસ ભરપૂર છે;**
**પ્રભુ પ્રતાપે આતમ સાધી હરખે હરિ ગુણ ગાય છે.**


**ગુણ તમારા દેખી પ્રભુજી મનડું મુજ લલચાય છે;**
**પારસપ્રભુ તુજ ચરણકમળમાં વંદન વારંવાર છે.**

* શ્રી પારસનાથ ભગવાનકી જય હો *

તેવીસમા તીર્થંકર ભગવાન પારસનાથનું જીવનચરિત્ર અહીં પૂરું થયું.

*

# પ્રભુજી...મારી સાથે ચાલો




ચાલો ચાલો જિનવર સ્વામી....મારી સાથે ચાલો.
મારે જાવું મોક્ષપુરીમાં પ્રભુજી! માર્ગ બતાવો.

પ્રભુ તમે હું સરખે સરખા, મારી સાથે ચાલો,
મારી સાથે ચાલો, ચાલો, ચાલો! સાથી મારા....
મોક્ષપુરીમાં ચાલો ચાલો મારી સાથે ચાલો.

સાથે લઈને પ્રભુજી તમને...સિદ્ધપુરીમાં ચાલ્યો...
સ્વાનુભૂતિના જહાજે બેસી મોક્ષપુરીમાં ચાલ્યો.
સમ્યગ્દર્શન સાથે લઈને સિદ્ધપુરીમાં ચાલ્યો.

સાધક સંતો સાથે સાથે મોક્ષપુરીમાં ચાલ્યો;
ચાલો પ્રભુજી ચાલો ચાલો....મારી સાથે ચાલો!


(વીરનિર્વાણ—અઢીહજારવર્ષે : પ્રવચન ઉપરથી)

* * *




એકવાર અમારી નગરીમાં સરકસ આવ્યું. સરકસના ખેલ તો ઘણા જોયેલા, પણ આ સરકસના ખેલ તો આત્મામાં ઊતરી જાય એવા અદ્‌ભુત હતા. એમાં ખેલ હતો—હાથી અને સિંહના ઝૂલાનો.

રીંગ—માસ્ટર એવા વીતરાગીગુરુએ આદેશ કર્યો : 'બની જા તું ભગવાન! બની જા તું મહાવીર!' તે સાંભળતાં જ, અત્યંત કુશળ એવા તે બંને ખેલાડીઓએ સ્વાનુભૂતિની છલાંગ મારી, ને સમ્યક્ત્વ—ઝૂલા પર ચડીને મોક્ષમાર્ગમાં ઝૂલવા લાગ્યા...બંનેને ઝૂલે ઝૂલતા દેખીને મુમુક્ષુ—પ્રેક્ષકો વાહ—વાહ બોલી ઊઠ્યા. ત્યાં તો—!




ત્યાં તો, બંને સાધક-ખેલાડી બીજી છલાંગ મારીને ચારિત્ર-ઝૂલા પર ચડી ગયા...હાથી બની ગયો પારસનાથ! સિંહ બની ગયો મહાવીર! ચૈતન્યસરકસમાં આવા અદ્‌ભુત ખેલ દેખીને ભવ્ય જીવો તો ખુશખુશ થઈ ગયા. આ બંનેએ, ભગવાન થતા સુધીમાં દશ-દશ ભવ સુધી ધર્મઝૂલા પર આત્મસાધનાના જે અદ્‌ભુત ખેલ કર્યા, તેમાંથી હાથીના ખેલોનું અદ્‌ભુત રોમાંચક વર્ણન તમે હમણાં વાંચ્યું....ને હવે સિંહના ખેલનું વર્ણન વાંચીને, તમારો આત્માય એવી અપૂર્વ છલાંગ મારવા ઊછળી જશે....

જુઓ પાનું : ૪૨૮

# સર્વજ્ઞ મહાવીર



પ્રભો ! વીતરાગી—ઈષ્ટ ઉપદેશ વડે આત્માનું જ્ઞાનાનંદ સ્વરૂપ બતાવીને આપે ધર્મચક્રનું પ્રવર્તન કર્યું. આપના ધર્મતીર્થમાં આજે પણ શ્રીગુરુપ્રતાપે અમને ઈષ્ટની પ્રાપ્તિ થાય છે...એ રીતે આપનું ધર્મચક્ર અમને મોક્ષપંથે લઈ જાય છે. આપશ્રીના અઢીહજાર વર્ષીય નિર્વાણ—મહોત્સવ પ્રસંગે અમે ભક્તિભરી વંદના કરીએ છીએ.

વિશ્વકલ્યાણકારી જિનેન્દ્ર—ધર્મચક્ર જયવંત વર્તો.

* * *

# આ રહ્યા મહાવીર



## (વીરનાથનો વિરહ નથી)

'અહો પ્રભો વીરનાથ! કેવળજ્ઞાન પામીને આપે જે મોક્ષમાર્ગ પ્રકાશ્યો તે માર્ગ આજે પણ જીવંત છે. જ્ઞાનની સ્વાનુભૂતિ વડે આપના માર્ગે ચાલનારા જીવોને આપનો વિરહ નથી. શુદ્ધઆત્માના સાક્ષાત્કારમાં આપનો પણ સાક્ષાત્કાર છે.

'આ રહ્યા મહાવીર....આ રહ્યો તેમનો માર્ગ!' "અહો, સાધર્મીજનો! વીરનાથને પામીને આનંદિત થાઓ—ને ચાલો, હળીમળીને જઈએ વીરના માર્ગે...ને પહોંચીએ મુક્તિપુરીમાં."

**પ્રભુ વીરનાથને ભાવભીની વંદના.**

# (૨૪)




(મહાવીર–મંગલ વંદના)

**સુર–અસુર–નરપતિવંદ્યને, પ્રવિનષ્ટ ઘાતી કર્મને,**
**પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને.**

જેઓ સર્વજ્ઞ છે, વીતરાગ છે, હિતોપદેશી છે, અને વર્તમાનમાં જેમનું ધર્મતીર્થ ચાલી રહ્યું છે–એવા અસાધારણ ગુણવંત ભગવાન મહાવીરને હું વંદન કરું છું.

તે ભગવાન મહાવીર જેનું આરાધન કરીને સર્વજ્ઞ થયા, અને જેની આરાધનાનો ભવ્યજીવોને ઉપદેશ આપ્યો, એવા શુદ્ધ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને હું નમસ્કાર કરું છું ને તેની પૂર્ણતાની ભાવના ભાવું છું. અહો, આ રત્નત્રય મુમુક્ષુના સર્વ અર્થ સિદ્ધ કરનારાં અમૂલ્ય રત્ન છે.

અહો, આત્મતત્ત્વની અદ્‌ભુતતા બનાવનારું, તથા અનેકાન્તધર્મના ધ્વજથી સુશોભિત જિનશાસન જયવંત વર્તો–કે જે પરથી ભિન્ન આત્મતત્ત્વનું અદ્‌ભુત સ્વરૂપ બતાવીને ઈષ્ટની સિદ્ધિ કરાવે છે, ને જેનો પાર મિથ્યાદષ્ટિઓ પામી શકતા નથી.

શ્રી મહાવીરપ્રભુ મંગલમય છે. ઋષભાદિ તેવીસ ભગવંતો, સીમંધરાદિ વીસ વિદ્યમાન ભગવંતો કે ભાવિ–સૂર્યકીર્તિ ઈત્યાદિ ત્રિકાલવર્તી સર્વે અરહંતો–સિદ્ધો–પંચપરમેષ્ઠીઓ–રત્નત્રય–જિનવાણી–રાજગૃહી વગેરે સર્વે તીર્થો–એ બધાંય મંગળ, એક 'મંગલમય મહાવીર'માં સમાઈ જાય છે; તેથી મહાવીરપ્રભુનાં મંગળ ગુણગાનમાં અભેદપણે તે બધાયના ગુણગાન પણ આવી જાય છે. અત્યારે આપણું ચિત્ત મહાવીરમય છે; મહાવીરમાં સર્વે ઈષ્ટ પદો આવી જાય છે.

અહો મહાવીરદેવ! આપના સર્વજ્ઞતા વગેરે અગાધ ગુણોની ગંભીરતા પાસે મારી બુદ્ધિ તો અત્યંત અલ્પ છે, છતાં આપના પરમ ઉપકારોથી પ્રેરાઈને ભક્તિપૂર્વક આપના જીવનનું આલેખન કરવા હું ઉદ્યમી થયો છું. અલ્પ હોવા છતાં પણ, મારી બુદ્ધિ આપના શાસનના પ્રતાપે સમ્યક્તાને પામી હોવાથી, હું નિઃશંકભાવે આપના અગાધ આત્મગુણોનું સ્તવન કરીને જગતમાં તેને પ્રસિદ્ધ કરીશ. મોક્ષગમનના અઢી હજારવર્ષ પછી પણ આપ અમારા જેવા સાધકોના અંતરમાં એવા ને એવા સાક્ષાત્

બિરાજી રહ્યા છો–એમ જ્ઞાનમાં આપનો સાક્ષાત્કાર કરીને હું આપના જીવનનું આલેખન કરું છું. અહા, આ રહ્યા સર્વજ્ઞ! પ્રભો! આપ મારી સન્મુખ જ બિરાજી રહ્યા છો...તેથી આપના જીવનનું સમ્યક્ આલેખન કરવાનું મારા માટે દુષ્કર નથી, સુગમ છે.. આનંદકારી છે; હે ભવ્ય સાધર્મી જનો! તમે પણ જ્ઞાનમાં સર્વજ્ઞ મહાવીરને સાક્ષાત્ બિરાજમાન કરીને તેમને ચેતનસ્વરૂપે ઓળખજો, એટલે તમને પણ મહાન આત્મિક આનંદનો અપૂર્વ લાભ થશે.

પ્રભો! આપના ગુણોના વર્ણનની ધૂનમાં હું શાબ્દિક ક્ષતિની અપેક્ષા નથી કરતો. અહા! આપના ગુણના વાચક જે કોઈ શબ્દો હશે તે સુંદર હશે. પારસમણિના સ્પર્શથી લોઢું પણ જો સોનું બની જાય છે, તો આપના જેવા સર્વોત્તમ પરમાત્માની સાથેના વાચ્ય–વાચક સંબંધથી શબ્દો શું પૂજ્ય નહિ બની જાય? અરે, સ્થાપના–નિક્ષેપથી જ્યારે પરમાત્મા સાથે સંબંધ કરે છે ત્યારે પથ્થર પણ પરમાત્મા તરીકે પૂજાય છે, તો જે શબ્દો આપના પરમ ગુણોના વાચક થઈને આપની સાથે સંબંધ કરે છે તે શબ્દો જગતમાં પરમાગમ તરીકે પૂજાય–એમાં શું આશ્ચર્ય છે! –મારું નિશાન આપના આત્મિક ગુણો ઉપર છે, શબ્દો ઉપર મારું લક્ષ નથી. આપના સર્વજ્ઞતા વગેરે ગુણોનું રસિક મારું મન અત્યારે આપના ગુણો સિવાય બીજે ક્યાંય લાગતું નથી. બસ! આપના વીતરાગી આત્મગુણોમાં મારા ચિત્તની તલ્લીનતા–એ જ મારું મંગલ છે.

(ઇતિ મંગલ અધિકાર)

*

## ભગવાન મહાવીર : પૂર્વભવ–વર્ણન

**પ્રભો મહાવીર!** અત્યારે તો આપ મુક્તપણે પરમ સુખની અનુભૂતિમાં લીન થઈને સિદ્ધપુરીમાં બિરાજી રહ્યા છો. અમે જ્યાં આપને ઓળખીએ છીએ ત્યાં, મોક્ષપહેલાંની આપની ભવાવલી પણ દેખાય છે; મોક્ષ પહેલા આ સંસારની ચારે ગતિમાં આપના જીવે કેવાં–કેવાં દુઃખો સહ્યાં! ને પછી જૈનમુનિવરો પાસેથી ધર્મ પામીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની કેવી આરાધના વડે આપ આ ભવચક્રથી છૂટ્યા ને મોક્ષપુરીમાં પધાર્યા! તે બધું ચિત્રપટની જેમ નજરે તરવરે છે. અહા, આત્મસાધનામાં આપની મહાન વીરતા...અમને પણ તેવી સાધનામાં ઉત્સાહિત કરે છે. પ્રભો! ભવથી છૂટીને મુક્ત કેમ થવું, દુઃખથી છૂટીને સુખી કેમ થવું;–તે માર્ગ આપે આપના જીવન–ચરિત્ર દ્વારા અમને સ્પષ્ટ બતાવ્યો છે; તેથી પુરુરવાભીલથી માંડીને મોક્ષ સુધીના આપના જીવન પ્રસંગોનું વૈરાગ્યરસભીનું આલેખન ભવ્યજીવોના હિતને માટે અને મારા આત્માની ગુણવૃદ્ધિને માટે પ્રારંભ કરું છું.

*

## પુરુરવાભીલ

ભગવાન મહાવીરનો જીવ પૂર્વે એક ભવમાં પુરુરવા નામનો ભીલ હતો; ત્યારે એકવાર વિદેહક્ષેત્રની પુંડરીકિણી નગરીમાંથી ધર્માત્મા–શ્રાવકોનો સંઘ તીર્થયાત્રા કરવા જતો હતો. સાગરસેન નામના મુનિરાજ પણ તે સંઘની સાથે હતા. વચ્ચે જંગલમાં ડાકુઓની ટોળીએ તે સંઘને લૂંટી લીધો;

સંઘના લોકોમાં ચારેકોર નાસભાગ થઈ ગઈ. સાગરસેન મુનિરાજ સંઘથી વિખુટા પડી ગયા ને ઘોર જંગલમાં કઈ તરફ જવું તેમને સૂઝતું ન હતું. તે સમયે ભીલસરદાર પુરુરવાએ તેમને દેખ્યા, અને તે મુનિરાજને મારવા માટે ધનુષ્ય ઉપર બાણ ચડાવ્યું. એવામાં તે ભીલની ભદ્ર સ્ત્રીએ તેને રોક્યો : સ્વામીનાથ! સબુર કરો. આ કોઈ સામાન્ય શિકાર નથી; એમની તેજસ્વી મુદ્રા જોતાં એ તો કોઈ વનદેવતા લાગે છે; તેઓ વનમાં માર્ગ ભૂલ્યા લાગે છે. તમે એમને ન મારો. ચાલો, તેમની પાસે જઈએ.

એ સાંભળીને ક્રૂર ભીલે પણ ક્ષણભર ક્રૂરતા છોડી દીધી; તેણે મુનિરાજ પાસે જઈને વિનયથી તેમને વંદન કર્યા; ને માર્ગ ભૂલેલા એ મુનિરાજને વનમાંથી બહાર નીકળવાનો માર્ગ બતાવ્યો! મુનિરાજે તે ભદ્ર ભીલને કહ્યું–હે ભવ્ય! તું અહિંસાધર્મને ઉત્તમ જાણીને તેનું પાલન કર. નિર્દોષ જીવોને હણનારી આવી ક્રૂરતા તને શોભતી નથી; માટે આ શિકાર અને માંસભક્ષણને છોડીને અહિંસાધર્મનું સેવન કર,– જેથી ઉત્તમ સુખને પામીશ. માંસના સ્વાદની લોલૂપતા ખાતર નિર્દોષ જીવોને મારી નાખવા–તે મહાપાપ છે. મનુષ્ય થઈને આવાં પાપ તને નથી શોભતા. માટે તું શીઘ્ર તેને છોડ...છોડ! –આમ અત્યંત કરુણાપૂર્વક મુનિરાજે તેને હિતનો ઉપદેશ દીધો.

મુનિરાજનો મધુર ધર્મોપદેશ સાંભળીને તરત જ તે ભીલ અત્યંત પ્રભાવિત થયો અને તેણે ક્રૂરતા છોડી દીધી, માંસાહાર છોડી દીધો ને સ્થૂળપણે અહિંસાધર્મને ધારણ કર્યો. અહા, સાધુજનોનો ક્ષણભરનો સંગ પણ જીવનું કેવું હિત કરે છે! વીતરાગી સાધુઓના સંગે કોણ શાંતિ ન પામે? અહો, ભવદુઃખમાં તપતા સંસારી જીવોને તરસ બુઝાવવા માટે જૈનદર્શન શાંતરસના મીઠા સરોવર સમાન છે, તેનું સેવન કરો.

શ્રી મુનિરાજના પ્રતાપે જેણે ક્રૂરતા છોડી દીધી છે એવો તે પુરુરવા ભીલ ભક્તિપૂર્વક ઘણે દૂર સુધી મુનિરાજની સાથે ગયો ને તેમને જંગલમાંથી નગર તરફના રસ્તા પર મૂકી આવ્યો. અવ્યક્તપણે પણ જાણે તે કહેતો હતો કે પ્રભો! આપે મને ભવવનમાંથી બહાર કાઢવા હિતનો ઉપદેશ આપ્યો...તો હું આપની આટલી સેવા તો કરું!

બસ, મુનિરાજને મૂકીને પોતાના સ્થાને પાછા આવેલા તે ભીલને હવે ક્યાંય ચેન પડતું નથી; હવે તે કોઈને લૂંટતો નથી, પણ ઊલટો રક્ષા કરીને, જંગલમાં માર્ગ ભૂલેલા પથિકોને સાચો માર્ગ બતાવે છે. અરેરે! મેં કેવી ક્રૂરતા કરી? ને એ મુનિરાજ કેવા મજાના શાંત હતા! તેમના ક્ષણભરના સંગમાં પણ મને કેવી શાંતિ મળી!–એમ વારંવાર તે વિચારે છે; શાંતિની મધુરતા તેને ગમે છે. આ રીતે બાકીનું જીવન તેણે સ્થૂળ અહિંસા વ્રત પાળ્યું ને ત્યાંથી મરીને તે ભીલ સૌધર્મસ્વર્ગમાં દેવ થયો.

## ભગવાન મહાવીર : પૂર્વભવ : સૌધર્મ સ્વર્ગમાં દેવ

ક્યાં ક્રૂર ભીલ! ને ક્યાં દેવ! એક જરાક અહિંસાના પાલનથી ભીલમાંથી દેવ થયેલા તે જીવે સૌધર્મસ્વર્ગમાં અનેક દિવ્ય ઋદ્ધિઓ સહિત બે સાગરોપમ (અસંખ્યાત વર્ષો) સુધી પુણ્યફળ ભોગવ્યા. અહા, ક્ષણભરની એક નજીવી અહિંસાના પાલનમાં એક અજ્ઞાનીને પણ અસંખ્ય વર્ષનું પુણ્યફળ મળ્યું, તો જ્ઞાનપૂર્વક સર્વથા વીતરાગી અહિંસાના ઉત્તમ ફળનું તો શું કહેવું?

અજ્ઞાનભાવે પુણ્ય કરીને સ્વર્ગમાં ગયેલા તે દેવે, દેવીઓ સાથે ક્રીડામાં તથા સ્વર્ગના વૈભવમાં

અસંખ્ય વર્ષ વીતાવ્યાં.—હજી કાંઇ તે જીવ આત્મજ્ઞાન નહોતો પામ્યો. સ્વર્ગમાં તેને અવધિજ્ઞાન હતું—પરંતુ આત્મજ્ઞાન વગરના તે અવધિજ્ઞાનની શી કિંમત? એમ ને એમ અજ્ઞાનથી પુણ્યફળ ભોગવવામાં તેણે સ્વર્ગના અસંખ્ય વર્ષ વીતાવી દીધાં...અને આયુ પૂર્ણ થતાં તે સ્વર્ગમાંથી ચ્યુત થયો.

*

## ઋષભદેવનો પૌત્ર : મરિચી કુમાર

સૌધર્મ સ્વર્ગમાંથી ચવીને, ભૂતકાળનો ભીલ ને ભાવિકાળનો ભગવાન—એવો તે જીવ, એક અત્યંત સુંદર પ્રસિદ્ધ નગરીમાં, તીર્થંકરના કૂળમાં અવતર્યો...ક્યાં અવતર્યો? તે સાંભળો.

તીર્થરૂપ એવી અયોધ્યા નગરીમાં ઋષભદેવ પ્રભુના ગર્ભ—જન્માદિ કલ્યાણકના આશ્ચર્યકારી ઉત્સવો દેવોએ ઉજવ્યા હતા. તે ઋષભરાજાને બે રાણીઓ હતી, અને ભરત—બાહુબલી વગેરે સો પુત્રો હતા; તેમાં સૌથી મોટા ભરત; ત્રણજ્ઞાનના ધારક, ક્ષાયક સમ્યગ્દષ્ટિ અને વળી ચરમશરીરી એવા તે તીર્થંકરપુત્ર ભરત આ ભરતક્ષેત્રના પહેલા ચક્રવર્તી હતા. આપણા ચરિત્રનાયકનો જીવ સૌધર્મસ્વર્ગેથી આવીને આ ભરત ચક્રવર્તીનો પુત્ર થયો. તેનું નામ મરિચીકુમાર. અહા, ભરતક્ષેત્રના હોનહાર ચોવીસમાં તીર્થંકરનો જીવ, અત્યારે પહેલા તીર્થંકરનો પૌત્ર થયો. તીર્થંકરનો પૌત્ર ને ચક્રવર્તીનો પુત્ર, તેના ગૌરવનું શું કહેવું? પુરુરવા ભીલનો જીવ ભગવાન પુરુદેવનો પૌત્ર થયો (ઋષભદેવનું એક નામ પુરુદેવ પણ છે.) દાદાને પૌત્ર પર ને પૌત્રને દાદાજી પર ઘણું વહાલ હતું.—બંને આત્મા તીર્થંકર થનાર હતા ને દાદા ઋષભ પોતાના પૌત્રને ગોદમાં લઈને આનંદથી ખેલાવતા...અને બોલતાં શીખવતા કે બોલો બેટા! 'अप्पा सो परमप्पा' અને બાળક મરિચી કાલીકાલી ભાષામાં 'अप्पा-पप्पा' બોલીને દાદાનું અનુસરણ કરતો. વાહ! આદિતીર્થંકર અંતિમ—તીર્થંકરને રમાડતા હશે—એ દૃશ્ય કેવું મજાનું હશે?—ભારે મજાનું : જોવા જેવું!

એક દિવસ ફાગણ વદ નોમે જ્યારે મહારાજા ઋષભદેવનો જન્મદિવસ હતો ત્યારે રાજસભામાં હજારો રાજાઓની સભા વચ્ચે ઈન્દ્ર અનેક દેવ—દેવી સહિત જન્મોત્સવ કરતો હતો; નીલાંજના દેવી નૃત્ય કરી રહી હતી; એકાએક આયુષ્ય પૂર્ણ થતાં તે દેવી અદૃશ્ય બની ગઈ; સંસારની આવી ક્ષણભંગુરતા દેખીને મહારાજા ઋષભદેવે જિનદીક્ષા લીધી (આ પ્રસંગના વિશેષ વર્ણન તથા ચિત્ર માટે જાુઓ—ભગવાન ઋષભદેવ પાનું— ...) ભગવાન ઋષભદેવ ઉપરના પરમ પ્રેમને લીધે ચાર હજાર રાજાઓ પણ તેમને અનુસર્યા, તથા દાદાજીની સાથે પૌત્ર મરીચિકુમાર પણ અવિચારીપણે દિગંબર સાધુ થઈ ગયો. અંતરમાં ચૈતન્યતત્ત્વનું ભાન તો હતું નહિ; મુનિ થઈને ઋષભદેવ કોનું ધ્યાન ધરી રહ્યા છે તેની તો ખબર ન હતી; ઋષભમુનિરાજ તો છ માસ સુધી ચૈતન્યના ધ્યાનની મસ્તીમાં એમ ને એમ ઊભા રહ્યા. પણ મરીચિ વગેરે દ્રવ્યલિંગી સાધુઓ લાંબો કાળ ભૂખ—તરસ સહન કરી ન શક્યા, તેથી મુનિમાર્ગમાંથી ભ્રષ્ટ થઈને જેમતેમ વર્તવા લાગ્યા. અહા, જૈનધર્મનો મુનિમાર્ગ એ તો મોક્ષનો માર્ગ! કાયર જીવો એ વીતરાગમાર્ગનું પાલન ક્યાંથી કરી શકે? મુનિ થયા પછી એક હજાર વર્ષે ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાન થયું. જે દિવસે ભગવાનને કેવળજ્ઞાન થયું તે જ દિવસે ભરતરાજાને ત્યાં ચક્રરત્નની ઉત્પત્તિ થઈ; પિતાજી ધર્મચક્રી થયા ને પુત્ર રાજચક્રી થયો. ભરતક્ષેત્રના પહેલાં તીર્થંકર ને પહેલા ચક્રવર્તી એક જ દિવસે પ્રગટ્યા. વિવેકી ભરતરાજ પોતાના ચક્રને એકકોર મૂકીને પ્રથમ તો

ધર્મચક્રવર્તી–સર્વજ્ઞપિતાનો કેવળજ્ઞાન–ઉત્સવ ઉજવવા સમવસરણમાં આવ્યા. ત્યાં ધર્મ પિતાના દિવ્ય આત્મવૈભવને દેખીને અને ચૈતન્યતત્ત્વની અદ્‌ભુતતા સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયા. ત્યારબાદ તેમણે પ્રભુને પૂછ્યું–હે દેવ! મારા કૂળમાં આપ તીર્થંકર થયા, તો હજી આપના જેવા તીર્થંકર થનાર કોઈ ઉત્તમ જીવ અત્યારે મારા પરિવારમાં છે?

ત્યારે પ્રભુની વાણીમાં એમ આવ્યું કે હે ભરત! તું અને તારા બધા પુત્રો મોક્ષગામી છો; અને આ તારો પુત્ર મરિચીકુમાર ભરતક્ષેત્રની આ ચોવીસીમાં અંતિમ તીર્થંકર (મહાવીર) થશે.

એ સાંભળીને ભરતને ઘણો જ હર્ષ થયો. અહા! મારા પિતા આદિ–તીર્થંકર અને મારો પુત્ર અંતિમ–તીર્થંકર,–હું પણ આ ભવમાં જ મોક્ષગામી!–એમ ભરતરાજની પ્રસન્નતાથી ચારેકોર આનંદમય ઉત્સવ છવાઈ રહ્યો. પ્રભુની વાણીમાં બીજા વિકલ્પને અવકાશ નથી. અરે, પ્રભુની વાણીમાં પોતાના તીર્થંકરત્વની આવી વાત સાંભળીને પણ તે મરિચીએ સમ્યક્ત્વનું ગ્રહણ ન કર્યું ને ભવના કારણરૂપ મિથ્યાત્વને ન છોડ્યું; તે કુમાર્ગમાં જ લાગી રહ્યો.–રે હોનહાર!

મુનિવેષ છોડીને ભ્રષ્ટ થયેલા મરિચીએ તાપસનો વેષ ધારણ કરીને સાંખ્ય મત ચલાવ્યો. તે મૂર્ખ જીવે કુતર્કવડે કુમાર્ગ ચલાવ્યો ને મિથ્યામાર્ગના સેવનથી પોતાના આત્માને અસંખ્યભવ સુધી ઘોર સંસારદુઃખમાં ડુબાડ્યો. તેથી શાસ્ત્રકારો કહે છે કે અરે જીવો! મિથ્યાત્વનું પાપ મેરુ સમાન છે ને તેના હિસાબે બીજાં પાપો તો રાઈ જેવડાં છે,–એમ જાણીને, પ્રાણ જાય તોપણ મિથ્યાત્વને ન સેવો, સિંહ–સર્પ કે ઝેર વડે તો એક જ વાર મરણ થાય છે, પરંતુ કુમાર્ગના સેવન વડે તો ભવભવમાં જીવ દુઃખી થાય છે. માટે હે ભવ્ય જીવો! ભયંકર ભવદુઃખોથી છૂટવાની ને શાશ્વત આત્મસુખ પામવાની ઈચ્છા હોય તો તમે શીઘ્ર કુમાર્ગરૂપ મિથ્યાત્વને છોડો, ને જિનમાર્ગના સેવનવડે સમ્યક્ત્વને અંગીકાર કરો.

## ભગવાન મહાવીર : પૂર્વભવ : પાંચમા સ્વર્ગમાં દેવ

અરેરે, તીર્થંકરનું કૂળ અને બાહ્ય જૈનદીક્ષા પામીને પણ તે મરિચીએ સમ્યક્ત્વ ન કર્યું, આત્મજ્ઞાન ન કર્યું; ને મિથ્યાત્વસહિતના કુતપના પ્રભાવે મરીને પાંચમા સ્વર્ગનો દેવ થયો. મિથ્યાત્વ સહિત હોવાને લીધે સ્વર્ગમાં તેના પરિણામ કુટિલ હતા. સ્વર્ગના દિવ્યવૈભવ વચ્ચે પણ તે સુખ ન પામ્યો.–ક્યાંથી પામે? સુખ વિષયોમાં ક્યાં છે? સુખ તો આત્મામાં છે, તેને જાણ્યા વગર સુખનું વેદન ક્યાંથી થાય? દશસાગરોપમ જેટલા અસંખ્ય વર્ષો સુધી તે જીવ સ્વર્ગમાં રહ્યો ને અનેક દેવાંગનાઓ સહિત સ્વર્ગના દિવ્ય ઈન્દ્રિયભોગો ભોગવ્યા; પણ તેથી શું! સ્વર્ગીયસુખ એ જુદી વસ્તુ છે, ને આત્મિક–શાંતિ એ જુદી વસ્તુ છે. મૂર્ખ જીવો જ શાંતિ વગરના સ્વર્ગીય સુખોને ખરું સુખ માને છે. આત્મિક શાંતિને જાણનારા ધર્માત્માઓ કદી બાહ્ય વિષયોમાં સુખની કલ્પના નથી કરતા,–પછી ભલે તે વિષયો સ્વર્ગના હોય!

## ભગવાન મહાવીર : પૂર્વભવો

## બ્રાહ્મણકુમાર પ્રિયમિત્ર : અને પહેલા સ્વર્ગમાં દેવ

અસંખ્ય વર્ષો સુધી દેવલોકમાં રહીને પણ લેશમાત્ર આત્મસુખને ચાખ્યા વગર અંતે તે

(ભૂતકાળના મરીચિ ને ભાવિકાળના મહાવીરનો) જીવ ત્યાંથી ચ્યુત થયો.સંસાર તો સંસરણરૂપ છે, એટલે તે સંસારી જીવ દેવગતિમાંથી સંસરીને મનુષ્યગતિમાં એક બ્રાહ્મણનો પુત્ર થયો; પ્રિયમિત્ર એનું નામ, પૂર્વના મિથ્યાત્વના સંસ્કારથી હજી પણ તે મિથ્યામાર્ગમાં પ્રવર્તતો હતો મિથ્યાતપના ક્લેશપૂર્વક મરીને તે જીવ પહેલા સ્વર્ગમાં દેવ થયો. પોતાના હિત-અહિતના વિવેક વગરનો તે દેવ, સ્વર્ગમાંય સુખી ન હતો. બે સાગર સુધી દેવોપનીત ભોગોમાં જ કાળ ગુમાવીને, ભોગોની લાલસા સહિત તે સ્વર્ગેથી મૃત્યુલોકમાં પડ્યો. 'અરેરે, અસંખ્ય વર્ષ સુધી ભોગવેલા મારા આ દિવ્ય ભોગો હવે છૂટી જશે'—એવા શોકથી સંતપ્ત આર્ત્તધ્યાનપૂર્વક તે દેવલોકમાંથી ચ્યુત થયો.

## બ્રાહ્મણકુમાર પુષ્પમિત્ર : અને બીજા સ્વર્ગમાં દેવ

પહેલા સ્વર્ગેથી ચ્યુત થયેલો તે જીવ ભરતવર્ષના સ્થૂણાગાર નગરમાં એક બ્રાહ્મણપુત્ર થયો; તેનું નામ પુષ્પમિત્ર. બાળક પુષ્પમિત્ર એકવાર રમતો હતો ત્યાં એક સંન્યાસી બાવાએ તેને લલચાવ્યો કે 'તું અમારી સાથે ચાલ, તને સ્વર્ગસુખ મળશે !' સ્વર્ગ-મોક્ષનો ભેદ નહિ જાણનારા તે અવિવેકી બાળકે સ્વર્ગની લાલચથી બાલ્યઅવસ્થામાં જ કુતપને ધારણ કર્યો; ('—ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને.') અરેરે ! એક હોનહાર તીર્થંકરનો આત્મા પણ મિથ્યામાર્ગના સંસ્કારથી કુમાર્ગમાં ફસાઈને સંસારમાં કેવો રખડી રહ્યો છે! દીર્ઘકાળ સુધી મિથ્યાત્વસહિત કુતપનો ક્લેશ સહન કરીને તે મર્યો, અને બીજા ઈશાનસ્વર્ગમાં દેવ થયો. ત્યાં અપ્સરાઓ દ્વારા થતા નાચગાન દેખવામાં દીર્ઘકાળ ગુમાવ્યો. ધર્મ વગરનાં હલકાં પુણ્ય ક્ષીણ થતાં સ્વર્ગે તેને ચ્યુત કરી દીધો;—જેમ ઊંઘતા મહાવતને મત્ત હાથી પછાડી દે તેમ મોહનિંદમાં સૂતેલા એવા તે દેવને પુણ્યરૂપી હાથીએ નીચે પછાડી દીધો.

## અગ્નિસહ બ્રાહ્મણ; અને ત્રીજા સ્વર્ગમાં દેવ

બીજા સ્વર્ગેથી ચ્યુત થયેલો તે દેવ, શ્વેતિકાનગરીમાં અગ્નિસહ નામને બ્રાહ્મણપુત્ર થયો; અને ત્યાં પણ પૂર્વના મિથ્યાસંસ્કાર અનુસાર સંન્યાસી થઈ મિથ્યાતપનું આચરણ કરીને જીવન વીતાવ્યું ને પાછો ત્રીજા સ્વર્ગમાં દેવ થયો. ત્યાં સાત સાગરનું આયુ અપ્સરાઓ સાથે વીતાવી દીધું, પણ આત્માનું હિત જરા પણ ન સાધ્યું.

અરેરે જૈનધર્મને નહિ પામેલો એ જીવ, હોનહાર તીર્થંકર હોવા છતાં, અજ્ઞાનને લીધે સંસારની ગતિઓમાં કેવો રુલી રહ્યો છે ? ઘડીકમાં મૃત્યુલોકમાં ને ઘડીકમાં દેવલોકમાં ! પુણ્ય કરી કરીને વારંવાર સ્વર્ગમાં જવા છતાં તે જીવને ક્યાંય શાંતિ નથી, ક્યાંય તેના આત્માને ચેન નથી. અહા, જ્યારે જીવ જૈનમાર્ગને પામે ત્યારે જ તેને સુખ—ચેન મળે છે. માટે હે જીવો ! તમે જૈનમાર્ગને પામીને મહાન આદરથી તેનું સેવન કરો.

## અગ્નિમિત્ર—બ્રાહ્મણ અને ચોથા સ્વર્ગમાં દેવ

ત્રીજા સ્વર્ગેથી નીકળીને, 'ભીલ' અને 'ભગવાન'નો તે જીવ ભરતક્ષેત્રની મંદિર નગરીમાં એક બ્રાહ્મણને ત્યાં અગ્નિમિત્ર નામનો પુત્ર થયો. એના કાળા ભમ્મર કેશ જાણે અંદરના મિથ્યાત્વની કાળાશને જ સૂચવી રહ્યા હોય એમ ફરફર થતા હતા. યુવાનીમાં ગૃહવાસ છોડી, પાછો સંન્યાસી થઈ

ખૂબ તપ કરવા લાગ્યો ને મિથ્યામાર્ગનો ઉપદેશ દેવા લાગ્યો.

દીર્ઘકાળ સુધી કુમાર્ગનું પ્રવર્તન કરીને અંતે અસમાધિમરણે મરીને તે ચોથા માહેન્દ્ર સ્વર્ગમાં દેવ થયો. અસંખ્ય વર્ષ સુધી દેવલોકની વિભૂતિઓને પુણ્યફળમાં ભોગવી, પણ અંતે જેમ સૂકું પાન ઝાડ પરથી ખરી પડે છે. તેમ પુણ્ય સુકાઈ જતાં તે દેવલોકમાંથી ખરી પડ્યો.

## ભારદ્વાજ–બ્રાહ્મણ અને પુન : ચોથા સ્વર્ગે

તે જીવ ચોથા સ્વર્ગેથી ચ્યુત થઈને સ્વસ્તિમતી નગરીમાં ભારદ્વાજ નામનો બ્રાહ્મણ થયો, અને ફરી પાછો પહેલાંની જેમ જ સંન્યાસી થઈ કુતપમાં જીવન વેડફી દઈ, ચોથા સ્વર્ગમાં ગયો. દેવલોકની અનેક ઋદ્ધિઓ તથા દેવાંગનાઓ, વગેરે વૈભવમાં આસક્તિપૂર્વક અસંખ્ય વર્ષનું જીવન વીતાવી દીધું; ને જ્યારે આયુષ્ય પૂરું થવા આવ્યું ત્યારે તેનાં કલ્પવૃક્ષો કંપવા માંડ્યાં તેની મંદારમાળાઓ કરમાવા લાગી, તેની દૃષ્ટિ ભ્રમિત થવા લાગી, શરીરની કાંતિ ઝાંખી પડવા માંડી. આવા ચિહ્નોથી તેને ખ્યાલ આવી ગયો કે હવે સ્વર્ગની આ બધી વિભૂતિ છોડીને મારે અહીંથી જવું પડશે. દેવીઓના વિરહથી તે ખૂબ વિલાપ કરવા લાગ્યો. અરેરે, જુઓ તો ખરા ! જેણે બાહ્ય વસ્તુમાં સુખ માન્યું તેને તે બાહ્ય વસ્તુના વિયોગમાં કેવા હાલ થયા છે ! અરે મૂર્ખ ! વિચાર તો કર કે અસંખ્ય વર્ષો સુધી જે બાહ્ય વિષયોની વચ્ચે રહીને તેનો ભોગવટો કરવા છતાં તને જરાય સુખ–શાંતિ કે તૃપ્તિ ન મળી, તેમાં સુખ કેવું ? સુખ હોય તો મળેને ?–મફતનો હજી પણ તેની પાછળ વલખા શા માટે મારે છે ? અનંતકાળ ફાંફાં મારીશ તોય વિષયોમાંથી સુખ કદી નહીં મળે.

જેનું આશાચક્ર તૂટી પડ્યું છે, જેનો પુણ્યદીપક બુઝાઈ જવાની તૈયારી છે, અને જેનાં માનસિક દુઃખનો કોઈ પાર નથી–એવો તે દેવ મરણને નજીક દેખીને અત્યંત ભયભીત થયો અને નીરાશપણે ભોગોની ચિંતામાં આર્ત્તધ્યાન કરવા લાગ્યો : અરેરે ! હું અસહાયપણે આ બધું છોડીને મરીશ ! હું કોનું શરણ લઉં ? ક્યાં જાઉં ? ક્યા ઉપાયથી આ ભોગોની રક્ષા કરું ? ક્યા ઉપાયે હું મૃત્યુને રોકું ? હું અહીંથી મરીને કોણ જાણે કઈ ગતિમાં ક્યા જઈશ ? અરેરે, મારું શું થશે ! હાય, પુણ્ય ખૂટતાં હવે મને કોણ સાથ આપે ? દેવાંગનાઓ દેખતી રહી ને એ દેવના પ્રાણ છૂટી ગયા....

–આમ હાય–હાય કરતો તે દેવ 'ક્ષીણે પુણ્યે મૃત્યુ લોકે' આવી પડ્યો, ને અનેક ભવોમાં રખડ્યો.

## એકેન્દ્રિયાદિ પર્યાયોમાં અસંખ્ય ભવનું અનંત દુઃખ

જેના હલકા પુણ્યનો અસ્ત થયો છે અને મિથ્યાત્વની આગમાં જે બળી રહ્યો છે એવો તે ભીલનો જીવ (અથવા ભાવિ મહાવીરનો જીવ) વારંવાર સ્વર્ગ–મનુષ્યના ભવમાં ભ્રમણ કરતો–કરતો, ને દુઃખ ભોગવતો–ભોગવતો સંસારમાં રખડી રહ્યો છે. તે સ્વર્ગમાંથી ભ્રષ્ટ થઈને કેટલીક હલકી ત્રસ–પર્યાયોમાં ભટક્યો; અંતે મિથ્યાત્વના રસની તીવ્ર પરાકાષ્ટાના ફળરૂપે સ્થાવર–એકેન્દ્રિય પર્યાયમાં ગયો; ને ત્યાં બે ઘડીમાં હજારો વાર જન્મ-મરણ કરી કરીને તે દુઃખી થયો; એ રીતે અસંખ્ય વાર ત્યાં ભવભ્રમણ કરી કરીને કલ્પનાતીત દુઃખો તેણે ભોગવ્યા. સિદ્ધ ભગવંતોનું સુખ, અને એકેન્દ્રિયજીવોનું દુઃખ–એ બંને વચનાતીત છે. ઘણા કાળ સુધી તે જીવે સ્થાવર-પર્યાયોમાં એટલું બધું દુઃખ ભોગવ્યું–

કે જેનું વર્ણન શાસ્ત્રકારો લખી શકતા નથી. જેમ સિદ્ધોનું સુખ તે કોઈ સંયોગથી થયેલું નથી પણ 'સ્વભાવસિદ્ધ' છે, તેમ નિગોદ જીવોનું દુઃખ તે પણ સંયોગથી થયેલું નથી પરંતુ ભાવકલંકની પ્રચુરતારૂપ તેના પોતાના પરિણામથી થયેલું છે, એટલે 'પરિણામસિદ્ધ' છે. કોઈ મનુષ્યને ધગધગતા અગ્નિમાં નાંખીને લોખંડના રસની સાથે ઓગાળી નાંખે—તેનું દુઃખ પણ જેની પાસે ઘણું—ઘણું ઓછું ગણાય—એવા ઘોરાતિઘોર દુઃખો નિગોદમાં એકેન્દ્રિય જીવોને હોય છે. એવું દુઃખ તે જીવે ઘણાય ભવો સુધી મિથ્યાત્વને લીધે ભોગવ્યું.

—છતાં જુઓ તો ખરા, ચેતનના સ્વભાવની અદ્‌ભુતતા...કે આવા દુઃખોની વચ્ચે પણ પોતાના ચેતનસ્વભાવને તેણે ન છોડ્યો; પોતે પોતાના ચેતનપ્રાણ વડે જીવતો જ રહ્યો! તેમ જ અનંત દુઃખ ભોગવવા છતાં પોતાના સુખસ્વભાવને તેણે ન છોડ્યો...તેથી તો દુઃખથી પરિમુક્ત થઈને તે જ જીવ આજે અનંત સુખ—સહિત સિદ્ધપદમાં બિરાજી રહ્યા છે...વાહ રે વાહ ચૈતન્ય! તારો સ્વભાવ! ખરેખર અદ્‌ભુત છે.—

**નિજ ભાવને છોડે નહિ, પર ભાવ કંઈ પણ નવ ગ્રહે,**
**જાણે—જુએ જે સર્વ તે હું—એમ જ્ઞાની ચિંતવે.**

—અતિ અતિ દુઃખથી થાકેલો તે મહાવીરનો જીવ,—જાણે કે હવે તેનાથી છૂટવા માટે ને ભગવાન થવા માટે બહાર આવતો હોય! તેમ માંડ માંડ દીર્ઘ કાળે કુયોનિઓમાંથી નીકળીને ફરી મનુષ્ય થયો; નિગોદ ભૂમિને છેલ્લા રામરામ કરીને કાયમને માટે છોડી.

* * *

## (નિગોદમાંથી નીકળીને મોક્ષ તરફ—)
## રાજગૃહીનગરીમાં સ્થવિર બ્રાહ્મણ, અને પાંચમા સ્વર્ગમાં

આપણે ભગવાન મહાવીરના પૂર્વભવોની કથા વાંચી રહ્યા છીએ. ઘણા દીર્ઘકાળ સુધી એકેન્દ્રિય પર્યાયમાં અને વિકલત્રયમાં દુઃખના જ અવતાર કરી કરીને તે જીવ રાજગૃહીમાં એક બ્રાહ્મણનો પુત્ર થયો. તેનું નામ સ્થવિર. રાજગૃહી...જ્યાંથી પોતે થોડાક ભવ બાદ ધર્મતીર્થનું પ્રવર્તન કરવાનો છે, —એવી રાજગૃહીનગરીમાં અવતરેલ તે જીવ હજી તો પોતે ધર્મને જાણતોય નથી; હજી મિથ્યાત્વના પાપનો ભાર તેણે દૂર નથી કર્યો. રાજગૃહીનગરીની શોભા તો અદ્‌ભુત હતી પરંતુ ત્યાં જન્મેલો જીવ પણ ધર્મ વગર શોભતો ન હતો. કોલસાને ભલે સોનાની પેટીમાં રાખો—તેથી શું તે કાંઈ શોભે છે? પોતાના પુણ્ય-પાપકર્મ અનુસાર જીવ સંસારમાં અનેક ચીજોને ગ્રહણ કરે છે તેમ જ છોડે છે. ઘણું રખડી—રખડીને માંડમાંડ મનુષ્યભવ પામેલો તે જીવ હજી પણ ન જાગ્યો, ને નાસ્તિક—પંથનો સંન્યાસી થઈને મિથ્યાત્વમાં જ રહ્યો; અજ્ઞાનસહિત કુતપ કરીને તે પાંચમા—બ્રહ્મસ્વર્ગમાં દેવ થયો; અને દશસાગર સુધી ત્યાં રહ્યો.

ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતાં, ફરીને પાછો રાજગૃહીમાં અવતર્યો. ભવિષ્યમાં પોતે આ રાજગૃહીમાંથી જ ધર્મચક્ર ચાલુ કરવાનો છે—તેથી જાણે અવ્યક્તરૂપે પણ તેની મમતા હોય તેમ પુનઃ તે જીવ રાજગૃહીમાં રાજકુમાર તરીકે અવતર્યો.

* * *

## રાજગૃહીનગરીમાં વિશ્વનંદી-રાજકુમાર

### વૈરાગ્ય; ધર્મપ્રાપ્તિ; જિનદીક્ષા; નિદાનબંધ; દશમા સ્વર્ગમાં.

આપણો ભારતદેશ એટલે તીર્થંકરોની પુણ્યભૂમિ! તેમાંય મગધદેશ, અને તેની પણ રાજગૃહીનગરી તે વિશિષ્ટ તીર્થસમાન છે. ત્યાં પુણ્યવંત ધર્માત્મા જીવો વસે છે ને જૈનધર્મની જાહોજલાલી વર્તે છે. આપણી કથાનો હીરો, એટલે કે આપણા ચરિત્રનાયકનો જીવ આ ધર્મનગરીમાં વિશ્વભૂતિરાજાના પુત્ર તરીકે, ધર્મ પામવા અવતર્યો : **'વિશ્વનંદી'** એનું નામ.

રાજા વિશ્વભૂતિ સફેદવાળ દેખીને સંસારથી વિરક્ત થયા ને પોતાના ભાઈ વિશાખભૂતિને રાજ્ય સોંપીને તથા વિશ્વનંદીકુમારને યુવરાજપદ આપીને, ચારસો રાજાઓ સાથે જિનદીક્ષા લઈ તે મુનિ થયા.

વિશાખભૂતિએ સુંદર રીતે રાજ્ય ચલાવ્યું ને યુવરાજ વિશ્વનંદીએ તેને સાથ આપ્યો. તે યુવરાજે એક અત્યંત સુંદર બગીચો કરાવ્યો હતો; એનાં સુંદર પુષ્પો જાણે કે 'ચૈતન્યબાગ' ખીલવાની આગાહી કરતા હોય—તેમ શોભતા હતા. જો કે હજી તેને ચૈતન્ય—બગીચો ખીલ્યો ન હતો; એટલે ચૈતન્યબાગની અતીન્દ્રિય શોભાને નહિ જાણનારો તે ભવ્ય, બહારના ઉપવનની સુંદરતા પર મુગ્ધ હતો. એ બગીચો અનેકવિધ ઉત્તમ વૃક્ષોથી શોભતો હતો; અવારનવાર મુનિવરો પધારીને તે બગીચાની શોભામાં ઓર વધારો કરતા હતા, ને અકાળે પણ ત્યાં આંબા પાકતા. આવા અદ્‌ભુત બગીચા માટે તે વિશ્વનંદીને ઘણી મમતા હતી.—હોય જ ને! કેમકે એક પ્રકારે તે બગીચો જ તેના ચૈતન્યબાગને ખીલવવામાં કારણભૂત થવાનો છે!

એક વખત તેના કાકાના પુત્ર રાજપુત્ર **'નંદ-વિશાખે'** (વિશાખનંદીએ) તે અદ્‌ભુત બગીચો દેખ્યો ને તેનું મન પણ તેમાં જ મોહિત થયું. તેણે માતા-પિતા પાસે તે બગીચો પોતાને અપાવી દેવા હઠ કરી. આથી પોતાના પુત્રને બગીચો અપાવી દેવા માટે, વિશાખભૂતિએ કપટપૂર્વક વિશ્વનંદીને કાશ્મીર જીતવાને બહાને રાજ્યથી દૂર મોકલી દીધો. ભલો યુવરાજ તો શત્રુને જીતવા માટે ચાલ્યો. પાછળથી તેના પિતરાઈ ભાઈ નંદવિશાખે તેના પ્રિય બગીચાનો કબજો લઈ લીધો. શત્રુરાજ્યને જીતવાનું કામ પૂરું કરીને તે યુવરાજ જલ્દી રાજગૃહીમાં પાછો આવ્યો. તેના મનમાં પોતાના ઉપવનની ચિંતા હતી; તેને ચેન પડતું ન હતું. (હે ભવ્ય પાઠક! થોડીવારમાં તું જોજે કે આવા પ્રસંગો પણ ભવ્ય જીવને કઈ રીતે હિતનું કારણ થાય છે!)

રાજગૃહીનગરીમાં આવીને તેણે જોયું કે લોકો ભયભીત થઈ રહ્યા છે. નંદ-વિશાખ (તેના કાકાનો પુત્ર) તેના ઉપવનનો કબજો લઈને તેની સાથે લડવા તૈયાર થયો છે. આથી તેણે તેની સાથે લડાઈ કરી, અત્યંત વીરતાથી પથ્થરનો એક થાંભલો ઉપાડીને તેના પ્રહાર વડે તેણે શત્રુસેનાને જીતી લીધી. તેના પરાક્રમથી ભયભીત થઈને નંદ—વિશાખ ભાગ્યો અને એક ઝાડ ઉપર ચડી ગયો. પણ અત્યંત બળવાન વિશ્વનંદીએ ક્રોધપૂર્વક તે આખા ઝાડને ઉખેડી નાખ્યું. આથી નંદ—વિશાખ તેના શરણે આવ્યો ને હાથ જોડીને પગે પડ્યો.

આ દેખીને સજ્જન એવા વિશ્વનંદીને લજ્જા આવી; તેનો ક્રોધ શાંત થઈ ગયો. અરે, ભાઈ સાથે આવી લડાઈ કરીને હવે હું પિતાતુલ્ય વિશાખભૂતિ મહારાજને શું મોઢું બતાવું!—એમ લજ્જિત

થઈને તે વિશ્વનંદી રાજ છોડીને તપ કરવા માટે વનમાં જવા તૈયાર થયો. 'દુર્જનો દ્વારા કરાયેલ અપકાર પણ સજ્જનોને ક્યારેક ઉપકારરૂપ થઈ પડે છે.' જે ઉપવનના મોહને ખાતર લડાઈ કરવી પડી, તેને પણ છોડીને મુનિદીક્ષા લેવા માટે તે રાજકુમાર દિગંબર જૈનાચાર્ય પાસે ગયો. વનમાં સંભૂતસ્વામી નામના દિગંબર જૈનમુનિ સંઘસહિત બિરાજતા હતા. રત્નત્રયપુષ્પોથી સુશોભિત એ મુનિસંઘ ધર્મના સુંદર બગીચા જેવો શોભતો હતો. ત્યાં જઈને વિશ્વનંદીએ મુનિરાજના ચરણે નમસ્કાર કરીને તેમના શ્રીમુખથી રાગ-દ્વેષ વગરના ચૈતન્યનું શુદ્ધસ્વરૂપ સાંભળ્યું, ને તેનો અનુભવ કરીને દિગંબર જૈનસાધુદશા અંગીકાર કરી. રાજા વિશાખે પણ જિનદીક્ષા લીધી. ભવિષ્યના મહાવીરનો જીવ રાજકુમાર વિશ્વનંદી હવે બાહ્ય ઉપવનનું મમત્વ છોડીને અંદર રત્નત્રયના ફૂલથી શોભતા ચૈતન્યના ઉપવનમાં કેલિ કરવા લાગ્યો; તપ વડે તેના અંતરમાં ચૈતન્યબગીચો ખીલી ઊઠ્યો.

**(અહા, આપણા ચરિત્રનાયક પ્રથમ આ ભવમાં ધર્મ પામ્યા. ચૈતન્યની આરાધના વડે ભવકટ્ટી તેમણે આ ભવમાં કરી. પરંતુ તે આરાધનામાં વચ્ચે એકવાર નિદાન—શલ્યના કારણે ભંગ પડી ગયો; ત્યારપછી મોક્ષની અખંડ આરાધના તેમણે સિંહના ભવમાંથી શરૂ કરી, તેથી શાસ્ત્રકારોએ સિંહના ભવમાં સમ્યક્ત્વ—પ્રાપ્તિનું મુખ્ય વર્ણન કર્યું છે.—જે આપણને અખંડ—આરાધનાની પ્રેરણા આપે છે.)**

દીક્ષા લીધા પછી રાજા—વિશાખભૂતિ તો નિઃશલ્ય—રત્નત્રયનું પાલન કરીને દશમા સ્વર્ગે ગયા. આ બાજુ રાજગૃહીમાં રહેલો તેનો પુત્ર નંદ—વિશાખ—કે જેના અન્યાયના કારણે જ વિશ્વનંદીએ રાજ છોડીને દીક્ષા લીધી છે—તે બળહીન ને પુણ્યહીન હતો; થોડા જ વખતમાં બીજા રાજાએ તેનું રાજ્ય જીતી લીધું ને તે રસ્તે રખડતો ભીખારી બની ગયો, રાજા મટીને રંક બની ગયો, ને ભીખ માંગતો મથુરાનગરીની ગલીઓમાં ભટકવા લાગ્યો.

હવે આપણા ચરિત્રનાયક મહાત્મા વિશ્વનંદીનું શું થયું ? તે જોઈએ. ઉપવનનો મોહ છોડી મુનિ થયેલા તે વિશ્વનંદી—મુનિ યથાશક્તિ રત્નત્રયધર્મનું પાલન કરતા હતા, અનેકવાર ઉપવાસાદિ તપ કરતા હતા; એકવાર તેણે માસોપવાસ કર્યા; જૈનમુનિઓ ઉપવાસમાં પાણી પણ પીતા નથી; તથા ઉપવાસ સિવાયના દિવસોમાં પણ એક જ વખત આહાર—પાણી ગ્રહણ કરે છે. આ રીતે અન્ન—જળ વગરના માસોપવાસી તે વિશ્વનંદીમુનિ પારણા સમયે મથુરા નગરીમાં આવ્યા, અને નીચું જોઈને રસ્તા પર ચાલ્યા જતા હતા; એવામાં તેમને એક બળદના શીંગડાનો ધક્કો લાગ્યો ને તેઓ પૃથ્વી પર પડી ગયા.

બરાબર એ જ વખતે, રાજભ્રષ્ટ નંદવિશાખ ત્યાં એક વેશ્યાના ઘર પાસે ઊભો હતો, તેણે એ દૃશ્ય જોયું ને પૂર્વનું વેર યાદ કરીને અટ્ટહાસ્યપૂર્વક કટાક્ષ કર્યો કે—રે વિશ્વનંદી ! ક્યાં ગયું તારું બળ !—પહેલાં તો તેં મોટો થાંભલો ઊખેડીને આખી સેનાને જીતી લીધી હતી, ને હું ઝાડ ઉપર ચડ્યો ત્યારે આખા ઝાડને તેં બાહુબળથી ઊખેડી નાખ્યું હતું,—એને બદલે અત્યારે બળદના એક નાનકડા ધક્કાથી કેવો પડી ગયો ! ક્યાં ગયું તારું બળ !!

એકકોર મહિનાના ઉપવાસ હતા; બીજીકોર નબળાઈને લીધે બળદના ધક્કાથી પડી ગયા હતા, ને તેમાં 'પડ્યા ઉપર પાટુ'ની માફક તેના ભાઈએ પૂર્વવેર યાદ કરીને આવો કટાક્ષ કર્યો, તેથી તે વિશ્વનંદીમુનિનો સુષુપ્ત કષાય જાગી ઊઠ્યો, ક્રોધને આધીન થઈને પોતાના મુનિપદને તેઓ ભૂલી ગયા;

રત્નત્રયના અમૂલ્ય નિધાનને તથા તેના મહાન મોક્ષફળને ભૂલીને, અમૂલ્ય હીરો પાણીના મૂલ્યે ગુમાવી બેઠા. ક્રોધવશ તેમની આંખો લાલ થઈ ગઈ ને ભાન ભૂલીને તેઓ બોલી ઊઠ્યા—અરે દુષ્ટ! તું મારા તપની મશ્કરી કરે છે, પણ તું જોઈ લેજે કે આ તપના પ્રભાવથી ભવિષ્યમાં હું તને બધાની સામે જ છેદી નાંખીશ.—આ રીતે અજ્ઞાનીપણે તેઓ નિદાન કરી બેઠા કે મારા તપનું કાંઇ ફળ હોય તે આવતા જન્મમાં હું અદ્‌ભુત શરીરબળ પામું ને આ દુષ્ટ નંદ—વિશાખને મારું!—આવા નિદાનશલ્યને લીધે તે રત્નત્રયથી ભ્રષ્ટ થઈ ગયા; તથા વિદ્યાધરની વિભૂતિ દેખીને તેનું પણ નિદાન કર્યું કે મારા તપના પ્રભાવે મને આવી વિભૂતિ મળો.

—રે વિશ્વનંદી! આ તમે કેવી મુર્ખાઈ કરી? રત્નત્રયના અમૂલ્ય હીરાને તમે ક્રોધવશ ફેંકી દીધા! રત્નત્રયના ફળમાં શરીરબળની અભિલાષા કરીને તમે મિથ્યાદૃષ્ટિ થયા, ચૈતન્યવૈભવને ભૂલીને તમે પુણ્યવૈભવની ચાહ કરી, ને નિદાનશલ્યથી તમે તમારા આત્માને ભયંકર દુઃખમાં નાંખ્યો.

એ રીતે, તીવ્ર ક્રોધાગ્નિમાં જેણે પોતાના સમ્યક્ત્વરત્નને બાળી નાંખ્યું છે—એવા તે વિશ્વનંદી મુનિનો જીવ, નિદાન શલ્યસહિત મરીને, તપના બાકી રહેલા પુણ્યપ્રતાપે મહાશુક્ર નામના દશમા સ્વર્ગમાં દેવ થયો. ત્યાં સોળ સાગર સુધી તેણે ભોગલાલસાથી ઈન્દ્ર જેવા વૈભવો ભોગવ્યા. અનુપમ જૈનવ્રત પામીને પણ તેનો પૂરો લાભ તે ન લઈ શક્યો, ને કોઈ મૂરખો અમૃત ખાઈને તેની ઊલટી કરી નાંખે તેમ તેણે રત્નત્રય—અમૃતને નિદાનશલ્ય વડે વમી નાખ્યા ને પાછો સંસારમાં ભમ્યો. (રે ભવિતવ્ય! આ જીવ છે તો તીર્થંકર થનાર...પણ તે ભરતક્ષેત્રના 'ચોવીસમા' તીર્થંકર થનાર છે; ને કાળક્રમ—અનુસાર ચોવીસમા તીર્થંકર થવાને હજી વાર છે....એટલે વચ્ચેનો કાળ સંસારભ્રમણમાં વીતાવવા જ નિદાનશલ્ય કર્યું.)

પાછળથી નંદ—વિશાખનો જીવ પણ કોઈ કારણે વૈરાગ્ય પામીને મુનિ થયો, જૈનદીક્ષા અંગીકાર કરીને તેણે તપ કર્યું; પણ એકવાર આકાશમાં જઈ રહેલા કોઈ વિદ્યાધરની આશ્ચર્યકારી વિભૂતિ દેખીને તે ભોગોની વાંછાથી એવું નિદાનશલ્ય કરી બેઠો કે મારા ધર્મના ફળમાં મને પણ આવી વિભૂતિ મળો! અરેરે, ધર્મના ફળમાં તેણે પુણ્યભોગો માંગ્યા,—અમૃતના ફળમાં વિષ માગ્યું,—તેથી તે પણ મિથ્યાદૃષ્ટિ થયો ને તેના બંધાયેલા પુણ્યો પણ ઘટી ગયા; હાથમાં આવેલા ધર્મના રત્નો ફેંકીને તેના બદલામાં તેણે વિષય—ભોગોના કોલસા માંગ્યા. —ધિક વિષયાભિલાષા!

વ્રતભ્રષ્ટ એવા તે વિશાખમુનિનો જીવ પણ નિદાન સહિત મરીને દશમા સ્વર્ગમાં દેવ થયા, ને વિષયભોગોની લાલસામાં જ અસંખ્ય વર્ષ વીતાવ્યા.

(પ્રિય પાઠક! મહાવીર થનારો આ વિશ્વનંદીનો જીવ સ્વર્ગેથી ચવીને હવે ત્રિપૃષ્ઠ—વાસુદેવ થશે, ને તેનો ભાઈ નંદ—વિશાખ પ્રતિવાસુદેવ થશે)

✻ ✻ ✻

## ભગવાન મહાવીર : પૂર્વભવ : ત્રિપૃષ્ઠ—વાસુદેવ

જ્યાં આપણે રહીએ છીએ તે આ ભરતક્ષેત્રમાં, દરેક કાળચક્રમાં (અવસર્પિણી તથા ઉત્સર્પિણી દરેકના દશક્રોડાક્રોડી સાગરોપમમાં) બે વખત ૨૪—૨૪ ભગવંતો અવતરે છે. તેઓ સર્વજ્ઞ થઈને, જ્ઞાનાનંદ આત્માનું સ્વરૂપ સમજાવીને તેની વીતરાગી ઉપાસનારૂપ મોક્ષમાર્ગ દેખાડે છે, ને તેમના ઉપદેશથી લાખો કરોડો—અસંખ્ય જીવો ધર્મ પામીને સંસારથી મુક્ત થાય છે. તેમાં આ ચોવીસીના અંતિમ તીર્થંકર શ્રી મહાવીર ભગવાનના મોક્ષગમનનો અઢી હજારવર્ષીય અભૂતપૂર્વ મહોત્સવ ભારતભરમાં ઉજવાયો. તે પ્રસંગે પૂજ્ય શ્રી કહાનગુરુની પ્રેરણાથી લખાયેલ આ ગ્રંથમાં પ્રભુ મહાવીરનું મંગલ જીવન આપ વાંચી રહ્યા છો; તેમાં પૂર્વભવોનું વર્ણન ચાલે છે.

આપણા ચરિત્રનાયક મહાવીરનો જીવ દશમા સ્વર્ગેથી વાસુદેવપણે ક્યાં ઊપજે છે? તે જોઈએ: ભરતક્ષેત્રની પોદનપુરીમાં ભગવાન ઋષભદેવ—બાહુબલીના વંશમાં અસંખ્ય મોટા મોટા રાજાઓ થયા ને મોક્ષ પામ્યા. તેમાં અનુક્રમે પ્રજાપતિ નામના રાજા થયા. તેને બે પુત્રો થયા—૧. વિશાખભૂતિનો જીવ (પૂર્વે જે વિશ્વનંદીના કાકા હતા) તે વિજયબળદેવ તરીકે અવતર્યા; અને ૨. વિશ્વનંદી (મહાવીરનો જીવ) ત્રિપૃષ્ઠ વાસુદેવ તરીકે અવતર્યા.

એ જ વખતે, પૂર્વનો નંદ—વિશાખનો જીવ વિદ્યાધરોની અલકાપુરી નગરીમાં રાજકુમાર તરીકે અવતર્યો. તેનું નામ અશ્વગ્રીવ. તે અશ્વગ્રીવને અનેક વિદ્યાઓ સિદ્ધ થઈ; તથા હજાર આરાવાળું સુદર્શનચક્ર, દંડ, છત્ર, તલવાર વગેરે અનેક દૈવીઆયુધો પ્રાપ્ત થયા. ત્રણખંડને જીતીને તે અડધા ભરતક્ષેત્રનો સ્વામી (અર્ધચક્રી, પ્રતિવાસુદેવ) થયો. બળેલા પુણ્યનું ફળ ભોગવી રહેલા તે અશ્વગ્રીવની હજારો રાજાઓ સેવા કરતા હતા.—પુણ્યથી શું ન મળે! અરે, આરાધકદશામાં બાંધીને પછી નિદાન વડે બાળી નાંખેલા દગ્ધ-પુણ્યનું પણ આવું ફળ, તો આરાધક ભાવ સહિતના આશ્ચર્યકારી સાતિશય—પુણ્યની શી વાત! અને વળી, પુણ્ય—રાગથીયે પાર એવી ચૈતન્ય—આરાધનાના વીતરાગી આનંદની તો વાત જ શી! ધન્ય આરાધના! ધન્ય વીતરાગતા! ધન્ય તેનું પ્રશંસનીય ફળ!

* * *

એક દિવસ પોદનપુરમાં મહારાજા પ્રજાપતિ, બંને પુત્રો (વિજય અને ત્રિપુષ્ઠ) સહિત રાજસભામાં બેઠા હતા. ત્યારે મંત્રીએ નિવેદન કર્યું: હે સ્વામી! આપની પ્રજા સર્વ વાતે સુખી છે; પરંતુ હમણા એક મહા ભયંકર સિંહ લોકોની હિંસા કરીને મહાન ઉપદ્રવ કરે છે; લોકો તેનાથી અત્યંત ભયભીત છે ને છૂટથી અવરજવર પણ કરી શકતા નથી.

એ સાંભળતાં જ રાજાને ખેદ થયો કે, અરે! ખેતરમાં અનાજની રક્ષા માટે વાંસનો ચાડિયો (બનાવટી માણસ) હોય તેનાથી પણ મૃગલા ભય પામીને ભાગે છે ને પાકની રક્ષા થાય છે; તો હું આવો પરાક્રમી રાજા બેઠો હોવા છતાં મારી પ્રજાનું સિંહની સામે રક્ષણ ન કરી શકું—તો તે શરમની વાત છે. જે પ્રજાનો ભય દૂર ન કરી શકે તે રાજા શું કામનો?—આમ વિચારી તે રાજા સિંહને મારવા મોટી સેના તૈયાર કરવા લાગ્યો.

ત્યાં તો ત્રિપૃષ્ઠકુમાર ઊઠ્યો ને હસીને બોલ્યા—પિતાજી! એક પશુને મારવા માટે પણ જો તમારે

આવડી મોટી તકલીફ લેવી પડે, તો પછી અમારે શું કરવાનું છે? આવા નાના કામ માટે આપે જવું જરૂરી નથી, હું હમણાં જ જઈને સિંહને ખતમ કરું છું.—એ પ્રમાણે કહીને ત્રિપૃષ્ઠકુમાર વનમાં ચાલ્યા : ગૂફામાંથી સિંહને બહાર કાઢ્યો, એક હાથે તો સિંહના આગલા પંજા પકડ્યા ને બીજા હાથે ઝપટ મારીને તેને હેઠે પછાડી દીધો; પછી, જેમ કાપડિયો કપડાના બે ચીરા કરે તેમ તેણે સિંહના જડબા ફાડીને તેના બે ચીરા કરી નાખ્યા. (જાણે કે આ સિંહને મારવાના ક્રૂર પરિણામને લીધે જ તે ત્રિપૃષ્ઠને પણ પછીના ભવોમાં સિંહનો અવતાર લેવો પડશે. પાઠક! આવા પરાક્રમના પ્રસંગે વાસુદેવને હિંસામાં મજા માનવારૂપ 'હિંસાનંદી—આર્ત્તધ્યાન'ના જે ક્રૂર પરિણામો વર્તતા હોય છે તે તેને નરકગતિનું કારણ થાય છે.)

સિંહને મારવાથી તે રાજકુમારનું પરાક્રમ પ્રસિદ્ધ થયું. ત્યારબાદ એકવાર 'કોટિશિલા'ને ઊંચે ઊઠાવીને તેણે મહાન પરાક્રમ કર્યું. આ કોટિશિલા ઊપરથી કરોડો મુનિવરો મુક્તિ પામ્યા છે. સાધારણ માણસો તેને ઊંચી કરી શકતા નથી; નારાયણ—વાસુદેવ જ તેને ઊંચી કરે છે. એક વખતે પહેલા તીર્થંકરનો જે પૌત્ર હતો તે જ જીવ અસંખ્ય વર્ષો બાદ તેમના જ કૂળમાં અવતરીને પહેલા નારાયણ અર્ધચક્રી થયા. નવ નારાયણોમાં આ પહેલા નારાયણ શ્રેયાંસનાથ તીર્થંકરના તીર્થમાં થયા.

વિદ્યાધરોના રાજા જ્વલનજટીએ પોતાની પુત્રી સ્વયંપ્રભાને ત્રિપૃષ્ઠ સાથે પરણાવી; ત્યારે તેના પ્રતિસ્પર્ધી રાજા—અશ્વગ્રીવને અપમાન લાગ્યું કે વિદ્યાધરની શ્રેષ્ઠ કન્યા મને ન આપતાં ભૂમિગોચરી ત્રિપૃષ્ઠને કેમ આપી?—આથી ક્રોધપૂર્વક તે ત્રિપૃષ્ઠ સાથે યુદ્ધ કરવા ચાલ્યો. બીજી બાજુ ત્રિપૃષ્ઠકુમારે પણ યુદ્ધની તૈયારી કરવા માંડી ને તે વિદ્યા સાધવા લાગ્યા. બીજાને જે બાર વર્ષે સિદ્ધ થાય—એવી વિદ્યાઓ ત્રિપુષ્ઠને પુણ્ય પ્રતાપે માત્ર સાત દિવસમાં સિદ્ધ થઈ ગઈ. અહો, પુણ્યવડે સંસારમાં શું અસાધ્ય છે! પુણ્યથી સંસારમાં તો બધુંય મળે છે પણ એક ચૈતન્યનું અતીન્દ્રિય સુખ તેનાથી નથી મળતું; તેથી તો મુમુક્ષુ જીવો કહે છે કે —અરે, એવા હત—પુણ્યને અમારે શું કરવા છે!

(અરેરે, ભાવિ—તીર્થંકર એવા આ મહાત્મા અત્યારે હિંસાના હેતુભૂત લૌકિક વિદ્યાઓ સાધવા રોકાયા છે...પણ હવે થોડા જ ભવમાં તે અલૌકિક આત્મવિદ્યાને સાધશે ને જગતના જીવોને પણ તે અલૌકિક વીતરાગી-વિદ્યાનો બોધ આપશે; અને ત્યારે જ તેની સાચી વીરતા ખીલી ઊઠશે ને તે 'મહા—વીર; કહેવાશે.)

શસ્ત્રવિદ્યાઓ સિદ્ધ કરીને બંને ભાઈઓએ યુદ્ધ માટે પ્રસ્થાન કર્યું. ઘોર યુદ્ધ શરૂ થયું. અશ્વગ્રીવ અને ત્રિપૃષ્ઠ એ બંને શૂરવીર યોદ્ધાઓ, યુદ્ધસંબંધી આર્ત્તધ્યાનમાં એવા તલ્લીન હતા કે નરકગતિના કર્મો આત્માની અંદર ઘૂસી જતા હતા તેનુંય તેમને ભાન ન રહ્યું. લાખો લોકો આશ્ચર્યથી—ભયથી—કુતૂહલથી યુદ્ધ જોઈ રહ્યા હતા. તેમાં કોઈ વૈરાગ્ય પરિણામ કરે છે કે અરેરે, તૂચ્છ વાત માટે આ જીવો લડી રહ્યા છે; ત્યારે કોઈ મૂર્ખ જીવો યુદ્ધના આનંદનું હિંસાનંદી રૌદ્રધ્યાન કરીકરીને મફતના અશુભકર્મો બાંધી રહ્યા હતા. જીવોના પરિણામની પણ વિચિત્રતા છે કે એક જ પ્રસંગે ભિન્નભિન્ન જીવો જુદાજુદા પ્રકારના પરિણામ કરે છે. તેથી તો કહ્યું છે કે 'છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ લબ્ધિ છે વિધવિધ અરે!' તેમાં તું પોતાનું કલ્યાણ કરી લેજે, જગત સામે જોવા રોકાઈશ નહીં.

લડાઈ શરૂ થયા પહેલાં અશ્વગ્રીવ–વિદ્યાધરના દૂતે આવીને ત્રિપૃષ્ઠને ધમકીભરેલાં વચનો સંભળાવ્યા; ત્યારે તેનો જવાબ આપતાં ત્રિપૃષ્ઠે કહ્યું–હે દૂત! તારા રાજાને આકાશમાં ઊંચે ચાલવાનું ને વિદ્યાધરપણાનું અભિમાન હશે; પરંતુ આકાશમાં તો કાગડાય ઊડે છે,–તેથી શું? યાદ રાખજે કે તીર્થંકરો અને ચક્રવર્તીઓ કદી વિદ્યાધરોને ત્યાં નથી પાકતા, એ તો ભૂમિગોચરી રાજાઓને ત્યાં જ પાકે છે.

ત્યારે અશ્વગ્રીવના દૂતે કહ્યું–અરે, અમારા મહારાજા પાસે દિવ્યચક્ર છે, તેના પ્રતાપની શું તમને ખબર નથી? સૂર્ય જેવું તેજસ્વી તે ચક્ર ભલભલા દુશ્મનનું છેદન કરી નાંખે છે....

ત્રિપૃષ્ઠે તેને બોલતો અટકાવીને કહ્યું : હે દૂત! તું ચાલ્યો જા; તારા રાજાની વ્યર્થ પ્રશંસા ન કર. યુદ્ધમાં એનાં પારખાં થઈ જશે. રણભેરી ગાજી ઊઠી..બંને બાજુના યોદ્ધાઓ સાવધાન થઈ ગયા. જેમ મુમુક્ષુજીવ શુદ્ધોપયોગ વડે મોહને હણવા તત્પર બને તેમ શૂરવીર યોદ્ધાઓ શત્રુને હણવા તત્પર બન્યા. સામે દુશ્મનો ઊભા હોવા છતાં તે કુશળ યોદ્ધાઓ ગંભીર અને શાંત દેખાતા હતા, કેમકે કુશળ પુરુષો આકુળતાનું કારણ મળે એવા કટોકટીના પ્રસંગે પણ ગભરાઈ જતા નથી...અથવા મોહશત્રુને હણવા તત્પર બનેલો શૂરવીર–સાધક પોતે શાંત રહીને જ મોહને હણી નાંખે છે. જેમ ગુરુ ઉત્તમ શિષ્યને આત્મસાધના માટે પ્રોત્સાહન આપે તેમ રાજાઓ પોતપોતાના સેનાપતિઓને પ્રશંસાદ્વારા યુદ્ધ માટે ઉત્સાહિત કરતા હતા. જ્યારે સેવકો બળદેવ–વાસુદેવ માટે બખ્તર લાવ્યા ત્યારે, પોતાની શૂરવીરતાના અભિમાનથી તેમણે તે પહેરવાની ના પાડી : 'શૂરવીરને વળી બીજાનાં રક્ષણ શા?'–શુદ્ધોપયોગના સામર્થ્યથી સ્વયં-સર્વજ્ઞ થનારા અરિહંતોને બીજા કોઈ સાધનની જરૂર ક્યાં પડે છે!

ત્રિપૃષ્ઠનું પરાક્રમ અદ્‌ભુત હતું. જેમ સમ્યક્ત્વ માટે તત્પર મુમુક્ષુ–યોદ્ધો વિશુદ્ધિના પ્રહાર વડે મિથ્યાત્વશત્રુના ત્રણ કટકા કરી નાંખે છે, તેમ ત્રિપૃષ્ઠે પ્રથમ જ પ્રહાર વડે શત્રુસેનાને ત્રણ ભાગમાં વિભક્ત કરી નાંખી; જેમ આત્માને સાધવા માટે કટિબદ્ધ થયેલો શૂરવીર–સાધક દેહની પણ પરવા કરતો નથી તેમ વિજય માટે ઉન્મત્ત યોદ્ધાઓ ચારેકોર શસ્ત્રથી વીંધાઈ જતા પોતાના દેહની પણ પરવા કરતા ન હતા અરે, ખેદ છે કે તે યોદ્ધાઓ ક્રોધવશ આ રીતે યુદ્ધમાં નિર્ભયપણે દેહને તો જતો કરી દેતા હતા, પણ દેહથી ભિન્ન આત્માનું ભેદજ્ઞાન કરવામાં પોતાની શક્તિ લગાવતા ન હતા. જેટલી શક્તિ આ લડાઈમાં લગાવે છે તેટલી શક્તિ આત્માની સાધનામાં લગાવે, તો કેટલો અપૂર્વ લાભ થાય!

લડાઈમાં જેની સાથે કાંઈ વેર ન હોય એવા હાથી–ઘોડા તથા સેનાના લોકોને પણ અરે! માત્ર માલિકની પ્રસન્નતા ખાતર મારવા પડે છે. ધિક્ આવી પરાધીન ચાકરી!–એમ વિચારી ઘણા શૂરવીર યોદ્ધાઓએ આ યુદ્ધ પછી તરત જ ચાકરી છોડી દેવાનું નક્કી કર્યું હતું. જેમને હિંસા ગમતી ન હતી એવા ઘણા જીવોનું ચિત્ત યુદ્ધથી ઉદાસ હતું પણ ન છૂટકે–યુદ્ધમાં વર્તતા હતા. કોઈ યોદ્ધો યુદ્ધભૂમિમાં બાણથી ઘાયલ થઈને મૃત્યુની તૈયારીમાં હતો ત્યારે, તેને ઘાયલ કરનાર યોદ્ધો પોતે જ તેને પાણી પાતો હતો ને પંચપરમેષ્ઠીનું નામ સંભળાવતો હતો. આ રીતે ભૂમિમાં જ વેરભાવને તેઓ ભૂલી જતા. ઘવાયેલા શત્રુ પર કોઈ પુનઃ પ્રહાર કરતા ન હતા, અપિતુ તેને આશ્વાસન દેતા હતા. આવા અનેકવિધ દશ્યો યુદ્ધભૂમિમાં દેખાતા હતા.

વિજય અને ત્રિપૃષ્ઠ વડે પોતાના કેટલાય શૂરવીર વિદ્યાધરોનો નાશ થતો દેખીને, અશ્વગ્રીવે ચક્ર હાથમાં લઈને ગર્જના કરી. ત્યારે ભાવિ–મહાવીર એવા તે ત્રિપૃષ્ઠે નિર્ભયપણે કહ્યું : રે અશ્વ–ગ્રીવ!

તારી ગર્જના વ્યર્થ છે. જંગલી હાથીની ગર્જનાથી હરણિયાં ડરે છે, સિંહ નહિ; કુંભારના ચાકડા જેવા તારા આ ચક્રથી હું ડરી નહિ જાઉં. ચલાવ તારા ચક્રને!

અંતે, અતિ ક્રોધપૂર્વક અશ્વગ્રીવે તે ચક્ર ત્રિપૃષ્ઠ ઉપર ફેંક્યું. એમ માનો કે ચક્રના બહાને તેણે પોતાના પુણ્યને જ ફેંકી દીધા. ભયંકર જ્વાળાઓ કાઢતું ને અત્યંત ગર્જના કરતું તે ચક્ર સડસડાટ ચાલ્યું. બંને સેનામાં ભયંકર હા–હાકાર થઈ ગયો. પહેલાં તો જેણે અશ્વગ્રીવના જ પુણ્યને છેદી નાંખ્યા છે એવું તે ચક્ર આશ્ચર્યપૂર્વક ત્રિપૃષ્ઠના જમણા હાથ પર આવ્યું; તેની જ્વાળાઓ શાંત થઈ ગઈ અને તે ત્રિપૃષ્ઠની આજ્ઞાની રાહ જોવા લાગ્યું. તરત અતિશય ક્રોધપૂર્વક ત્રિપૃષ્ઠે તે ચક્ર અશ્વગ્રીવ ઉપર ફેંક્યું. (રે મહાત્મા! આ હિંસક–ચક્ર તમારા હાથમાં નથી શોભતું. તમે તો ધર્મચક્રના પ્રવર્તક થવાના છો. તમારું ચક્ર જીવોને મારનાર નહિ પણ તારનાર છે.)

ક્રોધપૂર્વક ત્રિપૃષ્ઠે છોડેલા ચક્રે અશ્વગ્રીવની ગ્રીવાને છેદી નાંખી; અને તે ત્રિપૃષ્ઠ ભરતક્ષેત્રના પહેલા વાસુદેવ તરીકે પ્રસિદ્ધ થયા. ત્રણખંડનું રાજ્ય ને અપાર વિભૂતિ હોવા છતાં, સમ્યક્ત્વ વગરનો તે જીવ જરાય સુખી ન હતો! ભોગ–સામગ્રીમાં લયલીન એવો તે જીવ દાનાદિ ધર્મને જાણતો ન હતો, ને સદાય બહુ આરંભ–પરિગ્રહમાં રચ્યો–પચ્યો રહેતો અરે, વિષય સમુદ્રને તરવા માટે વહાણ જેવું જે જૈનશાસન, તે તો આત્મામાં જ શાંતિરૂપ શાશ્વત સુખ બતાવીને વિષયોમાંથી સુખબુદ્ધિ છોડાવે છે,–તો આવું **'વીરશાસન'** પામીને **'ત્રિપૃષ્ઠ જેવી મુર્ખાઈ'** કોણ કરે?–ને વિષયોની આગમાં કોણ બળે? જિનોક્ત ધર્મની અવહેલના કરીને જે વિષયોમાં લુબ્ધ થાય છે–તે મૂર્ખ પ્રાણી હાથમાં આવેલા અમૃતને છોડીને વિષ પીએ છે. રાગનો નાશ થતાં આત્માને જે સ્વાભાવિક શાંતિરૂપ પરમ સુખ મળે છે,–શું તેનો અનંતમો અંશ પણ વિષયાંધ મોહી જીવોને વિષયોમાંથી મળે છે?–નહીં. વિષયો વગરના વીતરાગભાવથી જ જીવને શાંતિ મળે છે.

## ત્રિપૃષ્ઠનું મૃત્યુ અને સાતમી નરકે; વિજય–બલભદ્ર મોક્ષમાં (બે ભાઈ–એક મોક્ષમાં, બીજો નરકમાં)

ત્રિપૃષ્ઠકુમારે (–આપણા ચરિત્રનાયક મહાવીરના જીવે) વિજય બલભદ્ર સહિત ત્રણખંડનું રાજ્ય દીર્ઘકાળ સુધી ભોગવ્યું. યોગ્ય કાળે તેના પિતા પ્રજાપતિએ દીક્ષા લીધી ને કેવળજ્ઞાન પ્રગટ કરીને નિર્વાણ પામ્યા. બીજી બાજુ ઈષ્ટ અને મનોજ્ઞ (ખરેખર તો અનિષ્ટ અને બુરા) વિષયોમાં જ જેનું ચિત્ત ચોંટેલું છે એવો તે ત્રિપૃષ્ઠકુમાર નિદાનવશ વિષયોના રૌદ્રધ્યાન સહિત સુતાં–સુતાં જ મૃત્યુ પામ્યો...અને, જ્યાંનું અસંખ્યાત વર્ષોનું ઘોરાતિઘોર દુ:ખ ચિંતનમાં પણ નથી આવી શકતું એવી સાતમી નરકમાં જઈ પડ્યો. અરેરે! એકેક સેકંડની તીવ્ર વિષયાસક્તિના પાપફળમાં તે જીવ અસંખ્ય વર્ષનું અતિ ભયાનક દુ;ખ પામ્યો.–આવા ઘોર દુઃખ-ફળવાળા વિષય–સુખોને તે સુખ કોણ કહે? તે નરકદુઃખોનું વર્ણન પણ જિજ્ઞાસુને સંસારથી ભયભીત કરી દે છે. અરે, આવા દુઃખો! એનાથી બચવું હોય તો અજ્ઞાન છોડીને આત્મધ્યાન કરવું જોઈએ...વિષયો પ્રત્યે વૈરાગ્ય કરવો જોઈએ. આ મહાવીરનો જીવ પૂર્વે અજ્ઞાનદશાથી ભવભ્રમણ કરતાં, ત્રિપૃષ્ઠ-વાસુદેવ જેવા મહાન અવતારને પામીને પણ વિષય–કષાયોમાં લીનતાવશ સાતમી નરકમાં ગયો,–તે એમ સૂચવે છે કે અરે જીવ! કષાય–વિષયો કે જેને

મૂર્ખ–અજ્ઞાની લોકો જ સુખ સમજી રહ્યા છે–તેને તું નરકસમાન દુઃખ જાણ..એટલે તેનાથી પાછો ફર; ને ચૈતન્યના અતીન્દ્રિય સુખને જ સાચું સુખ જાણીને તેની અનુભૂતિમાં તું અનુલગ્ન થા. વિષય–કષાયનો કણિયો પણ દુઃખ છે ને ચૈતન્ય–અનુભૂતિના કણિયામાં પણ મહાન સુખ છે.

ક્યાં અર્ધચક્રવર્તીના ત્રણ ખંડના રાજવૈભવની અનુકૂળતા! ને ક્યાં આ સાતમી નરકની પ્રતિકૂળતા!

પોતાના ભાઈ ત્રિપૃષ્ઠનું મૃત્યુ થતાં વિજયબલભદ્ર છ માસ સુધી ઉદ્વેગમાં રહ્યા; ત્યારબાદ વૈરાગ્ય પામી તેણે જિનદીક્ષા લીધી, ને રત્નત્રયરૂપી અમોઘ–અહિંસક હથિયાર વડે સમસ્ત કર્મોને નષ્ટ કરીને મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

અરે, સદાય સાથે રહેનારા બે ભાઈ...તેમાં એક તો વીતરાગચરિત્રવડે મોક્ષસુખને પામ્યા, ને બીજો વિષયકષાયવશ સાતમી નરકના ઘોરદુઃખને પામ્યો. આ જાણીને ભવ્યજીવો વિષયકષાયથી વિરક્ત થાઓ ને વીતરાગચારિત્રને આરાધો. વળી જીવના પરિણામની વિચિત્રતા તો જુઓ, કે એ જ જીવ પાછો નરકમાંથી નીકળીને અત્યારે તો મોક્ષમાં બિરાજી રહ્યો છે, ને આપણે તેને 'ભગવાન મહાવીર' તરીકે પૂજીએ છીએ.

## ભગવાન મહાવીર : પૂર્વભવ : સિંહ થઈને નરકે; ને પાછો સિંહ

સાતમી નરકમાં એક નારકીએ આવીને ભાલાથી તેની આંખો વીંધી નાંખી; તે દુઃખથી ચિત્કાર કરે ત્યાં તો એકસાથે કેટલાય નારકીઓએ તેને ભાલાથી વીંધી નાંખ્યો; તે પડ્યો; ત્યાં તો તેને ઉપાડીને ધગધગતા લાલચોળ રસમાં નાખીને ઓગાળી નાંખ્યો. અરે, એનાં કરોડો દુઃખો કોણ વર્ણવી શકે?

એનાથી માંડમાંડ છૂટીને શાંતિ લેવા, ભાવિતીર્થંકરનો તે નારકીનો જીવ એક ઝાડ (સેમરવૃક્ષ) નીચે ગયો, પણ તરત જ ઉપરથી એવા તીક્ષ્ણ અસિધાર જેવા પાન તેના ઉપર પડવા લાગ્યા કે તેના હાથ–પગ વગેરે સર્વ અંગો છેદાઈને છિન્ન–ભિન્ન થઈ ગયા ને ચારેકોર વેરવિખેર થઈ ગયા. અરેરે! મરી જાઉં તો અહીંથી છૂટું–એમ તેને થયું, નરકમાં મરણ પણ માગ્યું મળતું નથી. અરેરે, પાપીને શાંતિ કેવી? એક પળમાત્ર પણ ક્યાંય એને ચેન નથી. આમ ભયંકર મરણવેદનાઓ ભોગવી–ભોગવીને નરકમાં તે જીવે અસંખ્ય વરસો વીતાવ્યા.

સાતમી નરકનાં અસંખ્ય વર્ષ સુધી અનેક પ્રકારનાં તીવ્રદુઃખો ભોગવીને તે અર્ધચક્રીનો જીવ આ ભરતક્ષેત્રના વિપુલસિંહ નામના પર્વત ઉપર ક્રૂરપરિણામી સિંહ થયો; અનંતાનુબંધી કષાયસહિત રૌદ્રધ્યાનથી રંગાયેલું તેનું મન શાંતિ રહિત હતું; ભૂખ્યો ન હોય તો પણ વગર કારણે અનેક જીવોને તે હણી નાખતો. આ રીતે જેના રૌદ્રભાવોનો પ્રવાહ હજી છૂટ્યો નથી એવો તે નિર્દય સિંહ ત્યાંથી મરીને પાછો નરકમાં ગયો, ને ફરી અસંખ્યવર્ષો સુધી ત્યાંના તીવ્ર–અસહ્ય દુઃખો તેણે ભોગવ્યા. એ દુઃખો કેમ કહ્યાં જાય? ને કેમ સહ્યાં જાય? એ તો ભોગવનાર જ ભોગવે ને કેવળીપ્રભુ જાણે.


રે મિથ્યાત્વ–કષાયનાં દુઃખો!...હવે એનાથી બસ થાઓ...બસ થાઓ! જેનું વેદન તો હવે કદી આ જીવને નથી કરવાનું, પરંતુ જે દુઃખનું વર્ણન વાંચતાં–લખતાં પણ કંપારી છૂટી જાય છે–તે દુઃખ મહાવીરના જીવે અજ્ઞાનવશ છેલ્લે ભોગવી લીધા.–બસ હવે ફરી કદી તે જીવ આવા દુઃખમાં નહિ

આવે. નરક સંબંધી આ તેનો છેલ્લો અવતાર છે; હવે નરકના નદાવા કરીને ત્યાંથી બહાર નીકળ્યો...અને પુનઃ સિંહ થયો. તેની આ સિંહપર્યાય (અને તિર્યંચપર્યાય પણ) અંતિમ છે, ફરીને હવે તે જીવ તિર્યંચગતિમાં કદી નહીં અવતરે.

**આ રીતે મહાવીરના જીવે નરક અને તિર્યંચ એ બે ગતિના પરિભ્રમણનો તો અંત કર્યો. હવે બાકીની દેવ મનુષ્યપર્યાયનો પણ અંત કરીને તે જીવ અપૂર્વ સિદ્ધપદને કઈ રીતે સાધે છે–તેની સરસ મજાની કથા શરૂ થશે. અત્યાર સુધી તો તે જીવ અજ્ઞાનવશ ને કષાયવશ સંસારમાં ક્યાં ક્યાં રખડ્યો ને કેવો કેવો દુઃખી થયો તેની કથા હતી–બંધનની કથા હતી; પણ હવે તે જીવ કઈ રીતે ધર્મ પામે છે, આરાધક થઈને કેવી શાંતિ વેદે છે ને મોક્ષસુખને સાધીને કેવા મજાના મહાવીર બને છે! તેની સુંદર મજાની આનંદદાયક ધર્મકથા વાંચીને આનંદ થશે. દુઃખમાં તો કંટાળો આવે પણ દુઃખની કથા વાંચતાંય જીવ થાકી જાય તેવું છે. મહાવીરના જીવની દુઃખકથા હવે પૂરી થઈ; હવે તેની સુખકથા શરૂ થશે.**


✻ ✻ ✻

## સિંહના ભવમાં સમ્યક્ત્વ–પ્રાપ્ત



આપણા ચરિત્રનાયકનો જીવ, નરકમાંથી નીકળીને એક બળવાન સિંહ થયો. દશમા ભવે જે તીર્થંકર થનાર છે એવો તે સિંહ ભરતક્ષેત્રના એક પર્વત પર રહેતો હતો; વનના મોટામોટા હાથીઓ પણ તેનાથી ત્રાસ પામતા; તેના મુખની ભયાનક ગર્જના સાંભળતાં વનનાં પશુઓ ધ્રુજી ઊઠતા. ક્રૂરપણે હિંસા કરતાં–કરતાં તેનો ઘણો કાળ વીતી ગયો. એકવાર અમિતકીર્તિ તથા અમિતપ્રભ નામના બે મુનિવરો આકાશમાર્ગે ત્યાં સિંહને પ્રતિબોધવા માટે ઊતર્યા. અચાનક આવા શાંત મુનિઓને પોતાની સામે ઊભેલા દેખીને તે સિંહ વિસ્મય પામ્યો. એકકોર મરેલું હરણ પડ્યું છે, એકકોર ચેતનવંતા મુનિવરો ઊભા છે. સિંહે બંને સામે જોયું–એકકોર મહાન હિંસા, એકકોર પરમ શાંતિ! (એકકોર આસ્રવ ને બંધતત્ત્વ, બીજીકોર સંવર–નિર્જરા તત્ત્વ.) વિરુદ્ધ દશ્યો ને ભાવો જોઈને સિંહ ક્ષણભર તો વિચારમાં પડી ગયો. અંતે ક્રૂરતા સામે શાંતિની જીત થઈ; એને ક્રોધ કરતાં શાંતિ ગમી. વીતરાગતાના સાન્નિધ્યમાં ક્રૂરતા કેમ ટકી શકે? મુનિની સામે જોતાં તેના અંતરમાં કોઈ નવા જ શાંતિભાવો જાગવા માંડ્યા : 'અહા, આવી શાંતિ!' જીવનમાં પહેલી જ વાર પોતામાં આવી શાંતિના પરિણામથી તે સિંહને આશ્ચર્ય થવા લાગ્યું.

તે વખતે તેની સુંદર ચેષ્ટા દેખીને અમિતકીર્તિ મુનિરાજ વાત્સલ્ય ઝરતા વચનોથી તેને સંબોધન કરવા લાગ્યા : હે મૃગેન્દ્ર! આવી ક્રૂર સિંહપર્યાય તેં કાંઈ આ પહેલીવહેલી ધારણ નથી કરી, આવી તો અનંત ક્રૂર પર્યાયો ધારણ કરી કરીને અજ્ઞાનથી તું સંસારવનમાં ભટકી રહ્યો છે. આ જ્ઞાનલક્ષણસંયુક્ત જીવ અનાદિ અનંત છે; તે પોતાના પરિણામોનો કર્તા થઈને તેના ફળનો ભોક્તા થાય




છે; અત્યાર સુધી અજ્ઞાનવશ કષાયભાવો જ કરી કરીને તેના ફળરૂપ દુઃખોને તેં ભોગવ્યા, હવે એ દુઃખદાયક મિથ્યાબુદ્ધિને તથા કષાયભાવોને તું છોડ ને આત્મજ્ઞાન કર. હવે હિતનો અવસર આવ્યો છે.

સિંહ એકદમ આતુરતાથી મુનિરાજનાં વચન સાંભળી રહ્યો છે.

બીજા મુનિરાજ પણ પ્રેમથી કહેવા લાગ્યા : અરે વનરાજ! તારા મહાન ભાગ્યે તને મુનિરાજનો આ ઉપદેશ મળ્યો છે; તો પાત્ર થઈને તું જરૂર સમ્યક્ત્વને અંગીકાર કર! સમ્યક્ત્વ પરમ કલ્યાણકારી છે.

સિંહ જાણે પશ્ચાત્તાપથી પોતાના પૂર્વભવ પૂછતો હોય! એમ ટગટગ મુનિ સામે જોઈ રહ્યો ત્યારે મુનિરાજે તેને વાસુદેવ વગેરે પૂર્વભવોનું વર્ણન સંભળાવ્યું.

શ્રી મુનિરાજના મુખથી ઝરતી પરમ વૈરાગ્યવાણીમાં પોતાના પૂર્વ ભવોનું વર્ણન સાંભળતાં, સિંહના પરિણામમાં મોટો પલટો થવા લાગ્યો, તેને જાતિસ્મરણજ્ઞાન થયું; પોતાના પૂર્વભવો દેખીને તેનું હૃદય સંસારદુઃખોથી અત્યંત વિરક્ત થયું ને તે દુઃખના કારણરૂપ મિથ્યાત્વ—કષાયોથી તેની પરિણતિ પાછી હઠવા લાગી.

**વાહ રે વાહ! ધન્ય સિંહશાર્દૂલ! હવે તારું ચૈતન્યપરાક્રમ જાગવા માંડ્યું. સાચું પરાક્રમ હિંસામાં નથી, અહિંસામાં અને શાંતિમાં જ સાચું પરાક્રમ છે.**

મુનિરાજ કહે છે—હે ભવ્ય! એક વિશેષ સુખકર વાત અમે તને કહીએ છીએ—તે સાંભળ! હવે આ ભવમાં તારો આત્મા સમ્યક્ત્વ પામીને આત્માની અખંડ સાધના કરશે ને ક્રમેક્રમે ઉન્નતિ કરતો—કરતો પૂર્ણતા સાધીને આ ભરતક્ષેત્રમાં ચોવીસમા તીર્થંકર થશે. આ વાત અમે વિદેહક્ષેત્રમાં સીમંધર સ્વામીના શ્રીમુખથી સાંભળી છે; તેથી અમને તારા ઉપર પ્રેમ આવે છે.

આહા! સિંહનો ભવ્ય આત્મા તો એ સાંભળતાં જ હર્ષથી નાચી ઊઠ્યો....વાહ! મારો આત્મા હવે આ બધા ભયંકર દુઃખોથી તથા હિંસાથી છૂટશે, ને અપૂર્વ સુખ પામશે. દુઃખથી છૂટતાં કોણ આનંદિત ન થાય? તેમાં ય વળી મુનિઓએ તેના ઉપર વાત્સલ્ય બતાવ્યું તેથી તો તેને પરમ આહ્લાદ થયો : 'અહો, મુનિઓ મને સમ્યક્ત્વ પમાડવા આવ્યા છે; મુનિવરો મારા ઉપર કૃપા કરીને આકાશમાંથી ઊતરીને મને પ્રતિબોધવા આવ્યા છે. વાહ! તીર્થંકરના શ્રીમુખમાં મારા ભાવિ—તીર્થંકરપણાની મંગલ કથા આવી. અહો, મારા જેવો ભાગ્યશાળી કોણ! આનાથી ઉત્તમ મંગળ બીજું શું! બસ, સિંહ તો બધું ભૂલી ગયો, ને જાણે અત્યારે જ ભગવાન થઈ ગયો હોય! એમ અંદર ચૈતન્યમહિમામાં ઊંડે—ઊંડે ઊતરવા લાગ્યો; તેની પરિણતિમાં કષાયથી ભિન્ન શાંતિના તરંગ ઊઠવા લાગ્યા. તેનું અંતર વૈરાગ્યથી ફાટફાટ થવા લાગ્યું. તેની પરિણતિ કષાયથી જુદી પડીને ચૈતન્યશાંતિને વેદવા અંદર ચાલી; તેના પરિણામ વિશુદ્ધ થવા માંડ્યા આ રીતે ભાવિતીર્થંકર એવો તે સિંહનો આત્મા ઉપયોગની એકાગ્રતાથી સમ્યક્ત્વના ગ્રહણ તરફ ઝૂકી રહ્યો છે. પોતાનું શાંત ચૈતન્યતત્ત્વ જોવા ઉપર

જ તેનું લક્ષ છે. ટગટગ—આંખે જ્ઞાનને સ્થિર કરીને નિજસ્વરૂપને દેખવા તેનો ઉપયોગ ઉત્સુક થઈ રહ્યો છે. બસ, હવે ઝાઝી વાર નથી.

શ્રી મુનિરાજ તેને શુદ્ધાત્માની દેશના આપી રહ્યા છે : ભો ભો ભવ્ય ! તું એકાગ્રચિત્તે સાંભળ ! આ જીવ અનાદિઅનંત સદાય ઉપયોગસ્વરૂપ છે. ચેતનરૂપ દ્રવ્યથી—ગુણથી—પર્યાયથી શુદ્ધઉપયોગી જેવા અરિહંતો છે,—પરમાર્થે આ આત્મા પણ તેવો જ ઉપયોગસ્વરૂપ છે.—આવા આત્માને તું અનુભવમાં લે....તને મહા આનંદરૂપ સમ્યક્ત્વ થશે, ને પરમશાંતિના વેદનપૂર્વક તારો આત્મા આ ભવદુઃખથી છૂટી જશે.

**શ્રી મુનિરાજ કહે છે તે 'સાંભળવા' કરતાં અંદર તેવા ભાવોનાં 'વેદન' તરફ હવે સિંહનો ઉપયોગ વધુ કામ કરી રહ્યો છે. સમ્યક્ત્વ માટેના ત્રણ કરણની વિશુદ્ધતા તેને થવા લાગી છે....રાગથી આઘો ખસીને તેનો ઉપયોગ હવે અતીન્દ્રિય શાંતિ તરફ જઈ રહ્યો છે...આહા ! આવો અદ્‌ભુત—શાંત મારો આત્મા !—એમ અંતરવેદનમાં તેને અપૂર્વ શાંતિ પ્રગટતી જાય છે....શાંતિના સમુદ્રમાં ઉપયોગ વધુ ને વધુ ઊંડો ઊતરતો જાય છે...મુનિવરો તો આશ્ચર્યથી સિંહનો હૃદયપલટો જોઈ રહ્યા છે. ત્યાં તો. સિંહની પરિણતિએ ચૈતન્યરસના જોરથી કોઈ એવી અપૂર્વ છલાંગ મારી કે કષાયોથી પાર થઈને ચૈતન્યના અતીન્દ્રિય ભાવમાં તે પહોંચી ગયો...ને શાંતરસના દરિયામાં લીન થયો. તેને નિજ—પરમાત્માનું સમ્યક્ દર્શન થયું. અહા, એ ક્ષણના આનંદની શી વાત! સમ્યક્ત્વરૂપી સિંહે મિથ્યાત્વરૂપી મત્ત હસ્તીને ભગાડી મુક્યો, ને મોક્ષની સાધનામાં શૂરવીરતા પ્રગટ કરી.** (જુઓ, ચૈતન્યસરકસ પાનું ૪૦૭)

એની શાંતિની અપૂર્વ ચેષ્ટાથી મુનિરાજ પરિસ્થિતિ સમજી ગયા; ચૈતન્યની આવી અપૂર્વ તાકાત દેખીને ઘડીભર તેઓ પણ નિર્વિકલ્પરસમાં જામી ગયા.



**વાહ ! આ તરફ મુનિઓ નિર્વિકલ્પ ધ્યાનમાં બેઠા છે, સામે સિંહ પણ નિર્વિકલ્પ થઈને સમ્યક્ત્વ પામવાની ધન્ય ઘડીની અપૂર્વ મોજ માણી રહ્યો છે....વાહ રે વાહ ! ધન્ય ગુરુ ! ધન્ય શિષ્ય ! ધન્ય નિર્વિકલ્પતાનો આનંદોત્સવ !**

ઘડીભર આખું વન સ્તબ્ધ થઈ ગયું...તે પણ જાણે નિર્વિકલ્પતામાં ઝુલવા લાગ્યું. વનના જે પશુઓ પહેલાં ભયભીત થઈને ભાગતા તેઓ પણ સિંહની આ નવીન શાંત ચેષ્ટા દેખીને આશ્ચર્યથી થંભી ગયા. થોડી વારે સિંહ જ્યારે ધ્યાનમાંથી બહાર આવ્યો ને મુનિવરો સામે જોયું, તથા મુનિવરોએ મીઠી નજરે તેની સામે જોઈને તે સમ્યગ્દષ્ટિ—સિંહ ઉપર હાથ મુક્યો, ત્યારે તે સિંહની આંખો આંસુથી ઊભરાતી હતી....એ આંસુ દુઃખના ન હતા પણ આનંદ-પ્રાપ્તિના હતા. આગલા પગરૂપી બે હાથ જોડીને મુનિઓને પગે લાગતો તે

સિંહ ઉપકાર વ્યક્ત કરી રહ્યો હતો. ત્યાં ભાષા ભલે ન હતી પણ ભાવો વડે તે મુનિરાજની અપાર ભક્તિ કરી રહ્યો હતો...'અહો! આપના પ્રતાપે આ આત્મા ભવદુઃખથી છૂટીને આવા અપૂર્વ આત્મ-આનંદને પામ્યો.' તેમાંય મુનિરાજે માથે હાથ મુકી આશીર્વાદ આપીને જે વાત્સલ્ય બતાવ્યું તેથી તે સિંહ ધન્યતા અનુભવવા લાગ્યો. અહા, જેના માથે મોક્ષમાર્ગી મુનિવરોનો હાથ ફર્યો ને જેને મુનિવરોના આશીર્વાદ મળ્યા તે ભવ્યના હર્ષાનંદની શી વાત! એના તો ભવના ફેરા ટળ્યા....ને મોક્ષના વારા આવ્યા.

મુનિરાજે કહ્યું : રે સિંહ! તું સમ્યગ્દર્શન પામીને ને ધન્ય બન્યો છે. તારા મિથ્યાત્વજન્ય પાપો હવે ધોવાઈ ગયા; તું અપૂર્વ આનંદ સહિત મોક્ષનો સાધક બન્યો. વાહ! તને દેખીને અમને વાત્સલ્ય આવે છે.



અને, સિંહનું અંતર તો આનંદથી નાચી ઊઠ્યું; તે ઊભો થયો, મુનિરાજના પગમાં માથું નમાવ્યું ને ધીરેધીરે ચાલતો શ્રી મુનિરાજને પ્રદક્ષિણા કરવા લાગ્યો. વાહ રે વાહ સિંહ!તને પણ આવી અદ્‌ભુત ભક્તિ કરતાં આવડી ગઈ!! 'એ તો અંતરના સમ્યક્ત્વનો પ્રતાપ છે.' અહો! એ સિંહની ભક્તિ-ચેષ્ટા જ તેના સમ્યક્ત્વ-પ્રાપ્તિના પરમ ઉલ્લાસને પ્રસિદ્ધ કરી રહી હતી.

અંતરમાં તે સિંહે અનુભવ્યું કે અહા! આ ક્રોધ ને આ સિંહપર્યાય–તે હું નહિ; મારો આત્મા તો તેનાથી ભિન્ન, સદા જ્ઞાન–દર્શન–આનંદસ્વરૂપ છે. અરેરે, એ હિંસા ને એ માંસભક્ષણ મને શોભતું ન હતું. મારું ચેતનતત્ત્વ તો સુંદર શાંતસ્વરૂપ છે. સમ્યગ્દર્શનરૂપ ઊંડી ઊંડી ચૈતન્યગૂફામાં જઈને, ઉપશાંત- ભાવરૂપ તીક્ષ્ણ પંજાવડે મેં મિથ્યાત્વ અને કષાયોરૂપી મદોન્મત્ત હાથીને હણી નાખ્યા છે; હવે વિશેષ શુદ્ધોપયોગની બીજી છલાંગ મારતો હું સંયમના પહાડ પર ચડી જાઉં–તેમાં જ મારું ખરું શૂરવીર–શાર્દૂલપણું છે. વાહ! શ્રી મુનિરાજના મુખથી ઝરતા જિનવચન સમાન ઉપકારી આ સંસારમાં બીજું કોઈ નથી. જેનો કદી બદલો ન વળી શકે એવો મોટો ઉપકાર મુનિવરોએ સમ્યક્ત્વ આપીને મારા ઉપર કર્યો છે!–એમ વિચારી આગલા બે પગરૂપી હાથ વારંવાર ઊંચા કરી, મસ્તકે લગાડી તે નમસ્કાર કરવા લાગ્યો. તેનું ચિત્ત અત્યંત પ્રશાંત બની ગયું; તેને સંસારથી નિર્વેદ થયો ને મોક્ષમાર્ગ પ્રત્યે સંવેગ થયો.

શ્રી મુનિરાજે તેને પુનઃ કહ્યું : હે સિંહરાજ! હે ધર્માત્મા! અપૂર્વ ભાવથી સમ્યગ્દર્શન પામીને હવે તું પરમ શાંત ભાવ વડે ક્રોધ-માન-માયા-લોભને પણ નિવારજે; ઉપસર્ગ કે પરિષહોથી ડર્યા વગર શૂરવીર થઈને સહન કરજે. વીતરાગી પંચપરમગુરુઓને સદા હૃદયમાં રાખીને તેમનો મહિમા કરજે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના પ્રતાપે તારા પાપકર્મો નષ્ટ થયા છે, અને પ્રશમ–સંવેગ–નિર્વેદ તથા

અનુકંપાના વિશુદ્ધ પરિણામોથી તારો આત્મા ઉજ્જ્વળ બન્યો છે. અનાદિથી કર્મના આસ્રવ–બંધમાં વર્તતા તારા આત્માને હવે કર્મના સંવર–નિર્જરા શરૂ થયા છે. અહા! મોક્ષના માર્ગમાં આવીને તું ધન્ય બન્યો છે. હવે તું નિરંતર એવું સુન્દર જીવન જીવજે કે જેથી તારા અંતરમાં વિશુદ્ધતા વર્ધમાન જ થતી જાય. હે ભવ્ય શાર્દૂલ! હવે તારું આયુષ્ય માત્ર એક મહિનો બાકી છે. પછીના દશમા ભવમાં તું ભારતવર્ષમાં જગતઉદ્ધારક જિનેશ્વર મહાવીર થઈશ.–આ વાત અમે 'કમલાધર' (લક્ષ્મીધર–શ્રીધર અથવા સીમંધર) જિનેન્દ્રના શ્રીમુખથી સાંભળી છે. આ પ્રમાણે મુનિવરોએ અત્યંત વાત્સલ્યથી સિંહને સંબોધન કર્યું.



વાહ! જુઓ તો ખરા, જેમ મનુષ્ય સાથે વાત કરતા હોય તેમ મુનિવરો સિંહ સાથે વાત કરી રહ્યા છે ને મહાભાગ્યવંત સિંહ પણ મનુષ્યની ભાષા સમજી રહ્યો છે. અહા,, જેને સંબોધવા માટે આકાશમાંથી મુનિવરો ઊતર્યા અને જિનેશ્વરની વાણીમાં જેનું તીર્થંકરપણું પ્રસિદ્ધ થયું–તેની પાત્રતાની શી વાત! વાહ રે વાહ! વનરાજ! તમે તો હવે 'જિનરાજ' છો.

શ્રી મુનિવરોની વાત સાંભળીને, અને પોતાનું આયુષ્ય હવે એક માસનું જ બાકી છે તે જાણીને સિંહ પરમ વૈરાગ્ય પામ્યો. બોધિલાભનો જેને મહાન આનંદ છે ને સંસારથી જેનું ચિત્ત સર્વથા વિરક્ત થયું છે–એવા તે સિંહે સાધકભાવની શૂરવીરતા જગાડી; મુનિવરોની સમક્ષ તેણે બોધિસહિત સમાધિ–સલ્લેખના ધારણ કરી; ખાન–પાનનો સર્વથા ત્યાગ કરીને અનશનવ્રત અંગીકાર કર્યું. વાહ રે વાહ સિંહ! તારી શૂરવીરતા ખરેખર ખીલી ઊઠી. 'પાઠક આત્માઓ! ક્ષણ પહેલાંનો માંસાહારી ક્રૂર સિંહ અત્યારે ચૈતન્યની આરાધનામાં શૂરવીર થઈને કેવો શાંત બની ગયો છે! તેનું વર્ણન વાંચતાંય આપણને તેના ઉપર પ્રેમ ઊભરાય છે.

**(આપણા બધાયના આત્મામાં પણ ચૈતન્યની આવી શૂરવીરતા ભરેલી છે; આ સિંહ જેવા વીર થઈને તે શૂરવીરતાને જગાડો. મહાવીરનો માર્ગ એ ચૈતન્યની શૂરવીરતાનો માર્ગ છે; એ માર્ગને સાધવા વીર બનો...મહાન વીર બનો!)**



પ્રશમરસમાં રત થયેલો સમ્યગ્દૃષ્ટિ–સિંહ વિચારે છે કે અહા, કરુણાથી ખાસ મને પ્રતિબોધવા માટે જ આ મુનિ ભગવંતો અહીં પધાર્યા ને મને પ્રતિબોધ પમાડીને મારા ઉપર અચિંત્ય ઉપકાર કર્યો. મારી પાસે એવું કાંઈ નથી કે હું તેમની સેવા કરું! મારી આ સિંહપર્યાય એવી નથી કે હું તેમને આહારદાન પણ દઈ શકું. મુનિવરો તો અત્યંત નિસ્પૃહ હોય છે.–આમ ઉપકારને ચિંતવતો સિંહ વારંવાર મુનિવરોના ચરણોમાં

માથું નમાવવા લાગ્યો...ને ભક્તિના જળથી જાણે તેમનાં પગ ધોતો હોય! તેમ તેની આંખમાંથી આંસુ ઝરવા લાગ્યા.

સિંહને પ્રતિબોધવાનું પોતાનું પ્રયોજન પૂરું થયું—એમ સમજીને તે મુનિવરો ત્યાંથી પ્રસ્થાન કરવા તૈયાર થયા....મીઠી નજરથી સિંહ સામે જોઈને ધર્મવૃદ્ધિની આશીષ આપી, ને તેની કેશવાળી ઉપર પીંછી ફેરવીને તે મુનિવરો આકાશમાર્ગે વિહાર કરી ગયા.

સિંહ આંસુભીની આંખે અત્યંત પ્રેમપૂર્વક ક્યાંય સુધી તેમને જોઈ જ રહ્યો...અહો, ભવસમુદ્રથી મારો ઉદ્ધાર કરનારા મારા ઉપકારી ગુરુઓ આકાશમાર્ગે ચાલ્યા જાય છે. થોડીવારે મુનિવરો અદૃશ્ય થયા તોપણ, જાણે હજી તેમનો પવિત્ર હાથ પોતાના માથે ફરી રહ્યો હોય! એમ સિંહ તો તેમના ગુણચિંતનમાં જ લીન રહ્યો.

સિંહરાજનું જીવન આજે પલટી ગયું; એનો આત્મા જાણે આખો નવો જ બની ગયો; એનું અંતર ક્રૂરતાને બદલે શાંતરસમાં તરબોળ બન્યું; એની ચેતના પરભાવથી છૂટી પડીને શાંત ચૈતન્યરસમાં એકત્વપણે શોભવા લાગી. મુનિ ચાલ્યા જતાં તેનું ચિત્ત વ્યથિત થયું. અહા, આવા ઉપકારી સત્પુરુષના વિરહમાં કોને વ્યથા ન થાય?

અંતે, ચૈતન્યની સાધનામય જેની ઉત્તમ ચેષ્ટાઓ છે એવા તે મૃગરાજે ચૈતન્યની અદ્ભુતતાના ચિંતનમાં પોતાનું ચિત્ત જોડીને, પુનઃ નિર્વિકલ્પ ઉપયોગ વડે, હૃદયમાંથી મુનિ—વિયોગના શોકને દૂર કર્યો, અને સાથે સાથે હિંસાદિ પાંચે પાપોને પણ દૂર કર્યા; વ્રતધારી ઉત્તમ શ્રાવક થઈને તેણે અનશનપૂર્વક સંથારો કર્યો, અને શ્રી મુનિવરોના પવિત્ર ચરણોથી પાવન થયેલી નિર્દોષ શિલાને તીર્થરૂપ સમજીને તેના પર 'સલ્લેખના—મરણ'રૂપ સમાધિ ધારણ કરી.

પત્થરની શિલા પર તે સિંહ એક જ પડખે સુઈ રહેતો; તે જરાપણ હલન—ચલન કરતો ન હતો. તેણે પોતાના આત્માને ચૈતન્યસ્વભાવમાં અને પંચપરમેષ્ઠીના ગુણચિંતનમાં જોડી દીધો. તેની લેશ્યા વધુ ને વધુ શુદ્ધ થવા લાગી, કષાયો એકદમ શાંત પડી ગયા. ઉનાળાની અત્યંત ગરમ હવાથી તેનું શરીર સુકાઈ જતું હતું અને સૂર્યના ગરમ કિરણોની જવાળાથી તે ધગધગતું હતું, તોપણ તે સિંહના મનમાં કોઈ ક્લેશ થતો ન હતો. આવી ગરમી વચ્ચે પણ તેણે પાણીનો ત્યાગ કરી દીધો હતો. અંતરમાં ચૈતન્યનો શાંતરસ તેના ભવાતાપને બુઝાવતો હતો,—પછી બહારના પાણીની શી જરૂર! 'હું હલન—ચલન કરીશ તો બીજા જીવો મને જીવતો સમજીને ત્રાસ પામશે' એમ વિચારીને તે હાલતો—ચાલતો ન હતો. નિશ્ચેષ્ટ પડેલા તેને દેખીને, 'આ સિંહ મરેલો છે' એમ સમજીને મદમસ્ત હાથીઓ તેની કેશવાળી વીંખી નાખતા હતા; છતાં મોક્ષના ઉચ્છુક એવા તે મુમુક્ષુ—સિંહે તો સહનશીલતા જ ધારણ કરી હતી. અહા, જેની એક ત્રાડથી હાથીના ટોળાં દૂર ભાગે એવો તે હાથીઓનો શત્રુ, અત્યારે આરાધનાના ટંકારથી કર્મરૂપી હાથીને દૂર ભગાડી રહ્યો છે.—વાહ સિંહ ભાઈ! ધન્ય તમારી આરાધના!

દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વ જાણીને જેણે શરીરનું મમત્વ સર્વથા છોડી દીધું છે—એવા તે સિંહરાજે એક માસ સુધી ભૂખ—પ્યાસને પણ ધૈર્યપૂર્વક સહન કર્યા; કાયાની સાથે તેના કષાયો પણ ક્ષીણ થતા હતા; જિનમાર્ગની આરાધનામાં તેનો ઉત્સાહ વધતો જતો હતો. અહા, તે વનરાજની શાંત ચેષ્ટાઓથી

પ્રભાવિત થઈને વનના સસલા–હરણાં ને વાંદરા વગેરે પશુઓ પણ નિર્ભયપણે તેની પાસે આવી આવીને બેસવા લાગ્યા, ને સિંહનું આશ્ચર્યકારી પરિવર્તન જોઈ રહ્યા !

પ્રશમ–શાંતિની ઊંડી ગુફામાં રહેલા તે સિંહને બહારના ઉપદ્રવો કંઈ બાધા ન કરી શક્યા. તેને મરેલો સમજીને શિયાળ ને લોંકડી જેવા જંગલી પ્રાણીઓ નખથી ચીરી ચીરીને ખાવા લાગ્યા, ગીધ અને કાગડા ચાંચ મારી મારીને ચૂંથવા લાગ્યા, છતાં તે જીવતા સિંહે પોતાની સમાધિને ન તોડી....કે તે પ્રાણીઓને ભગાડવાની કોઈ ચેષ્ટા પણ ન કરી. અહા, ક્ષમાવાન જીવોને કોણ ડગાવી શકે ?

આ રીતે, ઉજ્જ્વળ પરિણામી ને આરાધનામાં શૂરવીર એવા તે ઉત્તમ વનરાજે આરાધનાપૂર્વક શરીર છોડ્યું....અને તે ક્ષણે સૌધર્મસ્વર્ગના મનોહર વિમાનમાં હરિધ્વજ (સિંહકેતુ) નામના ઉત્તમ દેવપણે ઊપજ્યો.

## ★ ભગવાન મહાવીર (પૂર્વભવ : ૧૦) સૌધર્મ–સ્વર્ગમાં સિંહકેતુ દેવ ★

સિંહપર્યાયમાં સમ્યક્ત્વ પામી, સલ્લેખનાપૂર્વક સમાધિમરણ કરીને સૌધર્મ–સ્વર્ગમાં હરિ–દેવપણે ઊપજેલા ચરિત્રનાયકને દેખતાંવેંત સ્વર્ગના દેવો જયજયકાર કરવા લાગ્યા. મંગલ વાજિંત્રો વાગવા માંડ્યા; દેવ–દેવાંગનાઓએ જિનેન્દ્રપૂજન–સહિત મંગલ ઉત્સવ કર્યો. અહો, સમ્યક્ત્વ સહિત વિશુદ્ધિનું ફળ કોઈ અદ્ભુત છે ! તે હરિકુમાર અથવા સિંહકેતુ દેવે અવધિજ્ઞાન વડે જાણ્યું કે પૂર્વભવમાં હું સિંહપર્યાયમાં હતો ને બે મુનિઓએ મને પ્રતિબોધીને ધર્મ પમાડ્યો; તેના પ્રતાપે હું અહીં ઊપજ્યો છું. મારા ઉપર તેમનો મહાન ઉપકાર છે. આ પ્રમાણે મુનિવરોના ઉપકારને મનમાં ચિંતવતો તે દેવ અત્યંત ભક્તિપૂર્વક મુનિવરોની પાસે આવ્યો ને કલ્પવૃક્ષનાં અચેતન દિવ્ય પુષ્પો વડે, તેમનાં ચરણોની પૂજા કરીને કહ્યું : હે પ્રભો ! એક માસ પહેલાં આપે જે સિંહને પ્રતિબોધ પમાડ્યો હતો તે હું જ છું. સિંહમાંથી સમાધિમરણ કરીને હું સૌધર્મસ્વર્ગનો દેવ થયો છું ને આપનો ઉપકાર યાદ કરીને આપનાં દર્શન કરવા આવ્યો છું અહો પ્રભો ! આપના પ્રસાદથી ત્રણલોકમાં શ્રેષ્ઠ ચૂડામણિસમાન સમ્યક્ત્વ પામીને હું કૃતકૃત્ય બન્યો છું. અહો, સાધુજનોનો સત્સંગ કોને હિતકર નથી થતો ? આમકહીને તે હરિએ અત્યંત ભક્તિપૂર્વક મુનિરાજના ચરણની રજને પોતાના મુગટ પર ચડાવી, જાણે કોઈ અમૂલ્ય નિધાન શિર પર ચડાવતો હોય !

એક બાજુ તે દેવ પૂજા–ભક્તિની વિધિપૂર્વક મુનિવરોની પ્રશંસા કરી રહ્યો છે, ત્યારે બીજી બાજુ તે મુનિવરોનું લક્ષ તો ચૈતન્યમાં જ ચોટ્યું છે; દેવ શું કરી રહ્યો છે તેનું તેમને લક્ષ નથી, તેઓ તો નિંદા પ્રશંસામાં સમ થઈને શુદ્ધોપયોગ વડે ચૈતન્યધ્યાનમાં લીન થઈ ક્ષપકશ્રેણી પર ચઢી રહ્યા છે... અતિ ઝડપથી એક પછી એક આઠમે-નવમે દશમે ગુણસ્થાને ચડતાં ચડતાં મોહકર્મને સર્વથા હણી રહ્યા છે. હજી તો હરિકુમાર દેવ સામે ઊભો ઊભો ભક્તિ કરે છે ત્યાં જ મોહનો સર્વથા ક્ષય કરી, ક્ષાયિકભાવે તે મુનિવરોએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું. અહા, આનંદમય મહાન ઉત્સવ થયો. ચારે બાજુ દિવ્યતા પ્રસરી રહી પોતાની હાજરીમાં જ પોતાના પરમ ગુરુઓને કેવળજ્ઞાન થતું દેખીને 'હરિ' તો પરમ હર્ષથી નાચવા લાગ્યો.....અહો !' સર્વજ્ઞ પરમાત્માનો સાક્ષાત્કાર થતાં હરિને જે આનંદ થયો તેની શી વાત !! ઘણા જ હર્ષોલ્લાસપૂર્વક કેવળજ્ઞાનનો મંગળ ઉત્સવ કરીને, તથા તે બંને કેવળી ભગવંતોની પૂજા કરીને, અને

તેમની દિવ્ય વાણીનું શ્રવણ કરીને, તે હરિકુમાર દેવ પોતાના સ્વસ્થાને સૌધર્મ સ્વર્ગમાં ગયો.

જેના અંતરમાં સમ્યક્ત્વરૂપી મહાન સમ્પત્તિ ભરી છે એવા તે દેવનું ચિત્ત સ્વર્ગની દૈવી સંપદામાં પણ લોભાતું નથી. વારંવાર સ્વર્ગેથી નીચે ઊતરીને સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે આદર–બહુમાન કરે છે, ને શુદ્ધાત્માનું શ્રવણ કરીને પોતાની સ્વાનુભૂતિને પુષ્ટ કરે છે. એ રીતે મહાવીરના જીવે અખંડ–આરાધનાપૂર્વક સૌધર્મસ્વર્ગમાં અસંખ્ય વર્ષ વ્યતીત કર્યા.

*　*　*

## આટલું કર

**આત્માને સાધવા દુનિયાને ભૂલ. સિદ્ધપદને સાધવા સંસારની ઉપેક્ષા કર દુઃખની વેદનાથી છૂટવા ચૈતન્યનું વેદન કર. મરણથી છૂટવા તારા જીવત્વને જાણ. તારું સ્વસંવેદન એ જ તારું શરણ છે. એ જ સાચું જીવન છે.**

## ★ ભગવાન મહાવીર (પૂર્વભવ ૯ અને ૮)
## કનકધ્વજ રાજા; ને આઠમા સ્વર્ગમાં ★

સ્વર્ગમાંથી ચવીને તે હરિધ્વજ (સિંહકેતુ) દેવ, વિદેહક્ષેત્રમાં કનકપ્રભરાજાના પુત્ર થયા. તેનું નામ કનકધ્વજ. તે યુવાન થતાં તેને રાજ્ય સોંપીને પિતાએ દીક્ષા લીધી. હવે આપણા ચરિત્રનાયક રાજા કનકધ્વજ એક વખત સુદર્શન–વનમાં યાત્રા કરવા ગયા હતા. તે વનમાં સુંદર વૃક્ષો અને ફળ ફૂલથી ખીલી રહેલા બગીચાની શોભા નીહાળતા હતા; ત્યાં એક વૃક્ષ નીચે મોટી શિલા પર એક નાનકડા પણ મહાન તેજસ્વી મુનિરાજને ધ્યાનમાં બેઠેલા જોયા : અહા, શી અદ્‌ભુત એમની મુદ્રા! અંદરની અતીન્દ્રિય શાંતિની દિવ્ય ઝલક તેમની મુદ્રા પર પણ ઝલકતી હતી. રાગદ્વેષને નષ્ટ કરીને વીતરાગતા વડે તેઓ શોભી રહ્યા હતા; ક્ષમાને એક ક્ષણ પણ છોડતા ન હતા. તેમના રત્નત્રયના પ્રભાવથી આસપાસના ફૂલઝાડ પણ અદ્‌ભુતતાથી ખીલી ઊઠ્યા હતા;–આવા મુનિરાજને દેખીને કનકધ્વજ એવા પ્રસન્ન થયા કે વાહ! મને અપૂર્વ નિધાન પ્રાપ્ત થયાં.

અત્યંત હર્ષથી જેમના રોમેરોમ ઉલ્લસી રહ્યા છે–એવા તે રાજાએ મુનિરાજના ચરણોમાં નમસ્કાર કર્યા ને અત્યંત અનુરાગપૂર્વક તેમની સમીપ બેઠા. શ્રી મુનિરાજે શાંતદૃષ્ટિ વડે રાજાને દેખ્યા....ને 'રાજન્! ધર્મવૃદ્ધિ હો!' એવા આશીર્વચન વડે તેના ઉપર પરમ અનુગ્રહ કર્યો. અહા, ધર્માત્માને દેખીને મુનિવરો પણ પ્રસન્ન થાય છે! મુનિરાજે કહ્યું હે મહાભાગ! તમે સમ્યક્ત્વરૂપી મુગટથી તો અલંકૃત છો, હવે તેના ઉપર ચારિત્રરૂપી કલગી ચડાવો!

તે મુમુક્ષુ રાજાને પોતાને ચારિત્રની ભાવના તો હતી જ, તેમાં વળી મુનિરાજની પ્રેરણા મળતાં તેને અત્યંત ઉલ્લાસ થયો. તેણે અત્યંત વૈરાગ્યથી હાથ જોડીને કહ્યું : હે પ્રભો! આ જીવ સંસારમાં અનંતવાર પંચપરિવર્તન કરી ચૂક્યો; હવે દુઃખમય તે પરિવર્તનથી બસ થાઓ; શ્રુતજ્ઞાનના સારભૂત એવી ચારિત્રદશાને હું આજે જ અંગીકાર કરીશ.–આમ કહીને કનકધ્વજરાજાએ ચારિત્રદશા અંગીકાર કરી; મુનિ થઈને શુદ્ધોપયોગ વડે આત્માને ધ્યાવવા લાગ્યા. ખરું જ છે કે મહાપુરુષો પોતાના હિતકાર્યને

સિદ્ધ કરવામાં સમય ગુમાવતા નથી. 'કનક' ને ત્યાગીને જેણે 'સુંદર રત્નો' અંગીકાર કર્યા છે એવા તે મુનિરાજ કનકધ્વજ મુનિસંઘમાં અત્યંત શોભવા લાગ્યા; અનેક પરીસહો વીતરાગભાવવડે સહેવા લાગ્યા. અંતે ચાર આરાધનાના અખંડ પાલનપૂર્વક આયુ પૂર્ણ કરીને આઠમા સ્વર્ગમાં ગયા.

તે ધર્માત્મા દેવલોકમાં દેવોને પણ આનંદ પમાડતા હતા, તેથી 'દેવાનંદ' એવું તેમનું સાર્થક નામ હતું. ૧૪ સાગરોપમના અસંખ્ય વર્ષો સુધી જિનમાર્ગના પ્રભાવવડે અસંખ્ય દેવોને આનંદ પમાડીને, તે દેવાનંદ પોતાની આત્મ–આરાધનાને આગળ વધારવા માટે પુનઃ મનુષ્યલોકમાં અવતર્યા.

* * *

## ★ ભગવાન મહાવીર (પૂર્વભવ ૭ અને ૬) હરિષેણરાજા; ને સ્વર્ગમાં ★

બંધુઓ, આપ ભગવાન મહાવીરના પૂર્વભવોનું ચરિત્ર વાંચી રહ્યા છો. હવે તેમને માત્ર સાત જ ભવ બાકી છે–તેમાંય ત્રણ તો દેવના ભવ છે ને ચાર ભવ ઉત્તમ રત્નત્રયધર્મની આરાધના સહિતના છે; જેમાં એક ચક્રવર્તીનો ભવ છે ને એક તીર્થંકરનો અવતાર છે. વીરપ્રભુના આત્માએ કરેલી તે આરાધના દેખીને તમને પણ આરાધનાનો ઉત્સાહ જાગશે, અને એવી આરાધનામાં આત્માને જોડતાં તમને સર્વજ્ઞ મહાવીરનો સાક્ષાત્કાર થશે! સર્વજ્ઞ–મહાવીરના સાક્ષાત્કારની સાથે જ તેમના જેવા પોતાના પરમ–આત્માની સ્વાનુભૂતિરૂપ સાક્ષાત્કાર થતાં જે અતીન્દ્રિય પરમઆનંદ થાય છે–તેની શી વાત! અહા, એ તો નિર્વાણસુખનો નમુનો! ને એ જ મંગલ નિર્વાણ–મહોત્સવ!

**જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધભાવથી;**
**તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.**

આપણા ચરિત્રનાયકનું પરિણમન હવે મોક્ષ તરફ દોડી રહ્યું છે. આઠમા સ્વર્ગેથી એક સમયના અસંખ્ય યોજનની ઝડપે તેઓ મનુષ્યલોકમાં આવ્યા ને ઉજ્જૈનનગરીમાં વજ્રધરરાજાના પુત્ર તરીકે અવતર્યા. તેનું નામ હરિષેણ. એકવાર–શ્રુતસાગર–જૈનાચાર્ય ઉજ્જૈયિની નગરીમાં પધાર્યા; તેમનો વૈરાગ્યમય ધર્મોપદેશ સાંભળીને મહારાજા વજ્રધર સંસારથી વિરક્ત થયા, ને હરિષેણકુમારને રાજ્ય સોંપીને જિનદીક્ષા લીધી.

હરિષેણકુમાર કે જે સમ્યગ્દર્શન તો પૂર્વજન્મથી જ સાથે લાવેલા છે તેણે શ્રાવકનાં બારવ્રત ધારણ કર્યાં. પાપના કારણભૂત એવા મહાન રાજ્ય વચ્ચે રહેવા છતાં, તે મહાત્મા કમળવત્ એવા અલિપ્ત હતા કે પાપ તેને સ્પર્શ પણ કરતા ન હતા; તેનું ચિત્ત બધેથી નિસ્પૃહ રહેતું હતું. અહો, સાધકની જ્ઞાનચેતના કોઈ અદ્‌ભુત આશ્ચર્યકારી છે! જેમ વિષધરોની વચ્ચે રહેવા છતાં ચંદન પોતાની શીતળતાને છોડતું નથી ને વિષરૂપ થતું નથી, તેમ વિષ જેવા અનેકવિધ રાગ–સંયોગોની વચ્ચે રહેવા છતાં ધર્માત્માની જ્ઞાનચેતના પોતાના શાંતસ્વભાવને છોડીને રાગરૂપ થતી નથી.

તે હરિષેણ રાજા એક દિવસે સંસારથી વિરક્ત થયા, ને જિનદીક્ષા લઈ તપોવનમાં જઈ પ્રશાંતરસમાં મગ્ન થયા. તે મુનિરાજે આયુના અંતે સમાધિપૂર્વક દેહ છોડીને મહાશુક્ર સ્વર્ગને અલંકૃત કર્યું. તેઓ પ્રીતિવર્ધન વિમાનમાં ૧૬ સાગર આયુના ધારક દેવ થયા.

* * *



એક જ જીવ



| સિંહના ભવ પહેલાં | સિંહના ભવ પછી |
| --- | --- |
| ૧. નરકમાં નિરંતર ભૂખ–તરસની ભયંકર પીડા, છતાં અનાજનો કણ કે પાણીનું ટીપું ન મળે. | ૧. સ્વર્ગમાં બે હજાર વર્ષે ખોરાકની ઈચ્છા થાય ને કંઠમાંથી અમૃત રસનો સ્વાદ આવે. |
| ૨. નરકમાં ધગધગતી લોહપૂતળી સાથે પરાણે ભેટાડીને અગ્નિમાં બાળે. | ૨. સ્વર્ગમાં સુંદર દેવીઓ જેને સ્નેહથી આલિંગન કરે. |
| ૩. નરકમાં ધગધગતી વૈતરણી નદીની અતિ દુર્ગંધી પીડા. | ૩. સ્વર્ગમાં અમૃતના સુગંધી સરોવરમાં સ્નાન. |
| ૪. નરકમાં ઝાડ (સેમરવૃક્ષ)એવાં કે જેનો છાયો લેવા જતાં તેના છરા જેવા પાનથી શરીર વીંધાઈ જાય. | ૪. સ્વર્ગમાં કલ્પવૃક્ષ એવાં કે જે અનેકવિધ વાંછિત દિવ્ય ભોગસામગ્રી આપે. |
| ૫. નરકમાં તીર્થંકર કે મુનિવરોના દર્શનનો સદા અભાવ. | ૫. સ્વર્ગમાંથી જ્યારે ઈચ્છે ત્યારે તીર્થંકરપ્રભુના સમવસરણમાં જઈ શકે. |

(બંનેનો ભોક્તા એક જ જીવ; વચ્ચે થોડા જ વર્ષોનું અંતર)
ક્યાં એ પાપફળ ને નરકદુઃખો! અને ક્યાં આ પુણ્યફળ ને સ્વર્ગસુખો!

શાસ્ત્રકાર કહે છે કે, બંને સંયોગોથી આત્મા જુદો; પુણ્ય–પાપ બંને કર્મોથી આત્મા જુદો; તેમજ તેના કારણરૂપ શુભ–અશુભ પરભાવોથી પણ જુદો; આવા જ્ઞાનસ્વરૂપી આત્માની અનુભૂતિરૂપ જ્ઞાનચેતનાથી જ મોક્ષસુખ પમાય છે ને ભવદુઃખથી છૂટાય છે.

(આપણા ચરિત્રનાયકનો જીવ આવી જ્ઞાનચેતના પામીને સ્વર્ગમાં હરિકેતુ દેવ થયો છે; ત્યારપછીના અવતારનું વર્ણન હવે વાંચશો)

## ( ભગવાન મહાવીર : પૂર્વભવ પાંચમો અને ચોથો )
## ★ વિદેહક્ષેત્રમાં પ્રિયમિત્ર–ચક્રવર્તી; પછી બારમા સ્વર્ગે ★

આપણા ચરિત્રનાયક ભગવાન મહાવીર અંતિમ ભવમાં ધર્મચક્રી થશે; ત્યાર પહેલાં વિદેહક્ષેત્રમાં રાજચક્રવર્તી થયા. સ્વર્ગેથી તે મહાત્મા વિદેહની ક્ષેમદ્યુતિ નગરીમાં, ધનંજય રાજાના પુત્ર તરીકે અવતર્યા, તેમનું નામ પ્રિયમિત્ર.

એકવાર રાજા ધનંજય સંસારથી વિરક્ત થયા; તેમણે રાજ્યભાર પ્રિયમિત્રને સોંપી દીધો, ને પોતે સ્વભાવમય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને અંગીકાર કરીને તપ વડે શોભવા લાગ્યા. રાજ્યલક્ષ્મી છોડીને તપલક્ષ્મી વડે તેઓ વધુ શોભવા લાગ્યા.

આ બાજુ પ્રિયમિત્ર મહાન રાજ્યની સાથે સાથે શુદ્ધસમ્યક્ત્વ સહિત અણુવ્રતોનું પણ પાલન કરતા હતા; અને જગતને પ્રસિદ્ધ કરતા હતા કે આવડા મોટા રાજ્યભાર વચ્ચે પણ આત્માની આરાધના થઈ શકે છે. ધર્મીના અંતરમાં જેવો આત્માનો મહિમા છે તેવો બીજા કોઈનો નથી. એકવાર તેમના શસ્ત્રભંડારમાં ચક્રવર્તીપદના વૈભવસૂચક સુદર્શનચક્ર પ્રગટ્યું, પણ તેથી તે રાજા કાંઈ આશ્ચર્ય ન પામ્યા. અહા, ત્રણલોકમાં સૌથી શ્રેષ્ઠ અને સુંદર એવું ચૈતન્યરત્ન જેણે સ્વાનુભૂતિમાં પ્રાપ્ત કરી લીધું છે તે મહાત્માને જગતના જડરત્નો કઈ રીતે આશ્ચર્ય ઉપજાવી શકે? મોક્ષસામ્રાજ્ય દેનારું સમ્યગ્દર્શનરૂપ સુદર્શનચક્ર જેના અંતરમાં નિરંતર ચાલી રહ્યું છે તેને બહારના પૌદ્‌ગલિક સુદર્શનચક્રની શું મહત્તા લાગે! તે ધર્માત્મા પ્રિયમિત્ર જાણતા હતા કે આ બાહ્ય વૈભવની પ્રાપ્તિ તે કાંઈ મારી ચૈતન્યની આરાધનાનું ફળ નથી; પરંતુ આરાધનાની સાથે રહેલો છતાં આરાધનાથી વિરુદ્ધ જાતિનો એવો રાગ તેનું આ ફળ છે. અરે, જેની સાથેના રાગનુંય આવું આશ્ચર્યકારી બાહ્ય ફળ, તે રાગ વગરની આરાધનાના અંતરંગ ફળનું તો શું કહેવું! એ ફળનો સ્વાદ તો ધર્માત્મા જ લઈ શકે છે; ને તેની પાસે જગતના બધા વૈભવો સાવ નીરસ લાગે છે.

ચક્રરત્ન પ્રાપ્ત થયા પછી તે પ્રિયમિત્ર મહારાજાએ વિદેહક્ષેત્રના છએ ખંડોનો દિગ્વિજય કર્યો; છ ખંડમાં રહેનારા સમસ્ત મનુષ્યો–વિદ્યાધરો તેમ જ દેવોને પણ તેણે વશ કર્યા. ૧૪ મહારત્નો અને ૯ નિધાન ઉપરાંત ૧૬ હજાર દેવો અને ૩૨ હજાર મુગટબંધી રાજાઓ તેની સેવા કરતાં; તેને ૯૬૦૦૦ રાણીઓ તથા ૯૬ કરોડનું પાયદળ, લાખો ઉત્તમ હાથી વગેરે સેના હતી. છતાં, 'આ વિષયસામગ્રીમાં જીવને તૃપ્તિ દેવાનો ગુણ કદી છે જ નહીં, એ તો આકુળતા જ દેનારા છે; એક ચૈતન્યતત્ત્વ જ જીવને સાચી તૃપ્તિ ને શાંતિ દેનારું છે'–એમ તે ધર્માત્મા જાણતા હતા, તેથી ભોગોમાં ક્યાંય મૂર્છાતા ન હતા; જળમાં કમળપત્રની જેમ અલિપ્ત રહેતા હતા.

આ ચક્રવર્તીના ૧૪ રત્નો ૯ નિધાન વગેરે વૈભવનું વર્ણન કરીને શાસ્ત્રકાર એમ બતાવવા માગે છે કે હે જીવો! દેખો, આ તો બધું તે જીવના રાગાદિ ઔદયિકભાવોનું બાહ્ય ફળ છે, તે જ વખતે તેના અંતરમાં સ્વાભાવિક ચેતનાના જે ભાવો (સમ્યક્ત્વાદિ) વર્તી રહ્યા છે–તે કેવા છે! ને તેનું ફળ કેવું સુંદર છે! તેનું સ્વરૂપ તમે ઓળખો, તો જ તમે ધર્માત્માના જીવનને સાચી રીતે ઓળખી શકો, અને તે ઓળખાણનું સમ્યક્ ફળ આવે. એકલા ઔદયિક ભાવને જ દેખવાથી જ્ઞાનીનું સાચું સ્વરૂપ નથી

ઓળખાતું....માટે જ ફરીફરીને કહીએ છીએ કે—ચેતનભાવે ભગવાનને ઓળખો, ઉદયભાવે નહીં.

તે પ્રિયમિત્ર મહારાજાએ ૮૩ લાખપૂર્વના દીર્ઘકાળ સુધી ચક્રવર્તીપદે રહીને પ્રજાનું પાલન કર્યું. પછી એકવાર દર્પણમાં મુખ જોતી વખતે, કાન પાસે સફેદ વાળ દેખીને તેનું ચિત્ત સંસારથી વિરક્ત થયું.

સંસારથી વિરક્ત તે પ્રિયમિત્ર—ચક્રવર્તી બાર વૈરાગ્યભાવના ભાવતાં—ભાવતાં ક્ષેમંકર જિનેન્દ્ર ભગવાનના સમવસરણમાં પહોંચ્યા. સર્વજ્ઞતાથી શોભતા વીતરાગ જિનેન્દ્ર ભગવાનના દર્શનથી તેનો પ્રશમભાવ બમણો વધી ગયો. તેણે અત્યંત ભક્તિપૂર્વક જિનેન્દ્ર ભગવાનના શ્રીમુખથી મોક્ષમાર્ગનું શ્રવણ કર્યું. સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન—સમ્યક્ચારિત્ર કે જે મહા આનંદમય મોક્ષનું કારણ છે—તે રૂપે પોતાનો જ શુદ્ધસ્વભાવ પરિણમે છે, ક્યાંય બહારમાંથી તે નથી આવતા, કે તેમાં ક્યાંય રાગ નથી.—આવા વીતરાગ રત્નત્રયના આધારરૂપ શુદ્ધ આત્માનો અચિંત્ય અપાર મહિમા ભગવાને બતાવ્યો. તે સાંભળીને જ્ઞાનની અતિશય નિર્મળતાપૂર્વક જિનેન્દ્ર ભગવાનના પાદમૂળમાં જ જિનદીક્ષા લઈને તેણે ચારિત્રદશાના મહાન રત્નત્રય અંગીકાર કર્યા, ને ચક્રવર્તીની તરણાંતૂલ્ય વિભૂતિને છોડી દીધી;—ઘણું લઈને થોડુંક છોડ્યું—એમાં શું આશ્ચર્ય છે! મોક્ષના સારભૂત નિધાન લઈને સંસારના તૂચ્છ નિધાન છોડ્યા.—એણે તો થોડુંક છોડીને ઘણું લીધું!—અને છતાં (આશ્ચર્ય છે કે) લોકો તેને મહાન ત્યાગી કહે છે!

અહા! સુખનું સરોવર પોતામાં પામીને અસત્ એવા ઝાંઝવાના મૃગજળ તરફ કોણ દોડે? ચારિત્રદશાનું ચૈતન્યસરોવર પ્રાપ્ત કરીને ચક્રવર્તીના વિષયભોગોને છોડવા—એ કોઈ મોટી વાત નથી. વિદેહક્ષેત્રમાં રાજચક્રીપણું છોડીને જે મુનિ થયા છે, ને હવે ચોથા ભવે ભરતક્ષેત્રમાં જેઓ ધર્મચક્રી તીર્થંકર થવાના છે—એવા તે પ્રિયમિત્ર મુનિરાજ આખા જગતમાં સૌને પ્રિય હતા, ને સર્વ જીવોના હિતકારી મિત્ર હતા. ઉત્તમ પ્રકારે ચારિત્રપાલન કરીને તેમણે સલ્લેખનાપૂર્વક શરીર છોડ્યું...ને ઉત્તમ રત્નત્રયની આરાધના કરતાં—કરતાં બાકી રહી ગયેલા જરાક કષાયકણના મહાન પુણ્યફળને ભોગવવા સહસ્રાર નામના બારમા સ્વર્ગમાં સૂર્યપ્રભ દેવ તરીકે ઉપજ્યા. ત્યાં જો કે તેમને પુણ્યજન્ય વૈભવ અપાર હતો, પરંતુ અરેરે! કષાયનું જે ફળ તેનું કેટલુંક વર્ણન કરીએ! કષાયકલંકના એ ફળનો વિસ્તાર કરતાં કે તેની પ્રશંસા સાંભળતાં મુમુક્ષુજીવ શરમાય છે : અરે! અમે અમારા ચૈતન્યની શાંતિને સાધનારા....તેમાં વચ્ચે કષાય તો કલંકરૂપ છે. અમારી શાંતિનો વિસ્તાર કરીને ચૈતન્યવૈભવની પૂર્ણતા કરીએ—તે જ અમને ઈષ્ટ છે, બીજું કાંઈ વહાલું નથી.

—આવી ભાવનાપૂર્વક સ્વર્ગના અપાર છતાં અધ્રુવ વૈભવો વચ્ચે અસંખ્ય વર્ષ સુધી તે સૂર્યપ્રભદેવ રહ્યા. પરંતુ અંતે તો દેવપદ પણ અધ્રુવ જ છે ને! અધ્રુવ એવા રાગભાવોનું ફળ પણ અધ્રુવ જ હોય ને! તેથી અધ્રુવ એવી સ્વર્ગગતિને છોડીને ધ્રુવપદની સાધનાના ધ્યેયે તે ધર્માત્મા મનુષ્યલોકમાં અવતર્યા. જે અવતારમાં આપણા ચરિત્રનાયક મહાત્માએ ૧૬ ઉત્તમ ભાવનાઓ વડે તીર્થંકરપ્રકૃતિ બાંધી, તે અવતારનું વર્ણન હવે આપ વાંચશો.

✻ ✻ ✻

## ભગવાન મહાવીર : પૂર્વભવ ત્રીજો : નંદરાજા
## ( જિનદીક્ષા; સોળકારણભાવના અને તીર્થંકરનામકર્મ; પછી સોળમાં સ્વર્ગમાં )

*

આ ભરતક્ષેત્રના પૂર્વભાગમાં શ્વેતનગરી છે; ત્યાં ભવ્ય જીવો મોક્ષમાર્ગને સાધે છે; ત્યાંના જિનાલયોની શોભા એવી અદ્ભુત છે કે જે જોતાં નાસ્તિકને પણ શ્રદ્ધા જાગી જાય. સ્વર્ગેથી ચવીને પ્રભુ મહાવીરનો જીવ, આ નગરીના રાજા નંદિવર્ધનનો પુત્ર થયો, 'નંદન' તેનું નામ. (ભિન્નભિન્ન પુરાણો અનુસાર 'નંદન' તેમ જ 'નંદ' એ બંને નામો સ્વીકારવામાં આવ્યા છે.) એક દિવસ વનવિહાર વખતે શ્રુતસાગર નામના એક જૈન આચાર્યને દેખીને તે નંદરાજાને ઘણો હર્ષ થયો, ને મોક્ષમાર્ગ સાંભળવાની અભિલાષાથી પૂછ્યું : હે સ્વામી! આ સંસારસમુદ્રથી છૂટીને જીવ મોક્ષસુખને કઈ રીતે પામે?

મુનિરાજના શ્રીમુખથી જાણે અમૃત ઝરતું હોય તેમ પ્રસન્નતાથી બોલ્યા : હે ભવ્ય! ભેદજ્ઞાન વડે આત્મા જ્યારે સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવોને પ્રગટ કરે છે ત્યારે ભવદુઃખથી છૂટીને તે મોક્ષ–સુખને પામે છે.

મુનિરાજનો ઉપદેશ સાંભળીને નંદરાજા પોતાનું જીવન પ્રસન્નતાથી મોક્ષ–સાધનામાં વીતાવતા હતા. તેને કોઈ અશુભ વ્યસન તો હતું જ નહિ; વ્યસન માત્ર એક જ હતું–દેવ-ગુરુ-ધર્મની ઉપાસનાનું. ધર્મના ચિંતન વગર એક દિવસ તો શું, એક ઘડી પણ તે રહી શક્તા ન હતા.

મહારાજા નંદિવર્ધને રાજ્યભાર જો કે નંદકુમારને સોંપી દીધો હતો; છતાં, હવે સંસારસમુદ્રનો કિનારો જેમને એકદમ નજીક આવી ગયો છે એવા તે નંદરાજ, 'સદન નિવાસી તદપિ ઉદાસી' હતા. રાજ અને રમણીઓની વચ્ચે રહેલા હોવા છતાં તેમની ચેતના તે બધાથી છૂટી જ રહેતી હતી. નિજ ચેતના સિવાય બીજે ક્યાંય જરા પણ સુખકલ્પના તેમને થતી ન હતી.

મહારાજા નંદિવર્ધન એકવાર વાદળાંની ક્ષણભંગુરતા દેખીને સંસારથી વિરક્ત થયા ને પંચમગતિ પ્રાપ્ત કરવા માટે જિનદીક્ષા અંગીકાર કરી; પછી ધ્યાનચક્ર વડે કર્મોને નષ્ટ કરીને કેવળજ્ઞાન અને મોક્ષપદ પ્રાપ્ત કર્યું.

પિતાના વિયોગથી પુત્ર 'નંદન' જો કે ઉદાસ થયો; પરંતુ કાયર પુરુષો જ શોકને આધીન થઈને બેસી રહે છે. બુદ્ધિમાન ધીર પુરુષો તો શોકને છોડીને સ્વકાર્યને સંભાળે છે. તે અનુસાર નંદરાજાએ રાજકારભાર સંભાળી લીધો. રાજ્ય અને ધર્મ બંનેના સહયોગપૂર્વક વર્ષો વીત્યા. એકવાર વસંતઋતુ આવી. બાગ–બગીચા નવીન પુષ્પોથી ખીલી ઊઠ્યા; સાથે સાથે રત્નત્રય–પુષ્પોનો બગીચો પણ જાણે આનંદથી ખીલ્યો હોય....એવા એક 'પ્રૌષ્ઠિલ' નામના શ્રુતકેવળી–મુનિરાજ શ્વેતનગરીના ઉદ્યાનમાં પધાર્યા. અહા, શી એમની અદ્ભુતતા! મુખમુદ્રા તો ચૈતન્યની શાંતિમાં જ નિમગ્ન છે.સસલાં જેવાં પ્રાણી આશ્ચર્યથી તેમના સામે તાકી રહ્યા છે ને તેમના ચરણોને અઢેલીને બેસી ગયા છે. જ્ઞાનના ગંભીર સમુદ્ર એવા તે મુનિરાજને દેખતા નંદન રાજાને ઘણો આનંદ થયો....અહા, મોક્ષનો જીવતો નમૂનો! ભક્તિપૂર્વક વંદન કરીને નંદરાજાએ તે શ્રુતકેવળી પાસે વીતરાગતાનો ઉપદેશ તેમ જ પોતાના પૂર્વભવોની વાત સાંભળી. સર્વઅવધિજ્ઞાની અને ચરમ શરીરી એવા તે શ્રુતકેવળીભગવાને તેની

નરકદશા, વાસુદેવ પદવી, સિંહપર્યાયમાં સમ્યક્ત્વપ્રાપ્તિ, ચક્રવર્તીપદ વગેરે પૂર્વભવો બતાવીને કહ્યું : હે ભવ્યાત્મા! એક ભવ પછી તમે ભરતક્ષેત્રના ચોવીસમા તીર્થંકર થઈને મોક્ષપદ પામશો.

એ વાત સાંભળીને નંદરાજાને પણ પોતાના પૂર્વભવોનું જાતિસ્મરણ થયું, પોતાના પૂર્વભવો તેણે ચિત્રપટની જેમ દેખ્યા, તેમજ ભવિષ્યની પણ ઉત્તમવાર્તા સાંભળીને તેનું ચિત્ત પ્રસન્ન થયું. અહા, મુમુક્ષુને પોતાના મોક્ષની વાત સાંભળતાં ચિત્તમાં જે પ્રસન્નતા થાય છે તેની શી વાત! હજારો પ્રજાજનો પણ આનંદ–વિભોર બનીને ભાવિતીર્થંકરનો એવો ઉત્સવ કરવા લાગ્યા–જાણે અત્યારે જ પ્રભુના પંચકલ્યાણક થતા હોય!

ત્યારબાદ પ્રૌષ્ઠિલ પ્રભુએ નંદરાજાને મુનિદશાનો પરમ મહિમા બતાવતાં કહ્યું : અહો, આત્મસાધક વીર મુનિવરોના તપશ્ચરણરૂપી રણસંગ્રામમાં પાપકર્મરૂપી ઉદ્ધત શત્રુ પણ ટકી શકતા નથી; શુદ્ધોપયોગ–ધનુર્ધારી તે સંતને કોઈ જીતી શકતું નથી; જેમણે મોહ–લૂટારાને દૂર કર્યો છે અને ભગવંત–પંચપરમેષ્ઠી જેમના માર્ગદર્શક–ભોમિયા છે એવા મોક્ષપથિક મુનિવરો, આત્માની આરાધનામાં ક્યાંય મુંઝાતા નથી, દીન થતા નથી કે રાગ–દ્વેષ કરતા નથી. અહા, આવા મોક્ષસાધક મુનિવરોએ શું મુક્તિને અહીં જ નથી બોલાવી લીધી?–આવી ચારિત્રઆરાધના પરમ પૂજ્ય છે. હે વત્સ તમે તેને અંગીકાર કરો!

અહા, જાણે મુનિરાજના મુખચંદ્રમાંથી વીતરાગી અમૃત ઝરતું હતું. તે ઝીલતા નંદરાજાના નયનોમાં હર્ષ ઊભરાતો હતો. સમ્યક્ત્વથી અલંકૃત તેનો આત્મા વૈરાગ્યભાવના વડે વધુ શોભી ઊઠ્યો....અને તરત જ પ્રૌષ્ઠિલ આચાર્ય પાસે તેણે જિનદીક્ષા અંગીકાર કરી. તેણે તૂચ્છ રાજલક્ષ્મીને છોડીને મહાન રત્નત્રયલક્ષ્મીને 'મમત્વપણે' ધારણ કરી; બાહ્ય તેમ જ અંતરમાં નિર્ગ્રંથપણે તેઓ અત્યંત શોભવા લાગ્યા. અહા, વીતરાગતા વડે નગ્ન જીવ શોભે છે તેવો શું રાગી વસ્ત્રાભૂષણ વડે શોભે છે? ના. વીતરાગતા એ જ જીવની સાચી શોભા છે. આથી તો મોક્ષમાર્ગી જૈન–મુનિઓને મોહરહિત જે નગ્નતા છે તેને તત્ત્વજ્ઞાનીઓએ મંગળરૂપ કહી છે. એ જ મુનિઓનું અસલી સ્વરૂપ છે. એવા અસલી સ્વરૂપે આપણા ચરિત્રનાયક શ્રી નંદમુનિરાજ શોભવા લાગ્યા.–વંદન હો તે નંદન–મુનિરાજને!

શ્રી નંદમુનિરાજને વિશુદ્ધ ચારિત્રના બળે કેટલીયે લબ્ધિઓ સહિત ૧૧ અંગરૂપ શ્રુતજ્ઞાન ખીલી ગયું. જેમનું ચિત્ત કેવળજ્ઞાનમાં લાગેલું છે એવા તે મહાત્મા એકલી સ્વાનુભૂતિની ઋદ્ધિથી જ એવા તૃપ્તિ હતા કે બીજી કોઈ ઋદ્ધિનો ઉપયોગ કરતા ન હતા. વાહ રે વાહ, ચૈતન્યરિદ્ધિ! તારી તૂલના જગતમાં કોણ કરી શકે? જગતની બધી રિદ્ધિ-સિદ્ધિ તો તારી દાસ છે. અહા, પ્રશાંત ધર્માત્માઓનું ચારિત્ર તો અદ્ભુતતાનું ઠેકાણું છે.

ભાવિ–તીર્થેશ્વર એવા તે નંદમુનિરાજ, એકવાર પ્રૌષ્ઠિલ–શ્રુતકેવળી ભગવંતની ધર્મસભામાં બેઠા હતા; રત્નત્રયમાં રત એવા તે મુનિરાજ વારંવાર નિર્વિકલ્પ ચૈતન્યરસનું પાન કરતા હતા. બીજા પણ ઘણા મુનિવરો ને ધર્માત્માઓ તે ધર્મસભામાં બિરાજતા હતા. અહા, ત્યાં જૈનધર્મની અપાર જાહોજહાલી હતી. અનેક શ્રુતકેવળી ભગવંતો, આચાર્ય–ઉપાધ્યાય–સાધુઓ, શ્રુતજ્ઞાનનો સંપૂર્ણ ભંડાર એવી સ્વાનુભવરસઝરતી જિનવાણી, એ બધોય જિનવૈભવ એકસાથે દેખીને આપણા ચરિત્રનાયકને પરમ ધર્મભાવના ભક્તિ અને વાત્સલ્યના કોઈ એવા અચિંત્ય પરમ અદ્ભુત ભાવો ઉલ્લસ્યા....કે ત્યાં

શ્રુતકેવળીના ચરણોમાં બેઠા બેઠા જ તેમને ત્રિલોકપૂજ્યતાના હેતુરૂપ એવું તીર્થંકરનામકર્મ બંધાવાનું શરૂ થઈ ગયું. જેમનું સમ્યક્ત્વ આઠ અંગ સહિત વિશુદ્ધ છે એવા તે નંદમુનિરાજને આશ્ચર્યકારી અદ્ભુત ધર્મમહિમા દેખીને સોળ પ્રકારની એવી મંગલ ભાવનાઓ જાગી કે, ભવના અંતની સૂચક અને સર્વજ્ઞપદની પૂર્વભૂમિકારૂપ એવી તીર્થંકરપ્રકૃતિના પિંડરૂપે જગતના ઉત્તમ પુદ્ગલો સ્વયમેવ પરિણમવા લાગ્યા. અહા, સર્વજ્ઞ સાથે રહેવાનું કોને ન ગમે! 'આપ સર્વજ્ઞ થશો ત્યાં સુધી અમે તમારી સાથે જ રહેશું ને ઠેઠ મોક્ષગમન સુધી અમે આપની સેવા કરીશું'—એવા ભાવથી તે શુભપુદ્ગલો પ્રભુના આત્મા સાથે એકક્ષેત્રે આવીને વસ્યા. 'શ્રુતકેવળીના ચરણસાન્નિધ્યમાં' તે મુનિરાજ અત્યંત વિશુદ્ધ પરિણામથી ક્ષાયિકસમ્યક્ત્વને પામ્યા.

પ્રશ્ન :—ક્ષાયિક સમ્યગ્દર્શન તો આત્માની વિશુદ્ધિ છે, તેને માટે બાહ્ય આલંબનરૂપ કેવળી—શ્રુતકેવળીના પાદમૂળની સમીપતા શા માટે આવશ્યક કહો છો?

ઉત્તર :—તીર્થંકરાદિનું માહાત્મ્ય જેણે નથી દેખ્યું એવા જીવને દર્શનમોહના ક્ષયના કારણરૂપ પરિણામ ઉત્પન્ન થતા નથી. 'अदिट्ठ तित्थयरादिमाहप्पस्स दंसणमोहरववण णिबंधकरण परिणामाणमणुप्पदो!' (એ જ વાત તીર્થંકરપ્રકૃતિના બંધનમાં પણ સમજી લેવી. અર્થાત્ ક્ષાયિક સમ્યક્ત્વની જેમ તીર્થંકરપ્રકૃતિનો પ્રારંભ પણ કેવળી કે શ્રુતકેવળીની સમીપમાં જ થાય છે. (कषायप्राभृत गाथा ११०)

(અહીં, તીર્થંકરત્વના કારણરૂપ દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ ભાવનાઓનું અતિ સુંદર ભાવભીનું વર્ણન ષટ્ખંડાગમ—ધવલા વગેરેના આધારે વિસ્તારપૂર્વક લખ્યું છે, પણ 'મહાપુરાણ' નો વિસ્તાર વધી જવાથી તે પ્રકરણ અહીં છાપી શકાયું નથી. બીજા કોઈ પુસ્તકમાં તે છાપીશું. આવી જ રીતે બીજા પણ અનેક પ્રકરણો ટૂંકાવવા પડ્યા છે. જે જિજ્ઞાસુને તે વાંચવાની ભાવના હોય તેમણે પ્રકાશકનો સંપર્ક સાધવો.)

એ રીતે તે નંદમુનિએ દર્શનવિશુદ્ધિથી માંડીને પ્રવચનવત્સલત્વ સુધીની સોળ મંગળ ભાવનાઓ વડે તીર્થંકરપ્રકૃતિ બાંધવાનું શરૂ કર્યું. જો કે એક તરફ અઘાતી એવી તીર્થંકર પ્રકૃતિ બંધાતી હતી, તો બીજી તરફ તે જ વખતે મોહાદિ ઘાતિકર્મોને તેઓ નષ્ટ—ભ્રષ્ટ કરી રહ્યા હતા...ને જેના વગર તીર્થંકરત્વ સંભવતું નથી એવી સર્વજ્ઞતાને અત્યંત ઝડપથી તેઓ નજીક લાવી રહ્યા હતા. એ રત્નત્રયવંત ધર્માત્મા કાંઈ ત્રણ જ રત્નોના ધારક ન હતા, તેમનો આત્મા તો અપાર ચૈતન્યગુણોના ઢગલાથી શોભતો હતો. તેમના સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવો મોક્ષના જ સાધક હતા, બંધના જરા પણ નહિ. જ્યારે ભરતક્ષેત્રના ૨૪મા તીર્થંકરે, તીર્થંકરપ્રકૃતિ બાંધવાનો પ્રારંભ કર્યો ત્યારે ૧૨મા વાસુપૂજ્ય તીર્થંકરનું શાસન ચાલતું હતું. એક તરફ થોડીક બંધધારા, ને બીજી તરફ રત્નત્રયની શુદ્ધિરૂપ જોરદાર મોક્ષધારા,—એમ દ્વિરૂપધારામાં વર્તતી તેમની પરિણતિ મોક્ષ તરફ દોડી રહી હતી. એક રાગધારા, ને એક રત્નત્રયધારા, એમ બંને ધારા એકસાથે સાધકની ભૂમિકામાં પોતપોતાનું ભિન્નભિન્ન કાર્ય કરે છે; તે બંને ધારાની ભિન્નતાને ભેદજ્ઞાની જીવો ઓળખે છે. તેઓ રાગધારાને મોક્ષનું કારણ નથી માનતા, ને રત્નત્રયધારાને જરાપણ બંધનું કારણ નથી માનતા; જો રત્નત્રય પોતે બંધનું કારણ થાય તો જગતમાં મોક્ષના ઉપાયનો અભાવ થઈ જાય, અને જો રાગ મોક્ષનું કારણ થાય તો બધાય જીવો મોક્ષ પામી જાય; માટે જિનસિદ્ધાંત

છે કે—(જેટલા અંશે રાગ તેટલા અંશે બંધન; અને જેટલા અંશે રત્નત્રય તેટલા અંશે મોક્ષનો ઉપાય.)

*(પુરુષાર્થ સિદ્ધિઉપાય ૨૧૨-૧૩-૧૪)*

ભગવાનના મુનિજીવનની, (અને એ રીતે દરેક સાધક ધર્મત્માની) આ વિશેષતા છે કે તેની ચૈતન્યધારા બંધને તોડતી થકી આનંદપૂર્વક મોક્ષને સાધવાનું કાર્ય નિરંતર કરી રહી છે, તેની જ્ઞાનચેતનાનો પ્રવાહ અખંડપણે કેવળજ્ઞાન તરફ દોડી રહ્યો છે; અહા, ધર્માત્માની આ દશા અદ્ભુત–આશ્ચર્યકારી છે. આવી અદ્ભુત વીતરાગી દશામાં તે નંદમુનિ શોભતા હતા. 'આ મુનિરાજ હવે તીર્થંકર થઈને મોક્ષમાં જવાની તૈયારી કરી રહ્યા છે, તેમની સાથે અમે પણ મોક્ષમાં જઈએ'—એવી ભાવનાથી પ્રેરાઈને જગતના બધા સદ્ગુણો દોડી દોડીને પ્રભુના આશ્રયમાં આવતા હતા, ને ક્રોધાદિ દોષો હવે પોતાનો નાશ નિકટ દેખીને ઝડપથી દૂર ભાગવા માંડ્યા હતા. આમ દોષરહિત, ગુણસહિત નિર્દોષ મોક્ષમાર્ગને તે મુનિરાજ શોભાવી રહ્યા હતા ને જગતને પણ તે સુંદર માર્ગની પ્રેરણા આપી રહ્યા હતા....આ રીતે રત્નત્રયની ઉત્તમ આરાધનાપૂર્વક સમાધિમરણ કરીને તે મહાત્મા ૧૬મા પ્રાણતસ્વર્ગના પુષ્પોત્તર–વિમાનમાં ઈન્દ્રપણે ઊપજ્યા. ત્યાં જો કે પુણ્યજનિત દિવ્ય ઈન્દ્રિયસુખોના સમુદ્ર વચ્ચે તેઓ રહેતા હતા તોપણ તે મુમુક્ષુ–મહાત્માને મોક્ષસુખ વગર ક્યાંય ચેન પડતું ન હતું; તેથી અંતે તે સ્વર્ગસુખોને પણ છોડીને મોક્ષસુખને સાધવા માટે તેઓ મનુષ્યલોકમાં આવવા તૈયાર થયા.

(સ્વર્ગેથી ચવીને તે મંગલ–મહાત્મા અંતિમ અવતારમાં ભરતક્ષેત્રમાં તીર્થંકરપણે
અવતર્યા ને તેમના પંચકલ્યાણક ઉત્સવો દ્વારા ઘણાય જીવોનું કલ્યાણ થયું....
તેની આનંદકારી કથા હવેના પ્રકરણમાં વાંચશો.)

**શાર્દૂલ સમ વીરતા અહો, સાધક છો શૂરવીર;**
**ભવનો અંત કર્યો તમે, વંદન હો મહાવીર.**

ઈતિ શ્રી મહાવીર ભગવાનના પૂર્વભવોનું વર્ણન અહીં પૂરું થયું.

* * *

## જૈનધર્મના દરવાજા બધાને માટે ખુલ્લા છે.

એક શેઠ પ્રભુદર્શને જતા હતા. રસ્તામાં ભયંકર ડાકુ મળ્યો. શેઠને દેખી તે પ્રભાવિત થયો; શેઠે તેને કહ્યું : હું પ્રભુના દર્શન કરવા જાઉં છું; તમારી ઈચ્છા હોય તો તમે પણ મારી સાથે ચાલો.

તે ચોરે કહ્યુ : અરે, ત્યાં તો તમારા જેવા ધર્માત્મા–ભક્તો જાય, મારા જેવા પાપીને કોણ આવવા દ્યે !

શેઠે કહ્યું : ભાઈ, ભગવાનનો દરબાર તો બધાય માટે ખુલ્લો છે. ભક્ત ન હોય તે પણ ત્યાં આવીને ભક્ત બની જાય છે, માટે તમે પણ ચાલો. તમારું કલ્યાણ થશે.

તે ચોર સમવસરણમાં ગયો, ને પ્રભુની વીતરાગતા જોતાં જ તે એવો પીગળી ગયો કે 'હું પાપી–ચોર છું; એ વાત ભૂલી ગયો. આત્મા પોતે પરમાત્મા થવાના સ્વભાવવાળો છે—એવો પ્રભુનો ઉપદેશ સાંભળીને તેણે વીતરાગભાવ પ્રગટ કરીને દીક્ષા લીધી; ને થોડી ક્ષણો બાદ આત્મધ્યાનમાં લીન

થઈને તે પોતે પરમાત્મા બની ગયો. અહા, પ્રભુના એક ક્ષણભરના સાન્નિધ્યે તે જીવ, ચોર મટીને મોક્ષનો સાધક થયો ને બીજી ક્ષણે પરમાત્મા બન્યો.

ધન્ય જૈનધર્મ! એનો દરબાર બધાને માટે ખુલ્લો છે.

* * *

## જે જાણતો મહાવીરને

આ એક જ ચોવીસીમાં મહાવીરના એક જ જીવે પોતાના વિવિધ પરિણામવશ કેવી કેવી વિશિષ્ટ પર્યાયો ધારણ કરી! તેનું જ્ઞાન અદ્ભુત વૈરાગ્ય જગાડે છે ને બંધ-મોક્ષના ભાવોનું ભેદજ્ઞાન કરાવે છે :–

અનંતકાળની વાત તો દૂર રહો, આ ચાલી રહેલી વર્તમાન માત્ર એક ચોવીસીમાં (ચોથાકાળમાં) જ તીર્થંકરના તે જીવે સ્વર્ગના–નરકના–તિર્યંચના ને મનુષ્યના ચારે ગતિના ભવો સહિત એકેન્દ્રિય–નિગોદના ભવો પણ અસંખ્યવાર કર્યા, ને પાછો તે જીવ મોક્ષપર્યાય પણ પામ્યો.

* આદિતીર્થંકરનો પૌત્ર થઈને પાછો પોતે પણ અંતિમ–તીર્થંકર થયો.
* પ્રથમ ચક્રવર્તીનો પુત્ર થઈને પાછો પોતે પણ ચક્રવર્તી થયો.
* મુનિ થઈને સ્વર્ગે ગયો ને અર્ધચક્રી થઈને નરકે પણ ગયો.
* સિંહ થઈને માંસ પણ ખાધું ને તીર્થંકર થઈને પરમ અહિંસા-ધર્મનો ઉપદેશ પણ દીધો.
* નરક–નિગોદના દુઃખો ભોગવ્યાં ને મોક્ષસુખ પણ પામ્યો.
* તેણે તીવ્ર મિથ્યાત્વાદિ ભાવો સેવીને મિથ્યામાર્ગો પણ ઉપદેશ્યા. અને ક્ષાયિક સમ્યક્ત્વાદિ પામીને રત્નત્રય–ધર્મના ઉપદેશ વડે તે મિથ્યા માર્ગોનું ખંડન પણ પોતે જ કર્યું.

હે દેવ! ઉત્પાદ–વ્યય–ધ્રુવરૂપ અનેકાન્ત–તત્ત્વ વિના આવું કઈ રીતે બની શકે? વાહ રે વાહ! દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ, નિત્ય-અનિત્યતા સ્વરૂપ, ને એક-અનેક સ્વરૂપ એવી અનેકાન્તમય વસ્તુ બતાવીને જિનશાસન કેવી રીતે વીતરાગતા કરાવે છે! અનેકાન્ત સ્વરૂપ પ્રકાશીને જિનદેવે પરમ ઉપકાર કર્યો છે! વાહ વીરનાથ! આપનું જીવન ને આપનો ઈષ્ટઉપદેશ 'અનેકાન્તમય' છે. તેને ઓળખતાં અમારા આત્માનું પણ સત્યસ્વરૂપ ઓળખીને અમે આપના મંગલ માર્ગે મોક્ષપુરીમાં આવી રહ્યા છીએ...ને તે મોક્ષના મંગલ ઉત્સવ નિમિત્તે જ આપશ્રીની આ મંગલ કથા લખાય છે....તે ભવ્યજીવોનું મંગલ કરો.

* * *

### આત્મ સંબોધન

બસ, મારે હવે આ જગતમાં ને આ જીવનમાં એક જ કામ છે.... કે મારા આત્મ સ્વરૂપનું દર્શન કરવું. શ્રી ગુરુ મને કહી ગયા છે કે : "તું પરમાત્મા છો."

આહા, આવું મારું પરમાત્મપણું મારામાં છે....પછી મારે બીજું શું જોઈએ?

# ભગવાન મહાવીર : પંચકલ્યાણક



* **યત્સ્વર્ગાવતરોત્સવે યદભવત્ જન્માભિષેકોત્સવે,** *
* **યદ્દીક્ષાગ્રહણોત્સવે યદખિલ જ્ઞાનપ્રકાશોત્સવે;** *
* **યત્ નિર્વાણગમોત્સવે જિનપતેઃ પૂજાદ્ભુતં તદ્ભવૈ;** *
* **સંગીતઃ સ્તુતિ મંગલે પ્રસરતાં મે સુપ્રભાતોત્સવેઃ ॥** *

સર્વજ્ઞ ભગવાન મહાવીરદેવના પંચકલ્યાણક જગતનું કલ્યાણ કરો.

અહો જિનેન્દ્ર! આપશ્રીના મંગલ પંચકલ્યાણક પ્રસંગે આપના શુદ્ધાત્માના દિવ્ય મહિમાને હૃદયગત કરીને ઈન્દ્રાદિ આરાધક ભક્તજનોએ અદ્ભુત પૂજન–સ્તુતિપૂર્વક જે મંગલોત્સવ કર્યો તેનાં મધુર સ્મરણો અત્યારે પણ આનંદ ઉપજાવી રહ્યા છે; જાણે આપ જ મારા હૃદયમાં બિરાજીને બોલી રહ્યા હો–એમ આપના મંગલ ચિંતનપૂર્વક આપના પંચકલ્યાણકનું ભક્તિથી આલેખન કરું છું. જેવા ભાવથી સ્વર્ગના હરિએ આપની ભક્તિ કરી તેવા જ ભાવથી હું–આ મનુષ્યલોકનો હરિ આપની ભક્તિ કરું છું. અહો, ત્રિકાળ મંગળરૂપ તે તીર્થંકરોને નમસ્કાર હો કે જેમના પંચકલ્યાણક અનેક જીવોના કલ્યાણનું કારણ થયા છે.

ભગવાન મહાવીરના આત્માનું ભવભ્રમણ પૂરું થયું; હવે અંતિમ તીર્થંકર-અવતારમાં તેમના પંચકલ્યાણક થાય છે. તે મહાત્માને અનાદિકાળના ભવસમુદ્રનો કિનારો આવી ગયો છે, ને અનેક ભવથી ચાલી રહેલી વૃદ્ધિગત આત્મસાધનાના પ્રતાપે મહા મંગલ મોક્ષપદ એકદમ નજીક આવી ગયું છે. જેણે ચૈતન્યસુખનો સ્વાદ ચાખ્યો છે એવા તે મહાત્માને દેવલોકના દિવ્ય વૈભવો લલચાવી ન શક્યા. મોક્ષના સાધકને સ્વર્ગનો ભવ કેમ લલચાવી શકે? વીતરાગતાના સાધકને રાગનાં ફળ ક્યાંથી મીઠા લાગે? તે મંગલ આત્માને ૧૬મા સ્વર્ગેથી આ ભરતક્ષેત્રમાં અવતરવાને જ્યારે છ માસ બાકી હતા ત્યારે વૈશાલી–કુંડગ્રામમાં રત્નવૃષ્ટિ થવા લાગી.

અનંત તીર્થંકરોના મંગલ વિહારથી પાવન આપણો આ ભારતદેશ; તેમાં ૨૫૦૦ વર્ષ પહેલાં વૈશાલી–ગણતંત્રનું કુંડપુર (કુંડગ્રામ) અત્યંત શોભતું હતું. તે કાળે ભગવાન પારસનાથ–તીર્થંકરનું શાસન ચાલતું હતું અને તેમના પરમ ઉપાસક સિદ્ધાર્થ–મહારાજા વૈશાલી ગણરાજ્યના પ્રમુખ હતા. તેમની મહારાણી પ્રિયકારિણી–ત્રિશલાદેવી, તે ખરેખર ભરતક્ષેત્રની એક અદ્વિતીય નારી–રત્ન હતી. ગૌરવવંતી વૈશાલી–કુંડપુરની શોભા અયોધ્યાનગરી જેવી હતી. તેમાંય તીર્થંકરના અવતારની આગાહીને કારણે આખી નગરીની શોભા એકદમ પલટી ગઈ....જેમ મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વની તૈયારી થતાં આખા આત્માની શોભા બદલી જાય છે ને આનંદની ઉર્મિઓ વધવા માંડે છે તેમ જિનરાજના અવતારની તૈયારી થતાં આખી વૈશાલીની શોભામાં કોઈ આશ્ચર્યકારી પલટો થવા લાગ્યો, પ્રજાજનોમાં સુખ–સમૃદ્ધિ ને આનંદ વધવા માંડ્યા. સિદ્ધાર્થ મહારાજાના મહેલના આંગણે દરરોજ ત્રણ વખત સાડા–ત્રણ કરોડ રત્નોની વર્ષા થવા લાગી. નગરજનો નગરીની શોભાની દિવ્યતા દેખીને તથા રત્નવૃષ્ટિ દેખીને વિસ્મય પામવા લાગ્યા કે અરે, આ નગરીમાં આવો પુણ્યવંત પુરુષ તે કોણ છે–કે જેના ઘરે રોજેરોજ આવા રત્નો વરસે છે! ત્યારે કોઈ અનુભવીઓએ કહ્યું....કે અહા, આપણી નગરીમાં અંતિમ તીર્થંકરનો અવતાર થવાની તૈયારી છે, તેની આ બધી શુભ નિશાની છે. આપણી નગરીના જ નહિ પણ આખા ભરતક્ષેત્રના કોઈ મહાભાગ્યનો ઉદય થઈ રહ્યો છે!

મહારાણી ત્રિશલાદેવીમાં પણ અંદર ને બાહ્ય કોઈ અદ્ભુત પરિવર્તન થવા માંડ્યું; કોઈ મહાન આનંદની અવ્યક્ત અનુભૂતિઓ તેમના અંતરમાં થવા લાગી. એક વાર અષાડ સુદ છઠ્ઠની પાછલી રાત્રે ઘણા જ ઉત્તમ મંગલસૂચક ૧૬ સ્વપ્ન દેખીને તેઓ હર્ષથી રોમાંચિત થઈ ગયા, અને એ જ વખતે પ્રભુ મહાવીરનો મંગલ આત્મા ૧૬મા સ્વર્ગેથી ચવીને પ્રિયકારિણી ત્રિશલામાતાના ઉદરમાં અવતરિત થયો :

**મંગલ દિન અતિ સુખદાતા, ગરભ ધર્યો પ્રભુ ત્રિશલામાતા,**
**નર–હરિ–દેવ નમે જિનમાતા, હમ શિર નાવત પામત સાતા.**

આજે ત્રિશલાદેવીના હર્ષોલ્લાસનો પાર ન હતો. અને જ્યારે રાજદરબારમાં સિદ્ધાર્થ મહારાજાના શ્રીમુખથી તે સ્વપ્નોનું મહાન ફળ સાંભળ્યું કે ચોવીસમા તીર્થંકર પોતાના ગર્ભમાં અવતરી ચૂક્યા છે,–ત્યારે તો કોઈ મહાન નિધાનની પ્રાપ્તિ કરતાંય તેને વધારે હર્ષ થયો. ‘અહો, ધન્ય ધન્ય!’ એમ આખી નગરી આનંદમાં ઝૂમી ઊઠી : “વાહ! આપણી નગરીમાં તીર્થંકર અવતરશે ને તેમને ખેલતા-બોલતા આપણે નજરે જોઈશું...આપણું જીવન ધન્ય બનશે.’

ઈન્દ્ર-ઈન્દ્રાણીએ પણ વૈશાલી આવીને માતા–પિતાનું સન્માન કર્યું; દિગ્કુમારીદેવીઓ ત્રિશલામાતાની સેવા કરવા લાગી. દેવો તો ઠીક, નરકના જીવોને પણ બેઘડી શાંતિનું વેદન થયું, ને તેના ઉપરથી તીર્થંકર–મહિમા જાણીને ઊંડા વિચારમાં ઊતરતાં ચૈતન્યવિભૂતિને લક્ષગત કરીને અનેક જીવો સમ્યગ્દર્શન પામી ગયા. ધન્ય તીર્થંકરના કલ્યાણકનો પ્રભાવ...ને ધન્ય એના જોનારા!

અહા, માતાના ઉદરમાં રહેલો તે જીવ, અપર્યાપ્ત અવસ્થામાં જ્યાં હજી આંખ–કાન કે હાથ–પગની રચના થઈ ન હતી, છતાં મતિ-શ્રુત-અવધિ ત્રણજ્ઞાનનો ધારક હતો, સમ્યગ્દષ્ટિ હતો, આત્મઅનુભૂતિના વૈભવથી સહિત હતો, અતીન્દ્રિયસુખનું પરિણમન તેને વર્તતું હતું; તેથી તે આત્મા કલ્યાણકરૂપ હતો, તેની ગર્ભાવસ્થા પણ કલ્યાણક હતી. તે વખતનીયે તેમની આવી દેહાતીત

આત્મદશાને જે ઓળખે તેનું કલ્યાણ થાય; તેને દેહ અને આત્માનું ભેદજ્ઞાન થઈને અતીન્દ્રિય જ્ઞાન–સુખ થાય. આનું નામ છે ગર્ભકલ્યાણક!

અરે, લક્ષ તો કરો—

* જ્યાં આંખ–કાન નથી છતાં અતીન્દ્રિયજ્ઞાન વર્તે છે;

* જ્યાં શરીર રચના થઈ નથી છતાં અતીન્દ્રિય સુખ વર્તે છે;

* જ્યાં હજી દ્રવ્યમન રચાયું નથી છતાં સમ્યગ્દર્શન વર્તે છે.

આ રીતે, આત્માના જ્ઞાન–સુખ–સમ્યક્ત્વાદિ ભાવો દેહાતીત છે, એટલે આત્મા પોતે જ જ્ઞાન ને સુખરૂપે પરિણમવાના સ્વભાવવાળો છે–એમ વિશ્વાસ થાય છે.

હે ભાઈ! આ રીતે તું 'ભગવાન'ને ઓળખ. ભગવાનનું આ જીવન છે ને! એટલે દરેક પ્રસંગે (ગર્ભથી તે મોક્ષ સુધી) ભગવાનનો આત્મા કેવા ચૈતન્યભાવોરૂપ વર્તી રહ્યો છે તેને તું ઓળખ. એકલા સંયોગ કે પુણ્યના ઠાઠ જોઈને ન અટક. આત્મિક ગુણદ્વારા પ્રભુની સાચી ઓળખાણ કર તો તનેય જરૂર સમ્યગ્દર્શન–જ્ઞાનાદિ થશે ને તુંય પ્રભુના મોક્ષના માર્ગમાં આવી જઈશ. તેથી વારંવાર કહીએ છીએ કે–

**જે જાણતો જિનરાજને ચેતનમયી શુદ્ધ ભાવથી,**
**તે જાણતો નિજાત્મને સમકિત લ્યે આનંદથી.**

* * *

જેમ સમ્યક્ત્વ થયા પહેલાં તેની તૈયારીમાંય જીવને કોઈ નવો જ આત્મિક આહ્લાદ જાગે છે ને નવીન ભણકાર વાગે છે, તેમ વૈશાલીમાં પ્રભુજન્મ પહેલાં જ ચારેકોર નવીન આનંદનું વાતાવરણ પ્રસરી ગયું હતું. દેવકુમારીઓ ત્રિશલામાતાની સેવા કરે છે ને રોજ અવનવી આનંદકારી ચર્ચા કરે છે. એકવાર માતાને થયું કે આજે તો હું દેવીઓને પ્રશ્ન પૂછું ને તેમના તત્ત્વજ્ઞાનની પરીક્ષા કરું! દેવીઓ પણ કાંઈ સાધારણ દેવીઓ ન હતી પણ જિનભક્ત હતી; તેઓ માતાની વાત સાંભળીને રાજી થઈ. અને જાણે માતાજીના મુખથી ફૂલડાં ઝરતા હોય તેમ એક પછી એક પ્રશ્નો પૂછવા લાગ્યા ને દેવીઓ પણ ચટાપટ જવાબ દેવા લાગી. તત્ત્વરસથી ભરેલી એ ચર્ચાના આનંદનો સ્વાદ તમે પણ ચાખો :—

* સૌથી પહેલાં માતાજીએ પૂછ્યું : જગતમાં સૌથી સુંદર વસ્તુ કઈ?

* દેવીએ જરા પણ વિલંબ વગર જવાબ આપ્યો : 'શુદ્ધાત્મતત્ત્વ.'

* માતાએ પૂછ્યું : આત્માનું લક્ષણ શું? દેવીએ કહ્યું : 'ચૈતન્યભાવ.'

* ધર્મીનું ચિહ્ન શું?–શાંતભાવરૂપ જ્ઞાનચેતના.

* ઉત્તમ સદાચાર ક્યો? વીતરાગભાવ.

* પાપી કોણ? જે દેવગુરુધર્મની નિંદા કરે તે.

* પુણ્ય-પાપ વગરનો જીવ ક્યાં જાય! મોક્ષમાં.

✻ વીર કોણ? જે વીતરાગતા કરે તે વીર;

✻ જિન કોણ?—જે મોહને જીતે તે જિન.

✻ સંતોષી કોણ?—જે સ્વમાં તૃપ્ત રહે તે;

✻ વિવેકી કોણ?—જે જિનાજ્ઞા પાળે તે.

✻ બહાદુર કોણ?—જે દુશ્મનને પણ ક્ષમા કરે તે.

✻ મૂરખ કોણ? જે મનુષ્યઅવતાર પામીને પણ આત્મહિત ન કરે તે મૂરખ.

✻ સૌથી ઉત્તમ કોણ? જે સર્વને જાણે તે સૌથી ઉત્તમ.

✻ મુમુક્ષુ કોણ? મોક્ષને માટે જ જે ઉદ્યમી હોય તે મુમુક્ષુ.

—આમ ઘણા આનંદપૂર્વક ધર્મચર્ચા થઈ. પ્રશ્ન—ચર્ચામાં ઘણી વખત એમ બનતું કે માતાજી પૂછે ત્યારે દેવીને પ્રશ્નો જવાબ આવડતો ન હોય,—પણ જ્યાં માતાજીના ઉદરમાં બિરાજમાન તીર્થંકરને યાદ કરે ત્યાં તરત જ તેને પ્રશ્નોનો જવાબ આવડી જાય.—જાણે પ્રભુ પોતે ઉદરમહેલમાં બેઠા—બેઠા બધા જવાબ દેતા હોય! ઉદરમાં બેઠેલ આત્મા અવધિજ્ઞાની છે, તો તેની સેવા કરનારી આ દેવીઓ પણ અવધિજ્ઞાની છે; તેમાં કેટલીક તો સમ્યગ્દર્શન પામવાની તૈયારીવાળી છે; એવી તે દેવી માતાને પૂછે છે :



હે માતા! અનુભૂતિસ્વરૂપ થયેલો આત્મા તમારા અંતરમાં બિરાજે છે, તો એવી અનુભૂતિ કેમ થાય! તે સમજાવો.

માતાએ કહ્યું : હે દેવી! અનુભૂતિનો મહિમા ઘણો ગંભીર છે. આત્મા પોતે જ્ઞાનની અનુભૂતિસ્વરૂપ છે. તે જ્ઞાનની અનુભૂતિમાં રાગની અનુભૂતિ નથી; આવું ભેદજ્ઞાન થાય ત્યારે અપૂર્વ અનુભૂતિ પ્રગટે છે.

બીજી દેવીએ પૂછ્યું : હે માતા! આત્માની અનુભૂતિ થતાં શું થાય?

સાંભળ, દેવી! અનુભૂતિ થતાં આખો આત્મા પોતે પોતામાં ઠરી જાય છે; એમાં અનંતગુણના ચૈતન્યરસનું એવું ગંભીર વેદન થાય છે કે જેના મહાન આનંદને અનુભવી—આત્મા જ જાણે છે; એ વેદન વાણીગમ્ય થતું નથી.

હે માતા! વાણીમાં આવ્યા વગર એ વેદનની ખબર કેમ પડે?

હે દેવી! અંતરમાં પોતાના સ્વસંવેદનથી આત્માને તેની ખબર પડે છે. જેમ આ શરીર નજરે દેખાય છે તેમ અનુભૂતિમાં તેનાથી જુદો આત્મા 'એનાથી પણ વધુ સ્પષ્ટ' દેખાય છે.

હે માતા! આંખ વડે શરીર દેખાય તેના કરતાં પણ આત્માના જ્ઞાનને વધુ સ્પષ્ટ કેમ કહ્યું?

હે દેવી! આંખ વડે શરીરનું જ્ઞાન એ તો ઇન્દ્રિયજ્ઞાન છે, પરોક્ષ છે; ને આત્માને જાણનારું સ્વસંવેદનજ્ઞાન તો અતીન્દ્રિય છે, પ્રત્યક્ષ છે; માટે તે વધુ સ્પષ્ટ છે.


અનુભૂતિ વખતે તો મતિ-શ્રુતજ્ઞાન છે, છતાં તેને પ્રત્યક્ષ અને અતીન્દ્રિય કેમ કહ્યા?

કેમ કે અનુભૂતિ વખતે ઉપયોગ આત્મામાં એવો લીન થયો છે કે તેમાં ઇન્દ્રિયનું કે મનનું અવલંબન છૂટી ગયું છે, તેથી તે વખતે પ્રત્યક્ષપણું છે. અહા, એ વખતના અદ્‌ભુત નિર્વિકલ્પ આનંદની શી વાત!

દેવીઓએ પ્રસન્નતાથી કહ્યું : અહો માતા! તમે અનુભૂતિની અદ્‌ભુત વાત સમજાવી જાણે તમારા અંતરમાંથી કોઈ અલૌકિક ચૈતન્યરસ ઝરી રહ્યો છે. આપના અંતરમાં બિરાજમાન તીર્થંકરના આત્માનો કોઈ અચિંત્ય પ્રતાપ છે. એ બાલતીર્થંકરને ગોદમાં લઈને અમે ધન્ય બનશું.

—આ પ્રમાણે ધર્મચર્ચા વડે આનંદમય ઉત્તમ ભાવના ભાવતાં—ભાવતાં, સવાનવ માસ આનંદપૂર્વક વીત્યા, ને તીર્થંકરના અવતારની ધન્ય ઘડી આવી પહોંચી.

## વૈશાલીમાં મહાવીર જન્મના મંગલ વધામણાં




આજ તો વધાઈ રાજા સિદ્ધાર્થદરબારજી....ત્રિશલાદેવી કુંવર જાયો જગનો તારણહાર જી,
વૈશાલીમાં વાજાં વાગે દેવોના જયકારજી....ભવ્યોના સૌભાગ્ય ખીલ્યા છે આનંદમંગલકાર જી.

**આત્માને ધન્ય કરવા, સમક્તિને ઉજ્વલ કરવા;**
**બાલ—તીર્થંકર દર્શન કરવા, ચાલો જઈએ વૈશાલી ધામમા.**

આ પુસ્તકના લેખકે વીર સં. ૨૫૦૨ની ચૈત્રસુદ ૧૩ નો મંગલ દિવસ વૈશાલીમાં....વીરજન્મધામમાં જ આનંદપૂર્વક ઉજવ્યો હતો; આ પુરાણનો કેટલોક ભાગ ત્યાં જ બેસીને લખેલ છે; અને વીર પ્રભુની રથયાત્રા વખતે આ પુરાણની હસ્તપ્રત તે રથમાં બિરાજમાન કરીને તેની પૂજા કરેલ છે.




ચૈત્ર સુદ ૧૩ મંગલદિને વૈશાલી—કુંડગ્રામમાં ભગવાન મહાવીરનો અવતાર થયો. તે વખતે (ઈ. સન પૂર્વે ૫૯૮ વર્ષે તા. ૨૮ માર્ચ, સોમવારે) બધા ગ્રહો સર્વોચ્ચ સ્થાને હતા. જ્યોતિષ-વિજ્ઞાન પ્રમાણે આવો ઉત્તમ યોગ ૧૦ કોડાકોડી સાગરોપમમાં ૨૪ વખત જ આવે છે; અને વીરપ્રભુની આ જન્મકુંડલી તેમનું બાલબ્રહ્મચારીપણું સૂચવે છે.

તીર્થંકરનો અવતાર થતાં ત્રણલોક આશ્ચર્યકારી આનંદથી ખળભળી ઊઠ્યા. ઈન્દ્ર ઐરાવત હાથી લઈને જન્મોત્સવ ઉજવવા આવી પહોંચ્યો. એક દેવપર્યાયમાં અસંખ્ય તીર્થંકરોનો જન્માભિષેક કરનાર, ફરીફરીને જન્માભિષેકના અવસરે કોઈ નવો જ આહ્લાદ અનુભવે છે. ભક્તિભાવનાથી પ્રેરાઈને, તે ઈન્દ્ર પોતે એક હોવા છતાં અનેક રૂપ ધારણ કરીને જન્મોત્સવ કરવા તત્પર થયા;–જેમ મોક્ષનો સાધક આત્મા પોતે 'એક' હોવા છતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વડે અનેક રૂપને ધરતો થકો મોક્ષને સાધવા તત્પર થાય છે.




શચી–ઈન્દ્રાણીના હર્ષનો પણ પાર નથી. જેને બાલતીર્થંકરને ગોદમાં લેવાની અત્યંત ઉત્કંઠા છે એવી તે ઈન્દ્રાણી કુંડપુરીમાં પ્રવેશીને તરત 'જિનમંદિર'માં ગઈ. (સિદ્ધાર્થરાજાના 'નંદ્યાવર્ત' નામના રાજપ્રાસાદમાં 'દ્રવ્યજિન'નો અવતાર થયો, ને તે 'દ્રવ્યજિન' ત્યાં બિરાજતા હોવાથી પુરાણકારોએ તે રાજમહેલને પણ 'જિનમંદિર' કહેલ છે.) ત્યાં પ્રવેશીને આ બાલતીર્થંકરનું મુખડું દેખતાં જ આનંદથી તેનું અંતર નાચી ઊઠ્યું : 'અહા, દેવીપર્યાયમાં સંતાન નથી હોતા પણ મને તો આ તીર્થંકર જેવા પુત્રને ગોદીમાં તેડવાનું સૌભાગ્ય મળ્યું.' આમ પરમ હર્ષપૂર્વક, એ બાલ–તીર્થંકરના સ્પર્શે તે ઈન્દ્રાણી ચૈતન્યની કોઈ અદ્‌ભુતતાને અનુભવવા લાગી. અહા, પ્રભુના સીધા સ્પર્શે હું ધન્ય બની; હવે સ્ત્રીપર્યાય છેદીને હું મોક્ષ પામીશ..–આવા આત્મિક ઝણઝણાટપૂર્વક તેણે એ બાલપ્રભુને ઈન્દ્રના હાથમાં આપ્યા. અને....ઈન્દ્ર પણ પ્રભુનું રૂપ નીહાળીને એવા આશ્ચર્યચકિત થઈ ગયા કે એક સાથે હજાર આંખ બનાવીને તે રૂપ નીહાળવા લાગ્યા. જેમ મોક્ષાભિલાષી જીવ અતીન્દ્રિય જ્ઞાનના સર્વે કિરણો વડે આત્માનું સુંદર રૂપ દેખે છે ને મહા આનંદિત થાય છે તેમ હરિ હજાર નેત્રો વડે પ્રભુના રૂપને દેખીને અતિ પ્રસન્ન થયા. ત્યારે દિવ્ય પુષ્પવૃષ્ટિથી આકાશમાં જાણે અદ્‌ભુત બગીચો ખીલ્યો હોય–એવું દેખાતું હતું; પણ અરે....એ દિવ્ય ફૂલબગીચા કરતાંય પ્રભુના આત્મામાં આનંદકારી ચૈતન્યનો ગુણ બગીચો ખીલી રહ્યો હતો–એને તો ધર્માત્માઓ જ દેખતા હતા, ને 'અગંધભાવે' એ ચૈતન્યબાગની અપૂર્વ સુગંધ લેતા હતા.

આ રીતે અદ્‌ભુત જિનમહિમા દેખીને અને ચૈતન્યની અચિંત્યતાને લક્ષગત કરીને અનેક જીવો સમ્યક્ત્વને પામ્યા; સમ્યક્ત્વના અપૂર્વ પ્રકાશથી તેમનો આત્મા ઝગઝગી ઊઠ્યો. પ્રભુનો જન્મ તેમને માટે ખરેખર કલ્યાણકારી થયો. અહો, તીર્થંકરનો અચિંત્ય પ્રભાવ!

બાલતીર્થંકરનું રૂપ જોવા માટે હજાર નેત્રો ખોલીને તે ઈન્દ્ર એમ બતાવવા માંગતા હતા કે અરે જીવો! મારા આ હજાર નેત્રો જેના બાહ્ય રૂપનેય જોવામાં ઓછા પડે છે તે સાધકના અંતરના રૂપની તો શી વાત! એવા આત્મસાધક આત્માની ઓળખાણ બાહ્ય નેત્રો વડે નહિ પણ અતીન્દ્રિયજ્ઞાન વડે જ

થાય છે; માટે જન્મકલ્યાણકમાં તમે એકલા ઈન્દ્રિયજ્ઞાન વડે પ્રભુને ન જોશો, અતીન્દ્રિય જ્ઞાનવડે પ્રભુને ઓળખજો; એટલે પ્રભુના કલ્યાણકની સાથે તમારું પણ કલ્યાણક થશે,–તમને સમ્યગ્દર્શનાદિ કલ્યાણકારી ભાવ પ્રગટશે.

અતિશય સુશોભિત શાશ્વત મેરુપર્વત, જિનપ્રભુના જન્માભિષેકથી અત્યંત શોભી ઊઠ્યો; અથવા કહો કે, જિનરાજે આવીને મેરુની શોભાને હરી લીધી, કેમકે લોકો તો મેરુની દિવ્ય શોભાને જોવાનું છોડીને પ્રભુના મુખને જ નીહાળી રહ્યા હતા. પ્રભુમાં લાગેલા તેમના ચિત્તને બીજું કોઈ આકર્ષી શકતું ન હતું. મેરુ ઉપર 'સ્થાપનારૂપ જિન' તો સદાય–શાશ્વત બિરાજે છે, તે ઉપરાંત આજે તો 'દ્રવ્યજિન' તેમજ અંશે 'ભાવજિન' ત્યાં પધાર્યા, પછી એના ગૌરવનું શું કહેવું! અહા, એ તો જગતનું એક પૂજ્ય તીર્થ બની ગયો. ત્યાં ધ્યાન ધરીને અનેક મુનિવરો નિર્વાણ પણ પામે છે તેથી તે સિદ્ધિધામ (નિર્વાણતીર્થ) પણ છે. અહા, તીર્થસ્વરૂપ આત્મા જ્યાં જ્યાં સ્પર્શે છે તે બધુંય તીર્થ બની જાય છે. સમ્યગ્જ્ઞાનની એ મહત્તા છે કે તે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ઉપરથી 'ભાવ' મંગળને ઓળખીને તેની સાથે પોતાના આત્માની સંધિ કરી લ્યે છે.



**''ધન્ય ઘડી ધન્ય કાળ શુભ દેખો....હરિ અભિષેક કરે પ્રભુજીકો''**

એ જન્માભિષેક વખતે સર્વત્ર આનંદ છવાયો..દેવો ભક્તિથી નાચી ઊઠ્યા ને મુનિવરો ચૈતન્યના અગાધ મહિમાનું ચિંતન કરતા-કરતા ધ્યાનમગ્ન થયા. નિર્વિકલ્પ જિનભક્તિ અને સવિકલ્પ જિનભક્તિ એ બંનેનો ત્યાં સંગમ થયો. વાહ પ્રભો! હજી તો આપ બાલતીર્થંકર છો, દ્રવ્ય–તીર્થંકર છો, છતાં આવો અગાધ મહિમા! તો જ્યારે આપ સર્વજ્ઞ થઈને સાક્ષાત ભાવતીર્થંકર થશો ને ઈષ્ટ–ઉપદેશ વડે જગતમાં રત્નત્રય–તીર્થનું પ્રવર્તન કરતા હશો,–તે વખતના આપના મહિમાની શી વાત!–

ઘટે 'દ્રવ્ય–જગદીશ' અવતાર એસો, કહો 'ભાવ–જગદીશ' અવતાર કૈસો?

પ્રભો, આપના મહિમાને જે ઓળખે તે જરૂર સમ્યક્ત્વ પામશે. અહો દેવ! આપના જન્મોત્સવમાં કાંઈ એકલા રાગનો જ ઊછાળો ન હતો; રાગથી પાર એવા વીતરાગ રસની એક ધારા પણ ત્યાં ચાલી જ રહી હતી. જૈનશાસનની આ અદ્‌ભુતતાને જ્ઞાની જ જાણે છે. જ્યારે આખી દુનિયા જન્મોત્સવના હર્ષથી ગાંડી–ઘેલી બની રહી ત્યારે પણ મારા વા'લા બાલપ્રભુ તો પોતાની જ્ઞાનચેતનાની શાંતિમાં જ મસ્ત થઈને બેઠા હતા. વાહ રે વાહ! વીતરાગમાર્ગમાં અમારા ભગવાન તો આવા જ શોભેને!

પારસનાથપ્રભુના મોક્ષગમન પછી માત્ર ૧૭૮ વર્ષે મહાવીરપ્રભુનો જન્મ થયો. તેમના દેહમાં ૧૦૦૮ ઉત્તમ લક્ષણો હતા; તેમાંથી ડાબા પગમાં કેસરીસિંહને દેખીને ૧ હરિએ ૨ હરિનું ૩ હરિ–લક્ષણ પ્રસિદ્ધ કર્યું. (૧. હરિ=ઇન્દ્ર; ૨. હરિ=ભગવાન; ૩. હરિ=સિંહ. એક દેવ, એક મનુષ્ય, એક તિર્યંચ.) તે સિંહ લક્ષણવાળા પ્રભુને 'વીર' એવા મંગલ નામથી સંબોધન કરીને ઇન્દ્રે સ્તુતિ કરી. ''અરે, અનંત ગુણસમ્પન્ન ભગવાન, 'વીર' એવા એક જ શબ્દથી વાચ્ય કેમ થાય?''—હા, જૈનશાસનના અનેકાન્તના બળે તે બની શક્યું, કેમકે એક ગુણદ્વારા અભેદપણે અનંત ગુણસમ્પન્ન એવા આખા ગુણીને પ્રત્યક્ષ કરી શકાય છે,—એવું જૈનશાસનના અનેકાંતજ્ઞાનનું વિશિષ્ટ સામર્થ્ય છે.

મેરુ ઉપર જન્માભિષેક બાદ પ્રભુની સવારી લઈને ઇન્દ્રો પાછા વૈશાલી—કુંડપુરમાં આવ્યા ને માતા—પિતાને તેનો પુત્ર સોંપતાં કહ્યું : હે મહારાજ! હે માતાજી! ત્રિલોકપૂજ્ય એવા પુત્રને પામીને આપ ધન્ય બન્યા છો; તે મોહને જીતવામાં 'વીર' છે ને ધર્મતીર્થનો ઉદ્યોત કરનાર છે—આમ સ્તુતિપૂર્વક ઇન્દ્ર તો માતાપિતાનું સન્માન કરતા હતા, પણ માતા ત્રિશલાનું ધ્યાન એમાં ક્યાંય ન હતું, એ તો બસ, પુત્રને જોવામાં જ મશગુલ હતી. જેમ સ્વાનુભૂતિમાં પહેલી જ વાર ચૈતન્યનું અતીન્દ્રિય રૂપ દેખીને મુમુક્ષુ જીવનું ચિત્ત અપૂર્વ આનંદના વેદનમાં ઠરી જાય....તેમ પુત્રનું અદ્‌ભુત રૂપ દેખીને ત્રિશલામાતાનું ચિત્ત અનેરા આનંદથી તૃપ્ત બન્યું. ઇન્દ્ર—ઇન્દ્રાણીએ તાંડવનૃત્ય કરીને પોતાનો મહાન હર્ષ વ્યક્ત કર્યો. આ રીતે પ્રભુના જન્મકલ્યાણકનો ભવ્ય ઉત્સવ કરીને દેવો પોતાના દેવલોકમાં ગયા; પરંતુ કેટલાય દેવો નાના બાળકનું રૂપ ધારણ કરીને એ વીરકુંવર સાથે રમવા—ખેલવા ત્યાં જ રોકાઈ ગયા. અહા, તીર્થંકર જેવા બાળમિત્ર સાથે રહેવાનું ને રમવાનું કોને ન ગમે! વાહ રે વાહ! એમાં તો બહુ જ મજા પડે.' તે દેવકુમારો સાથે રમતા વીરકુંવરને જોઈને, આમાં કોણ દેવ છે ને કોણ મનુષ્ય છે!' તે ખબર પડતી ન હતી. કેમકે બધાનું રૂપ એકસરખું હતું; પરંતુ એ દેવકુમારો જ્યારે તીર્થંકરને પગે લાગતા ત્યારે સમજાતું કે કોણ દેવ છે! તે દેવો કહેતા હે પ્રભો! દેવ અમે નથી, ખરેખર દેવ તો આપ છો આ રીતે ગુણની વિશેષતાથી વીરકુંવર બધાથી જુદા ઓળખાઇ આવતા હતા.


વીરકુંવરનો જન્મ થતાં વૈશાલી સર્વપ્રકારે વૃદ્ધિગત થવા લાગી, તેનો વૈભવ પણ વધવા લાગ્યો ને આત્મગુણો પણ વધવા લાગ્યા; તેથી માતા—પિતાએ તેમજ પ્રજાજનોએ તે કુંવરને **'વર્દ્ધમાન'** એવા સુંદર નામથી સંબોધન કર્યું.—

**''પણમામિ વડ્ઢમાણં ધમ્મ—તીત્થસ્સ કત્તારં''** (પ્રવચનસાર)

અહા, 'વર્દ્ધમાન' એવા સુંદર નામથી જે વાચ્ય છે, જે પ્રભુના ગુણોની ઓળખાણથી આત્માના ગુણોની વૃદ્ધિગત થાય છે, એવા ધર્મવૃદ્ધિકર શ્રી વર્દ્ધમાન જિનને હું વંદન કરું છું. ચૈતન્યગુણોમાં વૃદ્ધિગત એવા તે મહાત્માને, દેવલોકમાંથી દિવ્ય વૈભવો પણ કાંઈ આશ્ચર્ય પમાડતા ન હતા. અહા, ચૈતન્યગુણોથી અધિક સુંદર એવી કોઈ વસ્તુ શું આ જગતમાં છે કે જે ધર્મીના ચિત્તને આશ્ચર્ય પમાડી શકે!

વીર—વર્ધમાનકુમાર બે વર્ષના બાળક છતાં ત્રણ જ્ઞાનથી ગંભીર છે ને આરાધના સહિત આનંદમય જીવન જીવે છે. એને દેખી—દેખીને ભવ્યજીવોનું અંતર ઠરે છે. બાલરમતો નિર્દોષ છે.

અવધિજ્ઞાની–આત્મજ્ઞાની તે મહાત્મા એવો વિશિષ્ટ ક્ષયોપશમ લઈને આવ્યા છે કે બીજા શિક્ષક પાસે કોઈ વિદ્યા ભણવાનું બાકી રહ્યું નથી; જગતને ચૈતન્યવિદ્યા ભણાવનારા તે સ્વયંબુદ્ધ ભગવાન પોતે સર્વ વિદ્યામાં પારંગત છે. અહા, આવા નાનકડા ભગવાન જેમના ઘરે સદાય રમતા હોય, ને જેમના હૃદયમાં બિરાજતા હોય, તેમના મહાન સુભાગ્યની શી વાત!



દેવીઓ તેમને આનંદથી રમાડતી, માતા તેને ઝુલે ઝુલાવતી; દેવકુમારો હાથીના બચ્ચાનું રૂપ ધારણ કરીને વીરકુંવરને સૂંઢ ઉપર બેસાડીને ઝુલાવતા....છતાં વીરકુંવર કાંઈ ડરતા ન હતા, આનંદથી ઝૂલતા હતા. તેમના દેહની ઉંચાઈ ૧ ધનુષ (દશફૂટ અથવા ત્રણ મીટર) હતી; રંગ પીળો સોના જેવો હતો; ૭૨ વર્ષનું આયુષ્ય અને ત્રણ લોકમાં સૌથી સુંદર અદ્‌ભુત રૂપ હતું. અત્યંત મનોજ્ઞ તે શરીરમાં જન્મથી જ કુદરતી દશ અતિશય હતા : તે શરીર મળ–મૂત્ર વગરનું હતું, પરસેવા વગરનું હતું, તેનું લોહી સફેદ–દૂધ જેવું હતું, વજ્રસંહનન હતું, સર્વાંગસુંદર તેની આકૃતિ હતી, સુગંધીશ્વાસ હતો, અદ્‌ભુત રૂપ હતું, અતિશય બળ હતું ને મધુર વાણી હતી. તે દેહમાં ૧૦૦૮ ઉત્તમ ચિહ્નો હતા.

આ પ્રમાણે બાલતીર્થંકરના શરીરમાં જન્મથી જ પુણ્યજનિત દશ અતિશય હતા. તે અતિશયતા કર્મજનિત શરીરાશ્રિત હતી, તેના વડે કાંઇ ભગવાનની સાચી ઓળખાણ થતી નથી. હા, ભગવાનના આત્મામાં જન્મથી જ સમ્યગ્દર્શન–જ્ઞાનરૂપ ચૈતન્યભાવોની જે અતિશયતા હતી તે ધર્મજનિત અને આત્માશ્રિત હતી, તે જ તેમની સાચી અતિશયતા હતી, ને તે લક્ષણો વડે ભગવાનને સાચા સ્વરૂપે ઓળખી શકાય છે. શરીરના ગુણોની દિવ્યતા એ કાંઇ ખરેખર મહાવીર નથી, એ તો માત્ર મહાવીરના આત્મા સાથે સંયોગરૂપે વળગેલો, સુંદર પુદ્‌ગલોનો એક પિંડલો છે. મહાવીરના સાન્નિધ્યને લીધે ઉપચારથી તે પણ પૂજ્યરૂપ બન્યો છે. ખરા મહાવીર તો અતીન્દ્રિય, રૂપાતીત, અશરીરી, ચૈતન્યગુણ સમ્પન્ન છે. એવા ભાવથી જે મહાવીરને ઓળખે છે તે જીવ સમ્યક્ત્વ પામીને આનન્દિત થાય છે.

✻ ✻ ✻

ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વપ્રભુના નિર્વાણગમન પછી ૨૫૦ વર્ષે વીરતીર્થંકર નિર્વાણ પામ્યા; એટલે પાર્શ્વપ્રભુના નિર્વાણ પછી ૧૭૮ વર્ષ બાદ વીરપ્રભુનો અવતાર થયો. ૭૧ વર્ષ ૬ માસ ૧૭ દિવસ તેમનું આયુ હતું. (નાનકડા વીરકુંવરને રત્નપારણિયે ઝુલાવતાં ઝુલાવતાં ત્રિશલામાતા તથા છપ્પન કુમારીદેવીઓ કેવા મજાના મગંલ ગીત ગાતી હતી! તેના નમૂના માટે જુઓ ભગવાન નેમનાથચરિત્ર : પાનું. ૩૩૮)

## દેવકુમારો અને રાજકુમારોની તત્ત્વચર્ચા

એકવાર ચૈત્ર સુદ તેરસે વીરકુંવરનો જન્મદિવસ ઉજવવા દેવકુમારો ને રાજકુમારો રાજઉદ્યાનમાં ભેગા થયા હતા. વીરકુંવરને આવવાની હજી થોડી વાર હતી એટલે તે દેવકુમારો ને રાજકુમારો તત્ત્વચર્ચા કરતા હતા. તેઓ કેવી મજાની ચર્ચા કરતા હતા તે આપણે જોઈએ :–

* દેવકુમાર : બંધુઓ, આજે વીરકુમારનો જન્મદિવસ છે તેઓ રાજમહેલમાંથી આવે ત્યાં સુધી આપણે કોઈ સારી મજાની ધર્મચર્ચા કરીએ.

* રાજકુમાર કહે–વાહ, ઘણું સારું! ધર્મના દિવસે તો ધર્મચર્ચા જ શોભે ને!

* દેવકુમાર :–બરાબર છે; આજે આપણે 'સર્વજ્ઞ'ના સ્વરૂપની ચર્ચા કરીશું. કહો રાજકુમાર! આપણે ક્યા ધર્મને માનીએ છીએ? ને આપણા ઈષ્ટદેવ કોણ છે?

* રાજકુમાર : આપણે જૈનધર્મને માનીએ છીએ....તેમાં આત્માના શુદ્ધભાવ વડે મોહને જીતાય છે; ને ભગવાન 'સર્વજ્ઞ' આપણા ઈષ્ટદેવ છે.

* 'સર્વજ્ઞ' કોણ છે?

* 'સર્વજ્ઞ' એ નામ કોઈ વ્યક્તિવાચક નથી, પણ મોહનો નાશ કરીને જ્ઞાનસ્વભાવી આત્માની સર્વ જ્ઞાનશક્તિ જેમને ખીલી ગઈ હોય તે સર્વજ્ઞ છે; એ રીતે 'સર્વજ્ઞ' શબ્દ ગુણવાચક છે.

* સર્વજ્ઞ ક્યારે થયા?

* રાજકુમાર :– સર્વજ્ઞ અનાદિથી થતા જ આવે છે, અત્યારે થાય છે, ને ભવિષ્યમાં પણ થયા કરશે.

* દેવકુમાર :–સર્વજ્ઞ કેટલા છે? તેના કેટલા પ્રકાર છે?

* સર્વજ્ઞ થયેલા અનંત જીવો છે; તે બધાની સર્વજ્ઞતા તો એકસરખી છે, તેમાં કાંઈ ફેર નથી. પણ બીજી રીતે તેમના 'સિદ્ધ' અને 'અરિહંત' એવા બે ભેદ છે.

* તે સર્વજ્ઞ–ભગવંતો ક્યાં રહે છે?

* સર્વજ્ઞમાં જેઓ સિદ્ધ છે તેઓ લોકાગ્રે સિદ્ધલોકમાં રહે છે, તેઓ અનંત છે; અને તે સિવાય કેટલાક સર્વજ્ઞો 'અરિહંત' પદે બિરાજમાન છે, તેઓ આ મધ્યલોકમાં માનવપણે વિચરે છે ને એવા લાખો અરિહંતો છે.

* એવા કોઈ સર્વજ્ઞનું નામ કહેશો?

* હા, અત્યારે મહાવિદેહક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન વગેરે સર્વજ્ઞપણે વિચરે છે; તેઓ 'અરિહંત–સર્વજ્ઞ' છે; ને પારસનાથ વગેરે ભગવંતો અત્યારે સિદ્ધલોકમાં બિરાજે છે તેઓ 'સિદ્ધ–સર્વજ્ઞ' છે. આપણા મહાવીરકુમાર પણ ૪૨ મા વર્ષે સર્વજ્ઞ થશે.

* દેવકુમાર :–સર્વજ્ઞ શું કરે છે?

* રાજકુમાર :–સર્વજ્ઞ એટલે બધું જાણનાર; સર્વજ્ઞ ભગવાન પોતાના જ્ઞાનસામર્થ્યથી બધું જાણે છે,

ને તે જ્ઞાન સાથે તેઓ પોતાના પૂર્ણ આત્મિકસુખને અનુભવે છે. તેઓ વિશ્વના જ્ઞાતા છે પણ કર્તા નથી.

* એવા સર્વજ્ઞને જ દેવ શા માટે માનવા?

* કેમકે આપણને અતીન્દ્રિય પૂર્ણ સુખ અને પૂરું જ્ઞાન ઈષ્ટ છે—વહાલું છે, માટે જેમને એવું સુખ ને પૂરું જ્ઞાન પ્રગટ્યું હોય તેમને જ આપણા ઈષ્ટદેવ તરીકે મનાય.

* દેવકુમાર :—સર્વજ્ઞને માનવાથી આપણને શો લાભ?

* રાજકુમાર :—સર્વજ્ઞને ઓળખતાં આત્માનું પૂર્ણ સામર્થ્ય કેવું હોય તેનું આપણને ભાન થાય છે; એટલે પોતાના આત્માના પૂર્ણસામર્થ્યનો વિશ્વાસ બેસતાં; પરમાંથી જ્ઞાન કે સુખ લેવાની પરાધીન માન્યતા ટળી જાય છે, બાહ્યવિષયોમાં સુખની મિથ્યા કલ્પના છૂટીને આત્માના સ્વભાવમાં જે અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય સુખ છે તેની શ્રદ્ધા પ્રગટે છે. વળી સર્વજ્ઞતા સાથે રાગ—દ્વેષનો કોઈ પણ અંશ રહી શકતો નથી એટલે સર્વજ્ઞને ઓળખતાં રાગદ્વેષથી ભિન્ન આત્માનું શુદ્ધસ્વરૂપ ઓળખાય છે. આ રીતે સર્વજ્ઞને ઓળખવાથી પોતાના આત્મામાં સ્વાશ્રયે સમ્યક્જ્ઞાન અને અતીન્દ્રિય સુખ થાય છે. એટલે કે ધર્મની શરૂઆત થાય છે;—એ અપૂર્વ લાભ છે.

* શું સર્વજ્ઞને માન્યા વગર ધર્મ ન થઈ શકે?

* ના; સર્વજ્ઞને માન્યા વગર ધર્મ ન જ થાય.

* સર્વજ્ઞને માન્યા વગર ધર્મ કેમ ન થાય?

* કેમકે સર્વજ્ઞતા તે આત્માની પૂર્ણ પ્રગટેલી પરમાત્મ—શક્તિ છે; આત્માની પૂર્ણ પ્રગટેલી શક્તિને જે ન માને તે પોતાના આત્માની પરમાત્મ—શક્તિને પણ ક્યાંથી જાણે? ને પોતાના આત્માની પૂર્ણ શક્તિને જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી પરમાંથી જ્ઞાન કે સુખ લેવાની પરાશ્રિત—મિથ્યાબુદ્ધિ રહ્યા જ કરે; જ્યાં પરાશ્રિતબુદ્ધિ હોય એટલે કે બાહ્યવિષયોમાં સુખબુદ્ધિ હોય ત્યાં ધર્મ ન જ થાય. આ રીતે, સર્વજ્ઞને માન્યા વગર ધર્મ થઈ શકે જ નહિ.

* દેવકુમાર :—સર્વજ્ઞને માન્યા વગર આત્માની પૂર્ણ શક્તિને માની લ્યે તો!

* રાજકુમાર :— જો આત્માની પૂર્ણ શક્તિને યથાર્થપણે માને તો તેમાં સર્વજ્ઞની પ્રતીત પણ જરૂર આવી જ જાય છે. જો સર્વજ્ઞની પ્રતીત ન હોય તો આત્માની પૂર્ણ શક્તિની પ્રતીત પણ હોતી જ નથી. પોતાને પૂર્ણ સુખ જોઈએ છે ને! તો, પૂર્ણ જ્ઞાન હોય ત્યાં જ પૂરું સુખ હોય; માટે પૂરું જ્ઞાન કેવું હોય તે નક્કી કરવું જોઈએ પૂરું જ્ઞાન નક્કી કર્યું તેમાં જ સર્વજ્ઞની માન્યતા આવી ગઈ; તથા જ્ઞાન અને રાગનું ભેદજ્ઞાન પણ થઈ જ ગયું કેમકે પૂર્ણ જ્ઞાનમાં રાગનો સર્વથા અભાવ છે. ભલે સર્વજ્ઞ પોતાની સામે હાજર ન હોય પણ પોતાના જ્ઞાનમાં તો તેમનો નિર્ણય થઈ જ જવો જોઈએ. તો જ આત્માની પૂર્ણ તાકાતનો વિશ્વાસ બેસે અને ધર્મ થાય.

* દેવકુમાર :—સર્વજ્ઞ કોણ થઈ શકે ?

* રાજકુમાર :—પહેલાં જે સર્વજ્ઞને જાણે અને સર્વજ્ઞ જેવા પોતાના આત્માની પરમાત્મશક્તિને જાણે, તે જીવ પોતાની શક્તિમાંથી સર્વજ્ઞતાની વ્યક્તિ કરીને સર્વજ્ઞ થાય છે. એટલે—

**જે સર્વજ્ઞ સ્વભાવને જાણે તે આત્મજ્ઞ થાય.**
**જે આત્મજ્ઞ થાય તે જરૂર સર્વજ્ઞ થાય.**
**—આ રીતે સર્વજ્ઞતા તે જૈનધર્મનું મૂળ છે.**

માટે હે મુમુક્ષુ ભવ્ય જીવો ! તમે ધર્માર્થે સર્વજ્ઞનો નિર્ણય કરવા ચાહતા હો તો; સર્વજ્ઞતા પ્રત્યે જેમની આત્મપરિણતિ ઉલ્લસી રહી છે, જેમની વાણી અને મુદ્રા સર્વજ્ઞતાની નિઃશંક જાહેરાત કરી રહી છે, અને રાગથી ભિન્ન જ્ઞાનચેતનાના બળે જેઓ સર્વજ્ઞ થઈને જિનશાસનનું ધર્મચક્ર પ્રવર્તાવવાના છે— એવા વીરનાથ પ્રભુને ચૈતન્યભાવથી ઓળખો.

**જે જાણતો મહાવીરને ચેતનમયી શુદ્ધ ભાવથી,**
**તે જાણતો નિજાત્મને સમક્તિ લ્યે આનંદથી.**

પ્રભુની જ્ઞાનચેતનાને ઓળખતાં રાગ વગરનો સર્વજ્ઞસ્વભાવી આત્મા તમને સ્વસંવેદનમાં આવી જશે ને સમ્યક્ત્વ સહિત સર્વજ્ઞતાનું સર્વ સમાધાન થઈ જશે; તમારું પરિણમન રાગથી જુદું જ્ઞાનચેતનારૂપ થઈ જશે ને તમે પોતે અલ્પકાળમાં અલ્પજ્ઞ મટીને સર્વકાળને માટે સર્વજ્ઞ બની જશો.

આ રીતે દેવકુમારો અને રાજકુમારો તત્ત્વચર્ચા કરતા હતા; તે વખતે રાજમહેલમાં (ચૈત્ર સુદ તેરસે) શું બની રહ્યું હતું ? તે આપણે જોઈએ.

**વર્દ્ધમાનકુમાર** વહેલી સવારમાં સિદ્ધોનું સ્મરણ કરીને આત્મચિન્તન કર્યું. પછી માતાજી પાસે આવ્યા. ત્રિશલા માતાએ હોંશે હોંશે, પંચપરમેષ્ઠીના સ્મરણપૂર્વક વહાલા વીરપુત્રને તિલક કરીને મીઠા ઓવારણાં લીધા ને તેને મંગલ આશીર્વાદ આપ્યા. માતાની મીઠી આશીષ લઈને વીરકુમાર પ્રસન્ન થયા ને માતાજી સાથે આનંદથી વાતું કરવા લાગ્યા. અહા, માતાજી સાથે વીરકુંવર કેવી મજાની વાતો કરે છે—તે સાંભળવા ચાલો....સિદ્ધાર્થરાજાના મહેલમાં....!

## ત્રિશલા માતાના રાજમહેલમાં—

વાહ ! જુઓ, આ સિદ્ધાર્થરાજાનો રાજમહેલ કેવો અદ્ભુત છે ? કેવા મજાના શણગારોથી શોભી રહ્યો છે ! આજે ચૈત્ર સુદ તેરસે વીરપ્રભુનો જન્મદિવસ હોવાથી રાજમહેલના આંગણે હજારો પ્રજાજનો વીરકુંવરના દર્શન માટે ભેગા થયા છે. વીરકુંવરને આજ પાંચમું વર્ષ બેસે છે. રાજમહેલના અંદરના ખંડમાં જે અદ્ભુત શોભા છે તે તો સ્વર્ગની ઈન્દ્રસભાનેય ભૂલવી દે તેવી છે; પણ આપણું લક્ષ ત્યાં નથી જતું; આપણું લક્ષ તો સીધું મહાવીરકુંવર ઉપર જાય છે; અહા, કેવા મજાના શોભી રહ્યા છે ત્રિશલાના કુંવર !! એકના એક લાડીલા કુંવરને ત્રિશલામાતા કેવા હેતથી લાડ લડાવી રહી છે ! અને કુંવર પણ કેવા આનંદથી માતાજી સાથે વાતું કરે છે !! ચાલો, આપણે પણ સાંભળીએ—

* વીરકુંવરે પૂછ્યું : હે મા! જેને ભવ નથી, ને જે મોક્ષ પણ નથી પામ્યા—તે કોણ?
* માતા પુત્રને શિરે હાથ મૂકતાં હસીને જવાબ આપ્યો 'એ તો મારો વહાલો પુત્ર!' પછી વીરને ગોદમાં તેડી વહાલભર્યું ચુંબન કરતાં કહ્યું : બેટા, એ તું જ છો કે જેને હવે ભવ નથી, ને હજી જે મોક્ષ પણ નથી પામ્યો.
* વીરકુંવર કહે છે : હે માતા! શુદ્ધાત્મતત્ત્વનો મહિમા કેવો અગાધ છે— તેની તને ખબર છે?
* માતા જવાબ આપે છે : હા બેટા! જ્યારથી તું મારા અંતરમાં આવ્યો ત્યારથી શુદ્ધાત્મતત્ત્વનો અગાધ મહિમા મેં જાણી લીધો.
* 'આત્માનો કેવો મહિમા જાણ્યો? મા, મને કહો.'
* બેટા, જ્યારથી અહીં આકાશમાંથી રત્નવૃષ્ટિ થવા માંડી, જ્યારથી મેં દિવ્ય ૧૬ સ્વપ્ન દેખ્યા ને તે સ્વપ્નનાં અદ્ભુત ફળ જાણ્યા ત્યારથી મને એમ થયું કે અહા, જેનાં પુણ્યનો આવો આશ્ચર્યકારી પ્રભાવ....તે આત્માની પવિત્રતાની શી વાત! એવો આરાધક આત્મા મારા હૃદયમાં બિરાજી રહ્યો છે.—એમ અદ્ભુત મહિમાથી આત્માના આરાધક ભાવનો વિચાર કરતાં—કરતાં કોઈ અચિંત્ય આનંદ સહિત શુદ્ધાત્મતત્ત્વ મને ભાસ્યું. બેટા મહાવીર! એ બધો તારો જ પ્રતાપ છે.
* અહો માતા! તીર્થંકરની માતા થવાનું મહા ભાગ્ય તને મળ્યું; તું જગતની માતા કહેવાણી. ચૈતન્યના અદ્ભુત મહિમાને જાણનારી હે માતા! તું પણ જરૂર મોક્ષગામી છો.
* બેટા વર્દ્ધમાન! તારી વાત સત્ય છે. સ્વર્ગેથી તારું આગમન થયું ત્યારથી અંતર અને બાહ્ય વૈભવ વૃદ્ધિગત થવા લાગ્યો છે, મારા અંતરમાં આનંદની અપૂર્વ સ્ફૂરણા થવા લાગી છે. મને તારા આત્માનો સ્પર્શ થયો ત્યારથી આરાધક ભાવ શરૂ થઈ ગયો છે, ને એક ભવ પછી હું પણ તારી જેમ મોક્ષને સાધીશ.
* અહો ધન્ય માતા! મારી માતા તો આવી જ શોભે. માતા, તારી વાત સાંભળીને મને આનંદ થાય છે. હું આ ભવમાં જ મોક્ષને સાધવા અવતર્યો છું, તો મારી માતા પણ મોક્ષને સાધનારી જ હોય ને!
* બેટા, તું તો આખા જગતને મોક્ષનો માર્ગ દેખાડનાર છો; તારા પ્રતાપે તો જગતના ભવ્ય જીવો આત્માને જાણશે ને મોક્ષમાર્ગને પામશે.—તો હું તારી માતા,—કેમ બાકી રહું? હું પણ જરૂર મોક્ષમાર્ગે આવીશ. બેટા, તું ભલે આખા જગતનો નાથ....પણ મારો તો પુત્ર! તને આશીર્વાદ આપવાનો મારો હક્ક છે.
* 'વાહ માતા! તારું હેત અપાર છે....માતા તરીકે તું પૂજ્ય છો....તારું વાત્સલ્ય જગતમાં અજોડ છે.'—



(રાગ : “કોઈના લાડકવાયા” જેવો)

માતા મા મારી મોક્ષસાધિકા ધન્ય ધન્ય છે તુજને....
તુજ હૈયાની મીઠી આશીષ, વહાલી લાગે મુજને....
માતા! દરશન તારા રે....જગતને આનંદ દેનારા....

બેટા, તારો અદ્‌ભુત મહિમા સમ્યક્ હીરલે શોભે....
તારા દર્શન કરતાં ભવ્યો, મોહનાં બંધન તોડે....
બેટા! જન્મ તુમારો રે જગતનું મંગલ કરનારો....

માતા! તારી વાણી મીઠી, જાણે ફૂલડાં ખરતાં....
તારા હૈડે હેત–ફૂવારા, ઝરમર-ઝરમર ઝરતાં....
માતા! દરશન તારા રે....જગતને આનંદ દેનારા....

તારી વાણી સુણતાં ભવ્યો, મુક્તિપંથે દોડે....
ચેતનરસનો સ્વાદ ચાખે ત્યાં, રાજપાટ સબ છોડે....
બેટા! જન્મ તુમારો રે....જગતનું મંગલ કરનારો....

જાગે ભાવના માતા મુજને ક્યારે બનું વીરાગી....
બંધન તોડી રાગતણાં સૌ, બનું પરિગ્રહ–ત્યાગી....
માતા! દરશન તારા રે....જગતને આનંદ દેનારા....

બેટા, તું તો પાંચ વરસનો, પણ ગંભીરતા ભારી,
ગૃહવાસી પણ તું તો ઉદાસી, દશા મોહથી ન્યારી....
બેટા! જન્મ તુમારો રે....જગતનું મંગલ કરનારો....

માતા! તું તો છેલ્લી માતા, માત બીજી નહિ થાશે....
રત્નત્રયથી કેવળ લેતાં જન્મ–મરણ દૂર જાશે....
માતા! દરશન તારા રે....જગતને આનંદ દેનારા....

બેટા, તું તો જગમાં ઉત્તમ આત્મ–જીવન જીવનારો....
દિવ્યધ્વનિનો સંદેશ દઈને, મુક્તિમાર્ગ ખોલનારો....
બેટા! ધર્મ તુમારો રે....જગતનું મંગલ કરનારો....

માતા! મુક્તિ મારગ ખુલ્લો ભવ્યો ચાલ્યા આવે....
ભરતક્ષેત્રમાં જયવંત શાસન, આનંદમંગલ આપે....
માતા! દરશન તારા રે....જગતને આનંદ દેનારા....

વર્ધમાન તું સાચો બેટા, ધર્મ વૃદ્ધિ કરનારો....
મહાવીર પણ સાચો તું છો, મોહમલ્લ જીતનારો....
બેટા! ધર્મ તુમારો રે....જગતનું મંગલ કરનારો....

માતા, કરું નિજધર્મની વૃદ્ધિ, પરમાતમ–પદ પામું,
જીવ બધા જિનધર્મને પામો....એવી ભાવના ભાવું....
માતા! દરશન તારા રે....જગતને આનંદ દેનારા....

બેટા, જગમાં ધર્મની વૃદ્ધિ થાશે તારા પ્રતાપે
જે ચાલે તુજ પગલે–પગલે, મોક્ષપુરીમાં આવે....
બેટા! ધર્મ તુમારો રે....જગતને આનંદ દેનારો....

માતા! અનુભૂતિ–ચેતનની અતિશય મુજને વહાલી,
અનુભૂતિમાં આનંદ ઉલ્લસે, એની જાત જ ન્યારી....
માતા....દરશન તારા રે....જગતને આનંદ દેનારા....

બેટા, તું તો સ્વાનુભૂતિની મસ્તીમાં નિત મ્હાલે....
હીંચોળું હીરલાની દોરે, ઉરનાં વહાલે–વહાલે....
બેટા! જન્મ તુમારો રે....જગતને આનંદ દેનારો....

* * *

અહો, ત્રિશલામાતા અને બાલતીર્થંકર વર્ધમાન કુંવરની આ ચર્ચા કેવી અદ્‌ભુત આનંદકારી છે !

માતાને ખૂબ આનંદ પમાડીને વીરકુમારે કહ્યું : મા, બહાર મારા મિત્રકુમારો મારી રાહ જોઈ રહ્યા છે; હું તેમની પાસે જાઉં છું.

માતાએ કહ્યું : ખુશીથી જાઓ, બેટા ! જગતને આનંદ પમાડવા તમારો અવતાર છે.

માતા પાસેથી વિદાય લઈને મહાવીર રાજઉદ્યાનમાં આવ્યા; તેમને જોતાં જ દેવકુમારો ને રાજકુમારો ખૂબ જ હર્ષથી જયજયકાર કરવા લાગ્યા, ને અનેક પ્રકારે તેમનું સન્માન કર્યું.

વર્ધમાનકુમારે પ્રસન્ન દૃષ્ટિથી બધા સામે જોયું, ને માતાજી સાથે થયેલી આનંદકારી વાતચીત બધાને કહી સંભળાવી. તે સાંભળી સૌ ઘણા પ્રસન્ન થયા.

એક રાજકુમારે કહ્યું—અહા ! એક તીર્થંકરના મિત્ર થઈને તેમની સાથે રમવાનું આપણને મળ્યું, તો આપણે પણ તીર્થંકરના મિત્ર જરૂર તીર્થંકરની સાથે મોક્ષને સાધશું....પ્રભુ જ્યારે દીક્ષા લેશે ત્યારે તેમની સાથે આપણે પણ દીક્ષા લેશું.

ત્યારે દેવકુમારનું મુખ ઉદાસ થઈ ગયું.—'કેમ ઉદાસ થઈ ગયા દેવકુમાર ?'—એમ પૂછતાં તે દેવકુમાર કહે છે : હે મિત્રો, તમે તો મનુષ્યપર્યાયમાં છો તેથી પ્રભુ સાથે દીક્ષા લેશો; પરંતુ અમે તો દેવપર્યાયમાં છીએ તેથી પ્રભુ સાથે અમે દીક્ષા નહીં લઈ શકીએ, આ વિચારથી મને ઉદાસીનતા થઈ.

મહાવીરે કહ્યું : બંધુ દેવ ! સમ્યગ્દર્શન વડે દેવપર્યાયમાં પણ ચૈતન્યની આરાધના ચાલુ રહે છે, ને એવા આરાધક જીવ મોક્ષના માર્ગમાં જ ચાલી રહ્યા છે, જીવને મોક્ષમાર્ગની પ્રાપ્તિ એ અપૂર્વ મહાન લાભ છે. મોક્ષના માર્ગમાં લાગેલો જીવ અલ્પકાળે મોક્ષને સાધશે—એમાં સંશય નથી.

મહાવીરની આવી ગંભીર વાણી સાંભળીને બધા ઘણા ખુશ થયા અને પછી બાલતીર્થંકર સાથે સમ્યક્ત્વની ઘણી ચર્ચા કરી. અહા, નાનકડા દ્રવ્ય—તીર્થંકરના શ્રીમુખથી વીતરાગી મોક્ષમાર્ગની સુંદર વાત સાંભળતાં તે કુમારોને જે હર્ષાનંદ થયો—તેની શી વાત !! અઢી હજાર વર્ષ પૂર્વનો તે પ્રસંગ આજે પણ સ્મરણમાત્રથી આપણને આનંદ ઉપજાવે છે, તો તે પ્રસંગ સાક્ષાત્ દેખનારા જીવોના મહા આનંદની શી વાત !! કેટલાય કુમારો તે વખતે સમ્યક્ત્વ પામ્યા. સાથે સાથે એ જાણીને પાઠકને આનંદ થશે કે, વીરકુંવરની વાત મનુષ્યોની જેમ હાથી—ઘોડા ને વાંદરા પણ પ્રેમથી સાંભળતા, ને સાંભળીને રાજી થતા.

નાનકડા મહાવીર પોતાના બાલમિત્રો સાથે આવી મજાની તત્ત્વચર્ચા પણ કરતા, તેમજ બાલસુલભ રમતગમત પણ રમતા; પરંતુ તે વખતે તેઓ કાંઈ એકલી બાલક્રીડામાં જ નહોતા વર્તતા; બાહ્યથી બાલક્રીડા કરતા દેખતા એ બાલમહાત્માની ચેતના એ જ સમયે અંતરમાં અતીન્દ્રિય જ્ઞાનક્રીડા કરતી હતી. ઘણીવાર તેઓ છાનામાના ચૈતન્યમહેલમાં જઈને નિર્વિકલ્પ ધ્યાન કરી લેતા હતા. એમના અંતરંગ જ્ઞાનજીવનની મોજ કોઈ અદ્‌ભુત—અનેરી હતી....એક વાર વીરકુમાર તેમના મિત્રો સાથે ચર્ચા—વિનોદ કરતા હતા, એવામાં એકાએક આશ્ચર્યકારી ઘટના બની....શું બન્યું ? તે હવેના પ્રકરણમાં વાંચો.

✻ ✻ ✻

## બાલવીરની મહા–વીરતા

* મિથ્યાત્વ–ઝેરને જીત્યું પ્રભુએ સમ્યક્‌મંત્ર પ્રભાવે.... *
* નાગ ભલે ફૂંફાડા મારે.... વીરતા એને ભગાવે.... *
* દેહાતીત છે ભાવ અરે જ્યાં ડંખશે નાગ જ કોને ? *
* નાગ મટીને દેવ બન્યો....ને નમી રહ્યો પ્રભુચરણે.... *

ફૂંઉંઉં....ફૂ....ફૂંઉંઉં....જાણે ઘોર પવનના સૂસવાટા છૂટતા હોય તેમ મોટો નાગ ફૂંફાડા મારી રહ્યો છે. જેને દેખીને ભલભલા ધ્રુજી ઊઠે એવો મોટો સર્પ છે.



નાનકડા વર્ધમાન અનેક બાળકો સાથે ઉપવનમાં ખેલી રહ્યા છે. આનંદથી બાળકો રમે છે, ત્યાં તો કોણ જાણે ક્યાંથી મોટો સર્પ આવી પડ્યો ને ફૂંફાડા કરવા લાગ્યો. આવો સર્પ બાળકોએ કદી જોયેલો નહિ બાળકો તો ડરના માર્યા ભાગ્યા; ન ડર્યા એક મહાવીર...ન ભાગ્યા એક વર્ધમાન!

અહિંસાના અવતાર મહાવીરને હણનાર કોણ છે? એ તો નિર્ભયપણે સર્પની ચેષ્ટા જોઈ રહ્યા. મદારીનો સર્પ ખેલ કરતો હોય ને આપણે આનંદથી નથી જોતા! તેમ જાણે કોઈ મદારીનો સર્પ ખેલ કરવા આવ્યો હોય! એમ વર્દ્ધમાનકુમાર તો તેને જોઈ જ રહ્યા.

શાંતચિત્તે અત્યંત નિર્ભયતાથી પોતાની તરફ નીહાળી રહેલા વીરકુમારને દેખીને નાગદેવ પણ આશ્ચર્યચકિત થઈ ગયો કે વાહ! વર્ધમાનકુંવર નાનકડા નથી પણ મહાન.... વીર છે. સર્પે વીરને બીવડાવવા ઘણા ફૂંફાડા માર્યા....પણ વીર તો અડોલપણે જ રહ્યા, નિર્ભયપણે સર્પ સાથે ખેલવા તે તરફ જવા લાગ્યા.

દૂર દૂર ઊભેલા લોકો ગભરાટથી જોઈ રહ્યા કે અરે, સર્પ સામે ઊભેલા રાજકુમારનું શું થશે! બધાના જીવ ઊંચા થઈ ગયા ને સર્પને દૂર કરવા શું કરવું તેની ગડમથલમાં પડી ગયા....ત્યાં તો–

ત્યાં તો, સર્પ એની મેળે જ અલોપ થઈ ગયો. અરે, ક્યાં ગયો એવડો મોટો સર્પ?–અહીં તો દેખાય છે એક તેજસ્વી દેવ....ને તે દેવ હાથ જોડી વર્ધમાનકુંવરની સ્તુતિ કરતાં કહે છે કે હે દેવ! આપ ખરેખરા 'મહાવીર' છો. આપના અતૂલ બળની પ્રશંસા સ્વર્ગના ઈન્દ્ર પણ કરે છે. હું સ્વર્ગનો દેવ હોવા છતાં મેં અજ્ઞાનભાવથી આપની ધૈર્યશક્તિમાં શંકા કરીને, નાગના રૂપ વડે આપની પરીક્ષા કરી, તે માટે મને ક્ષમા કરો. તીર્થંકરોની દિવ્યતા ખરેખર અદ્‌ભુત છે. પ્રભો! આપ માત્ર વીર નહિ અપિતુ 'મહાવીર' છો.

મહાવીરકુમાર તો દેવની વાત ધીર–ગંભીરપણે સાંભળી રહ્યા; પરંતુ આપણે તે દેવને જવાબ

દઈશું : અરે દેવ ! તું તો પરીક્ષા કરવા માટે સર્પનું રૂપ લઈને આવ્યો હતો. પણ કદાચિત્ ખરેખરો સર્પ આવ્યો હોત તોયે શું ? એ સર્પ પણ મહાવીરના સાન્નિધ્યમાં નિર્વિષ બની જાત. જેની શાંત દૃષ્ટિ સામે મિથ્યાત્વનું ઝેર પણ નથી ટકી શકતું, તે ભગવાનની શાંત દૃષ્ટિ પડતાં સર્પો પણ નિર્વિષ થઈ જાય–એમાં શું આશ્ચર્ય છે !! સંપૂર્ણ કષાયોને જીતનારા વીર....શું એક સર્પથી ડરી જશે ?–કદી નહિ. વીરની મહાન વીરતા એ કોઈ બાહ્ય શત્રુઓ સામે વાપરવા માટે નથી, એ તો અંતરના કષાય–શત્રુઓને જીતનારી વીતરાગી વીરતા છે. એ વીરની વીતરાગતાના સાન્નિધ્યમાં ઝેરી સર્પો પણ અહિંસક બની જશે ને મિથ્યાત્વ–વિષને છોડીને સમ્યક્ત્વના અમૃતનું પાન કરશે.

અંતરમાં અને બાહ્યમાં વૃદ્ધિગત થતાથતા રાજકુંવર મહાવીર જ્યારે આઠ વર્ષના થયા ત્યારે એકવાર અત્યંત વિશુદ્ધિથી અંતરના ચૈતન્યધામમાં એકાગ્રતાની ધૂન જામતાં નિર્વિકલ્પધ્યાનનો મહાઆનંદ પ્રગટ્યો અને ચતુર્થ ગુણસ્થાનેથી પ્રભુ પંચમ ગુણસ્થાને પધાર્યા આઠ વર્ષની વયે શુદ્ધિની વૃદ્ધિપૂર્વક પ્રભુએ પંચઅણુવ્રત ધારણ કર્યા. પ્રભુ 'શ્રાવક' બન્યા. જો કે પ્રભુનું જીવન તો પહેલેથી જ અહિંસાદિરૂપ હતું; પરંતુ આઠમેવર્ષે બાલક વર્ધમાન ચોથા ગુણસ્થાનેથી પાંચમે ગુણસ્થાને આવતાં અપ્રત્યાખ્યાન સંબંધી ચારે કષાયો નષ્ટ થયા, ને વર્દ્ધમાનના આત્મિક આનંદની વૃદ્ધિ થઈ, કષાયોને જીતવાની વીરતામાં વીરપ્રભુ એક પગલું આગળ વધ્યા. ત્યારબાદ બાલતીર્થંકરની વીતરાગી વીરતાનો એક બીજો પ્રસંગ બન્યો; તેનું મજાનું વર્ણન હવે વાંચશો.

## શાંતિવડે હાથીને જીતવાનો પ્રસંગ

આ દેખાય છે વૈશાલી રાજ્યનો નંદ્યાવર્ત–રાજપ્રાસાદ ! જેની ઉપર અહિંસા ધર્મનો ધ્વજ ફરકી રહ્યો છે એવા આ રાજમહેલની શોભા કેવી અદ્ભુત છે !! કેમ ન હોય ! બાલતીર્થંકર જેના અંતરમાં વસી રહ્યા હોય એની શોભાની શી વાત ! એ મહેલની શોભા ગમે તેવી હોય તોપણ તે ઈન્દ્રિયગમ્ય અને નશ્વર હતી, જ્યારે તેમાં વસનારા પ્રભુના સમ્યક્ત્વાદિ ગુણોની શોભા તો અતીન્દ્રિયગોચર અને અવિનશ્વર હતી. પ્રભુનાં પુણ્ય જ મહેલનું રૂપ ધારણ કરીને દાસપણે સેવા કરવા આવ્યા હતા; એ સાત ખંડ ઊંચા રાજમહેલના આગણામાં નાનકડા વીરપ્રભુ ઊભા હોય ત્યારે, હજારો પ્રેક્ષકોને તો એ વીરકુંવર મોટા લાગતા હતા ને રાજમહેલ નાનો લાગતો હતો. રાજમહેલની પાસે હાથીખાનામાં કેટલાય ઉત્તમ હાથી શોભતા હતા. રાજમહેલ પાસેના રાજપથ ઉપર હજારો પ્રજાજનોની અવરજવર થતી. ત્યાંથી પસાર થતાં દરેક પ્રજાજનને સહસા વર્ધમાનકુંવરના દર્શનથી ઉત્કંઠા જાગતી, એટલે તેની નજર રાજમહેલની દરેક બારીમાં ફરી વળતી. કોઈવાર કોઈને ઝરુખામાં વીરપ્રભુના દર્શન થઈ જતા તો અત્યંત આનંદથી તેનું હૈયું નાચી ઊઠતું....કે વાહ ! આજે તો બાલતીર્થંકરના દર્શન થયા ! પાઠક ! ચાલો, આપણે પણ રાજમહેલમાં જઈએ ને વીરપ્રભુના દર્શન કરીને ધન્ય બનીએ.

રાજકુમાર મહાવીર શાંતિપૂર્વક નિજમહેલમાં બેઠા છે. તેઓ વિચાર કરી રહ્યા છે કે અહા, ચૈતન્યની નાનકડી (ચોથા–પાચમાં ગુણસ્થાનની) શાંતિને પણ ડગાવી શકે એવી આ જગતમાં કોઈની તાકાત નથી; જેની નાનકડી શાંતિમાં પણ આટલી મહાન તાકાત, તે આખુંય તત્ત્વ કેવું પરમ શાંતસ્વરૂપી છે ! શાંતરસના એ મહાસમુદ્રની તાકાતનું તો શું કહેવું ? જગતના ભવ્ય જીવો એકવાર પણ પોતાના શાંતરસને દેખે તો પોતામાં પરમ તૃપ્તિ થઈને જગતથી નિર્ભય બની જાય. બંગલામાં બેઠાબેઠા ભગવાન

વીરકુંવર આ પ્રમાણે આત્માના શાંતરસનો વિચાર કરી રહ્યા છે; ત્યારે તેમના મહેલની સમીપ બહારમાં શું બની રહ્યું છે–તે જોઈએ.

બહાર રાજમાર્ગ ઉપર તો એકદમ દોડાદોડી થઈ રહી છે; લોકો ભયભીત થઈને ચારેકોર નાસભાગ કરી રહ્યા છે ને બચાવવા માટે ચીસેચીસ પાડી રહ્યા છે કે બચાવો રે બચાવો! રાજાનો હાથી ગાંડો થઈને આવે છે–બચાવો....

આત્માની અગાધ શાંતિનો વિચાર કરી રહેલા મહાવીરે, બહારનો તે ભયંકર કોલાહલ સાંભળ્યો, ને ધીરગંભીરપણે તેઓ રાજમાર્ગ પર આવ્યા; હાથ ઊંચો કરીને બધા લોકોને આશ્વાસન આપીને શાંત કર્યા. મહાવીરને દેખતાં જ જાણે ચમત્કાર થયો....લોકો નિર્ભય બની ગયા ને આશ્ચર્યથી જોઈ રહ્યા કે હવે શું થાય છે!

એકકોર નાનકડા મહાવીર, બીજીકોર ક્રોધથી ધમધમતો મોટો હાથી. નાનકડા મહાવીર તો ધીર–ગંભીર પગલે, જે માર્ગે હાથી દોડ્યો આવતો હતો તે તરફ ચાલ્યા..હાથી પાસે આવ્યા ને હાથી સામે નજર માંડીને ઊભા....ક્ષણ–બેક્ષણ શાંત નજરે હાથીને જોઈ જ રહ્યા.



અહા, શી એ શાંતરસ ભરેલી અમીદૃષ્ટિ! એમાંથી જાણે મધુર અમૃત નીતરતું હતું. એ દૃષ્ટિ દ્વારા જાણે મહાવીર કહેતા હતા કે અરે ગજરાજ! તું આ ગાંડપણ છોડ! લોકો તારા ગભરાટનું કારણ નથી જાણતા પણ હું જાણું છું; અરે, આ ચાર ગતિનાં દુઃખ, અને તેમાંય આ તિર્યંચગતિનો ત્રાસ, તેનાથી તું અકળાયો છે ને તેનાથી છૂટવા તું રઘવાયો બન્યો છે. પણ ધીરો થા, શાંત થા! રઘવાટ કર્યે કાંઈ દુઃખથી નહિ છુટાય.

અહા, હાથી તો જાણે ભગવાનના નેત્રમાંથી વરસતા શાંતરસના ધોધને પીતો હોય એમ એકીટસે પ્રભુ સામે જોઈ જ રહ્યો..આસપાસના વાતાવરણને તે ભૂલી ગયો. 'વાહ, કેવી શાંતિ છે–આ કુમારના મુખ ઉપર! મનેય આવી શાંતિ હોય તો કેવું સારું!!' આમ વિચારતો તે હાથી એકદમ શાંત થઈ ગયો.

લોકોએ આ ચમત્કાર જોયો; પણ તેઓ એ સમજી ન શક્યા કે મહાવીરે કઈ રીતે હાથીને વશ કરી લીધો? જે કોઈક વિચિક્ષણ હતા તેઓ સમજી ગયા કે મહાવીરે બહારના કોઈ બળથી કે શસ્ત્રથી નહિ પણ અંતરની શાંતિના બળથી જ હાથીને વશ કરી લીધો છે ને એ રીતે, "જગતના કોઈ પણ હથિયાર કરતાં શાંતિનું બળ સૌથી મહાન છે"–એમ જગતને બતાવ્યું છે.

બંધુઓ દેખો, નાનકડા મહાવીરે મોટા હાથીને વશ કર્યો, એમ નાનકડો ચેતનભાવ પણ મોટા મોટા ઉદયભાવોને જીતી લ્યે છે. હાથીને જીતવા મહાવીરને ક્રોધ ન કરવો પડ્યો. પણ શાંતિના બળથી જ તેને જીતી લીધો, તેમ વિષય–કષાયરૂપ ગાંડા હાથીને જીતવા ક્રોધની કે રાગાદિની જરૂર પડતી નથી પણ વીતરાગી શાંતિ વડે જ મુમુક્ષુ–વીર તેને જીતી લ્યે છે.

હાથી જેવું પ્રાણી પણ ક્રોધદ્વારા વશ નથી થતું, તે શાંતિદ્વારા સહજમાં વશ થઈ જાય છે; આ

ઉપરથી સિદ્ધ થાય છે કે તેને પણ ક્રોધ નથી ગમતો, શાંતિ જ ગમે છે. જગતના બધા જીવોને શાંતિ વહાલી છે, કેમકે શાંતિ તે તેનો સ્વભાવ છે.

(ખરેખર શું તે હાથી ગાંડો થયો હતો ?—કે પછી પ્રભુના દર્શન માટેની તેની તીવ્ર ઉત્કંઠા જાગી હતી ! ને વીર—કુંવરના દર્શનની ધૂનમાં ને ધૂનમાં આકુળતાથી તે રાજમહેલ તરફ દોડતો હતો;—તેને દોડતો દેખીને જ લોકોએ તેને ગાંડો માની લીધો હશે !! જુઓ, પ્રભુને દેખતાં જ તે હાથી એકદમ કેવો શાંત બની ગયો ! પ્રભુનો પ્રભાવ ખરેખર આશ્ચર્યકારી છે.)

(કવિ નવલશાહ રચિત મહાવીર—પુરાણમાં આ હાથીના પ્રસંગમાં, હાથી તે દેવની વિક્રિયા હોવાનું લખેલ છે.)

હવે અહીં એક વાત લક્ષમાં રાખવાની છે : નાનકડા મહાવીરે મોટા હાથીને જીતી લીધો તેટલાથી જ કાંઈ તે આપણા ઈષ્ટ દેવ નથી; આપણા ઈષ્ટ દેવ 'સર્વજ્ઞ—મહાવીર' છે. હાથીને જીતતી વખતે તેમનામાં, મોહરૂપી હાથીને જીતીને જે સમ્યક્ત્વાદિ ભાવો વર્તતા હતા તે જ ભાવો તેમને સર્વજ્ઞતાનું સાધન થયા છે, તેથી તે મોહજીત—મહાવીર આપણા ઈષ્ટ છે.

એક રીતે જોઈએ તો, ઉપરોક્ત ઘટનામાં હાથી દ્વારા થયેલો ઉત્પાત તે ઉદયભાવોનું પ્રતીક છે; અને મહાવીરે શાંત—પ્રતિબોધથી તેને જીતી લીધો તે ઉપશાંતભાવનું પ્રતીક છે. બાળપણમાં પણ તે મહાવીર—આત્મામાં જેટલો ઉપશાંત ભાવ (જ્ઞાનચેતનારૂપ ભાવ) હતો તે જ આપણને ઈષ્ટ છે, અને તે ભાવસ્વરૂપે જ આપણે મહાવીરને ઓળખવા જોઈએ.

(પુરાણોમાં વર્ણવવામાં આવતા દરેક પ્રસંગે તે—તે આરાધક મહાત્માની ચૈતન્યપરિણતિમાં જ્ઞાનાદિના કેવા ભાવો વર્તતા હતા, તે ભાવોની ઓળખાણ કરવાથી આરાધક જીવોની સાચી ઓળખાણ થાય છે, ને પોતાને તેવા આરાધકભાવની ઉત્તમ પ્રેરણા મળે છે.)

* * *

## સન્મતિનાથ

### (સંજય અને વિજય મુનિવરોનો પ્રસંગ)

તીર્થંકર વર્ધમાન જ્યારે બાલ્યાવસ્થામાં હતા ત્યારે, પાર્શ્વનાથ તીર્થંકરનું શાસન ચાલતું હતું, તે શાસનમાં સંજય અને વિજય નામના બે મુનિ વિચરતા હતા; રત્નત્રયવંત તે મુનિવરો આકાશગામી હતા. સ્વાનુભૂતિની ચર્ચા કરતા કરતા તેઓ સિદ્ધક્ષેત્રની તીર્થયાત્રા કરી રહ્યા હતા. તેઓ સમ્મેદશિખર તીર્થની યાત્રાએ પધાર્યા હતા; ત્યાં અનંત સિદ્ધોનું સ્મરણ કરીને આત્મધ્યાન કર્યું. પછી સંજયમુનિએ કહ્યું—અહો, સ્વાનુભૂતિમાં આત્મા સ્પષ્ટ જણાય છે. ત્યાં મતિ—શ્રુતજ્ઞાન હોવા છતાં તે અતીન્દ્રિયભાવે કામ કરે છે એટલે સ્વસંવેદનમાં પ્રત્યક્ષપણું છે, તેમાં કોઈ સંદેહ રહેતો નથી.

ત્યારે વિજયમુનિ કહે છે—હા મુનિરાજ ! આપની વાત સત્ય છે; પરંતુ મતિ—શ્રુતજ્ઞાન નબળા હોવાથી કોઈ સૂક્ષ્મજ્ઞેયોમાં સંદેહ પણ રહ્યા કરે છે. જુઓને, સૂક્ષ્મ અગુરુલઘુત્વજનિત ષટ્ગુણ વૃદ્ધિહાનિના કોઈ ગંભીર સ્વરૂપનો ઉકેલ હજી આપણને થતો નથી, ને સૂક્ષ્મ શલ્ય રહ્યા કરે છે,

પાર્શ્વનાથ તીર્થંકર તો મોક્ષ પધાર્યા; વર્ધમાન તીર્થંકર તો હજી બાલ્યાવસ્થામાં બિરાજે છે કોઈ કેવળી કે શ્રુતકેવળીના દર્શનથી જ આપણી આ સૂક્ષ્મ શંકાનું સમાધાન થશે.—આ પ્રમાણે સૂક્ષ્મશંકાના શલ્યસહિત વિચરતા–વિચરતા તે મુનિવરો સમ્મેદશિખર તીર્થની યાત્રા કરીને પાછા ફરતાં વૈશાલી–કુંડપુરમાં સિદ્ધાર્થમહારાજાના રાજમહેલ ઉપરથી આકાશમાર્ગે પસાર થતાં હતા, ને વિચારતા હતા કે અહો, આ એક તીર્થંકરની જન્મનગરી છે; ભારતના અંતિમ તીર્થંકર આ નગરીમાં બિરાજી રહ્યા છે.—આમ મહિમા વિચારતાં–વિચારતાં તેમના આત્મામાં કોઈ આશ્ચર્યકારી પરિવર્તન થવા માડ્યું. ઊંડેઊંડે રહેલું સંદેહનું શલ્ય કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું! શલ્યરહિત નિઃશલ્યતા વડે અત્યંત પ્રસન્નતાથી તે મુનિવરોના આત્મા ખીલી ઊઠ્યા..એકાએક આ શું બન્યું? તે જોવા માટે હે પાઠક! ચાલો ત્રિશલામાતાના મહેલમાં!

તે વખતે રાજમહેલના ઝરૂખામાં વર્ધમાનકુંવર ત્રિશલામાતા સાથે બેઠા હતા. જેમ ચૈતન્યની સ્વાનુભૂતિવડે જિનવાણીમાતા શોભે છે તેમ વીરકુંવર વડે ત્રિશલામાતા શોભી રહ્યા હતા. માતા-પુત્રના વાત્સલ્યનું અજોડ દૃશ્ય જોનારને હૈયામાં હેત ઊભરાતું હતું. નાનકડા પ્રભુ મહાન સ્વાનુભૂતિની દિવ્યતા અને સાથે તીર્થંકરત્વની સાતિશયતાથી શોભી રહ્યા હતા; નિઃશંકતા, પ્રભાવનાદિ આઠ ગુણોથી તેઓ અલંકૃત હતા. સંજય અને વિજય મુનિવરો જ્યારે આકાશમાર્ગે રાજમહેલ પરથી પસાર થતા હતા ત્યારે એકાએક રાજમહેલમાં બિરાજમાન વર્ધમાનકુંવર ઉપર તેમની નજર પડી; બાલતીર્થંકરને દેખીને તેઓ આશ્ચર્ય પામ્યા....ક્ષણભર થંભી ગયા ને તેમના મહિમાનો વિચાર કરવા લાગ્યા. એવામાં સાતિશય જિનમહિમાના પ્રતાપે તેમનું મતિજ્ઞાન ઉજ્જવળ બન્યું ને સૂક્ષ્મ શંકાઓનું પણ સમાધાન થઈને તેઓ નિઃશલ્ય થઈ ગયા; આ રીતે વીરનાથપ્રભુ તેમને મતિની ઉજ્વળતાનું કારણ બન્યા તેથી પ્રસન્નચિત્તે તે મુનિવરોએ વીરનાથ–તીર્થંકરને 'સન્મતિનાથ' એવું ઉત્તમ સંબોધન કર્યું. વાહ, વીર–વર્ધમાન–મહાવીર–સન્મતિનાથ! આપનું એક મંગલ નામ ઈન્દ્રે આપ્યું, બીજું મંગળ નામ માતા-પિતાએ આપ્યું, ત્રીજું મંગળ નામ દેવે આપ્યું ને ચોથું મંગળ નામ મુનિવરોએ આપ્યું. ત્રણ ઉત્તમ જ્ઞાન ને ચાર મંગળ નામને ધારણ કરનારા આપ ત્રણ જગતને રત્નત્રયનો ઈષ્ટ ઉપદેશ દઈને કલ્યાણ કરનારા છો; આપનો જય હો.

મુનિવરોએ પ્રભુને 'સન્મતિનાથ' વિશેષણથી અલંકૃત કર્યા તેથી નગરજનોએ પ્રસન્ન થઈને ઉત્સવ કર્યો, દેવોએ આકાશમાં વાજાં વગાડીને આનંદ વ્યક્ત કર્યો; 'અહો સન્મતિનાથ! આપ અમને અપૂર્વ સમ્યક્ મતિના દાતાર છો; આપની ઓળખાણ વડે અમારી મતિ સમ્યક્ થઈ છે....ને તેના વડે ચૈતન્યતત્ત્વને પામીને અમે આપના માર્ગને સાધી રહ્યા છીએ....

**સબકો સન્મતિ દેનેવાલે સન્મતિનાથકી જય હો....**

✻ ✻ ✻

# રાજદરબારમાં યુવરાજ મહાવીરની ધર્મચર્ચા

## શ્રી વીરમુખથી ચૈતન્યના અચિંત્ય મહિમાનું વર્ણન

ભગવાન વીરકુમાર વીસવર્ષની વયે પહોંચ્યા. યુવાન હોવા છતાં અધ્યાત્મરસના રસિક એ રાજકુમાર રાજયોગી જેવું જીવન જીવતા; અવારનવાર આત્મધ્યાનની ધૂનમાં ચડી જતા, ને ક્યારેક તો મધરાતે પણ રાજમહેલમાંથી (બંગલામાંથી) બહાર નીકળીને બગીચામાં ઊભાઊભા ધ્યાન ધરતા હતા—જાણે કોઈ મુનિરાજ ઊભા હોય! આમ છતાં તેઓ કાંઈ આખો દિ' સુનમુન—ઉદાસ બેસી રહેતા ન હતા; સૌની સાથે હળતા—ભળતા—બોલતા ને પ્રજાજનોના સુખ—દુઃખની વાતો જાણતા. તેમને જોકે રાજકારભારમાં રસ ન હતો તોપણ રાજસભાને શોભાવવા વારંવાર રાજસભામાં જઈને સિદ્ધાર્થ પિતાની સમીપ બેસતા. તેમના આગમનથી રાજસભા વિશેષ શોભી ઊઠતી; તેમના દર્શનથી સભા આનંદિત થતી. અને તેમની મધુરી આત્મસ્પર્શી વાણી સાંભળીને સભાજનો મુગ્ધ બનતા.

એક વાર જ્યારે મહાવીરકુમાર રાજસભામાં બિરાજી રહ્યા હતા ત્યારે સભાજનોએ સિદ્ધાર્થ મહારાજને પ્રાર્થના કરી : હે દેવ! આજની રાજસભા કોઈ અદ્‌ભુત લાગે છે; વીરકુંવરને દેખીને જાણે અંતરમાં રત્નત્રય—બગીચા ખીલી રહ્યા હોય એવી પ્રસન્નતા થાય છે. જાણે ધર્મનું કલ્પવૃક્ષ આપણી રાજસભામાં બિરાજી રહ્યું છે; તેથી તેમના શ્રીમુખથી આત્મતત્ત્વનો કોઈ અચિંત્ય મહિમા સાંભળવા માંગીએ છીએ.

મહારાજાએ પણ પ્રસન્નતાથી એ વાતમાં સૂર પુરાવ્યો—વાહ! ધર્મચર્ચાથી ઉત્તમ બીજું શું હોય! આમ કહીને તેમણે વીરકુંવર સામે નજર કરી અને ચેષ્ટાદ્વારા તેમને બોલવાની પ્રેરણા કરી.

ત્યારે અત્યંત મધુર ધીર—ગંભીર વાણીથી વીરકુમારે ચૈતન્યતત્ત્વનો કોઈ પરમ અગાધ મહિમા સમજાવ્યો. પ્રભુએ શું કહ્યું—તે આપણે પણ સાંભળીએ : અહો, ચૈતન્યતત્ત્વ સ્વયં પોતે આનંદસ્વરૂપ છે; પુદ્‌ગલના પિંડથી જુદો એવો ચૈતન્યપિંડ આત્મા છે; તે ઇન્દ્રિયોથી પાર ચેતનારૂપ છે, અને ચેતનાવડે જ તેનું સ્વસંવેદન થાય છે, કોઈ બાહ્ય ચિહ્નવડે કે ઇન્દ્રિયજ્ઞાનવડે તેનું ગ્રહણ (અનુભવન) થઈ શકતું નથી તેથી તે 'અલિંગગ્રાહ્ય' છે. (અહીં 'અલિંગગ્રહણ'ના ૨૦ અર્થો તથા તેનું સુંદર કાવ્ય રચાયેલ છે, પણ ગ્રંથ વિસ્તારને કારણે તે છાપી શકાયું નથી. આવા અનેક પ્રકરણો બાકી છે, તે યોગ્યપ્રસંગે અલગ છાપીશું. —લે૦)

*** છે ચેતના અદ્‌ભુત અહો, નિજ સ્વરૂપમાં વ્યાપી રહી, ***
*** ઇન્દ્રિયોથી પાર થઈ નિજ આત્મને દેખી રહી; ***
*** સ્વાનુભૂતિવંત જીવમાં સુંદરપણે શોભી રહી, ***
*** આનંદ કરતી મસ્ત થઈ નિજ મોક્ષને સાધી રહી. ***

રાજયોગી વર્ધમાને, સ્વાનુભૂતિગમ્ય આત્મતત્ત્વની જ્ઞાનચેતનાનું અદ્‌ભુત વીતરાગી સ્વરૂપ સમજાવતાં કહ્યું : આ જ્ઞાનચેતનાસ્વરૂપ આત્મા છે, તે ચેતનામાં રાગાદિ વિભાવોની ભેળસેળ નથી. એક પરમાણુ જેટલા પણ રાગને જો જ્ઞાનચેતનામાં ભેળવશો તો જ્ઞાનનો પરમાર્થ સ્વાદ અનુભવમાં નહીં

આવે; રાગમાં જ્ઞાનનો રસ નથી. માટે હે જીવો! આ વીતરાગ–ઉપદેશને પામીને તમે સર્વતઃ રાગથી જુદા એવા શુદ્ધ જ્ઞાનને આસ્વાદો. પરમ આનંદસ્વાદથી ભરેલું તે શુદ્ધ જ્ઞાન જ આત્માનું નિજપદ છે. અહો, આ જ્ઞાનસ્વરૂપ આત્મા સત્ય છે, તેની પ્રીતિ કરો, તન્મયપણે તેનો અનુભવ કરો; તેનો અનુભવ એ જ પરમ તૃપ્તિ ને સંતોષ છે....એ જ કલ્યાણ છે ને એ જ મોક્ષસુખ છે. અનંત શક્તિનો ધણી આત્મા છે, તે જ્યારે પોતે જાગે ત્યારે સહજ–પ્રયત્ને પોતાનું કલ્યાણ કરી લ્યે છે.

એક સભાજને આતુરતાથી પૂછ્યું–પ્રભો! ‘અનંત શક્તિ–સમ્પન્ન આત્મા છે’ તો તેનામાં કેવી-કેવી શક્તિઓ છે આપના શ્રીમુખેથી સાંભળવાની ઉત્કંઠા છે.

તેના ઉત્તરમાં, મોક્ષસાધક યુવરાજ મહાવીરે ચૈતન્યસ્વરૂપ આત્માની અનંત શક્તિનું કોઈ અદ્ભુત, પરમ અધ્યાત્મરસનીતરતું વર્ણન કર્યું; અભેદરૂપ જ્ઞાનલક્ષણવડે લક્ષિત કરીને જ્ઞાયકનો અનુભવ કરતાં જીવત્વ–ચેતના–સુખ–વીર્ય–પ્રભુતા–વિભુતા–સ્વસંવેદનતા....એવી અનંત ચૈતન્યશક્તિરૂપે આત્મા એક સાથે વેદાય છે. અહા, જેની એકેક શક્તિની મહત્તાનો પાર નથી એવી અનંત શક્તિઓ, તે પણ રાગ વગરના શુદ્ધ પરિણમન સહિતની, એવી અગાધ શક્તિવાળા આત્માનો અદ્ભુતમહિમા એક હોનહાર–તીર્થંકરના શ્રીમુખથી સાક્ષાત્ સાંભળતાં અનેક ભવ્ય જીવો તે ચૈતન્યમહિમામાં એવાં ઊંડા ઊતરી ગયા કે તત્ક્ષણે જ મહા આનંદ સહિત નિર્વિકલ્પ આત્મઅનુભૂતિને પામ્યા, ને અનંત શક્તિના સ્વાદને એક સાથે સ્વાનુભૂતિમાં ચાખી લીધો અને એક રાજકવિએ, પ્રભુએ કહેલ અનંત શક્તિનું થોડુક વર્ણન ‘આત્મસ્તવન’ રૂપે ગૂંથીને રાજસભામાં સંભળાવ્યું. મધુર ચૈતન્યરસથી ભરેલું તે કાવ્ય આપ પણ સાંભળો :–

## આત્મ–સ્તવન (૪૭ શક્તિનું કાવ્ય)



રાજકુમાર મહાવીર — આત્મશક્તિના ચિંતનમાં

જીવ છે અનંતી શક્તિસંપન્ન, રાગથી તે ભિન્ન છે;
તે જીવને લક્ષિત કરાવા ‘જ્ઞાનમાત્ર’ કહેલ છે. ૧.

એક જ્ઞાનમાત્ર જ ભાવમાં શક્તિ અનંતી ઊછળે;
અહીં વર્ણવે તે શક્તિને ભવિ જીવ જાણો તેહને. ૨.

'જીવત્વ'થી જીવે સદા જીવ ચેતતો 'ચિતિ' શક્તિથી;
'દૃશિ' શક્તિથી દેખે બધું ને જાણતો વળી 'જ્ઞાન'થી. ૩.

આકુળ નહિ 'સુખ' શક્તિથી, નિજને રચે નિજ 'વીર્ય'થી;
'પ્રભુતા' વડે શોભિત ને વ્યાપક છે 'વિભુ' શક્તિથી. ૪.

સામાન્ય દેખે વિશ્વને તે 'સર્વદર્શિ' શક્તિ છે;
જાણે વિશેષે વિશ્વને 'સર્વજ્ઞતા'ની શક્તિ છે. ૫.

જ્યાં આવી ઝળકે વિશ્વ એવી શક્તિ છે 'સ્વચ્છત્વ'ની;
છે સ્પષ્ટ સ્વાનુભવમયી તે શક્તિ જાણ 'પ્રકાશની'. ૬.

'વિકાસમાં સંકોચ નહિ' તે શક્તિ તેરમી જાણવી;
'નહિ કાર્ય–કારણ' કોઈનું એવી જ શક્તિ આત્મની. ૭.

જે જ્ઞેયનો જ્ઞાતા બને, વળી જ્ઞેય બનતો જ્ઞાનમાં,
તે શક્તિને 'પરિણમ્ય–પરિણામક' કહે છે શાસ્ત્રમાં. ૮.

'નથી ત્યાગ કે નથી ગ્રહણ બસ ! નિજસ્વરૂપમાં સ્થિત જીવ છે;
સ્વરૂપે પ્રતિષ્ઠિત જીવની શક્તિ 'અગુરુલઘુત્વ' છે. ૯.

'ઉત્પાદ–વ્યય–ધ્રુવ' શક્તિથી જીવ ક્રમ–અક્રમ વૃત્તિ ધરે;
'પરિણામ' શક્તિથી સત્‌પણું ત્રણકાળમાં તે નહિ ફરે. ૧૦.

નહીં સ્પર્શ જાણો જીવમાં આત્મપ્રદેશ 'અમૂર્ત' છે;
કર્તા નથી પરભાવનો એવી 'અકર્તૃ' શક્તિ છે. ૧૧.

ભોક્તા નથી પરભાવનો એવી 'અભોક્તૃ' શક્તિ છે;
'નિષ્ક્રિયતા'રૂપ શક્તિથી આત્મપ્રદેશ નિષ્પંદ છે. ૧૨.

અસંખ્ય નિજ અવયવ થકી 'નિયત પ્રદેશી' આત્મ છે;
તે શરીરમાં નથી વ્યાપતો 'સ્વધર્મ–વ્યાપક' શક્તિ છે. ૧૩.

સ્વ-પરમાં જે સમ, અને વિસમ, વળી છે મિશ્ર જે;
ત્રણવિધ એવા ધર્મને નિજશક્તિથી આત્મા ધરે. ૧૪.

જીવ–નંત ભાવો ધારતો 'અનંતધર્મ'ની શક્તિથી;
તત્ ને અતત્‌પણું સાથ વરતે 'વિરુદ્ધધર્મ'ની શક્તિથી. ૧૫.

જે જ્ઞાનનું તદ્રૂપ ભવન તે 'તત્ત્વ' નામની શક્તિ છે;
વળી અતત્રૂપ પરિણમન જીવનું તે 'અતત્ત્વ' શક્તિ છે. ૧૬.

બહુ પર્યયોમાં વ્યાપતો પણ એક દ્રવ્યપણે રહે,
નિજસ્વરૂપની 'એકત્વ'શક્તિ જાણી જીવ શાંતિ લહે. ૧૭.

છે એક દ્રવ્ય જ જીવ પણ 'અનેક' પર્યયરૂપ બને,
સ્વપર્યયોમાં વ્યાપતો જીવ સુખી જ્ઞાની સિદ્ધ બને. ૧૮.

છે 'ભાવ' શક્તિ જીવની સત્રૂપ અવસ્થા વર્તતી;
વળી અસત્રૂપ છે પર્યયો તે 'અભાવ' શક્તિ જીવની. ૧૯.

'ભાવનો તો અભાવ' થાય, 'અભાવનો વળી ભાવ' રે,
એ શક્તિ બંને એકીસાથે જ્ઞાનમાં તું જાણજે. ૨૦.

વળી 'ભાવ તે તો ભાવ' ને 'અભાવ તેહ અભાવ' છે,
એવા સ્વભાવે જીવ ચેતન નિજગુણે દેખાય છે. ૨૧.

નહિ કારકોને અનુસરે એવો જ ભવતો 'ભાવ' છે;
ને કારકોને અનુસરે તો તેની 'ક્રિયાશક્તિ' છે. ૨૨.

નિજ 'કર્મ–શક્તિ'થી આતમા સિદ્ધરૂપ ભાવ જ પામતો;
વળી 'કર્તૃ–શક્તિ'ના બળે પોતે જ ભાવકરૂપ થતો. ૨૩.

જે જ્ઞાનરૂપ છે શુદ્ધ ભાવો તેહનું જે ભવન છે,
આત્મા સ્વયં તે ભાવનું ઉત્કૃષ્ટ સાધન થાય છે. ૨૪.

તુજ 'કરણ–શક્તિ' જાણ રે ! તું બાહ્ય સાધન શોધ મા !
આત્મા જ તારો કરણ છે—પછી વાત બીજી પૂછ મા. ૨૫.

આત્મા વડે નિજ આત્મને જે જ્ઞાનભાવ અપાય છે,
તેને ગ્રહે છે આતમા—એ 'સંપ્રદાન' સ્વભાવ છે. ૨૬.

ઉત્પાદ-વ્યયથી ક્ષણિકતા પણ ધ્રુવની હાનિ નહીં,
સેવો સદા સામર્થ્ય એવું 'અપાદાન' નું નિજમહીં. ૨૭.

ભાવ્યરૂપ જે જ્ઞાનભાવો પરિણમે છે આત્મમાં,
આત્મા જ તેનું 'અધિકરણ' ભાખ્યું અહો ! જિનવચનમાં. ૨૮.

છે 'સ્વ અને સ્વામિત્વ' મારું માત્ર નિજસ્વભાવમાં,
નિજભાવથી કો અન્યમાં છે સ્વત્વ મારું નહિ કદા. ૨૯.

અનેકાન્ત છે જયવંત અહો! નિજશક્તિને પ્રકાશતો,
શક્તિ અનંતી માહરી મુજ જ્ઞાનમાં જ સમાવતો. ૩૦.

જ્ઞાનલક્ષણ ભાવ સાથે અનંત ભાવો ઉલ્લસે,
અનુભવ કરું એનો અહો! વિભાવ કોઈ નહીં દીસે. ૩૧.

જિનમાર્ગ સૌ પામો અહો, શ્રી વીર–વચન પ્રસાદથી,
અંદર નીહાળો રૂપ ચેતન, પાર જે પરભાવથી. ૩૨.

નિજશક્તિને દેખો અહો, નિજાત્મ અંતર–દૃષ્ટિથી,
નિજશક્તિનો વૈભવ અહો! આ પાર છે પરભાવથી. ૩૩.

જ્ઞાનમાત્ર જ એક જ્ઞાયક..પિંડલો હું આતમા,
અનંત ગંભીરતા ભરી મેં દેખિયા પરમાતમા. ૩૪.

આશ્ચર્ય અદ્ભુત થાય છે નિજ વિભવને નીહાળતાં,
આનંદમય આહ્લાદ ઊછળે ફરીફરીને ધ્યાવતાં. ૩૫.

અદ્ભુત અહો! અદ્ભુત અહો! છે વિજયવંત સ્વભાવ આ,
જયવંત તે અનેકાન્ત જેણે નિજ નિધાન બતાવિયા. ૩૬.

(શ્રી ગુરુકહાન અસ્વસ્થ હતા ત્યારે બ્ર. હરિભાઈ તેમને આત્મશક્તિનું આ કાવ્ય અવારનવાર સંભળાવતા, તે સાંભળીને તેઓ ખૂબ પ્રસન્ન થતા; આ કાવ્ય સંબંધી તેમના પ્રમોદ ભરેલા હસ્તાક્ષર અહીં આપીએ છીએ.)

ૐ સહજાત્મ સ્વરૂપ અનંત શક્તિ સંપન્ન
ચૈતન્ય ચિત્ ચમત્કાર ચિંતામણી
ભગવાન કિ જય.

વાહ, આત્માના અપાર વૈભવનું મધુર સંગીત સાંભળીને સભાજનો શાંતરસમાં ઝુલવા લાગ્યા. આજની ધર્મચર્ચામાં એવો રસ જામ્યો હતો કે કોઈને ઊઠવાનું મન થતું ન હતું. અહા, એક તો અત્યંત સુંદર આત્મતત્ત્વની ચર્ચા, અને વળી તીર્થંકરના શ્રીમુખથી, તે સાંભળતાં કોને આનંદ ન થાય! સૌને

એમ થયું કે અહા! અત્યારે તો ચોથો કાળ–ધર્મયુગ વર્તી રહ્યો છે ને વળી અંતિમ તીર્થંકરના આત્મા અત્યારે આપણી સમક્ષ સાક્ષાત્ બિરાજી રહ્યા છે. જગતના જીવોને તો એમની દિવ્યવાણીનો ઉપદેશ એમને કેવળજ્ઞાન થયા પછી સાંભળવા મળશે, જ્યારે આપણને–વૈશાલી ગણતંત્રના નગરજનોને તો અત્યારથી તેમના શ્રીમુખથી ધર્મશ્રવણનું મહાભાગ્ય પ્રાપ્ત થયું છે, ને એમના પ્રતાપે અનેક જીવો ધર્મ પામી રહ્યા છે. આમ વીરકુંવરની અત્યંત પ્રશંસા અને જયજયકારપૂર્વક રાજસભા સમાપ્ત થઈ.

* * *

## વૈરાગી વર્ધમાન : વિવાહ માટે ઇન્કાર અને ચંદના સાથે ચર્ચા

❀

અહા, બાલતીર્થંકર વીરકુમારનું જીવન તો જ્ઞાનચેતનાસમપન્ન છે ધર્મની ભરયુવાનીમાં વર્તતા તે અંતરાત્મા પોતાની જ્ઞાનચેતનાને વિષય–કષાયોથી અત્યંત દૂર રાખે છે. એક તો રાજપુત્ર, અને વળી યૌવનઅવસ્થા હોવા છતાં તેમના ચિત્તમાં કોઇ વિકારવાસનાઓ ઉદ્ભવતી નથી; એ તો પોતાની ચૈતન્યમસ્તીમાં મસ્ત છે. શરીરના દિવ્ય રૂપની સાથે સાથે તેમની ચેતનાનું રૂપ પણ વિકસતું જાય છે. જેમજેમ દેહનું રૂપ વધતું જાય છે તેમતેમ વીર પ્રભુને દેહ પ્રત્યેની વિરક્તિ પણ વધતી જાય છે. અહા, દેહ વૃદ્ધિગત થવા છતાં દેહ પ્રત્યેનો મોહ વૃદ્ધિગત થતો નથી.

વૈશાલી ગણતંત્રના શણગારરૂપ વર્ધમાનકુમારની વીરતા અને રૂપ–ગુણસમપન્ન સુંદર યુવાવસ્થા દેખીને અનેક રાજાઓ તરફથી પોતાની કુંવરીનો સંબંધ વર્ધમાનકુંવર સાથે કરવા માટે સિદ્ધાર્થ–મહારાજાને કહેણ આવવા માંડ્યા. એકવાર કલિંગદેશની ચંપાપુરીના મહારાજા જિતશત્રુ તરફથી સંદેશ લઈને એક રાજદૂત વૈશાલી-કુંડપુર આવ્યો, ને ઉત્તમ ભેટો વડે મહારાજાનું તથા વીરકુંવરનું સન્માન કરીને કહેવા લાગ્યો : હે મહારાજ! અમારા મહારાજાને યશોદા નામની રાજકુંવરી છે, અનેક પ્રકારના રૂપ–ગુણોથી તેનો યૌવનબાગ ખીલી રહ્યો છે, જેવા ઉત્તમ એના ધર્મસંસ્કાર છે એવું જ ઉત્તમ એનું રૂપ છે; શ્રી વીરકુંવરના ઉત્તમ ગુણોથી આકર્ષાઇને અમારા મહારાજાએ યશોદાકુંવરીના વિવાહ વીરકુંવર સાથે કરવાનો નિશ્ચય કર્યો છે, ને તે માટેનો પ્રસ્તાવ લઈને મને આપની સેવામાં મોકલ્યો છે.

સિદ્ધાર્થ મહારાજાએ દૂતની વાત સાંભળીને પ્રસન્નતા વ્યક્ત કરી અને તેનું સન્માન કર્યું. જ્યારે ત્રિશલાદેવીએ આ વાત સાંભળી ત્યારે તે પણ ખૂબ પ્રસન્ન થઈ અને કલિંગદેશની અનુપમ સુંદરી રાજકુમારી યશોદા સાથે વિવાહ માટે વીર કુંવરની સંમતિ માંગી...

પરંતુ.... આ તો વીર.... વીતરાગતાને વર્ધમાન કરનાર મહા વીર.... થોડા જ વર્ષના આયુમાં જેમને ઘણું જ મહાન કાર્ય કરવાનું છે એવા એ વૈરાગી–મહાત્માનું હૃદય પહેલેથી જ સંસારથી વિરક્ત હતું; વિષયોથી પાર ચૈતન્યના અતીન્દ્રિયસુખનો સ્વાદ અનુભવીને સ્વાનુભૂતિ–સુંદરી સાથે જેઓ સદા મોજ કરે છે, ને અનુપમ મોક્ષસુંદરી પ્રત્યે જેનું ચિત્ત આકર્ષાયેલું છે, તેનું ચિત્ત સંસારમાં કેમ ચોંટે? જ્યારે માતાજીએ યશોદા સુંદરી સાથે વિવાહનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે વીરકુંવર ક્ષણભર તો માતા સામે જોઈ રહ્યા. માતાના મનને આઘાત ન લાગે તે રીતે, ગંભીરપણે મલકાઈને કહ્યું : માતા! તમારો પુત્રપ્રેમ અપાર છે, પણ તમારા પ્યારા પુત્રને સંસારબંધનમાં બાંધવાનો મોહ તમે ન કરો. તમે જાણો છો કે આ

જ ભવમાં મારી મોક્ષસાધના મારે પૂરી કરવાની છે. આયુષ્ય અલ્પ છે, તેમાં વિષય–કષાયના પીંજરામાં પુરાઈ રહેવું–મને પાલવે તેમ નથી. માટે હે માતા! તમે પણ મોહ છોડો ને મારા વિવાહની વાત ન કરો. 'વીર મારો પુત્ર ને હું એની માતા'–એવી મોહદૃષ્ટિથી મને ન દેખો, પણ અલ્પકાળમાં જ આ આત્મા મોક્ષને સાધનાર છે–એવી તત્ત્વદૃષ્ટિથી દેખો.

પોતાના લાડિલા પુત્રના વિવાહ માટે કઈ માતા ઈન્તેજાર ન હોય! વૈરાગી–વીરકુંવરની વાત સાંભળીને ત્રિશલામાતાના હૃદયમાં એક આંચકો તો લાગ્યો..પણ તેઓ ઉત્તમ પરિસ્થિતિના જાણકાર હતા, મહાવીરની મક્કમતા તેઓ જાણતા હતા; તેઓ સમજી ગયા કે વીરકુંવરને વિવાહ માટે સમજાવવાનું મુશ્કેલ છે. મનમાં એમણે વિચાર્યું : મહાવીર જે કરે છે તે યોગ્ય છે. મારો પુત્ર વિવાહ કરીને સંસારના બંધનમાં બંધાઈ રહે, એના કરતાં લાખો ભવ્ય જીવોનો ઉદ્ધાર કરીને મોક્ષસુંદરીને વરે–એ જ ઉત્તમ છે–આમ સમજવા છતાં પુત્રમોહવશ માતાનું હૃદય પોકારી ઊઠ્યું : બેટા તારી વાત ખરી છે; પરંતુ અત્યારે તારી યુવાન અવસ્થા છે એટલે વિવાહ કરી ગૃહસ્થાશ્રમને શોભાવ, પછી સંસાર છોડીને ધર્મતીર્થ ચલાવજે. તારી પહેલાંના શ્રી ઋષભાદિ તીર્થંકરોએ પણ એમ જ કર્યું હતું.

મહાવીરે કહ્યું : બા! સમજવા છતાં મારા પ્રત્યેના મોહને લીધે જ તું આમ કહી રહી છો. હે માતા! સંસારની ચીકાશ શું તું નથી જાણતી! જરા જુઓ તો ખરા, કેટલો બધો દુ:ખી છે આ વિષયવશ સંસાર! એનાથી તો જેમ જલદી છૂટાય તેમ સારું! હે માતા! આ બાબતમાં શ્રી ઋષભાદિ તીર્થંકરોનું ઉદાહરણ લેવું મારે માટે ઉચિત નથી, કેમકે તેમનું આયુષ્ય તો કરોડો–અબજો વર્ષોનું ઘણું દીર્ઘ હતું, જ્યારે મારું આયુષ્ય તો માત્ર ૭૨ વર્ષનું છે. ને તેમાંય ત્રીસવર્ષ તો વીતી ચૂક્યા છે; મારો તો અંતિમ તીર્થંકરો શ્રી નેમિનાથ અને પાર્શ્વનાથનું ઉદાહરણ લેવાનું ઉચિત છે; તે તીર્થંકરોએ વિવાહ કર્યા ન હતા તેમ હું પણ વિવાહના બંધનમાં આત્માને બાંધવા ચાહતો નથી.

બસ! પુત્રના હૃદયને બરાબર જાણનારી માતાએ પછી કાંઈ વિશેષ દલીલ ન કરી. પુત્રની મહાનતા દેખીને મન-મનમાં તે ગૌરવ અનુભવવા લાગી; તેના મોહ ઉપર જાણે વીરના વૈરાગ્યનો હથોડો લાગ્યો હોય! તેમ તેનો મોહ ચૂરચૂર થવા લાગ્યો; ધર્મસાધના તરફ તેનું ચિત્ત વધુ દૃઢ થયું. કલિંગના રાજદૂતને નીરાશાપૂર્વક વિદાય આપવી પડી.... હા, પણ વીરકુંવરે યશોદાકુમારી માટે એક અમૂલ્ય ભેટ મોકલી.... એ ભેટ એટલે 'ઉત્તમ વૈરાગ્યજીવન જીવવાનો મહાન આદર્શ!' યશોદાએ પણ હોંશેહોંશે એ મહાન આદર્શને સ્વીકાર્યો ને રાજીમતીની જેમ વૈરાગ્યપૂર્વક પોતાનું જીવન આત્મસાધનાના માર્ગે વાળ્યું.

જ્યારે કુંડગ્રામની બાજુમાં આવેલા વૈશાલીમાં, ત્રિશલામાતાની સૌથી નાની બહેન રાજકુમારી ચંદનાએ ઉપરના પ્રસંગની વાત સાંભળી ત્યારે એ વીર–માસીએ હૃદયના અત્યંત પ્રમોદપૂર્વક વર્ધમાનકુંવરના વૈરાગ્યને વધાવ્યો : 'વાહ ધન્ય મહાવીર!'મહાવીરની માસી ચંદના હજી નાની છે પણ એનું હૃદય ઘણું મહાન છે. વીરકુંવર વિવાહ નથી કરવાના એ જાણીને ચંદનામાસીએ પણ વિવાહ ન કરવાનું મનોમન નક્કી કરી લીધું. ધન્ય ચંદના! ધન્ય તારા શીલની સુવાસ!

ચંદના સમજી ગઈ કે વૈરાગી મહાવીર હવે ગૃહવાસમાં લાંબો વખત નહીં રહે; એટલે પોતાના ભાણેજ વૈરાગી મહાવીરને જોવા અને તેની સાથે ઉત્તમ વૈરાગ્યચર્ચા કરવા તેનું મન તલસવા લાગ્યું.

એક દિવસ તે ત્રિશલાબેન પાસે બેસીને વીરકુંવરના ગુણગાન કરતી હતી, ત્યાં એનો વહાલો ભાણેજ આવી પહોંચ્યો. નાનકડી માસીને જોઈને વીરકુંવરે પ્રસન્નતા વ્યક્ત કરી; અને વૈરાગી ભાણેજને દેખીને ચંદનાનું હૃદય તેમના ગુણમાં ઝુકી ગયું; તે કહેવા લાગી—વીરકુમાર! તમારા ઉત્તમ સદ્‌ગુણો દેખીને મને મહાન આનંદ થાય છે. અહા, એક તીર્થંકરની માસી તરીકે મારું હૃદય ગૌરવ અનુભવે છે....પણ વહાલા વીર! હું તમારી માસી જ થઈને નહિ રહું—પરંતુ જ્યારે તમે તીર્થંકર થશો ને જગતને મોક્ષમાર્ગનો ઉપદેશ દેશો ત્યારે હું પણ તમારા માર્ગને અનુસરીશ ને તમારા શાસનને શોભાવીશ.

'હા માસી!' મહાવીરે કહ્યું —તમારી વાત સત્ય છે; તમારા ઉત્તમ ધર્મસંસ્કારોને હું જાણું છું. તમે પણ સંસારની મોહજાળમાં પડવાના નથી ને આત્મસાધનામાં જ જીવન વીતાવવાના છો, એ જાણીને મને આનંદ થાય છે.

દેવ વર્ધમાન! રાગથી અલિપ્ત જ્ઞાનચેતનાનો કોઈ અપાર મહિમા તમારા જીવનમાં દેખાઈ રહ્યો છે, તે દેખીને અમારી ચેતના પણ જાગી જાય છે, ને જાણે અત્યારે જ નિર્વિકલ્પ ચેતનાનો સ્વાદ ચાખી લઉં—એમ ખૂબ જ તાલાવેલી થાય છે. પણ પ્રભો! અંદરમાં આત્માનો વિચાર કરતાં વિકલ્પો પણ ભેગા ને ભેગા દેખાયા કરે છે! એ વિકલ્પો ચૈતન્યનો સ્વાદ લેવા દેતા નથી, તો એનાથી છૂટીને ચૈતન્યસ્વાદ કેમ લેવો! તેની રીત બતાવોને!

—'વાહ માસી! મહાવીરે કહ્યું : ચૈતન્યનો સ્વાદ લેવાની તમારી આવી ઉત્કંઠા દેખીને મને પ્રસન્નતા થાય છે. જુઓ, અંદર વિચાર વખતે જે વિકલ્પો દેખાય છે, તે જ વખતે તે વિકલ્પને જાણનારું જ્ઞાન પણ ભેગું જ છે ને! એ જ્ઞાન કાંઈ વિકલ્પને નથી કરતું. જ્ઞાન વિકલ્પને જાણે છે પણ વિકલ્પને કરતું નથી. **ચૈતન્યના ચિંતન વખતે જે કંઈક પણ શાંતિની ઝાંખી થાય છે તે જ્ઞાનનું કાર્ય છે, ને જે વિકલ્પ રહી જાય છે તે રાગનું કાર્ય છે. આમ જ્ઞાન અને રાગ બંનેના કાર્ય એકબીજાથી વિરુદ્ધ છે; તેને બરાબર જુદા ઓળખતાં જ્ઞાનનો રસ અધિક થઈ જશે ને રાગનો રસ તૂટી જશે. જ્ઞાન પોતાનો રસ વધારતું વધારતું અંતે પોતાના અનંત ચૈતન્યભાવોથી ભરેલા એકલા જ્ઞાનસ્વભાવમાં જ તન્મય થઈને એના અતીન્દ્રિય મહા આનંદનો સ્વાદ લેશે. માસી, તમે પ્રયત્ન કરશો તો આજે જ તમને એ અપૂર્વ સ્વાદનો અનુભવ થશે.'**

અહા, પ્રભુ વર્ધમાન! તમારી આવી ઉત્તમ વાત અને આવી ઉત્તમ પ્રેરણા સાંભળીને મારો આત્મા ઝણઝણી ઊઠે છે; ને અત્યારે જ હું એ ચૈતન્યસ્વાદ ચાખવા અંદર એકાગ્ર થાઉં છું. ઘણી વાર તમારી પાસેથી ચૈતન્યસ્વરૂપનો અપાર ગંભીર મહિમા સાંભળ્યો છે, તેને અત્યારે જ અનુભવગોચર કરું છું.

'ઘણું જ સરસ!' એમ કહીને મહાવીરે તેને અનુમોદના આપી; ને ચંદનાકુમારી તરત ગંભીર વૈરાગ્યથી ચૈતન્યના ઉલ્લસતાભાવે આત્મસ્વરૂપને ચિંતવવા લાગી. અહા, ક્ષણ—બેક્ષણ થઈ ત્યાં તો એ ચંદનાના ચૈતન્યદેવ જાગી ઊઠ્યા. ચંદનની જેમ આનંદમય સુગંધથી એનો આત્મા મહેકી ઊઠ્યો. હોનહાર તીર્થંકર સામે જ બેઠા છે—પણ અત્યારે ચંદનાને તેનુંય લક્ષ નથી, એ તો નિર્વિકલ્પ આનંદની અનુભૂતિમાં મગ્ન થઈને આત્મામાં સમ્યક્‌ત્વતીર્થની શરૂઆત કરી રહી છે.—જાણે કે નાનકડા તીર્થંકર ઘરઆંગણે તીર્થ—પ્રવર્તનનો પ્રારંભ કરી રહ્યા છે. ધન્ય બની ચંદના! વીરતા વડે એણે સ્ત્રીપર્યાયનો કાયમને માટે છેદ કરી નાંખ્યો. વાહ રે વાહ! તીર્થંકરના માતાની લાડિલી બહેન! તેં તારું જીવન ધન્ય બનાવ્યું!

સ્વાનુભૂતિની નિર્વિકલ્પ દશામાંથી ઉપયોગ બહાર આવ્યા પછી પણ ચંદનાબેનની ગંભીરતા કોઈ પરમ અદ્‌ભુત હતી. એ ગંભીરતા દેખીને વીરકુંવરજી સમજી ગયા કે મારી માસીને અપૂર્વ આનંદની અનુભૂતિ થઈ ચૂકી. અહા, આવી ધર્માત્મા—સમ્યગ્દષ્ટિ માસીને દેખીને મહાવીર પણ આનંદિત થયા. ચંદનાદેવીએ પોતાની જીજી—ત્રિશલાદેવી સાથે ઘણા આનંદપૂર્વક સ્વાનુભૂતિના મહિમાની ને સાથેસાથે વીરકુંવરના મહિમાની ઘણી ગંભીર ચર્ચા કરી 'બંને સમ્યગ્દષ્ટિ બહેનોની ધર્મચર્ચા ખરેખર અદ્‌ભુત હતી; એમાં તો જાણે અતીન્દ્રિય આનંદના ફુવારા ઊછળતાં હતા. પરભાવોથી અલિપ્ત જ્ઞાનચેતનાનો અગાધ મહિમા એમાં ભર્યો હતો....' ધન્ય એવી જ્ઞાનચેતનાવંતા ધર્મી જીવો!

* * *

## બે બહેનોની સુંદર ચર્ચા

**રાજકુમાર—વર્ધમાન** અને વૈરાગ્યવંતી ચંદનબાળાની અદ્‌ભુત ચૈતન્યરસભીની ચર્ચા અને તેના ફળમાં સમ્યક્‌ત્વની ચંદનાને પ્રાપ્તિ થવાનું પ્રસન્નકારી વર્ણન આપણે વાંચ્યું. ત્યારબાદ ચંદનાએ ત્રિશલા-જીજી સાથે સ્વાનુભૂતિના મહિમાની તેમ જ વીરકુંવરના મહિમાની જે આનંદકારી ચર્ચા કરી તે જાણવાની આત્માર્થી—પાઠકોની ઉત્કંઠા દેખીને તે બે બહેનોની સુંદર ચર્ચા રજૂ કરીએ છીએ.—

**ચંદનાએ** ગંભીર—પ્રસન્નતાથી કહ્યું : બહેન, વીર—વર્ધમાન કુંવરને પામીને આપણે ખરેખર ધન્ય બન્યા છીએ; એની જ્ઞાનચેતનાની ગંભીરતા અને વીતરાગી અનુભૂતિ ઘણી ગહન છે.

**ત્રિશલાદેવીએ કહ્યું** : હા, બહેન ચંદના! તારી વાત સાચી છે. વીરકુંવર એ તો 'આનંદની હાલતી—ચાલતી અનુભૂતિ' છે; એને દેખતાં જાણે આપણા ઘરમાં નાનકડા સિદ્ધ જ હાલતા—ચાલતા હોય એવું લાગે છે. આવા ગંભીર વીરકુંવર અવારનવાર મારી પાસે પોતાનું હૃદય ખોલે છે અને એની ગંભીર અનુભૂતિના રહસ્યો મને બતાવે છે,—ત્યારે આ સંસાર ભુલાઈ જાય છે ને હું તો જાણે મોક્ષપુરીમાં કેલિ કરતી હોઉં એવી ઝણઝણાટી આત્મામાં જાગે છે.

**ચંદના** : વાહ દીદી! મને પણ મહાવીરે આજે સ્વાનુભૂતિના ગહન રહસ્યો સમજાવીને આનંદની કોઈ અપૂર્વ અનુભૂતિ કરાવી. મારે માટે તો તેમણે આજથી જ ધર્મતીર્થનું પ્રવર્તન શરૂ કરી દીધું. એમના અપૂર્વ ઉપકારની શી વાત કરું!

**ત્રિશલા** : બહેન, આત્મશાંતિથી ભરેલી એમની વાણી ચમત્કારિક છે, તે સાંભળતાં આશ્ચર્ય ઊપજે છે ને ચૈતન્યભાવો જાગી ઊઠે છે.

**ચંદના** : હા બહેન, આજે જ મને એમની પ્રસન્ન વાણીનો લાભ મળ્યો ને મારા આત્મામાં અપૂર્વ ચૈતન્યભાવો જાગી ઊઠ્યા; રાગ વગરનો જ્ઞાનરસ કેવો સુંદર છે તે મેં આજે ચાખ્યો.

**ત્રિશલા** : વાહ ચંદના, તું ધન્ય બની. મારી લાડિલી બેન આત્મઅનુભૂતિ પામે—એવી મને ઘણા વખતથી ઉત્કંઠા હતી, તે આજે પૂરી થઈ. તારી વાત સાંભળીને મને ઘણો આનંદ થાય છે.

**ચંદના** : અહા, વર્ધમાન તો વર્ધમાન જ છે, એની વૈરાગ્યદશા પાતાળ જેવી ગંભીર છે.

**ત્રિશલા** : બરાબર છે બહેન! 'જ્ઞાનદશા જિસકે ઘટ જાગી....તે જગમાંહી સહજ વૈરાગી'– એવું જે સિદ્ધાંતવચન છે તે આપણને તો અહીં આપણા ઘરમાં હાલતું–ચાલતું નજરે દેખાય છે. અને ચંદન! તારું જીવન પણ વીરકુંવરના સંગે સ્વાનુભૂતિ પામીને વૈરાગ્યથી કેવું શોભી રહ્યું છે! મહાવીરકુમાર જ્યારે તીર્થંકર થઈને ધર્મનેતા થશે ત્યારે તું પણ ભારતના સમસ્ત શ્રાવિકાસંઘની તેમજ આર્યિકાસંઘની નાયિકાપણે સમવસરણમાં શોભતી હશે.

મોટી બહેન એ વાત સાંભળીને પ્રસન્નતાપૂર્વક ચંદના બોલી : બહેન, ધન્ય એ અવસર! એની ભાવના ભાવું છું કે ક્યારે આ વીરકુમારને સર્વજ્ઞરૂપે દેખું ને એમની ધર્મસભામાં બેસીને ઉગ્ર આત્મસાધના કરું! સાધ્યરૂપ આત્મા તો એમના પ્રતાપે આપણે આપણા અંતરમાં જોઈ લીધો છે ને અપૂર્વ આત્મસાધનાનો પ્રારંભ થઈ ગયો છે.

અહા, મારો મહાવીર આ જીવનમાં જ સર્વજ્ઞ–પરમાત્મા બનશે....સર્વજ્ઞ મહાવીરની હું માતા કહેવાઈશ ને એક–અવતાર પછી મારા ભવનો પણ અંત આવીને હુંયે સર્વજ્ઞ પરમાત્મા બનીશ'–આવા વિચારથી પ્રિયકારિણી–ત્રિશલાદેવીનું ચિત્ત કોઈ અનેરી પ્રસન્નતામાં ઝુલવા લાગ્યું. અહા, પોતાના જ આત્માને સર્વજ્ઞ–પરમાત્માપણે દેખતાં મુમુક્ષુનું ચિત્ત આનંદિત થાય–એમાં શું આશ્ચર્ય છે! અંતરની પ્રસન્નતા વ્યક્ત કરતાં ત્રિશલાદેવી બોલ્યા : વહાલી બેન ચંદના! હવે અનુભૂતિના પ્રતાપે આપણી સ્ત્રીપર્યાયનો છેદ થઈ ગયો, એટલું જ નહિ આપણા સંસારનો પણ છેદ થઈ ગયો ને એક જ ભવ પછી આપણે પરમાત્મપદને સાધીને મોક્ષપુરીમાં પહોંચી જઈશું.

**ચંદનાએ કહ્યું** –અહા દીદી! એ મોક્ષપુરીનું સ્મરણ પણ આપણને કેવો આનંદ આપે છે! તો એ સાક્ષાત્ દશાની શી વાત! ઇન્દ્રિયજ્ઞાનથી એનું અનુમાન પણ થઈ શકતું નથી; પોતાના જ્ઞાનમાં અંશે અતીન્દ્રિયપણું થાય ત્યારે જ એ સર્વજ્ઞસુખને ઓળખી શકાય છે. એના મહિમાની શી વાત!

**ત્રિશલાદેવી બોલ્યા** : હા, ચંદના! એવા અપાર મહિમાવાળો આત્મા સ્વાનુભૂતિમાં અત્યારે પણ અનુભવાય છે. આત્માના એકત્વની એ અનુભૂતિ 'અભેદ' હોવા છતાં તે 'એકાન્ત' નથી, આત્માના શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ અનંત સ્વભાવધર્મો તે અનુભૂતિમાં અંતર્ગત વેદાય છે તેથી તે અનેકાન્ત-સ્વરૂપ છે; તે શુદ્ધપરિણતિરૂપે પરિણમતો આત્મા પોતાના સુંદર એકત્વસ્વરૂપમાં શોભી રહ્યો છે.

**ચંદના** : વાહ બહેન, તમે ઘણુ સરસ વર્ણન કર્યું. સ્વાનુભૂતિમાં પરના સંબંધરહિત એટલે કે વિભક્ત આત્મા એકલો વેદાય છે તેથી તેને એકત્વની અનુભૂતિ કહી, પરંતુ તે એકત્વમાંય પોતાના ગુણ–પર્યાયો તો વર્તે જ છે. આવી અનુભૂતિ તે 'એકત્વ–વિભક્ત' શુદ્ધાત્માની અનુભૂતિ છે; તે જ સમસ્ત જૈનશાસનની અનુભૂતિ છે. ખરેખર, પ્રભુ મહાવીરના પ્રતાપે જૈનશાસનમાં ઘણા જીવો આત્માની આવી અનુભૂતિ પામશે ને પોતાનું કલ્યાણ કરશે.

જ્યારે બંને ધર્માત્મા–બહેનો આ રીતે સ્વાનુભૂતિની તથા મહાવીરના મહિમાની ચર્ચા કરી રહ્યા હતા ત્યારે મહાવીરકુમાર તો બગીચાના એકાંતભાગમાં બેઠાબેઠા આત્મધ્યાનમાં નિર્વિકલ્પસ્વાનુભૂતિના મહાઆનંદને સાક્ષાત્ વેદી રહ્યા હતા....બંને બહેનો દૂરથી એ દૃશ્ય દેખીને આશ્ચર્યથી મુગ્ધ બની ગઈ : ધન્ય મહાવીર! જાણે કોઈ નાનકડા સિદ્ધ ભગવાન બેઠા હોય!




બગીચામાં આત્મધ્યાનમાં બેઠેલા એ રાજકુમારનું દશ્ય મુમુક્ષુને ખરેખર દર્શનીય હતું. આત્મધ્યાનનું એ દશ્ય વીતરાગી આત્મસાધનાની પ્રેરણા આપતું હતું. ઘણીવારે જ્યારે પ્રભુની ધ્યાનદશા ખુલી ને અમીઝરતા નેત્રો ઉઘડ્યા ત્યારે કેટલાય નગરજનો પ્રભુના દર્શન કરવા એકઠા થયા હતા. બગીચો કોઈ અદ્‌ભુત સુંદરતાથી ખીલી રહ્યો હતો. તેમાં ખીલેલાં અનેક વિધ ફળ–ફૂલ પોતાના વૃક્ષ પર શોભી રહ્યા હતા; ચારેકોર પુષ્પસૌરભ ફેલાઈ રહી હતી. રાજકુમાર–મહાવીર તે આ ખીલેલા બગીચાની શોભા જોતાં–જોતાં સાથે અંતરમાં સમ્યક્ત્વાદિ આનંદપુષ્પોથી ખીલેલા પોતાના ચૈતન્યબાગમાં પણ કેલિ કરતા હતા : ‘અહા, મારા આત્મબગીચામાં જેવા સમ્યક્ત્વ–આનંદાદિ અતીન્દ્રિય ફળ–ફૂલ ખીલી રહ્યા છે તેવા શું બીજે ક્યાંય ખીલે છે ! નહીં; જગતમાં મારો આત્મા–આરામ....આનંદમય ચૈતન્યબાગ જ સૌથી સુંદર છે તે આત્મબાગમાં કેલિ કરતાં જે આનંદમય શીતળશાંતિ વેદાય છે તે કોઈ અનિર્વચનીય છે’.–આવી અંતરધારા સહિત બગીચાની શોભા જોતાં જોતાં, એક ઝાડ ઉપર અત્યંત સુંદર પચરંગી ફૂલ હજારો પાંખડીથી ખીલી રહેલું શોભતું હતું તે દેખીને કુમાર બોલ્યા–વાહ ! ઝાડ ઉપર ઊપજેલું ફૂલ, ઝાડ ઉપર જ કેવું શોભે છે ! જેમ આ વૃક્ષ ઉપર ફૂલ શોભે છે તેમ આત્મામાં ચૈતન્યવૃક્ષ પોતામાં ખીલેલા અનંત પાંખડીવાળા સમ્યક્ત્વાદિ પુષ્પોથી શોભી રહ્યું છે, તેની સુંદરતા કોઈ અનેરી છે.

વીરકુમાર આ રીતે ચૈતન્યબાગની પ્રશંસા કરી રહ્યા હતા, એવામાં એક કુમાર જઈને સુંદર ફૂલ તોડી લાવ્યો ને આદરપૂર્વક વીરકુમારના ગુલાબી ચરણોમાં ધર્યું. બધા લોકો આનંદથી તે જોઈ રહ્યા.

ત્યારે ગંભીરચિત્તે વીરકુમાર બોલ્યા : બંધુ, આ ફૂલ જેવું તેના વૃક્ષ પર શોભતું હતું તેવું અત્યારે નથી શોભતું; તેની શોભા હણાઈ ગઈ છે, માતાથી વિખૂટા પડેલા બાળકની જેમ તે મૂરઝાઈ રહ્યું છે. ફૂલને તેના ઝાડથી વિખૂટું પાડવું તેમાં તો ઝાડની તથા ફૂલની બંનેની શોભા તથા સુંદરતાને હણવા જેવું છે. જુઓને, ફૂલ વગરનું ઝાડ કેવું શોકમગ્ન લાગે છે ! આપણા વિનોદ ખાતર આપણે બીજા જીવોની સુંદરતા હણી લઈએ તે શું વ્યાજબી છે ! બીજાને દુઃખ પહોંચાડ્યા વિના આપણે આનંદ–પ્રમોદ કરીએ તેમાં જ સુંદરતા છે.

–આ પ્રમાણે સહજપણે અહિંસાદિના પ્રરૂપણ વડે વીરકુમાર વીતરાગતાને પ્રસરાવી રહ્યા હતા. ધન્ય એમનું જીવન. ગૃહવાસમાંય એ ધર્માત્મા–રાજપુત્રનું જીવન અલૌકિક હતું. એ ગૃહવાસી–ભગવાન વારંવાર સામાયિકનો પ્રયોગ પણ કરતા. સામાયિક વખતે જાણે એકાંતમાં મુનિરાજ બેઠા હોય–એવી ચિત્તએકાગ્રતાપૂર્વક તેઓ ધર્મધ્યાનરૂપ આત્મચિંતન કરતા; તે વખતે રાગદ્વેષથી પાર સમભાવરૂપ વીતરાગ પરિણતિનો વિશેષ આનંદ તેઓ અનુભવતા. તેમની સામાયિક કાંઈ અમુક શબ્દપાઠ બોલવારૂપે ન હતી, કોઈના નામનો જાપ પણ તેમાં ન હતો; તેમાં તો આત્મસ્વરૂપની ભાવનાથી ચૈતન્યની કોઈ અપાર શાંતિનું એવું વેદન હતું કે જે વેદનની વીતરાગતામાં બે ઘડી તેમનો




આત્મા રાગદ્વેષથી છૂટો પડી જતો હતો. આમ તો તે મહાત્માનું જીવન જ રાગદ્વેષથી પાર હતું; પણ શુદ્ધોપયોગદ્વારા નિર્વિકલ્પ થઈને તેઓ જે આત્મઆનંદ વેદતા તે એક અનિર્વચનીય વિશિષ્ટ દશા હતી. સામાયિક વખતે તેઓ કેવું આત્મચિંતન કરતા તે તેમના જ શ્રીમુખથી સાંભળીએ.—(જુઓ સામે :

વીર—રાજકુમાર સદાય આવા.... શુદ્ધાત્માની ભાવના ભાવતા. અજબ હતી એમની આત્મધૂન....ને ગજબ હતી એમની ધ્યાનધારા! કોઈ કોઈવાર તો મધરાતે અચાનક ચૈતન્યની ધૂન ઊપડતાં તેઓ ધ્યાનમાં લીન થઈ જતા. રાજમહેલમાં નીરાંતે ઊંઘવાનું એ મુમુક્ષુને પાલવતું ન હતું; રાજમહેલની દીવાલોના બંધનો તોડીને, ને રાગનાંય બંધન તોડીને, અનંત તીર્થંકરોની પંક્તિમાં પ્રવેશવાની વધુ ને વધુ ઊર્મિઓ તેના અંતરમાં ઉલ્લસતી હતી. દેવલોકમાંથી આવતા દિવ્ય વસ્ત્રાભૂષણો પ્રત્યે કે સરસ દૈવી ભોજનો પ્રત્યે પણ તેઓ નીરસ બનતા જતા હતા; એમનું ચિત્ત હવે શીઘ્ર મોક્ષપંથને પૂર્ણ કરવા માટે તલસતું હતું.

તો બીજી બાજુ ત્રિશલામાતા પણ પુત્રના મુખથી પરમાત્મવૈભવની વાત સાંભળી—સાંભળીને પ્રસન્નતાથી ખીલી ઊઠતા, ને કહેતા : બેટા, ખરેખર તો તું પહેલેથી આ રાજમહેલની વચ્ચે પણ પરમાત્માની જેમ જ બધાથી અલિપ્ત રહેતો હતો. તારી જ્ઞાનચેતના તારામાં જ ઊંડે ઊંડે કંઈક પરમાત્મલીલા કર્યા કરતી હતી,—તે અમે તે ઘણા વખતથી દેખતા હતા, ને હવે જગત પણ થોડા વખતમાં તારી જ્ઞાનચેતનાની અદ્‌ભુત પરમાત્મલીલાને દેખીને ધન્ય બનશે.

'ધન્ય માતા! જ્ઞાનચેતનાની તારી ઓળખાણ ખરેખરી છે. તું પણ એ જ્ઞાનચેતનાના મધુર આનંદસ્વાદને ચાખનારી છો ને આ ભવે હું....તો બીજા ભવે તું....પણ મોક્ષને સાધવાની જ છો.'

વાહ બેટા, વીરતા ભરેલી તારી મીઠી મીઠી વાતો સાંભળીને હું મુગ્ધ બની જાઉં છું. જાણે તારી વાત સાંભળ્યા જ કરું! એમ થાય છે. છતાંય રહી રહીને મનમાં એવો મોહ—પ્રશ્ન ઊઠે છે કે તું આ બધું છોડીને ચાલ્યો જઈશ પછી મને 'બા' કહીને કોણ બોલાવશે! આ રાજવૈભવ ને મહેલો બધા તારા વિના સુના—સુના લાગશે!

સાંભળ બા! એ બધો મોહ છે. ત્રીસ ત્રીસ વર્ષ આ રાજપાટ ને હીરાઝવેરાત વચ્ચે હું રહ્યો પણ એમાં ક્યાંય ચેતનતા મેં ન દેખી, એ અચેતન પિંડમાં કોઈ સુખ કે ચૈતન્યનો ચમકારો મેં ન જોયો;

અને હે માતા! હું આ બધું છોડીને કાંઈ દુઃખી નથી થવાનો, ઊલ્ટો, આની વચ્ચે રહીને જે સુખ ભોગવું છું એના કરતાં વિશેષ સુખને હું સાધીશ. અને તું જોજે.... હે મા, તારા આ અચેતન–હીરા કરતાં કોઈ અપૂર્વ–અમૂલ્ય–મહાન–ત્રિલોકપ્રકાશી–ચૈતન્યહીરો લઈને થોડા જ વખતમાં હું પરમાત્મા બનીને વૈશાલીમાં આવીશ.

વીરકુંવરની વાતું સાંભળતાં ત્રિશલામાતાને ખૂબ પ્રસન્નતા થતી કે વાહ! મારો મહાવીર અત્યારે ખૂબ ખીલ્યો છે. એની ચૈતન્યરસ ભરેલી વાણી ધરાઈ–ધરાઈને સાંભળી લઉં. એમ વિચારી માતાપુત્રે હૃદય ખોલી ખોલીને આત્મસાધનાની કેટલીયે ચર્ચાઓ કરી. અહા, આવા બાલતીર્થંકર સાથે વ્યક્તિગત ધર્મચર્ચા કરતાં મુમુક્ષુને કેવો આનંદ થાય! ને તેમના શ્રીમુખથી સ્વાનુભૂતિનાં રહસ્યો સાંભળીને કોણ સ્વાનુભૂતિ ન પામે! અહો, રાજમહેલમાં રાજસેવકો રહેનારા પણ વીરકુંવરના શ્રીમુખથી ઝરતી તત્ત્વચર્ચા સાંભળીને મુગ્ધ બની જતા ને કોઈકોઈ તો સ્વાનુભવ પણ કરી લેતા હતા. આમ 'દ્રવ્ય–તીર્થંકર'ના પ્રતાપે ચારેકોર ધર્મપ્રભાવના થઈ રહી હતી, અને 'ભાવ–તીર્થંકર' થવાનો દિવસ નજીક ને નજીક આવી રહ્યો હતો. બે કલ્યાણક પછી હવે ત્રીજા કલ્યાણકની તૈયારી થઈ રહી હતી.

* * *

## ભગવાન મહાવીર : વૈરાગ્ય અને દીક્ષા

### (કારતક વદ દશમ) (શાસ્ત્રીય માગશર વદ ૧૦)

આજ આખી રાત રાજકુમાર વર્ધમાન ચૈતન્યની કોઈ અનેરી ધૂનમાં હતા; નિદ્રાનું તો નામ ન હતું; વારંવાર ચૈતન્યની અનુભૂતિમાં ઉપયોગ થંભતો હતો. પરભાવોથી થાકીને પાછો વળેલો તેમનો ઉપયોગ હવે આનંદમય નિજઘરમાં જ સંપૂર્ણપણે સ્થિર રહેવા ચાહતો હતો. ૩૦ વર્ષના રાજકુમારનું ચિત્ત આજે એકાએક સંસારથી વિરક્ત થઈ ગયું છે. મોક્ષાર્થી જીવો પ્રશમને માટે કોઈ બાહ્યકારણોને ઢૂંઢતા નથી, પ્રશમ તો એમના અંતરમાં સ્વયમેવ સ્ફૂરે છે.

આજે વહેલી સવારમાં જ મહાવીરે સિદ્ધોનું સ્મરણ કરીને આત્માનું ધ્યાન ધર્યું. આજ એમના વૈરાગ્યની ધારા કોઈ અનેરી છે, વિશુદ્ધતા વર્ધમાન થઈ રહી છે; ઉપયોગ ઘડીકમાં અંતર્મુખ–નિર્વિકલ્પ થઈ જાય છે ને પાછો બહાર આવી જાય છે; પણ બહારમાં ઉપયોગને ક્યાંય ચેન પડતું નથી, તે બધેથી છૂટવા માંગે છે; પરભાવરૂપ પરદેશમાંથી પાછા ફરી સ્વભાવરૂપ સ્વદેશમાં સ્થિર રહેવા માંગે છે.



વારંવાર આવી દશામાં ઝૂલી રહેલા પ્રભુના મતિજ્ઞાનમાં એકાએક કોઈ વિશિષ્ટ નિર્મળતા ઝળકી ઊઠી, તેમને જાતિસ્મરણ થયું; દેવલોકના દિવ્ય દૃશ્યો દેખ્યા, ચક્રવર્તીના વૈભવો દેખ્યા, સિંહ દેખ્યો, સમ્યક્ત્વનો બોધ આપી રહેલા મુનિવરો દેખ્યા; ત્યાર પહેલાંની નરકદશા પણ દેખી;–આમ અનેક પૂર્વભવો

દેખીને તરત વીરપ્રભુનું ચિત્તસંસારથી વિરક્ત થઈને જિનદીક્ષા માટે ઉદ્યમી થયું: અરે, ક્યાં એ નરકનાં ઘોર દુઃખો ને ક્યાં સ્વાનુભૂતિનું સુખ! ક્યાં એ સિંહપર્યાયમાં હિંસાની ક્રૂરતા ને ક્યાં સમ્યક્ત્વની શાંતિ! –બંનેમાં સળંગ રહેનારો એક મહાન જ્ઞાયકભાવ હું છું–એમ પોતાના એકત્વને ચિંતવતા એ રાજકુમાર વારંવાર નિર્વિકલ્પ થઈ જતા હતા. વારંવાર એટલી બધી નિર્મળતા ને નિર્વિકલ્પતા થતી હતી કે બસ, હવે શુદ્ધોપયોગી–મુનિદશા વગર આ જીવ રહી શકશે નહિ.–આમ મહાવીરે પોતાના મનમાં દીક્ષાનો નિર્ણય કર્યો.

મહાવીરનો નિર્ણય એટલે વજ્ર–નિર્ણય....મહાવીરનો નિર્ણય એટલે અફર નિર્ણય.... ભગવાને દીક્ષા માટે મનમાં દૃઢ નિર્ણય કર્યો ને પરમ વિરક્તચિત્તે ફરી એકવાર નિર્વિકલ્પ અનુભૂતિમાં લીન થયા....

રાજકુમાર સિંહાસન પર બેઠા છે. ચૈતન્યની ગંભીરતામાં એવા લીન છે કે દુનિયાનું લક્ષ રહ્યું નથી. અરે, ત્રિશલા માતાજી આવીને સામે ઊભા છે તેનું પણ તેમને લક્ષ નથી. માતા તો જોઈ જ રહ્યા છે કે વાહ! મારો પુત્ર કેવી અદ્‌ભુત વૈરાગ્યમુદ્રામાં શોભી રહ્યો છે! અહા, આની શાંત–વૈરાગ્યમુદ્રા જોતાં મને કોઈ અનેરો આનંદ થાય છે–જાણે આ શાંતમુદ્રા જોયા જ કરું! આ રીતે ત્રિશલામાતાના ઉરમાં અતિશય હેત ઊભરાઈ રહ્યું છે,–મનમાં ને મનમાં તે પુત્રને આશીર્વાદ દઈ રહ્યા છે. પણ ખરેખર તે આશીર્વાદ આપે છે કે આશીર્વાદના બહાને એમની ભક્તિ કરે છે?–તે તો તેઓ જ જાણે.

થોડીવારે મહાવીરે આંખ ઉઘાડી....સામે જોયું તો માતાજીને ઊભેલા જોયા. માતાને જોતાં એની વૈરાગ્ય–મુદ્રા જરાક મલકી ઊઠી. માતાએ વહાલથી પૂછ્યું–બેટા વર્ધમાન! આજે તું આટલા ગંભીર વિચારમાં કેમ છો?–ત્યારે વીરકુંવરના મુખમાંથી ગંભીર વાણી નીકળી : હે માતા! આજ સવારમાં જાતિસ્મરણમાં મેં મારા પૂર્વ ભવો જોયા; હવે મારું ચિત્ત બધેથી વિરક્ત થયું, તેથી આજે જ આ અસાર સંસારને છોડીને હું મુનિદીક્ષા અંગીકાર કરીશ ને શુદ્ધોપયોગ વડે પરમાત્મપદને સાધીશ.

હજી રાજકુમારના મુખમાંથી દીક્ષા લેવાના શબ્દો નીકળે છે ત્યાં તો ઈન્દ્રદરબારમાં ખળભળાટ થયો, ઈન્દ્રનું ઈન્દ્રાસન પણ ડોલી ઊઠ્યું; તરત પ્રભુના દીક્ષાકલ્યાણકનો અવસર જાણીને દેવો વૈશાલીમાં આવી પહોંચ્યા. લૌકાંતિક દેવોએ આવીને પ્રભુની સ્તુતિ કરી. વૈરાગ્યભાવનામાં નિમગ્ન પ્રભુએ નજર ઊંચી કરીને લૌકાંતિક દેવોની સામે જોયું ત્યારે, સમતારસઝરતા દૃષ્ટિપાતથી દેવો અત્યંત પ્રમુદિત થયા; એકકોર વૈરાગી–તીર્થંકર ને બીજીકોર વૈરાગી–લૌકાંતિક દેવો.–અહા, વૈરાગ્યવંતા ઉત્તમ સાધક જીવોનું એ મિલન ચૈતન્યની પરમ ગંભીર શાંતિથી ભરેલું હતું. એ મિલનથી પરસ્પર બંનેના વૈરાગ્યની પુષ્ટિ થઈ.

પ્રજાજનોના આશ્ચર્ય વચ્ચે દેવેન્દ્રોએ વીરપ્રભુના દીક્ષાકલ્યાણકનો મહોત્સવ કર્યો. દેવોએ પ્રભુને ઉત્તમ દૈવી સફેદ વસ્ત્રોથી શણગાર્યા. પ્રભુનું આ વસ્ત્રધારણ છેલ્લી જ વારનું છે, ફરીને હવે કદી બીજા વસ્ત્રનું ધારણ નહિ થાય. એકકોર દેવોનો શૃંગારરસ, ને બીજીકોર વૈરાગી પ્રભુનો શાંતરસ; ઉત્કૃષ્ટ શણગાર ને ઉત્કૃષ્ટ વૈરાગ્ય બંને વચ્ચે જાણે સ્પર્ધા ચાલી. અંતે શૃંગારરસની હાર થઈને વૈરાગ્યના શાંતરસની જીત થઈ. પ્રભુ તો રાગમય વસ્ત્રાદિ શૃંગારને છોડવા ને વીતરાગી શાંતરસને ધારણ કરવા

વનમાં જવા ઊભા થયા....અને ઉત્તમ વૈરાગ્ય–ભાવનાઓના ચિન્તનપૂર્વક 'ચંદ્રપ્રભા' નામની પાલખીમાં આરૂઢ થયા.

(અહીં દેવ કરતાં મનુષ્યપર્યાયનું ને ચારિત્રદશાનું મહત્વ બતાવવા માટે કોઈ કથાકાર અલંકારથી કહે છે કે; દીક્ષાપ્રસંગે પ્રભુની પાલખી ઉપાડવા માટે દેવો અને મનુષ્યો વચ્ચે વિવાદ જાગ્યો કે પહેલાં પાલખી કોણ ઊપાડે ?)

દેવો કહે–અમે સ્વર્ગેથી પ્રભુનો દીક્ષાકલ્યાણક કરવા આવ્યા છીએ તેથી અમે પાલખી ઉપાડીએ; જેમ જન્મકલ્યાણક વખતે પ્રભુને મેરુ ઉપર અમે જ લઈ ગયા હતા, તેમ અત્યારે દીક્ષા વખતે પણ અમે જ પ્રભુને વનમાં લઈ જઈશું.

ત્યારે મનુષ્યો તરફથી રાજાઓ બોલ્યા કે અરે દેવો! અમે મેરુ ઉપર ભલે ન આવી શક્યા....પણ આ ચારિત્રપ્રસંગમાં તો અમારો જ અધિકાર છે; પ્રભુ અમારા મનુષ્યલોકના છે તો પ્રભુની ચારિત્રદશા વખતે અમે મનુષ્યો જ પ્રભુની પાલખી ઉપાડશું; ચારિત્રમાં દેવોનો અધિકાર નથી.

અંતે દેવેન્દ્રે ઝંખવાઈને પ્રભુ સામે જોયું કે પ્રભુ આ વિવાદમાં કાંઈક રસ્તો કાઢે ને દેવોને કાંઈક અધિકાર મળે.

પ્રભુ બોલ્યા–ચારિત્રમાં મને જે સાથ આપી શકે, જેઓ મારી સાથે ચારિત્રદશા અંગીકાર કરી શકે તેઓ પ્રથમ સાત પગલાં પાલખી ઉપાડે....ને પછી બીજો ઉપાડે....

બસ, ખલાસ! આ વાત સાંભળતાંવેંત ઈન્દ્ર ઝંખવાણો પડી ગયો; તેને પોતાનું ઈન્દ્રપદ તૂચ્છ લાગ્યું ને પોકાર કરીને કહેવા લાગ્યો કે અરે, કોઈ મારું આ સમસ્ત સ્વર્ગનું રાજ્ય લઈને તેના બદલામાં મને એક ક્ષણભરનું પણ ચારિત્ર આપો!

જુઓ ચારિત્ર દશાનો મહિમા! હે સૌધર્મદેવ! તારી પાસે ઈન્દ્રપદ ભલે હોય, તે ઈન્દ્રપદ આપતાંય એક ક્ષણભરનું ચારિત્ર તને મળી શકે તેમ નથી. ચારિત્રદશા મનુષ્ય અવતારમાં જ થાય છે, ને ઈન્દ્રપદ કરતાંય તેનો મહિમા વધારે છે.

આ અલંકાર–કથન દ્વારા પુરાણકાર એમ પ્રસિદ્ધ કરે છે કે દેવલોકની દિવ્યતા કરતાંય મનુષ્યલોકના સંયમની મહાનતા છે; એ સંયમદશા પાસે દેવલોકના ઈન્દ્રનેય ઝુકી જવું પડે છે.

વળી મનુષ્યોમાં પણ, વિદ્યાધર મનુષ્યોમાં તીર્થંકરો ઉત્પન્ન થતા નથી, ભૂમિગોચરી મનુષ્યોમાં જ તીર્થંકરો પાકે છે, તેથી પ્રભુની પાલખી ઉપાડવાનો પહેલો હક ભૂમિગોચરી રાજાઓનો જ છે.

—આ રીતે પહેલાં સાત પગલાં રાજાઓ પાલખી લઈને ભૂમિ પર ચાલ્યા; પછી સાત પગલાં વિદ્યાધર રાજાઓ ચાલ્યા; ને ત્યાર બાદ દેવો પાલખી ઉપાડીને આકાશમાર્ગે ચાલ્યા. હજારો લાખો જીવો પ્રભુની સાથેસાથે વૈરાગ્યભાવનાપૂર્વક વન તરફ ચાલ્યા.

ગંગાનદીના પશ્ચિમકિનારે (પટણાની સામી બાજુના કિનારે) વૈશાલી–કુંડગ્રામના 'નાગખંડ' નામના ઉપવનમાં પાલખીમાંથી ઊતરીને પ્રભુ મહાવીર એક સ્ફટિક શીલા પર બિરાજમાન થયા. ઉત્તરમુખે બિરાજમાન તે વર્ધમાનકુમારે, 'ॐ नमः सिद्धेभ्यः' કહીને સિદ્ધોને નમસ્કાર કર્યા. એ રીતે

દેહાતીત સિદ્ધોને નજીક કરીને પ્રભુએ દેહના આભરણોને દૂર કર્યા; વસ્ત્રો પણ એક પછી એક ઉતારી નાંખ્યા ને સર્વથા દિગંબરદશા ધારણ કરી. દૈવી વસ્ત્રોમાં સુસજ્જ રાજકુમાર–વર્ધમાન જેવા શોભતા હતા તેના કરતાં પણ દિગંબર દશામાં મુનિરાજ–મહાવીર વધુ શોભવા લાગ્યા. રત્નત્રયવડે પ્રભુ શોભી ઊઠ્યા ને પ્રભુના આશ્રયથી રત્નત્રય શોભી ઊઠ્યા. અરે, પણ પ્રભુ અને રત્નત્રય જુદા ક્યાં હતા!–કે એકબીજાથી શોભવાપણું હોય! પ્રભુ પોતે જ રત્નત્રયરૂપ પરિણમેલા હતા. ભેદવાસનાનો લય થાવ.... અભેદ આત્મઅનુભૂતિમાં લીનતા થાવ.


અભેદ આત્મઅનુભૂતિમાં લીન તે શ્રમણ ભગવંત મહાવીરને વંદન હો.

વૈશાલીના નગરજનો પોતાના પ્યારા રાજપુત્રને આવી વીતરાગદશામાં દેખીને આશ્ચર્ય પામ્યા....તેઓ ન તો હર્ષ કરી શક્યા કે ન શોક! બસ, જાણે હર્ષ–શોકરહિત એવી વીતરાગતા જ કરવાની રહી.–એવું જ આ કલ્યાણક પ્રસંગનું મંગલ વાતાવરણ હતું. હર્ષ અને શોક વગર પણ મોક્ષનો મહોત્સવ ઊજવી શકાય છે–એમ પ્રભુનો આ દીક્ષાકલ્યાણક ઉત્સવ જાહેર કરતો હતો. અને એ ચૈતન્યવીરને વીતરાગદશામાં દેખીને ધર્મીજનોના અંતરમાં ચારિત્રની લહેરો ઊછળતી હતી.

કારતક વદ દશમના સંધ્યાસમયે સ્વયંદીક્ષિત થઈને મહાવીરમુનિરાજ છઠ્ઠ ઉપવાસનો તપ ધારણ કરીને અપ્રમતભાવે ચૈતન્યધ્યાનમાં લીન થયા. અહા, બે રત્નમાંથી વૃદ્ધિગત થઈને ભગવાન ત્રણ રત્નત્રયવંત થયા; ત્રણ જ્ઞાનમાંથી ચાર જ્ઞાનવંત થયા; અનેક લબ્ધિઓ સેવા કરવા આવી. એમની અતીન્દ્રિય જ્ઞાનધારા તો કેવળજ્ઞાન સાથે કેલિ કરવા માંડી. કેવળજ્ઞાને તે જ વખતે પોતાના મોટા પુત્રસમાન મનઃપર્યાયજ્ઞાનને મોકલીને પોતાના શીઘ્ર આગમનની આગાહી કરી દીધી.–પણ પ્રભુનું લક્ષ એ મનઃપર્યય તરફ કે દિવ્યલબ્ધિઓ તરફ ન હતું, તેઓ તો પોતાના જ્ઞાયકસ્વરૂપની અનુભૂતિમાં એવા મગ્ન હતા–જાણે કે સિદ્ધપદમાં બિરાજી રહ્યા હોય! વાહ! કેવી અદ્‌ભુત છે એમની શાંત ધ્યાનમુદ્રા! પ્રભુની ધ્યાનમુદ્રાથી પ્રેરાઈને ચારેકોર હજારો ભવ્યજીવો પણ ચૈતન્યનું ધ્યાન ધરવા લાગ્યા છે. અરે, ધ્યાનસ્થપ્રભુની શાંતમુદ્રા દેખીને વનના સિંહ–હાથી–હરણ–સર્પ વગેરે પશુઓ પણ મુગ્ધ બનીને શાંતિથી પ્રભુચરણસમીપ બેસી ગયા છે. અહા, 'જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ દેખાય' એવા એ ધ્યાનસ્થ મુનિરાજની શી વાત!! એ તો સાક્ષાત્ મોક્ષતત્ત્વ જ બેઠું છે....

વૈરાગ્યના પ્રચંડ પૂરમાં આખી વૈશાલી ઘેરાઈ ગઈ હતી. અમારા લાડીલા રાજકુમાર ત્રીસ વર્ષ અમારી સાથે રહીને અમને સુખસમૃદ્ધિ આપી ગયા....જ્ઞાન–વૈરાગ્ય આપી ગયા.... હવે તે અમને છોડીને રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિને જીતવા માટે વનમાં ચાલ્યા ગયા. એ જરૂર વિજેતા બનશે. એ તો એના શુદ્ધોપયોગમાં લીન થઈને બેઠા છે. અમારી સામે જોવા કે અમને 'આવજો' કહેવાય આંખ પણ ઊંચી નથી કરતા.... અને અમને તો એને વનમાં મુકીને નગરમાં પાછા જવા પગ પણ ઉપડતા નથી. રાજવૈભવ વગર પણ પરમ વીતરાગતાથી આ કેવા શોભી રહ્યા છે! ખરેખર, વીતરાગતા તે જ સુખ ને શોભા છે; બાહ્ય વૈભવમાં નથી સુખ કે નથી આત્માની શોભા.–આમ વિચારતા હજારો–લાખો નગરજનો વીરના વૈરાગ્યની પ્રશંસા કરતા હતા.

**ત્યારે મહાન વિજેતા વીર તો પોતાના એકત્વમાં ઝૂલી રહ્યા હતા.**



**અહા, એક યુવાન રાજપુત્ર વીતરાગ થઈને સમસ્ત વસ્ત્રાભૂષણ રહિત દિગંબરદશામાં કેવા શોભે છે ! અરે, સહજ ચૈતન્યતત્ત્વ....તેના ઉપર કષાયની ને વસ્ત્રની ઉપાધિ શી ? શુદ્ધ તત્ત્વ ઉપર ઢાંકણ શા! વસ્ત્ર નીચે ઢંકાયેલી વીતરાગતા, વસ્ત્રના પડદા તોડીને બહાર નીકળી. વીતરાગતા પોતાના ઉપર કોઈ આવરણને સહન કરી શકતી નથી. જ્યાં મોહનું કે રાગનું આવરણ પણ નથી પાલવતું ત્યાં બહારનાં આવરણ કેમ પાલવે? ચાર દિવાલનાં ને વસ્ત્રનાં આવરણ તો વિષય–વિકારનાં પાપને હોય; ધર્મને વળી આવરણ શેનાં ? એ તો સર્વ બંધન તોડીને નગ્નપણે પોતાના અસલી સ્વરૂપે વિચરે છે ને સર્વત્ર વીતરાગતાથી શોભે છે.**

## ''ધન્ય દિગંબર મુનિદશા''

કોઈ જીવ જે વસ્તુ છોડે તેના કરતાં ઊંચી, વધુ સુંદર વસ્તુનું ગ્રહણ કરતાં જો તેને આવડે તો જ તે તેનો ખરો ત્યાગ કરી શકે. પુણ્યરાગનો સાચો ત્યાગ તે જ કરી શકે કે જેને વીતરાગભાવનું ગ્રહણ કરતાં આવડે. ત્યાગ લાભદાયક હોવો જોઈએ, નુકશાનરૂપ નહીં. જીવ જે ત્યાગે તેના કરતાં કોઈ ઊંચી વસ્તુ–ઊંચો ભાવ પ્રાપ્ત કરે તો જ તેનો તે ત્યાગ લાભદાયી કહેવાય. ભગવાન મહાવીરનો ત્યાગ એવો હતો કે તેમણે જે હેયતત્ત્વોને છોડ્યા તેનાથી વિશેષ ઉપાદેયતત્ત્વોને ગ્રહણ કર્યા. એમની શુદ્ધતાની શ્રેણીની શી વાત! તેઓ જ્યારે નિર્વિકલ્પતાના મહાન આનંદમાં ઝૂલતા હતા ત્યારે તેમના શુદ્ધોપયોગની પ્રચંડતા દેખીને બિચારા બાકીના ચાર સંજ્વલન કષાયો પણ સાવ ગુપચુપ થઈને એવા સંતાઈ જતા હતા કે તે કષાયો જીવતા છે કે મરી ગયા છે તે જાણવું પણ મુશ્કેલ પડતું....કેમકે તે વખતે તેમની કોઈ પ્રવૃત્તિ દેખાતી ન હતી.

આ રીતે એકબાજુ પ્રભુ મહાવીર વીરતા વડે મોહને જીતી રહ્યા હતા; ત્યારે બીજી બાજુ ત્રિશલામાતા પણ વીરના વીતરાગ ચારિત્રની અનુમોદના કરતી હતી ને પોતાના મોહબંધનને ઢીલા કરતી હતી. 'અરેરે, રાજમહેલમાં ઊછરેલો મારો પુત્ર વનજંગલમાં કઈ રીતે રહેશે ? ને ટાઢ–તડકા કેમ સહન કરી શકશે'–એવી શંકા તે નહોતી કરતી; આત્મસાધનામાં પોતાના વીરપુત્રની વીરતાને તે જાણતી હતી અને જાણતી હતી કે ચૈતન્યના આનંદની લીનતામાં બહારનું કોઈ લક્ષ જ નથી રહેતું. જ્યાં શરીરનુંય મમત્વ નથી રહેતું ત્યાં વળી બહારના ટાઢ–તડકાના ઉપસર્ગ કેવા? અસ્પર્શીચૈતન્યના વેદનમાં જડના સ્પર્શની અસર કેવી? અહા, આવા અતીન્દ્રિય ચૈતન્યતત્ત્વને જાણનારી માતા, આત્મસાધનામાં આગળ વધતા પુત્રને દેખીને શું મૂર્છા પામે ?–નહિ, કદી નહીં. પોતાના લાડિલા પુત્રને મોહબંધન તોડીને મુનિદશામાં ઝુલતો દેખીને તે આનંદિત થઈ....અને જ્યારે તેને કેવળજ્ઞાની–અર્હન્ત પરમાત્મારૂપે દેખશે ત્યારે તો તે બહુ જ આનંદિત થશે. ધન્ય માતા! તું તો પરમાત્માની મા છો....

વર્ધમાન વગરના વૈશાલીના રાજમહેલો સુના–સુના થઈ ગયા હતા. બહારના વૈભવો તો એના

એ જ હોવા છતાં સુખ વગરના સાવ નીરસ દેખાતા હતા—જાણે કે તે પુદ્‌ગલપિંડ જગતને કહેતા હતા કે : 'દેખો, અમારામાં સુખ નથી; તેથી તો સુખને સાધવા માટે વીરકુમાર અમને છોડીને તપોવનમાં ગયા ને ચૈતન્યમાં લીન થયા.' પરમ વૈરાગ્ય જેનું પ્રવેશદ્વાર છે એવો ચૈતન્યવનનો આનંદબગીચો સજ્જન—સંતોને બહુ વહાલો છે; ધર્માત્માઓ તેમાં ક્રીડા કરે છે, પંચપરમેષ્ઠીનો ત્યાં વાસ છે. શુદ્ધોપયોગનું અમોઘ ચક્ર લઈને વીરનાથે જ્યાં આવા તપોવનમાં પ્રવેશ કર્યો ત્યાં તો મોહ—લૂંટારો ભયભીત થઈને ભાગ્યો. નિજવૈભવની સેના સહિત વીર યોદ્ધાના આગમનથી તપોવન શોભી ઊઠ્યું; સર્વે ગુણરૂપી વૃક્ષો પોતપોતાના મીઠાં ફળથી ખીલી ઊઠ્યા; અત્યંત સુંદર અને પરમ શાંત એવા એ ચૈતન્ય—નંદનવનના એકાન્તસ્થાનમાં (એકત્વ ચૈતન્યધામમાં) પ્રભુ મહા આનંદને અનુભવતા હતા.

**—આવો અદ્‌ભુત હતો પ્રભુ વીરનો વનવાસ !**

* * *

## ભગવાન મહાવીર : મુનિદશામાં આત્મસાધના

મુનિ થઈને આત્માની નિર્વિકલ્પ આનંદ દશામાં ઝૂલતાં—ઝૂલતાં ભગવાને સાડાબાર વર્ષ સુધી મૌનપણે આત્મસાધના કરી. માત્ર પોતાના સ્વદ્રવ્યમાં એકમાં જ અગ્ર, અને અન્ય સમસ્ત દ્રવ્યોથી અત્યંત નિરપેક્ષ, એવી આત્મસાધના કરતા—કરતા મહાવીર પ્રભુ મોક્ષમાર્ગમાં વિચરી રહ્યા છે, ને બોલ્યા વગર પણ વીતરાગ—મોક્ષમાર્ગનો અર્થબોધ કરાવી રહ્યા છે. દીક્ષા પછી બે દિવસના ઉપવાસ બાદ, કુલપાક નગરીના રાજાએ ભક્તિપૂર્વક આહારદાન દઈને વીરમુનિરાજને પ્રથમ પારણું કરાવ્યું. આહારદાનના પ્રભાવથી ત્યાં દેવોએ રત્નવૃષ્ટિ વગેરે પંચાશ્ચર્ય પ્રગટ કર્યા. અહા, તીર્થંકરના આત્મા જેવું સર્વોત્તમ આશ્ચર્ય જ્યાં વિદ્યમાન હોય ત્યાં જગતના બીજા નાના આશ્ચર્યો આવે—એ કાંઈ આશ્ચર્યની વાત નથી. પરંતુ મોક્ષસાધનામાં જ જેમનું ચિત્ત લાગેલું છે એવા તે મહાત્માને એ પંચ—આશ્ચર્યકારી ઘટનાઓ જરાય આશ્ચર્ય ઉપજાવી શકી નહીં. અહા, આશ્ચર્યકારી ચૈતન્યતત્ત્વને સાધી રહેલા મુમુક્ષુને જગતની કઈ ચીજ આશ્ચર્ય ઉપજાવી શકે ! એ મોક્ષસાધક મહાત્માના ગુણોનું કેટલુ વર્ણન કરીએ ! હે ભવ્યજનો ! ટૂંકામા સમજી લ્યો કે, મોક્ષસાધનામાં ઉપયોગી જે કોઈ ગુણો છે તે સર્વે ગુણોનો ત્યાં સંગ્રહ હતો, ને મોક્ષસાધનામાં વિઘ્ન કરનારા જે કોઈ દોષો છે તે સમસ્ત દોષોને પ્રભુએ છોડ્યા હતા. ધન્ય પ્રભુની મોક્ષસાધના ! એમની મોક્ષસાધના એવી ઉગ્ર હતી કે જાણે તેઓ પોતે જ મોક્ષતત્ત્વ હતા.

## ઉજ્જૈનમાં રૂદ્રનો ઉપસર્ગ..અતિ—વીર નામદ્વારા સ્તુતિ

અહા, અનેક લબ્ધિઓ પ્રગટી હોવા છતાં, પ્રતિક્ષણ સ્વાનુભૂતિ વડે અનંત—આત્મલબ્ધિનો સાક્ષાત્કાર કરનારા તે વીતરાગી સાધકને બીજી કોઈ લબ્ધિઓ પ્રત્યે લક્ષ ન હતું. વિચરતા—વિચરતા તે યોગીરાજ ઉજ્જયિની નગરીમાં આવ્યા ને ક્ષિપ્રાવતી નદીના કિનારે અતિમુક્ત નામના ભયાનક સ્મશાનમાં ધ્યાન ધરીને ઊભા. પરમ શાંત..અડોલ....અહા, જીવંત વીતરાગપ્રતિમા ! એ પ્રભુ સ્મશાનમાં નહિ પણ પોતાના આત્મબાગની અંદર કેલિ કરતા હતા. તે વખતે ઈન્દ્રસભામાં ધીર—વીર પ્રભુની પ્રશંસા થતાં 'ભવ' નામનો એક રુદ્ર—યક્ષ તેમની પરીક્ષા કરવા આવ્યો. ('ભવ' નામનો યક્ષ, અથવા સ્થાણુ નામનો રુદ્ર—એમ બંને નામ પુરાણમાં આવે છે.)

ધ્યાનસ્થ પ્રભુના સર્વ પ્રદેશે એવી પરમ શાંતિ છવાઈ ગઈ છે કે જંગલી પશુઓ પણ ત્યાં શાંત થઈને બેસી ગયા છે. અદ્‌ભુત છે એમની વીરતા....ને અજોડ છે એમની વીરતા! યક્ષ ત્યાં આવ્યો, ભયંકર રૌદ્રરૂપ ધારણ કર્યું, સિંહ–અજગર વગેરેની વિક્રિયા વડે ઉપદ્રવ કરીને પ્રભુને ધ્યાનથી ચલિત કરવા પ્રયત્ન કર્યો. પત્થર ફેંક્યા, અગ્નિના ગોળા વરસાવ્યા. પણ, એ બધું પ્રભુથી દૂર જ રહ્યું....તીર્થંકરોનો એવો જ અતિશય છે કે તેમના દેહ ઉપર સીધો ઉપદ્રવ થાય નહિ. એમને કાંટા લાગે નહિ, સર્પ કરડે નહિ, કોઈ પ્રહાર કરી શકે નહિ. અહા, જેમની ચેતના અંતર્મુખ છે એવા વીર મુનિરાજને બહારના ઉપદ્રવ કેવા? વીતરાગી આરાધનામાં વર્તતા મુનિભગવંત ઉપર ઉપદ્રવ કરવાની, કે આરાધનામાંથી તેમને ડગાવવાની વિશ્વમાં કોઈની તાકાત નથી. અરે પામર યક્ષ! અરે દુષ્ટ રુદ્ર! તું આ વીતરાગી મુનિ ઉપર શું ઉપદ્રવ કરવાનો હતો! તારા પોતાના જ ઉપર ભયંકર ક્રોધનો ઉપદ્રવ થઈ રહ્યો છે ને તેથી તું મહા દુઃખી છો. ભવ–દુઃખથી બચવા તું પ્રભુના શરણે આવ....ને તારા આત્મા ઉપરના ભયંકર ઉપદ્રવને શાંત કર!

દુષ્ટ યક્ષ અનેક પ્રકારે ઉપસર્ગની ચેષ્ટા કરીને થાક્યો, પણ મહાવીર તો પોતાની વીરતાથી ડગ્યા નહિ. અરે, શાંતિના વેદનમાં થાક કેવો! થાક તો કષાયમાં છે. 'શાંતિ' કદી હારવાની નથી, 'ક્રોધ'ક્ષણમાં હારી જશે. અંતે તે ભવ–રુદ્ર મોક્ષના સાધકને ઉપદ્રવ કરી કરીને થાક્યો.... હાર્યો. 'વિ–ભવ' એવા ભગવાન સામે 'ભવ' ક્યાંથી જીતી શકે? ભવ રહિત એવા મોક્ષના સાધક મહાવીર પાસે 'ભવ' હારી ગયો. શાંતભાવની સામે રુદ્રભાવ ટકી ન શક્યો. અંતે થાકીને તેની વિચારધારા પલટી : અરે, આટલું કરવા છતાં આ વીર મુનિરાજ તો ધ્યાનમાંથી જરાય ડગતા નથી, ને મારા પ્રત્યે ક્રોધનો એક કણિયો પણ તેમને ઉદ્‌ભવતો નથી; જાણે કાંઈ જ બનતું ન હોય એમ તેઓ તો પોતાની શાંતિમાં જ લીન છે. વાહ પ્રભો! ધન્ય તમારી વીરતા! ખરેખર તમે માત્ર 'વીર' નહિ પણ 'અતિ વીર' છો.–આમ 'અતિ–વીર' સંબોધનપૂર્વક સ્તુતિ કરીને તે યક્ષ પ્રભુચરણોમાં નમી ગયો.

**ધન્ય ધન્ય હે અતિ વીર! તમે સાધક છો શૂરવીર**

'મહાવીર ઉપરના ઉપસર્ગ દૂર થયા!!'–નહીં, તેમના ઉપર તો ઉપસર્ગ હતો જ નહિ; ઉપસર્ગ તો યક્ષ ઉપર હતો, તે દૂર થયો; મહા ક્રોધ અને પાપના ઉપસર્ગથી છૂટીને તે યક્ષ શાંતિને પામ્યો. અહા, શાંતિના અમોઘ શસ્ત્ર પાસે ભગવાનના વિરોધીઓ પણ સ્વયમેવ વશ થઈને નમી પડતા હતા. ખરેખર, મુમુક્ષુને 'શાંતિ' એજ વિજય માટેનું પરમ અહિંસક ને સર્વોત્કૃષ્ટ શસ્ત્ર છે–જે કદી નિષ્ફળ જતું નથી.

યક્ષદેવ અથવા ભવ–રુદ્ર દ્વારા 'અતિ–વીર' એવા મંગલ નામ વડે પ્રભુનું બહુમાન કરતાં, પરમેષ્ઠીપદમાં ઝૂલતા પ્રભુ પાંચ મંગલ નામધારક બન્યા : 'વીર' નામ જન્માભિષેક વખતે ઈન્દ્રે આપ્યું; 'વર્ધમાન' નામ માતા–પિતાએ આપ્યું; 'સન્મતિનાથ'નામ મુનિઓએ આપ્યું; 'મહાવીર' નામ સંગમદેવે આપ્યું; અને 'અતિ–વીર' નામ રૂદ્રે આપ્યું. પ્રભુના સાન્નિધ્યમાં રૂદ્રે રૌદ્રતા છોડીને પુનઃ ધર્મમાં સ્થિરતા કરી ને ક્ષમાયાચના પૂર્વક સ્તુતિ કરી–

**"શ્રી વીર મહા અતિ વીર સન્મતિનાયક હો,**
**જય વર્ધમાન ગુણધીર સન્મતિદાયક હો."**

પંચ–મંગલ નામધારક પ્રભુનું ચિત્ત તો પંચમગતિની સાધના અર્થે પંચમભાવમાં જ લાગેલું હતું. અહા, બાલવયમાં પણ જેમના અદ્‌ભુત પ્રતાપ પાસે દૈવી સર્પ નમી ગયો, તો મુનિદશામાં ઝૂલતા એ તીર્થંકર દેવની પરમ શાંત ગંભીર મુદ્રા સામે ચંડકોશિયા જેવા વિષધર સર્પો પણ ઠરી જાય–એમાં શું આશ્ચર્ય! વીરનાથની વીતરાગી શાંતિ સામે ચંડ–કોશનો પ્રચંડ–આક્રોશ કેમ ટકી શકે? અરે, સામાન્ય લબ્ધિવંત મુનિરાજની પાસે પણ ક્રૂર પશુઓ પોતાની ક્રૂરતા છોડીને શાંત થઈ જાય છે, તો પછી આતો તીર્થંકર–મુનિરાજ વર્ધમાન! એમની આશ્ચર્યકારી લબ્ધિઓ અને શાંતિના પ્રભાવની શી વાત! તેમની સમીપમાં ક્રૂરમાં ક્રૂર જીવો પણ એવા શાંત થઈ જાય કે બીજા જીવોની પણ હિંસા ન કરે, સિંહ હરણને ન મારે, નોળિયા સર્પને ન છંછેડે, તો પછી તેમને પોતાને સર્પ કરડે કે કોઈ કાનમાં ખીલા ભોંકે–એ વાત જ કેવી? બીજાની વાત જુદી છે, આ તો તીર્થંકર મહાત્મા છે, તેમને એવો કુયોગ કદી બનતો નથી. જૈનધર્મનો કર્મ સિદ્ધાન્ત પણ પ્રભુને એવા અશુભકર્મોનો ઉદય હોવાની ના પાડે છે. અને છતાં જૈનધર્મની વિશેષ ખૂબી એ છે કે, પ્રભુની ખરી ઓળખાણ તેમના ચેતનભાવો વડે જ થાય છે, ઉદયભાવો વડે નહિ.

✽ ✽ ✽

## ઓળખી લ્યો....આ મહાવીર–જીવનને !....અને પામો સમ્યક્‌ત્વને !

એકાકી વિચરતા જિનકલ્પી તીર્થંકર–મુનિરાજ મહાવીર નિજસ્વભાવના એકના જ આશ્રયે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં પરિણમતા હતા. તેઓ જાણતા હતા કે અત્યારે આ મારો આત્મા પોતે એકલો જ સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રભાવે થતો થકો પોતાના મોક્ષનો કર્તા થાય છે. અને પહેલાં જ્યારે સમ્યક્‌ત્વાદિરૂપે ન પરિણમતાં, અજ્ઞાનથી તે મિથ્યાત્વાદિ ભાવોરૂપે પરિણમતો હતો ત્યારે પણ તે પોતે જ પોતાના સંસારનો કર્તા થતો હતો. આ રીતે સંસાર અને મોક્ષ બંને ભાવોમાં પોતાનું સ્વાધીન–કર્તાપણું જાણીને, તેમણે પર સાથેના એકત્વનો અધ્યાસ છોડી દીધો હતો ને પોતાના આત્માના એકત્વને અનુભવતા થકા સ્વાધીનપણે પોતાના મોક્ષના જ કર્તા થતા હતા.


ભેદજ્ઞાનવડે મોક્ષમાર્ગમાં પ્રવેશેલા તે મુમુક્ષુ – મહાત્મા એમ જાણતા હતા કે–

✽ જ્યારે હું સંસારી હતો–અજ્ઞાની હતો ત્યારે પણ ખરેખર મારું કોઈ પણ ન હતું; ત્યારે પણ હું એકલો જ મારા મલિન–ચૈતન્યભાવ વડે કર્તા–સાધનાદિ થઈને સ્વભાવસુખથી વિપરીત એવા દુઃખફળને ઉપજાવતો હતો, તેમાં બીજું કોઈ મારું સંબંધી ન હતું.

✽ અને હવે, સાધકદશામાં જેને સુવિશુદ્ધ સહજ સ્વપરિણતિ પ્રગટ થઈ છે એવો હું એકાંતે મુમુક્ષુ છું. અત્યારે આ મુમુક્ષુ–સાધક–જ્ઞાનદશામાં પણ હું એકલો જ મારા સુવિશુદ્ધ ચૈતન્યભાવવડે કર્તા–સાધનાદિ થઈને, હું એકલો જ મારા સ્વભાવ વડે અનાકુળ સુખફળને ઉપજાવું છું. અત્યારે પણ ખરેખર મારું કોઈ પણ નથી, અને મોક્ષમાંય હું સાદિ–અનંતકાળ મારા એકત્વ સ્વરૂપમાં રહીને અતીન્દ્રિય આનંદમય જીવન જીવીશ.

—આ રીતે બંધમાર્ગમાં કે મોક્ષમાર્ગમાં, દુઃખમાં કે સુખમાં, સંસારમાં કે મોક્ષમાં આત્મા એકલો જ છે—એમ આત્માના એકત્વને જાણીને, તે એકત્વની ભાવનામાં તત્પર રહેનારા પ્રભુને, પર દ્રવ્યનો જરાય સંપર્ક ન રહેવાથી શુદ્ધતા હતી, તેમ જ કર્તા-કર્મ-કરણ-ફળ એ બધા ભાવોને એક અભેદ આત્મારૂપે ભાવતા—અનુભવતા હોવાથી પર્યાયોવડે ખંડિત થતા ન હતા એટલે સુવિશુદ્ધ જ રહેતા હતા; આત્માની પર્યાયોને આત્મદ્રવ્યમાં જ પ્રલીન કરીને સુવિશુદ્ધાત્માને ઉપલબ્ધ કરતા હતા. આ પ્રમાણે પોતાના આત્માને પરથી વિભક્ત કરીને સ્વતત્ત્વના એકત્વમાં જોડ્યો—તે જ શુદ્ધનય છે, તે જ શુદ્ધાત્માની ઉપલબ્ધિ છે, તે જ નિર્વાણનો માર્ગ છે, તે જ મહા અતીન્દ્રિયસુખ છે, અને એ જ મહાવીરનું જીવન છે.—અહો! આવા સ્વભાવરૂપે પરિણમેલું ચૈતન્યતત્ત્વ જગતમાં સર્વોત્કૃષ્ટ સુંદર વસ્તુ છે. ચૈતન્યતત્ત્વની સુંદરતા જ્યાં અનુભવાય છે ત્યાં જગતનો બીજો કોઈ પદાર્થ સુંદર લાગતો નથી, ક્યાંય સુખબુદ્ધિ થતી નથી, સર્વત્ર ઉદાસીનવૃત્તિ રહે છે.—આવી શાંત સહજ દશા પોતે આનંદરૂપ છે, ને તેમાં વીરનાથપ્રભુનો સાક્ષાત્કાર છે..અનંત સિદ્ધોનો સાક્ષાત્કાર છે..આત્માનો સાક્ષાત્કાર છે..ધન્ય દશા!

અહા, શુદ્ધજ્ઞાનસ્વરૂપના અનુભવથી ભરેલું, પ્રભુ મહાવીરનું જીવન કેટલું બધું સુંદર છે!! તે સદા વર્ધમાન છે—આત્મસાધનામાં વૃદ્ધિરૂપ છે. ન લલચાયા તેઓ સંસારના કોઈ વૈભવથી, કે ન ડર્યા તેઓ જગતની કોઈ પ્રતિકૂળતાથી. હા, તેઓ લલચાયા ખરા—ચૈતન્યના અતિન્દ્રિય આનંદના સ્વાદમાં; અને તેઓ ડર્યા—આ અસાર સંસારમાં ભવભ્રમણથી;.... છતાં તેઓ 'વીર' હતા, સમાન્ય વીર નહિ પણ મહાવીર હતા. આત્માની વીતરાગી વીરતા વડે કષાયશત્રુઓને જીતનારા તેઓ 'વિજેતા' હતા, જિન હતા. કેવળજ્ઞાન પામીને તેઓ જ્યારે ધર્મગર્જના કરશે ત્યારે તેમની વીરહાક સાંભળીને ગૌતમ—ઇંદ્રભૂતિ અને શ્રેણિક જેવા અનેક ભવ્યાત્માઓ ઝળકી ઊઠશે.



અહા, એ વીર—યોગીરાજની વીતરાગી વીરતા પાસે મોટા મોટા સમ્રાટોનું શિર પણ ઝુકી પડતું. એમની વીરતા કોઈ બીજાને દુઃખ દેવા માટે ન હતી; એ વીરતા તો અહિંસક હતી..નિર્વિકાર હતી. જગતમાં તો વીરયોદ્ધા ગણાતા ઘણા જીવો સુંદર સ્ત્રીના એક કટાક્ષ માત્રથી વિહ્વળ થઈને પરાજિત થઈ જાય છે, અથવા અપમાનના એક કડવા શબ્દનો પ્રહાર થતાં જ ક્રોધિત થઈ—હારિ જઈ ક્ષમા ભાવને ખોઈ બેસે છે. વાહ, તારી વીરતા! જોઈ લીધી તારી બહાદુરી!! આવા નજીવા આક્રમણથી જ રોઈ પડ્યો..તો મોહ સામેના મહાન યુદ્ધમાં કેવી રીતે ઊભો રહીશ! અરે, મોહ સામે લડવું ને મોક્ષનું રાજ્ય મેળવવું—એ તો વીતરાગી વીરોનું કામ છે....કાયરોનું નહીં. એ વીરતા જોવી હોય તો જોઈ લ્યો આ સામે ઊભેલા મહાવીરને! —તેઓ હમણાં જ ઉગ્ર પરાક્રમપૂર્વક મોહ સામે

લડીને તેનો સર્વનાશ કરી (સત્તાનાશ—સત્યાનાશ કરી) પોતાની ક્ષાયિક વિભૂતિથી ભરેલું કેવળજ્ઞાન—સામ્રાજ્ય જીતી લેશે. ધન્ય એની વીરતા!

આત્માના સાહજિક—રૂપને ધારણ કરનારા તે મુમુક્ષુવીર જાણતા હતા કે : હું કોઈ બીજાનો નથી અને જગતમાં મારા ચૈતન્ય સિવાય બીજું કાંઈ પણ મારું નથી. મારા આત્મીય ચૈતન્યસ્વરૂપ શુદ્ધદ્રવ્ય-શુદ્ધગુણ-શુદ્ધપર્યાય તે મારું સ્વ છે. મારા શુદ્ધ દ્રવ્યગુણપર્યાયરૂપ સ્વવસ્તુમાં હું વસનારો છું, તો મારો સ્વકીય પરિવાર છે; તેનો હું જ સ્વામી છું ને તે જ મારું સ્વ છે. —આમ શુદ્ધ—દ્રવ્ય—ગુણ—પર્યાયમાં પોતાને તન્મય અનુભવતા થકા તેઓ, વનજંગલ વચ્ચે કાંઈ એકાકી ન હતા પણ પોતાના ગુણ—પર્યાયના અનંત પરિવાર સહિત હતા. અને છતાં, તેમની અનુભૂતિમાં દ્રવ્ય—ગુણ—પર્યાયના અનંત પરિવાર સહિત હતા. અને છતાં, તેમની અનુભૂતિમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પણ ન હતા, એકત્વ હતું. બસ, આવી એકત્વ—અનુભૂતિ તે જ મોક્ષનો પંથ....તે જ મહાવીરનું જીવન....ને તે જ મહાવીરનું સ્વરૂપ.

મહાવીરના આવા સ્વરૂપને ઓળખતાં મુમુક્ષુના અંતરમાંથી પડઘા ઊઠે છે કે 'હે જીવ! સંસારની ચાર ગતિમાં અનંતકાળથી ભમતાં જેવું સુખ તને ક્યાંય ન મળ્યું તેવું અદ્‌ભુત અનુપમ સુખ ચૈતન્યની અનુભૂતિમાં તને ઢગલાબંધ વેદાશે..કેમ કે આત્મા પોતે અદ્‌ભુત સુખનો નિધિ છે.—તેનો નમૂનો જોવા હોય તો જોઈ લે આ મહાવીરને!

'આત્મા ચૈતન્યસત્તા છે. જે કોઈ ચૈતન્ય ગુણપર્યાયો છે તેમનાથી ભિન્ન આત્મસત્તા નથી, એક જ સત્ત્વ છે. સ્વાનુભૂતિ વખતે ગુણ—પર્યાયોના ભેદનો વિકલ્પ છૂટી જતાં તે તે ગુણ—પર્યાયો કાંઈ આત્માથી જુદા નથી પડી જતા; અનુભૂતિસ્વરૂપ આત્માં દ્રવ્ય—ગુણ—પર્યાયના ભેદ મટીને, ત્રણે સ્વરૂપથી અભેદ એવું એક જ્ઞાયકસ્વરૂપ પ્રસિદ્ધ અનુભવાય છે. ભેદો જેમાં સમાયેલા હોવા છતાં જે અભેદપણે અનુભવાય છે એવું અદ્‌ભુત અનેકાંતસ્વરૂપ આત્મતત્ત્વ છે.'—આવા અદ્‌ભુત આત્મતત્ત્વને પ્રભુ મહાવીર પ્રસિદ્ધ કરી રહ્યા છે. "વંદન હો એ વીરને!"

* * *

આવી મુનિદશામાં ઝુલતા પ્રભુમહાવીર ઉલ્લસતી આરાધનાપૂર્વક વિહાર કરતા કરતા ભારતભૂમિને પાવન કરી રહ્યા છે; કેવળજ્ઞાનની સાધના કરતાં—કરતાં એકવર્ષ—બે વર્ષ—ચાર વર્ષ—આઠ વર્ષ એમ વર્ષો પર વર્ષો વીતી રહ્યા છે, ને કેવળજ્ઞાન દિનપ્રતિદિન નજીક—નજીક આવી રહ્યું છે. એક વખત તેમણે એવો ઉગ્ર અભિગ્રહ ધારણ કર્યો કે દાસીના વેશમાં કોઈ માથું મુંડાવેલી સતી—રાજકુમારી આહાર આપે તો જ આહાર કરવો, સાથે બીજા પણ અનેક અભિગ્રહો હતા. આવા અભિગ્રહ સહિત વિચરતા—વિચરતા પ્રભુને દિવસો પર દિવસો વીતી રહ્યા છે, પણ ક્યાંય અભિગ્રહ પૂર્ણ થતો નથી ને આહાર વગર મહિનાઓ વીતી રહ્યા છે....છતાં વીર—મુનિરાજના મનમાં કોઈ જાતની આકુળતા નથી; સરસ આહાર મળો કે ઉપવાસ થાવ—બંનેમાં સમભાવ છે.... પ્રભુનો આહાર ન થતો હોવાથી નગરજનો ચિંતામાં છે. એમ ને એમ આહાર વિના પાંચ માસ તો વીતી ગયા.

'વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો....' એવી રીતે વિચરતાં–વિચરતાં વીરનાથ-સાધુ કૌશામ્બી નગરીમાં પધાર્યા. આખા નગરમાં એક જ ચર્ચા ચાલી રહી છે કે આહાર માટે રોજ રોજ નગરીમાં આવવા છતાં પ્રભુ મહાવીર કેમ આહાર નથી લેતા? એવો તે ક્યો અભિગ્રહ એમણે ધાર્યો હશે? કયા સુભાગી જીવને આ તીર્થંકર–મુનિના આહારદાનનો લાભ મળશે! અહા, એ જીવ કોઈ ભાગ્યવંત હશે કે જેના હાથે પોણા બસો દિવસના ઉપવાસ બાદ પ્રભુનું પારણું થશે.

* * *

## ચંદનાના જીવનના સુંગધી ચમકારા

આ બાજુ મહાવીરની માસી ચંદના, કે જેણે વીરકુમાર પાસેથી સમ્યગ્દર્શન ગ્રહણ કર્યું હતુ, તે પણ મહાવીરની જેમ લગ્ન ન કરવાનો નિશ્ચય કરીને વૈરાગ્યમય આત્મભાવનામાં જીવન વીતાવતી હતી, તે ચંદનાકુમારી એકવાર પોતાની સખીઓ સાથે નગર બહારના ઉદ્યાનમાં ક્રીડા કરી રહી હતી. ત્યાં એના ગુલાબીયૌવનથી આકર્ષાઈને એક વિદ્યાધર તેનું અપહરણ કરી ગયો; પણ પછી પોતાની સ્ત્રીના ડરથી તેણે ચંદનાને કૌશામ્બીના વનમાં છોડી દીધી, ક્યાં વૈશાલી.... ને ક્યાં કૌશામ્બી!– કૌશામ્બીના વનમાંથી વન-સરદારે તેને પકડી અને એક વેશ્યાને ત્યાં સોંપી દીધી. એક પછી એક અચાનક બની રહેલા આ બનાવોથી ચંદનાની મુંઝવણનો પાર નથી.... અરે, અચાનક આ શું બની રહ્યું છે! આવી અદ્‌ભુત સુંદરીને દેખીને વેશ્યા તો વિચારી રહી કે વાહ, આવી સુંદર તેજસ્વી સ્ત્રી કૌશાંબીના નગરજનોએ કદી જોઈ નથી. રૂપબજારમાં આને વેચીને હું ઘણું જ ધન કમાઈશ.–આમ વિચારીને તે વેશ્યા સતીચંદનાને વેશ્યાબજારમાં વેચવા લઈ ગઈ. અરેરે, આ સંસારમાં પુણ્ય–પાપની કેવી વિચિત્રતા છે કે વેશ્યાના હાથે એક સતી વેચાઈ રહી છે!! (પણ વાંચક! તું ગભરાઈ ન જતો.... કેમકે આવા પુણ્ય–પાપના ઉદયોની વચ્ચે પણ આત્માને તેનાથી જુદો રાખી શકે એવી જ્ઞાનચેતના, પ્રભુવીરના પ્રતાપે ચંદના પાસે વિદ્યમાન છે. ચંદનાની તે ચેતનાને ઓળખવાની તું કોશીષ કરજે.)

જ્યાંથી મહારાણી મૃગાવતી પોતે ચંદનાકુમારીની બહેન છે, એવી કૌશમ્બીનગરીના વેશ્યાબજારની વચ્ચે મહાવીરની માસી એક દાસી તરીકે વેચાઈ રહી છે.

વેશ્યા આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે કે કોઈ મોટો ગ્રાહક આવે તો આને વેંચીને ઘણું ધન કમાઈ લઉં.–એવામાં કુદરતયોગે એક મોટા સજ્જન શેઠ ત્યાંથી નીકળ્યા. બજાર વચ્ચે ઊભેલી ચંદનાનું રૂપ દેખીને તેઓ આશ્ચર્ય પામ્યા : અરે, રાજકુમારી જેવી આ કન્યા અહીં ક્યાંથી આવી હશે! ને દાસી તરીકે કેમ વેચાતી હશે! સંકટથી ઘેરાયેલી હોવા છતાં આત્મતેજથી ઝળકતી તેની મુદ્રા જોતાં શેઠને એમ લાગ્યું કે આ કોઈ સંસ્કારી ખાનદાનકૂળની કન્યા છે; એના મુખ પર કોઈ વિષયલાલસા નથી, છતાં ભરબજારમાં વેશ્યા તરીકે વેચાય છે,–તો જરૂર એમાં કાંઈક રહસ્ય છે. એ બાઈને હું દુઃખથી છોડાવું જેથી એ કોઈ દુષ્ટજીવના હાથમાં ફસાઈ ન જાય,–એમ વિચારી શેઠ તેની નજીક ગયા..ને ચંદનાના સંબંધમાં પૂછપરછ કરવા લાગ્યા.

એ શેઠને અહીં દેખીને નગરજનોના આશ્ચર્યનો પાર ન રહ્યો..અરે, નગરના મહાન સજ્જન ધર્માત્મા આ વૃષભદત્ત શેઠ.... અહીં વેશ્યા સાથે આ રૂપસુંદરીની પૂછપરછ કરે છે! શું વૃષભદત્ત જેવા

સજ્જન શ્રાવક પણ એનું રૂપ જોઈને ભાન ભૂલ્યા....ને મોહિત થઈ ગયા?–‘અસંભવ!’ –તો પછી શા માટે તેઓ અહીં આવીને વાત કરે છે! એમ લોકોમાં અનેક પ્રકારે કુતૂહલ ફેલાતું હતું શેઠ વૃષભદત્ત તો નજીક આવીને ચંદનાને જોઈ રહ્યા.... ચંદના અત્યંત ધીમા અવાજે કાંઈક બોલી રહી હતી....તેના હોઠમાંથી નીકળતા શબ્દો જરાક સાંભળ્યા....ત્યાં તો શેઠ ચોંકી ઊઠ્યા....‘અરિહંત...., અરિહંત....’ અરે, આ કન્યા તો ‘ણમોકાર’ મંત્ર જપી રહી છે.... જરૂર આ કોઈ ઉચ્ચ સંસ્કારી જૈન કન્યા છે–કે જે આવા ઘોર સંકટની વચ્ચે પણ નમસ્કારમંત્રને જપી રહી છે. ધન્ય છે એને!.... મારે કોઈ સંતાન નથી તો હું આને મારે ઘેર લઈ જાઉં ને મારી પુત્રી તરીકે એનું પાલન કરીશ–આમ વિચારી શેઠે તેને ખરીદી લેવા નિશ્ચય કર્યો....ને વેશ્યાને મોં માંગી સોનામહોરો આપીને ચંદનાને લઈ લીધી. ધન્ય એનું ધર્મવાત્સલ્ય!

ઘરમાં પ્રવેશ કરતાં શેઠે કહ્યું : પુત્રી! તું કોઈ ઉચ્ચ ખાનદાન કન્યા છો; તારી ચેષ્ટા, તારી નિર્વિકારી આંખો, તારા વસ્ત્રો–એ બધું તારી ખાનદાનીને પ્રસિદ્ધ કરે છે. બેટી, તું નિર્ભય રહેજે. હું તીર્થંકરપ્રભુનો અનુયાયી જૈન–શ્રાવક છું....તું મારી પુત્રી છો.

અહા, દાસી તરીકે વેચાણી પણ પોતે એક સજ્જન જૈન–શ્રાવકના ઘરે આવી છે તે જાણીને ચંદનાનું મન સંતુષ્ટ થયું; તેને એવો હર્ષ થયો–જાણે તે મહાવીરની મંગલ છાયામાં જ આવી હોય! અને તેનું હૃદય પોકારી ઊઠ્યું–‘જૈનધર્મ વગરનું ચક્રવર્તીપદ પણ ભલું નથી; ભલે દરિદ્ર–દાસીપણું હોય પણ જો જૈનધર્મમાં વાસ હોય તો તે સારું છે.’ આવી વિકટ પરિસ્થિતિમાં પણ એને યાદ આવે છે–વીરકુંવર સાથેની મહાન તત્ત્વચર્ચા....અને યાદ આવે છે–એ અપૂર્વ ક્ષણ કે વીરકુંવરના માર્ગદર્શનથી જ્યારે પોતે નિર્વિકલ્પ આત્મઅનુભૂતિ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. અનુકૂળ–પ્રતિકૂળ પ્રસંગોથી ઘેરાઈ જાય ને આત્માને ભૂલી જાય–એવી કોઈ સાધારણ સ્ત્રી તે નથી; એ તો ચૈતન્યતત્ત્વને જાણનારી, મોક્ષની સાધિકા છે. એની જ્ઞાન-ચેતના આવી પ્રતિકૂળતામાંય જરાય ઘેરાતી નથી, છૂટી ને છૂટી જ રહે છે. રાજપુત્રીપણું કે દાસીપણું, સત્કાર કે તીરસ્કાર, એ બધાયથી ચંદનાની ચેતનાનો ચમકાર જુદો ને જુદો રહે છે. વાહ, ધન્ય ચંદના!....ધન્ય તારી ચેતનાનો ચમકાર!

‘અરે, એક મુમુક્ષુ–ધર્માત્મા–રાજકુમારી અત્યારે દાસી તરીકે પારકા ઘરે સેવા કરી રહી છે. શેઠ–શેઠાણીને નથી ખબર કે આ દાસી કોણ છે? અરે, આ દાસી તો જગતના પરમેશ્વરની માસી છે, ધર્મનું એક રત્ન છે, ભારતના શ્રાવિકાસંઘની શિરોમણિ છે અને આ કૌશામ્બીનગરીના મહારાણીની લાડકી બહેન છે. અત્યારે કર્મોદયવશ તે દાસી બની છે, છતાં સાથે એવો પુણ્યયોગ છે કે દાસીપણું પણ વૃષભદત્ત શેઠ જેવા એક સજ્જન–ધર્માત્માને ત્યાં મળ્યું–કે જ્યાં પોતાના શીલ–ધર્મની રક્ષા સુગમ બની.

પણ, રૂપ-રૂપના ભંડાર જેવી ચંદનાને દેખીને શેઠાણીને સંદેહ થયો કે–મારે કોઈ પુત્ર નથી તેથી શું શેઠ મને તરછોડીને આ ચંદનાને મારી શોક્ય બનાવશે! નહીંતર આ ઘરમાં બીજા દાસ–દાસીઓનો ક્યાં તૂટો હતો કે આને લઈ આવ્યા? બ્રહ્મચારીબહેન ચંદના બધું જાણે છે..ધૈર્યથી સહન કરે છે; શેઠાણી પ્રત્યે પણ દ્વેષભાવ આવવા દેતી નથી; વીરનાથે બતાવેલા ચૈતન્યતત્ત્વને યાદ કરતાં દાસીપણાનું દુઃખ ભૂલાઈ જાય છે, ને જગથી ઉદાસી થઈને તે જાણે છે કે હું તો ચૈતન્યની મહાન સ્વાધીન વિભૂતિથી

ભરપૂર છું....આ તો બધી પૂર્વકર્મોની છૂટવા માટેની ચેષ્ટા છે. પ્રભુ મહાવીરના પ્રતાપે મારી જ્ઞાનચેતના હવે કર્મોથી છૂટી ને છૂટી રહીને મોક્ષમાર્ગને સાધ્યા કરે છે....

એક દિવસે શેઠ બહારથી થાકીને આવ્યા; શેઠાણી તે વખતે બહાર ગયા હતા, કોઈ નોકર–ચાકર હાજર ન હતા....એટલે હંમેશના રીવાજ મુજબ શેઠના પગ ધોવા માટે ચંદના પાણી લઈ આવી....અને પિતાજીના પગ ધોવા લાગી. પગ ધોતાં ધોતાં તેનાં સુંવાળા વાળનો ચોટલો વીખરાઈને જમીન પર ધૂળવાળો થવા લાગ્યો એટલે શેઠે નિર્દોષ વાત્સલ્યથી પુત્રીના વાળ હાથ વડે ઊંચા કર્યા. બરાબર એ જ વખતે સુભદ્રા શેઠાણી ઘરમાં આવી પહોંચ્યા ને શેઠના હાથમાં ચંદનાનો ચોટલો દેખીને ક્રોધથી તેની આંખ ફાટી ગઈ; તેને થયું કે મારી ગેરહાજરીમાં આ બંને એક બીજાને પ્યાર કરે છે. બસ, તેના સન્દેહનું ભૂત પરાકાષ્ટાએ પહોંચ્યું. ને કોઈ પણ હિસાબે ચંદનાનો કાંટો ઘરમાંથી કાઢી નાંખવા તેણે નિશ્ચય કર્યો....રે દૈવ! તારા ભંડારમાં શું શું ભર્યું છે!!

**જિજ્ઞાસુ વાંચક! તમે નીરાશ થશો નહિ. કર્મોદયની અને ધર્મીજીવના પરિણામોની વિચિત્રતા કોઈ અનેરી–અટપટી છે. આવો કર્મોદય પણ ચંદનાને કેવા સુંદર પ્રસંગનું કારણ બની જાય છે! તે આગળ જતાં થોડા જ વખતમાં તમને દેખાશે. કર્મોદયમાં ગભરાઈ જવું તે ધર્મીનું કામ નથી, તે વખતેય પોતાની ધર્મસાધનામાં બરાબર લાગ્યા રહેવું તે ધર્મીનું ચિહ્ન છે, ને તે જાણે છે કે–**

કર્મો તણો જે વિવિધ ઉદય વિપાક જિનવર વર્ણવ્યો,
તે મુજ સ્વભાવો છે નહિ; હું એક જ્ઞાયક ભાવ છું.
સૌ જીવમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું હું સમાધિની.

આ બાજુ શેઠાણી સુભદ્રા ભયંકર વેરબુદ્ધિથી ચંદના સામે બદલો લેવા તત્પર બની છે; એક દિવસ શેઠ બહારગામ ગયેલા, ત્યારે શેઠાણીએ ચંદનાને એકાંતમાં બોલાવીને તેના સુંદર વાળ કાપી, માથે મુંડો કરી નાંખ્યો. અરે, અત્યંત રૂપવંતી રાજપુત્રીને કદરૂપી કરી નાંખવા પ્રયત્ન કર્યો....એટલેથી જ તેની દાઝ ન ઊતરી....તેણે ચંદનાના હાથ–પગ સાંકળથી બાંધીને ઘરના ભંડકમાં પૂરી દીધી; ઉપરથી અનેક મેણાં સંભાળાવ્યા....ખાવાનું પણ ન આપ્યું. અરે, માથે મુંડાયેલી ને બેડીથી બંધાયેલી નિર્દોષ, સ્વાનુભવી રાજકુમારીની એ વખતે કેવી દશા હશે! આંખમાં તો આંસુડા ઉભરાય છે. હૈયામાં યાદ આવે છે વીરનાથ! વિશ્વાસ છે કે મારા મહાવીર સંકટમાં દર્શન દેવા જરૂર પધારશે....જે મહાવીરે સમ્યક્ત્વ આપીને ભવબંધનથી મને મુક્ત કરી તે જ મહાવીર દર્શન દઈને મને આ બેડીના બંધનથી પણ મુક્ત કરશે. આમ વીરપ્રભુની મધુર સ્મૃતિમાં તલ્લીન થતાં તે ભૂખ–તરસને ભૂલી જતી, બેડીના બંધનનેય ભૂલી જતી,....ક્ષણભર તેનો આત્મા મુક્તપણે કોઈ દેહાતીત અગમ્ય ભાવમાં ઝૂલી લેતો હતો....

એ સ્થિતિમાં એક દિવસ વીત્યો....રાત વીતી....બીજો દિવસ વીત્યો....શેઠ ન આવ્યા.. ત્રીજો દિવસ વીત્યો....શેઠ હજી ન આવ્યા....ત્રણ દિવસ ચંદનાને ઉપવાસ થયા, અઠ્ઠમ તપ થઈ ગયો....ત્રણ

ત્રણ દિવસથી ઓરડીમાં પુરાયેલી ને બેડીથી બંધાયેલી રાજકુમારી ખાધા–પીધા વગર એકલી–એકલી જીવનના કડવાં–મીઠાં સંભારણાં યાદ કરે છે : પ્રભુ મહાવીરને ક્ષણ ક્ષણ યાદ કરતી, સમ્યક્ત્વનો મધુર સ્વાદ લઈ લઈને જીવી રહી છે. હવે કાં તો પ્રભુના દર્શન અને કાં તો સમાધિમરણ....

આવા વિચાર કરતાં કરતાં ને પ્રભુદર્શનની ભાવના ભાવતાં ભાવતાં ત્રણ દિવસ વીત્યા ચોથા દિવસે સવારમાં શેઠ બહારગામથી આવ્યા. ઘરમાં બધું વાતાવરણ એકદમ સૂનુંસૂનું બેચેન લાગતું હતું; ચંદના ક્યાંય દેખાતી ન હતી....'ચંદના બેટી ચંદના !' શેઠે ઘરમાં સાદ પાડ્યો, પણ ક્યાંયથી જવાબ ન મળ્યો. શેઠ ચિંતામાં પડી ગયા, તેને અનેક શંકાઓ થવા લાગી....અરે, ચંદના ગઈ ક્યાં ? એ નિર્દોષબાળા કોઈ ખોટું કામ કરે નહિ, મને કે શેઠાણીને પૂછ્યા વગર તે ક્યાંય જાય નહિ.... તો થયું શું ? તે ગઈ ક્યાં ? શેઠાણી કહે છે–હું કાંઈ જાણતી નથી; દાસદાસી કોઈ કાંઈ બોલતું નથી.. શેઠ વ્યાકુળ થયા.... પ્રાણથી પણ અધિક વ્હાલી મારી પુત્રી ક્યાં ગઈ ?? અંતે ગદગદિત થઈને એક વૃદ્ધ દાસીને પૂછ્યું બહેન ! ચંદના ક્યાં છે ? તમે બધા ઉદાસ કેમ છો ? દાસીએ કાંઈ જવાબ તો ન આપ્યો..પણ શેઠ સામે જોઈને તેની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યા.... એક મોટા નિશ્વાસપૂર્વક ભંડકિયા તરફ નજર કરીને તે ચાલી ગઈ....

શેઠ સમજી ગયા કે કોઈ ગંભીર બનાવ બન્યો છે.... તરત ભંડકિયા તરફ જઈને બારીમાંથી જોયું તો અંદર ચંદના બેઠી છે બહાર તાળું છે.... અંદર બેઠી બેઠી ચંદના પંચપરમેષ્ઠીના જાપ જપી રહી છે.... માથું મુંડાયેલું છે. વાળ વગરનું એનું કદરૂપ જોઈને અને વળી હાથપગમાં બેડીનાં બંધન દેખીને શેઠથી રહેવાયું નહીં, તેની રાડ ફાટી ગઈ–અરે બેટી ચંદના ! તારા આ હાલ !! અને છતાં મોઢામાંથી એક ઊંકારો પણ કરતી નથી ? અરે, કયા દુષ્ટે તારા આવા હાલ કર્યા ?

ચંદના કાંઈ બોલી નહીં.... માત્ર પ્રેમભરી આંખે નિઃસ્તબ્ધપણે શેઠ સામે જોઈ રહી,–જાણે એ અમીભરી આંખો વડે શેઠને શાંતભાવ રાખવા કહેતી હોય.

શેઠે તરત દરવાજા ખોલી નાંખ્યા ને બેડીનાં બંધન તોડવા લુહારને બોલાવવા પોતે જ દોડ્યા... જતાં જતાં, તાજા બાફેલા અડદ અને ઉકાળેલું પાણી ચંદનાને અઠ્ઠમના પારણા માટે આપતા ગયા.

પણ ત્રણ દિવસની ઉપવાસી ચંદના તો વિચારે છે : અરે, મારા વીરપ્રભુ અનેક મહિનાઓના ઉપવાસી, તેઓ જો પધારે તો તેમને પારણું કરાવીને પછી હું પારણું કરું.–આમ અંતરની ઊંડી-ઊંડી ભાવના ભાવી રહી છે. અને **જીવની જે ખરેખરી ભાવના હોય તેનું ફળ આવ્યા વગર રહે જ નહિ;** જો જીવની ભાવનાનું ફળ ન આવે તો આખું જગત શૂન્ય થઈ જાય. જેને આત્માની ભાવના હોય તેને આત્મા મળે જ. આત્માની સાચી ભાવનાવાળાને પણ જો આત્માનું સુખ ન મળે તો આત્મતત્ત્વ જ શૂન્ય થઈ જાય,–તેનું અસ્તિત્વ જ સાબિત ન થાય. જો પાપીજીવના પાપભાવનું ફળ ન હોય તો નરકગતિ જ શૂન્ય થઈ જાય; જીવના પુણ્યભાવનું ફળ ન હોય તો જગતમાં દેવગતિ જ શૂન્ય થઈ જાય; જીવની રત્નત્રયભાવાનાનું ફળ ન હોય તો સિદ્ધગતિ જ શૂન્ય થઈ જાય. આ રીતે જીવના અશુભ-શુભ કે શુદ્ધભાવોનું ફળ જો ન હોય તો સંસારની ચારગતિ કે સિદ્ધગતિ જ ન રહે, એટલે જગતને શૂન્ય થઈ જવું પડે.–પણ ના; સાચી ભાવનાનું ફળ આવે જ છે.... ભાવના ફળ્યા વગર રહેતી નથી. દેખો, આ

બાજુ ચંદના ઉત્તમ ભાવનાઓ ભાવી રહી છે.. કે વીરપ્રભુ પધારે....ને આહારદાન કરું....! બરાબર એ જ વખતે–

પ્રભુ મહાવીર પધાર્યા કૌશામ્બી નગરીમાં....
પ્રભુ મહાવીર પધાર્યા ચંદનાને બંધનથી છોડાવવા.

પાંચ માસ ને પચ્ચીસ દિવસના ઉપવાસથી પ્રભુ મહાવીર આહાર માટે નગરીમાં પધાર્યા છે. એમનું શરીર નિર્બળ નથી થયું, એમની મુદ્રા ઝાંખી નથી પડી; ઊલટું તપના દિવ્ય તેજથી ચમકી રહી છે; એમના ચૈતન્યનું પ્રતપન કોઈ અનેરું છે. આવા પ્રભુ વીરમુનિરાજ વૃષભદત્ત શેઠના ઘર તરફ આવી રહ્યા છે.... ચંદનાએ દૂરથી પ્રભુને પોતાના ઘર તરફ આવતા દેખ્યા અને એના રોમેરોમ, પ્રદેશેપ્રદેશ હર્ષાનંદથી.... ભક્તિથી.... આશ્ચર્યથી ઉલ્લસી ગયા.... **'પધારો પ્રભુ પધારો!'** પ્રભુ નજીક પધાર્યા.... અને હર્ષઘેલી ચંદના પ્રભુને સત્કારવા આગળ વધી.... આશ્ચર્ય! એનાં બધા બંધન તૂટી ગયા હતા, શિર પૂર્વવત સુંદર વાળથી શોભી રહ્યું હતું–

ભા રહી થી ભાવના આહાર દેને કે લિયે....
બેડી તૂટી ચંદનાકી વીરકે દરશન સે....

એકદમ આખું વાતાવરણ પલટી ગયું. બંધનમુક્ત ચંદનાનું લક્ષ તો પ્રભુમાં જ લાગેલું હતું. બંધન હતું ને તૂટી ગયું–તેનું તેને લક્ષ નથી.... જેમ સ્વાનુભૂતિ વખતે મુમુક્ષુસાધકને બંધ–મોક્ષનું લક્ષ રહેતું નથી.... છતાં તેનાં બંધન તૂટી જાય છે.. આત્મદર્શનમાં મસ્ત સાધકને મોહનાં બંધન અચાનક જ તૂટી જાય છે.... તેમ પ્રભુદર્શનમાં મસ્ત ચંદનાને બેડીનાં બંધન તૂટી ગયા.... આનંદથી તે દ્વાર પર આવી, પ્રભુને પરમ ભક્તિભાવે વંદન કરીને પડગાહન કર્યું : અહો પ્રભો! પધારો.... પધારો.... પધારો....

વીરપ્રભુની મીઠી નજર ચંદના પર પડી....અને ચંદના તો જાણે કૃતાર્થ થઈ ગઈ.... 'લોકો મને નથી ઓળખતા પણ મારા મહાવીર તો મને ઓળખે છે.' પ્રભુના દર્શન પામીને જીવનના બધા દુઃખો તે ભૂલી ગઈ.... ભક્તિપૂર્વક વીરમુનિરાજને આહાર માટે નિમંત્રણ કર્યું....ક્ષણભર પ્રભુ ત્યાં ઊભા રહી ગયા....અને જોયું....દાસીના રૂપમાં ત્રણ દિવસની ઉપવાસી રાજકુમારી આહારદાન માટે ઊભી છે.... બીજા પણ અનેક અભિગ્રહો પૂરા થઈ ગયા....અને ૧૭૫ દિવસના ઉપવાસી તીર્થંકર મુનિરાજે ચંદનાના હાથે પારણું કર્યું. ચંદનાએ જેવું આહારદાન પ્રભુના હાથમાં દીધું કે દાતા અને પાત્ર બંનેના દૈવી પુણ્ય–પ્રભાવે તેનું ઉત્તમ ખીરરૂપ પરિણમન થઈ ગયું. ઉત્તમ ખીરથી વિધિપૂર્વક પ્રભુનું પારણું થતાં જ ચારેકોર આનંદ–મંગળ છવાઈ ગયા; દેવો આકાશમાં જયજયકાર તથા રત્નવૃષ્ટિ કરવા લાગ્યા, દેવદુંદુંભી વાગવા માંડ્યા. આખી કૌશમ્બી નગરીમાં આશ્ચર્ય ફેલાઈ ગયું કે અરે, આ શેનો ઉત્સવ છે!! અને જ્યારે તેઓએ જાણ્યું કે આજે વીરમુનિરાજે પારણું કર્યું....તેમના આહારદાનની ખુશાલીમાં દેવો આ મહોત્સવ કરી રહ્યા છે....તે જાણીને નગરજનોમાં સર્વત્ર હર્ષાનંદ છવાઈ ગયો....

મુનિરાજ મહાવીર રોજરોજ નગરીમાં પધારતા અને આહાર કર્યા વગર પાછા જતા....તે પ્રભુએ આજે આહાર ગ્રહણ કર્યો....એ સાંભળીને જનતાનો સમૂહ હર્ષભેર જોવા દોડ્યો કે અહો, ક્યા

ભાગ્યવાન આત્માના હાથે પ્રભુએ પારણું કર્યું? ચાલો, એનાં દર્શન કરીએ ને એને અભિનંદન દઈએ....! —લોકોએ જઈને જોયું કે વૃષભદત્ત શેઠની એક દાસીના હાથે પ્રભુએ પારણું કર્યું.—ત્યારે તેઓ ખૂબ આશ્ચર્ય પામ્યા....અરે, એ લોકોને ક્યાં ખબર હતી કે આ દાસી નહિ પણ વીરની માસી છે.... વીરપ્રભુની શ્રેષ્ઠ ઉપાસિકા છે....પ્રભુને પારણું કરાવીને ચંદના ધન્ય બની....આહારદાન પૂર્ણ થતાં એ વીર યોગીરાજ તો જાણે કાંઈ જ બન્યું ન હોય તેમ નિર્વિકલ્પ આત્મસાધનામાં તલ્લીન બન્યા....વનમાં જઈને ધ્યાનસ્થ થયા....જ્યાં સુધી પ્રભુ દેખાયા ત્યાં સુધી તો ચંદના એકીટશે પ્રભુને જોઈ રહી....આકાશમાંથી દેવો અને પૃથ્વીપર જનસમૂહ ચંદનાને ધન્યવાદ આપીને તેની પ્રશંસા કરતા હતા....પણ ચંદના તો જાણે આખા જગતને ભૂલીને, સમસ્ત પરભાવોથી પાર ચૈતન્યતત્ત્વના નિર્વિકલ્પ ધ્યાન માટે શાંતિથી બેઠી હતી....એની ગંભીરતા કોઈ અનેરી હતી.

આ બાજુ વૃષભદત્ત શેઠના ઘરે વીર મુનિરાજના આહારનો પ્રસંગ બનતાં આનંદ–મંગળ છવાઈ ગયું છે....ત્યારે શેઠ પોતે લુહારને બેડીનાં બંધન કાપવા માટે તેડવા ગયેલા, તે પાછા ફરી રહ્યા હતા.... રસ્તામાં આનંદનો મોટો કોલાહલ દેખીને લોકોને પૂછ્યું—આ બધું શું છે! શેનો છે આટલો બધો હર્ષમય ખળભળાટ!

ત્યારે નગરજનો કહેવા લાગ્યા : અરે, અરે શેઠ! તમારા ભાગ્ય ખુલી ગયા....તમારા આંગણે તો મહાવીર મુનિરાજનું પારણું થયું. પાંચ માસ ને પચ્ચીસ દિવસના ઉપવાસ બાદ પારણાનો ધન્ય અવસર તમારા ઘર આંગણે ચંદનાના હાથે બન્યો....તેનો આ ઉત્સવ ઉજવાય છે....દેવો પણ આવીને તમારા આંગણામાં રત્નવૃષ્ટિ અને જયજયકાર કરી રહ્યા છે.

શેઠ તો આશ્ચર્યચકિત થઈને દોડ્યા....હર્ષાનંદનો સ્વયંભૂરમણ–સમુદ્ર તેમના હૃદયમાં ઉછળવા લાગ્યો... શું બન્યું! કઈ રીતે બન્યું!! ચંદનાની બેડીના બંધન કેવી રીતે તૂટી ગયા? અને એણે પ્રભુને પારણું શેનાથી કરાવ્યું??—એવા બધા પ્રશ્નો હર્ષના સ્વયંભૂદરિયામાં ડુબી ગયા....તેઓ જલ્દી ઘરે પહોંચ્યા....આખું વાતાવરણ પલટી ગયું હતું. ક્યાં ઘડી પહેલાંનું ગમગીન વાતાવરણ....ને ક્યાં અત્યારનું ઉલ્લાસભર્યું વાતાવરણ!! ચંદનાનું અદ્ભુત રૂપ પહેલાં કરતાંય વધુ સુંદર દેખીને તેઓ આશ્ચર્ય પામ્યા ને હર્ષથી બોલી ઊઠ્યા—વાહ બેટી ચંદના! તને ધન્ય છે....તેં મારા ઘરને ઉજ્જ્વળ કર્યું....કૌશામ્બી નગરીની શોભા તેં વધારી....તને પામીને અમે ધન્ય બન્યા....તું તો દેવી છો.... અરેરે, અમે તને અત્યાર સુધી ઓળખી નહિ ને તારી પાસે દાસીપણું કરાવ્યું! બેટી, અમારા અપરાધની ક્ષમા કર. તું દાસી નથી, તું તો જગતપૂજ્ય માતા છો!

ચંદનાએ કહ્યું —પિતાજી, એ વાત ભૂલી જાઓ....મારા ઉપર તમારો ઘણો ઉપકાર છે....તમે જ મને સંકટમાં શરણ આપીને મારી રક્ષા કરી છે....

આ બધો આશ્ચર્યકારી બનાવ દેખીને શેઠાણી સુભદ્રા તો દિગ્મૂઢ બની ગઈ....તેને અપાર પશ્ચાત્તાપ થયો; ને ચંદનાને પગે પડીને તે માફી માંગવા લાગી—બેટી, મેં તને ઓળખી નહિ, મેં પાપિણીએ તને બહુ દુઃખ દીધું....મને ક્ષમા કર.

ચંદનાએ તેનો હાથ પકડીને કહ્યું—માતા! બધું ભૂલી જાઓ.... મારા જ કર્મોદયથી આ બધું

બની ગયું–પણ પ્રભુ મહાવીરની મંગલ પધરામણીથી આપણું ઘર પાવન થયું ને આપણે સૌ ધન્ય બન્યા!–જાણે પ્રભુ મહાવીરનો અભિગ્રહ પૂરો થવા માટે જ આ બધું બની ગયું!

આત્મમંથન કરતી ચંદના વિચારે છે કે અહા, એક આહારદાનની ભાવનાથી મારા આ બેડીનાં બંધન તૂટી ગયા....તો પરમ ચૈતન્યની નિર્વિકલ્પ ભાવનાથી ભવનાં બંધન તૂટી જાય તેમાં શું આશ્ચર્ય!! આત્મભાવનાથી મારા ભવબંધનને પણ હું અલ્પકાળમાં જરૂર તોડી નાંખીશ. મહાવીર પ્રભુના દર્શનમાત્રથી મારા બાહ્યબંધન તૂટ્યા, તો અતંરમાં ચૈતન્યપ્રભુના દર્શનથી ભવબંધન પણ તૂટવાને હવે શી વાર?

**(શાસ્ત્રકાર પ્રમોદથી કહે છે : વાહ રે વાહ, ચંદનાબહેન! ધન્ય તમારું જ્ઞાન, ધન્ય તમારું શીલ! ધન્ય તમારું ધૈર્ય ને ધન્ય તમારી ભાવના! તમે મહાન છો. પ્રભુ મહાવીર જ્યારે સર્વજ્ઞ થશે ત્યારે તેમના ધર્મદરબારમાં, ૧૪૦૦૦ મુનિઓના નાયકપણે ગણધર–ગૌતમ સ્વામીનું જેવું સ્થાન હશે, તેવું જ ૩૬૦૦૦ આર્જિકાઓની વચ્ચે તમારું સ્થાન હશે. હૃદયમાં પરમ હર્ષ અને વાત્સલ્ય ઉભરાય છે–તમારું આવું ઉત્તમ જીવન જાણીને.)**

આખી કૌશામ્બી નગરી ઉમટી રહી છે–મહાવીરમુનિને પારણું કરાવનાર એ ચંદનાદેવીના દર્શન માટે....ને તેને અભિનંદવા માટે. અહા, અમે જેને અત્યારસુધી દાસી સમજતા હતા તે તો કોઈ ભગવતી દેવી નીકળી. એણે વીરપ્રભુને પારણું કરાવીને આપણી કૌશામ્બીનગરીની આબરૂ વધારી ને તેને વિશ્વમાં પ્રસિદ્ધ કરી દીધી. આપણી નગરીમાં વીરપ્રભુને આહારદાન ન થાય એ એક કલંક લાગતું હતું; આજે આહારદાન કરીને ચંદનાએ એ કલંક મટાડ્યું. ઘણાને આશ્ચર્ય થતું હતું કે આહારદાન બીજા કોઈને હાથે નહિ ને એક દાસીના હાથે થયું!

(અરે નગરજનો! કલંક તમારી નગરીમાં ચંદના જેવી સતીઓ દાસી તરીકે ગુલામ તરીકે વેચાણી તેનું હતું; પ્રભુ મહાવીરે તે દાસીના જ હાથે પારણું કરીને એ કલંક મટાડ્યું.... દાસીપ્રથા દૂર કરી.... મનુષ્ય મનુષ્યને વેચે એ કલંક દૂર કર્યું. અને એ પણ પ્રસિદ્ધ કર્યું કે ધર્મસાધનામાં ધનવંત હોવાનું કોઈ મહત્ત્વ નથી....સદ્‌ગુણોનું મહત્ત્વ છે.)

સૌ નગરજનોને પ્રશ્ન ઊઠવા માંડ્યા–'આ ચંદના દેવી કોણ છે? ક્યાંની છે? દેખાય છે તો કોઈ પુણ્યાત્મા....' એમ સૌ તેનો પરિચય જાણવા ખૂબ આતૂર બન્યા....એવામાં રાજ્યની મહારાણી મૃગાવતી પોતાની નગરીમાં વૃષભદત્ત શેઠને ત્યાં મહાવીર મુનિરાજનું પારણું થયાના સમાચાર સાંભળીને હર્ષભરી ત્યાં દોડી આવી....અને આવીને, 'કોણે પારણું કરાવ્યું' એ જુએ છે....ત્યાં તો....એકદમ ચોંકી ઊઠી....અરે! આ કોણ? આ તો મારી નાની બહેન ચંદના! અરે ચંદન....ચંદન! તું અહી ક્યાંથી? એમ કહેતી એકદમ તેને ભેટી પડી. –અદ્‌ભુત હતું એ દૃશ્ય!

બંને બહેનોનું મિલન દેખીને, અને ચંદના તો આ મહારાણી મૃગાવતીની બહેન–વૈશાલીની રાજકુમારી છે–એ જાણીને તો નગરજનો આભા જ બની ગયા ને એકબીજા સામે આશ્ચર્ય વ્યક્ત કરવા લાગ્યા : અરે, આ દાસી નહિ, આ તો મહાવીર પ્રભુની માસી! શેઠ–શેઠાણી પણ ચકિત બની ગયા... અને તેમને ભય લાગ્યો કે અરેરે, આ રાજકુમારી પાસે દાસીપણું કરાવ્યું તેથી અમને રાજમાતા કોણ

જાણે કેવી મોટી શિક્ષા કરશે! અમારું સર્વસ્વ લૂંટી લેશે.... અમને નગર બહાર કાઢી મુકશે....' ચંદના તેમનો ભય સમજી ગઈ; તરત જ તેણે રાજમાતા સમક્ષ તે શેઠ–શેઠાણીને પોતાના માતા–પિતા તરીકે ઓળખાવીને કહ્યું–દીદી! સંકટ સમયે આમણે જ માતા–પિતાની જેમ મારી રક્ષા કરી છે; મારા પર તેમનો ઉપકાર છે.... તેમના પ્રતાપે જ મને આ લાભ મળ્યો છે.

શેઠ–શેઠાણી ચંદનાનો વિવેક, ક્ષમા ને ઉદારતા દેખીને ગદ્‌ગદ્ થઈ કહેવા લાગ્યા : અહો માતા! અમારા ઘરમાં આવું અમૂલ્ય રત્ન હતું પણ અમે એને ઓળખી ન શક્યા....તે ઘણી વાર ઉત્તમ ચર્ચા–વાર્તા કરતી પણ અમને ખબર પડવા ન દીધી કે પોતે રાજપુત્રી છે. ધન્ય એની ગંભીરતા! એના પુણ્યપ્રતાપે તો અમારા આંગણે વીરપ્રભુનું આગમન થયું ને તેમનું પારણું થયું. ધન્ય અમારા ભાગ્ય! ચંદનાની ઉત્તમ ભાવનાનો તે પ્રતાપ છે.–બેટી ચંદના! અમને ક્ષમા કરજે....

વીરપ્રભુને પારણું કરાવ્યા બાદ ચંદનાએ પણ આનંદથી અઠ્ઠમતપનું પારણું કર્યું.... ત્યારબાદ રાણી મૃગાવતીએ કહ્યું–બહેન ચંદના! ચાલ મારી સાથે, રાજમહેલમાં આનંદથી રહેજે.

પરમ વૈરાગ્યથી ચંદનાએ કહ્યું : અરે બહેન! આ સંસારમાં આનંદ કેવો? સંસારની અસારતા જોઈ લીધી. હવે આ સંસારથી બસ થાઓ. હવે તો હું મહાવીર પ્રભુના માર્ગે જઈશ ને આર્જિકા બનીને તેમના સંઘમાં રહીશ.

'તારી ભાવના ઉત્તમ છે–બહેન!' પણ હજી મહાવીરપ્રભુ તો મુનિદશામાં વિચરે છે, મૌન જ રહે છે, કોઈને દીક્ષા દેતા નથી. પ્રભુ જ્યારે કેવળજ્ઞાન પામે ત્યારે તેમની ધર્મસભામાં આપણે બંને સાથે જ જઈશું.... ને આર્જિકાવ્રત ધારણ કરીને ત્યાં પ્રભુચરણમાં જ રહીશું. ત્યાં સુધી ધીરજ રાખીને ઘરમાં જ ધર્મધ્યાન કર.... ને અમને પણ સત્સંગનો લાભ આપ. તું કૌશામ્બીમાં આટલો વખત રહી, તારા માથે આવા સંકટ આવ્યા.... છતાં અમને ખબરે ન પડી!

ચંદનાએ કહ્યું–બહેન! કર્મની વિચિત્રતા એવી છે.... અને મને કાંઇ એકલું સંકટ થોડું આવ્યું છે?—જાુઓ ને, આજે વીરપ્રભુના દર્શન અને આહારદાનનો આવો મહાન લાભ મળ્યો તે શું ઓછા ભાગ્યની વાત છે! સંસારમાં સર્વે જીવોને અશુભ ને શુભ, શોક ને હર્ષના પ્રસંગો તો બન્યા જ કરે છે–પણ–

**હર્ષ ખેદથી પાર જે એવો જ્ઞાનસ્વભાવ,**
**તે સ્વભાવને સાધતાં ભવનો પાર પમાય.**

મૃગાવતી : સાચી વાત છે, બહેન! એકકોર તારું દાસીજીવન દેખીને શોક, ને બીજીકોર તારા જ હાથે વીરપ્રભુનું પારણું દેખીને હર્ષ,–આમ હર્ષ ને શોક બંને એક સાથે....તેમાં હું તે શોકને વેદું કે હર્ષને વેદું?–નહીં, હર્ષ ને શોક બંનેથી પાર ચૈતન્યભાવ એ જ આત્માનું સાચું સ્વરૂપ છે ને એમાં જ ખરું સુખ છે,–એ વાત સ્પષ્ટ સમજાય છે.

પાઠક! આ પ્રસંગે ચંદનાની બેડી તો તૂટી, તે દાસીપણાથી છૂટી, પરંતુ ખરેખર એકલી ચંદનાના જ નહિ પરંતુ સારા ભારતવર્ષમાંથી દાસ–દાસીના ગુલામીના બંધન તૂટ્યા....દાસત્વની

પ્રથાના મૂળ ઊખડી ગયા; સ્ત્રીઓના શીલની મહાન પ્રતિષ્ઠા થઈ અને ભારતની સ્ત્રીઓને પોતાની આત્મશક્તિનો વિશ્વાસ જાગૃત થયો. ભારતની સન્નારીએ વિશ્વમાં ઉત્તમ સ્થાન મેળવ્યું. અહા, આપણા ભારત પાસે જે ઉત્તમ સદાચારનો ને અધ્યાત્મનો અમૂલ્ય વૈભવ છે તે શું આ દુનિયાના બીજા કોઈ દેશ પાસે છે? ૨૪ તીર્થંકરોને તેમ જ સમસ્ત ચક્રવર્તીઓને જન્મ દેનારી આ ભારતભૂમિનું ગૌરવ વિશ્વમાં મહાન છે....ભારતમાં જન્મ લેનારા આપણે ગૌરવથી કહી શકીએ તેમ છીએ કે–"જિસ દેશમેં તીર્થંકર હોતે હૈં ઉસ દેશમેં હમ રહતે હૈં. તીર્થંકરોના દેશમાં અમે જન્મયા છીએ.... તીર્થંકરો અમારા દેશમાં જન્મ્યા છે. તીર્થંકરોનો ને અમારો દેશ એક જ છે." વાહ રે વાહ, મારી વહાલી ભારત માતા! મુનિપણે વિચરતા તીર્થંકરના ચરણને સાક્ષાત સ્પર્શવાનું મહાભાગ્ય તને મળ્યું છે. 'वन्दे मातरम्'

(શ્રી વીર સંવત ૨૫૦૫ માહ વદ ૧૩ ની રાત્રે ૧ વાગે આ લખતાં–લખતાં મહાન ઊર્મિઓ જાગે છે–અહાહા! ચંદનાબેન, આવને અત્યારે મારી પાસે આપણે આનંદથી સ્વાનુભવની ચર્ચા કરીએ....ને પ્રભુ મહાવીરનાં મીઠાં સંભારણાં હું તારી પાસેથી ધરાઈ–ધરાઈને સાંભળું!)

રાજગૃહીમાં ચિંતાતુર બેન ચેલણા, વૈશાલીમાં બેન પ્રિયકારિણી–ત્રિશલા, તથા ચંદનાના પિતાજી ચેટકરાજા અને પ્રજાજનો–સૌ ચંદનાની પ્રાપ્તિના સમાચાર જાણીને, તેમજ તેના હસ્તે વીર મુનિરાજનું પારણું થયાના સમાચાર જાણીને અત્યંત પ્રસન્ન થયા.

હવે આ બાજુ ચંદના પોતાની બહેન સાથે કૌશાંબીના રાજમહેલમાં રહે છે, ખૂબ જ વૈરાગ્યપૂર્ણ જીવન જીવે છે, સ્વાનુભૂતિમાં વધુ ને વધુ પરિણામ જોડે છે, દિનરાત મહાવીરના વિચારમાં ઝૂરે છે ને સમવસરણનાં સપનાં દેખે છે.–ક્યારે વર્ધમાનપ્રભુને કેવળજ્ઞાન થાય....ને ક્યારે હું પ્રભુના સમવસરણમાં જઈને અર્જિકા બનું!! રોજરોજ પ્રભુના કેવળજ્ઞાનના સમાચારની વાટ જુએ છે. વીરપ્રભુ રાજગૃહી તરફ સમ્મેદશિખર–સિદ્ધક્ષેત્રની આસપાસ વિચરી રહ્યા છે....તે તરફથી કોઈ પણ યાત્રિક આવે તો તેને બોલાવીને આતુરતાથી સમચાર પૂછે છે કે તમે પ્રભુને દેખ્યા? પ્રભુને કેવળજ્ઞાન થયું? –પ્રભુ ક્યાં બિરાજે છે? શું કરે છે?


એક યાત્રિકે કહ્યું–બેન, હું વીરપ્રભુના દર્શન કરીને આવું છું જાંભિક ગામમાં ઋજુવાલિકા નદીના કિનારે પ્રભુ ધ્યાનમાં ઊભા હતા....ને હવે તો કેવળજ્ઞાનની તૈયારી જ લાગે છે, કેમકે પ્રભુ ખૂબ ઉગ્રપણે ધ્યાનમાં એકાગ્ર થતા હોય–એવું મને દેખાતું હતું.–પણ બેન! પ્રભુને કેવળજ્ઞાન થશે–એ તે કાંઈ છાનું રહેશે? કેવળજ્ઞાન થતાંવેંત ત્રણ લોકમાં એના સમાચાર ફેલાશે ને આનંદનો ખળભળાટ મચી જશે....આકાશમાંથી દેવોના ટોળા ઊતરતા હશે....હવે તો એ ધન્ય અવસર આપણે આજકાલમાં જ જોશું....ને પ્રભુને તીર્થંકરપણે બોલતા સાંભળીને ધન્ય બનશું.

વહાલા સાધર્મી પાઠક! ચાલો આપણે....ચંદના જેની રાહ જુએ છે....તે પ્રભુ મહાવીરના દર્શને જઈએ....અને તેમને કેવળજ્ઞાન થવાનો દિવ્ય પ્રસંગ નજરે જોઈએ.

* * *

# ઋજુનદીના કિનારે : પ્રભુને કેવળજ્ઞાન

**મહાવીર મુનિરાજ** કૌશામ્બીનગરીમાં ચંદનકુમારીના હાથે પારણું કર્યા પછી ઉદ્યાનમાં જઈને ધ્યાનમગ્ન થયા. પછી એ સિદ્ધપદસાધક સંત વિચરતા–વિચરતા અનંતસિદ્ધોના સિદ્ધિધામ સમ્મેદશિખર પધાર્યા. સિદ્ધિધામમાં નાનકડા સિદ્ધ ધ્યાનમાં બેઠા હતા–એ દશ્ય ખરેખર અદ્ભુત હતું. પ્રભુના ચરણોથી શિખરજીની પાવનભૂમિ પુનઃ પાવન થઈ. બે તીર્થોનું મિલન થયું–એક ભાવતીર્થ અને બીજું સ્થાપનાતીર્થ; અથવા એક ચેતન–તીર્થ ને બીજું અચેતન–તીર્થ. આપણને એમ લાગે કે શું ભગવાન તીર્થની યાત્રા કરવા આવ્યા હશે! અરે, પણ પ્રભુ પોતે જ હાલતા–ચાલતા જીવંત–તીર્થ છે. શિખરજી તો સ્થાપના તીર્થ છે, જ્યારે પ્રભુ તો પોતે રત્નત્રયરૂપ પરિણમેલા ભાવ–તીર્થ છે. મોક્ષયાત્રા તેઓ સદા કરી જ રહ્યા છે. અને સાક્ષાત રત્નત્રય–તીર્થરૂપ પરિણમેલા આવા મહાત્માઓના પ્રતાપે જ ભૂમિપર્વતોને તીર્થપણું પ્રાપ્ત થયું છે.



સમ્મેદશિખર તીર્થની સમીપમાં ૧૫-૨૦ કિલોમીટર દૂરી પર જાંભિક ગ્રામ ઋજુવાલિકા નામની નદી છે; જેવું સુંદર નામ એવી જ સુંદર એ નદી છે. મહાવીરપ્રભુ સમ્મેદશિખરથી વિહાર કરતા કરતા આ નદીકિનારે પધાર્યા, અને સ્ફટિક જેવી એક સ્વચ્છ સુંદર શિલા પર ધ્યાનસ્થ થયા. વૈશાખ માસનો ધોમધખતો તાપ તપી રહ્યો છે, પણ પ્રભુ તો ચૈતન્યની શાંતિના હિમાલયની ગૂફામાં બેઠાબેઠા અપૂર્વ વીતરાગી–ઠંડક વેદી રહ્યા છે.... અને જાણે કુદરત પણ અનુકૂળ થઈને પ્રભુની સેવા કરતી હોય તેમ એકઘટાદાર શાલ્મલિવૃક્ષ પ્રભુ ઉપર શીતલ છાયા ફેલાવી રહ્યું છે. અહા, ચૈતન્યના સાધકને આખું જગત અનુકૂળ વર્તે છે.

પ્રભુ ધ્યાનમાં ઊભા છે.... અહા, આવા વીતરાગી મહાત્મા મારા કિનારે પધાર્યા.... એવા હર્ષતરંગથી ઉલ્લસતી મધુરી નદી આજે જાણે કાંઇ વિશેષ ખુશીમાં હોય! તેમ જાંભક ગ્રામ પાસેનું દૃશ્ય જોવા ક્ષણભર થંભી જતી હતી. અહા, મારા કિનારા પર આજ આ કોઈ આશ્ચર્યકારી યોગીરાજ આવીને ધ્યાનમાં ઊભા છે. સવારના ધ્યાનમગ્ન યોગીરાજ.... નથી કાંઈ બોલતા, નથી ખાતા.... નથી પાણી પીતા! આ નદી કિનારો, આ ગ્રીષ્મનો તાપ, ને આવું શીતળ મીઠું જળ.... જે કોઈ યાત્રિક અહીં આવે તે શીતળ જળ પીધા વગર રહે નહિ; તેને બદલે આ યોગીરાજ તો ગ્રીષ્મના ધોમધખતા તડકામાં ઊભા હોવા છતાં,

પાણીનું નામ પણ લેતા નથી.—નદી આશ્ચર્ય પામી રહી છે : શું એમને ગરમી નહિ લાગતી હોય ? શું એમને તરસ નહિ લાગતી હોય ?—જાણે હું ઊછળીને તેમના મુખદ્વારા તેમના હૃદયમાં પ્રવેશી જાઉં....ને મારી શીતળતા વડે તેમની તરસ મટાડીને સેવા કરું !—આમ ભક્તિભાવથી નદી વિચારે છે.... પણ ના; પ્રભુ અહીં પાણી માટે નથી આવ્યા.... આંખ ઊંચી કરીને તેઓ પાણી સામે નજર પણ નથી કરતા.... તેઓ તો આંખ નીચી કરીને અંદરમાં કાંઈક બીજું જ દેખી રહ્યા છે. બહારમાં કાંઈ શોધવાની ઈન્તેજારી તેમની મુદ્રા પર નથી.... તેમને તરસની આકુળતા નથી, તેમની મુદ્રા પર તો પરમ શાંતિ ને પ્રસન્નતા છે. ભક્તિતરંગથી ઉલ્લસતી ઋજુકા નદી મધુર કલરવ વડે જાણે પ્રભુની સ્તુતિ કરે છે : અહા, હું (પાણી) શીતળસ્વભાવી હોવા છતાં, મારા કરતાંય વધુ શીતળ—શાંતિવાળા આ યોગિરાજને તો મેં આજે જ દેખ્યા; અંતરમાં તેઓ કોણ જાણે કેવી અદ્‌ભુત શીતળતાનું વેદન કરી રહ્યા છે કે પાણીની શીતળતાને તેઓ ચાહતા નથી. આવા યોગિરાજ મારા આંગણે મારા કિનારે વસે છે તેથી હું ધન્ય બની. અહા, આ યોગીરાજના ચરણને લીધે લોકો મને પણ તીર્થ તરીકે પૂજશે.

આ બાજુ મોહ સામે લડવા તૈયાર થઈને વીર—યોદ્ધા ઊભા છે.... વીર—રાજાનું મહાવીરપણું આજે ખરેખર જાગી ઊઠ્યું છે. ક્ષાયિક સમ્યક્ત્વ તેઓના સૈન્યનું સેનાપતિ છે અને અનંતગુણની વિશુદ્ધિરૂપ સૈન્ય, શુક્લધ્યાનની શ્રેણીરૂપ બાણાવલી છોડી રહ્યું છે; અનંત આત્મવીર્ય ઉલ્લસી રહ્યું છે ને અનંત સિદ્ધ ભગવંતો એમના પક્ષમાં આવી ઊભા છે. કેવળજ્ઞાનલક્ષ્મી વિજયમાળા લઈને તૈયાર ઊભી છે; અને મોહનું સમસ્ત સૈન્ય પ્રતિક્ષણે ક્ષીણ થઈ રહ્યું છે. અહા, દેખો....દેખો ! પ્રભુએ શુદ્ધોપયોગરૂપ ચક્રની ધારા વડે મોહનો નાશ કરવા માંડ્યો છે. ક્ષપક શ્રેણીમાં આગળ વધતાં આઠમે—નવમે—દશમે ગુણસ્થાને તો ક્ષણમાત્રમાં પહોંચી ગયા; અરે, અગિયારમા ગુણસ્થાનને સ્પર્શ્યા વગર સીધા બારમા ગુણસ્થાને પહોંચી ગયા. પ્રભુ હવે સર્વથા વીતરાગ થયા. અને બહારમાં સૂર્યનો અસ્ત થાય ત્યાર પહેલાં તો, વીરપ્રભુના અંતરમાં કદી અસ્ત ન થાય એવો કેવળજ્ઞાન—સૂર્ય ઝગમગી ઊઠ્યો....અહા ! પ્રભુ મહાવીર સર્વજ્ઞ થયા....અરિહંત થયા, પરમાત્મા થયા.... 'नमो अरिहंताणं' ।

## સર્વજ્ઞ મહાવીર

સર્વજ્ઞ પ્રભુ મહાવીર રાગ કે ઈન્દ્રિયો વગર જ પરિપૂર્ણ સુખ અને જ્ઞાનરૂપે પરિણમ્યા. અભૂતપૂર્વ હતી એ દશા ! ઈન્દ્રિયો વિદ્યમાન હોવા છતાં, જાણે તે અવિદ્યમાન હોય—એમ પ્રભુએ તેનો સંબંધ સર્વથા છોડી દીધો. 'ભગવાન ભલે અતીન્દ્રિય થયા ને અમારો સંગ છોડી દીધો, તોપણ અમને તો પ્રભુના સંગે જ રહેવામાં ફાયદો છે'—એમ સમજીને તે જડ ઈન્દ્રિયો પ્રભુનો સંગ હજી છોડતી ન હતી પ્રભુ તો ઈન્દ્રિયોથી નિરપેક્ષ રહીને સ્વયમેવ સુખી હતા. પરાધીન ઈન્દ્રિયસુખોથી છેતરાતા જગતને પ્રભુએ બતાવી આપ્યું કે આત્મા ઈન્દ્રિય—વિષયો વગર જ સ્વાધીનપણે સુખી છે; સુખ તે આત્માનો સ્વભાવ છે, ઈન્દ્રિયોનો નહિ. શુદ્ધોપયોગના પ્રભાવથી આત્મા પોતે પરમ સુખરૂપે પરિણમે છે.

ઈન્દ્રિયાતીત અને લોકોત્તમ એવા તે વીર ભગવાન, કેવળજ્ઞાન થતાં વેંત જમીનથી ૫૦૦૦ ધનુષ ઊંચે અંતરીક્ષમાં બિરાજ્યા; અહા, પૃથ્વીનું આલંબન એમને ન રહ્યું અને હવે ફરીને કદી પૃથ્વી પર નીચે તેઓ નહીં ઊતરે. તેમનું શરીર છાયા વગરનું પરમ ઔદારિક બની ગયું; સર્વને દેખનારા પ્રભુ

પોતે પણ સર્વે દિશાથી દેખાવા લાગ્યા. પ્રભુના કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા અને અરિહંતપદની પૂજા કરવા સ્વર્ગના દેવો દોડી આવ્યા. ઈન્દ્રે સ્તુતિ કરતાં કહ્યું અહો દેવ! વીતરાગતા અને સર્વજ્ઞતા વડે જગતમાં સર્વોત્કૃષ્ટ સુંદરતાને પામ્યા છો. આપ પરમ ઈષ્ટ છો.

સર્વજ્ઞ પરમાત્માનો સાક્ષાત્કાર કરીને હજારો–લાખો જીવો પાવન થયા. કુબેરે અત્યંત ભક્તિ સહિત દુનિયાની સર્વોત્કૃષ્ટ વિભૂતિ વડે સમવસરણરૂપ જિનદરબારની રચના કરી. આ રચના તે ઈન્દ્રની આજ્ઞાથી કરતો હતો કે પ્રભુની તીર્થંકરપ્રકૃતિથી પ્રેરાઈને કરતો હતો?–તે તો તે જાણે! પણ એ રચના પૂરી કરતાં જ આશ્ચર્યચકિત થઈને તેણે કહ્યું : અહો દેવ! આપના સાન્નિધ્યને લીધે આપનું આ સમવસરણ જેવું શોભે છે તેવું અમારું સ્વર્ગ પણ નથી શોભતું! (–ક્યાંથી શોભે! હે કુબેર! અહીં તો મોક્ષ મળે છે, તારા સ્વર્ગમાં મોક્ષ ક્યાં મળે છે?) હે કુબેર! તેં દેવલોકની ઉત્કૃષ્ટ શોભાને અહીં ઠાલવી, પણ આ સર્વજ્ઞની ચૈતન્યવિભૂતિ પાસે તારી વિભૂતિ શા હિસાબમાં?

આખીયે નીલમણિની શીલા ઉપર, જમીનના આધાર વગર પ્રભુના સમવસરણની દિવ્ય રચના થઈ; પણ એ દિવ્યશોભામાં મુમુક્ષુનું ચિત્ત અટકતું ન હતું, કેમકે એનું ચિત્ત તો સર્વજ્ઞપ્રભુના ચરણમાં જ લાગેલું છે. એને તો જોવા છે સાક્ષાત પરમાત્માને!.... ચેતનવંતા વીતરાગદેવને નજરે નીહાળીને તેમની ઉપાસના કરવી છે.... ને રાગવગરના આત્માનો સ્વાદ લેવો છે. પ્રભુની શોભા કાંઈ બાહ્ય ઠાઠ–માઠથી નથી, પ્રભુની શોભા તો સર્વજ્ઞતા ને વીતરાગતાથી જ છે, તેથી તેમાં જ મુમુક્ષુનું ચિત્ત ઠરે છે. અહો પ્રભો! આપના શુદ્ધચેતનસ્વરૂપને ઓળખતાં અમને અમારો પણ એવો જ શુદ્ધાત્મા અનુભૂતિમાં આવે છે,–એ આપનો ઉપકાર છે. આ રીતે સર્વજ્ઞના દરબારમાં પ્રવેશતાં મુમુક્ષુનું ગૌરવ વધી જતું હતું ને તેના પરિણામ વિશુદ્ધ થતા હતા. પોતાના જ્ઞાનમાં જ જાણે સર્વજ્ઞ બેઠા હોય! એવી કોઈ અચિંત્ય અનુભૂતિ તેને થતી હતી.

પ્રભુની ચારે તરફ દિવ્યસભામંડપ છે, જ્યાં મોક્ષને સાધનારા સભાજનો બેઠા છે ને પ્રભુ મહાવીરના દર્શનનો આનંદ માણી રહ્યા છે. આ શ્રીમંડપની શોભા સર્વાર્થ સિદ્ધિની શોભાથીયે ચડી જાય તેવી છે. અહા, આ તો સર્વજ્ઞની સભા....પરમાત્માનો દરબાર....તીર્થંકરની પ્રવચનસભા! એની અદ્ભુતતાની શી વાત! ગણધરો ને ઈન્દ્રો તો જે સભામાં બેસનારા; ત્યાં જગતની બધી લક્ષ્મી–બધી શોભા એકઠી થઈ હતી. કેવળજ્ઞાન–લક્ષ્મીનો પણ જ્યાં વાસ હોય ત્યાં બીજી લક્ષ્મીનું તો શું પૂછવું? અહા, એકકોર ભગવાનની 'કેવળજ્ઞાન–શ્રી' સર્વોત્કૃષ્ટ જ્ઞાનલક્ષ્મી, તેની શોભા; અને બીજીકોર સમવસરણની દિવ્ય શોભા; આ રીતે જીવ ને અજીવ બંનેએ પોતપોતાની સર્વોત્કૃષ્ટ શોભાને ધારણ કરી હતી. પણ તેમાં 'જીવ'ની ઉત્કૃષ્ટ શોભાવાળા 'સર્વજ્ઞ–મહાવીર'ને જે ઓળખે તે જીવ સમ્યગ્દષ્ટિ થઈને અખૂટ ચૈતન્યલક્ષ્મીના ભંડાર પોતામાં દેખી લ્યે છે.–વીતરાગી શાંતભાવરૂપે પરિણમેલો આત્મા કેવો હોય–તે નજરે દેખીને તેમને આત્માનો શાંતસ્વભાવ પ્રતીતમાં આવી જાય છે. અહા, સર્વજ્ઞ–તીર્થંકર જેના નાયક, ગણધરો જેના દીવાન અને દેવો જેના દ્વારપાળ,–એ ધર્મદરબારની શી વાત! ભગવાન ઋષભદેવનો ધર્મદરબાર બાર યોજન વ્યાસનો હતો ને ભગવાન મહાવીરનો ધર્મદરબાર એક યોજન વ્યાસનો છે, પરંતુ બંને ધર્મદરબારમાં ભગવંતોએ જે ચૈતન્યતત્ત્વનું પ્રતિપાદન કર્યું તથા જે મોક્ષમાર્ગ કહ્યો તે તો એક સરખો જ હતો.


ઉત્તમ છાયા અને દિવ્ય પ્રકાશ વડે પ્રભુની સેવા કરી રહેલું દિવ્ય અશોક વૃક્ષ આશ્ચર્ય ઉપજાવતું હતું કે જમીનમાં મૂળિયા વગર આવડું મોટું ઝાડ કેવી રીતે બન્યું! અને દેખો, આ પણ એક આશ્ચર્યની વાત છે કે ત્યાં જગતમાં શ્રેષ્ઠ એવું સિંહાસન હોવા છતાં પ્રભુ તેના પર નથી બેસતા; તેનાથી અદ્ધર બેસીને એમ પ્રસિદ્ધ કરે છે કે, આ રત્ન—સિંહાસન તે કાંઇ ચૈતન્યનું પદ નથી, ચૈતન્યનું પદ તો અંતરમાં અતીન્દ્રિય જ્ઞાન—આનંદનું બનેલું છે....તેમાં પ્રભુ આરૂઢ છે. જ્ઞાનાનંદ પદમાં બિરાજમાન સર્વજ્ઞ—મહાવીરને દેખીને ભવ્યજીવો પણ જ્ઞાનાનંદમાં મશગુલ બનતા હતા....ને પ્રભુની વાણી સાંભળવા ખૂબ જ આતૂર હતા : આ પ્રભુ કેવું અદ્‌ભુત બોલશે! કેવું અચિંત્ય આત્મસ્વરૂપ બતાવશે! હમણાં પ્રભુ બોલશે....સવારે બોલશે....બપોરે બોલશે....સાંજે બોલશે! કાલ જરૂર બોલશે!....

**'બોલો....બોલોને વીતરાગ, અબોલડા શાને લીધાં છે !!'**

જો કે વીરપ્રભુ હજી બોલતા નથી પણ મૌનપણે, ઈચ્છા વગર ગગનવિહાર કરે છે; વિહાર કરતા કરતા તેઓ રાજગૃહીનગરીના ઉદ્યાનમાં વિપુલાચલ પર પધાર્યા. દિવસો પર દિવસો વીતી રહ્યા છે. જીવોનાં ટોળેટોળાં સમવસરણમાં આવી રહ્યા છે ને સાક્ષાત્ પરમાત્માને દેખીને અતિ હર્ષિત થાય છે...પણ પ્રભુની વાણી હજી છૂટતી નથી. વૈશાખ સુદ દશમે પ્રભુને કેવળજ્ઞાન થયું, તે વૈશાખ માસ આખો વીતી ગયો; અરે, જેઠ માસ પણ વીતી ગયો ને અષાડ પણ વીતવા માંડ્યો...ગ્રીષ્મઋતુ પૂરી થઈ...૬૬ દિવસ એમ ને એમ વીત્યા છતાં ભવ્ય જીવો થાક્યા નહિ, તેઓ પ્રભુની વાણી સાંભળવા સમવસરણમાં જ બેસી રહ્યા; ત્યાં તેમને નથી ભૂખ લાગતી કે ન તરસ; થાકપણ નથી ને નિદ્રા પણ નથી. જાણે કે ક્ષુધા-તૃષા વગરના ભગવાનની સમીપમાં તેમની પણ ક્ષુધા—તૃષા દૂર ચાલી ગઈ. (સમવસરણમાં કોઈને ક્ષુધા-તૃષા-રોગ વગેરે હોતાં નથી.)

હવે તો અષાડ પણ પૂરો થયો ને શ્રાવણ માસ શરૂ થયો. (ગુજરાતી વદ અષાડ એકમ, ને શાસ્ત્રીય શ્રાવણ વદ એકમ આવી.) વર્ષાઋતુ શરૂ થઈ. હવે તો પ્રભુમુખેથી દિવ્યધ્વનિની વર્ષા પણ જરૂર થશે—એવા વિશ્વાસપૂર્વક સભાજનો ભગવાન તરફ તાકી રહ્યા હતા...

ત્યાં તો અચાનક જ એક ઋષિમહાત્મા સમવસરણમાં આવ્યા. નામ એમનું ઈન્દ્રભૂતિ—ગૌતમ!



માનસ્તંભ પાસે આવતાં જ એનું માન ઓગળી ગયું ને પ્રભુની દિવ્યતા દેખતાં જ તે વિનિત થઈ ગયા : અહા, આવી અદ્‌ભુત વીતરાગતા! જરૂર આ આત્મા સર્વજ્ઞ પરમાત્મા છે-એમ તેને વિશ્વાસ આવી ગયો, ને પ્રભુના પાદમૂળમાં નમ્રિત થઈને તે જ વખતે તેણે સંયમ ધારણ કર્યો. ઈન્દ્રરાજ હર્ષપૂર્વક આ બધું જોઈ રહ્યા, ને એ મહાત્મા—ગૌતમને આદરપૂર્વક

મુનિવરોની સભા તરફ દોરી ગયા. અને જ્યાં મુનિરાજ–ઇન્દ્રભૂતિ–ગૌતમ મુનિવરોની સભામાં જઈને પ્રભુ પ્રત્યે હાથ જોડીને બેઠા કે તરત જ સર્વજ્ઞ મહાવીરના સર્વાંગેથી ૐ દિવ્યધ્વનિ છૂટવા લાગ્યો...

* શ્રીવીરપ્રભુના જ્ઞાનગગનથી અમૃતધારા વરસે છે;
* વિપુલગિરિ પર મંગલવાજાં દિવ્યધ્વનિનાં વાગે છે;
* બાગ ખીલ્યાં છે રત્નત્રયના આનંદ અપરંપાર છે;
* અહો પ્રભુજી! શાસન તારું ભવથી તારણહાર છે.
* સમવસરણની મધ્યમાં શ્રી વીરનાથ બિરાજતા,
* સર્વજ્ઞ ને વીતરાગ જિન આ જગતને શોભાવતા;
* સ્વાશ્રિત ચેતનભાવમય પ્રભુ મોક્ષપંથ પ્રકાશતા,
* આનંદથી ભવિ જીવ સર્વે પ્રભુચરણને સેવતા.
* હરિ હાથ જોડી ભાવથી એ વીરમાર્ગ ઉપાસતા,
* નિજ વિભવને દેખી અહા, એ રત્નત્રયને પામતા;
* ગણધર અને સૌ મુનિવરો ત્યાં આત્મધ્યાન લગાવતા,
* ભવચક્રથી થઈને મુક્ત બસ શિવપુરીમાં સીધાવતા.

અહા, એ આશ્ચર્યકારી વાણી સાંભળતાં બધા જીવો આનંદમાં તરબોળ બન્યા; તેમાં પરમ ચૈતન્યતત્ત્વનું અચિંત્યસ્વરૂપ સાંભળીને ઘણાય જીવો એવા ઠરી ગયા કે તત્ક્ષણ નિર્વિકલ્પ થઈને આત્મઅનુભૂતિ કરીને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પામ્યા. આ રીતે તીર્થંકર મહાવીર ભગવાને રત્નત્રય–તીર્થનું પ્રવર્તન કર્યું...ધર્મચક્રનું પ્રવર્તન કર્યું. ગૌતમસ્વામી રત્નત્રય–સંયુક્ત મુનિઓના નાયક બન્યા, તેમને તે જ ક્ષણે અપ્રમત્તદશા ખીલી ઊઠી. મનઃપર્યયજ્ઞાન થયું, તેઓ ૧૨ અંગના જાણનારા શ્રુતકેવળી થયા; અનેક મહાન લબ્ધિઓ તેમને પ્રગટી, તેમને વચનલબ્ધિ પણ એવી અપૂર્વ પ્રગટી કે કરોડો–અબજો શ્લોકો ધીર–ગંભીર–મધુર–સ્પષ્ટ અવાજે બેઘડીમાં બોલી શકતા; કરોડો મનુષ્યો–તિર્યંચો એક સાથે જાુદુંજાુદું બોલતા હોય તોપણ દરેકની વાત અલગ અલગ કરીને સ્પષ્ટ સમજી શકતા. બુદ્ધિલબ્ધિ–ઔષધલબ્ધિ–રસલબ્ધિ–અક્ષયલબ્ધિ–વિક્રિયાલબ્ધિ વગરે અનેક લબ્ધિઓ પ્રગટી હોવા છતાં તેઓ જાણતા હતા કે આ બધી લબ્ધિઓ કરતાં આત્મ અનુભૂતિની લબ્ધિ કોઈ અચિંત્ય સામર્થ્યવાળી છે.

ને સર્વજ્ઞની કેવળજ્ઞાનલબ્ધિ પાસે તો આ બધીયે લબ્ધિઓ અનંતમા ભાગની છે.–આમ અત્યંત નિર્માનતાપૂર્વક તેઓ તીર્થંકર–મહાવીરના પ્રથમ ગણધર બન્યા...ને હાથ જોડીને પ્રભુની સ્તુતિ કરી.

શતઇન્દ્ર-વંદિત, ત્રિજગહિત નિર્મળ મધુર વદનારને,
નિઃસીમ ગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને.

સુર–અસુર–નરપતિવંદ્યને, પ્રવિનષ્ટ ઘાતીકર્મને,
પ્રણમન કરું હું ધર્મકર્તા તીર્થ શ્રી મહાવીરને.

ગૌતમ—ઇંદ્રભૂતિ ઉપરાંત તેમના જ બે ભાઈ અગ્નિભૂતિ અને વાયુભૂતિ તથા શુચિદત્ત, સુધર્મ, માંડવ્ય, મૌર્યપુત્ર, અકંપન, અચલ, મેદાર્ય અને પ્રભાસ,—એમ મહાવીરપ્રભુને કુલ ૧૧ ગણધરો હતા.

હવે ગૌતમસ્વામી અચાનક વીરપ્રભુના સમવસરણમાં કેવી રીતે આવી પહોંચ્યા? તેની રોમાંચક કથા સાંભળો :

ૠજુકૂલા નદીકિનારે વીરપ્રભુને કેવળજ્ઞાન થયું, સમવસરણ રચાયું પણ વાણી ન છૂટી; વિહાર કરતાં કરતાં પ્રભુ રાજગૃહીમાં વિપુલાચલ પર પધાર્યા. છાંસઠ દિવસ થવા છતાં વીરપ્રભુનો ઉપદેશ કાં ન નીકળે? ભગવાન તો તીર્થંકર છે એટલે દિવ્યધ્વનિના ઉપદેશ વડે તેમના દ્વારા તીર્થપ્રવર્તન થયા વગર રહે નહિ—છતાં આટલો વિલંબ કેમ? ભવ્યજીવો વાણી સુણવા તરસ્યા ચાતકની જેમ આતૂર બન્યા છે. અંતે ઇન્દ્રની ધીરજ ખૂટી; તેણે દિવ્યજ્ઞાનથી જોયું કે તીર્થંકરદેવના ધર્મોપદેશ વખતે જેની ચોક્કસ હાજરી હોય—એવા ગણધરનો જીવ સભામાં હાજર નથી. એ ગણધર થનારા જીવ અત્યારે તો વેદ—વેદાંતના પારંગત મહાપંડિત તરીકે ગૌતમગ્રામ (ગુણાવાનગરી)માં બેઠા છે—આમ જાણી ઇન્દ્રમહારાજે તે ગૌતમને સમવસરણમાં લાવવા એક યુક્તિ રચી. પોતે એક ઠીંગણા બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને ગૌતમ પાસે આવ્યા ને વિનયપૂર્વક કહ્યું : હે સ્વામી! હું મહાવીર તીર્થંકરનો શિષ્ય છું; મારે એક શ્લોકનો અર્થ સમજવો છે, પરંતુ મારા ગુરુને તો હમણાં મૌન છે, તેથી તે શ્લોકનો અર્થ સમજવા આપની પાસે આવ્યો છું.

ઇન્દ્રભૂતિએ પ્રેમથી કહ્યું : કહો વત્સ! ક્યો છે તમારો શ્લોક?

બ્રાહ્મણવેષધારી ઇન્દ્રે કહ્યું : મહારાજ સાંભળો!—

**त्रैकाल्यं द्रव्यषट्कं नवपदसहितं जीव षट्काय–लेश्याः ।**
**पंचान्ये चास्तिकायाः व्रतसमितिगति ज्ञान–चारित्रभेदाः ॥**
**ईत्येतन्मोक्षमूलं त्रिभुवनमहिते प्रोक्तमर्हद्भिरीशेः ।**
**प्रत्येति श्रद्धाति स्पृशति च मतिमान् यः स वै शुद्धदष्टि ॥**

શ્લોક બોલીને ઇન્દ્રે કહ્યું : હે દેવ! આમાં ત્રણકાળ, છ દ્રવ્ય, નવપદાર્થ, પંચાસ્તિકાય વગેરે,—કે જેને જાણવા તે મોક્ષનું મૂળ કહ્યું છે—તે શું છે? તે સમજાવો.

મહાન વિદ્વાન ઇન્દ્રભૂતિ વિચારમાં પડી ગયા; પહેલી જ વાર હું આ શ્લોક સાંભળું છું. આમાં તો જીવાદિ તત્ત્વોનું વર્ણન છે, પણ મારા મનમાં તો ઊંડેઊંડે હજી 'જીવ'ના અસ્તિત્વની જ શંકા છે, તો હું આ બ્રાહ્મણને તેનું સ્વરૂપ કઈ રીતે બતાવું? નક્કી, આ શ્લોક કહેનારા આના ગુરુ કોઈ અસાધારણ અને જીવતત્ત્વના જાણકાર હોવા જોઈએ! તે ઇન્દ્રભૂતિએ ઘણું મંથન કર્યું પણ શ્લોકના ભાવો સમજી શક્યા નહિ.—અહા, સર્વજ્ઞમાર્ગના રહસ્યને એકાંત—મિથ્યાવાદીઓ ક્યાંથી સમજી શકે? તેણે વિચાર્યું : અરે, હું સમસ્ત વેદપુરાણોનો જાણકાર છું પણ છ દ્રવ્ય ક્યા, પાંચ અસ્તિકાય ક્યા, પાંચ જ્ઞાન ક્યા, એ તો મેં કદી સાંભળ્યું નથી. આ સાધારણ બ્રાહ્મણ પાસે મારું માન જવાનો પ્રસંગ આવ્યો. ચાલ, એના ગુરુ પાસે જ જાઉં અને તે કોણ છે તે જોઉં!—એમ વિચારીને ઇન્દ્રભૂતિએ પ્રગટપણે કહ્યું : હે વત્સ! તારા ગુરુ કોણ ને ક્યાં બિરાજે છે? હું તેમની સાથે શ્લોકની ચર્ચા કરીશ.

બસ, ઈન્દ્રને તો એ જ જોઈતું હતું. તેણે કહ્યું : ઘણી ખુશીથી મહારાજ! ચાલો મારી સાથે! મારા ગુરુ સર્વજ્ઞ-મહાવીર છે ને રાજગૃહીમાં વિપુલાચલ પર બિરાજી રહ્યા છે.

અને ઈન્દ્રની સાથે ઈન્દ્રભૂતિ સમવસરણમાં ચાલ્યા. વાહ રે વાહ, ઈન્દ્રભૂતિની તૈયારી! જે તત્ત્વ પોતાને નથી સમજાતું તે સમજવા માટે કેવી ઊંડી જિજ્ઞાસા છે! પાંચસો શિષ્યો સાથે મહાવીર પ્રભુના સમવસરણ તરફ આવી રહેલા ગૌતમના મનનું અભિમાન ક્ષણેક્ષણે ઓગળી રહ્યું છે, તેના અંતરમાં સ્વીકાર છે કે જે શ્લોકના અર્થોને હું નથી જાણી શક્યો તે શ્લોકનો અર્થ જાણનારા ગુરુ-મહાવીર કોઈ અસાધારણ જ્ઞાનવંત હશે! આમ એને અંતરમાં હાર-જીતની મુખ્યતા નથી પણ પોતાના જ્ઞાનમાં સમાધાનની મુખ્યતા છે. તેના શંકાના શલ્યનો ને અજ્ઞાનનો અંત આવવાની હવે તૈયારી છે; અહીં અપૂર્વ જ્ઞાનની તૈયારી છે તો સામે અપૂર્વ વાણીની તૈયારી છે. ઉત્કૃષ્ટ ઉપાદાન—નિમિત્તનો કેવો સુમેળ!

જ્યાં માનસ્તંભ પાસે આવ્યા ને પ્રભુનો વૈભવ દેખ્યો ત્યાં તો એનું માન ચૂરેચૂરા થઈ ગયું...તેણે મહાવીરને દેખ્યા...દેખતાંવેંત તેને સર્વજ્ઞની અને જીવના અસ્તિત્વની પ્રતીત થઈ ગઈ : અહા, આવા અદ્ભુત વૈભવની વચ્ચે પણ પ્રભુ કેવા વીતરાગપણે બેઠા છે! કેવી શાંત છે એમની દૃષ્ટિ! એમના આત્માની દિવ્યતાની શી વાત!—જરૂર આ સર્વજ્ઞ છે આમ ગૌતમને પ્રભુ પ્રત્યે પરમ બહુમાન જાગ્યું, અને જીવના અસ્તિત્વ-સંબંધી તેની સૂક્ષ્મ શંકાઓ દૂર થઈ ગઈ...માનનું સ્થાન જ્ઞાને લીધું. નિઃશલ્ય થયેલા ગૌતમે વિનયપૂર્વક પોતાના પાંચસો શિષ્યો સહિત પ્રભુના માર્ગને અંગીકાર કર્યો...ને નમ્રીભૂત થઈને પ્રભુની સ્તુતિ કરી.—

**મોક્ષમાર્ગસ્ય નેતારં ભેત્તારં કર્મભુભૃતામ્ ।**
**જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં વન્દે તદ્ગુણલબ્ધયે ॥**

અહા, કેવું મજાનું હશે એ દૃશ્ય! વીરપ્રભુની વાણી છૂટતી હશે ને ગૌતમ ગણધર તે ઝીલતા હશે! પ્રભુની વાણી સાંભળતાં તત્ક્ષણ ગૌતમ—ઈન્દ્રભૂતિ ચાર જ્ઞાનધારી શ્રુતકેવળી થયા, અને બાર અંગરૂપ શ્રુતની રચના દ્વારા પરમાત્માની વાણીની પ્રસાદી પંચમકાળના ભવ્ય જીવોને માટે સંઘરી રાખી,-જેનો મંગલ પ્રસાદ આજે પણ શ્રીગુરુપરંપરાથી આપણને મળી રહ્યો છે. અહો, વીરનાથ! આપનો મહાન ઉપકાર છે; આપના ગણધરોનો ને આજપર્યંત આપની વાણી વડે સ્વાનુભવપૂર્વક મોક્ષમાર્ગને પ્રવાહિત રાખનારા વીતરાગી સંતોનો પણ મહાન ઉપકાર છે...કે જેમના પ્રતાપે આજે આવા દુઃષમ કાળમાંય અમને આપનો મોક્ષમાર્ગ મળી રહ્યો છે. વાહ, ધન્ય વીરનું શાસન...ને ધન્ય એ શાસનધારાને અખંડિત રાખનારા સંતો!

પછી તો, ઈન્દ્રભૂતિ—ગૌતમની સાથે સાથે તેમના બીજા બે ભાઈઓ મહાવિદ્વાન અગ્નિભૂતિ, વાયુભૂતિ તેમ જ બીજા ૮ મહા વિદ્વાનો, પોતપોતાના સેંકડો શિષ્યો સહિત વીરપ્રભુના સમવસરણમાં આવ્યા ને રત્નત્રયધર્મ પામીને પ્રભુના ગણધર બન્યા. મહાવીર તીર્થંકરને કુલ ૧૧ ગણધરો હતા. સમવસરણની અદ્ભુત દિવ્યતા વચ્ચે પણ નિર્મોહપણે બિરાજમાન વર્દ્ધમાન સર્વજ્ઞ ખરેખર અલૌકિક હતા : અહા, મુદ્રા કેવી શાંત! કેવી વીતરાગ! ને કેવું જ્ઞાનતેજ! એ મુદ્રા જોતાં જ જીવોની શંકા નિર્મૂળ થઈ જતી હતી ને આત્માનું પરમ સ્વરૂપ પ્રતીતમાં આવી જતું હતું. વાહ, એ અર્હંતોના મહિમાની શી વાત!—કે જેમનું સ્વરૂપ જાણતાં આત્માનું શુદ્ધસ્વરૂપ જણાય ને સમ્યગ્દર્શન થાય.

ઈન્દ્રભૂતિનું અદ્‌ભુત પરિવર્તન દેખીને ઈન્દ્રના તો આનંદનો પાર નથી...તેણે બ્રાહ્મણરૂપ છોડીને પોતાના અસલી ઈન્દ્રસ્વરૂપે ગૌતમગણધરના ચરણોમાં વંદના કરી.

ઈન્દ્રભૂતિએ પરમ ગંભીરતાથી કહ્યું : ઈન્દ્રરાજ! હવે હું બધી વાત જાણું છું. તમે જ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને યુક્તિથી મને અહીં લાવ્યા છો તે હું જાણું છું. અહીં આવવાથી મારું કલ્યાણ થયું છે. હું હાર્યો નથી પણ જીત્યો છું; જીતીને અમૂલ્ય ત્રણરત્નો ને ચાર જ્ઞાન મેં મેળવ્યા છે. પહેલાં મિથ્યાત્વથી હારેલો હતો, હવે મિથ્યાત્વને દૂર કરીને મારા અપાર નિજવૈભવને મેં જીતી લીધો છે. પ્રભુમહાવીર હવે માત્ર તમારા નહિ, મારા પણ પરમ ગુરુ છે.–

**'શતઇન્દ્ર–વંદિત ત્રિજગહિત નિર્મળ મધુર વદનારને,**
**નિઃસીમગુણ ધરનારને, જિતભવ નમું જિનરાજને.'**

અહા, ગૌતમ ગણધર પણ જેમની સ્તુતિ કરે તે સર્વજ્ઞ મહાવીરના મહિમાની શી વાત! હે મહાવીર દેવ! આપના ગુણો એટલા બધા મહાન (ભારે) છે કે છદ્મસ્થજીવ એની સ્તુતિ કરતાં થાકી જાય છે, છતાં પણ હું આપના ગુણપ્રત્યેના સાચા મહિમાને લીધે આપની સ્તુતિ કરું છું : પ્રભો! આપના અંતરમાં ઊગેલો કેવળજ્ઞાનસૂર્ય હાનિ–વૃદ્ધિ વગરનો સ્થિર છે, સૂર્યની જેમ તે આતાપ કરનારો નથી પણ આતાપને હરનારો છે. આપની વીતરાગી–સર્વજ્ઞતાના અચિંત્ય મહિમાનું ચિંતન, અમને રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવી આત્માની અનુભૂતિ કરાવે છે...ને સમ્યક્‌ત્વસહિત મહાન આનંદ પ્રગટે છે. પ્રભો! આપની સાચી ઓળખાણનું આ મહાન ફળ છે.

વાહ રે વાહ સર્વજ્ઞદેવ! આપનો પ્રભાવ કોઈ અજોડ છે. સ્વાનુભૂતિ વગર આપના અચિંત્ય ગુણો ચિંતનમાં આવી શકતા નથી. જ્યાં આપના અચિંત્ય ગુણો જ્ઞાનમાં લઈને તેનું ચિંતન કરીએ છીએ ત્યાં અમારું જ્ઞાન તેવા આત્મગુણોમાં એકાગ્ર થઈ જાય છે ને વિકલ્પોથી પાર કોઈ પરમ શાંતિ ચૈતન્યરસ અનુભવમાં આવે છે. એ જ આપની પરમાર્થસ્તુતિ!...એ જ છે આપનો પાવન પંથ!

**'જીતી ઇન્દ્રિયો જ્ઞાનસ્વભાવે અધિક જાણે આત્મને,**
**નિશ્ચય વિષે સ્થિત સાધુઓ ભાખે જીતેન્દ્રિય તેહને.'**

(આ રીતે સર્વજ્ઞસ્વભાવી અતીન્દ્રિય–આત્માની અનુભૂતિ તે જ સર્વજ્ઞની પરમાર્થસ્તુતિ છે.)

* * *

આ સર્વજ્ઞમહાવીર એ કાંઈ 'અંતિમ-તીર્થંકર' ન હતા. જગતમાં જેમ મોક્ષ પામનારા જીવોનો ને મોક્ષમાર્ગનો કદી અંત નથી, તેમ એક પછી એક અનંત તીર્થંકરોની પરંપરા અનંતકાળ સુધી ચાલ્યા જ કરવાની છે. આ ચોવીસીના પહેલા અને છેલ્લા (ઋષભ અને મહાવીર) તીર્થંકરો વચ્ચે તો અસંખ્ય વર્ષોનું અંતર હતું, પણ આ ચોવીસીના છેલ્લા અને આવતી ચોવીસીના પહેલા (મહાવીર અને પદ્મનાભ) તીર્થંકર વચ્ચે માત્ર ૮૪૦૦૦ વર્ષનું જ અંતર છે. મહાવીર પ્રભુના મોક્ષગમન પછી ૮૪૦૦૦ વર્ષમાં જ રાજા શ્રેણિકનો આત્મા મહાપદ્મ–તીર્થંકર થશે. ધન્ય માર્ગ!

* * *

હવે આ બાજુ કૌશામ્બીનગરીમાં કુમારી ચંદના, વીરપ્રભુના કેવળજ્ઞાનની વાટ જોઈ જોઈને વૈરાગ્યથી દિવસો વીતાવે છે. વૈશાખ સુદ દશમની સાંજે એકાએક હજારો–લાખો દેવવિમાનોને આકાશમાં દેખીને તેને આશ્ચર્ય થયું...મહાવીર ભગવાનનો જયજયકાર કરતા તે દેવો જઈ રહ્યા હતા તરત તે ચંદના સમજી ગઈ કે મારા મહાવીરને કેવળજ્ઞાન થઈ ગયું...ને તેનો ઉત્સવ મનાવવા જ આ દેવો જઈ રહ્યા છે. અહા! મારા મહાવીર હવે પરમાત્મા બન્યા! આમ ચંદનાના હર્ષાનંદનો પાર નથી. સમસ્ત નગરીમાં આનંદના વાજાં વગડાવીને તેણે પ્રભુના કેવળજ્ઞાનનો મંગલ ઉત્સવ મનાવ્યો. પછી પોતાની બહેન મૃગાવતીને સાથે લઈને તે રાજગૃહી વીરપ્રભુના સમવસરણમાં પહોંચી. અને તે વીતરાગી–વીરપરમાત્માને દેખીને તે ઠરી જ ગઈ! રાજકુમાર મહાવીરે પ્રાપ્ત કરાવેલી આત્મઅનુભૂતિ તેને યાદ આવી ને તરત એવી આત્મઅનુભૂતિમાં પુનઃ પુનઃ ઉપયોગ જોડીને વિશુદ્ધતા ઘણી વધારી. પ્રભુની સ્તુતિ કરી, ગૌતમસ્વામી વગેરે મુનિવરોની વંદના કરી અને પ્રભુચરણોમાં આર્યિકાવ્રત ધારણ કર્યા...કોમળ કેશનો લોચ કર્યો ને રાજવસ્ત્રો છોડીને એક સફેદ સાડીમાં જ વૈરાગ્યથી શોભી ઊઠી. હજી થોડા વખત પહેલાં પણ માથે મુંડો કરાયેલી બંધનમાં પડી હતી, ને અત્યારે સ્વેચ્છાએ માથે મુંડો કરીને તે મોક્ષપંથે ચાલી રહી છે. ક્યાં એ કારાગૃહ! ને ક્યાં આ સમવસરણ–દરબાર! તે બંને સંયોગોથી વિભક્ત ને નિજગુણોમાં એકત્વ–એવા નિજસ્વરૂપને તે અનુભવતી હતી. વીરપ્રભુના ધર્મદરબારમાં રહેલા ૩૬૦૦૦ આર્યિકાઓના સંઘમાં તે ચંદનામાતા નાયિકા હતા. ક્યાં ભીલ દ્વારા અપહરણ ને ક્યાં વીરપ્રભુનું શરણ! ક્યાં વેશ્યાના હાથે ભરબજારે વેચાવાનો પ્રસંગ, ને ક્યાં ૩૬૦૦૦ આર્જિકાઓનું ગુરુણીપદ! વાહ રે ઉદયભાવો તારા ખેલ!! પણ ધર્માત્માનો ચૈતન્યભાવ હવે તારી વિચિત્ર જાળમાં નહીં ફસાય, એ તો બધા પ્રસંગે તારાથી અલિપ્ત પોતાના ચૈતન્યભાવમાં જ રહેશે...ને મોક્ષને જ સાધશે.

ભારતમાં ભગવાન મહાવીર તીર્થંકર થયા ત્યારપહેલાં ર૩મા પારસનાથ તીર્થંકરનું શાસન ચાલતું હતું, અહિંસા ધર્મનો મહિમા પ્રસિદ્ધ હતો. ભગવાન મહાવીરે પણ એ વાત પ્રસિદ્ધ કરી કે રાગથી ભિન્ન આત્માના અનુભવ વડે જ અહિંસા ધર્મનું સાચું પાલન થઈ શકે છે. કેમકે રાગ પોતે હિંસા છે તેથી જે જીવ જેટલો રાગમાં વર્તે છે તેટલો તે હિંસામાં જ વર્તે છે. જેમાં રાગ નથી એવા જ્ઞાનની અનુભૂતિ તે પરમ અહિંસા ધર્મ છે ને તેનાથી મોક્ષ પમાય છે. આવા અહિંસા ધર્મના ઉપદેશક પ્રભુ મહાવીરે વિપુલાચલથી વિહાર કરીને ભારત ભૂમિને પાવન કરી. પ્રભુ જ્યાં પધારે ત્યાં બહારમાં પણ અહિંસામય શાંત વાતાવરણ બની જતું. સર્પ અને નોળિયા જેવા વિરોધી જીવો પણ એકબીજાને મિત્ર બની જતા; સિંહ અને ગાય, વાઘ અને સસલાં સૌ ભય વગર સાથે બેસતા...ને વીરવાણીનું અમૃત પીતાં. પ્રભુએ અનેકાંત તત્ત્વનું સ્વરૂપ સમજાવ્યું : જીવ અતીન્દ્રિય ચેતનતત્ત્વ છે, જડથી તે જુદું છે. ચેતન અને જડ બધી વસ્તુ પોતપોતાના સ્વધર્મોમાં જ રહેલી છે. એક જ વસ્તુનું એક સાથે પોતાના અનેક ધર્મોમાં તન્મયરૂપે રહેવું તે 'અનેકાન્ત' છે. એક જ આત્મા જ્ઞાનમાં છે, તે જ આત્મા દર્શનમાં છે, તે જ આત્મા સુખમાં છે, તે જ આત્મા દ્રવ્યમાં છે, તે જ આત્મા ગુણ–પર્યાયમાં છે, તે જ આત્મા અસ્તિત્વધર્મમાં છે, તે જ આત્મા નાસ્તિત્વધર્મમાં છે;–આમ અનંત સ્વધર્મોમાં વ્યાપક આત્મા અનેકાન્તસ્વરૂપ છે. તેને ઓળખતાં આત્માનો અનંત નિજવૈભવ ઓળખાય છે. આમ અનેકાન્તમય

આત્મવૈભવ દેખાડીને ભગવાને દરેક જીવને ભગવાનપણું જ આપ્યું...અનંત નિજવૈભવ આપ્યો...મોક્ષમાર્ગ આપ્યો...ધર્મ આપ્યો.

પ્રભુ મહાવીર જ્યારે તીર્થંકરપણે વિચરતા હતા ત્યારે મગધદેશની રાજધાની રાજગૃહી હતી ને ત્યાં શ્રેણીકરાજાનું રાજ્ય હતું. જો કે પ્રભુ વર્ધમાન (વદ્ધમાણ) સૌરાષ્ટ્ર વગેરે અનેક દેશોમાં વિચર્યા હતા, પણ મગધ આસપાસના પ્રદેશોમાં તેમનો 'વિહાર' એટલો બધો થયો કે તેનું નામ વિહાર (બિહાર) પડી ગયું. પહેલાં તો વૈશાલી અને મગધ બંને રાજ્યો એકબીજાના શત્રુ હતા ને સામસામે લડતા હતા; પરંતુ વીતરાગ મહાવીરને શું ? એને કોણ શત્રુ કે કોણ મિત્ર ? એમણે તો પોતાના ધર્મચક્રનું પ્રવર્તન મગધની રાજધાનીમાંથી કર્યું. ક્રોધવડે જે નહોતા જીતી શકાતા, તેને વીતરાગતા વડે જીતી લીધા.

એકવાર રાજગૃહીના વૈભારગિરિ પર પ્રભુ મહાવીર પધાર્યા. પરમાત્મા મહાવીરને અને સાથે પોતાની લાડિલી બહેન ચંદનાને દેખીને મહારાણી ચેલણાના આનંદનો પાર ન રહ્યો. સાથે મહારાજા શ્રેણીક પણ હતા. સર્વજ્ઞમહાવીરને દેખીને તે પણ આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા : વાહ મારા ઈષ્ટ દેવ ! ધન્ય આપની વીતરાગતા ! ધન્ય આપનો અચિંત્ય ધર્મવૈભવ !

જ્યારે શ્રેણીકરાજા ભવ્ય સવારી સાથે હાથી પર બેસીને પ્રભુના દર્શન કરવા જતા હતા ત્યારે એક દેડકું પણ તેની સાથે જતું હતું. (–તે નાગદત્ત શેઠનો જીવ હતો.) રસ્તામાં હાથીના પગ નીચે કચડાઈને તે દેડકું મરી ગયું, ને પ્રભુને પૂજવાના ભાવસહિત મરીને તે દેવ થયું. દેવ થયેલ તે જીવ તરત વીરપ્રભુના સમવસરણમાં આવ્યો...(તેની કથા પ્રસિદ્ધ છે. વાંચો 'એક હતું દેડકું' નામની વાર્તા.)

આજે શ્રેણીકરાજાના આનંદનો પાર નથી : અહા, સર્વજ્ઞ પરમાત્મા મારી નગરીમાં પધાર્યા...હું ધન્ય બન્યો. પોતાની મોટી બહેન (ત્રિશલા)ના લાડિલા પુત્રને સર્વજ્ઞ–પરમાત્મારૂપે દેખી, તેમ જ સાથે પોતાની નાની બહેન ચંદનાને આર્યિકાના રૂપમાં દેખીને રાણી ચેલણાનું હૃદય હર્ષોલ્લાસથી ખીલી ઊઠ્યું. અને વીરપ્રભુની દિવ્ય વાણી સાંભળતાં ચૈતન્યરસની ધારા ઉલ્લસી. રાજા શ્રેણિક તો એ ચૈતન્યરસમાં એવા તરબોળ થયા કે પ્રભુના પાદમૂળમાં જ દર્શનમોહની સાતેય કર્મપ્રકૃતિનો ક્ષય કરીને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા; તેમના જ્ઞાનની નિર્મળતા વધી ગઈ; વ્રત–ચારિત્ર તો તેમણે ન લીધું પરંતુ દર્શનવિશુદ્ધિપ્રધાન સોળ કારણભાવના ભાવતાં ભાવતાં તેમણે તીર્થંકરનામકર્મ બાંધવાની શરૂઆત કરી. આ ભરતક્ષેત્રના જ બે તીર્થંકરો, તેમાં અવસર્પિણીના અંતિમ તીર્થંકરના ચરણોમાં ઉત્સર્પિણીના પ્રથમ તીર્થંકરે તીર્થંકરનામકર્મ બાંધ્યું. અને હવે માત્ર ૮૨,૫૦૦ વર્ષ બાદ તે આત્મા આ ભરતક્ષેત્રમાં તીર્થંકરપણે અવતરશે.

અહા, રાજગૃહીના વૈભારગિરિ ઉપર ધર્મવૈભવનો મોટો આનંદોત્સવ ચાલી રહ્યો છે. વર્તમાન અને ભાવિ બંને તીર્થંકરોને એકસાથે દેખીને જીવો આનંદિત થઈ રહ્યા છે. ગણધર–મુનિવરો પણ એ ભાવિ–તીર્થાધિનાથને મીઠી નજરે જોઈને આશીર્વાદ વરસાવે છે. અરે, તિર્યંચો પણ પ્રભુની વાણી દ્વારા શ્રેણીકનો મહિમા જાણીને આશ્ચર્યથી ને ભક્તિથી તેના પ્રત્યે નીહાળી રહ્યા છે. 'ધન્ય ભાગ્યે અમને ભાવિતીર્થંકર જોવા મળ્યા. આ ભાવિતીર્થંકર જે સભામાં બેસીને પ્રભુની વાણી સાંભળે છે,–અમે પણ તે જ સભામાં તે ભાવિતીર્થંકરની સાથે બેસીને વીર પ્રભુની વાણી સાંભળી રહ્યા છીએ...અમે પણ તે

તીર્થંકરોના માર્ગે જરૂર મોક્ષમાં જઈશું.'

શ્રેણિકરાજાએ એક તરફથી તો એમ જાણ્યુ કે અહીંથી મરીને પોતે પહેલી નરકે જશે; તે જ વખતે બીજી તરફથી એમ જાણ્યું કે એક ભવ પછી પોતે ત્રિલોકપૂજ્ય તીર્થંકર થશે. સામસામી બંને વાત સાંભળતાં એ ધર્માત્માને કેવી લાગણી થઈ હશે? શું નરકગતિના શોકથી તે ખેદખિન્ન થયા હશે? કે તીર્થંકર થવાના ઉલ્લાસમાં હર્ષથી નાચી ઊઠ્યા હશે!! નહીં, એ ધર્માત્માની ચેતના તો હર્ષ કે ખેદ બંને ભાવોથી અલિપ્ત જ રહીને મોક્ષની જ સાધનામાં લાગેલી રહી. વાહ રે વાહ, બલિહારી છે જ્ઞાનીની જ્ઞાનચેતનાની!

હર્ષ–ખેદથી પાર છે એવો જ્ઞાનસ્વભાવ;
તે સ્વભાવને સાધતાં સાચી શાંતિ પમાય.

અહો, વીરનાથની સમીપમાં ચૈતન્યની વિશુદ્ધતાના બળે નરકનાં પાપ પણ જાણે ધોવાઈ ગયા હોય!—એમ શ્રેણીકરાજા તો ચેતનરસના વેદનમાં જ તત્પર હતા. વીરપ્રભુ પ્રત્યે પરમ ઉપકારને સૂચવતા હર્ષાશ્રુ એમની આંખમાંથી ઝરતા હતા. અરે, જુઓ તો ખરા જીવના પરિણામનું પરિવર્તન! ક્યાં એક વખત મુનિની વિરાધનાના ક્રૂર પરિણામ! ને ક્યાં અત્યારે તીર્થંકરપ્રકૃતિને યોગ્ય વિશુદ્ધ પરિણામ! ક્યાં ત્યારનું મિથ્યાત્વ ને ક્યાં અત્યારનું ક્ષાયિક સમ્યક્ત્વ! એક જ જીવના જીવનમાં કેવા–કેવા પલટા થાય છે! વાહ જિનશાસન, સતને ઉત્પાદ–વ્યય–ધ્રુવસ્વરૂપ બતાવનારો તારો ઉપદેશ અમને વીતરાગતા જ કરાવે છે. નરકગામી પણ એ જ...ને જરાક લાંબી નજરે દેખો તો મોક્ષગામી પણ એ જ! અહા, જીવના પરિણામની તાકાત તો જુઓ. ગમે તેવો પાપી કે વિરાધક જીવ પણ સવળો પલટે તો ક્ષણમાં ધર્મી થઈને મોક્ષના સાધક બની જાય છે.–એનું ઉદાહરણ એક ઈન્દ્રભૂતિ–ગૌતમ-ગણધર, ને બીજા શ્રેણીકરાજા–તીર્થંકર.

ક્ષાયિક સમ્યક્ત્વ પામેલા શ્રેણીકરાજે અંતરમાં અતીન્દ્રિય–આનંદના તાર ઝણઝણાવીને વીરનાથ પ્રત્યે ભક્તિ કરી. ત્યારે એક તરફથી તેને જૂનાં કર્મો ઝપાટાબંધ ખરતા હતા, તો બીજી તરફથી તીર્થંકરપ્રકૃતિ બંધાતી હતી; જો કે તે વખતે 'હું કર્મથી બંધાઉં' એવી ઈચ્છા તેમને ન હતી, પરંતુ રાગના અપરાધને લીધે તેને બંધન થતું હતું. મહાવીર તો પૂર્વે બાંધેલા તીર્થંકર નામકર્મને છોડી રહ્યા છે ને શ્રેણીક તીર્થંકર નામકર્મને બાંધી રહ્યા છે. જાણે એક તીર્થંકરની પાસેથી તે પ્રકૃતિના પરમાણુઓ બીજા તીર્થંકર પાસે જતા હોય! 'આ વીરપ્રભુ તો હવે અમને છોડી નિષ્કર્મ થઈને મોક્ષમાં જશે'–એમ સમજીને તે કર્મોએ પોતાને રહેવાનું બીજું ઘર શોધી લીધું...ને મહાવીર પાસેથી નીકળીને શ્રેણીક પાસે આવ્યા.—આ રીતે તીર્થંકરત્વનો અછિન્ન પ્રવાહ જગતમાં ચાલ્યા જ કરે છે.

આ રીતે ઈન્દ્રાદિ ભક્તજનો વડે સ્તુતિ કરાતા થકા, અને ભવ્યજીવોને મોક્ષનો માર્ગ દેખાડતા થકા, ગગનગામી મહાવીર તીર્થંકર વિચરી રહ્યા હતા. રાજગૃહીથી વિહાર કરીને પ્રભુ વૈશાલી તરફ પધાર્યા. વચ્ચે ગંગાનદી ઓળંગવામાં તેમને પૂલની કે વહાણની જરૂર ન પડી, કેમકે પ્રભુ તો હવે ગગનવિહારી થઈ ગયા હતા. વૈશાલી વીરપ્રભુની જન્મભૂમિ! ત્યાં માતા–ત્રિશલા ને પિતા–સિદ્ધાર્થ, બાર–બાર વર્ષથી વહાલા વીરનાથના દર્શન માટે આતૂર હતા. પરમાત્મા વીરનાથ વૈશાલીમાં પધાર્યા,

અને અદ્‌ભુત સમવસરણ વચ્ચે બિરાજમાન એ પરમાત્માને દેખીને માતા–ત્રિશલાના હૈયામાં કલ્પનાતીત આનંદઊર્મિઓ જાગી : અહા, મારો લાલ કેવળજ્ઞાનરૂપ અમૂલ્ય જગશ્રેષ્ઠ હીરો લઈને આવ્યો, પરમાત્મા થઈને અમને દર્શન દેવા આવ્યો. સમસ્ત વૈશાલીની જનતા પોતાના લાડિલા રાજકુમારને એક પરમાત્માના રૂપમાં દેખીને પરમ હર્ષિત થઈને મોટો મહોત્સવ કર્યો. જેમણે મહાવીરને બાળપણમાં ખેલતા દેખ્યા હતા, યૌવનમાં દેખ્યા હતા, મુનિપણે આત્મસાધના કરતા દેખ્યા હતા, ને હવે સર્વજ્ઞ અવસ્થામાં પરમાત્મપણે દેખ્યા, તેવા ઘણા વૃદ્ધ જનોને એમ થયું કે અહા, થોડા વર્ષ પહેલાં અમારી સાથે પૃથ્વી પર હાલતા–ચાલતા માણસ, જોતજોતામાં તો પરમાત્મા બની ગયા! કેવી અજબ આત્મશક્તિ! 'આત્મામાં જ પરમાત્મશક્તિ છે'–એમ સર્વજ્ઞ મહાવીરને જોતાં જ પોતાની પરમાત્મશક્તિની પ્રતીત કરીને કેટલાય જીવો પરમાત્મા બન્યા. પ્રભુએ દિવ્યધ્વનિવડે 'પ્રત્યેક જીવમાં પરમેશ્વરતા' બતાવી. અહા, એકેક આત્મા પરમાત્મવૈભવથી પરિપૂર્ણ છે ને સ્વાધીનપણે તે પરમાત્મા થઈ શકે છે'–આવી મહાન વાત જિનદેવ સિવાય કોણ બતાવે? અને એ ઝીલનારા પણ કાંઈ સાધારણ જીવો ન હોય, એ પણ 'જિનેશ્વરના નંદન' હોય. મોક્ષના પંથી હોય. અહા, વીરનો આવો સુંદર, રાગ વગરનો માર્ગ! તેમાં જીવોને જગતની કોઈ સંપદા લલચાવી શકતી નથી, કે કોઈ વિપદા ડરાવી શકતી નથી. હે વીર! તમારો માર્ગ એ વીરોનો માર્ગ છે. વીતરાગતાનો માર્ગ છે. વીતરાગતામાં રહેલી સાચી વીરતાને તમારા ભક્ત સિવાય બીજું કોણ સમજશે?

લોકો કહે છે કે આકાશમાં ફૂલ નથી હોતાં.–પણ એમ કહેનારા પ્રભુના શ્રીવિહારને જોયો નથી. ગગનવિહારી પ્રભુ જ્યાં જ્યાં વિચરે છે ત્યાં આકાશમાં તેમના પગ નીચે ૨૨૫ અદ્‌ભુત કમળોની રચના થઈ જાય છે. જાણે આકાશમાં બગીચો ખીલ્યો! અને પ્રભુના પ્રતાપે ભવ્ય જીવોના ચૈતન્યગગનમાં પણ રત્નત્રયનાં ફૂલડાં ખીલી ઊઠ્યા.

રાગ અલંકાર કે વસ્ત્ર વગર પણ એ સર્વજ્ઞપ્રભુની સુંદરતાની શી વાત! અને જુઓ તો ખરા...જડ એવા પુદ્‌ગલ પણ જાણે પ્રભુની અજાયબ–સુંદર સર્વજ્ઞતાની પ્રતિસ્પર્દ્ધા કરવા માંગતા હોય, તેમ તે પણ જગતમાં સૌથી શ્રેષ્ઠ અજાયબ પૌદ્‌ગલિક–સુંદરતારૂપે પરિણમી રહ્યા છે. એકકોર વીતરાગી સર્વજ્ઞતા વડે ચૈતન્યની સર્વોત્તમ સુંદરતા; ને બીજીકોર પરમ ઔદારિકતા વડે શરીર–પુદ્‌ગલોની સર્વોત્તમ સુંદરતા,—વાહ! ચેતન અને જડ બંનેના સૌન્દર્યની પરાકાષ્ટા! આવી સુંદરતા સર્વજ્ઞપ્રભુ સિવાય બીજે ક્યાં હોય!

'રે શરીર! તેં ભલે પ્રભુના સાન્નિધ્યે સર્વોત્કૃષ્ટ સૌન્દર્ય ધારણ કર્યું,–પણ તને એટલી ખબર નથી કે પ્રભુની સર્વજ્ઞતાનું ચૈતન્ય–સૌન્દર્ય તો અનંતકાળ સુધી એવું ને એવું ટકી રહેશે, જ્યારે તારું સૌન્દર્ય તો ક્ષણભંગુર છે. પ્રભુ તને છોડીને મોક્ષમાં જાય–એટલી જ વાર છે!'

આ સાંભળીને દેહ તો જાણે હસીને કહે છે : અરે ભાઈ! આ સર્વજ્ઞ–પરમાત્માનો એક ક્ષણનો સંગ પણ ક્યાંથી? સત્‌પુરુષોના એક ક્ષણમાત્રના સંગનું પણ કેવું મહાન ફળ છે, તે શું તમે નથી જાણતા!


લાખો ધર્માત્મા જીવોનો પરિવાર વીરપ્રભુના સંઘમાં મોક્ષને સાધી રહ્યો હતો. વિશેષમાં

વીરપ્રભુની સાથે બીજા ૭૦૦ કેવળજ્ઞાની–અરિહંત ભગવંતો ત્યાં ધર્મદરબારમાં બિરાજતા હતા; ગુણોમાં તેઓ પ્રભુની સમકક્ષ હતા. તે ઉપરાંત ઋદ્ધિધારક ૧૪૦૦૦ સાધુઓ હતા; ચંદના પ્રભૃતિ ૩૬૦૦૦ આર્યિકા હતા; આત્મજ્ઞાન–સહિત દેશવ્રતધારી એકલાખ શ્રાવકો ને ત્રણલાખ શ્રાવિકાઓ હતા. તથા દેવો ને તિર્યંચો પણ પ્રભુની વાણી સાંભળતા ને સમ્યક્ત્વાદિ ધર્મ પામતા. ત્યાં ધર્મનું સામ્રાજ્ય હતું; **એ ધર્મ સામ્રાજ્યના નાયક હતા—ધર્મરાજા ભગવાન મહાવીર. આજે આપણે પણ એ જ મહાવીર સામ્રાજ્યના વારસ છીએ...ને પ્રભુનો માર્ગ સાધીને પ્રભુના પંથે જઈએ છીએ. ધન્ય આ ધર્મસામ્રાજ્ય!...ધન્ય આપણા ધર્મરાજા! ને ધન્ય એ ધર્મપાલક પ્રજા! 'મહાવીર આપણા છે, આપણે મહાવીરના છીએ.'**

બૌદ્ધધર્મના સ્થાપક ગૌતમબુદ્ધ, મહાવીરપ્રભુના સમકાલીન હતા ને તેઓ સર્વજ્ઞ-મહાવીરના પ્રશંસક હતા. ત્રીસ વર્ષ સુધી ધર્મચક્ર સહિત વિહાર કરતા-કરતા અંતિમ દિવસોમાં પ્રભુ મહાવીર બિહાર પ્રાંતની પાવાનગરીમાં પધાર્યા; ત્યાંનું સુંદર ઉદ્યાન ખીલી ઊઠ્યું. ભવ્યજીવોનો ચૈતન્યબાગ પણ સમ્યક્ત્વાદિ ધર્મપુષ્પોથી ખીલી ઊઠ્યો. આસો વદ ૧૨ના રોજ પ્રભુ મહાવીરની અંતિમ દેશના થઈ. (તે અંતિમ દેશનાના સ્થાને આજે એક પ્રાચીન જિનમંદિર છે, અને તેમાં વીરપ્રભુના ચરણોની સ્થાપના છે. નિર્વાણભૂમિના સ્થાને આજે 'પદ્મ-સરોવર' છે, તેના પ્રવેશદ્વારની સામેના ભાગમાં અંતિમ દેશના–ભૂમિનું સ્થાન હોવાનું દિગંબર જૈનપરંપરામાં મનાય છે.)

પ્રભુ મહાવીરે વિપુલગિરિ પર પ્રથમ દેશનામાં જે પરમાત્મ–તત્ત્વ બતાવ્યું, અંતિમ દેશનામાં પાવાપુરીમાં પણ એ જ પરમાત્મતત્ત્વ બતાવ્યું. પ્રભુની વાણીદ્વારા પરમ શાંત ચૈતન્યરસનું પાન કરીને લાખો–કરોડો જીવો તૃપ્ત થયા. ગણધરગૌતમદેવે પણ ઉત્કૃષ્ટપણે વીતરાગરસનું પાન કરીને કેવળજ્ઞાનની તૈયારી કરી. અહા, તીર્થંકર પ્રભુએ સિદ્ધપદની તૈયારી કરી, તો ગણધરદેવે અરિહંતપદની તૈયારી કરી...તો વળી પ્રતિગણધરદેવે (સુધર્મસ્વામીએ) શ્રુતકેવળી થવાની તૈયારી કરી. વાહ ભગવંતો! ધર્મની અચ્છિન્નધારા આપે પંચમકાળમાં વહેતી રાખી.

હજી પંચમકાળ શરૂ થવાને ૩ વર્ષ અને ૮ માસ ને પંદર દિવસની વાર હતી. ચોથા આરો હજી ચાલતો હતો. પ્રભુ મહાવીરનો વિહાર બંધ થયો; વાણીનો યોગ પણ મોક્ષગમનના બે દિવસ અગાઉ (ધનતેરસથી) બંધ થયો. જનતા સમજી ગઈ કે હવે પ્રભુના મોક્ષગમનની તૈયારી છે. દેશોદેશના રાજાઓ ને લાખો પ્રજાજનો પણ પ્રભુના દર્શન માટે આવી પહોંચ્યા. પરમ વૈરાગ્યનું વાતાવરણ સર્જાઈ ગયું. ભલે વાણી બંધ હતી તોપણ પ્રભુની શાંતરસઝરતી મુદ્રા દેખીને પણ અનેક જીવો ધર્મ પામતા હતા. ગૌતમ વગેરે મુનિવરો ધ્યાનમાં વધુ ને વધુ એકાગ્ર થતા હતા. પ્રભુની હાજરીમાં પ્રમાદ છોડીને ઘણાય જીવોએ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની આરાધના શરૂ કરી દીધી. આ રીતે આસો વદ તેરસ અને ચૌદશ એ બે દિવસ દેવેન્દ્રો તેમજ નરેન્દ્રોએ સર્વજ્ઞ–મહાવીર- તીર્થંકરની અંતિમ



મહાપૂજા કરી. ત્યાં મોક્ષના ઉત્સવનો મોટો મેળો ભરાયો હતો...સંસારને સૌ ભૂલી ગયા હતા ને મોક્ષના મહિમામાં જ સૌ મશગુલ હતા. ચૌદસની રાત પડી, મધરાત પણ વીતી; ને પાછલી રાતે (અમાસની સવાર ઊગે તે પહેલાં) વીરનાથ સર્વજ્ઞ પરમાત્મા તેરમું ગુણસ્થાન ઓળંગીને ૧૪મા ગુણસ્થાને અયોગીપણે બિરાજ્યા. અહીં આસ્રવનો સર્વથા અભાવ થયો ને સંવરની પૂર્ણતા થઈ. પરમ શુક્લધ્યાન (ત્રીજું ને ચોથું) પ્રગટ કરીને બાકીનાં અઘાતી કર્મોની સંપૂર્ણ નિર્જરા કરવા માંડી. અને ક્ષણમાત્રમાં પ્રભુ સર્વજ્ઞ–મહાવીર મોક્ષભાવરૂપે પરિણમ્યા. તત્ક્ષણ જ લોકાગ્રે સિદ્ધાલયરૂપ મોક્ષપુરીમાં પધાર્યા. આજે પણ એ સર્વજ્ઞ પરમાત્મા ત્યાં શુદ્ધ સ્વરૂપ–અસ્તિત્વમાં બિરાજી રહ્યા છે...તેમને નમસ્કાર હો.

અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,
ઉપદેશ પણ એમ જ કરી નિવૃત થયા, નમું તેમને.
શ્રમણો–જિનો–તીર્થંકરો એ રીતે સેવી માર્ગને,
સિદ્ધિ વર્યા, નમું તેમને; નિર્વાણના તે માર્ગને.

* * *

પાવાપુરીમાં વીરપ્રભુ નિર્વાણ પામ્યા ને આસો વદ ૧૪ની અંધારી રાત પણ મોક્ષકલ્યાણકના દિવ્ય પ્રકાશ વડે ઝગમગી ઊઠી. લાખો ભક્તોએ કરોડો દીપકોની આવલિ પ્રગટાવીને પ્રભુના મોક્ષકલ્યાણકનો ઉત્સવ કર્યો; તેથી તે આસો વદ અમાસ દીપાવલી –પર્વ તરીકે પ્રસિદ્ધ થઈ...જે આજે પણ ભારતમાં પ્રસિદ્ધ છે; **એ નિર્વાણ મહોત્સવને ૨૫૦૦ વર્ષ પૂરા થયા ત્યારે(ઇ. સ. ૧૯૭૪માં) સમગ્ર ભારતમાં અતિ ભવ્ય ઉત્સવ ઉજવાયો હતો અને આ મહાપુરાણનું નિર્માણ પણ એ નિર્વાણ-મહોત્સવના નિમિત્તે જ, પૂ. શ્રી કહાનગુરુની પ્રત્યક્ષ પ્રેરણાપૂર્વક થયું છે.**

પ્રભુ મહાવીર તો નિર્વાણ પામ્યા, સિદ્ધ થયા; અહો, એ સિદ્ધ ભગવંતોનું અતીન્દ્રિય સુખ...ને જ્ઞાન ! આ મહાપુરાણ દ્વારા હું તે પરમ ઈષ્ટ પદના ગુણગાન ગાઉં છું, ને મારો આત્મસ્વભાવ પણ એવો જ છે–એમ સ્વીકારીને હું પણ પ્રભુના માર્ગે જાઉં છું ને ઈષ્ટ પદને પામું છું. મોક્ષના કારણરૂપ એવા ભગવાન મહાવીરને નમસ્કાર હો.



નમન કરું મહાવીરને, શાસનનાયક વીર;
ધર્મચક્ર ચાલી રહ્યું, ચરણ નમાવું શિર.
સિદ્ધપદમાં શોભી રહ્યા, નિર્વાણ પાવાપુર;
સંતજનો સૌ ધ્યાવતા, હૃદયે દેવ હજૂર.

* * *

* વીરપ્રભુ પંચમગતિ પામીને સિદ્ધ થયા, મુક્ત થયા; એ આનંદનો પ્રસંગ છે, શોકનો નહિ.

* કોઈને પ્રશ્ન ઊઠશે કે–અરે, નિર્વાણ થતાં ભગવાનનો

તો વિરહ થયો, છતાં એનો ઉત્સવ કેમ?

તેનું સમાધાન : અરે ભાઈ! તમે ઇન્દ્રિયચક્ષુથી જોનારા હોવાથી તમને એમ લાગે છે કે ભગવાનનો વિરહ થયો! જેઓ ઇન્દ્રિયજ્ઞાનથી 'શરીરવાળા મહાવીરને' જ દેખતા હતા તેમને તે શરીરવાળા મહાવીરનો વિરહ થયો; પરંતુ જેઓ દેહથી ભિન્ન મહાવીરના સાચા સ્વરૂપને, એટલે કે **'સર્વજ્ઞ મહાવીરને'** અંતરદષ્ટિના અતીન્દ્રિયચક્ષુથી ઓળખે છે તેમને તો એ સર્વજ્ઞ પરમાત્માનો કદી વિરહ નથી; તેઓ તો એ...લોકાગ્રે સિદ્ધપણે સાક્ષાત્‌હજૂર વિદ્યમાન બિરાજી રહ્યા છે. પાવાપુરીમાં ૨૫૦૦ વર્ષ પહેલાં જે 'સર્વજ્ઞપરમાત્મા' બિરાજતા હતા, તે જ સર્વજ્ઞપરમાત્મા પોતે સિદ્ધપુરીમાં અત્યારે બિરાજી રહ્યા છે. સાધકના જ્ઞાનમાં એ સિદ્ધનું સ્વરૂપ કોતરાઈ ગયું છે, એને સર્વજ્ઞમહાવીરનો વિરહ નથી...નથી; સર્વથા અતીન્દ્રિય એવા તે પરમાત્માને પોતાના જ આત્મામાં સ્થાપીને તે પોતાના આત્માને સિદ્ધપદની સાધનામાં જોડે છે., અને આવી સાધનાનો ઉત્સાહ એ જ નિર્વાણનો મહોત્સવ આત્મહિતનો આવો મંગલ ઉત્સવ કોણ ન ઊજવે!!

જીુઓને, વીરપ્રભુના મોક્ષગમન ટાણે ગૌતમસ્વામી કાંઈ પ્રભુવિરહનો વિલાપ કરવા ન બેઠા; પણ ચૈતન્યની અનુભૂતિમાં વધુ ઊંડા ઊતરીને મોક્ષની સાધનામાં મગ્ન બન્યા. ૩૦-૩૦ વર્ષ હું જેમની સાથે ને સાથે રહ્યો એવા મારા પ્રભુ નિર્વાણ પામ્યા ને હું હજી છદ્મસ્થ રહ્યો! હવે આજે જ સાધના પૂરી કરું!—એમ આરાધનામાં ઉત્કૃષ્ટપણે આત્માને જોડીને તે જ દિવસે કેવળજ્ઞાન પ્રગટ કરીને તેઓ સર્વજ્ઞપરમાત્મા થયા; પૂર્ણ વીતરાગ થઈને એમણે સર્વોત્કૃષ્ટ પ્રભુનો નિર્વાણમહોત્સવ ઊજવ્યો. તેમના શિષ્ય સુધર્માસ્વામી તે જ દિવસે શ્રુતકેવળી બન્યા. અહો, એ કેવળી—શ્રુતકેવળી ભગવંતોને નમસ્કાર હો.

ત્યારપછી તીર્થંકરપ્રભુની એ કૂળપરંપરામાં ચાલતી ચાલતી શ્રી ગુરુઓ દ્વારા આપણા સુધી આવી છે; આપણે પણ એ જ કૂળ—પરંપરામાં છીએ. કૃતાર્થ બન્યા આપણે...મહાવીરના માર્ગને પામીને. આપણા તીર્થંકર ભગવંતોના વીતરાગમાર્ગને ઉપાસીને આપણે સૌ કલ્યાણ કરીએ ને આપણા તે ભગવંતોના સિદ્ધદેશમાં જઈને સદાકાળ તેમની સાથે રહીએ...એવી મંગલ ભાવના સાથે આ ભાગવત—પુરાણ પૂરું કરું છું.

આ રીતે શ્રી ભરતક્ષેત્રના અંતિમ તીર્થંકર અને વર્તમાન શાસનનાયક
સર્વજ્ઞ-ભગવાન મહાવીર—તીર્થંકરનું મંગલ જીવનચરિત્ર પૂર્ણ થયું.

અનંત તીર્થંકર અહો, સર્વેનો જયકાર,
સિદ્ધ સમ આતમ માહરો, આનંદ મંગલકાર.
શાસનપ્રભુનું ઇષ્ટ છે, મુક્તિનું દાતાર,
સેવો સમ્યક્ ભાવથી, થઈએ ભવથી પાર.

ઇતિ શ્રી આપણા ચોવીસ તીર્થંકર ભગવંતોના મંગલજીવનનું આ મહાપુરાણ ભવ્યજીવોને જિનમાર્ગમાં ભક્તિ જગાડો, રત્નત્રય આપો ને મોક્ષસુખમાં સ્થાપો.


* * *



✽
નિ
ર્ગ્રં
થ

મુ
ક્તિ
મા
ર્ગ

છે
✽



રાજકુમાર—મહાવીર

સાધુદશામાં—મહાવીર

અહો, વીરનાથ પ્રભો! જો કે રાજકુમારદશા વખતે કે મુનિદશા વખતે આપ પરમ સુંદર આત્મચેતનાથી શોભતા હતા...એ ખરું છે; છતાં જગતના જીવોમાં સત્યની પ્રસિદ્ધિ માટે હે દેવ! આપ જ કહો કે વસ્ત્ર-મુગટવાળી એ સગ્રન્થ-અવસ્થા કરતાં, આ વસ્ત્ર-મુગટ વિનાની નિર્ગ્રન્થ મુનિદશામાં શું વધુ વીતરાગતા ને વધુ આત્મશાંતિ નથી?—'અહા, પરિગ્રહવાળી દશા કરતાં પરિગ્રહ વગરની શાંત ચૈતન્યદશામાં આત્મા વધુ શોભે છે.'—ધન્ય આપની સાધુદશા.

"હું જે ભાવ કહું છું તે બરાબર ઝીલીને લખે છે; હિંદુસ્તાનમાં દીવો લઈને ગોતવા જશો તોય આવા લખનાર નહિ મળે."–આવા પ્રસન્ન–ઉદ્‌ગારપૂર્વક શ્રી ગુરુકહાને બ્ર. હરિભાઈને મોક્ષના આશીર્વાદ આપ્યા હતા. (સં. ૨૦૦૩ના માહવદ ૧૪), ત્યારબાદ એકવાર બપોરે 'આત્મધર્મ' (અંક ૩૦૦) વાંચતાં-વાંચતાં ઊભા થઈને હરિભાઈને ધન્યવાદ દેવા માટે તેમના રૂમમાં જવાનું મન થઈ ગયું હતું. એ પ્રસંગની યાદીમાં શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ (સોનગઢ)ના પ્રમુખશ્રીએ આપેલ સુવર્ણચંદ્રક આજેય હરિભાઈ પાસે છે. ગુરુદેવની મંગલ છાયામાં ૩૮ વર્ષ સુધી રહીને તેમણે ૧૨૫ થી વધુ સુંદર ધર્મપુસ્તકોનું લેખન–સંપાદન કર્યું છે.ઘણા શાસ્ત્રોના આધારે, વર્ષોના અતિપરિશ્રમપૂર્વક તેમણે તૈયાર કરેલું તીર્થંકર ભગવંતોનું આ મહાપુરાણ જ્ઞાનીઓને તેમજ જિજ્ઞાસુઓને ખૂબ ગમ્યું છે ને જૈનધર્મની પ્રભાવનાનું કારણ થયું છે.

"આ મહાપુરાણ ખરેખર અદ્‌ભુત ધર્મશાસ્ત્ર છે." ભગવત્ જિનસેન અને ગુણભદ્રસ્વામીએ રચેલા સંસ્કૃત મહાપુરાણમાં છેલ્લે લખે છે કે, "આ માત્ર પુરાણ નથી, આ તો કોઈ અદ્‌ભુત ધર્મશાસ્ત્ર છે; આમાં તીર્થંકરોના અદ્‌ભુત ચારિત્રનો સમુદ્ર છે; ભક્તિપૂર્વક આની સ્વાધ્યાય કરનાર ભવ્ય જીવને મુક્તિનું અસ્તિત્વ દેખાય છે ને મોક્ષના સાધનોનો નિશ્ચય થાય છે, તથા તેની સાધનાનો ઉત્સાહ જાગે છે. માટે નિજ કલ્યાણના ઈચ્છુક ભવ્યજીવોએ પ્રસન્નતાપૂર્વક આ મહાપુરાણશાસ્ત્રની સ્વાધ્યાય કરવી, તે વાંચવું–સાંભળવું, લખવું–વિચારવું ને હર્ષથી તેનું સન્માન કરવું.' સંસ્કૃત મહાપુરાણમાં ૨૦,૦૦૦ વીસહજાર શ્લોક છે, આ ગુજરાતી મહાપુરાણ પણ લગભગ ૨૦ હજાર શ્લોકપ્રમાણ છે.

* * *

ગુજરાતીમાં 'મહાપુરાણ'ની આ નવમી આવૃત્તિ છે. તેની પહેલી આવૃત્તિ વીર સં. ૨૫૧૦માં પ્રગટ થઈ હતી; અને સૌ પ્રથમ ગુરુકહાનના સ્મરણપૂર્વક પૂ. બેનશ્રી–બેનને તે સમર્પણ કરીને, મુ. શ્રી રામજીભાઈના સુહસ્તે તેનું પ્રકાશન કરવામાં આવ્યું હતું; તે પ્રસંગે સમસ્ત જૈન સમાજના અગ્રગણ્ય નેતાઓ ઉપસ્થિત હતા. થોડા વખતમાં જ તેની બધી નકલો ખલાસ થઈ જતાં તરત જ તેની બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. હાલમાં તેની આઠમી આવૃત્તિ પણ ખલાસ થઈ જતા અને મુમુક્ષુઓની જિજ્ઞાસા જોતાં આ નવમી આવૃત્તિ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ મહાન પુસ્તકદ્વારા જૈનધર્મની પ્રભાવનામાં સમસ્ત સમાજે જે સુંદર સહકાર આપ્યો છે, તે નીચેના કેટલાક ઉદ્‌ગારો પરથી ખ્યાલમાં આવશે.

- સોનગઢમાં એક વિદ્વાન અને મધ્યસ્થ મુમુક્ષુભાઈએ ગદ્‌ગદ્‌ભાવે પોતાની પ્રસન્નતા વ્યક્ત કરીને ઉદાર સહાયતાપૂર્વક કહ્યું : હરિભાઈ, આ પુસ્તક વાંચીને હું એટલો બધો ખુશ થયો છું કે શું કહું! અધ્યાત્મશૈલીથી લખાયેલું આ પુરાણ લોકોને ખૂબ ગમશે ને સૌ તેનો લાભ લેશે. તેમાં મારો પૂરો સાથ છે.
- સમાજના એક અગ્રગણ્ય નેતા, ફતેપુરના ભાઈ શ્રી બાબુભાઈ ચુનીલાલ મહેતા પોતાની નાદુરસ્ત તબીયત છતાં, લખાવે છે કે "મહાપુરાણ આદિથી અંત સુધી વાંચ્યુ છે. અધ્યાત્મરસથી ભરપૂર ચોવીસ તીર્થંકરના ભવસંબંધી તથા તેમના જીવનસંબંધી કથાના માધ્યમથી સુંદર લખ્યું છે. સમાજને આથી ઘણો લાભ થશે."

❊ દાદરના નિર્ભિક વક્તા શ્રી નેમિચંદકાકા વાંચનમાં અવારનવાર આ મહાપુરાણની વાત કરીને ઘણી પ્રસન્નતા વ્યક્ત કરે છે, ને જિજ્ઞાસુઓને તે વાંચવાની ભલામણ કરીને તેની પ્રભાવના કરે છે.

❊ મુ. શ્રી ખીમચંદભાઈ કહેતા : 'હરિભાઈ ! તમે જિનવાણીની સેવાનું સુંદર કાર્ય કરો છો...તે ચાલુ રાખજો, ને સામાજ તમને સાથ આપશે જ.'

❊ હસમુખ કે. મહેતા (મુંબઈથી) લખે છે : 'ચોવીસ તીર્થંકરોના જીવનનું વર્ણન તથા રજુઆત ઉત્તમ છે. બધાય તીર્થંકરોની માહિતી આ પુસ્તકમાં છે. ઘરમાં બધા વાંચીએ છીએ ને આનંદ પામીએ છીએ. આવા સુંદર પુસ્તક માટે અભિનંદન !'

❊ એક મુમુક્ષુભાઈ (થાણાથી) લખે છે : ગુરુદેવની ગેરહાજરીથી જે શૂન્યાવકાશ સર્જાયો હતો તે ખરેખર આપના તરફથી મળતા સત્‌સાહિત્યના પ્રકાશનોથી થોડાઘણા અંશે પુરાતો હોય તેવો ભાસ થાય છે. ગુરુદેવની અમૃતઝરતી વાણીનો રણકાર આ પ્રકાશનો વાંચતાં—અધ્યયન કરતાં અનુભવાય છે. આ પરમશ્રુતના અમીઝરણાં સદાય વહેતા રહે.

❊ મુમુક્ષુભાઈશ્રી મગનલાલભાઈ તથા અમરચંદભાઈ (વાંકાનેરથી) લખે છે 'મહાપુરાણનું પુસ્તક ઘરમાં અમે બધાએ વાંચ્યું, ખૂબ જ આનંદ આવ્યો. ભાષા સહેલી છતાં ચોટદાર અને ભાવભીની છે...સાથે ભગવંતોના ચિત્રો નમણાં અને વૈરાગ્યપૂર્ણ છે જાણે સાક્ષાત્ હોય તેવા ભાવભીના છે. તે જોઈને આનંદ થાય છે અને આત્માની આરાધનાનો ઉત્સાહ જાગે છે. તીર્થંકર ભગવંતોનું જીવન ખરેખર ધન્ય છે; અમે એવા મંગલ જીવનની ભાવના ભાવીએ છીએ, અને તમને અભિનંદન દઈએ છીએ...આ પુસ્તક બધાયને બહુ જ ગમ્યુ છે ને જિનમંદિરમાં દર રવિવારે વંચાય છે.'

❊ મુંબઈથી મહેશ મહેતા લખે છે : 'મહાપુરાણ' ગ્રંથ મેળવી ખૂબ આનંદ થયો. આ પુસ્તક ખૂબ જ સુંદર છે, તે જૈનસમાજને ઉપયોગી બનશે, ને તુરત ફરી છપાવવું પડશે. લખાણ મહા મૂલ્યવાન છે. બાળકોને પણ ભવિષ્યમાં ખૂબ ઉપયોગી થશે.'

❊ ભગવાન ધર્મનાથનું વીતરાગી જીવનચરિત્ર પૂર્વપુરાણો તથા ગુરુ—કાનજીસ્વામીના પ્રવચનોના આધારે આબેહુબ આપે આલેખેલું છે, તે જોતાં જાણે અત્યારે જ પ્રભુ ધર્મનાથ આપણી સમક્ષ પ્રત્યક્ષ દીપી રહ્યા હોય ! એમ અનુભવ થઈ રહ્યો છે. સ્વઆત્મામાં ધર્મની મંગલ પ્રભાવના થાય તેમજ આવા સત્ સાહિત્ય પુસ્તક ભંડારો અખંડ ચાલતા રહે...' (આવી ભાવના સાથે વડોદરાના એક આત્માર્થીએ સહકાર મોકલ્યો છે.)

❊ લંડનથી આત્માર્થી પ્રેમચંદભાઈ લખે છે કે 'નાનપણથી જ પૂ. ગુરુદેવ પ્રત્યે ભક્તિભાવ બદલ આપ મહા ભાગ્યશાળી છો, અને પૂર્વના પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે એવા ઉચ્ચ સંસ્કાર લઈને આવ્યા છો કે લેખનશૈલી સરળ છતાં રસતરબોળ, ને ઓછું ભણેલાનેય સમજાય તેવી છે. આપના લખેલા નાનાં શાસ્ત્રો પણ રુચિવાળા પાત્ર જીવોને જીવનપલટો કરવામાં, સત્ સમજવામાં ઘણા જ પ્રેરણારૂપ બની રહેશે.'

* 'મહાપુરાણ' અમેરિકામાં હાથમાં આવતાં પ્રસન્નતાનો એક ટેલિગ્રામ :

**``SEE THE BOOK IN U.S.A. CONGRATULATION FOR EXCELLENT WORK.**
**HAPPY TO KNOW GOOD NEWS–JAGDISH.**

* ડૉ. હરિભાઈ જૈન (પાલનપુરથી) લખે છે : 'ચોવીસ તીર્થંકર ભગવંતોનું પુસ્તક મળ્યું; દરેક અપેક્ષાએ પુસ્તક ઘણું જ સુંદર છે. બે મહિના પહેલાં એક વિચાર આવેલો કે શ્વે.સંપ્રદાયમાં 'ત્રેશઠ શલાકાપુરુષચરિત્ર' હેમચંદ્રાચાર્યે લખેલું છે, તેમ દિગંબર પરંપરામાં પણ તેવા પુરાણો તો છે જ,–પણ પુસ્તક ચોવીસ તીર્થંકર ભગવંતોના ચરિત્રનું આધુનિક શૈલીમાં પ્રગટ થાય તો મુમુક્ષુસમાજને ઘણું ઉપયોગી થાય. આજે તમારું આ મહાપુરાણ (–કે જે જિનસેનાચાર્યરચિત ત્રેશઠ શ્લાકાપુરુષ–ચરિત્ર અર્થાત્ મહાપુરાણના જ આધારે લખાયેલું છે–તે) હાથમાં આવતાં, વિચાર સફળ થયો દેખીને ઘણો જ આનંદ થયો છે. તમારી શ્રુતસેવા ચાલુ રહે અને મુમુક્ષુસમાજને ઉપયોગી યોગ્ય સમ્યક્ પ્રકારનાં પુસ્તકો મળ્યા કરે એવી ભાવના સાથે નમસ્કાર.

* એક વિશેષ–મુમુક્ષુ પીઢ ભાઈ કહે છે : 'આ મહાપુરાણ એવું સરસ છે કે, ચોવીસ તીર્થંકર ભગવંતો પ્રત્યે જેને શ્રદ્ધા–બહુમાન હોય એવો કોઈપણ જીવ તે દેખીને પ્રસન્ન થશે. જૈન સમાજમાં સૌ તેને આવકારશે.

* એવા જ બીજા એક ભાઈ કલકત્તાથી લખે છે કે 'ચોવીસ તીર્થંકર ભગવંતોનું આ પુસ્તક ખરેખર 'મહાપુરાણ' છે અને કોઈપણ ફિરકાના જૈન મુમુક્ષુને વાંચવા જેવું છે અને તેનાથી સમાજને ઘણો લાભ થશે.'

* એક સાહિત્યપ્રેમી વિદ્વાન કહે છે 'આ મહાપુરાણની સૌથી પહેલી ખૂબી, તેના દેખાવની સુંદરતા અને પ્રસંગોને લગતા ભાવભીનાં ચિત્રો;–વાંચ્યા પહેલાં તે અમારા ચિત્તને આકર્ષી લ્યે છે ને જલ્દી વાંચવા માટે આકર્ષે છે. અને પછી તેની મુખ્ય ખૂબી તો, તે વાંચતાં–વાંચતાં અવનવા પ્રસંગોની સાથે ચૈતન્યતત્ત્વની અદ્‌ભુત ચર્ચાઓ–કે જે મુમુક્ષુને આત્મસાધનામાં ઉલ્લસિત કરે છે;–ખરેખર તીર્થંકરભગવંતોનું આ મહાપુરાણ તે તો 'કથાનુયોગનું સમયસાર' છે અને તમે તેને **Four in One** કહ્યું છે તે યથાર્થ છે.

* માત્ર ગુજરાતી નહિ, હિન્દી પાઠકોએ પણ આ મહાપુરાણ વાંચીને પ્રસન્નતા બતાવી છે. શ્રીમાન નેમિચંદજી પાટનીએ આ મહાપુરાણ પ્રત્યે પ્રમોદ બતાવીને હિન્દીમાં તેના પ્રકાશનની ભાવના બતાવી છે.

* બાહુબલી (કારંજા)થી વિદુષી ગજાબેન લખે છે કે–'આપને પુરાણ ભેજા ઉસકા હી વાંચન સુરુ કિયા હૈ. આપકા અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ ઔર જિનવાણી સેવા કૌતુકાસ્પદ આહે. પુરાણ પઢનેમેં મેરી રુચિ હોતે હુએ ભી ઉસમેં લંબા વર્ણન હોનેસે પુરાણ કોઈ ભી પૂરા ન કર સકી; ઈસ અપેક્ષાસે યહ પુરાણ સચિત્ર હોનેસે મેરે લિયે ઉપયુક્ત હુઆ. પ. પૂજ્ય મહારાજજીને અનેક શુભાશીર્વાદ ભેજે હૈં.'

* બાહુબલીના બ્ર. યશપાલજી જૈન (જયપુરથી) લખે છે કે, 'આપકે દ્વારા લિખિત આપણા ચોવીસ તીર્થંકર ભગવંતોકા પુસ્તક 'મહાપુરાણ' દેખા. અત્યંત કષ્ટસાધ્ય આપકા કામ દેખકર, બ્ર. માણિકચંદજી ચવરે—તાત્યાજી તથા બ્ર. ગજાબેનને અત્યંત સંતોષ વ્યક્ત કિયા, ધન્યવાદ ભી દિયે. આપકે કાર્યકે લિયે મૈં ભી હાર્દિક ધન્યવાદ દેતે હુએ આનંદ વ્યક્ત કરતા હૂં.'
* આ પ્રમાણે બીજા કેટલાય મુમુક્ષુ ભાઈ—બહેનોએ જિનવાણી પ્રત્યેના આદરપૂર્વક તનથી—મનથી—ધનથી, જ્ઞાનથી ને ભક્તિથી સર્વપ્રકારે સહકાર આપ્યો છે. તે સૌના આભાર સાથે ધન્યવાદ આપીએ છીએ. પ્રભુ વીરનાથના શાસનની પ્રભાવનામાં આપણે સૌ એક છીએ...ને પ્રભુનું વીતરાગી શાસન સૌનું કલ્યાણ કરનારું છે.

**સમાપ્ત**

## નિશ્ચિંતપણું ક્યારે થાય ?

કે પોતાના સાધનની પોતામાં જ પૂર્ણતા જુએ ત્યારે;

પોતામાં જ સાધનની પૂર્ણતા જ્યાંસુધી ન ભાસે ત્યાંસુધી બાહ્ય સાધનોની ચિંતા કદી છૂટે નહિ, ને નિશ્ચિંત થઈને આત્મા તરફ વળી શકાય નહીં. માટે—

જેણે પોતામાં જ પોતાના સર્વ સાધનની પરિપૂર્ણતા ભાસી છે તે જ સમસ્ત પરદ્રવ્યોથી ચિંતા છોડીને, નિશ્ચિંતપણે સ્વસન્મુખ થયો થકો આત્માને સાધે છે...

* * *

## 'અમારા જ્ઞાનમાં કોતરાયેલી છે—સિદ્ધભગવંતોની સ્તુતિ'

### (સિદ્ધપદની સાધનાપૂર્વક મોક્ષનો અપૂર્વ મહોત્સવ)

* * *

જ્યારે ભગવાન મહાવીરનો અઢીહજારવર્ષીય નિર્વાણ—મહોત્સવ ઊજવાયો ત્યારે પૂ. શ્રી કાનજીસ્વામીએ ઘણા મહિમાપૂર્વક કહ્યું હતું કે આત્મામાં સિદ્ધ ભગવાનની સ્થાપના તે મોક્ષનો મંગલમહોત્સવ છે. જેણે પોતાના આત્મામાં 'સિદ્ધ'ને (—શુદ્ધ આત્માને) સ્થાપ્યા, તેનામાં હવે વિભાવ કે સંસાર રહી શકે નહિ; તેને સિદ્ધ થયે જ છૂટકો.

સિદ્ધભગવાન કેવા છે? કે પોતાના સ્વભાવથી જ અતીન્દ્રિય જ્ઞાન ને સુખરૂપે પરિણમનારા, દિવ્ય ચૈતન્યશક્તિવાળા દેવ છે. કોના દેવ છે?—ગણધરાદિ બુધપુરુષોના તે દેવ છે. ગણધરથી માંડીને અવિરતસમ્યગ્દષ્ટિ સુધીના ધર્માત્મા જીવોના અંતરમાં, નિર્વિકલ્પ સમાધિગમ્ય સિદ્ધપરમાત્મા—ઈષ્ટદેવ બિરાજી રહ્યા છે. તે 'સિદ્ધ'નો સ્વીકાર 'જ્ઞાન'માં થાય છે, 'વિકલ્પ'માં નહીં.

અહા, જેણે પોતાના જ્ઞાનમાં સિદ્ધભગવાનને દેવ તરીકે સ્વીકાર્યા તેની દશા પણ અલૌકિક—અચિંત્ય શાંતિરૂપ હોય છે. સુખસ્વરૂપી સિદ્ધને જે પોતાના અંતરમાં સ્થાપે તે પોતે સુખ વગરનો રહી શકે નહિ. અંતરમાં પોતાના સ્વસંવેદનથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખીને જેણે સિદ્ધપ્રભુને દેવ તરીકે સ્વીકાર્યા તે બુધજનના જ્ઞાનમાં સિદ્ધપ્રભુના દિવ્ય મહિમાની સ્તુતિ કોતરાઈ ગઈ છે; હવે બીજા કોઈનો મહિમા તેના અંતરમાં સમાય નહીં. ઈન્દ્રિયજ્ઞાનવાળો અજ્ઞાની જીવ, અતીન્દ્રિય સુખસ્વભાવી સિદ્ધને સ્વીકારી શકતો નથી.

જુઓ, ભગવાન મહાવીર પરમઈષ્ટ—સિદ્ધપદને પામ્યા, તેના અઢીહજાર વર્ષનો આ ઉત્સવ છે. તે ઉજવવાની આ સાચી રીત છે. સમ્યગ્દષ્ટિના ભાવશ્રુતમાં સદાય મોક્ષનો મહોત્સવ (સિદ્ધપદની સાધના) ચાલુ જ છે. હે જીવ! તું પણ ભગવાન મહાવીર જેવા જ તારા અતીન્દ્રિય જ્ઞાન ને સુખસ્વભાવની પ્રતીત કરીને તારામાં મોક્ષનો અપૂર્વ મહોત્સવ કર.

(પૂ. કાનજીસ્વામીના પ્રવચનોમાંથી)

* * *

## ૬૩ શલાકા પુરુષ અને નારદ, રુદ્ર કામદેવ સંબંધી યુગપત અસ્તિત્વ કાલ સૂચક રચના

| ક્રમ | ૨૪ તીર્થંકર | ૧૨ ચક્રવર્તી | ૯ બલભદ્ર | ૯ નારાયણ | ૯ પ્રતિનારાયણ | ૯ નારદ | ૧૧ રુદ્ર | ૨૪ કામદેવ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ ઋષભનાથ | ૧ ભરત | — | — | — | — | ૧ ભીમ | ૧ બાહુબલી |
| ૨. | ૨ અજિતનાથ | ૨. સગર | — | — | — | — | ૨ બલિ | ૨ પ્રજાપતિ |
| ૩. | ૩ સંભવનાથ | — | — | — | — | — | — | ૩ શ્રીધર |
| ૪. | ૪ અભિનંદન | — | — | — | — | — | — | ૪ દર્શનભદ્ર |
| ૫. | ૫ સુમતિનાથ | — | — | — | — | — | — | ૫ પ્રસેનચંદ્ર |
| ૬. | ૬ પદ્મપ્રભ | — | — | — | — | — | — | ૬ ચન્દ્રવર્ણ |
| ૭. | ૭ સુપાર્શ્વનાથ | — | — | — | — | — | — | ૭ અગ્નિમુખ |
| ૮. | ૮ ચન્દ્રપ્રભ | — | — | — | — | — | — | ૮ સનત્કુમાર |
| ૯. | ૯ પુષ્પદંત | — | — | — | — | — | ૩ શંભુ | ૯ વત્સરાજ |
| ૧૦. | ૧૦ શીતલનાથ | — | — | — | — | — | ૪ વિશ્વાનલ | ૧૦ કનકપ્રભ |
| ૧૧. | ૧૧ શ્રેયાંસનાથ | — | ૧ વિજય | ૧ ત્રિપૃષ્ટ | ૧ અશ્વગ્રીવ | ૧ ભીમ | ૫ સુપ્રતિષ્ઠ | ૧૧ મેઘપ્રભ |
| ૧૨. | ૧૨ વાસુપૂજ્ય | — | ૨. અચલ | ૨ દ્વિપિષ્ટ | ૨ તારક | ૨ મહાભીમ | ૬ અચલ | — |
| ૧૩. | ૧૩ વિમલનાથ | — | ૩. સુધર્મ | ૩ સ્વયંભૂ | ૩ મેરૂક | ૩ રૌદ્ર | ૭ પુંડરિક | — |
| ૧૪. | ૧૪ અનન્તનાથ | — | ૪. સુપ્રભ | ૪ પુરુષોત્તમ | ૪ નિશુંભ | ૪ મહારુદ્ર | ૮અજિતંધર | — |
| ૧૫. | ૧૫ ધર્મનાથ | — | ૫.સુદર્શન | ૫ પુરુષસિંહ | ૫ મધુકૈટભ | ૫ કાલ | ૯ અજિતનાભિ | — |
| ૧૬. | — | ૩ મઘવા | — | — | — | — | — | — |
| ૧૭. | — | ૪ સનત્કુમાર | — | — | — | — | — | — |
| ૧૮. | ૧૬ શાંતિનાથ | ૫ શાંતિનાથ | — | — | — | — | ૧૦ પીઠ | ૧૨ શાંતિનાથ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯. | ૧૭ કુંથુનાથ | ૬ કુંથુનાથ | — | — | — | — | — | ૧૩ કુંથુનાથ |
| ૨૦. | ૧૮ અરનાથ | ૭ અરનાથ | — | — | — | — | — | ૧૪ અરનાથ |
| ૨૧. | — | ૮ સુભૌમ | — | — | — | — | — | — |
| ૨૨. | — | — | ૬ નન્દી | ૬ પુંડરિક | ૬ પ્રહલાદ | ૬ મહાકાલ | — | ૧૫ વિજયરાજ |
| ૨૩. | ૧૯ મલ્લિનાથ | — | — | — | — | — | — | ૧૬ શ્રીચંદ્ર |
| ૨૪. | — | — | ૭ નંદીમિત્ર | ૭ દત્ત | ૭ બલિ | ૭ દુર્મુખ | — | ૧૭ નલરાજ |
| ૨૫. | — | ૯ મહાપદ્મ | — | — | — | — | — | — |
| ૨૬. | ૨૦ મુનિસુવ્રત | — | — | — | — | — | — | — |
| ૨૭. | — | ૧૦ હરિષેણ | — | — | — | — | — | — |
| ૨૮. | — | — | ૮ રામચંદ્ર | ૮ લક્ષ્મણ | ૮ રાવણ | ૮ નરમુખ | — | ૧૮ હનુમંત |
| ૨૯. | ૨૧ નમિનાથ | — | — | — | — | — | — | ૧૯ બલિરાજા |
| ૩૦. | — | ૧૧ જયસેન | — | — | — | — | — | — |
| ૩૧. | ૨૨ નેમિનાથ | — | ૯ બલરામ | ૯ કૃષ્ણ | ૯ જરાસંઘ | ૯ અધોમુખ | — | ૨૦ વસુદેવ |
| ૩૨ | — | ૧૨ બ્રહ્મદત્ત | — | — | — | — | — | ૨૧ પ્રદ્યુમ્ન |
| ૩૩. | ૨૩ પાર્શ્વનાથ | — | — | — | — | — | ૧૧ મહાદેવ | ૨૨ નાગકુમાર |
| ૩૪. | ૨૪ મહાવીર | — | — | — | — | — | — | ૨૩ જીવંધર |
| ૩૫. | — | — | — | — | — | — | | ૨૪ જંબૂસ્વામી |

નોંધ : (૧) ચોવીસ તીર્થંકરોના કાળમાં થયેલ મહાપુરુષોના નામ તેમની સામેની કોલમમાં લખેલ છે પરંતુ જો તેમના કાળમાં નહીં પણ તેમના શાસનકાળમાં થયા તેમના નામ આગળ લખેલ છે. દા.ત. મઘવા નામના ત્રીજા ચક્રવર્તી ધર્મનાથ તીર્થંકરના કાળમાં નહીં પણ તેમના શાસનકાળમાં થયા છે.

(૨) આમા ૨૪ તીર્થંકરોના માતા-પિતા અને ૧૪ કુલકરને જોડવાથી ૧૬૯ મહાપુરુષ થાય છે. આ ૧૬૯ મહાપુરુષમાં મોટાભાગે તે જ ભવથી, **૧૨ ચક્રવર્તી** મોક્ષ, સ્વર્ગ અથવા નરક તથા **૯ બળભદ્ર** સ્વર્ગ તથા મોક્ષ અને **૯ નારાયણ, ૯ પ્રતિનારાયણ, ૯ નારદ, ૧૧ રુદ્ર** નિયમથી નરકમાં જ જાય છે તથા આગામી ભવમાં તેઓ નિયમથી મોક્ષ જાય છે.

—ત્રિકાલવર્તી મહાપુરુષ પાના નં. ૧૫૪-૧૫૫

## તીર્થંકરોના પંચકલ્યાણકોના સ્થાન (જૈનદર્શન ગણિત પૃષ્ઠ ૧૯૬)

| ક્રમ | ૨૪ તીર્થંકર | ગર્ભકલ્યાણક | જન્મકલ્યાણક | તપકલ્યાણક | જ્ઞાનકલ્યાણક | મોક્ષકલ્યાણક |
|---|---|---|---|---|---|---|
| ૧. | શ્રી ઋષભનાથજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | પ્રયાગજી | કૈલાશપર્વત |
| ૨. | શ્રી અજિતનાથજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | સમ્મેદશિખરજી |
| ૩. | શ્રી સંભવનાથજી | શ્રાવસ્તી | શ્રાવસ્તી | શ્રાવસ્તી | શ્રાવસ્તી | સમ્મેદશિખરજી |
| ૪. | શ્રી અભિનંદનજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | સમ્મેદશિખરજી |
| ૫. | શ્રી સુમતિનાથજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | સમ્મેદશિખરજી |
| ૬. | શ્રી પદ્મપ્રભજી | કૌશામ્બી | કૌશામ્બી | કૌશામ્બી | પમોસા | સમ્મેદશિખરજી |
| ૭. | શ્રી સુપાર્શ્વનાથજી | બનારસ | બનારસ | બનારસ | બનારસ | સમ્મેદશિખરજી |
| ૮. | શ્રી ચન્દ્રપ્રભજી | ચન્દ્રપુરી | ચન્દ્રપુરી | ચન્દ્રપુરી | ચન્દ્રપુરી | સમ્મેદશિખરજી |
| ૯. | શ્રી પુષ્પદંતજી | કાકન્દી | કાકન્દી | કાકન્દી | કાકન્દી | સમ્મેદશિખરજી |
| ૧૦. | શ્રી શીતલનાથજી | ભદ્રપુર (ભદ્રિલાપુરી) | ભદ્રપુર(ભદ્રિલાપુરી) | ભદ્રિલાપુરી | ભદ્રિલાપુરી | સમ્મેદશિખરજી |
| ૧૧. | શ્રી શ્રેયાંસનાથજી | સારનાથ | સારનાથ | સારનાથ | સારનાથ | સમ્મેદશિખરજી |
| ૧૨. | શ્રી વાસુપૂજ્યજી | ચમ્પાપુર | ચમ્પાપુર | મંદારગિરિ(ચંપાપુર) | મંદારગિરિ(ચંપાપુર) | મંદારગિરિ(ચંપાપુર) |
| ૧૩. | શ્રી વિમલનાથજી | કમ્પિલાજી | કમ્પિલાજી | કમ્પિલાજી | કમ્પિલાજી | સમ્મેદશિખરજી |
| ૧૪. | શ્રી અનન્તનાથજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | અયોધ્યાજી | સમ્મેદશિખરજી |
| ૧૫. | શ્રી ધર્મનાથજી | રતનાપુરી | રતનાપુરી | રતનાપુરી | રતનાપુરી | સમ્મેદશિખરજી |
| ૧૬. | શ્રી શાંતિનાથજી | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેદશિખરજી |
| ૧૭. | શ્રી કુંથુનાથજી | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેદશિખરજી |
| ૧૮. | શ્રી અરનાથજી | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | હસ્તિનાપુર | સમ્મેદશિખરજી |
| ૧૯. | શ્રી મલ્લિનાથજી | મિથિલાનગરી | મિથિલાનગરી | મિથિલાનગરી | મિથિલાનગરી | સમ્મેદશિખરજી |
| ૨૦. | શ્રી મુનિસુવ્રતનાથજી | રાજગૃહી | રાજગૃહી | રાજગૃહી | રાજગૃહી | સમ્મેદશિખરજી |
| ૨૧. | શ્રી નમિનાથજી | મિથિલાપુરી | મિથિલાપુરી | મિથિલાપુરી | મિથિલાપુરી | સમ્મેદશિખરજી |
| ૨૨. | શ્રી નેમિનાથજી | શૌરીપુર/દ્વારિકા | શૌરીપુર/દ્વારિકા | ગિરનાર પર્વત | ગિરનારપર્વત | સમ્મેદશિખરજી |
| ૨૩. | શ્રી પાર્શ્વનાથજી | બનારસ | બનારસ | અહિક્ષેત્ર | બનારસ | સમ્મેદશિખરજી |
| ૨૪. | શ્રી વર્દ્ધમાનજી | કુંડલપુર | કુંડલપુર | કુંડલપુર | કુંડલપુર | પાવાપુરી |

# ગ્રંથમાલાના સ્થાયી સભ્યો

**પરમશિરોમણિ સરંક્ષક સભ્ય**

એક મુમુક્ષુ પરિવાર, દાદર હસ્તે જયસુખભાઈ ખાટડીયા
શ્રી હેમલ ભીમજીભાઈ શાહ, લંડન
શ્રી વિનોદભાઈ દેવસી કચરાભાઈ શાહ, લંડન
શ્રી સ્વયં શાહ ઓસ્ત્રો વ્સ્કી હ. શીતલ વિજેન શાહ
શ્રીમતી જ્યોત્સનાબેન વિજયકાંત શાહ, અમેરિકા
શ્રીમતી મનોરમાદેવી વિનોદકુમાર, જયપુર
પં. શ્રી કૈલાશચંદ્રજી પવનકુમાર જૈન, અલીગઢ
શ્રી જયંતીલાલ ચિમનલાલ શાહ
હ. સુશીલાબેન અમેરિકા
શ્રીમતી સોનિયા સમીત ભાયાણી–
મીરાયામ પ્રશાંત ભાયાણી, અમેરિકા
શ્રીમતી અર્ચનાદેવી ધ.પ. સતીશચંદ્રજી જૈન (ઠેકેદાર)
શ્રીમતી ઉષાબેન પ્રમોદભાઈ શાહ, શિકાગો
શ્રીમતી કુસુમબેન ચંદ્રકાંત શાહ, મુલુંડ
હ. શ્રીમતી પ્રીતિબેન જતીન શાહ, મુલુંડ
શ્રીમતી રાજુલબેન હેમંત છેડા, કેનેડા
શ્રી જયંતીભાઈ પ્રાણભાઈ દેસાઈ
હસ્તે જશુમતિ જયંતીભાઈ દેસાઈ, વડોદરા
શ્રી નિલય દેઢીયા, પાર્લા-મુંબઈ

**શિરોમણિ સંરક્ષક સભ્ય**

ઝનકારીબાઈ ખેમરાજ બાફના ચેરિટેબલ ટ્રસ્ટ, ખૈરાગઢ
મીનાબેન સોમચંદ ભગવાનજી શાહ, લંડન
શ્રી અશ્વિનપ્રસાદ જૈન, સહારનપુર
શ્રીમતી સૂરજબેન અમુલખભાઈ શેઠ, મુંબઈ
શ્રીમતી જ્યોત્સના મહેન્દ્ર મણિલાલ મલાણી, માટુંગા
સ્વ. ધાપૂદેવી તારાચંદ ગંગવાલ, જયપુર
બ્ર. કુસુમ જૈન, કુમ્ભોજ બાહુબલી
શ્રીમતી પુષ્પલતા અજિતકુમારજી, છિન્દવાડા
સૌ. સુમન જૈન, જયકુમારજી જૈન ડોગરગઢ
શ્રી અનંતભાઈ અમુલખ શેઠ, મુંબઈ

**પરમસંરક્ષક સભ્ય**

શ્રીમતી શાન્તિદેવી કોમલચંદ જૈન, નાગપુર
શ્રીમતી પુષ્પાબેન કાંતિભાઈ મોટાણી, મુંબઈ
શ્રીમતી હંસુબેન જગદીશભાઈ લોદરીયા, મુંબઈ
શ્રીમતી લીલાદેવી શ્રી નવરત્નસિંહ ચૌધરી, ભિલાઈ
શ્રીયુત પ્રશાંત-અક્ષય-સુકાન્ત-કેવલ, લંડન
શ્રીમતી પુષ્પાબેન ભીમજીભાઈ શાહ, લંડન
શ્રી સુરેશભાઈ મહેતા, મુંબઈ, શ્રી દિનેશભાઈ મોરબી
શ્રી મહેશભાઈ મહેતા, મુંબઈ અને
શ્રી પ્રકાશભાઈ મહેતા, રાજકોટ
શ્રી રમેશભાઈ મહેતા રાજકોટ અને
શ્રી રાજેશભાઈ મહેતા, રાજકોટ
શ્રીમતી વસંતબેન જેવંતલાલ મહેતા, મોરબી
સ્વ. હીરાબાઈ, હસ્તે શ્રી પ્રકાશચંદ માલૂ, રાયપુર
શ્રીમતી ચન્દ્રકલા પ્રેમચંદ જૈન, ખૈરાગઢ
સ્વ મથુરાબાઈ કૅંવરલાલ ગિડિયા, ખૈરાગઢ
સરિતાબેન હ. પારસમલ મહેન્દ્રકુમાર જૈન, તેજપુર
શ્રીમતી કંચનદેવી દુલીચંદ જૈન ગિડિયા, ખૈરાગઢ
દમયંતીબેન હરિલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ

**સંરક્ષક સભ્ય**

શ્રીમતી શોભાદેવી મોતીલાલ ગિડિયા, ખૈરાગઢ
શ્રીમતી ધુડીબાઈ ખેમરાજ ગિડિયા, ખૈરાગઢ
શ્રીમતી ઢેલાબાઈ તેજમાલ નાહટા, ખૈરાગઢ
શ્રી શૈલેષભાઈ જે. મહેતા, નેપાલ
બ્ર. તારાબેન, બ્ર. મૈનાબેન, સોનગઢ
સ્વ. અમરાબાઈ નાંદગાંવ. હ. શ્રી ઘેવરચંદ ડાકલિયા
શ્રીમતી ચંદ્રકલા ગૌતમચંદ્ર બોથરા, ભિલાઈ
શ્રીમતી રાજકુમારી મહાવીરપ્રસાદ સરાવગી, કલકત્તા
શ્રી પ્રેમચંદ રમેશચંદ્ર જૈન શાસ્રી, જયપુર
શ્રી પ્રફુલ્લચંદ્ર સંજયકુમાર જૈન, ભિલાઈ
સ્વ. લુનકરણ, ઝીપુબાઈ કોચર, કટંગી
સ્વ. શ્રી જેઠાભાઈ હંસરાજ, સિકંદરાબાદ
શ્રી શાંતિનાથ સોનાજ, અકલૂજ
શ્રીમતી પુષ્પાબેન ચંદુલાલ મેઘાણી, કલકત્તા
શ્રી લવજી વીજપાલ ગાલા, મુંબઈ
સ્વ. કુંકુબેન રિખબદાસ જૈન હ. શાંતિભાઈ, મુંબઈ
એક મુમુક્ષુભાઈ હ. સુકમાલ જૈન, દિલ્હી
શ્રીમતી શાંતાબેન શ્રી શાંતિભાઈ ઝવેરી, મુંબઈ
સ્વ. મૂલીબેન સમરથલાલ જૈન, સોનગઢ
શ્રીમતી સુશીલા ઉત્તમચંદ ગિડિયા, રાયપુર
સ્વ. રામલાલ પારેખ, હ. નથમલ નાંદગાંવ
શ્રી વિશંભરદાસ મહાવીરપ્રસાદ જૈન સર્રાફ, દિલ્હી
શ્રીમતી જૈનાબાઈ, ભિલાઈ હ. કૈલાશચંદ્ર શાહ
સૌ. રમાબેન નટવરલાલ શાહ, જલગાંવ
સૌ. સવિતાબેન રસિકભાઈ શાહ, સોનગઢ
શ્રી ફૂલચંદ વિમલચંદ ઝાંઝરી, ઉજ્જૈન
શ્રીમતી પતાસીબાઈ તિલોકચંદ કોઠારી, જાલબાંધા

શ્રી છોટાલાલ કેશવજી ભાયાણી, મુંબઈ
શ્રીમતી જશવંતી બી. ભાયાણી, ઘાટકોપર
સ્વ. ભૈરોદાન સંતોકચંદ કામદાર, જૈતપુર
શ્રી તખતરાજ કાંતિલાલ જૈન, કલકત્તા
શ્રીમતી ઢેલાબાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, ખૈરાગઢ
શ્રીમતી તેજબાઈ દેવીલાલ મહેતા, ઉદયપુર
શ્રીમતી સુધા સુબોધકુમાર સિંઘઈ, સિવની
ગુપ્તદાન હસ્તે ચન્દ્રકલા બોથરા, ભિલાઈ
શ્રી ફૂલચંદ ચૌધરી, મુંબઈ
સૌ. કમલાબાઈ કન્હૈયાલાલ ડાકલિયા, ખૈરાગઢ
શ્રી સુગાલચંદ વિરધીચંદ ચોપડા, જબલપુર
શ્રીમતી સુનીતાદેવી કોમલચંદ કોઠારી, ખૈરાગઢ
શ્રીમતી સ્વર્ણલતા રાકેશકુમાર જૈન, નાગપુર
શ્રીમતી કંચનદેવી પન્નાલાલ ગિડિયા, ખૈરાગઢ
શ્રી લક્ષ્મીચંદ સુંદરબાઈ પહાડિયા, કોટા
શ્રી શાંતિકુમાર કુસુમલતા પાટની, છિંદવાડા
શ્રી છીતરમલ બાકલીવાલ જૈન ટ્રેડર્સ, પીસંગન
શ્રી કિસનલાલ દેવડિયા હ. જયકુમારજી, નાગપુર
સૌ. ચિંતાબાઈ મિટ્ઠુલાલ મોદી, નાગપુર
શ્રી સુદીપકુમાર ગુલાબચંદ, નાગપુર
સૌ. શીલાબાઈ મુલામચંદ્જી, નાગપુર
સૌ. મોતીદેવી મોતીલાલ ફલેજિયા, રાયપુર
સૌ. સુમન જયકુમાર જૈન, ડોંગરગઢ
સમકિત મહિલા મંડળ, ડોંગરગઢ
સૌ. કંચનદેવી જુગરાજ કાસલીવાલ, કલકત્તા
શ્રી દિ. જૈન મુમુક્ષુ મંડલ, સાગર
સૌ. શાંતિદેવી ધનકુમાર જૈન, સૂરત
શ્રી ચિદ્રૂપ શાહ, મુંબઈ
સ્વ. ફેફાબાઈ પુસાલાલજી, બેંગલોર
લલિતકુમાર ડૉ. શ્રી તેજકુમાર ગંગવાલ, ઈન્દૌર
સ્વ. નોકચંદજી, હ. કેશરીચંદ સાવા સિલ્હાટી
કુ. વંદના પન્નાલાલજી જૈન ઝાબુઆ
કુ. મીના રાજકુમાર જૈન, ધાર
સૌ. વંદના સંદીપ જૈની હ. કુ. શ્રેયા જૈની, નાગપુર
સૌ. કેશરબાઈ ધ.પ. સ્વ. ગુલાબચંદ જૈન, નાગપુર
જયવંતીબેન કિશોરકુમાર જૈન
શ્રી મનોજ શાંતિલાલ જૈન
શ્રીમતી શકુંતલા અનિલકુમાર જૈન મુંગાવલી
ઇંજી. આરતી પિતા શ્રી અનિલકુમાર જૈન, મુંગાવલી
શ્રીમતી પાનાદેવી મોહનલાલ સેઠી, ગોહાટી

શ્રીમતી માણિકબાઈ માણિકચંદ જૈન, ઈન્દૌર
ભૂરિબાઈ સ્વ. ફૂલચંદ જૈન, જબલપુર
સ્વ. સુશીલાબેન હિમ્મતલાલ શાહ, ભાવનગર
શ્રી કિશોરકુમાર રાજમલ જૈન, સોનગઢ
શ્રી જયપાલ જૈન, દિલ્હી
શ્રી સત્સંગ મહિલા મંડલ, ખૈરાગઢ
શ્રીમતી કિરણ–એસ. કે. જૈન, ખૈરાગઢ
સ્વ. ગૈંદામલ–જ્ઞાનચંદ–સુમતપ્રસાદ, ખૈરાગઢ
સ્વ. મુકેશ ગિડિયા સ્મૃતિ હ.નિધિ, નિશ્ચલ, ખૈરાગઢ
સૌ. સુષમા જિનેન્દ્રકુમાર, ખૈરાગઢ
શ્રી અભયકુમાર શાસ્ત્રી, હ. સમતા–નમ્રતા, ખૈરાગઢ
સ્વ. વસંતબેન મનહરલાલ કોઠારી, મુંબઈ
સૌ. અચરજકુમારી શ્રી નિહાલચન્દ જૈન, જયપુર
સૌ. ગુલાબદેવી લક્ષ્મીનારાયણ રારા, શિવસાગર
સૌ. શોભાબાઈ ભવરીમલ ચૌધરી, યવતમાલ
સૌ. જ્યોતિ સન્તોષકુમાર જૈન, ડોભી
શ્રી બાબુલાલ તોતારામ લુહાડિયા, ભુસાવલ
સ્વ. લાલચંદ બાબૂલાલ લુહાડિયા, ભુસાવલ
સૌ. ઓમલતા લાલચંદ જૈન, ભુસાવલ
શ્રી યોગેન્દ્રકુમાર લાલચંદ લુહાડિયા, ભુસાવલ
શ્રી જ્ઞાનચંદ બાબુલાલ લુહાડિયા, ભુસાવલ
સૌ. સાધના જ્ઞાનચંદ જૈન લુહાડિયા, ભુસાવલ
શ્રી દેવેન્દ્રકુમાર જ્ઞાનચંદ લુહાડિયા, ભુસાવલ
શ્રી મહેન્દ્રકુમાર બાબૂલાલ લુહાડિયા, ભુસાવલ
સૌ. લીના મહેન્દ્રકુમાર જૈન, ભુસાવલ
શ્રી ચિન્તનકુમાર મહેન્દ્રકુમાર જૈન, ભુસાવલ
શ્રી કસ્તુરીબાઈ વલ્લભદાસ જૈન, જબલપુર
સ્વ. યશવંત છાજેડ, હ. શ્રી પન્નાલાલ જૈન, ખૈરાગઢ
અનુભૂતિ–વિભૂતિ અતુલ જૈન, મલાડ
શ્રી આયુષ્ય જૈન, સંજય જૈન, દિલ્હી
શ્રી સમ્યક્ અરુણ જૈન, દિલ્હી
શ્રી સાર્થક અરુણ જૈન, દિલ્હી
શ્રી કેશરીમલ નીરજ પાટની, ગ્વાલિયર
શ્રી પરાગભાઈ હરિવદન સત્યપંથી, અહમદાવાદ
લક્ષ્મીબેન વીરચંદ શાહ, હ. શારદાબેન, સોનગઢ
શ્રી પ્રશમ જિતેન્દ્રભાઈ મોદી, સોનગઢ
શ્રી હેમલાલ મનોહરલાલ સિંઘઈ, બોનકટ્ટા
સ્વ. દુર્ગાદેવી સ્મૃતિ હ. દીપચંદ ચૌપડા, ખૈરાગઢ
શ્રી પારસમલ મહેન્દ્રકુમાર તેજપુર
શાહ શ્રી કૈલાશચન્દજી મોતીલાલજી, ભિલાઈ

## શ્રી ચોવીસ તીર્થંકર મહાપુરાણ (ગુજરાતી)
## પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશી

**રૂા. ૫૦૦૦૦=૦૦**

એક મુમુક્ષુ પરિવાર—દાદર-મુંબઈ
 હ. જયસુખભાઈ ખાટડીયા

**રૂા. ૨૫૦૦૦=૦૦**

શ્રી હિતેશ સતીશભાઈ દોશી
 હ. ભાનુમતીબેન દોશી, પવઈ-મુંબઈ

**રૂા. ૧૧૧૧૧=૦૦**

શ્રી માયા ધીરેન શેઠ, રાજકોટ
શ્રી નીમુબેન મણિલાલ શાહ પરિવાર, લંડન

**રૂા. ૧૧૦૦૦=૦૦**

શ્રી ભોગીલાલ મોહનલાલ મહેતા,
 મોરબીવાળા (હાલ મુંબઈ)

**રૂા. ૧૦૦૦૦=૦૦**

શ્રી મીના સોમચંદ શાહ,
 મનીષ સોમચંદ શાહ, લંડન

**રૂા. ૫૦૦૧=૦૦**

શ્રીમતી મંજુલાબેન દિનેશભાઈ, મદ્રાસ
શ્રી કુણાલ કીર્તિકુમાર શાહ,
 હસ્તે નીલાબેન કે. શાહ
શ્રી જયંતીલાલ કચરાલાલ શાહ, નાયરોબી
શ્રી પ્રશાંત સુકાંતભાઈ સૌભાગ્યભાઈ શાહ, લંડન
શ્રી દિલીપ જુઠાલાલ શાહ, લંડન હ. ચંદ્રિકાબેન
શ્રી જયાબેન તારાચંદ જીવરાજ લંડન હસ્તે
 ધીમંત, નીલા, સંજય, પ્રીતિ, શીતલ
શ્રી નીલાબેન મહેશભાઈ ચુનીલાલ અજમેરા,
 રાજકોટ
શ્રી ઉષાબેન સુનીલભાઈ મહેતા, યુ.એસ.એ.
શ્રી જયાબેન રમણિકલાલ મહેતા, જામનગર
સ્વ. શાંતાબેન પ્રભુલાલ ઘીયા પરિવાર, રાજકોટ

**રૂા. ૨૫૦૦=૦૦**

શ્રી જેવંતલાલ અમૃતલાલ મહેતા, મોરબી
શ્રી પ્રવીણાબેન શશીભાઈ ખારા
 હ. કમલભાઈ વિશાખાપટ્ટનમ્
સ્વ. નિર્મળાબેન પ્રાણલાલ કામદાર, બોરીવલી
સ્વ. કમલાબેન ચંદ્રકાંતભાઈ વોરા
 હ. જાગૃતિ નલીન વોરા
સ્વ. ચંદ્રકાંતભાઈ ઝબેરચંદ વોરા
 હ. જાગૃતિ નલીન વોરા, મુંબઈ

**રૂા. ૨૦૦૦=૦૦**

શ્રીમતી સુશીલાબેન વીરચંદભાઈ, નાયરોબી
 હ. લીના જયંત
શ્રીમતી શારદાબેન નિરંજનભાઈ જોબાલીયા
શ્રી પ્રવીણચંદ્ર નથુભાઈ મહેતા, જામનગર
શ્રીમતી જશુમતી નલીનભાઈ દેસાઈ

**રૂા. ૧૫૦૦=૦૦**

શ્રી રંજનબેન જિતેન્દ્રભાઈ, રાજકોટ

**રૂા. ૧૧૧૧=૦૦**

શ્રીમતી કંચનબેન દુલીચંદ જૈન, ખેરાગઢ
 હ. કમલેશ
શ્રીમતી શોભાબેન મોતીલાલ જૈન, ખેરાગઢ
સ્વ. ઝનકારીબેન ખેમરાજ બાફના ચેરીટેબલ
 ટ્રસ્ટ, ખેરાગઢ
બ્રહ્મચારી તારાબેન, મેનાબેન, સોનગઢ
શ્રીમતી ચંદ્રકલાબેન પ્રેમચંદ જૈન, ખેરાગઢ
 હ. અભય જૈન
શ્રી અમીબેન મંથનભાઈ ઘાટકોપર
શ્રી પારસ દિનેશભાઈ વાડિયા
 હસ્તે જ્યોતિબેન, રાજકોટ
શ્રી લાભુબેન રમણિકલાલ ગોસલિયા, પાલડી
શ્રી નીતાબેન રમેશભાઈ પટેલ, રાજકોટ
શ્રી હંસાબેન પ્રવીણભાઈ શાહ, સોનગઢ
શ્રી ગુણવંતીબેન, વડોદરા
શ્રી શશીકાંત વારીલાલ દોશી, જોરાવરનગર

**રૂા. ૧૧૦૦=૦૦**

શ્રીમતી પ્રજ્ઞાબેન મુકુલભાઈ શાહ, અમદાવાદ
શ્રીમતી નલીનીબેન શાહ, લંડન

**રૂા. ૧૦૦૧=૦૦**

શ્રી રમેશભાઈ કાંતિલાલ ખંધાર, લોસ એંજલસ,
 યુ.એસ.એ.
શ્રી કાંતાબેન અનુબેન પટેલ, રાજકોટ
શ્રી કુસુમબેન જ્ઞાનચંદજી જૈન, સોનગઢ

**રૂા. ૭૦૦=૦૦** એક મુમુક્ષુ બેન

## રાત્રિચર્ચામાં ઘણા જ શાંત–વૈરાગ્યભાવે અમીરસ ઝરતી પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી

ચૈતન્ય આત્માનું માહાત્મ્ય અપૂર્વ છે. તે માહાત્મ્યનું વર્ણન શબ્દોમાં પૂરું ન આવે. તે ચૈતન્ય આત્માનું માહાત્મ્ય ગાવા **શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ''ચૈતન્ય ઊછળે છે,.....ચૈતન્ય નિજરસમાં ડોલાયમાન...''** વગેરે અનેક પ્રકારથી ચૈતન્ય આત્માનું માહાત્મ્ય બતાવ્યું છે. તે શબ્દો માત્ર શબ્દ પૂરતા નથી, તેની પાછળ ચૈતન્યરસના ભાવનું અદ્ભુત માહાત્મ્ય છે. તે ચૈતન્ય આત્માનું કોઈ શાંતિસ્વભાવ વડે લક્ષ કરે, કોઈ આનંદ-સુખને લઈને તેનું લક્ષ કરે, કોઈ જ્ઞાનસ્વભાવને–જ્ઞાયકભાવને મુખ્ય કરીને આત્માના ચૈતન્ય માહાત્મ્યને પકડે. ગમે તે રીતે પકડે–ગમે તે પ્રકારે શરૂ કરે, પણ તેનું લક્ષ્ય તો એક જ ચૈતન્ય મહિમાવાળો આત્મા છે.

જિજ્ઞાસા પ્રશ્ન :–તે ચૈતન્યની અપૂર્વ મહિમા પ્રગટ કરવાના પ્રયત્નની દિશા કઈ ?

ઉત્તર :–તેના પ્રયત્નની દિશા બહારમાં નથી. જેને અંતરથી ચૈતન્યની શાંતિ માટેની સાચી તીવ્ર જિજ્ઞાસા જાગી છે. તેને કોઈપણ બાહ્ય ભાવોમાં શાંતિ છે, કે તે શાંતિના સાધન છે, એમ ભાસતું જ નથી. તેની રુચિ મૂળ તળપદથી ઊઠી હોવાથી ઉપર–ઉપર મંદ–કષાયજનિત શાંતિના ભાવોમાં તે સંતુષ્ટ થઈ જતો નથી. તેને અંદરથી નિરંતર એમ જ રહ્યા કરે છે કે હજુ આ, મારા ચૈતન્યની અસલી શાંતિ નથી. મારી શાંતિની જાત આના કરતાં તદ્દન જુદી જ છે. તત્ત્વવિચારમાં મન એકાગ્ર થતાં જે શાંતિ જેવું લાગે છે, તે પણ મારી ખરી શાંતિ નથી, કેમકે તે વિચારોમાં પણ સાથે આકુળતા–ભેદનો રાગ તો ભળેલો જ છે, તે મારી અસલી શાંતિ ન જ હોઈ શકે. મારી અસલી શાંતિ તો આકુળતા રહિત જ છે. તેની જાત જ તદ્દન જુદી છે. એ લીધે જ છૂટકો કરીશ. તે લીધા વિના હું જંપીશ નહિ–એવી તેની ઉગ્ર જિજ્ઞાસા હોય છે.

વળી પ્રયત્ન પણ સુખ માટે જ કરીએ છીએ. સંસારમાં પણ દરેક પ્રાણી જે કાંઈ પ્રયત્ન કરતા જોવામાં આવે છે, તે બધા સુખને માટે જ કરતા જોવામાં આવે છે. માટે મને મારું સુખ–શાંતિ કઈ રીતે મળે ? અને ક્યાંથી મળે ? તેનો સાચો વિચાર કરી અંતરમાં સુખને માટે પ્રયત્ન કરવો. ભલે જ્ઞાનથી આત્મા લક્ષમાં લો, કે બીજા કોઈ ગુણ વડે આત્માનું લક્ષ કરો....પણ બધે તે સુખને માટે જ કરવામાં આવે છે. માટે સુખપ્રધાન એટલે કે સુખની મુખ્યતાથી આત્માને પકડવો. કે મને અંદર સાચું સુખ–સાચી શાંતિ–અંતરનો સાચો આનંદ કઈ રીતે પ્રગટે ? તેથી અંતર પ્રયત્ન પણ સુખની પ્રધાનતાએ કરવામાં આવે છે.

–બ્ર. હરિભાઈની ડાયરીમાંથી

* * *

# ૨૪ તીર્થંકરોનું મહાપુરાણ FOUR IN ONE

**(એક જ શાસ્ત્રમાં ચારેય અનુયોગ)**

(૧) પ્રથમ કથાનુયોગ (૨) ચરણાનુયોગ (૩) કરણાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ.—જિનવાણી આવા ચાર અનુયોગરૂપ છે, ને તે ચારેય અનુયોગ વીતરાગભાવનો જ ઉપદેશ આપીને આત્માનું હિત કરનાર છે. પુરાણા શાસ્ત્રભંડારોમાં ચારે અનુયોગના ઘણાંય શાસ્ત્રો છે, પણ તે બધાય નો અભ્યાસ અતિ વિરલ વિદ્વાનો જ કરી શકે છે.

—તે જિજ્ઞાસુએ શું કરવું? ચારે અનુયોગના અનેક શાસ્ત્રોના આધારે આપણા ચોવીસ તીર્થંકર ભગવંતોનું, અધ્યાત્મશૈલીથી લખાયેલ 'મહાપુરાણ' વાંચો,—તેમાં જિનવાણીના ચારેય અનુયોગ ભર્યા છે. તેમાં (૧) તીર્થંકર ભગવંતોની જીવનકથા છે, (૨) મોક્ષને માટે તે ભગવંતોએ આચરેલા ઉત્તમ આચરણનું વર્ણન છે, (૩) ચાર ગતિનાં સુખ-દુઃખ, ગુણસ્થાન વગેરે પરિણામરૂપ કરણાનુયોગ પણ તેમાં છે, અને (૪) તે તીર્થંકરાદિ મહાત્માઓ ક્યારે, કેવા ભાવથી સમ્યગ્દર્શનાદિ પામ્યા, તેનું વર્ણન તેમજ સ્વાનુભૂતિની અતિ સુંદર ચર્ચાઓરૂપ દ્રવ્યાનુયોગ પણ તેમાં ઠેરઠેર ભરેલો છે. આ રીતે (**FOUR IN ONE**) એક જ પુસ્તકમાં ચારેય અનુયોગનું રોમાંચકારી વર્ણન વાંચતા તમે કોઈ અનેરી ધાર્મિક સ્ફૂર્તિ અનુભવશો....અને, જો જ્ઞાનીના સત્સંગનું જોર તમારી પાસે હશે તો, તમે મોક્ષમાર્ગમાં પણ દાખલ થઈ જશો.–ધન્યવાદ !

ભગવત્ જિનસેન અને ગુણભદ્રસ્વામીએ રચેલા સંસ્કૃત મહાપુરાણમાં છેલ્લે લખે છે કે, 'આ માત્ર પુરાણ નથી, આ તો કોઈ અદ્‌ભુત ધર્મશાસ્ત્ર છે, આમાં તીર્થંકરોના અદ્‌ભુત ચારિત્રનો સમુદ્ર છે, ભક્તિપૂર્વક તેની સ્વાધ્યાય કરનાર ભવ્યજીવને મુક્તિનું અસ્તિત્વ દેખાય છે ને મોક્ષના સાધનોનો નિશ્ચય થાય છે તથા તેની સાધનાનો ઉત્સાહ જાગે છે. માટે નિજકલ્યાણના ઈચ્છુક ભવ્યજીવોએ પ્રસન્નતાપૂર્વક આ મહાપુરાણ–શાસ્ત્રની વ્યાખ્યા કરવી, તે વાંચવું–સાંભળવું, લખવું–વિચારવું ને હર્ષથી તેનું સન્માન કરવું.' સંસ્કૃત મહાપુરાણમાં ૨૦ હજાર શ્લોક છે, ગુજરાતી મહાપુરાણ પણ લગભગ ૨૦હજાર શ્લોકપ્રમાણ છે.

શ્રી કહાનસ્મૃતિ–પ્રકાશન, સંતસાન્નિધ્ય, સોનગઢ


जैन जयतु शासनम्
अहिंसा परमो धर्म
सम्यक्ज्ञान
सम्यक्दर्शन